- मेरी सरकारने विकासलक्षी योजनाओं के लिए जमीन संपादन की प्रक्रिया को गतिमान और सरल हो, किसानों को समय रहते, योग्य और वाजिब मुआवज़ा मिले इसके लिए जमीन संपादन पुनर्वसन और पुन:स्थापन अधिनियम में सुधार किया है।
- सब-रजिस्ट्रार कार्यालयों में इंटरनेट पर लोग अपनी अनुकूलता से अपने दस्तावेजों के विवरण की डेटा एन्ट्री स्वयं ही कर सके और संपत्ति का बाज़ार मूल्य जान सकेइस प्रकार की ऑनलाइन सुविधा उपलब्ध की गई है।
- जमीन दफ्तर विभाग द्वारा शहरी क्षेत्रों में अनुमानित 25 लाख प्रॉपर्टी कार्ड

में से 23 लाख प्रॉपर्टी कार्ड में ऑनलाइन परिवर्तन नोट्स करने की कार्रवाई पूर्ण कर ली गई है और प्रॉपर्टी कार्ड की कम्प्युटराईझ्ड प्रतियाँ संपत्ति धारकों को देने का प्रारंभ कर दिया गया है।

- किसान उन्मुख दृष्टिकोणरखते हुए नयी शत की जमीन 15 साल बाद स्वत: ही कृषि हेतु पुरानी शर्त में परिवर्तित करने के 29779 आदेश किए गए हैं।
- राज्य के शहरी क्षेत्रों में टी.पी. स्कीम्स में समाविष्ट कृषियोग्य जमीनो को एक साथ एन.ए. कराई जा सकेइस प्रकार की सुचनाए एक परिपत्र से जारी की गई है।

वित्त प्रबंधन

- राज्य की आय का सबसे महत्व का क्षेत्र वाणिज्यिक कर के विषय में ऑनलाइन वेट पंजीकरण,24x7ऑनलाइन भुगतान,व्यापारीयों की शिकायतों की ऑनलाइन स्वीकृति और निवारण,डीलर डेशबॉर्ड सर्विसऔर चैकपोस्ट फॉर्म ऑनलाइन जनरेट करने की सुविधा है। छोटे व्यापारीयों को सरलता से रीफंड उपलब्ध हो इसके लिए वार्षिक रू 1 लाख तक का प्रोविज़नल रीफंड 90% की बजाय 100% केवल 30 दिन में भुगतान का प्रावधान रखा गया है। विवादों के त्वरित निकाल के लिए अपील अभियान शुरू कर 4497 अपीलों का निकाल किया गया है।
- वस्तु एवं सेवा कर संबंधी संवैधानिक संशोधन कार्यान्वित किया गया है, जिसके पूर्ण कार्यान्वयन के लिए राज्य के वेट कानून अन्तर्गत पंजीकृत व्यापारीओं में से 87.79 प्रतिशत व्यापारियों का आवश्यक डेटा जीएसटी नेटवर्क को देकर माईग्रेट किया जा चुका है। वस्तु एवं सेवा कर के कार्यान्वयन की पूर्व तैयारी के भाग स्वरूप इस कार्रवाई से जुडे कर्मचारी/ अधिकारीओं को इस नई करप्रणाली के विषय में प्रशिक्षण देने का कार्य समग्र देश में अग्रता से पूर्ण किया जा चुका है। राज्य के वाणिज्यिक कर विभाग में सेन्ट्रलाइज़्ड आर्किटेक्चर के द्वारा बहुत ही मजबूत आई.टी. इन्फ्रास्ट्रक्चर विकसित किया गया है। वस्तु एवं सेवा कर का कार्यान्वयन संपूर्ण से कम्प्युटरीकृत किया जाना है और इसलिए राज्य के आई टी आधारभूत संरचना को सुग्रथित किया गया है। राज्य के विभिन्न व्यापारी मंडलों और संगठनों द्वारा इस इस संशोधन के बारे में जागृति लाने हेतु सेमिनार आयोजित किए गए, जिसमें राज्य सरकार के उच्चाधिकारीओं द्वारा नई कर प्रणाली के बारे में मार्गदर्शन दिया गया था। इस नई कर प्रणाली के कार्यान्वयन से राज्य का विकास निश्चित रूप से गतिमान होगा।

विधायी कार्य

मेरी सरकार इस सत्र में अन्य वैधानिक कार्यों के अलावा निम्नलिखित कार्यों को भी सदन द्वारा विचार हेतू प्रस्तुत करना चाहती है।

1. गुजरात आदिजाति युनिवर्सिटी विधेयक, 2017.

2. गुजरात नगर रचना और शहरी विकास (संशोधन) विधेयक, 2017.

3. गुजरात पंचायत (संशोधन) विधेयक, 2017.

4. गुजरात प्रॉविन्श्यल म्युनिसिपल कॉर्पोरेशन (संशोधन) विधेयक, 2017.

5. गुजरात अर्बन लेंड सिलींग अधिनियम, 1976 के अंतर्गत राज्य सरकार में निहित की गईअतिरिक्त जमीन में से कुछ जमीन के अधिभोग को मान्य ठहराने (कानूनी तौर पर जायज ठहराने) के लिए और उसका आवंटन करने विषयक विधेयक, 2017.

6. गुजरात विधानसभा के सदस्यों, अध्यक्ष और उपाध्यक्ष के एवं मंत्रीओं और विरोध पक्ष के नेता के वेतन व भथ्थों से संबंधित कानून (संशोधन) विधेयक, 2017.

7. गुजरात नशाबंदी (संशोधन) विधेयक, 2017.

8. सिगरेट एवं तम्बाकु के अन्य उत्पाद (विज्ञापन पर प्रतिबंध और उसके व्यापार, वाणिज्य, उत्पादन, आपूर्ति एवं वितरण नियमन) (गुजरात संशोधन) विधेयक, 2017.

9. दंड प्रक्रिया संहिता (गुजरात संशोधन) विधेयक, 2017.

10. गुजरात आधार (टार्गेटेड डिलीवरी ऑफ फिनांसिअल एन्ड अधर सबसिडीझ,बेनिफिट्स एन्ड सर्विसीझ विधेयक) 2017

11. गुजरात मेरीटाईम बोर्ड(सुधारा) विधेयक, 2017

12. गुजरात आदिजाति विकास निगम(सुधारा) विधेयक, 2017

13. गुजरात ओर्गेनिक एग्रीकल्चरल युनिवर्सिटी विधेयक, 2017

गुजरात, जिसका ध्येय सर्वतोमुखी विकास के जरिए सबका कल्याण करना है, जिसका लक्ष्य सुशासन से सुराज्य स्थापित करना है। सुरक्षा, समृद्धि और प्रगति जिसकी नीति रही है, पारदर्शी प्रशासन जिसकी कार्यप्रणाली रही है, सवा सौ करोड़ भारतवासीयों की सेवा जिसके संस्कार रहे है, युवाओं की अपूर्व शक्ति में जिसको अडिग श्रद्धा है, जनशक्ति का सहयोग जिसकी धरोहर रही है, सर्वसमावेशक विकास जिसका मार्ग रहा है, उस राज्य के राज्यपाल होने के नाते तेरहवीं गुजरात विधानसभा के सभी सम्माननीय सदस्यों को इस सत्र के प्रारंभ में संबोधित करते हुए मुझे आनंद का अनुभव हो रहा है। मानवीय संवेदनाओं से धड़कती आर्थिक प्रगति और मानव शक्ति के विकास को वरित मेरी सरकार सामान्य जन की सर्वांगी सुखाकारी, मूलभूत जरूरतों की आपूर्ति और राज्य की विकास यात्रा में सभी नागरिकों की सहभागिता के कल्याणकारी ध्येय के साथ निरंतर कार्यरत है। विशाल जनसमुदाय के हित को सदैव अग्रता देकर किए जा रहे कार्यों के माध्यम से राज्य के विकास की आम प्रजाजन को अनुभूति हुई है। 'निरपेक्ष नेतृत्व, निरंतर विकास' की एक नई परिभाषा गुजरात में अंकित हुई है। सरकार उनके साथ खड़ी है एसा अहसास प्रजा को हो ऐसा दायित्व मेरी सरकार ने निभाया है। आज़ादी की लड़ाई में अग्रसर भूमिका निभानेवाला गुजरात राष्ट्र को विश्व फलक पर सम्माननीय स्थान दिलाने में भी महत्वपूर्ण भूमिका निभाएगा यह मेरा विश्वास है। सारे के सारे गुजराती विश्व में गुजराती होने का गौरव ले सकें और गुजरात के लिये स्वाभिमान रख सके ऐसे गुजरात का निर्माण करने की जिम्मेदारी जनता ने आप सब को सौंपी है। आप सब अपने जन जीवन के अनुभवों और प्रजा जीवन की अपेक्षाओं को नज़र के सामने रख कर दिव्य गुजरात – भव्य गुजरात के जनप्रतिनिधी के रूप में अपना श्रेष्ठ योगदान देंगे यह मेरी

अभिलाषा है। माननीय प्रधान मंत्री श्री नरेन्द्र मोदी ने जो विकास मंत्र – 'सबका साथ, सबका विकास' दिया है, उसे आधार बनाकर हम सब सदा ही गुजरात के विकास के लिए प्रयत्नशील रहें और छे करोड गुजरातीयों की समृध्धि व कल्याणके प्रति कटिबध्ध रहे यही मेरी शुभकामनाएं हैं।

जय जय गरवी गुजरात

जय हिन्द

-------------

માનનીય અધ્યક્ષ મહોદય તથા વિધાનસભાના માનનીય સદસ્યશ્રીઓ,

તેરમી ગુજરાત વિધાનસભાના દસમા સત્રના મંગલ પ્રારંભે આપ સૌનું હૃદયપૂર્વક સ્વાગત કરું છું. બદલાતા વૈશ્વિક પ્રવાહોમાં અહિંસાના પૂજારી અને સત્યના સાધક મહાત્મા ગાંધીના સિધ્ધાંતો વધુ સુસંગત છે. યુવાનોમાં વિવિધ પ્રકારના વ્યસનોનુંદુષણ ન ફેલાય અને તેઓ રાષ્ટ્રીય વિકાસમાં પોતાનો અમૂલ્ય ફાળો આપી શકે તે માટે મારી સરકારે નશાબંધીના કાયદાને કડક બનાવીહુક્કાબાર જેવી પ્રવૃત્તિઓ સામે અસરકારક નીતિ અપનાવી ગાંધીજીના વિચારોના અનુસરણ માટેનીપ્રતિબધ્ધતા વ્યક્ત કરી છે. અત્રે એ સ્પષ્ટ કરવું રહ્યું કે નશાબંધી એ માત્ર કાયદાનો વિષય નથી, પરંતુ એક સામાજિક વિષય પણ છે. તેની સફળતાનો આધાર સરકારના પ્રયત્નોની સાથેતે માટેની હકારાત્મક વિચારસરણી તથા સામાજિક–ધાર્મિક સંસ્થાઓની નશાબંધી પરત્વેની સક્રિયતા પર નિર્ભર છે. રાજયની અનેક સામાજીક અને ધાર્મિક સંસ્થાઓ આ માટે સક્રિયછે.

મને એ જણાવતાં આનંદ થાય છે કે અખંડ ભારતના નિર્માતા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા તથા રાષ્ટ્રીય સ્મારકનું બાંધકામ પૂરઝડપે આગળ વધી રહ્યું છે અને રૂ.૪૬૦ કરોડના કામો પૂર્ણ કરવામાં આવ્યાંછે. સ્ટેચ્યુઓફ યુનિટીને જોડતા બંને બાજુના ૧૫૨ કિ.મી. લંબાઈવાળા રસ્તાઓને ચાર માર્ગીયકરણ કરવાની કામગીરી પ્રગતિમાં છે. તાજેતરમાં નામદાર સુપ્રિમકોર્ટ દ્વારાનર્મદા યોજનાના અનુસંધાને આપેલચુકાદાના ઝડપી અમલીકરણ માટેમારી સરકાર કટિબદ્ધ છે, જેનાથી કેન્દ્ર સરકાર દ્વારા નર્મદા બંધ પર દરવાજા બેસાડવાની જે મંજૂરી આપવામાં આવી છે તે દરવાજા બંધ કરી સરદાર સરોવર બંધમાં અત્યારે ભરાય છે એના કરતાં અંદાજે ૩ ગણુ વધુ પાણી ભરી શકાશે અને ગુજરાતના વિકાસનેવધુ ગતિમળશે.

રાષ્ટ્રીય ચિંતક, એકાત્મ માનવદર્શનની દુનિયાને પ્રેરણા આપનાર અને અંત્યોદય દ્વારા ગરીબોના કલ્યાણ માટે સમગ્ર જીવન સમર્પિત કરનાર પંડિતદીનદયાલઉપાધ્યાયના જન્મશતાબ્દીવર્ષને૨૫ સપ્ટેમ્બર ૨૦૧૬થી સમગ્ર દેશમાં 'ગરીબ કલ્યાણ વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યું છે. મારી સરકાર સમાજના વંચિત વર્ગોના કલ્યાણ માટે સંવેદનશીલ છે.તેઓનેશિક્ષણ અને રોજગારી ઉપલબ્ધ કરાવી,સુવિધાઓ આપીને ગરીબીમાંથી બહારલાવવા પ્રયત્નશીલ છે. તેઓના સામાજિક, આર્થિક અને શૈક્ષણિક વિકાસ માટે કટિબધ્ધ છે અને તે માટે પ્રગતિશીલ પગલાં લઇ રહી છે.

ગુજરાતની વિકાસયાત્રાના વધુ એક કીર્તિમાન સમાન વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૭નો માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદ્ હસ્તે શુભારંભ થયો. ગુજરાત ફરી એક વખત અસીમ સંભાવનાઓનું સર્જન કરી રહયું છે ત્યારે વિકાસ આંદોલન સમી આ યાત્રામાં ૧૨ જેટલા દેશોના વડાઓ, વૈશ્વિક ઉદ્યોગગૃહોના સૂત્રધારો અને હજારો બૌધ્ધિકો સહભાગી થયા. મેગા એકઝિબીશનમાં ૧૪ થીમ આધારિત વિવિધ ૧૫૦૦ થી વધુ સ્ટોલનું નિર્માણ કરાયુ હતું, જેમાંવિશ્વના અગ્રગણ્ય દેશો સહિત ૧૫૦૦ થી વધુ કંપનીઓએ ભાગ લીધો.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્ય પારદર્શકતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતાને અમલમાં મૂકતાં સમગ્રતયાવિકાસનાપથ પર આગળ ધપી રહ્યું છે.રાજય સરકાર દ્વારા હાથ ધરાતી અનેકવિધ લોકોપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા વહીવટ પરત્વે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તે માટે સુગ્રથિત વહીવટી માળખાકીય વ્યવસ્થા રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે અમલમાં છે. રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તે મારી સરકારની કામગીરીનું હાર્દ છે. પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યકિતલક્ષીરજૂઆતોનો સ્થળપર નિકાલ થાય, એક જ સ્થળે જવાબો મળી રહે તે માટે રાજય સરકારે તાલુકા કક્ષાએતેમજ નગરપાલિકા અને મહાનગરપાલિકા કક્ષાએ 'સેવા સેતુ'કાર્યક્રમ યોજવાનું શરૂ કર્યું છે. તા. ૦૫/૧૧/૨૦૧૬થી તા. ૧૪/૦૨/૧૭ સુધીના ટુંકા ગાળામાં યોજાયેલા ૨૮૦૧ કાર્યક્રમો દ્વારા ૨૮ લાખ ૧૪ હજાર સેવાઓ ઘરઆંગણે પહોંચાડવામાં આવી છે, જે પૈકી આવકના દાખલા મેળવવા બાબતે ૩.૧૫ લાખ, રેશનકાર્ડ સુધારવા સંબંધિત ૨.૫૩ લાખ, આધાર કાર્ડની નોંધણી માટે ૨.૫૮ લાખ, જાતિના પ્રમાણપત્ર માટે ૯૯,૦૦૦ જેટલી સેવાઓ નાગરિકોને ત્વરિત પુરી પાડવામાં આવી છે. આ કાર્યક્રમ હેઠળ પૂરી પાડવામાં આવેલ

સેવાઓમાં ધ્યાનાકર્ષક બાબત એ છે કે 'મુખ્યમંત્રી અમૃતમ (મા)' યોજનાઅને 'મા વાત્સલ્ય' કાર્ડ માટે ૧,૩૧,૭૯૨ પરિવારોની રજૂઆતોને મંજુર કરી છે, જેના કારણે આ પરિવારોને આરોગ્ય સેવાઓ નિ:શુલ્ક મળશે.

મારી સરકાર દ્વારા પ્રજાલક્ષી ઉમદા ધ્યેયો ધ્યાને લઈસામૂહિક રજૂઆતોના નિકાલ માટે 'પ્રગતિ સેતુ' કાર્યક્રમની વ્યવસ્થા ગોઠવી છે.આ કાર્યક્રમમાં પ્રજાના સામૂહિક વિકાસને સ્પર્શતી કામગીરી મંજૂર થયા બાદ અમલવારી અંગે રજૂઆતો, જેમાં મુખ્યત્વે રસ્તા, સિંચાઈ, હેન્ડપંપ,વાહનવ્યવહાર(બસ વ્યવસ્થા),તળાવ રીપેરીંગ, ગામતળ, જમીન માપણી, આરોગ્ય,કાંટાળી તારની વાડ વિગેરેનો સમાવેશ થાય છે. જિલ્લા કલેક્ટરોના અધ્યક્ષસ્થાને યોજવામાં આવેલ પ્રગતિસેતુ કાર્યક્રમોમાં અત્યાર સુધીમાં૧૩,૩૫૫ પ્રશ્નોનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે, જે મળેલ અરજીઓના ૭૪ ટકાજેટલો છે.

મારી સરકાર દ્વારાગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને સસ્તા ભાવે ગુણવત્તાયુક્ત જેનરીક દવાઓ ઉપલબ્ધ કરાવવા ચાલુ વર્ષે રાજ્યમાંએક સાથે ૫૨(બાવન)'પંડિત દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર્સ'નો શુભારંભ કરવામાં આવ્યો છે. આ સ્ટોર્સ પરથી મળતી જેનરીક દવાઓ બ્રાન્ડેડ દવા કરતા ભાવમાં ૨૦% થી ૯૦% સુધીના સસ્તા ભાવથી મળે છે. રાજ્યમાં આગામી દિવસોમાં ૫૦૦ જેટલા સ્ટોર્સ શરૂ કરવા માટેનું આયોજન કર્યું છે.

મારી સરકારે તાજેતરમાં જ ફીક્સ પગાર વાળા કર્મચારીઓના હિતમાં સાતમા પગાર પંચ મુજબના પે–મેટ્રીક્સ અનુસાર લઘુત્તમ પગારનો લાભ આપવાનો અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. વિવિધ કેડરના લગભગ ૧,૧૮,૦૦૦ થી વધુ કર્મચારીઓના પગારમાં ૬૩ થી ૧૨૪ ટકા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આ સાથે લગભગ સવા બે લાખ કર્મચારીઓને પ્રમોશન અને ભથ્થાઓનો પણ વિશેષ લાભ મળે એ હેતુથી પાંચ વર્ષના નોકરીના સમયગાળાને સળંગ નોકરી ગણવાનો પણ ઐતિહાસિક અને કલ્યાણકારી નિર્ણય કર્યો છે.

મારી સરકાર વંચિતો અને ગરીબોના કલ્યાણ માટે, આદિવાસી સમાજને તેમના અધિકારો આપવા માટે, દલિત સમાજને સુરક્ષા આપવા માટે, મહિલાઓના સશક્તિકરણ માટે,યુવાનોને રોજગારી પુરી પાડવા માટે અને ખેડૂતોને તમામ પ્રકારે મદદરૂપ થવા માટે મક્કમતાપૂર્વક અને નક્કર આયોજન સાથે આગળ વધી રહી છે.

આદિવાસી સમાજના ઉત્થાન માટેPESA(PanchayatExtension to Scheduled Areas Act) હેઠળ વિશેષ નિયમો બનાવી અમલમાં મૂકવામાં આવ્યાછે,જેના થકી હવે આદિજાતિ વિસ્તારોના ગામોની ગ્રામસભાઓને જે તે વિસ્તારમાં થતી ગૌણ વન પેદાશો તથા ગૌણ ખનિજોના ઉપયોગ અને વેચાણ તેમજ નફાના વિતરણના, તેને લગતા કોન્ટ્રાક્ટ મેળવવાના, પોતાના ઉપયોગ માટે વન પેદાશોના વપરાશના, જે તે તાલુકામાં મળતી ગૌણ ખનિજોની આવકના આદિજાતિ વિકાસ માટે વપરાશના, ૭૩એએની મંજૂરી તેમજ જમીન સંપાદનમાં ગ્રામસભાના અનિવાર્ય પરામર્શના, ગામ માટે અલાયદુ સુરક્ષા દળ બનાવવાના, ક્વોરી લીઝ સ્થાનિક આદિજાતિ અને નિવાસીઓને પ્રદાન કરવાના તેમજ વ્યસનમુક્ત સમાજ રચના માટે નિર્ણયો લેવાના વિશેષાધિકારો મળશે.ડૉ. બાબા સાહેબ આંબેડકરનીજન્મજયંતી નિમિત્તે તા.૧૪મી એપ્રિલથી શરૂ થયેલ'ગ્રામ ઉદયથી ભારત ઉદય'અભિયાનરાષ્ટ્રીય પંચાયત દિવસતા.૨૪મી એપ્રિલનારોજ સંપન્ન થયું. રાષ્ટ્રીય કાર્યક્રમમાં માનનીય વડાપ્રધાનશ્રીના વરદ હસ્તે ગુજરાત રાજયને PESA index માં સમગ્ર દેશમાં પ્રથમ આવવા બદલ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.

- ટેકાના ભાવે ખરીદી યોજના અંતર્ગત આ વર્ષે મગફળી અને તુવેરનીખરીદી મોટા પ્રમાણમાં ચાલુ કરવામાં આવી છે. બટાકા અને ટામેટાનું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થવાને કારણે આ બંને પાકની રાજ્ય બહાર નિકાસ કરવા સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે. આમ, ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજયના ખેડૂતોના હિતમાં એક સર્વે નંબરમાં બીજું કૃષિ વિષયક જોડાણ આપવા, એક વીજજોડાણમાં એકથી વધુ મોટર ચલાવવા, જે ખેડૂતોના ખેતરમાં વધુ દબાણવાળી લાઇનના થાંભલા કે ટાવર ઉભા કરવાના થાય તેમને અલગ અગ્રતા ક્રમથી વીજજોડાણ આપવાના નિર્ણયો મારી સરકારે કર્યા છે. અંતરિયાળ પરા વિસ્તાર/વાડી વિસ્તારમાં જ્યોતિગ્રામ ફીડર પરથી પાવર આપવા, ટ્રાયબલ વિસ્તાર માટે ૧૦ અને નોન ટ્રાયબલ વિસ્તાર માટે ૧૫ કે તેથી વધુ મકાનોના જુથને તથા ગામતળ સિવાયના વિસ્તારમાં પોલ્ટ્રી ફાર્મ, ચીલીંગ પ્લાન્ટ, આશ્રમશાળા વગેરેને જ્યોતિગ્રામ ફીડર પરથી પાવર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.
- ખેડૂતોના ઉભા પાકને જંગલી પશુઓથી રક્ષણ આપવા માટે કાંટાળા તારની વાડ બનાવવા માટે અસરકારક અને ઉપયોગી યોજના તા.૩૦/૧૨/૨૦૧૬થી અમલમાં મુકી છે.
- રાજયના ૩,૪૬,૦૦૦ વૃધ્ધ પેન્શનરો અને ૬૫૦૦ દિવ્યાંગ પેન્શનરોને પેન્શનની રકમ ૫ ઓકટોબર ૨૦૧૬ થી સીધી તેઓના બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ રીતે ડીસેમ્બર ૨૦૧૬ સુધીમાં રૂ. ૫૫.૭૬ કરોડ જમા કરવામાં આવ્યા છે. આ પેન્શનરોને પેન્શન સીધું તેમના બેન્ક ખાતામાં ટ્રાન્સફર કરવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજય છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## રાજ્યપાલશ્રીનું સંબોધન

મારી સરકારે નમૂના રૂપ અભિગમ અપનાવીને ગુજરાત રાજ્યના સર્વાંગી અને ઝડપી વિકાસ માટે, રાજ્યમાં વિવિધ ક્ષેત્રે મોટા પ્રમાણમાં મૂડી રોકાણને આકર્ષવા માટે અને રાજ્યના લાખો યુવક/યુવતિઓને રોજગારીની તકો વધારવા માટે આ વર્ષે નીચે પ્રમાણેની નવી પોલીસીઓ અમલમાં મુકીછે.

- જાહેર આરોગ્યની જાળવણીમાંખાનગી ક્ષેત્રની ભાગીદારી સુદ્રઢ બને તે માટે મારી સરકારે તાજેતરમાં જ ઉચ્ચ કક્ષાની અને ગુણવત્તાસભર આરોગ્ય સુવિધાઓ ધરાવતી ખાનગી સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલો અને મેડીકલ કોલેજો ખોલવા માટે નવી હેલ્થ પોલીસી–૨૦૧૬ અમલમાં મુકી છે. રાજયમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતી કિફાયતી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટેની રાજ્ય સરકારની પ્રોત્સાહક નીતિને લીધે ગુજરાત MEDICAL TOURISM ના હબ તરીકે ઉપસી રહ્યું છે.
- મારી સરકારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના મેઈક ઈન ઈન્ડીયા અભિયાનને સાકાર કરવા એરોસ્પેસ એન્ડ ડીફેન્સ પોલીસી જાહેર કરી છે, જેના થકી સેનાની ત્રણેય પાંખ માટે શસ્ત્ર સરંજામનું ઉત્પાદન કરવાનું ગૌરવ હવે ગુજરાત મેળવી શકશે. માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ આ ક્ષેત્રનાં નિષ્ણાંતો, તજજ્ઞો, સ્ટેઈક હોલ્ડર્સ સાથે ગહન વિચાર વિમર્શ અને વૈશ્વિક પરિસ્થિતિનો વિશદ અભ્યાસ કરીને આ પોલીસીનું ઘડતર કરવામાં આવ્યું છે. આ નીતિ અંતર્ગત એરોસ્પેસ એન્ડ ડીફેન્સ ક્ષેત્રેના એકમો માટે અનેક પ્રોત્સાહક જોગવાઈઓ કરવામાં આવી છે. ગુજરાતે ફરી એક વખત પોલીસી ડ્રિવન સ્ટેટ તરીકેની પોતાની ઓળખ મજબૂત બનાવી છે.
- રાજ્યમાં જ્ઞાન આધારિત અર્થવ્યવસ્થાના વિકાસને વેગ આપવા IT/ITeS પોલીસી અમલમાં મૂકી છે, જેના દ્વારા વર્ષ ૨૦૨૧ સુધીમા IT/ITeSમાંનું રોકાણ ૧૦ ગણું વધારવાનો અને ગુજરાત રાજ્યની ITની નિકાસ ૨(બે) બિલીયન અમેરીકન ડોલર કરવા સાથે રાજ્યમાં ૧૦ લાખ યુવાનોને રોજગાર પૂરો પાડવાનો નિર્ધાર કર્યો છે.
- ઈલેક્ટ્રોનિક પોલીસી થકી ૫(પાંચ) બિલીયન અમેરીકન ડોલર સુધીની નિકાસ કરવાનો અને રાજ્યમાં ૫ લાખ યુવાનોમાટે રોજગારીની તકો ઊભી કરવાનો નિર્ધાર કર્યો છે.
- બાયોટેક પોલીસી મારફતે ગુજરાતનું બાયોટેક ઉત્પાદન રૂ.૧૫૦૦૦ કરોડ સુધી પહોંચાડવાનો અને ૨૫૦૦૦ યુવાનોને રોજગારી પૂરી પાડવાનો નિર્ધાર કર્યો છે.
- સ્ટાર્ટ અપ પોલીસી મારફતે ૫૦ ઈન્ક્યુબેટર સ્થાપવાનો અને ૨૦૦૦ એકમો શરૂ થાય તે મુજબની માળખાકીય અને પ્રોત્સાહક સવલતો આપવાનો નિર્ણય કર્યો છે.
- વર્ષ ૨૦૧૫થી અમલી પ્લાસ્ટિક પોલીસી અંતર્ગત માન્ય કુલ મૂડી રોકાણના ૭૦% ની મર્યાદામાં રીએમ્બર્સમેન્ટ આપવાની જોગવાઈ હતી. ઉદ્યોગ મંડળોની રજૂઆત ધ્યાને લઈ આ મર્યાદા ૭૫% કરવામાં આવી છે.
- આ વર્ષે મારી સરકારે ખેલકૂદ નીતિ,૨૦૧૬ જાહેર કરી છે, જેનાથી સમાજનાવિવિધ વર્ગોમાં ખેલકૂદ પ્રતિ જાગૃતિ, ચારિત્ર્ય ઘડતર, સમૂહ વિકાસ,રાજ્યના પ્રતિભાશાળી રમતવીરની ઓળખ અને સંવર્ધનને વેગ મળશે. આ નીતિનો હેતુખેલકૂદલક્ષી પ્રોત્સાહન થકી વૈશ્વિક કક્ષાએ રાજયના રમતવીરોને ઝળકવાની તક ઉપલબ્ધ કરાવવાનો છે.
- ગુજરાતી ચલચિત્ર ઉદ્યોગને પ્રોત્સાહન મળે, ફિલ્મોની ગુણવત્તા ઊંચી આવે તેમજ લોકો ગુજરાતી ચલચિત્રો જોવા પ્રેરાય તેવા ચલચિત્રોનાનિર્માણ માટેનું વાતાવરણ સર્જાય તે હેતુથી 'ગુજરાતી ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ' પ્રથમ વખત અમલમાં મુકવામાં આવી છે, જે અનુસાર ગુજરાતી ચલચિત્રને મળેલ ગ્રેડ મુજબ રૂ.૫ લાખ થી રૂ.૫૦ લાખની સબસીડી આપવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.
- વંચિતોનો વિકાસ ગરીબોને મળવાપાત્ર સહાય અને લાભો હજારો લોકોની ઉપસ્થિતિમાં લાભાર્થીને હાથોહાથ વિતરણ કરવાના લક્ષ્ય સાથે ચાલુ વર્ષે ૧૦૫ ગરીબ કલ્યાણ મેળા દ્વારા ૧૪.૯૦ લાખ લાભાર્થીઓને રૂ.૩૮૬૪ કરોડની સહાય આપવામાં આવી છે. અત્યાર સુધીમાં આઠ તબક્કામાં કુલ૧૪૫૩ ગરીબકલ્યાણમેળાયોજાયા, જેમાં૧૧૮.૭૯ લાખલાભાર્થીઓનેકુલરૂ.૨૦,૨૫૬ કરોડનીસહાય આપવામાં આવી છે.
- સમાજના પછાતવર્ગો માટેનાસરકારી તથા અનુદાનિત છાત્રાલયો અને આશ્રમશાળાઓ તથા નિવાસી શાળાઓમાં આ વર્ગોના અંદાજે ૨,૬૪,૦૦૦ કરતાં પણ વધુ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે રહેવા, જમવા અને ભણવાની સુવિધાઓ પુરી પાડવામાં આવી રહી છે, જે માટે વાર્ષિક રૂ.૫૮૧ કરોડનો ખર્ચ કરવામાં આવે છે.
- મારી સરકાર દ્વારા અનુસુચિત જનજાતિ, અનુસુચિત જાતિ અને વિકસતિ જાતિના વિદ્યાર્થીઓને આધુનિક સગવડો સાથે વધુ સુવિધાઓ પ્રાપ્ત કરાવી તેઓ સારી રીતે શાંતિથી વધુ અભ્યાસ કરી શકે તે હેતુથી સમરસ છાત્રાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે. સુરત, વડોદરા, વલ્લભવિદ્યાનગર, અમદાવાદ, રાજકોટ અને ભાવનગર ખાતે ઉચ્ચ અભ્યાસક્રમોમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે રહેવા–જમવાની ઉત્તમ સુવિધાઓ ધરાવતાં કુમારો અને કન્યાઓ માટેનાં સમરસ છાત્રાલયોમાં ૮૧૦૩વિદ્યાર્થી/ વિદ્યાર્થીનીઓ રહીને અભ્યાસ કરી રહ્યા છે.

- ગરીબ વિદ્યાર્થીઓ માટે પ્રિમેટ્રીક શિષ્યવૃતિનો દર રૂ.૫૦૦ થી વધારીને રૂ.૭૫૦ કરવામાં આવ્યો છે.

- સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધો.૯માં ભણતી પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગનીર.૦૮ લાખ કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવામાં આવી છે.

- દિવ્યાંગ સાધન સહાય યોજના હેઠળ ડીસેમ્બર–૧૬ સુધીમાં ૪,૨૧૫ દિવ્યાંગ લાભાર્થીઓને રૂ.૧૮૬.૨૧ લાખની સાધન સહાય,દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની યોજના હેઠળ કુલ ૨૦,૯૦૦ કરતાં પણ વધુલાભાર્થીઓને રૂ.૨૫૭ લાખની સહાય તથાદિવ્યાંગો માટે એસ.ટી.બસમાં વિનામૂલ્યે મુસાફરી યોજના હેઠળ ડીસેમ્બર–૧૬ સુધીમાં ૩,૪૦,૦૦૦ લાભાર્થીઓને આવરી લઈનેરૂ.૬૬૬.૫૦ લાખની સહાય આપવામાં આવી છે. નિરાધાર વૃધ્ધો અને દિવ્યાંગોને આર્થિક સહાય યોજના હેઠળ ૭૭,૪૭૮ વ્યક્તિઓને રૂ.૨૨૦૦.૫૮ લાખની સહાય આપવામાં આવી છે.

- વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આદિજાતિ કલ્યાણ માટેના દસ મુદ્દાની કામગીરીથી ગુજરાતે સમગ્ર દેશને પ્રેરણાદાયી રોલ મોડલ પુરું પાડ્યું છે.

- અનુસૂચિત જનજાતિના લોકોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય બજાર મળે અને તેઓ આર્થિક રીતે પગભર થઈ શકે તથા તે વિસ્તારના નાગરિકો એક જસ્થળેથી પોતાની જરૂરિયાતની ચીજો ખરીદી શકે તે માટે રાજ્યમાં ૧૪ હાટ બજારો સ્થાપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

- આદિવાસીસમાજના સિકલસેલ એનીમીયાના દર્દીઓ માટે સુરત, વલસાડ, નવસારી, વડોદરા અને અમદાવાદ ખાતે સારવારની વિશેષ સુવિધાવાળા અલગ વોર્ડની રચના સાથે આ રોગનો ભોગ બનેલા દર્દીઓને તબીબી સારવાર તથા પૌષ્ટિક આહારના ખર્ચમાં સહાયરૂપ થવા દર્દીદીઠ માસિક રૂ.૫૦૦ની સહાય ચૂકવવા નવી યોજના શરૂ કરી છે.

- આદિવાસી સમાજના લોકોને વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળતેઓના કબજા હેઠળની માન્ય જમીનના રહેણાંક તેમજ જમીન ખેડવાના અધિકાર અન્વયે કુલ ૮૦,૩૪૧વ્યક્તિગત દાવાઓ, ૪,૦૬૭ સામુદાયિક દાવા તથા ૭૬૮ માળખાકીય સુવિધાઓ માટેના દાવા હેઠળ અનુક્રમે ૧,૧૬,૯૫૭ એકર, ૧૧,૪૧,૭૦૭ એકર અને ૧,૦૧૩ એકર જમીન માન્ય કરવામાં આવીછે. તમામ લાભાર્થીઓને અધિકારપત્ર આપી મહેસૂલી દફતરના ૭/૧૨માં સમાવવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે,જેના થકી તેઓને સરકારી લાભોની પાત્રતા મળી રહેશે.

- આરોગ્ય રાજ્યમાં હાલ ૯૧૫૬ પેટા કેન્દ્રો, ૧૩૯૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૩૬૪ સામૂહિક આરોગ્ય કેન્દ્રો તેમજ ૩૦૭ શહેરી આરોગ્ય કેન્દ્રોદ્વારા ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પુરી પાડવામાં આવે છે. ૩૫ પેટા જીલ્લા હોસ્પિટલો, ૨૨ જીલ્લા હોસ્પિટલો, ૧૮ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો, હ્રદય, કિડની, કેન્સરની ગ્રાન્ટ ઇન એઇડ હોસ્પિટલો સાથે જાહેર આરોગ્યની માળખાકીય સુવિધાઓમાં ગુજરાત દેશમાં અગ્રીમ હરોળમાં છે.

- માતા અને બાળ આરોગ્ય એ રાજ્ય સરકારની ખુબ જ અગત્યની પ્રાથમિકતા છે. રાજયમાં સંસ્થાકીય પ્રસૂતિનું પ્રમાણ ૯૮.૭ ટકા થયુ છે. ચિરંજીવી યોજના હેઠળ ગરીબી રેખા નીચેની ૧૧.૬૧ લાખ સગર્ભા માતાઓને પ્રસુતિની સારવાર પુરી પાડી છે.

- નવજાત શિશુમાં જન્મજાત ખોડખાંપણની ઓળખ અને સારવાર માટે રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં જ અટલ સ્નેહ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

- રાજયમાં બાળકોના આરોગ્યની જાળવણી માટે શાળા આરોગ્ય કાર્યક્રમમાં આ વર્ષે ૧ કરોડ ૫૦ લાખ જેટલા બાળકોને તપાસવામાં આવ્યાં. તે દરમ્યાન હ્રદય સંબંધિત બિમારીવાળા ૬,૨૭૫ બાળકો, કેન્સર વાળા ૧,૦૫૨ બાળકો, કિડની સંબંધિત બિમારીવાળા ૧૫૫૮ બાળકોને વિનામૂલ્યે સારવાર પૂરી પાડવામા આવી છે. ૧,૦૦૧ બાળકોને કોકલીયર ઇમ્પ્લાન્ટ (જન્મજાત બહેરાશની સારવાર), ૨૧ બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ(થેલેસેમીયા મેજરના દર્દી માટે)ની સારવાર, ૧,૩૮૪ બાળકોને ક્લેફ્ટ લીપ/પેલેટની સારવાર અને ૧,૨૨૬ બાળકોને ક્લબફુટની સારવાર વિનામુલ્યે પુરી પાડવામાં આવી છે.

- રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે આશીર્વાદરૂપ એવી ‘મુખ્યમંત્રી અમૃતમ યોજના’ અને ‘મા વાત્સલ્ય યોજના’ હેઠળ કુલ ૪૨ લાખ કુટુંબોને કાર્ડ આપવામાં આવ્યાં છે. ૪.૨૨ લાખ થી વધુ લાભાર્થીઓને રૂ.૫૮૭ કરોડના ખર્ચે સારવાર આપી છે.

- અમદાવાદ સ્થિત કિડની ઈન્સ્ટીટ્યુટમાં વર્ષે ૪૦૦ થી વધુ દર્દીઓનું કિડનીપ્રત્યારોપણ કરવામાં આવે છે. કિડનીની બિમારીના દર્દીઓ માટે ૨૩ જિલ્લાઓમાં ૩૨ ડાયાલીસીસ સેન્ટરોમાં કુલ ૩૪૩ મશીનો દ્વારા ડાયાલીસીસની સેવા પુરી પાડવામાં આવે છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## રાજ્યપાલશ્રીનું સંબોધન

- બ્લડ પ્રેસર, ડાયાબીટીસ, પથરી, કેન્સર, હૃદયની બિમારી જેવા રોગોનું પ્રમાણ વધતુ જાય છે ત્યારે રાજ્યમાં વિવિધ નિદાન યોજનાઓની મારી સરકારે શરૂઆત કરી છે. ડાયાબીટીસ સ્ક્રીનીંગ અભિયાન હેઠળસ્ક્રીનીંગ કરવા માટે ૧૦ હજાર ગ્લુકોમીટર અને ૧ કરોડ ગ્લુકોસ્ટ્રીપ્સ આપવામાં આવ્યાં છે. સ્તન અને સર્વાઇકલ(ગર્ભાશયના મુખ)ના કેન્સર સ્ક્રીનીંગ અભિયાન હેઠળ શંકાસ્પદ જણાયેલા ૩૦ હજાર કેસોને રીફર કરતાં ૯૮૧ દર્દીઓને સ્તન કેન્સર અને ૪૧૧ દર્દીઓને સર્વાઇકલ કેન્સરનું નિદાન થતાં તેઓને સારવાર અપાઈ છે. મુખ્યમંત્રી નિદાન યોજના હેઠળ રાજ્યની સરકારી હોસ્પિટલોમાં વિનામુલ્યે લેબોરેટરી ટેસ્ટની સુવિધાઓ પુરી પાડવામાં આવે છે.

- રાજ્યમાં ડોક્ટરોની અછત નિવારવા સરકારી અને ખાનગીક્ષેત્રે મેડીકલ, ડેન્ટલ, ફીઝીયોથેરાપી કોલેજોની સંખ્યામાં અને બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૦૧માં ૯ મેડીકલ કોલેજો અને ૧૧૨૫ બેઠકોની સામે વર્ષ ૨૦૧૬–૧૭માં ૨૨ કોલેજો અને ૩૫૩૦ બેઠકો એમ.બી.બી.એસ.ની થઇ છે. રાજ્યમાં પ્રથમવાર મેડીકલમાં ઓન લાઇન પ્રવેશ પ્રક્રિયાનો આરંભ કર્યો છે.

- હાડકા તથા સ્નાયુના રોગોના દર્દીઓને ફીઝીયોથેરાપીની (કસરતની) સારવાર નજીકના સ્થળે ઉપલબ્ધ કરાવવાના હેતુસર ૨૮૬ ફીઝીયોથેરાપીસ્ટની નવી નિમણૂંક કરવામાં આવી છે.

શિક્ષણ ]

- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના પ્રથમ વર્ષે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણના અંદાજે ૮૨ લાખ વિદ્યાર્થીઓને વિવિધ સહાય પેટે રૂ.૭૨૫ કરોડથી વધુ રકમનોખર્ચ કરવામાં આવ્યો છે.

- વિદ્યાર્થીઓને માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સુવિધા નજીકમાં મળી રહે તેવી રાજ્ય સરકારની નીતિ છે. આ હેતુસર આ વર્ષે ૭૮ શાળાઓ શરૂ કરવામાં આવી છે. વધુમાં વિજ્ઞાન પ્રવાહની ૨૨ શાળાઓ શરૂ કરવામાં આવી છે.

- સ્ટુડન્ટ ફ્રી એસ.ટી. પાસ યોજના અંતર્ગત ૧૭,૨૦,૦૦૦ વિદ્યાર્થીઓને એસ.ટી. બસમાં શાળા/કૉલેજમાં જવા આવવાની સુવિધા પુરી પાડવામાં આવી છે.

- નિયમિત શૈક્ષણિક કર્મચારીઓની ભરતી થાય ત્યાં સુધી શિક્ષણ કાર્યને અસર ન પહોંચે તે હેતુસર પ્રવાસી શિક્ષક યોજના અંતર્ગત સરકારી અને અનુદાનિત માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કુલ ૬૩૫૭ પ્રવાસી શિક્ષકની સુવિધા પુરી પાડવામાં આવીછે. આ રીતેજરૂરિયાત પ્રમાણે જગ્યાઓ ભરવામાં આવી છે.

- રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજના અંતર્ગત ૪૫૯ RMSA શાળાઓ, ૭૨ મૉડેલ સ્કૂલો અને ૬૮ ગર્લ્સ હોસ્ટેલ શરૂ કરવામાં આવી છે, તે પૈકી ૨૩૩ શાળાઓનું, ૫૦ ગર્લ્સ હોસ્ટેલનું તથા ૫૨(બાવન) મૉડેલ સ્કુલનું બાંધકામ પૂર્ણ થયું છે.

- આ વર્ષે૧૬ તાલુકાઓમાં સરકારી કોલેજો શરૂ કરવામાં આવી છે, જે પૈકી ૦૩કોલેજઆદિજાતિવિસ્તારમાંશરૂકરવામાંઆવીછે. વેરાવળખાતેવિજ્ઞાનપ્રવાહનીનવીકોલેજશરૂકરવામાંઆવીછે.

- ચાલુ વર્ષે પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશિપથી ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા અમરેલી જિલ્લાના રાજુલા ખાતે ૪ અભ્યાસક્રમોમાં ૨૪૦ બેઠકોની પ્રવેશક્ષમતા સાથે પોલીટેકનીક શરૂ કરવામાં આવી છે.

- સરકારી ઇજનેરી કોલેજો અને પોલીટેકનિક સંસ્થાઓમાં ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે પસંદગી પામેલા ૧૦૨૪ અધ્યાપકોને નિમણૂંક આપવામાં આવી છે.

મહિલા અને બાળ કલ્યાણ

- રાજ્યની ૫૩,૦૨૯ આંગણવાડીઓ/નંદઘરમાં નોંધાયેલ કુલ ૬૩.૮૪ લાખ લાભાર્થીઓ છે, જેમાં ૩૧.૧૧ લાખ બાળકો, ૧૧.૬૯ લાખ કિશોરીઓ, ૭.૪૬ લાખ સગર્ભા અને ધાત્રી માતાઓને પૂરક પોષણ, પૂર્વ પ્રાથિમક શિક્ષણ, રોગ પ્રતિકારક રસીઓ, આરોગ્ય તપાસ અનેસંદર્ભસેવાઓ આપવામાં આવે છે.

- સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં મહિલા અનામત ૩૩ ટકાથી વધારીને ૫૦ ટકા કરવામાંઆવી છે.

- સાણંદ, હાલોલ અને જુનૈદ(ભરૂચ) ખાતે મહિલાઓ માટે ખાસ મહિલા GIDC શરૂ કરવામાં આવી છે.

- મહિલાઓને સત્વરે ન્યાય મળે તે માટે રાજ્યમાં ૧૮૪ જેટલી નારી અદાલતો શરૂ કરવામાં આવી છે.

- રાજ્ય સરકારના ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.દ્વારા આદિવાસી અને દુર્ગમ અંતરિયાળ વિસ્તારોમાં સૌ પ્રથમવાર સખીમંડળની મહિલાઓ દ્વારા વીજ મીટર રીડિંગનો કાર્યક્રમ અમલમાં મૂકી મહિલાઓને આર્થિક અને સામાજિક રીતે સશકત કરવાનો એક નમૂનેદાર પ્રયાસ કરવામાં આવ્યો છે. મહિલાઓને આ માટે રૂ.૧૧૮.૯૮ લાખ ચૂકવવામાંઆવ્યા છે.

રોજગાર

- એમ્પ્લોયમેન્ટ એક્ષચેન્જીસ સ્ટેટીસ્ટીકસ મુજબ રોજગાર કચેરીઓ મારફતે રોજગારી પુરી પાડવામાં ગુજરાત પ્રથમ ક્રમે છે. એક વર્ષમાં સમગ્ર દેશમાં ૩,૩૮,૫૦૦ યુવાનોને રોજગાર આપવાસામે ગુજરાતમાં ૨,૯૦,૮૦૦ યુવાનોને, એટલે કે ૮૬% રોજગાર આપ્યો છે. આ વર્ષે ૧૦૨૮ ભરતીમેળાના આયોજન થકી ૧,૮૮,૬૪૨ઉમેદવારોને રોજગારી પુરી પાડવામાં આવી છે. તદ્દુપરાંત ચાલુ વર્ષે તા. ૧૧/૦૨/૧૭થી ૧૭/૦૨/૧૭ જેટલા ટુંકા ગાળામાં ૧૧ રોજગારમેળા યોજીને સરકારે ૫૦,૦૦૦થી વધુ યુવાનોને રોજગાર પૂરો પાડવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે.

- રાજયમાં કુલ–૨૮૫ સરકારી, ૧૧૩ અનુદાનિત અને ૩૭૩સ્વનિર્ભર એમ કુલ મળી ૭૭૧ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ(આઈ.ટી.આઈ.)માં કુલ ૧,૯૪,૫૭૦ તાલીમાર્થીઓ માટે અભ્યાસની સુવિધા ઉપલબ્ધ છે. ચાલુ વર્ષે ૨(બે) નવી સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ રત્નાલ અને કસાણામાં ચાલુ કરવામાં આવી છે.

- રાજયમાં મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારમાં ૫૦૦ કૌશલ્યવર્ધન કેન્દ્રો આવેલાં છે, જેમાં નવેમ્બર–૨૦૧૬ અંતિત કુલ૮૬,૩૯૧ તાલીમાર્થીઓને ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવી છે.

- ચાલુ વર્ષે ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં વધુ ૯આઈ.ટી.આઈ.ને પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ સ્કીમ હેઠળ આવરી લઈને અપગ્રેડ કરવામાં આવી છે. આ રીતે અપગ્રેડ થયેલી આઈ.ટી.આઈ.ની કુલ સંખ્યા ૧૫૦ થઈ છે.

- રાજયમાં વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ, સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર તથા મહેસાણામાં યુવાન ઉમેદવારોને વ્યવસાયલક્ષી/કારકિર્દી માર્ગદર્શન પુરૂ પાડવામાં માટે કુલ ૦૬ મોડેલ કેરીયર સેન્ટર શરૂ કરવામાં આવ્યાંછે,જેમાં એપ્ટીટયુડ ટેસ્ટ/સાયકોમેટ્રીક ટેસ્ટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે, આ સેન્ટરો આઇ.ટી.પ્લેટફોર્મ અને નેશનલ કેરીયર સર્વિસ પોર્ટલના ઉપયોગથી કાઉન્સેલીંગ/કારકિર્દી માર્ગદર્શન/મેનપાવર સર્વે/જોબફેરનું આયોજન વિગેરે કાર્યક્રમો થકી ઉમેદવારોની રોજગારક્ષમતા વધારવાની કામગીરી કરે છે.

- મંજૂર થયેલ૧૦૪ ઈન્ડસ્ટ્રીયલ કે.વી.કે. (i-KVK) ખાતે કુશળ માનવબળ તૈયાર કરવા માટેની તાલીમ આપવામાં આવે છે. ચાલુ વર્ષે ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં ૩૨૭૨ તાલીમાર્થીઓએ તાલીમ લીધી છે.

શ્રમિક કલ્યાણ

- મારી સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રે કામ કરતા કુલ ૯.૨૦ લાખ અસંગઠિત શ્રમયોગીઓને યુ–વીન કાર્ડ આપવામાં આવ્યા છે.યુ–વીન કાર્ડધારકોને સરકારના વિવિધ વિભાગની યોજનાઓ, જેવી કે 'મુખ્ય મંત્રીઅમૃતમ યોજના''મા વાત્સલ્યયોજના','અકસ્માત જૂથ વીમા યોજના','રાષ્ટ્રીય સ્વાસ્થ સુરક્ષા યોજના' ગંભીર બિમારીમાં સહાય, શિક્ષણ સહાય, આવાસ બાંધવા માટે સહાય, કૌશલ્ય વિકાસ તાલીમ વિગેરેનો લાભ મળે છે.

- રાજ્યના શ્રમ તંત્રના આગોતરા આયોજનના કારણે રાજ્યમાં આવેલ વિવિધ ઔદ્યોગિક એકમોમાં કામ કરતા ચાર લાખ કરતાં પણ વધુ શ્રમયોગીઓને બોનસ ચૂકવણી અધિનિયમ–૧૯૬૫ હેઠળ સને–૨૦૧૫–૧૬નું મળવાપાત્ર બોનસ આશરે રૂ.૫૬૮ કરોડ દિવાળીના તહેવાર પૂર્વે સમયસર ચૂકવવામાં આવ્યુ હતું.

- ગુજરાત રાજ્ય ઔદ્યોગિક શાંતિ ક્ષેત્રે રાષ્ટ્રમાં અગ્રેસર છે.

- ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા તા. ૨૬/૧૨/૨૦૧૫ થી અત્યાર સુધીમાં ૧,૯૮,૩૩૩ બાંધકામ શ્રમયોગીઓના આરોગ્યની બાંધકામ સાઇટ પર તપાસ કરવામાં આવી છે.

સ્વચ્છતા

- ૨૦૧૯માં પૂજ્ય મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્મ જયંતિની સાચી ઉજવણી તરીકે ગાંધીજીને તેઓના સ્વપ્નનું સ્વચ્છ ભારત અર્પણ કરવામાં આવે તેવું માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આહવાન કર્યું છે. રાજયએ આ દિશામાં નોંધપાત્ર કામગીરી કરી છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## રાજ્યપાલશ્રીનું સંબોધન

- ગ્રામીણ વિસ્તારોમાં લોક–ભાગીદારીને કેન્દ્રસ્થાને રાખી વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન(ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં) રૂ.૭૧૨.૬૨ કરોડના ખર્ચે કુલ ૧૦,૨૨,૮૮૫ વ્યક્તિગત શૌચાલયોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે. સ્વચ્છતા બાબતે લોકોની માનસિકતામાં બદલાવ આવે તે દિશામાં પણ વિવિધ પ્રચાર–પ્રસારના માધ્યમો થકી પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.રાજ્યની ગ્રામ પંચાયત/તાલુકા પંચાયત અને તે સાથે જિલ્લા પંચાયતો ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત (ODF) જાહેર કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવી રહી છે.મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં કચરાના ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી માટે ડીસેમ્બર–૧૬ અંતિત રૂ.૪૩ કરોડ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે.

- થર્ડ પાર્ટી ઈન્સપેક્શન બાદ ગુજરાત રાજયના તમામ શહેરી વિસ્તારોને સંપૂર્ણ ખુલ્લામાં શૌચક્રિયા મુકત(ODF) જાહેર કરવામાં આવ્યા છે, જેમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે રહ્યું છે. મહાનગરપાલિકાઓમાં વેસ્ટ ટુ એનર્જી, કમ્પોસ્ટીંગ અને 'કચરામાંથી કંચન' જેવા પ્રોજેકટને અગ્રિમતા આપી સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ માટે રૂ.૧૯૦૪ કરોડના પ્રોજેકટ મંજૂર કરવામાં આવ્યા છે.

જળ વ્યવસ્થાપન

- ગુજરાત અછત અને અર્ધ અછતવાળું રાજ્ય રહ્યું છે. અપૂરતા વરસાદ છતાં ઉત્તમ જળ વ્યવસ્થાપન, જળસંચય અને સુદ્રઢ આયોજન થકી ઉપલબ્ધ જળસ્ત્રોતોના કાર્યક્ષમ ઉપયોગથી પાણીની સમસ્યાના ઉકેલનો માર્ગ અપનાવ્યો છે. જળસંચય ક્ષેત્રે રાજ્યે કરેલી કામગીરીને દેશમાં નમૂનારૂપ કામગીરી તરીકે બિરદાવવામાં આવી છે. ૧૭૮ ચેકડેમ, ખેત તલાવડીઓ, બોરીબંધ, જલમંદિરો, ૧૧૫૮ તળાવો ઊંડાં કરવાનું અભિયાન, ૨૧૬ સિંચાઇ યોજનાઓનુંડિસીલ્ટીંગ,જૂની કેનાલોની મરામત અને આધુનિકીકરણ, ટપક અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ, સુજલામ્ સુફલામ્ યોજના, ક્ષાર પ્રવેશ નિયંત્રણ વગેરે યોજનાઓ થકી ગુજરાતમાં પાણીનાં તળ ઊંચાં આવવા માંડ્યાં છે અને ખેત ઉત્પાદનમાં મોટા પાયે વૃધ્ધિ થઈ છે.

- ભૂગર્ભજળ રીચાર્જની યોજનાઓ પૈકી ૩૩૨ કિ.મી. લંબાઇની સુજલામ્ સુફલામ્ સ્પ્રેડીંગ કેનાલમાં ચોમાસા દરમ્યાન પાણી ભરાવાથી તેમજ પૂર્ણ થયેલ ૧૧ પાઈપલાઈન દ્વારા નર્મદા મુખ્ય નહેરમાંથી પાણી ઉદવહન કરી આશરે ૭૦,૦૦૦ હેકટર જમીન માટે અધિક સિંચાઈની સગવડો ઉભીકરી છે.

- સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરીગેશન(સૌની) યોજના હેઠળ સરદાર સરોવર યોજનાની સૌરાષ્ટ્ર બ્રાન્ચ કેનાલ મારફતે ૧ મીલીયન એકર ફીટ પાણી મેળવી સૌરાષ્ટ્ર વિસ્તારના ૧૧ જીલ્લાના ૧૧૫ જળાશયો ભરવાની મહત્વાકાંક્ષી યોજનાના પ્રથમ તબકકામાં લીંક–૧ અને લીંક–૩ ના કામો પૂર્ણ થયાં છે, જેનું ઉદ્‌ઘાટન માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદહસ્તે લાખો ખેડૂતોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.લીંક–૨ અને લીંક–૪ ના કામો માર્ચ–૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. સંપૂર્ણ યોજના પૂર્ણ થયે ૧૦,૨૨,૫૮૯ એકર વિસ્તારમાં હયાત સિંચાઈ સુવિધા સુદ્રઢ બનશે.

- રૂ.૮૫ કરોડના અંદાજિત ખર્ચના ઉકાઇ નહેર સુધારણાના તથા રૂ.૨૬૨ કરોડના અંદાજિત ખર્ચના કાકરાપાર નહેરના કામો મંજૂર કરીને શરૂ કરી દીધાં છે, જેનાથી અનુક્રમે આશરે ૧૮,૦૦૦ હેક્ટર અને ૮૬૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઇના લાભો ઉપલબ્ધ થશે.

- કચ્છ જિલ્લામાં ક્ષાર પ્રવેશ નિવારણ માટે સુજલામ સુફલામ યોજના હેઠળ પજબંધારા પૂર્ણ થયેલ છે. આ કામોથી આશરે ૩૬,૫૯૦હેક્ટર વિસ્તારમાં ખેડૂતોને પ્રત્યક્ષ કે પરોક્ષ સિંચાઈની સવલત મળી છે.

- સિંચાઈ યોજનાઓના જળ વ્યવસ્થાપનમાં રાજ્ય સરકારે ખેડૂતોને સામેલ કર્યા છે. સહભાગી સિંચાઇ વ્યવસ્થાની કામગીરી વધુને વધુ ખેડૂત પિયત મંડળીઓને સોંપવામાં આવે તે માટે મારી સરકાર સતત પ્રયત્નશીલ છે. ચાલુ વર્ષે ૧૩,૧૩૪ હેક્ટરવિસ્તાર અને અત્યાર સુધીમાં ૫,૫૫,૬૭૬ હેક્ટરવિસ્તાર સહભાગી સિંચાઈ વ્યવસ્થા હેઠળ આવરી લીધો છે.

- રાજ્યની જુની સિંચાઈ યોજનાઓની કાર્યક્ષમતા વધારવા માટે નહેરોના વિસ્તરણ, નવીનીકરણ અને આધુનિકીરણના કામો અગ્રતાના ધોરણે હાથ ધર્યાં છે, ચાલુ વર્ષે ૨૨,૯૪૫ હેક્ટર વિસ્તારમાં નહેર સુધારણાનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે. અત્યાર સુધીમાં કુલ આશરે ૭,૪૩,૧૦૮ હેક્ટર કરતાં વધુવિસ્તારમાં નહેર સુધારણાનાં કામો પૂર્ણ થયાં છે.

સરદાર સરોવર યોજના

- રાજયના નાગરિકો અને પશુધનને પીવાના પાણી માટે, ખેડૂતોને સિંચાઈના પાણી માટે અને ગુજરાતને હરિયાળું બનાવવા માટે ઉપયોગી એવી સરદાર સરોવર બહુહેતુક યોજનાના મુખ્ય બંધના તમામ ૨૯ પીયર્સ, ૩૦ બ્રીજ સ્પાનના ગાળા અને ૩૦ રેડીયલ ગેઇટ બેસાડવાની કામગીરી પૂર્ણ થઈ છે. યોજનાના બંને પાવર હાઉસ કાર્યરત થતા૧૪૫૦ મેગાવોટની સ્થાપિત ક્ષમતા હાંસલ કરવામાં આવી છે. આ પાવર હાઉસમાંથી ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં કુલ ૪૦૫૪ કરોડ વીજ યુનિટનું ઉત્પાદન થયું છે.

- આ યોજના હેઠળ નહેરોના બાંધકામમાં ઝડપ લાવવા મારી સરકાર દ્વારા લેવાયેલ વિવિધ પગલાંના પરિણામ સ્વરૂપેકુલ ૪૪૫૫પકી.મી. લંબાઈનીનહેરોનુંબાંધકામડીસેમ્બર–૨૦૧૬ સુધીમાં પૂર્ણથયું છે.કુલ ૧૭.૯૨ લાખ હેકટર પિયત વિસ્તારમાંથી ૧૩.૪૭ લાખ હેકટર વિસ્તારમાં માઇનોર સુધી સિંચાઇ ક્ષમતા વિકસિત થઈ છે.

- સબ માઇનોરના બાંધકામમાં ઝડપ આવે તે હેતુથી જમીન સંપાદિત કર્યા સિવાય રૂ.૧૪૨૧ કરોડના ખર્ચે ૩.૩૩ લાખ હેક્ટર વિસ્તારમાં ૭૬૬૬ કીમી. લંબાઈનીઅન્ડરગ્રાઉન્ડ (પાઇપ લાઇન) સબ માઈનોરનાં કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે, જેનેખેડૂતોનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે.

પાણી પુરવઠો

- રાજ્યમાં પીવાના પાણીની મુશ્કેલીઓ દૂર કરવામાં મારીસરકાર હંમેશા અગ્રેસર રહી છે. રાજ્યમાં પીવાના પાણીની સુવિધા પુરી પાડવા માટેની સંવેદનશીલતા, દુરંદેશી આયોજન, દ્રઢ નિશ્ચય અને અસરકારક પગલાંને લીધે છેલ્લાં ઘણાં વર્ષોથી રાજ્યને અછતના પ્રભાવમાંથી મુક્ત કરવામાં સફળતા મળી છે.

- રાજયના ગ્રામ્ય વિસ્તારનાં ૫૩.૩૬ લાખ કુટુંબોને નળ કનેકશનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં નાના કસબાઓ, ફળિયાઓ, પરા વિસ્તાર સુધી ૧૩૩૯૧ મીની પાઇપ યોજનાઓ અને ૨,૫૮,૧૫૦ હેન્ડપમ્પ બેસાડી છેવાડાના વિસ્તાર સુધી પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યુંછે. ઉકત સુવિધા પૈકી ૧૨,૩૪૯ મીની પાઇપ યોજનાઓ તેમજ ૧,૮૬,૧૯૧ હેન્ડપમ્પ આદિજાતિ વિસ્તારમાં બનાવી સરકારે છુટાછવાયા, ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા આદિજાતિના લોકોની સુવિધામાં સતત વધારો કર્યો છે.ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તારોમાં નળ કનેશનથી પાણી પહોંચાડવું મુશ્કેલ હોવા છતાં સરકારે આ મુશ્કેલીનો સામનો કરી આદિવાસી વિસ્તારોનાં ૮.૬૧ લાખ કુંટુંબોને નળજોડાણ દ્વારા પીવાના પાણીની સુવિધા પુરી પાડવા તત્પરતા દાખવી છે.

- ભૂગર્ભ જળની સપાટીમાં થતો ઘટાડો અટકાવવા તેમજ વરસાદી પાણીના સંગ્રહ માટેની કામગીરી ઘણા સમયથી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત વર્ષ દરમ્યાન રીચાર્જીંગના ૧૨૭૯ કામો પૂર્ણ કર્યાં છે, જેમાં બોર બ્લાસ્ટીંગ, ચેકડેમ, અન્ડરગ્રાઉન્ડ ચેકડેમ, Defunct હેન્ડપંપ રીપેરીંગતેમજ છત પરના વરસાદી પાણીના સંગ્રહના ટાંકા જેવા કામોનો સમાવેશ થાય છે.

- શુધ્ધ અને પુરતા પાણીની સુનિશ્ચિતતાને લીધે રાજયની મહિલાઓ અને બાળકોને દૂર–દૂરથી પાણી ભરવાની હાડમારીમાંથી મોટા પ્રમાણમાં મુક્તિ મળી છે અને નાગરિકોને શુધ્ધ પાણી મળતાં પાણીજન્ય રોગોમાં મોટા પ્રમાણમાં ઘટાડો નોંધાયો છે.

કૃષિ

- રાજ્યના ખેડૂતોની મહેનત અને સરકારની ખેડૂતોને વિવિધ પ્રકારની મદદને કારણે રાજ્યના કૃષિ ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો છે.

- ખેડૂતોને ખુલ્લા બજારમાં પાવડો, કોદાળી વિગેરે જેવા ખેત ઓજારો જે ભાવથી મળતા હતા તેના કરતા ઓછા ભાવથી મળી રહે તે હેતુથી વિવિધ ખેત ઓજારો માટે એમ્પેનલમેન્ટ શરૂ કરવામાં આવ્યું છે. આનાથી ખેડૂતોને બજારભાવ કરતા ૭ થી ૧૨ ટકા ઓછી કિંમતે વિવિધ ઓજારો મળી રહે છે.

- ૧લી એપ્રિલ–૨૦૧૬થી ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજનામાં ખાતેદાર ખેડૂતના પ્રથમ હયાત સંતાન(પુત્ર/પુત્રી) ઉપરાંત ખેડૂત ખાતેદારની પત્ની/પતિનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ ૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬થી તા.૩૦/૬/૨૦૧૬ સુધીમાં ખાતેદાર ખેડૂતોના કુલ ૨૦૬૬૮ લાભાર્થી વારસદારોએ રૂ.૧૮૬ કરોડથી પણ અધિક વીમા સહાયનો લાભ મેળવ્યો છે. વર્ષ ૨૦૧૬–૧૭ માટે ખેડૂત ખાતેદાર અકસ્માત વિમા યોજના માટેનું રૂ.૩૦.૫૦ કરોડ વીમા પ્રીમીયમ રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવ્યું છે.

- ગુજરાત રાજ્યમાં કૃષિ ક્ષેત્રે બિનપરંપરાગત ઉર્જાની નૂતન પહેલ રૂપે સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ ખેડૂતોને રાહતદરે આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન રૂ.૧૫૫ કરોડના ખર્ચે ૩૭૪૨ સોલાર પંપ કાર્યાન્વિત કરવામાં આવ્યા છે.

પશુપાલન

- ગુજરાત રાજ્ય દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્ર હરોળમાં છે. વર્ષ ૨૦૧૫–૧૬માં૧૮ જીલ્લા દૂધ ઉત્પાદન સંઘો દ્વારા દૈનિક ૧૫૩.૧૫ લાખ લીટર દૂધ એકત્રિતકરવામાં આવ્યું હતું.

- કૃષિ મહોત્સવ–૨૦૧૬ દરમ્યાન પશુ આરોગ્ય મેળા અભિયાન અંતર્ગત ૧૪૪ પશુ આરોગ્ય કેમ્પ યોજીને ૧૪.૦૭ લાખ પશુઓને સારવાર આપવામાં આવીતથા૪૬.૦૧ લાખ પશુઓમાં રસીકરણ અને૧.૧૨ લાખ પશુઓને કૃત્રિમ બીજદાનકરવામાં આવ્યું.

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭
રાજ્યપાલશ્રીનું સંબોધન

મત્સ્યોદ્યોગ

- સને ૨૦૧૫-૧૬ માં કુલ મત્સ્ય ઉત્પાદન ૮.૧૦ લાખ મે.ટન થયુંછે, જેની કિંમત રૂ.૬૦૮૭ કરોડ જેટલી છે. રાજ્ય દ્વારા રૂ.૩૫૬૭ કરોડની કિંમતની ૨.૦૯ લાખ મેટ્રીક ટનમાછલી તથા માછલી આધારિત પેદાશોની નિકાસ કરવામાં આવી છે.

- ૨૦ મીટરથી ઓછી લંબાઇની માછીમારી કરતી યાંત્રિક હોડીઓમાં વપરાતા હાઇસ્પીડ ડીઝલ પર વેચાણવેરા રાહત યોજના તળે ૫૯,૧૭૨ લાભાર્થીઓને અંદાજે રૂ.૮૦ કરોડની ડીઝલ વેટ રાહત ચુકવવામાં આવીછે.

ગ્રામ વિકાસ

- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંહેધરી યોજના હેઠળ ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન ડિસેમ્બર-૨૦૧૬ અંતિત કુલ ૫.૬૬લાખ કુંટુંબોને રોજગાર આપી કુલ ૨૧૨.૮૭ લાખ માનવદિન રોજગાર ઉત્પન્ન કરવામાં આવ્યો છે, તે પૈકી ૯૮.૪૬ લાખ માનવદિન જેટલો રોજગાર મહિલાઓને મળ્યો છે.

- સરદારપટેલઆવાસયોજનાહેઠળ અત્યાર સુધીમાં લાભાર્થીઓ દ્વારા ૧૦,૭૯,૦૦૦ આવાસ બાંધવામાં આવ્યા છે, જેના માટે મારી સરકારે રૂ.૪૭૭૦ કરોડનો ખર્ચ કર્યો છે.

- કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં અમલમાં મૂકવામાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ)નો લાભ રાજ્યના લોકોને મળે તે માટે નોંધણીની કામગીરી પૂરજોશમાં શરૂકરી દેવામાં આવીછે.

- ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની લી. – મિશન મંગલમ કાર્યક્રમ અંતર્ગત ચાલુ વર્ષે નવેમ્બર-૨૦૧૬ અંતિત કુલ ૩૩૦૦૫ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી છે. ૧૬૨૬૬ સ્વસહાય જૂથોને બેંકો મારફતે કેશ ક્રેડીટની, ૧૧૨૨૯ સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડનીતથા ૧૧૩૯૪ સ્વસહાય જૂથોને કોમ્યુનીટી ઇન્વેસ્ટમેન્ટ ફંડની ફાળવણી કરવામાં આવી છે.

- નવેમ્બર-૨૦૧૬ અંતિત કૂલ ૧૦૦૩૬ ગ્રામીણ યુવક/યુવતીઓને પંડિત દિનદયાલ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્યયોજના અંતર્ગત તાલીમ આપવામાં આવી છે.

- ગ્રામ્યવિસ્તારોમાંશહેરો જેવીસગવડોપુરીપાડવામાટે અમલી રૂર્બન યોજના હેઠળ ૧૦,૦૦૦ થી વધુ વસ્તી ધરાવતાં ગામોમાં સ્વચ્છતા જળવાઇ રહે તે માટે પ્રથમતબક્કે શરૂ કરવામાં આવેલાં ૭૯ ભૂગર્ભ ગટરના કામ પૈકી ૬૪ કામ પૂર્ણ થયાંછે અને અન્ય ૧૫ કામ પ્રગતિ હેઠળ છે. આ માટે કૂલ રૂ.૬૩૫ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

પંચાયતી રાજ

- ઇ-ગ્રામવિશ્વગ્રામપ્રોજેક્ટઅંતર્ગતરાજયનીકુલ ૧૪૦૧૭ગ્રામપંચાયતોમાં ઉપલબ્ધ કનેક્ટિવીટીની ઝડપ વધારવા ઇન્ટરનેટ બેન્ડવીથ ૩૭ mbps થી વધારી ૯૬ mbps કરવામાં આવી છે. અત્યાર સુધીમાં કુલ ૫૭.૮૦ કરોડ પ્રમાણપત્રો ઇ-ગ્રામ દ્વારા ઇસ્યુ કરવામાં આવ્યાં છે.

- ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોમાં એકતા જળવાઈ રહે અને બધા સાથે મળીને ગામનો વિકાસ કરે તે માટે ઓકટોબર-૨૦૦૧થી અમલમાં આવેલી સમરસ ગ્રામ પંચાયત યોજના હેઠળ ૨૦૧૬માં યોજાયેલ ચૂંટણીમાં ૧૩૮૪ગ્રામ પંચાયતો સમરસ થઈ છે, તે પૈકી ૧૮૭ગ્રામ પંચાયતો મહિલા સમરસ થઈ છે. આ માટેની પ્રોત્સાહક રકમ અંદાજે રૂ. ૭૩ કરોડ ગામોના વિકાસમાં વપરાશે.

- ગ્રામ પંચાયતોનું વસ્તીના ધોરણે વર્ગીકરણ કરી ગ્રામ પંચાયત કચેરીના બાંધકામ માટે રૂ.૨૨ લાખ સુધીની ગ્રાન્ટ ફાળવણી કરવાનું આયોજન કર્યું છે. વધુમાં, રાજયમાં પ્રથમ વખત જૂથ ગ્રામપંચાયતમાં હેડ કવાર્ટર સિવાયના અન્ય ગામોએ પણ 'મિનિ પંચાયત'નું મકાન તૈયાર કરવા રૂ.૬.૫૦ લાખની ગ્રાન્ટની જોગવાઇ કરવામાં આવી છે, જેનાથી સામાન્ય કામ માટે લોકોને ગ્રામપંચાયતના હેડ કવાર્ટરના ગામ સુધી જવું ન પડે. ચાલુ વર્ષે(ડિસેમ્બર-૧૬ અંતિત) ૧૬૬૧ ગ્રામ પંચાયતના નવા મકાનો માટે અને૧૦૦૦ જર્જરીત ગ્રામ પંચાયતના મકાનોના રીપેરીંગ માટે એમ કુલ રૂ.૩૮.૫૯ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.
- ૧૩મા નાણા પંચના ૨૦૧૦-૧૫ના સમયગાળામાં ગુજરાત રાજયને રૂ.૧૭૯૨ કરોડ મળ્યા હતા, જેની સામે ચૌદમા નાણા પંચના ૨૦૧૫-૨૦૨૦ના ગાળામાં ગુજરાત રાજયને કૂલ રૂ.૮૬૬૩ કરોડની, એટલે કે આશરે પાંચ ગણી વધુ ગ્રાન્ટ મળશે,જેનો લાભ ગ્રામ પંચાયતોને સીધેસીધો મળશે, જેથી ગ્રામજનો પોતે પોતાના વિસ્તારોના વિકાસ અને સુવિધામાં વધારો કરી શકશે.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ

- રાજયના શહેરોની કાયાપલટ કરનાર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત રાજયની મહાનગરપાલિકાઓમાં આંતરમાળખાકીય વિકાસના રૂ.૧૦,૬૫૫ કરોડના ૯,૪૩૯ કામો મંજૂર કરવામાં આવ્યાં હતા, તે પૈકી ૭,૮૫૮ કામો પૂર્ણ થયાં છે અને ૧,૩૨૪ કામો પ્રગતિ હેઠળ છે. નગરપાલિકા વિસ્તારોમાં આંતરમાળખાકીય વિકાસના રૂ.૨,૭૧૭ કરોડના ૨૨,૭૧૯ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં, તે પૈકી ૧૫,૦૭૬ કામો પૂર્ણ થયાં છે અને ૩૦૪૮ કામો પ્રગતિ હેઠળ છે. આ યોજના અંતર્ગત

ફાલ્ગુન ૧, ૧૯૩૮ શાકે

રાજ્યપાલશ્રીનું સંબોધન

રાજયની ૧૫૯ નગરપાલિકાઓને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે ૧૫૯ કામોને મંજૂરી આપવામાં આવી હતી, જે પૈકી રૂ.૯૪૦ કરોડના ખર્ચે ૧૨૦ કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે, બાકીના પ્રગતિ હેઠળ છે. તે જ પ્રમાણે દરેક નગરપાલિકાને ભૂગર્ભ ગટર સુવિધા મળી રહે તે માટે ૧૫૪ નગરપાલિકા માટે રૂ.૫૭૭૬ કરોડના કુલ ૧૭૫ કામો મંજૂર કરવામાં આવ્યાં હતાં, જે પૈકી ભૂગર્ભ ગટરના રૂ.૩૦૦૦ કરોડના ૧૦૦ કામો તથાસુએઝ ટ્રીટમેન્ટપ્લાન્ટનાં ૧૧ કામો પૂર્ણ કરવામાં આવ્યાં છે.

- રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને પોતાની માલિકીનું ઘર આપવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ આવાસ યોજનાઓ અંતર્ગત કુલ ૩,૮૪,૫૭૭ આવાસો મંજૂર કરી ૧,૮૪,૨૦૭ આવાસો માટે કૉમ્પ્યુટરાઇઝ્ડ ડ્રો દ્વારા લાભાર્થીઓને ફાળવણી કરી ૧,૩૬,૧૯૪ લાભાર્થીઓને મકાનનો કબજો સુપ્રત કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રાજ્યમાં કુલ ૧,૦૨,૮૫૩ આવાસો માટે રૂ.૬,૮૦૧ કરોડના ૧૩૮ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા છે, જે પૈકી ચાલુ વર્ષે ૩,૪૩૯ આવાસો પૂર્ણ કરાયા છે તથા ૩૭,૦૮૨ આવાસોના કામો માટે કામગીરીચાલુ છે. ક્રેડીટ લીન્ક સબસીડી યોજના અંતર્ગત બેંકો દ્વારા ૫,૬૮૧ લાભાર્થીઓને રૂ.૧૩૪ કરોડની વ્યાજ સબસીડી આપવામાં આવી છે. ખાનગી વિકાસકાર દ્વારા એફોર્ડેબલ હાઉસીંગ યોજના હેઠળ ૭૨,૯૮૫ આવાસો મંજૂર કરવામાં આવ્યા છે, જે પૈકી ૧૦,૯૭૧ આવાસોની કામગીરી પૂર્ણ થઈ છે અને બાકીના વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે.

- કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પ્રથમ તબકકામાં પસંદ થયેલા ૬ શહેરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર તેમજ દાહોદ પૈકી વર્ષ ૨૦૧૫-૧૬માં સુરત અને અમદાવાદ અને ૨૦૧૬-૧૭ માં વડોદરાની પસંદગી કરવામાં આવી છે. અમદાવાદ તેમજ સુરત શહેરને સ્માર્ટ સીટી તરીકે વિકસાવવા માટે બંને શહેરોને પ્રથમ હપ્તા પેટે રૂ.૨૯૬ કરોડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. સુરત દ્વારા રૂ.૩૩૦ કરોડના ચાર પ્રોજેક્ટ અને અમદાવાદ દ્વારા રૂ.૯૦૦ કરોડના પાંચ પ્રોજેક્ટનીકામગીરી હાથ ધરવામાં આવી છે.

- માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વરદહસ્તે ગિફ્ટ સિટી ખાતે દેશના પ્રથમ ઈન્ટરનેશનલ એક્ષચેન્જનું ૯મી જાન્યુઆરીના રોજ ઉદઘાટન કરવામાં આવ્યું. આ એક્ષચેન્જ કાર્યરત થતાં રાજ્યમાં સારા એવા પ્રમાણમાં રોજગારનું નિર્માણ થશે.ગુજરાતના અર્બન ડેવલપમેન્ટ લેન્ડસ્કેપને બદલી નાખવાની ક્ષમતા ધરાવતું ગીફ્ટ સીટી એ ભારતનું પ્રથમ એવું આંતરરાષ્ટ્રીય વિત્ત સેવાઓનું કેન્દ્ર છે, જે પ્રોજેક્ટના વિકાસ માટે રૂ.૧૦૦૦ કરોડ કરતાં પણ વધારે રોકાણ કરવામાં આવ્યું છે. દેશની૭ અગ્રગણ્ય બેન્કો તથા વીમા કંપનીઓ અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્ટોક એક્ષચેન્જ નજીકના ભવિષ્યમાં આ સ્થળેથી તેઓની કામગીરીશરૂ કરશે. દેશના અન્ય સ્માર્ટ શહેરોના વિકાસ માટે ગિફ્ટ સિટી આદર્શ મોડેલ સાબિત થશે.

- સુરત શહેરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના હીરા વેપારકેન્દ્રની સ્થાપના કરવાના ઉદ્ધેશથી ડ્રીમ સીટી પ્રોજેક્ટ અંતર્ગત કંપની એક્ટ હેઠળ ૧૦૦ કરોડની મુડી સાથે એસ.પી.વી.ની રચના કરવામાં આવી છે. સુરત ડાયમંડ બુર્સના બાંધકામ માટે જમીનની ફાળવણી કરવામાં આવી છે તથા આંતરરાષ્ટ્રીય કન્સલ્ટન્ટ દ્વારા આ અંગે માસ્ટર પ્લાન તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

- માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના'ઊર્જા બચાવો, ખર્ચ બચાવો' ના સંકલ્પને સાકાર કરવા રાજયની નગરપાલિકા અને મહાનગરપાલિકા વિસ્તારોમાં ૯.૬૦ લાખ સ્ટ્રીટ લાઈટને એલઈડીમાં રૂપાંતરિત કરવાની કામગીરી કોઈ પણ પ્રકારનો મૂડી ખર્ચ કર્યા વગર વીજ બચત શેરીંગ મોડલ પર કેન્દ્ર સરકારની EESL કંપની મારફત હાથ ધરી છે, જેના કારણે રાજય સરકાર સહિત મહાનગરપાલિકા, નગરપાલિકા અને પંચાયતોના વીજખર્ચમાં ઘણી મોટી બચત થશે.

- રાજયના નાગરિકોને પોતાની માલિકીના પ્લોટમાં મકાનનું બાંધકામ કરવા માટેની પરવાનગી માટેના નિયમો સરળ બનાવવામાં આવ્યા છે અને ૧૨૫ ચો.મી.થી ઓછા પ્લોટ વિસ્તાર માટે રહેણાંકના મકાન માટે બાંધકામ મંજૂરીમાંથી મુક્તિ આપી નિયમસરના નકશા રજુ કરી બી.યુ. પરમીશન વખતે તપાસણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. ફાઇનલ થયેલ ટી.પી.સ્કીમમાં ડિમ્ડ એન.એ.નો અમલ શરૂ કરવામાં આવ્યો છે.

માર્ગ અને મકાન

- રાજયમાંઆંતરમાળખાકીય સુવિધા વધુ મજબૂત બનાવવા અને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા કરોડો લોકોને પાકા ડામર રસ્તાઓની વધારાની સુવિધા ઉપલબ્ધ કરાવવા મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના શરૂ કરવામાં આવી છે અનેપ્રથમ વર્ષે જ રૂ.૪૧૦૦ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે.

- રૂ.૧૯૩૮ કરોડની રકમથી રાજયના કોર નેટવર્ક સમાન રાજય ધોરીમાર્ગોને પહોળા અને મજબૂત કરવાની તથા નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી છે.

- રૂ.૨૨૯.૮૮ કરોડના ખર્ચે ૭ મોટા પુલો પૂર્ણ કર્યા છે તથા રૂ.૮૫૦.૧૫ કરોડની અંદાજિત રકમના ૩૬ મોટા પુલોનાં કામ પ્રગતિમાં છે.

- અંબાજી, ડાકોર, પાવાગઢ અને પાલીતાણા યાત્રાધામોને જોડતા ૧૮૯ કિ.મી.લંબાઈના રસ્તાઓનું ચારમાર્ગીયકરણ કામ પ્રગતિમાં છે.

- રાજયના મુખ્ય રસ્તાઓ ઉપર આવતા રેલવે ફાટકોના કારણે નાગરિકો/વાહનચાલકોનો સમય, શકિત અને ઈંધણનો વ્યય થાય છે, તે બચાવવા માટે રૂ.૭૧૭ કરોડના ખર્ચે ૩૦ રેલવે ઓવરબ્રીજના કામો પૂર્ણ કર્યા છે અને રૂ.૧૧૬૨ કરોડના ખર્ચવાળા ૩૧ રેલવે ઓવરબ્રીજના કામો પ્રગતિ હેઠળ છે.

- નવરચિત ૭ જીલ્લા પૈકી ૬ જિલ્લા અને ૧૯ તાલુકા માટે સેવા સદનના બાંધકામ પૂર્ણ થયાં છે. જુના જિલ્લા/તાલુકા સહિત ૨ જિલ્લા સેવા સદન અને ૬ તાલુકા સેવા સદનના કામો પ્રગતિમાં છે.

વાહનવ્યવહાર

- રાજયના ૯૮% ગામડાઓને પરિવહનની સેવા પુરી પાડવામાં આવી રહી છે.

- એસ.ટી. બસની ટીકિટના પેમેન્ટનુંટ્રાન્ઝેકશન કેશલેશ થઈ શકે તે માટે ૧૨૫ડેપો પર પીઓએસ મશીન મુકવામાં આવ્યાં છે. વધુમાં કેશલેશ ટ્રાન્ઝેક્શનને પ્રોત્સાહન આપવા માટે તથા કાઉન્ટર પર કેશ માટેના મુસાફર સાથેના વિવાદને નિવારવા ઓનલાઈન બુકીંગ કરતા મુસાફરને ૫ ટકા ડીસ્કાઉન્ટ આપવામાં આવે છે.

- ૧૪૦૦ જેટલી શાળા/કોલેજનું રજીસ્ટ્રેશન કરીને તે શાળા/કોલેજમાં ભણતાવિદ્યાર્થીઓને ત્યાંથી જ પાસ કાઢી આપવામાં આવે છે.

- માર્ગ વાહન વ્યવહાર નિગમના જુના અને જર્જરીત બસ સ્ટેશનોને દુર કરી તેમજ નિગમની ખુલ્લી જમીન પર ૩૫ સ્થળોએ નવા બસ સ્ટેશનો બાંધવા અંગેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

- રાજયની મહેસુલી આવકમાં મોટર વાહન ખાતાનો મોટો ફાળો રહેલો છે. ટેકનોલોજી આધારિત પારદર્શક વહીવટની દિશામાં રાજ્ય સરકારની ઐતિહાસિક પહેલ સમાન અત્યાધુનિક ટેકનોલોજીના ઉપયોગ સાથેની દેશની સૌ પ્રથમ એવી શામળાજી ચેકપોસ્ટ કાર્યાન્વિત કરવામાં આવી છે. અગાઉની વ્યવસ્થામાં વાહનની માપણી, દંડની આકારણી, હસ્તલિખિત મેમો, વાહનની વિવિધ વિગતની ચકાસણી વિગેરેમાં માનવીય હસ્તક્ષેપનું પ્રમાણ ઘણું ઊંચુ હતુ,જેથીપ્રત્યેક વાહનદીઠ ઘણો વધારે સમય લાગતો હતો અને ચેકપોસ્ટ પર લાંબી કતારો જોવા મળતી હતી. વધુમાં, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીઓ તથા અન્ય ચેકપોસ્ટ વચ્ચે માહિતીની આપ લે માટેની વ્યવસ્થાનો પણ અભાવ હતો. હવે શામળાજી ચેકપોસ્ટ અત્યાધુનિક લેસર બેઈઝ્ડ ઓટોમેટીક વ્હીકલ મેજરમેન્ટ સિસ્ટમ, ઓટોમેટીક નંબર પ્લેટ રેકગ્નીશન સિસ્ટમ વિગેરે સાથે સુસજજ છે. આ ચેકપોસ્ટનેપ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તથા અન્ય ચેકપોસ્ટસાથે મધ્યસ્થ ડેટાબેઝ મારફતે ૨૪x૭ જોડવામાં આવી છે. શામળાજી ચેકપોસ્ટનાઆધુનિકીકરણથી ચેકપોસ્ટની પ્રક્રિયાઓ વધુ પારદર્શક, સરળ અને ઝડપી બની છે, જેનાથી વાહનોના પરિવહન સમયમાં નોંધપાત્ર ઘટાડો થવા સાથે ઇંધણમાં પણ નોંધપાત્ર બચત થશે.

બંદરો

- વર્ષ ૨૦૧૫-૧૬માંગુજરાત મેરીટાઇમ બોર્ડના બંદરોથકીમાલનીહેરફેર૩૪૦મીલીયન મેટ્રીક ટન થઈ, જે કુલ રાષ્ટ્રીય ટ્રાફીકના ૩૨ટકા તથા ગૌણબંદરો પરના ટ્રાફીકનો ૭૩ ટકા સિંહ ફાળો દર્શાવે છે. વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૧૬ સુધીમાં આયાત અંગેનો સરેરાશ વાર્ષિક વિકાસદર ૫.૨૩ટકાનો અને નિકાસ અંગેનો આ દર ૩.૨૯ ટકાનો રહ્યો છે.

- ગુજરાત મેરીટાઇમ બોર્ડ દ્વારા અલંગ-સોસીયા શીપ રીસાયકલીંગ યાર્ડ ખાતે કુલ ૧૦૦૮ કામદારો માટે હાઉસીંગ સુવિધાનું નિર્માણ કૂલ રૂ.૨૨.૪૮ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યું છે.

કાયદો અને વ્યવસ્થા

- સમગ્ર દેશમાં ગુજરાત રાજ્ય આર્થિક, સામાજીક, ઐાદ્યોગિક વિકાસ અને કાયદો-વ્યવસ્થાની દ્રષ્ટિએ શાંત, સલામત અને સંસ્કારી રાજયનો દરજ્જો મેળવી શકયું છે.

- કાયદો અને વ્યવસ્થાની જાળવણીને વધુ સદ્રઢ બનાવવા રાજ્ય સરકારે નવા ૧૨પોલીસ સ્ટેશન અને આઉટ પોસ્ટ કાર્યરત કર્યાં છે તથા ૧૦ પોલીસ સ્ટેશનોને અપગ્રેડ કર્યાં છે. વધુમાં, ૩૮ નવાં સ્માર્ટ પોલીસ સ્ટેશનો કાર્યરત કર્યા છે.૧૮૨૧૭પોલીસ તથા જેલ કર્મચારીઓની નવી ભરતી પ્રક્રીયાઆખરીતબક્કામાં છે. ટ્રાફીક નિયંત્રણ માટે સી.સી.ટી.વી. આધારીત વ્યવસ્થા

જશહેરોમાં ગોઠવાઈ છે.ગુજરાત ૧૬૪૦ કિ.મી. લાંબો દરિયા કિનારો ધરાવે છે. દરિયાઇ સીમા સુરક્ષા માટે ૨૨ મરીન પોલીસ સ્ટેશન, ૨૫ ચેક પોસ્ટ અને ૪૬ આઉટ પોસ્ટ બનાવ્યાંછે. મરીન પોલીસ સ્ટેશનો વાહનો, કોમ્પ્યુટર અને અન્ય માળખાકીય સુવિધાઓથી સુસજ્જ કરવામાં આવ્યાં છે તથા તેમાં કુલ–૨૦૦ જગ્યાઓ મંજુર કરવામાં આવીછે. લખપત થી ઉમરગામ સુધી પેટ્રોલિંગ માટે ૩૦ બોટ ફાળવવામાં આવીછે. મરીન પોલીસ સ્ટેશનોના કર્મચારીઓને ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા તાલીમ આપવામાં આવી છે.

- રાજ્યના પાટનગર ગાંધીનગર સ્થિત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અંતર્ગત એશિયાની પ્રથમ અદ્યતન ફાયરિંગ રેન્જની સ્થાપના કરવામાં આવી છે. આ યુનિવર્સિટી, કે જેને એસોસિએશન ઓફ કોમનવેલ્થ યુનિવર્સિટીનું સભ્યપદ મળ્યું છે,તેને નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ દ્વારા 'એ' ગ્રેડ આપવામાં આવ્યો છે. આંતરિક સુરક્ષાના વણખેડાયેલા ક્ષેત્રો સર કરવાના હેતુથી રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા આ વર્ષે ક્રિમીનોલોજી વિષયમાં એમ.ફીલ. અને પી.એચ.ડી અભ્યાસક્રમો શરૂકરવામાં આવ્યા છે.

ઉર્જા

- આજે દેશભરમાં વીજક્ષેત્રે ગુજરાતને એક મોડેલ રાજ્ય ગણવામાં આવે છે, જે દેશના અન્ય રાજયો તથા અન્ય વિકાસશીલ રાષ્ટ્રો માટે પણ ગૌરવશાળી પથદર્શક છે. ભારત સરકારે રાજયની ચારેય વીજ વિતરણ કંપનીઓને એનાયત કરેલા 'એ+'અને 'એ'રેટીંગથી આ હકીકતને સમર્થન મળે છે.

- ઓછુ પ્રદૂષણ થાય અને ઓછુ ઇંધણ વપરાય તેવી નવી તકનીક ધરાવતુંકોલસા આધારિત સુપર ક્રીટીકલ ૮૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન એકમ કાર્યરત કરવાની કામગીરી વણાકબોરી ખાતે પૂરજોશમાં ચાલી રહી છે.

- વીજ પ્રવહન ક્ષેત્રે પણ રાજ્યએ વિકાસની હરણફાળ ભરી છે. આ વર્ષે રૂ.૨૩૨૦ કરોડના ખર્ચે ૧૦૦ નવા વીજ સબસ્ટેશનો તથા અંદાજે ૨૯૨૫ સરકીટ કી.મી. વીજપ્રવહન લાઇન કાર્યરત કરી છે. તે પૈકી દરિયાકાંઠાના વિસ્તારો અને આદિજાતિ વિસ્તારોમાં વીજપ્રવહન માળખું સુદ્રઢ કરવા કૂલ રૂ.૩૨૦ કરોડનો ખર્ચ કર્યો છે. હાલમાં રાજ્યમાં કુલ ૧૬૭૧ સબસ્ટેશનો તેમજ અંદાજે ૫૬,૦૦૦ સરકીટ કી.મી. ટ્રાન્સમીશન લાઇનનું સુદ્રઢ વીજપ્રવહન માળખુકાર્યરત છે.

- સાતત્યપૂર્ણ તથા ગુણવત્તાસભર વીજપ્રવહન માટે ઓપ્ટીકલ ફાઇબર ગ્રાઉન્ડ વાયર જેવી આધુનિક ટેકનોલોજી ઉપયોગમાં લેવામાં આવી છે. આ ઉપરાંત સીસ્ટમ રીનોવેશન અને મોર્ડનાઇઝેશન માટે છેલ્લા ૧૦ વર્ષમાં રૂ.૧૫૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. R-APDRP (Restructured Accelerated Power Development and Reforms Programme)યોજના અંતર્ગત હયાત વીજ માળખાને આઇ.ટી. આધારિત સીસ્ટમમાં તબદીલ કરવામાં અને વીજ માળખાના સુદ્રઢીકરણમાં પણ ગુજરાત રાજ્ય પ્રથમ રહ્યું છે.

- વીજસેવાઓ પૂરી પાડવાના ધ્યેય સાથે દરેક વીજ વિતરણ કંપનીમાં૧૦ જનસેવા કેન્દ્રો અને કન્ઝ્યુમર હેલ્પ ડેસ્કનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નવા વીજ જોડાણો મેળવવાની પ્રક્રિયા ખૂબ જ સરળ બનાવવામાં આવીછે. રાજ્યની ચાર વીજ વિતરણ કંપનીઓની વેબસાઇટ ઉપર 'કન્ઝ્યુમર પોર્ટલ'શરૂ કરવામાં આવ્યાં છે, જેમાં નવા વીજ કનેકશન માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન, એસ.એમ.એસ. સુવિધા, વીજબીલ સંબંધિત અન્ય માહિતી તથા વીજબિલના નાણાંનું ઈ–પેમેન્ટ કરવાની સુવિધા ઉપલબ્ધ છે.

- ઉજાલા કાર્યક્રમ અંતર્ગત માત્ર આઠ માસના ટૂંકા સમયમાં અંદાજે ૩ કરોડ ૬ લાખ થી પણ વધુ એલ.ઇ.ડી. બલ્બનું વિતરણ કરવામાં આવ્યું છે અને તેમાં સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ ક્રમે છે. તે ઉપરાંત રાજ્યની જનતાના લાભાર્થે બ્રાન્ડેડ અને ગુણવત્તાયુક્ત LED ટ્યુબલાઇટ અને એનર્જી એફિસિઅન્ટ પંખા બજાર ભાવ કરતાં ઘણી ઓછી કિંમતે ગ્રાહકોને ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ટ્યુબલાઇટનું વિતરણ ૩લાખ ૫૬ હજાર તથાપંખાનું વિતરણ ૧ લાખ ૫૫ હજારને પાર કરી ગયું છે.

ઉદ્યોગો

- રાજયના યુવાનોને રોજગારી ઉપલબ્ધ થાય તે માટેમારી સરકારે ઉદ્યોગોના વિકાસ માટે વિવિધ કદમ ઉઠાવ્યાં છે.

- જાન્યુઆરી, ૨૦૧૦ થી ગુજરાતની ઔદ્યોગિક વસાહતોનો વિકાસ ક્રિટીકલી પોલ્યુટેડ એરીયાના બંધનના કારણે અટક્યો હતો. મારી સરકારના અથાગ પ્રયત્નોના પરિણામે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા વટવા, નારોલ જેવી ઔદ્યોગિક વસાહતોના CEPI આંક ૫૫થી ઓછા પ્રમાણિત કરવા સાથે આ વસાહતોને ક્રિટીકલી પોલ્યુટેડ એરીયામાંથી તા.૨૫ નવેમ્બર, ૨૦૧૬ના હુકમથી મુકત કરવામાં આવી છે. હવે આવસાહતો પર્યાવરણની જાળવણી સાથે ઔદ્યોગિક વિકાસની હરણફાળ ભરી શકશે.

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭
રાજ્યપાલશ્રીનું સંબોધન

- સ્ટાર્ટ અપ–ઇનોવેશન માટે સહાયની યોજના હેઠળ નવા આઇડીયા/નવી ટેક્નોલોજી લાવનાર વ્યક્તિ(ઇનોવેટર)ને એક વર્ષ સુધી પ્રતિ માસ રૂ.૧૦,૦૦૦ નિર્વાહ ભથ્થું અને પ્રોજેક્ટ મટીરીયલના ખર્ચ માટે રૂ.૧૦ લાખ સુધીની સહાય તથા માર્કેટીંગ/પબ્લીસીટી માટે રૂ.૧૦ લાખ સુધીની સહાય આપવામાં આવે છે. વિવિધસંસ્થાઓને મેન્ટર સર્વિસ માટે રૂ.૫ લાખ પ્રતિ વર્ષ સહાય આપવામાં આવે છે.હાલમાં સદર યોજના હેઠળ કુલ પર(બાવન) ઇનોવેટીવ પ્રોજેક્ટ્સ સહાય મેળવી રહ્યા છે. સ્ટાર્ટ અપ –ઇનોવેશન ક્ષેત્રે વૈશ્વિક જ્ઞાનસંપદાનો લાભ રાજ્યને મળે તે માટે મહાત્મા મંદિર ખાતે વાઇબ્રન્ટ ગુજરાત સ્ટાર્ટ અપ સમિટનું આયોજન કરવામાં આવ્યુંહતું.

ખાણ અને ખનિજ

- પ્રધાનમંત્રી ખનિજ ક્ષેત્ર કલ્યાણ યોજના (PMKKY) હેઠળ ખાણકામ પ્રભાવિત વિસ્તારોના વિકાસ માટે મારી સરકાર દ્વારા ગુજરાત ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન રૂલ્સ–૨૦૧૬ પ્રસિધ્ધ કરવામાં આવ્યા છે અને ખનિજસભર ૩૨ જિલ્લાઓમાં ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન(DMF)ની રચના કરવામાં આવી છે. ચાલુ વર્ષે કુલ રૂ.૧૦૩ કરોડ DMFમાં જમા થયાછે.

- રાજયના ઉદ્યોગોને જરૂરી ખનીજો ઉપલબ્ધ કરાવીને તેઓની કાર્યક્ષમતામાં વધારો કરવા તથા તે થકી નાગરિકોને રોજગાર મળવા સાથે તેઓની જરૂરિયાતો સંતોષાય તે માટે ૧૧ જિલ્લાઓમાં ૪૨૧૬૬ ચો.કિ.મી. વિસ્તારમાં જિઓકેમિકલ મેપીંગ કરવામાં આવ્યું છે.

- મારી સરકાર દ્વારા માઈનીંગ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ, તાલીમ, સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓને વેગ આપવા માટે અમદાવાદના બાવળા નજીક દેવ ધોલેરા મુકામે એક આંતરરાષ્ટ્રીય કક્ષાનું Centre of Excellence I–CEM[International Centre for Excellence in Mining Safety & Automation]સંસ્થાની સ્થાપના કરવામાં આવીછે.

- લિગ્નાઇટની નવી ઉમરસર માઇન્સ ખાતે વાણિજ્યિક ધોરણે ઉત્પાદન શરૂ થતાં ૧૦,૦૦૦લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગાર મળશે. માતાના મઢ ખાતેના લિગ્નાઈટ પ્રોજેક્ટ વિસ્તારમાં લિગ્નાઈટનો વધુ ૧૫ લાખ મે.ટન જથ્થો હોવાનુ સંશોધન થયું છે. લિગ્નાઈટ વેચાણ માટે ઓનલાઈન ડીલીવરી સીસ્ટમ શરૂ કરી છે.

પ્રવાસન

- રાજયમાં ટુરિઝમને લાયક અનેક પ્રોજેક્ટો વધતા જતા હોવાથી અને મારી સરકારના પ્રવાસીઓની સગવડો અને સુવિધા વધારવાના પ્રયાસો થકી પ્રવાસીઓની સંખ્યા ૩૮૩.૧૨ લાખ થવા પામી છે,જે માટે કેન્દ્ર સરકાર દ્વારા 'પ્રવાસનના એકંદર સર્વાંગી વિકાસ માટેના શ્રેષ્ઠ રાજ્ય ''બેસ્ટ ટુરિઝમફિલ્મ'' બેસ્ટ યુસેજ ઑફ ઇન્ફોર્મેશન ટેક્નોલૉજી'તથા પ્રવાસન ક્ષેત્રે હરણફાળ વિકાસ માટેના એવોર્ડ મળ્યા છે.

- સરહદ પર અડગ રહીને સેવા બજાવતા આપણા સૈનિકોની અત્યાર સુધી નાગરિકો માટે અજાણી રોજિંદી પ્રવૃત્તિઓ અને પડકારરૂપ જીવનને જોવાના અલભ્ય અવસર સમાન'સીમાદર્શન'ની ગુજરાત પ્રવાસન અને સીમા સુરક્ષા દળના સંયુકત ઉપક્રમે શરૂઆત કરવામાં આવી છે. આ કાર્યક્રમ સરહદ પરના જવાનોના પડકાર રૂપ જીવનને નિહાળવાની તક આપવા સાથેદેશ પ્રેમની લાગણીનું સિંચન કરે છે.

- મારી સરકારના પ્રયત્નોથી રાજ્યમાં ડાયરેક્ટર જનરલ ઓફ સીવીલ એવીએશન, ભારત સરકાર દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓનું કેન્દ્ર અમદાવાદ ખાતે શરૂ કરવામાં આવ્યું છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

- ડીજીટલ ઇન્ડિયા– ડીજીટલ ગુજરાત કાર્યક્રમ અન્વયે સમગ્ર રાજ્યમાં ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેકનોલોજીનીઆંતરમાળખાકીય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે GSWAN અને સ્ટેટ ડેટા સેન્ટરને અપગ્રેડ કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યના ૬૦૦૦ ગામોનેઓપ્ટીકલ ફાઇબર ઇ–કનેક્ટીવીટી માટે કાર્યક્રમ અમલમાં મુક્યો છે, જે પૈકી ૨૦૦૦કરતાં પણ વધુ ગામોને કનેક્ટીવીટી આપવામાં આવી છે.

- રાજ્યનાં લોકોમાં વિજ્ઞાન પ્રત્યે રસ–રૂચિ વધે તે માટે સાયન્સ સીટીમાં રૂ.૩૦૦ કરોડના ખર્ચે રોબોટીક્સ અને એક્વેટીક લાઇફ સાયન્સ ગેલેરી સ્થાપવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સાયન્સ સીટીની સ્થાપનાથી અત્યાર સુધીમાં કુલ ૧ કરોડથી વધુ લોકોએ તેની મુલાકાત લીધી છે.

- સમગ્ર દેશમાં સૌ પ્રથમ વખત સાયન્સ સીટી ખાતે નોબેલ એક્ઝીબીશન યોજવામાં આવ્યું. નવ જેટલા નોબલ પારિતોષિક વિજેતા વૈજ્ઞાનિકોની ગુજરાતના આંગણે સાયન્સ સિટી ખાતે ઉપસ્થિતિ તે માત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે

ઐતિહાસિક અને વિરલ ઘડી ગણાય, જે આવનારી પેઢી માટે ભવ્ય સંભારણું બની રહેશે. આજની યુવાપેઢી વિજ્ઞાન અને ટેકનોલોજી પ્રત્યે વધુ આકર્ષાય અને તેમાંથી પ્રેરણા મેળવી વિશાળ વૈજ્ઞાનિક પ્રોજેક્ટોમાં વૈશ્વિક નેતૃત્વ પૂરૂં પાડેતે આ એક્ઝીબીશનનો હેતુ હતો.

- મારી સરકાર દ્વારા જિલ્લાઓમાં સ્થાપવામાં આવેલ લોક વિજ્ઞાન કેન્દ્રો દ્વારા યોજાયેલા વિવિધ પ્રકારના ૧૦,૦૦૦ થી વધુ વૈજ્ઞાનિક કાર્યક્રમો/પ્રવૃતિઓમાં અંદાજીત ૧૫ લાખ થી પણ વધુ લાભાર્થીઓએ ભાગ લીધો છે.

- ગુજરાતના બે વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય જુનીયર સાયન્સ ઓલમ્પિયાડ, ઇન્ડોનેશીયા અને આંતરરાષ્ટ્રીય બાયોલોજી ઓલમ્પિયાડ, બ્રાઝીલ ખાતે બે ગોલ્ડ મેડલ મેળવી રાજ્યનું ગૌરવ વધાર્યું છે.

- રાજયના ભાસ્કરાચાર્ય ઇન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ–ઇન્ફોર્મેટીક્સ (બાયસેગ) દ્વારા ગુજરાત સેટકોમ નેટવર્ક ૧૮ ચેનલો સુધી વિકસાવી તેનો દુરવર્તી તાલીમ, શિક્ષણ, વિસ્તરણ વિગેરે સબંધિત પ્રસારણ કાર્યક્રમો વિનામુલ્યે દરેક ઘર સુધી પહોંચાડવા ઉપયોગ થઇ રહ્યો છે. આ ઉપરાંત, કેન્દ્ર સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલયની ૩૨ ચેનલોનું સંચાલન બાયસેગ દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેના થકી ડીજીટલ/કેશલેસ ઇકોનોમી માટેના કાર્યક્રમો પણ પ્રસારિત કરવામાં આવી રહ્યા છે.

ન્યાય વહીવટ

- નવરચિત ગીર સોમનાથ અને અરવલ્લી જિલ્લામાં મુખ્ય જિલ્લા ન્યાયાધીશશ્રીની કોર્ટ અને સંલગ્ન કોર્ટો કાર્યરત થઈ છે. મોરબી, છોટા ઉદેપુર તથા દેવભૂમિ દ્વારકાને ન્યાયિક જિલ્લા જાહેર કરતાં જિલ્લા કોર્ટ તથા સંલગ્ન કોર્ટો કાર્યરત થઈ છે.

- આરોગ્ય અને સ્વચ્છતાની વધુ જાળવણી થાય અને તે અંગે કોઈ ફરિયાદો હોય તો તેના ઝડપી નિકાલ માટે હાલમાં વડોદરા, રાજકોટ અને જામનગર ખાતે ત્રણ મોબાઇલ કોર્ટો કાર્યરત કરવામાં આવીછે.

- રાજયના સામાજીક પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે ૧૩ ફેમીલી કોર્ટો કાર્યરત થઈ છે.

કર્મચારીગણ વ્યવસ્થાપન

- રાજયના ૬ કરોડ નાગરિકોને રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો ઝડપથી લાભ મળે અને સરકારની કામગીરી વધુ ઝડપી અને અસરકારક બને તે માટે મારી સરકાર દ્વારા છેલ્લા ૩ વર્ષમાં ૬૦,૦૦૦ કરતાં વધુ અધિકારી/કર્મચારીઓની ભરતી કરવામાં આવી છે અને આગામી મહિનાઓમાં ૫૦,૦૦૦ કરતાં વધુ અધિકારી/કર્મચારીઓની ભરતી માટે પસંદગી પ્રક્રિયા ચાલી રહી છે, જેથી રાજયના હજારો તેજસ્વી યુવક/યુવતીઓને સરકારી નોકરી પ્રાપ્ત થશે.
- ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જાહેરાત અને પરીક્ષા માટેની સૂચિત તારીખો, રૂબરૂ મુલાકાતનો સૂચિત માસ દર્શાવતો સમયબધ્ધ કાર્યક્રમ અગાઉથી જ નકકી કરી વર્તમાન પત્રોમાં અને આયોગની વેબ સાઇટ પર પ્રસિધ્ધ કરી દેવામાં આવે છે, જેથી ઉમેદવારો પરીક્ષાની તૈયારીનું ચોકસાઇપૂર્વક આયોજન કરી શકે છે.

અન્ન અને નાગરિક પુરવઠો

- રાજયના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને 'મા અન્નપૂર્ણા' યોજના દ્વારા ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા આપવામાં આવે છે, જેનો લાભ ૩૮૨ લાખ લોકોને મળવાપાત્ર છે.

- લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થાનું સંપૂર્ણ કોમ્પ્યુટરાઇઝેશન કરવાના ભાગરૂપે રાજ્યની કુલ ૧૭,૨૮૯ વાજબી ભાવની દુકાનો પૈકી ૧૬,૪૨૨ દુકાનો e-FPS તરીકે કાર્યરત થઇ છે, જેથી દુકાન પર જ બાયોમેટ્રીક્સ ઇમેજથી જથ્થો મેળવી શકે છે. સમગ્ર દેશમાં વાજબી ભાવની દુકાનોના કોમ્પ્યુટરાઇઝેશનની મહત્તમ કામગીરી ગુજરાતમાં થઇ છે, જેને કેન્દ્રિય અન્ન મંત્રીશ્રી તથા ઇન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રીશ્રીએ નવાજી છે. આ ઉપરાંત, ૧૭૨૫૦ વ્યાજબી ભાવની દુકાનો આધાર બેઇઝ્ડ પેમેન્ટ સીસ્ટમ માટે કાર્યરત કરીને ગુજરાત દેશનું પ્રથમ આવું રાજ્ય બન્યું છે.

- મારી સરકાર દ્વારા તહેવારો દરમ્યાનરીફાઇન્ડ કપાસીયા તેલનું રાહત દરે આશરે ૩૫ લાખ બીપીએલ તથા અંત્યોદય પરિવારમાં વિતરણ કરવામાં આવ્યું, જેમાં રૂ.૨૮ પ્રતિ લીટર સબસીડી રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીઓને આપવામાં આવી છે. આ ઉપરાંત, ૨૮ લાખ બીપીએલ કુંટુંબોને તથા ૮ લાખ અંત્યોદય અન્ન યોજના હેઠળના કુંટુંબોને તુવેરદાળમાં કિલોગ્રામ દીઠ રૂ.૩૫ સબસીડી રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ

- ખેલમહાકુંભ,૨૦૧૬માં ૩૦ રમતોમાં ૩૦,૬૪,૩૨૯ ખેલાડીઓએ ભાગ લીધોહતો. વિજેતા ખેલાડીઓને રૂ.૪૨ કરોડના રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા. દિવ્યાંગ ખેલાડીઓને પણ પોતાનું કૌશલ્ય બતાવવા માટેની તકમળે તે હેતુસર મારી સરકારે તેઓ માટે ખાસ ખેલ મહાકુંભ યોજવાનું શરૂ કર્યું છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## રાજ્યપાલશ્રીનું સંબોધન

- શાળા કક્ષાએથી જ રમતવીરોને વધુ સ્પર્ધાત્મક અને સફળ બનાવવાખેલમહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાંથી અંડર–૯, અંડર–૧૧ અને અંડર–૧૪ ઉંમરવાળા ૧૦,૦૦૦ જેટલા પ્રતિભાશાળી ખેલાડીઓની તાલુકા અને જિલ્લા કક્ષાએથી પસંદગી કરી નિષ્ણાંત કોચ અને રમતોના તજજ્ઞો દ્વારા કુલ ૨૦ રમતોમાં તાલીમ આપવામાં આવી રહી છે. આ ખેલાડીઓએ રાષ્ટ્રીય કક્ષાએ ૫ ગોલ્ડ,૯ સિલ્વર અને ૧૪ બ્રોન્ઝ મેડલ મેળવી શ્રેષ્ઠ દેખાવ કર્યો છે.

- સ્કૂલ ગેઈમ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા (એસ.જી.એફ.આઇ)ની સ્પર્ધાઓમાં વર્ષ ૨૦૧૫–૧૬માં કુલ ૧૯૨ મેડલ મેળવી ગુજરાત અગ્રેસર રહ્યું છે.

- નિવૃત્ત રમતવીરોને પેન્શનમાં વધારો કરીને રૂ.૩૦૦૦ કરવામાં આવ્યા છે.

વન વિકાસ

- વન વિસ્તારોમાં વસવાટ કરતા મોટા ભાગના લોકોની આજીવિકા જંગલ ઉપર આધારિત હોય છે. તેવા કુટુંબો માટે ભૂમિ સુધાર, સિંચાઈ સુવિધા, પશુ સારવાર, ગૌણ વન પેદાશ સંગ્રહ અને મૂલ્યવર્ધન, કૌશલ્યવર્ધન અને કૃષિ માટે ગુણવત્તાસભર બીજ ઉપલબ્ધિ વગેરે પ્રવૃત્તિઓ શરૂ કરી સામૂહિક કે વ્યક્તિગત આજીવિકાના સંસાધનો ઊભાં કરવામાં આવ્યાં છે. તેનાથી આવા કુંટુંબોની આર્થિક સ્થિતિમાં સુધારો થઈને જંગલ ઉપરનું ભારણ ઘટ્યું છે અને વન સંરક્ષણ માટે લોક સહકાર મેળવી શકાયો છે.

- દરિયાકાંઠે વાવાઝોડું, સુનામી વગેરે જેવી કુદરતી આફતોના સમયે સાગરકાંઠાના વિસ્તારોના રક્ષણ માટે ઉપયોગી ચેરના વૃક્ષોના વનીકરણ અને વિકાસમાં ગુજરાત રાજ્ય દેશમાં મોખરે છે. ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના છેલ્લા અહેવાલ મુજબ સમગ્ર દેશમાં ફક્ત ગુજરાતમાં ચેરના વનોમાં નોંધપાત્ર વધારો થયો છે.

- વર્ષ ૨૦૧૫–૧૬ માં ૧૧૦ વ્હેલ શાર્કના બચાવની ઉત્કૃષ્ટ કામગીરી માટે ગુજરાત રાજ્યને યુ.એન.ડી.પી. તરફથી એવોર્ડ મળ્યો છે.

આયોજન

- રાજ્ય સરકાર દ્વારા ૧૮૦૦૦ ગામોને આવરી લેતાંગ્રામ્ય વિસ્તારની વસ્તી, જમીન તેમજ આરોગ્ય, કૃષિ, શિક્ષણ, પશુપાલન, ઉદ્યોગ અને રોજગાર, પીવાનું પાણી, સેનીટેશન વગેરેને લગતી સવલતો અંગેની ૩૦૦થી વધુ ડેટા આઇટમ્સની અદ્યતનમાહિતી સાથેવિલેજ પ્રોફાઈલ તાલુકા પ્લાનીંગ એટલાસ તૈયાર કર્યો છે,જેને ચાર જેટલા રાષ્ટ્રીય કક્ષાનાએવોર્ડ એનાયત કરવામાં આવ્યાછે.

મહેસૂલી વહીવટ

- શહેરી જમીન ટોચમર્યાદાઅધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ જાહેર કરેલ અને સરકાર સંપ્રાપ્ત થયેલ જમીનો પૈકીની ચોક્કસ જમીનોનો ભોગવટો કાયદેસર કરવા બાબતનો વટહુકમ, ૨૦૧૬ તા.૧૫/૧૨/૨૦૧૬ના રોજ પ્રસિધ્ધ કર્યો છે. આવટહુકમથી રાજયના ૫ (પાંચ) શહેરી સંકુલો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત અને જામનગરની કૂલ ૩૩,૮૮,૩૭૫ ચો.મી જમીન પર રહેણાંકના મકાનોના ભોગવટાવાળી જમીન કાયદેસર થશે અને અંદાજે ૭૦,૦૦૦ કુટુંબોને આ વટહુકમથી લાભ થશે.

- ગ્રામ્ય કક્ષાએ મહેસૂલી વ્યવસ્થા મજબૂત કરવાના હેતુથી અલગ મહેસૂલી તલાટીની કેડર ઉભી કરીને ગ્રામ્ય કક્ષાના ૩૯૫૪ સેજાઓ અને શહેરી વિસ્તારોમાં ૫૪૩ સેજા એમ મળીને કુલ ૪૪૯૭ સેજાઓ મહેસુલી તલાટીની સેવાથી આવરી લેવામાં આવ્યાછે, જેથી પ્રજાલક્ષી પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવી શકાય.

- મારી સરકારે વિકાસલક્ષી યોજનાઓ માટે જમીન સંપાદનની પ્રક્રિયા ઝડપી અને સરળ બને, ખેડૂતોને સમયસર, યોગ્ય અને વાજબી વળતર મળે તે માટે જમીન સંપાદન, પુન:વસન અને પુન:સ્થાપન અધિનિયમમાં સુધારો કર્યો છે.

- સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં નોંધણી અર્થે ઈન્ટરનેટ ઉપર લોકો પોતાની અનુકૂળતાએ પોતાના દસ્તાવેજની વિગતની ડેટા એન્ટ્રી પોતાની જાતે કરી શકે, મિલકતની બજારકિંમત જાણી શકે તેવી ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

- જમીન દફતર ખાતા દ્વારા શહેરી વિસ્તારમાં અંદાજે ૨૫ લાખ પ્રોપર્ટીકાર્ડ પૈકી૨૩ લાખ પ્રોપર્ટીકાર્ડમાં ઓનલાઈન ફેરફાર નોંધો પાડવા માટેની કામગીરી પૂર્ણ કરી કોમ્પ્યુટરાઈઝ્ડ નકલો મિલકત ધારકોને આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.

- ખેડૂત લક્ષી અભિગમ કેળવીને નવી શરતની જમીનને ૧૫ વર્ષ બાદ આપમેળે ખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા અંગેના ૨૯,૭૭૯ જેટલા હુકમો કરવામાં આવ્યા છે.

- રાજ્યના શહેરી વિસ્તારોમાં ટી.પી.સ્કીમમાં આવરી લેવાયેલીખાનગી માલિકીની ખેતીની જમીનોને એક સાથે બીનખેતી કરાવી શકાય તે મુજબની પ્રજાલક્ષી વ્યવસ્થા અમલમાં મૂકીછે.

નાણાં વ્યવસ્થાપન

- રાજ્યની આવકના સૌથી મહત્વના ક્ષેત્ર એવા વાણિજ્યિક વેરા હેઠળ ઓનલાઈન વેટ રજિસ્ટ્રેશન, ૨૪×૭ ઓનલાઈન ચુકવણું, વેપારીઓની ફરિયાદની ઓનલાઇન સ્વીકૃતિ અને નિવારણ, ડિલર ડેશબોર્ડ સર્વિસ અને ચેકપોસ્ટ ફોર્મ ઓનલાઇન જનરેટ કરવાની સુવિધા છે.

નાના વેપારીઓને સરળતાથી રીફંડ ઉપલબ્ધ થાય તે માટે વાર્ષિક રૂ.૧ લાખ સુધીનું પ્રોવિઝનલ રીફંડ ૯૦% ને બદલે ૧૦૦% ફકત ૩૦ દિવસમાં ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી છે. વિવાદોના ઝડપી નિકાલ માટે અપીલ નિકાલ ઝુંબેશ હાથ ધરી ૪૪૯૭ અપીલોનો નિકાલ કરવામાં આવ્યો છે.

ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ અંગેનો બંધારણીય સુધારો અમલમાં આવ્યો છે, જેના અમલીકરણ માટે રાજ્ય સરકારે વેટ કાયદા હેઠળ રજીસ્ટ્રેશન ધરાવતા વેપારીઓ પૈકી ૮૭.૭૯ ટકાનોજરૂરી તમામ ડેટા જીએસટી નેટવર્કને આપીને માઇગ્રેટ કરવામાં આવ્યો છે. ગુડ્ઝ અને સર્વિસ ટેક્સના અમલીકરણની પૂર્વતૈયારીના ભાગરૂપે આ કામગીરી સાથે સંકળાયેલ કર્મચારી/અધિકારીઓને આ નવી કરપ્રણાલી અંગેની તાલીમ આપવાની કામગીરી સમગ્ર દેશમાં અગ્રતા ક્રમે ગુજરાતમાં પૂર્ણ કરવામાં આવી છે. રાજ્યના વાણિજ્યિક વેરા ખાતામાં સેન્ટ્રલાઇઝ્ડ આર્કિટેક્ચર થકી ખૂબ જ મજબૂત આઇ. ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસિત કર્યું છે. ગુડ્ઝ અને સર્વિસ ટેક્સનું અમલીકરણ સંપૂર્ણ રીતે કોમ્પ્યુટરાઇઝ્ડ કરવામાં આવનાર હોવાથી રાજ્યના ઈન્ફોર્મેશન ટેક્નોલોજી અંગેના માળખાને સુગ્રથિત કરવામાં આવ્યું છે. રાજ્યના વિવિધ વેપારી મંડળો તેમજ એસોસીએશનો દ્વારા જાગૃતિ માટે આયોજીત સેમીનારોમાં રાજ્ય સરકારનાઉચ્ચ અધિકારીઓ દ્વારા આ નવી કરપ્રણાલી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ નવી કર પ્રણાલીના અમલીકરણથી રાજ્યના વિકાસને ચોક્કસપણે વેગ મળશે.

વૈધાનિક કામગીરી મારી સરકાર આ સત્રમાં ગૃહની વિચારણા અર્થે નીચેનું વૈધાનિક કામકાજ લાવવા ધારે છે.

૧. ગુજરાત આદિજાતિ યુનિવર્સિટી વિધેયક, ૨૦૧૭.
૨. ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક, ૨૦૧૭.
૩. ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૭.
૪. ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક, ૨૦૧૭.
૫. ગુજરાત શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા)અને તેની ફાળવણી કરવા બાબત વિધેયક, ૨૦૧૭.
૬. ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક,૨૦૧૭.
૭. ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક, ૨૦૧૭.
૮. સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર,વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન)(ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૭.
૯. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૭.
૧૦. ગુજરાત આધાર (ટાર્ગેટેડ ડીલીવરી ઓફ ફાઇનાન્સિઅલ એન્ડ અધર સબસિડિઝ, બેનિફિટ્સ એન્ડ સર્વીસીઝ) વિધેયક, ૨૦૧૭
૧૧. ગુજરાત મેરીટાઇમ બોર્ડ (સુધારા) વિધેયક,૨૦૧૭
૧૨. ગુજરાત આદિજાતિ વિકાસ નિગમ (સુધારા) વિધેયક,૨૦૧૭
૧૩. ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી વિધેયક,૨૦૧૭

ગુજરાત, કે જેનું ધ્યેય સર્વતોમુખી વિકાસ થકી સૌનું કલ્યાણ કરવાનું છે, જેનું લક્ષ્ય સુશાસનથી સુરાજ્ય સ્થાપવાનું છે, સલામતિ,સમૃધ્ધિ અને પ્રગતિ જેની નીતિ રહી છે, પારદર્શક પ્રશાસન જેની કાર્યપ્રણાલી રહી છે, સવાસો કરોડ ભારતવાસીઓની સેવા જેના સંસ્કાર રહ્યા છે, યુવાનોની અપૂર્વ શક્તિમાં જેને અડગ શ્રધ્ધા છે, જનશક્તિનો સહયોગ જેની ધરોહર રહી છે,સર્વસમાવેશક વિકાસ જેનો માર્ગ રહ્યો છે, તે રાજ્યના રાજ્યપાલ તરીકે તેરમી ગુજરાત વિધાનસભાના સૌ સન્માનીય સભ્યશ્રીઓને આ સત્રના પ્રારંભે સંબોધતાં હું આનંદની લાગણી અનુભવું છું.માનવીય સંવેદનાથી ધબકતી આર્થિક

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## શોકદર્શક ઉલ્લેખો

પ્રગતિ અને માનવ શકિતના વિકાસનેવરેલી મારી સરકાર સામાન્ય માનવીની સર્વાંગી સુખાકારી, પાયાની જરૂરિયાતોની પૂર્તિ અને રાજયની વિકાસ યાત્રામાં તમામ નાગરિકોની ભાગીદારીના કલ્યાણ ધ્યેય સાથે સતત કાર્યરત છે. વિશાળજનસમુદાયના હિતને હંમેશાં અગ્રતા આપી કરવામાં આવતી કામગીરી થકી રાજયના વિકાસનીસામાન્ય પ્રજાજનને અનુભૂતિ થઇ છે.' નિરપેક્ષ નેતૃત્વ, નિરંતર વિકાસ 'ની નવતર પરિભાષા ગુજરાતમાં અંકિત થઇ છે. સરકાર તેઓની પડખે છે એવો અહેસાસ પ્રજાને થાય તેવું દાયિત્વ મારી સરકારે નિભાવ્યું છે. આઝાદીની ચળવળમાંઅગ્ર ભાગ બજવનાર ગુજરાત રાષ્ટ્રને વિશ્વ ફલક પર સન્માનનીય સ્થાન અપાવવામાં પણ અગ્ર ભાગ ભજવશે એવો મને વિશ્વાસ છે. એકે એક ગુજરાતી વિશ્વમાં ગુજરાતી હોવાનું ગૌરવ લઇ શકે અને ગુજરાત વિશે સ્વાભિમાન ધરાવી શકે તેવા ગુજરાતનું નિર્માણ કરવાની જવાબદારી જનતાએ આપ સૌને સોંપી છે. આપ સૌ આપના જાહેર જીવનના અનુભવો અને પ્રજાજીવનની અપેક્ષાઓ નજર સમક્ષ રાખી દિવ્ય ગુજરાત – ભવ્ય ગુજરાતના જનપ્રતિનિધિ તરીકે આપનું શ્રેષ્ઠ યોગદાન આપશો તેવી અભિલાષા રાખું છું.માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ આપેલ વિકાસમંત્ર 'સૌનો સાથ સૌનો વિકાસ'નેઆધાર બનાવીને આપણે સૌ સદૈવ ગુજરાતના વિકાસ માટે પ્રયત્નશીલ રહીએ અને છ કરોડ ગુજરાતીઓના સમૃદ્ધિ અને કલ્યાણ પ્રત્યે કટિબદ્ધ રહીએ તેવી શુભકામના પાઠવું છું.

જય જય ગરવી ગુજરાત

જય હિંદ

(માનનીય રાજયપાલશ્રીના સંબોધન બાદ ૧૫ મિનિટ પછી સભાગૃહની બેઠક મળી.) (બપોરના ૧૨–૨૧)

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

(સભાગૃહની બેઠકની શરૂઆત 'વંદે માતરમ્' સંગીતની ધૂન વગાડીને કરવામાં આવી.)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ રાજયપાલશ્રીના સંબોધનની નકલ

સચિવશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, આજે બપોરના ૧૨–૦૦ વાગ્યે માનનીય રાજયપાલશ્રીએ બંધારણની કલમ ૧૭૬(૧) અન્વયે ગુજરાત વિધાનસભાને સંબોધન કર્યું હતું. માનનીય રાજયપાલશ્રીએ કરેલ સંબોધનની પ્રમાણિત નકલ મને મળી છે જે સભાગૃહના મેજ ઉપર મૂકવાની હું રજા લઉં છું.

રાજયપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ (રજૂઆત)

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજયપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડે જે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો છે તેને હું અનુમોદન આપું છું.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શોકદર્શક ઉલ્લેખો

તામિલનાડુ રાજયના મુખ્યમંત્રી કુ. જે. જયલલિતાના અવસાન અંગે

શ્રી વિજયકુમાર ર.રૂપાણી ( સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહને જણાવતા મને દુઃખ થાય છે કે, તામિલનાડુના મુખ્યમંત્રી કુ.જે.જયલલિતાનું તારીખ ૫ મી ડિસેમ્બર, ૨૦૧૬ના રોજ ચેન્નાઇ ખાતે ૬૮ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થ કુ. જયલલિતાનો જન્મ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૪૮ના રોજ ભૂતપૂર્વ મૈસુર અને હાલ કર્ણાટક રાજ્યના માંડ્યા જિલ્લાના મેલુકોટે મુકામે થયો હતો. તેમણે પોતાનું પ્રારંભિક શિક્ષણ બેંગ્લોર તથા ચેન્નાઇ ખાતે લીધું હતું. તેઓશ્રી શાળાના દિવસોમાં ખૂબ તેજસ્વી વિદ્યાર્થિની હતા અને તેમને સર્વશ્રેષ્ઠ વિદ્યાર્થિનીનો પુરસ્કાર મળ્યો હતો. દસમા ધોરણની પરીક્ષામાં તામિલનાડુ રાજ્યમાં તેમણે બીજું સ્થાન મેળવ્યું હતું.

સ્વર્ગસ્થ કુ.જયલલિતાએ ફિલ્મોમાં અભિનયની કારકિર્દી ૧૯૬૧માં અંગ્રેજી ફિલ્મ 'એપીસ્ટલ' થી શરૂ કરેલ હતી. તેમજ ૧૯૬૮માં એક માત્ર હિન્દી ફિલ્મ 'ઈજ્જત' માં પણ અભિનય આપ્યો હતો. ૧૯૬૫ થી ૧૯૮૦ના સમયગાળા દરમિયાન તેમણે ઘણી તમિલ ફિલ્મોમાં અભિનેત્રી તરીકે કામ કર્યું હતું. તેઓશ્રી તમિલ ફિલ્મના એક શ્રેષ્ઠ અભિનેત્રી હતા.

સ્વર્ગસ્થ કુ. જયલલિતાએ સ્વ.શ્રી રામચંદ્રનના અનુગામી તરીકે '' ઓલ ઇન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્રમ કઝગમ'' પક્ષની દોર સંભાળી પાંચ વખત તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે રહી પ્રજાની અવિસ્મરણીય સેવાઓ કરી હતી. મુખ્યમંત્રી તરીકેના સમયગાળા દરમિયાન તેમણે '' ક્રેડલ બેબી સ્કીમ'' ના માધ્યમથી અનાથ અને નિરાધાર બાળકોની સેવા કરી હતી. અમ્મા તરીકે લોકપ્રિય થયેલા સ્વર્ગસ્થ કુ.જયલલિતાએ 'અમ્મા કેન્ટીન', 'અમ્મા રસોઇ', 'અમ્મા મીનરલ વોટર', 'અમ્મા

સિમેન્ટ' જેવી યોજનાઓ અંતર્ગત સસ્તા દરે જરૂરિયાતમંદોને અનાજ, પાણી, કપડાં અને અન્ય જરૂરી સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવી હતી. તેઓશ્રીએ પુરાચી થૈલવી એટલે કે ક્રાંતિકારી નેતાનું બિરૂદ મેળવ્યું હતું.

તેઓશ્રીના અવસાનથી તામિલનાડુ રાજ્યને એક ઉચ્ચ કક્ષાના વિચક્ષણ, પ્રતિભાશાળા, નબળા વર્ગના ઉદ્ધારક, ઉત્તમ કલાકાર, ગરીબોના બેલી, લોકોના લાડકવાયા પ્રિય નેતાની ખોટ પડી છે તથા સમગ્ર રાષ્ટ્રને એક ઉમદા સમાજ સેવકની ખોટ પડી છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ગાભાજી મંગાજી ઠાકોરના અવસાન અંગે

શ્રી વિજયકુમાર ર.રૂપાણી ( સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ગાભાજી મંગાજી ઠાકોરનું તારીખ ર જી જાન્યુઆરી, ર૦૧૭ના રોજ ૮૩ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે.

સ્વર્ગસ્થશ્રી ઠાકોરનો જન્મ ૧૫મી જૂન, ૧૯૩૩ ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી ઠાકોરે મેટ્રિક સુધીનો અભ્યાસ કરેલ હતો. તેઓશ્રી ખેતી તથા સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી ઠાકોર પાંચમી, સાતમી તથા દશમી ગુજરાત વિધાનસભામાં દહેગામ મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે સમાજના હિત માટે તત્પર રહેતા હતા. તેઓશ્રીએ નવમી તથા દશમી લોકસભામાં કપડવંજ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરેલ હતું.

સ્વર્ગસ્થશ્રી ઠાકોરે ૧૯૯૮ થી ર૦૦૧ ના સમયગાળા દરમિયાન ગુજરાત સરકારમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ અને જેલ વિભાગના મંત્રી તરીકે રહીને અમૂલ્ય સેવાઓ આપેલ હતી.

આજે એમનો અહીં શોકદર્શક ઉલ્લેખ છે ત્યારે કટોકટીનો કાળો કાયદો આ દેશમાં લાગુ પડ્યો હતો ત્યારે હું અને ગાભાજી ભુજની જેલમાં ડિટેઇન તરીકે સાથે હતા અને તે સમયે લોકશાહીને બચાવવા માટે એમણે જે સંઘર્ષ કરેલો એ ખૂબ મર્યાદામાં રહીને કરેલો. જેલમાં તેમના અંદર પડેલી શક્તિઓ મેં જોઇ છે. ખાસ કરીને તેમનું વાંચન બહુ હતું. અલગ અલગ વિષય ઉપર તેમનું પ્રભુત્વ હતું એ મને નજીકથી એમની સાથે રહીને જોવાનો અવસર મળ્યો હતો. સ્વ.ગાભાજી રાજકારણી હતા પણ એક સમાજ સેવક તરીકે નાના નાના માણસોનું એમણે ખૂબ જ કામ કર્યું છે.

તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક સંનિષ્ઠ અને સેવાભાવી સમાજસેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી ભોળાભાઇ ચતુરભાઇ પટેલના અવસાન અંગે

શ્રી વિજયકુમાર ર.રૂપાણી ( સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુઃખ થાય છે કે, ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી ભોળાભાઇ ચતુરભાઇ પટેલનું તારીખ ૧૪ મી નવેમ્બર, ર૦૧૬ના રોજ ૮૬ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રીનો જન્મ વિજાપુર તાલુકાના કેલીસણા ગામે થયો હતો. તેઓશ્રીએ બી.એસ.સી., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો અને ખેતી તેમજ સમાજ સેવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ હતા. સ્વર્ગસ્થશ્રી પટેલે સાતમી તથા આઠમી ગુજરાત વિધાનસભામાં વિસનગર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જનપ્રતિનિધિ તરીકે પ્રજાહિતના કામો કર્યા હતા.

સ્વર્ગસ્થશ્રી પટેલે તા.ર૪-૪-૧૯૯૪ થી તા.૧૩-૩-૧૯૯૫ના સમયગાળા દરમિયાન ગુજરાત સરકારમાં પંચાયતો અને સહકાર વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી હતી.

તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક ઉત્તમ શિક્ષણપ્રેમી અને સંનિષ્ઠ સમાજ સેવક ગુમાવ્યા છે.

પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

પૂર્વ સભ્યશ્રી શિરીષકુમાર મધુસુદન શુકલના અવસાન અંગે

શ્રી વિજયકુમાર ર.રૂપાણી ( સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી શિરીષકુમાર મધુસુદન શુકલનું ર૩મી ઓગસ્ટ, ર૦૧૬ના રોજ ૬૭ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી શિરીષભાઇ શુકલનો જન્મ ૧૬મી જૂન, ૧૯૪૯ના રોજ આણંદ જીલ્લાના ખંભાત મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી શિરીષભાઇ શુકલએ બી.એસ.સી., એલ.એલ.બી સુધીનો અભ્યાસ કરેલ હતો અને સમાજસેવાના ઘણા કાર્યો કર્યા હતા. સ્વર્ગસ્થશ્રી શિરીષભાઇ શુકલએ દશમી, અગિયારમી તથા બારમી ગુજરાત વિધાનસભામાં ખંભાત મતવિસ્તારમાંથી ચુંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી. સ્વર્ગસ્થ શિરીષભાઇ પણ અમારી સાથે ઇમરજન્સીમાં, મીસામાં ભાવનગર જેલમાં હતા. તેઓશ્રી પણ ખૂબ દેશભકત અને લડવૈયા હતા. લોકશાહી માટે એમનું પણ યોગદાન અમૂલ્ય હતું એ આજની તકે યાદ કરુ છું. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક સંનિષ્ઠ તથા સેવાભાવી સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## શોકદર્શક ઉલ્લેખો

### પૂર્વ સભ્યશ્રી લક્ષ્મણભાઇ ભીમાભાઇ આગઠના અવસાન અંગે

શ્રી વિજયકુમાર ર.રૂપાણી ( સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી લક્ષ્મણભાઇ ભીમાભાઇ આગઠનું ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ ૭૫ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી આગઠનો જન્મ ૧૫મી જુલાઇ, ૧૯૪૧ના રોજ તે સમયના જુનાગઢ જીલ્લાના રાણાવાવ તાલુકાના થોયાણા મુકામે થયો હતો. સ્વર્ગસ્થશ્રી આગઠે મેટ્રીક સુધીનો અભ્યાસ કરેલ હતો અને કોન્ટ્રાકટરના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. સ્વર્ગસ્થશ્રી આગઠે સાતમી ગુજરાત વિધાનસભામાં પોરબંદર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જાગૃત ધારાસભ્ય તરીકે લોકોના પ્રશ્નોને વાચા આપી હતી. તેઓશ્રીના અવસાનથી રાજયએ એક ઉમદા સમાજ સેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિરોધપક્ષના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીએ સભાગૃહમાં જે શોકદર્શક પ્રસ્તાવ મૂકયો છે એમાં હું મારું સમર્થન આપુ છું. જેના સાથે કામ કરવાનો મોકો મળ્યો હોય, સાથે બેસવા ઉઠવાનું થયું હોય એ આપણા વચ્ચે ન રહે એટલે સ્વાભાવિક દુઃખ, વસવસો, લાગણી હોય. તામિલનાડુના પૂર્વમુખ્યમંત્રી કુમારી જયલલિતા રાજયસભામાં મારી સાથે ડેપ્યુટી સ્પીકર બેસે એની બાજુમાં બેસતા અને બહુ ફલુઅન્ટલી ભાષણ, અંગ્રેજી, હિન્દી, તમિલ, કન્નડ એકદમ પ્રવાહ જતો હોય એવું આધિપત્ય પોતાના ભાષણમાં very good monitor જેને કહેવાય એવા કુ. જયલલિતા, એમ.જી. રામચંદ્રન જયારે ડી.એમ.કે. માંથી અલગ થઇને એ.ડી.એમ.કે. બનાવ્યું ત્યારે પોલીટીકલ સેક્રેટરીની પોસ્ટ આપીને એમને દિલ્હી રાજયસભામાં મોકલેલા. રાજયસભામાં મને પણ એમની સાથે રહેવાનો, એમને સાંભળવાનો, એમની સાથે વાતચીત કરવાનો પ્રસંગ બનેલો. તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા એ એમ.જી. રામચંદ્રનનું અવસાન થયું. સ્વાભાવિક છે કે એક સારા એકટ્રેસ હતા, એમ.જી.આર.ના બહુ નજીક હતા. પરંતુ એમના પત્નીને એમણે સી.એમ.નું, અન્ના ડી.એમ.કે. પદ આપવાનું નકકી કર્યુ અને એક જાતનો જાકારો કહી શકાય જાહેર જીવનમાં અને એ તામિલનાડુની પ્રજાએ પછી એમાંથી બોધપાઠ લઇને બહુ સારી એવી બહુમતિથી એમને સી.એમ. બનાવ્યા. સી એમ. બન્યા પછી જે યોજનાઓ પ્રો-પીપલ, પ્રો-પુઅર, પ્રો-વીમેન એ જે યોજનાઓ છે એનો અભ્યાસ કરીને ગુજરાત સરકાર હજી પણ થોડોક વિચાર કરે તો તામિલનાડુની ઘણી સારી લોકો માટેની યોજનાઓ છે એનું અનુકરણ કરી શકાય. હું માનુ છું ત્યાં સુધી મધ્યાહન ભોજન યોજનાની શરૂઆત પણ તામિલનાડુમાં થઇ હતી અને માધવસિંહભાઇએ ગુજરાતમાં અમલ કરવાની શરૂઆત કરી હતી. આવા રાજયના એક અતિ લોકપ્રિય મુખ્યમંત્રી કહી શકાય એવા કુ. જયલલિતા આપણી વચ્ચે નથી રહ્યા એ બહુ દુઃખદ છે. જે રીતે એમનું મૃત્યુ થયું એના ઉપર શંકાના વાદળો ઘેરાયા છે. સત્ય બહાર આવે કે ન આવે પણ તેઓ હવે આપણી વચ્ચે નથી રહ્યા અને એમનો પરિવાર પણ એમની સાથે નથી. આપના માધ્યમથી ત્યાંની સરકારને દુઃખની લાગણી વ્યક્ત કરીએ અને એમના આત્માને પ્રભુ મોક્ષ આપે એવી પ્રાર્થના.

એ જ રીતે ગાભાજી મંગાજી ઠાકોર, બહુ સામાન્ય પરિવારમાં અસારવામાં સામાન્ય ચાલીમાં રહે. આર્યસમાજી પરિવાર અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એકાદ વખતે એમને જનસંઘ તરફથી ઉમેદવાર બનાવવા જોઇએ એવું વિચારીને એ વખતે ગાભાજીભાઇને પકડેલા અને ૧૯૭૨માં કોંગ્રેસની બહુમતિ હતી અને ઘનશ્યામભાઇ ઓઝા દિલ્હીમાં મંત્રી હતા અને ઘનશ્યામભાઇને અહીં મુખ્યમંત્રી તરીકે મૂક્યા અને કોઇપણ મુખ્યમંત્રી હોય એમણે છ મહિનામાં આ હાઉસના સભ્ય બનવું જોઇએ એના આધારે સીટ પસંદ કરવાની હતી એટલે એમણે દેહગામ પસંદ કર્યું અને એ પછી એ વખતે જનસંઘની હાલત બધાને ખબર હશે, એમાં ગાભાજીભાઇએ કહ્યું કે હું દેહગામનો છું, એમને ખબર નહીં કે ક્યાંના છે પણ પછી એમને દેહગામના વતની તરીકે ઉમેદવાર બનાવ્યા હતા અને આખા દેહગામ તાલુકામાં ઘનશ્યામભાઇ નસીબદાર કે ૫ હજારનો સામાન્ય માર્જીન હતો અને એ પણ સ્વભાવિક છે કે મુખ્યમંત્રી હોય એટલે રહે. ગાભાજીભાઇ જનસંઘ વખતના હતા. જનસંઘમાંથી ભા.જ.પ. અને એમાં એમને ફાવ્યું નહીં હોય એટલે વળી કોંગ્રેસ અને વળી કોંગ્રેસમાં ફાવ્યું નહીં હોય એટલે વળી ભા.જ.પ. એમ કરતાં કરતાં એક સારા કાર્યકર્તા, પ્રજા સાથે જોડાયેલા એવા ગાભાજીભાઇ આપણી વચ્ચે નથી એટલે સ્વભાવિક દુઃખ હોય. એમના પરિવાર સાથે, એમના પત્ની, બાળકો, એમના બાપુજી મંગાજી બધા સાથે સંબંધ હતો. એમના આત્માને પરમાત્મા શાંતિ આપે.

એવી જ રીતે ભોળાભાઇ ચતુરભાઇ પટેલ, વિસનગર અને વિજાપુર વચ્ચે ઓછું અંતર હતું. ભોળાભાઇ સામાન્ય પરિવારમાંથી આવે પણ એસ.કે. પટેલ બહુ મોટા ક્રાંતિકારી પટેલ આગેવાન અને સામ્યવાદી વિચાર વાળા અને એક સહકારી મંડળી એમણે સ્થાપેલી અને એ મંડળી આખા દેશમાં કરોડો રૂપિયાના ટેન્ડરો ભરે. લેબર કો-ઓપરેટીવ શ્રમિકોની સોસાયટી હતી. એ એસ.કે. પટેલના ધ્યાનમાં એમની દીકરી શાંતાબેન કે જેઓ આ ગૃહના સભ્ય રહી ચૂક્યા છે. આક્રમક મહિલા, એ ઉભા હોય તો શોભે અને લોકોને લાગે કે શાંતાબેન છે એટલે સામનો ન કરી શકે એવા શાંતાબેન માટે ભોળાભાઇને એમના સસરા એસ.કે. પટેલે ભણતર ધ્યાનમાં રાખીને પસંદ કરેલા એટલે ભોળાભાઇ પોતાના ગામથી વિસનગર સ્થાયી થયેલા અને છેલ્લે છેલ્લે સાંકળચંદ પટેલ યુનિવર્સિટી બનાવેલી અને એમાં સક્રિય હતા અને કો-ઓપરેટીવમાં પણ એમણે નામના પ્રાપ્ત કરેલી. શાંતાબેન ઉપરાંત એમના પતિ અને એસ.કે. પટેલના જમાઇ તરીકે વિસનગરની પ્રજાની સારી સેવા ભોળાભાઇ પટેલે કરેલી. એમના આત્માને પ્રભુ શાંતિ આપે એવી પ્રાર્થના.

શોકદર્શક ઉલ્લેખો

એવી જ રીતે લક્ષ્મણભાઇ આગઠ, બધા ચીલે ચીલે ચાલે તો ઘણું છે પણ જનસંઘમાં બહુ ઓછા લોકો હતા ત્યારે લક્ષ્મણભાઇના પત્નીના હાથના રોટલા ઘણી વખત ખાધેલા છે. એમના પત્ની આજે હયાત છે કે નહીં એ ખબર નથી, હોય તો યાદ કરજો. કારણ કે બહુ વખતથી મળવાનું બન્યું નથી. લક્ષ્મણભાઇ પણ બહુ સારી રીતે, પોરબંદરમાં કોઇ હાથ ન મૂકવા દે, મેર કોમ્યુનિટી, માર્સલ કોમ્યુનિટી કોઇને પેસવા ન દે એવા વખતે જનસંઘના માધ્યમથી પોતાનું જાહેરજીવન શરૂ કર્યુ. પછી સેટ થયા ન થયા અને કોંગ્રેસના ધારાસભ્ય બન્યા અને તમાકુ ખાવાની ટેવ પણ હતી. ગાભાજી, નલિનભાઇ ભટ્ટ આ બધાને તમાકુ ખાવાની ટેવ હતી. એમને છેલ્લે કેન્સરનો પ્રોબ્લેમ થયો હતો અને આજે આપણી વચ્ચે નથી. એમના આત્માને શાંતિ મળે અને આપના મારફત એમના કુટુંબને સંદેશો પહોંચશે તો આભાર માનીશ.

શ્રી શિરીષકુમાર શુક્લ ઘણા સમયથી ફુલ ટાઇમર હતા. સમય આપીને કામ કરે એવા માણસ. શરૂઆતથી જાડો માણસ, હરીફરી શકે પણ વેલ ક્વોલિફાઇડ અને બ્રાહ્મણ હોવા છતાં ખંભાત જેવા શહેરમાંથી ભા.જ.પના નામે ધારાસભ્ય બન્યા. નિરાભિમાની, સારા કાર્યકર્તા અને કોઇ ભેદભાવ સિવાય બધા સાથે સારો વ્યવહાર કરે એવા શ્રી શિરીષભાઇ શુક્લ આપણી વચ્ચે નથી રહ્યા. નાની ઉમર હોય અને આપણી વચ્ચે ન હોય એના માટે સ્વભાવિક દુઃખ થાય. કેટલાકમાં આપણા સચિવાલયે જૈફ વય એવું લખ્યું છે. જૈફ શબ્દ એ ૬૭ વર્ષે ના કહેવાય, ૭૫ વર્ષે પણ ના કહેવાય. જયલલિતા પણ જૈફ ના કહેવાય. આટલા વર્ષ થયા એવો ઉલ્લેખ કરાય. જૈફ શબ્દ ના વપરાય. એ રીતે આ બહુ નાની ઉમરના આપણા બધા ગુજરી ગયા એમાં નાની વયના ૬૭ વર્ષની વયે એ આપણી વચ્ચે નથી રહ્યા. એમના પરિવારને અમારા બધાના અને આપના માધ્યમથી દિલસોજી વ્યક્ત કરીને એમના આત્માને પ્રભુ મોક્ષ આપે અને અમારી પાર્ટી તરફથી અને અમારા તરફથી અને આપના માધ્યમ થકી આ શોકદર્શક ઉલ્લેખના સમાચાર જાય અને શોક દર્શક ઉલ્લેખને હું સમર્થન આપું છું.

શ્રીમતી કામિનીબા ભુ. રાઠોડ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને એમાં અમારા નેતાશ્રી બાપુએ દિલસોજીનો સંદેશો પાઠવ્યો છે તેમાં હું મારો સંદેશો પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા દુ:ખ થાય છે કે ગુજરાતના પૂર્વ મંત્રીશ્રી ભાગાજી મંગાજી ઠાકોરનું તારીખ ૨જી જાન્યુઆરી ૨૦૧૭ ના રોજ ૮૩ વર્ષની વયે દુ:ખદ અવસાન થયેલું. તે ખૂબ ઉમદા સમાજ સેવક હતા. લોકો સાથે પારિવારીક સંબંધ રાખતા અને નાના નાના પ્રસંગમાં હાજરી આપતા. એમની કામગીરી ખૂબ ઉમદા હતી. શ્રી ગાભાજી ઠાકોરનો જન્મ ૧૫મી જાન્યુઆરી ૧૯૩૩ ના રોજ અમદાવાદ મુકામે થયો હતો. તેઓએ મટ્રિક સુધીનો અભ્યાસ કરેલ. તેઓશ્રી ખેતી તથા સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળયેલા હતા. તેઓશ્રી પાંચમી, સાતમી તથા દસમી ગુજરાત વિધાનસભામાં દહેગામ મતવિસ્તારમાંથી ચૂંટાયેલ હતા. એક જાગૃત ધારાસભ્ય તરીકે સમાજના હિત માટે તત્પર રહેતા હતા. તેઓશ્રી ૯મી તથા ૧૦મી લોકસભામાં કપડવંજ મતવિસ્તારમાંથી પોતાનું પ્રતિનિધિત્વ કરેલ. સ્વ.શ્રી ઠાકોર ૧૯૯૮ થી ૨૦૦૧ ના સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારમાં સામાજિક, શૈક્ષણિક રીતે પછાતવર્ગોના કલ્યાણ અને જેલ વિભાગના મંત્રી તરીકે અમૂલ્ય સેવાઓ આપેલી. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક સંનિષ્ઠ અને સેવાભાવી સમાજસેવક ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઠરાવો લઇને આવ્યા છે તેમાં હું મારો સૂર પુરાવું છું. લક્ષ્મણભાઇ આગઠ અમારા વિસ્તારના લડાયક આગેવાન હતા અને માનનીય શંકરસિંહભાઇએ જે રીતે કહ્યું એ રીતે એ જ્યારે પોરબંદર વિસ્તારની અંદર જનસંઘના કાર્યકરને જ્યાં જવાની પણ ગ્રામ્ય વિસ્તારમાં મુશ્કેલી હતી તેવા સમયે દીવડો લઇને ગામે ગામ જતા અને પાર્ટીનો સારી રીતે પ્રચાર કરતા. એ આજીવન લોકસેવક હતા. ગમે તેવી પરિસ્થિતિમાં પણ એની કામ કરવાની શક્તિ હતી. પોતે કોંગ્રેસમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા ત્યારે હંમેશા પ્રજાલક્ષી ચિંતા કરતા અને એના પછી પણ એ પ્રજા હિતને ધ્યાનમાં રાખીને સતત સક્રિય રહેતા હતા. મારા જીવનના મારે રાજનીતિક રીતે જ્યારે જ્યારે મદદની જરૂર પડી ત્યારે દરેક વખતે મને આદરણીયશ્રી લક્ષ્મણભાઇ મદદ કરતા રહેતા એવા ઉમદા વ્યક્તિ જ્યારે આજે નથી ત્યારે રાજ્યને અને પોરબંદરને એક લડાયક વ્યક્તિની ખોટ પડી છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે અને આપના માધ્યમથી તેમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે એમાં મારો સૂર પુરાવું છું.

મહેસાણા જિલ્લાના વિસનગરના ધારાસભ્ય રહી ચૂકેલા અને પૂર્વમંત્રી પણ રહી ચૂકેલા એવા શ્રી ભોળાભાઇ પટેલનું દુ:ખદ અવસાન થયેલું છે એમને આપણે બધા શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ અને માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું એ પ્રમાણે ભોળાભાઇ એક ગરીબ ખેડૂત પરિવારના ઉચ્ચ શિક્ષિત એ વખતના ગ્રેચ્યુએટ હતા. વકીલ પણ હતા અને એમના અભ્યાસને ધ્યાનમાં રાખીને સાંકળચંદભાઇ પટેલ જે ઉત્તર ગુજરાતના એક કિસાન અને શ્રમિક નેતા કહેવાય અને જેમણે સ્થાપેલી મજૂર મંડળી એટલે મોટા મોટા કોન્ટ્રાક્ટરોને પણ પાછળ રાખી ટેન્ડરમાં જે કામ મેળવતા હતા. હું માનું છું ત્યાં સુધી ધરોઇ ડેમ પણ એમના તરફથી એમની મંડળીએ બાંધેલો એવા મોટા કામ કરતા હતા એ મંડળીમાં ભોળાભાઇનો ખૂબ સહયોગ હતો. આ મંડળીની જે વિશેષતા હતી કે જે નફો થાય કોન્ટ્રાક્ટના કામમાંથી એનો દાન તરીકે ઉપયોગ કરવો અને એ દાનનો ઉપયોગ આજે વિસનગરમાં અનેક શૈક્ષણિક સંસ્થાઓમાં આપણને દેખાય છે. જેનો લાભ અત્યાર સુધીમાં હજારો વિદ્યાર્થીઓ લઇ ચૂક્યા છે એવી નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કે જે અમારી કડીની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સાથે સંકળાયેલી

સંસ્થા, એમાં પણ ભોળાભાઇ પ્રમુખશ્રી હતા. ત્યારબાદ એમણે એન્જિનિયરીંગ કોલેજની સ્થાપના કરી અને જેને આપણી સરકારમાં, આપણા બધાના હસ્તે સાકળચંદ પટેલ યુનિવર્સિટી તરીકેનું આપણે ગૌરવ આપ્યું એ સાકળચંદ પટેલ યુનિવર્સિટીના પણ તેઓ સ્થાપક હતા અને સહકારી પ્રવૃત્તિના પણ અનેક રીતે અગ્રણી હતા એવા ભોળાભાઇ, અમારી કડીની સર્વ વિદ્યાલય, મહેસાણા જિલ્લાની તમામ કેળવણીની સંસ્થાઓ અને ઉંઝા ઉમિયા માતા સંસ્થાન સાથે પણ સંકળાયેલા હતા. એમને હું શ્રદ્ધાંજલિ આપું છું અને આપના દ્વારા એમના પરિવારને શોક સંદેશો મોકલી આપવામાં આવે એવી પ્રાર્થના કરું છું.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, જે પાંચ શોક ઠરાવ લઇને માનનીય મુખ્યમંત્રીશ્રી આવ્યા છે એને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

આ પાંચ જણામાંથી સ્વ.શ્રી ગાભાજી ઠાકોર મારા રાજકીય ગુરુ અને મારા પાડોશી હતા. એમની સાથે મારે પારિવારિક સંબંધો હતા. એમને ત્રણ દીકરા અને એક દીકરી, એમાંથી બે દીકરા એડવોકેટ, એક શ્રી અંબાલાલ ઠાકોર જે મારી સાથે વકીલાત કરતા હતા અને બીજો દીકરો શ્રી રમણભાઇ જે મારા જુનિયર તરીકે કામ કરતો હતો. એમના બે પૌત્ર, બંને પણ એડવોકેટ છે, એમની પૌત્રવધુ એ ડોકટર છે. સ્વ.શ્રી ગાભાજી એક એવા વ્યક્તિ હતા જે સરપંચ, કાઉન્સિલર, ધારાસભ્ય, એમ.પી. અને મિનિસ્ટર તરીકે પણ રહેલા. કટોકટીકાળની હમણાં આપણા મુખ્યમંત્રીશ્રીએ વાત કરી ત્યારે ગાભાજી અને અમે કોલેજમાં ભણતા હતા. ગાભાજી અને અમે બધા લોકો જેલમાં હતા ત્યારે આપણા સ્કૂલ બોર્ડના જે અત્યારે ચેરમેન છે શ્રી પંકજભાઇ ચૌહાણ એમના ફાધર પણ જેલમાં હતા, હું એ ટાઇમે શંકરસિંહજી, નાથાકાકા, દત્તાજી અને ગાભાજી એ બધા સાથે કામ કરતા હતા ત્યારે નાથાકાકા જુદા જુદા પહેરવેશમાં અમારી પાસે આવે અને એક લિસ્ટ આપી જતા રહેતા અને કહેતા કે, આ લોકો પાસેથી આટલા-આટલા રૂપિયા લાવજો અને આપણા લોકો કટોકટીમાં જેલમાં હતા એમના ઘરે મોકલવાનું કામ અમે કરતા હતા કોલેજ ટાઇમમાં. એમણે આખી જિંદગી ચાલીમાં રહીને વિતાવી છે. હું માનું છું કે, આ રીતની જિંદગી બહુ ઓછા લોકોએ વિતાવી છે અને એમણે જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે. તેઓ બહુ ચિવટીથી કામ કરતા હતા. તેઓ જમીન વિકાસ બેન્કમાં પણ ડિરેક્ટર તરીકે હતા એટલે એમના જીવનમાંથી ઘણો બધો બોધપાઠ આપણે લેવાનો હોય. ઘણી વખત અમારા પ્રદિપસિંહજી કહેતા હોય છે કે, ચમનપુરાનું પાણી કેવું છે? અમારા ચમનપુરામાંથી બે સંસદસભ્યો શ્રી ગાભાજી અને શ્રી અહેસાન જાફરી અને સાત કોર્પોરેટર, હાલમાં પણ સુમન રાજપૂત નામના એક બહેન કોર્પોરેટર છે, ચુનીલાલ પ્રજાપતિ, હું, કિસનસિંહ અને બાબુસિંહ તોમર જે એમની સાથે જનસંઘની પેનલમાં કોર્પોરેશનની ચૂંટણી લડેલા, સાથે સાથે કામિનીબહેને જે વાત કરી એમના સસરાની સામે એ ચૂંટણી હારી ગયેલા, ત્યારે અમે છેક સુપ્રિમ કોર્ટ સુધી લડેલા એમની સામે એટલે એવા વ્યક્તિ જે હંમેશા સંઘર્ષમાં રહેતા હતા, એમને હું મારી શ્રદ્ધાંજલિ આપું છું અને વિરમું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને મારા પક્ષના નેતાશ્રીએ જેને અનુમોદન આપ્યું છે તે પૈકીના કેટલાક સ્વર્ગસ્થ માનનીય સભ્યશ્રીઓ સાથે આ વિધાનસભામાં કામ કરવાનો મને મોકો મળ્યો છે.

સ્વર્ગસ્થ શ્રી ભોળાભાઇ, આ વિધાનસભા ગૃહમાં એમની સાથે એક સભ્ય તરીકે ઉપરાંત મંત્રીમંડળમાં પણ સાથે કામ કરવાનો મોકો મળ્યો છે. હંમેશા સામાન્ય માણસોના અને ખાસ કરીને ખેડૂતોના પ્રશ્નો માટે ચિંતિત, કેબિનેટમાં પણ કે અન્ય જગ્યાએ કોઇ વાત હોય તો એમાં હંમેશા આગ્રહ એ ખેડૂતોના પ્રશ્નો માટે, સહકારી ક્ષેત્રોમાં સ્વાયતતા કેમ વધે એના માટેની ચિંતા અને ખાસ કરીને ઉત્તર ગુજરાતની ચિંતાની હંમેશા એ વાત કર્યા કરતા હતા. એમના જવાથી એક સારા લોકપ્રહરી ગુમાવ્યા છે, હું એમને શોકાંજલિ અર્પણ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, લક્ષ્મણભાઇ આગઠ પોરબંદર જિલ્લાનું પ્રતિનિધિત્વ, સામાન્ય જનની ચિંતા, એક સમય માણસ પોતે જવાબદારી હોય અને કામ કરે એમ નહીં, પરંતુ જે વિસ્તારે મને એક વખત પણ પ્રતિનિધિત્વ કરવાની તક આપી એ વિસ્તારનો હું કાયમી ઋણી છું. મને યાદ છે વિસ્તારના નાના નાના પ્રશ્નો લઇને વિધાનસભા ગૃહ ચાલુ થાય એટલે આવવાનું, એક સમય હતો જયારે અમે વિરોધ પક્ષમાં બેસતા ત્યારે પણ આવવાનું, સત્તાધારી પક્ષમાં અમે બેસતા હતા ત્યારે પણ આવવાનું અને ચાલુ સત્ર દરમિયાન વ્યક્તિગત સ્વાર્થ નહીં પરંતુ સામૂહિક બાબતો રજૂ કરવાની. એક સમય એવો પણ હતો કે ચંદ્રિકાબેન ચુડાસમા અમારા સાથી સભ્ય હતા. જયારે અમે માત્ર ૩૨ જણા ચૂંટાયેલા હતા. એ વિધાનસભા ગૃહના સભ્ય નહોતા પરંતુ સત્ર શરૂ થાય કે તરત જ લક્ષ્મણભાઇ આગઠ આટલા મુદ્દાઓ લઇને આજે સભ્યો સાથે વાત કરવા માગે છે. આવે અને બધાને મુદ્દાઓ આપે. કેન્સરનું એડવાન્સ સ્ટેજ સામાન્ય રીતે જયારે માણસને ખબર પડે ત્યારે ભલે એક દિવસ બધાને જવાનું છે પરંતુ એ ખબર પડે તો માનસિક રીતે માણસ પડી ભાંગે છે. મને ખબર પડી, હું એમની ખબર પૂછવા માટે ગયો. પરંતુ આપણે એમને શું આશ્વાસન આપીએ, એ આપણને કહે કે કંઇ વાંધો નહીં આપણને ખબર તો પડી ગઇ કે હવે આપણી પાસે મર્યાદિત દિવસો છે. જે મોટા ઓપરેશન પછી બોલવાની, વાત કરવાની, જમવાની તકલીફ વચ્ચે પણ એ લક્ષ્મણભાઇનો પ્રભાવ હંમેશા માટે હતો. અન્ય જે શોકદર્શક ઉલ્લેખો અહીં થયા છે એમાં હું મારો સૂર પુરાવું છું. કદાચ કયારેક આવી બાબતો જોઇએ ત્યારે એમ લાગે કે આઝાદી પછી આ દેશમાં અથવા સંસદીય પ્રણાલિકાઓ જેમણે બનાવી છે એમણે કેટલી ઉત્તમ વ્યવસ્થા આપી છે કે ગૃહમાં પૂર્વ સભ્યશ્રીઓને આપણે યાદ કરીને શોકાંજલિ આપીએ છીએ. શોકાંજલિ તો એમને હોય જ પરંતુ મને લાગે છે કે આ સંસદીય પ્રણાલિકા એટલા માટે છે, એવું કહેવાય છે કે કોઇ વસ્તુ પરમેનન્ટ નથી, કોઇ વસ્તુ સ્થાયી નથી, માત્ર એક વસ્તુ પરમેનન્ટ છે ચેઇન્જ ઇઝ ધ ઓન્લી પરમેનન્ટ ફીલોનીના. બદલાવ એ એક જ કાયમી છે એ સિવાયનું

## શોકદર્શક ઉલ્લેખો

દુનિયામાં કંઇ જ  કાયમી નથી. આપણે અહીંયા આજે બેઠા હોઇએ તો આપણને પણ એ વાતનો અહેસાસ રહે કે એક દિવસ આપણો પણ શોકદર્શક ઉલ્લેખ આ જ ગૃહમાં થવાનો છે. આપણે કાયમી નથી. આપણે અહંકાર છોડીને સરળતાથી કામ કરી શકીએ, કદાચ એટલા માટે જ આ સંસદીય પ્રણાલિકાની પરંપરા છે અને એ જીવંત પ્રણાલિકા અનુસાર સર્વે સદગત માનનીય સભ્યશ્રીઓને, સદગત માનનીય મુખ્યમંત્રીશ્રી તામિલનાડુને મારા વતી શોકાંજલિ આપીને વિરમુ છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રી જે શોકદર્શક ઠરાવો લઇને આવ્યા છે તેમાં મારો સૂર પુરાવવા અને એમને શ્રદ્ધાંજલિ આપવા હું ઉભો થયો છું. ભોળાભાઇ પટેલ એક એવું વ્યક્તિત્વ હતું અને એ વ્યક્તિત્વ એવા મૂળમાંથી ઉપસ્યુ હતું. સાંકળચંદ પટેલ સહકારી આગેવાન અને લગભગ ઉત્તર ગુજરાત નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં સહકારી આંદોલનના પ્રણેતા,  સામાજિક હોય, શૈક્ષણિક હોય કે પછી રાજકીય હોય તમામ બાબતો જાણે એક પાઠશાળામાંથી લઇને નીકળ્યા હોય એમ લગભગ કોઇપણ ક્ષેત્ર બાકી નહીં. તાલુકા પંચાયતના સભ્ય, જિલ્લા પંચાયતના સભ્ય, સહકારી સંસ્થાઓમાં એ.પી.એમ.સી. હોય, નાગરિક બેંક હોય, મોડલેમ હોય કે બીજી કોઇ સહકારી સંસ્થાઓ ઉભી કરવામાં, એને ટકાવવામાં, એને વિકસાવવામાં જે એમણે વિસનગરમાં ફાળો આપ્યો છે, કદાચ ગુજરાતની અંદર ભોળાભાઇ પટેલ એવું વ્યક્તિત્વ હતું, નામ હતું આજે એમણે નૂતન સર્વ વિદ્યાલય, નૂતન કેળવણી મંડળમાં કોલેજોની શરૂઆત અને છેવટે એ મૃત્યુ પમ્યા એ પહેલા સાંકળચંદ પટેલ યુનિવર્સિટી આપણી જ સરકાર, આનંદીબેન પટેલની સરકાર વખતે એને યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો  અને એ જીવતા હતા ત્યારે અને એમનું મૃત્યુ થયું  ત્યારે એક સંતોષ સાથે એ વિદાય થયા. વિસ્તારની ખૂબ જ ચિંતા કરવાવાળા, વિસ્તારની સાથેસાથે લોકોની ચિંતા કરવાવાળા અને દરેક ક્ષેત્રની અંદર એમણે જે યોગદાન આપ્યું છે, વિસનગર અને મહેસાણા જિલ્લો સદાય એમને યાદ રાખશે. મારી વિનંતી છે કે સદગતના આત્માને શાંતિ મળે અને એમના પરિવારજનોને સાંત્વના મળે એ માટે આપ તરફથી શોકદર્શક ઠરાવ અને એમને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના નેતા માનનીય મુખ્યમંત્રીશ્રી જે શોક દર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે, તેમાં હું મારો સૂર પુરાવું છું. શિરીષભાઇ શુકલ કે જેઓએ ખંભાત વિધાનસભા વિસ્તારમાં ૩ વખત પ્રતિનિધિત્વ કર્યુ હતું. એમનો જન્મ ૧૬મી જૂન, ૧૯૪૯ ના રોજ થયો હતો. આર.એસ.એસ.ના સ્વયંસેવક તરીકે તેમણે કામગીરીની શરૂઆત કરેલ.  ત્યારપછી ૧૯૭૦ થી ૧૯૭૫ સુધી જનસંઘના સંગઠન મંત્રી તરીકે કામ કર્યુ અને ૧૯૭૨ થી સતત ૨૫ વર્ષ સુધી ખંભાત નગરપાલિકાના સભ્ય તરીકે તેઓ ચૂંટાયા હતા અને વિવિધ કમિટીના ચેરમેન, નગરપાલિકના ઉપપ્રમુખ, નગરપાલિકાના પ્રમુખ તરીકે તેમણે ખૂબ સારી રીતે જવાબદારી નીભાવી હતી.  તેઓશ્રીએ ૧૯૭૫ માં કટોકટી વખતે ૧૮ મહિના સુધી જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૯૮ માં બૃહદ ખેડા જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ તરીકે જવાબદારી નીભાવી હતી. ૧૯૯૮, ૨૦૦૨ અને ૨૦૦૭ એમ ૩ વખત ખંભાત વિધાનસભામાંથી ચૂંટાયા હતા. એમના વિષે અગત્યની બાબત એ હતી કે ૪૫ વર્ષની રાજકીય કારકીર્દિમાં એક પણ ચૂંટણી તેઓ હાર્યા નહોતા. જેટલા ઇલેક્શન લડ્યા હતા તે બધા ઇલેકશનમાં તેઓ જીત્યા હતા.  ખંભાતમાં વિકાસનાં ખૂબ કામો એમાં મીઠા પાણીનું કામ હોય, ગેસ પાઇપલાઇનનું કામ હોય કે ખૂબ વર્ષો જૂના પ્રશ્નો ઉકેલવાનું કામ તેમના દ્વારા કરવામાં આવ્યું હતું. તેઓશ્રીના આત્માની શાંતિ માટે આપણે બધા પ્રાર્થના કરીએ અને આપના માધ્યમથી તેમને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગૃહના નેતા જે શોકપ્રસ્તાવ લઇને આવ્યા છે અને વિરોધપક્ષના નેતાશ્રીએ સમર્થન આપ્યું છે તેમાં હું મારો સુર પુરાવું છું.  માનનીય ભોળાભાઇ વિષે મારા વિચારો રજૂ કરું છું.  મને કહેતા દુઃખ થાય છે કે ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ભોળાભાઇ ચતુરભાઇ પટેલનું તા. ૧૪મી નવેમ્બર, ૨૦૧૬ ના રોજ ૮૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થશ્રી પટેલનો જન્મ ૨૭મી જાન્યુઆરી ૧૯૩૦ ના રોજ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના કેલીસણા ગામે થયો હતો.  તેઓશ્રીએ બી.એસ.સી. એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કરેલ હતો.  ખેતી, શિક્ષણ અને સમાજસેવાની પવૃત્તિ સાથે સંકળાયેલા હતા.  મેં તેમની સાથે કામગીરી કરેલ છે.  તેઓશ્રી ખૂબ જ ઉમદા, પ્રેમાળ સ્વભાવના વ્યક્તિ હતા.  તેમના નિધનથી પાટીદાર સમાજને મોટું નુકસાન પડેલ છે. તે ખોટ  પાટીદાર સમાજ માટે કયારેય પૂરી કરી શકાય તેમ નથી.  સ્વર્ગસ્થશ્રી પટેલ ૭મી તથા ૮મી ગુજરાત વિધાનસભા વિસનગર મત વિસ્તારમાંથી ચૂંટાઇ આવી જનપ્રતિનિધિ તરીકે પ્રજાહિતનાં કામ કર્યાં હતાં.  તેમના જીવનકાળમાં સારામાં સારું કામ તેમણે વિસનગર એ.પી.એમ.સી. માર્કેટનો જબરજસ્ત વિકાસ કરેલ.  શિક્ષણનો પણ મોટો વિકાસ કરેલ. તેઓશ્રી તા. ૧૪–૪–૧૯૯૪ થી ૧૩–૯–૧૯૯૫ ના સમયગાળા દરમ્યાન ગુજરાત સરકારમાં પંચાયતો, સહકાર વિભાગના રાજ્યકક્ષાના મંત્રી તરીકે ખૂબ સારી સેવાઓ આપી હતી.  તેઓશ્રીના અવસાનથી રાજ્યે એક ઉત્તમ શિક્ષક, સંનિષ્ઠ સમાજસેવક ગુમાવ્યા છે.  આજે જે શોક ઠરાવ ગૃહના નેતાશ્રી અને વિરોધપક્ષના નેતાશ્રી લઇને આવ્યા છે, તે તમામ સ્વર્ગસ્થ નેતાઓના આત્માને પ્રભુ સાંત્વના અને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ. આપશ્રી મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી :  આ ગૃહના નેતા અને આદરણીય મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખો લઇને આવ્યા છે અને આદરણીય વિરોધપક્ષના નેતાશ્રી તથા અન્ય સભ્યશ્રીઓએ તેમાં જે સૂર પુરાવ્યો છે તેમાં હું પણ મારો સૂર પુરાવું છું. ભારતવર્ષના ઇતિહાસમાં એક જાજરમાન મુખ્યમંત્રીશ્રી તરીકે જેમના નામે સતત બીજી વખતે મુખ્યમંત્રી બનવાનો રેકર્ડ પ્રસ્થાપિત કર્યો છે તેવા કુમારી જયલલિતા કે જેઓ અમ્માના હુલામણા નામથી ઓળખાતા. તેમણે અનેક લોકભોગ્ય યોજનાઓ અમલમાં મૂકી છે.

શોકદર્શક ઉલ્લેખો

આપણે બધા સૌ તેમને શોકાંજલિ અર્પીએ છીએ. સાથે સાથે સ્વ.ગાભાજી ઠાકોર કે જેમની સાથે મંત્રીમંડળમાં નજીકથી કામ કરવાનો મોકો મળ્યો છે. આદરણીય સ્વ.ભોળાભાઇ પટેલ સાથે સહકારી આગેવાન તરીકે અને સહકાર મંત્રી તરીકે તેમની સાથે કામ કરવાનો મોકો મળ્યો. શ્રમ અને રોજગાર મંત્રી તરીકે મજૂર મંડળીઓ સાથે જોડાયેલા હોવાના કારણે તેમની સાથે નજીકથી કામ કરવાનો મોકો મળ્યો. આદરણીય સ્વ.શ્રી લક્ષ્મણભાઇ આગઠ સાથે માનનીય ઇબ્રાહીમભાઇ સુપેડીવાલાની પેટા ચૂંટણી હતી તે વખતે તેમની સાથે કામ કરવાનો મોકો મને મળ્યો હતો. આ જ ગૃહના આપણા બધાના સાથીદાર એવા આદરણીય શિરીષભાઇ શુકલ કે જેઓ સાચ અર્થમાં લોકસેવક હતા. આ બધાના જીવનમાં તેમણે સારી રીતે કામ કર્યુ છે. તેમના સારા ગુણો લઇને તેમના આચાર અને વિચાર પ્રસ્થાપિત કરવાનું આપણે કામ કરીએ તેવી પ્રાર્થના સાથે આ બધા લોકોને હું મારા વતીથી અને આપ સૌ સભ્યો વતીથી શોકાંજલિ પાઠવું છું અને આપ સર્વેને વિનંતી કરું છું કે પોતાના સ્થાન પર ઉભા રહી આપણે મૌન પાળીએ.

(બે મિનિટ મૌન બાદ )

અધ્યક્ષશ્રી : ઓમ શાંતિ શાંતિ. માનનીય સભ્યશ્રીઓ પોતાનું સ્થાન લેશે. સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનોને વિધાનસભા તરફથી મોકલી આપવામાં આવશે. નેકસ્ટ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સન ૨૦૧૬નો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (રાજયકક્ષાના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ૨૦૧૬નો વટહુકમ...

અધ્યક્ષશ્રી : એક મિનિટ માનનીય મંત્રીશ્રી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મને રાજભવનના સેક્રેટરીએટમાંથી અમે જે મેમોરેન્ડમ આપેલું તેની જે એકનલોજમેન્ટ છે તે આપના ધ્યાન પર મૂકવા માગુ છું. Memorandum handing over to the Honorable Governorshri. I am desired to acknowledge the receipt of the memorandum regarding Nalia Sex Scandal. which has been handed over to the Hon'ble Governorshri on 17th February, 2017 by the Hon'ble Leader of the Opposition, Gujarat Legislative Assembly and others on the above mentioned subject.

In this connection, it is stated that the concern of the Hon'ble Governorshri has been conveyed to the State Government in the Home Department and the Government has been asked to take appropriate action at its level. માનનીય અધ્યક્ષશ્રી મેમોરેન્ડમમાં મુદ્દો જે હતો કે કચ્છ નલીયામાં મેગા સેકસ સ્કેન્ડલ છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરોધપક્ષના નેતાશ્રી આપ પહેલાં પણ માનનીય રાજયપાલશ્રીને કહી ચૂકયા છો. પ્લીઝ આપણી આ પરંપરાઓ આપણા નિયમોમાં નથી અને જયારે જરૂરિયાત ઉભી થાય ત્યારે હું તમને બોલવા દઇશ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, પરંપરાનો સવાલ નથી. સરકાર તરફથી એટલું એશ્યોરન્સ મળે કે સીટીંગ હાઇકોર્ટ જજની ઇન્કવાયરી અમે આપીએ છીએ.

અધ્યક્ષશ્રી : મેં કહ્યું તેમ આ ચર્ચાને હાલ પૂરતો અવકાશ નથી. આપણા નિયમો પણ નથી અને આ અંગેની નિયમ-૧૧૬ની નોટીસની પણ બજવણી થઇ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, ગવર્નર સાહેબને અમે એટલા માટે પાછળથી વિનંતી કરી હતી. એટલે આપના માધ્યમથી સરકારને વિનંતી છે કે સરકાર સીટીંગ હાઇકોર્ટ જજની ઇન્કવાયરીની જાહેરાત કરે. બીજી કોઇ અમારી અપેક્ષા નથી.

અધ્યક્ષશ્રી : ઓલરેડી નિયમ ૧૧૬ની નોટીસની બજવણી થઇ ગઇ છે. અત્યારે તેના વિશેની ચર્ચાને કોઇ અવકાશ નથી.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, દરેકમાં બધી નોટીસ ન હોય.

અધ્યક્ષશ્રી : અત્યારે તેની ચર્ચાને અવકાશ નથી બાપુ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મહત્ત્વના પ્રશ્નો હોય છે તેમાં દરેકમાં નોટીસ ન હોય.

અધ્યક્ષશ્રી : તેના સમયે આપ જરૂર કહેજો. આપને એલાઉ કરીશ. અત્યારે તેના માટેનો યોગ્ય સમય નથી. નહીં પ્લીઝ. અત્યારે એના માટેનો યોગ્ય સમય નથી, હશે ત્યારે પૂરતી તક આપવામાં આવશે. તમને પૂરતી તક આપીશું. (આ તબક્કે વિરોધપક્ષના સભ્યશ્રીઓએ બેનરો પ્રદર્શિત કરી સૂત્રોચ્ચાર શરૂ કર્યા)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે મુદો ૧૧૬ના રૂપમાં આપે દાખલ કર્યો છે અને એ વખતે ચર્ચામાં આવશે ત્યારે સરકારનું સ્ટેન્ડ હશે એ માનનીય ગૃહ મંત્રીશ્રી વ્યકત કરશે. એના માટે આપણે સમય આપ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ બહાના હેઠળ ગૃહને ડિસ્ટર્બ કરવું હોય એવું લાગે છે.

ફાલ્ગુન ૧, ૧૯૩૮ શાકે

શોકદર્શક ઉલ્લેખો

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ સારી રીતે ચાલે, અમે સહયોગ આપીએ, તહોમતદાર તહોમતદાર હોય છે એના માટેની તટસ્થ તપાસ થાય, હાઇકોર્ટ મોનિટરીંગ કરે એમાં તકલીફ શું છે?

અધ્યક્ષશ્રી : માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીની લાગણી અને માગણીનો હું સ્વીકાર કરું છું. મેં પહેલા પણ કહ્યું એ પ્રમાણે ૧૧૬ની નોટીસને મેં ઓલરેડી એલાઉ કરી છે, રાજય સરકાર જે તે વખતે એનો જવાબ આપશે અત્યારે એના માટેના આપણા નિયમો નથી, યોગ્ય સમય પણ નથી આપ બધા સારી રીતે જાણો છો એટલા માટે એનો જયારે સમય આવશે ત્યારે તમને પૂરતી તક આપવામાં આવશે આપ જે પણ કહેવું હશે એ કહી શકશો અને એટલા માટે મેં એમને હા પાડી હતી. માનનીય મંત્રીશ્રી નેકસ્ટ.

(સતત સૂત્રોચ્ચાર ચાલુ રહ્યા)

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ તથા નિવેદન

શ્રી શંકરભાઇ લ.ચૌધરી (રા.ક.ના શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૩ સન ૨૦૧૬નો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ તથા નિવેદન

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા ( રા.ક. પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૪ સન ૨૦૧૬નો ગુજરાત પંચાયત (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ તથા નિવેદન

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( રા.ક. ના શહેરી વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૫ સન ૨૦૧૬નો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૬ ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) વટહુકમ તથા નિવેદન

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૬ સન ૨૦૧૬નો ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ તથા નિવેદન

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રા.ક.ના નશાબંધી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૭ સન ૨૦૧૬નો ગુજરાત નશાબંધી (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને મંત્રીઓના ભથ્થાને લગતા કાયદા (સુધારા)વટહુકમ તથા નિવેદન

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રા.ક.ના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નો વટહુકમ ક્રમાંક-૮ સન ૨૦૧૬નો ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વટહુકમ તથા આ વટહુકમ બહાર પાડવા અંગેના સંજોગો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વટહુકમ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલાં અનુમતિ મળેલા વિધેયકો

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું તેરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૪ અને રાજ્યપાલશ્રીની અનમતિ મળી છે તેવું સન

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## શોકદર્શક ઉલ્લેખો

૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૨૭ તથા નવમા સત્રમાં પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૬ના વિધેયક ક્રમાંક–૩૧, ૩૨ અને ૩૩ વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

અનુમતિ મળેલા વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

(વિરોધપક્ષના સભ્યશ્રીઓએ વેલમાં ધસી આવી બેનરો પ્રદર્શિત કરી સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા)

અધ્યક્ષશ્રી : હું સભાગૃહને અરધી કલાક એટલે કે ૩૦ મિનિટ માટે મુલતવી રાખું છું. (બપોરના ૧–૧૧)

મુલતવી રહેલું સભાગૃહ બપોરના ૧–૪૧ વાગ્યે ફરી મળ્યું.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

## કામકાજ સલાહકાર સમિતિનો અહેવાલ

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો તેરમો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક શુક્રવાર, તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સાંજના ૫–૦૦ વાગ્યે સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે મળી હતી. સમિતિએ નીચે મુજબની ભલામણો કરી છે.

૧. સોમવાર, તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સરકારી વિધેયકો પૈકી સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૧, ૨, ૩ અને ૫ ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

૨. બુધવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સરકારી વિધેયકો પૈકી સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૬ અને ૪ ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

૩. ગુરુવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સરકારી વિધેયકો પૈકી સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૭, ૮ અને ૯ ક્રમાનુસાર વિચારણા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

૪. મંગળવાર તા. ૭મી માર્ચ, ૨૦૧૭ના રોજ બે બેઠકના બદલે એક બેઠક રાખવી, બુધવાર, તા. ૮મી માર્ચ, ૨૦૧૭ના રોજ સભાગૃહની બેઠકનો સમય સવારના ૮–૩૦ કલાકનો રાખવો તથા બુધવાર તારીખ ૧૫મી માર્ચ, ૨૦૧૭ના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી.

વધુમાં તારીખ ૭–૩–૨૦૧૭ થી તારીખ ૧૫–૩–૨૦૧૭ દરમિયાન સભાઓની તારીખવાર યાદીમાં દર્શાવેલ કામકાજમાં નીચે મુજબનો ફેરફાર કરીને કામકાજ હાથ ધરવું.

| | |
|---|---|
| મંગળવાર, તારીખ ૭મી માર્ચ, | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ) |
| બુધવાર, તારીખ ૮મી માર્ચ, | અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ) |
| ગુરૂવાર, તારીખ ૯મી માર્ચ, | (૧) માંગણીઓ પર ચર્ચા અને મતદાન ( પહેલો દિવસ) |
| | (૨) બિન–સરકારી વિધેયકો |
| શુક્રવાર, તારીખ ૧૦મી માર્ચ, | માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ) |
| શનિવાર, તારીખ ૧૧મી માર્ચ, | રજા |
| રવિવાર, તારીખ ૧૨મી માર્ચ, | રજા |
| સોમવાર, તારીખ ૧૩મી માર્ચ, | જાહેર રજા (ધૂળેટી) |
| મંગળવાર, તારીખ ૧૪મી માર્ચ, | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ) |
| બુધવાર, તારીખ ૧૫મી માર્ચ, | પહેલી બેઠક |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) |
| | બીજી બેઠક |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ) |

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

## અંદાજ સમિતિના દસમા અહેવાલની રજૂઆત

ડો. નીમાબેન ભા. આચાર્ય (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો દસમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

( વિરોધપક્ષના સભ્યશ્રીઓ તરફથી સતત સૂત્રોચ્ચાર ચાલુ )

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

## વટહુકમ નામંજૂર કરતા પ્રસ્તાવ અને સરકારી વિધેયકો

## સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક–૧

ફાલ્ગુન ૧, ૧૯૩૮ શાકે

## ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાં (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંકઃ૧–સન ૨૦૧૭નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા(સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંકઃ૧ –સન ૨૦૧૭ના ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાઓના પગાર અને ભથ્થાંઓને લગતાં કાયદા સુધારા વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા અધ્યક્ષ, ઉપાધ્યક્ષ તથા રાજયના મંત્રીઓ માટે સન–૧૯૬૦માં ગુજરાત રાજયની રચના થતાં જ પગાર ભથ્થાંના સંદર્ભને લગતા કાયદા બનાવવામાં આવ્યા હતા.

(વિરોધપક્ષના સભ્યશ્રીઓએ સતત બેનર પ્રદર્શિત કરી અને સૂત્રોચ્ચાર ચાલુ રાખ્યા)

અધ્યક્ષશ્રી : જેટલા પણ માનનીય ધારાસભ્યશ્રીઓ પોતાની સીટ પાસે ઉભાં છે તેઓ પોતાનું સ્થાન લે, પ્લીઝ, પ્લેકાર્ડ બતાવવાનું આપણે બંધ કરીએ. તમો બધાજ નિયમો જાણો છો આપણે આવુ પ્રદર્શન કરી શકતાં નથી, દેખાવો કરી શકતા નથી, પ્લેકાર્ડ બતાવી શકતાં નથી આપણે સંસદીય પ્રણાલિકાની જયારે વાત કરતાં હોઇએ ત્યારે આ ગૃહ સરળતાથી ચાલે તેમાં આપ સૌ મદદ કરો એવી આપને વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વિરોધપક્ષના નેતાના પગાર ભથ્થાં માટે પણ ૧૯૭૯ની અંદર કાયદો બનાવવામાં આવ્યો અને આ તમામ મહાનુભાવોને રાજયની સરકારની હોસ્પિટલોમાં વિના મૂલ્યે તબીબી સારવાર મળી રહે તે જોગવાઇથી ઉપલબ્ધ કાયદાઓ બનાવવામાં આવ્યા હતા. માનનીય અધ્યક્ષશ્રી ગુજરાતમાં એક્ટ – ૬, ૧૯૭૦ના વિધાનસભ્યોના ઉપરાંત તેમના કુટુંબીજનોને સારવારનો લાભ મળે તેવો સુધારો કરવામાં આવ્યો હતો. ૨૯/૧૯૮૬ અને ૬/૧૯૯૨થી વધુ સુધારા કરીને સભ્યોને તેમના કુટુંબીજનોને સરકારી હૉસ્પિટલ, મ્યુનિસિપલ હૉસ્પિટલની અંદર સારવાર મળે. ત્યાં એ રોગની સારવાર ઉપલબ્ધ ન હોય ત્યાં...(વિરોધપક્ષના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : સૌ ધારાસભ્ય મિત્રોને વિનંતી છે કે પોતાનું સ્થાન લઇ લે. આપણે રાજ્યપાલશ્રીના પત્રો બતાવતા હોઇએ ત્યારે રાજ્યપાલશ્રીની ગરિમા પણ જાળવીએ. શક્તિ પ્રદર્શન બંધ કરીએ. બેનરો બતાવવાનું બંધ કરીએ. મારી આપ સૌને વિનંતી છે. આ સભાગૃહની બેઠક ૧૫ મિનીટ માટે મોકૂફ રાખવામાં આવે છે.

(આ તબક્કે સભાગૃહની બેઠક ૧૫ મિનીટ માટે મોકૂફ રાખવામાં આવી.)

મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૨–૦૬ કલાકે ફરી મળ્યું.

<u>અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને</u>

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે હું જે વિધેયક લઇને આવ્યો છું. એ વિધેયકના સંદર્ભમાં ગુજરાતમાં માનનીય મંત્રીશ્રીઓ, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઉપાધ્યક્ષશ્રી, દંડકશ્રી, નાયબ દંડકશ્રીના સંદર્ભમાં જુદા–જુદા કાયદાઓ અસ્તિત્વમાં હતા અને આ જુદા–જુદા અસ્તિત્વમાં રહેલ કાયદાઓની અંદર જુદી–જુદી વિસંગતતાઓ હતી. આ વિધેયકમાં ભૂતપૂર્વ ધારાસભ્યશ્રીઓના સંદર્ભમાં પણ રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય અંગેનો એક ઠરાવ બહાર પાડીને એમને પણ સારવાર ઉપલબ્ધ કરાવવા માટેનો પ્રયાસ કર્યો હતો. ત્યારે રાજ્ય સરકારે આ સમગ્રતયા જુદા–જુદા કાયદાઓનો અભ્યાસ કરીને આ કાયદાઓના આધાર ઉપર એ લોકોને મળતી તબીબી સેવાઓના સંદર્ભમાં જુદી–જુદી વિસંગતતા રદ કરીને એકસમાન ધોરણો ઊભા થાય તે માટે ......(અંતરાય) (વિરોધ પક્ષના સભ્યો દ્વારા સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : સૌ ધારાસભ્યશ્રીઓને હું આ ત્રીજી વખત વિનંતી કરું છું કે, આપ બધા પોતાનું સ્થાન ગ્રહણ કરો. આપની વાત કહેવાની આપને પૂરતી તક મળશે. (સતત અંતરાય) સાર્જન્ટને આદેશ આપવામાં આવે છે કે, વેલમાં આવેલ તમામ ધારાસભ્યશ્રીઓને સન્માનપૂર્વક બહાર લઇ જાય અને એમને આજ સાંજ સુધી કાર્યવાહીમાંથી સસ્પેન્ડ કરવામાં આવે છે.

(આ તબક્કે સાર્જન્ટ દ્વારા સસ્પેન્ડ થયેલા વિરોધપક્ષના સભ્યશ્રીઓને સભાગૃહની બહાર લઇ જવામાં આવ્યા.)

---

• વિધેયક તા.૯મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## પોઇન્ટ ઓફ ઓર્ડર

### પોઇન્ટ ઓફ ઓર્ડર

### વિરોધપક્ષના સભ્યશ્રીઓ દ્વારા પ્રદર્શન કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કરું છું. આજે આ સભાગૃહની અંદર વિપક્ષ દ્વારા કાળા કપડાં પહેરીને જે પ્રદર્શન કરવામાં આવ્યું છે. એના સંદર્ભમાં મેં મારો પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે. માનનીય અધ્યક્ષશ્રીના જુદા જુદા નિર્ણયો અને ૨૦૦૮ થી ૨૦૧૨ની અંદર, એ નિર્ણયોના પુસ્તક ક્રમાંક– ૫ના નિર્ણય ક્રમાંક– ૫ની અંદર માનનીય અધ્યક્ષશ્રીએ ભૂતકાળની અંદર આ પ્રમાણેના સભાગૃહની અંદર ઉભા થયેલા દ્રશ્યો અને એ દ્રશ્યોના સંદર્ભમાં માનનીય અધ્યક્ષશ્રી દ્વારા આપણને સૌને માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય રાજયપાલશ્રી બંધારણીય વડા તરીકે જયારે સન્માનનીય સભાગૃહની અંદર સરકારની વાત લઇને આ સભાગૃહની અંદર પ્રવચન કરવા માટે આવી રહ્યા હતા તેવા સમયે કાળા કપડાં પહેરીને આ સભાગૃહની અંદર એમણે સૂત્રોચ્ચાર કરીને જે દ્રશ્યોનું સર્જન કર્યું એ સાચા અર્થમાં શરમજનક બાબતનું નિર્માણ આજે સન્માનનીય સભાગૃહની અંદર કર્યું છે. માનનીય અધ્યક્ષશ્રી આપના દ્વારા તટસ્થતાના માધ્યમથી આપે એમને પૂરી તક આપી. માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વખત આપના દ્વારા ૩૦ મિનિટ સભામોકૂફ રાખવામાં આવી, ત્યાર બાદ બીજી વખત ૧૫ મિનિટ માટે સભાગૃહ મોકૂફ રાખવામાં આવી. આપના સતત વિપક્ષને મદદ કરવા માટેના પ્રયાસ છતાં પણ વિપક્ષે આ સભાગૃહની અંદર ગુજરાતના પ્રશ્નો રજૂ કરવાના બદલે માનનીય અધ્યક્ષશ્રી દુઃખ થાય છે, આ લોકશાહીનું મંદિર છે અને આ લોકશાહીના મંદિરની અંદર સભાગૃહના સભ્યશ્રીઓએ કેવી રીતે વર્તવું એ કોલ અને શકધરની અંદર આપણે પ્રેકટીસ અને પ્રોસીજર્સની અંદર સામે પક્ષે કેટલાય સંસદીય પ્રણાલિકાના જ્ઞાતાઓ બેઠેલા છે છતાં પણ જે પ્રકારનું બેહૂદુ વર્તન કર્યું. માનનીય અધ્યક્ષશ્રી, વિરામ સમય દરમિયાન કેટલાય ધારાસભ્યશ્રીઓ મને મળ્યા, એ ધારાસભ્યશ્રીઓએ પોતાની વ્યથા કહી. એમણે કહ્યું કે, આજે મારી વર્ષગાંઠ છે અને આ લોકોએ મારી પાસે કાળા કપડાં પહેરાવ્યાં. કેટલાય લોકોએ એવું કહ્યું કે, મારા પરિવારમાં ત્યાં લગ્ન છે અને મારે ફરજિયાત કાળા કપડાં પહેરાવીને આ સભાગૃહની અંદર અમને ફરજ પાડવામાં આવી. આપણે સૌએ નાનપણમાં અનેક વાર્તાઓ સાંભળેલી છે. કાળા કપડાં કોણ પહેરે? કાળા કપડાં પહેરેલા વિપક્ષના સભ્યો દ્વારા •(×××) જેવા દ્રશ્યો આ સભાગૃહની અંદર ઉભા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી હું આપને વિનંતી કરું છું કે, જો આ પ્રમાણેના પહેલા જ દિવસે સભાગૃહમાં આ પ્રમાણેના દ્રશ્યોનું સર્જન થશે તો આ સભાગૃહની અંદર શિસ્ત નામનું કોઇ તત્વ નહીં રહે. માનનીય અધ્યક્ષશ્રી, આનાથી સભ્યશ્રીઓને લાંબા ગાળાની છૂટ મળી જશે. આજે જે પ્રકારના પ્રયાસો કર્યા, એ સભાગૃહને બાનમાં લેવા માટેના એમના પ્રયાસો હતા. એમના રાજકીય *(×××)બર લાવવા માટે, આ એમને વેદના નથી પરંતુ આ એમની સત્તાવિહીન યોજના છે અને આ માત્રને માત્ર આગામી દિવસોમાં ભારતીય જનતા પાર્ટીની સરકારે ગુજરાતનો વિકાસનો રથ અને વિકાસના હકારાત્મક મુદ્દા લઇને આ સભાગૃહના બજેટ સત્રની અંદર અમે જે વિષયો લાવવાના છીએ તેને આ વેદના સ્વરૂપે વ્યકત કરીને પોતે સત્તા વગરની વેદનાના માધ્યમથી આ સરકારને બદનામ કરવાનો એમનો *(×××) છે એટલે હું આપના માધ્યમથી અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી જે મુદ્દો અહીંયાં ઉપસ્થિત કરવા જઇ રહ્યા છે અને મુદ્દાના સંદર્ભમાં આપના દ્વારા નિર્ણય લેવાઇ ગયો છે. માનનીય અધ્યક્ષશ્રી આપે કહ્યું છે કે, ૧૧૬ની નોટિસ દાખલ કરવામાં આવી છે અને એ ૧૧૬ની નોટિસની અંદર આ સભાગૃહની અંદર એમને જે મુદ્દા ઉપસ્થિત કરવાના હોય અને આપે પણ કહ્યું છે કે, એની અંદર પૂરતી તક આપીશ પરંતુ આજે સભાગૃહની અંદર ઉભા થયેલા વરવા દ્રશ્યો, આ લોકશાહીનું મંદિર અને અહીં આ પ્રમાણેની વિપક્ષની પ્રવૃત્તિ અને *(×××) બનાવવા માટેનો જે પ્રયાસ કર્યો છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રી દ્વારા એવો નિર્ણય લેવામાં આવે કે જયારે ભવિષ્યની અંદર આ પ્રમાણેનું કોઇપણ કૃત્ય ન કરે અને આ સભાગૃહ એ તટસ્થાપૂર્વક વર્તે એ પ્રમાણેની હું આપની પાસેથી અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનો *(×××) શબ્દપ્રયોગ છે એ હું રદ કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી જાડેજાએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો એને હું મારું સમર્થન આપું છું. વિરોધ પક્ષ અને શાસક પક્ષને એક નજરે સમકક્ષ રાખવા માટે આજની આપની ઉદારતાને અભિનંદન આપું છું. આપે ઉદાર થઇને ત્રણ ત્રણ વખત એમને તક આપી છે. આ તકને ઉજાગર કરવાને બદલે એ તકનો દુરુપયોગ કર્યો છે. અહીંયા વારંવાર લોકશાહીની વાતો કરીને સંસદીય પદ્ધતિ અને પ્રણાલિકાઓની વાત કરવી અને વ્યવહાર અને વર્તન એકદમ જુદુ કરીને ગવર્નર સાહેબનો પત્ર માનથી બતાવે છે પરંતુ જયારે ગવર્નર સાહેબ પ્રવચન આપતા હોય ત્યારે એ સંસદીય પ્રણાલિકાઓનો ભંગ કરે છે. એ વખતે કાળા કપડાં પહેરીને તથા હાથમાં પ્લેકાર્ડ રાખવા તથા સૂત્રોચ્ચાર કરવા એ સહેજ પણ ચલાવી લેવાય નહિ. બે વખત વેલમાં ધસી આવ્યા તેમ છતાં આપે ખૂબ ઉદારતાપૂર્વક પહેલી વખત અડધો કલાક તથા બીજી વખત ૧૫ મિનિટ માટે તક આપી. તેઓ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

સંસદીય પ્રણાલિમાં માનતા હોય તો આટલો ઉદારતાનો લાભ લેવાયા પછી એમણે આજની કાર્યવાહી શાંતિથી ચાલવા દેવી જોઇએ એના બદલે જે રીતે બેહૂદુ વર્તન કર્યું તેથી આપે તેઓને ઠપકો આપવી જોઇએ જેથી ફરીથી આવું ન કરે.

અધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમો સ્પષ્ટ છે. એ નિયમોના અનુસંધાને માનનીય મંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો એનો હું સ્વીકાર કરું છું. કોંગ્રેસના મિત્રોના વાણી, વર્તન અને વ્યવહાર લોકશાહી પરંપરાને અનુકૂળ નથી. હું છેલ્લા ૨૨ વર્ષથી આ સભાગૃહમાં બેસુ છું પરંતુ પહેલી વખત એક સાથે કાળા કપડાં પહેરીને આવ્યા હોય એવું જોયું. વિરોધપક્ષને પોતાની વાત રજૂ કરવાનો અધિકાર છે, દેખાવો પણ કરશે અને અનેક વખત વેલમાં પણ આવ્યા છે પરંતુ આજે પહેલી વખત સચિવશ્રી અને મારાથી અડધો ફૂટ દૂર રહીને દેખાવો કરવાનો બનાવ જોયો. લોકશાહીની વાતો કરતા હોય ત્યારે વાતોથી, વાણી, વ્યવહાર અને નિયમોથી ચાલવું જોઇએ. એક સાથે બધા કાળા કપડાં પહેરીને આવવું અને સાથે હાથમાં બેનરો રાખવા એ બરાબર નથી. મૂળ વિષય હતો કે વિરોધપક્ષ તરીકે એમણે એમની ભૂમિકા રચનાત્મક રીતે અદા કરવી જોઇએ અને એમની વાત કહેવી જોઇએ. મારે એ વાત પણ કહેવી છે કે તેઓ જયારે અહીંયા દેખાવો, સૂત્રોચ્ચાર વેલમાં આવીને કરતા હતા ત્યારે શાસક પક્ષ તરફથી એમને રોકવાના પ્રયાસો પણ કરવામાં આવ્યા નથી. મેં એમને પૂરતી તક આપી છે, ૧૧૬ની નોટિસ આપી છે ત્યારે એમને પૂરતી તક આપી છે. મારી ચેમ્બરમાં બેસીને અનેક મહાનુભાવોના ઇન્ટરવ્યુ જોયા, માનનીય શકિતસિંહનો પણ ઇન્ટરવ્યુ જોયો. એમણે ટીવી ઇન્ટરવ્યુમાં એવું કહ્યું કે ૧૧૬ની નોટિસમાં પણ મિલીભગત ચાલે છે. એનો સીધો અર્થ એ થયો કે વિરોધપક્ષ વિધાનસભાના અધ્યક્ષનો પણ આદર જાળવી શકતા નથી. ૧૧૬ની નોટિસ જે સભ્યશ્રીઓ આપે એમાં સૌથી પહેલી નોટિસ આવે એને પ્રાયોરિટી મળે. અહીંયા ચાર નોટિસો આવી એમાં પહેલી જે નોટિસ આવી એને સ્વીકારીએ છીએ એ પછીની નોટિસોને સ્વીકારવામાં આવતી નથી. મારો કહેવાનો અર્થ એ છે કે અહીંયા પૂરતી તક આપ્યા પછી પણ વાણી, વર્તન અને વ્યવહાર આવો કરવો એ ઠીક નથી. એટલે એમનો આજના દિવસનો વાણી, વર્તન અને વ્યવહાર અયોગ્ય થયેલ છે. આદરણીય મંત્રીશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો છે એનો હું સ્વીકાર કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં જે કામગીરી થઇ એ આપણે સૌએ પ્રત્યક્ષ જોઇ છે. આપે આપના આદેશમાં અત્યારે ઉલ્લેખ કર્યો કે ટીવી મિડિયા સમક્ષ ઇન્ટરવ્યુ આપીને માનનીય શકિતસિંહભાઇ જેવા સિનિયર અને અનુભવી ધારાસભ્યશ્રી એવું કહેતા હોય કે •(×××) ત્યારે હું માનું છું કે એમની ફકત ટીકા કરીને અટકી જવું યોગ્ય નથી. મારી દરખાસ્ત છે કે આ વિધાનસભા સચિવાલયના સચિવશ્રી તરફથી આપના આદેશ પ્રમાણે એમને નોટિસ આપવી જોઇએ. અને આ પ્રકારે આપે વક્તવ્ય આપ્યું છે એ બદલ ગૃહમાં ઉપસ્થિત થઇ ગૃહની માફી માગે, માનનીય અધ્યક્ષશ્રીની માફી માગે અને જયાં સુધી માફી ન માગે ત્યાં સુધી તેમને ગૃહમાં પણ પ્રવેશ કરવા દેવો જોઇએ નહીં. એ જો આપણે નહીં કરીએ તો અત્યારે ઇલેક્ટ્રોનિક મિડિયા, પ્રિન્ટ મિડિયા સતત કાર્યરત છે. એ લોકશાહી માટે ટેકનોલોજીની જાગૃતિનું ફળદાયી પરિણામ છે. ટી.વી. મિડિયા સાચી વાત-સારી વાત અને એમના વિચારો પ્રજા સુધી પહોંચાડવાનું માધ્યમ બને તેમાં કોઇ પણ વાંધો નથી. અમે પણ વારંવાર ટી.વી. મિડિયાને, પ્રિન્ટ મિડિયાને ઇન્ટરવ્યુ વગેરે આપીએ છીએ. વિધાનસભાના અધ્યક્ષની, હાઇકોર્ટની અથવા સુપ્રીમ કોર્ટ જેવી બંધારણીય સંસ્થાઓની, વ્યકિતઓની કે હોદ્દાની ટીકા થાય એ પ્રમાણે કોઇએ કરવું ન જોઇએ એવો એક દાખલો બેસે. શકિતસિંહજી તો હાઇકોર્ટના એક ઉચ્ચ કક્ષાના વકીલ પણ છે. તેમને તો આ બધી બાબતોનો ખ્યાલ છે જ. એટલે મારી દરખાસ્ત છે. મેં કહ્યું એ પ્રમાણે એમને નોટિસ આપવી જોઇએ અને એમણે જે વકતવ્ય મિડિયાને આપ્યું છે તે આખા ગુજરાતની પ્રજા, જેણે જેણે જોયું હશે તેમણે આ ગૃહની પ્રણાલિનો ભંગ થતો, અવમાન થતું જાણ્યું હશે. એટલે તેમને માફી મંગાવવાની મારી દરખાસ્ત છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે જણાવ્યા મુજબ વિપક્ષના સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ દ્વારા ટી.વી ઇન્ટરવ્યુ દરમ્યાન આપના નિર્ણયના સંદર્ભમાં કરેલા એમના ઉદગારો એ અત્યંત ચિંતાકારક છે, એટલા માટે કે આ સન્માનનીય સભાગહનું આપ જયારે માનનીય અધ્યક્ષ તરીકે સંચાલન કરતા હો છો ત્યારે માનનીય અધ્યક્ષશ્રીએ લીધેલા નિર્ણય એ સમગ્ર સભાગૃહને બંધનકર્તા હોય છે. આપ જયારે અધ્યક્ષ તરીકે સત્તાસ્થાન ઉપર બિરાજતા હો છો ત્યારે આપ કોઇ પક્ષના સભ્ય નથી રહેતા. ગુજરાતની પ્રજાના જે પ્રશ્નો અહીંયા આવે એ બધાને સંપૂર્ણપણે રજૂ કરવા માટેની આપના કાર્યાલય દ્વારા અને આ સભાગૃહ દ્વારા અમને સૌને તક મળતી હોય છે, પરંતુ એવા સંજોગોમાં ૧૧૬ની નોટિસ દાખલ કરવાની પદ્ધતિ હોય છે. એમાં આપે એ પદ્ધતિ અનુસાર નિર્ણય લીધા છે. છતાં માનનીય અધ્યક્ષશ્રીના લીધેલા નિર્ણયને માત્ર સભાગૃહમાં નહીં, પરંતુ ઇલેક્ટ્રોનિક મિડિયાના માધ્યમથી તેમણે ઇન્ટરવ્યુ આપીને માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયની સામે જે સ્થિતિ ઉભી કરી છે, આ અત્યંત ગંભીર ઘટના છે. દુઃખદ ઘટના છે અને સભાગૃહના કોઇ પણ સભ્ય ભવિષ્યમાં પણ આ પ્રમાણે ન કરે એ માટેના પગલાં આપના દ્વારા લેવા જોઇએ એવી માનનીય શ્રી નીતિનભાઇએ વાત કરી છે એ વાતને હું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇએ જે દરખાસ્ત મૂકી છે. મેં કહ્યું એમ મેં મારી ચેમ્બરમાં બેસીને આ ટી.વી.નો ઇન્ટરવ્યુ જોયો છે. પરંતુ જયારે અહીંયા પ્રસ્તાવ આવ્યો છે ત્યારે હું તેની પુનઃ ચકાસણી કરવા માગું છું. એ ટી.વી. ચેનલનો

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર કાર્યવાહીમાંથી દૂર કરવામાં આવ્યા.

ઇન્ટરવ્યુ છે એ હું ફરીથી વેરીફાઇ કરું. મારી અપેક્ષા એવી નથી કે કોઇ સભ્યને અન્યાય થાય, એટલા માટે ફરીથી હું તેની ચકાસણી કરું છું. એ ચકાસણી કર્યા પછી જે તે નિર્ણય છે એ હું વિધાનસભા સમક્ષ વ્યક્ત કરીશ.

સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૧૭નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયક, ૨૦૧૭ (ક્રમશઃ)

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભાગૃહને મેં આપના દ્વારા કહ્યું તેમ જુદા જુદા કાયદાઓની વિસંગતતા હતી તેના સંદર્ભમાં ગુજરાત વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ નહોતુ અને આ વિસંગતતા દૂર કરીને આરોગ્ય વિષયક તેમની સારવાર સંબંધે બધા જ લોકોને લાભ મળી શકે એ ઉદ્દેશ સિદ્ધ કરવા માટે તેમજ સદરહુ અધિનિયમમાં સુધારો કરવા માટે ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને મંત્રીઓના તથા વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા સુધારાનો વટહુકમ-૨૦૧૬ને તા. ૨૦ ડિસેમ્બર-૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાન મંડળોના અધિનિયમ કરવા માટે ધાર્યું છે. આ આખું વિધેયક રજૂ કરવા માટેનો અમારો આશય હતો અને એના માટે આ સભાગૃહની અંદર આ સુધારા વિધેયક લઇને હું આવ્યો છું.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોના માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જે વિધેયક લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તબીબી સારવારના કિસ્સામાં જુદા જુદા મહાનુભાવોના પગાર અને ભથ્થાને લગતા કાયદાઓમાં સમયાંતરે સુધારા વધારા કરવા માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ સરકારે આ વિધેયક લાવવાની જરૂર પડે છે. આ વિધેયક વટહુકમનું સ્થાન લેતું એક વિધેયક છે. મહાનુભાવોની તબીબી સારવારમાં વિસંગતતાઓ છે એ દૂર કરીને એક સરખી સારવારનો લાભ બધાને મળશે તેવું મારું માનવું છે. આ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તમામ મહાનુભાવો અને તેમના કુટુંબીજનોને એક સરખા ધોરણે રાજ્ય સરકારના કર્મચારીઓની જેમ જ તબીબી સારવારનો લાભ મળે તે માટેની જોગવાઇ આ વિધેયકમાં જોવા મળે છે. તે માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે તા.૩૦-૧૨-૧૬ના રોજ સરકારી ઠરાવ બહાર પાડેલ છે. દેશના ઘણા બધા રાજ્યોની અંદર આ જ પ્રમાણે અધિકારીઓની જેમ જ ધારાસભ્યોને આરોગ્યની સવલતો મળે તેવી સવલતો અપાયેલી છે તે જ પ્રમાણે ગુજરાત સરકારે પણ પોતાની પહેલ કરી છે. સરકારે એ પણ નિર્ણય કર્યો છે કે તે બાબતમાં સરકારી ઠરાવના અર્થઘટન હોય કે મહાનુભાવે ખર્ચ કરેલી કોઇ બાબત પરત કરવાની હોય એને પણ સરળ કરવાનો આ વિધેયકની અંદર જોગવાઇ કરેલ છે. આ વહીવટી કામગીરીને પણ અલગ અલગ શ્રેણીની અંદર મૂલવવામાં આવી છે. જેમ કે ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ તેમજ વિપક્ષના કિસ્સાની અંદર વિધાનસભા સચિવાલય આ કામગીરીને જોશે. તે જ રીતે મંત્રીઓ અને સંસદીય સચિવો માટે સામાન્ય વહીવટ વિભાગ આ કામગીરીને જોશે. આ ઉપરાંત મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક અને દંડકના કિસ્સામાં સરકારનો સંસદીય બાબતનો વિભાગ આ કામગીરી કરશે અને આ રીતે અલગ અલગ શ્રેણીની અંદર આ કામગીરીને સરળ બનાવવાનું આ વિધેયકમાં જણાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભાજપની આ સરકારે તબીબી સારવારને લગતી જોગવાઇઓ અને મહાનુભાવો અને સરકારના કર્મચારીઓ બધાના માટે એક સરખો લાભ મળે એ માટે સમાન ધોરણો કર્યા છે. તે માટે હું મારી સરકારને અને મંત્રીશ્રીને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાઓમાં સુધારા કરવા માટે વારંવાર વિધાનસભા સમક્ષ હવે આવવું નહીં પડે. જરૂરિયાત મુજબ સરકારે ઠરાવની અંદર સુધારા કરી દીધા છે. આ ઉપરાંત આપણે સૌ જાણીએ છીએ કે ધારાસભ્ય તરીકે વિનામૂલ્યે સારવાર આપણને સરકારી હોસ્પિટલમાં કુટુંબીજનો સાથે મળે છે. આ ઉપરાંત સરકારી હોસ્પિટલો જ્યાં ઉપલબ્ધ નથી અને જ્યાં આ સેવાઓ શક્ય નથી એમાં પણ સરકારની નીતિઓ મુજબ જે સારવાર છે એ સારવાર માટે કદાચ ગંભીર કિસ્સામાં જવું પડે તો ખાનગી હોસ્પિટલોમાં જવાની બાબત પણ આમાં સ્વીકારાઇ છે. માનનીય મંત્રીશ્રીને આ વિધેયક લાવવા માટે અભિનંદન આપું છું અને મારું સમર્થન આપું છું.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય બાબતોના મંત્રીશ્રી જે આ સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા અને સમર્થન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ પછી આ ગૃહની અંદર અલગ અલગ વિધેયકો મંજૂર કરીને પગાર ભથ્થા અને તબીબી સારવાર સંયુક્ત રીતે અમલમાં હતા. પરંતુ દેશના અન્ય રાજ્યોની અંદર જેમ હરિયાણા, કેન્દ્રશાસિત દિલ્હી, ઉત્તરાખંડ એવા ઘણા રાજ્યોની અંદર આરોગ્ય વિભાગની તબીબી સારવાર સરળતાથી અલગથી મળે છે. (પ્રવચન અધૂરું)

(વિરામ ૨.૩૦ થી ૩.૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રી શીવાભાઇ જે. ગોહિલ (ક્રમશ:) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના સભ્યો, માનનીય અધ્યક્ષ, માનનીય ઉપાધ્યક્ષ, મંત્રીશ્રીઓ અને વિપક્ષના નેતાના પગારભથ્થાં બાબતના કાયદાઓમાં તબીબી સારવારને લગતી જે જોગવાઇઓ

કરવામાં આવેલ છે તેને રદ કરીને આ તમામ મહાનુભાવો વિધાનસભ્યો સાથેસાથે વિધાનસભાના પૂર્વ સભ્યો, સંસદીય સચિવશ્રીઓ, સરકારના મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક અને દંડક તથા તમામના કુટુંબીજનોને પણ રાજય સરકારના કર્મચારીઓ અને અધિકારીઓની સમાન, જેમ રાજય સરકારના વિભાગોમાં પેન્શનરોની જેમ જ ગુજરાત રાજય સેવા તબીબી સારવાર નિયમો ૨૦૧૫ અને તેમાં વખતોવખતના સુધારાઓ થાય છે અને સમાન ધોરણે જે રીતે મળે છે એ જ રીતે વર્ગ–૧ની સમકક્ષ મળે. માનનીય અધ્યક્ષશ્રી, આ વટહુકમને વિધેયકનું સ્થાન મળ્યું છે. અગાઉની જે જોગવાઇ છે એને રદ કરી છે અને હવે નવા વિધેયકમાં જે જોગવાઇઓ કરી છે એ તમામ મહાનુભાવોને પણ રાજય સરકારના કર્મચારીઓની સમકક્ષ મળે, અને આવા સુધારા માટે વારંવાર ગૃહ સમક્ષ આવવું ન પડે અને સરકારના ઠરાવમાં સરકાર જ સુધારાઓ કરીને આનો તાત્કાલિક સારી રીતે અને સમાન પણે અમલ કરી શકે એ માટે આ વિધેયક માનનીય મંત્રીશ્રી લાવ્યા છે, એને હું મારા ખૂબખૂબ અભિનંદન આપુ છું. આ વિધેયકથી માનનીય ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ અને એના આશ્રિતોને રાજય સંચાલીત હોસ્પિટલો, જિલ્લા પંચાયત, મહાનગરપાલિકા કે નગરપાલિકાઓની હોસ્પિટલોમાં સારવાર મળે સાથેસાથે કોઇ એવા ગંભીર રોગ માટે જયાં સેવા ઉપલબ્ધ ન હોય અને રાજયની બહાર પણ આપણે સેવા લેવાની જરૂર પડે તો એનું ચૂકવણું પણ પોતે કરે તો એનું પરત ચૂકવણું સરકારમાંથી થઇ શકે એવી પણ આ બિલમાં જોગવાઇ કરીને રાજયની બહાર પણ આ ગંભીર રોગ માટે સારવાર લઇ શકે એ માટે ખૂબ જ સારી જોગવાઇ કરી છે. આ ભા.જ.પ.ની સરકારે તબીબી સારવારને લગતી જોગવાઇઓ કરી છે એમાં પણ ખાસ કરીને મહાનુભાવો અને સરકારી કર્મચારીઓ બધાને એક જ સમાન ધોરણે કર્યા છે. કામગીરીને સરળ બનાવવા પ્રયત્નો કર્યા છે. કાયદામાં સુધારો કરવા માટે વિધાનસભા સમક્ષ વારંવાર આવવું નહીં પડે. જરૂરીયાત મુજબ સરકાર ઠરાવમાં સુધારા કરી શકશે. સરકારી હોસ્પિટલ ઉપરાંત સરકારી સમકક્ષ હોસ્પિટલો અને સરકાર માન્ય હોસ્પિટલો, સરકારની નીતિઓ મુજબ તબીબી સારવારનો લાભ મળશે. ગંભીર રોગોના કિસ્સામાં ખાનગી હોસ્પિટલોમાં પણ આ લાભ મળી શકશે. હું આ વિધેયક લાવવા બદલ માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપુ છું અને આ વિધેયકને મારું સમર્થન આપુ છું.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (રાજય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ જુદીજુદી વિસંગતતાઓના સંદર્ભમાં ધારાસભ્યો, પૂર્વ ધારાસભ્યો આ બધા મુદ્દાઓ અમારા ધ્યાન ઉપર આવ્યા અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી તરીકે શ્રી નીતિનભાઇએ પણ આની અંદર એમની સમક્ષ જે રજૂઆતો આવી અને સમગ્રતયા આવી બધી જ વિસંગતતાઓ દૂર કરીને એક આરોગ્ય વિભાગના ઠરાવના આધાર ઉપર આ બધા જ લોકોને આ પ્રમાણેનો લાભ મળે એ પ્રમાણેની વહિવટી સરળતા દ્વારા આ ઓર્ડીનન્સ અને આ ઓર્ડીનન્સને હવે આપણે એક્ટની અંદર કન્વર્ટ કરીને રદ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આના અમલીકરણમાં પણ સરળતા રાખી છે. સરળતા એ રીતે રાખી છે કે આના સંદર્ભમાં વિધાનસભાના ધારાસભ્યો, અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, વિરોધપક્ષના નેતા અને ભૂતપૂર્વ ધારાસભ્યોના કિસ્સામાં ગુજરાત વિધાનસભાએ આ સંદર્ભમાં નિર્ણય લેવાનો રહે છે. જ્યારે ગુજરાતના મંત્રીઓ તથા સંસદીય સચિવના કિસ્સામાં સામાન્ય વહિવટ વિભાગ દ્વારા એનું અમલીકરણ થશે અને સરકારના મુખ્ય દંડક, નાયબ મુખ્ય દંડક અને દંડકના કિસ્સામાં વૈદ્યાનિક અને સંસદીય બાબતોના વિભાગે કરવાની છે. જે જી.એ.ડી. હસ્તગત અને સચિવાલય હસ્તક અને વિધાનસભા હસ્તક અને વૈદ્યાનિક વિભાગ હસ્તક એ પ્રમાણે જે જુદા જુદા કાયદાઓ હતા એના માટે તબીબી સારવારના સર્વગ્રાહી જોગવાઇઓ આની અંદર કરેલ છે અને આના કારણે ગુજરાત રાજય સેવા તબીબી સારવારના નિયમો ૨૦૧૫ અને તેમાં વખતો વખત કરેલા સુધારાઓ પ્રમાણે તબીબી સારવારના લાભો એકસમાન ધોરણે મળવાપાત્ર થશે એમ માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વર્ષાબેન અને શીવાભાઇ ગોહિલ લાવ્યા છે એટલે આખું વિધેયક સ્વયંસ્પષ્ટ થઇ જાય છે. આના સંદર્ભમાં મારે આટલી જ વાત કરવાની છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૧ સન ૨૦૧૭નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૭નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રીઃ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૭નું ગુજરાત વિધાનસભાના સભ્યો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના અને મંત્રીઓના અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાંને લગતા કાયદા (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયક, ૨૦૧૭

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક:૨

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયક, ૨૦૧૭

એક સુશાસન વિષયક પગલા તરીકે, ગુજરાત રાજ્યમાં રહેતી વ્યક્તિઓને, એકમાત્ર ઓળખકર્તા તરીકે આધારનો ઉપયોગ કરીને, સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું અસરકારક, પારદર્શી અને લક્ષિત વિતરણ કરવા માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( સામાન્ય વહીવટ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજ્યપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭ ના વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૭ નું ગુજરાત આધાર (નાણાકીય અને અન્ય સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૭નું ગુજરાત આધાર (નાણાકીય અને અન્ય સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર અને આપણી ગુજરાત રાજ્ય સરકાર એ બન્ને સરકારના નેતાઓ એટલે કે, કેન્દ્રમાં વડાપ્રધાનશ્રી અને ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રી, અમારી આ બન્ને સરકારો સમગ્ર દેશના તમામ નાગરિકોને એમને મળવાપાત્ર લાભો, મળવાપાત્ર સહાય અને એના આનુષાંગિક વ્યવસ્થાઓ એ બધું જ પારદર્શકતાથી, ઝડપથી અને સરળતાથી થાય એ માટે કટિબદ્ધ છે.

આપણે બધા જાણીએ છીએ કે, રાજ્યના કરોડો લાભાર્થીઓને જુદા જુદા પ્રકારની સેવાઓ સરકાર તરફથી આપવામાં આવે છે અને સાથે સાથે અનેક પ્રકારની યોજનાઓનો લાભ નાણાકીય સ્વરૂપમાં પણ નાગરિકોને આપવામાં આવે છે. અત્યાર સુધી આ બધી જ સહાય અને સબસિડી એ રોકડ સ્વરૂપમાં અગર તો બેન્કમાં ચેક ભરવાના સ્વરૂપમાં એવા પ્રકારે આપવામાં આવતી હતી. પરંતુ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બન્નેની પ્રજાલક્ષી પારદર્શક વહીવટી કામગીરી કરવાની જે અમારી પ્રતિબદ્ધતા અને કટિબદ્ધતા છે, નાગરિકને મળવાપાત્ર લાભમાં એને ક્યાંય કોઇને પણ ખોટી રીતે રકમ ના આપવી પડે, કોઇ જગ્યાએ સમયનો વિલંબ ના થાય અને એને લાભ ઘરે બેઠા મળી જાય એવી વ્યવસ્થાઓ ગોઠવવાનું આપણે આયોજન કર્યું છે.

એવી જ રીતે સામે પગલે સરકારમાં પણ અનેક વખતે અનેક બાબતો ધ્યાન ઉપર આવી છે કે, ખરેખર આ લાભાર્થીને લાભ ના મળે અને ખોટો લાભાર્થી જે લાભ લેવાને પાત્ર થતો નથી, પાત્રતાથી ઉપરવાળો છે એવા લોકો પણ ખોટી રીતે સર્ટિફિકેટસ્ કે અન્ય પ્રમાણપત્રો સિવાયની જે નમૂના વગેરે રજૂ કરવાનું હોય, એવું બધું મેળવી અને પોતે લાભાર્થી બની જતા હતા અને સાચા લાભાર્થીને મળવાપાત્ર રકમ સરકારની તિજોરીમાંથી જે એને મળવી જોઇએ એને બદલે ખોટા લાભાર્થી પાસે જતી રહેતી હતી.

એવી જ રીતે જે ચીજવસ્તુઓનું સરકાર રાહતના ભાવે વિતરણ કરે છે, સસ્તા અનાજની દુકાન વિગેરે ઉપરથી, એમાં પણ ચીજવસ્તુઓ લાભાર્થી લઇ ન ગયો હોય અને એનો ખર્ચો પડી જાય, એની સબસિડી ચૂકવાઇ જાય આવા અનેક કિસ્સાઓ આપણે ભૂતકાળમાં જોયેલા છે. હવે જ્યારે ટેકનોલોજી આધુનિક બની છે, વ્યવસ્થાઓ અદ્યતન બની છે, બધી જ વસ્તુઓ આઇ.ટી.ના માધ્યમથી પારદર્શકતાથી કરવાની જ્યારે પૂર્ણ રીતે આપણને તક મળી છે ત્યારે એ તકનો આપણે લાભ લેવા માગીએ છીએ અને એટલા માટે ભારત સરકાર દ્વારા આધારકાર્ડને અમલીકરણ કરતો કાયદો એ અગાઉ મંજૂર કરી દેવામાં આવ્યો છે અને એના કારણે ભારત સરકારે એમની જે સ્કોલરશીપો હોય અન્ય સહાય યોજનાઓ હોય એ બધું જ આધારકાર્ડ આધારિત સીધુ લાભાર્થીના ખાતામાં રકમો જમા થાય એ પ્રમાણેની વ્યવસ્થાઓ કરી દીધી છે. અને એના માટે ભારત સરકારે રાજયોને પણ એવું સૂચવ્યું કે ભારત સરકારના ભંડોળમાંથી એટલે કે ભારત સરકારની આવકની તિજોરીમાંથી જે રકમો, સહાય, સબસિડીઓ, સ્કોલરશીપો જે બધું જ નાગરિકોને મળે છે એ આધાર કાર્ડના આધારે જ મળે, ખોટા લોકો એનો લાભ ન લઇ જાય, સરકારી યોજનાઓનો દુરઉપયોગ ન થાય, સાચા લાભાર્થીને તકલીફ ન પડે, આ બધું કરવાનું કામ ભારત સરકાર તરફથી પૂર્ણ કરી દેવામાં આવ્યું છે અને ભારત સરકારે ૨૦૧૬માં એના માટેનો અધિનિયમ પણ કરી દીધો છે અને એના પ્રમાણે એની ૫૭ મી કલમ પ્રમાણે ભારત સરકારે એની જોગવાઇ રાખી છે કે રાજ્ય સરકારો પણ પોતાના ભંડોળની આવકમાંથી રાજ્યના બજેટમાંથી જે યોજનાઓ, સહાય, સ્કોલરશીપ, સબસિડી લાભાર્થીઓને આપે છે એ આધારકાર્ડનો ઉપયોગ કરી અને ભારત સરકારની જેમ જ રાજ્યના ફંડના લાભાર્થીઓને પણ આ રીતે આધાર કાર્ડ આધારીત યોજનાઓનો લાભ આપે તો મેં કહ્યું એ પ્રમાણે અગાઉ જે ભૂતકાળમાં અનેક બનાવો બન્યા છે. લાભાર્થીને લાભ ન મળ્યો હોય, ખોટી રીતે ખોટા હાથોમાં જતી રહી હોય

* વિધેયક તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

અને લાભાર્થી રહી ગયા હોય, બીન લાભાર્થીને લાભ મળ્યો હોય આવું બધું ભૂતકાળમાં જે થતું હતું એને સંપૂર્ણ રીતે અટકાવવા માટે આજે આધાર કાર્ડ ભારત સરકારે અમલમાં મૂકયું છે એની આપણને ભારત સરકારે સત્તા આપી છે કે રાજય સરકારો પણ આ કલમ–૫૭ પ્રમાણે આ પ્રમાણેનો કાયદો કરી શકે અને એ પ્રમાણેનો રાજયમાં કાયદો કરવા માટે આ બીલ આપણે લાવ્યા છીએ. ગુજરાત રાજયની અંદર આપણી જે નાની મોટી યોજનાઓ ચાલે છે, રાજય સરકારની પોતાના ભંડોળથી, પોતાના બજેટથી ચાલતી એવી જે યોજનાઓ છે એ લગભગ ૧૧૯ જેટલી યોજનાઓમાં આર.ટી.જી.એસ. અથવા ચેકથી આપણે સહાય ચૂકવીએ છીએ. આમ તો ગુજરાતની અમારી ભારતીય જનતા પક્ષની સરકાર અત્યારના આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારથી જ ટેકનોલોજીનો ઉપયોગ કરવો, ઓનલાઇન પેમેન્ટ સિસ્ટમ કરવી, આપણા લાખો કર્મચારીઓને મળવાપાત્ર પગાર, બીજા હકકો એમના સીધા બેંકના ખાતામાં, તિજોરીમાં જમા થાય એવી આર.ટી.જી.એસ.ની વ્યવસ્થા આપણે વર્ષોથી અમલમાં મૂકી દીધી છે પણ નાગરિકોને લાગુ પડતી જે આ યોજનાઓ છે એ યોજનાઓનો લાભ આપણે સીધા આધારલીંક પેમેન્ટથી કરીએ તો સાચા જ લાભાર્થીને એનો લાભ મળે અને ગેરકાયદેસર રીતે, ખોટી રીતે, બનાવટ કરી જે લોકો દસ્તાવેજો ઉભા કરી અને લાભ મેળવતા હતા એવા લોકો આમાંથી નીકળી જાય તો ખોટા પૈસા સરકારના જે વ્યય થતા હતા એ બંધ થઇ જાય અને સાચા લાભાર્થીને લાભ મળે એ માટે આપણે ગુજરાતની યોજનાઓ માટે આ કાયદો આજે અમલમાં લાવવા માટે સન્માનનીય સભાગૃહમાં આ બીલ મેં રજૂ કર્યું છે. થોડી માહિતી પણ માનનીય સભ્યશ્રીઓને આપું કે ૨૦૧૫ની અંદાજીત વસ્તી પ્રમાણે ગુજરાતમાં ૧૮ વર્ષથી મોટી ઉમરના જે વ્યક્તિઓ છે એ તમામને આપણી સરકાર તરફથી આધાર કાર્ડ આપવાની જે સીટો બનાવી ગામડે ગામડે ફર્યા, વ્યવસ્થા કરી એને કારણે ૧૮ વર્ષથી મોટી ઉંમરની તમામ વ્યક્તિઓને, સો ટકા લોકોને આપણે આધાર કાર્ડ પૂર્ણ પાડયા છે. બીજું, પાંચ વર્ષથી ૧૮ વર્ષની વયના જે નાગરિકો છે એટલે કે ખાસ કરીને યુવાનો, વિદ્યાર્થી ભાઇ બહેન એમને પણ ૮૫ ટકા લોકોને આપણે આવરી લીધા છે. દા.ત. કોઇ વિદ્યાર્થીને કોઇ સ્કોલરશીપ આપવી હોય, કોઇ ફીની સહાય આપવી હોય, કોઇ બીજી સબસિડી આપવી હોય તો સીધું જ આધારકાર્ડ આધારિત એ વિદ્યાર્થીના ખાતામાં જ આ રકમ સીધી જમા થાય અને એ વિદ્યાર્થીને પોતાને એનો લાભ મળે, અન્ય કોઇ જગ્યાએ એ રકમ લેવા માટે, ચેક લેવા માટે લાઇનમાં ન ઉભા રહેવું પડે કે ખોટી રીતે કોઇને પૈસા પણ આપવા ન પડે અને નાગરિકોનો લાભ લેવાનો અધિકાર છે એ અધિકાર બિલકુલ પારદર્શકતાથી, પ્રમાણિકતાથી, ઝડપથી અને સરળતાથી ૫ થી ૧૮ વર્ષ સુધીનાને ઘરે બેઠા મળી જાય તેવું કામ ભારતીય જનતા પાર્ટીની અમારી વિજયભાઇ રૂપાણીની સરકારે ૮૫ ટકા કામ પૂર્ણ કર્યુ છે. ત્યારપછી ભારત સરકારે નક્કી કર્યુ કે ૦ થી એટલે કે જન્મથી ૫ વર્ષ સુધીનાં બાળકોને પણ નાની મોટી યોજનાનો લાભ અપાતો હોય તો તેમને પણ આધારકાર્ડથી આવરી લેવા અને આપણી સરકારે ૫ વર્ષ સુધીનાં બાળકોના આધાર કાર્ડ બનાવવાનું કામ ૪૦ ટકા આપણે પૂર્ણ કર્યુ છે. જિલ્લાઓમાં કલેકટર અને શહેરમાં મ્યુનિસિપલ કમિશનરને આપણે આ કામગીરી આપી છે. ૦ થી ૬ વર્ષનાં બાળકો માટે આપણે મહિલા અને બાળ વિકાસ વિભાગે આ કામ કરવાની શરૂઆત કરવાનું આયોજન કરી દીધું છે. આપણે ટાર્ગેટ રાખ્યો છે કે અબજો રૂપિયાની ભારત સરકારની સહાયો, ગુજરાત સરકારની સબસિડીઓ બધું જ જો આધારથી આધારિત હોય તો કોઇ લાભાર્થી આધારકાર્ડ કરાવ્યા વગરનો રાજયમાં બાકી ન રહેવો જોઇએ. એટલે આપણે ૧૮ વર્ષથી તમામ મોટાઓને ૩૧–૩–૧૭ સુધી ગયા વર્ષે કોઇ ૧૭ વર્ષના હોય અને આ વર્ષે ૧૮ વર્ષના થયા હોય તો એને આવરી લેવા પડે, એવા તમામને માર્ચ એન્ડ સુધી ૧૦૦ ટકા આવરી લેવાનું આયોજન છે. ૦ થી ૧૮ સુધીના બાકી છે, એમને ૩૦–૯–૧૭ સુધીમાં તમામને આધાર કાર્ડ આપી દેવાનું ગુજરાત સરકારે આયોજન કર્યુ છે. ભારત સરકારની યોજનાઓ છે એ પ્રમાણમાં આધારકાર્ડની ઓછી છે. ૧૯ યોજનામાં જ ભારત સરકારે આ તૈયારી કરી છે. જ્યારે આપણે ૧૧૯ યોજનાઓમાં આરટીજીએસની બધી સેવાઓ આપીએ છીએ. એને આપણે આધાર આધારિત કરી દઇશું, એટલે આપણને મોટો ફાયદો થશે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના દર વર્ષે કરોડો રૂપિયા ૫૦ થી ૬૦ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓને લાભ આપીએ છીએ. આનાથી સીધો લાભ એમને મળશે. એવી રીતે પ્રાથમિક, માધ્યમિક શાળાનાં હજારો બાળકોને આપણી સરકાર જુદા જુદા પ્રકારની શિષ્યવૃત્તિ આપે છે, એ પણ આના દ્વારા થશે. રાજ્યમાં જે નિરાધાર વૃદ્ધ સહાય પેન્શન આપીએ છીએ એ મોટી સંખ્યામાં છે. એમને પણ આના દ્વારા અપાશે. પશુપાલન, કૃષિ વિભાગની અનેક યોજનાઓ છે એને પણ આના દ્વારા લાભ આપીશું. સમાજ કલ્યાણ વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગ પણ જે સહાય યોજના અમલમાં મૂકી છે, એનો લાભ પણ આપણે આના દ્વારા આપવાના છીએ. એટલે આધાર કાર્ડ આપણે બધા જાણીએ છીએ કે રાષ્ટ્રીયતાની ઓળખ ગણાય છે. ભારતના નાગરિક તરીકે બધી જગ્યાએ સર્વસ્વીકૃત ગણાય છે. બનાવવાની સિસ્ટમમાં ફોટો, અંગુઠાની આંગળીની આખી છાપ એ બધુ ઓનલાઇન કરવાનું હોય છે. ભારત સરકારના સેન્ટ્રલાઇઝ વ્યવસ્થા પ્રમાણે આખા દેશમાં એક સાથે નોંધણી થાય. ફોટા સાથેનું આઇડેન્ટી કાર્ડ, આધાર કાર્ડ એ ભારત સરકાર, ગુજરાત સરકાર દ્વારા પોસ્ટ દ્વારા નાગરિકોને લાભાર્થીઓને મોકલી આપીએ છીએ. આ રીતે બધી જ રીતે આખા દેશ માટે જેમ અમેરિકામાં સોશિયલ કાર્ડ કહે છે. કોઇ નાગરિક પાસે સોશિયલ કાર્ડ હોય તો તમામ વિગતો આવી જાય એમ આધાર કાર્ડમાં તમામ પ્રકારની વિગતો નાગરિકોને લગતી મળી શકે. દેશની રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં લાભ આપવો હોય, દેશના નાગરિક તરીકે કોઇ લાભ લેવો હોય, પાસપોર્ટ માટે અન્ય વ્યવસ્થાઓ માટે બધામાં આધારકાર્ડ એ સંપૂર્ણ રીતે માન્ય છે. એનો પણ આપણને લાભ મળી શકે. એટલે ગુજરાતના નાગરિકો ગુજરાત સરકારની આપણી જે સબસિડીઓ છે, સહાય છે, ચીજવસ્તુઓ છે, એનું વિતરણ આધાર કાર્ડ આધારિત

કરવા માટેની સત્તા રાજ્ય સરકારને પ્રાપ્ત કરાવવાની કેન્દ્ર સરકારે મંજૂરી આપી છે. તે સત્તા પ્રાપ્ત કરવા માટે આજે હું આ બિલ લઇને આવ્યો છું. માનનીય સભ્યશ્રીઓને વિનંતી છે કે, દેશની કરોડોની જનતા અને ગુજરાતના સવા છ કરોડ જેટલા નાગરિકો માટે ખૂબ ઉપયોગી, ડગલે ને પગલે જેનો ઉપયોગ કરી શકાય તેવું આધારકાર્ડ આપણે ગુજરાતમાં સેવાકીય પ્રવૃત્તિ કે સબસિડી માટે અમલમાં મુકવાની રાજય સરકારને સત્તા આપે તેવું બિલ આપ સૌ સર્વાનુમતે મંજૂર કરો તેવી સૌને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીનું વિધેયક આમ તો સ્વયં સ્પષ્ટ છે. લગભગ બધાને સમજાઇ ગયું લાગે છે. તેમ છતાં કંઇક ખૂટતું હોય તો આર.એમ.પટેલ સાહેબ કહેશે.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત આધાર નાણાંકીય અને અન્ય સહાયકી લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ વિધેયક ૨૦૧૭ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કર્યુ છે તેને અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે આધાર નાણાંકીય અને અન્ય આર્થિક સહાયકી લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ અધિનિયમ, ૨૦૧૬ અંતર્ગત કલમ ૫૭ નીચે રાજય સરકારો આધારકાર્ડનો ઉપયોગ કરી શકે તે માટેની જોગવાઇઓ કરી છે. કેન્દ્ર સરકારે ૨૬ માર્ચ ૨૦૧૬ના રોજ આધાર એકટ પસાર કર્યો અને તેનું અમલીકરણ ૧૨ જુલાઇ ૨૦૧૬ના રોજ શરૂ કરેલ છે. ભારત સરકારે આ અંગેના નિયમો પણ બનાવ્યા છે જે અંતર્ગત આધાર નોંધણીની પ્રક્રિયા, આધાર નોંધણી સુધારણા, પ્રમાણીકરણ, ડેટા સિક્યોરીટી, માહિતીની વહેંચણી વગેરે અંગેની જોગવાઇઓ કરવામાં આવી છે. આધારકાર્ડની અંદર ડેમોગ્રાફીક તથા બાયોમેટ્રીક માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જે વ્યકિતઓ પાંચ વર્ષથી નીચેની હોય તેમની બાયોમેટ્રીક વિગતો તેમાં લેવામાં આવતી નથી. ભારત સરકારે યુનિક આઇડેન્ટીફીકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયાની રચના કરી છે. તેની નીચે સ્ટેટ રજીસ્ટ્રાર અને નોન સ્ટેટ રજીસ્ટ્રારોની નિમણૂક કરવામાં આવી છે. નોન સ્ટેટ રજીસ્ટ્રારની અંદર આપણે બેન્કો વગેરે સંસ્થાઓને અધિકારો આપ્યા છે. રાજયની અંદર દરેક જિલ્લાઓમાં ઇ–સેવા સોસાયટીઓની રચના કરી છે તથા મહાનગરપાલિકાઓમાં આ રીતની વ્યવસ્થા કરી છે. રાજયની અંદર ૧૫૨૭ જગ્યાએ નોંધણીની વ્યવસ્થા કરી છે. આ ઉપરાંત જયાં જયાં જરૂર પડે ત્યાં કેમ્પ દ્વારા અને જિલ્લા તથા તાલુકાઓમાં કાયમી આધાર કેન્દ્રો કાર્યરત છે. રાજયની અંદર મે ૨૦૧૨થી આપણે આ આધાર પ્રોજેકટ શરૂ કર્યો હતો. અત્યાર સુધીમાં રાજયમાં ૯૨ ટકા રહીશોને આમાં આવરી લીધા છે. માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું તે પ્રમાણે ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકો એટલે કે ૧૦૦ ટકા લોકોને આવરી લીધા છે. પાંચ વર્ષથી અઢાર વર્ષ સુધીના ૮૫ ટકા લોકો તથા ઝીરોથી પાંચ વર્ષ સુધીના ૪૦ ટકા લોકોને આવરી લીધા છે. ભારત સરકારના અધિનિયમની કલમ ૫ મુજબ પ્રકરણ–૩ અને ૬ની જોગવાઇઓ રાજય સરકારના અધિનિયમને લાગુ પડે છે. પ્રકરણ–૩ છે તેમાં માહિતીની પ્રમાણભૂતતા અને પ્રકરણ–૬ માહિતીનું સંરક્ષણ તથા ગોપનીયતાને લગતું છે. આમાં અગત્યની બાબત એ છે કે આજે કોઇપણ વ્યકિતની ઓળખ માટે આધાર સિવાય બીજા કોઇ પુરાવા રજુ કરવાની જરૂર નથી. ગુજરાત સરકારનો વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ છે તેને આપણે ઓથેન્ટીફીકેશન સર્વિસ એજન્સી તરીકે જાહેર કરેલ છે. આ આધારકાર્ડની માહિતી જયારે કોઇ સંસ્થાને કે બીજા કોઇને આપવાની થાય ત્યારે જે તે વ્યકિતની સંમતિની તેમાં જરૂરી છે. સિવાય કે જિલ્લા ન્યાયાધીશની કોર્ટ તરફથી હુકમ કરવામાં આવે કે સંમતિ વગર માહિતી આપો અથવા તો રાષ્ટ્રીય સલામતિના કિસ્સામાં સંયુકત સચિવશ્રીની નીચેની કક્ષાના અધિકારીશ્રીની સમકક્ષ હોય તો જ આ માહિતી આપી શકાય. જે લોકો ખોટી માહિતી આધારકાર્ડમાં આપે છે તેના માટેની સજાની જોગવાઇ કરવામાં આવી છે. તેમાં ત્રણ વર્ષની કેદ અથવા દસ હજાર રૂપિયા દંડ અથવા બંને કરી શકાય છે. તેવી જ રીતે જે લોકો ખોટા ફેરફારો કરાવે તેના માટે પણ સજાની જોગવાઇ કરવામાં આવી છે. આ અધિનિયમથી વિકાસની પ્રક્રિયામાં જે લોકો બાકાત રહી ગયા છે તેમાં ખાસ કરીને વંચિત લોકો છે તેને આ યોજનાથી આપણે લાભ આપી શકીશુ. તેવી જ રીતે સ્થળાંતર કરનારા વ્યકિતઓ છે તેમની કાયમી ઓળખ આનાથી ઉપલબ્ધ થશે. એક જ ઓળખથી રાજય સરકારના એકત્રિત ફંડની તમામ યોજનાઓનો લાભ આપણે ઉપલબ્ધ કરાવી શકીશું. આના કારણે નાગરિક લક્ષી જે સેવાઓ છે એની અંદર પણ સારો એવો સુધાર આવશે. આપણા પંડીત દીનદયાળજીનું જે સ્વપ્નું છે કે છેવાડાના દરેક માણસ સુધી યોજનાઓનો લાભ મળે એની જોગવાઇ આની અંદર કરવામાં આવી છે. આનાથી બેવડાપણું પણ નિવારી શકાશે, રાજયની અંદર આપણે પારદર્શકતામાં માનીએ છીએ એ પણ હેતુ સિદ્ધ થવાનો છે અને જે કોઇ લિકેજ હોય એ લિકેજ પણ આની અંદર અટકાવવામાં આવશે. મને કહેતા આનંદ થાય છે કે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ નીચે પ્રધાન મંત્રી જનધન યોજના નીચે ૨૫.૯૮ કરોડ લોકોના નવા ખાતાઓ ખોલવામાં આવ્યા છે. લગભગ ૫૫ કરોડો લોકોને આધાર કાર્ડ આધારિત આપણે લાભો આપી રહ્યા છીએ. એવી જ રીતે જે લોકો પેન્શનરો છે, રાજયની અંદર ૨૪.૭૭ લાખ પેન્શનરો છે જેમાં મારો પણ સમાવેશ થાય છે એવા લોકોને જીવનના પ્રમાણ પત્ર તરીકે આપણે આધાર કાર્ડને ગણીએ છીએ. એવી જ રીતે જાહેર વિતરણ વ્યવસ્થાની અંદર ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી આપનારી મનરેગા યોજના અને બીજી યોજનાઓ જે રાજય સરકારના એકત્રિત ફંડમાંથી કરવાના છીએ એનો લાભ આ અધિનિયમના કારણે ઉપલબ્ધ થશે અને આપણે સામાજિક અને આર્થિક હિતોની જે વાતો કરીએ છીએ એ હેતુ પણ આના કારણે સિદ્ધ થશે. માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી દ્વારા જે બિલ રજૂ કરવામાં આવ્યું છે એને હું આવકાર આપુ છું અને નાયબ મુખ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપીને હું મારી વાત પૂરી કરું છું.

ફાલ્ગુન ૧, ૧૯૩૮ શાકે

ગુજરાત આધાર (નાણાકીય અને બીજી સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયક, ૨૦૧૭

શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના આદરણીય નાયબ મુખ્ય મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા જે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૨-સન ૨૦૧૭નું ગુજરાત આધાર (નાણાકીય અને અન્ય સહાયકી (સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયક લાવવામાં આવ્યું છે એ બદલ માનનીય નીતિનભાઇને ખૂબ ખૂબ અભિનંદન આપુ છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ એકટમાં જે પ્રોવિઝન છે તેના વિશે હું એકટની ભાષામાં વાત કરું તો મને માફ કરજો. માનનીય અધ્યક્ષશ્રી, The sole purpose the Bill provides is the good governance measure, transparent, and targeted delivery of subsidies, benefits and services to the individuals residing in the State of Gujarat using Aadhar as a sole identifier, and to provide for matters connected therewith. જે કોઇ લાભો લોકોને મળવાના છે તે આ રીતે મળે, ટ્રાન્સપરન્સી સાથે મળે એ માટે આ પ્રોવિઝન છે અને આ કાયદો આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, The Government of India has enacted the Adhaar (Targeted Delivery of Financial and other Subsidies, Benefits and Services) Act, 2016 for delivery of various subsidies, benefits, subsidies, benefits, services, grants, wages and other social benefits schemes which are funded from the Consolidated Fund of India. As per section 57 of the said Central Act it does not prevent the use of Aadhar number for the State Government also under law. માનનીય અધ્યક્ષશ્રી, એ કાયદો એવું નથી કહેતો કે તમે આધારનો ઉપયોગ ન કરી શકો એવું કહેતો નથી, તમે કરી શકો એવું કહે છે. It does not prevent the use of Aadhar number for the State Government. આમ કેન્દ્ર સરકારનો આ કાયદો છે પણ કાયદો એવું કહે છે કે રાજય સરકારનો પોતાનો કાયદો હોવો જોઇએ. Accordingly it is required to have State's own Act for linking the use of Aadhar identification for delivery of various subsidies, benefits, services, grants, wages and other social benefits schemes which are funded from the Consolidated Fund of the State of Gujarat. સાહેબ પ્રોવીઝન એવું છે કે, કોન્સોલીડેટેડ ફંડ ઓફ ગુજરાત જે છે એમાંથી રિકરીંગ કે નોન રિકરીંગ એકસપેન્ડીચર તમે નોર્મલી કરી શકતા નથી એવી બંધારણીય જોગવાઇ છે, અને જો તમારે કરવું હોય from the funds of the State Government એટલે કોન્સોલીડેટેડ ફંડમાંથી તમારે જો કરવું હોય તો આ પ્રોવીઝન આ એકટ તમારે દાખલ કરવો પડે In this view and to provide secured and accurate delivery of the benefits and services from the Consolidated Fund of Gujarat to the targeted beneficiaries જે લોકોને લાભ મળવાનો છે એ લોકોને તમે ગુજરાતના કોન્સોલીડેટેડ ફંડમાંથી એ લાભ આપી શકો તે માટે their identity with Aadhar number it is necessary that the process of authentication, security and confidentiality and facilitate the use of Aadhar related information, schedule should be made statutory as far as the use of Aadhar number for the delivery of benefits, subsidies and services the expenditure for which is incurred from the Consolidated fund of Gujarat. કાયદામાં આ જરૂરિયાત છે. Otherwise we cannot use આના માટે આ કોન્સોલીડેટેડ ફંડનો ઉપયોગ કરી શકતા નથી, કેન્દ્રમાં આ પ્રોવીઝન છે એટલે આપણે પણ આ પ્રોવીઝન એટલા માટે લાવ્યા છીએ કે ગુજરાતનું જે કોન્સોલીડેટેડ ફંડ છે, તે ફંડનો ઉપયોગ તમારે કરવો હોય ફોર રિકરીંગ એન્ડ નોન રિકરીંગ એકસપેન્ડીચર માટે આ basic requirement છે તેના માટે આ સરકાર દ્વારા આ બિલ લાવવામાં આવ્યું છે આ એકટ લાવવામાં આવ્યો છે એને હું સમર્થન આપું છું. The Act may be called The Gujarat Aadhar આ જે કાયદો છે એનું જેમ સેન્ટ્રલ ગવર્નમેન્ટનું પોતાનું નામ છે તેમ આ કાયદો can be called The Gujarat Aadhar (Targeted Delivery of Financial And Other Subsidies, Benefits and Services) Bill, 2017. કાયદાનું આ નામ છે. સબ સેકશન ટુ માં એવું છે કે આ કાયદો will come into force at once. તરત જ આ લાગુ પડશે, પરંતુ and the remaining provisions of this Act will come into force on such date. એવી કોઇ તારીખે as the State Government may by notification in the official gazette. ગેઝેટની અંદર બહાર પાડ્યા પછી બાકીના પ્રોવીઝનો લાગુ પડશે પણ કાયદો જેવો મંજૂર થશે તેવો જ લાગુ કરવામાં આવશે એ પ્રમાણે પણ જોગવાઇ છે, સેકશન ટુ વનમાં જુદા જુદા શબ્દોની વ્યાખ્યા આપવામાં આવેલ છે. જે સામાન્ય રીતે દરેક નવા કાયદાની અંદર હોય છે એ પ્રમાણે છે, એમાં આધાર નંબર, એજન્સી ઓફ સ્ટેટ ગવર્નમેન્ટ, authentication, benefits, biometric information, the consolidated fund of India, the Government, services and subsidy એવા શબ્દોની વ્યાખ્યાઓ એમાં આપવામાં આવેલી છે, આ સન્માનનીય ગૃહના લક્ષ ઉપર મૂકતા હું ગૌરવની લાગણી અનુભવું છું કેન્દ્ર સરકારે બનાવેલ આધાર કાર્ડ એકટમાં ડેટાની સલામતી, ગોપનીયતા, ડેટા શેરીંગ તેમજ આધાર નંબર ધારકની માહિતી પ્રમાણભૂતતાની ચકાસણી પ્રક્રિયા માટે ધ્યાન રાખવાનું. This is an absolute system. કે જેના કારણે આધાર કાર્ડ હોલ્ડરની બધી જ માહિતીઓ વિશ્વાસપૂર્ણ રીતે ખાનગી રહે, સલામત રહે, ગોપનીય રહે એ માટે આ એકટમાં પ્રોવીઝન કરવામાં આવ્યું છે. આ જોગવાઇ મુજબ આધાર નંબર હોલ્ડરનો ડેમોગ્રાફીક ડેટા એની સંમતિ વિના કોઇપણ એજન્સી, સંસ્થા કે વિભાગને ભારત સરકારની યુ.આઇ.ડી. ઓથોરિટિ દ્વારા આપવામાં આવતો નથી પરંતુ ખૂબ કોન્ફીડન્શીયલ રાખવામાં આવે છે. ભારત સરકારનો ડેમોગ્રાફીક ડેટા એમની સંમતિ વગર કોઇપણ કાર્ડ હોલ્ડરનો ડેટા બીજા કોઇને આપી શકાતો નથી. આધાર કાર્ડ હોલ્ડરની સંમતિ બાદ આપવામાં આવતો ડેટા ઉપયોગ કરનાર એજન્સી પૂર્ણ તેની સંમતિથી ડેટા એકવાર આપવામાં આવે તો પણ જે લાભાર્થી છે તેની સંમતિ વગર અન્ય સંસ્થા પણ તેનો ઉપયોગ કરી શકતી નથી. સન્માનનીય ગૃહના લક્ષમાં લાવતા બાયોમેટ્રીકસ માહિતી પૈકીની કોર બાયોમેટ્રીકસ એટલે કે દસ આંગળાની છાપ અને આંખની કીકીની ઇમેજ અને આધારકાર્ડ

હોલ્ડરની પ્રમાણભૂતતા અને દસ્તાવેજની માહિતી કોઇ પણ સંજોગોમાં કોઇ પણ સંસ્થા, એજન્સીને આપવામાં આવતી નથી સિવાય કે ઘેટ ઓપ્શન કે, જિલ્લા ન્યાયાધીશની કોર્ટની નીચેની કક્ષાની ન હોય તેવી કોર્ટનો હુકમ હોય રાષ્ટ્રીય સલામતીના હિતમાં ભારત સરકાર દ્વારા આવી માહિતી આપવા માટે નિયુકત કરેલ સંયુકત સચિવથી નીચેની કક્ષાના ના હોય તેવા અધિકારીના હુકમથી પરંતુ આવા હુકમના અમલીકરણ પર still there is a restriction upon this કે આ હુકમના અમલીકરણ પૂર્વ ભારત સરકારના કેબિનેટ સચિવ, કાયદા મંત્રાલયના સચિવ ઇલેકટ્રોનિકસ એન્ડ ટેકનોલોજી વિભાગની સમિતિ દ્વારા પણ સમીક્ષા કરવાની જોગવાઇ છે. આ સમિતિ સમીક્ષા કરે પછી જ તેને આપી શકશે. આ વિધેયકની મારી પાસે માહિતી છે પણ સમય વધી જાય અને આપ મને બેસવાનું કહો તે પહેલાં હું ફરી આ માનનીય નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રીશ્રીને અભિનંદન આપું છું અને આ બિલ અને કાયદાને સમર્થન આપું છું થેંકયુ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબમુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર પ્રજાલક્ષી આ બિલને અમારા સન્માનીય ધારાસભ્ય શ્રી આર.એમ.પટેલ અને શ્રી રણજીતભાઇ ગિલિટવાલાએ સમર્થન આપ્યું છે અને જે કાયદાકીય ઝીણવટભરી વિગતો મેં મારા પ્રવચનમાં શરૂઆતમાં નહોતી મૂકી એ બન્ને આ મહાનુભાવોએ અનુભવી ધારાસભ્યોએ ડિટેલમાં મૂકી છે અને વધુ સારી રીતે આપણે આ કાયદાને સમજી શકીએ એ પ્રમાણે સમર્થન આપ્યું છે એ બદલ હું બન્નેનો આભાર માનું છું અને આ બિલ મંજૂર કરવા દરખાસ્ત કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબમુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૭નું ગુજરાત આધાર (નાણાકીય અને અન્ય સહાયકી(સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૯, કલમ–૧, દીર્ઘસંજ્ઞા, ઇનેકટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબમુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૭નું ગુજરાત આધાર (નાણાકીય અને અન્ય સહાયકી(સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

હું માનનીય સભ્યશ્રીઓને ચોક્કસ એટલું કહીશ કે આજે અને આવનારા સમયમાં હવે ગુજરાતના કરોડો નાગરિકો જયારે જયારે આધારકાર્ડનો ઉપયોગ કરશે અને આપણાં બધા સહિત  લગભગ બધાને ફરજિયાત કરવાનો થવાનો જ છે ત્યારે આજની બેઠક બધાને યાદ આવશે કે અમે આ કાયદો મંજૂર કર્યો અને આ નવુ બિલ પાસ થયુ અને આ નવુ કાર્ડ અમારી પાસે આવ્યુ એટલે બધાને આપની અધ્યક્ષતામાં આ નિર્ણય વિજયભાઇ રૂપાણીની સરકારે કર્યો એવુ હંમેશા બધાને યાદ રહેશે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૭નું ગુજરાત આધાર (નાણાકીય અને અન્ય સહાયકી(સબસિડી), લાભો અને સેવાઓનું લક્ષિત વિતરણ) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ –માનનીય સભ્યશ્રી ગેરહાજર

ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા ( પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) :  માનનીય અધ્યક્ષશ્રી, •રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન – ૨૦૧૭ના વિધેયક[1] ક્રમાંક– ૩–સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક આપની પરવાનગીથી દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી  : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક – ૩–સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયતના બંધારણીય સુધારા કલમ – ૯૩૧૩ અને નગરપાલિકા સુધારા કલમ–૭૪, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧નો અમલ રાજ્યમાં તા.૧/૪/૧૯૬૩થી શરૂ કરવામાં આવેલ. બંધારણની કલમ –૯૩૧૩ સુધારા અન્વયે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ રદ કરી ગુજરાત પંચાયત અધિનિયમ –૧૯૯૩, તા.૨૬/૯/૯૩થી અમલમાં આવેલ. એ વખતે પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ–(૭) માં રાજ્ય સરકારને પંચાયતનું વિભાજન અથવા એકત્રીકરણ કરવાની બંધારણીય સત્તાઓ મળેલ છે પણ એની અસર સીધી એકત્રીકરણ

• વિધેયક તા.૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કરવામાં ૨૬૨ ઉપર જાય છે અને વિભાજન કરવામાં કલમ – ૨૬૩માં સુધારો કરવા ઉપર જાય છે. હું એમ કહીશ કે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ–૧૯૬૩ની કલમ – ૨૬૬ નગરપાલિકા અને પંચાયત બંને વિભાગ એકસરખા છે. કાયદાની રીતે બંધારણમાં સમાનતા જળવાય એ પણ જરૂરી છે. નગરપાલિકા કે પંચાયતની ચૂંટણી રાજ્ય ચૂંટણી પંચ જાહેર કરતું હોય છે. જેના કારણે સમાનતા જાળવવી જરૂરી જણાતી હતી. આજે જે પંચાયતોનું વિભાજન કરીએ છીએ એમાં જૂની પંચાયત હોય એ પંચાયતની સમય–મર્યાદા જેટલી બાકી હોય એ સમયે ચૂંટણી ફરીથી કરવી પડતી હોય છે. આજે સ્વાભાવિક છે કે, જો વિભાજન કરીએ પાંચ વર્ષની અંદર ત્રણ ચૂંટણી કરવી પડે. ગુજરાત પંચાયત અધિનિયમ –૧૯૯૩ની કલમ –૨૬૨ની પેટાકલમ–૨ અને ૨૬૩ની પેટા કલમ –૨ ગુજરાતની અંદર આ વટહુકમ તા.૨૧/૧૧/૨૦૧૬થી અમલમાં આવ્યો છે. આશય એટલો છે કે, ગમે ત્યારે પંચાયતનું વિભાજન કરીએ જે એની ઘટતી મુદ્દત માટે ચૂંટણી કરવી પડે એને બદલે હવે પછીની કોઇપણ પંચાયતનું વિભાજન થશે અથવા તો એકત્રીકરણ થશે તો એની અંદર નવી રચાતી ગ્રામ પંચાયત પોતાની પહેલી બેઠકથી પાંચ વર્ષની સમય–મર્યાદા મળશે. આ બાબતમાં ગુજરાતમાંથી સમાજ–જીવનના ઘણા લોકોની રજૂઆત આવી હતી. એની અંદર સ્પષ્ટતા એ કરું છે કે, આ કલમ વિભાજન અને એકત્રીકરણ પૂરતી જ લાગુ પડશે. પંચાયત ધારા – ૨૫૩ હેઠળ ગ્રામ પંચાયતનું વિસર્જન કરવામાં આવે એના ઘણા કારણો છે. પંચાયતની સત્તા બહાર ચાલતી હોય, પંચાયતની સત્તાનો દુરઉપયોગ થતો હોય, કાયદામાં સોંપેલી સત્તાઓ બજાવવામાં નિષ્ફળ જાય, આખી પંચાયત જો સાથે રાજીનામું આપે તો પંચાયતનું વિસર્જન કરવામાં આવે છે. તો પણ ચૂંટણીઓ આવતી હોય છે એ આ કલમથી એને કોઇને લાગુ પડશે નહીં. ફકત વિભાજન અને એકત્રીકરણને જ લાગુ પડશે. આ કલમમાં સુધારો લાવવાથી, આ જે વિભાજનના કારણે પેટાચૂંટણી, નવી પંચાયતના સભ્યોને મુદત મળે, આજે કોઇ પણ ચૂંટણી બે વર્ષમાં આવે તો સભ્યોને મુદત કામ કરવાની મળતી નથી એ સભ્યોને મુદત મળે અને પાંચ વર્ષ સુધી એ ફરજ બજાવી શકે, પછી ખર્ચનો વ્યય ન થાય, પાંચ વર્ષમાં ત્રણ ચૂંટણી ના કરવી પડે, એના કારણે આ બિલ હું આવ્યો છું. આજે આ બે કલમો સુધારવાનું જે બિલ હું લાવ્યો છું એ રાજયના હિતમાં છે અને રાજય સરકાર અને રાજય સરકારના આશય સાથે, રાજય સરકારનો આશય આની અંદર એટલો જ છે કે, સમય બચે, ચૂંટણી વધારે ન થાય અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને તક મળે તો માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૬૩ અને ૬૨માં હું સુધારો લઇને આવ્યો છું, એ સુધારો હું અહીં મૂકું છું.

પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી ગુજરાત પંચાયત સુધારા વિધેયક –૨૦૧૭, ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ વધુ સુધારવા માટે માનનીય મંત્રીશ્રી વિધેયક લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા માટે અને મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે એમાં પહેલાં તો માનનીય પંચાયત મંત્રીશ્રીને ધન્યવાદ અને અભિનંદન આપું છું કે આ ગુજરાતની સંવેદનશીલ સરકાર અને સંવેદનશીલ પંચાયત મંત્રીશ્રીએ જે વાત કરી, તો મારા જિલ્લાની જ વાત છે કે, ૧૯૯૩ પછીનો સુધારો, વર્ષોથી પંચાયતોની ચૂંટણીઓ થતી હશે, એકત્રીકરણ અને વિભાજન પણ થતું હશે, એકત્રીકરણ અને વિભાજનની વાત અત્યાર સુધી લોકો વચ્ચે કદાચ રહી હશે. મારા જિલ્લામાં પંચાયતનું વિભાજન થયું અને વિભાજન થયા પછી ચાર મહિને ફરીથી પંચાયતની ચૂંટણી આવે, બધા લોકો ભેગા થઇને આવ્યા, જિલ્લાના આગેવાનો અને અમે બધા જ માનનીય પંચાયત મંત્રીશ્રી પાસે આવ્યા હતા અને અમને સ્વાભાવિક રીતે એમ થાય કે ભઇ, ફરીથી ચૂંટણી કેવી રીતે થાય, ચાર મહિનાઓમાં ફરીથી ચૂંટણી, એવો કયો કાયદો? પણ કહે કે, ના આ તો કાયદામાં જોગવાઇ છે તમારે ચૂંટણી કરવી જ પડશે, પણ માત્ર આ રજૂઆતને ધ્યાને લઇને તરત જ પંચાયત મંત્રીશ્રીએ એવું કહ્યું કે, આમાં જે કરવું પડે એ કરશું, અને જે વટહુકથી અસર આપીને જે અસર કરી છે અને એટલા માટે આ સંવેદનશીલ સરકાર હું કહું છું કે પ્રજાના ધ્યાન ઉપર જેવી વાત આવી અને એ વાતનું તાત્કાલિક અમલીકરણ માનનીય મંત્રીશ્રીએ કર્યું છે એ માટે એમને ફરીથી લાખ લાખ અભિનંદન અને ધન્યવાદ આપું છું, આ વાત એટલા માટે હું કહું છું કે, પંચાયતનું એકત્રીકરણ અને વિભાજન એ તો રૂટીન પ્રક્રિયા છે. પ્રજા તો એમ જ માને કારણ કે કાયદામાં જોઇવાઇ છે કે ચાર મહિનાની અંદર વિભાજન થાય અને આ ચાર મહિનાની અંદર ફરીથી પંચાયતની ચૂંટણી થવી જોઇએ અને જે ચૂંટણી થાય અને જેમ કાયદામાં બતાવ્યું છે કે કલમ ૨૬૩ કે જેટલી મુદત પાંચ વર્ષની રહી હતી એટલી જ મુદત માટે પંચાયત અસ્તિત્વમાં રહે કેમકે ચૂંટણી થાય એમાં સભ્યો પાંચ વર્ષ માટે ચૂંટાણા છે જયારે નગરપાલિકા અધિનિયમ છે, આમાં ૨૬૬માં એવી જોગવાઇ છે કે નગરપાલિકામાં વિભાજન કરીએ અને એમાં જો ચૂંટણી થાય તો એમાં પાંચ વર્ષ રહે, કાયદાની જોગવાઇ એ છે કે, કલમ ૨૬૬, ૨૬૩ એકને પાંચ વર્ષ મળે અને એકને પાંચ વર્ષમાં ત્રણ ચૂંટણીઓ પણ કરવી પડે, આ જે સમસ્યા હતી, આ સમસ્યાનું આ બિલ લાવીને નિરાકરણ લાવ્યા છે ત્યારે સમગ્ર ગુજરાતના પ્રજાજનો વતી જે રાજય સરકારે કર્યુ છે અને રાજયના પંચાયત મંત્રીશ્રી આ જે બિલ લઇને આવ્યા છે ત્યારે તેને હું અનુમોદન આપું છું, અભિનંદન આપું છું અને જેને લીધે અમે પણ અત્યાર સુધી એમ જ માનતા હતા કે ચૂંટણી ન થાય, ચાર મહિનામાં કેવી રીતે ચૂંટણી આવે? ત્યારે માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે એમને ધન્યવાદ, અભિનંદન આપું છું અને આની અંદર જે ફેરફાર ૧૯૯૩ની વાત છે, ૨૨ વર્ષ થયાં, ૨૨ વર્ષમાં તો કેટલીય ચૂંટણીઓ આવી ગઇ અને જે પ્રજાએ મુશ્કેલીઓ વેઠી છે એમાંથી બહાર લાવવા માટેનું આ સરાહનીય પગલું ભર્યું છે એટલા માટે પંચાયત મંત્રીશ્રીને હું ખૂબ ખૂબ ધન્યવાદ અને અભિનંદન આપું છું અને આ બિલને અનુમોદન આપીને મારી વાત પૂરી કરું છું. આભાર.

તા. ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક લઇને આવ્યા છે તેને અનુમોદન આપવા તથા મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

હમણાં જ માનનીય મંત્રીશ્રીએ ભારત સરકારના સંવિધાનની કલમ ૭૩ અને ૭૪ અન્વયે રાજય સરકારે સન ૧૯૯૩માં પંચાયત એકટમાં સુધારો કર્યો અને સન ૧૯૬૧નો પંચાયત ધારો રદ કર્યો. અત્યારે પંચાયત અને નગરપંચાયત વચ્ચે અર્થઘટનમાં ફેરફાર હતો, આ વિધેયકથી કોઇપણ ગ્રામ પંચાયત હોય એનું એકત્રીકરણ કે વિભાજન કરવામાં આવે પછી એની ટૂંક સમય માટે ચૂંટણી કરવી પડતી હતી એટલે જે કોઇ બોડી ચૂંટાઇને આવે એને પાંચ વર્ષનો પૂરો સમય મળતો નહોતો સાથે સાથે સમય અને પૈસાનો પણ વ્યય થતો હતો. તેથી એમાં સુધારો કરવા માટે થઇને આ બિલ લાવ્યા છે. આના લીધે જે તે પંચાયતને પાંચ વર્ષનો સમય મળશે. કલમ ૨૬૨ અને કલમ કલમ ૨૬૩ એકત્રીકરણ કરવાનું હોય કે વિભાજન થતું હોય તો એમાં ત્રણ ચૂંટણીને બદલે બે ચૂંટણી થશે એટલો સુધારો લાવ્યા છે એ ગુજરાતની જનતા માટે ખૂબ ઉત્તમ છે.

મારા મોરબી વિસ્તારમાં ભૂકંપ વખતે આખે આખા ગામો નષ્ટ થઇ ગયા હતા. જે મોટા ગામો હતા એ ખેતીવાડીને અનુરૂપ ગામો બન્યા એના લીધે પંચાયતો અલગ થઇ એ વખતે આવી જોગવાઇ નહોતી. તેથી સરપંચશ્રીઓની પણ રજૂઆત હતી એ રજૂઆતોને ધ્યાને લઇને માનનીય મંત્રીશ્રી આ સુધારા વિધેયક લઇને આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા આ સુધારા વિધેયક ઉપર માનનીય સભ્યશ્રી પરબતભાઇ અને માનનીય સભ્યશ્રી બાવનજીભાઇએ પોતાના વિચારો વ્યકત કર્યા.

મારો આમાં આશય એટલો જ છે કે ઘણા ગામોમાં દોઢ વર્ષમાં ચૂંટણી આવે તો ઘણા ગામોમાં એક વર્ષમાં ચૂંટણી આવતી હતી એવું આ સરકારના ધ્યાનમાં આવ્યું એ બાબત માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીના ધ્યાને મૂકતા તેઓએ જણાવ્યું કે આમાં સુધારો કરવો જ જોઇએ. એટલે આપણે આ સુધારા વિધેયક લઇને આવ્યા છીએ. પંચાયતોનું વિભાજન થાય એને હવે પાંચ વર્ષ કામ કરવાનો સમય મળશે. અત્યારે પાંચ વર્ષમાં ત્રણ વખત ચૂંટણી થતી હતી એના બદલે હવે બે જ વખત ચૂંટણી થશે. હું જે સુધારા વિધેયક લઇને આવ્યો છું એને સૌ સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે તેવી વિનંતી છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૩–સન ૨૦૧૭નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૪, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૩-સન ૨૦૧૭ના ગુજરાત પંચાયત(સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૩-સન ૨૦૧૭ના ગુજરાત પંચાયત(સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૫

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) :

માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક –૫– સન ૨૦૧૭ના ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૭ના ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ એક સુધારા વિધેયક છે. ખાસ કરીને તાજેતરમાં એક વટહુકમ લાવવામાં આવ્યો હતો અને તેને કાયદાનું સ્વરૂપ આપવા માટે આજે આપ સૌની સમક્ષ અમારો વિભાગ હાજર થયો છે.

---

• વિધેયક તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

ફાલ્ગુન ૧, ૧૯૩૮ શાકે

## ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક

માનનીય અધ્યક્ષશ્રી, નગરરચના માટેની જે મુસદ્દારૂપ નગરરચના યોજના હોય તેને સમુચિત સત્તામંડળ દ્વારા તૈયાર કરી અને રાજય સરકારની મંજૂરી અર્થે તેને રજૂ કરવામાં આવે છે. સરકારશ્રી દ્વારા મંજૂર કરાયેલ મુસદ્દારૂપ નગરરચના યોજનાને આખરી કરવા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરવામાં આવે છે અને નગરરચના અધિકારી સંબંધિત હિત ધરાવતા વ્યક્તિઓને સુનાવણીની પૂરતી તકો આપી, પોતાના નિર્ણયો જાહેર કરી સરકારશ્રીની મંજૂરી અર્થે રજૂ કરે છે. મંજૂર થયા બાદ સત્તા મંડળ દ્વારા તેનું અમલીકરણ કરવાનું રહેતું હોય છે. હાલમાં રાજય સરકાર દ્વારા કલમ–૨૨ અને કલમ–૫ હેઠળ કુલ ૨૭ શહેરી સત્તા મંડળો આવેલા છે તેમજ કલમ–૬ હેઠળ કુલ ૧૦૨ વિસ્તાર વિકાસ સત્તા મંડળો નક્કી કરેલા છે. આમ, રાજય સરકારમાં કુલ ૧૨૯ સમુચિત સત્તા મંડળો કાર્યરત છે, જેમાંથી ૮ મહાનગરપાલિકા વિસ્તાર, ૧૨૬ નગરપાલિકા વિસ્તાર અને ગ્રામ પંચાયત વિસ્તાર. રાજયમાં કુલ ૬૬૦ નગરરચના યોજનાઓની કામગીરી અત્યારે જારી છે. સરકાર દ્વારા તા. ૩–૧૦–૨૦૧૬થી રાજયના સમગ્ર શહેરી વિસ્તાર માટે સામાન્ય વિકાસ, નિયંત્રણ, વિનિયમો અને એક સમાન પ્રોસીજર, રેગ્યુલેશન અને પર્ફોર્મન્સ, રેગ્યુલેશન બહાર પાડવામાં આવેલ. આમ રાજય સરકાર રાજયના શહેરી વિસ્તારોનો સુયોજીત વિકાસ થાય તે માટે યોજનાઓ અને નગરરચના યોજનાઓ ઝડપથી બને તે માટે પ્રતિબદ્ધ છે અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬માં ગુજરાત અધિનિયમ ૧૧–૨૦૧૪થી કેટલાક સુધારાઓ કરવામાં આવ્યા. કલમ ૫૧ની જોગવાઇમાં પણ સુધારો કર્યો હતો જે અનુસાર જે મુસદ્દા નગર રચના યોજનામાં આ જોગવાઇની અમલીકરણની તા. ૨૧–૧–૨૦૧૫ અથવા તે પહેલા નગર રચના અધિકારીશ્રીની નિમણૂક થયેલ હોય તેવી યોજનાઓ પૂર્ણ કરવાની સમય મર્યાદા ૨૧–૧–૧૫ થી ૧૮ માસથી વધારી શકાશે નહિ તેવી જોગવાઇ કરવામાં આવેલી હતી. આ જોગવાઇ કરવાનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે નગર રચનાઓની યોજનાઓ ઝડપથી અને સમયસર બને અને એના લાભ જાહેર જનતાને ઝડપથી મળતા થાય. આ જોગવાઇની અમલીકરણ તા. ૨૧–૧–૨૦૧૫ ના રોજ કુલ ૪૩૪ નગર રચના યોજનાઓ પૂર્ણ કરવાની બાકી હતી. એ ૨૦–૬–૧૬ પહેલા પૂર્ણ કરવાની થાય. આ દરમિયાન ૭૩ નગર રચના યોજનાઓ પૂર્ણ કરી દેવામાં આવી પરંતુ ૩૨૧ નગર રચના યોજના વહીવટી માપણી, કાયદાકીય પ્રક્રિયાઓ અને રાજય સરકાર સહિતની અન્ય સંસ્થાઓની સુનાવણી, સમૂચિત સત્તા મંડળના પરામર્શ, ખાનગી જમીન માલિકો તરફથી માગેલ મુદતોને કારણે ૧૮ માસમાં પૂર્ણ થઇ શકેલ નહોતી. જેથી નગર રચના યોજનાઓના ૧૮ માસની સમય મર્યાદા આપણે કાયદામાં કરેલી હતી એ સન ૨૦૧૬ સુધીમાં પૂર્ણ થઇ શકે તેમ ન હોવાને કારણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬માં ગુજરાત અધિનિયમ, ક્રમાંક ૧૧(૧૪) થી કલમ ૫૧ થી થયેલ સુધારા મુજબ નગર રચના યોજનાઓ ૧૮ માસની સમય મર્યાદા પૂર્ણ કરવાની જે જોગવાઇ કરેલી તે રદ કરવાપાત્ર છે અને ૧૮ માસની સમય મર્યાદા તારીખ ૨૦–૭–૨૦૧૬ના રોજ પૂર્ણ થયેલ જે અધિનિયમની કલમ ૫૧માં જોગવાઇને રદ કરવામાં ન આવે તો ૨૦–૭–૧૬ પછી નગરરચના યોજનાઓ પૂર્ણ કરવાની કાર્યવાહી નગર રચના અધિકારી કરી શકે નહિ. આથી નગર રચના યોજનાઓ પૂર્ણ કરવાની કામગીરી અટકી પડે અને આવું ન થાય એટલા માટે ગુજરાત વિધાનસભાનું સત્ર ચાલુ ન હતું અને આગામી વિધાનસભાનું સત્ર મળે ત્યાં સુધી સુધારો કરવો ખૂબ જરૂરી હતો. જેના કારણે ૪–૧૦–૧૬ના રોજ વટહુકમ બહાર પાડવામાં આવ્યો એને કાયદાનું સ્વરૂપ આપવા માટે અહીંયા લાવ્યા છીએ. અગાઉ જે કાયદો હતો અને આ જે વટહુકમ લાવ્યા એ વટહુકમને સુધારા કાયદાનું એક સ્વરૂપ આપવાનું છે એટલે આ એક નાનકડો સુધારો છે, માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે આ સુધારાને માન્ય રાખે તેવી વિનંતી કરું છું.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ સુધારા વિધેયક સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક–૫ માનનીય મંત્રીશ્રી સુધારા વિધેયક લઇને આવ્યા છે એના ઉપર હું મારા અને મારા પક્ષના મંતવ્યો રજૂ કરું છું.

આ સુધારા લાવવાનું મુખ્ય કારણ ગુજરાતે આજે પોતાની સ્વયં ઓળખ ઉભી કરી છે. ગુજરાતે આજે દુનિયાના વિકસીત દેશોમાં પોતાનું એક નામ દર્જ કરાવ્યું છે. માનનીય મંત્રીશ્રીએ સુધારાના કારણો કહ્યા. ખાસ કરીને મહાનગરપાલિકામાંથી હું આવું છું ત્યારે ઔડા અને ગાંધીનગરના ગુડાની એક યોજના તૈયાર કરી છે. જે પૈકી ઔડાની પણ વિકાસ યોજના ડિસેમ્બર, ૨૦૧૪માં રજૂ થઇ છે અને ગુડાની વિકાસ યોજનાને કદાચ સત્વરે મંજૂરી પણ આપવામાં આવનાર છે. અમદાવાદ અને ગાંધીનગર આજથી પંદર વર્ષ પહેલા બંનેની અલગ ઓળખ હતી. પરંતુ સમય જતા અમદાવાદ અને ગાંધીનગરનો સંકલિત વિકાસ થયો એટલે ભવિષ્યની જરૂરિયાત એના અનેક પડકારો પણ ઉભા થયા છે. જે રીતે ગુજરાતમાં છેલ્લા કેટલાય વર્ષોથી વાયબ્રન્ટની સફળતા અને ગિફ્ટ સિટીનો વિકાસ થતાં આ પડકારો વધવાના છે. એટલે કે આ વિસ્તારમાં ગાંધીનગર અને અમદાવાદ જેમાં મહાત્મા મંદિર પણ આવ્યું છે. રોકાણકારો માટે ચર્ચાનું એક મોટું બિંદુ પણ બની ગયું છે. સાથે હમણાં દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇએ ગાંધીનગર રેલવે સ્ટેશન ઉપર કેન્દ્ર સરકાર દ્વારા મોટી હોટલનું નિર્માણ કરવાનું પણ આયોજન કર્યું છે. હોટલ હોય અને આવી બધી વ્યવસ્થા હોય એટલે સ્વાભાવિક રીતે ઔડા અને ગુડાના વિસ્તારમાં મોટા પ્રમાણમાં રોકાણની સંભાવના થવાની છે. ગીફ્ટ સીટી અને તેની આજુબાજુના વિસ્તારમાં આ અસર ગુડાની વિકાસ યોજનામાં દેખાય છે. ઔડા દ્વારા ગુડાના વિકાસને પૂરક બની રહે તે માટે મોટા રસ્તા હોય, બાગબગીચા હોય તેમજ અન્ય વ્યવસ્થાઓ માટે લગભગ હજાર થી બારસો હેકટરમાં નવી ટી.પી. સ્કીમોનું આયોજન ઔડા અને ગુડા દ્વારા થઇ રહ્યું છે. આપણે સૌ જાણીએ છીએ તેમ ઔડા દ્વારા ટી.પી. સ્કીમની મદદથી સરદાર પટેલ રીંગ રોડ જે અમદાવાદ અને ગાંધીનગરની ઓળખ થઇ ગઇ છે અને રાષ્ટ્રીય કક્ષાએ એનું ઉદાહરણ અપાય છે એ જમીન સંપાદન

અધિનિયમની જોગવાઇઓ વગર આયોજન શકય નહોતું. અન્ય રાજયો પણ આને દ્રષ્ટાંત તરીકે લેતા હોય ત્યારે શહેરી આયોજન ક્ષેત્રમાં જે રીતે મહાનગર અમદાવાદ શહેર હોય, બી.આર.ટી.એસ.નું જે આયોજન થયું છે, માળખાકીય સુવિધાઓ પણ મળે, નગર રચના યોજનાથી એમાં મળતા રસ્તા હોય એમાં મળેલા હેતુસર પ્લોટો હોય એને ફળીભૂત થતા એ બી.આર.ટી.એસ. હોય, એ સાબરમતી રીવરફ્રંટ હોય કે પછી બહુહેતુક માટે કાંકરીયા તળાવ કે તેની આજુબાજુમાં કાંકરીયા લેકફ્રંટના પુનઃવિકાસના પણ કામો થયા છે. હમણાં એસ.પી. રીંગ રોડ પર એફોર્ડેબલ હાઉસીંગ માટે સૌનો સાથ સૌનો વિકાસ, સામાન્ય માનવી પણ પોતાનું મકાન ખરીદી શકે એવા એફોર્ડેબલ હાઉસીંગ માટે પણ યોજના અને વ્યવસ્થા આ નગરરચનાની યોજનામાં થયેલ છે. આ જ રીતે ગાંધીનગરની વાત કરીએ તો સને ૨૦૧૦માં રાષ્ટ્રીય કક્ષાના ગીફટ પ્રોજેકટ માટે નવા સત્તા મંડળની રચના થઇ અને ત્યારબાદ ગીફટમાં અનેક રોકાણો થયા છે. ભવિષ્યમાં પણ રોકાણો વધવાના છે તેમજ ગુડા વિસ્તારમાં પણ અનેકગણી રોજગારી અને રોકાણની તકો ઉભી થશે ત્યારે આ તકો ઉભી થવાથી રાજયને ખુબ મોટા પ્રમાણમાં લાભો થશે, સાથેસાથે આજુબાજુના વિસ્તારના વિકાસ માટેની તકો પણ ઉભી થશે એ રાષ્ટ્ર અને રાજયના હીતમાં પણ છે પરંતુ આવા વિકાસ માટે જરૂરી સુવિધાઓ પૂરી પાડવા માટે નગરરચના યોજનાઓ બનવી ખૂબ જ અનિવાર્ય છે અને સંભવતઃ મોટા કદની નગરરચના બનાવવાના હેતુલક્ષી આયોજન કે જે આવા રોકાણને પ્રોત્સાહન આપે છે તે અનિવાર્ય પણ છે. પી.ડી.પી.યુ. હોય કે લો યુનિવર્સિટી હોય એનું આયોજન એ નગરરચના યોજના મારફતે થયેલ છે. આ બંન્ને સંસ્થાઓની આજુબાજુના વિસ્તારમાંથી અનેક વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણનો લાભ મેળવેલ અને આવી શૈક્ષણિક વ્યવસ્થાથી આજુબાજુના વિસ્તારોનો પણ વિકાસ થાય છે. પૂર્વ વિસ્તારમાં જયારથી ગીફટ સીટીનું આયોજન થયું તેનાથી પ્રેરણા લઇ ગુડા દ્ધારા ન્યુ ગાંધીનગર બનાવવાની પણ વિચારણા કરેલ છે. આ પ્રકારનું આયોજન એ નગરરચના યોજનાથી થાય એ અલગ પ્રકારની વિચારણા છે અને તેનાથી માત્ર જુના શહેરો જ નહીં પણ નગર રચના યોજનાઓ પણ બને અને નવા શહેરોનું પણ આયોજન શકય બની શકે છે તેવો અભિગમ એ ગુડા દ્ધારા વિચારાયેલ છે. હવે જયારે આવી અલગ અલગ પ્રકારની વિચારણા હાથ ધરવાની હોય ત્યારે અઢાર માસની જે સમયમર્યાદા છે એ નવી વિચારણા માટે કદાચ બાધારૂપ બની શકે છે. જમીનની માપણી હોય, લોકોની જરૂરીયાત સંતોષાયા વગર તેમની નગર રચના બનાવવા માટે અઢાર માસથી થોડો સમયનો વધારો જરૂરી છે. યોજનાની સફળતા માટે લોકોને નગર રચના યોજનાના આયોજનથી સંતોષ થાય એ પણ એટલું જ મહત્વનું છે અને તેના માટે તમામ જમીન માલિકોને સાંભળવા એ પણ અનિવાર્ય બને છે. મોટી નગરરચના યોજના જયારે પણ હાથ ધરવામાં આવે છે ત્યારે આ કામગીરી એટલે કે એની માપણીની કામગીરી હોય, એની સુનાવણીની કામગીરી એ થોડી અઘરી પણ બનતી હોય છે અને તેમાં થોડો સમય પણ વધારે જોઇતો હોય છે ત્યારે એ અઢાર માસની સમયમર્યાદા માત્ર નગરરચના યોજના ઝડપી બને તે માટે લાગુ કરવાથી અનુભવ મુજબ આ યોજનામાં પાછળથી ખૂબ સુધારા કરવા પડે છે જેથી અઢાર માસની મર્યાદાને આ યોજના સાથે સાંકળી લેવાની બાબતે લોકોના હીતને કે પડતી મુશ્કેલીઓને પણ સાંકળમાં બાંધવું ગણાય તેથી અઢાર માસની સમયમર્યાદા દૂર કરવાની કલમ-૫૧ની જે ભલામણ છે એ માનનીય મંત્રીશ્રી દ્ધારા રજૂ કરેલ વિધેયકની જોગવાઇમાં ખૂબ મહત્વની હોઇ આ વિધેયકને હું મારો ટેકો આપુ છું.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, શંકરભાઇ ચૌધરી સુધારા વિધેયક ૨૦૧૭ નગર યોજના અંગે લઇને આવ્યા છે એના અંગે કેટલાક વિચારો વ્યક્ત કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત આઝાદ થયો ૧૯૪૭માં, ૧૯૪૭ થી શરૂ કરીને જુઓ તો સૌથી પહેલા ગુજરાતની અંદર નગરરચના યોજનાની શરૂઆત ૧૯૭૮ માં થઇ. એનું શ્રેય બાબુભાઇ જશભાઇ પટેલની જનતા સરકારને જાય છે. આ વચ્ચેના ગાળામાં જે પ્રકારની શહેરની વિકાસની યોજના વધી, જે પ્રકારે ગામડામાંથી શહેર તરફ લોકો આવ્યા અને જે આડેધડ શહેરનો વિકાસ થતો હતો, સુનિયોજીત, આયોજીત વ્યવસ્થા ન હતી. મને બરાબર યાદ છે કે ગોંડલ સહિતના રાજા-રજવાડા તે વખતના એને ૧૦૦ વર્ષ પહેલા જેને આઝાદી મળ્યા પહેલાના જે રજવાડા હતા એણે ૧૦૦ વર્ષનો વિચાર કરીને જે તે વખતે ટાઉન પ્લાનિંગ સ્કીમ અમલમાં મૂકી હતી. ગોંડલનો કોઇ પણ વિસ્તાર જુઓ, ધોરાજી, ઉપલેટા જુઓ ૧૦૦ વર્ષ સુધીમાં તમે કોઇ પણ એક એક કિલો મીટરની ત્રિજ્યામાં કયારે પણ બિનખેતીમાં મૂકો ત્યારે એના રસ્તા, ફૂટપાથ, સ્કુલ, સ્કુલના પ્લે ગ્રાઉન્ડ બધા પ્રકારના આયોજન મૂકવાની વ્યવસ્થાની જોગવાઇ હતી પણ એ જોગવાઇ ગુજરાતમાં ૧૯૭૮માં જનતા મોરચનાની સરકાર વખતે દાખલ થયેલી અને આજે ૨૦૧૭ની અંદર જ્યારે આપણે જોઇએ છીએ ત્યારે હું રાજકોટ સિટીમાંથી આવું છું અને રાજકોટ સિટીનું પ્રતિનિધિત્વ કરું છું. ૧૯૬૯માં જ્યારે રાજકોટ આવ્યો ત્યારે રાજકોટનો વિસ્તાર હતો અને આજે ૨૦૧૭માં રાજકોટનો વિસ્તાર જે વધ્યો છે. આ વધતી જતી વસ્તી અને વિકાસને ધ્યાનમાં રાખીને જો એનું સુનિયોજીત આયોજન કરવામાં ના આવે તો એના રસ્તા, ગટર, લાઇટ, પાણી, ડ્રેનેજની સુવિધાઓ, બગીચાઓ, સ્કુલ, કોલેજ, પ્લે-ગ્રાઉન્ડ એનું સુનિયોજીત આયોજન કરવામાં ના આવે તો એ શહેરનો વિકાસ સુનિયોજીત થતો નથી અને પહેલીવાર ૨૦૦૪માં જ્યારે રાજકોટનો વિકાસનો નકશો વધ્યો હતો અને ૬૮૬ હેકટર જમીનની અંદર ૬૮૬ કિલો મીટરની ત્રિજ્યાનો વિસ્તાર રૂડાની અંદર ભેળવ્યો અને એક વિકાસની શરૂઆત થઇ. પણ ૬૮૬ કિલો મીટરની ત્રિજ્યાનો વિસ્તારની અંદર આજે ૨૦૧૭માં જોઇએ તો અનેકવિધ ક્ષેત્રોનો વિકાસ થયો છે. સારામાં સારું સ્ટેડિયમ આજે ખંડેરી ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું બન્યું છે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રોના મેચો રમાય છે અને મને કહેતા આનંદ છે કે આજે સૌરાષ્ટ્ર અને ગુજરાતના ચાર-ચાર ખેલાડીઓ ટેસ્ટ મેચની અંદર આજે રમતા થયા છે. પહેલા આપણે એક પણ ગુજરાતનો ખેલાડી ટેસ્ટ મેચમાં રમતો ન હતો. એ જ પ્રકારે રાજકોટની વાત કરું

તો શાપર–વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ મોટું હબ છે. એ જ પ્રકારે કાલાવાડ રોડ ઉપરનું મેટોડા ઈન્ડસ્ટ્રીયલ મોટું હબ છે તો આ બધા જ હબને જોડવા માટે હમણાં જે આપણે છેલ્લી વિકાસ યોજના મંજૂર કરી. એ વિકાસ યોજનામાં ૧૦૦૦ હેકટરને ધ્યાનમાં લઇને એનો વિકાસ નકશો બનાવવામાં આવ્યો. પહેલા ૮૦ થી ૧૦૦ હેકટરની ત્રિજ્યાની અંદર ટી.પી. સ્કીમ બનતી હતી. આજે ૧૦૦૦ હેકટરને ધ્યાનમાં લઇને જ્યારે વિકાસનો નકશો બને છે ત્યારે મને કહેતા આનંદ છે કે રાજકોટ શહેરી વિસ્તારની અંદર એક માત્ર બે જ ગ્રાઉન્ડ હતા. એક લાલબહાદુર શાસ્ત્રી મેદાન અને બીજું રેસકોર્સનું મેદાન. આજે ત્રીજું ૫૦.૫૩ હેકટરમાં એક નવું સારામાં સારું મેદાન આકાર લઇ રહ્યું છે એ ક્યારે સાકાર થાય? ૧૦૦૦ હેકટરનું તમે જો પ્લાનિંગ કરો તો અને આ પ્લાનિંગ માત્ર માનનીય શંકરભાઇએ વાત કરી કે ૧૮ માસની અંદર કાર્ય પૂર્ણ કરવાનું રહેશે એવો નિયમ હતો. પણ જ્યારે આટલી મોટી જમીન સંપાદન કરવાની હોય, ખેડૂતોને સમજાવવાના હોય, એકબીજાને પ્લોટનું આદાનપ્રદાન કરવાનું હોય ત્યારે એ શક્ય નથી કે ૧૮ મહિનામાં પૂરું થાય. ત્યારે એ સમય લંબાવવા માટેના વિધેયકને પણ મારું સમર્થન આપું છું અને જે પ્રકારે નવો સુધારા ખરડો આવ્યો છે એને મારું સમર્થન આપીને સર્વાનુમતે મંજૂર થાય એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સુધારા વિધેયક ઉપર આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી રાકેશભાઇ શાહ અને શ્રી ગોવિંદભાઇ પટેલ બન્નેએ પોઝેટિવ અને સમર્થન આપતી ઘણી બધી બાબતો મૂકી છે.

મારી એક બાબત ધ્યાન ઉપર મૂકીશ અને આગળની કાર્યવાહી કરીએ. ૧૯૧૫ થી ૧૯૬૦ સુધીમાં માત્ર ૩૨ જેટલી આવી નગર રચનાઓ બનેલી હતી. ૧૯૬૦ થી ૨૦૦૦ સુધીમાં ૭૭૬ અને ૨૦૦૦ થી ૨૦૧૦ એટલે અગાઉની ૩૨ને બાદ કરીએ તો એ સમયગાળા દરમિયાન ૧,૦૯૪ એટલે અગાઉ આ પ્રમાણેનું કોઇ પ્લાનીંગ હતું જ નહીં અને ૨૦૦૨થી લઇ ૨૦૧૦ સુધીમાં ૩૫૮ જેટલી નગર રચના માટેની યોજનાઓ બની. અને ૨૦૧૧થી ૨૦૧૬ સુધીમાં છેલ્લા ૬ વર્ષની અંદર જોઇએ તો ૫૭૦ જેટલી યોજનાઓ બનાવવવામાં આવેલ અને અગામી ત્રણ વર્ષની અંદર ૨૦૨૦ સુધીમાં ૬૦૦ જેટલી નગર રચના માટેની યોજનાઓ બનાવવાનું પ્લાનીંગ કરવું પડશે. હવે આ કામ ઘણું બધું મોટું છે અને પ્રોસેસ પણ માનનીય સભ્યશ્રી ગોવિંદભાઇએ હમણાં જે પ્રમાણે વાત કરી એ પ્રમાણે એનું હિયરીંગ બાકીની કોર્ટ મેટર, આવી ઘણી બધી પ્રક્રિયાઓ હોય છે અને લોંગ ટાઇમ કામ કરવું પડે તે પ્રમાણેનું આ પ્લાનીંગનું કામ છે. કેટલાક સુધારા પણ મેં કર્યા છે કે, જુની નગર રચના માટેની યોજના જે ૫૦ થી ૨૦૦ હેકટર માટેની બનાવવામાં આવતી એમાં નવા અભિગમ માટે ૪૦૦ થી ૨૦૦૦ હેકટર સુધીની આ યોજનાઓ બનાવવાની આપણે શરૂઆત કરી છે. અને હમણાં રાજકોટની જ જે વાત કરી એ પ્રમાણે એક બે ઉદાહરણ હું આપીશ કે, રાજકોટની વિકાસ યોજનામાં ૭૫ મીટર પહોળો ૩૭ કિલોમીટરની લંબાઇનો નવો રીંગ રોડ અને એને લાગુ લગભગ ૩૭ ચોરસ કિલોમીટરની ટી.પી.ઓનું પ્લાનીંગ અત્યારે ચાલી રહ્યું છે. ૯૩.૫૩ હેકટરમાં રાજકોટમાં ન્યૂ રેસકોર્ષમાં સ્માર્ટ સિટી બનાવવાનું જે આયોજન છે તેનું પણ પ્લાનીંગ ચાલી રહ્યું છે. અને સુરતમાં ડ્રિમ સિટી અને તેની આજુબાજુના વિસ્તારમાં અંદાજીત ૧૬૦૦ હેકટર ટી.પી. સ્કીમનું સંકલિત આયોજન અને ઔડા અને ગુડામાં માનનીય રાકેશભાઇએ જે પ્રમાણે કહ્યું તો ગુડામાં નવા ગાંધીનગર માટેનું ૧૮૫૩ હેકટરનું આયોજન અત્યારે ચાલી રહ્યું છે. સુરતમાં ૯૦ મીટર પહોળા ૬૬ કિલોમીટરની લંબાઇના રસ્તાઓનું પણ પ્લાનીંગ છે અને સુરતની અંદર ૧૨૦ મીટર પહોળા ૭૯ કિલોમીટર લંબાઇના રસ્તાનું પણ પ્લાનીંગ કરવામાં આવી રહ્યું છે. આ માત્ર મેં મહાનગરની વાત કરી, એ સિવાય નગરપાલિકાઓ, બાકી કક્ષાએ પણ બહુ મોટા પ્રમાણમાં પ્લાનીંગ ચાલી રહ્યું છે અને વટહુકમ દરમિયાન પણ કામગીરી ચાલુ રહી અને ૩૩ ટી.પી. સ્કીમો રાજ્ય સરકારની અંદર પણ સાદર કરવામાં આવી છે અને અત્યારે પણ આ લાંબાગાળાનું કામ કરવાનું હોઇ એક સુઆયોજિત અને સુવિધા સાથેનું ગુજરાત બને તે પ્રમાણેની ભારતીય જનતા પાર્ટીની અમારી સરકારની જે નેમ છે તેને આગળ વધારવા માટે આ વિધેયકને સર્વાનુમતે સૌ સમર્થન કરે તેવી વિનંતી કરું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ(સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ– ૨ અને ૩, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ(સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૧૭નું ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ(સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૪–૪૦ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર
મંગળવાર, તા.૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭
તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
મંગળવાર, તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭
ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ માં ગાલા ડિનર બાબત

* ૨૭૭૩૭ શ્રી શૈલેષ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જાન્યુઆરી માસમાં યોજાયેલ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ માં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે યોજાયેલ ગાલા ડિનરમાં ક્યા દેશની કેટલી નામાકિત હસ્તીઓ ઉપસ્થિત હતી, અને | (૧) વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૭ માં પધારેલ વિદેશના રાજ્ય અધ્યક્ષશ્રીઓ, રાષ્ટ્રપતિશ્રીઓ, વડાપ્રધાનશ્રીઓ, નાયબ વડાપ્રધાનશ્રીઓ, વિદેશના રાજ્યના ગર્વનરશ્રી અને વડાઓ, વિદેશના મંત્રીશ્રીઓ, ઉપમંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ, નોબલ લોરીએટશ્રીઓ, વિદેશના રાજદૂતશ્રીઓ, વિશ્વની મોટી કંપનીના ઉદ્યોગપતિઓ તેમજ ભારતમાંના નામાંકિત મહાનુભાવોના સન્માનમાં તેઓના હોદ્દાને અનુરૂપ તેમજ રાજ્યની ગરિમા, દેશના આતિથ્ય ભાવ તેમજ વૈશ્વિક સમિટના ઉપલક્ષ્યમાં છાજે એવા ડિનરનું આયોજન કરેલ હતું, જેમાં<br>➢ યુ.એસ.એ.ના ૧૪<br>➢ જાપાનના ૦૯<br>➢ ફ્રાન્સ, કેન્યા, રવાન્ડા અને યુએઈ દેશના ૦૬-૦૬<br>➢ ઈઝરાયલ, હોલેન્ડ અને પોલેન્ડ દેશના ૦૫-૦૫<br>➢ ઓસ્ટ્રેલીયા, કેનેડા, ડેનમાર્ક, રશિયા, સાઉદી અરેબીયા, સ્વિડન અને યુગાન્ડા દેશના ૦૪-૦૪<br>➢ સરબિયા દેશના ૦૩<br>➢ જર્મનિ, કતાર અને તાઈવાન દેશના ૦૨-૦૨<br>➢ બેલજીમ, બ્રાઝિલ, ચેક રિપબ્લિક, કોન્ગો, આઈવરી કોસ્ટ, ઈરિટ્રીયા, ગીની, હોંગકોંગ, મલાવી, માલી, નેપાળ, ઓમાન, પોર્ટુગલ, સિંગાપોર, દક્ષિણ કોરિયા, સુદાન, ટ્રિનીદાદ અને ટોબાગો, યુકે તેમજ વિયેતનામ દેશના ૦૧-૦૧ મહાનુભાવો અને ભારતના ૧૫૭ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. |
| (૨) ઉકત ગાલા ડિનર પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) સરકારશ્રી દ્વારા ઉકત ડિનર માટે કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. આ ડિનર દેના બેન્ક તરફથી સ્પોન્સર કરવામાં આવેલ હતું. |

Hb-998-1

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, •(×××) (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આ કેવી રીતે ચાલે માનનીય અધ્યક્ષશ્રી? આ શબ્દો પાછા ખેંચાવડાવો.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એમના શબ્દો પાછા ખેંચાવો.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## અતારાંકિત પ્રશ્નો

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માફી માગે. માનનીય અધ્યક્ષશ્રી, આવું ન બોલાય. આ ફલોર ઉપર આવું બોલાતું હશે સાહેબ? (અંતરાય) સાહેબ, માફી મગાવો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ પોતાનું સ્થાન ગ્રહણ કરે, પ્લીઝ.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : એમના શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરો.

અધ્યક્ષશ્રી : માનનીય શૈલેષભાઇ, બેસો. પ્રશ્નોત્તરીનો કાળ આપણાં માટે ખૂબ મહત્વનો છે. તેમાં સીધેસીધા પ્રશ્ન ઉપર આવવાનું હોય છે. કોઇ પ્રારંભિક ભૂમિકા બાંધવાની હોતી નથી. આપે જે શરૂઆત કરી, મને લાગે છે કે શરૂઆત બરાબર નથી અને એટલા માટે એ શબ્દો રદ કરું છું. માત્ર આપ આપના પ્રશ્ન ઉપર આવી જાવ. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે, મારા શબ્દોથી આખું સભાગૃહ ઉભું થઇ ગયું. તેમાં મેં ખોટું શું કહ્યું છે? (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવ બન્યો..(અંતરાય)

અધ્યક્ષશ્રી : એ શબ્દો મેં રેકર્ડ ઉપરથી દૂર કરવાનું કહ્યું. (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે બનાવ બન્યો, એ બનાવ બન્યા પછી આ રાજયના ગૃહમંત્રી એમ કહેતા હોય કે (*આ ચોરોની ટોળકી છે,) તો અમે કહેવા માગીએ છીએ..(સતત અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહમાં જો એમ કહેવાતું હોય કે *(×××) તો અમે કહેવા માગીએ છીએ કે *(×××) (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : સભાગૃહના સૌ સભ્યો, બેસો પ્લીઝ. આપણી જે પરંપરાઓ છે એ આપણે બધા સભ્યો સારી રીતે જાણીએ છીએ. ગઇકાલે જે પણ (અંતરાય) રાઘવજીભાઇ, પ્લીઝ. હું ઉભો છું. પ્રશ્નોત્તરીનો કાળ એ આપણા માટે અગત્યનો છે. સારો સમય છે. એટલા માટે ગઇકાલના જે પણ શબ્દો હતા એ શબ્દો મેં રેકર્ડ ઉપરથી રદ કર્યા છે. પ્રારંભિક ભૂમિકા બાંધવાનો કોઇ મતલબ નથી. સીધેસીધા પ્રશ્નોત્તરી પર આવો. પ્રશ્નોત્તરી પર આવીને તમે તેને અન્ય રીતે લેવાનો પ્રયાસ કરશો તો પછી મારે નેકસ્ટ ઉપર જવું પડશે. આ પ્રશ્ન રહેશે. શ્રી શૈલેષભાઇ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે શબ્દો દૂર કર્યા એમાં માનનીય સભ્યશ્રી એમ કહે છે કે એમાં મેં ખોટું શું કહ્યું? એનો મતલબ એ થયો કે,(અંતરાય) આપે કહ્યું છે એમાં આપનું અવમાન છે અને બીજું કહ્યું કે *(×××) (અંતરાય) એ માફી માગે.

અધ્યક્ષશ્રી: પ્લીઝ, પ્લીઝ, સૌ સભ્યશ્રીઓ બેસો. મને લાગે છે કે આપણી આ ગૃહની કાર્યવાહીને રોકવાનો પ્રયાસ મહેરબાની કરીને ન કરીએ. એવો શબ્દ પ્રયોગ ન કરીએ કે જેથી ગૃહની કાર્યવાહી ખોરંભે પડે. મારે વિપક્ષના મિત્રોને કહેવું છે કે આવું કહેવાથી કશો ફાયદો નથી. તમે એક વસ્તુ કહેશો એટલે એક વખતે આખું *(વેશ્યા બજાર) બંધ હતું એવું આ કહેશે. એટલે મારે આવું સાંભળવાનું? અને એટલા માટે બન્ને બાજુ તમે સંયમ રાખો અને એવા શબ્દ પ્રયોગ આપણે ન કરીએ કે જેથી આપણને તકલીફ થાય. એટલે આપણે મૂળ પ્રશ્ન ઉપર આવી જઇએ. ભાઇશ્રી શૈલેષભાઇને ફરીથી વિનંતી છે કે તેઓ મૂળ પ્રશ્ન ઉપર આવી જાય અને બાકીના બીજા સભ્યશ્રીઓને વિનંતી છે કે મહેરબાની કરીને બીજી કોઇ દખલગીરી ન કરે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : *(×××) છે એમ કહ્યું છે. એ શબ્દો રેકર્ડ ઉપર છે.

અધ્યક્ષશ્રી : એ શબ્દો પણ દૂર કરીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસમાં બેઠેલા દરેક વ્યક્તિ એ સન્માનનીય વ્યક્તિ હોય છે. એ ધારાસભ્ય હોય કે આ રાજ્યના મુખ્યમંત્રી હોય એ દરેક સન્માનનીય વ્યક્તિ હોય છે. અમારી ગેરહાજરીમાં તમે અમને •(×××) કહો તો અમે તમારી હાજરીમાં તમને *(×××) કહેવા માગીએ છીએ. અને આ માટે આ રાજ્યના ગૃહમંત્રી... (સતત સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : નેકસ્ટ, પટેલ, નેકસ્ટ. (સતત અંતરાય) ગૃહની કાર્યવાહી પ્રશ્નોત્તરી કાળ દરમિયાન મોકૂફ રાખવામાં આવે છે. (બપોરના ૧૨.૦૮ )

(મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧-૦૦ કલાકે ફરી મળ્યું.)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૨, અમદાવાદની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૩૦ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ | (૨) વર્ષ ૨૦૧૫માં ૯૮૬ |

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ જૂથ–૨, અમદાવાદના કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | વર્ષ ૨૦૧૬માં ૯૧૫ |

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ અન્વયે બનાસકાંઠા જિલ્લામાં વાસ્તવિક મૂડીરોકાણ

* ૨૮૦૨૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| સને ૨૦૧૫ના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કુલ કેટલી રકમના કેટલા પ્રોજેકટ વાસ્તવીક મૂડીરોકાણમાં ગયા ? | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ–૨૦૧૫માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન અન્વયે બનાસકાંઠા જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રૂ. ૧૦૦૪.૯૬ કરોડના સૂચિત મૂડીરોકાણવાળા ૨૧૭ પ્રોજેક્ટ્સ ઉત્પાદનમાં ગયા છે. |

---------

સંતરામપુર તાલુકાની ભાણાસીમલ જુથ પાણી પુરવઠા યોજના હેઠળ ગામો

* ૨૭૧૩૦ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની ભાણાસીમલ જુથ પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે, અને<br>(૨) તે ગામો પૈકી ઉકત સ્થિતિએ કેટલા ગામોને પીવાનું પાણી પુરું પાડવામાં આવે છે ? | (૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર જિલ્લાની ભાણાસિમલ જુથ પાણી પુરવઠા યોજના હેઠળ સંતરામપુર તાલુકાના ૨૭ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. તે ગામો પૈકી ઉક્ત સ્થિતિએ ૧૪ ગામોને પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે છે. બાકી રહેતા ૧૩ ગામો સ્થાનિક સોર્સમાંથી પુરતુ પાણી મેળવે છે. |

---------

પંચમહાલ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૧૭ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫માં ૯૦૪<br>વર્ષ ૨૦૧૬માં ૯૫૪ |

---------

રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૧૮, કેવડીયા કોલોની, નર્મદાની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૧૬ શ્રી મોતીલાલ વસાવા (ડેડિયાપાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ જૂથ–૧૮, કેવડીયા કોલોની, નર્મદામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫માં ૯૬૫<br>વર્ષ ૨૦૧૬માં ૮૩૯ |

---------

ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે

## અતારાંકિત પ્રશ્નો

### વડોદરા જિલ્લામાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૨૫ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલા રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) ૮૨ રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૧૦૯૨.૬૯ લાખ. |

---------

### પશ્ચિમ રેલ્વે, અમદાવાદ પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૩૪ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પશ્ચિમ રેલ્વે અમદાવાદમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫માં ૬૦૯<br>વર્ષ ૨૦૧૬માં ૬૫૦ |

---------

### રાજ્ય પોલીસ દળમાં વર્ગ–૩ ની ભરતી

* ૨૭૬૧૨ શ્રી પ્રકુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય પોલીસ દળમાં તા.૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ગ–૩ માં ક્યા સંવર્ગોમાં કેટલી નવી ભરતી દ્વારા કેટલી નિમણૂંક આપવામાં આવી ? | રાજ્યમાં પોલીસદળમાં તા. ૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ગ–૩ના સંવર્ગોમાં નવી ભરતી દ્વારા આપવામાં આવેલ નિમણુંકોની વિગતો નીચે મુજબ છે. |

| સંવર્ગ | સંખ્યા |
|---|---|
| પી.એસ.આઈ. | ૫૦૦ |
| એ.એસ.આઈ. | ૮૦૦ |
| પોલીસ કોન્સ્ટેબલ–લોકરક્ષક | ૭૧૫૦ |
| કુલ આપવામાં આવેલ નિમણુંક – ૮૪૫૦ | |

---------

### સદાકાળ ગુજરાત કાર્યક્રમ

* ૨૮૩૧૩ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા વિવિધ રાજ્યોમાં સદાકાળ ગુજરાત કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ૨૦૧૬ના વર્ષમાં આ કાર્યક્રમ ક્યા રાજ્યમાં યોજાયેલ અને તેની વિશેષતાઓ શી હતી ? | (૨) તામિલનાડુ અને ઉત્તરપ્રદેશ.<br>તેની વિશેષતાઓ નીચે મુજબ છેઃ–<br>૧. પ્રદર્શનીમાં ગુજરાતની સંસ્કૃતિ, વાનગી તથા ગુજરાતની અન્ય જાણીતી ચીજ–વસ્તુઓના સ્ટોલનું પ્રદર્શન<br>૨. કાર્યક્રમમાં પ્રખર વક્તાઓ દ્વારા પ્રભાવશાળી |

વક્તવ્યો અને સેમિનારનું આયોજન.

૩. પ્રદર્શનીની વિશાળ સંખ્યામાં બિન નિવાસી ગુજરાતીઓ તથા સ્થાનિક રહેવાસીઓ દ્વારા મુલાકાત.

૪. સમગ્ર રાજ્યના જુદા જુદા શહેરોના ગુજરાતી સમાજના અગ્રણીઓની હાજરી

૫. ગુજરાતની કલા અને સંસ્કૃતિની ઝાંખી કરાવતા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન.

---------

### કરાઈ એકેડમી, ગાંધીનગર ખાતે પોલીસ કર્મીઓને બંધક બનાવ્યાનાં અહેવાલ બાબત

* ૨૮૦૪૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : તા.૯-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૧૭૦૯ (અગ્રતાક્રમ-૧૧૪) ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગરની કરાઈ એકેડમી ખાતે આઈ.પી.એસ. અધિકારી દ્વારા પોલીસ કર્મીઓને બંધક બનાવવા બાબતનો પ્રાથમિક તપાસનો અહેવાલ સરકારની વિચારણા હેઠળ હતો, તો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તે વિચારણા ક્યારે પૂર્ણ થઈ, અને

(૨) જવાબદાર પોલીસ અધિકારી સામે સરકારે શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) અને (૨) ગાંધીનગરની કરાઈ એકેડમી ખાતે આઈ.પી.એસ. અધિકારી દ્વારા પોલીસ કર્મીઓને બંધક બનાવવા બાબતનો પ્રાથમિક તપાસનો અહેવાલ વિચારણામાં લઈ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ એક અધિકારી સામે ખાતાકીય તપાસ શરૂ કરવાનો નિર્ણય લેવાયેલ છે. જે પરત્વે તા. ૪-૮-૨૦૧૬ની યાદીથી આરોપનામું પાઠવવામાં આવેલ છે.

---------

### ખેડા જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૨૯ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી-અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષમાં ૧૨૬૪ પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થયેલ છે.

---------

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોકસાઈટની લીઝ

* ૨૭૦૮૭ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર બોકસાઈટની કેટલી લીઝો આવેલી છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત જિલ્લાવાર બોકસાઈટનો કેટલો જથ્થો કાઢવામાં આવ્યો ?

**જવાબ**

(૧)

| | |
|---|---|
| જામનગર | શૂન્ય |
| દેવભૂમિ દ્વારકા | ૧૧૦ |

(૨)

| વર્ષ | જામનગર (મે.ટન) | દેવભૂમિ દ્વારકા (મે. ટન) |
|---|---|---|
| ૨૦૧૫ | શુન્ય | ૧,૭૬,૫૧,૬૪૧ |
| ૨૦૧૬ | શુન્ય | ૬૯,૯૦,૨૪૯ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા જિલ્લામાં પશુ દવાખાના

* ૨૭૦૦૧ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુદવાખાનાઓ છે, | (૧) પત્રક–૧ મુજબ |
| (૨) ઉકત દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) પત્રક–૨ મુજબ |
| (૩) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ? | (૩) શક્ય તેટલું ઝડપથી |

પત્રક–૧

તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ ખેડા જીલ્લામાં તાલુકાવાર પશુદવાખાના ની વિગત

| અ.નં. | તાલુકાનું નામ | પશુ દવાખાના |
|---|---|---|
| ૧ | નડિયાદ | ૨ |
| ૨ | વસો | ૧ |
| ૩ | માતર | ૨ |
| ૪ | ખેડા | ૧ |
| ૫ | કઠલાલ | ૨ |
| ૬ | કપડવંજ | ૩ |
| ૭ | મહુધા | ૨ |
| ૮ | ગળતેશ્વર | ૧ |
| ૯ | ઠાસરા | ૧ |
| ૧૦ | મહેમદાવાદ | ૨ |
| કુલ | | ૧૭ |

પત્રક–૨

ઉક્ત દવાખાનાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે. તેની માહિતી નીચે મુજબ છે.

| અ.નં. | મહેકમની જગ્યા | મંજૂર થયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી વર્ગ–૨ | ૧૬ | ૧૦ |
| ૨ | ડ્રેસર/પટાવાળાની | ૧૯ | ૭ |
| કુલ | | ૩૫ | ૧૭ |

–––––––––

### નવસારી અને સુરત જિલ્લામાં ખનિજ ચોરીના કેસો

* ૨૬૯૮૧ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર ખનીજની ચોરીના કેટલા કેસો નોંધાયા, અને

(૧)

| જિલ્લો | વર્ષ | કેસોની સંખ્યા |
|---|---|---|
| નવસારી | ૨૦૧૫ | ૧૩૬ |
| | ૨૦૧૬ | ૨૭૬ |
| સુરત | ૨૦૧૫ | ૪૫૯ |
| | ૨૦૧૬ | ૧૪૬૦ |

(૨) તે અન્વયે ઉકત વર્ષવાર જિલ્લાવાર કેટલી રકમનો દંડ કર્યો અને કઈ કલમો હેઠળ કેટલા કેસો કરવામાં આવ્યા ?

(૨)

| જિલ્લો | વર્ષ | દંડની રકમ | કલમની વિગત |
|---|---|---|---|

| | | (રૂ. લાખ) | |
|---|---|---|---|
| નવસારી | ૨૦૧૫ | ૩૮.૬૩ | ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૦૫ના નિયમ ૧૩ (૨) હેઠળ ૨૩૧૨ કેસ અને આઈ.પી.સી.ની કલમ ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૪૨૦, ૧૧૪ હેઠળ ૦૫ કેસ તથા ૩૭૯ હેઠળ ૧૪ કેસ કરવામાં આવેલ છે. |
| | ૨૦૧૬ | ૧૫૮.૦૮ | |
| સુરત | ૨૦૧૫ | ૨૩૬.૧૯ | |
| | ૨૦૧૬ | ૫૦૦.૯૪ | |

---------

## રાજકોટ રૂરલ પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૦૯ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ રૂરલમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૫માં ૬૧૮
વર્ષ ૨૦૧૬માં ૪૧૮

---------

## રાજ્યમાં લાંચ રૂશ્વત વિરોધી દળ દ્વારા નોંધાયેલ ગુના

* ૨૮૦૦૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં લાંચ રૂશ્વત વિરોધી દળ મારફતે છેલ્લા એક વર્ષમાં કેટલા સરકારી અધિકારી–કર્મચારીઓ સામે ગુના નોંધવામાં આવ્યા ?

જવાબ

લાંચ રૂશ્વત વિરોધી દળ દ્વારા વર્ષ ૨૦૧૬માં નીચે મુજબના સરકારી અધિકારી/કર્મચારીઓ સામે ગુના નોંધાયેલ છે.

| વર્ષ | અધિકારીઓ | કર્મચારીઓ | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૬ | ૬૩ | ૨૪૮ | ૩૧૧ |

---------

## વાયબ્રન્ટ સમિટ–૨૦૧૫ માં એમ.ઓ.યુ. અને મૂડીરોકાણ

* ૨૬૭૫૭ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

સને ૨૦૧૫ના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી રકમના પ્રોજેક્ટ વાસ્તવિક મૂડી રોકાણમાં ગયા ?

જવાબ

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રૂ. ૧૨૫૩.૮૫ કરોડના સૂચિત મૂડીરોકાણવાળા ૬૪૫ પ્રોજેક્ટ્સ ઉત્પાદનમાં ગયા.

---------

## અમદાવાદ જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાન બાબત

* ૨૭૬૪૪ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭ માં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં પોલીસ ખાતા માટે કેટલાં બિન રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને

જવાબ

(૧) ૧૦૦ બિન રહેણાંક મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી.

(૨) ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂ. ૧૮૬૪.૭૭ લાખ.

---------

બનાસકાંઠા જિલ્લામાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૦૬ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭ માં તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૭૦૯ રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી.

(૨) રૂ. ૫૯૨૦.૭૬ લાખ.

---------

વલસાડ જિલ્લામાં દારૂની હેરાફેરીના નોંધાયેલ કેસ

* ૨૭૩૭૬ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર દારૂની હેરાફેરીના કેટલા કેસો નોંધાયા, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ?

જવાબ

(૧)

| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | |
|---|---|
| તાલુકાનું નામ | નોંધાયેલ કેસ |
| વલસાડ | ૭૪૯ |
| પારડી | ૧૩૨૧ |
| વાપી | ૭૯૦ |
| ઉમરગામ | ૩૦૭ |
| ધરમપુર | ૯૨ |
| કપરાડા | ૯૬ |

(૨) ૪૨૪૧

---------

ધારી તાલુકામાં મહી પરીએજ યોજના

* ૨૮૧૩૪ શ્રી નલીનભાઈ કોટડીયા (ધારી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ધારી તાલુકામાં પીવાના પાણી માટે મહી પરીએજ યોજના માટે કેટલી રકમ ક્યારે મંજૂર કરેલ છે,

(૨) ઉકત સ્થિતિએ ઉકત યોજના ક્યા તબક્કે છે, અને

(૩) ઉકત યોજના ક્યારે પૂર્ણ કરી કાર્યાન્વિત કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ધારી તાલુકામાં પીવાના પાણી માટે મહી પરીએજ પાઈપલાઈન આધારીત ધારી ગ્રુપ સુધારણા યોજના રૂ. ૫૪૮૮.૪૮ લાખ નેટ માટે તા. ૧૦–૦૨–૧૫થી મંજૂર કરેલ છે.

(૨) અને (૩) યોજનાના કામો હાલ પ્રગતિ હેઠળ છે. અને જાન્યુઆરી–૨૦૧૯ સુધીમાં કામો પૂર્ણ કરી કાર્યાન્વિત કરવાનું આયોજન છે.

---------

અમરેલી અને ભાવનગર જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૮૧૬૨ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૦-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અપહરણ, લૂંટ, બળાત્કાર, ખૂન, ધાડ, ચોરી, ધમકી અને આત્મહત્યાનાં કેટલા બનાવો નોંધાયેલા છે, અને

(૨) ઉકત ગુના અટકાવવા સરકારે શા પગલાં લીધા ?

(૧) *પત્રક મુજબ

(૨) આવા ગુનાઓ અટકાવવા માટે મોબાઈલ ફોનની કોલ ડીટેઈલ, બાતમીદારો સાથે સઘન સંપર્ક, સીસીટીવી કેમેરા ઈન્સ્ટોલેશન ઉપર વિશેષ ભાર, અદ્યતન નાઈટ રાઉન્ડ સ્કીમ અને પોલીસ કર્મચારીઓનો મહત્તમ ઉપયોગ, સરપ્રાઈઝ વાહન ચેકીંગ તથા નાકાબંધી, ગુનાની તલસ્પર્શી તપાસ તથા ગુનેગારોને સજા થાય તે હેતુ સરકારી વકીલો/સાક્ષીઓ સાથે સીધો સંપર્ક, ફુટ પેટ્રોલીંગ, શાળા-કોલેજ વિસ્તારમાં સઘન પેટ્રોલીંગ, જીલ્લા પોલીસ કંન્ટ્રોલ રૂમ ખાતે નોંધાયેલ કોલ્સ પ્રતિ ત્વરીત પ્રતિક્રિયા, ગંભીરતા પુર્વક અરજીઓની તપાસ, પાસા તથા તડીપાર જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### જૂનાગઢ જિલ્લામાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૨૨ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પોલીસ કમર્ચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) ૧૭૮ રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૨૨૦૯.૧૮ લાખ |

---------

### આણંદ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૭૫૬૬ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કૃષિ મહોત્સવ-૨૦૧૬ દરમ્યાન આણંદ જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૪ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૧,૨૪૨ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૫૧,૯૭૪ |

---------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાયબ્રન્ટ સમિટ-૨૦૧૫ અન્વયે થયેલ વાસ્તવિક મૂડીરોકાણ

* ૨૮૦૧૦ શ્રી મેરામણભાઈ આહિર (ખંભાલીયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| સને ૨૦૧૫ના વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં થયેલ એમ.ઓ.યુ. અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કુલ કેટલી રકમના કેટલા પ્રોજેકટ વાસ્તવીક મૂડી રોકાણમાં ગયા ? | વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ-૨૦૧૫માં મંજૂર થયેલ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન અન્વયે દેવભૂમિ દ્વારકા જીલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ<br>રૂ. ૧૫૫.૮૫ કરોડના સૂચિત મૂડીરોકાણવાળા ૮ પ્રોજેક્ટ્સ ઉત્પાદનમાં ગયા છે. |

## અતારાંકિત પ્રશ્નો

---------

### બાયડ, માલપુર અને મેઘરજ તાલુકામાં પીવાના પાણીની યોજના

* ૨૮૧૪૧ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૦-૦૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાનાં બાયડ-માલપુર-મેઘરજ તાલુકાઓમાં પીવાના પાણી માટે સરકારની કઈ યોજનાઓ કાર્યરત છે ? | તા. ૩૦-૧-૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના બાયડ-માલપુર-મેઘરજ તાલુકાઓમાં પીવાના પાણી માટેની યોજનાઓ *પરિશિષ્ટ મુજબ કાર્યરત છે. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

---------

### જૂનાગઢ જિલ્લામાં ગૌચર સુધારણાના કામ

* ૨૬૭૬૯ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લામાં સન ૨૦૧૬ના વર્ષમાં ગૌચર સુધારણાના મુખ્યત્વે ક્યા કામો તાલુકાવાર કેટલા ગામોમાં હાથ ધરવામાં આવ્યા, | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલા કામો અધુરા છે અને કેટલા પૂર્ણ થયા, અને | (૨) પત્રક-૨ મુજબ |
| (૩) ઉકત અધુરા કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૩) વહેલી તકે |

પત્રક-૧

જિલ્લો જુનાગઢ

| તાલુકો | ગામનું નામ | કુલ |
|---|---|---|
| વંથલી | ૧. વાડલા, ૨. બોડકા | ૨ |
| જુનાગઢ | ૧. જુનાગઢ | ૧ |
| માણાવદર | ૧. ખડીયા, ૨. ચુડવા, ૩. જીજરી અને ૪. સરદરગઢ | ૪ |
| માળીયા હાટીના | ૧. લાડુકી-ગીર, ૨. માળીયા હાટીના, ૩. તરશીંગડા | ૩ |
| ભેંસાણ | ૧. ભેંસાણ, ૨. ખંભાડીયા | ૨ |
| કેશોદ | ૧. હાંડળા, ૨. જોનપુર | ૨ |
| માંગરોળ | ૧. થલ્લી | ૧ |
| માળીયા | ૧. અમરાપુર | ૧ |
| કુલ ગામ | | ૧૬ |

પત્રક-૨

જિલ્લો - જુનાગઢ

| તાલુકો | કુલ ગામનું સંખ્યા | ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ | | કુલ |
|---|---|---|---|---|
| | | કેટલા કામો અધુરા છે | કેટલા કામો પૂર્ણ થયા | |
| વંથલી | ૨ | ૦ | ૨ | ૨ |
| જુનાગઢ | ૧ | ૦ | ૧ | ૧ |
| માણાવદર | ૪ | ૧ | ૩ | ૪ |
| માળીયા હાટીના | ૩ | ૧ | ૨ | ૩ |
| ભેંસાણ | ૨ | ૦ | ૨ | ૨ |
| કેશોદ | ૨ | ૧ | ૧ | ૨ |
| માંગરોળ | ૧ | ૦ | ૧ | ૧ |
| માળીયા | ૧ | ૦ | ૧ | ૧ |
| કુલ | ૧૬ | ૩ | ૧૩ | ૧૬ |

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

---------

### ખેડા જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૭૫૬૮ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪૨,૧૯,૬૬૯ |
| (૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) એચ.એસ., એફ.એમ.ડી., થાઈલેરીયોસીસ, બ્રુસેલોસીસ, એ.આર.વી., અને પી.પી.આર. |

---------

### સુરત જિલ્લામાં મહુવા તાલુકામાં રાષ્ટ્રીય પેયજળ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ

* ૨૭૧૭૯ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે સુરત જિલ્લાના મહુવા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) નાણાકિય વર્ષ ૨૦૧૬-૧૭માં યોજના મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉકત મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### જામનગર જિલ્લામાં પોલીસના રહેણાંક મકાનો બાબત

* ૨૭૫૯૩ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) ૨૮૮ રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૨૪૫૫.૭૮ લાખ. |

---------

### તારાપુર ગામમાં પાણી પુરવઠાનું આયોજન

* ૨૮૦૦૫ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તારાપુર ગામને પીવાનું મીંઠુ પાણી પુરૂ પાડવા કનેવાલ તળાવ, પરીએજ તળાવ આધારીત પાણી પુરવઠા યોજનામાંથી પાઈપ લાઈન નાખી પાણી પુરવઠો આપવાનું ક્યારે મંજૂર કરેલ છે, | (૧) તારાપુર રૂર્બન પાણી પુરવઠા યોજના તા. ૬-૬-૨૦૧૬ના ઉપસચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત સરકારના ઠરાવથી મંજુર કરેલ છે. |
| (૨) ઉકત યોજના ઉકત સ્થિતિએ ક્યા તબક્કે છે, અને | (૨) ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| (૩) કેટલા સમયમાં તારાપુર ગામને મીઠું પાણી આપવામાં આવશે ? | (૩) ટેન્ડર મંજુર થયેથી ૧૨ માસના સમયગાળામાં પૂરૂ થવાનો અંદાજ છે. |

---------

### અમદાવાદ જિલ્લામાં ઘાસચારાની કીટ બાબત

* ૨૭૫૭૨ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પશુપાલન ખાતા દ્વારા તા.૩૧-૧૨- | પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન તા. |

## ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નો

૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ દરમ્યાન અમદાવાદ જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ ઋતુ દરમ્યાન ક્યા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારાની મીની બિયારણ કીટ પૂરી પાડવામાં આવી ?

૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ખરીફ ઋતુ અને રવિ ઋતુ દરમિયાન પુરા પાડવામાં આવેલ ઘાસચારાની મીની કીટ બિયારણની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે.

| ઋતુ | યોજનાનું નામ | કિટની સંખ્યા | પાકનું નામ | પ્રતિ કીટ જથ્થો (કી.ગ્રા.) | કુલ જથ્થો (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૨૮૧ | ગુજરાત ગુવાર-૧ | ૩ કિ.ગ્રા. | ૮૪૩ કિ.ગ્રા. |
| | (૧) અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના (હેલ્થ પેકેજ) | ૧૩૮૦ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૯૬૬૦ કિ.ગ્રા. |
| રવિ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ | ૧૧૭ | ઓટકેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૧૧૭૦ કિ.ગ્રા. |

---------

### અમદાવાદ અને વડોદરા શહેરમાં ગુનાહિત પ્રવૃત્તિ

* ૨૬૮૩૮ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને વડોદરા શહેરમાં લુંટ, ખૂન, ધાડ, ચોરી અને બળાત્કારના કેટલા બનાવો નોંધાયા,

(૧)

| તા. ૧-૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | | | | | |
|---|---|---|---|---|---|
| શહેરનું નામ | લુંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર |
| અમદાવાદ | ૧૩૦ | ૯૨ | ૬ | ૨૪૮૭ | ૧૦૪ |
| વડોદરા | ૧૧૭ | ૨૦ | ૧૦ | ૧૩૮૨ | ૩૧ |
| તા. ૧-૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | | | | | |
| શહેરનું નામ | લુંટ | ખૂન | ધાડ | ચોરી | બળાત્કાર |
| અમદાવાદ | ૧૨૫ | ૧૦૩ | ૧૨ | ૨૬૨૩ | ૧૧૨ |
| વડોદરા | ૧૩૪ | ૧૪ | ૧૭ | ૧૩૬૦ | ૧૭ |

(૨) ઉકત સ્થિતિએ ઉકત શહેરવાર કેટલા ગુન્હાઓ ઉકેલી શકાયા, અને

(૨)

| શહેરનું નામ | ઉકેલાયેલ ગુન્હાઓની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૨૮૦૬ |
| વડોદરા | ૧૦૫૫ |

(૩) તે અન્વયે ઉકત શહેરવાર ઉકત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

(૩)

| શહેરનું નામ | ધરપકડ કરવાના બાકીની સંખ્યા |
|---|---|
| અમદાવાદ | ૧૭ |
| વડોદરા | ૩૧ |

---------

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

રાજકોટ જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૭૫૭૦ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ–ગ્રામ્ય) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૬ દરમ્યાન રાજકોટ જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૨ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૮,૩૦૦ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૦૭,૭૪૭ |

---------

રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૯, વડોદરાની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૩૫ શ્રી જીતેન્દ્ર સુખડીયા (સયાજીગંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ જૂથ–૯, વડોદરામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫માં ૯૪૭<br>વર્ષ ૨૦૧૬માં ૯૧૭ |

---------

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૭૯૭૫ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર–સોમનાથ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા ખૂન, લૂંટ, ધાડ, અપહરણ અને બળાત્કારના બનાવો નોંધાયા,

જવાબ

(૧)

| તા. ૧–૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | | | | | |
|---|---|---|---|---|---|
| જિલ્લો | લુંટ | ખૂન | ધાડ | અપહરણ | બળાત્કાર |
| જૂનાગઢ | ૨૬ | ૧૬ | ૦૧ | ૫૮ | ૧૨ |
| ગીર સોમનાથ | ૧૫ | ૦૮ | ૦૭ | ૨૮ | ૦૮ |
| તા. ૧–૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | | | | | |
| જિલ્લો | લુંટ | ખૂન | ધાડ | અપહરણ | બળાત્કાર |
| જૂનાગઢ | ૩૧ | ૨૪ | ૦૨ | ૫૫ | ૧૮ |
| ગીર સોમનાથ | ૧૧ | ૧૪ | ૦૫ | ૪૦ | ૧૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા ગુનેગારોની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે, અને | (૨) ૭૯૧ ધરપકડ કરવામાં આવી અને ૬૭ બાકી છે. |
| (૩) ઉકત સ્થિતિએ લૂંટ અને ધાડના બનાવોમાં કુલ કેટલી રકમની ફરિયાદ નોંધાઈ ? | (૩) રૂ. ૮૨,૦૧,૩૨૦ |

---------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ખાણ લીઝો પર દરોડા

* ૨૬૮૫૨ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

## ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ફલાઇંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ઉકત ચેકીંગ દરમ્યાન ઉકત જિલ્લાવાર, વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ,

**જવાબ**

(૧) અને (૨)

| અ.નં. | જિલ્લો | વર્ષ | ચેકીંગ તારીખ | પકડેલ ગેરરીતિ | પકડેલ ખનીજચોરી (રૂ. લાખ) |
|---|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૦૧૫ | ૧-૧-૧૫થી ૫-૧-૧૫, ૧૭-૧-૧૫, ૨૭-૪-૧૫, ૧-૯-૧૫થી ૩-૯-૧૫ | બિન અધિકૃત ખનન | ૧૪.૬૩ |
| | | ૨૦૧૬ | ૧૯-૨-૧૬, ૨૬-૪-૧૬, ૨૭-૪-૧૬ | બિન અધિકૃત ખનન | ૯.૫૧ |
| ૨ | મહીસાગર | ૨૦૧૫ | ૧૬-૪-૧૫ | બિન અધિકૃત ખનન | ૫૩.૧૦ |
| | | ૨૦૧૬ | - | | |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૬ ઈસમો પાસેથી રૂ. ૩.૩૯ લાખ વસૂલેલ છે.
૫ ઈસમો પાસેથી રૂ. ૨૦.૬૨ લાખ વસૂલવા હુકમ કરેલ છે તથા
૨ ઈસમો પાસેથી રૂ. ૫૩.૨૩ લાખની વસૂલાત માટે કાર્યવાહી ચાલુ છે.

(૪) ઉકત ખનીજ ચોરી અન્વયે ઉકત જિલ્લાવાર કેટલી પોલીસ ફરીયાદો દાખલ કરવામાં આવી ?

(૪) શૂન્ય

---------

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં દારૂના અડ્ડાઓ

* ૨૬૮૯૭ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં દારૂના અડ્ડાઓ અંગે કેટલી ફરીયાદો મળી, અને

(૨) ઉકત સ્થિતિએ તે અંગે સરકાર દ્વારા શી કાર્યવાહી કરી અને કેટલો દારૂનો જથ્થો પકડાયો ?

**જવાબ**

(૧)

| જિલ્લા | મળેલ ફરિયાદ |
|---|---|
| પાટણ | ૧૫૫ |
| બનાસકાંઠા | ૧૬૯ |

(૨)

- પ્રોહિબીશનની પ્રવૃત્તિ અટકાવવા માટે તાજેતરમાં સરકારશ્રી દ્વારા પ્રોહિબીશન ધારાની જોગવાઈઓમાં સુધારા કરવામાં આવેલ છે. જે અન્વયે આવી પ્રવૃતિ કરતા ઈસમો વિરૂધ્ધ ઉક્ત સુધારા મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- અવાર નવાર પ્રોહિબીશન ડ્રાઈવ રાખી સ્થાનિક પોલીસ એલ.સી.બી. દ્વારા ખાનગી બાતમીદારો રોકી વધુમાં વધુ દારૂનો જથ્થો શોધી કાઢી કેસો કરવામાં આવેલ છે.
- લોક દરબાર યોજી આવી બદી સદંતર નેસ્તનાબુદ થાય તે માટે જાગૃત નાગરીકો તથા ગ્રામજનોને સમજાવી સહકાર મેળવવામાં આવે છે.
- પ્રોહિબીશન કાયદાની અમલવારી માટે નિયિમત ડ્રાઈવ ગોઠવવામાં આવે છે. તેમજ આવી પ્રવૃતિ આચરનાર ઈસમો વિરૂધ્ધ પ્રોહિબીશન ૯૩, જી.પી.એક્ટ ૫૫, ૫૬ અને પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવે છે.
- ઉક્ત જિલ્લામાં ૬૩૭૬ બોટલ વિદેશી દારૂ, ૧૯૨ બોટલ બિયર અને ૪૮૧ લિટર દેશી દારૂનો જથ્થો પકડાયો છે.

---------

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૭૮૯૯ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન ચોરી, લૂંટ, ખૂન, બળાત્કાર, દારૂ અને જુગારના કેટલા ગુન્હાઓ નોંધાયા, અને

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલા ગુન્હાઓમાં ગુન્હેગારોને પકડવામાં આવ્યા અને કેટલા પકડવાના બાકી છે?

**જવાબ**

(૧) પત્રક મુજબ

(૨) ૨૪૩૮૬ ગુન્હાઓમાં ગુન્હેગારોને પકડવામાં આવ્યા અને ૧૭૫૬ ગુન્હાઓમાં પકડવાના બાકી છે.

પત્રક

તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૬

| જિલ્લો | ચોરી | લુંટ | ખૂન | બળાત્કાર | દારૂ | જુગાર |
|---|---|---|---|---|---|---|
| રાજકોટ | ૨૦૮૬ | ૧૩૦ | ૧૪૭ | ૧૨૨ | ૧૫૧૭૨ | ૧૭૬૬ |
| સુરેન્દ્રનગર | ૨૮૭ | ૪૦ | ૬૩ | ૫૦ | ૫૭૨૦ | ૫૫૯ |

---------

સાયન્સ સીટીમાં યોજાયેલ નોબલ એકઝીબિશનના હેતુ બાબત

* ૨૭૪૮૧ શ્રી રાકેશભાઈ શાહ (એલીસબ્રીજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

## ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાયન્સ સીટી ખાતે જાન્યુઆરી, ૨૦૧૭ માં યોજવામાં આવેલ નોબલ એકઝીબિશન પાછળનો મુખ્યત્વે હેતુ શો છે, | (૧) વિદ્યાર્થીઓ, અને સમાજમાં વિજ્ઞાન પ્રત્યે જાગૃતિ, અભિરુચિ, અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવવા, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી સમાજના પ્રશ્નોના નિરાકરણ માટે વિચારશીલતા કેળવવા, અને તેઓ દ્વારા વિજ્ઞાન આધારિત કારકીર્દીની પસંદગી દ્વારા જ્ઞાન આધારિત અર્થ વ્યવસ્થાના વિકાસ, વગેરે હેતુઓ રહેલા છે. |
| (૨) ઉકત પ્રદર્શનથી રાજ્યને ક્યા લાભો થશે, અને | (૨) સમાજમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવાતા અંધશ્રધ્ધા નાબૂદી અને જ્ઞાન આધારિત અર્થ વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે. |
| (૩) ઉકત પ્રદર્શન જોવા, માટે કેટલા લોકોએ પ્રદર્શનની મુલાકાત લીધેલ છે ? | (૩) તા. ૦૬-૦૨-૨૦૧૭ની સ્થિતિએ ૧,૩૫,૦૭૩ |

---------

### ગાંધીનગર જિલ્લામાં પોલીસના રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૨૩ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર-ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૫૭ રહેણાંકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૧૪૦૯.૭૨ લાખ. |

---------

### રાજ્યમાં મનોરંજન કરની આવક

* ૨૭૨૯૫ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મનોરંજન કર પેટે કેટલી આવક થઈ ? | તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મનોરંજન કર પેટે થયેલ આવકની વિગત નીચે મુજબ છે. |

| ક્રમ | વર્ષ | મનોરંજન કર પેટે થયેલ આવક ` |
|---|---|---|
| (૧) | તા. ૦૧-૦૧-૨૦૧૫થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | ` ૯૫,૩૦,૦૦,૫૪૦/- |
| (૨) | તા. ૦૧-૦૧-૨૦૧૬થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | ` ૮૬,૭૦,૪૫,૪૫૦/- |

---------

### વડોદરા શહેરમાં એપરલ પાર્ક

* ૨૭૧૭૫ શ્રી સૌરભભાઈ પટેલ (અકોટા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગારમેન્ટ ઉદ્યોગ અને મહિલાઓને રોજગારી વધારવા રાજ્ય સરકારે એપરલ પાર્ક મંજુર કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ માં ઉકત સ્થિતિએ કેટલી રકમ રાજ્ય સરકારે ફાળવેલ છે, | (૨) વર્ષ ૨૦૧૫-૧૬ માટે કોઈ રકમ ફાળવવામાં આવેલ ન હતી. વર્ષ ૨૦૧૬-૧૭માં અમદાવાદ, |

ભાવનગર, વડોદરા અને સુરત ખાતે એપરેલ પાર્ક માટે રૂ. ૫૦/- કરોડની રકમ ફાળવવામાં આવેલ.

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉકત એપરલ પાર્કની પાછળ ઉકત સ્થિતિએ કેટલી રકમ વપરાઈ છે, અને | (૩) એપરલ પાર્ક માટે યોગ્ય જમીન ન મળી શકતાં પ્રસ્તુત બાબતે ખર્ચ થઈ શક્યો ન હોઈ આ રકમ સુધારેલા અંદાજો સમયે પરત કરવામાં આવેલ છે. |
| (૪) ઉકત એપરલ પાર્ક ક્યારથી કાર્યરત થશે ? | (૪) યોગ્ય જમીન ઉપલબ્ધ થયેથી વિચારણા કરી શકાશે. |

---------

ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મંજૂર કામો પૂર્ણ કરવાની સમયમર્યાદા

* ૨૭૭૯૧ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (આયોજન) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આયોજન મંડળ દ્વારા તેમજ ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી મંજુર થયેલા વિકાસના કામો કેટલા સમયમાં પુર્ણ કરવાની સમયમર્યાદા સરકારે સુનિશ્ચિત કરેલ છે ? | કોઈ સમયમર્યાદા નિશ્ચીત કરેલ નથી. |

---------

સુરત જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાન બાબત

* ૨૭૬૧૮ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ માં તા.૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પોલીસ ખાતા માટે કેટલાં બિન રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને | (૧) ૧૩ બિન રહેણાંક મકાનોનું બાંધકામ પુર્ણ કરવામાં આવ્યું. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૧૯૨૬.૨૪ લાખ. |

---------

કચ્છ જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૭૫૬૯ શ્રી પંકજ મહેતા (રાપર) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૧,૫૪,૯૩૩ |
| (૨) તેમાં મુખ્યત્વે ક્યા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) એચ.એસ., એફ.એમ.ડી., બીક્યુ, આંત્રવિષજવર, એ.આર.વી. |

---------

ચીખલી તાલુકામાં રાષ્ટ્રીય ગ્રામીણ કાર્યક્રમ હેઠળ મંજૂર યોજનાઓ

*૨૭૧૭૮ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ હેઠળ પાણી-સમિતિ વ્યવસ્થાપિત ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે નવસારી જિલ્લાના ચીખલી તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ માં કુલ કેટલી યોજનાઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧૩ યેજનાઓ. |
| (૨) ઉકત મંજૂર કરેલ ઉકત યોજનાઓની કુલ અંદાજીત કિંમત કેટલી છે ? | (૨) રૂ. ૧૮૮.૦૪ લાખ. |

---------

## અતારાંકિત પ્રશ્નો

### અમદાવાદ જિલ્લામાં પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનો બાબત

*૨૭૬૦૭ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭ માં તા.૩૧મી ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં પોલીસ ખાતા માટે કેટલાં બિન રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી, અને | (૧) ૨૧ બિન રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી પૂર્ણ કરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૨૯૭૮.૬૩ લાખ. |

---------

### ખેડા અને આણંદ જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી.

*૨૬૮૯૪ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં કેટલી અને કઈ જી.આઈ.ડી.સી.ઓ ક્યારથી કાર્યરત છે, અને

જવાબ

(૧) ખેડા જીલ્લામાં ૫ અને આણંદ જીલ્લામાં ૬ કાર્યરત જી.આઈ.ડી.સી.ની વિગતો નીચે મુજબ છે.

ખેડા જીલ્લોઃ

| ક્રમ | કાર્યરત જી.આઈ.ડી.સી. | કાર્યરત વર્ષ |
|---|---|---|
| ૧ | ઠાસરા | ૧૯૮૯ |
| ૨ | કપડવંજ | ૧૯૮૦ |
| ૩ | નડિયાદ–૧ | ૧૯૭૧ |
| ૪ | નડિયાદ–૨ | ૧૯૮૮ |
| ૫ | માતર | ૧૯૯૫ |

આણંદ જીલ્લોઃ

| ક્રમ | કાર્યરત જી.આઈ.ડી.સી. | કાર્યરત વર્ષ |
|---|---|---|
| ૧ | વિઠ્ઠલ ઉદ્યોગનગર | ૧૯૭૧ |
| ૨ | બોરસદ | ૧૯૮૧ |
| ૩ | સોજીત્રા | ૧૯૯૧ |
| ૪ | પેટલાદ | ૧૯૭૩ |
| ૫ | ખંભાત | ૧૯૭૧ |
| ૬ | ઉમરેઠ | ૧૯૮૨ |

(૨) ઉકત કાર્યરત જી.આઈ.ડી.સી.ઓ પૈકી છેલ્લાં બે વર્ષમાં નવી કેટલી જી.આઈ.ડી.સી.ઓ સ્થાપવામાં આવી ?

(૨) એક પણ નહિં.

---------

### અમદાવાદ શહેર અને જિલ્લામાં પકડાયેલ દારૂ

*૨૭૩૬૬ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂ પકડાયો, અને

જવાબ

(૧)

| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ | | | |
|---|---|---|---|
| શહેર/જિલ્લો | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |

| | | | |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૯૩૮૬૧ | ૩૪૬૭૫ | ૮૯૭૭૯ |
| અમદાવાદ ગ્રામ્ય | ૫૦૬૪૮ | ૨૬૦૮૭ | ૩૭૬૬૩ |
| તા. ૦૧-૦૧-૨૦૧૬ થી ૩૧-૧૨-૨૦૧૬ | | | |
| શહેર/જિલ્લો | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
| અમદાવાદ શહેર | ૪૯૦૯૬ | ૨૯૪૭૫ | ૬૮૪૯૮ |
| અમદાવાદ ગ્રામ્ય | ૬૦૧૪૨ | ૧૨૩૭૯ | ૨૮૮૩૨ |

(૨) ઉપરોક્ત પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની વર્ષવાર શું કિંમત થાય છે ?

(૨)

| વર્ષ | વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) | બિયરની કિંમત (રૂપિયામાં) | દેશી દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | ૪૧૦૧૪૭૦૫ | ૬૨૫૬૬૫૦ | ૩૪૪૬૭૭૦ |
| તા. ૦૧-૦૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | ૩૭૫૬૭૧૧૮ | ૪૨૬૬૨૭૪ | ૧૯૬૮૨૫૧ |

---------

અમરેલી જિલ્લામાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત

* ૨૮૪૪૦ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) અમરેલી જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૧) ૧૧૨ રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨) રૂ. ૧૭૧૫.૩૯ લાખ.

---------

ભાવનગર જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

* ૨૭૫૬૫ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

| | |
|---|---|
| (૧) કૃષિ મહોત્સવ–૨૦૧૬ દરમ્યાન ભાવનગર જિલ્લામાં કેટલા પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) ૪ |
| (૨) તેમાં કેટલા પશુઓને સારવાર આપવામાં આવી, અને | (૨) ૭,૪૪૪ |
| (૩) કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું ? | (૩) ૧,૧૯,૯૫૮ |

---------

જુનાગઢ જિલ્લામાં પોલીસ ખાતાના બિન રહેણાંક મકાનો બાબત

* ૨૮૪૪૧ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭માં તા. ૩૧મી ડીસેમ્બર–૨૦૧૬ સુધીમાં પોલીસ ખાતા માટે કેટલા બિન રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) ૧૧ બિન રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૧૩૦૧.૫૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

સાબરકાંઠા જિલ્લામાં કાર્યરત હેન્ડપંપ

* ૨૭૧૮૦ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા વિભાગ હસ્તકના કેટલા હેન્ડપંપ કાર્યરત છે, અને | (૧) ૭૩૧૧ હેન્ડપંપ |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત હેન્ડપંપના રીપેરીંગ માટે કેટલી ટીમો કાર્યરત છે ? | (૨) ૧૦ ટીમો |

---------

સ્વાતંત્ર સેનાનીઓનાં પેન્શન બાબત

* ૨૬૮૮૭ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના સ્વાતંત્ર સેનાનીઓને અને તેના આશ્રીતોને દર મહીને પેન્શન આપવામાં આવે છે તે હકિકત સાચી છે, | (૧) હાજી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે નવો ઠરાવ/પરિપત્ર કરી ઉક્ત પેન્શનમાં ઘટાડો કરેલ છે તે હકિકત સાચી છે, અને | (૨) નાજી. |
| (૩) જો હા, તો તેના કારણો શાં છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

છોટાઉદેપુર જિલ્લામાં મંજૂર હેન્ડપંપ અને મીનીવોટર વર્કસ

* ૨૭૦૭૩ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૧૫-૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કઈ ગ્રાન્ટમાંથી છેલ્લા બે વર્ષમાં કેટલા હેન્ડપંપ અને કેટલી મીનીવોટર વર્કસ સ્કીમ મંજૂર કરવામાં આવી,

(૧) તા. ૧૫-૧-૨૦૧૭ની સ્થિતિએ નીચેની વિગતે

| અ.નં. | તાલુકો | WSS-47, ટ્રાયબલ એરીયા ગ્રાન્ટ હેઠળ મંજૂર | | ગુજરાત પેટર્ન ગ્રાન્ટ (ડીપોઝીટ વર્ક) હેઠળ મંજૂર | |
|---|---|---|---|---|---|
| | | હેન્ડપંપ | મીની વોટર વર્કસ | હેન્ડ પંપ | મીની વોટર વર્કસ |
| ૧ | સંખેડા | ૧૧૫ | ૦ | ૦ | ૦ |
| ૨ | બોડેલી | ૧૫૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | જેતપુરપાવી | ૯૦૦ | ૬ | ૦ | ૫૯ |
| ૪ | છોટાઉદેપુર | ૩૫૦ | ૦ | ૦ | ૧૦૬ |
| ૫ | ક્વાંટ | ૫૮૦ | ૭૨ | ૦ | ૮૩ |
| ૬ | નસવાડી | ૨૬૫ | ૦ | ૦ | ૫૫ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલા હેન્ડપંપ અને મીનીવોટર વર્કસનું ગ્રાન્ટવાર કામ પૂર્ણ થયેલ છે, અને

(૨)

| અ.નં. | તાલુકો | WSS-47, ટ્રાયબલ એરીયા ગ્રાન્ટ હેઠળ પૂર્ણ | | ગુજરાત પેટર્ન ગ્રાન્ટ (ડીપોઝીટ વર્ક) હેઠળ પૂર્ણ | |
|---|---|---|---|---|---|
| | | હેન્ડપંપ | મીની વોટર વર્કસ | હેન્ડ પંપ | મીની વોટર વર્કસ |
| ૧ | સંખેડા | ૭૧ | ૦ | ૦ | ૦ |
| ૨ | બોડેલી | ૧૩૨ | ૦ | ૦ | ૦ |
| ૩ | જેતપુરપાવી | ૮૧૫ | ૬ | ૦ | ૩૧ |
| ૪ | છોટાઉદેપુર | ૨૭૭ | ૦ | ૦ | ૫૫ |
| ૫ | ક્વાંટ | ૫૦૧ | ૭૨ | ૦ | ૪૩ |
| ૬ | નસવાડી | ૨૧૭ | ૦ | ૦ | ૨૯ |

(૩) બાકી કામ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૩)

- ૩૪૭ હેન્ડપંપોની કામગીરી તા. ૩૧-૦૩-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.
- ગુજરાત પેટર્ન ગ્રાન્ટ સદરે (ડીપોઝીટ વર્ક) કરવાની બાકી રહેતી ૧૪૫ મીની વોટર વર્કસ યોજનાઓ પૈકી...

  - ૧૯ કામો પ્રગતિ હેઠળ છે. જે. તા. ૩૧-૦૩-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

  - ૧૨૬ કામો ટેન્ડરની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે. ટેન્ડર મંજુર થયે વહેલી તકે કામો પૂર્ણ કરવાનું આયોજન છે.

ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૬૯૦૯ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં જિલ્લાવાર કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂ પકડાયો, અને

(૨) ઉપરોક્ત પકડાયેલ વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂની વર્ષવાર શું કિંમત થાય છે ?

જવાબ

(૧)

| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ | | | |
|---|---|---|---|
| જિલ્લો | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
| અરવલ્લી | ૩૦૮૧૪૧ | ૮૮૦૬૭ | ૧૦૨૩૫ |
| સાબરાકાંઠા | ૭૬૫૮૬ | ૧૦૯૬૪ | ૩૩૯૨૦ |
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬ | | | |
| જિલ્લો | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
| અરવલ્લી | ૪૯૦૮૯૬ | ૧૧૧૮૮૯ | ૯૧૬૦ |
| સાબરાકાંઠા | ૪૨૧૭૦ | ૧૪૭૮૪ | ૧૪૦૦૫ |

(૨)

| વર્ષ | વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) | બિયરની કિંમત (રૂપિયામાં) | દેશી દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | ૮,૧૮,૦૫,૯૫૬ | ૯૯,૭૨,૮૨૦ | ૮,૬૩,૫૫૪ |
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | ૧૨,૦૭,૮૧,૫૮૮ | ૧,૨૭,૭૬,૦૮૦ | ૪,૬૬,૯૪૦ |

---------

સુરત અને તાપી જિલ્લામાં જી. આઈ.ડી. સી.

* ૨૭૪૭૪ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં કેટલી અને કઈ જી.આઈ.ડી.સી.ઓ ક્યારથી કાર્યરત છે, અને

જવાબ

(૧) સુરત જીલ્લામાં નીચે મુજબ ૯ જીઆઈડીસી કાર્યરત છે.

| ક્રમ | કાર્યરત જીઆઈડીસી | કાર્યરત વર્ષ |
|---|---|---|
| ૧ | કતારગામ | ૧૯૬૯ |
| ૨ | બારડોલી | ૧૯૭૦ |

| | | |
|---|---|---|
| ૩ | પાંડેસરા | ૧૯૭૧ |
| ૪ | ખટોદરા | ૧૯૭૨ |
| ૫ | સચીન | ૧૯૮૦ |
| ૬ | હજીરા | ૧૯૮૪–૮૫ |
| ૭ | ઈચ્છાપોર | ૧૯૮૫ |
| ૮ | ઓલપાડ | ૧૯૮૫ |
| ૯ | એપેરલ પાર્ક સચિન | ૨૦૦૩ |

– તાપી જિલ્લામાં એકપણ જીઆઈડીસી કાર્યરત નથી.

(૨) ઉક્ત સ્થિતિએ કાર્યરત જીઆઈડીસીઓ પૈકી છેલ્લા બે વર્ષમાં નવી કેટલી જીઆઈડીસીઓ સ્થાપવામાં આવી ?

(૨) એક પણ નહિં.

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩ અને ૨૦૧૫માં એમ.ઓ.યુ. અને વાસ્તવિક મૂડિરોકાણ

* ૨૮૪૪૨ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર સમીટ વર્ષ–૨૦૧૩ અને ૨૦૧૫માં નવા ઉદ્યોગો માટે કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) રાજ્યમાં વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩માં મૂડીરોકાણની વિગતો ધ્યાને લેવામાં આવેલ ન હતી.

વાયબ્રન્ટ ગુજરાત સમીટ –૨૦૧૫માં ૨૧૩૦૪ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન મંજૂર થયેલ જેનું સેકટરવાઈઝ પત્રક સામેલ છે.

પત્રક – ૧

| વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૫ | | |
|---|---|---|
| અ નં. | સેકટર | ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન |
| ૧ | એગ્રો એન્ડ ફૂડ પ્રોસેસિંગ | ૨૨૮ |
| ૨ | એનિમલ હસ્બન્ડરી એન્ડ ફીશરીઝ | ૨૯૮ |
| ૩ | બાયોટેકનોલોજી | ૬૦ |
| ૪ | કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ | ૬૦ |
| ૫ | સિવિલ એવિએશન | ૧૦ |
| ૬ | કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (સીએસઆર) | ૩૨ |
| ૭ | એજ્યુકેશન | ૯૬ |
| ૮ | એન્જીનીયરીંગ, ઓટો એન્ડ સિરામિકસ | ૬૩ |
| ૯ | એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૧૭૪ |
| ૧૦ | ફાઈનાન્સિયલ સર્વિસિસ | ૫૯ |
| ૧૧ | હેલ્થ કેર | ૫૮ |
| ૧૨ | ઈન્ડસ્ટ્રીયલ પાર્ક | ૪૭ |
| ૧૩ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી | ૬૯ |
| ૧૪ | લોજીસ્ટીક પાર્ક એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રકચર | ૭૨ |
| ૧૫ | મિનરલ બેઝડ (સિમેન્ટ) | ૮૦ |
| ૧૬ | મિનરલ બેઝડ (જી.એમ.ડી.સી. પ્રોજેક્ટ્સ) | ૨૦ |
| ૧૭ | ઓઈલ, ગેસ એન્ડ ફર્ટીલાઈઝર્સ (સ્ટેટ | ૨૦૭ |

| | | |
|---|---|---|
| | પીએસયુ) | |
| ૧૮ | અન્ય | ૧ |
| ૧૯ | પેપર | ૧૧ |
| ૨૦ | પી.સી.પી.આઈ.આર. એન્ડ જી.આઈ.ડી.સી. લાર્જ પ્રોજેક્ટ્સ | ૧૫૯ |
| ૨૧ | ફાર્માસ્યુટીકલ્સ | ૨૦૧ |
| ૨૨ | પોર્ટ એન્ડ પોર્ટ બેઝડ | ૯૨ |
| ૨૩ | પાવર | ૪૧ |
| ૨૪ | પાવર–રીન્યુએબલ | ૧૦૫ |
| ૨૫ | રોડ એન્ડ રેઈલ પ્રોજેક્ટ્સ | ૩૪ |
| ૨૬ | રૂરલ ડેવલપમેન્ટ | ૩૪૦ |
| ૨૭ | રૂરબન હાઉસિંગ | ૨૦૧ |
| ૨૮ | સ્કિલ ડેવલપમેન્ટ (ડીઈટી) | ૬૬ |
| ૨૯ | સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજીઅન | ૨૪ |
| ૩૦ | ટેક્ષ્ટાઈલ એન્ડ એપરલ્સ | ૧૧૬ |
| ૩૧ | ટૂરીઝમ | ૭૯ |
| ૩૨ | ટ્રાયબલ ડેવલપમેન્ટ | ૨૨ |
| ૩૩ | અર્બન ડેવલપમેન્ટ | ૧૦૫૧ |
| ૩૪ | વોટર રીસોર્સ | ૪૭ |
| ૩૫ | એમ.એસ.એમ.ઈ | ૧૭૦૮૧ |
| | કુલ | ૨૧૩૦૪ |

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત દરેક વાઈબ્રન્ટ સમીટમાં એમ.ઓ.યુ. પૈકી કેટલા ઉદ્યોગો કુલ કેટલા મૂડીરોકાણ સાથે કાર્યાન્વિત થયા ?

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૩ના ૧૦,૭૧૭ પ્રોજેક્ટ્સ ઉત્પાદનમાં ગયા છે તેમજ વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૫ના રૂ.૩,૦૫,૯૬૪ કરોડનું સૂચિત મૂડીરોકાણ ધરાવતા ૧૨,૬૭૦ પ્રોજેક્ટ્સ ઉત્પાદનમાં ગયા છે.

---------

મહેમદાવાદ અને ખેડા તાલુકામાં પાણી પુરવઠા યોજના

* ૨૭૯૫૨ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ખેડા જીલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કઈ પાણી પુરવઠાની યોજના કાર્યરત છે, અને

(૨) આ યોજના દ્વારા કેટલા ગામો તેમજ પેટા પરામાં પીવાનું પાણી પહોંચતું કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન ખેડા જીલ્લાના મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં નીચે મુજબની જુથ પાણી પુરવઠાની યોજના કાર્યરત છે.

| અનુ. | તાલુકો | કાર્યરત જુથ યોજનાનું નામ |
|---|---|---|
| ૧ | મહેમદાવાદ | મહેમદાવાદ જુથ પાણી પુરવઠા યોજના (ભાગ–૧) અને મહેમદાવાદ જુથ પાણી પુરવઠા યોજના (ભાગ–૨) |
| ૨ | ખેડા | વાત્રક જુથ પાણી પુરવઠા યોજના |

(૨) આ યોજનાઓ કાર્યરત હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બનાસકાંઠા જિલ્લામાં સરકારી તથા મદદનીશ સરકારી વકીલની ખાલી જગ્યાઓ

* ૨૭૯૦૫ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર (રાજ્યકક્ષા) મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા સરકારી વકીલ

જવાબ

(૧) જિલ્લા સરકારી વકીલશ્રીની જગ્યાનો ચાર્જ શ્રી ચતુરજી ગંભીરજી રાજપુતને આપવામાં આવેલ છે.

તથા મદદનીશ જિલ્લા સરકારી વકીલની કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) આ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જ્યારે મદદનીશ સરકારી વકીલશ્રીની તમામ જગ્યાઓ ભરેલી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

આણંદ અને આંકલાવ તાલુકામાં મહીકાંઠાના ગામો માટે પાણી પુરવઠા યોજના

* ૨૮૦૯૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને આંકલાવ તાલુકાના મહીકાંઠાના ગામો માટે પાણી પુરવઠા યોજના બનાવવા ક્યારે સર્વે કરવામાં આવેલ,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના અંતર્ગત કેટલા ગામો અને કેટલી વસ્તીનો સમાવેશ કરવામાં આવેલ છે, અને

(૩) આ યોજનાઓ કેટલા સમયમાં કાર્યરત કરવાનું આયોજન છે ?

જવાબ

(૧), (૨) અને (૩)તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આણંદ અને આંકલાવ તાલુકાના મહીકાંઠાના ગામોમાં સ્થાનિક સોર્સ આધારીત યોજના દ્વારા પીવા લાયક પાણી પુરતું મળી રહેતું હોઈ, આણંદ અને આંકલાવ તાલુકાના મહીકાંઠાના ગામો માટે પાણી પુરવઠા યોજનાનું હાલ કોઈ આયોજન કરેલ નથી.

---------

સાબરકાંઠા જિલ્લામાં પશુ ચોરીના બનાવો

* ૨૭૯૦૮ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પશુપાલકોના પશુઓ ચોરીના કેટલા બનાવો નોંધાયા,

(૨) તે પૈકી કેટલા ગુનાઓ ઉકેલી આરોપીઓને પકડવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ પશુ ચોરીના બનાવો અટકાવવા માટે સરકારે ઉક્ત સમયગાળામાં શાં પગલાં લીધા ?

જવાબ

(૧)

| તાલુકો | તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ |
|---|---|---|
| હિંમતનગર | ૭ | ૭ |
| પ્રાંતિજ | ૨ | ૧૯ |
| તલોદ | ૨ | ૫ |
| ઈડર | ૭ | ૧૦ |
| વડાલી | ૦ | ૦ |
| ખેડબ્રહ્મા | ૧ | ૨ |
| પોશીના | ૩ | ૧ |
| વિજયનગર | ૨ | ૦ |

(૨)

| ગુનાઓ ઉકેલાયાની સંખ્યા | પકડાયેલ આરોપીઓની સંખ્યા |
|---|---|
| ૨૨ | ૩૭ |

(૩) આવા ગુનાઓ અટકાવવા સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાઈટ રોન પેટ્રોલીંગ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ પર અવર જવર કરતા તેમજ પશુઓ ભરી લઈ જતા પીકઅપ ડાલા, સ્કોર્પિયો, ટાટા સુમો, છોટા હાથી, જેવા વાહનોને ખાસ ચેક કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. તેમજ અસરગ્રસ્ત વિસ્તારમાં ફીક્સ પોઈન્ટ તેમજ મોટર સાઈકલ પેટ્રોલીંગ રાખી નાઈટ પેટ્રોલીંગના માણસો દ્વારા સખ્ત નાઈટ પેટ્રોલીંગ કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે તેમજ પશુઓની ચોરી થતી અટકાવવા અંગે વિલેજ વિજીટેશન દરમ્યાન ગામ લોકોને રાત્રિના સમયે પોતાના પશુઓ રોડ/રસ્તા નજીકમાં નહીં બાંધવા તેમજ રાત્રિના સમયે ગામમાં

અવરજવર કરતુ કોઈ શંકાસ્પદ વાહન જણાય તો પોલીસ સ્ટેશનને જાણ કરવા સુચના કરવા માટેની સમજ આપવામાં આવે છે.

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૭૯૩૦ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેશી, ઇંગ્લીશ દારૂ અને બીયરનો કેટલો જથ્થો પકડવામાં આવ્યો અને તેની કેટલી કિંમત થાય છે, અને | (૧) પત્રક સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમો સામે કેવા કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યા તથા તે અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ? | (૨) ઉક્ત સ્થિતિએ ૪૩૯૮૮ ઈસમો સામે ગુજરાત પ્રોહીબીશન એક્ટ–૧૯૪૯ તથા ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એક્ટ–૨૦૧૬ના કાયદા હેઠળ કેસ નોંધવામાં આવેલ છે. તથા તે અન્વયે ૪૩૮૪૭ ઈસમોની ધરપકડ કરવામાં આવી. |

પત્રક

| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | | | |
|---|---|---|---|
| જિલ્લાનું નામ | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
| છોટાઉદેપુર | ૨૧૨૪૪૪ | ૫૪૪૮૨ | ૧૮૨૦૩ |
| વડોદરા | ૨૭૧૯૫૫ | ૧૧૧૯૨૭ | ૭૫૮૭૧ |
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | | | |
| જિલ્લાનું નામ | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
| છોટાઉદેપુર | ૪૬૯૧૨ | ૧૪૨૧૦ | ૧૭૩૨૬ |
| વડોદરા | ૨૧૮૦૨૨ | ૧૬૦૦૯૮ | ૭૨૩૭૪ |

| વર્ષ | વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) | બિયરની કિંમત (રૂપિયામાં) | દેશી દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | ૫,૮૮,૩૧,૫૬૧/– | ૧,૬૭,૩૨,૦૩૦/– | ૧૮,૮૨,૪૮૦/– |
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | ૪,૫૮,૯૪,૭૨૦/– | ૧,૭૭,૧૭,૦૬૦/– | ૧૭,૯૬,૭૩૦/– |

---------

સુરત શહેરમાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૨૦ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત શહેરમાં નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને | (૧) ૩૫૬ રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૪૫૮૦.૪૨ લાખ. |

---------

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### ગાંધીનગર જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૩૨ શ્રી વિંછીયાભાઈ ભુરિયા (લીમખેડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫માં ૧૭૯૬<br>વર્ષ ૨૦૧૬માં ૧૫૮૭ |

---------

### રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૧૩, ઘંટેશ્વર, રાજકોટની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૩૩ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ, જૂથ–૧૩, ઘંટેશ્વર, રાજકોટમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫માં ૧૦૯૮<br>વર્ષ ૨૦૧૬માં ૧૧૭૦ |

---------

### પોલીસ તંત્રમાં આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૨૭૫૯૪ શ્રી રજનીકાન્ત પટેલ (અસારવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય પોલીસ તંત્રનાં આધુનિકરણ માટે કેટલી રકમ વર્ષવાર મળી, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય પોલીસ તંત્રનાં આધુનિકરણ માટે નીચે મુજબની રકમ વર્ષવાર મળી<br>વર્ષ–૨૦૧૪–૧૫ રૂ. ૭૨.૬૫ કરોડ<br>વર્ષ–૨૦૧૫–૧૬ રૂ. ૨૨.૪૭ કરોડ |
| (૨) ઉક્ત રકમ પૈકી કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ઉક્ત રકમ પૈકી નીચે મુજબની રકમનો ખર્ચ થયો.<br>વર્ષ–૨૦૧૪–૧૫ રૂ. ૭૨.૬૫ કરોડ<br>વર્ષ–૨૦૧૫–૧૬ રૂ. ૧૩.૬૦ કરોડ |

---------

### વડોદરા જિલ્લામાં ઘાસચારાની કીટ

* ૨૭૫૭૧ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ દરમ્યાન વડોદરા જિલ્લામાં ખરીફ ઋતુ તથા રવિ ઋતુ દરમ્યાન કયા પ્રકારના અને કેટલી સંખ્યામાં ઘાસચારાની મીની બિયારણ કીટ પુરી પાડવામાં આવી ? | પશુપાલન ખાતા દ્વારા વર્ષ ૨૦૧૬–૧૭ દરમિયાન તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં ખરીફ ઋતુ અને રવિ ઋતુ દરમિયાન પુરા પાડવામાં આવેલ ઘાસચારાની મીની કીટ બિયારણની વિગત નીચે દર્શાવ્યા મુજબ છે. |

| ઋતુ | યોજનાનું | કિટની | પાકનું | પ્રતિ કીટ | કુલ |
|---|---|---|---|---|---|

| | નામ | સંખ્યા | નામ | જથ્થો (કી.ગ્રા.) | જથ્થો (કી.ગ્રા.) |
|---|---|---|---|---|---|
| ખરીફ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૧૨૩ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૮૬૧ કિ.ગ્રા. |
| | (૨) આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૧૮૫ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૧૨૯૫ કિ.ગ્રા. |
| | (૩) અનુસુચિત જાતિ પેટા વિકાસ યોજના (હેલ્થ પેકેજ) | ૨૮૧ | મકાઈ આફ્રિકન ટોલ | ૭ કિ.ગ્રા. | ૧૯૬૭ કિ.ગ્રા. |
| રવિ ઋતુ | (૧) એકીકૃત ઘાસચારા વિકાસ યોજના | ૫૧ | ઓટ કેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૫૧૦ કિ.ગ્રા. |
| | (૨) આદિવાસી વિસ્તાર વિકાસ યોજના | ૭૭ | ઓટ કેન્ટ | ૧૦ કિ.ગ્રા. | ૭૭૦ કિ.ગ્રા. |

---------

ગુજરાત સાયન્સ સીટીમાં મુલાકાતીઓ

* ૨૭૫૬૩ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ગુજરાત સાયન્સ સીટીમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા મુલાકાતીઓએ મુલાકાત લીધી ? | (૧) ૧૨,૮૩,૭૮૨ |

---------

રાજ્ય અનામત પોલીસ દળ જૂથ–૧૪, કલગામ, વલસાડની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૧૦ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો. દળ, જૂથ–૧૪, કલગામ, વલસાડમાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની | (૨) વર્ષ ૨૦૧૫માં ૭૯૧<br>વર્ષ ૨૦૧૬માં ૭૧૯ |

આરોગ્ય ચકાસણી થઈ છે ?

---------

રાજ્યમાં પોલીસ તાલીમ સંસ્થાઓ

* ૨૭૬૧૧ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા પોલીસ દળ માટે ગુજરાત રાજ્યમાં રાજ્યકક્ષાની કઈ તાલીમી સંસ્થાઓ તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કાર્યરત છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નીચે મુજબની તાલીમ સંસ્થાઓ કાર્યરત છે.

(૧) ગુજરાત પોલીસ અકાદમી કરાઈ
(૨) પોલીસ તાલીમ મહા વિદ્યાલય, જૂનાગઢ
(૩) પોલીસ તાલીમ શાળા, વડોદરા
(૪) રાજ્ય અનામત પોલીસ તાલીમ કેન્દ્ર ચોકી (સોરઠ)

પ્રશ્ન

(૨) ઉક્ત સંસ્થાઓમાં કેટલા તાલીમાર્થીઓને તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલીમ આપવામાં આવી ?

જવાબ

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલઃ– ૧૨૦૮૬ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી.

---------

બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલ ગૌમાંસ

* ૨૭૦૨૧ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાંથી વર્ષવાર કેટલું ગૌમાંસ પકડવામાં આવ્યું, અને

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫માં ૧૫૦ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે. જ્યારે વર્ષ ૨૦૧૬ની માહિતી શુન્ય છે. સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ની માહિતી શુન્ય છે. જ્યારે વર્ષ ૨૦૧૬માં ૨૦૦ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે.

પ્રશ્ન

(૨) તે અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરી કયા કાયદાની કઈ કલમો હેઠળ કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૨) બનાસકાંઠા જિલ્લામાં અમીરગઢ પો.સ્ટે.ફ.ગુ.ર.નં. ૫૯/૧૫ ઈપીકો કલમ–૪૨૯, ૨૭૯,૧૧૪ મોટર વ્હીકલ એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૧ની કલમ ૫,૬,૬(ખ) તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમની કલમ–૩ મુજબ ગુનો નોંધી ૦૫(પાંચ) આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. જ્યારે સાબરકાંઠા જિલ્લામાં તલોદ પો.સ્ટે.ફ. ગુ.ર.નં. ૩૦૫૪/૧૬, ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ–૨૦૧૧ની કલમ–૮(ખ), ૬, ૫ મુજબ ગુનો નોંધી ૦૩(ત્રણ) આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

ખેડા અને આણંદ જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૭૧૫૫ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જિલ્લામાં કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂ પકડાયો, અને

જવાબ

(૧)

| તા. ૦૧–૦૧–૨૦૧૫ થી ૩૧–૧૨–૨૦૧૫ | | | |
|---|---|---|---|
| જિલ્લાનું નામ | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
| ખેડા | ૨૭૬૦૬ | ૧૮૫૬૧ | ૪૧૪૬૭ |
| આણંદ | ૪૯૫૦૧૭ | ૨૬૦૪૭ | ૨૦૫૯૦ |
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી ૩૧–૧૨–૨૦૧૬ | | | |
| ખેડા | ૩૮૨૯૩ | ૭૧૮૦૯ | ૪૦૮૯૬ |
| આણંદ | ૧૦૫૪૨૬ | ૪૦૩૮૬ | ૨૩૬૦૪ |

(૨) ઉપરોક્ત પકડાયેલ વિદેશી દારૂ, બિયર તથા દેશી દારૂની વર્ષવાર શું કિંમત થાય છે ?

(૨)

| વર્ષ | વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) | બિયરની કિંમત (રૂપિયામાં) | દેશી દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | ૧,૭૩,૫૭,૬૭૫ | ૪૪,૨૬,૭૯૦ | ૧૨,૪૧,૧૪૦ |
| તા. ૦૧-૦૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | ૨,૦૩,૭૮,૬૭૦ | ૯૩,૬૮,૯૮૦ | ૧૨,૯૦,૦૦૦ |

---------

કરાઈ એકેડમી, ગાંધીનગર ખાતે પોલીસ કર્મીઓને બંધક બનાવ્યાનાં અહેવાલ બાબત

* ૨૮૦૬૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : તા. ૯-૩-૨૦૧૬નાં રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૧૯૦૭ (અગ્રતા-૧૧૪)નાં અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ ગાંધીનગરની કરાઈ એકેડમી ખાતે આઈ.પી.એસ. અધિકારી દ્વારા પોલીસ કર્મીઓને બંધક બનાવવા બાબતનો પ્રાથમિક તપાસનો અહેવાલ સરકારની વિચારણા હેઠળ હતો જેની તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તે વિચારણા ક્યારે પૂર્ણ થઈ, અને

(૨) તે અન્વયે જવાબદાર પોલીસ અધિકારી સામે સરકારે શા પગલાં લીધા ?

જવાબ

(૧) અને (૨) ગાંધીનગરની કરાઈ એકેડમી ખાતે આઈ.પી.એસ.અધિકારી દ્વારા પોલીસ કર્મીઓને બંધક બનાવવા બાબતનો પ્રાથમિક તપાસનો અહેવાલ વિચારણામાં લઈ તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ એક અધિકારી સામે ખાતાકીય તપાસ શરૂ કરવાનો નિર્ણય લેવાયેલ છે. જે પરત્વે તા. ૪-૮-૨૦૧૬ની યાદીથી આરોપનામું પાઠવવામાં આવેલ છે.

---------

પંચમહાલ જિલ્લામાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૨૧ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૬૫૫ રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી.

(૨) રૂ. ૫૩૩૫.૩૮ લાખ

---------

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

પોલીસ તંત્રમાં આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૨૭૫૯૫ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ રકમ મળી છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય પોલીસ તંત્રના આધુનિકરણ માટે કેટલી રકમ વર્ષવાર મળી, અને

(૨) ઉક્ત મળેલ રકમમાંથી મુખ્યત્વે કયા કામો માટે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે પૂર્ણ થયેલ નાણાંકીય વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય પોલીસ તંત્રના આધુનિકરણ માટે નીચે મુજબની રકમ વર્ષવાર મળી,

| | |
|---|---|
| વર્ષ-૨૦૧૪-૧૫ | રૂ. ૭૨.૬૫ કરોડ |
| વર્ષ-૨૦૧૫-૧૬ | રૂ. ૨૨.૪૭ કરોડ |

(૨) ઉક્ત મળેલ રકમમાંથી વર્ષ-૨૦૧૪-૧૫માં રૂ. ૭૨.૬૫/- કરોડ અને વર્ષ-૨૦૧૫-૧૬માં રૂ. ૧૩.૬૦/- કરોડનો ખર્ચ મુખ્યત્વે વાહનો, સાધન સામગ્રી, સંદેશા વ્યવહાર, સીક્યુરીટી અને સર્વેલન્સ તાલીમ અને હોમગાર્ડઝ એફ.એસ.એલ. માટેની સાધન-સામગ્રી વિગેરેના કામો માટે ખર્ચ કરવામાં આવ્યો.

---------

લખપત અને અબડાસા તાલુકામાં પાણીની લાઇનનાં રીમોડલીંગ બાબત

* ૨૭૭૮૧ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કચ્છ જિલ્લાના લખપત તથા અબડાસા તાલુકા માટે પીવાના પાણીની લાઇનના રીમોડલીંગ કામના કેટલા પેકેજના વર્ક ઓર્ડર તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ આપવાના બાકી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા પેકેજના ટેન્ડર બાકી છે અને આ કામ ક્યારે પૂર્ણ થશે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૭ની સ્થિતિએ લખપત તાલુકાના મંજુર થયેલ ૮ (આઠ) પેકેજ પૈકી ૨ (બે) પેકેજના વર્કઓર્ડર આપવાના બાકી છે. અબડાસા તાલુકાના મંજુર થયેલ ૭ (સાત) પેકેજ ૪ (ચાર) પેકેજના વર્કઓર્ડર આપવાના બાકી છે.

(૨) લખપત તાલુકાના ૨ (બે) પેકેજ અને અબડાસા તાલુકાના ૪ (ચાર) પેકેજના કામના ટેન્ડર બાકી છે. જે તબક્કાવાર પુર્ણ કરવાનું આયોજન છે.

---------

રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૧૭, જામનગરની આરોગ્ય ચકાસણી

* ૨૭૬૨૬ શ્રીમતી વસુબેન ત્રિવેદી (જામનગર-દક્ષિણ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી-અધિકારીઓની આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રા.અ.પો.દળ જૂથ:૧૭, ચેલા, જામનગરમાં કેટલા પોલીસ અધિકારી-કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ?

**જવાબ**

(૧) હા, જી.

(૨) વર્ષ ૨૦૧૫માં ૯૨૯
વર્ષ ૨૦૧૬માં ૬૬૦

---------

વાયબ્રન્ટ સમિટ-૨૦૧૭ પાછળ ખર્ચ અને એમ.ઓ.યુ. બાબત

* ૨૭૮૩૧ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જાન્યુઆરી, ૨૦૧૭ દરમિયાન ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ સમિટ–૨૦૧૭ પાછળ કુલ કેટલો ખર્ચ થયો, અને | (૧) જાન્યુઆરી–૨૦૧૭ દરમિયાન ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૭ પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૭ સુધીમાં કુલ રૂ. ૪૦,૯૦,૫૦,૫૪૬,૦૦નું ચૂકવણું કરવામાં આવ્યું છે. સમિટ માટે કરવામાં આવેલ ખર્ચના બિલો હજુ આખરી થયેલ નથી. |
| (૨) આ સમિટમાં કયા સેક્ટરનાં ઉદ્યોગ માટે કુલ કેટલા એમ.ઓ.યુ. થયા ? | (૨) વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૭માં કુલ ૨૫૯૨૩ ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન/સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ મંજૂર કરવામાં આવેલ છે, જેની સેક્ટર વાઈઝ વિગતો આ સાથે પત્રકમાં સામેલ છે. |

પત્રક

વાયબ્રન્ટ–૨૦૧૭

| ક્રમ | સેક્ટર | ઈન્વેસ્ટમેન્ટ ઈન્ટેન્શન્સ | સ્ટ્રેટેજીક પાર્ટનરશીપ |
|---|---|---|---|
| ૧. | એગ્રો એન્ડ ફુડ પ્રોસેસીંગ | ૪૦૯ | ૩૫ |
| ૨. | એનીમલ હન્સબન્ડરી, ફીશરીશ એન્ડ કો–ઓપરેશન | ૫૦૨ | ૬ |
| ૩. | કેમીકલ્સ, પેટ્રોકેમીકલ્સ એન્ડ જીઆઈડીસી લાર્જ પ્રોજેક્ટ | ૨૬૮ | ૧૬ |
| ૪. | એજ્યુકેશન | ૧૯૨ | ૧૩૬ |
| ૫. | એન્જીનીયરીંગ, ઓટો એન્ડ અધર ઈન્ડસ્ટ્રીઝ | ૧૦૧ | ૦ |
| ૬. | એન્વાયરમેન્ટ એન્ડ ફોરેસ્ટ | ૨૬૧ | ૧૪ |
| ૭. | ફાઈનાન્સીયલ સર્વિસીસ | ૯૩ | ૦ |
| ૮. | હેલ્થકેર એન્ડ ફાર્માસ્યુટીકલ | ૩૦૦ | ૩૧ |
| ૯. | ઈન્ડસ્ટ્રીયલ પાર્કસ એન્ડ લોજીસ્ટીક પાર્ક | ૧૨૪ | ૦ |
| ૧૦. | ઈન્ફોર્મેશન ટેકનોલોજી એન્ડ બાયોટેકનોલોજી | ૧૪૯ | ૧૭ |
| ૧૧. | મીનરલ બેઝડ પ્રોજેક્ટ | ૪૨૧ | ૨ |
| ૧૨. | પોર્ટ એન્ડ પોર્ટ બેઝડ | ૮૭ | ૧૬ |
| ૧૩. | પાવર, ઓઈલ એન્ડ ગેસ સેક્ટર (ઈન્કલુડીંગ પાવર રીન્યુએબલ) | ૪૨૬ | ૧૩ |
| ૧૪. | રોડ એન્ડ રેલ પ્રોજેક્ટ | ૪૧ | ૦ |
| ૧૫. | રૂરલ ડેવલપમેન્ટ | ૩૮૦ | ૨૭ |
| ૧૬. | રૂર્બન હાઉસીંગ | ૧૬૭ | ૦ |
| ૧૭. | સ્કીલ ડેવલપમેન્ટ સેક્ટર | ૧૦૧ | ૬૨૫ |
| ૧૮. | સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયન એન્ડ અધર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસ | ૩૦ | ૧ |
| ૧૯. | સ્પોર્ટસ, યુથ એન્ડ કલ્ચર | ૭ | ૦ |
| ૨૦. | ટેક્ષટાઈલ એન્ડ એપરેલ્સ | ૧૫૬ | ૦ |
| ૨૧. | ટુરીઝમ એન્ડ સીવીલ એવીએશન | ૧૬૨ | ૬ |
| ૨૨. | અર્બન ડેવલપમેન્ટ | ૧૬૬૮ | ૨૦૪ |
| ૨૩. | વોટર સપ્લાય | ૫૨ | ૦ |
| ૨૪. | એમ.એસ.એમ.ઈ. | ૧૮૬૭૭ | ૦ |
| | સબ ટોટલ | ૨૪૭૭૪ | ૧૧૪૯ |
| | ટોટલ | ૨૫૯૨૩ | |

---------

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા જિલ્લામાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૦૩ શ્રી ભૂષણ ભટ્ટ (જમાલપુર-ખાડિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૧) ૧૭૯ રહેણાંકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૧૪૯૪.૧૪ લાખ. |

---------

### મહેસાણા જિલ્લામાં પાતાળકુવાનું શારકામ

* ૨૭૧૮૧ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૧-૪-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પીવાના પાણી માટે પાણી પુરવઠા બોર્ડ દ્વારા કેટલા પાતાળકુવાનું શારકામ મંજુર કરવામાં આવ્યું, અને | (૧) ૩૬ પાતાળકુવા |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા પાતાળકુવાનું શારકામ પૂર્ણ કરેલ છે અને કેટલા પાતાળકુવાનું શારકામ બાકી છે ? | (૨) - ૩૦ પાતાળકુવાનું શારકામ પૂર્ણ કરેલ.<br>- ૦૧ પાતાળકુવાનું કામ પ્રગતિ હેઠળ છે.<br>- ૦૫ પાતાળકુવાનું શારકામનું કામ લોકફાળો ભર્યેથી હાથ ધરવામાં આવશે. |

---------

### દાહોદ અને પંચમહાલ જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૭૩૫૧ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં કેટલો વિદેશી દારૂ, બિયર અને દેશી દારૂ પકડાયો, અને

(૧) પત્રક સામેલ છે. પત્રક

| જિલ્લો | વિદેશી દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
|---|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | | | |
| દાહોદ | ૩૩૯૯૫૦ | ૪૦૪૨૮ | ૪૮૮૩ |
| પંચમહાલ | ૨૮૪૫૫૦ | ૭૪૨૧૩ | ૧૧૬૮૮ |
| તા. ૦૧-૦૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | | | |
| દાહોદ | ૨૮૮૯૬૭ | ૩૫૭૫૮ | ૪૦૪૯ |
| પંચમહાલ | ૯૭૮૨૨ | ૩૦૩૮૫ | ૧૧૬૧૬ |

(૨) ઉપરોક્ત પકડાયેલ વિદેશી દારૂ, બિયર તથા દેશી દારૂની વર્ષવાર શું કિંમત થાય છે ?

(૨)

| વર્ષ | વિદેશી દારૂની કિંમત (રૂપિયામાં) | બિયરની કિંમત (રૂપિયામાં) | દેશી દારૂની કિંમત (રૂપિયામાં) |
|---|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧- | ૪,૯૯,૩૭,૨૦૩/- | ૬૬,૧૩,૪૦૦/- | ૩,૪૨,૭૪૦/- |

| | | | |
|---|---|---|---|
| ૧૨–૨૦૧૫ | | | |
| તા. ૦૧–૦૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | ૩,૪૧,૮૮,૭૯૬/– | ૬૦,૪૭,૫૦૦/– | ૩,૧૩,૩૦૦/– |

---------

પંચમહાલ જિલ્લામાં રેતી ચોરી સામે ફ્લાઇંગ સ્કોવોર્ડનાં દરોડા

* ૨૮૨૨૧ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગેરકાયદેસર રેતીની ચોરી અટકાવવા સ્ટેટ ફ્લાઇંગ દ્વારા કેટલા દરોડા પાડ્યા, | (૧) ૩૪ |
| (૨) તે પૈકી નાડા ગામે કેટલી રકમની ચોરી પકડી અને તે અન્વયે શી કાર્યવાહી કરી, અને | (૨) નાડા ગામે કોઈ ખનીજચોરી પકડાયેલ નથી. |
| (૩) ઉક્ત સ્થિતિ ચોરી કરતાં પકડાયેલ લીઝ હોલ્ડરોની લીઝો રદ કરેલ છે કે કેમ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

પોલીસ આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

* ૨૭૪૩૧ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી પોલીસ આધુનિકરણ યોજના હેઠળ કેટલી રકમ રાજ્ય સરકારને મળી, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે પૂર્ણ થયેલ નાણાકીય વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી પોલીસ આધુનિકરણ માટે નીચે મુજબની રકમ વર્ષવાર મળી.<br>વર્ષ–૨૦૧૪–૧૫ રૂ. ૭૨.૬૫ કરોડ<br>વર્ષ–૨૦૧૫–૧૬ રૂ. ૨૨.૪૭ કરોડ |
| (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પોલીસ આધુનિકરણ પાછળ રાજ્ય સરકાર તરફથી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર પોલીસ આધુનિકરણ પાછળ રાજ્ય સરકાર તરફથી નીચે મુજબની રકમનો ખર્ચ થયો.<br>વર્ષ–૨૦૧૪–૧૫ રૂ. ૭૨.૬૫ કરોડ<br>વર્ષ–૨૦૧૫–૧૬ રૂ. ૧૩.૬૦ કરોડ |

---------

બોટાદ જિલ્લામાં પશુઓને રસીકરણ

* ૨૭૫૬૭ ડૉ. ટી. ડી. માણિયા (બોટાદ) : માનનીય પશુપાલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પશુપાલન ખાતા દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં કેટલા પશુઓને રસીકરણ કરવામાં આવ્યું, અને | (૧) ૪,૫૯,૭૯૬ |
| (૨) તેમાં મુખ્યત્વે કયા પ્રકારના રોગોનું રસીકરણ કરવામાં આવ્યું ? | (૨) એચ.એસ., બી.ક્યુ., એફ.એમ.ડી., આંત્રવિષજવર, એ.આર.વી. અને પી.પી.આર. |

---------

રાજ્યમાં ધાર્મિક ધ્રુવીકરણ અટકાવવા સમિતિની રચના

* ૨૭૧૨૮ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ધાર્મિક ધ્રુવીકરણ અન્વયે સરકારે સમિતિની નિમણૂક ક્યારે કરી, | (૧) આવી કોઈ સમિતિની રચના કરવામાં આવેલ નથી. |
| (૨) તે અન્વયે ઉક્ત સમિતિની છેલ્લા એક વર્ષમાં બેઠકો ક્યારે મળી આ સમિતિમાં કોની કોની નિમણૂકો કરાઈ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત કમિટિ પાછળ ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલો ખર્ચ થયો ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ગીર સોમનાથ અને જુનાગઢ જિલ્લામાં ખાણ-લીઝો પર દરોડા

* ૨૬૭૯૫ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લામાં ફ્લાઇંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો-લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

જવાબ

(૧)

| જીલ્લો | વર્ષ | ચેકીંગ તારીખ |
|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૧૫ | (૧) તા. ૮-૯-૧૫ થી તા. ૧૧-૯-૧૫<br>(૨) તા. ૯-૧૦-૧૫ થી તા. ૧૦-૧૦-૧૫<br>(૩) તા. ૧૮-૧૨-૧૫ |
| | ૨૦૧૬ | (૧) તા. ૩-૨-૧૬ થી તા. ૫-૨-૧૬<br>(૨) તા. ૧૩-૨-૧૬ થી તા. ૧૪-૨-૧૬<br>(૩) તા. ૧૩-૪-૧૬ થી ૧૪-૪-૧૬<br>(૪) તા. ૨૫-૫-૧૬ થી તા. ૨૭-૫-૧૬ |
| જુનાગઢ | ૨૦૧૫ | ------------ |
| | ૨૦૧૬ | (૧) તા. ૧૩-૨-૧૬ થી તા. ૧૪-૨-૧૬ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ,

(૨)

| જીલ્લો | વર્ષ | ગેરરીતિનો પ્રકાર | ખનિજચોરી (રૂ.લાખ) |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૧૫ | બિન અધિકૃત ખનન | ૨૪૨૫.૪૬ |
| | ૨૦૧૬ | બિન અધિકૃત ખનન | ૪૨૮૯.૧૩ |
| જુનાગઢ | ૨૦૧૫ | ------------- | |
| | ૨૦૧૬ | બિન અધિકૃત | ૧૦૧.૮૦ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે ૦૧ ઈસમ પાસેથી રૂ. ૧૧.૮૪ લાખની વસુલાત કરવામાં આવેલ છે. જ્યારે ૦૬ ઈસમો તથા ૦૩ કંપનીઓને રૂ. ૬૮૦૪.૫૫ લાખની ખનિજ કિંમત ભરપાઈ

| | |
|---|---|
| | કરવા નોટીસ આપેલ છે. |
| (૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જીલ્લાવાર કેટલી પોલીસ ફરીયાદો દાખલ કરવામાં આવી ? | (૪) એક પણ નહિં. |

---------

રાજ્યની એફ.એસ.એલ. દ્વારા પરીક્ષણથી આવક

* ૨૭૫૯૯ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા રાજ્ય બહારની સંસ્થાઓ/કચેરીઓના પરિક્ષણ થકી કેટલી આવક પ્રાપ્ત કરી છે ? | તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા રાજ્ય બહારની સંસ્થાઓ/કચેરીઓના પરિક્ષણ થકી કુલ રૂ. ૭૪,૭૭,૦૭૦/– ની આવક પ્રાપ્ત કરી છે. |

---------

કચ્છ જિલ્લામાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૦૫ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ તથા ૨૦૧૬–૧૭માં તા. ૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૨૭ રહેણાંકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૨૧૪૩.૯૪ લાખ. |

---------

તાપી અને સુરત જિલ્લામાં કાર્યરત જી.આઈ.ડી.સી.

* ૨૬૯૬૬ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી અને સુરત જીલ્લામાં કેટલી અને કઈ જી.આઈ.ડી.સી.ઓ કાર્યરત છે, અને | (૧) – તાપી જિલ્લામાં એકપણ જીઆઈડીસી કાર્યરત નથી.<br>– સુરત જીલ્લામાં કુલ ૯ જીઆઈડીસી સચીન, ઈચ્છાપોર, પાંડેસરા, ખટોદરા, એપેરલ પાર્ક સચીન, ઓલપાડ, કતારગામ, હજીરા, બારડોલી ખાતે કાર્યરત છે. |
| (૨) ઉક્ત કાર્યરત જી.આઈ.ડી.સી.ઓ પૈકી છેલ્લાં બે વર્ષમાં નવી કેટલી જી.આઈ.ડી.સી.ઓ સ્થાપવામાં આવી ? | (૨) એક પણ નહિં. |

---------

વાયબ્રન્ટ સમિટ–૨૦૧૭ અને તેમાં મહેમાનોની સરભરા પાછળ ખર્ચ બાબત

* ૨૭૭૩૮ શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં જાન્યુઆરી માસમાં યોજાયેલ વાયબ્રન્ટ સમિટ–૨૦૧૭માં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, | (૧) જાન્યુઆરી–૨૦૧૭ દરમિયાન ગાંધીનગર ખાતે યોજાયેલ વાયબ્રન્ટ ગુજરાત સમિટ–૨૦૧૭ પાછળ તા. ૩૧–૦૧–૨૦૧૭ સુધીમાં કુલ રૂ. ૪૦,૯૦,૫૦,૫૪૬.૦૦નું ચૂકવણું કરવામાં આવ્યું છે. સમિટ માટે કરવામાં આવેલ ખર્ચના કેટલાંક બિલો હજુ આખરી થયેલ નથી. |
| (૨) આમંત્રિત મહેમાનોને કઈ હોટલોમાં રહેવાની વ્યવસ્થા તેમજ કયા પ્રકારના વાહનની સગવડ આપવામાં આવી હતી, અને | (૨) આમંત્રિત મહેમાનોને પત્રક–૧માં દર્શાવેલ હોટલોમાં રહેવાની વ્યવસ્થા તથા પત્રક–૨ માં દર્શાવેલ પ્રમાણે વાહનની સગવડ કરવામાં આવી હતી. |

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

પત્રક–૧

આમંત્રિત મહેમાનોને નીચે દર્શાવેલ હોટલોમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી હતી

- ધી ફ્રેમ
- ફોરચ્યુન હવેલી
- ઉમેદ
- ફોરચ્યુન ડેન્માર્ક
- નોવોટેલ
- ક્રાઉન પ્લાઝા
- સેન્ટલોર્ન
- નારાયણી હાઈટસ
- એલોફ્ટ
- હયાત રીજન્સી
- હયાત વસ્ત્રાપુર
- રમાડા
- ગ્રાઉન્ડ ૦ સેવન
- પ્રાઈડ પ્લાઝા
- કોર્ટયાર્ડ મેરીયોટ
- કન્ટ્રી ઈન સ્યુટસ
- કેસપીયા
- લેમન ટ્રી એટ્રીયમ
- લેમન ટ્રી
- ફોર પોઈન્ટસ બાય સેરેટોન
- રેડીસન બ્લુ
- ટ્યુન
- જર્મન પેલેસ
- સિલ્વર ક્લાઉડ

પત્રક–૨

આમંત્રિત મહેમાનોને કરવામાં આવેલ વાહનોનું લિસ્ટ

- ઈનોવા
- હોન્ડા સીટી
- કેમરી
- કોરોલા
- ઓડી
- લેન્ડ રોવર
- જેગુવાર
- વોલ્વો કાર
- ફોરચ્યુનર
- બીએમડબલ્યુ
- મર્સીડીઝ
- ટેમ્પો ટ્રાવેલર
- વોલ્વો ૪૯ સીટ
- મીની કોચ ૧૯ સીટ
- કોચ ૨૯ સીટ વિગેરે જેવા વાહનની સગવડ આપવામાં આવી હતી.

(૩) આમંત્રિત મહેમાનો પાછળ એરટીકીટ,

(૩) આમંત્રિત મહેમાનો પાછળ એકોમોડેશનની

એકોમોડેશન, ભોજન અને ટ્રાન્સપોર્ટ પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

વ્યવસ્થા માટે વિવિધ હોટલોને કુલ રૂ. ૧,૫૬,૦૮,૮૯૭.૦૦નું એડવાન્સ પેમેન્ટ કરવામાં આવ્યું હતું. જેના બિલો હજુ આખરી થયેલ નથી તેમજ ટ્રાન્સપોર્ટેશનના બિલો પણ હજુ આખરી થયેલ નથી. ભોજન પેટે થયેલ ખર્ચ તથા અન્ય બિલો હજુ આખરી થયેલ નથી.

---------

બનાસકાંઠા જિલ્લામાં ગૌચર સુધારણાનાં કામ

* ૨૮૦૨૯ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં સન–૨૦૧૬ના વર્ષમાં ગૌચર સુધારણાના ક્યા કામો તાલુકાવાર કેટલા ગામોમાં હાથ ધરવામાં આવ્યા છે, | (૧) પત્રક–૧ મુજબ |
| (૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલા કામ પૂર્ણ થયા છે, | (૨) પત્રક–૨ મુજબ |
| (૩) કેટલા કામ અધુરા છે, અને | (૩) પત્રક–૩ મુજબ |
| (૪) બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે ? | (૪) શક્ય તેટલું ઝડપી |

પત્રક–૧

| અ.નં. | જિલ્લો | વર્ષ | તાલુકો | ગૌચર સુધારણા કામો હાથ ધરવામાં આવેલ ગામની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૦૧૬ | કાંકરેજ | ૫ |
| | | | દિયોદર | ૧ |
| | | | ધાનેરા | ૧ |
| | | | પાલનપુર | ૨ |
| | | | લાખાણી | ૧ |
| | | | સુઈગામ | ૩ |
| | | | થરાદ | ૧ |
| | | | વાવ | ૧ |
| કુલ | | | | ૧૫ |

પત્રક–૨

| અ.નં. | જિલ્લો | વર્ષ | તાલુકો | તા. ૩૧–૧૨–૧૬ સ્થિતિએ ગૌચર સુધારણા કામો પૂર્ણ કરેલ ગામની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૦૧૬ | કાંકરેજ | ૩ |
| | | | દિયોદર | ૧ |
| | | | ધાનેરા | ૧ |
| | | | પાલનપુર | ૧ |
| | | | લાખાણી | ૧ |
| | | | સુઈગામ | ૦ |
| | | | થરાદ | ૧ |
| | | | વાવ | ૧ |
| કુલ ગામોની સંખ્યા | | | | ૯ |

પત્રક–૩

| અ.નં. | જિલ્લો | વર્ષ | તાલુકો | તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ અધુરા રહેલ ગૌચર સુધારણા કામોના ગામની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૨૦૧૬ | કાંકરેજ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | દિયોદર | ૦ |
| | | | ધાનેરા | ૦ |
| | | | પાલનપુર | ૧ |
| | | | લાખાણી | ૦ |
| | | | સુઇગામ | ૩ |
| | | | થરાદ | ૦ |
| | | | વાવ | ૦ |
| કુલ ગામોની સંખ્યા | | | | ૬ |

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નવા હેન્ડપંપ

* ૨૭૧૩૧ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા નવા હેન્ડપંપ બનાવવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલા હેન્ડપંપ ઉક્ત સ્થિતિએ કાર્યરત છે ?

જવાબ

(૧) અને (૨) – જિલ્લોઃ– મહિસાગર

| તાલુકો | નવા હેન્ડપંપ | કાર્યરત હેન્ડપંપ |
|---|---|---|
| લુણાવાડા | ૭૧૮ | ૭૧૮ |
| ખાનપુર | ૩૦૮ | ૩૦૮ |
| સંતરામપુર | ૭૯૩ | ૭૯૩ |
| કડાણા | ૬૭૧ | ૬૭૧ |
| બાલાસિનોર | ૨૩૩ | ૨૩૩ |
| વિરપુર | ૩૮૫ | ૩૮૫ |
| કુલ | ૩૧૦૮ | ૩૧૦૮ |

(૨) જિલ્લો – પંચમહાલ

| તાલુકો | નવા હેન્ડપંપ | કાર્યરત હેન્ડપંપ |
|---|---|---|
| ગોધરા | ૮૩૯ | ૮૩૯ |
| કાલોલ | ૧૮૪ | ૧૮૪ |
| હાલોલ | ૨૨૨ | ૨૨૨ |
| ઘોઘમ્બા | ૧૦૨ | ૧૦૨ |
| જાંબુઘોડા | ૩૯૩ | ૩૯૩ |
| મોરવા | ૩૩૪ | ૩૩૪ |
| શહેરા | ૧૧૦૮ | ૧૧૦૮ |
| કુલ | ૩૧૮૨ | ૩૧૮૨ |

---------

મહેસાણા જિલ્લા પશુ દવાખાનામાં મહેકમ

* ૨૮૦૪૬ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાના આવેલા છે,

જવાબ

(૧) પત્રક–૧ મુજબ

પત્રક–૧

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર આવેલા પશુ દવાખાનાની વિગતો

| અ.નં. | તાલુકાનું નામ | તાલુકાવાર પશુ દવાખાનાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૪ |
| ૨ | જોટાણા | ૧ |
| ૩ | વડનગર | ૨ |

| | | |
|---|---|---|
| ૪ | વિસનગર | ૫ |
| ૫ | ખેરાલુ | ૩ |
| ૬ | સતલાસણા | ૨ |
| ૭ | વિજાપુર | ૫ |
| ૮ | ઉંઝા | ૨ |
| ૯ | કડી | ૫ |
| ૧૦ | બેચરાજી | ૨ |
| કુલ | | ૩૧ |

(૨) ઉક્ત પશુ દવાખાનામાં ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે તથા કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક-૨ મુજબ

મહેસાણા જિલ્લાના પશુ દવાખાનામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાલુકાવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે. તથા કેટલી ખાલી છે તેની વિગતો

| અ. નં. | મહેકમની વિગત | મંજૂર થયેલ મહેકમ | ભરાયેલ મહેકમ | ખાલી મહેકમ |
|---|---|---|---|---|
| ૧ | પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૩૧ | ૨૮ | ૩ |
| ૨ | ડ્રેસર/પટાવાળા વર્ગ-૪ | ૨૧ | ૧૧ | ૧૦ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) શક્ય તેટલુ ઝડપથી.

---------

ભરૂચ જિલ્લામાં પોલીસના રહેણાંક મકાનો બાબત

* ૨૭૬૨૪ શ્રી છત્રસિંહજી મોરી (જંબુસર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ભરૂચ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭માં તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં પોલીસ કર્મચારીઓ માટે કેટલાં રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કામગીરી માટે કુલ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) ૨૫ રહેણાંકના મકાનોની બાંધકામની કામગીરી હાથ ધરવામાં આવી.

(૨) રૂ. ૨૪૮.૧૮ લાખ.

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખાણ લીઝો પર દરોડા

* ૨૭૦૮૮ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર-ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

જવાબ

(૧)

| જીલ્લો | વર્ષ | ચેકીંગ તારીખ |
|---|---|---|
| જામનગર | ૨૦૧૫ | કોઈ ચેકીંગ થયેલ નથી. |
| | ૨૦૧૬ | ૨૦-૧-૨૦૧૬ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૫ | ૨૯-૬-૨૦૧૫<br>૩૧-૧૦-૨૦૧૫ થી<br>૩-૧૧-૨૦૧૫<br>૫-૧૧-૨૦૧૫<br>૧૨-૧૨-૨૦૧૫ |
| | ૨૦૧૬ | ૨૫-૨-૨૦૧૬<br>૧૩-૨-૨૦૧૬<br>૩૦-૩-૨૦૧૬<br>૭-૫-૨૦૧૬ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ,

(૨)

| જીલ્લો | વર્ષ | પકડેલ ગેરરીતિ | પકડેલ ખનિજચોરી (રૂ.લાખ) |
|---|---|---|---|
| જામનગર | ૨૦૧૫ | કોઈ ચેકીંગ થયેલ નથી. | --- |
| | ૨૦૧૬ | બિન અધિકૃત ખનન | ૪૬.૪૮ |
| દેવભૂમિ દ્વારકા | ૨૦૧૫ | બિન અધિકૃત ખનન | ૧૩૭૨૭.૦૫ |
| | ૨૦૧૬ | બિન અધિકૃત | ૭૮૬.૪૯ |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે ૦૧ ઈસમ પાસેથી રૂ. ૯.૫૭ લાખ વસૂલેલ છે. જ્યારે ૦૩ કંપનીઓને રૂ. ૧૪૫૧૩.૫૫ લાખની ખનિજ કિંમત ભરપાઈ કરવા નોટીસ આપેલ છે. ૦૧ ઈસમને રૂ. ૩૬.૯૧ લાખ ભરપાઈ કરવા હુકમ કરેલ છે.

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલી પોલીસ ફરિયાદો દાખલ કરવામાં આવી ?

(૪) શૂન્ય.

---------

મહીસાગર જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૭૦૦૩ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર જિલ્લામાં તાલુકાવાર ખૂન, લુંટ, ધાડ, અપહરણ, બળાત્કારના કેટલા બનાવો નોંધાયા, અને

(૧) પત્રક સામેલ છે.

(૨) તે અન્વયે વર્ષવાર કેટલા આરોપીઓની ધરપકડ કરી અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

(૨)

| વર્ષ | ધરપકડ કરી | ધરપકડ બાકી |
|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ | ૧૧૧ | ૧૪ |
| તા. ૦૧-૦૧-૨૦૧૬થી તા. ૩૧-૧૨-૨૦૧૬ | ૯૧ | ૧૬ |

પત્રક

તા. ૦૧-૦૧-૨૦૧૫ થી તા. ૩૧-૧૨-૨૦૧૫ દરમ્યાન મહીસાગર જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ ગુનાઓ

| અ.નં. | તાલુકાનું નામ | ખૂન | લુંટ | ધાડ | અપહરણ | બળાત્કાર |
|---|---|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૩ | ૦ | ૧ | ૮ | ૨ |
| ૨ | બાકોર | ૨ | ૦ | ૧ | ૩ | ૦ |
| ૩ | સંતરામપુર | ૭ | ૧ | ૦ | ૭ | ૩ |
| ૪ | કડાણા | ૩ | ૦ | ૦ | ૨ | ૧ |
| ૫ | બાલાશીનોર | ૩ | ૦ | ૧ | ૦ | ૦ |
| ૬ | વિરપુર | ૧ | ૦ | ૦ | ૨ | ૦ |

તા. ૦૧-૦૧-૨૦૧૬ થી તા. ૩૧-૧૨-૨૦૧૬ દરમ્યાન મહીસાગર જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ ગુનાઓ

| અ.નં. | તાલુકાનું નામ | ખૂન | લુંટ | ધાડ | અપહરણ | બળાત્કાર |
|---|---|---|---|---|---|---|

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૪ | ૦ | ૦ | ૬ | ૩ |
| ૨ | બાકોર | ૦ | ૦ | ૦ | ૨ | ૧ |
| ૩ | સંતરામપુર | ૫ | ૪ | ૧ | ૧૩ | ૩ |
| ૪ | કડાણા | ૪ | ૦ | ૦ | ૪ | ૦ |
| ૫ | બાલાશીનોર | ૧ | ૦ | ૦ | ૧ | ૦ |
| ૬ | વિરપુર | ૫ | ૦ | ૦ | ૩ | ૧ |

---------

નવસારી અને ડાંગ જિલ્લામાં ખનિજ ચોરીનાં કેસોમાં દંડની બાકી વસૂલાત

* ૨૬૯૮૨ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ખનીજ ચોરીનાં નોંધાયેલ કેટલા કેસોમાં દંડની કેટલી રકમ વસુલવાની બાકી છે, અને | (૧) નવસારી જીલ્લામાં ૦૪ કેસોમાં રૂ. ૧૬.૪૧ લાખની વસુલાત બાકી છે જ્યારે ડાંગ જીલ્લાની કોઈ વસુલાત બાકી નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી રકમ વસુલ કરવામાં આવી ? | (૨) શૂન્ય. |

---------

જામનગર જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી

* ૨૮૪૩૯ શ્રી બાવનજીભાઈ મેતેલીયા (ટંકારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે રાજ્યના પોલીસ ખાતામાં ફરજ બજાવતા તમામ પોલીસ કર્મચારી–અધિકારીઓના આરોગ્યની ચકાસણી કરવાનો કોઈ નિર્ણય કરેલ છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલા પોલીસ અધિકારી–કર્મચારીઓની આરોગ્ય ચકાસણી થઈ છે ? | (૨) વર્ષ ૨૦૧૫માં ૩૨૨<br>વર્ષ ૨૦૧૬માં ૬૬૦ |

---------

આણંદ જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૮૦૦૭ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર લૂંટ, ખૂન, ધાડ, બળાત્કાર અને અપહરણના કેટલા કેસો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નોંધાયા, અને

જવાબ

(૧) પત્રક મુજબ

પત્રક

| તા. ૧–૧–૨૦૧૫ થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | લુંટ | ખૂન | ધાડ | બળાત્કાર | અપહરણ |
| આણંદ | ૧૭ | ૯ | ૩ | ૧૨ | ૩૯ |
| ઉમરેઠ | ૧ | ૪ | ૨ | ૪ | ૧૨ |
| પેટલાદ | ૨ | ૬ | ૨ | ૦ | ૧૪ |
| બોરસદ | ૩ | ૭ | ૦ | ૩ | ૧૪ |
| આંકલાવ | ૦ | ૨ | ૦ | ૦ | ૬ |
| ખંભાત | ૧ | ૨ | ૦ | ૨ | ૧૫ |
| સોજીત્રા | ૨ | ૦ | ૦ | ૦ | ૬ |
| તારાપુર | ૦ | ૨ | ૪ | ૨ | ૨ |
| તા. ૧–૧–૨૦૧૬ થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | | | | | |

| તાલુકાનું નામ | લુંટ | ખૂન | ધાડ | બળાત્કાર | અપહરણ |
|---|---|---|---|---|---|
| આણંદ | ૨૪ | ૭ | ૭ | ૬ | ૪૬ |
| ઉમરેઠ | ૬ | ૦ | ૧ | ૧ | ૯ |
| પેટલાદ | ૪ | ૪ | ૧ | ૨ | ૧૧ |
| બોરસદ | ૫ | ૨ | ૫ | ૨ | ૧૯ |
| આંકલાવ | ૪ | ૩ | ૧ | ૧ | ૧૧ |
| ખંભાત | ૧ | ૧ | ૬ | ૨ | ૧૨ |
| સોજીત્રા | ૦ | ૨ | ૨ | ૦ | ૮ |
| તારાપુર | ૪ | ૦ | ૨ | ૦ | ૧ |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલા આરોપીઓની ધરપકડ કરી ?

(૨) ૮૦૪

---------

જામનગર જિલ્લામાં ગૌચર સુધારણાના કામ

* ૨૬૭૫૮ શ્રી રાઘવજી પટેલ (જામનગર-ગ્રામ્ય) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૬ના વર્ષમાં ગૌચર સુધારણાના મુખ્યત્વે ક્યા કામો તાલુકાવાર કેટલા ગામોમાં હાથ ધરવામાં આવ્યા, અને

(૧)

| તાલુકો | ગામની સંખ્યા | ગામનું નામ |
|---|---|---|
| ૨૦ | ટેકસટાઈલ એન્ડ એપરલ્સ | ૧૫૬ | ૦૦ |
| ૨૧ | ટૂરિઝમ એન્ડ સિવિલ એજ્યુકેશન | ૧૬૨ | ૬ |
| ૨૨ | અર્બન ડેવલપમેન્ટ | ૧૬૬૮ | ૨૦૪ |
| ૨૩ | વોટર સપ્લાય | ૫૨ | ૦૦ |
| ૨૪ | MSME સેકટર | ૧૮૬૭૭ | ૦૦ |
| | કુલ | ૨૪૭૭૪ | ૧૧૪૯ |
| | એકંદરે કુલ | ૨૫૯૨૩ | |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સમિટવાર વાસ્તવિક કેટલાં ઉદ્યોગો મુડી રોકાણ સાથે કાર્યાન્વિત થયા ?

(૨) તે પૈકી વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૫ માં રૂ.૩,૦૮,૨૮૭ કરોડના સૂચિત મૂડીરોકાણ ધરાવતા ૧૨,૭૧૫ પ્રોજેકટ્સ કાર્યાન્વિત થયા.

વાયબ્રન્ટ ગુજરાત સમીટ–૨૦૧૭ તાજેતરમાં પૂર્ણ થયેલ છે. સામાન્ય રીતે લઘુ ઉદ્યોગોને કાર્યાન્વિત થવામાં ૨ વર્ષ જેટલો સમય લાગે છે. જ્યારે લાર્જ પ્રોજેકટને કાર્યાન્વિત થવામાં ૫ વર્ષ જેટલો સમય લાગે છે.

---------

અરવલ્લી જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૮૧૪૩ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા વિદેશી દારૂ અને કેટલો દેશી દારૂ પકડવામાં આવ્યો, અને | (૧) |

| તાલુકાનું નામ | વિદેશી દારૂ (બોટલમાં) | દેશી દારૂ (લીટરમાં) |
|---|---|---|
| મોડાસા | ૧૦૦૬૯૧ | ૬૯૮૦ |
| માલપુર | ૪૧૦૮૦ | ૧૧૪૩ |
| ભિલોડા | ૭૨૦૮૧૭ | ૨૪૧૩ |
| ધનસુરા | ૩૭૭૨ | ૧૬૯૨ |
| બાયડ | ૭૪૬૦ | ૪૬૩૩ |
| મેઘરજ | ૩૧૭૩૧ | ૨૪૫૫ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં દારૂનું વેચાણ અટકાવવા માટે ઉક્ત સમયગાળામાં સરકાર દ્વારા શું પગલાં ભરવામાં આવેલ છે ? | (૨) દારૂનું વેચાણ અટકાવવા તેમજ પ્રોહીબીશન કાયદાની અમલવારી માટે ડ્રાઈવ ગોઠવવામાં આવે છે અને પ્રોહી-૯૩ મુજબ કુલ-૧૪૪૬ વ્યકિતઓ અને પાસા હેઠળ ૫૩ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી તેમજ ૪૮ વ્યકિતઓ સામે તડીપારના પગલાં લેવામાં આવેલ છે. |

---------

અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાંથી પકડાયેલ ગૌમાંસનો જથ્થો

* ૨૬૮૪૦ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર શહેર/જિલ્લામાં કેટલો ગૌમાંસનો જથ્થો પકડ્યો, અને | (૧) અમદાવાદ શહેર/જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૬ માં કુલ-૬૯૦૨૭ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે. જ્યારે ગાંધીનગર જિલ્લામાં સને ૨૦૧૫ અને ૨૦૧૬ માં કુલ-૩૫૭૫ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે. |
| (૨) તે અન્વયે ઉક્ત જિલ્લાઓમાં ગૌ હત્યા અટકાવવા સરકારે શા પગલાં લીધાં ? | (૨) આવા બનાવો બનતાં અટકાવવા માટે શહેર/જિલ્લાઓમાં સરકારશ્રી તરફથી આપવામાં આવેલ સુચનાનો અમલ કરી, ગૌવંશની હત્યા અંગેના બનેલ બનાવોવાળી જગ્યાએ સતત વોચ, અવારનવાર ચેકિંગ, ગૌવંશની હત્યા કરવાની પ્રવૃત્તિ અંગે ભુતકાળમાં પકડાયેલ ઈસમોની પ્રવત્તિ પર સઘન વોચ રાખી ચેકીંગ, ગૌવંશની ગેરકાયદેસર હેરાફેરી થવાની શક્યતાવાળા માર્ગો પર નાકાબંધી, અચાનક ચેકિંગ અને ચેકપોસ્ટો પણ કાર્યરત કરવામાં આવેલ છે. તેમજ અટકાયતી પગલાં લેવામાં આવે છે. |

---------

ગાંધીનગર જિલ્લા/શહેરમાં પોલીસ મહેકમ

* ૨૭૭૯૩ શ્રીમતી કામીનીબા રાઠોડ (દહેગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર શહેર અને જિલ્લામાં તાલુકાવાર મંજુર થયેલ પોલીસ ખાતામાં સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ? | (૨) ઉકત ખાલી જગ્યાઓ પૈકી સીધી ભરતીથી ભરવાની થતી જગ્યાઓ માટે સરકાર દ્વારા અલગ ભરતી બોર્ડ રચેલ છે, અને ભરતી બોર્ડ દ્વારા ભરતી પ્રક્રીયા ચાલુ છે. જ્યારે બઢતીથી ભરવાની થતી જગ્યાઓ બઢતી અંગેની નિયત પ્રક્રીયા હાથ ધરી ભરવામાં આવતી હોય છે. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા અને આણંદ જિલ્લામાં ખનીજ ચોરીના કેસો

* ૨૬૮૯૬ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને આણંદ જીલ્લામાં જીલ્લાવાર ખનીજની ચોરીના કેટલા કેસો નોંધાયા, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જીલ્લાવાર કેટલી રકમનો દંડ કર્યો અને કઈ કલમો હેઠળ કેટલા કેસો કરવામાં આવ્યા ?

જવાબ

(૧)

| જિલ્લો | વર્ષ | કેસોની સંખ્યા |
|---|---|---|
| ખેડા | ૨૦૧૫ | ૧૫૭ |
| | ૨૦૧૬ | ૧૬૩ |
| આણંદ | ૨૦૧૫ | ૨૪૪ |

(૨)

| જિલ્લો | વર્ષ | દંડની રકમ (રૂ.લાખ) | કલમની વિગત |
|---|---|---|---|
| ખેડા | ૨૦૧૫ | ૨૦૧.૧૭ | ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૦૫ના નિયમ ૧૩(૨) હેઠળ ૮૧૮ કેસ અને આઈ.પી.સી. ૩૭૯ હેઠળ ૦૨ કેસ |
| | ૨૦૧૬ | ૨૪૮.૫૭ | |
| આણંદ | ૨૦૧૫ | ૯૨.૯૦ | |
| | ૨૦૧૬ | ૪૨૬.૦૦ | |

---------

### રાજ્યમાં આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરનું મહેકમ

* ૨૭૩૬૮ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ–૨ નું કુલ મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટર વર્ગ–૨નું કુલ મંજુર થયેલ મહેકમ ૮૮૦ (આઠસો એંશી) છે.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ ૩૧૮ (ત્રણસો અઢાર) જગ્યાઓ ભરાયેલ છે અને ૫૬૨ (પાંચસો બાસઠ) જગ્યાઓ ખાલી છે.

(૩) ઉકત ખાલી જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા મુજબ ગુજરાત જાહેર સેવા આયોગે ૫૫૪ ઉમેદવારોની લેખિત તેમજ મૌખિક કસોટી બાદનું અંતિમ પરિણામ તા.૪–૭–૨૦૧૬ ના રોજ ઓનલાઈન પ્રસિધ્ધ કર્યુ છે. આયોગ તરફથી વિધિસર લેખિત પસંદગી યાદી મળ્યેથી આ જગ્યાઓ પર નિમણૂંક આપી શકાશે.

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખાણ–લીઝો પર દરોડા

* ૨૬૯૧૧ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં ફ્લાઇંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો–લીઝોનું ચેકીંગ કરવામાં આવ્યું,

જવાબ

(૧)

| વર્ષ | અરવલ્લી જિલ્લો | સાબરકાંઠા જિલ્લો |
|---|---|---|
| ૨૦૧૫ | કોઈ લીઝનું ચેકીંગ કરવામાં આવેલ નથી. | તા.૨–૧૨–૧૫<br>તા.૨૩–૧૨–૧૫ |

| | | |
|---|---|---|
| ૨૦૧૬ | | તા.૨૦-૦૧-૧૬<br>તા.૧૩-૦૪-૧૬<br>તા.૦૨-૦૫-૧૬<br>તા.૧૮-૦૫-૧૬<br>તા.૦૮-૦૬-૧૬<br>તા.૨૧-૦૭-૧૬<br>તા.૨૨-૦૭-૧૬<br>તા.૨૩-૦૭-૧૬ |

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર મુખ્યત્વે કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ,

(૨) સાબરકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ માં રૂ.૨.૯૭ લાખ તથા વર્ષ ૨૦૧૬ માં રૂ.૨૪૦.૯૨ લાખનું બિન અધિકૃત ખનન પકડાયેલ છે.

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૦૭ ઈસમો પાસેથી રૂ.૧૪.૨૯ લાખ વસૂલ કરેલ છે. ૦૩ ઈસમોને રૂ.૧૪.૧૨ લાખ ભરપાઈ કરવા હુકમ કરેલ છે અને ૦૭ ઈસમોને રૂ.૨૧૫.૪૭ લાખ ભરવા નોટીસ આપેલ છે.

(૪) ઉક્ત ખનીજ ચોરી અન્વયે ઉક્ત જીલ્લાવાર કેટલી પોલીસ ફરીયાદો દાખલ કરવામાં આવી ?

(૪) કોઈ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ નથી.

---------

### સુરત અને તાપી જિલ્લામાં પકડાયેલ ગૌમાંસનો જથ્થો

* ૨૭૪૭૬ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને તાપી જિલ્લામાં કેટલો ગૌમાંસનો જથ્થો પકડાયો, અને

(૧) સુરત જિલ્લા/શહેરમાં સને ૨૦૧૫ અને ૨૦૧૬ માં અનુક્રમે ૧૦૮૯૭ અને ૨૦૬૫૯ કિ.ગ્રા. ગૌમાંસ પકડાયેલ છે. જ્યારે તાપી જિલ્લામાં સને ૨૦૧૫ અને ૨૦૧૬ ની માહિતી શુન્ય છે.

(૨) ઉક્ત સ્થિતિએ ગૌ હત્યા અટકાવવા સરકારે શા પગલાં લીધાં ?

(૨) આવા બનાવો બનતા અટકાવવા માટે ગુનાહિત ઈસમો સામે પાસા/તડીપાર જેવા અટકાયતી પગલાં લેવામાં આવે છે. અચાનક વાહન ચેકિંગ, પેટ્રોલીંગ, નાઈટ પેટ્રોલીંગ, લોકદરબાર, લોકસંપર્ક જેવાં કાર્યક્રમો કરવા અને બાતમીદારો સાથે સીધો સંપર્ક કરી કુટ પેટ્રોલીંગ, પકડાયેલ આરોપીઓ તથા શંકાસ્પદ ઈસમોના મોબાઈલ ફોન ઈન્ટરસેપ્ટ કરવામાં આવે છે. તેમજ ટેલીફોન વર્ધીઓ પર પુરતું ધ્યાન આપવા બાબતે સંબંધિત તાબાના પોલીસ સ્ટેશનો, આઉટ પો.સ્ટે. કચેરીઓના પો.સ્ટે. અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવે છે.

---------

### અરવલ્લી જિલ્લામાં પકડાયેલ દારૂ

* ૨૮૪૪૪ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા શામળાજી, ઈસરી અને મેઘરજ પોલિસ સ્ટેશન દ્વારા છેલ્લા એક વર્ષમાં માસવાર પોલિસ સ્ટેશન વાર કેટલી કિંમતનો કેટલો દારૂનો જથ્થો પકડવામાં આવ્યો ?

(૧) *પત્રક મુજબ.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### બનાસકાંઠા જિલ્લામાં પશુ ડૉક્ટરોની ખાલી જગા

* ૨૭૯૦૭ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લાના કયા તાલુકાના કેટલા પશુ દવાખાનામાં પશુ ડોક્ટરોની જગ્યા ખાલી છે, અને

(૧) પત્રક-૧ મુજબ.

પ ત્ર ક – ૧

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પશુ ડોક્ટરોની ખાલી જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાભર | ૦ |
| ૨ | દાંતીવાડા | ૩ |
| ૩ | અમીરગઢ | ૧ |
| ૪ | દિયોદર | ૧ |
| ૫ | વડગામ | ૩ |
| ૬ | પાલનપુર | ૦ |
| ૭ | કાંકરેજ | ૪ |
| ૮ | દાંતા | ૬ |
| ૯ | વાવ | ૦ |
| ૧૦ | થરાદ | ૧ |
| ૧૧ | ધાનેરા | ૨ |
| ૧૨ | ડીસા | ૦ |
| ૧૩ | સુઈગામ | ૦ |
| ૧૪ | લાખણી | ૦ |
| | કુલ | ૧૮ |

(૨) ઉક્ત સ્થિતિએ ખાલી રહેલ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૨) શક્ય તેટલું ઝડપી.

---------

### આંકલાવ તાલુકામાં કોર્ટના મહેકમ બાબત

* ૨૮૦૯૩ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય કાયદો અને ન્યાયતંત્ર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં કોર્ટમાં મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરેલી અને ખાલી છે ?

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં કોર્ટમાં મંજુર થયેલ મહેકમ, તે પૈકી ભરાયેલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓ પત્રક-૧ માં જણાવ્યા મુજબ છે.

પ ત્ર ક – ૧

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર થયેલ જગ્યાની સંખ્યા | ભરાયેલી જગ્યાઓ | ખાલી જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | સીવીલ જજ અને જયુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૨ | ગુજરાતી સ્ટેનોગ્રાફર-(જુનો ગ્રેડ- II) (નવો ગ્રેડ III) | ૦૧ | ૦૦ | ૦૧ |
| ૩ | કર્લાક ઓફ ધી કોર્ટ-નાઝીર (પહેલા સીનીયર કલાર્ક) (હાલ બેંચ કલાર્ક-I) નવી | ૦૧ | ૦૧ | ૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | અપગ્રેડેડ પોસ્ટ આજદિન સુધી કરવામાં આવેલ નથી.) | | | |
| ૪ | સીનીયર કલાર્ક ફોર ક્રીમીનલ સાઈડ (પહેલા સીનીયર કલાર્ક) (હાલ બેંચ કલાર્ક– II) નવી અપગ્રેડેડ પોસ્ટ આજદિન સુધી કરવામાં આવેલ નથી.) | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૫ | જુનિયર કલાર્ક | ૦૭ | ૦૨ | ૦૫ |
| ૬ | સેકશન રાઈટર (હાલ જુનીયર કલાર્ક) | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૭ | બેલીફ | ૦૪ | ૦૪ | ૦૦ |
| ૮ | પટાવાળા | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૯ | વોચમેન (આઉટસોર્સીંગ) | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૦ | વોટર સર્વર (આઉટસોર્સીંગ) | ૦૧ | ૦૧ | ૦૦ |
| ૧૧ | સ્વીપર (આઉટસોર્સીંગ) | ૦૧ | ૦૧ | ૦૦ |
| | કુલ | ૨૧ | ૧૪ | ૦૭ |

---------

ખેડા અને અમદાવાદ જિલ્લામાં ખનિજ ચોરીના કેસો

* ૨૭૧૫૭ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર કયા પ્રકારની ખનીજની ચોરીના કેટલા કેસો નોંધાયા, અને

જવાબ

(૧)

| જિલ્લો | વર્ષ | બિન અધિકૃત ખનનનાં કેસો | બિન અધિકૃત વહનનાં કેસો | બિન અધિકૃત સંગ્રહનાં કેસો |
|---|---|---|---|---|
| ખેડા | ૨૦૧૫ | ૨૯ | ૧૧૬ | ૧૨ |
| | ૨૦૧૬ | ૨૭ | ૧૨૯ | ૦૭ |
| અમદાવાદ | ૨૦૧૫ | ૩૩ | ૧૨૭ | ૧૪ |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલી રકમનો દંડ કર્યો અને કઈ કલમો હેઠળ કેટલા કેસો કરવામાં આવ્યા ?

(૨)

પત્રક

| જિલ્લો | વર્ષ | બિન અધિકૃત ખનનની દંડની રકમ રૂ.લાખ | બિન અધિકૃત વહનની દંડની રકમ રૂ.લાખ | બિન અધિકૃત સંગ્રહની દંડની રકમ રૂ.લાખ | કલમની વિગત |
|---|---|---|---|---|---|
| ખેડા | ૨૦૧૫ | ૧૬૯.૨૯ | ૨૮.૬૫ | ૩.૨૩ | ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૦૫ના નિયમ |
| | ૨૦૧૬ | ૧૪૯.૨૭ | ૨૯.૭૮ | ૬૯.૫૨ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૧૫ | ૨૮૧.૬૭ | ૫૧.૮૩ | ૩૫.૮૬ | ૧૩(૨) હેઠળ ૯૭૦ કેસ અને આઈ. પી. સી. |
| | ૨૦૧૬ | ૯૭૪.૨૬ | ૧૨૭.૫૪ | ૯.૦૨ | કલમ ૩૭૯ હેઠળ ૧૮ કેસ કરવામાં આવેલ છે. |

---------

## સાબરકાંઠા જિલ્લા પશુદવાખાનામાં મહેકમ

* ૨૮૦૬૨ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા પશુ દવાખાના આવેલા છે,

જવાબ

(૧) પત્રક-૧ મુજબ.

પ ત્ર ક – ૧

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પશુસારવાર કેન્દ્રો તથા પશુ દવાખાનાની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | તાલુકાવાર પશુદવાખાની સંખ્યા | તાલુકાવાર પશુ સારવાર કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | હિંમતનગર | ૫ | ૫ |
| ૨ | પ્રાંતિજ | ૪ | ૨ |
| ૩ | તલોદ | ૨ | ૨ |
| ૪ | ઈડર | ૪ | ૩ |
| ૫ | વડાલી | ૨ | ૧ |
| ૬ | ખેડબ્રહ્મા | ૩ | ૩ |
| ૭ | પોશીના | ૧ | ૨ |
| ૮ | વિજયનગર | ૩ | ૩ |
| | કુલ | ૨૪ | ૨૧ |

(૨) ઉક્ત પશુ દવાખાનામાં ઉક્ત સ્થિતિએ તાલુકાવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે તથા કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક-૨ મુજબ.

પત્રક-૨

સાબરકાંઠા જિલ્લાના પશુ દવાખાનામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાલુકાવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે. તથા કેટલી ખાલી છે તેની વિગતો

| મહેકમની વિગત | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ મહેકમ | ખાલી મહેકમ |
|---|---|---|---|
| પશુચિકિત્સા અધિકારી વર્ગ-૨ | ૨૪ | ૯ | ૧૫ |
| પશુધન નીરીક્ષક વર્ગ-૩ | ૨૧ | ૧૫ | ૬ |
| ડ્રેસર/પટાવાળા વર્ગ-૪ | ૪૩ | ૨૩ | ૨૦ |

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૩) શક્ય તેટલું ઝડપથી.

---------

## દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ખાણ લીઝો પર દરોડા

* ૨૭૩૫૩ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ અને પંચમહાલ જિલ્લામાં ફ્લાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા ક્યારે દરોડા પાડી ખાણો-લીઝોને ચેકીંગ કરવામાં આવ્યું,

(૨) ઉક્ત ચેકીંગ દરમ્યાન ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેવા પ્રકારની ગેરરીતિઓ અને કેટલી રકમની ખનીજ ચોરીઓ પકડાઈ,

જવાબ

(૧) અને (૨) :

| અ. નં. | જિલ્લો | વર્ષ | ચેકીંગ તારીખ | પકડેલ ગેરરીતિ | પકડેલ ખનીજ ચોરી (રૂ.લાખ) |
|---|---|---|---|---|---|
| ૧ | દાહોદ | ૨૦૧૫ | ૯-૧૦-૧૫ | બિન અધિકૃત ખનન | ૧૧.૦૯ |
| | | ૨૦૧૬ | ૨૭-૪-૧૬ થી ૩૦-૪-૧૬ | બિન અધિકૃત ખનન | ૨૫૩.૪૧ |
| ૨ | પંચમહાલ | ૨૦૧૫ | ૧-૧-૧૫ થી ૫-૧-૧૫, ૧૭-૧-૧૫, ૨૭-૪-૧૫, ૧-૯-૧૫ થી૩-૯-૧૫ | બિન અધિકૃત ખનન | ૧૪.૬૩ |
| | | ૨૦૧૬ | ૧૯-૨-૧૬, ૨૬-૪-૧૬, | બિન અધિકૃત ખનન | ૯.૫૧ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ૨૭-૪-૧૬ | | |

(૩) તે અન્વયે કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ૨૨ ઈસમો પાસેથી રૂ.૨૨.૮૯ લાખ વસૂલેલ છે. ૫ ઈસમો પાસેથી રૂ.૨૦.૬૨ લાખ વસુલવા હુકમ કરેલ છે તથા ૨૦ ઈસમો પાસેથી રૂ.૨૪૫.૧૩ લાખની વસૂલાત માટે કાર્યવાહી ચાલુ છે.

(૪) ઉકત ખનીજ ચોરી અન્વયે ઉકત જિલ્લાવાર કેટલી પોલીસ ફરીયાદો દાખલ કરવામાં આવી ?

(૪) શૂન્ય.

---------

ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લામાં ખનીજ ચોરી

* ૨૬૭૯૭ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને જુનાગઢ જીલ્લામાં જીલ્લાવાર ખનીજની ચોરીના કેટલા કેસો નોંધાયા, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જીલ્લાવાર કેટલી રકમનો દંડ કર્યો અને કઈ કલમો હેઠળ કેટલા કેસો કરવામાં આવ્યા ?

જવાબ

(૧)

| જિલ્લો | વર્ષ | કેસોની સંખ્યા |
|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૧૫ | ૧૯૭ |
| | ૨૦૧૬ | ૧૩૩ |
| જુનાગઢ | ૨૦૧૫ | ૩૧૮ |

(૨)

| જિલ્લો | વર્ષ | દંડની રકમ (રૂ.લાખ) | કલમની વિગત |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૨૦૧૫ | ૨૭૯૩.૮૫ | ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણકામ, હેરફેર અને સંગ્રહ નિવારણ) નિયમો ૨૦૦૫ના નિયમ ૧૩(૨) હેઠળ ૬૯૦ કેસ અને આઈ.પી.સી. ૩૭૯ હેઠળ ૭૦ કેસ કરવામાં આવેલ છે. |
| | ૨૦૧૬ | ૫૨૨૫.૩૬ | |
| જુનાગઢ | ૨૦૧૫ | ૧૭૫.૯૫ | |
| | ૨૦૧૬ | ૮૫૯.૪૫ | |

---------

તાપી અને સુરત જિલ્લામાં ગુનાહિત કૃત્ય

* ૨૬૯૬૮ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને સુરત જિલ્લામાં જીલ્લાવાર ચોરી, લૂંટ, ધાડ, અપહરણ, બળાત્કાર, ખૂન, આપઘાત, ચેઈન સ્નેચીંગ અને વાહનચોરીના કેટલા ગુનાઓ નોંધાયા ?

જવાબ

(૧) પત્રક મુજબ.

પ ત્ર ક

| તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લાનું નામ | ચોરી | લુંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખુન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહન ચોરી |
| તાપી | ૫૬ | ૦૧ | ૦૩ | ૧૧ | ૧૦ | ૧૩ | ૭૭ | ૦૦ | ૨૨ |
| સુરત | ૪૦૩ | ૫૯ | ૩૩ | ૩૩૫ | ૧૫૦ | ૧૪૩ | ૮૫૮ | ૫૫ | ૧૦૩૧ |
| તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ | | | | | | | | | |
| જિલ્લાનું નામ | ચોરી | લુંટ | ધાડ | અપહરણ | બળાત્કાર | ખુન | આપઘાત | ચેઈન સ્નેચીંગ | વાહન ચોરી |
| તાપી | ૫૨ | ૦૨ | ૦૧ | ૧૧ | ૧૪ | ૧૯ | ૬૮ | ૦૦ | ૨૦ |
| સુરત | ૪૧૧ | ૮૫ | ૧૫ | ૩૩૬ | ૧૧૩ | ૧૩૯ | ૯૪૪ | ૬૦ | ૯૮૦ |

---------

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલની રજૂઆત

શ્રી સતીષભાઇ મો. પટેલ : ( બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો સત્તરમો અહેવાલ રજૂ કરું છું.

અહેવાલ રજૂ કરવામાં આવ્યો.

બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રીનો પ્રસ્તાવ

શ્રી સતીષભાઇ મો. પટેલ : ( બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સત્તરમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાયબ મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬–૧૭ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવાની રજા લઉ છું.

ખર્ચનું પૂરક પત્રક રજૂ કરવામાં આવ્યું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા (વિરોધ પક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી સરકારનું ધ્યાન દોરવા માગુ છું કે માનનીય રાજયપાલશ્રીના ભાષણ વખતે જે મુદ્દો હતો અને અમે જે એમને આવેદનપત્ર આપેલું એ અમે ગૃહ મંત્રાલયને મોકલી આપેલું છે. મુદ્દો નલિયા કાંડના બાબતમાં જે કંઇ બન્યું છે એની એક સીટીંગ હાઇકોર્ટ જજની તપાસની માગણી માટેનો છે. હું આપના માધ્યમથી સરકાર પાસે આશ્વાસન માગું છું કે જો તમે આમાં સહમત હોવ કે જે થયું છે એ ખોટું થયું છે, તમે પોલિટીક્સ ભૂલી જાવ, આ પાર્ટી કે પેલી પાર્ટી એ રહેવા દો. •(×××) bકોશિશ ના કરો. (અંતરાય) આ સામાન્ય વસ્તુ નથી. તમે મજાક સમજો છો આને? તમારી સરકાર છે. શરમ આવવી જોઇએ. હું તો ખાલી તપાસ માગુ છું. તપાસમાં છૂપાવવાનું કંઇ ના હોય, તો આશ્વાસન આપો કે હા અમે આમાં તપાસ કરીશું. આમાં કોઇ આ પક્ષ કે પેલા પક્ષનું ના હોય. આ તો એક સામાન્ય સમજની વાત છે. બજેટ ચાલ્યા કરશે પણ આનું આશ્વાસન અમને મળે કે હા, અમે આ તપાસનો વિચાર કરીશું. જે કોઇ હોય, આમાં બેન–દીકરી તમારી કે મારી, આ બધી આપણી જ દીકરીઓ છે. આમાં પોલિટીક્સ નથી. માટે આટલું આશ્વાસન માગુ છું કે આપ જો એમ કહેતા હોવ કે અમે આ વિચારીશું તો ભલે આ બજેટ ચાલે અને સત્ર પણ ચાલે. આ તો અતિ મહત્વનો મુદ્દો છે. એમ સત્ર ના ચાલે. આ મુદ્દાને ન્યાય મળે તો જ આગળ વિધાનસભાની કાર્યવાહી ચાલશે.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી( મુખ્યમંત્રીશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરસિંહજી, વિરોધ પક્ષના તેનાશ્રીએ જે વાત કરી છે, સરકાર પહેલા દિવસથી જ આ બાબતમાં મકકમ છે. કોઇપણ હોય એમના ઉપર કડકમાં કડક પગલા લઇ અને પૂરેપૂરી નશ્યત થાય, એના ઉપર સજા થાય એટલા માટે પહેલા જ દિવસથી પગલાં લીધા છે. ભારતીય જનતા પાર્ટીના નાના કાર્યકર્તા અંદર હોય, એને પણ અમે બક્ષ્યા નથી અને પાર્ટીમાંથી પણ કાઢયા છે અને ધરપકડ પણ એની પહેલા જ દિવસથી કરી લીધી છે. (અંતરાય) સવાલ એટલો છે કે આપણે બધા જવાબદાર ચૂંટાયેલા લોકો છીએ. ગૃહના એક જવાબદાર મુખ્યમંત્રી તરીકે હું ખાતરી આપુ છું કે આમાં કોઇને છોડવામાં નહીં આવે અને તપાસમાં જયાં કયાંય શંકરસિંહબાપુ અમારું ધ્યાન દોરશે એમાં કયાંય અમે દોષિતોને મચક નહીં આપીએ એટલી હું ખાતરી આપુ છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : અમારી માગણી છે. ભૂતકાળમાં આવું બનેલું છે. તપાસનો વીંટો વળી ગયો છે, એક દીકરીની સી.આઇ.ડી.ની વાત હતી, એની પણ તપાસ ન થઇ. આમાં પણ હાઇકોર્ટ સીટિંગ જજની તપાસ, ઇન્કવાયરી સરકાર આપે તો કશું ખોટું નથી. કશુ ખાનગી નથી. ભલે તપાસ કરાવડાવે એમાં કશું ખોટું નથી. કાંઇ છૂપાવવાનું ન હોય તો ઇન્કવાયરીથી બહુ ડરવાની જરૂર નથી. હું માનનીય મુખ્યમંત્રીશ્રી, આપનો આભાર માનું છું. એમણે કહ્યું કે અમારા કાર્યકર્તાઓને છોડ્યા નથી એ સારી વાત છે. આમાં પાર્ટી ન હોઇ શકે. જો આટલી ઇન્કવાયરી થાય તો દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય એમાં બીજો કોઇ સવાલ જ આવતો નથી.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી : આપણે સાથે બેસીશું અને જે જરૂરી હશે એ અંગેનું આપણે કરીએ. આપણે આ ગૃહને સારી રીતે ચલાવીએ અને આપણે સાથે બેસીને નિર્ણય કરીશું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જ્યુડિશિયલ ઇન્કવાયરી હાઇકોર્ટની મેટર આવે. આપ જો કહો તો આપણે હાઇકોર્ટના ચીફ જસ્ટિસને મળીએ અને ચીફ જસ્ટિસ સાહેબ જે કાંઇ એસ.આઇ.ટી. બનાવે, જે કોઇ જજને ઇન્કવાયરી આપે એ થાય, તો આમાં સરકારી કર્મચારીઓ ક્યાંકને ક્યાંક સરકારના પ્રેસરમાં આવે. જ્યુડિશિયલ એવું છે કે એ કોઇના પ્રેસરમાં ન આવે. આપને વાંધો ન હોય તો આપણે હાઇકોર્ટના ચીફ જસ્ટિસને મળીએ અને એમને આપણે વાત કરીએ કે આમાં આપ જે કાંઇ મદદ કરી શકતા હોય અને જો એ થાય તો બધાને મદદ મળી શકે.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી : આપણે સાથે બેસીને યોગ્ય નિર્ણય લઇશું.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે

સન ૨૦૧૭-૧૮ના અંદાજપત્રની રજૂઆત

અધ્યક્ષશ્રી : માનનીય મુખ્યમંત્રીશ્રીએ વાત કરી છે, ત્યારે સભાગૃહના બધા સભ્યશ્રીઓનું ધ્યાન દોરું કે આપણે બધા એ વાતને જાણીએ છીએ કે આપણે કહીએ અને સીટિંગ જજ મળી જાય એ આપણા ક્ષેત્રાધિકારમાં નથી આવતું. આ વાત આપણે સારી રીતે જાણીએ છીએ. પરંતુ જે રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમ કહ્યું કે બાપુ સાહેબ જેમ કહે એમ, એટલે તમારા ઉપર ભાર મૂક્યો છે. તમે જેમ કહો એમ, આનાથી બીજું વિશેષ હોઇ શકે નહીં એમ હું માનું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : હું જ કહું છું, આ બધા તરફથી કહું છું કે હાઇકોર્ટના ચીફ જસ્ટિસને આપણે મળીએ અને જે કાંઇ માર્ગદર્શન મળે એ પ્રમાણે કરીશું.

અધ્યક્ષશ્રી : આ ૧૮૨ ને તમારા બે ઉપર ભરોસો છે. નેક્સ્ટ.

સન ૨૦૧૭-૧૮ના અંદાજપત્રની રજૂઆત

શ્રી નીતિનભાઇ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો હું માનનીય અધ્યક્ષશ્રીનો, માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીનો આભાર માનું છું કે ગુજરાતની સવા છ કરોડની જનતાના વિકાસ માટે, લોકો માટે, ગરીબમાં ગરીબ વ્યક્તિથી શરૂ કરીને દરેક વર્ગના નાગરિક અને દરેક વિસ્તારનો આપણે બધા સાથે મળીને આ વિધાનસભામાં દરેક સત્રોમાં જે ચર્ચાઓ કરીએ, જે પ્રશ્નોત્તરીઓ કરીએ, જે સૂચનો કરીએ એ બધામાંથી જેટલા વાજબી, જરૂરી, શક્ય હોય, સરકારની મર્યાદામાં એને આવરી લેતું આ બજેટ આજે હું રજૂ કરવા ઉપસ્થિત થયો છું. મેં કહ્યું એમ આ ત્રણેય માનનીય મહાનુભાવોનો આભાર માનું છું કે આગામી એક દોઢ મહિના સુધી આ સત્ર ચાલવાનું છે એમાં વિવિધ વિભાગોને સાંકળી લેતું આ બજેટ, જેમાં આપના સૌના અમૂલ્ય સૂચનો, માર્ગદર્શન, ટીકાઓ બધું જ એમાં આવરીને ગુજરાતની પ્રજાને લાભ આપવાનો જ્યારે પ્રયત્ન કરીએ છીએ ત્યારે આ બજેટ રજૂ કરતાં હું આનંદ અનુભવું છું.

આદરણીય અધ્યક્ષશ્રી,

કેન્દ્રની NDA સરકારે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ શ્રેણીબદ્ધ નવીનતમ સુધારાઓનો આરંભ કર્યો છે. યોજના પંચનું નીતિ આયોગમાં રૂપાંતર કરવાના દૂરોગામી નિર્ણય સાથે આયોજન આધારિત શાસનના બદલે નીતિ આધારિત નિર્ણયની પ્રણાલીનો આરંભ કરેલ છે, જેને આગળ ધપાવતાં, ગુજરાત સરકારે કેન્દ્ર સરકારને અનુસરીને ૨૦૧૭ -૧૮ના નાણાકીય વર્ષથી પ્લાન અને નોન-પ્લાન વિભાજન દૂર કરેલ છે. આ ઉપરાંત, રાજ્ય સરકારે આઉટકમ બજેટ (Outcome Budget) નો અભિગમ પણ અપનાવેલ છે, જેના થકી યોજનાઓ અને કાર્યક્રમોનું સરળતાથી મૂલ્યાંકન કરી શકાશે.

કેન્દ્ર સરકારના ક્રાંતિકારી સુધારાઓ પૈકી નોટબંધી (ડિમોનેટાઈઝેશન) સૌથી મહત્ત્વપૂર્ણ છે. અમુક લોકો દ્વારા વ્યક્ત થયેલ ચિંતાઓથી વિપરીત, નોટબંધીના પરિણામે કરમાળખામાં વધુ કરદાતાઓનો સમાવેશ થયેલ છે અને પરિણામે રાજ્યની મૂલ્યવર્ધિત વેરા (VAT)ની આવકમાં વૃદ્ધિ થવા પામેલ છે. રાજ્યમાં વર્ષ ૨૦૧૫-૧૬ના નવેમ્બરથી જાન્યુઆરીના મૂલ્યવર્ધિત વેરાની રૂ. ૧૦,૧૯૮ કરોડની આવકની સરખામણીએ વર્ષ ૨૦૧૬-૧૭ના નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન રૂ. ૧૨,૪૨૪ કરોડની આવક થયેલ છે, જે ૨૧.૮૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે. ગુડ્સ અને સર્વિસ ટેકસની સંકલિત અને સરળ અપ્રત્યક્ષ કરની વ્યવસ્થા, ભારતીય ચીજવસ્તુઓ અને સેવાઓને સમાંતર તક પૂરી પાડશે અને ગ્રાહકોને વાજબી કિંમતનો લાભ મળશે.

ગુજરાત સહજ રીતે સુધારાલક્ષી વલણ ધરાવે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના સક્ષમ નેતૃત્વમાં ગુજરાત સરકાર, કેન્દ્ર સરકારની અગત્યની પહેલ, જેવી કે Ease of doing business, Make in India, Start up India, Stand up India, Digital India, Skill India ને અપનાવી, સેવા સેતુ અને પ્રગતિ સેતુ જેવી રાજ્યની પૂરક પહેલ સાથે અગ્રેસર રહી છે, જેના દ્વારા જાહેર સેવાઓ લોકોના ઘરઆંગણે પૂરી પાડવામાં આવે છે.

વિકાસ માટે સાનુકૂળ આવા વાતાવરણમાં મહત્તમ લાભ મેળવી શકાય તેવી વ્યૂહરચના ઘડવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. અમે જાહેર અને ખાનગી ક્ષેત્રો, બિન સરકારી ક્ષેત્રો, સ્થાનિક સંસ્થાઓ અને સહકારી સંસ્થાઓ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ ગુજરાત રાજ્ય માટે સંતુલિત અને સર્વાંગી વિકાસ થાય તે પ્રમાણે આયોજન કરેલ છે. જેના આધારે અમારા અંદાજપત્રનો મુખ્ય અભિગમ ''અસરકારક અને પારદર્શક શાસન દ્વારા માનવ સંસાધન અને માળખાગત સુવિધાઓના મહત્તમ વિકાસને સર્વસમાવેશક બનાવવાનો છે.''

માનનીય અધ્યક્ષશ્રી, માનવ વિકાસ સૂચકાંકના ત્રણ માપદંડ છેઃ સાક્ષરતા, આયુષ્ય અને માથાદીઠ ઘરેલુ ઉત્પાદન. પીવાનું પાણી, વીજળી, માર્ગ, સિંચાઇ, સંદેશાવ્યવહાર જેવી રાજ્યવ્યાપી માળખાગત સુવિધાઓ મૂડી રોકાણને આકર્ષે છે અને વિકાસને વેગ આપે છે. સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને ચરિતાર્થ કરતાં, ગુજરાતના સર્વસમાવેશક અને સાતત્યપૂર્ણ વિકાસ દ્વારા સમાજના તમામ વર્ગો અને ભાવિ પેઢીને સામાજિક-આર્થિક ઉન્નતિમાં ભાગીદાર બનાવવામાં આવશે.

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## સન ૨૦૧૭–૧૮ના અંદાજપત્રની રજૂઆત

લોક કલ્યાણના કાર્યક્રમોનું પારદર્શક અને અસરકારક અમલીકરણ અને સુશાસન એકબીજાના પૂરક છે. રાજ્ય સરકારે જાહેર સેવાની પદ્ધતિની સુધારણા માટે ઘણાં અસરકારક પગલાં લીધેલ છે, જે પૈકી લોકોને સીધી સહાય, સરકારી લેણાંની સાયબર ટ્રેઝરી મારફત ઓનલાઇન ચુકવણી તેમજ સરકારી કચેરીમાં લોકોને ઓછામાં ઓછું આવવું પડે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને અત્યારના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના સર્વાંગી વિકાસનો મજબૂત પાયો નાંખેલ છે અને ગરીબ કલ્યાણ મેળા, કૃષિ મહોત્સવ, વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડૂ યોજના, શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી, વાયબ્રન્ટ ગુજરાત જેવા અનેક પથદર્શક અને ગુજરાતને માનવ વિકાસ સૂચકાંક અને આંતરમાળખાકીય સુવિધાના ક્ષેત્રમાં દેશમાં મોડેલ રાજ્ય તરીકે પ્રસ્થાપિત કરવા માટે જે દીર્ઘદ્રષ્ટિભર્યા કુશળ આયોજનો અમલમાં મૂકેલ છે, તેને આગળ ધપાવતું મારું બજેટ હું સન્માનનીય ગૃહ સમક્ષ રજૂ કરું છું.

રાજ્યના આ વર્ષના અંદાજપત્રનું કદ રૂ. ૧,૭૨,૧૭૯.૨૪ કરોડ છે, જે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના અંદાજપત્ર કરતાં રૂ. ૨૦,૩૨૭.૩૧ કરોડ વધારે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું માનવ સંસાધનો સાથે સંકળાયેલા ક્ષેત્રોની બજેટ જોગવાઇથી શરૂઆત કરું છું.

શિક્ષણ

પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે મળેલી નોંધપાત્ર સફળતાને અમે શિક્ષણના દરેક ક્ષેત્રે ગુણવત્તા અને વ્યાપ એમ બન્ને બાબતમાં સર્વગ્રાહી રીતે આગળ ધપાવવા કટિબદ્ધ છીએ, જે માટે રૂ. ૨૫૦૦૦ કરોડની માતબર જોગવાઇ કરેલ છે, જે અગાઉના વર્ષ કરતાં અંદાજિત રૂ. ૧૧૮૫ કરોડ વધુ છે.

મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

અમારી સરકારે ૮૨,૦૮,૦૦૦ વિદ્યાર્થીઓના લાભાર્થે સર્વગ્રાહી ‘મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના’ અમલમાં મૂકી છે, જેના માટે રૂ. ૧૧૦૦ કરોડ ફાળવેલ છે, જેના અંતર્ગત,

- પ્રાથમિક શાળાના તમામ ૬૦,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો અને ગણવેશ સહાય,
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તમામ ૨૧,૦૩,૦૦૦ વિદ્યાર્થીઓને મફત પાઠ્યપુસ્તકો,
- ઉચ્ચ શિક્ષણ મેળવતા તમામ ૪૫,૦૦૦ વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, ભોજનાલય અને છાત્રાલયની સુવિધાઓ માટે નાણાકીય સહાય આપવામાં આવશે.
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત માન્ય વિદ્યાર્થીઓને ફીમાં ૫૦ ટકા સહાય આપવામાં આવે છે. તદુપરાંત, કન્યા કેળવણી નિધિમાંથી સેલ્ફ ફાઇનાન્સ મેડીકલ કોલેજની વિદ્યાર્થિનીઓને ટયુશન–ફી માં ૫૦ ટકા સહાય આપવામાં આવશે, જેથી વિદ્યાર્થિનીઓને મેડિકલ શિક્ષણ નિઃશુલ્ક મળશે.

વિદ્યાર્થીઓ માટે ટેબ્લેટ

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું યુવાધન પોતાની બુદ્ધિ અને કુશળતાથી વિશ્વમાં ડંકો વગાડવાની હામ રાખે છે. તેમની આ ક્ષમતાને સાકાર કરવા અને વૈશ્વિક જ્ઞાન સાથે તેમને જોડીને સશક્ત કરવા અમારી સરકારે ગુજરાતના આ વર્ષે યોજાનાર ધોરણ–૧૨ ની બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થઇ કોલેજો અને પોલિટેકનીકમાં પ્રવેશ મેળવનાર અંદાજે ૩,૫૦,૦૦૦ જેટલા તમામ વિદ્યાર્થી ભાઇ–બહેનોને ફક્ત રૂ. ૧૦૦૦ની ટોકન કિંમતે ટેબ્લેટ આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. ટેબ્લેટના ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાનું જ્ઞાન અને અદ્યતન માહિતી સુલભ બનશે, જેના માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

ડિજિ–સ્કૂલ ઇનીશીયેટીવ

આપણા આદરણીય વડાપ્રધાને ભારતને ડિજિટલ ઇન્ડિયામાં પરિવર્તિત કરવાનો એક મહત્વાકાંક્ષી નિર્ધાર કરેલ છે. ગુજરાતની ભાવિ પેઢીને શિક્ષણના પ્રાથમિક તબક્કેથી જ ડિજિટલ લર્નિંગ માટે તૈયાર કરવા આવશ્યક છે. વર્તમાન પેઢીના વિદ્યાર્થીઓ આઇસીટી (ICT) આધારિત શિક્ષણ વધુ સારી રીતે ગ્રહણ કરે છે, જેના પરિણામે શિક્ષણ વધુ રસપ્રદ અને ધોરણસર બને છે. તેથી શિક્ષણનાં તમામ સ્તરોએ ICT આધારિત શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૨૬૧ કરોડ ફાળવેલ છે, જેમાં–

- ૧૨૦૦ પ્રાથમિક શાળાઓના ધોરણ–૭ અને ધોરણ–૮ ના ૨૪૦૦ વર્ગખંડોના ૮૪,૦૦૦ વિદ્યાર્થીઓના શિક્ષણ માટે કોમ્પ્યુટર, સ્માર્ટ ઈન્ટરએકટીવ બોર્ડ, IR કેમેરા, પ્રોજેકટર અને ડિજિટલ પેનનો ઉપયોગ કરી સ્માર્ટ કલાસની શરૂઆત કરવામાં આવશે. આ શાળાઓ પૈકીની ૧૦૦ શાળાઓના વિદ્યાર્થીઓને ટેબ્લેટ પૂરાં પાડવામાં આવશે અને બાકી રહેલી શાળાઓમાં CSR મારફત ટેબ્લેટ પૂરાં પાડવામાં આવશે.
- પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે ઈન્ટરનેટના જોડાણ સહિતની ઈ–લર્નીંગ આધારિત દ્વિતિય સ્તરની સ્માર્ટ શાળાઓ ખોલવામાં આવશે.
- ઓન–લાઈન પરીક્ષાઓનું આયોજન કરવા અને નોલેજ કેન્દ્રો ઊભાં કરવા માટે વધુ ૩૭ કોલેજોમાં ડિજિટલ એજયુકેશન લર્નિંગ (DEL) લેબ ઊભી કરવામાં આવશે.
- યુનિવર્સિટીઓ અને કોલેજોમાં મૌલિક શોધો અને પ્રિ–સ્ટાર્ટઅપ પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે Student Innovation Fund ઊભું કરવામાં આવશે.

શિક્ષણના તમામ સ્તરોની ગુણવત્તા સુધારવા માટે રૂ. ૪૪૦ કરોડની જોગવાઇ કરેલ છે, જે પૈકી–

- સહાયક અનુદાન મેળવતી ૫૩૭૪ શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ ની ૭,૪૪,૧૫૨ વિદ્યાર્થિનીઓને મફત શિક્ષણ પૂરું પાડવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ–ઈન–એઇડ શાળાઓને સીધી ફી ની પરત ચૂકવણી કરવામાં આવશે.
- પ્રાથમિક શિક્ષણને વધુ રસપ્રદ અને વિદ્યાર્થીની વ્યક્તિગત ગ્રહણશક્તિ, અભિરૂચી અને ઝડપને સુસંગત બનાવવા માટે ૨૫,૦૦૦ પ્રજ્ઞા શાળાઓમાં ધોરણ ૧ થી ૪ ના ૨૨ લાખ વિદ્યાર્થીઓ માટે અદ્યયન – અધ્યાપન સાધનો પૂરાં પાડવામાં આવશે.
- રાઈટ ટુ એજયુકેશન (શિક્ષણ અધિકાર, RTE) હેઠળ ૧,૪૬,૦૦૦ વિદ્યાર્થીઓને ખાનગી શાળાઓમાં પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવામાં આવશે, જેની ફી રાજ્ય સરકાર ભરશે. તદુપરાંત વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પુસ્તકો અને સ્કૂલબેગ આપવામાં આવશે, જેનો કુલ ખર્ચ રાજ્ય સરકારને વિદ્યાર્થી–દીઠ રૂ. ૧૩,૦૦૦ થાય છે.
- ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે અને સુરત જિલ્લાના આદિવાસી વિસ્તારમાં – એમ કુલ બે સૈનિક શાળા શરૂ કરવામાં આવશે. વધુમાં, રાજ્ય સરકારે નક્કી કર્યું છે કે ગુજરાતના નવયુવાનોમાં રાષ્ટ્રભક્તિ અને શિસ્ત કેળવાય અને તેમને ઉચ્ચ પ્રકારની રોજગારી પ્રાપ્ત થાય, તે માટે મોટા પાયે PPP ધોરણે નવી સૈનિક શાળાઓ શરૂ કરવામાં આવશે અને તેને પ્રતિષ્ઠિત કેળવણી મંડળો દ્વારા ચલાવવામાં આવતી શાળાઓ સાથે જોડવામાં આવશે, જેના માટે રાજ્ય સરકાર જરૂરી નાણાકીય સહાય કરશે.
- અંતરિયાળ વિસ્તારોમાં નજીકમાં જ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ મળી શકે તે માટે ૩૦ નવી સરકારી શાળાઓ ખોલવામાં આવશે.
- માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ગણિત અને વિજ્ઞાન શીખવવા માટે ૭૨૩૩ પ્રવાસી શિક્ષકોને રોકવામાં આવશે.
- ગુજરાતના જે વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશની યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવી અભ્યાસ માટે જાય, તેમની અભ્યાસ માટેની લોનના મોરેટોરિયમ સમય માટે વ્યાજસહાય આપવામાં આવશે, જેથી ગુજરાતના ગરીબ અને મધ્યમ વર્ગના તેજસ્વી વિદ્યાર્થીઓ સારી રીતે અભ્યાસ કરી શકશે.
- ફાર્મસીના ઉચ્ચસ્તરના અભ્યાસક્રમો માટે પસંદ કરવામાં આવેલ વિશ્વવિદ્યાલયોમાં Center of Excellence અને આધુનિક પ્રયોગશાળાઓ ઊભી કરવામાં આવશે.

સારી શૈક્ષણિક માળખાગત સુવિધાઓ પણ ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે મહત્વની હોય છે, જેના માટે રૂ. ૯૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

- સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પ્રાથમિક શાળાના ૬૫૦૦ નવા ઓરડાનું બાંધકામ.
- વૈજ્ઞાનિક પ્રયોગો આધારિત સમજ કેળવવા ચાર પ્રાદેશિક મોબાઈલ વિજ્ઞાન પ્રયોગશાળાઓ શરૂ

કરવામાં આવશે, જેનાથી ૩,૬૦,૦૦૦ વિદ્યાર્થીઓને લાભ મળશે.

- ૧૦ નવી સરકારી માધ્યમિક શાળાઓ માટે મકાનનું બાંધકામ કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારોમાં ૧૦ અને બિન આદિજાતિ વિસ્તારમાં ૧૬ નવી સરકારી કોલેજો બાંધવામાં આવશે.
- હાલોલના આદિજાતિ વિસ્તારમાં પાંચ ડિપ્લોમા અભ્યાસક્રમો સાથેની એક નવી સરકારી પોલિટેકનિક કોલેજ શરૂ કરવામાં આવશે.
- અમદાવાદ જિલ્લાના ધોળકા ખાતે PPP ધોરણે ઇજનેરી અને આનુષંગિક અભ્યાસક્રમો માટે નવી કોલેજ શરૂ કરવામાં આવશે.
- જૂનાગઢ ખાતે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને ગોધરા ખાતે ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના કેમ્પસના બાંધકામ માટે રૂ. ૫૨ કરોડની જોગવાઇ કરેલ છે.

મધ્યાહ્ન ભોજન યોજનાઃ પૌષ્ટિક આહારથી વિદ્યાર્થીઓના તન અને મન તંદુરસ્ત રહે તે હેતુસર મધ્યાહ્ન ભોજન યોજના માટે રૂ. ૧૦૬૮ કરોડ ફાળવેલ છે, જેનો લાભ ૪૩.૬૬ લાખ વિદ્યાર્થીઓને મળશે.

- શિક્ષણ માટે વધુ પ્રોત્સાહનની જરૂરિયાતવાળા સમાજના વર્ગો માટે રૂ. ૧૬૬ કરોડની જોગવાઇ કરેલ છે.
  - ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં પ્રાથમિક શાળાઓની ૫.૭૫ લાખ વિદ્યાર્થિનીઓના માતાપિતા અને વાલીઓને ‘‘અન્ન ત્રિવેણી‘‘ યોજના હેઠળ અનાજ પૂરું પાડવામાં આવશે.
  - ૧૨ જિલ્લાઓના વિકાસશીલ ૨૬ તાલુકાઓની પ્રાથમિક શાળાના ૪,૮૧,૬૪૨ વિદ્યાર્થીઓને વર્ષમાં ૨૦૦ દિવસ માટે દૂધ સંજીવની યોજના હેઠળ ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવામાં આવશે.
- સરકારી અને સહાયક અનુદાન મેળવતી ૧૦૦૦ શાળાઓને જીમ્નેશિયમની સગવડો પૂરી પાડવામાં આવશે, જેના માટે રૂ. ૨.૫ કરોડની જોગવાઇ કરેલ છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ

માનનીય અધ્યક્ષશ્રી, તંદુરસ્ત નાગરિકો તંદુરસ્ત સામાજિક –આર્થિક વિકાસ માટે સાનુકૂળ વાતાવરણ ઊભું કરે છે.

निरामयम प्रथमं सुखं मतं ના મંત્રને સાકાર કરવાના હેતુથી, ગર્ભમાં રહેલ બાળકથી માંડીને તમામ ઉંમરના નાગરિકો સ્વસ્થ, તંદુરસ્ત અને નિરોગી રહે અને કોઇ બીમાર થયા હોય તો જલદી સાજા થઇ જાય તેવી તમામ વ્યવસ્થા, અદ્યતન સુવિધા અને સગવડ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂ. ૮,૮૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

તંદુરસ્ત સમાજ માટે માતૃત્વ અને બાળ સંભાળ પાયારૂપ છે, જેના માટે કુલ રૂ. ૧૧૯.૧૫ કરોડ ની જોગવાઇ કરેલ છે, જેમાં –

- આકસ્મિક પ્રસૂતિના કેસોમાં અને ટ્રોમામાં સારવાર દરમિયાન લોહી મળી રહે તે માટે, જિલ્લા હોસ્પિટલોમાં ૯ નવી બ્લડ બેંકો અને પેટા જિલ્લા હોસ્પિટલોમાં ૪૧ લોહી સંગ્રહ માટેના નવા એકમો સ્થાપવામાં આવશે.
- ચિરંજીવી યોજના અન્વયે બી.પી.એલ., અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓને ખાનગી ગાયનોકોલોજીસ્ટની સેવાઓ,
- સગર્ભા માતાઓને પૂરક પોષણયુક્ત આહાર,
- તરુણ વયની કન્યાઓના આરોગ્ય અને શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે માસિકધર્મ દરમિયાન સેનેટરી નેપ્કીન,
- જન્મ સમયે ઓછું વજન હોવાના કારણે બાળમરણનું પ્રમાણ વધુ હોય તેવા વિસ્તારોમાં બાળ મૃત્યુદરનું પ્રમાણ ઘટાડવા માટે, પેડીયાટ્રિક સારવાર અને ખાસ સંભાળ અને
- બાળ સખા યોજના હેઠળ નવજાત શિશુઓ માટે ખાનગી પેડીયાટ્રિશનની સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

જાહેર આરોગ્ય

મેલેરિયા અને ડેન્ગ્યુ જેવા વાહકજન્ય રોગોની અસર સમયાંતરે થતી રહે છે અને તે સંખ્યાબંધ લોકોના આરોગ્યને અસર કરે છે. આથી અમારી સરકારે વેક્ટર નિયંત્રણ, સઘન તપાસ, કડક દેખરેખ અને નિયંત્રણ, વહેલું નિદાન અને સારવાર તેમ જ લોકોમાં વ્યાપક જાગૃતિ લાવવા અંગેના સઘન પગલાં લઇને ૨૦૨૨ સુધીમાં ગુજરાતમાંથી ''વાહકજન્ય રોગની નાબૂદી''નો નિર્ધાર કર્યો છે, જેના માટે રૂ. ૧૦૨ કરોડની જોગવાઇ કરેલ છે

મા અને મા–વાત્સલ્ય યોજના

આ યોજના જીવલેણ નીવડતી બિમારીઓના સાત સમૂહો હેઠળ ૫૦૦ કરતાં વધારે સારવાર પદ્ધતિઓ માટે વાર્ષિક રૂ. ૨ લાખનું આરોગ્ય કવરેજ પૂરું પાડે છે. મને જણાવતા આનંદ થાય છે કે ખૂબ જ લોકપ્રિય બનેલી આ યોજનામાં લાભાર્થીની અત્યારની વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧.૨ લાખથી વધારીને રૂ. ૧.૫ લાખ કરવાની હું જાહેરાત કરું છું, જેના કારણે હવે વધુ પરિવારો આ યોજનાનો લાભ લઇ શકશે. તદુપરાંત, આ યોજનાનો વ્યાપ વધારીને ન્યુરોલોજીકલ બિમારીની સારવાર અને વધારાની ઓન્કોલોજીકલ પદ્ધતિઓનો સમાવેશ કરવામાં આવશે. આથી આ યોજનાની જોગવાઇ બમણી કરી રૂ. ૫૦૦ કરોડ કરેલ છે.

- જાહેર હોસ્પિટલોના તમામ દર્દીઓને આવશ્યક દવાઓની યાદી મુજબની દવાઓ વિના મૂલ્યે આપવા માટે રૂ. ૪૬૬ કરોડની જોગવાઇ કરેલ છે.
- દર્દીઓને સારી ગુણવત્તાયુક્ત જેનરિક દવાઓ વાજબી કિંમતે ઉપલબ્ધ કરાવવા દીનદયાળ જેનરિક ડ્રગ્સ સ્ટોર યોજનાનો પ્રારંભ કર્યો છે. આ પ્રકારના ૫૨ (બાવન) સ્ટોર્સની સંખ્યા વધારીને ૫૦૦ સુધી કરવા રૂ. ૧૫ કરોડની જોગવાઇ કરેલ છે.
- જીવન બચાવવામાં ૧૦૮ ઇમરજન્સી સેવાની સફળતા ધ્યાને લઇને, હું ૭૦ નવી એમ્બ્યુલન્સનો ઉમેરો કરવા તેમજ સાર્વજનિક દવાખાનાઓમાં વધુ ૪૩ એમ્બ્યુલન્સ ફાળવવા માટે રૂ. ૧૫ કરોડની જોગવાઇ કરું છું.

ગ્રામીણ અને શહેરી સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જાહેર આરોગ્ય કેન્દ્રો અને પેટા કેન્દ્રોને સંગીન બનાવવા માટે, રૂ. ૨૨૧ કરોડની જોગવાઇ કરેલ છે.

તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ

- સિવિલ હોસ્પિટલ, અમદાવાદના આધુનિકરણ માટે અત્યાધુનિક સાધનો પૂરાં પાડવા અને તબીબી સ્ટાફની નિમણૂક કરવા રૂ. ૧૨૯ કરોડની જોગવાઇ કરેલ છે.
- અમદાવાદ ખાતે ગુજરાત કેન્સર એન્ડ રીસર્સ ઇન્સ્ટીટ્યુટ, કિડની અને ઓપ્થેલ્મોલોજી ઇન્સ્ટીટ્યુટને વધુ સંગીન બનાવવા માટે રૂ. ૮૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- કેન્સર, કિડની અને હૃદયરોગની સાર્વજનિક સંસ્થાઓ ખાતે બી.પી.એલ. અને ઓછી આવકવાળા કુટુંબોને વિના મૂલ્યે સારવાર પૂરી પાડવા માટે રૂ. ૪૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- યુ. એન. મહેતા ઇન્સ્ટીટયૂટ ઓફ કાર્ડીઓલોજી ખાતે બાળકો માટે હૃદય રોગની સારવારના નવા એકમ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. હૃદય તેમજ અન્ય જરૂરી અંગોના પ્રત્યારોપણ માટે એર એમ્બ્યુલન્સ સેવાઓ ઉપલબ્ધ કરાવવા રૂ. ૫૦ લાખની જોગવાઇ કરેલ છે.
- રાજ્યમાં સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલો, નર્સિંગ હોમ, ડાયગ્નોસ્ટિક સેન્ટર્સ અને મેડિકલ કોલેજો સ્થાપવામાં સહાય આપતી મેડિકલ પોલીસી,૨૦૧૬ જાહેર કરવામાં આવી છે, તેના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- વડોદરા, સુરત અને જામનગરની સરકારી મેડિકલ કોલેજોમાં ૨૨૦ બેઠકોનો વધારો કરવા માટે રૂ. ૫૧ કરોડની જોગવાઇ કરેલ છે.
- બિન–સરકારી ક્ષેત્રની ભાગીદારીથી આયુષ (AYUSH) ને સંગીન બનાવવા અને તેને આરોગ્ય સંભાળના મુખ્ય પ્રવાહમાં લઇ આવવા રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

કૃષિ અને સહકાર

વિપુલ રોજગાર અને કૃષિ પેદાશો પૂરા પાડતાં ક્ષેત્ર કૃષિ, સહકાર અને સંલગ્ન પ્રવૃતિઓ માટે

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

સન ૨૦૧૭–૧૮ના અંદાજપત્રની રજૂઆત

રૂ. ૬૪૦૦ કરોડની જોગવાઇ કરું છું, જે ગત વર્ષ કરતા રૂ. ૬૦૮ કરોડ વધારે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોનો ઉત્કર્ષ એ અમારી સરકારના આયોજનના કેન્દ્રસ્થાને છે. માનનીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોની પ્રગતિ અને ઉત્કર્ષનો જે પાયો નાંખ્યો છે, તેના પર અમે સામાજિક અને આર્થિક વિકાસની ઇમારતનું નિર્માણ કરવાની કામગીરી ચાલુ રાખી છે. તેથી, હું ''કૃષિ અને સહકાર વિભાગ'' નું નામ બદલીને ''કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગ'' રાખવાનો નિર્ણય જાહેર કરું છું.

સેન્દ્રિય ખેતી

આપણે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ અને અન્ય રાસાયણિક સાધન-સામગ્રીના અત્યાધિક ઉપયોગની આપણા સ્વાસ્થ્ય, જમીનની ગુણવત્તા, ભૂગર્ભ જળ અને પર્યાવરણ પર થતી અસર વિષે જાગૃત થઇ રહ્યા છીએ. તેથી, અમારી સરકારે સેન્દ્રિય ખેતી માટે નીતિ જાહેર કરી છે. આદિજાતિ વિસ્તારના લોકો પ્રકૃતિની ઘણા સમીપ હોવાથી ત્યાં તેને ઉત્તેજન આપવું વધુ સરળ છે. તેથી, ધરમપુર, કપરાડા, વાંસદા તાલુકા અને ડાંગ જિલ્લાની ખેતીને સેન્દ્રિય ખેતીમાં પરિવર્તિત કરવામાં આવશે. આ ક્ષેત્રે શિક્ષણ અને સંશોધનને ઉત્તેજન આપવા ઓર્ગેનિક કૃષિ યુનિવર્સિટી સ્થાપવામાં આવશે. સેન્દ્રિય ખેતી માટે કુલ રૂ. ૮૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

અમારી સરકાર કૃષિસંબંધી નાણાવ્યવસ્થા, માળખાકીય સુવિધાઓ અને જોખમ વ્યવસ્થાપન માટે અનેક અસરકારક પગલાં લઈ રહી છે. જે પૈકી,

- ખેડૂતોમાં લોકપ્રિય બનેલ પાણી, વીજળી અને ખાતર બચાવતી અને વધુ ઉત્પાદન આપતી એવી ટપક સિંચાઇ યોજનાને વધુ વ્યાપક બનાવવા, ટપક સિંચાઇ યોજનામાં અપાતી સહાયમાં વધારો કરવાનું અમારી સરકારે નક્કી કરેલ છે. સીમાંત અને સામાન્ય ખેડૂતોની સબસીડી વધારીને ૫૦ % ને બદલે ૭૦ % અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે ૭૫% થી વધારીને ૮૫% કરવાનું હું જાહેર કરું છું. તેના પરિણામે ૧,૭૦,૫૧૫ હેક્ટર જમીનમાં ૧,૦૦,૦૦૦ ખેડૂતોને લાભ મળશે. આ માટે રૂ. ૩૧૩ કરોડની જોગવાઇ કરેલ છે.

- આપણા ખેડૂતોએ ભારે મહેનતથી ઉગાડેલા પાકને ભૂંડ અને રોઝ જેવાં પ્રાણીઓ જે નુકસાન કરે છે તેનાથી બચાવવા અને કૃષિ પાકનું રક્ષણ કરવા અમારી સરકારે ખેડૂતોના ખેતરોની ફરતે તારની વાડ બાંધવા માટે સહાય આપવાનો નિર્ણય કર્યો છે, જે માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

- રાજય સરકારે પાક લોનની સમયસર ચુકવણી પર ૩% વ્યાજ સહાય અને ગ્રામીણ સહકારી ધિરાણ માળખા હેઠળ મેળવેલી પાક લોન માટે ૨% વ્યાજ સહાય જાહેર કરી છે. પરિણામે, ૧૪ લાખ ખેડૂતો માત્ર ૧% વ્યાજથી પાક લોન મેળવશે. ખેડૂતોની કૃષિ લોન પર વ્યાજ સહાય માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

- સહકારી ધિરાણ માળખાને કોર બેન્કિંગ સિસ્ટમ સાથે જોડીને અને ખેડૂતોને Rupay-cum-Debit Card પૂરાં પાડવાં રૂ. ૮૦ કરોડની જોગવાઇ કરેલ છે.

- બીજની વાવણીથી લઇને લણણી સુધી ખરીફ અને રવિ બન્ને ઋતુઓ દરમિયાન ૧૩ લાખ ખેડૂતોને PMKBY અંતર્ગત સર્વગ્રાહી વીમા કવચ પૂરૂં પાડવા તથા ક્રોપ ઇન્શોરન્સ કોર્પસ ફંડ માટે રૂ. ૪૭૬ કરોડની જોગવાઇ કરેલ છે.

- અનાજ, કઠોળ અને શાકભાજીની ન્યૂનતમ સહાય કિંમતો નકકી કરવા પ્રાઈસ સ્ટેબીલીટી ફંડ ઊભું કરવામાં આવેલ છે.

- રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ રૂ. ૩૬૫ કરોડની જોગવાઇ કરેલ છે.

- ખાતર, બીજ અને કૃષિ પેદાશો માટેની સંગ્રહ ક્ષમતામાં ૬૩,૦૦૦ મેટ્રિક ટનનો વધારો કરવા માટે કુલ રૂ. ૧૨૬ કરોડની જોગવાઇ કરેલ છે.

- વિવિધ ચીજવસ્તુઓની હાલની ૨૩ લાખ મેટ્રિક ટનની સંગ્રહ ક્ષમતાને ૨૦૨૨ સુધીમાં ૩૦ લાખ મેટ્રિક ટન સુધી વધારવામાં આવશે, જેના ભાગરૂપે ૫૦૦૦ મેટ્રિક ટનની વ્યક્તિગત ક્ષમતા

સાથેના કોલ્ડ સ્ટૉરેજીસ શરૂ કરવામાં આવશે, જેથી કુલ ક્ષમતામાં ૧.૨૫ લાખ મેટ્રિક ટનનો વધારો થશે.

- લગભગ ૧૦,૦૦૦ જળસંગ્રહ માળખાંના બાંધકામ દ્વારા ૩૩,૨૦૮ હેક્ટર જમીનમાં પાણીનો સંગ્રહ કરવા અને ભેજનું પ્રમાણ વધારવા માટે રૂ. ૫૪૭ કરોડની જોગવાઇ કરેલ છે.

ખેત ઓજારો અને ખેત યાંત્રીકરણ માટે સહાય પૂરી પાડવા માટે રૂ. ૪૧૮ કરોડની જોગવાઇ કરેલ છે. જે પૈકી,

- ૬૦,૦૦૦ નાના, સીમાંત અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતો માટે હેન્ડ ટૂલ કીટસ,
- જુદી જુદી યોજનાઓ અન્વયે ૧,૫૭,૫૦૦ ખેડૂતોને કૃષિ યાંત્રીકરણ, ખેત ઓજારો, તાલીમ અને નિદર્શન માટે સહાય,
- વૈવિધ્યપૂર્ણ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત બાગાયતને પ્રોત્સાહન આપવા માટે વાવણીની સામગ્રી માટેની સહાય ૫૦% થી વધારીને ૯૦%,
- ટ્રેકટરની ખરીદી માટે ૨૪,૦૦૦ ખેડૂતોને સહાય અને
- ૧૦૦૦ ખેડૂતોને તેમના ખેતર પર જ એગ્રો પ્રોસેસીંગ માટે સહાય આપવામાં આવશે.
- ગુણવત્તાયુક્ત બિયારણના ઉત્પાદન માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ અને ગુજરાત સીડસ વેલી ફેડરેશન વચ્ચે MoU કરવામાં આવ્યા છે.
- પ્રવાહી રાસાયણિક ખાતરોના ઉપયોગને પ્રોત્સાહન અપાશે, જેનાથી ખેડૂતો માટે ખેતીનો ખર્ચ ઘટશે.

કૃષિ પેદાશોનું ખરીદ-વેચાણ પણ એટલું જ મહત્વનું છે અને અમારી સરકારે કૃષિ ખરીદ-વેચાણના સુધારા, વિનિયમન અને વિકાસ માટે અનેક પગલાં લીધાં છે. આ ક્ષેત્રમાં વધુ સહાય પૂરી પાડવા માટે રૂ. ૯૨ કરોડની જોગવાઇ કરેલ છે.

- APMC ખાતે ૫૦ ગોડાઉન અને કૃષિ ધિરાણ સેવા મંડળી ખાતે ૧૦૦૦ ગોડાઉનના બાંધકામ દ્વારા કૃષિ પેદાશો માટે ૨,૪૦,૦૦૦ મેટ્રિક ટન સંગ્રહ ક્ષમતાનો ઉમેરો કરવામાં આવશે.
- વધુ ૬૦ APMC માં ઓનલાઇન હરાજી માટે e-NAM ની સવલતો ઉપલબ્ધ કરાવવામાં આવશે, જે ૧૦૦ APMC ને જોડીને  ગ્રાહકો અને વિક્રેતાઓને એક મંચ પર લાવશે અને ખેડૂતો માટે વાજબી ભાવ સુનિશ્ચિત થશે.
- કિસાન કલ્પવૃક્ષ યોજના અને APMC આધુનિકરણ યોજના અંતર્ગત APMC ને હરાજી માટે શેડ, આંતરિક રસ્તાઓ, વજનકાંટા, વેચાણ સહ નિદર્શન કેન્દ્ર જેવી સવલતો માટે સહાય પૂરી પાડવામાં આવશે.

પશુપાલન અને ડેરી ઉદ્યોગ ખેતીની આવકને પૂરક છે, જે કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓમાંથી થતી કુલ આવકના આશરે ૩૦ ટકા થાય છે.

ગીર અને કાંકરેજ ગાય તેમજ જાફરાબાદી, મહેસાણી અને બન્ની ભેંસો ગુજરાતના પશુધનની આગવી ઓળખ છે. પશુપાલકની મૂડી સમાન આ ગૌધનના સંવર્ધન પ્રત્યે અમારી સરકાર કટિબદ્ધ છે. પશુઓની સ્વદેશી અને ઉચ્ચ જાતોનાં સંરક્ષણ, સંવર્ધન અને વિકાસ માટેની નીતિ જાહેર કરી છે. આ જાતોના સંરક્ષણ માટે પાટણ સીમેન સ્ટેશનની જેમ રાજકોટ, માંડવી અને પંચમહાલ ખાતે વધુ ત્રણ ફ્રોઝન સીમેન સ્ટેશન, મહેસાણા ખાતે ક્વૉરેન્ટાઇન સ્ટેશન, દરેક તાલુકા મુખ્ય મથક ખાતે ઉચ્ચ જિનેટીક વેલ્યુ ધરાવતા નંદીનું યોગ્ય સંવર્ધન કરવા માટે ૨૪૮ નંદી ઘર, ૨ બુલ મધર ફાર્મ અને અન્ય વ્યવસ્થાઓ માટે રૂ. ૮૮.૪૨ કરોડની જોગવાઈ કરું છું.

ડેરી ક્ષેત્રને વધુ સહાય પૂરી પાડવા માટે રૂ. ૩૮ કરોડની જોગવાઇ કરેલ છે.

- ગ્રામ્ય કક્ષાની દૂધ સહકારી મંડળીઓને ૩૭૫ સ્વચાલિત દૂધ એકત્રીકરણ વ્યવસ્થા, ૧૨૫ બલ્ક કુલર, ૨૨૫ દૂધઘર અને ભેળસેળ અટકાવવા ૩૨૫ મશીનો માટે સહાય પૂરી પાડવામાં આવશે અને લાભાર્થીઓને ૨૪૦૦ પશુઓના વીમા પ્રિમિયમ માટે, ૧૦,૦૦૦ ગાભણા પશુઓ માટે પશુચારો મેળવવા સહાય પૂરી પાડવામાં આવશે.
- ૬ જિલ્લા દૂધ સહકારી સંઘોને ક્ષેત્ર અનુસારના ખનિજ મિશ્રણ પ્લાન્ટસ માટે અને બે સંઘોને પશુચારા પ્લાન્ટસ સ્થાપવા માટે સહાય પૂરી પાડવામાં આવશે, જેના માટે કુલ રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરેલ છે.

પશુ આરોગ્ય સંભાળ માટે રૂ. ૧૨૦ કરોડની જોગવાઇ અંતર્ગત –

- તમામ સરકારી પશુ દવાખાનાઓને નિઃશુલ્ક દવાઓ,
- ૧૧૫ ''મોબાઇલ એનિમલ હેલ્થ કેર યુનિટ્સ'',
- ૧૦૮ આપાતકાલીન સેવાઓની જેમ ''કરુણા એનિમલ ઇમરજન્સી કેર-૧૯૬૨'' હેઠળ અગ્રિમતાના ધોરણે આપાતકાલિન પશુ સારવાર માટે ૮ એમ્બ્યુલન્સ,
- આદિજાતિ વિસ્તારો, કચ્છ અને સૌરાષ્ટ્રમાં પશુ આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે એનિમલ એમ્બ્યુલન્સ કમ ક્રિટિકલ કેર યુનિટ,
- પોરબંદર જિલ્લામાં એક અત્યાધુનિક પશુ રેફરલ હોસ્પિટલ,
- ૭૩ નવા પશુ દવાખાનાઓનું બાંધકામ અને ૧૯ પશુ દવાખાનાઓનું નવીનીકરણ,
- ૪૫૦૦ પશુ આરોગ્ય શિબિરો અને
- પશુઓ અને પક્ષીઓ માટે વ્યાપક રસીકરણ અંગેની કામગીરી હાથ ધરવામાં આવશે.

મત્સ્યોદ્યોગ

ગુજરાત ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો ધરાવે છે. કાંઠા વિસ્તારના લગભગ દોઢ લાખ લોકો મત્સ્યોદ્યોગ થકી રોજગાર મેળવે છે. સમગ્ર ભારતના મત્સ્ય નિકાસમાં ૨૫ ટકાથી વધુ યોગદાન આપીને ગુજરાતના માછીમારો દેશ માટે મહામૂલું વિદેશી હુંડિયામણ લાવે છે. મત્સ્યોદ્યોગને વધુ આધુનિક અને લાભદાયક બનાવવાના હેતુથી મત્સ્યોદ્યોગ માટે વિશેષ પેકેજ જાહેર કરું છું. જેના અંતર્ગત,

- માંગરોળ, નવા બંદર, માધવાડ, વેરાવળ, પોરબંદર, સૂત્રાપાડા, ઓખા અને ભદ્રેશ્વર ખાતે નવાં બંદરો સ્થાપવા માટે અને વર્તમાન બંદરોમાંથી કાંપ કાઢવા માટે અને તેના નિભાવ માટે રૂ. ૨૬૮ કરોડની જોગવાઇ કરું છું.
- માછીમારોને યાંત્રિક હોડીઓમાં વપરાતા ડિઝલ ઉપર ચુકવાયેલ મૂલ્યવર્ધિત વેરાની ભરપાઇ કરવા માટે રૂ. ૮૦ કરોડ અને ફાયબર રી-ઇન્ફોર્સ્ડ બોટનો ઉપયોગ કરતા માછીમારોને રાહત દરે કેરોસીન પૂરું પાડવા માટે પ્રથમ વખત રૂ. ૨૨.૫૦ કરોડની જોગવાઈ કરેલ છે.

બરફના કારખાના, તળાવોના બાંધકામ, આંતરિક માછીમારી, મત્સ્ય-બીજ સેવન કેન્દ્ર, ફીડ મિલ, ઇન્સ્યુલેટેડ બોક્ષ, નૌપરિવહનનાં સાધનો તથા અન્ય ઉપકરણોની સહાય સહિત રૂ. ૬૬ કરોડની જોગવાઈ કરેલ છે.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઉદ્યોગ અને ખાણ ક્ષેત્ર માટે રૂ. ૩૮૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગો માટેનું ખાસ પેકેજ

उद्योगो जन लक्षणम् આ ઉક્તિનું ગુજરાતની પ્રજા જીવંત ઉદાહરણ છે.

મોટા પ્રમાણમાં રોજગારી આપતા સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (MSME) ગુજરાતના ઔદ્યોગિકરણનું એક મહત્વનું પાસુ છે. તેથી MSME ની પ્રોત્સાહક યોજનાઓના ઝડપી અને અસરકારક અમલીકરણ માટે, અમારી સરકાર એક અલાયદી કમિશનર કચેરીની જાહેરાત કરે છે.

ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે

સન ૨૦૧૭–૧૮ના અંદાજપત્રની રજૂઆત

અમે ઔદ્યોગિક નીતિ, ૨૦૧૫ માં મધ્યમ, નાના, લઘુઉદ્યોગ ક્ષેત્ર માટે ખાસ પગલાં જાહેર કર્યાં છે, જેને આગળ ધપાવતા, રૂ. ૫૦ લાખ સુધીનું પ્લાન્ટ અને મશીનરીમાં રોકાણ ધરાવતા એકમો અને રૂ. ૫૦ લાખથી વધારે અને રૂ. ૨ કરોડ સુધીનું રોકાણ ધરાવતા એકમોને વધારાની સહાય પૂરી પાડવા રૂ. ૧૦૦૦ કરોડના પેકેજની જાહેરાત કરતા આનંદ અનુભવું છું. જેમાં,

- મૂડી અને રેન્ટલ ચાર્જીસ,
- ERP અને ICT,
- ટેક્નોલોજીની પ્રાપ્તિ,
- બજાર વિકાસ,
- સૂક્ષ્મ અને લઘુ ઉદ્યોગ સાહસો માટેની ધિરાણ બાંયધરીની ફી અને
- લઘુ અને મધ્યમ ઉદ્યોગ એક્સચેન્જ મારફત નાણાકીય ભંડોળ મેળવવા વિશેષ સહાય અને
- વીજ જોડાણ માટે એકમોને વધારાની સહાયનો સમાવેશ થાય છે.

- આ ઉપરાંત, કેન્દ્ર સરકારના સ્ટેન્ડ અપ ઈન્ડીયા કાર્યક્રમ અંતર્ગત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ભારતરત્ન ડો.બાબા સાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજનાનું ખાસ પેકેજ જાહેર કરતા હર્ષની લાગણી અનુભવું છું, જેમાં ઉપર દર્શાવેલાં વિશેષ પ્રોત્સાહનો ઉપરાંત મેન્ટરશીપ અને નિર્વાહ ભથ્થાં સહિત ૩૬૦ ડિગ્રી ઉદ્યોગસાહસિકતા, તાલીમ, નવા વીજ જોડાણ અને ઔદ્યોગિક માળખાકીય સુવિધા માટે વધારાની સહાયનો સમાવેશ થાય છે.
- આ ઉપરાંત, કોમન ફેસીલીટી સહિતના ૫૦૦૦ ''પ્લગ એન્ડ પ્રોડ્યુસ'' બહુમાળી શેડનું બાંધકામ કરવામાં આવશે, તે પૈકી ૧૦૦૦ શેડ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે અનામત રહેશે, જેમાં, હાયર પર્ચેઝ અને ઈઝી એક્ઝીટ સહિત રેન્ટ નો વિકલ્પ આપવામાં આવશે.

પરંપરાગત વ્યવસાયો માટેનું ખાસ પેકેજ

અમારી સરકાર સમાજના તમામ વર્ગો સુધી પહોંચી છે. આથી, એમ.એસ.એમ.ઇ. (MSME) ઉપરાંત આપણા પરંપરાગત વ્યવસાય સાથે સંકળાયેલા સમુદાયો જેવા કે વાળંદ, સુથાર, લુહાર, દરજી, મોચી, કુંભાર, ધોબી અને અન્યો માટે રૂ. ૧૦ કરોડનું ખાસ સહાય પેકેજ જાહેર કરતાં હું ખુશીની લાગણી અનુભવું છું. જેમાં,

- જે તે ક્ષેત્રોના નામાંકિત અને શ્રેષ્ઠ વ્યાવસાયિકો મારફત કૌશલ્ય વર્ધન અને ઓન ધ જોબ તાલીમ.
- આધુનિક ટુલકીટ
- તેઓના રોજગારનાં સ્થળોએ આધુનિક સુવિધાઓ

- આપણા પરંપરાગત હસ્તકલા કારીગરોએ આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના અને ખ્યાતિ પ્રાપ્ત કરી છે. કચ્છી કામ, પટોળા કામ, બાંધણીકામ, લાકડામાંથી કોતરણી કરેલ ફર્નિચર વગેરે વિશિષ્ટ કલાઓને સહાય અને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧૦ કરોડની ખાસ જોગવાઇ કરેલ છે.
- ચર્મ ઉદ્યોગના કામદારોને કૌશલ્યવર્ધન તાલીમ, ઓળખપત્રો તથા સુરક્ષિત બજાર માટેનું સ્થળ પૂરું પાડવા માટે રૂ. ૫૦ લાખની જોગવાઇ કરેલ છે.
- સ્ટાર્ટ અપ નીતિ અન્વયે ઉદ્યોગસાહસિક નવીનતા અને રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ પોલિસી હેઠળ સંશોધન અને વિકાસને પ્રોત્સાહન અને સહાય માટે રૂ. ૧૭ કરોડની જોગવાઇ કરેલ છે.
- અમારી સરકાર, રાજ્ય અર્થતંત્રના વૈવિધ્યીકરણ માટે પ્રતિબદ્ધ છે, જેના અનુસંધાને અને વિવિધ નીતિઓ જેવી કે, ઔદ્યોગિક પ્રોત્સાહન યોજના, સંરક્ષણ અને એરોસ્પેસ નીતિ, પ્લાસ્ટિક ઉદ્યોગ માટે સુધારેલ યોજના જાહેર કરી છે. આ યોજના હેઠળ જુદાં જુદાં પ્રોત્સાહનો પૂરાં પાડવા માટે રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- રાજ્ય સરકારની ટેક્સટાઇલ પોલિસી સફળ અને ઉપયોગી સિદ્ધ થઇ છે, જે અન્વયે લગભગ ૧૦૫૦ એકમો સ્થાપવામાં આવ્યા છે. જેનાથી રોજગારીની વ્યાપક તકો ઊભી થઇ છે. આથી અમે આ યોજના હેઠળ પ્રોત્સાહનો આપવા માટેની જોગવાઇમાં વધારો કરી રૂ. ૫૭૦ કરોડની જોગવાઇ

કરી છે.

અમારી સરકાર ઉચ્ચ વૃદ્ધિ દર અને આધુનિક માળખાકીય સવલતોના વિકાસનું લક્ષ્ય રાખે છે. જેને આગળ ધપાવવા રૂ. ૧૦૬ કરોડની જોગવાઇ કરેલ છે, જેના અંતર્ગત–

- માંડલ–બેચરાજી સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયનનો પ્રથમ તબક્કો શરૂ કરવામાં આવશે.
- આપણા ઉત્પાદકો અને નિકાસકારોને માટે વૈશ્વિક કક્ષાના સંમેલન અને પ્રદર્શનની સુવિધાઓ પૂરી પાડવા માટે ગુજરાત સરકાર અને રેલ્વેના સ્પેશિયલ પર્પઝ વેહીકલ (SPV) ''ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ'' (GARUD) દ્વારા વૈશ્વિક કક્ષાની હોટેલ સુવિધાઓ સહિત ગાંધીનગર રેલવે સ્ટેશનના આધુનિકરણ સાથે મહાત્મા મંદિરની સુવિધાઓને સાંકળવામાં આવશે.
- આપણા રાજ્યના મજબૂત રોડ નેટવર્ક અને સુવિકસિત બંદરો સાથે સુસંગત આધુનિક રેલવેની સુવિધાઓ ઊભી કરવા માટે ગુજરાત રેલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકાસ નિગમ (G–RIDE) સાહસની સ્થાપના કરવામાં આવેલ છે.

પ્રવાસન

સંયુક્ત રાષ્ટ્રે વર્ષ ૨૦૧૭ને ''ઇન્ટરનેશનલ ઇયર ઓફ સસ્ટેનેબલ ટુરિઝમ ફોર ડેવલપમેન્ટ'' તરીકે જાહેર કરેલ છે અને ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં એકધારો વધારો થયેલ છે, જેથી માળખાકીય સુવિધાઓમાં વધારો કરવો આવશ્યક બન્યો છે, જે માટે ઇન્ટીગ્રેટેડ ટૂરિસ્ટ ડેસ્ટીનેશન ડેવલપમેન્ટ સ્કીમ હેઠળ રૂ. ૨૯૨ કરોડની જોગવાઇ કરેલ છે, જેમાં આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સર્કિટ, હેરિટેજ ટૂરિઝમ, ટ્રાઇબલ ટૂરિઝમ, એગ્રો/ફાર્મ ટૂરિઝમ વગેરેનો સમાવેશ થશે.

દેશની સ્વતંત્રતાની લડતનું કેન્દ્રસ્થાન અમદાવાદ સ્થિત સાબરમતી આશ્રમની શતાબ્દી જયંતિની ઉજવણી નિમિત્તે ગાંધી મૂલ્યોનાં જતન અને સંવર્ધન માટે સાબરમતી આશ્રમના આસપાસના વિસ્તારોનો વિકાસ હાથ ધરવામાં આવશે, જે માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ કરેલ છે.

આપણા દીર્ઘદ્રષ્ટા માનનીય પ્રધાનમંત્રીશ્રીએ આપણા દેશની એકતાને મજબૂત કરવા માટે ''એક ભારત શ્રેષ્ઠ ભારત''ની પરિકલ્પના કરી છે. દેશભક્તિના આ વિચારને પ્રોત્સાહન આપવા ગુજરાત અને છત્તીસગઢ વચ્ચે, રાહત દરે મુલાકાતના કાર્યક્રમો, રાષ્ટ્રીય દિવસની ઉજવણીઓ અને અન્ય ઉજવણીમાં સહભાગિતા માટે બન્ને રાજ્યોના પ્રવાસીઓ અને લોકોના આદાન–પ્રદાન માટે એક MoU કરવામાં આવેલ છે, જેના માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

- સરહદ પ્રવાસન : સીમા દર્શન કાર્યક્રમ દ્વારા દેશભક્તિ અને માતૃભૂમિ પ્રત્યેના પ્રેમના બીજ રોપવા અને મજબૂત બનાવવાના હેતુથી બનાસકાંઠા જિલ્લામાં નડાબેટ સરહદ પ્રવાસનને પ્રોત્સાહન આપવા આંતરમાળખાકીય વિકાસ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈની દરખાસ્ત કરવામાં આવે છે.
- પ્રવાસન નીતિ : સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ પ્રવાસન નીતિ ૨૦૧૫–૨૦ને સાનુકૂળ પ્રતિસાદ સાંપડ્યો છે. આ નીતિ હેઠળના માન્ય પ્રવાસન એકમોને પ્રોત્સાહનો આપવા રૂ. ૩૫ કરોડની જોગવાઈ કરેલ છે.

સાપુતારા, દેવમોગરા, ડાકોર, અંબાજી, દ્વારકા–બેટદ્વારકા, સોમનાથ, પાલિતાણા અને સાસણગીરના લોકપ્રિય પ્રવાસન સ્થળોનું સ્માર્ટ ટૂરીસ્ટ ડેસ્ટીનેશન તરીકે રૂપાંતર કરવાના હેતુથી આ સ્થળોએ પીવાનું સ્વચ્છ પાણી, સ્વચ્છતા અને કચરાનો નિકાલ, વરસાદી પાણીનો સંગ્રહ, સોલાર રૂફટોપ, વાઈ–ફાઈ (WiFi) અને દિવ્યાંગ પ્રવાસીઓ માટે બેટરીથી સંચાલિત વાહનો અને અન્ય સુવિધાઓ તથા સલામતીમાં વધારો કરવા CCTV જેવી સુવિધાઓ પૂરી પાડવા રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરેલ છે.

પ્રવાસન અને આતિથ્ય સત્કાર ક્ષેત્રને લગતા ૧૫ તાલીમ અભ્યાસક્રમો માં તાલીમ આપીને સ્થાનિક યુવાનોની પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને ૧૦,૦૦૦ યુવાન માટે રોજગારની તકો ઊભી કરવા માટે રૂ. ૨૦ કરોડની જોગવાઇ કરેલ છે.

પવિત્ર યાત્રાધામ વિકાસ :

રાજ્યનાં લોકપ્રિય પવિત્ર યાત્રાધામો જેવાં કે સોમનાથ, અંબાજી, દ્વારકા, પાલિતાણા, ડાકોર,

શામળાજી, પાવાગઢ અને ગીરનાર ખાતે (24X7) આવશ્યક સ્વચ્છતા જાળવવા અને યાત્રીઓની સુવિધા અને અન્ય વિકાસનાં કામો માટે રૂ. ૪૦ કરોડની જોગવાઇ કરેલ છે.

સંતનગરી એ ઇતિહાસ, જીવનનો માર્ગ, સંદેશા અને સંતોનો ઉપદેશ રજૂ કરતો રાજય સરકારનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ છે, જેણે આપણી સામાજિક, નૈતિક ભાવના પર અમીટ છાપ ઊભી કરી છે. આ હેતુ માટે રૂ. ૨૨ કરોડની જોગવાઇ કરેલ છે.

શ્રવણ તીર્થ દર્શન યોજના

જે કાળજી, આદર અને સમર્પણ સાથે શ્રવણ તેના વૃદ્ધ અને અશક્ત માતા–પિતાને યાત્રા માટે લઈ ગયો હતો તે આજે પણ આપણને પ્રેરણા આપે છે. તેથી, આપણા રાજયના વરિષ્ઠ નાગરિકો ગુજરાતમાં યાત્રાધામોની મુલાકાત લઇ શકે તે માટે હું આદરભાવ સાથે, ત્રણ રાત્રિ અને ચાર દિવસના યાત્રાધામ પ્રવાસ પેકેજના એસટીના ભાડાના ૫૦%ના ધોરણે, સહાય પૂરી પાડવા ‘‘શ્રવણ તીર્થ દર્શન યોજના‘‘ જાહેર કરું છું, જે માટે રૂ. ૪ કરોડની જોગવાઇ કરેલ છે.

શ્રમ અને રોજગાર

શ્રમ અને રોજગાર માટે રૂ. ૧૬૫૦ કરોડની જોગવાઇ કરેલ છે.

બાંધકામ શ્રમિક કલ્યાણ યોજના

અમારી સરકાર, લોકોને ઘર બનાવી આપવા તનતોડ મહેનત કરતાં બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટે પ્રતિબદ્ધ છે. તેથી નોંધાયેલાં બાંધકામ શ્રમિકો માટે હું રૂ. ૭૦ કરોડની જોગવાઇ સાથેનું સર્વગ્રાહી પેકેજ રજૂ કરું છું, જેમાં –

- ૧૦ શહેરોમાં ૮૮ કડિયાનાકાના ૫૦ હજાર બાંધકામ શ્રમિકોને રાહતદરે પોષણયુક્ત અને ગુણવત્તાયુક્ત આહાર પૂરો પાડવા માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના જાહેર કરું છું.
- યુ–વીન (U-WIN) કાર્ડસના આધારે શ્રમિકોને ‘‘મા‘‘ અને ‘‘મા વાત્સલ્ય યોજના અંતર્ગત આવરી લેવામાં આવશે.
- તદઉપરાંત તેઓને ધન્વંતરી એમ્બ્યુલન્સ સેવા,
- સઘન કૌશલ્ય તાલીમ અને
- સામાજિક અને નાણાકીય સલામતી પૂરી પાડવા માટે રૂ. ૧૦૦૦ની રકમની માસિક વૃદ્ધાવસ્થા સહાય આપવામાં આવશે.

અમારી સરકાર વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતને લક્ષમાં રાખી, ઉદ્યોગ સાથે સંકળાયેલ વૈવિધ્યપૂર્ણ અને આધારભૂત કૌશલ્યવર્ધન દ્વારા લાભપ્રદ રોજગારીની તકોમાં વધારો કરવા કટિબદ્ધ છે.

આઇ.ટી.આઇ.ના લગભગ ૨ લાખ તાલીમાર્થીઓને રો–મટીરિયલ, સ્ટાઇપેન્ડ, બસ પાસ અને અન્ય સુવિધાઓ પૂરી પાડવા તેમજ હાલની આઇ.ટી.આઇ. સંસ્થાઓના નવીનીકરણ, જાળવણી અને ૩,૦૦,૦૦૦ યુવાનોના લાભ માટે ૧૦૦ ભરતી મેળાઓના આયોજન માટે કુલ રૂ. ૮૬૬ કરોડની રકમની જોગવાઇ કરેલ છે.

- ૯ આઇ.ટી.આઇનાં બાંધકામ અને હાલની આઇ.ટી.આઇમાં હયાત માળખાકીય સવલતોને વધુ સુદ્રઢ બનાવવા માટે રૂ. ૩૩ કરોડની રકમની જોગવાઇ કરેલ છે.
- PPP અંતર્ગત ૮ આઇ.ટી.આઇ.ને અપગ્રેડ કરવા માટે રૂ. ૧૪ કરોડની રકમની જોગવાઇ કરેલ છે.
- નવરચિત કુકરમુંડા અને ડોલવણ તાલુકાઓમાં નવી બે આઇ.ટી.આઇ. શરૂ કરવામાં આવશે.
- કેન્દ્ર પુરસ્કૃત ‘‘પ્રધાન મંત્રી કૌશલ્ય વિકાસ યોજના‘‘ હેઠળ ૨૦,૦૦૦ તાલીમાર્થીઓને કૌશલ્ય તાલીમ માટે રૂ. ૨૯ કરોડની રકમની જોગવાઇ કરેલ છે.
- સેવા ક્ષેત્રના વ્યાપને ધ્યાનમાં રાખીને સેવા તાલીમ કાર્યક્રમોને સુદ્રઢ બનાવવામાં આવશે અને હાલની ૨૦,૦૦૦ બેઠકોમાં વધારો કરી ૪૫૦૦૦ બેઠકો કરવામાં આવશે, જેના માટે રૂ. ૧૦

કરોડની રકમની જોગવાઇ કરેલ છે.

આઇ.ટી.આઇ. સંસ્થાઓમાં તાલીમની ગુણવત્તાની સુધારણા માટે રૂ. ૨૪ કરોડની જોગવાઇ કરેલ છે. જે પૈકી–

- કૌશલ્ય વર્ધન માટે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય સંસ્થાના માધ્યમથી જાહેર અને ખાનગી ક્ષેત્રની ભાગીદારીથી આંતરરાષ્ટ્રીય કક્ષાનું સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપવામાં આવશે. શિકાગો યુનિવર્સિટીના સેન્ટર મારફત આશરે ૧૦,૦૦૦ તાલીમાર્થીઓ અને શિક્ષકોને ડિજિટલ અને ફાયનાન્સિયલ લિટરસી, ડીસીશન મેકીંગ અને સેલ્ફ મોટીવેશનની તાલીમ આપવામાં આવશે.
- આશરે ૨૦૦ મુખ્ય પ્રશિક્ષકો (Master Trainers) અને ૩૦૦૦ પ્રશિક્ષકો (Trainers)ને રોજગાર ભરતીના સલાહકાર તરીકે તાલીમ આપવામાં આવશે.
- માંગ આધારિત કૌશલ્ય શિક્ષણને પ્રોત્સાહન આપવા ૩૦,૦૦૦ વિદ્યાર્થીઓ માટે સ્કીલ એપટીટ્યુડ ટેસ્ટ યોજવામાં આવશે.
- સ્વામી વિવેકાનંદ પૂર્વ ભરતી તાલીમ યોજના અન્વયે લશ્કર, અર્ધ લશ્કરી દળો અને પોલીસ દળોમાં ભરતી માટે ૧૫૦૦ જેટલા યુવાનોને ૪૫ દિવસની નિવાસી તાલીમ આપવામાં આવશે.
- નેશનલ એપ્રેન્ટીસ પ્રોત્સાહન યોજના અન્વયે ૧૦,૦૦૦ નવા તાલીમાર્થીઓને એપ્રેન્ટીસશીપ આપીને ડ્યુઅલ સીસ્ટમ અનુસાર તાલીમ આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી હવે હું આંતરમાળખાકીય સુવિધાઓને લગતા ક્ષેત્રોની વિગતો રજૂ કરું છું.

માર્ગ અને મકાન

માર્ગ અને મકાન અન્વયે વર્ષ ૨૦૧૭–૨૦૧૮ માટે રૂ. ૮૮૧૨ કરોડની જોગવાઇ કરેલ છે, જે ગત વર્ષ કરતા રૂ. ૪૧૦ કરોડ વધુ છે.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના

અમારી સરકારે ૧૮૦૦૦ ગામો અને ૧૬,૨૪૫ વસાહતોને સારી ગુણવત્તાના બારમાસી માર્ગોથી જોડતા ગ્રામીણ માર્ગ માળખાને રૂ. ૧૦,૦૦૦ કરોડના કુલ પરિયોજનાના ખર્ચે સુદ્રઢ બનાવવા, મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના શરૂ કરી છે, જેનાથી લગભગ ૨.૫ કરોડ ગ્રામીણ વસતિને લાભ થશે અને રોજગારીની વિપુલ તકો ઊભી થશે.

આ યોજના માટે વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ. ૨૫૦૦ કરોડ ફાળવેલ છે, જે અન્વયે ૩૫૦૦ કિલોમીટર લંબાઇના રસ્તાનું બાંધકામ અને ૨૫૦૦ કિલોમીટરની લંબાઇના માર્ગોનું રિસરફેસીંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. મુખ્ય જિલ્લા માર્ગો અને ૮૦૦ કિલોમીટરની લંબાઇના અન્ય માર્ગોને ૭ મીટર સુધી પહોળા કરવામાં આવશે.

રાજયના અર્થતંત્રને વેગ આપતા રસ્તાઓને વધુ સંગીન બનાવવા રૂ. ૧૧૫૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાંથી ૭૩૦.૧૪ કિલોમીટર લંબાઇના ૫૮ માર્ગોને ચાર માર્ગીય રસ્તામાં તબદીલ કરવામાં આવશે.

તે પૈકી કેટલાક અગત્યના જોડાણ માર્ગો

૧. વરમોર–વિઠ્ઠલાપુર–દેત્રોજ–કડી,
૨. સોનગઢ–પાલિતાણા,
૩. તળાજા– પાલિતાણા,
૪. સુરત–ઓલપાડ–સાહોલ,
૫. અંકલેશ્વર– ઝઘડિયા–રાજપીપળા
૬. ડભોઇ–તિલકવાડા–ગરુડેશ્વર– કેવડિયા કોલોની,
૭. અમદાવાદ–ડાકોર
૮. હિંમતનગર– અંબાજી
૯. રાજકોટ–મોરબી

આ ઉપરાંત, ૩૬ પુલોનાં ચાલુ બાંધકામો ઉપરાંત ૩૭ નવા પુલોનાં કામો હાથ ધરવામાં આવશે. તે પૈકી કેટલાક અગત્યનાં કામો આ મુજબ છે.

૧. ભરુચ નજીક ગોલ્ડન બ્રીજના સમાંતર ફોર લેન પુલ

૨. બિલિમોરા-વાઘરેચ-ધોલાઇ માર્ગ પર વાઘરેચ નજીક કાવેરી નદી પર પુલ.

૩. હિંમતનગર -ઇડર-ખેડબ્રહ્મા—અંબાજી માર્ગ પર સાબરમતી નદી પર પુલ.

૪. ઉપલેટા-પાટણવાવ માર્ગ પર ભાદર નદી પર પુલ

૫. ભૂજ -માંડવી માર્ગ પર ગોડપર નદી પર પુલ

૩૧૭ કિલોમીટરના રાજ્ય ધોરી માર્ગોને દ્વિમાર્ગીય કરવા માટે રૂ. ૨૧૦ કરોડ ફાળવેલ છે.

વિશ્વબેન્ક સહાયિત ગુજરાત રાજ્ય ધોરી માર્ગ પરિયોજના માટે રૂ. ૨૦૦ કરોડ ફાળવેલ છે, જેના અંતર્ગત,

૧. ભરુચ-દહેજ વચ્ચેના ૧૦ કિ.મી માર્ગને બહુઆયામી માર્ગસુરક્ષાના ધોરણે વિકસાવવામાં આવશે.

૨. આઉટ પુટ અને કામગીરી આધારિત માર્ગ કોન્ટ્રાક્ટ (OPRC) ધોરણે પર પ્રથમવાર ૧૦૩ કિ.મી લંબાઇના રાજ્ય ધોરી માર્ગોને પહોળા અને મજબૂત બનાવવામાં આવશે.

૩. ૬૧ કિ.મી. લંબાઈના મહેસાણા-હિંમતનગર રસ્તાને ડિઝાઇન, બીલ્ડ, ફાઇનાન્સ, ઓપરેટ, મેન્ટેઇન અને ટ્રાન્સફરના પીપીપી મોડલના ધોરણે ચાર માર્ગીય કરવામાં આવશે તથા તેના એક અનુભાગને ગ્રીન હાઇવે કન્સેપ્ટથી વિકસાવવામાં આવશે.

કિસાન પથ યોજના હેઠળ માર્ગ અને રોડ ઓવર બ્રીજના (ROB) એન્યુઇટીનાં કામો માટે રૂ. ૧૯૨ કરોડ ફાળવેલ છે.

રૂ. ૨૦૮૭ કરોડના કુલ પરિયોજના ખર્ચે ગુજરાતના પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણને જોડતા પ્રગતિ પથના રાજ્યવ્યાપી ૯ કોરીડોરને ચારમાર્ગીય કરવામાં આવશે. જેનાથી, કલાકની સરેરાશ ૮૦ કિ.મી.ની ઝડપે મુસાફરી સુગમ થશે, જેથી આપણું અર્થતંત્ર પણ વેગીલું બનશે, જેના માટે રૂ. ૨૪૧ કરોડ ફાળવેલ છે, તેમાંથી કેટલાંક અગત્યના માર્ગો -

૧. અમદાવાદ-બગોદરા-ધંધુકા-વલ્લભીપુર-ભાવનગર

૨. મહેસાણા-વીસનગર- આંબાઘાટ-અંબાજી-રાજય સરહદ

૩. પાળીયાદ-સાયલા-મૂળી-સુરેન્દ્રનગર-માલવણ-પાટડી-દસાડા

૪. બાઢલા-રાજુલા-હિંડોરણા

૫. ચાવંડ-લાઠી-અમરેલી

૬. ચીખલી-વઘઇ-આહવા-ચીંચલી-રાજય સરહદ

નવરચિત તાલુકા મુખ્ય મથકોએથી પસાર થતા માર્ગોને ચારમાર્ગીય કરવા અને ગટર, સ્ટ્રીટ લાઇટ, ફૂટપાથ વગેરે સુવિધાઓ પૂરી પાડવાની જરૂરિયાતના આધારે તેને ૧૦ મીટર સુધી પહોળા કરવા માટે રૂ. ૪૦ કરોડ ફાળવેલ છે.

પ્રથમ તબક્કામાં શહેરો અને નગરોના જોડાણ માટે બનાવેલ વિકાસપથને પહોળા કરવા માટે રૂ. ૮૦ કરોડ ફાળવેલ છે.

ઔધોગિકરણ અને સામાજિક જરૂરિયાતોને કારણે ઉદભવતી લાંબાગાળાની વ્યૂહાત્મક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને રૂ. ૫૫૪ કરોડના કુલ પરિયોજના ખર્ચે ગુજરાત રાજ્યની મોટી નદીઓ ઉપર પુલો બનાવવાનું આયોજન છે, જે માટે રૂ. ૯૧ કરોડ ફાળવેલ છે, જે પૈકી-

૧. હારીજ-ટોટાણા માર્ગ પર બનાસ નદી પર પુલ

૨. ઉન-કોસાડી માર્ગને જોડતા રસ્તા પર તાપી નદી પર પુલ

૩. અંબાવ-ગલતેશ્વર માર્ગ પર ગલતેશ્વર પાસે મહી નદી પર પુલ

૪. ટીમાણા – દંત્રાડ માર્ગ પર શેત્રુંજી નદી પર પુલ

નવરચિત ગીર-સોમનાથ જિલ્લામાં જિલ્લા સેવા સદન, નવરચિત જેસર, ધોલેરા, વિંછીયા અને જોટાણા તાલુકાઓમાં તેમજ પ્રર્વતમાન ખેડા અને ગારિયાધર, વાઘોડિયા, શિનોર, શહેરા, કુકરમુંડા તથા ડોલવણ તાલુકાઓમાં તાલુકા સેવા સદનના હાલના ચાલુ બાંધકામ માટે રૂ. ૮૨ કરોડ ફાળવેલ છે.

અમદાવાદ-બગોદરા-રાજકોટ માર્ગને ૭૦:૩૦ના ડેબ્ટ ઇકિવટી રેશિયો (Debt equity ratio)

સાથે છ માર્ગીય રોડમાં તબદીલ કરવામાં આવશે, જે માટે વર્ષ ૨૦૧૭–૧૮ માં રૂ. ૫૦ કરોડ ફાળવેલ છે.

એક લાખથી વધારે ટ્રેન વાહન એકમો (T.V.U.) ધરાવતા રેલ્વે ફાટક અને DFCC રેલ્વે ફાટકના સ્થાને રેલ્વે ઓવરબ્રિજ/રેલ્વે અંડરબ્રિજનું બાંધકામ કરી અવિરત જોડાણ અને સલામતી પૂરી પાડવા માટે, રેલ્વે અને રાજયની ૫૦:૫૦ની હિસ્સેદારીથી તેમજ અન્ય યોજનાઓ અંતર્ગત કુલ રૂ. ૪૧૦૦.૮૪ કરોડના પરિયોજના ખર્ચે, કુલ ૮૮ ROB ની કામગીરી હાથ ધરેલ છે, જે પૈકી ૩૦ ROB નું બાંધકામ પૂરું થયું છે, ૩૮ ROB ની કામગીરી ચાલુ છે અને બાકીનું કામ ઝડપથી શરૂ કરવામાં આવશે.

બંદરો અને વાહન વ્યવહાર

બંદરો અને વાહન વ્યવહાર માટે રૂ. ૧૪૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

અમારી સરકારે બંદર આધારિત વિકાસને અગ્રતા આપી છે, જેની સફળતા ગુજરાતના ધમધમતાં નાનાં બંદરોમાં જોઇ શકાય છે. બંદરોનો સાતત્યપૂર્ણ વિકાસ સુનિશ્ચિત કરવા માટે અમારી સરકાર નવી બંદર નીતિ જાહેર કરશે.

છારા બંદર, દહેજ બંદરનો વિકાસ અને ફ્લોટિંગ સર્ચ રિ–ગેસિફિકેશન યુનિટ (FSRU) સાથે LNG ટર્મિનલ જાફરાબાદને જાહેર–ખાનગી સહભાગિતાના ધોરણે વિકસાવવામાં આવશે.

સમુદ્રી શિક્ષણ અને સમુદ્રી અર્થતંત્ર, બંદરોની કામગીરી અને નિભાવ, સમુદ્રી નાણા વ્યવસ્થા, મેરિટાઇમ એક્ટ અને બંદરોની રૂપરેખા અને આયોજનના અભ્યાસક્રમો પૂરા પાડવા માટે ગુજરાત મેરિટાઇમ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે, જે માટે રૂ. ૨૦ કરોડ ફાળવેલ છે.

અલંગ શિપ બ્રેકિંગ યાર્ડના કામદારો માટે ભારત સરકારની સાગરમાલા યોજના હેઠળ તાલીમ અને કલ્યાણ સંસ્થા ઊભી કરવા માટે રૂ. ૩૦ કરોડ ફાળવેલ છે.

ઘોઘા અને દહેજ વચ્ચે રોરો ફેરી (RORO Ferry) સેવા પરિયોજના વર્ષ ૨૦૧૭માં પૂર્ણ થઇ જશે, જે માટે રૂ. ૨૪ કરોડ ફાળવેલ છે.

નર્મદા પરિક્રમા માટે બર્થિંગ (રોકાણ) સવલતોના વિકાસ માટે સ્થળ શોધવાની, માળખાની રૂપરેખા તૈયાર કરવાની, જમીન સંપાદન કરવાની અને CRZ મંજૂરી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને ગુજરાત મેરિટાઇમ બોર્ડ દ્વારા જેટીનું બાંધકામ શરૂ કરવામાં આવશે જેના માટે રૂ. ૮ કરોડની જોગવાઇ કરેલ છે.

વાહન વ્યવહાર

ગ્રામીણ અને આંતરિક વિસ્તારોમાં પરિવહન સંગીન બનાવવા માટે ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા ૧૬૦૦ નવી બસો મૂકવામાં આવશે, જેના લીધે ૩૫૨ શિડ્યુલ ઊમેરાશે અને દૈનિક ૮૩,૦૦૦ વધારાના મુસાફરોને લાભ મળશે જે માટે રૂ. ૪૧૦ કરોડ ફાળવેલ છે.

મુસાફરોને સારી ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવા માટે ૨૮ બસ ડિપોના નવિનીકરણ અને આધુનિકરણ માટે રૂ. ૧૫૦ કરોડ ફાળવેલ છે.

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) દ્વારા કામગીરી અને નિભાવનાં વિવિધ ક્ષેત્રોમાં માહિતી અને સંદેશાવ્યવહાર પ્રૌદ્યોગિકીના અમલ માટે રૂ. ૩૫ કરોડ ફાળવેલ છે.

કેન્દ્ર અને રાજય સરકારની માર્ગ સલામતી નીતિના અમલ માટે જુદી–જુદી એજન્સીઓ વચ્ચે અસરકારક સંકલન માટે ''ગુજરાત માર્ગ સલામતી સોસાયટી'' ની રચના કરવામાં આવશે, જે માટે રૂ. ૫ કરોડ પૂરા પાડવામાં આવ્યા છે.

નાગરિક ઉડ્ડયન:

રાજ્ય સરકારની માલિકીની હવાઇપટ્ટીઓમાં આંતરમાળખાકીય વૃદ્ધિ કરવા અને તમામ પ્રકારના હવામાનમાં ઉતરણ અને ઉડ્ડયન ક્ષમતાઓ સહિત રાત્રિ ઉડ્ડયન સવલતો પૂરી પાડવા માટે રૂ. ૧૩૨ કરોડની જોગવાઇ કરેલ છે.

ઉડાન (UDAN) યોજના દ્વારા પ્રાદેશિક જોડાણ (Connectivity) યોજના હેઠળ સામાન્ય જનતાને પોસાય તેવા દરે હવાઇ કનેક્ટીવીટી ઉપલબ્ધ કરાવવામાં આવશે. વધુમાં, અમારી સરકારે

અંબાજી, દ્વારકા અને સોમનાથ ખાતે હેલિકોપ્ટર સેવાઓ શરૂ કરવાની દરખાસ્ત કરેલ છે, જેના માટે રૂ. ૯ કરોડની જોગવાઈ કરેલ છે.

પાણી પૂરવઠો

ઘરોમાં નળ–જોડાણથી પાણીનો પૂરવઠો નાગરિકોની પાયાની જરૂરિયાત છે, જે જાહેર આરોગ્યની જાળવણી સાથે વિકાસની તકો પણ પૂરી પાડે છે, જેના માટે રૂ. ૩૦૪ કરોડના અંદાજિત વધારા સાથે રૂ. ૩૦૧૦ કરોડ ફાળવેલ છે.

ઉપલેટા, જામકંડોરણા, ધોરાજી અને જેતપુર તાલુકાના ૧૫૬ ગામોને તેમજ ભાયાવદર, જેતપુર, ધોરાજી, જામકંડોરણા અને ઉપલેટા શહેરોને D-નેટવર્ક પાણી પૂરવઠા યોજના દ્વારા નર્મદાનું પાણી પૂરું પાડવા માટે રૂ. ૨૩૪ કરોડ ફાળવેલ છે.

આ ઉપરાંત, ચાલુ યોજનાઓને ઝડપથી પૂર્ણ કરવા માટે કુલ રૂ. ૭૭૦ કરોડ ફાળવેલ છે, જે પૈકી –

- અરવલ્લી જિલ્લાના ૩ શહેરો અને ૫૦૧ ગામો માટે વાત્રક અને માઝુમ જળાશય આધારિત જૂથ પાણી પૂરવઠા યોજના
- દાહોદ જિલ્લાના દક્ષિણ ભાગના ગામડાં અને છોટા ઉદેપુરના ૩૪૩ ગામડાં અને શહેરો માટે હંફેશ્વર નર્મદા બેઝીન આધારિત જૂથ પાણી પૂરવઠા યોજના.
- સુરતના ૧૫૯ ગામો માટે કાકરાપાર જૂથ પાણી પૂરવઠા યોજના.
- તાપી જિલ્લાના ૧૯૪ ગામો માટેની તાપી બલ્ક પાઈપલાઈન આધારિત પાણી–પૂરવઠા યોજના.
- પંચમહાલ જિલ્લાના ૫૧ ગામોને લાભ આપતી હરેડા જૂથ પાણી પૂરવઠાની યોજના.
- દાહોદનાં ૧૮ ગામો માટે હીરોલા જૂથ પાણી પૂરવઠા યોજના.
- બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાનાં ૧૨ ગામો માટે નર્મદા મુખ્ય નહેર આધારિત પાણી પૂરવઠા યોજના.
- સરહદી વિસ્તારમાં આવેલી બીએસએફની ૭૧ બોર્ડર આઉટ–પોસ્ટને કેન્દ્રીય સહાયથી પીવાનું પાણી પૂરું પાડવામાં આવશે.
- ઉનાળા દરમિયાન કચ્છમાં પાણીની સમસ્યા નિવારવા માટે સૌરાષ્ટ્ર શાખા નહેરમાંથી રોજનું ૧૦૦ એમએલડી પાણી મળી રહે તે સુનિશ્ચિત કરવા માટે કચ્છ શાખા નહેર, ભચાઉ નજીક નર્મદા પાઈપલાઈન જોડાણ સહિતના પંપીગ સ્ટેશનનું બાંધકામ કરવામાં આવશે, જે માટે રૂ. ૩૫ કરોડ ફાળવેલ છે.
- સાબરકાંઠા જિલ્લાના આદિજાતિ વિસ્તારના ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાનાં ૧૧૯ ગામો અને ૪૦ પરાંનો સમાવેશ કરતી ખેડબ્રહ્મા સ્ટેજ–૨ જૂથ પાણી પૂરવઠા યોજના દ્વારા આશરે ૨ લાખ લોકોને લાભ થશે, જેના માટે રૂ. ૩૫ કરોડ ફાળવેલ છે.
- વાપી તાલુકાનાં ૨૫ ગામો માટે દમણગંગા નદી પર બાંધવામાં આવેલ જીઆઈડીસી વિયર આધારિત પાણી પૂરવઠા યોજના માટે રૂ. ૧૧૬ કરોડ ફાળવેલ છે, જેના થકી ૧.૭ લાખ લોકોને લાભ થશે.
- ઉત્તર વડોદરાનાં ૩૯ ગામો માટે મહી નદી આધારિત પાણી પૂરવઠા યોજના માટે રૂ. ૮૬ કરોડ ફાળવેલ છે, જેના થકી ૩.૬ લાખ લોકોને લાભ મળી શકશે.
- પોરબંદર જિલ્લાના કુતિયાણા અને રાણાવાવ તાલુકાનાં ગામો અને શહેરોને ૨૦–૩૦ MLD વધારાનું નર્મદાનું પાણી પૂરું પાડવા ઉપલેટાથી ૬૫ કિ.મી. લાંબી બલ્ક પાઈપ લાઈન નાખવામાં આવશે, જે માટે રૂ. ૧૨૫ કરોડ ફાળવેલ છે.
- દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જામનગર જિલ્લા માટે વૈકલ્પિક પાણી પૂરવઠાના સ્ત્રોત માટે રૂ. ૧૩ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

- નર્મદા અને તાપી જિલ્લાઓનાં ૨૨૧ ગામો માટે ઉકાઈ જળાશય આધારિત સાગબારા–ડેડિયાપાડા જૂથ પાણી પૂરવઠા યોજના, મહીસાગર જિલ્લાનાં ૨૭ ગામો માટે કડાણા જળાશય આધારિત સરસડી, વચ્છલા ડુંગર જૂથ પાણી પૂરવઠા યોજના અને છોટા ઉદેપુરનાં ૧૧૫ ગામો અને ૨૩ નર્મદા કોલોની માટે ભીલોડિયા અને સંખેડા શાખા નહેર આધારિત બે જૂથ પાણી પૂરવઠા યોજના માટે રૂ. ૧૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

સૌપ્રથમ વખત પીપીપી ધોરણે ૧૦૦ એમએલડી નો ડીસેલીનેશન પ્લાન્ટ ઊભો કરી દેવભૂમિ દ્વારકા, પોરબંદર, રાજકોટ, મોરબી અને કચ્છ જિલ્લા માટે પાણીની સલામતી આંશિક રીતે સુનિશ્ચિત કરી શકાશે, જેના માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

જળ સંસાધનોઃ

વર્ષ ૨૦૦૦માં ૧૨૫ લાખ હેક્ટર ખેતીલાયક જમીનમાંથી ૩૮ લાખ હેક્ટરમાં સિંચાઈ ઉપલબ્ધ હતી, જે ૨૦૧૬માં વધીને ૬૨ લાખ હેક્ટર થયેલ છે. હાલના સિંચાઈ નેટવર્કને વિસ્તારવા માટે રૂ. ૫૭૪૫ કરોડ ફાળવેલ છે, જે અગાઉના વર્ષ કરતાં અંદાજિત રૂ. ૪૪૯ કરોડ વધારે છે.

આદિજાતિ વિસ્તારો માટે ખાસ સિંચાઇ વ્યવસ્થા

સપ્ટેમ્બર, ૨૦૧૬માં માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા રૂ. ૧૯૭૪ કરોડના પ્રોજેક્ટ ખર્ચની ઉદવહન સિંચાઈની ચાર યોજનાઓનો આદિજાતિ વિસ્તારોમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો, જેના થકી સુરત જિલ્લાના આદિજાતિ વિસ્તારોમાં ૨૪,૩૦૦ હેક્ટર જમીન અને દાહોદ તેમજ મહીસાગર જિલ્લામાં ૧૦,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈ સુદ્રઢ કરવા રૂ. ૪૩૮ કરોડની જોગવાઇ કરેલ છે.

ઉકાઈ, કાકરાપાર, કડાણા અને અન્ય બંધોના હાલના નહેર નેટવર્કને સંગીન બનાવીને ૧૬,૮૦૦ હેક્ટર જમીનના લાભાર્થે રૂ. ૮૪ કરોડ ફાળવેલ છે.

૮૫૦૦ હેક્ટરમાં સહભાગી સિંચાઈ મારફત સિંચાઈ કરવામાં આવશે. ૨૩૦૦ હેક્ટર જમીનને ચેકડેમો અને તળાવોને ઊંડા કરીને લાભ આપવામાં આવશે. ૭૦૦ હેક્ટરમાં નદી, નહેર અને ટ્યૂબવેલ આધારિત ઉદવહન સિંચાઈ દ્વારા સિંચાઈ કરવામાં આવશે અને ૧૬૦૦ હેક્ટરમાં પ્રેશર સિંચાઇ પદ્ધતિ દ્વારા સિંચાઈ કરવામાં આવશે, જે તમામ માટે રૂ. ૧૦૬ કરોડની જોગવાઇ કરેલ છે.

‘‘સૌની‘‘ યોજના

સૌરાષ્ટ્ર પ્રદેશ માટે, ‘‘સૌની‘‘ નો તબક્કો–૧ પૂર્ણતાને આરે છે, પ્રથમ તબક્કાના કામોના લીધે ૧૩ જળાશયોમાં પાણી આપવામાં આવેલ છે અને લગભગ ૬૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ થયેલ છે. સૌનીનો તબક્કો–૨ શરૂ થયો છે અને આજી–૧, ડેમી–૧, લાલપરી, ભીમદાદ અને આંકડીયા જળાશયો વર્ષ ૨૦૧૭–૧૮માં ભરી દેવામાં આવશે. ૧૦ જિલ્લાના ૬૩ જળાશયો ભરવા, અને ૧,૯૪,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈ સુવિધા સુદ્રઢ કરવા માટે રૂ. ૧૬૯૮ કરોડ ફાળવેલ છે.

કટીંગ કેનાલ (Cutting Canal) આધારિત ઉદવહન સિંચાઈ મારફત વધારાની ૧૮,૦૦૦ હેક્ટર જમીનમાં સિંચાઈ માટે રૂ. ૧૯ કરોડની જોગવાઇ કરેલ છે.

‘‘સુજલામ સુફલામ‘‘ યોજના

ઉત્તર અને મધ્ય ગુજરાતના ખેડૂતો માટે, ‘‘સુજલામ સુફલામ‘‘ યોજના આશીર્વાદરૂપ છે. તેથી, આ યોજના હેઠળ રૂ. ૧૦૬૩ કરોડના કુલ ખર્ચે ગાંધીનગરના ૩૦૦૦ હેક્ટર જમીન અને મહેસાણાની ૧૪,૭૦૦ હેક્ટર જમીનને આવરી લેવા પાંચ ઉદવહન સિંચાઈ યોજનાઓ –પીયજથી ઉણાદ, ધાધુસણથી રેડ લક્ષ્મીપુરા, ભાસરીયાથી સામેત્રા, ખેરવાથી વિસનગર– કરવામાં આવશે, જે માટે રૂ. ૨૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

- બનાસકાંઠામાં થરાદ–સીપુ અને કસરા–દાંતીવાડા તેમજ પાટણમાં ડિંડરોલ–મુક્તેશ્વર ઉદવહન સિંચાઇની પાઇપલાઈનના સર્વેક્ષણ માટે રૂ. ૬ કરોડ ફાળવેલ છે.
- હીરપરા, તાલુકો વિજાપુર અને વલાસણા, તાલુકો વડનગર ખાતે બેરેજ માટે રૂ. ૩૨ કરોડ ફાળવેલ છે.
- કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ (MCF) પાણી પહોંચાડવા માટેની યોજના માટે તથા ક્ષારપ્રવેશ નિવારણના અને જળસંચયનાં કામોથી ૨૨,૩૦૦ હેક્ટર જમીનની સિંચાઈ માટે રૂ. ૭૬ કરોડ ફાળવેલ છે.

- આ ઉપરાંત, જળસંચયના વિવિધ કામો જેવાં કે તળાવો, ચેકડેમ અને રીચાર્જ વેલ ઊંડા કરવાથી, ૧૧૦૦૦ હેક્ટર જમીનને લાભ થશે, જેના માટે રૂ. ૧૭૮ કરોડ ફાળવેલ છે. હયાત નહેર નેટવર્કને સંગીન બનાવવાથી ૫૪,૦૦૦ હેક્ટર જમીન સિંચાઇ હેઠળ આવરી લેવાશે, જેના માટે રૂ. ૨૬૯ કરોડ ફાળવેલ છે.
- કલ્પસર પ્રોજેક્ટ માટે ટેકનો ફિઝીબીલીટી સ્ટડી પૂર્ણ થવાના આરે છે જેના માટે રૂ. ૧૦ કરોડ ફાળવ્યા છે.

ભાડભૂત બૅરેજ

નર્મદાના ડાઉનસ્ટ્રીમ શુક્લતીર્થમાં ભરતીના પાણીને કારણે ભૂગર્ભજળ અને જમીન ક્ષારગ્રસ્ત થયેલ છે. પરિણામે, આસપાસનાં ગામો અને નગરોમાં ઘરગથ્થુ અને ઔદ્યોગિક પાણીની અછત વર્તાય છે. તેથી, નર્મદા નદી ભાડભૂત ખાતે રૂ. ૪૦૫૦ કરોડના ખર્ચે એક બૅરેજ બાંધવામાં આવશે, જેના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

સરદાર સરોવર યોજના

ગુજરાતની ખમીરવંતી પ્રજાના અથાગ પ્રયત્નોના કારણે નર્મદાનાં જળે કચ્છ સુધીનો પ્રવાસ પૂર્ણ કરીને કચ્છની સૂકી ધરતીને ફળદ્રુપ બનાવી દીધી છે. ‘‘સરદાર સરોવર‘‘ વિરાટ પરિયોજના માટે રૂ. ૭૮૨ કરોડનો વધારો કરીને રૂ. ૫૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

પહેલા તબક્કામાં ૬.૧૭ લાખ હેક્ટર કૃષિ જમીનને જેના થકી સિંચાઇ પૂરી પાડવામાં આવી છે એ, ૫૪ તાલુકાઓમાં વિક્રમી ૧૫,૫૦૦ કિ.મી લાંબી ભૂગર્ભ પાઇપલાઇન પૂર્ણ થયા બાદ હવે તે દિશામાં આગળની કામગીરી રૂપે ૨૦૧૭–૧૮માં ૫૧ તાલુકાઓમાં નહેર માળખામાં ૧૨૫૦૦ કિ.મીનો વધારો કરવામાં આવશે અને વધુ ૪ લાખ હેક્ટર વિસ્તારને સિંચાઇ પૂરી પાડવામાં આવશે, જે માટે ૨૦૧૭–૧૮માં રૂ. ૧૬૨૦ કરોડ ફાળવેલ છે.

વધુમાં, વલ્લભીપુર, ગઢસીસર અને કચ્છ બ્રાન્ચ કેનાલનાં પેટા નહેર વિતરણ માટે રૂ. ૭૯૧ કરોડ ફાળવેલ છે, જેનાથી ૧.૬ લાખ હેક્ટર જમીનને સિંચાઇ પ્રાપ્ત થશે. કચ્છ જિલ્લાના ટપર ડેમમાં કચ્છ બ્રાન્ચ કેનાલથી પાણી ભરવામાં આવશે, જે માટે રૂ. ૧૬૦ કરોડ ફાળવેલ છે.

ભરૂચ, પંચમહાલ, વડોદરા અને છોટાઉદેપુર જિલ્લાઓની ૨૦ વર્ષ જૂની નર્મદા નહેરોની મરામતનાં ચાલુ કામોને સમયસર પૂરા કરવા રૂ. ૨૪૦ કરોડ ફાળવેલ છે. સરદાર સરોવર ડેમ નજીક, ઉચ્ચસ્તરીય ગોરાબ્રીજ બાંધવામાં આવશે, જેના માટે રૂ. ૧૪૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

દુષ્કાળ સંભવિત વિસ્તારોની જેમ, રણ વિકાસ વિસ્તારની સંભાળ લેવાની ગુજરાતની લાંબા સમયથી પડતર વિનંતીને સ્વીકારવા માટે રાજ્ય સરકાર કેન્દ્ર સરકારનો આભાર માને છે. આ વિનંતીના સ્વીકારને લીધે સરદાર સરોવર યોજનાની નાની નહેરનાં કામો હાથ ધરવા કેન્દ્ર સરકારની રૂ. ૪૭૯૭ કરોડની સહાય મળશે.

લાંબાગાળાનાં સિંચાઇ ભંડોળમાંથી ૨૦૧૬–૧૭ થી ૨૦૧૮–૧૯ ના વર્ષ સુધીના રાજ્ય સરકારના ફાળા માટે નાબાર્ડમાંથી રૂ. ૩૬૧૧ કરોડની લોન મેળવવા ગુજરાત સરકારે નાબાર્ડ સાથે એમ.ઓ.યુ (MoU) કર્યા છે.

સોલાર પાવર પ્લાન્ટ અને કેનાલ પરના નાનાં વીજ ઉત્પાદન એકમોનાં કામો ૨૦૧૭–૧૮ના વર્ષમાં પૂરાં કરવામાં આવશે, જે કુલ ૧૧૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે, જેના માટે ૨૦૧૭–૧૮ના વર્ષમાં રૂ. ૩૩૨ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

ડિજિટલ ઈન્ડિયાના તમામ ૯ સ્તંભોનો અમલ કરવામાં આપણું રાજય અગ્રેસર છે. રાજ્ય સરકાર સમયની માંગ અનુસાર ઈન્ટરનેટ જોડાણો તેમજ આઇ.સી.ટી. આધારિત જાહેર સેવાઓ પૂરી પાડવાની કામગીરી પૂરજોશમાં કરી રહેલ છે, જેના માટે રૂ. ૭૭ કરોડના વધારા સાથે, રૂ. ૪૫૦ કરોડની જોગવાઇ કરેલ છે.

- તમામ સરકારી વિભાગો અને અન્ય સંસ્થાઓ માટે સ્ટેટ ડેટા સેન્ટર ખાતે ‘ક્લાઉડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર’ ઊભું કરવામાં આવશે, જેનાથી આઇ.ટી.નું નોંધપાત્ર આંતરમાળખું ઊભું થશે, અને હોસ્ટીંગ એપ્લીકેશન્સનો ખર્ચ ઓછો થશે તેમજ વધારે સારી ગુણવત્તાવાળી સેવા આપી શકાશે. આ હેતુ

માટે રૂ.૨૫ કરોડની જોગવાઇ કરેલ છે.

- નગરપાલિકાઓમાં નાગરિકોને ઇન્ટરનેટ જોડાણ પૂરાં પાડવા રૂ. ૩૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- રાજ્ય સરકારે આઇ.ટી./આઇ.ટી.ઇ.એસ. નીતિ ૨૦૧૬–૨૧, ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ ૨૦૧૬–૨૧, સ્ટાર્ટઅપ નીતિ અને ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી નીતિ ૨૦૧૬–૨૧ની જાહેરાત કરી છે, જેને ખૂબ સારો પ્રતિભાવ મળેલ છે. આ ચાર નીતિઓ અન્વયે પાત્ર રોકાણકારોને પ્રોત્સાહન પૂરું પાડવા રૂ. ૫૫ કરોડની જોગવાઇ કરેલ છે.
- વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકીનાં બાકીનાં ક્ષેત્રો માટે અમારા દ્વારા શિક્ષણ, સંશોધન, વિકાસ અને વાણિજ્યિક વપરાશોને આવરી લેતી વ્યાપક નીતિ ઘડવામાં આવશે, જેના માટે રૂ. ૫ કરોડની જોગવાઇ કરેલ છે.
- વ્યવસાયિક અભ્યાસક્રમોની કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિચારાયેલા નવીનતમ પ્રોજેક્ટને સહાય કરવા ૮ તકનિકી કોલેજમાં ડિઝાઇન લેબ અને ૮ કોલેજોમાં બાયોઇન્ફર્મેશન લેબ સ્થાપવામાં આવશે, જે માટે રૂ. ૪ કરોડની જોગવાઇ કરેલ છે.
- સાયન્સ સીટીના વિકાસના બીજા તબક્કામાં રોબોટીક્સ અને એક્વેટીક લાઇફ સાયન્સની ગેલેરીઓ સ્થાપવામાં આવશે, જે માટે રૂ. ૮૫ કરોડની ફાળવણી કરેલ છે. તે જ રીતે, રાજકોટ, કચ્છ, પાટણ, ભાવનગર અને વડોદરા શહેરોમાં પ્રાદેશિક વિજ્ઞાન સંગ્રહાલયો સ્થાપવામાં આવશે. જે માટે રૂ. ૪૨ કરોડની જોગવાઇ કરેલ છે.

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ**

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ માટે કુલ રૂ. ૮૧૦૦ કરોડની બજેટ જોગવાઇ કરેલ છે જે ગત વર્ષ કરતાં અંદાજિત રૂ. ૩૦૦ કરોડ જેટલી વધારે છે.

- હાલમાં, આપણા રાજ્યની વિદ્યુત ઉત્પાદન ક્ષમતા ૨૫૨૫૬ મેગાવોટ છે. જેમાં ૨૦૨૦ સુધીમાં ૨૫૪૦ મેગાવોટ ક્ષમતાનો વધારો કરવાનું આયોજન છે.
- માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતોની પ્રગતિ અને ઉત્કર્ષ માટેની અમારી વચનબદ્ધતા દોહરાવું છું. અમારી સરકારે છેલ્લાં ત્રણ વર્ષમાં, સરેરાશ વાર્ષિક એક લાખ કૃષિ વીજ જોડાણો આપેલાં છે. વર્ષ ૨૦૧૭–૧૮માં, ૨૦૧૩ સુધીનો બેકલોગ પૂર્ણ કરવા ૧,૨૫,૦૦૦ કૃષિ વીજ જોડાણો આપવામાં આવશે. જે ગત વર્ષ કરતા ૨૫ ટકા વધારે છે, જેના માટે રૂ. ૨૦૦૦ કરોડ ફાળવેલ છે.
- ખેતીનો ખર્ચ ઘટાડવાના હેતુથી, અમારી સરકાર ખેડૂતોને રાહતદરે વીજ પૂરવઠો પૂરો પાડે છે, જેના માટે રૂ. ૪૦૧૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તમામ ગ્રામ પંચાયતોનાં વોટર વર્કસને વિના મૂલ્યે વીજળી પૂરી પાડવામાં આવે છે, જેના માટે રૂ. ૪૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.
- ‘‘સરદાર કૃષિ જ્યોતિ યોજના’’ અન્વયે જૂની પરિવહન લાઇનો અને કંડક્ટરોને બદલવા માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- ગુજરાત રાજ્ય ઇલેક્ટ્રીસીટી કંપની લિમિટેડ (GSECL) અને ગુજરાત ઇલેક્ટ્રિસિટી ટ્રાન્સમિશન કોર્પોરેશન (GETCO) ને શેર મૂડી ફાળા માટે રૂ. ૨૨૦ કરોડ ફાળવેલ છે.
- GSECL ના પાવર જનરેશન યુનિટોના આધુનિકરણ અને રેટ્રોફીટીંગ માટે રૂ. ૨૧૪ કરોડની જોગવાઇ કરેલ છે. ૨૭૧૬ સર્કિટ કિલોમીટર નવી પાવર ટ્રાન્સમિશન લાઇનો અને ૧૦૦ નવા પાવર સબ સ્ટેશન સ્થાપવા માટે રૂ. ૨૫૯૨ કરોડ ફાળવેલ છે.
- શહેરી વિસ્તારોમાં અડચણરુપ વીજળીના થાંભલાઓ અન્ય જગ્યાએ ખસેડવા અને વીજળીના તાર ભૂગર્ભમાં નાખવાનાં કામો માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- અમારી સરકાર પર્યાવરણના રક્ષણ તથા પુનઃપ્રાપ્ય ઊર્જાના સંવર્ધનના હેતુથી ૪૫૦૦ ખેડૂતોને સોલાર પંપ માટે મદદ પૂરી પાડશે. સોલાર હોમ લાઇટીંગ સ્કીમ હેઠળ ૧૨૦૦૦ સોલર પી.વી. સિસ્ટમ્સની સ્થાપના કરવામાં આવશે. આ બન્ને પહેલ માટે કુલ રૂ. ૧૮૧ કરોડ ફાળવવામાં આવેલ છે.

- મહેસાણા જિલ્લામાં મોઢેરાનું વિશ્વપ્રસિદ્ધ સૂર્યમંદિર સૌર ઊર્જાનું પ્રતીક છે. સમગ્ર દેશ અને દુનિયામાં સૌર ઊર્જા પર્યાવરણની જાળવણી માટે અગત્યનું પરિબળ છે. અમારી સરકાર પણ સૌર ઊર્જાનો વપરાશ વધારવા મક્કમ રીતે આગળ વધી રહેલ છે, ત્યારે એક મૉડેલ તરીકે સમગ્ર મોઢેરા ગામની તમામ વીજ જરૂરિયાત સૌર ઊર્જાથી પૂરી પાડવામાં આવે, તેવું આયોજન કરવાનો અમે નિર્ધાર કરેલ છે.

- ગુજરાત ગેસ લિમિ ટેડ દ્વારા ૧,૩૦,૦૦૦ ઘરોને પી.એન.જી. જોડાણો આપવામાં આવશે અને ૫૦ સી.એન.જી સ્ટેશનો સ્થાપવામાં આવશે.

- ખેડૂતોને સતત અને ગુણવત્તાયુક્ત વીજ પૂરવઠો પૂરો પાડવા માટે, ઓછી આવક ધરાવતા ૩૨૦૦૦ પરિવારોને મફત ઘરેલુ વીજ જોડાણ આપવા તથા સમુદ્ર કિનારાના વિસ્તારમાં વીજ પૂરવઠાના જર્જરિત તાર બદલવા તથા આનુષંગિક જરૂરિયાતો માટે કુલ રૂ. ૨૪૮ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું માનવ વિકાસ અને માળખાકીય સુવિધાઓના સહયોગી ક્ષેત્રોની જોગવાઈઓની વિગતો આપીશ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ માટે રૂ. ૧૧,૫૦૦ કરોડની કુલ અંદાજપત્રીય જોગવાઇ કરેલ છે.

ગુજરાત ભારતમાં સૌથી વધુ શહેરી વિસ્તારો ધરાવતા રાજ્યો પૈકીનું રાજ્ય છે, જેની અંદાજિત ૪૨ ટકા વસ્તી શહેરી વિસ્તારોમાં વસે છે.

સુવર્ણજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના

શહેરી વિસ્તારોમાં જાહેર માળખાગત સુવિધાઓ પૂરી પાડવા માટેની સુવર્ણજયંતિ મુખ્યમંત્રી યોજના અમારી સરકારની પ્રમુખ યોજના છે, જેના માટે રૂ. ૪૦૨૬ કરોડ ફાળવેલ છે, જે પૈકી–

- આંતર માળખાકીય સુવિધાઓ માટે રૂ. ૧૭૧૦ કરોડ,
- પાણી પૂરવઠા અને ભૂગર્ભ ગટર માટે રૂ. ૧૧૧૬ કરોડ,
- મુખ્યમંત્રી શહેરી સડક યોજના માટે રૂ. ૫૦૦ કરોડ,
- વસાહતોમાં જાહેર–ખાનગી ભાગીદારીના ધોરણે આંતરિક આંતર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ. ૪૦૦ કરોડ,
- આગવી ઓળખાણનાં કાર્યો માટે રૂ. ૩૦૦ કરોડ ફાળવેલ છે.

શહેરી આંતર–માળખાકીય સુવિધાઓ માટે નિયત ભંડોળ પૈકી–

૧. અમદાવાદના પૂર્વ વિસ્તારમાંથી પસાર થતી ખારીકટ નહેરના પુનઃવિકાસ દ્વારા અમદાવાદ શહેરના લાંબા સમયથી પડતર આ પ્રશ્નનો ઉકેલ લાવવા માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ
૨. અમદાવાદ શહેરમાં રાજેન્દ્ર પાર્ક ચાર રસ્તા પર ફ્લાયઓવરનું બાંધકામ
૩. અમદાવાદ શહેરમાં અજીત મીલ ચાર રસ્તા પર ફ્લાયઓવરનું બાંધકામ.
૪. સુરત શહેરમાં વેડ દરવાજા જંકશન અને કતારગામ જંકશન પર ફ્લાયઓવર
૫. સુરત શહેરમાં પૂર્ણા જંકશન પર ફ્લાયઓવર.
૬. વડોદરા શહેરમાં ગેંડા સર્કલથી મનીષા સર્કલ સુધી છ રસ્તાવાળો ફ્લાયઓવર.
૭. રાજકોટ શહેરમાં હોસ્પિટલ ચોક ઓવરબ્રિજ અને સોરઠીયા ચોક ઓવરબ્રિજનું બાંધકામ.
૮. ગાંધીજીએ રાજકોટની જે આલ્ફ્રેડ હાઇસ્કૂલમાં શિક્ષણ મેળવેલ તે સંકુલને મલ્ટીપલ સ્ક્રીન, ઓગમેન્ટેડ રિયાલીટી, મોશન ગ્રાફિક્સ, એનિમેશન, સરક્યુલર વિડિયો પ્રોજેકશન સાથે મહાત્મા ગાંધીના જીવન અંગેના વિશ્વસ્તરના મ્યૂઝિયમમાં વિકસાવવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ.
૯. જામનગર શહેરમાં ઇન્દિરા ગાંધી માર્ગ પર સુભાષ બ્રિજથી સાત રસ્તા સર્કલ સુધી એલિવેટેડ ચાર માર્ગીય ફ્લાયઓવર.

૧૦. ભાવનગર શહેરમાં શાસ્ત્રીનગરથી દેસાઇનગર સુધી ફ્લાયઓવર.

૧૧. જૂનાગઢ શહેરમાં ટીમ્બાવાડી સ્વામિનારાયણ ફ્લાયઓવર તથા ઝાંઝરડા બાયપાસ પાસે ફ્લાયઓવરનું બાંધકામ.

૧૨. મહેસાણા નગરપાલિકામાં મોઢેરા ચાર રસ્તા પર ઓવરબ્રિજનું બાંધકામ.

૧૩. વાપી નગરપાલિકામાં કોમ્યુનિટી હોલનું બાંધકામ.

પાણી પૂરવઠા અને ભૂગર્ભ ગટર પરિયોજનાઓ માટે નિયત ભંડોળ પૈકી–

૧. ૧૨૦ નગરપાલિકાઓમાં ભૂગર્ભ ગટર અને ગંદા પાણી શુદ્ધિકરણ પ્લાન્ટ (STP)નાં કામો માટે રૂ. ૮૫૫ કરોડની જોગવાઇ

૨. શહેરી વિકાસ સત્તાતંત્રોમાં પાણી પૂરવઠા અને ભૂગર્ભ ગટર પરિયોજનાઓ માટે રૂ. ૧૫૦ કરોડની જોગવાઇ

૩. ૩૯ નગરપાલિકાઓમાં પીવાના પાણીની સુવિધાઓ વધારવા રૂ. ૧૧૧ કરોડની જોગવાઇ.

તદઉપરાંત, અમૃત (AMRUT) યોજના અન્વયે ૩૧ શહેરોમાં પાયાની જાહેર સુવિધાઓ પૂરી પાડવા માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ.

અમદાવાદ, સુરત અને વડોદરા શહેરોમાં સ્માર્ટ સિટી મિશન અન્વયે ઇન્ટીગ્રેટેડ ટાન્ઝીટ મેનેજમેન્ટ સિસ્ટમ, કોમન કાર્ડ પેમેન્ટ સિસ્ટમ, CCTV સવલતો વાળા કમાન્ડ એન્ડ કન્ટ્રોલ સેન્ટર, ઇન્ટીગ્રેટેડ સીટી વાઇ–ફાઇ સિસ્ટમ નિર્ધારિત વિસ્તારોમાં ૨૪X૭ પાણી પૂરવઠા સિસ્ટમ અને ગંદા પાણીના રીસાયકલીંગ જેવા સ્માર્ટ સિટી પ્રોજેક્ટસ હાથ ધરવા રૂ. ૫૯૭ કરોડ ફાળવેલ છે.

અમદાવાદ મેટ્રોના બાંધકામ માટે અમે MEGAને રાજ્યનો સંપૂર્ણ રૂ. ૧૪૧૨ કરોડનો શેર ફાળો ચૂકવી દીધેલ છે. તેથી, ૨૦૧૭–૧૮ માટે MEGA ને રૂ. ૬૦ કરોડની ગૌણ લોન માટેની જોગવાઇ કરેલ છે. સુરત શહેરમાં મેટ્રો પ્રોજેકટ માટે વિસ્તૃત પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવા રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

સુરતમાં ડાયમંડ ડ્રિમ સીટીને સહાય કરવા રૂ. ૩૦ કરોડ ફાળવેલ છે.

ઓટો જનરલ ડેવલપમેન્ટ કંટ્રોલ વિનિયમો તંત્રથી ઓન–લાઇન બિલ્ડીંગ પ્લાન મંજૂરી, મકાન ઉપયોગની મંજૂરી અને ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસને ઉત્તેજન આપવાના હેતુથી રૂ. ૩૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ઝડપથી થઇ રહેલા શહેરીકરણ અને શહેરી વિસ્તારોમાં થતા સ્થળાંતરે વાજબી કિંમતના આવાસન માટેની માંગ ઊભી કરી છે. તેથી શહેરી વિસ્તારોમાં પોસાય તેવી કિંમતે ૧,૦૦,૦૦૦ આવાસો માટે રૂ. ૧૩૪૦ કરોડ ફાળવવામાં આવ્યા છે.

રાજ્યમાંથી ઓક્ટ્રોય નાબૂદ કરવાના નિર્ણય સાથે સરકારે ૮ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓને ઓક્ટ્રોય માટેની અનુદાનની રકમમાં છેલ્લે વર્ષ ૨૦૧૪–૧૫માં વધારો કરેલ હતો. આથી, હું આ અનુદાનની રકમમાં ૧૦ ટકાનો વધારો જાહેર કરું છું, જેનાથી રાજ્ય સરકારને રૂ. ૨૫૧ કરોડનો વધારાનો ખર્ચ થશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અને મુખ્યમંત્રી આવાસ યોજના હેઠળ ભાગીદારીમાં ૪૫,૦૦૦ વાજબી કિંમતના આવાસોનું બાંધકામ કરવામાં આવશે.

શહેરી આવાસ માટે જુદી જુદી આવશ્યકતાઓને પહોંચી વળવાના હેતુસર, લાભાર્થી દ્વારા બાંધકામ અન્વયે ૨૦,૦૦૦ લાભાર્થીઓ, ગંદા વસવાટમાં રહેનારના સ્થળ પર જ પુન:વસન અન્વયે ૨૦,૦૦૦ લાભાર્થીઓ અને ક્રેડીટ લિન્ક સબસીડી હેઠળ ૧૫,૦૦૦ લાભાર્થીઓને આવરી લેવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, દરેક પરિવાર પોતાનું ઘરનું ઘર વસાવવાનું સ્વપ્ન સેવે છે. ગરીબ અને મધ્યમ વર્ગને વ્યાજબી કિંમતે મકાન મળી રહે તે રાજ્ય સરકારનો સતત અભિગમ રહેલ છે, જેના ભાગરૂપે રાજ્ય સરકારે હવે રૂ. ૧૫ લાખ સુધીની હોમ લોન ઉપર વધારાની વ્યાજ સહાય આપવાનો નિર્ણય કરેલ છે. શહેરી વિસ્તારમાં રૂ. ૧૮ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતાં કુટુંબોને, ૭૫ ચોરસ મીટર કારપેટ

વિસ્તાર સુધીના આવાસ માટે પ્રધાનમંત્રી આવાસ યોજનાની ક્રેડીટ લીંક સહાય સાથે રાજ્ય સરકારની સહાય જોડીને રૂ. ૧૫ લાખની લોન પર મહત્તમ રૂ. ૪,૨૩,૪૫૨ ની સહાય પૂરી પાડવામાં આવશે, જેના માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

ઘન કચરા નિકાલની વ્યવસ્થા શહેરી સ્થાનિક સંસ્થાઓની મહત્ત્વની જવાબદારીઓ પૈકીની એક છે. અમારી સરકાર સફાઇ કામદારોની સલામતી અને આરોગ્ય વિષે પણ તેટલી જ ચિંતિત છે. કોઇ સફાઇ કામદારને કોઇ પણ આરોગ્યલક્ષી જોખમનો સામનો ન કરવો પડે તે સુનિશ્ચિત કરવાના હેતુથી દરેક જિલ્લા અને મહાનગરપાલિકામાં સ્વચાલિત સુપર સકર મશીનો અને અન્ય સાધનો આપવામાં આવશે, જેના માટે મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અને સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કુલ રૂ. ૨૫૫ કરોડની જોગવાઇ કરેલ છે.

જાહેર સ્થળો અને મેદાનો ખાતે યોજાતા મોટાં સંમેલનો, મેળા, સામાજિક પ્રસંગો, પ્રદર્શનો બાદ આવાં સ્થળોએ અને રસ્તાઓની બન્ને તરફ ફેલાતા કચરાના નિકાલ, નિયંત્રણ અને વ્યવસ્થાપન માટે તાલીમબદ્ધ માનવબળ અને આધુનિક સાધનો સાથેના મોબાઇલ સ્વચ્છતા સ્ક્વોડની રચના કરવામાં આવશે, જેના માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

શહેરી વિસ્તારમાં સ્વચ્છતા, ચોખ્ખાઇ અને જાહેર સ્વાસ્થ્ય જાળવવા માટે, અમારી સરકારે સામૂહિક જાગૃતિ અને ભાગીદારી સહિતનાં અનેક શ્રેણીબધ્ધ પગલાં લીધા છે. તમામ શહેરોને ક્વોલીટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા ‘‘ખુલ્લામાં શૌચક્રિયાથી મુક્ત‘‘ જાહેર કરાયાં છે. આ ઓડીએફ સ્ટેટસને જાળવી રાખવા માટે રૂ. ૧૫ કરોડની જોગવાઇ કરેલ છે.

મોટાં શહેરોમાં રખડતાં ઢોરોની સમસ્યા દિવસો દિવસ ગંભીર બનતી જાય છે અને પરિણામે ટ્રાફિકની સમસ્યા, અકસ્માતો અને ગંદકી ફેલાવાના પ્રશ્નો ઊભા થાય છે, જેના માટે મહાનગર પાલિકાઓને ખાસ સહાય આપવાની તાતી જરૂરિયાત છે, જેના માટે રૂ. ૧૬ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

**પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ**

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ માટે રૂ. ૬૭૦૦ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરેલ છે.

વિશાળ જનસમુદાયને સેવા આપવા માટે ગુજરાતનાં વધુ મોટાં ગામો અને ખાસ કરીને તાલુકાના મુખ્યમથકમાં આવેલ ગામોમાં આધુનિક નાગરિક સવલતો પૂરી પાડવાનું અનિવાર્ય છે. આ હેતુથી તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા ‘‘રૂર્બન‘‘ (RURBAN) યોજના શરૂ કરવામાં આવી હતી. આ પરિયોજના હેઠળ, ભૂગર્ભ ગટર, પાણી પૂરવઠા અને આંતરીક જળવિતરણ, આંતરિક માર્ગો, વીજળી અને ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન હાથ ધરવામાં આવે છે. આ હેતુ માટે રૂ. ૫૪ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ગ્રામીણ વારસાને પ્રોત્સાહન આપવા, ગામોને વિશિષ્ટ ઓળખ આપવા અને ગ્રામીણ જીવનની લાક્ષણિકતાઓ ટકાવી રાખવા માટે ૨૫૦ ગામોને ‘‘વૃંદાવન ગ્રામ‘‘ માં પરિવર્તિત કરવામાં આવશે, જેના માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

સ્માર્ટ ગામ યોજના હેઠળ ૨૪૭ તાલુકાઓ અને ૪૯ પછાત તાલુકાઓ પૈકીના પ્રત્યેક તાલુકામાં એક ગામનો સમાવેશ કરવામાં આવશે. આથી તમામ ૨૯૬ ગામોને ૧૫ સામાજિક આર્થિક માપદંડોના આધારે સ્માર્ટ ગામોમાં રૂપાંતરિત કરવામાં આવશે, જેના માટે રૂ. ૧૦૦ કરોડ ફાળવેલ છે.

‘‘સ્વચ્છ ભારત ગ્રામીણ મિશન‘‘ અંતર્ગત ૨૦૧૭–૧૮માં ૫ લાખ શૌચાલયો બનાવવા અને ઘન તથા પ્રવાહી કચરાના વ્યવસ્થાપનનાં કામો માટે રૂ. ૮૨૫ કરોડ ફાળવેલ છે.

‘‘પ્રધાનમંત્રી આવાસ યોજના‘‘ હેઠળ ૧,૧૦,૦૦૦ મકાનોના બાંધકામ માટે, મકાનદીઠ મળતી રૂ. ૭૫૦૦૦ની સહાયમાં વધારો કરી રૂ. ૧,૨૦,૦૦૦ કરવામાં આવેલ છે. જેના માટે રૂ. ૧૩૭૩ કરોડની જોગવાઇ કરેલ છે.

‘‘મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના‘‘ અંતર્ગત ૬.૧ લાખ પરિવારોને ૩૪૦ લાખ માનવ દિવસની રોજગારી આપવા માટે રૂ. ૩૮૦ કરોડ ફાળવેલ છે.

જમીન સમતળ કરવાનાં ૧૦,૦૦૦ કામો, જળ સંરક્ષણ, ગલી પ્લગીંગ, નાળા પ્લગીંગ, ગેબીયન માળખાનાં ૨૫૦૦ કામો અને ફીલ્ડ આઉટલેટ અને તેને સંલગ્ન પ્રવૃત્તિઓના ૧૩૦૦ કામો હાથ ધરવા માટે ''પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના'' (જળ વિભાજક ઘટક) અંતર્ગત રૂ. ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે.

ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા (RSETI) હેઠળ ૨૫,૦૦૦ તાલીમાર્થીઓને અલગ અલગ ક્ષેત્ર સંબંધિત તાલીમ આપવા માટે અને ૪,૦૦૦ સખી મંડળની રચના કરવા માટે રૂ. ૬૬ કરોડની જોગવાઇ કરેલ છે.

૧૩૮૪ સમરસ ગ્રામ પંચાયતો પૈકીની ૧૮૭ મહિલા સમરસ પંચાયતો છે. મને એ જણાવતાં આનંદ થાય છે કે અમારી સરકાર સતત ચોથી વખત સમરસ પંચાયત બનનારી ગ્રામ પંચાયત અને મહિલા સમરસ બનનારી ગ્રામ પંચાયત માટે વિશેષ અનુદાન આપશે. આ હેતુ માટે કુલ રૂ. ૭૩ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું સર્વસમાવેશક વિકાસ માટેના ક્ષેત્રોની જોગવાઇઓની ચર્ચા કરીશ.

અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને અનુસૂચિત જનજાતિના કુલ ૨૨૪૮ ગ્રાન્ટ–ઇન–એઇડ છાત્રાલયોમાં સેવા આપતા કર્મચારીઓના માસિક વેતનમાં વધારો કરવાનો નિર્ણય કરેલ છે. જેમાં,

- બિન–સ્નાતક ગૃહપતિ અને ગૃહમાતા માટે રૂ. ૪૫૦૦ થી વધારી રૂ. ૫૫૦૦
- સ્નાતક અને અનુભવ ધરાવતા ગૃહપતિ માટે રૂ. ૫૫૦૦ થી વધારી રૂ. ૬૫૦૦
- મુખ્ય રસોયા માટે રૂ. ૩૦૦૦ થી વધારી રૂ. ૩૫૦૦ તેમ જ
- મદદનીશ રસોયા અને ચોકીદાર માટે રૂ. ૨૫૦૦ થી વધારી રૂ. ૩૦૦૦ કરવામાં આવશે.

આ વેતન વધારાથી ૭૩૨૮ કર્મચારીઓને લાભ થશે, જેના માટે રૂ. ૫.૨૫ કરોડની જોગવાઇ.

**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ**

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કુલ અંદાજપત્રીય જોગવાઇ રૂ. ૬૦૦ કરોડ.

ગુજરાત રાજ્યના યુવાનો અને બાળકોની કલા અને સાંસ્કૃતિક પ્રતિભાને ઓળખીને પ્રોત્સાહન આપવા રાજ્ય કક્ષાના કલા મહાકુંભનું આયોજન કરવા રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.

રમત ગમત અને વ્યાયામને લગતી વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂ. ૧૧૮ કરોડની જોગવાઇ, જે પૈકી –

- નવોદિત ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે રાજ્ય કક્ષાના ખેલ મહાકુંભનું આયોજન,
- સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા રમત ગમતનાં સંકુલોનું બાંધકામ. સ્કૂલ સ્પોર્ટસ કોન્ટેક્ટ પ્રોગામ હેઠળ ૧૦૦૦ કરતાં વધુ શાળાઓના શારીરિક શિક્ષણના શિક્ષકોને તાલીમ,
- સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે ૪૦૦ નિવાસી ખેલાડીઓ માટે છાત્રાલયનું બાંધકામ અને
- અખાડાની કામગીરી માટે જીવન સમર્પિત કરનાર મહાનુભાવોને જ્યોતિર્ધર અંબુભાઇ પૂરાણી એવોર્ડ અને સાધનોનું વિતરણ કરવામાં આવશે.

વિશેષમાં, અનુદાનિત વાંચનાલયોની જાળવણી માટેની સરકારી સહાયમાં ૫૦ ટકા સુધીનો વધારો કરીને રૂ. ૩.૮૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

**આદિજાતિ વિકાસ**

અમારી સરકાર વ્યાપક વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને સમાજના એવા નબળા વર્ગો માટે ખાસ કાળજી લેવાની આવશ્યકતા છે. વનબંધુ કલ્યાણ યોજના માટે રૂ. ૧૨૫૬૦ કરોડની જોગવાઇ કરેલ છે, જે ગત વર્ષ કરતાં અંદાજે રૂ. ૧૪૬૫ કરોડ વધારે છે.

આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કુલ બજેટ જોગવાઇ રૂ. ૨૦૦૦ કરોડ છે, જે ગત વર્ષ કરતાં અંદાજિત રૂ. ૨૨૦ કરોડ વધારે છે.

આદિજાતિ લોકોના સશક્તિકરણ માટે અને તેમને સમાજની મુખ્ય ધારામાં લાવવા માટે તેમના શિક્ષણ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરેલ છે, જેના માટે કુલ રૂ. ૯૯૮ કરોડની જોગવાઇ કરેલ છે,

જે પૈકી –

- નર્મદા ખાતે ટ્રાઇબલ યુનિવર્સિટીની સ્થાપના,
- ૪૩ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓના તમામ પ્રવાહોમાં ધોરણ–૧૧નો નવો વર્ગ,
- સહાયક અનુદાન મેળવતી ૫૦ આશ્રમ શાળાઓનાં મકાનનું બાંધકામ,
- તલાલા ખાતે એક નવી આદર્શ નિવાસી શાળા,
- ઝાલોદ, ઉમરપાડા, વાંકલ અને તલાલા ખાતે ચાર નવાં છાત્રાલયો,
- નેસ વિસ્તારમાં આવેલા ગીર, બરડા અને આલેચ ખાતે કન્યા છાત્રાલયો અને
- ૧૫ લાખ વિદ્યાર્થીઓને પ્રિમેટ્રિક સ્કોલરશીપ પૂરી પાડવા રૂ. ૧૩૯ કરોડ અને બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટમેટ્રિક સ્કોલરશીપ માટે રૂ. ૨૩૧ કરોડની જોગવાઇ
- પ્રાથમિક શાળાના ૧૩ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ
- વિદ્યાસાધના યોજના હેઠળ ધોરણ–૯ની વિદ્યાર્થીનીઓને ૪૫૦૦૦ સાયકલો
- ટેલેન્ટપુલ યોજના હેઠળ ૧૨૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓને આવરી લેવા માટે રૂ. ૭.૩૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- હાલમાં ૬૮૫ શાળાઓના ૧,૧૫,૧૨૫ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સવલત
- દૂરગામી અને ડુંગરાળ વિસ્તારોમાં રહેતા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની સવલતો જરૂરી છે, જે માટે નવી અને હાલમાં ચાલુ છાત્રાલય સુવિધાઓનો સમાવેશ થાય છે.

આદિજાતિના લોકો સામે ઉદભવતા આરોગ્ય અને પોષણના પ્રશ્નો અલગ પ્રકારના હોય છે. જેના નિવારણ માટે દૂધસંજીવની યોજના હેઠળ લગભગ ૧૨ લાખ વિદ્યાર્થીઓને દૂધ પૂરું પાડવા માટે હાલના ૪૯ તાલુકાઓમાં ત્રણ નવા તાલુકા ગરૂડેશ્વર, બોડેલી અને ડોલવણનો ઉમેરો કરવામાં આવશે, જે માટે કુલ રૂ. ૧૧૬ કરોડ ફાળવેલ છે.

- ટી.બી., કેન્સર, રકતપિત્ત અને સિકલસેલ એનિમિયાની મફત સારવાર માટે રૂ. ૧૫ કરોડ ફાળવેલ છે.
- આદિજાતિ વિસ્તારના લાભાર્થીઓને સ્વરોજગારી ઉપલબ્ધ કરાવવા કુલ રૂ. ૭૫ કરોડની જોગવાઇ, જે પૈકી
- આદિજાતિના લોકોને લાભદાયી, સ્વરોજગાર પૂરો પાડવા માટે ગુજરાત આદિજાતિ વિકાસ નિગમનો શેર મૂડી ફાળો રૂ. ૫૦ કરોડથી વધારીને રૂ. ૬૫ કરોડનો કરવામાં આવશે.
- ડેરી વિકાસ યોજના હેઠળ ૧૨,૦૦૦ મહિલાઓને અને ડાંગ તથા પોશીના વિસ્તારની વધુ ૩૦૦૦ મહિલાઓને સહાય માટે રૂ. ૨૩ કરોડની જોગવાઇ કરેલ છે.
- આદિજાતિ યુવાનોને ધંધાકીય તાલીમ સાથે રોજગાર આપવા, માનવ ગરિમા યોજના હેઠળના ૧૩૦૦૦ લાભાર્થીઓને સહાય કરવા અને ઉત્પાદન સહ વેચાણની સુવિધા આદિજાતિના લાભાર્થીઓને ઉપલબ્ધ કરાવવા માટે રૂ. ૩૭ કરોડની જોગવાઇ કરેલ છે.
- તદુપરાંત, આદિજાતિ સમાજના વિકાસને વેગ આપવા માટે ૪૦૦૦ હળપતિ આવાસો, ગીર સોમનાથ, વલસાડ, સુરત, તાપી અને ભિલોડા ખાતે બિરસામુંડા સાંસ્કૃતિક કેન્દ્રો તેમજ રાજપીપળા ખાતે રાષ્ટ્રીય કક્ષાનું આદિજાતિ સંગ્રહાલય સ્થાપવા માટે રૂ. ૩૪ કરોડની કુલ જોગવાઇ કરેલ છે.

સામાજિક ન્યાય અને અધિકારિતા

સામાજિક ન્યાય અને અધિકારિતા માટે કુલ રૂ. ૨૮૫૭ કરોડની અંદાજપત્રીય જોગવાઇ છે.

અનુસૂચિત જાતિના કલ્યાણ માટે રૂ. ૧૦૩૨.૪૦ કરોડની જોગવાઇ કરેલ છે, જેના અંતર્ગત –

કુંવરબાઇનું મામેરું યોજના હેઠળ તમામ લાયક લાભાર્થીઓ માટે સહાયનું ધોરણ રૂ. ૧૦,૦૦૦ થી વધારીને રૂ. ૧૨૦૦૦ કરતા અને વાર્ષિક આવક મર્યાદા રૂ. ૧ લાખ સુધી વધારવાની

જાહેરાત કરતાં હું આનંદ અનુભવું છું. આ ઉપરાંત, સમુહ લગ્નોના આયોજકોને યુગલ–દીઠ આપવામાં આવતી રૂ. ૨૦૦૦ ની સહાય પણ મળશે. તદુપરાંત,

૧. કડી અને ગાંધીનગર ખાતે છોકરાઓ માટે અને લુણાવાડા ખાતે છોકરીઓ માટે છાત્રાલયના મકાનોના બાંધકામ માટે રૂ. ૧૨ કરોડની જોગવાઇ,

૨. બોટાદ, વેરાવળ, પોરબંદર, લુણાવાડા, ભરૂચ ખાતે છોકરાઓ માટેનાં ૫ છાત્રાલયો અને બોટાદ, વેરાવળ, દાહોદ, મોડાસા, નડીયાદ ખાતે કન્યાઓ માટેનાં ૫ છાત્રાલયો,

૩. છોટા ઉદેપુર અને બોટાદ ખાતે ડો. આંબડેકર ભવનનું બાંધકામ,

૪. અનુસૂચિત જાતિના ઉમેદવારોને સરકારી અધિકારી અને કર્મચારીની ભરતી માટે સજ્જ કરવા ખાસ તાલીમ યોજના માટે રૂ. ૫ કરોડની જોગવાઇ અને

૫. વિવિધ સરકારી નિગમો મારફત અનુસૂચિત જાતિના લાભાર્થીઓને લોન માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

વિકસતી જાતિઓનું કલ્યાણ

વિકસતી જાતિઓના કલ્યાણ માટે રૂ. ૧૧૧૯ કરોડની જોગવાઇ કરેલ છે, જે પૈકી–

૧. હાલોલ અને ચીખલી ખાતે આદર્શ નિવાસી શાળાઓ માટે નવાં મકાનો,

૨. સહાયક અનુદાન મેળવતા ૨૫ નવાં છાત્રાલયો ખોલવામાં આવશે. સહાયક અનુદાન મેળવતાં વર્તમાન છાત્રાલયોની ક્ષમતા વધારીને ૧૫૦૦ વિદ્યાર્થીઓની કરવામાં આવશે.

૩. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોની વિદ્યાર્થીનીઓને વિના મૂલ્યે સાયકલ આપવા માટે રૂ. ૪૮ કરોડની જોગવાઈ,

૪. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને અગરિયાની ૩૩ આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ–૯ ના વધારાના વર્ગો શરૂ કરવા માટે રૂ. ૮ કરોડની જોગવાઈ અને

૫. વિકસતી જાતિઓના વિવિધ નિગમોના લાભાર્થીઓને લોન આપવા માટે રૂ. ૨૫ કરોડની જોગવાઇ કરેલ છે.

સમાજ સુરક્ષા માટે કુલ રૂ. ૭૦૬ કરોડની જોગવાઇ કરેલ છે.

દિવ્યાંગો અને વયોવૃદ્ધ નાગરિકોને આર્થિક સુરક્ષા આપવાના હેતુથી હું રૂ. ૭૩.૫૦ કરોડના વધારાના ખર્ચ સાથે સહાયમાં નોંધપાત્ર વધારો જાહેર કરું છું. જેમાં,

- દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળતી સહાય રૂ. ૪૦૦ થી વધારીને રૂ. ૫૦૦
- ૮૦ વર્ષની વય સુધીના વરિષ્ઠ નાગરિકોને માસિક પેન્શન રૂ. ૪૦૦ થી વધારીને રૂ. ૫૦૦ તથા
- ૮૦ વર્ષથી વધારે વયના વરિષ્ઠ નાગરિકોને માસિક પેન્શન રૂ. ૭૦૦ થી વધારીને રૂ. ૧૦૦૦ કરવામાં આવે છે.

- આ ઉપરાંત, દિવ્યાંગોના કલ્યાણ માટે નવા નિગમની સ્થાપના કરવામાં આવશે. તે માટે શરૂઆતના શેરમૂડી ફાળા પેટે રૂ. ૫૦ લાખની જોગવાઈ કરવામાં આવેલ છે.
- અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે અનાથ બાળકો માટે ચાર આશ્રયગૃહો.
- દિવ્યાંગો માટેની સ્વાવલંબન આરોગ્ય વીમા યોજના અંતર્ગત આરોગ્યવિષયક સેવાઓ પૂરી પાડવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઇ અને
- તમામ સમાજ સુરક્ષા સરકારી સંસ્થાઓને CCTV કેમેરાથી આવરી લેવામાં આવશે, જે માટે રૂ. ૧.૫૩ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે.

મહિલા અને બાળ વિકાસ

રાજ્ય સરકારની નાણાકીય ફાળવણીમાં મહિલાઓના વિકાસ, રક્ષણ અને કલ્યાણ માટે પૂરતી જોગવાઇ કરવામાં આવે તે બાબતે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે. વર્ષ ૨૦૧૭–૧૮માં જેન્ડર બજેટ હેઠળ લગભગ રૂ. ૫૬,૪૯૧.૮૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે, જે ગત વર્ષની જોગવાઇ

કરતાં રૂ. ૫૯૦૭.૩૧ કરોડ વધારે છે. જેન્ડર બજેટમાં મહિલાઓને ઉપયોગી અને સંપૂર્ણ અથવા આંશિક લાભ મળતો હોય તેવી ૬૫૩ યોજનાઓ સમાવવામાં આવેલ છે.

મહિલા અને બાળકોનાં પોષણ અને સામાન્ય સુખાકારી માટે રૂ. ૨૮૦૦ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરેલ છે. જે અગાઉના વર્ષ કરતાં રૂ. ૧૮૫ કરોડ વધારે છે.

ગુજરાતના ગામડે ગામડે અને દરેક શહેરોના મહોલ્લે મહોલ્લે આંગણવાડીઓમાં નાના નાના ભૂલકાઓની સારસંભાળ રાખીને પ્રેમપૂર્વક તેમની માવજત કરતી આંગણવાડીની કાર્યકર બહેનોને સરકાર દ્વારા આપવામાં આવતા માનદવેતનમાં લગભગ ૧૫ ટકાનો વધારો કરવાનો નિર્ણય કરેલ છે. હવે આંગણવાડી કાર્યકરને માસિક રૂ. ૫૫૦૦, તેડાગર બહેનોને રૂ. ૨૮૦૦ અને મીની આંગણવાડી કાર્યકરને રૂ. ૩૨૦૦ નું માનદ વેતન ચુકવાશે. આ વધારાના કારણે રાજ્ય સરકાર રૂ. ૬૫ કરોડથી વધુ રકમનો વધારાનો ખર્ચ ભોગવશે.

- ૦ થી ૬ વર્ષની વયજૂથના ૩૧.૪૧ લાખ બાળકો, ૧૨.૫૦ લાખ કિશોરીઓ અને ૭.૫૪ લાખ સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓને પોષણક્ષમ આહાર,
- માતૃત્વ સહયોગ યોજના હેઠળ બાળકના જન્મ સમયે રૂ. ૬૦૦૦ની નાણાકીય સહાય,
- દૂધ સંજીવની યોજના હેઠળ ૨૦ જિલ્લાઓના ૧૦૨ તાલુકાનાં ૧૩ લાખ બાળકો અને માતાઓ માટે દૂધની જોગવાઇ,
- સબલા યોજના અને કિશોરી શકિત યોજનામાં ૧૨.૫૦ લાખ કિશોરીઓને પોષણ અને તાલીમ,
- સ્થળ પર જ ખોરાક આપવાની યોજના અંતર્ગત ૨૭,૫૫૫ સગર્ભા અને સ્તનપાન કરાવતી માતાઓને લાભ આપવા પ્રારંભિક ધોરણે ૫ જિલ્લાઓમાં આંગણવાડી કેન્દ્રો ખાતે એક સમયનું સંપૂર્ણ ભોજન,
- ૯૩૨૫૯ આંગણવાડી કાર્યકરો અને હેલ્પરો માટે રૂ. ૫૦,૦૦૦નું જીવનવીમા કવચ,
- ૭૦૦ આંગણવાડીઓના મકાનોનું બાંધકામ, ૨૦૦૦ આંગણવાડીઓની કક્ષા સુધારણા, ૩૨૦૦૦ આંગણવાડીઓનું સમારકામ અને
- બાળ લગ્ન અને દહેજ સંબંધિત બનાવો અટકાવવા સમાજ અને પોલીસ વચ્ચે કડીરૂપ કામગીરી કરવા માટે ૨ જિલ્લાની ૧૦૪૧ ગ્રામ પંચાયતોમાં મહિલા પોલીસ મિત્ર/ સ્વયંસેવકો માટે જોગવાઇ કરવામાં આવેલ છે.

મહિલાઓને સામાજિક સુરક્ષા પૂરી પાડવા માટે–

- ૧,૫૨,૦૦૦ વિધવાઓને નાણાકીય સહાય અને
- મહિલા સંબંધિત પ્રશ્નોના નિરાકરણ માટે ૨૭૦ મહિલા અદાલતોની સ્થાપના કરવામાં આવશે.

**અન્ન, નાગરિક પૂરવઠો અને ગ્રાહકોની બાબતો**

ઓછી આવક ધરાવતા પરિવારો માટે પોષણનું આવશ્યક સ્તર જાળવવા માટે અન્ન સુરક્ષા પાયાની જરૂરિયાત છે. તેથી, હું અન્ન, નાગરિક પૂરવઠો અને ગ્રાહકોની બાબતો માટે રૂ. ૧૦૫૦ કરોડની અંદાજપત્રીય જોગવાઇ કરું છું, જે પૈકી –

- પ્રારંભિક ધોરણે ૨૦૦૦ પંડિત દિનદયાળ ગ્રાહક ભંડારના આધુનિકરણ અને વિસ્તરણને પ્રોત્સાહન આપવા માટે રૂ. ૧ લાખ સુધીની ધિરાણ રકમ પર પાંચ વર્ષ સુધી ૪ % વ્યાજ સહાય આપવા અંગે જોગવાઇ.
- ૮.૦૯ લાખ અંત્યોદય પરિવારોને ઘઉં, ચોખા, તેલ, ખાંડ, મીઠું અને કેરોસીનની રાહતદરે વહેંચણી દ્વારા પરિવાર દીઠ રૂ. ૧૨,૧૮૦નો સરેરાશ વાર્ષિક લાભ અને અગ્રતાક્રમ ધરાવતા ૬૩.૪૯ લાખ પરિવારોને પરિવારદીઠ વાર્ષિક રૂ. ૯૮૧૦ સુધીની સહાય.

- ગુજરાત નાગરિક પૂરવઠા નિગમના ૧૦૦ ગોડાઉનમાં સઘન દેખરેખ માટે CCTV કેમેરા અને
- અન્ન સુરક્ષા અધિનિયમના અમલ અંગેની દેખરેખ રાખવા માટે સ્વાયત્ત સ્ટેટ ફૂડ કમિશનની રચના કરવામાં આવશે.
- ભારત સરકારના આઇટી (IT) વિભાગના સીએસસી (CSC) સ્પેશિયલ પરપઝ વિહીકલ સાથે મળીને ગુજરાતની તમામ વાજબી ભાવની દુકાનોમાં ચૂકવણી વ્યવસ્થા આધાર સાથે સાંકળવામાં આવી છે, જેનાથી અંદાજિત ૩૦ જેટલી ડિજિટલ સેવાઓ જેવી કે, મોબાઇલ રિચાર્જ, ટીકીટ બુકીંગ અને અન્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું ગુજરાતના જીવમાત્રના લાભાર્થે પર્યાવરણની સુધારણા માટેના વિવિધલક્ષી આયોજનોની જોગવાઇઓ રજૂ કરું છું.

વન અને પર્યાવરણ

વિભાગની વર્ષ ૨૦૧૭–૧૮ ની અંદાજપત્રીય જોગવાઇ રૂ. ૧૨૨૬ કરોડ, જે પૈકી –

- ૫૧૧૧૩ હેક્ટરમાં વૃક્ષો, ચેર, ભીમા બામ્બુ, ઘાસ અને અન્ય વાવેતર માટે કુલ રૂ. ૬૦૩ કરોડની જોગવાઇ,
- ગ્રામ્ય કક્ષાની સંસ્થાઓને સક્ષમ બનાવવા, ઘન કચરા નિકાલ વ્યવસ્થા તેમજ જમીનની સુધારણા માટે ગ્રામીણ વિસ્તારોમાં ૪૬૮ વર્મી–કોમ્પોસ્ટ એકમોની સ્થાપના માટે રૂ. ૧૩ કરોડની જોગવાઇ
- ઘુડખર, એશિયાઇ સિંહ જેવા વન્ય પ્રાણીઓ અને વ્હેલ, શાર્ક જેવા દરિયાઇ પ્રાણીઓ અને wet land વિસ્તારોના સંરક્ષણ માટે રૂ. ૧૧૮ કરોડની જોગવાઇ અને
- ઇકો–સેન્સીટીવ વિસ્તારમાં વસતા લોકોના આર્થિક ઉત્કર્ષ માટે અને વન્યજીવન અંગે તેઓમાં જાગૃતિ કેળવવા રૂ. ૧૦ કરોડની જોગવાઇ કરેલ છે.
- તદુપરાંત, જળચર પ્રાણીઓનાં સંરક્ષણ અને ઉછેરના હેતુસર સમુદ્રમાં ઓશનેરિયમ બનાવવામાં આવશે. જે દરિયાઇ સંશોધન, સંરક્ષણ અને માહિતી કેન્દ્ર તરીકે કાર્ય કરશે, જે દેશમાં આ પ્રકારની અનન્ય પહેલ છે.

પર્યાવરણની સુધારણા માટે નીચે મુજબનાં પગલાં લેવામાં આવશે.

- પર્યાવરણના નિયંત્રણ માટેની ગેમી (GEMI) પ્રયોગશાળાના મકાનનું બીજા તબક્કાનું બાંધકામ,
- પ્રાયોગિક ધોરણે બે ગામોનો ઇકો–ગ્રામ તરીકે વિકાસ,
- ચાંગોદર જીઆઇડીસીમાં પર્યાવરણની સમસ્યાના નિદાન માટે ક્લીનર પ્રોડક્શન એસેસમેન્ટ એન્ડ રિસર્ચની કામગીરી અને
- પંચવટી યોજના અંતર્ગત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિઓનાં ૧૦–૧૦ ગામોમાં સામુદાયિક કક્ષાએ કોમ્યુનિટી હોલ અને રસોડાનું બાંધકામ, બગીચાના વિકાસ તથા અન્ય કલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

ક્લાઇમેટ ચેન્જ

પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોતોને પ્રોત્સાહન આપવા સહિત ક્લાઇમેટ ચેન્જ સંબંધી વિષય માટે રૂ. ૯૮ કરોડની જોગવાઇ કરેલ છે, જે પૈકી –

- ૨૦,૦૦૦ રહેણાંક મકાનોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા માટે સબસીડીરૂપે રૂ. ૩૫ કરોડ,
- સરકારી મકાનો ઉપર સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા રૂ. ૧૪.૨૫ કરોડ,
- સરકારી નિવાસી શાળાઓ અને છાત્રાલયોમાં સોલાર વોટર હીટર,
- અવિરત વીજળી પૂરવઠા માટે ૧૩૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ઓફ–ગ્રીડ સોલાર રૂફટોપ સિસ્ટમ,
- ૪૦૦૦ વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ વ્હીલર્સ માટે સહાય અને
- ૨૦૦૦ સરકારી શાળાઓ અને હોસ્ટેલોમાં LED ટયૂબલાઇટ અને સુપર એફિશિયન્ટ પંખા લગાવવામાં આવશે.

માહિતી અને પ્રસારણ

માહિતી અને પ્રસારણ માટે રૂ. ૧૬૬ કરોડની જોગવાઇ કરેલ છે.

- પત્રકારત્વ લોકશાહીનો ચોથો સ્તંભ છે, જે સરકાર અને લોકો વચ્ચે કડીરૂપ ભૂમિકા ભજવે છે. અમારી સરકાર પત્રકારોના હિત માટે સજાગ છે. મને જણાવતાં આનંદ થાય છે કે માહિતી નિયામકની કચેરી દ્વારા માન્યતાપ્રાપ્ત પત્રકારોને અને તેમના પરિવારજનોને મા–વાત્સલ્ય યોજનાનો લાભ આપવામાં આવશે. તદુપરાંત, પત્રકારો માટેનું અકસ્માત વીમા કવચ રૂ. ૫૦,૦૦૦ થી વધારીને રૂ. ૫ લાખ કરવામાં આવશે.
- ઓટોમેટેડ રિમોટ મિરર બેક–અપ સ્ટૉરેજ સિસ્ટમ અને માહિતી વિભાગના આધુનિકરણ માટે રૂ. ૩ કરોડની જોગવાઇ કરેલ છે.

મહેસૂલ

રાજ્યની જમીનોના વ્યવસ્થાપન અને અન્ય બાબતો માટે મહેસૂલ વિભાગ અંતર્ગત રૂ. ૩૦૦૦ કરોડની જોગવાઇ કરેલ છે, જે પૈકી –

- જમીન દફતરોની જાળવણી અને સેવાઓ વધુ સારી રીતે પૂરી પાડવા ઈન્ટીગ્રેટેડ લેન્ડ મેનેજમેન્ટ સિસ્ટમ (ILMS) માટે રૂ. ૫૦ કરોડની જોગવાઇ અને
- ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ અને ગ્રામીણ પ્રોપર્ટી કાર્ડ ઉપલબ્ધ કરાવવાની પદ્ધતિ અમલમાં મૂકવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે હું કાયદો અને વ્યવસ્થા, ન્યાય અને સુશાસન સંબંધિત ક્ષેત્રોની વિગતો રજૂ કરીશ.

કાયદો અને વ્યવસ્થા

કાયદો, વ્યવસ્થા અને સંલગ્ન બાબતો માટે કુલ અંદાજપત્રીય જોગવાઇ રૂ. ૫૦૦૦ કરોડ.

અસરકારક ટ્રાફિક સંચાલનના હેતુ માટે, છેલ્લાં ૩ વર્ષમાં ૩૦૦૦ ટ્રાફિક પોલીસમેનની નિમણૂક કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૭–૧૮માં, વધારાના ૧૦૦૦ ટ્રાફિક પોલીસમેનની નિમણૂક કરવામાં આવશે.

આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ટ્રાફિક નિયમન, સુરક્ષા અને સુવ્યવસ્થા જાળવવા ઘણો મહત્ત્વનો સાબિત થયેલ છે. આથી, અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટના મહત્ત્વનાં સ્થળોના અગત્યના ચાર રસ્તાઓ, ટ્રાફિક સર્કલ, આવવા–જવાના પોઇન્ટ્સ પર વિડીયો દ્વારા દેખરેખ અને ટ્રાફિક નિયંત્રણ માટે અને ૬ યાત્રાધામોની સાથે તમામ જિલ્લા મુખ્ય મથકોએ CCTV કેમેરા લગાવવામાં આવશે, જેના માટે કુલ રૂ. ૨૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. તદુપરાંત –

- ઈ–ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત ૩૦ નવાં સ્માર્ટ પોલીસ સ્ટેશન અને ૧૦૦ નાગરિકલક્ષી સેવાઓ માટે, ઈન્ટીગ્રેટેડ સિટીઝન પોર્ટલ બનાવવા માટે રૂ. ૩૩ કરોડની જોગવાઇ,
- પોલીસદળના આધુનિકરણ અને ફૉરેન્સિક સાયન્સ કેન્દ્રોની સ્થાપના માટે અને વાહનો માટે રૂ. ૪૫ કરોડની જોગવાઇ,
- ગુજરાત ફૉરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને ૨૦૧૬ માં નેશનલ એસેસમેન્ટ એન્ડ અક્રેડીટેશન દ્વારા ''એ'' ('A') ગ્રેડ આપવામાં આવ્યો છે. યુનિવર્સિટીના વધુ વિકાસ માટે રૂ. ૪૫ કરોડની જોગવાઇ,
- ગોધરા, આણંદ અને બોટાદ જિલ્લાઓમાં નવી જેલોના બાંધકામ માટે રૂ. ૪ કરોડની જોગવાઇ,
- રાજ્યમાં સ્ત્રીઓ વિરુદ્ધના ગુનાઓની તપાસ માટે ૨૬ સ્પેશિયલ યુનિટ,
- પોલીસ કર્મચારી વર્ગ માટે રહેણાંકના એકમોના બાંધકામ તથા પોલીસ કચેરીના બાંધકામ માટે રૂ. ૧૨૦ કરોડની જોગવાઇ અને
- સરહદ વિસ્તાર વિકાસ હેઠળ સરહદ પર આવેલા વિસ્તારોના વિકાસ માટે રૂ. ૨૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

ન્યાય પ્રણાલી

ન્યાય પ્રણાલી માટે રૂ. ૧૭૫૧ કરોડની અંદાજપત્રીય જોગવાઇ, જે પૈકી –

તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭

સન ૨૦૧૭–૧૮ના અંદાજપત્રની રજૂઆત

- જૂનાગઢ જિલ્લામાં કેશોદ, પંચમહાલ જિલ્લામાં હાલોલ, દાહોદ જિલ્લામાં લીમખેડા ખાતે નવી કોર્ટ,
- ગીર સોમનાથ(વેરાવળ), અરવલ્લી (મોડાસા), મોરબી અને દેવભૂમિ દ્વારકા (ખંભાળિયા) ખાતે ચાર ફેમિલી કોર્ટ,
- અત્યાચારને લગતા કેસ (atrocity Cases) ની અદાલતી કાર્યવાહી માટે અરવલ્લી(મોડાસા) અને ગીર સોમનાથ (વેરાવળ) ખાતે બે ખાસ કોર્ટ (Special Court) અને
- રાણપુર, આંકલાવ, શિહોરી, સંજેલી, ગીર સોમનાથ, બોડેલી, રાજુલા અને વિરપુર ખાતે નવી કોર્ટનાં મકાનોના બાંધકામ અને ગોધરા અને સુરત ખાતે મજૂર અદાલતોના બાંધકામ તેમજ અન્ય કામો માટે રૂ. ૮૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

સામાન્ય વહીવટ

સામાન્ય શાસકીય બાબતો માટે રૂ. ૧૮૧૦ કરોડની રકમની જોગવાઇ કરેલ છે.

- હાલમાં ગુજરાતના યુપીએસસીની સિવિલ સર્વિસ પરીક્ષાના ઉમેદવારો પૈકી, ગુજરાત સરકાર દ્વારા તાલીમ અને તૈયારી માટેનું સ્ટાઇપેન્ડ ફક્ત સ્પીપા દ્વારા સ્થાપિત યુપીએસસી સ્ટડી સેન્ટરમાં તાલીમ લેતા યુવાનોને જ આપવામાં આવે છે. અંતિમ તબક્કામાં ઉત્તીર્ણ થનાર યુવકને તબક્કાવાર મહત્તમ રૂ. ૧,૦૧,૦૦૦ સુધી અને યુવતીને તબક્કાવાર મહત્તમ રૂ. ૧,૨૧,૦૦૦ આપવામાં આવે છે. મને જાહેર કરતાં આનંદ થાય છે કે હવે આ સ્ટાઇપેન્ડ ગુજરાતમાંથી ઉત્તીર્ણ થતાં સિવિલ સર્વિસીસ પરીક્ષાના પ્રીલિમનરી, મેઇન્સ અને ઇન્ટરવ્યુના તમામ પરીક્ષાર્થીઓને આપવામાં આવશે. જેથી, સ્પીપા ઉપરાંતના ગુજરાતના તમામ સ્ટડી સેન્ટરના પરીક્ષાર્થીઓને આ લાભ મળવાપાત્ર થશે.
- વિકેન્દ્રિત આયોજન અંતર્ગત તાલુકા અને જિલ્લા સ્તરે વિકાસ પ્રવૃત્તિઓ અને વિકાસશીલ તાલુકાઓના સંતુલિત વિકાસ માટે તેમજ આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો (ATVT) અન્વયે રૂ. ७७७ કરોડના વિકાસ અનુદાનની જોગવાઇ કરેલ છે.
- દસ વર્ષના ભરતી કેલેન્ડર મુજબ, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા યોજવામાં આવતી ભરતી પ્રક્રિયાને ઝડપી અને પારદર્શક બનાવવા કમ્પ્યુટર આધારિત પરીક્ષાઓનું સંચાલન કરવા માટે રૂ. ૫ કરોડની જોગવાઇ કરેલ છે.

ઉપસંહાર

માનનીય અધ્યક્ષશ્રી, વિકાસ સંબંધિત મૂડીરોકાણ અને વહીવટ તેમજ મહેકમ ખર્ચ વચ્ચેની સમતુલા જાળવવી ખૂબ જ કપરી હોય છે અને તે વહીવટ સમક્ષના સૌથી મોટા પડકારોમાંનો એક છે. નાગરિકોને ગુણવત્તાયુક્ત સેવાઓ પૂરી પાડવા, કર્મચારીઓ માટે વાજબી મહેનતાણું એ શાસનનો ખર્ચ વધારતું હોવા છતાં અનિવાર્ય છે. તેથી, અમારી સરકાર, રાજ્ય સરકાર અને પંચાયતોના કર્મચારીઓ અને પેન્શનર્સ માટે સાતમા પગારપંચની ભલામણોનો પ્રથમ અમલ કરનાર સરકાર છે, જેનાથી વાર્ષિક પગાર અને પેન્શન સંબંધી જવાબદારી લગભગ રૂ. ૫૫૦૦ કરોડ જેટલી વધી છે.

રાજ્ય સરકારે સાતમા પગારપંચના પરિણામે પગાર માળખાંમાં થતાં વધારાને સમકક્ષ ધોરણે ફિક્સ્ડ પગારની નીતિમાં પણ સુધારો કર્યો છે, જેનાથી રાજ્ય સરકારને રૂ. ૧૪૦૦ કરોડનો વધારાનો વાર્ષિક ખર્ચ થશે અને ૧,૧૮,૦૦૦ કર્મચારીઓને લાભ થશે. વધુમાં, પ્રવરતા, ઉચ્ચતર પગાર ધોરણ, બઢતી અને નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો અંગે ફિક્સ્ડ પગારની સેવાના સમયગાળાને પણ ગણવાપાત્ર બનાવ્યો છે, જેનાથી લગભગ ૨,૧૨,૦૦૦ ફિક્સ્ડ પગાર મેળવતા કર્મચારીઓને લાભ થયો છે.

ચાલુ નાણાકીય વર્ષના મોટાભાગના સમય દરમિયાન પેટ્રોલ, ડિઝલ અને ગેસના ભાવો નીચાં રહ્યાં છે, જેનો સીધો સંબંધ રાજ્યની આવક સાથે છે. આ પડકારો હોવા છતાં નાણાકીય શિસ્ત અને રાજવિત્તીય સાવધાની પ્રત્યે અમારી સરકારની પ્રતિબદ્ધતા અટલ રહી છે. રાજ્ય સરકારે રાજવિત્તીય જવાબદારી અને અંદાજપત્ર સંચાલનના તમામ ધારા–ધોરણો જાળવી રાખેલ છે. જેની વિગતો ગુજરાત ફિસ્કલ રીસ્પોન્સીબીલીટી એક્ટ, ૨૦૦૫ હેઠળના અંદાજપત્ર પ્રકાશન–૩૦ માં પૂરી પાડવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના સનિષ્ઠ પ્રયાસો અહીં પૂરા થતા નથી અને નાણાકીય વર્ષ ૨૦૧૬–૧૭ ના અંદાજપત્રની સાથે રહેલ સુધારેલ અંદાજોના નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ વિકાસ પર ખર્ચ માટેનો પર્યાપ્ત ફિસ્કલ સ્પેસ ઊભા કરતાં રહ્યા છે. જેનો મને આનંદ અને સંતોષ છે.

## ફાલ્ગુન ૨, ૧૯૩૮ શાકે

## સન ૨૦૧૭–૧૮ના અંદાજપત્રની રજૂઆત

વર્ષ ૨૦૧૫–૧૬નો હિસાબ

હવે હું ૨૦૧૫–૧૬ના વર્ષની ખરેખર આવક અને ખર્ચની સમીક્ષા હાથ ધરીશ. વર્ષ દરમ્યાન ચોખ્ખી લેવડ–દેવડ ના કારણે રૂ. ૪૬૭.૯૪ કરોડની પુરાંત રહેશે તેવી ધારણા સુધારેલા અંદાજમાં હતી, પરંતુ ૨૦૧૫–૧૬ના વર્ષ માટેના હિસાબ ચોખ્ખી લેવડ દેવડના કારણે રૂ. ૨૦૯.૬૩ કરોડની ખાધ દર્શાવે છે.

(રૂ. કરોડમાં)

| | | ૨૦૧૫–૧૬ ના સુધારેલા અંદાજ | | ૨૦૧૫–૧૬ ના હિસાબ | |
|---|---|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | | | |
| | મહેસૂલી આવક | | ૧૦૪૩૮૪.૪૪ | | ૯૭૪૮૨.૫૮ |
| | મહેસૂલી ખર્ચ | | ૧૦૦૭૨૭.૭૮ | | ૯૫૭૭૮.૫૪ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) | ૩૬૫૬.૬૬ | (+) | ૧૭૦૪.૦૪ |
| | મૂડીની આવક | | ૨૫૧૨૧.૮૯ | | ૨૩૬૧૧.૬૫ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૩૨૨૯૮.૬૧ | | ૩૧૦૩૮.૮૯ |
| | મૂડી હિસાબ પર ખાધ | (–) | ૭૧૭૬.૭૨ | (–) | ૭૪૨૭.૨૪ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું ) | (–) | ૩૫૨૦.૦૬ | (–) | ૫૭૨૩.૨૦ |
| (૨) | આકસ્મિક ફંડ ( ચોખ્ખું ) | | --- | (+) | ૧૦.૪૧ |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+) | ૩૯૮૮.૦૦ | (+) | ૫૫૦૩.૧૬ |
| | સરવાળો: ચોખ્ખી લેવડ–દેવડ (૧+૨+૩) | (+) | ૪૬૭.૯૪ | (–) | ૨૦૯.૬૩ |

વર્ષ ૨૦૧૬–૧૭ના સુધારેલા અંદાજ

૨૦૧૬–૧૭ ના અંદાજમાં ચોખ્ખી લેવડ–દેવડના કારણે રૂ. ૨૪૫.૪૯ કરોડની પુરાંત રહેવાની ધારણા હતી, પરંતુ વર્ષના અંતે ચોખ્ખી લેવડ દેવડના કારણે સુધારેલા અંદાજમાં રૂ. ૧૩૪૨.૯૩ કરોડની પુરાંત રહેવાની ધારણા છે.

(રૂ. કરોડમાં)

| | | ૨૦૧૬–૧૭ ના અંદાજ | | ૨૦૧૬–૧૭ ના સુધારેલા અંદાજ | |
|---|---|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | | | |
| | મહેસૂલી આવક | | ૧૧૬૩૬૫.૯૮ | | ૧૧૨૫૨૧.૧૧ |
| | મહેસૂલી ખર્ચ | | ૧૧૩૧૨૯.૯૦ | | ૧૦૯૦૦૯.૪૭ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) | ૩૨૩૬.૦૮ | (+) | ૩૫૧૧.૬૪ |
| | મૂડીની આવક | | ૨૯૭૯૬.૯૦ | | ૩૦૦૨૬.૯૫ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૩૬૭૬૨.૪૮ | | ૩૭૬૯૫.૬૬ |
| | મૂડી હિસાબ પર ખાધ/પુરાંત | (–) | ૬૯૬૫.૫૮ | (–) | ૭૬૬૮.૭૧ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ (ચોખ્ખું ) | (–) | ૩૭૨૯.૫૦ | (–) | ૪૧૫૭.૦૭ |
| (૨) | આકસ્મિક ફંડ (ચોખ્ખું ) | | --- | | --- |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+) | ૩૯૭૪.૯૯ | (+) | ૫૫૦૦.૦૦ |
| | સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ(૧+૨+૩) | (+) | ૨૪૫.૪૯ | (+) | ૧૩૪૨.૯૩ |

વર્ષ ૨૦૧૭–૧૮ નો અંદાજ

વર્ષ ૨૦૧૭–૧૮ ના અંદાજ નીચે પ્રમાણે રૂ. ૨૩૯.૧૬ કરોડની એકંદર પુરાંત દર્શાવે છે.

(રૂ.કરોડમાં)

| | | ૨૦૧૭–૧૮ ના અંદાજ |
|---|---|---|

## તા. ૨૧મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## સન ૨૦૧૭–૧૮ના અંદાજપત્રની રજૂઆત

| | | | |
|---|---|---|---|
| (૧) | એકત્રિત ફંડ | | |
| | મહેસૂલી આવક | | ૧૩૧૫૨૧.૨૩ |
| | મહેસૂલી ખર્ચ | | ૧૨૫૪૫૫.૬૩ |
| | મહેસૂલી હિસાબ પર પુરાંત | (+) | ૬૦૬૫.૬૦ |
| | મૂડીની આવક | | ૩૩૯૭૪.૯૦ |
| | લોન અને પેશગીઓ વગેરે સહિત મૂડી ખર્ચ | | ૪૫૩૭૬.૩૪ |
| | મૂડી હિસાબ પર ખાધ | (−) | ૧૧૪૦૧.૪૪ |
| | સરવાળો (૧) એકત્રિત ફંડ ( ચોખ્ખું ) | (−) | ૫૩૩૫.૮૪ |
| (૨) | આકસ્મિક ફંડ ( ચોખ્ખું ) | | ––– |
| (૩) | જાહેર હિસાબ (ચોખ્ખો) | (+) | ૫૫૭૫.૦૦ |
| | સરવાળો : ચોખ્ખી લેવડ–દેવડ(૧+૨+૩) | (+) | ૨૩૯.૧૬ |

### અંદાજપત્ર પ્રવચન ભાગ–ખ

શ્રી નીતિનભાઈ ર. પટેલ (નાયબ મુખ્યમંત્રીશ્રી) : આદરણીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૭–૧૮ના વર્ષના અંદાજો અનુસાર એકંદર પુરાંત રૂ. ૨૩૯.૧૬ કરોડની રહેશે. હવે હું ૨૦૧૭–૨૦૧૮ના વર્ષ માટેની કરવેરાની દરખાસ્ત રજૂ કરું છું.

**ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ**

ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ અંગેનો બંધારણીય (૧૦૧ સુધારા) કાયદો, ૨૦૧૬ અમલમાં આવેલ છે. તદઅનુસાર ગુડ્ઝ અને સર્વિસ ટેક્સમાં રાજય સરકારના મુખ્યત્વે વેલ્યુએડેડ ટેક્સ, સેન્ટ્રલ સેલ્સટેક્સ, એન્ટ્રી ટેક્સ, મનોરંજન કર અને સુખ સુવિધા કરનો તેમજ કેન્દ્ર સરકારના મુખ્યત્વે કેન્દ્રીય આબકમારી જકાત અને સેવા કરનો સમાવેશ કરવામાં આવેલ છે. હવે આ તમામ વેરાઓને બદલે સમગ્ર દેશમાં પરોક્ષ વેરા ક્ષેત્રે ફકત ગુડ્ઝ અને સર્વિસ ટેક્સ લાગુ પડશે. હાલમાં, પેટ્રોલિયમ ક્રૂડ, હાઇસ્પીડ ડીઝલ, પેટ્રોલ, નેચરલ ગેસ, એવીએશન ટર્બાઇન ફ્યુઅલ અને માનવીય વપરાશ માટેના આલ્કોહોલિક લીકરને ગુડઝ અને સર્વિસ ટેક્સમાંથી બાકાત રાખવામાં આવેલ છે. આ નવી કર પ્રણાલિના અમલીકરણથી સમગ્ર દેશમાં ચીજ વસ્તુઓ તેમજ સેવા ઉપરના વેરાના દરો સમાન રહેશે.

જીએસટી. કાઉન્સીલમાં થયેલ નિર્ણય પ્રમાણે જુલાઇ–૨૦૧૭થી સમગ્ર દેશમાં જીએસટી. કાયદાનો અમલ કરવામાં આવશે. જીએસટી કાઉન્સીલ દ્વારા જીએસટી અંગેના કાયદાની વૈધાનિક કામગીરી સંસદ દ્વારા, જયારે રાજય સરકારના જીએસટી કાયદાની વૈધાનિક કામગીરી વિધાનસભા દ્વારા કરવામાં આવશે.

રાજયના વેપાર ઉદ્યોગને આ નવી કરપ્રણાલિના અમલીકરણમાં કોઇ તકલીફ ન પડે તે માટે રાજય સરકારે પૂરતી પૂર્વ તૈયારી કરેલ છે. જી.એસ.ટી.ને અનુરૂપ રૂ. ૧૦,૦૦૦થી વધુ વેરાનું ચુકવણું ફકત ઇ–પેમેન્ટ દ્વારા જ કરવાનું ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. વધુમાં, રાજયમાં અને સમગ્ર દેશમાં ટૂંક સમયમાં ગુડઝ અને સર્વિસ ટેક્સનો નવો કાયદો અમલમાં આવનાર હોવાની બાબતને ધ્યાનમાં રાખીને રાજયના મૂલ્યવર્ધિત વેરાના કર માળખામાં આ તબક્કે હું કોઇ ફેરફાર સૂચવતો નથી.

**મોટર વાહન વેરો**

મોટર વાહન વેરાના માળખામાં નીચે જણાવ્યા પ્રમાણે ફેરફાર કરવાની દરખાસ્ત રજૂ કરું છું.

રાજયમાં વપરાતા અથવા વાપરવા માટે રાખવામાં આવતા મોટર વાહનો ઉપર ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ની જોગવાઇઓ મુજબ મોટર વાહન વેરો વસૂલવામાં આવે છે. કેટલાક મોટર વાહનો ઉપર આ વેરો વાર્ષિક/છ માસિક/ત્રિ માસિક અથવા માસિક ધોરણે એટલે કે રીકરીંગ રીતે વસૂલ લેવાયછે. જયારે કેટલાક વાહનો ઉપર આ વેરો ઉચ્ચક (લમ્પસમ) રીતે વસૂલ લવાય છે. અમુક વાહનોમાં આ વેરો રીકરીંગ અથવા ઉચ્ચક (લમ્પસમ) એમ બન્ને રીતે ભરવાનો વિકલ્પ છે.

રીકરીંગ રીતે મોટર વાહન વેરો લાગુ પડતો હોય તેવા વાહનના માલિકોને વેરો ભરપાઇ કરવા વાહનના પ્રકાર મુજબ વર્ષે એક થી ચાર વખત વાહન વ્યહાર કચેરીની મુલાકાત લેવી પડે છે. એપ્રિલ અને ઓકટોબર માસમાં વેરો ભરવા માટે ખૂબ મુશ્કેલી પડે છે તેમજ સમયનો વ્યય થાય છે.

રાજયમાં નાગરિકોને મોટર વાહન વેરો ભરપાઇ કરવાની પ્રક્રિયામાં રાહત અને સરળતા થાય તે

હેતુને ધ્યાનમાં રાખીને નીચે જણાવેલ કેટેગરીમાં તા. ૧–૪–૨૦૧૭ના રોજ કે ત્યારબાદ નોંધાતા નવા વાહનોમાં મોટર વાહન વેરો ફક્ત ઉચ્ચક રીતે વસૂલવા માટે હું દરખાસ્ત કરું છું. જયારે તા. ૧–૪–૨૦૧૭ પહેલાં નોંધાયેલ જૂના વાહનો ઉપર વેરાનું એક સાથે ભારણ ન આવે એ માટે આવા વાહનો ઉપર રીકરીંગ વેરાનો વિકલ્પ ચાલુ રાખવાની સાથે ઉચ્ચક વેરાનો વિકલ્પ આપવા દરખાસ્ત કરું છું. આ અંગેની વિગતવાર દરખાસ્ત નીચે મુજબ છે.

**૭.૫ ટન થી વધુ ગ્રોસ વ્હીકલ વેઇટ ધરાવતા માલ વાહક વાહનો**

૭.૫ ટનથી વધુ ગ્રોસ વ્હીકલ વેઇટ ધરાવતા માલ વાહક વાહનો ઉપર હાલ વાર્ષિક અથવા છ માસિક ધોરણે મોટર વાહન વેરો વસૂલવામાં આવે છે. હાલમાં આ વાહનોના વેરાનો વાર્ષિક દર પ્રતિ ટન કે તેના ભાગ માટે રૂ. ૮૦૦ છે. તદુપરાંત આ વાહનોમાં હાલમાં ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. ૭.૫ ટનથી ૧૨ ટન સુધીના ગ્રોસ વ્હીકલ વેઇટ ધરાવતા મિડીયમ ગુડઝ વ્હીકલ માટે ઉચ્ચક વેરાનો દર તેની વેચાણ કિંમતના ૮ (આઠ) ટકા છે. જયારે ૧૨ ટનથી વધુ ગ્રોસ વ્હીકલ વેઇટ ધરાવતા હેવી ગુડઝ વ્હીકલ માટે ઉચ્ચક વેરાનો દર તેની વેચાણ કિંમતના ૧૨ (બાર) ટકા છે. આમ, મિડીયમ ગુડઝ વાહનો અને હેવી ગુડઝ વાહનોમાં ઉચ્ચક વેરાના દર જુદા જુદા છે.

૭.૫ ટનથી વધુ ગ્રોસ વ્હીકલ વેઇટ ધરાવતા મિડીયમ ગુડઝ અને હેવી ગુડઝ વાહનો ઉપરના ઉચ્ચક વેરાના દરમાં રહેલો તફાવત દૂર કરી તેમજ આ વાહનો ઉપરના ઉચચક વેરાના દરમાં ઘટાડો કરી એક સમાન દરે એટલે કે આ વાહનોની વેચાણ કિંમતના ૭ (સાત) ટકા રાખવા દરખાસ્ત કરું છું.

**ખાનગી સર્વિસ વાહનો**

ખાનગી સર્વિસ વાહનોમાં હાલ વાર્ષિક અથવા ત્રિ માસિક ધોરણે મોટર વાહન વેરાની વસૂલાત કરવામાં આવે છે. આ વાહનો ઉપરનો વેરાનો દર હાલ પ્રતિ વર્ષ રૂ. ૫૦૦ છે. આ વાહનો ઉપરનો ઉચ્ચક વેરાનો દર આ વાહનોની વેચાણ કિંમતના ૮ (આઠ) ટકા રાખવા દરખાસ્ત કરું છું.

**શૈક્ષણિક સંસ્થાની બસો**

શૈક્ષણિક સંસ્થાની બસો ઉપર હાલ વાર્ષિક અથવા ત્રિમાસિક ધોરણે મોટર વાહન વેરાની વસૂલાત કરવામાં આવે છે. આ વાહનો ઉપરનો વેરાનો દર હાલ પ્રતિ બેઠક પ્રતિ વર્ષ રૂ. ૨૦૦ છે. આ વાહનો ઉપરનો ઉચ્ચક વેરાનો દર આ વાહનોની વેચાણ કિંમતના ૩.૫ (સાડા ત્રણ) ટકા રાખવા દરખાસ્ત કરું છું.

**સ્ટેજ કેરેજ બસો**

સ્ટેજ કેરેજ બસોમાં હાલ વાર્ષિક અથવા ત્રિમાસિક ધોરણે મોટર વાહન વેરાની વસૂલાત કરવામાં આવે છે. જેનો વેરાનો વાર્ષિક દર નવ સુધીની બેઠક માટે રૂ. ૧૨૦૦ ઉપરાંત પ્રતિ બેઠક રૂ. ૮૦ તથા પ્રતિ સ્ટેન્ડીંગ ક્ષમતા ઉપર રૂ. ૪૦ છે. આ વાહનોમાં ઉચ્ચક વેરાનો દર આ વાહનોની વેચાણ કિંમતના ૨ (બે) ટકા રાખવા દરખાસ્ત કરું છું.

**મેકસી કેબ**

સામાન્ય મેકસી કેબમાં હાલ વાર્ષિક ધોરણે મોટર વાહન વેરાની વસૂલાત કરવામાં આવે છે. આ વેરાનો દર પ્રતિ બેઠક પ્રતિ વર્ષ રૂ. ૧૫૦૦ છે. તદુપરાંત આ મેકસી કેબમાં ઉચ્ચક રીતે વેરો ભરવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ છે. જેનો દર વાહનની વેચાણ કિંમતના ૧૨ (બાર) ટકા છે. જયારે લકઝરી મેકસી કેબમાં માત્ર વાર્ષિક રીતે વેરો ભરવાની જોગવાઇ છે જેનો વેરાનો દર પ્રતિ બેઠક પ્રતિ વર્ષ રૂ. ૩૦૦૦ છે.

રાજયમાં પ્રવાસનને વેગ મળે તેમજ નાના પરિવારોને પ્રવાસ માટે સારું વાહન પ્રાપ્ત થાય તે બાબત ધ્યાનમાં લઇને, સામાન્ય મેકસી કેબ અનેલકઝરી મેકસી કેબમાં ઉચ્ચક વેરાનો એક સરખો દર આ વાહનોની વેચાણ કિંમતના ૧૨ (બાર) ટકા રાખવા દરખાસ્ત કરું છું. આ દરખાસ્તના પરિણામે જૂની લકઝરી મેકસી કેબમાં પણ ઉચ્ચક વેરાનો વિકલ્પ પ્રાપ્ત થશે.

**૨ ટનથી વધુ અને ૭.૫ ટન સુધીના અનલેડન વજન ધરાવતા કન્સ્ટ્રકશન ઇકવીપમેન્ટ વ્હીકલ્સ અને ખેતી સિવાયના હેતુ માટેના ટ્રેકટર**

૨ ટનથી વધુ અને ૭.૫ ટન સુધીના અનલેડન વજન ધરાવતા કન્સ્ટ્રકશન ઇકવીપમેન્ટ વ્હીકલ્સ તથા ખેતી સિવાયના હેતુ માટેના ટ્રેકટરો ઉપર અનલેડન વજનના આધારે પ્રતિ વર્ષ રૂ. ૨૦૦૦ ઉપરાંત પ્રતિ ટન કે તેના ભાગ માટે રૂ. ૪૦૦ ના દરે મોટર વાહન વેરો વસૂલ કરવામાં આવે છે. આ વેરો ત્રિ માસિક અથવા વાર્ષિક ધોરણે વસૂલવામાં આવે છે. જયારે ૨ ટન સુધીના અનલેડન વજન ધરાવતા આ વાહનો ઉપર તેની વેચાણ કિંમતના છ (૬) ટકાના દરે ઉચ્ચક મોટર વાહન વેરો વસૂલવામાં આવે છે. આમ, ૨ ટન સુધીના વાહનો તેમજ ૨ ટનથી ૭.૫ ટન સુધીના વાહનો વચ્ચે વેરાના દરમાં તેમજ ચુકવણીની પધ્ધતિમાં તફાવત છે.

આથી, આ વાહનો ઉપરના વેરાના દરમાં તેમજ ચૂકવણીની પધ્ધતિમાં રહેલ તફાવતને દુર કરી સરળીકરણ કરવાના હેતુથી આ વાહનો ઉપર ઉચ્ચક વેરાનો દર આ વાહનોની વેચાણ કિંમતના ૩ (ત્રણ) ટકા રાખવા હું દરખાસ્ત કરૂં છું.

મોટર વાહન વેરાના માળખામાં અને દરમાં ઉપર જણાવેલ સરળીકરણની દરખાસ્તથી ઉપરોકત તમામ કેટેગરીના પ્રતિ વર્ષ નવા નોંધાતા અંદાજિત સરેરાશ પચીસ હજાર જેટલા વાહનોના

માલિકો/પ્રતિનિધિઓને મોટર વાહન વેરો ભરવા માટે ફક્ત એક જ વાર વાહન વ્યવહાર કચેરીની મુલાકાત લેવી પડશે. તા. ૧–૪–૨૦૧૭ પહેલાં નોંધાયેલા જૂના વાહનોના માલિકોને પણ ઉચ્ચક વેરાનો વિકલ્પ પ્રાપ્ત થશે અને જો આ વાહનોના માલિકો ઉચ્ચક વેરાનો વિકલ્પ સ્વીકારે તો તેવા અંદાજિત સાડા ત્રણ લાખ વાહનોના માલિકોને પણ મોટર વાહન વેરો ભરવા ફક્ત એક જ વાર કચેરીની મુલાકાત લેવાની રહેશે.

નવા વાહનો માટે ઉચ્ચક વેરો ફરજિયાત કરવાના કારણે આવા વાહનોમાંથી વાહનના આયુષ્ય દરમ્યાન દર વર્ષે ક્રમશ: મળતી આવકના બદલે હવે વાહનની નોંધણીના પ્રથમ વર્ષે જ ઉચ્ચક વેરાના દરે એક સાથે આવક પ્રાપ્ત થશે. પરંતુ વાહન માલિકો ઉપર વેરાનું કુલ ભારણ વધશે નહીં કારણ કે ઉચ્ચક વેરાનો દર નકકી કરતી વખતે આ કેટેગરીના વાહનોનું સરેરાશ આયુષ્ય તેમજ વાહનો વર્ષમાં બે માસ બિન વપરાશમાં રહેતા હોવાની શકયતાને ધ્યાનમાં લઇને આ વાહનો ઉપરના વેરાના ભારણમાં વધારો ન થાય પરંતુ હાલની આવકો જળવાઇ રહે તે બાબત ધ્યાનમાં લેવામાં આવેલ છે. જૂનાં વાહનો માટે જો ઉચ્ચક વેરો ભરવાનો વિકલ્પ સ્વીકારવામાં આવે તો જૂના વાહનોને તેમની ઉમર પ્રમાણે વેરામાંથી બાદ આપવામાં આવશે.

ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ ૧૯૫૮માં સુધારો કરવાની દરખાસ્ત વિધાનસભાના ચાલુ સત્ર દરમ્યાન રજૂ કરવામાં આવશે.

**ખેત વિષયક ટ્રેકટર**

ખેત વિષયક ટ્રેકટર ઉપર હાલમાં તેની વેચાણ કિંમતના ૩.૫ (સાડા ત્રણ)ટકાના દરે ફક્ત ઉચ્ચક રીતે મોટર વાહન વેરો વસૂલવામાં આવે છે. રાજયના ખેડૂતોને રાહત થાય તે હેતુથી ખેત વિષયક ટ્રેકટર પરના મોટર વાહન વેરાના દરમાં ઘટાડો કરીઉચ્ચક વેરાનો દર ૩ (ત્રણ) ટકા કરવા હું દરખાસ્ત કરું છું. ઉચ્ચક વેરાના દરમાં સૂચિત ઘટાડાથી ટ્રેકટરની ખરીદી કરનાર ખેડૂતને ટ્રેકટર દીઠ સરેરાશ અંદાજિત રૂ. ૩૦૦૦ જેટલો મોટર વાહન વેરો ઓછો ભરવાનો થશે.

**મોટર વાહન વેરો ઓનલાઇન ભરપાઇ કરવાની સુવિધા**

રાજયમાં હાલ મોટર વાહન વેરો રોકડેથી, ડીમાન્ડ ડ્રાફટથી કે બેંકના ચલનથી ભરી શકાય છે. આ વેરો ભરવા માટે વાહન માલિકે અથવા વાહનના કબજેદાર કે વાહનના નિયંત્રકે રૂબરૂ જવું પડે છે. રાજયના નાગરિકોને મોટર વાહન વેરો ભરવા રૂબરૂ જવના બદલે ઘરે /ઓફિસમાં બેઠાં મોટર વાહન વેરો ભરવાની સુવિધા પ્રાપ્ત થાય તે હેતુથી ઓનલાઇન બેન્કીંગ દ્વારા ઇ–પેમેન્ટ પદ્ધતિથી સાયબર ટ્રેઝરી મારફત રાજયની તિજોરીમાં વેરો ભરવાની સુવિધા તા. ૧–૫–૨૦૧૭થી અમલી બનાવવાનું જાહેર કરું છું.

**સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી–ઇ પેમેન્ટ**

રાજયમાં જાહેર જનતા દ્વારા તેઓની સ્થાવર મિલકતની તબદીલીના વ્હારો માટે નિયત કરેલા દરે સ્ટેમ્પ ડયુટી તથા નોંધણી ફી ભરપાઇ કરવાની રહે છે. હાલમાં સ્ટેમ્પ ડયુટીની ચુકવણી નો–જયુડીશીયલ સ્ટેમ્પ પેપર, સ્પેશ્યલ એઘેસીવ સ્ટેમ્પ, ફ્રેન્કીંગ તથા ઇ–સ્ટેમ્પીંગથી કરી શકાય છે. જયારે નોંધણી ફી ની ચૂકવણી સબ રજીસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ જઇને રોકડા, ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ પે ઓર્ડર ચેકથી કરી શકાય છે.

હાલની આ પદ્ધતિમાં પક્ષકારોએ પોતાની સાથે રોકડ રકમ હાથ ઉપર રાખી જે તે કચેરીમાં કે બેંકમાં જઇ નાણા ભરવાના થાય છે. સ્ટેમ્પ ડયુટી તેમજ નોંધણી ફીની ચૂકવણી કરવા માટે રાજયની આમ જનતાને વધુ સુવિધા ઉપલબ્ધ થાય તેમજ આ અંગેના વ્યવહારો સલામત રીતે થાય તે હેતુને ધ્યાનમાં રાખીને સ્ટેમપ ડયુટી તથા નોંધણી ફી ઇન્ટરનેટ મારફત ઘરે બેઠા પોતાની જાતે પોતાને અનુકૂળ સમયે ચૂકવી શકે એ માટે ઓન લાઇન ઇ–પેમેન્ટની નવી સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન કરેલ છે. જેનો અમલ આગામી નાણાકીય વર્ષથી કરવામાં આવશે.

**સમાપન**

૨૦૧૭–૨૦૧૮ના વર્ષના અંદાજપત્રની આખરી પરિસ્થિતિ આ પ્રમાણે રહેશે.

| | | (રકમ રૂ. કરોડમાં) |
|---|---|---|
| અંદાજ અનુસારની પુરાંત | (+) | ૨૩૯.૧૬ |
| મોટર વાહન વેરાના સરળીકરણને કારણે એકસાથે મળનાર આવક | (+) | ૨૯૨.૧૪ |
| ખેત વિષયક ટ્રેકટર પરની વેરાનીઆવકમાં ઘટાડો | (–) | ૧૦.૦૦ |
| એકંદર અંદાજિત પુરાંત | (+) | ૫૨૧.૩૦ |

માનનીય સભાગૃહની વિચારણા અર્થે હું આ અંદાજપત્ર રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : સન ૨૦૧૭–૧૮ના નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું.

## સન ૨૦૧૭-૧૮ના અંદાજપત્રની રજૂઆત

### અધ્યક્ષશ્રીની જાહેરાત

### સભ્યશ્રીઓની ધરપકડ તથા છૂટકારા બાબત.

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે કે પોલીસ અધિક્ષકશ્રી, ગાંધીનગર તરફથી મને તેમના તારીખઃ૨૦-૨-૧૭ના ફેક્સ મેસેજથી જાણ કરવામાં આવેલ છે કે, ગાંધીનગર ખાતે તારીખઃ૨૦-૨-૧૭ના રોજ પ્રતિબંધિત વિસ્તારમાં પ્રવેશ કરતા ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહજી વાઘેલા, માનનીય સભ્યશ્રીઓ શ્રી બળદેવજી ઠાકોર, ડો.અનિલ જોષીયારા, શ્રી અમિતભાઇ ચૌધરી, શ્રી ગ્યાસુદીનભાઇ શેખ, શ્રી મહેન્દ્રભાઇ બારૈયા તથા શ્રી શૈલેષભાઇ પરમારની બપોરે ૧૩-૨૫ કલાકે ગુજરાત પોલીસ એકટની કલમ-૬૮ અન્વયે અટકાયત કરવામાં આવી હતી અને તેઓ સર્વેને સેકટર-૨૭ પોલીસ હેડકવાર્ટર ખાતે ૨ કલાક ૧૦ મિનિટ સુધી અટકાયત રાખવામાં આવ્યા બાદ સર્વ સભ્યશ્રીઓને ગુજરાત પોલીસ એકટની કલમ-૬૯ અન્વયે ૧૫-૩૫ કલાકે મુકત કરવામાં આવ્યા હતા.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મને કોઇ માહિતી નથી મને કોઇ પોલીસે ઍરેસ્ટ કર્યો હોય અને પછી છોડયો હોય. એટલે જે કંઇ માહિતી મળી હશે તે અપૂર્ણ માહિતી અથવા તો અસત્ય માહિતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય પોલીસ અધિક્ષક તરફથી જે મને ફેક્સ મેસેજથી જે માહિતી મળી છે તે વિધાનસભા ગૃહમાં મેં રજૂ કરી છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શંકરસિંહજીની વાત સાચી છે પણ એમની પાર્ટીના કોઇ અગેવાને પોલીસને આ જાણકારી આપી હશે કે શંકરસિંહજીની અટકાયત થઇ છે તેમની હાજરી છે તે બતાવવા માટે થઇને લખ્યું હોય.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે જે કંઇ એસ.પી.ના રિપોર્ટ હોય તેમાં આપ બહુ કંઇ ટેન્શન નહીં રાખતા જે કંઇ હોય તે માનીને ચાલજો એમને કોઇ પ્રોબ્લેમ ના થાય તે ધ્યાન રાખજો અમે મુલાકાતે ગયા હતા તેને ઍરેસ્ટ સમજીને કદાચ તેમણે આ કહ્યું હોય.

અધ્યક્ષશ્રી : આમાં મૂળ વિષય તો એટલો છે કે તમે એ કક્ષાના નેતા છો એટલે કાંઇ ઍરેસ્ટ કરાય નહીં એટલે તેમણે સન્માનપૂર્વક માત્ર તમારી મુલકાતને ઍરેસ્ટ સમજીને એમણે કર્યુ છે એટલે પોલીસ અધિક્ષકશ્રી માટે અને આપના માટે પણ સારી વાત છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : બરાબર છે.

સભાગૃહનું કામકાજ સાંજના ૪-૦૩ વાગ્યે પુરું થતાં સભાગૃહ, અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭

તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા

બુધવાર, તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ફાલ્ગુન ૩, ૧૯૩૮ શાકે

સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.

અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

નવસારી અને ડાંગ જિલ્લાના નોન–પ્લાન પેવર રસ્તાઓ

* ૨૬૯૮૪ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર છેલ્લા ૧૪ વર્ષથી પેવર ન થયા હોય તેવા નોન–પ્લાન રસ્તાઓ કેટલા છે, અને | (૧) નવસારી જિલ્લામાં ૩૪ અને ડાંગ જિલ્લામાં શુન્ય. |
| (૨) ઉકત નોન–પ્લાન રસ્તાઓ કેટલા સમયમાં પેવર કરવામાં આવશે ? | (૨) નવસારી જિલ્લાના ૧૦ રસ્તાઓ બનતી ત્વરાએ, બાકીના રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય હોઈ હાલમાં આયોજન નથી. |

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળ્યો છે એમાં નવસારી જિલ્લામાં ૩૪ અને ડાંગ જિલ્લામાં નોનપ્લાનના શૂન્ય રસ્તા બાકી છે. તો ૩૪ રસ્તા ક્યા તાલુકાના છે અને એમાંથી દસ રસ્તા હાલ બનાવવા માટેનો જવાબ આપ્યો છે એ કેટલા સમયમાં બનશે અને બાકીના રસ્તાઓ છે એ કેટલા સમયમાં બનશે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે એમાં નવસારી જિલ્લાના ૩૪ રસ્તાઓ છે અને ડાંગનો એકપણ રસ્તો નથી. આ ૩૪ રસ્તાઓ ક્યા છે એ એમના ધ્યાને મૂકવા માગું છું. ચીખલી તાલુકાના રાનવેરીકલ્લા હરિજનવાસ રોડ, સાદડવેલ કુંભારવાડ સ્મશાનભૂમિ રોડ, સાદકપોર ગોડાઉન રોડ જોઈનીંગ ચીખલી ફડવેલ રોડ, ગોડથલ પટેલ ફળિયા ટુ ઢોલુમ્બર રોડ, આમધરા પહાડ ફળિયા રોડ, બામણવાડા એપ્રોચ રોડ, વંકાલ નાળીયેરી મહોલ્લા વેઠીયાવાડ રોડ, સરૈયા ગામતળ ટુ નદી ફળિયા જોઈનીંગ મેઈન રોડ, સાદડવેલ કુંભારવાડ ટુ નેમાણી ફાર્મ રોડ, સોલધરા દુધિયા ફળિયા પેલાડ નાયકીવાડ જોઈનીંગ ચીખલી ખેરગામ રોડ, ધોડવણી ટુ ઝરી રોડ, રાનકુવા બજાર ટુ રેલ્વે ક્રોસીંગ એચ.એસ.જોઈનીંગ રોડ, રાનવેરીકલ્લા હરીજનવાસ માતા ફળિયા એપ્રોચ રોડ, બલવાડા જેસીયા ઉડાચ રોડ ટુ ઉંટ ખાડી રોડ, ઢોલુમ્બર હરડુનબારી ટુ તાડબારી રોડ, ફડવેલ બેડીયા ફળિયા અંબાચ રોડ, સોધરા મેઈન રોડ ટુ લીલા સુરેશ હાઉસ ટુ પ્રાયમરી સ્કૂલ રોડ, સોલધરા હળપતિવાસ રોડ, ખેરગામ તાલુકાના પેલાડ ભેરવી જોગી ફળિયા રોડ, ચીમનપાડા એપ્રોચ રોડ, પાણીખડક સ્મશાનભૂમિ ટુ જામનપાડા રોડ, આછવણી પીએચસી ટુ આછવણી એપ્રોચ રોડ, આવણી મંદિર ફળિયા રોડ, જુની ભેરવી ટુ ઔરંગા ટોકરખાડી રોડ. વાંસદા તાલુકાના સુખાબારી કાકડવેલ રોડ, લીમઝર કેલીયા રોડ, ભીજુભાઇના ઘરથી ગંગપુર વિલેજ વાંસદા ધરમપુરને જોડતો રોડ, વાઘાબારી સુખાબારીથી સારવણી રોડ, ચંદવાસણ એચ.એસ.થી ડુંગરી ફળિયા-ગામીત ફળિયા રોડ, બારમત મેઈન રોડ થી ચારવી જોઈનીંગ રોડ, મહુવાસ સીતાપુર મેઈન રોડ ટુ ગૌશાળા રોડ, વઘઇ એસ.એચ. થી ચંદવાસણ એપ્રોચ રોડ, (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પૂછ્યું એ ધ્યાને મૂકવા માગું છું.

અધ્યક્ષશ્રી : સૂચના આપવામાં સભ્યશ્રીઓ સંયમ રાખે અને મંત્રીશ્રીઓ જવાબ પણ ટૂંકો આપે તો વધારે સારું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે માગ્યું એટલું જ આપ્યું છે વધારે નથી આપતો. શ્રી છનાભાઇ તમારું જ આપું છું.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, મારું જ છે. પરંતુ બાકીના રસ્તાઓ ક્યારે બનાવશો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપ રેકર્ડ જોઇ લેજો.

અધ્યક્ષશ્રી : તમે સાચા છો, એમણે માગ્યું એટલું જ આપો છો. જેટલું ટૂંકું થાય એટલું કરોને !

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : વાંસદા ચંદવાસણ એસ.એચ.થી ડુંગરી ફળીયા ગામીત ફળીયા રોડ, બારતાડ મેઈન રોડથી ચાર્વી જોઈનીંગ રોડ, મહુવા સીતાપુર મેઈન રોડ ટુ ગૌશાળા રોડ, વઘઇ એસ.એચ.થી ચંદવાસણ એપ્રોચ રોડ, વાંસદા બારતાડ મુલગામથી દેડીયાપાડા જોઈનીંગ લાકડબારી રોડ, ખાટા આંબા પટેલ ફળીયાથી ડુંગરીફળીયા રોડ. આ ૩૪ રસ્તાઓ છે એ ૩૪ રસ્તાઓ એ એમને મેં જવાબમાં જણાવ્યા છે. આ ૩૪ રસ્તાઓ છે એમાંથી એમણે બનતી ત્વરાએ દસ રસ્તાની વાત કરી તો એમાં ચીખલી, સાદડવેલ, કુંભારવાડ સ્મશાનભૂમી રોડ, ચીખલીનો સાદકપોર ગોડાઉનથી વાડી ફળીયા જોઈનીંગ ચીખલી ફળવેલ રોડ, ચીખલીનો બામનવાડા એપ્રોચ રોડ, ચીખલી સાદડવેલ કુંભારવાડ ટુ નેમાણીફાર્મ રોડ, ચીખલીનો ફડવેલ બેડીયા ફળિયા અંબાચ રોડ .. (અંતરાય)

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : બાકી રસ્તાની વિગતો માનનીય સભ્યશ્રીએ માંગી છે. એમણે ફરીથી કહ્યું કે બાકી રસ્તા ક્યારે કરવા માગો છો?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખેરગામનો ચીમનપાડા ટુ ગૌરી રોડ ખેરગામનો જામનપાડા ટુ પાણીખડક સ્મશાનભૂમિ રોડ, ખેરગામનો પેલાડ ભેરવી ગામે મુખ્ય રસ્તાથી ટોકર ખાડી તરફ જતો રસ્તો, વાંસદા ગંગપુર ગામે ભીજુભાઇના ઘરથી વાંસદા ધરમપુર રોડને જોડતો રોડ, વાંસદા વાઘાબારીથી સુખાબારી થી સારવણી રોડ આ દસ રોડ છે એ બનતી ત્વરાએ કરવા માટે જવાબમાં જણાવ્યું છે. બનતી ત્વરાએ એ કરવા માટેની પ્રોસેસ પૂરી થાય એટલે એ રસ્તાની કામગીરી પૂરી થશે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, બાકી રસ્તાની વાત ક્યાં કરો છો, નોન પ્લાનના રસ્તાની શરૂઆત ભારતીય જનતા પાર્ટીએ, માનનીય આનંદીબેન અને વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં કરી છે. અમારા વાઇબ્રંટ ફાઇનાન્સ મંત્રી એ માર્ગ મકાનના પણ મંત્રી છે. કાલે જ એમણે બજેટ આપ્યું છે. આ નોન પ્લાનના રસ્તાની વાત કરે છે એ શરૂઆત આપણે કરી છે એમને અભિનંદન આપવા જોઇએ છનાભાઇ, આપણે સાક્ષી છીએ એના. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે મારા નવસારી જિલ્લામાં બાવન રસ્તાઓ નોન પ્લાનના મંજૂર કરાયા છે એમાં મારો નવસારી મતવિસ્તાર છે એમાં કેટલા રસ્તાઓ મંજૂર કર્યા છે અને એના લંબાઇ પ્રમાણેના કયા કયા રસ્તા છે. પહેલા તો જે બાવન રસ્તા મંજૂર કર્યા છે એ બદલ ખુબ તેઓશ્રી અભિનંદનને પાત્ર છે. ઇતિહાસમાં પહેલી વખત આ નોનપ્લાનના રસ્તા મંજૂર કર્યા છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, જે પિયુષભાઇએ વાત કરી ખુબ સાચી છે. પહેલા રસ્તાઓ ભૂતકાળમાં વીસ વર્ષ પહેલા જે નોનપ્લાનના રસ્તાઓ હતા એ માટી કે મેટલના નોનપ્લાનના રસ્તાઓ ગણાતા હતા પણ અમારી સરકાર અસ્તિત્વમાં આવી ત્યાર પછી નોન પ્લાનના રસ્તાઓ પણ ડામરના થયા છે અને નોનપ્લાનના રસ્તાનું કામ કરવાની ચિંતા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને એટલું જ નહીં નોનપ્લાનના રસ્તા ડામરથી કરીએ છીએ અને રસ્તા બગડી જાય તો પાછું એને રીસર્ફેસીંગ પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરે છે અને જે માનનીય પિયુષભાઇએ વાત કરી એ હું આ સન્માનનીય સભાગૃહના ધ્યાને મૂકવા માગુ છું કે પિયુષભાઇના વિસ્તારના જે રસ્તાઓ છે એમાં ગણદેવી ચાંગાધનોરી થઇ પાથરી હરીજનવાસ રોડ, જેની લંબાઇ અઢી કિલોમીટર છે અને રકમ ૩૨.૫૦ લાખ રૂપિયા છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો હશે એનો ટૂંકામાં ટૂંકો સ્પષ્ટપણે જવાબ આપે એવી અહીંથી સૂચના આપવામાં આવી છે અને એનું પાલન થાય છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : હું આ સન્માનનીય સભાગૃહની એક સેકન્ડ નહીં બગાડું. હું એક શબ્દ વધારે નહીં કહું. પિયુષભાઇએ કહ્યું તેથી જ સભાગૃહના ધ્યાને મૂકું છું. ગણદેવી અમલસાડ એ. પી.એમ.સી માર્કેટ થઇ ગાંધીનગર રોડની ૧.૮૦ કિલોમીટર લંબાઇ માટે ૨૩.૪૦ લાખ રૂપિયા, નવસારી એન.એચ.૮ થી કબિલપોર આનંદવાટિકા સોસાયટી તરફ જતો રસ્તો ૨.૫ કિલોમીટરની લંબાઇ માટે ૩૨.૫૦ લાખ રૂપિયા, ગણદેવી ધનોરી માણેકપોર રોડ ૨.૨૫ કિલોમીટરની લંબાઇ માટે ૩૬ લાખ રૂપિયા, નવસારી બોરીયાંચ વગલવાડ રોડ ૨.૫ કિલોમીટરની લંબાઇ માટે ૩૨.૫૦ લાખ રૂપિયા, નવસારી ઇટાળવા છાપરા રોડ ૧.૪૦ કિલોમીટરની લંબાઇ માટે ૧૮.૨૦ લાખ રૂપિયા, નવસારી મહુડી વ્હોરવાડ રોડ ૨ કિલોમીટરની લંબાઇ માટે ૨૬ લાખ રૂપિયા, ગણદેવી મોહનપુર અંચેલી રોડ ૧ કિલોમીટર લંબાઇ માટે ૧૩ લાખ રૂપિયા, ગણદેવી ખાપરીયા મટવાડ રોડ ૧.૨૮ કિલોમીટર લંબાઇ માટે ૨૮.૮૦ લાખ રૂપિયા, નવસારી ડાંભર મોગર રોડ ૧.૮૫ કિલોમીટર લંબાઇ માટે ૨૪.૦૫ લાખ રૂપિયા, નવસારી દાંતેજ એપ્રોચ રોડ ૧.૬૦ કિલોમીટર લંબાઇ માટે ૨૦.૮૦ લાખ રૂપિયા (અંતરાય)

અધ્યક્ષશ્રી : મને જોતા આવડે છે રાઘવજીભાઇ, મારી પાસે ઘડિયાળ છે અને ખબર પણ છે, આપ બેસી જાઓ. માનનીય મંત્રીશ્રી ઝડપથી પૂરું કરો.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : ત્રણ રસ્તા બાકી રહ્યા છે. ગણદેવી સામરા ફળિયા રોડ ૩ કિલોમીટર લંબાઇ માટે ૩૯ લાખ રૂપિયા, નવસારી સીંધી કેમ્પથી દાંતેજ સરકારી ક્વાર્ટર્સ થી છાપરા અડદી ફળિયાથી ગાંધીસ્મૃતિ રેલ્વે સ્ટેશન રોડ ૪ કિલોમીટર માટે ૭૨ લાખ રૂપિયા. ગણદેવી ઘમડાછા બ્રીજથી કછોલી ડુંગરી હળપતિ વાસથી પીપરાવાડી જતો રોડ ૧.૨૦ કિલોમીટર માટે ૧૫.૬૦ લાખ રૂપિયા.

અધ્યક્ષશ્રી : ઓ.કે. માનનીય મંત્રીશ્રી, ઘણું થઇ ગયું. નેક્સ્ટ.

### કાલાવડ નગરપાલિકાને સ્મશાનગૃહોના આધુનિકરણ માટે સહાય

* ૨૮૨૫૧ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહોનાં આધુનિકરણ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ કયા કામો માટે સહાય આપવામાં આવે છે, અને | (૨) કૈલાસધામ યોજના હેઠળ નીચે મુજબનાં કામો માટે સહાય આપવામાં આવે છે.<br>(૧) જમીન સમતળ કરવાનું કામ. |

(૨) કંમ્પાઉન્ડ વોલ
(૩) એન્ટ્રેસ પોર્ચ ગેટ સાથે
(૪) ઓફીસ રૂમ, વોટરકુલર રૂમ એન્ડ મ્યુઝિક રૂમ
(૫) ભગવાનની મુર્તિ, ગ્લાસ કેબિનેટ સાથે
(૬) સ્ટાફ ક્વાટર્સ (ચાર)
(૭) ડેડ બોડી અંતિમ સ્નાન પ્લેટ ફોર્મ (સ્વજનોને બેસવાની વ્યવસ્થા સાથે)
(૮) વુડન સ્ટોર રૂમ
(૯) લાકડાની ચીતા કેચી તથા છત સાથે (ત્રણ નંગ)
(૧૦) પ્રાર્થના હોલ
(૧૧) વોટર ટેંક અને પંપ હાઉસ
(૧૨) પાર્થ વે વીથ પેવીંગ
(૧૩) ગાર્ડનીંગ
(૧૪) વનીકરણ તથા પાર્કીંગ વ્યવસ્થા
(૧૫) ગરમ પાણી માટે સોલર સિસ્ટમ
(૧૬) ટોયલેટ બ્લોક વીથ સાવર બાથ
(૧૭) બાળકો માટે સ્મશાંત ગૃહ વિકાસ સ્મૃતિવન સાથે
(૧૮) એંટ્રી આર.સી.સી. રોડ
(૧૯) લાઈટ સીસ્ટમ
(૨૦) મેઈન રોડ તથા ફરતા રોડના ફલોરીંગનું કામ
(૨૧) ગ્લાસ મોજેક-પ્રેયર હોલ માટે
(૨૨) અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનની પાઈપો વિ.સામાન તથા મજુરી
(૨૩) વિદ્યુત/ગેસ આધારીત ઈકો ફ્રેન્ડલી સ્મશાન ગૃહ માટેની ભઠ્ઠીનું કામ (સંચાલન અને નિભાવ સિવાય)

(૩) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં કાલાવડ નગરપાલિકાને આ યોજના હેઠળ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવેલ છે ?

(૩) શૂન્ય.

અધ્યક્ષશ્રી : બધા માનનીય સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે મુદ્દાસર ટૂંકમાં જ પ્રશ્નો પૂછે અને મંત્રીશ્રીઓ પણ મુદ્દાસર ટૂંકમાં જવાબ આપે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે માણસ અંતિમ શ્વાસ લે છે ત્યારે એનું અંતિમ સ્થાન ઘર કે સ્મશાન હોય છે. મારા કૈલાસધામના પ્રશ્ન બાબતે માનનીય મંત્રીશ્રીએ ૨૨ જેટલી અલગ અલગ સહાય આપવામાં આવે છે એવો જવાબ આપેલ છે. મારે આ બાબતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે કૈલાસધામ યોજનાના સહાયના ધોરણો શું છે અને કાલાવડ નગરપાલિકાને કૈલાસધામ યોજના અંતર્ગત ક્યારે સહાય આપવામાં આવી અને હાલમાં કાલાવડ ખાતે તેમને કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કાલાવડ નગરપાલિકાને કૈલાસધામ યોજના અંતર્ગત તા.૧૮-૧૨-૨૦૧૪ ના હુકમથી રૂ.૧૭.૯૬ લાખની સહાય આપવામાં આવી. આ સહાય અન્વયે નીચે મુજબના કામો હાથ ધરવામાં આવ્યા એમાં વોર્ડ નં.૧ માં સ્મશાન હોય એ ગામ આખાનું સ્મશાન તરીકે ઓળખાતું હોય છે. એક ચોકીદારનો રૂમ, બીજા સીસી રોડ બનાવવાનું કામ અને બીજું એક વોર્ડ નં.૪ ની અંદર પણ સ્મશાન છે ત્યાં આગળ એક કંમ્પાઉન્ડ વોલનું કામ કરવામાં આવ્યું છે. તે સિવાય લોક ભાગીદારીથી પણ ત્યાં કેટલાક કામો હાથ ઉપર લીધા. આ ૧૭ લાખ અને બાકી લોક ભાગીદારીથી ૨૫ લાખ જેટલી રકમ ત્યાંથી આપી. બંનેનો સમન્વય કરીને અત્યારે એક સાથે ૩ જેટલી સ્મશાન સગડીઓ, ટોયલેટ બ્લોક વીથ સાવર બાથ, ગરમ પાણી અને સોલર સિસ્ટમ, પીવાના પાણીની સુવિધા, ગાર્ડનિંગ, પ્રાર્થના હોલ, લાકડા માટેનો સ્ટોર રૂમ, લાઇટ સિસ્ટમ, પાથ વે વીથ પેવિંગ, મંદિર, સ્મશાન યાત્રીઓને બેસવા માટેની વ્યવસ્થા, ઉંચી પાણીની ટાંકી અને બોર આટલું કાલાવડની અંદર અત્યારે સુવિધાઓ ત્યાં આગળ ચાલુ થઇ છે.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, કૈલાસધામ યોજના અંતર્ગત નગરપાલિકાઓને આપવાની સહાયતાના ધોરણો શું શું છે? (અંતરાય )

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ હાથ ઉંચો કરવો પડે. તમે નવા નિશાળીયા નથી પ્લીઝ. (અંતરાય) બેસો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સાહેબ, નિયમ છે (અંતરાય) અમારો હક છે.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ મને નિયમની ખબર છે અને હક તમારો જળવાશે. ચિંતા ના કરો. બેસો, અત્યારે. (અંતરાય) માનનીય મંત્રીશ્રી,

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે તે અંતર્ગત કૈલાસધામ યોજના અન્વયે રાજ્ય નગરપાલિકાઓને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણના તા.૨૧–૧૨–૨૦૧૧ ના ઠરાવ પ્રમાણે નગરપાલિકા વિસ્તારમાં વિદ્યુત, ગેસ, લાકડા આધારિત અથવા સોલાર આધારિત સ્મશાન ગૃહોના માળખાકીય સુવિધાઓના આધુનીકીકરણ કરવા માટે કેટલાક નોર્મ્સ હમણાં મેં કહ્યાં તે અને તે સિવાય એના ધારા–ધોરણ એ છે કે 'ડ' વર્ગની નગરપાલિકા હોય તો ૧૫ લાખ રૂપિયા, 'ક' વર્ગની નગરપાલિકા હોય તો ૧૫ લાખ, 'બ' વર્ગની નગરપાલિકાને ૨૦ લાખ અને 'અ' વર્ગની નગરપાલિકા હોય તો તેને ૨૫ લાખ સર્વાંગીક નગરનો વિકાસ થાય તેની સાથે સાથે સ્મશાનમાં પણ વૃક્ષોનું વાવેતર થાય, છેલ્લો વિસામો એ સ્મશાન હોય છે. ત્યાં બાકીની પણ સુવિધાઓ ઊભી થાય અને ખાસ કરીને જે સ્મશાન અંદર આવેલા યાત્રીઓ હોય, સ્મશાન યાત્રામાં જોડાયેલા હોય તેમને ન્હાવા માટેની વ્યવસ્થા અને છેલ્લે તેના જે અસ્તીઓ હોય છે તેને સાચવવા સુધીની વ્યવસ્થાઓ કુલ મળીને આ બધી યોજનાઓ વાઇડ એંગલ સાથે સ્મશાન સારી રીતે બને તે માટે રાજ્ય સરકાર દ્વારા આ યોજના મૂકવામાં આવી છે એ પ્રમાણેના ધારા–ધોરણો છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબમાં જાણવા મળ્યું છે કે ૨૩ જેટલી આઇટમો સ્મશાન સુધારણા સહાય રાજ્ય સરકાર આપે છે અને કાલાવડમાં આપી છે એ સારી વાત છે. જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલી નગરપાલિકાઓની આ સહાયની માગણી આવી છે અને કાલાવડ સિવાય બીજી નગરપાલિકાને આ સહાય આપી છે?

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ આખું લિસ્ટ આવશે તો અડધો કલાક બીજો જશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : ના‌ના, સાહેબ આખું લિસ્ટ નથી જોઇતું. કેટલી નગરપાલિકાઓએ ૨૦૧૬ની સ્થિતિએ સહાય માગી છે અને કેટલાને આપી છે અને કેટલી રકમ આપી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આમ પ્રશ્ન માત્ર કાલાવડ પુરતો જ હતો પણ છતાંય માનનીય રાઘવજીભાઇ સિનિયર ધારાસભ્ય છે તો તેમના ધ્યાનમાં મૂકવા માટે કહીશ કે, નગરપાલિકાની અંદર જે પ્રમાણે કાલાવડ નગરપાલિકા માટે આ યોજનાની સહાય કરી છે એ પ્રમાણે બાકી નગરપાલિકાઓએ જેમણે જેમણે માગણી કરી હોય એમનો યોજનામાં સમાવેશ કરવામાં આવે જ છે પરંતુ જામજોધપુર નગરપાલિકાની અંદર ૧૪.૬૭ લાખ રૂપિયાની સહાય ત્યાં આપવામાં આવી છે. હજુ પણ આ યોજના અંતર્ગત જો કોઇ નગરપાલિકા જામનગર જિલ્લાની બાકી રહેતી હોય તો આવનારા સમયની અંદર તેનો પણ સમાવેશ આની અંદર કરી શકાશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ કહેવું છે કે, આપણું ગુજરાત પ્રગતિશીલ રાજ્ય છે, દેશનું મૉડેલ રાજ્ય છે. એટલે હમણાં જે ચૂંટણીઓ ઉત્તર પ્રદેશમાં ચાલે છે ત્યાં વિરોધપક્ષના કોઇ નેતાએ એવું કહ્યું કે, ગુજરાતમાં સ્મશાનો માટે સહાય અપાય છે કે નહીં ? એ આપણે બધાએ પેપરમાં વાંચ્યું. તો અમારા સાથી મંત્રી શ્રી શંકરભાઇએ વિગતો આપી કે, ગુજરાતમાં અમારી ભા.જ.પ.ની સરકાર શહેરોના વિકાસ માટે તમામ જાતની યોજનાઓનો લાભ આપે છે. એમાં સ્મશાનો માટેની, અંતિમ ક્રિયા સારી રીતે થાય એ માટેની પણ સગવડ આ ભા.જ.પ.ની સરકાર આપે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રી પાસેથી એ જાણવું છે કે, હમણાં જ ૧૨૫મી જન્મ જયંતી ડો. બાબાસાહેબ આંબેડકરની ઉજવાઇ. આ રાજ્યની અંદર સમરસતાની જો વાત થતી હોય તો આજે પણ રાજ્યના ઘણા જિલ્લાઓમાં દલિત સમાજના સ્મશાન ગૃહો જુદા રાખવામાં આવે છે. તો સરકાર જો સમરસતાની વાત કરતી હોય તો આ દલિત સમાજના અલગ સ્મશાન ગૃહો ના હોવા જોઇએ. એક જ જગ્યાએ તમામ લોકો અંતિમ જગ્યાએ જતા હોય ત્યારે એક જ જગ્યાએ સ્મશાન હોવા જોઇએ, સરકાર આ માટે વિચારે છે કે કેમ ?

બીજું કે, જે રીતે હરિજન શબ્દનો ઉપયોગ થાય છે, હરિજન વાસ, હરિજન રોડ. સાહેબ, બંધારણીય કલમ મુજબ એનો સુધારો પણ થઇ ગયો છે, હરિજનની જગ્યાએ દલિત શબ્દનો ઉપયોગ થવો જોઇએ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી છે કે, ગુજરાત રાજ્યની અંદર જે જે જગ્યાએ હરિજન શબ્દનો ઉપયોગ થતો હોય ત્યાં દલિત શબ્દનો ઉપયોગ કરવામાં આવે તેવી હું સમાજ વતી આપને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : એક તો માનનીય મંત્રીશ્રી જવાબ આપે એ પહેલાં, રાજ્ય સરકારની અંદર હરિજન શબ્દના બદલે દલિત શબ્દ વાપરવો એવો ગુજરાત સરકારમાં ઓલરેડી જી.આર. થઇ ચૂક્યો છે. પરંતુ વાણી, વર્તન, વ્યવહારમાં એનો ઉપયોગ થાય એવી બધા પાસેથી અપેક્ષા છે, માનનીય મંત્રીશ્રી.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, રોડના નામો થાય.

અધ્યક્ષશ્રી : જી, મેં આઇ નોટેડ .

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય સભ્યશ્રી શૈલેષભાઇની એ લાગણી સાથે સંમત છું કે, અંતિમ સ્થાન જેને બધાને એક જ જગ્યાએ જવાનું છે તો એ જો સામૂહિક હોય તો મને લાગે છ કે, સમરસતાનો ભાવ પણ થશે અને એ વાત પણ આટલા વર્ષો પછી સમાજ જીવનમાં પડેલી છે, કે કોઇ જગ્યાએ કોણે જન્મ લીધો છે એના આધારે એની વયવસ્થા અલગ ન હોઇ શકે. દરેકનું લોહી કુદરતે એક જ બનાવ્યું છે, દરેકને પરમાત્માએ જીવવા માટેનો અધિકાર પણ એક

સાથે જ આપ્યો છે. તો વર્ષો સુધી એટલે સદીઓ સુધી જે દલિત સમાજને સામાજિક વ્યવસ્થાને કારણે જે પ્રમાણે એક પ્રકારનો અન્યાય થયો છે, તો હવે પ્રો–એક્ટિવ થઇને જો સમાજ જીવન તરીકે બધા ભેગા મળી અને એક દિશા નક્કી કરીએ કે એને નજીક લાવી એકબીજા ઓતપ્રોત થઇ અને સમરસતાનું વાતાવરણ બનાવીએ તો સારું થશે. આની પહેલ સ્વેચ્છાએ, સરકાર તો અનેક યોજનાઓ મૂકી છે જે બાબાસાહેબના રસ્તા ઉપર ચાલી અને બધાને એક કરવા સમરસતાની વાત એ તો લીધું જ છે. પરંતુ મારે આ વિધાનસભાના તમામ માનનીય સભ્યશ્રીઓને પણ વિનંતી હતી કે, સમરસતાનો ભાવ ઉભો કરવા માટે પહેલ રાજકીય આગેવાન તરીકે આપણે ક્યાંક ને ક્યાંકથી કરવી પડશે તો હું માનું છું કે, એના પરિણામ સારા આવી શકશે. (આ તબક્કે સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ બેઠા બેઠા કાંઇક બોલતાં )

અધ્યક્ષશ્રી : જી. નેક્સ્ટ થઇ ગયું ભાઇ. અશોકભાઇ પટેલ. (આ તકે સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ પોતાના સ્થાને ઉભા થઇ, કાંઇક બોલતાં) (અંતરાય) ત્રીજો પ્રશ્ન ચાલે છે આ સત્રનો. માનનીય સભ્યશ્રી, નવા સત્રનો માત્ર ત્રીજો પ્રશ્ન ચાલે છે અને તમને અન્યાય થઇ ગયો? આ સત્રનો હજુ ત્રીજો પ્રશ્ન ચાલે છે પહેલી વખતની પ્રશ્નોત્તરીમાં અને તમને અન્યાય થઇ ગયો એવું તમને લાગે છે?

શ્રી ગ્યાસુદીન હ. શેખ : તો પછી ગુજરાતની અંદર કબ્રસ્તાનો કેમ નથી આપતા? ગુજરાતની અંદર કબ્રસ્તાનો આપો.

અધ્યક્ષશ્રી : અત્યારે કબ્રસ્તાનનો વિષય નથી ચાલતો. વિષય નેક્સ્ટ ઉપર ગયો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : સ્મશાન અને કબ્રસ્તાનમાં કોઇ ફરક નથી. બંને એક જ છે.

અધ્યક્ષશ્રી : બેસો, બેસો. અશોકભાઇ પટેલ.

ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓને ઓ.ડી.એફ. જાહેર કરવા

* ૨૭૫૮૦ શ્રી અશોક પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગાંધીનગર જિલ્લાની માણસા નગરપાલિકાને ક્યારે ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવી, અને

(૨) ગાંધીનગર જિલ્લાની બાકી રહેલ નગરપાલિકાઓને ક્યાં સુધી ઓ.ડી.એફ. જાહેર કરવાનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) તા.૧૭–૦૯–૨૦૧૬ના રોજ માણસા નગરપાલિકાને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવી.

(૨) ગાંધીનગર જિલ્લાની બાકીની ત્રણ નગરપાલિકાઓને નીચે મુજબ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે.

| નગરપાલિકાનું નામ | ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ તારીખ |
|---|---|
| કલોલ | ૨૦–૦૮–૨૦૧૬ |
| પેથાપુર | ૧૨–૦૮–૨૦૧૬ |
| દહેગામ | ૦૩–૦૯–૨૦૧૬ |

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું એટલા માટે કે ગઇકાલનું બજેટ લોકો માટે ખૂબ સુખાકારી લઇને આવ્યું છે. શહેરોને ઓ.ડી.એફ. મુકત બનાવવાની જે આ યોજના ગુજરાતની આ ગતિશીલ સરકારે ઉપાડી છે તો એના માટે સરકારની કયા કયા પ્રકારની વહીવટી પ્રક્રિયામાંથી આ ઓ.ડી.એફ.માં પસાર થવું પડે છે એ વિગત હું જાણવા માગું છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, બીજી ઓકટોબર, મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ છે, પૂજ્ય બાપુના જન્મદિવસ નિમિત્તે તા. ર ઓકટોબર, ૨૦૧૪ના રોજ દેશના પ્રધાનમંત્રીશ્રીએ દેશની અંદર સ્વચ્છતા માટેનું એક મોટું અભિયાન ચાલુ કર્યું અને તે અંતર્ગત આખા દેશની અંદર સ્વચ્છતા માટેનો આગ્રહ બને, સ્વચ્છતા એક વિચાર બને તે માટે એક ઝુંબેશ ચલાવી. જે નગરની અંદર એક પણ વ્યક્તિ જેના ઘરની અંદર શૌચાલય નહીં હોય અથવા તો ખુલ્લામાં, જાહેરમાં શૌચ કરતા ન હોય. ઘરમાં ન હોય તો કોમ્યુનીટી શૌચાલયની અંદર પણ એ માટેની વ્યવસ્થા થાય એટલે ખુલ્લામાં શૌચ બંધ થાય તે આનો મુખ્ય ઉદ્દેશ હતો અને તે માટેની માનનીય ધારાસભ્યશ્રીએ જે વહીવટી પ્રક્રિયાની વાત કરી છે તેની હું માહિતી આપું તો પ્રથમ તબકકાની અંદર આઇ.આઇ.સી. પ્રવૃત્તિ દ્વારા જનજાગૃતિ માટેનો કાર્યક્રમ કરવામાં આવે છે જેના આધારે એક વખત લોકોના મન બનાવવા કે ખુલ્લામાં શૌચ કરવું એ આરોગ્ય માટે પણ સારું નથી અને સ્વચ્છતા માટે પણ ઠીક નથી. બીજા તબકકામાં અંદર શૌચાલય માટેની માળખાકીય સુવિધા આપવી. મન તો એક વખત બને કે અમે ખુલ્લાની અંદર શૌચ નહીં કરીએ પરંતુ જો સુવિધા ન હોય તો કયાં જાય? તો સુવિધા ઉભી કરવી, ઘર–ઘરની અંદર ૧૨૦૦૦ રૂપિયા જેટલી મદદ કરીને જેના ઘરની અંદર શૌચાલય ન હોય તો તેને આપવું અને જાહેર શૌચાલય અથવા તો મોબાઇલ ટોઇલેટ આ ટાઇપની પણ વ્યવસ્થા ઉભી કરીને એની સગવડ ઉભી કરવી. ત્રીજામાં એની નિભાવણી માટેની પણ વ્યવસ્થા કરવી. વ્યકિતગત હોય એ તો નિભાવણી માટેની વ્યવસ્થા કરે પરંતુ કોમ્યુનીટી શૌચાલય હોય તો એની નિભાવણી માટેની પણ વ્યવસ્થા કરવી અને ચોથી પ્રક્રિયા જે છે ઓ.ડી.એફ. ડીકલેર કરવા માટે તો એ પ્રક્રિયામાં શાળાઓ, સેલફેલ ગૃપો અથવા સામાજિક સંસ્થાઓ એ બધાની

સંમતિ લેવી, બાંહેધરી લેવી, વોર્ડ સભાઓ યોજવી, વાંધા સૂચનો અને વર્તમાન પત્રોની અંદર ૧૫ દિવસની જાહેરાત આપવી, સામાન્ય સભામાં ઓ.ડી.એફ. અંગેનો ઠરાવ પસાર કરવો, નગરપાલિકાઓ માટે કલેકટર કક્ષાએથી એની ચકાસણી કરવી અને રાજય કક્ષાએ થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન માટે ભારતની નામાંકિત સંસ્થા એવી કવોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા દ્વારા ચકાસણી અને ત્યારબાદ સ્વસ્થ ભારત મીશન દ્વારા ઓ.ડી.એફ. અંગેની જાહેરાત કરવામાં આવે છે. આટલી પ્રક્રિયા પછી કોઈપણ નગરપાલિકાને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવે છે.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, જે આ નગરપાલિકાઓ ઓ.ડી.એફ. ડીકલેર કરેલી છે એમાં હવે ફરીથી કોઇ જાહેરમાં શૌચ કરવા ન જાય એના માટે શું પગલાં લીધાં? અને તમને કયાંય નબળા શૌચાલય બન્યા છે કે ભ્રષ્ટાચાર થયો છે એવી કોઇ ફરિયાદ મળી છે ખરી?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી એ ખૂબ અગત્યનો અને ગંભીર વિષય એમણે લીધો છે કે એક વખત ઓ.ડી.એફ. જાહેર કર્યા પછી પાછળથી કોઇ શૌચ માટે બહાર ખુલ્લામાં ન જાય એ માટેની પણ તકેદારી રાખવી એ જરૂરી હોય છે. નગરોની રચના જે પ્રમાણે બની છે ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરો તરફ જે લોકો આવતા હોય તો બહારથી જે લોકો આવે એમને પણ વ્યવસ્થા ઉભી કરી દેવી પડે. એ માટે એક સિસ્ટમ પણ આપણે બનાવી છે કે શહેરી વિસ્તારની અંદર સ્વાગૃહીની એક ટીમ બનાવી છે. આવી કોઇપણ જગ્યાએ ખુલ્લામાં શૌચ જતા હોય તો અવેરનેસનું કામ કરી તેના માટેની સુવિધા કરવી એટલે પરમેનન્ટ વ્યવસ્થા થાય. દર ૬–૬ મહિને ઉપરથી ચેક કરવા માટેની પ્રક્રિયા છે અને માનનીય ધારાસભ્યશ્રીએ વાત કરી છે તે પ્રમાણે વ્યક્તિગત શૌચાલય પોતાના ઘરની અંદર બનાવવાના હોય છે, એટલે મોટા ભાગે તેમાં અંદર આવો કોઇ પ્રશ્ન રહેતો નથી. અને કોમ્યુનિટી ટોઇલેટ હોય છે, તેની કોઇ ફરિયાદ કોઇ જગ્યાએ હાલ પુરતી મળેલ નથી. અગાઉના સમયમાં આવી સમસ્યાઓ આવેલ હતી. પણ આ પ્રશ્ન અત્યારનો છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા મંત્રીશ્રીને પૂછવા માગું છું કે અગાઉના વર્ષોની વાત કરવા કરતાં ચાલુ વર્ષની વાત કરીએ. જો ગુજરાતમાં મોટામાં મોટો ભ્રષ્ટાચાર થતો હોય તો આ શૌચાલય બનાવવામાં થાય છે. બીજું કહું કે અધિકારીઓ દ્વારા કલોલ નગરપાલિકાને ઓ.ડી.એફ. તરીકે જાહેર કરી. અધિકારીઓ દ્વારા ૨૦ થી ૨૫ ટકા જગ્યાએ આવા શૌચાલય બન્યા નથી. ખોટા આંકડા આપવામાં આવ્યા છે. કલોલ નગરપાલિકામાં ૩૨ ક્વાર્ટર એરિયા છે. ત્યાં આગળ ગંદકી છે અને કેટલીક જગ્યાએ કીડાઓ પડ્યા છે. એવા કલોલ નગરપાલિકાની અંદર લોકો રહે છે. મેં સંકલનમાં વારંવાર રજૂઆત કરી છે. આજે સ્વચ્છતાના નામે, ગાંધી બાપુના નામે વાતો કરો છો. કલોલ નગરપાલિકાના ૩૨ ક્વાર્ટરની મુલાકાત લેશો તો ખબર પડશે કે નગરપાલિકાની શું પરિસ્થિતિ છે? ત્યારે પૂછું છું કે અધિકારી દ્વારા ખોટા આંકડા આપી ૧૦૦ ટકા શૌચાલયો બન્યા છે તે પણ કેવી કક્ષાના બન્યા છે. અંદર બેસો કે બહાર બેસો કશી ખબર પડે નહિ એ ટાઇપના અંદર તૂટી ગયેલ છે, તો તેની તપાસ કરી અધિકારી ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : આ પ્રશ્ન માત્ર માણસા નગરપાલિકા પૂરતો મર્યાદિત છે. છતા પણ મંત્રીશ્રી પાસે જવાબ હોય તો આપે.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : આપની પરમીશન હોય તો જવાબ સભ્યશ્રીને આપીશ. સ્વચ્છતાનો વિષય છે. માત્ર સરકાર પુરતો નથી. પ્રજાની લિવિંગ હેબિટ ચેઇન્જ કરવા માટેનો છે.(અંતરાય) બળદેવજી, તમે વાત કરી એમાં મેં તમને શાંતિથી સાંભળ્યા. હવે મારો જવાબ તમારે શાંતિથી સાંભળવો પડે. ખોટા આંકડા આપવાનો પ્રશ્ન નથી. એમાં બે પદ્ધતિ છે. જેના ઘરની અંદર શૌચાલય માટેની જગ્યા છે તે પોતાનું વ્યક્તિગત બનાવશે. ૫–૧૦ ઘરોની વચ્ચે એમ લાગે કે શૌચાલય બનાવવાની જગ્યા ત્યાં આગળ નથી. ઘરની અંદર વ્યક્તિગત નાનું મકાન હોય અથવા તો ઝૂંપડપટ્ટીમાં રહેતા હોય કે પોતાની માલિકીનું મકાન ન હોય એવી જગ્યાએ પણ દબાણ કરી નગરપાલિકાની અંદર રહેતા હોય તેવી વ્યક્તિ પણ શૌચ ખુલ્લામાં ન કરે, તે માટે સરકારી વ્યવસ્થામાં કોમ્યુનિટી શૌચાલય બનાવી આપવાની વ્યવસ્થા ઊભી કરી છે. ૪–૫ ઘરની વચ્ચે તાળાની ચાવી આપવામાં આવે છે. તેનો તેઓ ઉપયોગ કરે અને મરામત કરવાની વ્યવસ્થા પણ એ કરે. કલોલ નગરપાલિકાનો સવાલ છે, ત્યાં સુધી મોટા પ્રમાણમાં આ પ્રમાણે વ્યવસ્થા હતી. હું અગાઉ કલોલ ગયો હતો ત્યારે માનનીય ધારાસભ્યશ્રીએ રજૂઆત કરી હતી. આ એવા એરિયા છે, જ્યાં શૌચાલય માટેની સુવિધા નથી, ત્યાં વ્યક્તિગત ચિંતા કરીને આખા વિસ્તારમાં આપે કહ્યું હતું અને જ્યાં વ્યક્તિગત નહોતા ત્યાં પણ કોમ્યુનિટી શૌચાલયની સુવિધા ઊભી કરવામાં આવી છે. શૌચાલયની બાબતમાં કે તેની ગુણવત્તાની બાબતમાં આપના ધ્યાનમાં કંઇ પણ મુશ્કેલી આવે તો નામજોગ આપશો તો ચોક્કસ તપાસ કરવાની વ્યવસ્થા કરાવીશ.

## તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજના હેઠળ કાર્ડ

* ૨૮૨૪૩ શ્રીમતિ ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૧,૧૫,૩૭૩ |
| (૨) ઉકત જિલ્લામાં ઉકત સ્થિતિએ કેટલા દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને | (૨) ૧૧,૦૩૭ |
| (૩) ઉકત જિલ્લામાં દાવાઓ પેટે કૂલ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે ? | (૩) રૂ.૩૧,૧૦,૦૮,૫૦૮/– |

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત જિલ્લામાં મા વાત્સલ્ય યોજના અંતર્ગત કેટલી હોસ્પિટલો જોડાઇ છે અને ફેસીલીટીવાઇઝ કેટલી સરકારી અને કેટલી ખાનગી હોસ્પિટલો જોડાઇ છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ મા યોજના અને મા વાત્સલ્ય યોજના તે દેશભરની અંદર ગુજરાત સરકારે આરોગ્યની દ્દષ્ટિએ કરેલી સારી પહેલ છે અને લોકોમાં તેની પોઝીટીવ ઇમ્પેકટ પણ મળી છે. અનેક રાજયો આ બાબતનો અભ્યાસ કરવા માટે આવે છે કે આરોગ્યની દ્દષ્ટિથી આવું કામ થઇ શકે છે. સુરત જિલ્લાની અંદર કેટલી હોસ્પિટલો જોડાઇ છે તેની વાત માનનીય સભ્યશ્રીએ કરી છે તો સુરત જિલ્લામાં ૧૪ હોસ્પિટલો આ યોજના સાથે જોડાયેલી છે. તેમાં ૨ સરકારી અને ૧૨ ખાનગી હોસ્પિટલો છે. આની અંદર જુદી જુદી સ્પેશ્યાલીટી સાથેની હોસ્પિટલો છે તેમાં કેન્સર માટેની હોસ્પિટલ, મહાવીર હાર્ટ હોસ્પિટલ, પી.પી. સવાણી હોસ્પિટલ, લાયન્સ કેન્સર હોસ્પિટલ, વોકહાર્ટ હાર્ટ હોસ્પિટલ, યુનિકેર હાર્ટ ઇન્સ્ટિટયૂટ, સનસાઇન ગ્લોબલ હોસ્પિટલ આ ટાઇપની સુરતની અંદર નામાંકિત કહી શકાય તેવી ૧૪ જેટલી હોસ્પિટલોની અંદર મા અને મા વાત્સલ્ય યોજનાનો લાભ મળે છે. તે માત્ર સુરત જ નહીં પણ દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારો હોય કે નજીકના બીજા વિસ્તારો હોય તો ત્યાં આવી હાર્ટ, કિડની, કેન્સર, બર્ન્સ અથવા તો વધારે વાગેલું હોય તો આ પ્રમાણેની સારવાર સુરતમાં ૧૪ હોસ્પિટલો દ્વારા આપવામાં આવે છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, સુરત જિલ્લામાં સ્થાયી કિયોસ્ક અને મોબાઇલ કિયોસ્ક ઉપરથી અત્યાર સુધીમાં કેટલા કાર્ડ ઇસ્યુ કરવામાં આવેલ છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કાર્ડ આપવાની પ્રક્રિયા છે તેમાં બે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેને ક્રિયોસ્ક કહીએ છીએ. એક સ્થાયી કિયોસ્ક હોય છે તે દરેક તાલુકા કક્ષાએ રાખતા હોઇએ છીએ. કેટલાક મોબાઇલ કિયોસ્ક હોય છે કે જેના આધારે જે તે જગ્યા ઉપર વધારે જરૂરિયાત ઉભી થાય તો કાર્ડ કાઢી આપવામાં આવે છે. દા.ત. સી.એમ.સેતુ કાર્યક્રમ અંતર્ગત એકસાથે વધારે લોકો ભેગા થયા હોય તો મોબાઇલ કિયોસ્ક દ્વારા કાર્ડ આપી શકાય છે. સુરત જિલ્લામાં સ્થાયી કિયોસ્ક ઉપરથી ૧ લાખ ૩૫ હજાર જેટલા લોકોને તથા મોબાઇલ કિયોસ્ક દ્વારા અલગ અલગ જગ્યાએ ફરીને કે જયાં લોકો તાલુકા કક્ષા સુધી આવી શકતા ન હોય તો ત્યાં જઇને કાર્ડ આપવા માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. તે અંતર્ગત કુલ ૬૯ હજાર જેટલા કાર્ડ આપવામાં આવેલ છે. આમ, કુલ મળીને ૨ લાખ ૦૪ હજાર જેટલા કાર્ડ સુરતની અંદર મા યોજના અને મા વાત્સલ્ય યોજનાની અંદર આપવામાં આવેલ છે.

શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, મા યોજના હેઠળ કેટલા પ્રકારની ગંભીર બીમારીઓની કઇ કઇ પ્રોસીજર દ્વારા સારવાર પૂરી પાડવામાં આવે છે?

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આવો જ અગત્યનો પ્રશ્ન મા યોજના અને મા વાત્સલ્ય યોજનાનો પાલનપુરનો હતો. માનનીય ધારાસભ્યશ્રી બેઠા હતા અને હમણાં જ નીકળી ગયા છે. તે બાબતે મારે કંઇ કહેવું નથી. પરંતુ તેમને પણ કહીશ કે મા યોજના અને મા વાત્સલ્ય યોજનાની અંદર પાલનપુરની અંદર જે વ્યવસ્થા કરવાની થશે તે કરીશું. આ પ્રશ્નનો જયાં સુધી સવાલ છે ત્યાં સુધી કેટલા પ્રકારની ગંભીર બીમારીઓ અને કયા કયા પ્રકારની સારવાર આપવામાં આવે છે તેવો પ્રશ્ન માનનીય સભ્યશ્રીનો છે તો તેના જવાબમાં કહું તો મા યોજનામાં ગરીબી રેખા નીચે જીવતા લોકો અને મા વાત્સલ્ય યોજનામાં અત્યાર સુધીમાં ૧ લાખ ૨૦ હજાર સુધીની આવક મર્યાદા હતી. ગઇકાલે બજેટની અંદર માનનીય નાણામંત્રીશ્રીએ જાહેરાત કરી કે મા વાત્સલ્ય યોજનામાં ૧.૫૦ લાખ રૂપિયા સુધીની આવક ધરાવતા લોકોને પણ આનો લાભ આપવામાં આવશે. કઇ કઇ બિમારીઓ? તો ગરીબી રેખા હેઠળ જીવતા તેમજ મધ્યમ વર્ગના લાભાર્થીઓને ગંભીર બિમારીઓ જેવી કે હ્રદય, મગજ, કીડનીને લગતી બિમારીઓની ઘનિષ્ઠ સારવાર, બર્ન્સ, કેન્સર જેવી ગંભીર બિમારી તથા ઇજાઓ તેમજ નવજાત શીશુઓના રોગો જેવી ગંભીર બિમારીઓની અંદર ૫૪૪ જેટલી પ્રોસિઝર માટે કુટુંબદીઠ વાર્ષિક મહતમ ૨ લાખની મર્યાદામાં કેશલેસ સારવાર આપવાની સુવિધાઓ છે. બર્ન્સની અંદર ૨૨ જેટલી પ્રોસિઝર, હૃદયની અંદર ૧૫૩ જેટલી પ્રોસિઝર,

કીડનીની અંદર પર પ્રોસિઝર, મગજ માટે ૪૯ પ્રોસિઝર, નવજાત શીશુના રોગ માટે ૨૯ અને ગંભીર ઇજાઓ જો થયેલી હોય તો એમાં ૩૩ જેટલી પ્રોસિઝર અને કેન્સરમાં ૨૦૬ એટલે કુલ ૫૪૪ જેટલી પ્રોસિઝર આમ, મા યોજના અંતર્ગત આ બધી ટ્રીટમેન્ટ આપવામાં આવે છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સુરત જિલ્લામાં મા યોજના હેઠળ કોઇ દાવાનું ચૂકવણું બાકી છે કે કેમ? અથવા કોઇ રકમ મંજૂર કરવાની બાકી છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કેશલેસ સિસ્ટમ છે એટલે કોઇ લાભાર્થીએ કંઇ લઇને જવાના નથી હોતા, માત્ર કાર્ડ લઇને જાય એટલે ત્યાંથી એક પણ રૂપિયો લીધા સિવાય એને સારવાર આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, દાવાની એમણે જે વાત કરી એમાં પ્રોસિઝર એવી રાખી છે કે દર્દીએ ટ્રીટમેન્ટ કરાવ્યા પછી જે તે હોસ્પિટલે સરકારી હોય અથવા તો પ્રાઇવેટ હોસ્પિટલ હોય એ પોતે દાવો રાજય સરકારમાં અમારા વિભાગમાં રજૂ કરે છે અને રજૂ કર્યાના ૪૫ દિવસની અંદર તેને ટ્રીટમેન્ટના નાણાં મળી જાય એ પ્રમાણેની વ્યવસ્થા કરી છે અને આ અંતર્ગત સુરત જિલ્લામાં આજની તારીખે કોઇ પણ પ્રકારના ૪૫ દિવસ કરતા વધારે સમયના ચૂકવણા થયા વગરના દાવાઓ બાકી હોય એવો કોઇ કેસ નથી. તમામ દાવાઓ ૪૫ દિવસની મર્યાદા જે મેં કહી એ પ્રમાણે ચૂકવી દેવામાં આવ્યા છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન છે એમાં મા વાત્સલ્ય અને મા અમૃતમ કાર્ડ એ આ ગુજરાતની પ્રજા માટે ખૂબ આશીર્વાદરૂપ કાર્ડ છે એ મેં મારા વિસ્તારમાં જાતે જોયું છે. આ કેમ્પો જે સેવા સેતુના ગુજરાત સરકારે ચાલુ કર્યા એની અંદર કોંગ્રેસના તાલુકાના સભ્યો, કોંગ્રેસના કોર્પોરેટરોએ અમારી સાથે મળીને લોકોને કાર્ડ અપાવ્યા છે. તો આ કાર્ડ અપાવવા માટે આવા કેમ્પોમાં આપણા વિપક્ષના મિત્રો ત્યાં હાજર રહે છે કે કેમ? એ મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ સભ્યશ્રીએ ક્યારે અને ક્યાં હાજર રહેવું એ જવાબ હું નહીં આપી શકું પરંતુ એટલું ચોક્કસ કહીશ કે એક વ્યક્તિને પણ જો સારવાર માટેનો ખર્ચ પાંચ-દસ હજાર રૂપિયા કોઇ સંસ્થા કે કોઇ વ્યક્તિ આપતા હોય તો જીવનભર એ વ્યક્તિ એમ માનતા હોય છે કે મને આટલી મદદ કરી. દવા માટે આપીએ તો પણ મદદ કરી એમ કહે છે. તો સરકારની આ યોજનાનો લાભ લઇને કાર્ડ કઢાવવાની અંદર જો જનપ્રતિનિધિઓ જોડાય તો મને લાગે છે કે, એક સાચું સમાજ સેવાનું કામ કર્યું કહેવાય. સાથે સાથે અત્યારે હાલ સી.એમ. સેતુ કાર્યક્રમ જે કરવામાં આવ્યો છે તેની અંદર પણ પાંચ સાત જેટલા કીયોસ્ક મશીનો દ્વારા ત્યાં સ્થળ ઉપર જ એને કાર્ડ કાઢી આપવાની પ્રક્રિયા હોય છે કે જેથી જે તે વિસ્તારના લોકોને આ પ્રમાણેની વ્યવસ્થાનો લાભ લેવાનો હોય તો સી.એમ. સેતુ કાર્યક્રમનો લાભ પૂરેપૂરો લઇ શકે અને લોકોપયોગી કામની અંદર સીધા જોડી શકાય.

કે.જી. બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન

* ૨૬૮૩૪ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કે.જી. બેઝીનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન ક્યારે શરૂ કરવામાં આવ્યું, | (૧) કે.જી. બેઝીન બ્લોકમાં હાલના સમયે પ્રાયોગિક ધોરણે (Trial Production) ગેસનું ઉત્પાદન શરૂ કરેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી કિંમતનો કેટલો ગેસ મળ્યો, અને | (૨) વ્યવસાયિક ધોરણે ઉત્પાદન શરૂ કરેલ નથી. |
| (૩) ઉકત સ્થિતિએ કે.જી. બેઝીન પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કે.જી. બેઝીન પાછળ કુલ રૂ.૧૪૭૩૮.૪૧ કરોડ ખર્ચ થયેલ છે. (૮૦ટકા જીએસપીસી ના શેર પ્રમાણે) |

કે.જી. બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન

ડો. *૨૬૮૩૪ તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપ કરશે કે,

(૧) તા.૩૧.૧૨.૨૦૧૬ની સ્થિતિએ કે.જી.બેઝિનમાંથી ગેસનું વ્યવસાયિક ઉત્પાદન ક્યારે શરૂ કરવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી કિંમતનો કેટલો ગેસ મળ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કે.જી. બેઝિન પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

નાયબ મુખ્યમંત્રીશ્રીઃ

(૧) કે.જી.બેઝિન બ્લોકમાં હાલના સમયે પ્રાયોગિક ધોરણે (Trial production) ગેસનું ઉત્પાદન શરૂ કરેલ છે.

(૨) વ્યવસાયિક ધોરણે ઉત્પાદન શરૂ કરેલ નથી.

(૩) તા. ૩૧.૧૨.૨૦૧૬ની સ્થિતિએ કે.જી.બેઝિન પાછળ કુલ રુ.૧૪૭૩૮.૪૧ કરોડ ખર્ચ થયેલ છે. (૮૦ ટકા જી.એસ.પી.સી.ના શેર પ્રમાણે)    ડો. તેજશ્રીબેન દિ. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલું કે તમે નળ ખોલશો તો તેલ નીકળશે, પણ મારા પહેલાં પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે, ટ્રાયલ પ્રોડક્શન થયું છે, તો તે કેટલું થયું છે? બીજું વ્યવસાયિક ધોરણે હજી સુધી ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું નથી તો ક્યારે શરૂ કરવા માગો છો અને

જે ઓ.એન.જી.સી.માં મર્જ કરવાની વાત છે તો એવી જરૂર કેમ પડી? કે.જી. બેઝીનનું કૌભાંડ એટલે કૌભાંડ જનરેશન બેઝીન હતું? આ ભ્રષ્ટાચારનું બેઝીન હતું ? અને ગુજરાતમાંથી લોકો દિલ્હી કેમ પહોંચી ગયા * (×××) એ ગુજરાતની જનતા હવે સારી રીતે જાણી ગઇ છે,

અધ્યક્ષશ્રી : તેજશ્રીબેન તમારા આ પ્રશ્નના જવાબ આપવાની જરૂરિયાત નથી. પ્લીઝ બેસો. તેજશ્રીબેનના બે પ્રશ્નો એલાઉ કરવામાં આવશે, બાકીના પ્રશ્નો એલાઉ કરવામાં નહિ આવે પ્લીઝ, બે પ્રશ્નનો જવાબ મંત્રીશ્રી આપશે.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ: ૧૪૮૩૮.૪૧ કરોડ રૂપિયાનો આટલો બધો ખર્ચો થયા પછી પણ જો વ્યવસાયિક ધોરણે ગેસનું ઉત્પાદન થયું ના હોય તો આ સરકારે એનો જવાબ આપવો પડે અને દોષિતો સામે શા પગલાં આપ લેવાના છો અને *(×××) બેઝીન જે થયું..

અધ્યક્ષશ્રી : તેજશ્રીબેન તમને ફરીથી કહુ છું કે તમે કૌભાંડ શબ્દ ફરીથી ના વાપરો, તમારો પ્રશ્ન પૂરો થાય, મંત્રીશ્રી જવાબ આપે, તમને ઠીક લાગે એ પ્રશ્ન તેમાંથી ઉપસ્થિત કરવાનો, પહેલેથી તમે જે પ્રકારના પ્રશ્નો કરો છો એ ઠીક નથી અને વ્યવહારુ પણ નથી, પ્લીઝ

ડો. તેજશ્રીબેન દિ. પટેલ: હવે ક્યાં સુધીમાં આ ઉત્પાદન કરવા માગો છો અને આ કૌભાંડ કોના દ્વારા આચરાયું અને કુલ કેટલા પૈસાનું થયું એની તપાસ કરવા માગો છો કે નહિ ?

અધ્યક્ષશ્રી : માનનીય વિરોધપક્ષના નેતાશ્રીને મારી વિનંતી છે કે મારે પ્રશ્ન કેન્સલ કરવો પડે એટલી હદ સુધી સભ્યશ્રીઓ ન જાય, મુળ પ્રશ્ન પર આવી જાય, મંત્રીશ્રીના જવાબ પછી પૂરક પ્રશ્ન પુછી શકો છો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ અતિ મહત્વનો પ્રશ્ન છે એમાં આપે બન્ને બાજુએ જોવાનું રહે વિરોધપક્ષ અને શાસકપક્ષ બન્નેના સમર્થનથી આપ આ પદ ગ્રહણ કરતા હો છો એટલે અહીં પણ એ લાગુ પડે છે જે નથી પડતું લાગતું. જો *(×××) અને જો થોડોક પણ ગેસ ન નીકળ્યો હોય અને એલોબરેટ કરીને જો પ્રશ્ન પુછતા હોય તો એવી સાંભળવાની શક્તિ હોવી જોઇએ અને આમાં ક્યાંય ખોટું હોય તો મંત્રીશ્રી કહે કે આ ખોટું છે.

અધ્યક્ષશ્રી : આમાં વિષય એટલો જ છે કે પ્રશ્ન પુછવાનો તમને અધિકાર છે પણ મંત્રીશ્રીએ એનો જવાબ આપવાનો છે અને મંત્રીશ્રીના જવાબ પછી એમને જે પુછવું હોય તે પુછી શકે છે. આપને ઠીક લાગે તે પ્રકારનો પ્રશ્ન તમે પુછી શકો છો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : બાપુની વાત સાચી છે પણ ક્યારે માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળ્યા પછી.

અધ્યક્ષશ્રી : જી, મારું પણ એ જ કહેવાનું છે કે કોઇપણ સભ્યશ્રી પોતાનો પ્રશ્ન પુછે એનો મંત્રીશ્રી જવાબ આપે એ પછી તમે પૂરક પ્રશ્ન પુછી શકો છો, માનનીય મંત્રીશ્રી,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભાગૃહ ગુજરાતની પ્રજાનું પ્રતિનિધત્વ ધરાવતા પ્રતિનિધિઓનું છે. માનનીય શંકરસિંહજીએ કહ્યું કે એલોબરેટ કરવાની છૂટ છે એટલે હું વિસ્તૃત જવાબ આપવાનો છું, ધીરજ રાખજો, સાંભળવાની તૈયારી રાખજો અને ખોટું લગાડતા નહિ. ઉભા ના થઇ જતા. માનનીય તેજશ્રીબહેને વાત કરી કે *(×××) (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, જેના વિશે એક તટસ્થ બંધારણીય ઓડિટ કરતી એજન્સીએ પણ ગંભીર સવાલો..(અંતરાય).. હું પ્રશ્ન ઉપર જ આવુ છું હું એમની જેમ બીજી વાત નથી કરતો.

અધ્યક્ષશ્રી : જયારે આ સભાગૃહના કોઇ પણ સભ્યનો પ્રશ્ન દાખલ થયો છે તે પ્રશ્ન માટે તમને ઠીક લાગે એવો પ્રશ્ન તમે મંત્રીશ્રીને કરી શકો છો પરંતુ માનનીય તેજશ્રીબહેનને મેં ત્રણ વખત ટકોર કરી કે તમો સીધો પ્રશ્ન પૂછો તમે *(×××) આ બેન બોલ્યા છે અને આપ એમના સાક્ષી છો. મારો વિષય માત્ર એટલો છે કે આપને પ્રશ્ન પૂછવાનો પૂરો હક્ક અને અધિકાર છે સરકાર તરફથી તેમનો જવાબ આપવા માટે અહીં બંધાયેલા છે. જયારે મંત્રીશ્રીએ એમની શરૂઆત કરી જે બહેને પ્રશ્ન પૂછયો મેં તેમને ના પાડી એ જ પ્રશ્નથી એમણે શરૂઆત કરી એટલે તેમના પૂરા પ્રશ્નનો ઉત્તર તમે સાંભળો અને પછી હું તમને એલાઉ કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હજુ ફરી કહું છું ..(અંતરાય)..તમે ના સાંભળો મને વાંધો નથી, મારે બોલવુ જ નથી. સાંભળવું હોય તો હું ઉભો છું પણ તેમને ખબર છે સાંભળવાનું બહુ અઘરું અને બહુ નહીં ગમતું છે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી મુદ્દા ઉપર આવી જાવ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ હું મુદ્દા ઉપર જ છું મેં પહેલાં કહ્યું છે કે હું બોલીશ તે સાંભળવું પડશે, કડવું લાગશે અને સાંભળી નહીં શકો. ..(અંતરાય)..માનનીય અધ્યક્ષશ્રી, એમણે અમારા ઉપર આક્ષેપ કર્યો હતો, મારા પક્ષ ઉપર, મારી સરકાર વતી જવાબ આપવાનો મારો અધિકાર છે. સ્પષ્ટતા કરવાનો મારો અધિકાર છે તમે દાવ લઇને જતાં રહો એવુ ના ચાલે અમારો દાવ લેવાનો ટાઇમ આવ્યો છે. તમારે ફિલ્ડીંગ ભરવી પડશે તમે બોલ્યા છો અમને સાંભળવા પડશે. રાઉલજી, તમે બોલો અને અમે સાંભળી લઇએ એ પૂરતું નથી તમારા બોલ્યા પછી અમારો જવાબ સાંભળવાની તમારે તૈયારી રાખવી પડે. તૈયાર રહો, સાંભળવું હોય તો કહું હજુ કહું છું નહીં સાંભળી શકો. માનનીય અધ્યક્ષશ્રી, જે પક્ષે હવામાં, જમીનમાં, ભૂગર્ભમાં

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## અતારાંકિત પ્રશ્નોત્તરી

સૈનિકોની જમીનોમાં ...(અંતરાય)..

અધ્યક્ષશ્રી : પ્લીઝ બધા પોતાનું સ્થાન લો. માનનીય મંત્રીશ્રી તમે પણ જરા સંયમિત જવાબ આપો જેથી ગૃહનું વાતાવરણ સારું રહે. ..પ્લીઝ.. (સતત સૂત્રોચ્ચાર) માનનીય સભ્યશ્રીઓને પોતાની જગ્યા ઉપર બેસવાની વિનંતી કરું છું. બંને બાજુના મિત્રોને બેસવાની વિનંતી કરું છું. (સતત સૂત્રોચ્ચાર) મંત્રીશ્રીનો જવાબ સાંભળો ત્યાં સુધી મહેરબાની કરીને બેસો. મંત્રીશ્રી બોલે પછી તમને કાઉન્ટર કરવાની હું પૂરતી તક આપું છું. (સતત અંતરાય) સભાગૃહનું આજનું કામકાજ પ્રશ્નોત્તરીકાળ પૂરો થાય ત્યાં સુધી સ્થગિત રાખવામાં આવે છે. મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૧.૦૫ વાગ્યે ફરી મળ્યું.

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

### અતારાંકિત પ્રશ્નોત્તરી

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### ધોળકા તાલુકાના ધોળકા–ભાયલા રોડ પહોળો કરવા બાબત

* ૨૮૨૩૫ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ધોળકા તાલુકાના ધોળકા–ભાયલા રોડને પહોળો કરવાનું કોઈ આયોજન છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ કામ ક્યા તબક્કે છે ? | (૨) વર્કઓર્ડર પ્રક્રિયા હેઠળ. |

### પાલનપુર જિલ્લામાં ‘‘મા’’ યોજના હેઠળ કાર્ડ

* ૨૮૦૩૦ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર શહેર અને પાલનપુર તાલુકાના કેટલા બી.પી.એલ. પરિવારને તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ‘‘મુખ્યમંત્રી અમૃતમ યોજના’’ હેઠળ કાર્ડ અપાયા, | (૧) |

| પાલનપુર શહેર | પાલનપુર તાલુકા |
|---|---|
| ૧૩૪ | ૧૨૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) કેટલા બી.પી.એલ. પરિવારોને ઉકત સ્થિતિએ તાલુકાવાર ઉકત કાર્ડ આપવાના બાકી છે, અને | (૨) નોંધણી કરાવવા આવેલ તમામ પાત્રતા ધરાવતા બી.પી.એલ. લાભાર્થીને કાર્ડ આપેલ છે. કોઈ બાકી નથી. |
| (૩) ઉકત બાકીના તમામને ઉકત કાર્ડ ક્યાં સુધીમાં પૂરા પાડવામાં આવનાર છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### મહેમદાવાદ તથા ખેડા ખાતે રમતગમત સંકુલ બનાવવા માટેનું આયોજન

* ૨૭૯૬૮ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેમદાવાદ તથા ખેડા તાલુકા ખાતે રમતગમતની પ્રવૃતિઓ માટે નવીન સંકુલ બનાવવાનું સરકારએ કોઈ આયોજન કરેલ છે કે, કેમ | (૧) ના, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે કેટલી રકમની ફાળવણી ઉકત સ્થિતિએ કરવામાં આવેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત સંકુલનું કામ કેટલા સમયમાં હાથ ધરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### બોરસદ નગરપાલીકામાં મંજૂર થયેલ ગટર પ્રોજેકટ

* ૨૮૦૭૬ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બોરસદ નગરપાલિકામાં ગટર પ્રોજેકટ મંજૂર થયેલ છે પરંતુ સુએઝ | બોરસદ ભૂગર્ભ ગટર યોજના મંજૂર થયેલ છે. તેમાં એસટીપી (સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ) નો સમાવેશ કરવામાં |

ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવા માટે એસ.ટી.પી. ની કાર્યવાહી કરી કેટલા સમયમાં મંજૂર કરવામાં આવશે ?

આવેલ છે. યોજનાનું અમલીકરણ બે તબક્કામાં હોઈ પ્રથમ તબક્કામાં સ્યૂયર કલેકટીંગ નેટવર્કનું કામ પૂર્ણ થયેલ છે. એસટીપીનું કામ બીજા તબક્કામાં હાથ ધરવામાં આવશે.

સંતરામપુર નગરપાલિકાની ભુગર્ભ ગટર યોજનાના કામો

* ૨૭૧૩૩ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર જિલ્લાની સંતરામપુર નગરપાલિકાની ભુગર્ભ ગટર યોજનાના કામ માટે છેલ્લા બે વર્ષમાં કોઈ રકમ ફાળવેલ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ ક્યા કામો માટે ફાળવવામાં આવી, અને | (૨) ઉકત સ્થિતિએ ભુગર્ભ ગટર યોજનાના સ્યુઅર કલેકટીંગ નેટવર્ક તથા અનુષાંગિક કામો માટે વર્ષ ૨૦૧૪ માં રૂ.૭.૩૭ કરોડ અને વર્ષ ૨૦૧૫ માં રૂ.૪.૧૧ કરોડ ફાળવવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) ઉકત સ્થિતિએ સ્યુયર કલેકટીંગ નેટવર્ક તથા અનુષાંગિક કામ પૂર્ણ થયેલ છે, તે માટે રૂ.૧૧.૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે. |

ડીસા શહેરની ટી.પી. સ્કીમો

* ૨૭૦૨૪ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

ભાવનગર મહાનગરપાલિકાને ગ્રાન્ટની ચૂકવણી

* ૨૭૫૮૨ શ્રી જીતુભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે અને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૯૩.૦૯ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે અને રૂ.૧૭૪.૯૨ કરોડની રકમ ચુકવવામાં આવેલ છે. |
| (૨) ઉકત સ્થિતિએ યોજનાના કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે. | (૨) ઉકત સ્થિતિએ ઉકત યોજનાના કુલ ૬૦૮ કામો મંજુર થયેલ છે અને ૧૧૨ કામો પૂર્ણ થયેલ છે. |

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં વેટ અને સેસની આવક

* ૨૬૮૫૫ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેટ અને સેસ વસુલવામાં આવે છે, અને

જવાબ

(૧)

| વિગત | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |
| સી.એન.જી. | ૧૨.૫% + ૨.૫ વધારાનો વેરા | – |
| પી.એન.જી. | ૧૨.૫% +૨.૫ વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪%+૧% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર (પુનઃવેચાણ) | માફી | – |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને

(૨) (રકમ રૂ.લાખમાં)

| | મહિસાગર | | પંચમહાલ | |
|---|---|---|---|---|
| | તા.૧/૧/૧૫ થી | તા.૧/૧/૧૬ થી | તા.૧/૧/૧૫ થી | તા.૧/૧/૧૬ થી |

પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર વેટ અને સેસ પેટે કેટલી આવક થઈ ?

| | તા.૩૧/૧૨/૧૫ | તા.૩૧/૧૨/૧૬ | તા.૩૧/૧૨/૧૫ | તા.૩૧/૧૨/૧૬ |
|---|---|---|---|---|
| પેટ્રોલ | ૩૫.૨૧ | ૭૧.૬૧ | ૧૦૧.૬૧ | ૨૧૪.૮૧ |
| ડીઝલ | ૫૧.૩૧ | ૯૭.૪૧ | ૧૫૩.૯૨ | ૩૩૨.૨૨ |
| સી.એન.જી. | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| પી.એન.જી. | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| રાસાયણિક ખાતર | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |

---------

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલનું બાકી કામ

* ૨૬૯૦૭ શ્રી બલવંતસિંહ રાજપુત (સિધ્ધપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની ક્યા પ્રકારની કેનાલોનું કેટલું કામ બાકી છે ?

જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં નર્મદા યોજનાની કેનાલોનું નીચે મુજબનું કામ બાકી છે.

| નહેરનો પ્રકાર | બાકી કામની લંબાઈ (કિ.મી.) |
|---|---|
| (અ) પાટણ જિલ્લો | |
| શાખા નહેરો | ૧.૨૯ |
| વિશાખા નહેરો | ૬.૮૫ |
| પ્રશાખા (માઈનોર) | ૧૪૧.૨૬ |
| પ્રપ્રશાખા (સબમાઈનોર) | ૧૬૩૧.૦૯ |
| કુલ બાકી કામ | ૧૭૮૦.૪૯ |
| (બ) બનાસકાંઠા જિલ્લો | |
| શાખા નહેરો | ૦.૧૫ |
| વિશાખા નહેરો | ૧૨.૨૫ |
| પ્રશાખા (માઈનોર) | ૧૮૯.૦૩ |
| પ્રપ્રશાખા (સબમાઈનોર) | ૮૮૨.૧૯ |
| કુલ બાકી કામ | ૧૦૮૩.૬૨ |

---------

રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર પેટે ચૂકવવાની રકમ

* ૨૭૮૯૮ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની કેટલી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને ઓક્ટ્રોયના વળતર પેટે કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને તેના કારણો શા છે, અને

(૨) બાકી રહેતી ઉકત રકમ સરકાર ક્યાં સુધીમાં ચૂકવવા માંગે છે ?

જવાબ

(૧) કોઈ રકમ ચૂકવવાની બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લાની નગરપાલિકાઓને ઓ.ડી.એફ. જાહેર કરવા બાબત

* ૨૮૨૫૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વલસાડ જિલ્લાની વાપી

જવાબ

(૧) તા.૦૨–૦૮–૨૦૧૬ના રોજ વાપી નગરપાલિકાને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવી.

નગરપાલિકાને કયારે ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવી, અને

(૨) વલસાડ જિલ્લાની બાકી રહેલ નગરપાલિકાઓને ક્યાં સુધી ઓ.ડી.એફ. જાહેર કરવાનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે ?

(૨) વલસાડ જિલ્લાની બાકી રહેલ ચાર નગરપાલિકાઓને નીચે મુજબની તારીખે ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે.

ઉમરગામ તા.૦૫-૦૮-૨૦૧૬
વલસાડ તા.૨૦-૦૮-૨૦૧૬
ધરમપુર તા.૦૯-૦૯-૨૦૧૬
પારડી તા.૦૯-૦૯-૨૦૧૬

---------

બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય યોજનાના કાર્ડ

* ૨૮૨૩૮ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ અંતર્ગત કેટલા લોકોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૧,૮૨,૯૯૪ લાભાર્થી કુટુંબને. |
| (૨) ઉકત જિલ્લામાં ઉકત સ્થિતિએ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને | (૨) ૫,૧૬૯ દાવાઓ મંજુર કર્યા. |
| (૩) ઉકત જિલ્લામાં પ્રિમિયમ પેટે કેટલી રકમ ચુકવેલ છે? | (૩) રૂ.૬,૨૫,૨૩,૨૨૫/- ચુકવેલ છે. |

---------

નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ ફાળાની કપાત

* ૨૮૨૭૭ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવા હડફ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ પરમેનન્ટ પેન્શન એકાઉન્ટ નંબર (પીપાન) તથા પરમેનન્ટ રીટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (પ્રાન) કોના દ્વારા ફાળવવામાં આવે છે, | (૧) નવી પેન્શન યોજના અન્વયે પરમેનન્ટ પેન્શન એકાઉન્ટ નંબર (પીપીએએન)-નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી (ડીપીપીએફ) દ્વારા ફાળવવામાં આવે છે. તથા પરમેનન્ટ રીટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (પ્રાન)- નેશનલ સીકયોરીટીઝ ડીપોઝીટરી લીમીટેડ (એનએસડીએલ) દ્વારા ફાળવવામાં આવે છે. |
| (૨) ઉકત યોજનામાં રેકર્ડ કીપીંગ એજન્સી તરીકે કોની નિમણૂંક કરવામાં આવેલ છે, અને | (૨) નેશનલ સીકયોરીટીઝ ડીપોઝીટરી લીમીટેડ (એનએસડીએલ) મુંબઈની રેકર્ડ કીપીંગ એજન્સી તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ નવી વર્ધિત પેન્શન યોજનામાં કર્મચારીનો ફાળો કેટલો કાપવામાં આવે છે. અને સરકાર દ્વારા કેટલો ફાળો જમા કરાવવામાં આવે છે ? | (૩) નવી વર્ધિત પેન્શન યોજનામાં કર્મચારીના ફાળા પેટે કર્મચારીના પગારમાંથી મુળ પગાર+મોંઘવારી ભથ્થાના સરવાળાના ૧૦ટકા પ્રમાણે ફાળો કાપવામાં આવે છે. તથા સરકાર દ્વારા સપ્રમાણ એટલે કે ૧૦% ફાળો જમા કરાવવામાં આવે છે. |

---------

રાજ્યમાં વર્ગ-૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ.ની રકમની આખરી ચુકવણી

* ૨૮૨૭૪ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વર્ગ-૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. ની રકમની આખરી ચુકવણાની કેટલી અરજીઓ પડતર છે, | (૧) વર્ગ-૪ – ૨૧<br>રોજમદાર – ૧૬<br>વર્કચાર્જ – ૦૨<br>કુલ પડતર અરજીઓ – ૩૯ |

અને

(૨) ઉકત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

(૨) ઉકત તમામ પડતર–૩૯ અરજીઓનો નિકાલ થઈ ગયેલ છે.

---------

ખંભાલીયા અને ભાણવડ તાલુકામાં ''મા'' યોજના હેઠળ કાર્ડ

* ૨૮૦૧૨ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાલિયા તથા ભાણવડ તાલુકાના કેટલા બી.પી.એલ. પરિવારોને તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ''મુખ્યમંત્રી અમૃતમ યોજના'' હેઠળ કાર્ડ અપાયા,

(૨) કેટલા બી.પી.એલ. પરિવારોને ઉકત સ્થિતિએ તાલુકાવાર ઉકત કાર્ડ આપવાના બાકી છે, અને

(૩) ઉકત બાકીના તમામને ઉકત કાર્ડ ક્યાં સુધીમાં પૂરા પાડવામાં આવનાર છે ?

જવાબ

(૧)

| ભાણવડ | ખંભાલિયા |
|---|---|
| ૧૦૪ | ૫૨ |

(૨) નોંધણી કરાવવા આવેલ તમામ પાત્રતા ધરાવતા બી.પી.એલ. લાભાર્થીને કાર્ડ આપેલ છે. કોઈ બાકી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પેન્શનર માટે ઓન લાઈન માહિતી

* ૨૮૨૭૬ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના પેન્શનરના મંજુર કરાયેલા પેન્શનને લગતી માહિતી ઓન લાઈન મેળવી શકે તે માટે શું વ્યવસ્થા ગોઠવવામાં આવ્યો છે, અને

(૨) ઉકત વ્યવસ્થાનો ક્યારથી અમલ કરવામાં આવ્યો?

જવાબ

(૧) રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પેન્શનરશ્રીઓ તેઓની પેન્શનને લગતી માહિતી ઓન લાઈન મેળવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા પેન્શન પોર્ટલ ગુજરાતની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૨) આ વ્યવસ્થાનો અમલ તા.૦૨–૧૦–૨૦૧૧ ના રોજથી કરવામાં આવેલ છે.

---------

જૂનાગઢ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ

* ૨૮૨૪૪ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જૂનાગઢ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા લોકોને ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજનાના કાર્ડ આપવામાં આવ્યા,

(૨) ઉકત જિલ્લામાં ઉકત સ્થિતિએ કેટલા દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને

(૩) ઉકત જિલ્લામાં દાવાઓ પેટે કૂલ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૧,૦૧,૧૮૬

(૨) ૧૬,૨૩૯

(૩) રૂ.૨૦,૦૧,૫૩,૮૧૮/–

---------

રાજ્યમાં વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ.ની રકમની આખરી ચુકવણી

* ૨૭૫૭૬ શ્રી રણજીત ગીલીટવાલા (સુરત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વર્ગ–૪, રોજમદાર અને વર્કચાર્જના કિસ્સામાં જી.પી.એફ. ની રકમની આખરી ચુકવણાની કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) ઉકત પડતર અરજીઓનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧) વર્ગ–૪ – ૨૧
રોજમદાર – ૧૬
વર્કચાર્જ – ૦૨
કુલ પડતર અરજીઓ – ૩૯

(૨) ઉકત તમામ પડતર–૩૯ અરજીઓનો નિકાલ થઈ ગયેલ છે.

---------

## તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

### સુરત મહાનગરપાલિકાને ગ્રાન્ટની ફાળવણી

* ૨૭૫૮૩ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુરત મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત યોજના માટે કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે અને કેટલા કામો મંજૂર થયેલ છે ?

**જવાબ**

(૧) રૂ.૯૨૧.૫૦ કરોડ.

(૨) ઉકત સ્થિતિએ યોજના માટે રૂ.૮૨૮.૦૧ કરોડની રકમ ચૂકવવામાં આવેલ છે અને ૯૭૦ કામો મંજૂર થયેલ છે.

---------

### કપડવંજ તાલુકામાં કાર્યરત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૭૦૦૪ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કપડવંજ તાલુકામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત તાલુકામાં કેટલા નવા આરોગ્ય કેન્દ્રો માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કપડવંજ તાલુકામાં ૦૭ (સાત) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કપડવંજ તાલુકામાં કપડવંજ ખાતે ૦૧ (એક) સામુહિક આરોગ્ય કેન્દ્ર તથા ૦૧ (એક) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સોરણા મંજુર કરવામાં આવેલ છે.

---------

### બનાસકાંઠા જિલ્લામાં શાળાઓને જોડતા રસ્તાઓ

* ૨૭૯૦૪ શ્રી જોઈતાભાઇ પટેલ (ધાનેરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બનાસકાંઠા જિલ્લામાં ગામતળથી પેટા શાળાઓને જોડતા રસ્તાઓ કરાવવા તાલુકાદીઠ કેટલી માંગણીઓ મળી,

(૨) તે પૈકી તાલુકાદીઠ કેટલી મંજુર થઈ, અને

(૩) કેટલી પડતર છે અને ઉકત પડતર માંગણીઓ ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ?

**જવાબ**

(૧) પરિશિષ્ટ મુજબ

પરિશિષ્ટ

| તાલુકો | કુલ માંગણીઓ | તે પૈકી મંજુર | પડતર માંગણી |
|---|---|---|---|
| દાંતીવાડા | ૧ | ૦ | ૧ |
| ડીસા | ૯ | ૫ | ૪ |
| લાખણી | ૬ | ૧ | ૫ |
| કાંકરેજ | ૩ | ૧ | ૨ |
| ભાભર | ૩ | ૦ | ૩ |
| દિયોદર | ૩ | ૦ | ૩ |
| સુઈગામ | ૨ | ૦ | ૨ |
| દાંતા | ૨ | ૦ | ૨ |
| પાલનપુર | ૧ | ૦ | ૧ |

(૨) અને (૩) : પડતર માંગણીઓ નાણાકીય ઉપલબ્ધતા, કામની જરૂરીયાત અનુસાર.

---------

### તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકામાં મમતા કીટની વહેંચણી

* ૨૮૦૦૩ શ્રી પુનમભાઈ પરમાર (સોજીત્રા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તારાપુર, સોજીત્રા અને પેટલાદ તાલુકામાં છેલ્લા બે વર્ષમાં સરકારી

**જવાબ**

| તાલુકાનું | ૨૦૧૫ | ૨૦૧૬ |
|---|---|---|

હોસ્પિટલમાં કેટલી મહિલાઓ પ્રસુતિ માટે દાખલ થઈ અને તે અન્વયે કેટલી પ્રસુતાને મમતા કીટ આપવામાં આવી ?

| નામ | દાખલ થયેલ પ્રસુતાની સંખ્યા | આપેલ મમતા કીટની સંખ્યા | દાખલ થયેલ પ્રસુતાની સંખ્યા | આપેલ મમતા કીટની સંખ્યા |
|---|---|---|---|---|
| તારાપુર | ૩૧૦૩ | ૦ | ૨૫૨૭ | ૦ |
| સોજીત્રા | ૩૦૫ | ૦ | ૨૫૮ | ૦ |
| પેટલાદ | ૧૦૮૩ | ૦ | ૬૯૫ | ૦ |
| કુલ | ૪૪૯૧ | ૦ | ૩૪૮૦ | ૦ |

---------

દાહોદ જિલ્લામાં નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો

* ૨૭૫૯૧ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે,

(૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે અને તેની સામે કેટલા દાહોદ જિલ્લામાં મંજૂર કરવામાં આવ્યા અને કેટલી ઘટ છે, અને

(૩) ઉકત ઘટ પૂરી કરવા સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ–૮ નવા સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

(૨) વર્ષ–૨૦૧૧ ની દાહોદ જિલ્લાની કુલ વસ્તી ૧૯,૩૫,૪૬૧ પ્રમાણે ૨૩ સામુહિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે અને તેની સામે ૨૧ સામુહિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. તેમજ દાહોદ જિલ્લાના દાહોદ તાલુકામા ૧ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ અને દેવગઢ બારીયા તાલુકામાં ૧ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ આવેલ હોવાથી સા.આ. કેન્દ્રની ઘટ રહેતી નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કે.જી. બેઝિનમાંથી મળેલ ગેસ/ઓઈલ તથા થયેલ ખર્ચ

* ૨૮૦૯૭ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કે.જી. બેઝીનમાંથી કેટલો ઓઇલ–ગેસનો જથ્થો મળ્યો, અને

(૨) ઉકત કે.જી. બેઝીન પાછળ તા.૩૧–૧૨–૨૦૧૬ સુધીમાં કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

જવાબ

(૧) કે.જી. બેઝીન બ્લોકમાં હાલના સમયે પ્રાયોગિક ધોરણે (Trial Procduction) ગેસનું ઉત્પાદન શરૂ કરેલ છે.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કે.જી. બેઝીન પાછળ કુલ રૂ.૧૪૭૩૮.૪૧ કરોડ ખર્ચ થયેલ છે. (૮૦% જીએસપીસી ના શેર પ્રમાણે)

---------

સાબકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબર

* ૨૮૦૬૪ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓને કેટલી રકમોનો જોબ નંબર તાલુકાવાર આપવામાં આવ્યા,

જવાબ

(૧)

| તાલુકા | રસ્તાની સંખ્યા | જોબ નંબરની રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| હિંમતનગર | ૧૧૭ | ૭૪૮૦.૦૦ |
| ઈડર | ૪૮ | ૪૭૭૭.૪૦ |
| વડાલી | ૩૧ | ૨૪૦૪.૦૫ |
| પ્રાંતિજ | ૪૬ | ૪૧૫૯.૨૪ |
| તલોદ | ૩૦ | ૨૫૦૦.૮૧ |

| | | |
|---|---|---|
| ખેડબ્રહ્મા | ૨૪ | ૩૩૭૮.૮૫ |
| પોશીના | ૬ | ૧૦૦૬.૯૦ |
| વિજયનગર | ૨૩ | ૨૬૫૦.૦૪ |

| | |
|---|---|
| (૨) ઉક્ત પૈકી કેટલા રસ્તાઓ શાં કારણોસર ક્યારે રદ કરવામાં આવ્યા, અને | (૨) એકપણ રસ્તો રદ કરવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત મંજુર થયેલ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) ૧૭૧ કામો પૂર્ણ અને બાકીના બનતી ત્વરાએ. |

---------

પેન્શનના પડતર કેસો

* ૨૮૨૭૦ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરીમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેટલા પેન્શન કેસો પડતર છે, અને | (૧) ૬૪૪ |
| (૨) ઉક્ત પડતર પેન્શન કેસોનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) હાલમાં તે પૈકી કોઈ કેસ પડતર નથી. |

---------

પાદરા તાલુકાના લતીપુર–રેણુ રોડ પહોળા કરવાના

* ૨૮૧૨૭ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાદરા તાલુકાના લતીપુર–રેણુ–સાધી રોડ સરકાર પહોળા કરવા માંગે છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત પેટે કેટલી રકમ મંજુર કરેલ છે, અને | (૨) રૂ. ૪૦૫/– લાખ |
| (૩) ઉક્ત સ્થિતિએ કામ કયા તબક્કે છે ? | (૩) વર્ક ઓર્ડર તબક્કે |

---------

માંદા અને શારીરિક અશક્ત પેન્શનરોને માટે ખરાઈ

* ૨૮૨૮૩ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ માંદા અને શારીરિક અશક્ત પેન્શનરો માટે હયાતીની ખરાઈ માટે રાજ્ય સરકારે શું જોગવાઈ કરેલ છે, અને | (૧) નાણા વિભાગના તા. ૭–૭–૨૦૦૭ના ઠરાવથી માંદા અને શારીરિક અશક્ત પેન્શનરો ઘરે બેઠા હયાતીની ખાત્રી કરાવી શકે તે માટેની સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આવા પેન્શનરોની હયાતીની ખરાઈ માટે પેન્શનર દ્વારા અગાઉથી લેખિત જાણ કર્યેથી અધિક તિજોરી અધિકારી<br>(વર્ગ–૨) અથવા હિસાબનીશ (ગ્રુપ–૧) તથા પેટા તિજોરીના કિસ્સામાં પેટા તિજોરી અધિકારી કક્ષાના કર્મચારી દ્વારા પેન્શનરના રહેઠાણ ખાતે જુલાઈ માસમાં બનતી ત્વરાએ રૂબરૂમાં જઈ હયાતીની ખરાઈ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા પેન્શનરોની ઘરે બેઠા હયાતીની ખરાઈ કરવામાં આવેલ છે ? | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કુલ ૨૦૧ પેન્શનરોની ઘરે બેઠા હયાતીની ખાત્રી કરવામાં આવેલ છે. |

---------

વડોદરા શહેરમાં ઈન્ટરનેશનલ આર્ટ અને કલ્ચર સેન્ટરને રાજ્ય સરકારે આપેલ મંજુરી

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૭૧૭૨ શ્રી સૌરભ પટેલ (અકોટા) : માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા શહેરમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ઈન્ટરનેશનલ આર્ટ અને કલ્ચર સેન્ટરને મંજુરી આપવામાં આવી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સેન્ટર અંગેની કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સેન્ટર ક્યારે કાર્યાન્વિત થશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ડાંગ જિલ્લામાં કાર્યરત આશા વર્કરોનો માસીક પગાર

* ૨૭૯૯૦ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતી આશા વર્કર બહેનોની સંખ્યા કેટલી છે, અને

જવાબ

(૧) નીચે મુજબ.

| ક્રમ | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | આહવા | ૧૩૫ |
| ૨ | વઘઈ | ૯૧ |
| ૩ | સુબીર | ૯૩ |
| કુલ | | ૩૧૯ |

(૨) ઉક્ત આશા વર્કર બહેનોને ઉક્ત સ્થિતિએ કેટલી માસિક રકમ આપવામાં આવે છે ?

(૨) "આશા" ને કામના પ્રમાણમાં નિયત થયેલ પ્રોત્સાહક રકમ આપવામાં આવે છે.

---------

### રાજ્ય સરકારે લીધેલ ઓવર ડ્રાફ્ટ

* ૨૮૨૫૫ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્ય સરકારે સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી મેળવેલ ઓવરડ્રાફ્ટ પર કુલ કેટલું વ્યાજ ચુકવ્યું છે ? | (૧) રાજ્ય સરકારે સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા પાસેથી કોઈ ઓવરડ્રાફ્ટ લીધેલ નથી. આથી વ્યાજ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૭૭૯૪ શ્રીમતી કામિનીબા (દહેગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે ? | તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૨૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કાર્યરત છે. |

---------

### અરવલ્લી જિલ્લાનો બાયડથી ભુડાસણનો રસ્તો

* ૨૮૧૪૪ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના બાયડથી ભુડાસણ સુધીનો રસ્તો પેવર કામ માટે મંજુર કરવામાં આવેલ છે કે કેમ ? | (૧) બાયડથી ભુડાસણ સુધીના ૨૫ કિ.મી.ના રસ્તા પૈકી ૩.૨૦ કિ.મી.ની લંબાઈમાં વાઈડનીંગ અને સ્ટ્રેન્ધનીંગનું કામ મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા તો ઉક્ત કામ પેટે કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને | (૨) રૂ. ૬૫૦.૦૦ લાખ |
| (૩) જો ના તો ઉક્ત રસ્તાનું પેવર કામ માટે ગ્રાન્ટ ન | (૩) બાકીની લંબાઈમાં તાંત્રિક જરૂરિયાત અને |

ફાળવવાનું શું કારણ છે ? નાણાકીય ઉપલબ્ધતા અનુસાર

---------

કચ્છ જિલ્લામાં નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૭૫૯૦ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે, | (૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા ૧૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે. |
| (૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે અને તેની સામે કચ્છ જિલ્લામાં કેટલા મંજુર કરવામાં આવ્યા અને કેટલી ઘટ છે, અને | (૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કચ્છ જિલ્લામાં ૬૭ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે તેની સામે ૬૪ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર થયેલ છે અને ૦૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની ઘટ છે. |
| (૩) ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ? | (૩) રાજ્યના સામાન્ય વિસ્તાર માટે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતાં સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં આયુર્વેદ/હોમિયોપેથિક દવાખાના

* ૨૭૯૭૨ શ્રી કાંતિભાઈ ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં આયુર્વેદ તથા હોમિયોપેથિક પધ્ધતિની સારવાર માટે કેટલા દવાખાના–હોસ્પિટલ આવેલી છે,

જવાબ

(૧) બનાસકાંઠા જીલ્લામાં આયુર્વેદ તથા હોમિયોપેથિક પધ્ધતિની સારવાર માટે નીચે મુજબના દવાખાના/હોસ્પિટલ આવેલી છે.

(૧) આયુર્વેદ દવાખાના – ૨૯
(૨) આયુર્વેદ હોસ્પિટલ – ૦૧
(૩) હોમિયોપેથિ દવાખાના – ૦૯
(૪) સિવિલ હોસ્પિટલ – ૦૨
(૫) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર – ૧૦૭

પ્રશ્ન

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત જગ્યાએ કેટલા ડોક્ટરનું મહેકમ મંજૂર કરેલ છે, અને તે પૈકી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

જવાબ

(૨) આ જગ્યાએ મંજૂર થયેલ મહેકમ પૈકી ભરેલી અને ખાલી જગ્યાઓની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | મેડીકલ ઓફિસરોની વિગત | મંજૂર | ભરેલ | ખાલી |
|---|---|---|---|---|
| ૧ | મેડીકલ ઓફિસર (આયુર્વેદ) (વર્ગ–૨) | ૩૦ | ૧૩ | ૧૭ |
| ૨ | મેડીકલ ઓફીસર હોમિયોપેથી વર્ગ–૩ | ૦૯ | ૦૨ | ૦૭ |
| ૩ | આર.બી.એસ.કે. આયુષ ડોક્ટર | ૧૪૨ | ૧૧૯ | ૨૩ |
| ૪ | બી.એચ.એમ.એસ. આયુષ ડોક્ટર | ૬૧ | ૩૮ | ૨૩ |
| ૫ | વનબંધુ વિસ્તારના આયુષ ડોક્ટર | ૦૮ | ૦૪ | ૦૪ |

પ્રશ્ન

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ભરવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા ૧ વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા શાં પ્રયત્નો કરવામાં આવેલ છે અને ખાલી જગ્યાઓ ન ભરવાનાં કારણો શાં છે ?

જવાબ

(૩) ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા મેડીકલ ઓફીસર (આયુ) વર્ગ–૨ની કુલ–૩૩૬ જગ્યાઓ ભરવા માટેની લેખિત પરીક્ષા ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા તા. ૨૩–૧–૨૦૧૬નાં રોજ યોજવામાં આવેલ છે. આયોગ દ્વારા ઉમેદવારોની ભલામણ થતાં ખાલી જગ્યાઓ ભરવામાં

આવશે.

હોમિયોપેથી મેડીકલ ઓફીસર વર્ગ-૩ ની કુલ-૮૮ જગ્યાઓ ભરવા માટે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળને તા. ૧૯-૧૧-૨૦૧૬થી માંગણાપત્રક મોકલવામાં આવેલ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ઉમેદવારોની ભલામણ થતાં ખાલી જગ્યાઓ ભરવામાં આવશે.

આ ખાલી જગ્યાઓ વહીવટી કારણોસર ભરી શકાયેલ નથી.

---------

બનાસકાંઠા જિલ્લાના આરોગ્ય કેન્દ્રોની જિલ્લા આરોગ્ય અધિકારીઓએ લીધેલી મુલાકાત

* ૨૭૪૨૯ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ તેમજ આરોગ્ય કેન્દ્રો પર જિલ્લા આરોગ્ય અધિકારીએ ક્યારે મુલાકાત લીધી,

(૨) ઉક્ત લીધેલી મુલાકાત દરમ્યાન ઉક્ત કેન્દ્રોમાં શી ખામીઓ જણાઈ અને મુલાકાત દરમ્યાન કેન્દ્ર તરફથી શી માંગણી કરવામાં આવી, અને

(૩) ઉક્ત મુલાકાત દરમ્યાન જણાયેલ ખામીઓ અને માગણીઓ અંગે શું કાર્યવાહી કરવામાં આવી?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને જિલ્લા પંચાયત સંચાલિત દવાખાનાઓ તેમજ આરોગ્ય કેન્દ્રોની જીલ્લા આરોગ્ય અધિકારીએ વર્ષ-૨૦૧૫માં લીધેલી મુલાકાત અંગેની વિગત દર્શાવતા *પત્રક-૧ તથા વર્ષ-૨૦૧૬માં લીધેલ મુલાકાત અંગેની વિગત દર્શાવતું *પત્રક-૨ સામેલ છે.

(૨) મુલાકાત દરમ્યાન ગંભીર ખામીઓ જણાઈ આવેલ નથી. તેમજ આરોગ્ય કેન્દ્ર દ્વારા કોઈ માંગણીઓ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

બાવળા તાલુકામાં ખાનગી કંપનીઓએ બંધ કરેલ ગામમાં જવાના રસ્તાઓ

* ૨૬૮૭૯ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકાના કયા ગામોમા જવાના રસ્તાઓ ખાનગી કંપનીઓ દ્વારા બંધ કરી દેવાયા, અને તેના કારણો શા છે,

(૨) સરકારે ઉક્ત કંપનીઓ સામે શા પગલા લીધા, અને

(૩) ઉક્ત રસ્તાઓ ખુલ્લા કરવા સરકારે શી કાર્યવાહી કરી?

જવાબ

(૧), (૨) અને (૩) ગામોમાં જવાનો કોઈ રસ્તો ખાનગી કંપનીઓ દ્વારા બંધ કરેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તાપી જીલ્લામાં ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

* ૨૮૨૪૦ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા ટી.બી.ના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

જવાબ

(૧) હા

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ટી.બી.ના દર્દીઓ નોંધાયેલ છે.

| તાલુકા | નોંધાયેલ દર્દીઓ |
|---|---|
| નિઝર | ૧૧૮ |

| | |
|---|---|
| સોનગઢ | ૩૭૫ |
| ઉચ્છલ | ૧૭૯ |
| વાલોડ | ૧૯૩ |
| વ્યારા | ૩૯૨ |
| ડોલવણ | ૧૦૨ |
| કુકરમુંડા | ૭૫ |
| કુલ | ૧૪૩૪ |

(૩) ઉક્ત ટીબીગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે?

(૩) ઉક્ત ટીબીગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા તાપી જીલ્લામાં જીલ્લા ક્ષય કેન્દ્ર, ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર અને નોન ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર ખાતે નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે. તાલીમબધ્ધ લેબ. ટેકનીશ્યન દ્વારા ગળફાની તપાસ કરવામાં આવે છે. ઉપરાંત તાલીમબધ્ધ ડોટસ પ્રોવાઈડર (આશા) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મુલ્યે પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

---------

સાણંદ નગરપાલિકાના સ્મશાન ગૃહોનુ આધુનિકરણ માટે સહાય

* ૨૮૨૪૬ શ્રી કિશોર ચૌહાણ (વેજલપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહો આધુનીકરણ માટે કોઈ યોજના અમલમાં છે, કે કેમ?

(૧) હા

(૨) જો હા તો આ યોજના હેઠળ કયા કામો માટે સહાય આપવામાં આવે છે, અને

(૨) કૈલાસધામ યોજના હેઠળ નીચે મુજબનાં કામો માટે સહાય આપવામાં આવે છે.

૧) જમીન સમતળ કરવાનું કામ
૨) કંમ્પાઉન્ડ વોલ
૩) એન્ટ્રેસ પોર્ચ ગેટ સાથે
૪) ઓફીસ રૂમ, વોટરકુલર રૂમ એન્ડ મ્યુઝિક રૂમ
૫) ભગવાનની મુર્તિ, ગ્લાસ કેબિનેટ સાથે
૬) સ્ટાફ ક્વાર્ટર્સ (ચાર)
૭) ડેડ બોડી અંતિમ સ્નાન પ્લેટ ફોર્મ (સ્વજનોને બેસવાની વ્યવસ્થા સાથે)
૮) વુડન સ્ટોર રૂમ
૯) લાકડાની ચીતા કેચી તથા છત સાથે (ત્રણ નંગ)
૧૦) પ્રાર્થના હોલ
૧૧) વોટર ટેંક અને પંપ હાઉસ
૧૨) પાર્થ વે વીથ પેવીંગ
૧૩) ગાર્ડનીંગ
૧૪) વનીકરણ તથા પાર્કીંગ વ્યવસ્થા
૧૫) ગરમ પાણી માટે સોલર સિસ્ટમ
૧૬) ટોયલેટ બ્લોક વીથ સાવર બાથ
૧૭) બાળકો માટે સ્મશાંત ગૃહ વિકાસ સ્મૃતિવન સાથે
૧૮) એંટ્રી આર.સી.સી. રોડ
૧૯) લાઈટ સીસ્ટમ

૨૦) મેઈન રોડ તથા ફરતા રોડના ફ્લોરીંગનુ કામ
૨૧) ગ્લાસ મોજેક-પ્રેયર હોલ માટે
૨૨) અન્ડરગ્રાઉન્ડ પાઈપલાઈનની પાઈપો વિ. સામાન તથા મજુરી
૨૩) વિદ્યુત/ગેસ આધારીત ઈકો ફ્રેન્ડલી સ્મશાન ગૃહ માટેની ભઠ્ઠીનું કામ (સંચાલન અને નિભાવ સિવાય)

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાણંદ નગરપાલિકાને આ યોજના હેઠળ કેટલા રૂપિયાની સહાય આપવામાં આવેલ છે?

(૩) સાણંદ નગરપાલિકાને તા. ૨૨-૭-૨૦૧૩ના હુકમથી રૂ. ૧૫.૦૦ લાખની સહાય આપવામાં આવેલ છે.

---------

રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ પર લેવાતો વેટ અને સેસ

* ૨૮૦૪૮ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ ઉપર વેટ અને સેસ કેટલો લેવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારને કુલ કેટલી આવક થઈ?

જવાબ

(૧)

| વિગત | વેટનો દર | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |

(૨) (રકમ રૂ. કરોડમાં)

| વર્ષ | કુલ આવક |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૮૮૨૦.૩૮ |
| ૨૦૧૬-૧૭ (૩૧-૧૨-૨૦૧૬ સુધી) | ૮૧૧૫.૩૫ |

---------

છોટાઉદેપુર તાલુકામાં મંજુર થયેલ રસ્તા, નાળા અને પુલ

* ૨૭૦૬૯ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૧૫-૧-૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર તાલુકામાં છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના કેટલી લંબાઇના કયા રસ્તાઓ/નાળા અને પુલ મંજુર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કયા રસ્તા, નાળા અને પુલ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) અને (૨) * પરિશિષ્ટ મુજબ

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

સુરત શહેર અને સુરત જિલ્લામાં વેટ અને સેસની આવક

* ૨૭૪૭૧ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેટ અને સેસ વસુલવામાં આવે છે, અને

જવાબ

(૧)

| વિગત | વેટ | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |
| સી.એન.જી., | ૧૨.૫%+૨.૫% વધારાનો | - |

| | | |
|---|---|---|
| | વેરો | |
| પી.એન.જી. | ૧૨.૫%+૨.૫% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪%+૧% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર (પુનઃવેચાણ) | માફી | – |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સુરત શહેર અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલી આવક થઈ?

(૨) (રકમ રૂ. લાખમાં)

| | સુરત (શહેર) | | સુરત (જિલ્લો) | |
|---|---|---|---|---|
| | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૧૬ સુધી) | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા.૩૧–૧૨–૧૬ સુધી) |
| પેટ્રોલ | ૭૯૫.૦૦ | ૧૦૧૪.૦૦ | ૬૨૮.૬૨ | ૪૧૦.૬૫ |
| ડીઝલ | ૪૨૭.૯૫ | ૫૪૬.૦૩ | ૭૨૧.૫૭ | ૫૭૫.૬૧ |
| સી.એન.જી., | શૂન્ય | શૂન્ય | ૩૭.૧૬ | ૨૦.૩૪ |
| પી.એન.જી. | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| રાસાયણિક ખાતર | ૨૬૬૨.૩૩ | ૧૯૯૯.૯૧ | શૂન્ય | શૂન્ય |

---------

રાજ્યના સરકારી ગ્રંથાલયોને કોમ્પ્યુટરાઈઝ કરવા બાબત

* ૨૭૫૮૬ શ્રી જગરૂપસિંહ રાજપુત (બાપુનગર) : માનનીય રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના સરકારી ગ્રંથાલયોની સેવાઓ કોમ્પ્યુટરાઈઝ કરવા બાબતની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, |
| (૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સરકારી ગ્રંથાલયોની સેવાઓ કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવી, અને | (૨) ૩૦ સરકારી ગ્રંથાલયો |
| (૩) તે માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂ. ૫૮.૭૧ લાખ |

---------

માંદા અને શારીરિક અશક્ત પેન્શનરો માટે ખરાઈ

* ૨૮૨૫૯ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ માંદા અને શારીરિક અશક્ત પેન્શનરો માટે હયાતીની ખરાઈ માટે રાજ્ય સરકારે શું જોગવાઈ કરેલ છે, અને | (૧) નાણા વિભાગના તા. ૭–૭–૨૦૦૭ના ઠરાવથી માંદા અને શારીરિક અશક્ત પેન્શનરો ઘરે બેઠા હયાતીની ખાત્રી કરાવી શકે તે માટેની સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે. આવા પેન્શનરોની હયાતીની ખરાઈ માટે પેન્શનર દ્વારા અગાઉથી લેખિત જાણ કર્યેથી અધિક તિજોરી અધિકારી (વર્ગ–૨) અથવા હિસાબનીશ (ગ્રુપ–૧) તથા પેટા તિજોરીના કિસ્સામાં પેટા તિજોરી અધિકારી કક્ષાના કર્મચારી દ્વારા પેન્શનરના રહેઠાણ ખાતે જુલાઈ માસમાં બનતી ત્વરાએ રૂબરૂમાં જઈ હયાતીની ખરાઈ |

કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા પેન્શનરોની ઘરે બેઠા હયાતીની ખરાઈ કરવામાં આવેલ છે?

(૨) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કુલ ૨૦૧ પેન્શનરોની ઘરે બેઠા હયાતીની ખાત્રી કરવામાં આવેલ છે.

---------

પેન્શનર માટે ઓન લાઈન માહિતી

* ૨૭૫૭૪ શ્રી રાકેશ શા હ (એલીસ બ્રીજ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય પેન્શનરના મંજુર કરાયેલા પેન્શનરને લગતી માહિતી ઓન લાઈન મેળવી શકે તે માટે શું વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત વ્યવસ્થાનો ક્યારથી અમલ કરવામાં આવ્યો છે?

જવાબ

(૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પેન્શનરશ્રીઓ તેઓની પેન્શનરને લગતી માહિતી ઓન લાઈન મેળવી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા પેન્શન પોર્ટલ ગુજરાતની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૨) આ વ્યવસ્થાનો અમલ તા. ૦૨-૧૦-૨૦૧૧ના રોજથી કરવામાં આવેલ છે.

---------

જોડિયા રેફરલ હોસ્પિટલમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

* ૨૬૭૫૯ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : તા. ૩૦-૩-૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ * ૨૨૯૨૨ અગ્રતા-૩૧ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લાની જોડિયા રેફરલ હોસ્પિટલમાં તા. ૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ અધિક્ષક વર્ગ-૧ ની એક, ડેન્ટલ સર્જન વર્ગ-૨ની એક, જુનીયર ફાર્માસીસ્ટ વર્ગ-૩ની બે અને સ્ટાફ નર્સ વર્ગ-૩ની એક મળીને કુલ ૫ જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત જગ્યાઓ લાંબા સમયથી ખાલી રહેવાના શા કારણો છે,

(૩) તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત ખાલી રહેલી જગ્યાઓ પૈકી કઈ જગ્યાઓ ભરાયેલ છે, અને

(૪) બાકી રહેતી ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવનાર છે ?

જવાબ

(૧) હા.

(૨) ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે

(૩) તા. ૩૧મી ડિસેમ્બર-૨૦૧૬ની સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ ભરાયેલ નથી.

(૪)
- અધીક્ષક વર્ગ-૧ની જગ્યા માટે લાયકાત ધરાવનાર ઉમેદવારો પૂરતી સંખ્યામાં ઉપલબ્ધ થયેથી
- ડેન્ટલ સર્જન વર્ગ-૨ની નિમણૂકની પ્રક્રિયા આખરી તબક્કામાં છે.
- જુનીયર ફાર્માસીસ્ટની ભરતી પ્રક્રિયા માટે ગૌણ સેવા આયોગને માંગણાપત્રક મોકલવામાં આવેલ છે.
- સ્ટાફ નર્સ વર્ગ-૩ ની જગ્યા માટે યોગ્ય ઉમેદવાર ઉપલબ્ધ થયેથી.

---------

કચ્છ જિલ્લામાં મંજૂર થયેલ નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો

* ૨૮૨૭૧ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે,

(૨) વર્ષ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે કેટલા પ્રાથમિક

જવાબ

(૧) કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવા ૧૬ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજુર કરવામાં આવેલ છે.

(૨)

આરોગ્ય કેન્દ્રો મળવાપાત્ર છે અને તેની સામે કચ્છ જિલ્લામાં કેટલા મંજુર કરવામાં આવ્યા અને કેટલી ઘટ છે, અને

| | |
|---|---|
| મળવાપાત્ર | ૬૭ |
| મંજૂર | ૬૪ |
| ઘટ | ૦૩ |

(૩) ઉક્ત ઘટ પુરી કરવા માટે સરકારનું શું આયોજન છે ?

(૩) રાજ્યના સામાન્ય વિસ્તાર માટે નવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના સ્થળો નક્કી કરતા સમયે આ બાબતે પણ વિચારણા કરવામાં આવશે.

---------

દાહોદ જિલ્લાના ધાનપુરથી નીમચ રોડની કામગીરી

* ૨૭૪૩૮ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ધાનપુરથી ગાંગરડી–ગરબાડા–નીમચ થઈ મધ્યપ્રદેશને જોડતા રોડને સ્ટેટ હાઈવેમાં રૂપાંતર કરવાની કાર્યવાહી કયા તબક્કે છે ?

જવાબ

હાલમાં આયોજન નથી.

---------

રાજ્ય સરકારની સાધનોપાય પેશગી પર વ્યાજ

* ૨૮૨૮૧ શ્રી મુકેશ પટેલ (ઓલપાડ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

રાજ્ય સરકારે સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ સાધનોપાય પેશગી પર કેટલું વ્યાજ ચુકવેલ છે ?

જવાબ

સન ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ના વર્ષમાં રાજ્ય સરકારે સાધનોપાય પેશગી લીધેલ ન હોવાથી વ્યાજ ચૂકવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્યનું જાહેર દેવું

* ૨૭૭૪૦ શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને

જવાબ

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે વર્ષવાર કેટલી રકમની લોન લીધી અને તે માટે કેટલી મુદ્દલ અને કેટલા વ્યાજની ચૂકવણી કરવામાં આવી ?

(૨)

| નાણાકીય વર્ષ | લીધેલ લોન (રૂ. કરોડમાં) | ચૂકવણી | |
|---|---|---|---|
| | | મુદ્દલ | વ્યાજ |
| ૨૦૧૪–૧૫ | ૧૯૪૫૪ | ૫૫૦૯ | ૧૩૦૬૧ |
| ૨૦૧૫–૧૬ | ૨૪૮૫૨ | ૬૨૦૫ | ૧૪૪૯૫ |

---------

રાજ્યના સરકારી ગ્રંથાલયોને કોમ્પ્યુટરાઈઝ કરવા

* ૨૮૨૬૮ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય રમતગમત, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના સરકારી ગ્રંથાલયોની સેવાઓ કોમ્પ્યુટરાઈઝ કરવા

જવાબ

(૧) હા.

બાબતની કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા સરકારી ગ્રંથાલયોની સેવાઓ કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવી, અને

(૨) ૩૦ સરકારી ગ્રંથાલયો.

(૩) તે માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રૂ. ૫૮.૭૧ લાખ.

---------

મહિસાગર જિલ્લામાં બાળકોના આરોગ્યની તપાસ

* ૨૭૫૯૨ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહિસાગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની આરોગ્યની તપાસ કરવામાં આવી,

જવાબ

(૧) મહિસાગર જિલ્લામાં તાલુકાવાર તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાળા આરોગ્ય તપાસણીની વિગતો :

| ક્રમ | તાલુકાનું નામ | તપાસેલ બાળકો | |
|---|---|---|---|
| | | ૨૦૧૫ | ૨૦૧૬ |
| ૧ | ખાનપુર | ૨૮૪૪૯ | ૨૮૬૯૫ |
| ૨ | કડાના | ૪૧૩૭૪ | ૩૯૭૪૩ |
| ૩ | સંતરામપુર | ૮૧૭૪૬ | ૮૪૮૭૪ |
| ૪ | લુણાવાડા | ૭૭૧૪૧ | ૭૫૦૮૪ |
| ૫ | વિરપુર | ૨૮૮૩૫ | ૨૭૪૮૧ |
| ૬ | બાલાસિનોર | ૪૨૧૨૧ | ૪૩૬૭૦ |

(૨) ઉક્ત પૈકી કેટલા બાળકોને રેફરલ સારવાર અને તજજ્ઞ સારવાર આપવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબ રેફરલ અને તજજ્ઞ સારવાર આપવામાં આવી.

| | |
|---|---|
| વર્ષ–૨૦૧૫ | ૬૫૦ બાળકો |
| વર્ષ–૨૦૧૬ | ૫૨૯ બાળકો |

(૩) ઉક્ત પૈકી કેટલા બાળકોને હૃદયરોગની સારવાર આપવામાં આવી ?

(૩) ઉક્ત પૈકી હૃદયરોગની સારવાર નીચે મુજબ આપવામાં આવી.

| | |
|---|---|
| વર્ષ–૨૦૧૫ | ૧૯ બાળકો |
| વર્ષ–૨૦૧૬ | ૨૨ બાળકો |

---------

ગાંધીનગર જિલ્લામાં વેટની આવક

* ૨૭૮૩૪ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાંથી રાજ્ય સરકારને વેટની કેટલી આવક મળી, અને

જવાબ

(૧) રૂ. ૩૩૧૪.૫૩ કરોડ.

(૨) ઉક્ત સમય દરમિયાન વેટની ચોરી કરતાં કેટલા એકમો સામે ફરીયાદ મળી અને ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે કેટલા ઈસમો સામે શું પગલાં ભરવામાં આવ્યા ?

(૨) ૧૭ એકમો સામે ફરિયાદ મળેલ છે. ૧૭ એકમો સામે ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ–૨૦૦૩ ની જોગવાઈ મુજબ નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરેલ છે.

---------

અરવલ્લી જિલ્લાના ભીલોડા અને મેઘરજ તાલુકાના પાકા રસ્તા

* ૨૮૪૪૬ ડૉ. અનિલ જોષીયારા ((ભિલોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકાઓમાં ૨૫૦ થી ૫૦૦ સુધીની વસ્તી ધરાવતા કયા આદિવાસી ગામ

જવાબ

(૧)

| તાલુકા | ગામ ફળીયા |
|---|---|
| ભિલોડા | (૧) સારણી |

ફળીયાઓને બારમાસી પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે,

| | |
|---|---|
| | (૨) ફાટા તળાવ |
| મેઘરજ | (૧) ચમાનાડા<br>(૨) રમાડ (નારમેલાન)<br>(૩) ભડવચ<br>(૪) રાણીઝુલા |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત આદિવાસી વસ્તી ધરાવતા ગામ/ફળીયાઓને બારમાસી પાકા રસ્તાથી જોડવા કેટલી માંગણીઓ રાજ્ય સરકારને મળી, અને

(૨) કોઈ માંગણી મળેલ નથી.

(૩) તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૩) પરંતુ પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ નીચે મુજબના ૩ કામો મંજુર થયેલ છે.

| તાલુકા | ગામ ફળીયા |
|---|---|
| ભિલોડા | (૧) સારણી<br>(૨) ફાટા તળાવ |
| મેઘરજ | (૩) ભડવચ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વેટ અન્વયે વસુલવાની બાકી રકમ

* ૨૬૯૧૭ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જીલ્લાવાર વેટ અન્વયે રૂપિયા એક લાખથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો છે,

(૧)

| જિલ્લાનું નામ | ઔદ્યોગિક એકમો/વ્યાપારી ગૃહો |
|---|---|
| અરવલ્લી | ૨૦ |
| સાબરકાંઠા | ૯૦ |

(૨) ઉક્ત ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને

(૨) રૂ. ૧૨૫૮૭.૭૩ લાખ.

(૩) ઉક્ત એકમો સામે વેટ વસૂલાત અંગે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી ?

(૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના કેસોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

આણંદ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો

* ૨૭૨૯૬ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો પાકા રસ્તા વિહોણા છે, અને

(૧) આણંદ જિલ્લામાં તમામ તાલુકાના દરેક ગામો પાકા રસ્તાથી જોડાયેલા છે.

(૨) ઉક્ત રસ્તાઓ વિહોણા ઉક્ત ગામોમાં કેટલા સમયમાં પાકા રસ્તા બનાવવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ ફાળાની કપાત

* ૨૭૫૭૩ પ્રો. વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તારીખ ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ પરમેનન્ટ પેન્શન એકાઉન્ટ નંબર (પીપીએએન) તથા પરમનેન્ટ રીટાયરમેન્ટ

(૧) નવી પેન્શન યોજના અન્વયે પરમનેન્ટ પેન્શન એકાઉન્ટ નંબર (પીપીએએન) – નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી (DPPF) દ્વારા ફાળવવામાં આવે

એકાઉન્ટ નંબર (પ્રાન) કોના દ્વારા ફાળવવામાં આવે છે, | છે. તથા પરમનેન્ટ રીટાયરમેન્ટ એકાઉન્ટ નંબર (પ્રાન) – નેશનલ સેક્યોરીટીઝ ડીપોઝીટરી લીમીટેડ (NSDL) દ્વારા ફાળવવામાં આવે છે.

(૨) ઉક્ત યોજનામાં રેકર્ડ કીપીંગ એજન્સી તરીકે કોની નિમણુંક કરવામાં આવેલ છે, અને | (૨) નેશનલ સીક્યોરીટીઝ ડીપોઝીટરી લીમીટેડ (NSDL) મુંબઈની રેકર્ડ કીપીંગ એજન્સી તરીકે નિમણુંક કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ નવી વર્ધિત પેન્શન યોજનામાં કર્મચારીનો ફાળો કેટલો કાપવામાં આવે છે. | (૩) નવી વર્ધિત પેન્શન યોજનામાં કર્મચારીના ફાળા પેટે કર્મચારીના પગારમાંથી મુળ પગાર + મોંઘવારી ભથ્થાના સરવાળાના ૧૦% પ્રમાણે ફાળો કાપવામાં આવે છે.

---------

શહેરા તાલુકામાં મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો

* ૨૮૨૧૭ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરા તાલુકામાં કેટલા પેટા આરોગ્ય કેન્દ્રોના મકાનો કેટલા ખર્ચે મંજુર કર્યા. | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શહેરા તાલુકામાં નીચે મુજબના પેટા આરોગ્ય કેન્દ્રોના મકાનોનો ખર્ચ મંજુર કરેલ છે.

| ક્રમ | વર્ષ | સંખ્યા | ગ્રાન્ટ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ૦૧ | ૨૭.૫૦ |
| ૨ | ૨૦૧૫–૧૬ | ૧૫ | ૪૨૭.૫૦ |
| | કુલ | ૧૬ | ૪૫૫.૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા મકાનો પૂર્ણ થયા અને કેટલા બાકી છે, અને | (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કોઈ મકાનો પૂર્ણ થયેલ નથી.

(૩) ઉક્ત પડતર કામગીરી પૂર્ણ કરવા શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ઉક્ત પડતર કામગીરી પૈકી ૦૭ મકાનો પ્રગતિ/ટેન્ડર હેઠળ છે તેમજ ૦૯ કામો જમીન ઉપલબ્ધ થયેથી કામગીરી હાથ ધરવામાં આવશે.

---------

જુનાગઢ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના જર્જરીત મકાનો

* ૨૭૯૭૯ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનો જર્જરીત હાલતમાં છે, | (૧) ૦૩ (ત્રણ)

(૨) ઉક્ત જર્જરીત મકાનોને રીનોવેશન કરવા રાજ્ય સરકારનું શું આયોજન છે, અને | (૨) ઉક્ત સ્થળોના નવા મકાન બાંધકામ માટે બજેટ વર્ષ ૨૦૧૭–૧૮માં રૂ. ૧૦૨.૦૦ લાખ લેખે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દીઠ આયોજન કરેલ છે.

(૩) ઉક્ત કામગીરી રાજ્ય સરકાર ક્યાં સુધીમાં પૂર્ણ કરવા માંગે છે ? | (૩) ઉક્ત કામગીરી બજેટમાં મંજુર થયા બાદ પૂર્ણ કરવામાં આવશે.

---------

જુનાગઢ જનરલ હોસ્પિટલમાં કાર્યરત ટ્રોમા સેન્ટર કાર્યરત કરવા બાબત

* ૨૬૭૭૧ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ શહેરની જનરલ હોસ્પિટલમાં ટ્રોમા સેન્ટર કાર્યરત નથી તે | (૧) હા જી.

હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શા કારણો છે, અને

(૨) જનરલ હોસ્પિટલ, જુનાગઢ ખાતે ટ્રોમા સેન્ટર મંજૂર થયેલ નથી.

(૩) ઉક્ત હોસ્પિટલમાં ક્યાં સુધીમાં ટ્રોમા સેન્ટર કાર્યરત કરવામાં આવનાર છે ?

(૩) ભવિષ્યમાં સર્વગ્રાહી આયોજન સમયે જરૂરિયાત મુજબ વિચારણા કરવામાં આવશે.

---------

જામનગર ગુરૂ ગોવિંદસિંહ હોસ્પિટલમાં નવું ટ્રોમા સેન્ટર

* ૨૭૦૯૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર ખાતે આવેલ ગૂરૂ ગોવિંદસિંહ સરકારી હોસ્પિટલ ખાતે ટ્રોમા સેન્ટર/ઈમરજન્સી વિભાગ બનાવવા માટેની સરકારને ક્યારે દરખાસ્ત મળેલ છે, અને

(૨) તે અન્વયે ઉક્ત મળેલ દરખાસ્ત અન્વયે સરકારે શી કાર્યવાહી કરી અને ઉક્ત દરખાસ્તને મંજુરી આપવામાં આવી હોય તો કેટલા ખર્ચે અને કયાં સુધીમાં નવું ટ્રોમા સેન્ટર બાંધવામાં આવશે ?

જવાબ

(૧) કોઈ દરખાસ્ત મળેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

---------

તાપી અને વલસાડ જિલ્લાના આરોગ્ય કેન્દ્રોનું મહેકમ

* ૨૬૯૬૧ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર, સરકારી દવાખાના, સામુહિક આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં મંજુર થયેલ સંવર્ગવાર મહેકમ કેટલું છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ઉક્ત જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી અને વલસાડ જીલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલોની સંવર્ગવાર મહેકમની વિગતો આ સાથે સામેલ *પત્રક-એ માં દર્શાવેલ છે. સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગતો સામેલ *પત્રક-બીમાં દર્શાવેલ છે. પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની સંવર્ગવાર મહેકમની વિગત દર્શાવતું *પત્રક-સીમાં દર્શાવેલ છે.

(૩) જે તે સંવર્ગની જગ્યા માટેની લાયકાત ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી બનતી ત્વરાએ જગ્યાઓ ભરવામાં આવશે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ખેડા અને અમદાવાદ જિલ્લામાં વેટની બાકી રકમ

* ૨૭૧૫૮ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને અમદાવાદ જિલ્લામાં જિલ્લાવાર વેટ અન્વયે રૂપિયા એક લાખથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા ઔદ્યોગિક એકમો કે વ્યાપારી ગૃહો છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા ઔદ્યોગિક એકમો કે વ્યાપારીગૃહો પાસેથી કુલ કેટલી રકમ ઉક્ત સ્થિતિએ વસુલ કરવાની બાકી છે, અને

જવાબ

(૧) હા, જી.

(૨)

| જિલ્લાનું નામ | ઔદ્યોગિક એકમો/ વ્યાપારી ગૃહો | રકમ રૂ. કરોડમાં |
|---|---|---|
| ખેડા | ૧૩૪ | ૩૦૩.૧૮ |

| | | |
|---|---|---|
| અમદાવાદ | ૩૩૪૧ | ૭૧૧૭.૩૧ |
| કુલ | ૩૪૭૫ | ૭૪૨૦.૪૯ |

(૩) વેટ ચુકવાતા ના હોય તો તે અન્વયે કેટલા એકમો સામે મુખ્યત્વે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી ?

(૩) ખેડા જીલ્લામાં ૫૦ કેસ અને અમદાવાદ જીલ્લામાં ૧૨૮૭ કેસોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ

* ૨૮૧૪૭ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા અને કયા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, | (૧) પરિશિષ્ટ–૧ મુજબ (કુલ–૬૩૫) |
| (૨) તે અન્વયે કેટલા રસ્તાના કામ પુર્ણ થયા, | (૨) ૮૨ કામો |
| (૩) તે સ્થિતિએ કેટલા રસ્તાના કામો પ્રગતિમાં છે, અને | (૩) ૧૯૦ કામો |
| (૪) તે પેટે કેટલી રકમનો ખર્ચ થયો ? | (૪) રૂ. ૭૬૦૨.૩૧ લાખ |

(*પરિશિષ્ટ–૧ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

મહેસાણા જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજનાના કાર્ડ

* ૨૮૨૪૫ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ અંતર્ગત કેટલા લોકોએ રાષ્ટ્રીય સ્વાસ્થય વીમા યોજનાના કાર્ડ આપવામાં આવ્યા, | (૧) ૧,૦૨,૪૯૨ લાભાર્થી કુટુંબને |
| (૨) ઉક્ત જિલ્લામાં ઉક્ત સ્થિતિએ કેટલા લાભાર્થીઓના દાવાઓ મંજુર કરવામાં આવ્યા છે, અને | (૨) ૭,૮૬૮ દાવાઓ મંજુર કર્યા. |
| (૩) ઉક્ત જિલ્લામાં પ્રીમીયમ પેટે કેટલી રકમ ચુકવેલ છે ? | (૩) રૂ. ૩,૭૮,૯૭,૦૭૬/– ચુકવેલ છે. |

---------

સાબરકાંઠા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો માટે રજૂઆત

* ૨૭૯૧૪ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના હરસોલ, મોહનપુર અને રોજડ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે કેટલી માંગણીઓ સરકારને મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના હરસોલ, મોહનપુર અને રોજડ ખાતે સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે કોઈ માગણી સરકારને મળેલ નથી. |
| (૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે ક્યાં સુધીમાં ઉક્ત સ્થળોએ સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજકોટ જિલ્લામાં બાળકોના આરોગ્યની તપાસ

* ૨૭૫૮૮ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં |

## અતારાંકિત પ્રશ્નોત્તરી

છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત, કેટલા બાળકોની તપાસ કરવામાં આવી,

રાજકોટ જિલ્લામાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત તપાસણીની વિગતોઃ

| અ.નં. | તાલુકાનું નામ | કુલ તપાસેલ બાળકો |
|---|---|---|
| ૧ | પડધરી | ૨૦૭૪૧ |
| ૨ | લોધિકા | ૧૫૫૬૪ |
| ૩ | રાજકોટ | ૬૫૭૪૯ |
| ૪ | કોટડા સાંગાણી | ૨૨૨૩૫ |
| ૫ | ગોંડલ | ૬૨૪૫૪ |
| ૬ | જેતપુર | ૪૫૮૭૨ |
| ૭ | જામકંડોરણા | ૧૬૨૪૬ |
| ૮ | ધોરાજી | ૩૭૫૪૮ |
| ૯ | ઉપલેટા | ૩૫૪૯૦ |
| ૧૦ | જસદણ | ૪૮૬૬૫ |
| ૧૧ | વિંછીયા | ૪૦૨૮૨ |
| | કુલ | ૪૧૦૮૪૬ |

(૨) તે પૈકી કેટલા બાળકોને હ્રદયરોગની સારવાર માટે રીફર કરવામાં આવ્યા, અને

(૨) ૬૨.

(૩) કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવ્યા ?

(૩) ૩૬૫૮.

---------

પાટણ જિલ્લામાં ક્ષય નિયંત્રણ કાર્યક્રમ

* ૨૮૨૩૯ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાટણ જીલ્લામાં સુધારેલ રાષ્ટ્રીય ક્ષય નિયંત્રણ કાર્યક્રમ અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા ટી.બી.ના દર્દીઓ સારવાર હેઠળ નોંધાયેલ છે, અને

(૩) ઉક્ત ટીબીગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા સરકારે શી વ્યવસ્થા કરી છે ?

જવાબ

(૧) હા.

(૨) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત જિલ્લામાં તાલુકાવાર ટી.બી.ના દર્દીઓ સારવાર હેઠળ નીચે મુજબ નોંધાયેલ છે.

| તાલુકા | નોંધાયેલ દર્દીઓ |
|---|---|
| ચાણસ્મા | ૧૯૪ |
| હારીજ | ૧૪૦ |
| પાટણ | ૩૮૪ |
| રાધનપુર | ૧૬૭ |
| સમી | ૧૦૮ |
| સાંતલપુર | ૧૩૪ |
| સરસ્વતી | ૨૮૬ |
| સંખેશ્વર | ૧૧૯ |
| સિદ્ધપુર | ૨૯૦ |
| કુલ | ૧૮૨૨ |

(૩) ઉક્ત ટીબી ગ્રસ્ત દર્દીઓને સંપૂર્ણ સ્વસ્થ કરવા પાટણ જીલ્લામાં જીલ્લા ક્ષય કેન્દ્ર, ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલ, સામુહિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર અને નોન ડેઝીગ્નેટેડ માઈક્રોસ્કોપી સેન્ટર ખાતે નિદાન અને સારવાર પુરી પાડવામાં આવે છે. તાલીમબધ્ધ લેબ.ટેકનીશ્યન ધ્વારા ગળફાની તપાસ કરવામાં આવે છે. ઉપરાંત તાલીમબધ્ધ

ડોટસ પ્રોવાઈડર (આશા) દ્વારા દર્દીના રહેઠાણથી નજીક દર્દીને અનુકુળ હોય તે સ્થળેથી સીધા નિરીક્ષણ હેઠળ સારવાર વિના મુલ્યે પુરી પાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

---------

છોટાઉદેપુર જિલ્લાના પંચાયત તથા સ્ટેટ હસ્તકના રસ્તાઓ

* ૨૭૯૩૯ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જીલ્લાના સ્ટેટ તેમજ પંચાયત હસ્તકના કેટલા રસ્તાઓ છે, અને | (૧) રાજ્ય મા.મ.વિભાગ હસ્તક ૮૩ અને પંચાયત મા.મ.વિભાગ હસ્તક ૨૬૯. |
| (૨) ઉક્ત પૈકી કયા રસ્તાઓ છેલ્લા બે વર્ષમાં રીકાર્પેટ થયા છે અને કયા રસ્તાઓ રીકાર્પેટ કરવાના બાકી છે ? | (૨) રસ્તાઓને રસ્તાની સપાટી, વાહન વ્યવહાર વિગેરે પરિબળોને ધ્યાને લઈ રીકાર્પેટ કરવામાં આવે છે. વિગતો *પરિશિષ્ટ–૧ અને ૨ મુજબ. |

(*પરિશિષ્ટ–૧ અને ૨ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ખેડા અને આણંદ જિલ્લામાં વેટ અન્વયે વસુલવાની બાકી રકમ

* ૨૬૯૪૦ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા અને આણંદ જીલ્લામાં જીલ્લાવાર વેટ અન્વયે રૂપિયા એક લાખથી વધુ રકમ વસુલવાની બાકી હોય તેવા કેટલા ઔધોગિક એકમો કે વ્યાપારી ગૃહો છે, | (૧) |

| જિલ્લાનું નામ | ઔધોગિક એકમો/વ્યાપારી ગૃહો |
|---|---|
| ખેડા | ૧૩૪ |
| આણંદ | ૧૪૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત ઔધોગિક એકમો કે વ્યાપારી ગૃહો પાસેથી કુલ કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને | (૨) રૂ. ૩૭૮૫૫.૩૨ લાખ. |
| (૩) ઉક્ત એકમો સામે વેટ વસૂલાત અંગે શી કાર્યવાહી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવી ? | (૩) વિવિધ સત્તાધિકારી દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ સિવાયના કેસોમાં ગુજરાત વેચાણવેરા, ગુજરાત મૂલ્યવર્ધિત કાયદા તથા જમીન મહેસુલ કાયદા અન્વયે પગલાં લેવામાં આવેલ છે. |

---------

રાજ્યનું જાહેર દેવું

* ૨૭૩૧૬ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને | (૧) |

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના જાહેર દેવામાં કેટલો વધારો કે ઘટાડો થયો ? | (૨) |

| નાણાકીય વર્ષ | જાહેર દેવામાં થયેલ વધારો (+) કે ઘટાડો (–) (રૂ. કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪–૧૫ | (+) ૧૩૯૪૫ |
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | (+) ૧૮૬૪૭ |

## તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

### નવસારી જિલ્લાની નગરપાલિકાઓને ઓ.ડી.એફ. જાહેર કરવા બાબત

* ૨૮૨૪૮ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નવસારી જીલ્લાની નવસારી નગરપાલિકાને ક્યારે ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવી છે, અને | (૧) તા. ૧૮–૦૭–૨૦૧૬ના રોજ નવસારી નગરપાલિકાને ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવી. |
| (૨) નવસારી જીલ્લાની બાકી રહેલ નગરપાલિકાઓને ક્યાં સુધી ઓ.ડી.એફ. જાહેર કરવાનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે ? | (૨) નવસારી જિલ્લાની બાકી રહેલ ત્રણ નગરપાલિકાઓને નીચે મુજબ ઓ.ડી.એફ. જાહેર કરવામાં આવેલ છે.<br>બીલીમોરા તા. ૦૩–૦૮–૨૦૧૬<br>વિજલપોર તા. ૦૩–૦૮–૨૦૧૬<br>ગણદેવી તા. ૦૩–૦૮–૨૦૧૬ |

---------

### મોડાસા નગરપાલિકાને સ્મશાનગૃહોના આધુનિકરણ માટે સહાય

* ૨૮૨૪૭ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યની નગરપાલિકા વિસ્તારમાં આવેલ સ્મશાનગૃહોનાં આધુનિકરણ માટે કોઈ યોજના અમલમાં છે, કે કેમ | (૧) હા. |
* ૨૬૯૮૬ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી., પી.એન.જી. અને રાસાયણિક ખાતર ઉપર કેટલા દરે વેટ અને સેસ વસુલવામાં આવે છે, અને

(૧)

| વિગત | વેરાનો દર | સેસ |
|---|---|---|
| પેટ્રોલ | ૨૪% | ૪% |
| ડીઝલ | ૨૪% | ૪% |
| સી.એન.જી. | ૧૨.૫% + ૨.૫% વધારાનો વેરા | – |
| પી.એન.જી. | ૧૨.૫% +૨.૫% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર | પ્રથમ તબક્કે ૪%+૧% વધારાનો વેરો | – |
| રાસાયણિક ખાતર (પુનઃવેચાણ) | માફી | – |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર કેટલી આવક થઈ ?

(૨) (રકમ રૂ.લાખમાં)

| | નવસારી | | સુરત | |
|---|---|---|---|---|
| | તા.૧/૧/૧૫ થી તા.૩૧/૧૨/૧૫ | તા.૧/૧/૧૬ થી તા.૩૧/૧૨/૧૬ | તા.૧/૧/૧૫ થી તા.૩૧/૧૨/૧૫ | તા.૧/૧/૧૬ થી તા.૩૧/૧૨/૧૬ |
| પેટ્રોલ | ૧૬૨.૮૮ | ૧૬૭.૨૮ | ૧૪૨૩.૩૯ | ૧૪૨૪.૭ |
| ડીઝલ | ૨૪૫.૪૨ | ૨૮૩.૬૦ | ૧૧૪૯.૫૨ | ૧૧૨૧.૬૪ |
| સી.એન.જી. | ૦.૦૫ | ૦.૦૬ | ૩૭.૧૬ | ૨૦.૩૪ |
| પી.એન.જી. | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| રાસાયણિક | ૯૬.૯૬ | ૯૦.૫૫ | ૨૬૬૨.૩૩ | ૧૯૯૯.૯૧ |

---------

રાજ્યનું જાહેર દેવું

* ૨૬૮૩૬ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું કુલ જાહેર દેવુ કેટલું છે ?

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

---------

મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં રમતના મેદાનો બનાવવા સરકારને મળેલ દરખાસ્ત અન્વયે કાર્યવાહી

* ૨૬૮૫૭ પ્રો.હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહિસાગર અને પંચમહાલ જિલ્લા રમત–ગમતના મેદાન બનાવવા સારૂ સરકાર દ્વારા કેટલી રકમ મંજૂર કરવામાં આવી,

(૧)

| અ.નં. | જિલ્લો | વર્ષ ૨૦૧૫ મંજુર રકમ (રૂ.લાખમાં) | વર્ષ ૨૦૧૬ મંજુર રકમ (રૂ.લાખમાં) | કુલ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | મહિસાગર | શૂન્ય | શૂન્ય | શૂન્ય |
| ૨ | પંચમહાલ | ૨૫.૦૦ | ૨૫.૦૦ | ૫૦.૦૦ |

(૨) ઉકત જિલ્લાવાર રમત ગમતના મેદાનો બનાવવા સારૂ કેટલી દરખાસ્ત ઉકત સ્થિતિએ સરકારને

(૨) શૂન્ય.

મળી, અને

(૩) તે અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્યનું જાહેર દેવું

* ૨૮૦૯૪ શ્રી અમીતભાઈ ચાવડા (આંકલાવ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે, અને

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫-૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે જાહેર દેવા પેટે વર્ષવાર કેટલું વ્યાજ ચૂકવેલ છે ?

(૨)

| નાણાકીય વર્ષ | જાહેર દેવા ઉપર ચૂકવાયેલ વ્યાજ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૪-૧૫ | ૧૩૦૬૧ |
| ૨૦૧૫-૧૬ (સુ.અ.) | ૧૪૪૯૫ |

ફોર-વ્હીલર વાહનચાલકો પાસેથી ટોલ ટેક્ષ

* ૨૮૦૭૩ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) સરકાર દ્વારા સ્ટેટ રોડ પર ફોરવ્હીલ વાહનોના વાહનચાલકો પાસેથી ટોલટેક્ષ લેવાનું બંધ કરવામાં આવેલ છે. તે અન્વયે રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર પાસે ટોલ એજન્સીઓ દ્વારા કેટલા નાણાની માંગણી કરવામાં આવેલ છે, અને

(૧) રૂ.૮૬૨૧.૦૩ લાખ.

(૨) તે અન્વયે ટોલ એજન્સીઓને સરકાર દ્વારા કેટલા નાણા ચુકવવામાં આવેલ છે ?

(૨) રૂ.૪૯૬૦.૬૦ લાખ.

---------

વડોદરા શહેરમાં અમૃત યોજના હેઠળ પાણી આપવા બાબત

* ૨૭૧૭૬ શ્રી સૌરભભાઈ પટેલ (અકોટા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વડોદરા શહેરમાં અમૃત યોજના હેઠળ સીંધરોટ ખાતે મહીનદીમાં ઈન્કલેવ તથા વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નેટવર્ક ઉભુ કરી ૧૦૦ ML D પાણી આપવાની યોજના રાજ્ય સરકાર દ્વારા મંજુર કરાઈ છે તે હકીકત સાચી છે,

(૧) વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધીના સ્ટેટ એન્યુઅલ એકશન પ્લાનમાં આ કામગીરીને મંજુરી આપવામાં આવેલ છે.

(૨) ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ઉકત સ્થિતિએ આ કામગીરી માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમની ફાળવણી કરાઈ છે, અને

(૨) આ પ્રોજેકટનો સમાવેશ વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધીના સ્ટેટ એન્યુઅલ એકશન પ્લાનમાં કરેલ હોઈ વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ ના વર્ષમાં ગ્રાન્ટ ફાળવવનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ વણવપરાયેલ છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગાંધીનગર જિલ્લાના દહેગામ-નરોડા રોડને ચાર માર્ગી કરવા બાબત

* ૨૭૭૯૬ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના દહેગામ-નરોડા રાજ્ય રસ્તાને ચાર

ચાર માર્ગીયકરણની કામગીરી મંજુર થયેલ ન હોવાથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માર્ગીય બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

---------

મહેસાણા જિલ્લામાં ‘‘મા’’ યોજના હેઠળ પસંદ થયેલ દવાખાના

* ૨૮૦૫૦ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજનામાં તાલુકાવાર ક્યા દવાખાના પસંદ કરેલા છે,

(૨) ઉકત યોજના સંબંધમાં ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યા દવાખાનામાં કેટલા લાભાર્થીઓને સારવાર આપવામાં આવી, અને

(૩) ઉકત યોજના અન્વયે સરકારે સારવાર પેટે કેટલી રકમ ઉકત વર્ષવાર ચુકવી ?

જવાબ

(૧) અને (૨) :

| તાલુકાનું નામ | હોસ્પિટલનું નામ | લાભાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| કડી | સી.એચ.સી. | ૨,૭૩૫ |
| ઉંઝા | કોટેજ હોસ્પિટલ | ૫૦૬ |
| મહેસાણા | જનરલ હોસ્પિટલ | ૫,૫૨૯ |
| વિસનગર | જનરલ હોસ્પિટલ | ૧,૧૭૭ |
| વિસનગર | ઉપાસના કીડની હોસ્પિટલ | ૪,૦૨૦ |

(૩)

| હોસ્પિટલનું નામ | ચૂકવેલ રકમ (રૂ.) વર્ષ ૨૦૧૫ | ચૂકવેલ રકમ (રૂ.) વર્ષ ૨૦૧૬ |
|---|---|---|
| સી.એચ.સી. | ૧૬,૯૧,૬૦૦/– | ૪૪,૧૩,૭૦૦/– |
| કોટેજ હોસ્પિટલ | ૨૦,૭૦૦/– | ૧૧,૪૩,૧૦૦/– |
| જનરલ હોસ્પિટલ | ૩૩,૨૯,૪૦૦/– | ૯૦,૧૧,૪૦૦/– |
| જનરલ હોસ્પિટલ | –– | ૨૭,૦૭,૧૦૦/– |
| ઉપાસના કીડની હોસ્પિટલ | –– | ૯૨,૪૬,૦૦૦/– |

---------

નર્મદા વિસ્થાપિતોના પ્રશ્નોનું નિવારણ બાબત

* ૨૭૦૭૧ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧૫–૦૧–૨૦૧૭ની સ્થિતિએ નર્મદા વિસ્થાપિતો તેમના પ્રાણ પ્રશ્નોના ઉકેલ લાવવા કેવડીયા કોલોની ખાતે ઉપવાસ ઉપર બેઠેલા છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ મુખ્યત્વે ક્યા પ્રશ્નોનું નિરાકરણ થયેલ છે, અને

(૩) કેટલા પ્રશ્નો ઉકત સ્થિતિએ નિરાકરણ માટે વિચારાધીન છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) એન.ડબલ્યુ.ડી.ટી. એવોર્ડ અને રાજ્ય સરકારની જાહેર કરેલ પુનઃવસન અંગેની ઉદાર નીતિ અન્વયેના પ્રશ્નોનું નિરાકરણ થયેલ છે.

(૩) એન.ડબલ્યુ.ડી.ટી. એવોર્ડ અને રાજ્ય સરકારની જાહેર કરેલ પુનઃવસન અંગેની ઉદાર નીતિ અન્વયેના પ્રશ્નો બાકી નથી.

---------

નાણા વિભાગ દ્વારા બોર્ડ–કોર્પોરેશનોને પગારપંચનો લાભ

* ૨૮૦૪૧ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણા વિભાગ દ્વારા ક્યા બોર્ડ કોર્પોરેશનોને છઠ્ઠા પગારપંચનો લાભ આપવાના હુકમો તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કરવાના બાકી છે,

(૨) ઉકત સ્થિતિએ હુકમો બાકી રહેવાના શા કારણો છે, અને

(૩) ઉકત બાકી રહેલા તમામ હુકમો ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કોઈ બોર્ડ કોર્પોરેશનોને છઠ્ઠા પગારપંચનો લાભ આપવાનો બાકી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

<p a g e દાહોદ જિલ્લામાં તાલુકાવાર વિશ્રામગૃહો

* ૨૭૪૪૦ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા વિશ્રામગૃહો કાર્યરત છે, અને | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં દાહોદ, લીમખેડા, ઝાલોદ અને દેવગઢ બારીયા તાલુકા મથકે વિશ્રામગૃહો કાર્યરત છે. |
| (૨) ઉકત જિલ્લાના ક્યા તાલુકાઓમાં વિશ્રામગૃહ નથી અને તાલુકાઓમાં વિશ્રામગૃહ ક્યારે બનાવવામાં આવશે ? | (૨) ફતેપુરા, સંજેલી, ધાનપુર અને ગરબાડા તાલુકા મથકે વિશ્રામગૃહો નથી. વિશ્રામગૃહની સુવિધા ઉપલબ્ધ ન હોય તેવા તાલુકા મથકે તબક્કાવાર નવિન વિશ્રામગૃહ બનાવવાની કાર્યવાહી જમીનની ઉપલબ્ધિ, બજેટ જોગવાઈને ધ્યાને લઈ ભવિષ્યમાં વિચારણા કરવામાં આવશે. |

---------

ગુજરાત વિધાનસભાના બિલ્ડીંગના નવિનીકરણનાં મળેલ ટેન્ડરો

* ૨૭૨૯૮ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત વિધાનસભાના બિલ્ડીંગના નવિનીકરણ માટે કુલ કેટલી કંપનીના કેટલા ટેન્ડરો શા ભાવે સરકારને છેલ્લા એક વર્ષમાં મળ્યા, અને | (૧) ઉકત સ્થિતિએ બે ઈજારદારશ્રીઓ<br>(૧) ક્યુબ કન્સ્ટ્રકશન એન્જી.લી. તથા<br>(૨) પી.એસ.પી. પ્રોજેકટ લી. ના અનુક્રમે રૂ.૧૨૬.૦૨ કરોડ તથા રૂ.૧૨૪.૦૭ કરોડની રકમના ટેન્ડરો મળેલ છે. |
| (૨) ઉકત નવિનીકરણ પાછળ કુલ કેટલી રકમનો ખર્ચ થનાર છે ? | (૨) અંદાજીત રૂ.૧૨૦.૯૭ કરોડ. |

---------

પંચમહાલ જિલ્લાના શહેરા નગરની ટ્રાફિક સમસ્યા

* ૨૮૨૧૯ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લાના શહેરા નગરમાંથી ગ્રામ્ય વિસ્તારોમાં જવા માટેના રસ્તા તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ટ્રાફિક સમસ્યા ભોગવી રહ્યા છે તે હકીકત સરકાર જાણે છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ શહેરા નગરના હાઈવેથી બાયપાસ નાંદરવા રોડ સુધી રોડ મંજુર કરવા શું આયોજન છે, અને | (૨) અને (૩) : પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં ઉકત કામગીરી હાથ ધરવામાં આવશે ? | |

---------

જામનગર એમ.પી.શાહ મેડીકલ કોલેજની વિદ્યાર્થી હોસ્ટેલની મરામત કામગીરી અંગે

* ૨૭૦૯૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર ખાતે આવેલ એમ.પી.શાહ મેડીકલ કોલેજમાં વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલની મરામતની કામગીરી છેલ્લે ક્યારે કરવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર ખાતે આવેલ એમ.પી.શાહ મેડીકલ કોલેજમાં વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલમાં મેજર કામ માટે વર્ષ જૂન-૨૦૧૪ માં રૂ.૩૮.૭૨ લાખની કામગીરી મંજૂર થતાં તા.૧૭-૦૩-૨૦૧૫ના રોજ મરામતની (સિવિલ-ઈલેકટ્રીકલ વર્ક) કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. |

(૨) ઉકત હોસ્ટેલની મરામત કરવામાં આવેલ ન હોવાથી અને ઉકત સ્થિતિએ હોસ્ટેલની મરામત કરવાની જરૂરિયાત રહેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) ઉકત હોસ્ટેલની મરામત કરવામાં આવેલ પરંતુ વધુ મરામત કરવાની જરૂરિયાત છે તે હકીકત સાચી છે.

(૩) જો હા, તો ક્યા સુધીમાં ઉકત હોસ્ટેલની મરામતની કામગીરી પૂર્ણ કરવામાં આવશે ?

(૩) ઉકત હોસ્ટેલ તથા હોસ્પિટલના રીપેરીંગ માટે રૂ.૭૨૯.૨૪ લાખ મંજૂર કરવામાં આવેલ છે. જેની ટેન્ડર પ્રક્રિયાની કાર્યવાહી પી.આઈ.યુ. દ્વારા કરવામાં આવનાર છે. જેના વર્ક ઓર્ડર મુજબ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

---------

## રાજ્યનું વર્ષવાર જાહેર દેવું

* ૨૮૧૪૯ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૦–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૧)

| નાણાકીય વર્ષ | કુલ બાકી જાહેર દેવું (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૮૨૦૯૮ |

(૨) ઉકત રકમ કોની પાસેથી કેટલા વ્યાજ દરથી ક્યારે લેવામાં આવી, અને

(૨)

| ક્રમ | મેળવેલ લોનના સ્ત્રોત | લોનનો ભારિત સરેરાશ વ્યાજદર | ક્યારે લેવામાં આવી |
|---|---|---|---|
| (૧) | ભારત સરકારની લોન | ૬.૬૧ | વિવિધ નાણાકીય વર્ષ દરમિયાન |
| (૨) | સંસ્થાકીય લોન | ૬.૯૨ | |
| (૩) | જાહેર બજારની લોન (રિઝર્વ બેંક મારફતે) | ૮.૪૭ | |
| (૪) | એનએસએસએફ લોન (નાની બચત) (ભારત સરકાર | ૯.૬૬ | |

(૩) ઉકત સ્થિતિએ કુલ કેટલાં વ્યાજની ચૂકવણી થઈ ?

(૩)

| નાણાકીય વર્ષ | જાહેર દેવા ઉપર ચૂકવાયેલ વ્યાજ (રૂ.કરોડમાં) |
|---|---|
| ૨૦૧૫–૧૬ (સુ.અ.) | ૧૪૪૯૫ |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ખેલ મહાકુંભ અન્વયે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૯૪૧ શ્રી ધીરુભાઈ ભીલ (સંખેડા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં વર્ષવાર ખેલ–મહાકુંભ અન્વયે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૧) ખેલ મહાકુંભ–૨૦૧૫ :–રૂ.૧૧,૬૨,૨૭૫/–
ખેલ મહાકુંભ–૨૦૧૬: –રૂ.૩૯,૩૩,૬૦૦/–
કુલ :– રૂ.૫૦.૯૫,૮૭૫/–

(૨) ઉકત ફાળવેલ રકમ અન્વયે મુખ્યત્વે ક્યા હેતુસર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| મુખ્યત્વે આયોજન–સંચાલન | | થયેલ ખર્ચ |
|---|---|---|
| ખેલ મહાકુંભ–૨૦૧૫ | : | રૂ.૫,૪૪,૪૦૦/– |
| ખેલ મહાકુંભ–૨૦૧૬ | : | રૂ.૨૧,૧૩,૧૬૫/– |
| કુલ | : | રૂ.૨૬,૫૭,૫૬૫/– |

---------

## રાજ્યમાં જિલ્લા રમતગમત અધિકારીઓનું મહેકમ

* ૨૭૩૧૯ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરીયાપુર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કેટલા જિલ્લામાં જિલ્લા રમત-ગમત અધિકારીનું મહેકમ મંજુર થયેલ છે,

(૧) ૪૧

(૨) ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨) ૧૨

(૩) ઉકત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે, અને

(૩) ૩

(૪) ઉકત તમામ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) બનતી ત્વરાએ.

---------

કલ્પસર યોજના પાછળ થયેલ ખર્ચ

* ૨૬૭૯૪ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કલ્પસર પ્રોજેકટ ક્યારે મંજૂર કરવામાં આવ્યો,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૩) ઉકત સ્થિતિએ તેની કામગીરી ક્યા તબક્કે છે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કલ્પસર પ્રોજેકટના શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની કામગીરીને તા.૨૨-૦૧-૨૦૦૩ ના રોજ વહીવટી મંજુરી આપેલ છે.

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે, અને

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ.કરોડ) |
|---|---|---|
| ૧ | ૨૦૧૪-૧૫ | ૬.૭૬ |
| ૨ | ૨૦૧૫-૧૬ | ૨૧.૩૮ |
| ૩ | ૨૦૧૬-૧૭ (૧૨-૨૦૧૬ સુધી) | ૨.૪૭ |

(૩) ઉકત સ્થિતિએ કલ્પસર પ્રોજેકટ શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાના તબક્કે છે. અને તે માટેના જરૂરી સર્વે-સંશોધનો-અભ્યાસો પૈકી ૨૧ પ્રકારના સર્વે/સંશોધનો/ અભ્યાસો પૂર્ણ થયા છે, ૧૧ પ્રગતિ હેઠળ છે તેમજ ૧૧ આયોજન હેઠળ છે.

---------

વલસાડથી ધરમપુરનો ચાર માર્ગીય રસ્તો

* ૨૭૩૭૫ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં વલસાડથી ધરમપુર જતા રસ્તાને ચાર માર્ગીય બનાવવાની કાર્યવાહી ક્યા તબક્કે છે ?

જવાબ

આ રસ્તાનું ચારમાર્ગીયકરણ મંજુર થયેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## ફાલ્ગુન ૩, ૧૯૩૮ શાકે

## અધ્યક્ષશ્રીની જાહેરાત

સચિવશ્રીઃ તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬) માનનીય સભ્ય ડો. નીમાબેન આચાર્ય.

અધ્યક્ષશ્રીની જાહેરાત

નલિયા ખાતેના સામૂહિક દુષ્કર્મકાંડની ન્યાયિક તપાસ અંગે

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પોતાની ૧૧૬ની નોટીસ મૂવ કરે એ પહેલાં મારે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે કે, ગઇ કાલે આપણે બધા જાણીએ છીએ તેમ માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પોતાની વાત કરી અને એના અનસંધાનમાં માનનીય મુખ્ય મંત્રીશ્રીએ એનો સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો. એના અનુસંધાનમાં આજે સવારે મારી ચેમ્બરમાં પક્ષના નેતાશ્રી અને માનનીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, વિરોધપક્ષના નેતા આદરણીય શંકરસિંહજી બાપુ, માનનીય ભુપેન્દ્રસિંહ ચૂડાસમા સાહેબ, આદરણીય પ્રદિપસિંહજી, માનનીય શકિતસિંહ ગોહિલ, દંડકશ્રી બલવંતસિંહજી રાજપૂત, ભાઇશ્રી શૈલેષભાઇ પરમાર અને મારી બેઠક મળી હતી અને આજે સંતોષ અને આનંદ સાથે મારે કહેવું પડે કે, વિરોધપક્ષ એની ભૂમિકા બજાવે, શાસકપક્ષ એની ભૂમિકા બજાવે, પરંતુ ગુજરાતને આ વાત અન્ય રાજયો સુધી સાનુકૂળ પ્રતિભાવ કેવી રીતે પહોંચે એના માટેનું ખૂબ સુંદર, સારું વાતાવરણ ઉભું થયું છે અને જે પ્રશ્ન ચાલે છે એ પ્રશ્નના અનુસંધાનમાં બધાયે સાથે મળીને આ સભાગૃહનું કામ શાંતિથી ચાલે એના માટેની આશા વ્યક્ત કરી છે આ અંગે આદરણીય માનનીય મુખ્ય મંત્રીશ્રી પોતાના વિચારો વ્યક્ત કરે એવી એમને વિનંતી કરું છું.

શ્રી વિજયકુમાર ર.રૂપાણી : (મુખ્ય મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે જ જયારે આદરણીય શંકરસિંહજીએ આ વિષયના સંદર્ભમાં સરકાર પાસે એક ખાતરીની વાત કરી, ત્યારે મેં આ ફ્લોર ઉપર ખાતરી આપી હતી કે, નલિયા કાંડમાં કોઇપણને સરકાર છોડશે નહીં, સરકાર કડકમાં કડક કાર્યવાહી કરી રહી છે અને હજી કરશે. આજે એ જ અનુસંધાને આપણી જે બેઠક થઇ અને બેઠકમાં પણ જયારે ચર્ચા વિચારણાના અંતે સરકારે કહ્યું હતું કે, અમારું મન ખુલ્લુ જ છે અને બધાની લાગણી હતી કે, ન્યાયિક તપાસ થાય એટલે ન્યાયિક તપાસ સરકાર કરશે. આ આપણી હાજરીમાં વાત થઇ છે, અને ન્યાયિક તપાસ માટે અમે તૈયાર છીએ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા( વિરોધપક્ષના નેતાશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, હું આપનો અને માનનીય મુખ્ય મંત્રીશ્રીનો આભારી છું કે, એમણે પ્રજાની લાગણી જે અમારા માધ્યમથી આ ગૃહમાં વ્યક્ત થઇ, એનો હકારાત્મક પ્રતિભાવ આપ્યો છે. હું થોડોક સમય લઇશ. પ્રતાપસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા આ ગૃહના સભ્યશ્રી હતા, મોટાભાગે એમના બાપુજી પણ આ ગૃહના સભ્યશ્રી હતા. બહુ વર્ષો પહેલાં ૧૯૭૨માં પ્રતાપસિંહ જાડેજાએ જાહેર સભામાં એક અબડાજી અંગે એક વર્ણન કર્યું હતું. એ અબડાજી ત્યાં શાસક હશે, અબડાસા તો એરિયા છે પણ આમના નામ પરથી અબડાસા પડેલું, અબડાજીના નામ ઉપરથી નામ પડલું, એમને સુમરાબાઇઓ, બહેનો, મુસ્લીમ બહેનો ઉપર જે ત્રાસ હતો એની સામે એ પોતે જયારે દરબારમાં બેઠા હશે અને કોઇએ રાડ કરી ત્યારે એમને એમ પોતને જાતને શહીદી આ બહેનોની રક્ષા માટે આ નલિયામાં, અબડાસામાં એ શહીદી વહોરી લીધી. એમની પ્રતિમાને દર્શન કરીને આવ્યા પછી સ્વાભાવિક આ લાગણી હોય ત્યાં, આવું જો એક રૂલર જે તે વર્ષોમાં આવું કરતા હોય અને કદાચ જાડેજા હતા, કદાચ મારી માહિતી પ્રમાણે, તો સ્વાભાવિક છે કે, આ ગુજરાત, ગાંધીજીનું ગુજરાત, સરદાર સાહેબનું ગુજરાત એને આવા કુકર્મોથી પાર્ટી આ હોય કે તે હોય, પાર્ટીના ના હોય પણ બીજા લોકો હોય તો પણ યોગ્ય નશ્યત મળવી જોઇએ અને જયુડિશીયલ ઇન્કવાયરીમાંથી જે કંઇ નીકળે એનાથી જરૂર લોકોને કોઇને કોઇ રાહત થશે. માનનીય મુખ્ય મંત્રીશ્રી જે કોઇ પ્રક્રિયામાં આપના સહકારથી સારા એવા ન્યાયાધીશની આગેવાની નીચે પૂરી એની જાંચ થાય, ફરિયાદ થાય અને ફરિયાદમાં જે કાંઇ હોય એમને બક્ષવામાં ના આવે અને તમે બક્ષ્યા નથી એ બહુ સારી વાત છે. ચાહે ભાજપવાળા હોય કે કોઇ પણ હોય, અને એ રીતે આ વસ્તુ અહીં પૂરી થાય છે અને હું માનું છું ત્યાં સુધી નોટિસની જરૂર આપને લાગે તો ઠીક છે ના લાગે તો આ વાર્તા પૂરી કરીએ. આપનો આભાર માનું છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મારો મત વિસ્તાર છે ત્યારે મને પ્રશ્ન પૂછવાની તક મળવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, હવે મુવ કરવાનો પ્રશ્ન રહેશે નહિ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : શાસક પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે જયારે આ બાબતે સમાધાન થયેલ હોય તેવા સંજોગોમાં આ બાબતે ચર્ચા ન થાય તો સારું.

અધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહજી, આ બધી બાબતથી આપ જાણકાર છો અને સમાધાનની પ્રક્રિયામાં આપ સૌનો હકારાત્મક સૂર હતો એની બધા સભ્યશ્રીઓએ નોંધ લેવી પડે. આપનો મત વિસ્તાર છે એટલે લાગણી હોય જ અને કહેવું પડે, પરંતુ જે પ્રમાણે ચર્ચા થઇ એના લીધે સાનુકૂળ વાતાવરણ ઉભું થયું છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ કહ્યું કે ન્યાયિક પ્રક્રિયામાં જે કંઇ નીકળશે એ કરવા અમે તૈયાર છીએ ત્યારે આપણે આ પ્રકરણ અહીંયા પૂરું કરીએ છીએ.

તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત નશાબંધી(સુધારા) વિધેયક,૨૦૧૭

સરકારી વિધેયકો

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૬

ગુજરાત નશાબંધી(સુધારા) વિધેયક,૨૦૧૭

ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક.

શ્રી /પ્રદિપસિંહ ભ.જાડેજા ( નશાબંધી અને આબકારી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયપત્ર*માં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૧૭નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયકને હું આપની પરવાનગીથી દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૧૭નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયકનું પહેલુ વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ઇન્દુલાલ યાજ્ઞિકનો જન્મ દિવસ છે ત્યારે ગુજરાત પ્રોહિબિશન એમેન્ટમેન્ટ બિલ ૨૦૧૭ આ સભાગૃહમાં રજૂ કરતા મને અત્યંત આનંદ થાય છે.આનંદ એટલા માટે થાય છે કે ગુજરાતના મૂલ્યો, ગુજરાતની અસ્મિતા, ગુજરાતની ઓળખ, મહાત્મા ગાંધીજીનું ગુજરાત નશાબંધીને નીતિને વરેલુ ગુજરાત એના માટે કાયદાની પૂર્વ ભૂમિકા તરફ આ સન્માનનીય સભાગૃહનું ધ્યાન દોરવા માગું છું.

મુંબઇ પ્રાંતની સરકારે મુંબઇ આબકારી અધિનિયમ, ૧૮૭૮ કરેલો. જયારે ૧૯૪૯માં સંપૂર્ણ નશાબંધીના હેતુથી મુંબઇ નશાબંધી અધિનિયમ,૧૯૪૯ અમલમાં આવ્યો અને આ ગુજરાત રાજય સંપૂર્ણપણે નશાબંધીને વરેલુ રાજય હોય ત્યારે ગુજરાત પ્રોહિબિશન એકટ, ૧૯૪૯ને ક્રમશઃ સમયાંતરે વધારે મજબૂત કરવામાં આવ્યું છે. મહાત્મા ગાંધીજીએ કહેલું કે હું એક દિવસ માટે દેશનો સરમુખ્યતાર બનું તો સૌ પ્રથમ સમગ્ર દેશમાં શરાબની દુકાનો વિના વળતરે બંધ કરાવું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવર્તમાન સંજોગોમાં આપણે સૌ જાણીએ છીએ કે ગુનેગારોની ગુના કરવાની મોડસ ઓપરેન્ડી બદલાઇ છે. તેની સાથે તેમના વાહન-વ્યવહારના સાધનો, તેમના આર્થિક વ્યવહારો અને ઇન્ફર્મેશન ટેક્નોલોજી અને સમગ્રતયા આ કાયદાના અમલીકરણ માટે અનેકવિધ નાની-મોટી સમસ્યાઓ આવતી હતી. ઉપરાંત ગુજરાત એક એવું રાજ્ય છે કે ગુજરાતની એક બોર્ડરે મધ્યપ્રદેશ છે, બીજી બાજુ રાજસ્થાન છે, ત્રીજી બાજુ મહારાષ્ટ્ર છે. દીવ જેવા કેન્દ્રસાશિત શાસિત પ્રદેશો છે અને આ બધા રાજ્યોની અંદર નશાબંધીની નીતિ નથી. આપણું રાજ્ય નશાબંધીની નીતિને વરેલું છે. તેવા સંજોગોમાં આટલી વિશાળ સરહદ સાથે જોડાયેલા અન્ય રાજયોમાંથી પણ ગુજરાતની સરહદમાં દારૂ ન પ્રવેશે એટલા માટે પણ આ કાયદાને સ્ટ્રેન્ધન કરવો જરૂરી છે. આ બુટલેગરો માત્ર દારૂ નથી પહોંચાડતા, દારૂ પહોંચાડીને તેમાંથી આર્થિક રીતે સદ્ધર થઇને અસામાજીક પ્રવૃત્તિઓ કરીને સમાજની શાંતિને હણવા માટેનો પણ પ્રયાસ કરતા હોય છે. આના માધ્યમથી કાળા નાણાંનું સર્જન થાય છે. એટલા માટે દારૂનુ ઉત્પદન, દારૂનું વેચાણ અને દારૂની હેરાફેરી, દારૂના અડ્ડા ઉપર રેડ પાડે ત્યારે કોઇ ગુનેગારને છોડાવી ન જાય, અથવા દારૂની રેડ હોય એ નિષ્ફળ કરવા માટે પણ ક્યાંયથી કોઇ અધિકારી મેળાપીપણું ન કરે તેના માટે આ સમગ્ર વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને કેટલાક સુધારાઓ મેં કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની અંદર અનેક બહેનોના પતિ કે જે દારૂના વ્યસનના કારણે અકાળે મૃત્યુ પામે છે. અનેક બહેનો વિધવા થાય છે. તેના કારણે તેમની પાછલી જિંદગીમાં પોતાના નાના-નાના બાળકોને મોટા કરવાની જવાબદારી આવે છે. સમાજમાં જીવવા માટે તેમની સ્થિતિ કમનસીબ હોય છે. આપણે એવા કેટલાય પરિવારો જોયા છે કે ઘરનો મોભી દારૂના વ્યસનમાં સંકળાયેલો હોય, તેના દીકરા-દીકરીના અભ્યાસમાં ધ્યાન ન આપે. તેના કારણે તેના બાળકો અભ્યાસથી વંચિત રહી જાય. એવા કેટલાય પરિવારો જોયા છે કે જેના ઘરની અંદર દારૂ પીને આવીને તેની પત્ની ઉપર અત્યાચાર કરે અને એ બહેન મૂંગા મોઢે સહન કરી લે. દારૂના વ્યસનના કારણે વ્યક્તિ શારીરિક રીતે રીતે નિર્બળ થઇ જાય છે. તેને લીવર, હૃદય, કીડની, સ્વાદુપીંડ અને આના સિવાયના અનેક પ્રકારના રોગો થાય છે. તેના કારણે કાં તો એ મૃત્યુ પામે છે અને કાં તો એ સમાજમાં હરતી-ફરતી લાશની અવસ્થામાં પોતાના દિવસો પસાર કરે છે. આ ગુજરાતને એ કયારેય પોષાય નહીં. આ મહાત્મા ગાંધીનું ગુજરાત, આ સરદાર વલ્લભભાઇ પટેલ સાહેબનું ગુજરાત, આ પ્રમુખસ્વામીનું ગુજરાત. આવા ગુજરાતમાં દારૂબંધીમાં કડકમાં કડક કાયદો રહેવો જોઇએ. હમણાં મારી પાસે જે તજજ્ઞોના સર્વેક્ષણના આંકડા આવ્યા તે પ્રમાણે જે ગુનાઓ થાય છે તેમાં માનવ શરીર વિરુદ્ધના ૬૦ ટકા નશાખોરીના કારણે થાય છે. કોઇ ચોર ચોરી કરવા પ્રેરાય. શા માટે? તો પોતાના નશા માટે તેને દારૂ ઉપલબ્ધ થાય તેના માટે ચોરી કરવા પ્રેરાય. તેના માટે થતાં ગુનાના ૬૫ ટકા ગુના પોતાની દારૂની લતને પૂર્ણ કરવા માટે થાય છે. આ ઉપરાંત વાહન ચોરીના ૬૮ ટકા ગુના આના કારણે થાય છે. સમાજમાં બળાત્કારના ગુના પણ આના કારણે થાય છે. ક્યારેક ક્યારેક વ્યકિતગત હુમલા અને તીક્ષ્ણ હથિયારથી કરવાના હુમલાના ગુનાઓ પણ આના કારણે થાય છે અને આનાથી કંટાળીને એ બહેન વિધવા થાય અને કેટલાક કિસ્સાઓમાં આ કાયમી કુટુંબ કંકાસથી કંટાળીને કેટલીય બહેનો આત્મહત્યા કરતી હોય છે ત્યારે આપણે સૌએ અને સમાજ માટે અને ગુજરાત જેવા રાજ્ય

---

* વિધેયક તા. ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

માટે કલંક સમાન છે અને એનો કોઇપણ હિસાબે નિવેડો લાવવો જોઇએ. આપણે માનીએ છીએ કે ઈઝ ઓફ ડુઇંગમાં પણ સમગ્ર દેશમાં આગળ છીએ, આપણે પેટ્રો હબ છીએ, ઇન્ડસ્ટ્રીયલ હબ છીએ અને એના કારણે ગુજરાતની અંદર એક પ્રોસ્પિરીટીનું નિર્માણ થાય છે. ગુજરાતનું જે યુથ છે એના માટે આપણે સ્ટાર્ટઅપ પોલીસી અને અનેકવિધ માધ્યમથી ગુજરાતના યુવાનોને રોજગારી મળે એના માટે આપણે ઉત્તમ પ્રકારની કામગીરી કરી રહ્યા છીએ. આ એ ગુજરાત છે જ્યાં રાત્રે ૧૨ વાગ્યે પણ બહેન દિકરીઓ ગરબા ગાઇને પોતાની સ્કૂટી ઉપર એકલી ગરબાના સ્થાનેથી ઘર સુધી શાંતિથી અને સલામત રીતે પહોંચે છે. એ શાંતિ અને સલામતી જાળવી રાખવી એ આપણા સૌની ફરજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ૨૦૦૯ની અંદર આ મુંબઇ નશાબંધી અધિનિયમ સુધારો લાવવાનું બિલ જે તે વખતના ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સભાગૃહ સમક્ષ લાવ્યા હતા અને એમણે જે શબ્દો કહ્યા છે એ શબ્દો આ સન્માનનીય વિધાનસભામાં હું કહેવા માગું છું. '' જે ગુનેગાર હોય એના ઉપર સરકારનો ડર પણ હોવો જોઇએ અને ગુનેગારને દંડ થાય એવી વ્યવસ્થા હોવી જોઇએ.'' તેઓ કહે છે કે પોતાના પૈસાના લોભ માટે બીજાની જિંદગી સાથે રમત રમવાવાળા તત્વો માટે કડકમાં કડક સજા કરવાની આ સરકારની નીતિ છે અને એ જ વાતનો હું પુનરોચ્ચાર કરવા માગું છું અને એનો ઉલ્લેખ કરવા માગું છું કે માનનીય વિજયભાઇ રૂપાણી આ રાજ્યના મુખ્યમંત્રી બન્યા અને મને ગૃહ વિભાગનો હવાલો સોંપ્યો ત્યારે હું એમને મળવા માટે ગયો હતો ત્યારે એમણે મને પહેલા કહ્યું હતું કે આ સરકાર ચાર પાયા ઉપર પારદર્શકતા, નિર્ણાયકતા, પ્રગતિશીલતા અને સંવેદનશીલતાના પગલે ચાલવાવાળી આપણી સરકાર છે. આપણા ગૃહ વિભાગનું પહેલામાં પહેલું કામ હોય તો એ ગુજરાતની અંદર દારૂબંધીનો કડકમાં કડક અને અસરકારક અમલ કરાવવો એ છે અને ગુજરાતની અંદર કોઇપણ બહેન દિકરીઓ દારૂના કારણે વિધવા ન થાય તે જોવાની સૌથી પહેલી જવાબદારી રાજ્ય સરકારની છે. આના સંદર્ભમાં જે કુલ જુદી જુદી કલમો છે એ કલમોમાં જુની કલમની સાપેક્ષમાં જે મેં સુધારા સૂચવ્યા છે. એમાં હાલની જે જોગવાઇ છે એમાં કલમ-૨ની પેટા કલમ (૨૩)માં (ક)ની, કે જેની અંદર કેફી પદાર્થ અને બાકીની જાતોનો સમાવેશ થાય છે અને એમાં નવી જોગવાઇમાં ''(ક) ગાંજો એટલે કે ગમે તે નામે ઓળખાતા, (ઉપરના ભાગ સાથે ન હોય, ત્યારે બિયા અને પાંદડા સિવાયના) ગાંજાના છોડના ફૂલ અથવા ફળ ધરાવતા ઉપરના ભાગોનો નશાકારક વ્યાખ્યામાં સમાવેશ કરીએ છીએ.'' કલમ-૬૫ છે એમાં કેફી પદાર્થનું ગેરકાયદેસર ઉત્પાદન, ખરીદ-વેચાણ, આયાત, બોટલીંગ એના માટે શિક્ષા છે. એમાં દોષિત થયેથી ૩ વર્ષ સુધીની કેદ અને દંડની શિક્ષા હતી. આની અંદર પેટા કલમ- (ચ) નો ઉમેરો કર્યો છે. એમાં વેચાણની સાથે કબજો અને હેરફેરનો સમાવેશ કર્યો છે. આખા કાયદાની અંદર કડકમાં કડક કલમ હોય તો એ આ પેટા કલમ-(ચ) છે. હવેથી ગુજરાતની અંદર દારૂનું ખરીદ વેચાણ, કબજો કે હેરફેર સાથે સંકળાયેલા કોઇપણ દોષિત થાય તો એને દસ વર્ષ સુધીની કેદ અને રૂ.૫/- લાખના દંડની જોગવાઇ આ રાજ્ય સરકારે આની અંદર કરી છે. એમાં પણ રાજ્ય સરકારે જો આ આ ગુના માટે પ્રથમ વખત આવી કેદ કરે તો બે વર્ષ કરતાં ઓછી નહીં અને દંડ એક લાખ રૂપિયા કરતાં ઓછો નહીં, બીજા ગુના માટે કરે તો આવી કેદ ૩ વર્ષ કરતાં ઓછી ન હોવી જોઇએ અને દંડ બે લાખ કરતાં ઓછો ન હોવો જોઇએ અને ત્રીજા અને ત્યાર પછીના ગુના માટે પણ જો ગુનો કરે તો એને કેદ સાત વર્ષ કરતાં ઓછી ન હોવી જોઇએ અને દંડ પાંચ લાખ કરતાં ઓછો ન હોવો જોઇએ. આખા કાયદામાં આ કલમના માધ્યમથી ગુજરાતની અંદર આ જે મેં કહ્યું એ પ્રમાણે કડકમાં કડક કાયદાનો અમલ કર્યો છે. એમાં કલમ-૬૫કક નો પણ ઉમેરો કર્યો છે, નિયમોથી નિશ્ચિત કરેલ જથ્થા કરતા ઓછા પ્રમાણમાં કબજો, હેરફેર ખરીદ અથવા વેચાણની પ્રવૃત્તિ કરવા બદલ દોષી ઠરે તો દરેક ગુના માટે ૩ વર્ષ સુધીની કેદ અને દંડની સજા કરી છે એટલે નિયત માત્રા કરતા વધારે હોય, નિયત માત્ર કરતા કદાચ ઓછો હોય અને કોઇની ભૂલ થઇ જાય તો એને દંડવાનો રાજય સરકારનો કોઇ મનસુબો નથી. એ પ્રમાણે કલમ-૬૬ જેની અંદર ઉપભોગ, ઉપયોગ, કબજો અને હેરફેરના ગુનાના સંદર્ભમાં પહેલા ગુના માટે છ માસ સુધીની કેદ અને એક હજાર સુધીનો દંડ, બીજા ગુના માટે બે વર્ષ સુધીની કેદ અને બે હજાર સુધીનો દંડ ત્રીજા અને ત્યાર પછીના ગુના માટે બે વર્ષ સુધીની કેદ અને બે હજાર સુધીના દંડની જોગવાઇ હતી, એની અંદર પણ કલમ-પેટા કલમ-ખ ઉપભોગ, ઉપયોગ, કબજો, હેરફેર શબ્દોના સ્થાને ઉપયોગ અને ઉપભોગ એવા શબ્દો કબજો હેરફેર શબ્દને જે મેં અગાઉ કહી એમ ૬૫-(૬)ની અંદર ઉમેરવા માટે રાજય સરકારે નિર્ધાર કર્યો છે. કલમ-૬૭ છે કે જેની અંદર વિકૃત કરેલ સ્પીરીટમાં ફેરફાર કરે, ઘણા લોકો વાર્નીશ કે એની અંદરથી દારૂનું ઉત્પાદન કરતા હોય છે એવા લોકોને પણ દોષિત ઠરે ત્રણ વર્ષ સુધીની કેદ અને એક લાખ રૂપિયા સુધીના દંડની જોગવાઇ કરી છે. કલમ-૬૭-૧ક એની અંદર પણ જે જૂનું હતુ એની અંદર સુધારો કરીને એ પણ દોષિત ઠરે ત્રણ વર્ષ સુધીની કેદ, એક લાખ સુધીના દંડની સજા પરંતુ કોર્ટના ફેસલામાં જણાવવા જોઇએ તેવા વિરુદ્ધના ખાસ અને પૂરતા કારણો ન હોય તો પણ એને એક વર્ષથી ઓછી નહીં અને દંડ રૂપિયા ૫૦ કરતા ઓછો ન હોય એના માટેની જોગવાઇ કરવામાં આવી. આપણે સૌ એવું જોઇ રહ્યા છીએ અને સૌ માનનીય ધારાસભ્યશ્રીઓના ધ્યાનમાં પણ કયારેક કયારેક આવે છે કે કયાંક કોઇક દારૂનો બાર બનાવીને દારૂનું વેચાણ કરતા હોય, કયાંક કોઇ દારૂનું પીઠું બનાવીને બાકીની સુવિધાઓના માધ્યમથી દારૂનું વેચાણ કરતા હોય તો એમાંની પહેલાની જે સજાની જોગવાઇઓ હતી કે દારૂના પીઠા ખોલે એનો ઉપયોગ કરે એ સ્થળની સંભાળ વ્યવસ્થાને નિયંત્રણ કરતા હોય તો પહેલા એને એક ગુનો કરે તો માત્ર છ માસની હતી, બીજા ગુના માટે નવ માસની હતી અને ત્રીજા ગુના માટે એક વર્ષની હતી. આના કારણે ગુનેગારોને કાયદાનો ભય નહોતો એટલે ગુનેગારોની અંદર કાયદાનો ભય ઉભો થાય એના માટે રાજ્ય સરકારે આવા દારૂના બારની સાથે જે સંકળાયેલા હોય એવા લોકો દોષિત ઠરે તો દરેક ગુના માટે એમને દસ વર્ષ સુધીની પરંતુ એમાં પણ નિયમ બનાવ્યો છે કે દસ વર્ષ ખરી પરંતુ સાત

વર્ષથી ઓછી નહીં અને એક લાખ રૂપિયાનો દંડ આવા દારૂના પીઠા કરવાવાળા લોકોને કરવામાં આવ્યો છે. કલમ-૮૫, આપણું ગુજરાત કે જયાં કોઇ દારૂ પીને છાકટો થઇને રસ્તા ઉપરથી લથડીયા ખાતો હોય એ પ્રમાણે પસાર થતો હોય તો આપણા બધાના માથા શરમથી ઝૂકી જાય છે એના માટે રાજય સરકારે આની અંદર આની વ્યાખ્યા બનાવી અને એની વ્યાખ્યા હેઠળ જો કોઇ વ્યકિત જાહેર રસ્તા, રાહદારી માર્ગ, સાર્વજનિક સ્થળે લોકોને આવ-જા કરવાની છૂટ હોય અથવા આવ-જા કરવા દેવામાં આવતી હોય એવા કોઇપણ સ્થળે દારૂ પીને છાકટો બનેલ હોય, ઉપદ્રવ કરે, ઝઘડો કરે, ગાળો કે અસભ્ય ભાષાનો ઉપયોગ કરે, મારામારી કરે, કોઇપણ સ્ત્રી સાથે ગેરવર્તણૂક કરે અથવા અશ્લીલ ચેનચાળા કરતો હોય એને પણ પહેલા વખતની સજા કરતા એ દોષિત ઠરે ત્રણ વર્ષ સુધીની કેદ...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનું ખૂબ સારું વકતવ્ય છે, જરૂરી પણ છે પરંતુ વિરામ પહેલા બે બિલો પૂરા કરવાના છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હું ઝડપ કરીશ. પહેલા કલમ ૯૨ના માધ્યમથી સામાજિક સેવાના માધ્યમથી પ્રયાસ કરતા હતા કે આમાં અસર થાય. એમાં હકારાત્મક અસર ન થઇ એટલે કલમ ૯૨ કાઢી નાખી છે અને કલમ ૯૭ માં કોઇ આરોપી પકડાયો હોય, ઘણીવાર એવું જોયું છે કે આરોપીને છોડાવવા માટે ટોળું આવે અને એને છોડાવીને જતા રહે. એવા સંજોગોમાં આ ૫૦ હજાર સુધીના દંડની જોગવાઇ કરી છે. લાયસન્સ, પરમીટ, પાસ, અધિકાર પત્ર રદ થવા અને મોકૂફ રાખવા માટે પણ રાજ્ય સરકારને જાહેરનામાના માધ્યમથી જુદી જુદી સત્તાઓ આપવામાં આવેલ છે. એ ઉપરાંત કેટલીક વખત એવું ધ્યાનમાં આવ્યું છે કે, કેટલાક અધિકારીઓના મેળાપીપણાથી પણ એ છૂટી જાય, એના કાગળ એવા કરવા અથવા એના મેળાપીપણાના કારણે એને આપણે ઈફેક્ટિવ કરી શકતા ન હતા. એવી સંડોવણી પુરવાર થયે એને પણ પાંચ વર્ષ સુધીની કેદ અને ૫ લાખ સુધીનો દંડ કરવામાં આવશે. આમ, સૂચિત કાયદાના માધ્યમથી સમાજ જીવનની જે અનેક સમસ્યાઓ છે એ સમસ્યાઓના ઘટાડા માટે પ્રયાસ કર્યો છે. મારી પાસે આ જાહેરનામું પ્રસિદ્ધ થયા પછી સામાજિક વ્યવસ્થા અને ગુનાઓની વ્યવસ્થા ઉપર શું અસરો થઇ એના માટેના મેં કેટલાક સરવે કરેલા એના આંકડા છે. એના ઉપરથી હું કહી શકું છું કે, છેલ્લા બે મહિનામાં અગાઉ રસ્તા ઉપર જે અકસ્માતો થવાના કુલ ૮૬૬ ગુનાઓ હતા એ ગુનાઓની અંદર ૧૯૫ ગુનાનો ઘટાડો થયો છે. એટલે આ કાયદાના કારણે ૧૯ ટકા વાહન અકસ્માતના ગુનામાં ઘટાડો થયો છે. સમાજની અંદર પારિવારિક ઝઘડાઓ દારૂના કારણે થતાં એમાં ઘટાડો થયો છે. આ પારિવારિક ઝઘડાઓના કારણે જે બહેનો આત્મહત્યા કરતી હતી એની અંદર પણ ઘટાડો થયો છે. આ બિલ ગુજરાતના હિત વાળું છે અને સંવેદનશીલ સરકાર માટેનું આ બિલ આ સભાગૃહના સૌ સભ્યોની લાગણી સાથે જોડાયેલું છે. આ પ્રકારનું સ્વયંસ્પષ્ટ બિલ હું આ સભાગૃહ સમક્ષ લઇને આવ્યો છું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ લંબાણપૂર્વક બિલની પ્રસ્તાવના અને વાતો કરી છે. હું આ સભાગૃહ સમક્ષ એ ડેમોસ્ટ્રેટિવ કરીને બતાવીશ કે ૨૦૦૩, ૨૦૦૫, ૨૦૦૭ અને ૨૦૧૫, આ જ પક્ષની સરકાર, સામે બેઠેલા જે બિલો લઇને આ વિધાનસભા ગૃહમાં આવ્યા હતા એ બધા જ બિલો હું મારા સ્કોપની બહાર ગયા વગર આ સુધારા વિધેયકને લાગુ પડે એ જ કલમો, વારંવાર આ સરકાર, આ જ પક્ષની સરકાર અવાર નવાર બિલો લઇને આવી. કેવા બિલો લઇને આવી? કે કેમ કરીને આ દારૂબંધીનો કાયદો હળવો થાય, લોકો દારૂ વેચે, પીવે એની સજા કેમ ઘટે? જેલમાં ન જવું પડે અને સામાજિક સેવાઓ કરે, ભૂતકાળના અનુભવે જે કલમો નાબૂદ કરી હતી અને બોન્ડ પર છોડી દેવાથી દારૂડિયા સુધરતા નથી એવું લાગતાં બોન્ડ પર છોડવાની જે કલમ નાબૂદ કરી હતી, આ જ પક્ષની સરકાર કાયદો લઇને આવી અને પછી બોન્ડ પર છોડી દેવાની વાત લઇને આવી. મારે એ જાણવું છે કે આટલી બધી વખત આટલો કાયદો દારૂબંધીનો હળવો હળવો કરીને તમે લાવ્યા અને હવે પાછા જે હતું એ જ તરફ કાયદો કડક કરવાની દિશામાં આપને કેમ જવું પડ્યું? ભારતીય જનતા પાર્ટીની આ સરકારે અવાર-નવાર કાયદો નબળો કર્યો અને પરિણામે ગુજરાતમાં શું થયું? દારૂ પીનાર અને વેચનારને કોઇ સહજ પણ ચિંતા ના રહી. કારણ કે સરકાર જ કાયદા હળવા કરવા માંડી. યુવાધન આપણું બરબાદ થવા માંડ્યું. જન આક્રોશ ઊભો થયો કે આ ગુજરાતમાં શું થાય છે? એક એક નાગરિક દારૂબંધી હળવી કરાય એ નીતિ સામે અને છડેઆમ વેચાતા દારૂની સામે આક્રોશ પેદા થયો. અલ્પેશ ઠાકોરે તમને લિસ્ટ આપ્યું કે અહીંયા અહીંયા દારૂ વેચાય છે બંધ નહિ કરો તો અમે આંદોલન કરીશું. નિયત દેખી નહિ ચૂંટણી દેખાય છે. સ્થાનિક સ્વરાજમાં ધોવાઇ ગયા. (અંતરાય) ભઇલા, કહું તમને કયાં ધોવાયા. ૩૧ જિલ્લા પંચાયતમાંથી ૧ અમારી પાસે હતી અને ૩૦ તમારી પાસે હતી. ક્યાં ધોવાયા? ૨૫ આવી ૬ માં સમેટાઇ ગયા આ કહું તમને અને છતાંય તમારે • (×××) એકાદી પેટાચૂંટણી જીતીને તો રહો વાંધો નથી. આત્મારામભાઇ મજા કરો. આત્મારામભાઇ હવે તમે મંત્રી છો કમ સે કમ એટલું યાદ રાખો કારણ એવું છે કે આંબા પર કેરી આવે ને તો આંબો નીચો નમે. સત્તા મળે એને વિનમ્ર થવું જોઇએ અને ચૂપ રહેવું જોઇએ પણ હવે કેટલીક વખત મારે એ કહેવાશે નહિ પણ કેટલીક વખત ખબર છે ને આમ થાય તો આમ થાય. તમારામાં એવું થયું હોય એવું લાગે છે. માનનીય અધ્યક્ષશ્રી, તમને ખરાબ લાગે કે ના લાગે એની હું ચિંતા રાખું છું અને હાઉસમાં અમુક શબ્દો ના બોલાય પણ શાનમાં સમાજાય અને આપ સમજો એવી વિનંતી.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરવા માગતો હતો કે કાયદાઓ એવા નબળા બનાવ્યાં તો પણ આ ગુજરાતનો સુગ્ન સમાજ એ પરિવારમાં ના પાડે કે નો પીતો ભાઇ, પીવાય નહિ. પરંતુ જે રીતે કાયદા નબળા બનાવ્યા અને ચારે બાજુ હોટલોની

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પરમિટો ખુલ્લેઆમ મળે. પેલા યુવાનોને એમ થાય કે કાયદો સરકારે હળવો બનાવ્યો. પીવામાં હવે વાંધો નહિ. બીજેપીની સરકાર. ઘરે ભલે ના પાડે બી.જે.પી. બીજે જઇને પી, માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કેહતા હતા એ વાત સાચી છે આજે ઇંદુ ચાચાનો જન્મ દિવસ અને જલારામ બાપાની પૂણ્ય તિથિ. આ શુભ મિલન બે મહાનુભાવો આપણે બિલ લઇને આવ્યા છીએ એમાં સવાલ એ છે કે કાયદો ગમે તેવો કડક બનાવીએ પણ જો અંદર નિયત નહિ હોયને તો કાયદો કડક બનાવવાથી દારૂબંધીનો અમલ નહિ થાય. આપ ઓર્ડીનન્સ લઇ આવ્યા, આપ વટહુકમ લઇ આવ્યા. કાયદો આપે કડક કરી દીધો. જાહેરાતો થઇ ગઇ અને છતાં વડોદરામાં કેટલો દારૂ પકડાયો? હિંમતથી પકડયો એના પણ કારણો છે. એ જે કંપનીના માણસને ત્યાં પ્રસંગ હતો એના એમ.ડી. કોણ હતા અને કોના ઝઘડાઓ હતા? એ આપની રાજકીય પક્ષની આંતરિક બાબત છે એમાં હું નહિ પડું. પરંતુ આપે હિંમતથી દારૂ પકડ્યો હતો ત્યારે મારે એ કહેવું છે કે, આપે એ પોલીસ અધિકારીને હિંમતથી કેમ જવાબદાર ના ઠેરવ્યો? કેમ આટલો દારૂ વડોદરા સુધી આવી શક્યો તેના મૂળમાં જવાનો પ્રયત્ન કર્યો ખરો? આ કોઇ એકાદ–બે બોટલ ન હતી આટલો દારૂ આવે કેમ? આપે એની ચિંતા નહિ કરી. આખા કાયદામાં આપ એ વ્યવસ્થા નથી કરતા કે જે પોલીસ સ્ટેશનની હદમાંથી દારૂ પકડાશે એ પોલીસ અધિકારી સામે તમે શું કાર્યવાહી કરવાના છો? લાવો કાયદામાં જોગવાઇ. આ કાયદો કડક કરવાથી હપતા કડક થયા છે અને જેટલો કાયદો ટાઇટ એટલો હપતો ટાઇટ. અમલ કરનાર સામે આપે મૂળમાં જવું પડશે. માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક કલમવાર જોગવાઇઓ તરફ ( આ તકે સભ્યશ્રી ડો. અનિલભાઇ જોષીયારા બેઠા બેઠા કાંઇક બોલતાં ) ડોકટરની વાત સાચી છે ( આ તકે મંત્રીશ્રી આત્મારામભાઇ બેઠા બેઠા કાંઇક બોલતાં ) આત્મારામભાઇ આપણે બોલવામાં મઝા નહીં. ટ્રેઝરી બેન્ચે ચૂપ રહેવું જોઇએ આવા માનનીય અધ્યક્ષશ્રીઓના બહુ જ નિર્ણયો છે કે સભ્ય છે એ કદાચ બેઠા બેઠા બોલે તો ક્ષમ્ય છે (અંતરાય) ટ્રેઝરી બેન્ચ બેઠા બેઠા બોલે એ અક્ષમ્ય છે, આ નટવરલાલ શાહ સાહેબનો નિર્ણય છે. (અંતરાય)

શ્રી સી. કે. રાઉલજી : સાહેબ, ઓબ્જેકશન. આ મંત્રીશ્રી બેઠા બેઠા એમ કહે કે, *(×××) એટલે એમનો કહેવાનો મતલબ? એમના શબ્દો બેઠા બેઠા બોલ્યા છે, એમને સુચના આપો સાહેબ. (અંતરાય) *(×××)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : *(×××) ચેરિટી બિગન્સ એટ હોમ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

વાંધાજનક ઉચ્ચારણો રદ કરવા અંગે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર. આપણે બધા સન્માનનીય સભ્યો છીએ, તમે બધા તાલીઓ થપથપાવો છો, શરમાવું જોઇએ આપણે (અંતરાય ) મારી વાત સાંભળો પછી ખબર પડશે. માનનીય અધ્યક્ષશ્રી, શકિતસિંહજીએ એમ કહ્યું કે, * (×××) એટલે આપણે ૧૮૨, સ્પીકર સાહેબ, મુખ્યમંત્રી સહિત આપણે બધા, શંકરસિંહજી પણ આવી ગયા અને તમે પણ આવી ગયા, તેજશ્રી બહેને પાટલી થપથપાવી, તમે બહેનો પણ આવી ગઇ. એમાં તમે સંમત છો? કે આપણે વિધાનસભામાં આવો એના મોં તમે (અંતરાય) તમે સાહેબ આ સન્માનનીય ગૃહનું અપમાનજક વર્તન છે એમનું, એ પ્રમાણેનું એમનું વર્ણન છે. આ ગૃહની તો મર્યાદા રાખે. બોલવા માટે આખુ ગુજરાત ખુલ્લું છે, તમારે બોલવું હોય એટલું બોલો. પણ જયાં જે મર્યાદા રખાતી હોય એ મર્યાદા તમે રાખો (અંતરાય) અરે એ બોલ્યા, એ બોલ્યા કે, *(×××) સાહેબ વિરોધપક્ષના સભ્યો કાળાવાવટા લઇને આવે, હોર્ડીંગ લઇને આવે, બોર્ડ લઇને આવે, બધું દેખાય છે છતાં આપણે એમને તપાસવાનો રિવાજ નથી. જો તપાસવાનો રિવાજ હોય તો બધું બહાર જપ્ત થઇ જાય. *(×××), એ બધું સાહેબ નથી કરતા, તો *(×××) અમારા કોઇ સભ્ય એ માટે તૈયાર નથી. *(×××).

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય ) અરે પણ મને તો બોલી લેવા દો પછી તમે બોલજો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર.

અધ્યક્ષશ્રી : જી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, સન્માનનીય સભ્યોનું અપમાન છે કે, *(×××) સાહેબ આઝાદી પછીના ઇતિહાસમાં આવું નહીં બન્યું હોય, આ પ્રમાણેની નબળી વાત શકિતસિંહ જેવા સિનિયર નેતા કરે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી. (અંતરાય) એમને ટેકામાં કાંઇક કહેવું છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ નશાબંધી જેવો અગત્યનો સંવેદનશીલ કાયદો, ગુજરાતની બહેનો માટે અને ગુજરાતની શાંતિ માટે આ જ્યારે સરકાર દ્વારા સન્માનનીય સભાગૃહની અંદર લઇને આવ્યા છે ત્યારે જે પ્રમાણેના ઉદગારો વિપક્ષના માનનીય શકિતસિંહજી દ્વારા કર્યા અને માનનીય નીતિનભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે. અમે જાહેર જીવનમાં અમારું જીવન એ ખુલ્લું આરસી જેવું જીવન છે. માનનીય અધ્યક્ષશ્રી, અમે ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો, દારુના વ્યસન સાથે જોડાયેલા નથી. અને એમની સમક્ષ, એમના માટે કદાચ એમનો હોય તો એમને પોતાના પક્ષના સંદર્ભમાં કહેવું જોઇતું હતું. રાજયના ગૃહ વિભાગનો હવાલો સંભાળું છું, મારે મુઠ્ઠી ખોલવી નથી. નહીં તો સદસ્ય નિવાસની અંદર હું જો ચેકીંગ કરાવું ત્યાંથી કેટલી બોટલો નીકળે છે એનો પણ રેકર્ડ ઉપર લેવા માટે તૈયાર છું. (અંતરાય) હું આપની પાસે અપેક્ષા રાખું છું કે, આ સન્માનનીય સભાગૃહ જે ગુજરાતની નીતિ નિર્ધારણ કરવાવાળું છે એના

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સભ્યશ્રીઓના સંદર્ભમાં એમના આ પ્રકારેના ઉદબોધનો, પોઇન્ટ ઓફ ઓર્ડર દ્વારા જે નીતિનભાઇએ મુદો ઉપસ્થિત કર્યો છે. આપે એવું રૂલિંગ આપવું જોઇએ કે જેના માધ્યમથી કયારેય કોઇ ધારાસભ્ય આ સભાગૃહનું અપમાન ન કરી શકે. (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસ ઓર્ડરમાં આવે તો બોલું.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ. શાંતિ રાખો. એમની વાત સાંભળો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સીતાજી તો સતી હતા છતાંય એમણે અગ્નિ પરીક્ષા આપી અને સીતાજીએ અગ્નિ પરીક્ષા આપી તો એનાથી આબરૂ ઘટી નહીં, ઉલટાની વધી. * (×××) મારી વાત આટલી હતી કે આપણાથી શરૂ ન થાય? આપણાથી શરૂ ન કરાય? શા માટે નહીં? માનનીય પ્રદિપભાઇ, માનનીય નીતિનભાઇ, હું તો ત્યાં સુધી જઇશ કે પોલીસ સ્ટેશનમાં દાખલ થનારો પોલીસ કોન્સ્ટેબલ હોય કે પી.આઇ. હોય એણે પહેલા પોતે તો આલ્કોહોલ કન્ઝયૂમ નથી કર્યોને? (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે અને હું એનું રૂલિંગ માગું છું. તમારી પાસેથી નથી લેવાનું, માનનીય અધ્યક્ષશ્રી પાસેથી લેવાનું છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : પણ મને સાંભળ્યા વગર?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમારા શબ્દો તો મારે પાછા ખેંચાવવાના છે. સાહેબને જોવાનું છે, તમારે નથી જોવાનું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શક્તિસિંહજીએ એમ કહ્યું કે *(×××) એમની તપાસ કરવાનું રાખો. આ સન્માનનીય ગૃહનું આજે ઇન્દુચાચાના જન્મદિવસે અપમાન કર્યું છે. સાહેબ, તમે એમાં સંમત છો?, સાહેબ, *(×××) ? મુખ્યમંત્રીનું, અમારું, બધાનું મોં સુંઘવાનું?

અધ્યક્ષશ્રી : એમના પોઇન્ટ ઓફ ઓર્ડર વિશે જે કહેવાનું હોય એ ટુંકમાં જરા કહો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, બંધારણીય સિદ્ધાંત એવો છે કોન્સ્ટીટયૂશનમાં એવરીવન ઇઝ ઇકવલ બીફોર ધ લો. કાયદાની સામે તમામ સમાન છે. એ પ્રધાન મંત્રી હોય તો પણ ભલે અને એ ચોકીદાર હોય તો પણ ભલે, એ સામાન્ય માણસ હોય તો પણ ભલે અને એ ચોર હોય તો પણ ભલે. કાયદો છે માનનીય અધ્યક્ષશ્રી મારફત માનનીય નીતિનભાઇને કહું છું. મેં શું કહ્યું આપને? હું એ કહેવા જઉં છું. હજી મારી વાત આગળ લઇ જવા માગતો હતો કે કાયદો જો આપણે કરીએ કે દરેકને ચેક કરો તો એ કાયદો આપણને ન લાગુ પડે? શું આપણે કાયદાનું પાલન કરવા બંધાયેલા નથી? આપણે કાયદો ઘડીએ. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ એમણે બોલી લીધા પછી મારે બોલવાનું છે હોં.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાહેબ, પોઇન્ટ ઓફ ઓર્ડરમાં આ રીતની પરિસ્થિતિ અમે આજ સુધી નથી જોઇ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે એમને જવાબ આપો છો? (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હક્ક તો ત્યાં હતો એ પત્યો નહીં. તમારો બાજુમાં હક્ક હતો એમ હું કહું છું. એ ન પત્યું હું શું કરું એમાં? મારા હાથમાં નથી એ. તમારા એ હક્કનું મારા હાથમાં નથી નહીંતર હું બેસાડી દઉં. માનનીય અધ્યક્ષશ્રી, મારી એટલી જ વાત હતી અને એમછતાં આપને એમ લાગતું હોય, મારી વાતમાં કોઇનું અપમાન, મેં એમ નથી કહ્યું કે મારા સભ્યોને નહીં, હું કહું છું કે આપણા તમામ સભ્યો કાયદો બને એ કોઇપણ માણસને (અંતરાય)

અધ્યક્ષશ્રી : એને ટુંકમાં લઇ જઉં તો શક્તિસિંહ પ્લીઝ, માનનીય મંત્રીશ્રીએ કહ્યું એમનો કહેવાનો મતલબ છે અને આપ પણ સારી રીતે સમજો છો. કાયદો બધાને લાગુ પડે. પણ આપણે જયારે એમ કહીએ કે અહીંયા આવેલા તમામ સભ્યશ્રીઓ માટે પણ આવી વ્યવસ્થા કરવી જોઇએ એનો મતલબ એવો થયો કે જાહેર જીવનમાં આપણે ચૂંટાયેલા પ્રતિનિતિધઓ પણ કયાંક ને કયાંક આમાં સંડોવાયેલા છે એવો ભાવ જરૂર થાય. અહીંયા આપણે બેઠેલા છીએ. પોતાની જાતને સંયમિત કરીએ અને અહીંયા આવી પ્રથા ઉભી કરીશું તો એ ઠીક નથી એટલે નીતિનભાઇની વાત સાથે હું સંમત છું અને તમે એમાં સંયમ રાખો એવી મારી વિનંતી છે. (અંતરાય) પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ રૂલિંગ નથી. સાહેબના વિચારો વ્યકત કર્યા છે. સાહેબે રૂલિંગ નથી આપ્યું. આખા ગુજરાતમાં ગમે ત્યાં તપાસો, રોડ ઉપર તપાસો, આ વિધાનસભા ગૃહની બહાર કોઇપણ જગ્યાએ તપાસો. માનનીય પ્રદિપસિંહજીએ કહ્યું સદસ્ય નિવાસમાં તપાસો. દુનિયાભરમાં તપાસવાની છુટ છે. મારો વાંધો તપાસવા સામે નથી. મારો વાંધો એમના જે શબ્દો છે. એ બોલતા તો બોલી ગયા છે પણ હવે પસ્તાતા હશે મનમાં કે વકીલ તરીકે હું •(×××) એમણે આ ગૃહની અવમાનના કરી છે. કોઇ વ્યક્તિની નહીં. આપ રેકર્ડ જોઇ લો. ગૃહમાં આવનારની પણ.

અધ્યક્ષશ્રી : અહીંયા બેઠેલા ધારાસભ્યશ્રીઓ...

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ મારી પૂરી વાત સાંભળો. *(×××), એમને તપાસવા જોઇએ. સાહેબ તમે પોતે પણ આમાં સમજી શકો છો કે આ ગૃહની અંદર ૧૮૨ ધારાસભ્યો. મેં દાખલો આપ્યો એમ એ છરી–ચપ્પા લાવે, એ પ્લે–કાર્ડ લાવે, એ કાળા વાવટા લાવે તો પણ તપાસવાની પ્રથા નથી. આવી નાજુક બાબતમાં વર્ણન એવું થયું છે કે *(×××). અહીયા

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

બેઠેલા બધા. એ રીતનું વર્ણન શક્તિસિંહે જે કર્યુ છે એ ગુજરાત વિધાનસભા માટે * (×××) ધારાસભ્ય માટે કોઇએ નહિ કર્યુ હોય અને આ તો સિનિયર છે, હાઇકોર્ટમાં પ્રેક્ટિસ કરે છે. વારંવાર ભૂલો કરે છે અને એ શબ્દો એમના રદ કરવા જોઇએ. માફી માગે એ તો ઘણું સારું છે, પણ એમના શબ્દો રેકર્ડ ઉપરથી રદ કરવા જોઇએ. સાહેબ આ વાતને હળવાશથી નહિ લેવી જોઇએ. આ સિરિયસ મેટર છે. હું ચેતવણી આપું સાહેબ ન માનવું હોય તો કે કાલે છાપાઓની હેડલાઇન બનશે કે ગૃહમાં *(×××) શક્તિસિંહે માગણી કરી. આપ સંમત છો એમાં? માફી માગવી પડે. અને હું કોંગ્રેસ વાળાને કહું છું કાલે છાપાઓની (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો, બેસો ભાઇ, મંત્રીશ્રી બોલી રહ્યા છે. એમને જવાબ આપવા દો. બેસો, બેસો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કાલે છાપાઓની હેડલાઇન હશે. *(×××). માટે તપાસવા જોઇએ. એવી એમની માગણી છે. સાહેબ આ શબ્દો પાછા ખેંચવા જોઇએ. માફી માગવી જોઇએ અને રદ કરવા જોઇએ. એનાથી નીચેનું કઇ નહિ ચાલે. એમને પસ્તાવો થવો જોઇએ કે બોલતા બોલી ગયો. સાહેબ, એમને તપાસવા હોય તો કોંગ્રેસ ભવનમાં તપાસે. અમને વાંધો નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ, સી.કે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હાઉસ ઓર્ડરમાં આવે તો કહું ને. સત્તાધારી પક્ષ ડિસ્ટર્બ કરે એવું સાંભળ્યું નથી. સત્તાધારી પક્ષ હાઉસ ડિસ્ટર્બ કરે છે એવું ચાલે છે, એટલે ઓર્ડરમાં આવે એટલે વાત કરું.

અધ્યક્ષશ્રી : ઓર્ડર..ઓર્ડર. ચાલુ કરો. તમે જે કહ્યું એમને કહેવા દો પછી રૂલિંગ આપીશું.(અંતરાય) તમારા પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર એમને સ્પષ્ટતા કરવાની તક આપવી પડે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : પછી રૂલિંગ આપો.

અધ્યક્ષશ્રી : પછી રૂલિંગ આપીશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હાઉસ ઓર્ડરમાં આવે તો કહું ને. પોઇન્ટ ઓફ ઓર્ડર છે, એટલે હાઉસ ઓર્ડરમાં ના આવે ત્યાં સુધી કેવી રીતે કહું?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ સાંભળો એમને.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ચેરીટી બીગીન્સ એટ હોમ. આપ આખું રેકર્ડ ચકાસી લેજો. અને આપને એવું લાગે કે મારી કોઇ ડિરોગેટરી, અસંસદીય, મારા સભ્યના અધિકાર ક્ષેત્રની બહાર વાત હતી, તો આ ખુરશીનો જે આદેશ હશે તે મને શીરોમાન્ય રહેશે. આપ રેકોર્ડ તપાસી લેજો.

અધ્યક્ષશ્રી : આ અંગે નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઇ પટેલે જે વાત કરી છે એ અને શક્તિસિંહે જે જે વાત કરી છે, એનો રેકોર્ડ હું ચકાસી લઇશ અને ચકાસી લીધા બાદ એનો નિર્ણય આ ગૃહમાં જાહેર કરીશ. પ્લીઝ ઝડપથી આગળ વધો. ર વાગ્યા પહેલાં બે બિલો આપણે કમ્પ્લસરી પૂરા કરવાના છે. પછી બિન સરકારી વિધેયકો છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : ના સાહેબ કામકાજ સલાહકાર સમિતિમાં એવું નક્કી થયું છે કે જરૂર પડયે તો સમય વધારીને આજના દિવસમાં પૂરા કરવાના. રિશેષ પહેલાં એવું નથી. કામકાજ સલાહકાર સમિતિનો આ નિર્ણય છે. એટલે પ્રાઇવેટ મેમ્બર બિઝનેશ છે તેમાં ગૃહ લંબાવવાનું થાય.

અધ્યક્ષશ્રી : મને વ્યક્તિગતપણે કંઇ વાંધો નથી. તમે બંને લોકો નકકી કરો. જે પ્રમાણે આપ કહો તે પ્રમાણે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાહેબ કામકાજમાં નકકી થયું છે. એટલે હાઉસનો સમય તો લંબાવવો પડે. અને હું સ્કોપ બહાર જતો નથી. બિલકુલ સાચી વાત કરું છું એટલે જ ચચરે છે. બેઠા બેઠા બોલશે તેને પ્રત્યુત્તર મળશે.

અધ્યક્ષશ્રી : તમે બોલવાનું ચાલુ કરો ભાઇ. તમે બોલશો એટલે બધા આરામથી સાંભળશે. એટલો રીસ્પેકટ રાખશે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સાહેબ નીતિનભાઇ હજુ દાદાગીરી કરે છે જુઓ તમે.

અધ્યક્ષશ્રી : બળદેવજીભાઇ બેસો. વળી પાછા તમે કયાં નવું ઉભું કરો છો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.

અધ્યક્ષશ્રી : પાછો શું પોઇન્ટ ઓફ ઓર્ડર આવ્યો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એટલો જ છે અને તે આપ જોઇ શકો છો. માનનીય અધ્યક્ષશ્રીનું સ્પષ્ટ રૂલિંગ છે અને તે ડી.એમ. પટેલ સચિવશ્રી કાઢીને આપને આપી શકશે. આ ગૃહમાં ફીઝીકલ પ્રેઝન્સ નહીં પણ મંત્રીઓની મેન્ટલ પ્રેઝન્સ જોઇએ. નાયબ મુખ્યમંત્રીશ્રી ફાઇલો જુએ છે તે ચાલી શકે નહી, ફાઇલો અહીં ન જોવાય.

અધ્યક્ષશ્રી : તે પોતે સિનિયર છે તેવું બતાવવાનો પ્રયાસ કર્યો છે તેના માટે ફાઇલો મંગાવી. ઓ કે. બેસો ભાઇ. આગળ વાત કરો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેન્ટલ પ્રેઝન્સ તો મેં બતાવી જ દીધી કે મેં તમને પકડી પાડયા.

અધ્યક્ષશ્રી : નીતિનભાઇ મેં હા પાડી છે. શક્તિસિંહજી તમે કયાં નવું ઉભું કરો છો. માંડ એક પૂરો થતો નથી અને બીજો પોઇન્ટ ઓફ ઓર્ડર આવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બિલના મૂવર તરીકે કેટલીક વાતો કરી. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે અમે કલમ ૯ર છે તેને આથી રદ કરવા જઇ રહ્યા છીએ. આ કલમ ૯ર શું હતી તેના તરફ આ સન્માનનીય ગૃહનું આપના મારફતે ધ્યાન દોરવા માગુ છું. ઓરીજીનલ કાયદો જયારે બન્યો ત્યારે તે કાયદામાં મુંબઇ નશાબંધી

અધિનિયમ, ૧૯૪૯ તેમાં કલમ ૯૨ હતી. કલમ ૯૨ એટલે બોન્ડ પર ગુનેગારને છોડી મૂકવા. તે કોઇ દારૂ કે નશાબંધીનો ગુનેગાર હોય તેને બોન્ડ પર છોડી મૂકવાનો. આવી કલમ ૯૨ હતી. અનુભવે જે તે વખતના વિદ્વાન ધારા ઘડનારા માનનીય સભ્યશ્રીઓને લાગ્યું કે આ બોન્ડ પર છોડી મૂકવાની કલમ છે તેના કારણે કાયદાની ગંભીરતા રહેતી નથી.

(માનનીય ઉપાધ્યક્ષશ્રી શંભુજી ઠાકોર અધ્યક્ષ સ્થાને)

દારૂડિયાને બીક જ રહેતી નથી. એને એમ છે કે આમાં તો બોન્ડ પર છૂટી જવાય છે. એટલા માટે આ કલમ ૯૨ને દારૂબંધીના કાયદાને કડક બનાવવા માટે રદ કરી નાંખવામાં આવી. તે પછી સાહેબ શું થયું? આજે જે આપ વાત કરો છો તો આપે ગુજરાત એકટ નં.૨૧/૨૦૦૩ કે જે ગેઝેટમાં ૧૫ એપ્રિલ ૨૦૦૩ના રોજ પ્રસિદ્ધ થયો. તે વટહુકમ આપ લઇ આવ્યા. આપે કલમ ૯૨ In Bombay Prohibition Act, 1949 - hereinafter referred to as the Principal Act, after section 91, the following section shall be inserted. ૯૨ નંબરની કલમ આપે દાખલ કરી. ત્યારે કોઇ બીજી પાર્ટીની સરકાર ન હતી. આ જ ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી. Where the court, on conviction for the first offence under clause (b) of sub-section (1) of section 66 for consumption of an intoxicant or sub-section (1) of section 85 or both sentences a person to simple imprisonment for certain term it may, in lieu of such imprisonment, require such person to execute a bond with sureties containing such conditions in such form as may be prescribed, for rendering such community service and subjecting himself to such medical treatment for getting freed from addiction of intoxicant as may be prescribed for the term of such imprisonment પેલી બોન્ડ પર મુક્ત કરવાની વાત તો છોડો, આપ નવું લઇને આવ્યા છો. સામાજિક સેવા કરી દેવાની દારૂ પીતા પકડાયો એટલે જેલ કે સજાની વાત જ નહીં, આ પહેલું પગથિયું નશાબંધીના કાયદાને અત્યંત નબળું બનાવવા માટેનું છે. On execution of the bond under sub-section (1) the sentence shall stand suspended and the person shall be released. બોન્ડ પર લાવી અને સજાની જોગવાઇ સસ્પેન્ડ કરવાની. માનનીય અધ્યક્ષશ્રી, કાયદાની કેટલીક કડક જોગવાઇ હોય જેનાથી ગુજરાતમાં દારૂડિયાઓ ડરતા હતા, હવે તો પહેલીવાર જ્યાં સુધી પકડાવ નહીં ત્યાં સુધી તો નિશ્ચિંત એવો કાયદો આપે બનાવી દીધો. ફરી એક સુધારો લઇને આવી આ સરકાર, આજ પોલિટિકલ પાર્ટીની સરકાર ગુજરાત એક્ટ નંબર ૭ ઓફ ૨૦૦૫માં, આજે જે વસ્તુઓ દાખલ કરો છો ને એ વસ્તુઓ આપની જ પાર્ટીની સરકારે દૂર કરી હતી અને આજે આપ એમ કહો છો કે નશાબંધીના કાયદાને કડક બનાવવા માટે અમે આ કલમો ઉમેરી રહ્યા છીએ. અરે, એ તો હતી જ સાહેબ, એને તમે પહેલા દૂર કરી હતી અને દૂર કરનાર પણ કોઇ નાનો સૂનો માણસ નહીં એ વખતા મુવર ઓફ ધ બિલ સજાઓ ઓછી કરવાના બિલના પ્રભારી મંત્રી તરીકે જે કોઇ લઇને આવ્યા હતા એ આજના આપના રાષ્ટ્રીય અધ્યક્ષ છે એ જ આ કલમો હળવી કરવાની લઇને આવ્યા હતા. ખોટું હોય તો કહો, આમાં કાંઇ ગેરવાજબી હોય તો કહો. નામ નથી લીધું, કોઇ ગેરવાજબી નથી કહ્યું. It is on record. He was the Minister. At present he is the president of your political party.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી જે અહીંયા નથી એમનું નામ ન લો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નામ જ નથી લીધું મે. બિલના મુવરનું નામ તો મારાથી બોલી શકાય who was the mover of the Bill.

ઉપાધ્યક્ષશ્રી : એનો ઉલ્લેખ કરવાની જરૂર નથી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, અમિતભાઇ શાહ જ્યારે ગૃહ મંત્રી હતા ત્યારે લઠ્ઠાકાંડના સંદર્ભમાં જે પકડાય એના માટે ફાંસીની સજાનો નિર્ણય આ સન્માનનીય સભાગૃહમાં કરવામાં આવ્યો હતો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ નામ લીધું હવે તો નામ લેવામાં વાંધો નહીંને? આમ પણ મુવર ઓફ બિલનું તો નામ લેવાય જ છે. કોણ મુવર ઓફ ધ બિલ હતા એ નામ તો લઇ જ શકાય છે. હવે તો મંત્રીશ્રીએ કહ્યું એટલે હવે હું મોકળાશથી જરા વાત કરીશ. આપ વાત કરો છો એના સંદર્ભમાં (અંતરાય) અમે સમજીએ છીએ આ તો આઇડિયોલોજીકલ લડાઇ છે અને બિલ ઉપરની વાત છે જયંતિભાઇ, એમાં આપ શા માટે પડો છો નકામા કારણ વગરના અને જે વિષય આપનો નહીં એમાં શા માટે પડો છો આપનું કરવાનું હોય એ આપ કરો ને. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૫, વિધેયક ક્રમાંકઃ ૭. માનનીય પ્રદિપસિંહજીને આપના મારફતે કહેવા માગુ છું કે, આપ આજે આ બિલમાં જે વસ્તુઓ એડ કરવા માગો છો એ કલમો તરફ આપનું ધ્યાન દોરીશ. મુખ્ય અધિનિયમ કલમ ૬૬, આજે જે બિલ લઇને આવ્યા છે એમાં મુખ્ય અધિનિયમ કલમ ૬૬માં આપ કેટલાક ફેરફારો લઇને આવો છો. આપે જે બિલની કોપી પ્રોવાઇડ કરી છે એમાં માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે આ સભાગૃહનું ધ્યાન દોરવા માગુ છું. મુખ્ય અધિનિયમ કલમ-૬૬માં 'તેનો ઉપયોગ કરે, કબજામાં રાખે અથવા તેની હેરફેર કરે ' એ શબ્દોના બદલે 'લે અથવા તેનો ઉપયોગ કરે', મને આ સમજાતું નથી કે આવું કરવાનું શું પ્રયોજન છે, આપ ૬૬ની પેટા કલમ-૧ ની જે અસલ જોગવાઇ છે એ શું કહે છે કે, 'લે તેનો ઉપયોગ કરે, કબજામાં રાખે અથવા એની હેરફેર કરે' આમને સજા થાય, તમે કાયદો કડક બનાવો છો એમાં શું કરવા માગો છો કે 'લે, તેનો ઉપયોગ કરે, કબજામાં રાખે અને હેરફેર કરે ' એ શબ્દો કાઢી એની જગ્યાએ 'લે અને ઉપયોગ કરે' એટલે કબજામાં રાખે એના માટે કોઇ ગુનો નહિ, આપ કલમ-૬૬(૧)માં જે ઉમેરો કરવા માગો છો અને પછી ૬૬(૨)માં આપ જે પરિચ્છેદ ઉમેરવા માગો છો, એ જ

પરિચ્છેદ, એવી જ જોગવાઇ, પહેલાં ગુના, બીજા ગુના માટેની જે હતી અસલ કાયદામાં. અસલ કાયદામાં કેટલીક જોગવાઇઓ બહુ સારી હતી કે પહેલી વખત પકડાય એને સજા તો ખરી, પરંતુ ૬૬(ક) નો પરંતુક બહુ મહત્વનો હતો, ૬૬માં પહેલાં ગુના માટે આવી કેદ છ મહિના કરતાં ઓછી હોવી જોઇએ નહિ, કુલ સજાની જોગવાઇ છે, એમને ત્રણ વરસ સુધીની સજા થાય પકડાય અને ત્રણ વરસ સુધીની સજા થાય ગુનેગાર થયો એટલે પણ એ વધારેમાં વધારે, પણ કાનૂન ઘડનારાએ આ બદીને એટલે ગંભીરતાથી લીધી કે એમણે એવું કહ્યું કે ભલે પહેલીવાર પકડાયો હોય, વધુમાં વધુ સજા ત્રણ વરસની થઇ શકે, પરંતુ એને ઓછામાં ઓછી છ મહિનાની સજા તો થવી જ જોઇએ, આ અસલ કાયદો હતો. બીજા ગુના માટે પકડાય અને ગુનેગાર થાય તો ભલે વધુમાં વધુ ત્રણ વરસની હોય પરંતુ એને ઓછામાં ઓછી નવ મહિનાની સજા તો કરવી જ જોઇએ અને ત્રીજી પરિસ્થિતિ એવી હતી કે ત્રીજા અથવા ત્યારપછીના ગુનામાં પકડાય તો વધુમાં વધુ સજા ત્રણ વરસ પણ ઓછામાં ઓછી સજા એક વરસથી ઓછી તો હોવી જોઇએ જ નહિ. આ ૬૬ની જોગવાઇઓ હતી. આપે શું કર્યું, ૨૦૦૫માં વિધેયક ક્રમાંક-૭, મૂવર ઓફ ધ બિલ માનનીય મંત્રીશ્રી અમીતભાઇ શાહ, એમણે શું કર્યું ૬૬ની પેટા કલમ-૧માં પરિચ્છેદ-૧ પરંતુક કમી કર્યો. એટલે શું કે પહેલી વખત પકડાઓ તો ઓછામાં ઓછી છ મહિનાની સજા થવાની હતી, એ હવે જરૂરી નહિ, તમને અઠવાડિયાની સજામાં એડજસ્ટ થઇ શકે, જાઓ હવે તમે છુટાં. બીજી વખત પકડાઓ તો નવ મહિનાની ઓછામાં ઓછી સજા, એ પરંતુક પણ કાઢી નાંખ્યો અને ત્રીજી વખત પકડાઓ, ત્રીજા પછી પકડાઓ તો એક વરસ એ પણ કાઢી નાંખ્યું અને અહીં આજે જ્યારે એક વાતાવરણ ઉભું થયું નશાબંધીના કડક અમલ માટે, મેં કહ્યું એમ જનઆંદોલન શરૂ થયું, પબ્લિક મૂવમેન્ટ શરૂ થઇ ત્યારે હવે આ સરકાર શું કરે છે કે જે નશાબંધીના કાયદાની કલમો કાઢી નાંખી અને નશાબંધીનો કાયદો હળવો બનાવ્યો હતો એની એ જ વસ્તુઓ પાછી નાંખીને અમે કાયદો કડક બનાવ્યો છે એવી વાત કરવા માટે આ સરકાર જઇ રહી છે. કેટલીક બાબતો તરફ મારે આપના મારફતે આ સભાગૃહનું ધ્યાન દોરવું છે. વિધાનસભા ગૃહમાં આ જે કાયદો લઇને આવ્યા છે એમાં ખંડ જે મુખ્ય અધિનિયમ કલમ-૨માં, ખંડ-૨૩માં પેટા ખંડ-કને બદલે નીચેનો પેટા ખંડ મૂકવો આવી માનનીય મંત્રીશ્રીની આ કાયદામાં સુધારાની દરખાસ્ત છે.

માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી જે કરવા જઇ રહ્યાં છે તે કાયદાને આપણે કડક બનાવવા જઇ રહ્યાં છીએ કે કાયદાની કેટલીક જોગવાઇઓમાંથી કેટલાક લોકો છૂટી જાય એવી પરિસ્થિતિ આનાથી થશે. હાલ ખંડ-૨૩ના પેટા ખંડ-ક તેમાં શું છે તે જરા હું આપના મારફતે આ સભાગૃહના ધ્યાન ઉપર મૂકવા માગુ છું. અત્યારે જે પેટા ખંડ-ક છે તેમાં દેશી ભાંગ, ગાંજાનો છોડ ( કેનેબીસ સેટીવાએલ )નાં પાંદડાં, નાના ડાળખાં, ફૂલ, ફળ આવતા હોય તેવા ઉપરના ભાગો અને તેમાં ભાંગ સીધી અથવા ગાંજા તરીકે બધી જ જાતનો સમાવેશ થાય છે. બહુ જ વિસ્તૃત વ્યાખ્યા આપી છે આ અત્યારનો કાયદો છે. હવે આ જેને કડક કાયદો કરવાની વાત કરે છે તેમાં શું કહે છે કે આ જે જોગવાઇ છે તે અત્યારના કાયદાની તેને કમી કરો અને એની જગ્યાએ શું કરો કે ગાંજો એટલે કે ગમે તે નામે ઓળખાતો ઉપરના ભાગ સાથે ના હોય ત્યારે બિયા અને પાંદડા સિવાયના ગાંજાના છોડ, ફૂલ અથવા ફળ ધરાવતા ભાગો એટલે તમે ભાંગ સીડી આ બધુ કાઢી નાંખ્યુ અને પાછું લોજીક આપ્યું છે ઉદેશ્ય અને કારણોમાં આનું લોજીક આપ્યું છે. લોજીક શું આપ્યું છે, અન્ય એક કાયદામાં આ પરિસ્થિતિ છે. સાહેબ આ વર્ષોથી છે and court will decide its own reason. ન્યાયાલયને લાગશે કે એ કાયદાને અનુરૂપ આ વસ્તુ છે અને આ કાયદામાં સજા કરવાપાત્ર નથી એ કોર્ટ નક્કી કરી લેશે. આપણે આ કાયદામાંથી ભાંગને, સીડીને, નશો કરનારી વસ્તુઓને, લોકોના આરોગ્યને નુકસાન કરનારી વસ્તુઓને છોડાવી દેવા માટેનો, આમાંથી જ મુકિત આપી દેવા માટેનો આપનો જે તર્ક છે તે કોઇ સંજોગોમાં ગળે ના ઉતરી શકે એવો તર્ક છે અને હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે જો આપ આને કડક જ બનાવવા માંગતા હો તો માત્ર આટલાથી સંતોષ નહીં મનાય. આ જે જૂની પરિસ્થિતિ છે તેને ચાલુ રાખશો તો એની જે ડેફિનેશન છે તે મોટી થાય છે અને એનાથી . (અંતરાય). અમને નશાની અને કયારે નશો કરવો તેની આદત નથી આત્મારામભાઇ એટલે અમને એ ખબર ના હોય કે કયારે કયો નશો કરાય. અમને તો એટલી ખબર હોય કે નશો કયારેય ના કરાય, કોઇ દિવસ ના કરાય આ અમારો સિદ્ધાંત છે. તમે તો બી જે પી મારે કાંઇ ના કહેવાય. માનનીય અધ્યક્ષશ્રી, બેઠા બેઠા મંત્રીશ્રીઓ ના બોલે એટલું કહો અને બોલશે તો જ હું બોલીશ નહીંતર હું નહીં બોલું.

ઉપાધ્યક્ષશ્રી : આપ જલ્દી પૂરું કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : અરે, ભગવાન શંકર નશો કરવાનું નથી કહેતાં બીજુ ઘણું સારું કરે છે ભોગ નહીં ત્યાગ, સ્મશાનમાં રહો, વિશાળ બંગલામાં નહીં આ ભગવાન શિવ કહે છે પણ અનુકૂળ પડે એટલુ શિવનું પાળવું બાકી મજા એ મજા કરવી એમ નહીં. અમે ભગવાન ભોળાનાથના ઉપાસક છીએ અને ક્ષત્રિય છીએ અમને તમારા કરતાં શિવની વધારે ખબર છે નશાની કદાચ ઓછી ખબર હશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ-૯૨ નશાબંધીની બાબતમાં..(અંતરાય) .. મારે તમારું પણ ચાલુ રહે તેમાં રસ છે. આ સરકાર આ જે કલમ-૯૨ છે તેને રદ કરવા જઇ રહી છે કલમ-૯૨ને આપ રદ કરવાના છો. આ કલમ-૯૨ કોણ લાવ્યુ હતું ? આપની સરકાર આ કલમ-૯૨ આ કાયદાને હળવો કરવા લાવી હતી જેને આજે હવે આપ રદ કરવા જાવ છો. એ કલમ-૯૨ આપ શું લાવ્યા હતા ? એ કલમ -૯૨ આપ શું લાવ્યા હતા? કોઇ કોર્ટ કેફી પદાર્થના સેવન માટે કલમ - ૬૬ની પેટા કલમ - (૧) ના ખંડ - ૧ અથવા કલમ - ૮૫ની પેટાકલમ - (૧) અથવા બંને હેઠળના પ્રથમવારના ગુના માટે દોષિત થયેલ કોઇ વ્યકિતને અમુક મુદ્દત માટે સાદી કેદની સજા કરે. ઓરિજીનલ કાયદો શું હતો? વધુમાં વધુ ત્રણ વર્ષ કેદની સજા થાય. પહેલાં

ગુના માટે છ મહિના કરતાં ઓછી નહિ, બીજા ગુના માટે નવ મહિના કરતાં ઓછી નહિ અને ત્રીજા ગુના માટે એક વર્ષ કરતાં ઓછી નહિ. એ ત્રણેય વસ્તુ કાઢી નાખ્યા પછી હવે જે કલમ-૯૨માં આપની જ સરકાર લાવી એ કેદની સજા હતી. જુઓ, નશાબંધીનો કાયદો આપે જ કેટલો નબળો બનાવ્યો છે આ એનો સૌથી મોટો પુરાવો છે. ગુના માટે દોષિત થયેલ કોઇ વ્યક્તિને અમુક મુદ્દત માટે સાદી કેદની સજા કરે ત્યારે આવી કેદના બદલે તે વ્યક્તિને એવી કેદની મુદ્દત માટે ઠરાવ્યામાં આવે તે પ્રમાણે કેફી પદાર્થના વ્યસનમાંથી મુક્ત થવા માટેની તબીબી સારવારને આધિન રહીને સમાજસેવા કરવા માટે ઠરાવવામાં આવે તેવા નમૂનામાં તેવી શરતો ધરાવતા જામીન સહિતનું બૉન્ડ કરી આપવા માટે ફરમાવવામાં આવશે. કાયદામાં જોગવાઇ સજાની હતી. ઓરિજીનલ કાયદામાં બોન્ડની સજા નાબૂદ કરી હતી કે બૉન્ડ નહિ. નશો કરનાર વ્યક્તિએ સજા ભોગવવી જ પડે. કેટલી સજા એની જોગવાઇ આપે કાઢી અને હવે કહો છો કે સજાને પાત્ર હોય તો પણ સજા નહિ સામાજિક સેવા કરવાની. શું આ આપની દારૂબંધી અંગેની નીતિ હતી? આ કાયદાનું કડક રીતે પાલન બંને પક્ષે ભેગા થઇને કરવાનું રહેશે. ઇશ્વર જેવો દેખાતો માણસ નશામાં રાક્ષસ જેવો બની જતો આપણે સૌએ જોયો છે. કુટુંબના કુટુંબ માત્રને માત્ર દારૂના નશાને કારણે બરબાદ થયા છે. હું તો આજે કહું છું કે આપે માત્ર સજાની જોગવાઇ નહિ અમલ કરાવવાનો હતો. મોર્ડન મેડીકલ સાયન્સમાં કેટલીક ટ્રીટમેન્ટ available છે. દારૂ પીધેલો પકડાય તો એને ફરજિયાતપણે એક મહિના માટે રીહેબીલેટેશન હોમમાં રાખવો જોઇએ. એવી એલોપેથી ટ્રીટમેન્ટ આજે મળે છે. એ ટ્રીટમેન્ટ આપો એટલે એ ભવિષ્યમાં દારૂ કન્ઝ્યુમ ન કરી શકે. જો દારૂ પીવે તો ઉલ્ટી થઇ જાય. એના માટે કાયદામાં કોઇ કડકમાં કડક જોગવાઇ કરવી હોય તો કરો. આપણો કાયદાનું અમલીકરણ કરાવવા માટે મક્કમ નિર્ધાર જોઇએ. સવાલ એ છે કે, આપણે દારૂબંધીનો અમલ કોની પાસે કરાવવા માંગીએ છીએ અને મારી બહુ સભાનતાપૂર્વક વિનંતી છે કે, આપણે અહિથી શરૂઆત કરીએ કારણ કે, જેની પાસે દારૂબંધીનો અમલ કરાવવાનો છે એજ માણસ દારૂના નશામાં હશે તો અમલ ક્યાંથી થશે. પોલીસ સ્ટેશનમાં બેઠેલા માણસને પણ ડર હોવો જોઇએ કે હું ભલે બીજાને પકડું છું પણ હું પણ દારૂ કન્ઝ્યુમ કરું એ બરાબર નથી અને મારી સરકાર મારી ચિંતા કરે છે કે હું પણ દારૂ પીધેલો હોઇશ તો જેલ ભેગો થઇ જઇશ. આ વાતની ચિંતા એને પણ થવી જોઇએ એટલા માટે મેં શરૂઆત કરી હતી કે, આપણાથી શરૂઆત કરીએ. ખેર, આ સવાલને હું કેટલી ગંભીરતાથી આપણે એનું અમલીકરણ કરાવવા માગીએ છીએ એની તરફ હું લઇ જવા માગું છું. કલમ -૯૨ની પેટાકલમ -(૨)માં આપે શું જોગવાઇ કરી? પેટાકલમ -(૧) હેઠળના બોન્ડ કર્યા, સજા મોકૂફ રહેશે અને વ્યક્તિને મુક્ત કરવામાં આવશે. જે પકડાયો, જેને સજા થઇ ગઇ એને બૉન્ડ આપી દેવાના, સમાજ સેવાની ખાતરી આપવાની અને જેલમાંથી મુક્ત થઇ જવાનું. શા માટે ગુજરાતમાં દારૂબંધીનો ડર જતો રહ્યો એના કારણો કોઇ હોય તો આ સરકારે દારૂબંધીને વારંવાર હળવી બનાવી છે તે છે. આજ ગુજરાત હતું. ગઇ કાલે આપ જૂઓ, કાયદાથી જ દારૂબંધી અટકતી હોય તો ગઇ કાલે જ •(×××)

પોઇન્ટ ઓફ ઓર્ડર

લઠ્ઠાકાંડ અંગે

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, માનનીય શકિતસિંહજી સભાગૃહની અંદર જે વાત કરી રહ્યા છે, હું દાવા સાથે કહું છું, આંકડા સાથે કહું છું, હકીકત સાથે કહું છું કે, અમરેલીના સાવરકુંડલામાં કોઇ *(×××) થયો નથી. દારૂ પીવાના કારણે જેને લીવરનો સોરાઇસિસ હતો, એ વ્યક્તિનું મૃત્યુ થયું છે. આવો કોઇ પણ અમરેલીની અંદર *(×××) થયો નથી એટલે માનનીય અધ્યક્ષશ્રી, એ સભાગૃહને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

શ્રી વલ્લભભાઇ વ.વઘાસિયા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર...

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ કાલે એમના પરિવારના સભ્યો સાથે વાત થઇ છે અને એમ છતાં માનનીય મંત્રીશ્રી કહે છે એ સાચુ હશે એમ માની લઉં છું, પરંતુ આપ એમના પરિવારની મુલાકાત લો એવી જરૂરથી વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે કહું છું કે, ભરતભાઇ ખાચર નામના વ્યક્તિનું કાલે મૃત્યુ થયું અને એમના પરિવારના સભ્યોએ કરેલી વાત છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીની વાત સાચી માનું છું પછી પોઇન્ટ ઓફ ઓર્ડર કયાં આવે છે? હું તો એમને મુલાકાત લેવાનું કહું છું.

શ્રી વલ્લભભાઇ વ.વઘાસિયા: એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી: એ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો સવાલ આ સભાગૃહમાં ગંભીરતાથી એ છે. માનનીય મંત્રીશ્રી કહે છે કે, એનું લીવર સોરોસિસ થવાના કારણે મૃત્યુ થયું હતું તો પણ લીવર સોરોસિસ થયેલા માણસનું મૃત્યુ સુધી ત્યારે જ જાય કે જયારે કન્ઝમ્પશન દારુનું ચાલુ રાખે તો, એનો અર્થ એ થાય કે આપણે આ કાયદાની વાત કરીએ છીએ એમ છતાં દારૂ સાવરકુંડલામાં મળે છે, લોકો પીવે છે અને લીવર સોરોસિસથી મૃત્યુ પામે છે. આ હકીકત છે, વાસ્તવિકતાનો સ્વીકાર આપણે કરવો પડશે અને એ સંજોગોમાં (અંતરાય)...

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શકિતસિંહ, હવે પૂરું કરો.

• આ શબ્દો માનનીય ઉપાધ્યશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગુજરાત નશાબંધી(સુધારા) વિધેયક,૨૦૧૭

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, વિરામ સુધીમાં પૂરું કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વલ્લભભાઇ, બેસો આપ. એ શબ્દો દૂર કરી દીધા છે.

શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, કયાંય ગુનો થાય, (અંતરાય) વિસ્તાર બદનામ ન થાય, ગુનો છાવરવાથી અને છૂપાવવાથી વિસ્તાર બદનામ થાય. ગુનો થાય ત્યાં આપણે છાપરે ચડીને બોલવું જોઇએ અને વિસ્તાર માટે લડવું જોઇએ કે આ વસ્તુ માટે અમે લડીએ છીએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વલ્લભભાઇ, બેસો. માનનીય શક્તિસિંહ હવે સાત મિનિટ છે. પુરું કરો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે, માનનીય મંત્રીશ્રી એટલે હું વાત સ્વીકારું છું પણ સાથે સાથે ગઇ કાલે જે વાત થઇ. (અંતરાય) માનનીય પરષોત્તમભાઇ સોલંકી બોલશે અને અહીંથી એ બોલશે. તમે ચિંતા ના કરો. આમાં આ બિલમાં તો બોલેને. (અંતરાય) તમે બેઠાં બેઠાં બોલો તો પણ અને અમને તો આખુ લિસ્ટ ખબર છે. ન બોલીએ તો ન બોલીએ પણ કારણવગર માનનીય મંત્રીશ્રી બેઠા બેઠા બોલો તો જવાબ તો મળેને આત્મારામભાઇ? (અંતરાય) સારુ, હા, મૂકોને બંન્ને પક્ષનું, ૧૮૨નું મૂકો, સારૂ લાગશે અને વગર પરમીટે પીનારાનું લિસ્ટ જાહેર કરો એ પણ સારું લાગશે. "ન પથ્થરસે ડર હૈ, ન શીશેસે ડર હૈ, તેરા મેરા ઘર આમને સામને હૈ, તેરે હાથમેં પથ્થર હૈ, મેરે હાથમેં પથ્થર હૈ, તુ ભી સોચ, મૈં ભી સોચું." વ્યકિત બોન્ડની શરતનો ભંગ કરે તો સજા મોકૂફ રહેશે. કોઇ પણ મજકૂરનો અર્થ ગુનેગારને અજમાયશ પર રાખેલ છે એમ ગણાશે. માનનીય મંત્રીશ્રી આજે જે વાતો લઇને આવ્યા છે, ખાસ કરીને દારૂબંધીના કાયદાને ૨૦૦૩ થી લઇને ૨૦૧૫ સુધીમાં વારંવાર હળવો, હળવો હળવો બનાવવાના અનેક દાખલાઓ છે. પરંતુ મારા પક્ષના બીજા સભ્યશ્રીઓ ચર્ચામાં ભાગ લે અને કામકાજ સલાહકાર સમિતિએ નક્કી કર્યા મુજબ આજે ગૃહનો સમય લંબાવીને કામ પૂર્ણ કરવાનું છે એટલે વધારે સમય નથી લેતો.પરંતુ ફરી વખત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે દારૂબંધીના કાયદાને કડક માત્ર બનાવવાથી નહિ પરંતુ આપણું અંદરનું વીલ દારૂબંધીના કાયદાના અમલીકરણ માટેનું કેમ પેદા થાય અને જેના હાથે અમલીકરણ કરાવવાનું છે, જે બુટલેગરો છે, જે ગુનેગારો છે જે સમાજના આપણા યુવાધનને ધનોત પનોત કરવાની દિશમાં લઇ જાય છે, ગામડાંઓના ઘરના ઘર બરબાદ થાય, આપણે ત્યાં દમણથી દારૂ આવે છે એ કોની દુકાનેથી આવે છે કેવી રીતે પહોંચે છે એના મૂળ સુધી પહોંચવાનું કામ રાજય સરકારનું છે. કાયદા અને કાયદાના અમલીકરણ માટે કડક થવું પડશે. વાપીમાં આ લોકોની હિંમત તો જૂઓ દારૂના વેપારીઓ પોલીસ પર હુમલો કરે અને દમણથી રેગ્યુલર દારૂ કોનો આવતો હોય એની આપણને ખબર ન હોય? માનનીય મંત્રીશ્રીને આપની મારફતે વિનંતી કરીશ કે ભૂતકાળમાં માનનીય સી.ડી.પટેલ નાયબ ગૃહમંત્રી હતા અને જામખંભાળીયાના એક કાર્યક્રમમાં એક વોન્ટેડ માણસ ફુલહાર કરવા આવ્યો એનું કોઇને ધ્યાન દોર્યું એટલે એમણે એ માણસનો હાથ પકડી લીધો અને પોલીસને કહ્યું કે વોન્ટેડની તમને ખબર નથી.મારી પાસે આવ્યો તો પણ બુટલેગર એ બુટલેગર જ છે.

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે બિલોની ચર્ચા અધુરી છે જયારે વિરામ બાદ બિન સરકારી કામકાજ છે એટલે પહેલા બિન સરકારી કામકાજ લઇ લઇએ એ પછી બિલ ઉપર ચર્ચા કરીએ એવી મારી વિનંતી છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય પંકજભાઇ, નિયમોમાં જોગવાઇ છે કે બિન સરકારી કામકાજ છેલ્લે જ થઇ શકે. પહેલા સરકારી વિધેયકો અને એ પછી બિન સરકારી કામકાજ હાથ ઉપર લઇ શકાય એવી કાયદામાં જોગવાઇ છે, આપણે સમય વધારીશું.

હું વાત કરતો હતો કે આવા જે લોકો છે એની સામે કડકમાં કડક હાથે આપણે જો કામ નહિ લઇએ તો આપણી જે ગુજરાતની પ્રતિષ્ઠા આજે કોઇ ગમે તે કહેતું હોય કે આવકનું નુકસાન જાય છે પણ હું એમ માનું છું કે દારૂબંધીના અમલીકરણથી અનેકગણું આર્થિક નુકસાન જતું હોય તો મંજૂર છે પણ એનાથી આપણી બહેન દીકરીઓની સલામતી રહે છે એવી બીજે કયાંય નથી. દારૂ માટે કહેવાય એવું છે કે હાથીના પેટમાં નાખો તોય બોલે, જો બાજુમાં બેઠેલી વ્યકિતને આપણે પ્રેમ કરતા હોઇએ તો થોડું વધારે પી ગયો હશે તો એને હબ કરવા મંડશે અને એ જ માણસની બાજુમાં બેઠેલા માણસને દુર્ભાવ હશે તો એને ગાળો બોલશે અથવા લાફો મારવાનું મને થશે. અહીંયા કદાચ જો કોઇ વ્યકિત પીને નીકળ્યો હશે તો પણ એને એક વાતનું ધ્યાન હશે કે પોલીસ કોન્સ્ટેબલ મને પકડશે કારણ કે મેં દારૂ પીધો છે અને એટલી સભાનતા એને બીજો ગુનો કરતાં રોકે છે અને એટલા માટે નવરાત્રીમાં રાત્રે ત્રણ વાગ્યે દીકરી સ્કુટર ઉપર પોતાના ઘરે જઇ શકે છે એનો યશ ફકત ને ફકત દારૂબંધીને જાય છે એટલે મહેરબાની કરીને દારૂબંધીને હળવી ન કરશો. ચાર ચાર વખતે હળવું બનાવ્યું છે. માનનીય અમિતભાઇએ બિલ લાવીને બનાવ્યું છે આજે તો ન છૂટકે કડક કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : બંને દંડકશ્રીઓની વિનંતીને ધ્યાને લઇને વિરામ બાદ સરકારી વિધેયકોનું કામકાજ ચાલુ રહેશે.

(વિરામ બપોરના ૨-૩૦ થી ૩-૧૫)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(મોરવા હડફ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહ મંત્રીશ્રી સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૧૭નું ગુજરાત નશાબંધી વિધેયક લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યક્ત કરવા માગું છું.

## તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## ગુજરાત નશાબંધી(સુધારા) વિધેયક,૨૦૧૭

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના કર્મઠ નેતૃત્વની આ રાજ્ય સરકારે પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતાના ચાર પાયા પર રાજયની સર્વાંગી વિકાસની ઇમારતનું નિર્માણ કર્યું છે. વ્યક્તિગત, સામાજીક, આર્થિક અને નૈતિક પતન કરનારા દારૂના દૂષણથી સમાજની તંદુરસ્તીને હણનારાઓ સામે રાજ્ય સરકાર કડક હાથે કામ કરશે તેવો મુખ્યમંત્રીશ્રીએ દ્રઢ નિર્ધાર કરેલો છે. જેના ભાગ રૂપે ગુજરાત નશાબંધી ધારાને વધુ અસરકારક બનાવવા માટે, વધુ મજબૂત બનાવવા માટે આ વિધેયકમાં સુધારા સાથે મંજૂરી આપી છે. આપણે સૌ જાણીએ છીએ તેમ પૂ. મહાત્મા ગાંધીજીના આદર્શોને ચરિતાર્થ કરનારું આપણું રાજ્ય છે. દારૂબંધી રાજ્યના સ્થાપનાકાળથી અમલમાં છે, ત્યારે દારૂના દૂષણથી સમાજના આર્થિક, સામાજીક અને નૈતિક પતનને અટકાવવા રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ દારૂના દૂષણને કડક હાથે ડામવા દ્રઢ નિર્ધાર કર્યો છે અને તેને ચરિતાર્થ કરવા આ કાયદામાં સુધારો કરવામાં આવેલો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય નશાબંધી ધારાને વધુ અસરકારક બનાવી દારૂબંધીને વધુ કડક બનાવવાનો રાજ્ય સરકારે જયારે દ્રઢ નિર્ણય છે ત્યારે મારે કહેવું છે કે ‘ નાશ કરવા નશાનું ચલણ, સરકાર આકરૂં વલણ લઇને આવી છે. સુખ–સમૃદ્ધિને સાચવવા સરકાર નશાની બદીનું મરણ લઇને આવી છે.’ ગુજરાતની નશાબંધીના ગઢના કાંગરા ખરશે તેવી કલ્પના કરનારા ગુજરાતની સંસ્કૃતિ અને સરકારને જાણતા નથી. એટલે જ આ સન્માનનીય ગૃહમાં ૧૮૨ ધારાસભ્યોને દારૂ વિષે એની તપાસ માટે જો મોટા નેતા કહેતા હોય, એક મહિલા ધારાસભ્ય તરીકે એક શોકજનક ઘટના કહી શકાય. નશાબંધી આપણાં ગુજરાતના લોહીમાં વણાઇ ગયેલી છે. ફક્ત બંધારણ જ નહીં, પરંતુ વિશ્વના તમામ ધર્મોમાં પણ સંપૂર્ણ નશાબંધી માટે આદેશ છે. પૂ. બાપુની પૂણ્યભૂમિના નાતે ગુજરાતે શરૂઆતથી જ નશાબંધી અપનાવી અને તેથી જ ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિ છે. ગુજરાતમાં મોડી રાત્રે પણ આપણી બહેનો–દીકરીઓ સલામતીપૂર્વક, નિર્ભયતાપૂર્વક બહાર નીકળી શકે છે તેનું કારણ નશાબંધી છે. માનનીય ગૃહમંત્રીશ્રી આ જે વિધેયક લઇને આવ્યા છે. તેમાં કેટલાક સુધારા–વધારા કરેલા છે તે આપની સમક્ષ મૂકેલા છે ત્યારે દારૂ પીવાથી ગરીબ કુટુંબના લોકોને ભયંકર રોગ થાય છે. વધુ ગરીબ બને છે. છેલ્લે રહેવાના ફાંફા પડે છે અને નળિયા પણ મોભે રહેતા નથી એવી તકલીફ થઇ જાય છે. દારૂથી યુવાધન પણ બરબાદ થાય છે અને કુટુંબો પણ પાયમાલ બને છે. સરવાળે દારૂ દેશને નુકસાનકારક સાબિત થાય છે. આ બધા અધોગતિના કારણો છે તેને ઝીણવટપૂર્વક ધ્યાને રાખીને ગુજરાત સરકારના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબે ખૂબ જ કડક વલણ રાખીને આ વિધેયકમાં દારૂબંધી માટે નવા નિર્ણયો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ગુજરાતના ખૂણે–ખાંચરે દારૂ વેચવાનો પ્રયત્ન કરતા હતા એ લોકો લારી–ગલ્લા લઇને કરિયાણાનો અને બીજો નાનો–મોટો ધંધો કરતા જોવા મળે છે. આ કાયદાના ડરના કારણે જે લોકો દારૂ ગાળવાના ભઠ્ઠા ચલાવતા હતા એ દારૂ ગાળતા લોકોએ પણ હવે મહેનત કરીને ગુજરાન ચલાવવાનું શરૂ કર્યું છે. આ ગુજરાત રાજ્યની વખાણવાલાયક સિદ્ધિ છે. તેનો સંપૂર્ણપણે, ચૂસ્તપણે અમલ થાય એના માટે રાજ્ય સરકાર આ કાયદો લઇને આવી છે. આપણું ગુજરાત પ્રગતિશીલ ગુજરાત તરીકે વખણાય છે. એ દિવસો દૂર નહીં હોય કે જ્યારે દારૂ જેવો શબ્દ પણ ગુજરાતી શબ્દ કોશમાં જોવા નહીં મળે. એ ગુજરાત સરકારની અણમોલ ભેટ હશે. આપણા પૂજ્ય ગાંધી બાપુએ દારૂબંધીના સમર્થન માટે યંગ ઇન્ડિયા અને નવજીવન સામાયિકમાં લેખો લખ્યા હતા. એમાં સરકારની પ્રથમ ફરજ બને છે. દારૂ જેવી નશાખોર વસ્તુથી પ્રજાને બચાવવા માટે વિશેષ કાયદો ઘડ્યો. એને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે દારૂ–બંધી માટે અત્યંત કડક કાયદા બનાવ્યા છે. દારૂ–બંધી માટે કડક કાયદો બનાવવો એ આડકતરી રીતે ગુન્હો અટકાવવા બરાબર છે. સમગ્ર દેશમાં જે ગુન્હા બનતા હોય છે એમાં ૫૦ ટકા ગુન્હા દારૂના કારણે થતા હોય છે. જેથી ગુન્હા ડામવા હોય તો ગુજરાત સરકારે જેવો દારૂ–બંધીનો કડક કાયદો અમલમાં મૂક્યો છે એનું અનુકરણ દેશના બીજા રાજ્યોએ કરવું જોઇએ. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્વમાં ‘‘આ સંવેદનશીલ સરકાર યુવાનોને નશા તરફ જવા નહીં દે, મહિલાઓના સૌભાગ્યને ઉજડવા નહીં દે, નશાબંધીના કાયદાનો કડક અમલ કરી, લોકોના ભવિષ્યને બરબાદ થવા નહીં દે.’’

માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં હું એટલું જ કહીશ. આવો પ્રજાને ફાયદાકારક અને મંગળકારી કાયદો વધુમાં વધુ મજબૂત બનાવી ગુજરાતની સુખ, શાંતિ અને સલામતીની ચિંતા કરવા માટે માનનીય ગૃહમંત્રીશ્રી આ સુધારો લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું અને માનનીય મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને આ કાયદો લાવવા માટે દિલથી અભિનંદન આપું છું.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમંત્રીશ્રી ગુજરાત નશાબંધી સુધારા વિધેયક–૨૦૧૭ જે લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કડક કાયદો બનાવીને નશાબંધીનો કડક અમલ થાય તે હેતુસર ગૃહમંત્રીશ્રી આ બિલ લાવ્યા છે તેવું પોતાના વક્તવ્યમાં જણાવ્યું. બિલમાં કલમોમાં કરેલા સુધારાની અમારા પક્ષના નેતાશ્રી શક્તિસંહે વિગતવાર વાત કરી છે એટલે એને દોહરાવતો નથી. ગાંધીના ગુજરાતમાં નશાબંધીનો કડક અમલ થાય તેના માટેની વાત કરીએ છીએ, પણ વાસ્તવમાં નશાબંધીનો કડક અમલ થાય છે ખરો ? એ ચિંતાનો વિષય છે. આપણા દેશમાં તમામ ધર્મના લોકોએ નશાને હરામ ગણ્યો છે. જ્યારે સ્વાતંત્ર્યની લડતની શરૂઆત એ વખતના મહાનુભાવોએ કરી ત્યારે દારૂબંધીના કાર્યક્રમને પણ એક પાયાનું કામ ગણાવવામાં આવ્યું હતું. દેશની બરબાદીના સંબંધમાં આપણે જે ગંભીર તહોમતો એ વખતે અંગ્રેજો સામે મૂકતા હતા એ ગંભીર તહોમતનામામાંનું આ પણ એક તહોમતનામું હતું અને એ વખતે પૈસા કમાવા માટે રાજયની નાણાની તિજોરીની અંદર આવક આવે એના માટે અંગ્રેજ રાજયકર્તાઓએ ખુલ્લમખુલ્લા દારૂ વેચવા માટેનો જે ધંધો શરૂ કર્યો હતો એના કારણે આજે આપણે

આટલા વર્ષો સુધી આપણે ભોગવતા આવ્યા છીએ. આ સરકાર હોય કે આ બાજુની સરકાર હોય સવાલ સરકારોનો નથી, જે કોઇ સરકાર હોય એ સરકારોએ આ કડક દારૂબંધીનો કડક અમલ કરવા માટેની નિષ્ઠા અને પ્રામાણિકતા કેટલી છે એના ઉપર આધાર રાખે છે. માનનીય મંત્રીશ્રીએ અહીંયા બહેન-દીકરીઓની વાત કરી છે. બહુ સારી વાત નિમિષાબહેને કરી. નિમિષા બહેને જે અહીંયા વ્યકત કર્યુ છે એ વ્યકત કરેલી વાત આ સરકાર સંપૂર્ણપણે પાલન કરે અને ગુજરાતના યુવાનોને અને ગુજરાતની બહેન-દીકરીઓને આ સકંજામાંથી બહાર કાઢે એવી હું આ સરકાર પાસે અપેક્ષા રાખુ છું પણ હકીકત જે છે ગુજરાતની અંદર આવી સ્થિતિ હોવા પછી પણ દારૂ બેફામ ખુલ્લમખુલ્લા વેચાય છે એ હકીકત છે. વાઇબ્રંટ ગુજરાતમાં ગુજરાતી ગમે ત્યારે ગમે તે સમયે ગમે તે સ્થળે વાઇબ્રંટ થઇ શકે છે. આ સ્થિતિ અત્યારે ગુજરાતમાં પ્રવર્તી રહી છે ત્યારે ગુજરાતમાં દારૂ કયાંથી આવે છે? દેશી દારૂ છે ઘરબેઠે બનાવવામાં આવે છે. વિદેશી દારૂ છે એનું આપણે ત્યાં ઉત્પાદન નથી થતું તો વિદેશી દારૂ આવે છે કયાંથી તો ગુજરાતમાં એક સરહદ છે વાપી અને દમણ ત્યાંથી ગુજરાતમાં આવે. ઉત્તર ગુજરાતની અંદર શામળાજી અને બનાસકાંઠા એટલે પાલનપુર એ સાઇડથી આવે અને ત્રીજો દક્ષિણની અંદર દીવ કેન્દ્ર શાસિત પ્રદેશ છે ત્યાંથી ગુજરાતમાં વિદેશી દારૂ ઠલવાય છે. જો ગુજરાતમાં કડક અમલવારી થતી હોય અને આ સરકારની જો નૈતિક પ્રમાણિકતા હોય અને દારૂબંધીનો કડક અમલ કરવા માટે જો સંવેદનશીલ સરકાર હોય તો આ રાજયની અંદર આ ત્રણ જગ્યાએથી વિદેશી દારૂ ગુજરાતમાં શા માટે ઠલવાય છે એ મારે સરકારને પૂછવું છે. લાખો-કરોડો રૂપિયાનો વિદેશી દારુ પકડાય છે અને છતાંપણ સરકાર એમ કહે છે કે અમે કડક અમલવારી કરીએ છીએ. દારૂના બેફામ વેચાણને કારણે આપણી બહેન-દીકરીઓ હોય એ ૨૦ વર્ષની દીકરી થાય, ૨૫ વર્ષની દીકરી હોય મા-બાપ એને વાજતે ગાજતે લગ્ન કરીને એમને સાસરે વળાવે અને એ દીકરી એક-બે બાળકની માતા બને અને ૨૮-૩૦ વર્ષ કે ૩૫ વર્ષે એને વિધવા થવાનું જયારે આવે ત્યારે એ કુટુંબની કેવી દયાજનક પરિસ્થિતિ હોય છે એની કલ્પના કરીએ તો આપણને ખ્યાલ આવે. આજે સમગ્ર ગુજરાતની અંદર આ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. માનનીય શકિતસિંહજીએ કહ્યું એ પ્રમાણે સમગ્ર ગુજરાતની અંદર દારૂબંધીનો કડક અમલ થાય એના માટે એક જનવેદના અને જનઆક્રોશ ઉભો થયો છે. મારે સરકારને પૂછવું છે કે તમે તો ૨૦ વર્ષથી સત્તામાં છો અને ૨૦ વર્ષથી સત્તામાં છો ત્યારે આજે જ તમને કડક કાયદો બનાવવા માટેનું કેમ સુજયું? બહુ સ્પષ્ટપણે કહેવા માગુ છું કે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગુજરાતની પ્રજામાં જે આક્રોશ છે એ આક્રોશને કયાંકને કયાંક શાંત પાડવા માટે આ બિલ લઇને આવ્યા હોય એવું સ્પષ્ટપણે માનવું છે. જયારે આ પરિસ્થિતિ નિર્માણ થાય છે વિધાનસભાની પ્રશ્નોત્તરી દરમિયાન અહીંયા ઘણીબધી ચર્ચાઓ થઇ છે. મંત્રીશ્રીએ પણ પોતાની આગવી છટામાં જે વાત કરી છે અને (અંતરાય) સાચું બોલવાનું હોય તો એક ધારાસભ્ય તરીકે ૧૯૯૦થી આ વિધાનસભાગૃહમાં બેસુ છું. ધારાસભ્ય તરીકે ઓન પેપર ગૃહમંત્રી, તમારા અત્યારના રાષ્ટ્રીય અધ્યક્ષને પણ કાગળ લખ્યા છે તમારામાં માનસિકતા હોય તો શા માટે અત્યાર સુધી પગલાંઓ ના લીધા? ઓન રેકોર્ડ આ સાચી હકીકત કહુ છું. આ સાચી હકીકત છે. પ્રદિપસિંહજીને કહેજો કે જૂની ફાઇલો કાઢે અને તપાસે કે કોણે કેટલી રજૂઆતો કરી છે અને એ રજૂઆતના આધારે દારૂબંધીનો કડક અમલ કરવા માટે શું પગલાં લીધાં છે? કારણ કે અમારે ઉનાથી દીવ માંડ ૧૫-૨૦ કિલોમીટર થાય છે. તમારે જોવું હોય તો મારી સાથે આવો, હું તમને બતાવવા તૈયાર છું કે કોણ વેચે છે અને કઇ રીતે વેચે છે. માનસિકતા હોય તો પગલાં લો. ગુજરાત બરબાદ થઇ રહ્યું છે, યુવાધન બરબાદ થઇ રહ્યું છે. આ એક ગંભીર ચિંતાનો વિષય છે ત્યારે રાજ્ય સરકારે કેવા પ્રકારના પગલા ભર્યા છે? મારે બહુ સ્પષ્ટપણે કહેવું છે કે કાયદો આપણે બનાવીએ છીએ, માનનીય મંત્રીશ્રીએ કલમનો ઉલ્લેખ કરીને કડક કાયદો બનાવવાની વાત કરી છે. માનનીય દોલતભાઇ દેસાઇ વલસાડના ધારાસભ્ય હતા અને એક કમિટિમાં સાથે કામ કરતા હતા. એ સમય દરમિયાન એ અમેરિકા ગયા અને અમેરિકાથી પરત આવ્યા પછી મિટિંગ મળી ત્યારે અમારી સાથેના મિત્રોએ પૂછયું કે અમેરિકા ગયા પછી તમારો અનુભવ શું છે? તમને શું લાગ્યું? ત્યારે દોલતભાઇએ સ્પષ્ટપણે એક લાઇનમાં જવાબ આપતા કહ્યું હતું કે અમેરિકામાં જે કાયદો બનાવવામાં આવે છે એ પાળવા માટે બનાવવામાં આવે છે. આપણે ત્યાં જે કાયદો બનાવવામાં આવે છે એ તોડવા માટે કાયદો છે. સવાલ એ છે કે કાયદો આપણે વિધાનસભા દ્વારા ઘડી કાઢીએ છીએ પણ કાયદો બનાવ્યા પછી એના અમલીકરણનું શું? અત્યાર સુધી જે દારૂ પકડાયો છે એ દેશી હોય કે વિદેશી હોય અને એફ.આઇ.આર. નોંધાય અને જેલમાં મોકલવામાં આવે ત્યારે મારે સરકારને પૂછવું છે કે આવડા મોટા જથ્થામાં દારૂ પકડાયા પછી એ લાંબો સમય જેલમાં રહી શકતો નથી. છૂટીને પાછો ઘેર આવી જાય છે. આ ચિંતાનો વિષય છે. ઓન રેકર્ડ વાત કરું છું. માનનીય ગૃહમંત્રીશ્રી આંકડા ચકાસે કે દારૂમાં પકડાય અને એને સજા થઇ જાય એ લાંબા સમય સુધી જેલમાં રહેવો જોઇએ. દારૂમાં પકડાય, એફ.આઇ.આર. થાય એના બે દિવસમાં છૂટીને ઘેર આવી જાય અને ફરી વખત એનો અસલ ધંધો ચાલુ કરી દે છે. આ એક ગંભીર ચિંતાનો વિષય છે કે કાયદો કડક બનાવ્યા પછી એફ.આઇ.આર. નોંધવામાં આવે છે એ જે પોલીસ સ્ટેશનમાં નોંધાય છે એ નોંધાયા પછી જો વ્યવસ્થિત રીતે પોલીસ એફ.આઇ.આર. નોંધે તો આવા અસામાજિક પ્રવૃત્તિ કરનારા લોકો છે એને જેલમાંથી છૂટવાનો કે છટકી જવાનો મોકો ન મળે. હું બહુ સ્પષ્ટ કહું છું કે જે એફ.આઇ.આર. નોંધવામાં આવે છે એ ફરિયાદ યોગ્ય રીતે નોંધવામાં ન આવવાના કારણે કોર્ટમાં એ સરળતાથી છૂટી જાય છે. આવું હું મારા અનુભવના આધારે કહું છું ત્યારે સરકારે એ વાતને પણ ગંભીરતાથી લેવી જોઇએ. એફ.આઇ.આર. કોઇ પી.એસ.આઇ. કે પી.આઇ. નોંધતા નથી પણ પી.એસ.ઓ. તરીકે હોય એ લખે અને જે રીતે એફ.આઇ.આર. લખવાની હોય છે એ યોગ્ય રીતે ન લખવાના કાણે આવી પ્રવૃતિ કરનારા લોકો સરળતાથી છટકી જાય છે. ગુનાહિત પ્રવૃત્તિઓ બાબતે આપણે બધાએ સ્વીકારવું પડે કે અસામાજિક પ્રવૃત્તિ કરનારા લોકોને છૂટો દોર કઇ રીતે મળે છે?

એ બેફામ કઇ રીતે બને છે? ભૂતકાળમાં આ જ વિધાનસભામાં મેં રેકર્ડ ઉપર કહ્યું છે અને આજે પણ કહું છું કે જ્યારે જ્યારે આ ગૃહમાં કોઇ ચર્ચા કરવામાં આવે, કોઇ બુટલેગરનું નામ કે અસામાજિક પ્રવૃત્તિ કરનારાના નામે વાત કરવામાં આવે અને વાત કરીને ગૃહની બહાર નીકળીએ એના અડધા–પોણા કલાકમાં તરત બુટલેગરનો ફોન આવે કે તમને મારી સામે શું વાંધો છે? તમે મારી સામે કેમ આવી વાત કરો છો? ભૂતકાળમાં પણ કહ્યું છે અને આજે પણ એ વાત દોહરાવું છું. એમાંથી આપણે બહાર નીકળવું પડશે. એક વસ્તુ નાયબ મુખ્યમંત્રીશ્રી સ્વીકારવી પડશે કે અસામાજિક પ્રવૃત્તિ કરનારા લોકો અને પોલીસની સાંઠગાંઠ સિવાય અસામાજિક પ્રવૃત્તિ ન થઇ શકે, ન થઇ શકે અને ન થઇ શકે. આટલી વાત તમારે યાદ રાખવી પડે. આ બાજુ હોય કે પેલી બાજુ હોય પણ જે હકીકત છે તે એ છે કે આ લોકો બેફામ શા માટે બને છે? એટલા માટે કે એની સામે આપણે કડક હાથે કામ લઇ શકતા નથી. થોડા દિવસ પહેલાં અમારા જુનાગઢ જિલ્લામાં નવા આઇ.જી. આવ્યા. વેરાવળ ખાતે કલેક્ટર કચેરીની અંદર લોકદરબાર બોલાવ્યો હતો. કલેક્ટર કચેરીની અંદર આખા જિલ્લાના તમામ અધિકારીઓ અને ભાજપ, કોંગ્રેસ બધાય જવાબદાર આગેવાનોની હાજરીમાં દારૂની ચર્ચા થઇ. મારે બહુ સ્પષ્ટપણે કહેવું જોઇએ નીતિનભાઇ, કે એમણે લોકદરબાર કર્યા પછી ગીર–સોમનાથ જિલ્લાના ૬ એ તાલુકાની અંદર બીજા દિવસથી દારૂ ઉપર કંટ્રોલ આવ્યો. ત્રણ જિલ્લાની પોલીસ બોલાવીને ખાનગીમાં રેડો પડાવી અને રેડો પડાવ્યા પછી પણ જે મળવું જોઇએ એ મળ્યું નહિ. ટી.વી. ચેનલવાળાએ પણ કીધું કે આઇ.જી.નો પ્લાન નિષ્ફળ ગયો. અઠવાડિયું, દસ દિવસ, પંદર દિવસ દારૂમાં કડક રીતે સારું રહ્યું અને ત્યાર પછી અત્યારે અમારે ત્યાં દારૂ માટેની રાબેતા મુજબની સ્થિતિ હતી એ રાબેતા મુજબની સ્થિતિ થઇ ગઇ અને રાબેતા મુજબ જેમ અહીંયા શક્તિસિંહે કીધું એ પ્રમાણે જ્યારે જ્યારે દારૂબંધીની કડક અમલવારી કરવાની વાત કરતા હોઇએ છીએ ત્યારે હપતો પચાસ હજાર હોય એના ડબલ લાખ થઇ જાય. લાખ હોય તો બે લાખ થાય, બે લાખ હોય તો ચાર લાખ થાય અને ચાર લાખ હોય તો આઠ લાખ થાય એના આંકડાની વાત કરવા માગુ છું અને એનાથી આગળ વધીને હું બહુ સ્પષ્ટપણે કહેવા માગુ છું કે અમારે ત્યાં દીવ નજીક છે. એ મિટિંગની અંદર કીધું છે અને આજે પણ કહું છું કે અમારે ત્યાં તો દારૂની હેરાફેરી કરનારા જે લોકો છે એનું પાયલોટિંગ ખાખીવર્દીવાળા કરે છે અને છતાં સરકારને કાંઇ અસર નહિ. માનનીય અધ્યક્ષશ્રી, આ કોણ કરે છે? એક ને એક વ્યક્તિ વારંવાર પકડાય એની સામે શા માટે આપણે કડક હાથે કામ નથી લેતા? વિધાનસભાનું સત્ર આવવાનું હોય અને ધારાસભ્ય પ્રશ્ન પૂછવાના હોય એટલે ૫–૧૦–૨૫ લોકોને પાસામાં ધકેલી દેવાના અને ધકેલીને પછી એમ કહે કે અમે કડક અમલવારી કરી. પાસામાંથી છૂટીને આવે પછી તરત જ એ જ વ્યક્તિ એ જ ધંધો કરે છે આ હકીકત અને વાસ્તવિકતા છે અને એનાથી આગળ વધીને ચિંતાનો વિષય એ છે કે, ભાઇઓમાં આ દૂષણ છે પણ ગંભીર ચિંતાનો વિષય એ છે કે આપણી બહેનો પણ આ ધંધે, આ રવાડે ચઢી છે. આ વ્યસનમાં બહેનો પણ આગળ વધતી જાય છે એ પણ ગંભીર ચિંતાનો વિષય છે ત્યારે બહુ ગંભીર પ્રકારે તમને અપમાન લાગશે, તમને શરમ આવવી જોઇએ કે લાજવાને બદલે ગાજવાનું શું કામ કરો છો? જે હકીકત અને રિયાલિટી છે એ જોવું હોય તો આવો મારી સાથે હું બતાવવા તૈયાર છું. ગાડીમાં આવે બે છોકરા બહાર બેઠા હોય અને ટેબલ ઉપર લેતા હોય છે. હવે મારે વધારે કહેવાની જરૂર નથી. પ્રદિપસિંહે કીધું, મુઠ્ઠી ખોલવાની વાત આવે છે ત્યારે ખોલવાની કોણ ના પાડે છે? કોણ તમને અટકાવે છે? કાંઇ વાંધો નથી મુઠ્ઠી ખોલો. ગમે તે ચમરબંધી હોય એની સામે પગલા લ્યો. વાત કહેવાની છે પણ કરવાનું નથી. માનનીય અધ્યક્ષશ્રી, આ ચિંતાનો ગંભીર વિષય છે ત્યારે ગુજરાતના યુવા ધનને અને બહેનોને, ગરીબ અને પછાત વર્ગના લોકોને આમાંથી મુક્ત કરાવવા માટે કડક હાથે કામ લેવું જોઇએ. ભૂતકાળની અંદર ગૃહ વિભાગે પરિપત્ર કરેલો અને એ પરિપત્રની અંદર જોગવાઇ હતી કે ૧૦,૦૦૦ થી લઇને ૨૫,૦૦૦ રૂપિયાનો દારૂ કોઇ પોલીસ સ્ટેશનના નીચે પકડાય તો એના પી.એસ.આઇ. કે પી.આઇ.ની જવાબદારી નક્કી કરવા માટેનો પરિપત્ર કરેલો. મારે ગૃહ મંત્રીશ્રીને પૂછવું છે કે આ ગૃહ વિભાગે પરિપત્ર કર્યો હતો અને એ પરિપત્ર કર્યા પછી જે પોલીસ સ્ટેશનની અંદર ૧૦,૦૦૦ થી લઇને ૨૫,૦૦૦ રૂપિયા સુધીનો દારૂ પકડાણો છે એ પોલીસ અધિકારીઓ સામે આપે શું પગલા ભર્યા છે? કેટલા પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે? પૂછવામાં આવે તો નીલ. કડક અમલવારીની વાત કરે છે ત્યારે સરકારને પૂછવું છે કે તમે દારૂની પરમિટો કેટલી આપી? કેટલી હોટલોની અંદર તમે દારૂ વેચવા માટેની મંજૂરીઓ આપી? એક બાજુ દારૂબંધીની કડક અમલવારીની વાત કરવામાં આવે અને બીજી બાજુ રાજ્ય સરકાર પરમિટો આપે. હોટલોમાં પરમિટો આપવાનું કામ કરો છો આ ક્યા પ્રકારની સરકારની માનસિકતા છે એ સમજી શકાતું નથી? એકબાજુ આમ કહેવાનું, એકબાજુ આમ કહેવાનું અહીંયા આપણે કડક અમલાવારીની વાત કરીએ. બહેનોની સલામતીની વાત કરીએ. બે દિવસ પહેલા અમદાવાદની અંદર એક પોલીસ ખાખીવર્દીની અંદર દારૂ પીને છાટકા બન્યા, સમગ્ર ગુજરાતની પ્રજાએ ટી.વી.માં જોયું, તમે શું કર્યું ? અને એટલું જ આપણે કહી નાખ્યું કે, એને સસ્પેન્ડ કરી દીધા. (અંતરાય ) શું કરે, આત્માને પુછો. શું કરવું એ આત્માને પુછો અને એના અનુસંધાને ઈંગ્લિશ દારૂ, પોલીસની સાંઠગાંઠ, તમારી પાસે હવે તો ઇલેક્ટ્રોનિક્સ મિડિયા, મોબાઇલ આ બધી વ્યવસ્થાઓ છે. હવે તો જી.પી.એસ. સિસ્ટમ પણ આપણે એસ.ટી.માં અને બીજા બધામાં દાખલ કરી છે એનાથી ક્યાં, કોણ પહોંચ્યું, કેવું પહોંચ્યું એની ખબર પડી જાય છે, ત્યારે આનો પણ ઉપયોગ કરવામાં આવે. જેમ મેં અગાઉ કહ્યું એ પ્રમાણે કે, આ પ્રકારની પ્રવૃત્તિ સંપૂર્ણપણે મીલીભગત હોય ત્યારે જ આ શક્ય બને અને ત્યારે કોણ, કોની સાથે સંકળાયેલા છે, કયો અધિકારી, કયો કર્મચારી બુટલેગરોની સાથે સંકળાયેલ છે? એની પોલીસ અધિકારીઓએ જે વિભાગના વડા હોય એમણે મોબાઇલની કોલ ડિટેઇલ પણ કઢાવવી જોઇએ. કે જેથી કરીને કયો અધિકારી કે કયો કર્મચારી દારૂના ધંધા કરનારા લોકોની સાથે સંકળાયેલ છે એની વાસ્તવિક રીતે ખબર પડે. રેડ પાડે એટલે બે દિવસ, ચાર દિવસ કડક રીતે બંધ રહે અને પછી બેફામ રીતે ચાલુ થાય છે. આજે

પણ ગુજરાતના કોઇ પણ ગામડે ખુલ્લમ ખુલ્લા વિદેશી અને દેશી દારૂ વેચાય છે, વેચાય છે અને વેચાય છે. એ વેચાય છે ત્યારે મારે બહુ ગંભીરતાપૂર્વક કહેવું પડે કે, રાજ્યના ગૃહમંત્રી આ વિધાનસભામાં કોઇ ચર્ચા થાય અને એમાંથી વાત ઉપસ્થિત થાય અને એક જવાબદાર મંત્રી તરીકે પોતે એમ કહે કે, મુઠ્ઠી રાખીશ અને હું ખોલીશ તો બધું ખુલ્લું પડશે. એનો અર્થ એ થાય કે, ગુજરાતમાં ખુલ્લમ ખુલ્લા બેફામપણે આ ચાલે છે એનો એકરાર ગૃહમંત્રીએ કર્યો છે, બહુ સ્પષ્ટપણે લાગે છે. મુઠ્ઠીવાળી અને ખોલે એટલે એને ખબર છે કે, ખોલુ તો બધું થાય. હું અપેક્ષા રાખું કે, મુઠ્ઠી ખોલો, કડક હાથે કામ લો. મારે એ પણ પુછવું જોઇએ દાખલા તરીકે કે, ગૃહમંત્રીને ખબર છે, સદસ્ય નિવાસની વાત કરી છે, સદસ્ય નિવાસમાં ચાલતું હોય તો તમને પગલા લેતા કોણ રોકે છે ? શા માટે તપાસ નથી કરતા ? શા માટે એમાં પગલા લેવાની માનસિકતા નથી? એક્સ હોય, વાય હોય કે ઝેડ હોય, વાતો આપણે આ સરકારની કે પેલી સરકારની કરીએ, કોંગ્રેસની કે ભા.જ.પ.ની કરીએ? આમાં કોંગ્રેસને બાજુ ઉપર રાખો, ભા.જ.પ.ને પણ બાજુ ઉપર રાખો. ગુજરાતની પ્રજા ભોળી, અણસમજુ, અશિક્ષિત અને નાના માણસો છે એની ચિંતા કરો અને એની ચિંતા કરવા માટેની જો તમારી માનસિકતા હોય તો કડક હાથે તમે કામ લો. વાત કરવી એ સહેલી છે, અમલીકરણ કરવું બહુ અઘરું છે, અને અમલીકરણ કરવું હોય ત્યારે મુક્ત મને કરો અને જે છે હકીકત એ આપણે સૌ જાણીએ છીએ, આપણા આત્માને પૂછીએ. હું તો એનાથી આગળ વધીને એમ કહું છું કે, સરકાર કાયદો બનાવે, આપણે ભેગા થઇને કાયદો બનાવીએ એનો કડક અમલ ત્વરીત કરવાની અપેક્ષા રાખીએ એની સાથો સાથ એક જવાબદાર લોક પ્રતિનિધિ તરીકે પ્રજાને સાથે રાખીને આ દૂષણમાંથી બહાર નીકળીએ, પ્રજાનો કાર્યક્રમ બનાવવા માટેની પણ હું આ ગૃહના સભ્યોને વિનંતી કરું છું અને હિમાયત કરું છું. પ્રજાનો કાર્યક્રમ, લોક ભાગીદારીથી તો તમે ઘણું બધું કરો છો. આમાંય લોક ભાગીદારીથી તમારે આ કાર્યક્રમને ચલાવવો પડશે અને લોક ભાગીદારીથી કાર્યક્રમ કરી આ દૂષણને નાથવું પડશે. એનાથી આગળ વધીને હું એમ કહું છું કે, આપણો રોલ એક પ્રજાના પ્રતિનિધિ તરીકે, એક જવાબદાર આગેવાન તરીકે, એક લોક સેવક તરીકે આ પ્રવૃત્તિને ડામવા માટે આપણી પણ નૈતિક જવાબદારી છે, તો એ નૈતિક જવાબદારી પણ આપણે નિભાવવી જોઇએ. મને લાગે છે કે, સરકારના આ કડક કાયદાની સાથો સાથ આપણે જવાબદારી નિભાવીએ તો આના ઉપર અંકુશ આવે.

દારૂની સાથો સાથ બિલમાં તાડીની વાત કરી. મંત્રીશ્રીના ધ્યાને મારે મૂકવું છે, તાડી જે છે એ તાડ ઉપર કોઇ લોટો બાંધીને, તાડીનું હવે કામ કોઇ કરતા નથી. એમાં કેમિકલનો ઉપયોગ કરીને, પાણીનું પીપડું રાખે અને એમાં કેમિકલ નાખી અને નશાયુક્ત પાણી બનાવવામાં આવે છે. આ પણ અત્યારે ગામડે ગામડે ચાલી રહ્યું છે. એટલે એના ઉપર પણ પોલીસને સુચનાઓ આપી અને જ્યાં જ્યાં આ પ્રકારની પ્રવૃત્તિઓ થતી હોય તાડીના નામે એને પણ કડક હાથે બંધ કરાવવી જોઇએ. તો મને લાગે છે કે, આપણે સારી રીતે દારૂબંધીનો અમલ કરાવી શકીશું. ઘણી બધી બાબતોનો અગાઉ ઉલ્લેખ થઇ ગયો છે એટલે લાંબી વાત ન કરતા સરકારની સંવેદનશીલતા ખરેખર વાસ્તવમાં હોય તો આનો કડક હાથે અમલ કરે અને કડક અમલવારીનો લોકોને અહેસાસ થાય એ પ્રકારનું વાતાવરણ ઉભું કરવું જોઇએ. બાકી મેં કીધું એ પ્રમાણે કે ચારથી પાંચ દિવસ કડક અમલવારી રહે અને પછી પાછી હતી એ પરિસ્થિતિનું નિર્માણ થાય એવી સ્થિતિ ન થાય એના માટે અને જે પોલીસ સ્ટેશનની હદમાં દારૂ પકડાય અને જુનો જે પરિપત્ર છે એ પરિપત્રને ધ્યાનમાં રાખીને જે તે અધિકારીઓ જવાબદાર બને તે જવાબદાર અધિકારીઓની સામે પગલાં લો અને આવી જયાં જયાં પ્રવૃત્તિઓ થતી હોય એ પ્રવૃત્તિઓમાં પોલીસ સ્ટેશનો, અધિકારીઓ આવા પોલીસ સ્ટેશનો શોધતા હોય છે. એ પોલીસ સ્ટેશનની અંદર પોસ્ટીંગ લેવા માટે થઇને એમાં પણ ઘણું બધું બોલાતું હોય છે એટલે એ પણ બંધ થાય એ પણ જરૂરી છે અને જે નિષ્ઠાવાન અને પ્રમાણિક અધિકારીઓ પોલીસ વિભાગમાં પણ કામ કરે છે. કામ નથી કરતા એવું નથી. એવા પોલીસ અધિકારીઓ જે નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરે છે એને મુકતમને અને મોકળાશથી કામ કરવા દો. એમાં સરકાર હસ્તક્ષેપ ન કરે તો પણ દારૂબંધીનો કડક અમલ થઇ શકશે આવું હું બહુ સ્પષ્ટપણે માનું છું ત્યારે માનનીય મંત્રીશ્રી જે હેતુથી જે બિલ અહીં લઇને આવ્યા છે એ તો કાયદો અગાઉ પણ હતો. શક્તિસિંહે કીધું એ પ્રમાણે આ સરકારે ઘણા કાયદામાં સુધારા કરી અને દારૂબંધી હળવી થાય અને લોકોને છુટો દોર મળે એવા પ્રકારના અત્યાર સુધીમાં સુધારા વધારા કર્યા છે અને ફરી વખત પાછું પ્રજાને સારું લાગે અને કડક કાયદો બનાવવા માટેની વાત થાય એટલે સરકાર પાસે મારી અપેક્ષા છે અને વિનંતી છે કે હવે પછી દારૂના કેસોમાં જે લોકો પકડાય એ લોકોને ખરેખર સજા થાય એ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવે એવી અપેક્ષા સાથે મારી વાત પૂર્ણ કરું છું. જયહિંદ.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા) : Respected Sir, Today I stand to speak in favour of this bill. This Bill is just not another Bill but it is the Bill which will be law the devoting tribute to Father of Nation, Mahatma Gandhi.

First of all I would like to congratulate the fast track government of Hon'ble Chief Minister Shri Vijaybhai rupani and respected Home Minister Shri Pradipsinhji for this Gujarat Prohibition (Amendment) Bill 2017.

Respected Sir, Prohibition Act history started somewhere in 1915, when Gandhiji came from Africa with aim to achieve freedom. He analysed the position of our country. He went among the people , he traveled far and wide all over the country just to find why the people of India were not able to live a better life.

He got to know that the reason for this was poverty and the reason for poverty was somewhere connected to drinking of alcohol. Mahatma Gandhi considered the liquor to be a social evil and encouraged the complete prohibition of alcohol in India.

Since 1960 when Gujarat became the Separate State from Bombay State Gujarat Strictly enforced the prohibition Act. Prohibition of liquor is just not the Law of State but it is somewhere connected to the emotion of the society. It is very deeply and connected to the women of India.

There are families which have lost their heads and the women who earn hard to survive or feed their children. But their earnings are taken away or snatched away by her husband to drink alcohol. In order to stop such curses Governmen is successfully put this Act.

Respected Sir, When I am talking about emotions of women and I being a woman I would probably feel that Gujarat is the safest state in India for a woman where she is not facing eve-teasing and brutal violence is not their due to this Prohibition Act. This prohibition Act is a boon for the women of Gujarat. We have set an example to the other states.

I think to what Mr Shaktisinh has mentioned in his speech just before lunch, I would like to say that he was talking about the episode of Vadodara, and I being a Barodian, a proud Barodian I would like to tell you that the law has led very strictly to the people those who are there, there were about 273 people and there were 88 cars costing 17 crore rupees. For your kind information also, there was no bias for labourers, poor and middleclass or the elite class prople. I think we should appreciate the decision taken by the Government, and there was not at all any bias. It is not only the labourers, poor and middle class people who are arrested but also the elite class people are arrested.

Respected Sir, Baroda is not only the cultural capital of Gujarat. I am a Barodian and I am proud to be a Barodian . Being a gentleman today I felt that the way you insulted the women of Gujarat Vidhan Sabha, it was very surprising. You told that the women sitting in VachanSabha had to do breath a nalis er test. That is not possible because we are here as responsible representative of the people.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : Mr. Speaker, Sir, Hon’ble Member is speaking very nicely. I don’t want to interrupt her. I would like to clarify and I would like raise a point of order because I never meant and I cannot. I am a person who respects the women the most. I have never uttered a single word which is derogatory towards women. Therefore, kindly you go through the records. Hon’ble Speaker is here. If there is anything against women I never hesitate and I am ready to apologise. Don’t put any allegation against me. The Hon’ble Speaker can also go through the records.

શ્રીમતી મનીષા રા. વકીલ : He had talked about 182 elected Members. We are all among them. You cannot insult the women by saying that there should be a breath analyzer test. It is a very insulting statement on his part. As a responsible representative he should not put such statement. There are three Members here from your party also here.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું ગુજરાતી છું. ગુજરાતીને મહત્વ આપું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : Respecter, Sir, If the allegation from my respected MLA is correct please check the records. If it is correct, he should be ready to apologize.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ બાપુ સાહેબ પ્લીઝ..

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :I request the Hon’ble Chair to check the records. If it is true …..

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : Certainly. Here we are as Members. Not male or female. I said that charity begins from home. Anyone, whether he is a person who is a police officer, whether he is a person who is a Legislator, all are equal before law. It is a constitutional principle. All are equal before law. My point was that it should be started from here. Why you should worry? I am not a drunkard. If I have not drunk and if I am travelling somewhere in Delhi, a Police Officer can stop me. Why should I worry?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : I am speaking on behalf of you.

અધ્યક્ષશ્રી : ઓ.કે. પ્લીઝ, પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અંગ્રેજીવાળાને સાંભળ્યા તો ગુજરાતી વાળાને પણ સાંભળો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : સાહેબ, ગુજરાતીવાળા તો પત્નીને છોડીને જાય એને શું ખબર પડે. મહિલાનું સન્માન અગ્નિની સાક્ષીએ લગ્ન કર્યા પછી છોડે એને શું મહિલાના સન્માનની વાત.

અધ્યક્ષશ્રી : બહેનશ્રી મનીષાબેન અને બધા જ વિદ્વાનો સારું અંગ્રેજી બોલે છે. બોલવું પણ જોઇએ. ઘણા બધા એવા છે કે ઉપરથી જતું હશે. એટલે મારી બંને બાજુના મિત્રોને વિનંતી છે કે માતૃભાષાનો ઉપયોગ કરે તો વધારે સારું રહેશે. બાકી બોલવાની છૂટ છે. એમાં નહિ બોલવું જોઇએ એવું કઇ છે નહીં. પરંતુ જેટલું જરૂરી અને જ્યાં લાગે એટલું બોલશો તો ગૃહને સારું રહેશે. એટલા માટે નિતીનભાઇ જેવાને કારણ વગર મૂંઝવો નહીં.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ આપે મારી ચિંતા કરી તે બદલ આપનો આભાર. હું કદી કયાંય મૂંઝાતો નથી. ભલભલાને મૂંઝવી દઉં તેવો હું છું. તેની હાલ જ સાબિતી આ સન્માનનીય ગૃહને આપું છું. હું બહુ ગંભીરતાથી કહેવા માગુ છું. અમારા મહિલા સદસ્ય માનનીય મનિષાબેને બેહેનો વતી ચિંતા અને આક્રોશ વ્યક્ત કર્યો તે વાતને પણ હળવાશથી લેવાની જરૂર નથી. તેમણે કહ્યું કે બહેનો પણ આ સન્માનનીય ગૃહમાં છે, તેમનું પણ મોં સૂંઘવું જોઇએ, તે પણ દારૂ પીધેલા આવ્યા છે કે કેમ? આ બધી બાબતો માનનીય શકિતસિંહે જે કહી તે આ ગૃહ માટેની છે. તે ગૃહ માટેની બહેનોને પણ લાગુ પડે છે. બહેનોને પણ લાગુ પડે છે. આ રહ્યો રેકર્ડ, મને સાંભળો. આ રહ્યો રેકર્ડ .

અધ્યક્ષશ્રી : પ્લીઝ આપ બધા બેસો. પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :શકિતસિંહજી પ્લીઝ મને સાંભળો. તમને સાંભળશે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ શક્તિસિંહ તમને પણ સાંભળું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : તમને પણ સાંભળશે. સાહેબ બરાબર છે. તેમને પણ સાંભળવાના બરાબર છે. આપને પણ સાંભળવા જોઇએ બરાબર છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ શક્તિસિંહજી આપને પણ સાંભળીશ. પહેલાં તેમને સાંભળી લઇએ. પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો હતો. તેના રેકર્ડના આધારે કહું છું. મેં વિધાનસભાનું રેકર્ડ મેળવી લીધું છે. શક્તિસિંહજી તમે સાંભળો. શક્તિસિંહજી માનનીય સભ્યશ્રી એવું બોલ્યા હતા કે હું તો એવું પણ કહીશ કે કરાવોને શરૂઆત •(×××) હવે સાહેબ મારા આ શબ્દો અગત્યના છે. મંત્રીમંડળમાં હોય કે ગૃહમાં આવતા હોઇએ ત્યાં રાખો અને ચેક કરો. એટલે આ આપણે બધા સભ્યો વિધાનસભામાં આવીએ છીએ તેને ચેક કરો, તેનું એનેલાઇઝર રાખો. આ અપમાન કર્યુ છે સાહેબ. આ વિધાનસભાનો રેકર્ડ છે. આ નીતિનભાઇના પોતાના કે અમારી સરકારના શબ્દો નથી. આ રેકર્ડ ઉપર છે. શક્તિસિંહજી વાંચી લો. બહુ વિદ્વાન છો હું જાણું છું. તો આટલું સ્વીકારી લો કે મારાથી બોલાઇ ગયું છે અને શબ્દો પાછા ખેંચો એટલે આ વાત પૂરી થઇ જાય. સાહેબ આપને પણ રૂલિંગ આપવાની વિનંતી કરું છું. સાહેબ અમારી બધી બહેનોની લાગણી દુભાઇ છે. કોંગ્રેસની બહેનોની લાગણી દુભાઇ છે કે નહીં તે મને ખબર નથી પણ અમારી બહેનોની લાગણી ચોક્કસ દુભાઇ છે. આવા ગંભીર મામલાને લટકતો રાખવો ન જોઇએ. આ રેકર્ડ છે. આ તમારા શબ્દો છે. આ વાંચી લો. વાંચી લો બહારથી લાવીને. તમારી પાસે ન હોય તો ઝેરોક્ષ મોકલું. ના હોય તો ઝેરોક્ષ આપું. શક્તિસિંહ ન હોય તો ઝેરોક્ષ આપું. હા વાંચો, ચાલો વાંચો. વાંચો ને. બતાવવાની જરૂર નથી વાંચવાની જરૂર છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ એક મિનિટ. શક્તિસિંહજી પ્લીઝ. એક મિનિટ. વિધાનસભાના સર્વે સભ્યશ્રીઓને મારી નમ્ર વિનંતી છે કે, સભાગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી બોલતા હોય, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી બોલતા હોય, વિરોધપક્ષના નેતાશ્રી બોલતા હોય અથવા તો સિનિયર મિનિસ્ટર કે સિનિયર આગેવાનો બોલતા હોય અને વિશેષ કરીને મહિલાઓ બોલતી હોય ત્યારે આપણે બધા સૌજન્યપૂર્વક વ્યવહાર કરીએ. વિશેષ કરીને કોઇપણ મહિલા બોલતી હોય ત્યારે તેમાં આપણે ટીકા ટિપ્પણ ન કરીએ તે આપણી બધાની શોભા છે. અત્યારે બધા જે ચર્ચા કરી રહ્યા છો તેમ અને રિશેષ પહેલાં મેં કહ્યું હતું તે પ્રમાણે આ બિલ પાસ કરતાં હું તેની અંદર મારો ઓર્ડર, મારી સૂચના છે તે હું તમને વાંચી સંભળાવવાનો છું. એટલે તેના આરોપ પ્રત્યારોપમાં ન પડતા જે વિગતો છે તેને આગળ ચલાવીએ છીએ. બિલ પસાર કરતાં પહેલાં તેનું રૂલિંગ હું આપી દઇશ. એમની જે વિગતો હશે તે હું જરૂર સાંભળીશ. મેં પહેલાં કહ્યું છે. હા, મેં હા જ પાડી છે. હું હા જ પાડુ છું. હું ના નથી પાડતો પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહની કેટલીક સંસદીય પ્રણાલિકાઓ અને આપણી કેટલીક પ્રથાઓ છે. આજે આપની ચેમ્બરમાં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વગેરેને આપે બોલાવ્યા હતા બંને પક્ષના બે બે સભ્યશ્રીઓ અમે હાજર હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ વ્યક્ત કર્યું હતું કે ગૃહ ચાલે અને ચર્ચા થાય મને લાગે છે કે નીતિનભાઇ આપ કયા કારણોથી એમાં સંમત નથી? આપ લાંબા સમયથી આ ગૃહમાં એવી ઘટનાઓના પણ સાક્ષી રહ્યા છો કે કોંગ્રેસ સત્તા પક્ષે હોય અહીંથી આવીને કાગળો ફાડીને મુખ્યમંત્રીશ્રીના મોઢા ઉપર માર્યા હોય પરંતુ મોટપ બતાવી છે વિરોધ પક્ષે એમની માફી નથી મંગાવી, આ પ્રવૃત્તિ છતાં માફી નથી મંગાવી. મેં આજે કહ્યું છે એમાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હું પુનઃ કહું છું, મારી પાસે પણ રેકોર્ડ છે. બહેનો માટે કે મહિલાઓ માટે (અંતરાય) અરે ભાઇ, હું કોઇનું અપમાન નથી કરતો, મહિલાઓનું અપમાન ૨૦ વરસની દીકરીનું અપમાન કરો ત્યાં થયું કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગુ છું કે, આખી સ્પીચમાં અને મેં સવારે પણ આ કહ્યું હતું કે, અસંસદીય શબ્દો જોવાય, કાયદાનું પાલન અહીંયાથી જ થાય, મંત્રીમંડળથી થાય. હું દિલ્હીમાં બહાર જાવ અને સેલ્ફ ડ્રઇવ કરતો હોઉ ત્યારે મારી ગાડી રોકીને મારો શ્વાસ સૂંઘીને મારું મોઢું સૂંઘે અથવા બ્રીથ એનેલાઇઝેશન ચેક કરે એમાં મારું અપમાન નથી થતું, હું એનો વિરોધ નથી નોંધાવતો. હું મારું ધારાસભ્યનું કાર્ડ ન બતાવું કે હું ધારાસભ્ય છું ડોન્ટ ચેક મી. હું અહીંયા આવતો હોઉં અને હું ગેરકાયદેસર પ્રવૃત્તિ કરું છું કે નહીં એના માટે મને અહીંયા રોકવામાં આવે તો હું કાયદાનો ઘડનારો એટલે કાયદાથી પર નથી. હું કડક કાયદો બનાવું છું તો એનો અમલ મારાથી પણ થાય એમ કહેવામાં વાંધો શું છે? આ ૧૮૨માં હું નથી? મારી પાર્ટીના સભ્યશ્રીઓ નથી? મારા પક્ષની બહેનો નથી? સીતાજીએ અગ્નિ પરીક્ષા આપી અને સીતાજીની અગ્નિ પરીક્ષા લીધી તો શું એનાથી સીતાજીનું સતિત્વ ઘટ્યું નહીં વધારે વધ્યું કે સીતાજીએ અગ્નિ પરીક્ષા આપી. એ તો સતી હતા તો આપણને ખાલી એક મોઢું સૂંઘે એમાં આપણું અપમાન થઇ જાય? માનનીય અધ્યક્ષશ્રી, તેમ છતાં આપ ચેરને એમ લાગતું હોય, માનનીય અધ્યક્ષશ્રીને લાગતું હોય કે આ વલણ પણ મારું બરાબર નથી અને માનનીય અધ્યક્ષશ્રીને આ ખુરશી મહાત્મા ગાંધીજીની નીચે બેસીને આદેશ કરે છે એ ખુરશી મને કહે તો માનનીય અધ્યક્ષશ્રી જે કહે તે કરવા માટે તૈયાર છું, એ મારી તૈયારી છે. પરંતુ આવી વાત માટે આ વાત કરવી એ બરાબર નથી.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા) : માનનીય અધ્યક્ષશ્રી, શક્તિસિંહજી હમણા બોલ્યા કે પબ્લીકમાં જઇને બ્રેથ એનેલાઇઝ થયું હતું પણ આપણે અહીંયા રીપ્રેઝન્ટેશન કરીએ છીએ અને કાયદાના ઘડવૈયા તરીકે અહીંયા આવીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસના લોકો તો કાંઇ બોલી શકે એમ જ નથી કેમ કે, શું વહીવટ હતો તમારો? લખ્યા વગરનો નવો નક્કોર કાગળ હતો તમારો, ઉપર બૂરા કાળા અક્ષર નીચે રંગીન ચિત્ર થોર, મારુ કોઇને લાગે નહીં પાનુ સાથે ચિત્ર થોર. લખવા માટે આંગળીએ કરવાનું ક્યાંય જાજુ જોર. સૌ જાણે છે કે ચોર મચાવે શોર. એટલે આ કાયદો આપણા માનનીય ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહજી લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપુ છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે આ બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ ગૃહની અંદર કડક કાયદો કરવા માટે આ સરકારને જરૂરિયાત શું પડી? જો અલ્પેશ ઠાકોર દ્વારા આ જનઆંદોલન ન કરવામાં આવ્યું હોત, એનો ડર તમને ના લાગ્યો હોત તો આ કાયદો લઇને તમે ના આવ્યા હોત, સવારે શક્તિસિંહજી જે વાત કરતા હતા તમામે તમામ કાયદાને હળવો કરવાની કામગીરી એ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં થઇ. ત્યારે મારે તમને કહેવું છે કે, આ કાયદો બનવાથી ગુનેગારો જો દંડાય તો સારી વાત છે પરંતુ ગુનેગારો દંડાવાના નથી, અધિકારીઓના હપ્તામાં વધારો થવાનો છે. એમાં એવો વધારો થવાનો છે કે દસ ગણો ભાવ થઇ જવાનો છે. દારૂ ઉપર જે કડક કાયદો બને છે, તમામે તમામ સભ્યોએ જે ચિંતા કરી, દા.ત. શામળાજી બાજુથી આવતો હોય, દીવ-દમણથી આવતો હોય કે ગુજરાતની આજુબાજુ જે ચારે ચાર રાજ્યો આવેલા છે એ તમામે તમામ રાજ્યોમાંથી આવતા હોય તો તે રાજ્યોની અંદર દારૂ પીવાની છુટ્ટી છે. ગાંધીના ગુજરાતમાં વાસ્તવમાં દારૂબંધી લાદેલી છે. આ તમામે તમામ સરહદો ઉપરથી જે દારૂ આવે છે એને અટકાવવા માટેનો કડક કાયદો અધિકારીઓ ઉપર પણ મૂકવો જોઇએ. ચારેચાર બાજુ ભારતીય જનતા પાર્ટીની સરકારો આવેલી છે એ જો દારૂ અહીંયા ના મોકલેને તો મોટાભાગની ગુજરાતની જે તકલીફો છે એ મટી જાય. પણ એવી કોઇ શક્યતા બનવાની નથી. વીસ વીસ વરસથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આ રાજ્યની અંદર ચાલે છે. કડક કાયદો આપણે અત્યારે બનાવવા માટે જઇએ છીએ. મેં કહ્યું તેમ જો અલ્પેશ ઠાકોરે આ ઝૂંબેશ ના ઉપાડી હોત તો આજે પણ તમારા કાન કે આંખો ખૂલી ના હોત.

અધ્યક્ષશ્રી : આપણા બધા સભ્યોને ખ્યાલ હશે જ કે કયા સભ્યનું નામ ક્યારે ગૃહમાં દેવાય કે ના દેવાય તે બધાથી તમે પરિચિત છો, આનું પુનરાવર્તન ન થાય તેનું ધ્યાન રાખજો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : સોરી સાહેબ. આપણા ગૃહમંત્રી વાત કરતા હતા, એમણે નામજોગ વાત કરી છે એટલે હું નામજોગ વાત કરું છું. અમિતભાઇ શાહની એમણે વાત કરી. આ કાયદાની અંદર એમણે એમનું નામ ટાંક્યું છે. મારે દુઃખ સાથે આ વાત કરવી પડશે. સમગ્ર અમદાવાદની અંદર એકબાજુ આપણે દારૂબંધીની વાત કરીએ છીએ અને પાછલા બારણે પરમીટો આપી અને સુખી અને સંપન્ન લોકોને દારૂ પીવાની આપણે છુટ્ટી આપીએ છીએ. આની અંદર મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ જ દંડાવાનો છે. જે મોલમાં બેસે છે અને મોટા મોટા મકાનોમાં જે એ.સી. ફીટ કરીને બેઠેલા છે એમના ફ્રીજમાં આ દારૂ ક્યારેય જવાનો નથી આ વાત પણ આપણે જાણીએ છીએ. હું એ વાત કરતો હતો કે સમગ્ર અમદાવાદની અંદર જે બનાવો બને છે દારૂ પી પી ને. દારૂ પીને ખેડૂતોના કબજાની જમીનો.. (અંતરાય) સાંભળવાની તૈયારી રાખો. હું અમિતભાઇની વાત કરું છું. મારી વાત સમજજો. અમદાવાદની અંદર દારુ પીને સરકારી અધિકારીઓ દ્વારા, પોલીસ અધિકારીઓ દ્વારા ગરીબ ખેડૂતોના ઘરમાં બેસીને, બંગલામાં બેસીને જમીનોના દસ્તાવેજો ઉપર અંગૂઠા મરાવડાવે છે અને કરોડોનું કૌભાંડ એ કોણે કર્યું છે એ તમે તપાસો. તમારી સરકારમાં હિંમત હોય તો એ તપાસ કરાવે. તમારી પાસે તપાસ કરવા માટેના પુરાવા ઓછાં હોય તો તેના દસ પુરાવા હું આપીશ મને કહેજો. તમે તપાસ કરજો કે કેવા ખેડૂતોની જમીનો તમે લખાવી છે. કયા પોલીસ અધિકારીઓ દ્વારા એના દસ્તાવેજો કરાવાયા છે એ તપાસો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બળદેવજી, તમે બિલ ઉપર વાત કરો.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એમણે વાત કરી છે. એમણે ડિસ્ટર્બ કર્યો છે મને એટલા માટે હું વાત કરી રહ્યો છું.

અધ્યક્ષશ્રી : બળદેવજી, હું બરાબર સાંભળું છું. ધ્યાનથી સાંભળું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : એટલા માટે હું આપને જે ચિંતાની વાત કરું છું તે પાછલા બારણે મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને આ કાળો કાયદો લાગવાનો છે. આ કાયદો લાગવો જોઇએ તેની સામે વાંધો નથી પણ પાછળના બારણે આ રાજયની અંદર ખૂલ્લે આમ કેટલા ટકા પરમિટો વધી તે માનનીય મંત્રીશ્રી તેમના જવાબમાં જણાવે. પાછલાં ૫ થી ૧૦ વર્ષોની અંદર આ પરમિટોમાં કેટલા ટકાનો વધારો થયો એ કહેજો અને મારે આ વાત એટલા માટે કરવી પડે છે કે, અમદાવાદની આજુબાજુમાં તમામે તમામ અમારા સમાજની જે જમીનો આવેલી છે તે જમીનો ઉપર કબજો લેવાની કામગીરી આ રાજયના સિનિયર પોલીસ અધિકારીઓએ કરી છે ત્યારે હું તમારી સમક્ષ આ ચિંતા વ્યકત કરું છું. કયા કયા રાજકીય માણસોએ કરી છે તે જો આપ મને કહેશો તો મેં ખાનગી પત્ર પણ લખેલ છે અને ખાનગી માહિતી પણ આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, આ દારૂના કાયદાની જયારે વાત કરવામાં આવે છે ત્યારે હું આપ સૌને વિનંતી કરવા માગુ છું કે, તમામે તમામ સભ્યશ્રીઓએ આજે બિલમાં ભાગ લીધો તેમાં તમામે ચિંતા વ્યકત કરી કે દારૂ પીનારા ઉપર તમે આ કાયદો લગાવી એને સજાની વાત કરો છો ત્યારે આપણે બધા એટલું ના કરી શકીએ કે જેના વિસ્તારમાંથી દારૂ પકડાય, જેના એરિયામાંથી દારૂ પકડાય એવા પોલીસ અધિકારીને પણ આપણે બધા ભેગાં થઇને સજા કરવાની વાત કરીએ. હપ્તા અધિકારીઓ લેતાં હોય, દારૂની ખૂલ્લેઆમ છૂટ્ટી અધિકારીઓ આપતાં હોય અને જયારે પીવાવાળો માણસ જયારે પીવે અને તેની ઉપર આપણે એક જ તરફી સજા કરવાની વાત કરતા હોઇએ ત્યારે આવા અધિકારીઓને પણ કયાંય છોડાય નહીં એવી પણ હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાયબ્રન્ટ ગુજરાત હમણાં ગયુ મેં દારૂનો પ્રશ્ન કર્યો હતો કે વાયબ્રન્ટની અંદર સરકાર તરફથી કેટલા બહારના લોકોને દારૂ પૂરો પાડવામાં આવેલો. મારો પ્રશ્ન સાહેબ કેન્સલ કરી નાંખ્યો કહે કે આની માહિતી અમારી પાસે નથી આવશે એટલે મુખ્યમંત્રીશ્રી આપશે. આપણે જ દારૂના કાયદાની વાત કરીએ છીએ ફાઇવસ્ટાર હોટલોમાં સરકાર તરફથી જ પૂરો પાડવામાં આવે છે તો આ કાયદો લાગુ કોને થશે ? મને એ વાત તો સમજાવો. અમદાવાદ-ગાંધીનગરની પાસે સરગાસણ ચોકડી આવે છે ત્યાં આગળ દારૂની ભરેલી ઇનોવા કાર ઉંધી પડી અને લોકો દારૂ લેવા માટે આમથી તેમ દોડયા આ ટી.વી.માં આવ્યું, મિડિયામાં આવ્યું. એકબાજુ કડક કાયદાની વાત કરીએ છીએ એકબાજુ આ ગુજરાતની અંદર ખૂલ્લેઆમ ચારે તરફ જયાં જોઇએ એટલો દારૂ તમને મળી રહે. તમે એક ફોન કરો અને ગાડી જોઇતી હોય તો ગાડી મળી રહે. તો આ કયા અધિકારી દ્વારા આ ગુજરાતની અંદર દારૂ ઘૂસાડવામાં આવે છે તેની તમે ચિંતા કરો છો ખરાં ? હોમ ડિલિવરી,દારૂ પીવા માટે તમે ફોન કરો અને તમારા ઘરે દારૂ પહોંચી જાય. આ કડક કાયદો કરવાની આપણે વાત કરીએ છીએ પણ કડક કાયદાનો અમલ તે મને જે ચિંતા છે મધ્યમ અને ગરીબ વર્ગ તેમના ઉપર કલમો લાગવાની છે. પાછલાં બારણે મેં કહ્યું તેમ અમદાવાદની અંદર જે મોટા મોટા મોલો બનેલાં છે, જે મોટી મોટી ઓફિસો બનેલી છે તેમને તો તમે પરમિટો આપી દીધી છે. એટલે મોટામાં મોટી ચિંતા જે મને છે સામાન્ય અને ગરીબ વર્ગના લોકો ઉપર આ કાયદો લાગશે, એમને કાયદાની કલમને કારણે જેલમાં જવું પડશે અને પાછલા બારણે સરકાર જે લોકોને ઇચ્છે છે તેમને દારૂ પીવાની છૂટ્ટી મળવાની છે. ખરખેર તો એક ચિંતાનો વિષય આપણાં બધાને માટે છે આ નલિયામાં નશીલી આ દારૂ પી પી અને બધા બનાવો બન્યાં. જો નલિયાની અંદર દારૂ પીને કોલ્ડ્રીંકસમાં દારૂની સાથે મિલાવી અને જે બનાવો બન્યા ગુજરાતનું માથું ખરેખર શરમથી નીચે ઝૂકી જાય છે એવા બનાવો બન્યાં છે. આપણે બધા ભેગાં મળી અને દારૂ પીવે, દારૂની હેરાફેરી કરે તેના કરતાં પણ જે પોલીસ સ્ટેશનની અંદર, જેના એરિયામાં જે દારૂ પકડાય તેને પણ વધારેમાં વધારે સજા થવી જોઇએ એવી એક અંદર કલમ ઉમેરી અને ભલે થોડાં હપ્તા ઓછાં થાય તે ચાલશે પણ આ કરવું પડશે આટલું કહી હું મારી વાત પૂરી કરું છું.

શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આપણાં આ લોકશાહીના મંદિરમાં આ સન્માનનીય સભાગૃહમાં માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરણાથી માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ આ બિલ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. મારા પૂર્વ વકતાઓએ ઘણી વાત કરી અને આપણો જે ગુજરાત નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારા બાબતનું આ વિધેયક છે એમાં બધાએ બહુ સારી રીતે વિચારો વ્યકત કર્યા પણ અહીંયા આપણે આ સન્માનનીય ગૃહમાં ગાંધી બાપુની પ્રતિમાની સામે બેઠા છીએ અને ગાંધીજી એ ખૂબ લાંબા સમય પહેલાં તા.૨૫/૬/૧૯૩૧ના ‘યંગ ઇન્ડિયા’ના પેપરની એક નકલમાં મેં વાચ્યું હતું કે, જો મને એક કલાક માટે ભારતનો સરમુખત્યાર નીમવામાં આવે તો હું સૌપ્રથમ કાર્ય એ કરીશ કે, દારૂની તમામ દુકાનો, ફેક્ટરીઓ બંધ કરાવી દઇશ અને એ પણ વિના વળતરે. એવી જ રીતે તા.૪/૪/૨૯ના ‘યંગ ઇન્ડિયા’માં જ્યારે ગાંધીજીએ એક વાત કરેલ કે, દારૂની લતના શિકાર બનેલ કોઇ રાષ્ટ્ર તરફ બરબાદી નજર કરી રહી છે. ઇતિહાસમાં પણ દારૂની લતે સમ્રાટોનું રાજ્ય પૂરું કરી નાખ્યું છે. રોમના પતનનું એક કારણ આ રાક્ષસ રહ્યો છે. એવી જ રીતે તા.૩/૬/૩૯ના ‘હરિજન મેગેઝિન’માં ગાંધીજીએ કહ્યું છે કે, દારૂની આદત માણતા આત્માને જ ખતમ કરી નાખે છે અને તે માણસમાંથી રાક્ષસ બની જાય છે. દારૂડિયો માણસ પોતાની માતા, પત્ની અને બહેન વચ્ચે પણ તફાવત કરવા સમર્થ રહેતો નથી એવા માણસો મેં જોયા છે. તા.૧૫/૯/૧૯૨૭ એ ગાંધીજીએ એવું કહ્યું હતું કે, ભારતને ડ્રાય કરવાની કિંમત જો ભણતર વગરનું ભારત હોય તો પણ સ્વીકારીને ભારતમાં નશાબંધી કરું. આવી રીતે આપણા રાષ્ટ્રપિતા મહાત્મા

## તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## ગુજરાત નશાબંધી(સુધારા) વિધેયક,૨૦૧૭

ગાંધીજીએ આ દેશના યુવાનોને અને આ દેશના તમામ કુટુંબીજનોને વ્યસનથી દૂર રાખવા માટે એવો દ્રઢ સંકલ્પ કરેલો અને ગુજરાતમાં એમના લીધે દારૂબંધી આવી. હું જે વડિયા ગામમાં રહું છું ત્યાં ૧૯૨૫માં વડિયા સ્ટેટના રાજવી સૂરતવાળા બાપુ હતા અને જ્યારે સોનાનો ભાવ ૧૮ રૂપિયા અને ૭૫ પૈસા હતો ત્યારે વડિયામાં દારૂબંધીનો કાયદો હતો અને દારૂ પકડાય, પીવાય કે વેચાય તો ૨૦૦ રૂપિયાનો દંડ અને છ મહિનાની સજાની અમલવારી હતી. હું એવા વિસ્તારમાંથી આવું છું કે, જે એક ઉમદા, સંસ્કારી અને ધાર્મિક રાજવીનો વિસ્તાર છે. આજે અહીંયા બધા મિત્રોએ ખૂબ ચિંતા કરી કે, દારૂના વ્યસનથી લીવર ખરાબ થાય, કિડની ખરાબ થાય, સ્વાદુપિંડ ખરાબ થાય, આંતરડા ખરાબ થાય અને જેના લીધે અનેક યુવાનોના મૃત્યુ થાય અને નાની ઉંમરે વિધવા અને નાના બાળકો અનાથ બની જાય એવી પરિસ્થિતિ ઉભી થાય, યુવાધન નાશ પામે. યુવાધન શરીરથી ખતમ થઇ જાય અને બીજી પણ ચિંતા વ્યક્ત થઇ કે, આ ૨૦ વર્ષ સુધી તમે શું કર્યું? પણ મારે આ સન્માનનીય ગુહના બધા મિત્રોને વિનંતી કરવી છે કે, આજે કોઇપણ વ્યસન હોય એ દારૂનું વ્યસન હોય કે બીજા કોઇપણ નશીલા પદાર્થનું વ્યસન હોય તમામ રાજકીય આગેવાનો, સામાજિક આગેવાનો, ધર્મગુરૂઓ અને તમામ લોકોની પોતાના કુટુંબના વડીલની જે જવાબદારી છે. બધાય જાગૃત થાય, આ ખાલી દારૂ જ નહીં, પણ આજે જંકફૂડ, ફાસ્ટફૂડ, ઠંડાપીણા આ બધી વસ્તુઓ નુકસાનકારક છે એટલે વાલીઓએ અને ધર્મગુરૂઓએ એક ઝૂંબેશ ઉપાડવી પડે. ખાલી આપણે વાત કરીએ કે, કાયદાની અમલવારી, કાયદાની અમલવારી, તો હું બધા મિત્રોને વિનંતી કરું છું કે, આપણે આ કાયદામાં જે ત્રુટીઓ હતી, કોના કહેવાથી શું પરિસ્થિતિ છે આ કાયદો લાવવો પડ્યો છે એ મહત્વનું નથી પણ જાગ્યા ત્યારથી સવાર અને આ કાયદાને અમલવારી માટે બધા જ મિત્રોને એ પણ વિનંતી કરું છું કે, ઘણા સભ્યશ્રીઓએ ચિંતા કરી કે, અહીંયા દારૂ વેચાય છે, અહીયા હપતાથી દારૂ વેચાય છે તો અહીંયાં બેઠેલા બધા સન્માનનીય સભ્યશ્રીઓ છે કે, તમે ગૃહ મંત્રીશ્રીને ફોન કરીને જાણ કરો, લેખિત આપો કે આન વિસ્તારની અંદર આ થાય છે. આ સરકાર એની અમલવારી કરવા માટે તૈયાર છે, બાપુ એની અમલવારી કરવા માટે તૈયાર જ છે.

આ રાજયમાં સરકાર દ્વારા પુરા પ્રયત્નો કરવામાં આવે છે. કોઇ અસામાજિક પ્રવૃત્તિ થતી હોય, કોઇ બુટલેગરો હોય અને બીપી એકટ ૫૬ પ્રમાણે, બીપી એકટ ૯૩ પ્રમાણે અને પાસા જેવા કાયદાનો ઉપયોગ કરીને એમને સીધાદોર કરવા માટે આ સરકાર કટિબધ્ધ છે જ અને આ કાયદાના નિયમ પ્રમાણે બધુ થતું હોય છે માનનીય બળદેવભાઇ, એમાં નિયમ પ્રમાણે થતું જ હોય છે. આપના વિસ્તારમાં ક્યાંય આવું હોય તો કહેજો, એની અમલવારી થશે જ, અમલવારી નહીં થાય એવું નહીં થાય. આપણને બધાને ખબર છે કે, કોઇ શિક્ષિત માણસ હોય કે સંસ્કારી માણસ હોય પણ એ દારુના નશાથી એ સમાપ્ત થઇ જાય છે અને દારુ પીવાથી સમાજમાં આબરુ જાય, રૂપિયા જાય, એનું શરીર અને કુટુંબ ખરાબ થાય, બરબાદ થાય અને ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર આદરણીય મુખ્ય મંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા આ રાજયની અંદર સારો કાયદો અને વ્યવસ્થા જળવાય અને આ રાજયના કોઇ યુવાનો કોઇ કાયદાની છટકબારીના લીધે કોઇ વ્યસન તરફ પ્રેરાય નહીં એના માટેના હોઇ હૂકા બારના કાયદા લઇ આવવા પડે તો એ લઇ આવવાના, આ દારુબંધીના કડક કાયદા લઇ આવવા પડે તો એ પણ લઇ આવવા આ સરકાર પૂરેપૂરી કટિબધ્ધ છે.

આ જે એમેન્ડમેન્ટ છે એમાં મને ખ્યાલ છે કે, અહીંયાં એક ચિંતા બહુ પોલીસના હપ્તાની થઇ. ત્યારે અગાઉ પોલીસ જ જયારે રેડ પાડવા જતી તો એની ઉપર એટેક થતો તો ૧૮૬ કે ૩૩૨ પ્રમાણે કામગીરી થતી હતી પણ આ કાયદામાં હવે ૧૨૦(૨) પ્રમાણે પોલીસની ઉપર જયારે પણ એટેક થાય તો એમાં પણ પાંચ વર્ષની સજા અને પાંચ લાખ રૂપિયાનો દંડ. આની અંદર માનનીય બળદેવભાઇએ ચિંતા વ્યક્ત કરી કે, આમાં પોલીસની સંડોવણી હોય તો શું કરવું? તો એ અંગેની પણ માનનીય કાયદા મંત્રીશ્રી, પ્રદિપસિંહે વ્યવસ્થા કરી છે કે, કલમ ૯૭(૨) પ્રમાણે સાત વર્ષની સજા અને એક લાખ રૂપિયાનો દંડ પોલીસની પણ આની અંદર જોગવાઇ કરવામાં આવી છે અને દેશી દારૂ જો દસ લીટર સુધી જો પકડાય તો ૬૫–ઈ પ્રમાણે દસ વર્ષની સજા અને પાંચ લાખ રૂપિયાનો દંડ. મને ખ્યાલ છે કે મેં આજે જ સવારે મારા લાઠી પી.એસ.આઇ.ને પૂછ્યું કે, અત્યારે તમારી પરિસ્થિતિ શું છે? તો એણે મને કહ્યું કે, અમુક લોકો, બૂટલેગરો એવા હતા એના ઉપર ગમે એટલી કાળજી રાખો તો પણ પાછા છાને ખૂણે ગમે ત્યારે કયારેક, કયારેક, કયારેક કરી લે, પણ આ જયારે વટહુકમ આવ્યો ત્યાર પછી આ બધાય ભૂ પીતા થઇ ગયા અને બધાયે બંધ કરી દીધું છે. તમામ લોકોએ આ બંધ કરી દીધું છે. આપણી જે ચિંતા છે કે, આપણા આ કાયદાની અંદર વધારે કાયદો કડક બનાવવાની અને એમાં આ સરકાર હજુ પણ જરૂર પડે, ભવિષ્યમાં જરૂર પડે તો આ કાયદાની અંદર દ્વાર ખૂલ્લા છે. આ રાજયનો કેમ વિકાસ થાય, આ રાજયનો યુવાન સશકત અને સલામત રહે, રાજયની બહેન દીકરીઓ સલામત રહે એની ચિંતા સરકારે કરી છે. ગુજરાતની પ્રેરણાથી બિહારમાં પણ ત્યાંના મુખ્યમંત્રીશ્રી નીતિશકુમારે દારૂબંધી દાખલ કરી છે. રાજયમાં પોતાનો પરિવાર બરબાદ થયા પછી પણ દારૂ છોડવા તૈયાર થયા નહોતા એવા લોકો આ વટહુકમ આવવાથી ધાર્મિક જેવા થઇ ગયા છે સીધા થઇ ગયા છે. આવો કડકમાં કડક કાયદો લાવવા માટે ઇચ્છા શકિત હોવી જોઇએ એ આવનાર પેઢીને જરૂર માર્ગદર્શન પૂરું પાડશે અને ઈતિહાસમાં આજના દિવસની નોંધ લેવાય તેવો કડક કાયદો આ ગૃહમાં લઇને આવ્યા છે.

મેં હમણાં કહ્યું એ પ્રમાણે કેફી પદાર્થો વેચનાર, ખરીદનાર, હેરાફેરી કરનાર કે પોતાના કબજામાં રાખીને પીધા પછી તોફાન કરનાર માટે કાયદામાં કડકમાં કડક જોગવાઇ કરવામાં આવી છે. આ કાયદો ગુજરાતમાં ખરા અર્થમાં નશાબંધીને સક્ષમ કરવા માટે છે એને હું આવકારું છું. આ કાયદો આવવાથી રાજયનો સંપૂર્ણ વિકાસ થશે, ઉદ્યોગોનો

વિકાસ થશે અને સાથે સાથે જે નશામુકત રાજય હોય અને યુવાનો સશકત હોય તો એ રાજયનો વિકાસ ખૂબ સારો થઈ શકે તેમ છે. અહીંયા માનનીય સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી એમાં હું સહમત છું. અમુક અમુક ગામોમાં કે વિસ્તારમાં મેં જોયું કે એમાં ૪૦ વર્ષની ઉંમરના ૯૦ ટકા વ્યકિતઓ હયાત નથી હોતા ત્યારે કદાચ કાયદામાં કયાંક ત્રુટિ રહી ગઇ હોય તો આ સરકારનો ઉમદા હેતુ તથા રાજકીય ઇચ્છાશકિતથી આ રાજયને સુખાકારી તરફ આગળ લઇ જવાનો છે. દેશના વિકાસના ગ્રોથ એન્જિન તરીકે ગુજરાત ઉભરી આવ્યું છે ત્યારે અમદાવાદ, જામનગર,રાજકોટ, સુરત, વડોદરા, વાપી, અંકલેશ્વર, વટવા, ઓઢવ વગેરે ઔદ્યોગિક શહેરોમાં જાવ તો આખા દેશમાંથી અસંખ્ય લોકો અહીંયા રોજી રોટી માટે આવ્યા છે ત્યારે ખરા અર્થમાં ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બની ગયું છે એનો જો કોઇ મુખ્ય પાયો હોય તો એ નશાબંધીના કારણે છે. માનનીય મંત્રીશ્રી જે નવા સુધારા બિલ લઇને આવ્યા છે એની વધારે વિગતો આપતો નથી, એટલે વિશેષ કલમોની ચર્ચા આ તકે હું કરતો નથી. છેલ્લે આ બિલને આવકારું છું અને એને મારું સમર્થન આપું છું.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ(રાજકોટ-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની જે વાસ્તવિકતા હોય એ વાસ્તવિકતા અહીંયા રજૂ કરવામાં આવે એનો કોઇક વખત એવો અર્થ કાઢીને ગૃહના અપમાન તરીકે ગણી લે છે. ગૃહની તથા આપણા સૌની ફરજ છે કે લોકોને પડતી મુશ્કેલીઓ અને લોકોના જીવનની જે વાસ્તવિકતા છે એ અહીંયા રજૂ થાય અને એનું નિરાકરણ થાય. હું જયારે આ ગૃહનો સભ્ય બન્યો એ પહેલા લગભગ ૧૦-૧૫ વર્ષ સુધી મહેનત કરતો કે ગૃહમાં જઇને કંઇક થઇ શકે. પરંતુ અહીંયા જયારે પહેલી વખત બોલવા માટે ઉભો થયો ત્યારપછી કહેવું પડ્યું કે અહીંયા આટલી બધી મહેનત કરીને આવ્યા પછી એનું કંઇક વળશે કે કેમ, સાચી વાત હોય અને એ અહીંયા રજૂ કરીએ અને એનો સામેથી વિરોધ કરવાનો અને સાચી વાત સાંભળવાની નહિ એવી વાસ્તવિકતા મેં જોઇ. લોકોની વચ્ચે જઇને હું મિટિંગો કરું છું ત્યારે મને ન ગમતું હોવા છતાં કહેવું પડે છે કે આનો રસ્તો એક જ છે કે લોકો જાગે અને સમજુ સભ્યોને મોકલે. સાચી વાસ્તવિકતાને સ્વીકારવા સભામાં બેસે. આ વાસ્તવિકતા છે. આપણે આ બધી વાસ્તવિકતાથી કયાં સુધી દૂર ભાગીશું? હમણાં સભ્યશ્રીઓ બોલતા હતા ત્યારે કહ્યું કે ગૃહ મંત્રી બહુ સાચું બોલ્યા. હું તેમાં સંમત છું. ગૃહ મંત્રી એવું બોલ્યા કે લોકો દારૂ પીને હરતી ફરતી લાશ બની જાય છે. સાચું બોલ્યા છે. ચોરી કરવા પ્રેરાય છે. એમણે સાચી વાત કરી છે. એમને તો બધી માહિતી આવતી હોય એટલે જે હશે એ જ એ બોલ્યા હશે. બળાત્કાર કરવા પ્રેરાય છે. કુટુંબ કંકાસથી બહેનોને આત્મહત્યા કરવી પડે છે. આ બધી વાત ગૃહમંત્રીએ કરી. મારે એ બાબતમાં વધુ એટલે નથી બોલવું કે બેન બોલ્યા ત્યારે આજની પરિસ્થિતિના અનુસંધાનમાં, જે પ્રવર્તમાન પરિસ્થિતિ રાજ્યમાં છે એની ખૂબ ચિંતા વ્યક્ત કરી. બાવકુભાઇએ પણ કરી. એટલે એક વાતનો મને આનંદ થયો કે કમસેકમ અહીં એક દંભ નથી થઇ રહ્યો કે અમારી ૨૦ વર્ષની સરકાર પછી અહીં કયાંય દારૂ મળતો જ નથી. પહેલાં મળતો હતો, હવે મળતો નથી. એ દંભ પણ ન થઇ શકે એ વરવી વાસ્તવિકતા ગુજરાતની છે. નહીં તો તમે ટેવાયેલા છો. એ પણ કરી શકો તેમ છો, પણ એ નથી કરી શકતા એવી વરવી વાસ્તવિકતા છે. આના પહેલાં હું દારૂ માટે બોલ્યો હતો. ત્યારે મેં કહ્યું હતું કે હસમુખભાઇને તમે મૂક્યા, સ્ટાફ નથી આપતા. બંધ કરાવી શકે તેવા અધિકારીઓને તમે નિમણૂંક જ નથી આપતા. બાવકુભાઇએ બહુ સરસ વાત કરી કે રાજકીય ઇચ્છાશક્તિ. મારી વાત એ જ છે કે આ રાજકીય ઇચ્છાશક્તિ જ છે. આ સામાજીક ઇચ્છાશક્તિ નથી એ મારું દુઃખ છે. તમારી ૨૦૧૭ની ચૂંટણી જીતવા માટેની આ રાજકીય ઇચ્છાશક્તિ છે. આ સમાજ માટેની આ ઇચ્છાશક્તિ નથી. મને આજે બહુ વાસ્તવિકતા તરફ ન લઇ જતા, હું દાખલા આપીશ ને, તો હું રાજકોટનો છું. એટલે એવું કંઇ ન કરતા કે મારે નામ જોગ કંઇ કરવું પડે અને ગૃહની ગરિમા પાછી હણાઇ ગઇ એવું થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આજે એક વાત મને બહુ ગમી કે સભ્યએ સ્વીકાર્યું કે સેવા સેતુમાં કોંગ્રેસના કાર્યકરો જે સારી યોજનાઓ છે તેમાં સાથે રહીને કાર્ય કરાવે છે. તો તમે સારું કરશો તેમાં કોંગ્રેસના કાર્યકર્તાઓ અને આગેવાનો જોડાઇને કરીશું જ. દારૂબંધી કરાવો, અમે તમારી સાથે જોડાઇશું. વાસ્તવિકતા એ છે એ અહીં આટલી દારૂબંધીની વાત પછી ફરિયાદ-સંકલનમાં મેં મારો પ્રશ્ન મૂક્યો કે રાજકોટમાં દારૂ વેચાય છે અને એમાં હપતા લેવાય છે એ હકીકત છે કે નહીં, આનો જવાબ આપો. વેચાય છે તો ક્યાં ક્યાં વેચાય છે. પોલીસ કમિશ્નર ઓફિસમાંથી કોઇ સિનિયર ઓફિસર ચાર મહિના સુધી તેનો જવાબ આપવા ન આવ્યા. કમિશ્નર બદલાયા પછી તેનો જવાબદાર માણસ, એ પણ સાવ જવાબદાર નહીં, મર્યાદિત જવાબદાર માણસ આવીને જવાબ આપવા આવ્યા. ત્યાં પાછું મને પૂછવામાં આવે. હું જવાબદાર ધારાસભ્ય તરીકે પ્રશ્ન પૂછું ત્યારે મને ફરિયાદ-સંકલનમાં એમ કહેવામાં આવે કે ઇન્દ્રનીલભાઇ, કયાં ચાલે છે તમે કહો. બંધ કરાવી દઇએ. આ પ્રેકટીસ થઇ ગઇ છે કે તમને કયાં ચુવાક છે, એટલા પૂરતી દવા કરી દઇએ. આ ગૃહની ગરિમા, આપણે ૧૮૨ની વાત કરીએ છીએ પણ મને આવો કોઇકે પ્રશ્ન કર્યો તો ધારાસભ્યને આવો પ્રશ્ન કરવાની હિંમત થાય એ વાત આપણે ક્યાંક ઉભી કરી છે એટલે મને આવો પ્રશ્ન કર્યો કે તમે કહો ત્યાં અમે બંધ કરાવી દઇએ. હું કહું ત્યાં નહીં, બધે બંધ થવું જોઇએ. મને ચુવાક હોય ત્યાં નહીં, લોકોના પેટમાં આનાથી જે ચુવાક થાય છે એ બંધ થવી જોઇએ. મારે એ અધિકારીને કહેવું પડ્યું કે તમારા ચાર પોલીસના નામ આપું એ ચારને પૂછો એટલે રાજકોટમાં ક્યાં ક્યાં દારૂ મળે છે એના બધા જ એડ્રેસ એ આપી દેશે. પછી એ પોલીસ અધિકારી બોલતા બંધ થઇ ગયા અને કહેવા લાગ્યા કે હવે આગળ વધારવું નથી. ધારાસભ્ય તરીકે અને વિરોધપક્ષના સભ્ય તરીકે હું એનો દંડો લઇને પાછળ પડુ એ પછી એના પોલીસ કમિશ્નરે એમ કહ્યું કે અમે રેડ પાડીશું અને પછી પોલીસ રેડ પાડે છે. અમે ટીમ બનાવીને રેડ પાડવા જઇએ પછી પોલીસ કમિશ્નર એમ કહે છે કે હવે બંધ થઇ ગયું છે. હું તમને એમ કહું છું કે રાજકોટમાં એક-દોઢ મહિના સુધી દારૂ નથી મળ્યો. આ પોલીસ નક્કી કર્યું હતું. આ રાજ્યના મુખ્યમંત્રી બોલે છે. એ પોતે રાજકોટના છે અને રાજકોટમાં બંધ કરીને દેખાડે

તો મને આનંદ થશે. વાતોથી દારૂ બંધ થાય નહીં, એનાથી સ્ત્રીઓના સન્માનની વાત કરીએ છીએ તો સ્ત્રીઓનું સન્માન નહીં વધે. શ્રી શકિતસિંહની વાત ઉપર તમે આટલો બધો વિરોધ કરી રહ્યા છો તો બરોડામાં બહેનોને ત્યાંથી ઉપાડ્યા, એમનો ટેસ્ટ કરવાને બદલે એમને પોલીસ સ્ટેશનમાં લઇ ગયા, એમના લોહીના નમૂના લીધા. ત્યારે એ સ્ત્રી નહોતા ? એનો વાંક એ હતો કે એ ધારાસભ્ય નહોતા ! અને અહીંયાં આપણે ધારાસભ્ય છીએ એટલે આટલો દેકારો કરીએ છીએ ! એમણે એમ કહ્યું છે કે બધાનો ટેસ્ટ થાય. નાહકની વાત ઉપર આપણે ઘણો બધો ઝાઝો સમય બરબાદ કરતા હોઇએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ગૃહમંત્રી તરીકે શ્રી અમિતભાઇ શાહ હતા ત્યારે એમણે કહેલું કે સરકારનો ડર હોવો જોઇએ. કાયદો ભલે હળવો હોય પણ એની કડક અમલવારી હોય તો એનો ડર રહે. ગુજરાતમાં પહેલાં એવું લિસ્ટ બહાર પાડો કે આમાં કોણ કોણ દારૂના ધંધા સાથે સંકળાયેલ છે? એવો ડર એનામાં પેદા કરી શકે એ ભાજપ સરકારની તાકાત બહારની વાત છે! કેમ કે એ પોતે આ સરકારથી પણ વધારે તાકાતવર બની ગયા હોય એવું મને લાગે છે. આ સરકાર પણ બંધ કરાવી શકશે નહીં. હું મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં ગયો હતો. ત્યાં અધિકારી સાથે વાત કરી. એમણે બહુ સરસ જવાબ આપ્યો. અમારા પ્રભારી સચિવ હતા. એમણે કહ્યું કે શ્રી ઇન્દ્રનીલભાઇ દારૂમાં પડો નહીં, એ બંધ નહીં થાય. એ શક્ય નથી. આ કાયદાથી બંધ થવાનો છે? ગુજરાતની ગરિમા આનાથી વધવાની છે? ગાંધીનું ગુજરાત આમાંથી બનવાનું છે? વાતોથી બનવાનું છે? દારૂબંધી છે એના અમલ માટે નૈતિક હિંમત જોઇએ અને મને કહેતા આનંદ થશે કે જો એવી નૈતિક હિંમત રાજકોટના મુખ્યમંત્રીશ્રી દેખાડશે તો ! શ્રી વિજયભાઇની વાત છે. પારદર્શકતા, બિન ભ્રષ્ટાચારી અને સંવેદનશીલતા જેવા ચાર પાયા ગણાવ્યા છે. હવે શ્રી વિજયભાઇની વાત હોય તો મારે એમાં ઝાઝું બોલવું નથી. પણ એની અનુભૂતિ તો થવી જોઇએને! કે શબ્દોમાં જ અમારે રાજી રહેવાનું છે ! લોકોએ શબ્દોથી જ રાજી કહેવાનું છે ! પારદર્શકતા બોલ્યા એટલે આવી ગઇ ! દારૂબંધી બોલ્યા એટલે આવી ગઇ ! બોલ્યા એમાં જ અમારે રાજી થવાનું? આ વાસ્તવિકતા છે આપણા ગુજરાતની ?

અધ્યક્ષશ્રી : શ્રી ઇન્દ્રનીલભાઇ, આ ગૃહમાં કોઇને રાજી રાખતાં પણ આવડતું નથી ! આગળ ચલાવો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : માનનીય અધ્યક્ષશ્રી, મારે થોડીક વાત એ કરવી છે કે, આપણે દરવખતે એમ કહીએ છીએ કે કોંગ્રેસે શું કર્યું? આની પહેલા પણ મેં કહેલું છે કે પહેલા ચપ્પલ પહેરીને નીકળતો હતો એ વ્યવસ્થિત ગણાતો હતો અને સાઇકલ લઇને નીકળતો હતો એ શાહુકાર ગણાતો હતો. આપણે બધા જે મોજ–મજા કરીએ છીએ એમાં ક્યાંક કોંગ્રેસનો વિચાર છે એની ચર્ચા આપણે ન કરીએ. શેરીમાં નાનો કાર્યકર હોય, કે અહીંયાં મંત્રી હોય કે મુખ્યમંત્રી હોય. દર વખતે એવો જવાબ આપે કે કોંગ્રેસે શું કર્યું? તો મારે એનો જવાબ આપવો છે કે અમે અહીં બેઠા છીએને ! ૨૦ વર્ષ પહેલાની વાત છે ને ! કોંગ્રેસે શું કર્યું એ મૂકોને! એમણે સારું પણ કર્યું હતું અને ક્યાંક નરસું પણ કર્યું હોય એને તમે ગણાવ–ગણાવ કરો છો! તમે ખરેખર તમારા બલબૂતા ઉપર ચૂંટાઇ શકો એમ નથી. એટલે કોંગ્રેસની વાત કરે છે નહીં તો વીસ વર્ષ તમે શું કર્યુ એ કહીને ચૂંટાવાનો પ્રયત્ન તમે નથી કરી શકતા એ વાસ્તવિકતા અને એ તમારી નબળાઇ તમારે સ્વીકારવી જોઇએ. દારૂમાં હમણાં અહીંયા બોલ્યા હતા કે કોંગ્રેસમાં શું થતું હતું તો એનો મેં જવાબ આપ્યો. (અંતરાય) બિલના સ્કોપ ઉપર બોલુ છું. દારૂની બાબતમાં કોંગ્રેસના વખતમાં શું થતું હતું એ બોલ્યા હતા તો મેં એનો જવાબ આપ્યો કે ત્યારે શું થતું હતું એ અગત્યનું નથી. આપણે માનનીય શકિતભાઇએ કીધું એમ કાયદા બહુ હળવા કરી નાખ્યા છે પછી પાછો દેકારો થયો છે એટલે કાયદા પાછા થોડાક આપણે કડક કરીએ છીએ. આ દરમિયાન બળદેવભાઇએ કીધું એમ અહીંયા સરકાર પીરસે પરમીટ શોપમાં, અમારે રાજકોટમાં જે મજબૂત હોટલવાળો હોય એ બધા પરમીટ શોપ લઇ આવે છે. આવું બધે બનતું હશે. પરમીટો પણ આપણા ઇન્સ્પેકટરને અને હોસ્પિટલમાં મુખ્ય સર્જન એટલે સિવિલ સર્જનને બેચને પૈસા આપો એટલે આપણે તો ૪૦ વર્ષ પછીની છૂટ આપી છે આપણે કાયદાથી બધું રોકી નથી શકતા પણ ત્યાં ખોટા ડોકયુમેંટમાં ૩૫ વર્ષનાને પણ પરમીટ મળી જાય છે આ વાસ્તવિકતા છે અને પછી સામે આપણે એમ કહીએ કે અમે બંધ કરાવીશું. મોડેસ ઓપરેન્ડી એ છે અને હું સરકારને નજીકથી જાણતો હોઉ અને અમને ગૌરવ છે અમારા રાજકોટના સી.એમ. છે એનું મને બહુ ગૌરવ છે કે અમને આ લાભ મળ્યો અને રાજકોટને હંમેશા એ લાભ મળતો રહે છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીને પણ એમની જિંદગીની પહેલી ચૂંટણી રાજકોટથી જીતાડીને મોકલ્યા હતા. વિજયભાઇ પણ ત્યાંના છે. કેશુભાઇ પણ હતા. વજુભાઇ પણ અઢાર વર્ષ સુધી રહ્યા. અમને રાજકોટને ફાયદો કંઇ ના થયો એ જૂદી વાત છે પણ આ બધા પછી મને સમજાય છે એક રાજકીય વ્યકિત તરીકે મોડસ ઓપરેન્ડી એ રહે છે, મને ડર એ છે કે ભગવાન કરે અને આવું ન જ થાય તો સારું છે લોકો માટે પણ સારું છે. નહીં તો પાછો ૨૦૧૭ પછી આ કાયદો આપણે પાછો હતો એમનેમ હળવો નહીં કરી નાખીએને? એટલે જ કહુ છું કે ભગવાન કરે ને આવું ન જ થાય નહીં તો એ કાયદો હળવો પણ કરી નાખે આ મોડસ ઓપરેન્ડી આ સરકારની છે. બાવકુભાઇએ કીધું તો હું કહું કે બાવકુભાઇ, લાઠીમાં તમને એક કલાકમાં દારૂ દેવડાવી દઉં? તમારા પી.એસ.આઇ.ને પૂછયું ત્યાં મળતો નથી તો પણ તમને એક કલાકમાં હાથમાં દઇ આવે. આખા ગુજરાતમાં આનું એવું નેટવર્ક છે. (અંતરાય) મારી લીંકની વાત કરું. આમાં લીંકની વધુ જરૂર ન પડે તમે આમાંથી એકાદાને કયાંક ઓળખતા હોય અને આમાંથી કોઇ જો દંભ કરવા માંગતા હોય કે નથી જ ઓળખતા તો એ એમની ફીતરતની વાત છે. એકાદાની લીંક હોય તો આખા ગુજરાતમાં આ લોકોનું એટલું સરસ નેટવર્ક છે કે એકને તમે કહોને કે બાવકુભાઇના ઘરે જઇને બોટલ આપી આવો તો કલાકમાં આપી આવે. હું રાજકોટમાં કહું તો એ લાઠીમાં પહોંચાડી આવે. ગુજરાતમાં ગમે તે સ્થળે કહો, એક નહીં ગમે તે સ્થળે કહો દારૂ પહોંચી જશે. આ બધી વાસ્તવિકતાઓને સ્વીકારીને ચાલીએ.એટલે આમાં વાસ્તવિકતા સમજે તો સારું છે. નહિ તો લાંબા ભાષણોનો કોઇ અર્થ રહેતો નથી. હું એવી

ઇચ્છા રાખું કે ખરેખર વિજયભાઇ રૂપાણીની ઇચ્છા હોય તો કમસે કમ રાજકોટમાં દારૂબંધી કરાવી દે, નહીં તો મહિના પછી હું વિજયભાઇના ઘેર દારૂની ડિલિવરી કરાવીશ અને એ પણ રાજકોટમાંથી જ. આ દંભ બંધ કરી વાસ્તવિકતાની નજીક આવો અને ખરા અર્થમાં ૪૦-૪૨ વર્ષે જે વિધવાઓ બને છે, ખરા અર્થમાં એની ચિંતા કરવી જોઇએ. આપણા મોઢા સુંઘાશે કે નહીં એનાથી કોઇ ફરક પડવાનો નથી. આ બધી હકીકતોને ક્યારે સ્વીકારશો? મેં આની પહેલાના ગૃહમંત્રીશ્રીને પણ બધી વાત કરી હતી. હા એવું થાય છે એવું સ્વીકારે પણ ખરા. ગૃહમંત્રી સ્વીકારે અને એમના ભાષણમાં કહે કે આવું બધું થાય છે. આપણે કાયદો લઇ આવીશું એટલે થઇ જશે કે આપણે પોલીસ પાસેથી હપતા ઉઘરાવવાનું બંધ કરીશું અને એના દ્વારા ચૂંટણી લડવાની ઇચ્છાશક્તિ ઉપર આપણે થોડું માપ લઇ આવીશું તો બંધ થશે. ચૂંટણીઓના ખર્ચાઓ ક્યાંક આમાંથી તો નથી આવતા ને? આની તપાસ કરાવવાની હાલતમાં આ સરકાર છે ખરી? એની તપાસ પણ કરાવી શકે એવી હાલતમાં નથી. (અંતરાય) પહેલાની નહીં ૨૦ વર્ષથી વાત કરો, તમને મત આપ્યા છે, ૨૦ વર્ષ પહેલાની વાત ન કરો, ૨૦ વર્ષમાં તમે દારૂબંધી માટે શું કર્યું એની વાત કરો. (અંતરાય) કશું નથી. તમે એક જ બોલી શકો છો. હજી તમે બોલી શકો છો એટલે તમને ટિકીટ મળવી જ જોઇએ. નક્કી તમને મળી જશે. ઘરમાં ટી.વી. જોતો હોય ત્યારે આમ બોલે અને એ માણસ બહાર આવીને પાનની દુકાને એની એ જ ખોટી વાત કરવા ટેવાયેલા લોકોમાંથી આ સરકાર બનેલી હોય તો મને વધારે અપેક્ષા નથી કે દારૂબંધી થઇ શકશે. એ બોલે એને પાછા શિરપાવ આપવામાં આવે. એમ કહેવામાં આવે કે દારૂની વિગતો આપો તો હું કોને વિગતો આપું તો દારૂ બંધ થઇ જ જશે?

અધ્યક્ષશ્રી : જરા સંયમિત ભાષામાં બોલો નહીં તો પછી જવાબ આવશે એમાં તકલીફ થશે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : સાહેબ, જવાબ નહીં, કાર્યવાહી જોઇએ. જવાબ ન આપો કાર્યવાહી કરો. કોંગ્રેસી હોય તો એને પણ લો, બધાને સાથે લો, અમે તમારી સાથે એને પકડવા આવીશું. હું તો આવીશ જ. આના કરતાં આપણે વાસ્તવિકતાથી આનું કાંઇક નિરાકરણ નીકળે એ દિશામાં સરકાર કામ કરે. કરી શકે તો, એની હિંમત હોય તો, એવી માનસિકતા હોય તો કરે એવી આશા અને અપેક્ષા ગુજરાતના લોકો વતી હું આજે વ્યક્ત કરીને મારી વાત પૂરી કરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રી જે નશાબંધી સુધારા વિધેયક, ૨૦૧૭ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કડક કાયદો અમલમાં આવે તો દારૂબંધીનો કડક રીતે અમલ થઇ શકે એ ઉદ્દેશ રહ્યો છે. પણ હું કહેવા માગું છું કે કાયદા ગમે તેટલા આપણે કડક બનાવીએ પરંતુ જ્યાં સુધી આપણી ઇચ્છાશક્તિ નહીં હોય, ખરેખર આપણે આ દૂષણને ડામવા માગતા હોઇએ તો હું માનું છું કે ગમે તેટલા કડક કાયદા બનાવીએ પણ દૂષણ બંધ થવાનું નથી. આપણે જોયું કે લોકોની અંદર એક ગુસ્સો હતો, ગુજરાતની અંદર દારૂબંધીની સામે આંદોલનો થયા, મેં પણ, રેકર્ડ ઉપર છે કે ૧૫ અને ૧૬ બન્ને સત્ર દરમિયાન દારૂબંધી માટે માગણી કરી હતી અને ત્રણ ત્રણ વખત મને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યો છે. ડ્રગ્ઝ અંગે ગુજરાત હાઇકોર્ટમાં મેં એક રીટ પણ દાખલ કરેલી છે એટલે એ બાબતે અમારી પ્રતિબદ્ધતા રહી છે. હું એટલું જ કહેવા માગું છું, ઘણી વિસ્તૃત વાતો શક્તસિંહભાઇએ, પુંજાભાઇ બધાએ કરી છે. થોડાક જ મુદ્દા ઉપર વાત કરવા માગું છું કે જ્યાં સુધી અસામાજિક તત્વોનો સાથ ચૂંટણીઓમાં લેવામાં આવશે, એમની પાસેથી દારૂ લઇને લોકોને વહેંચવામાં આવશે અને ચૂંટાયા પછી એમની પાસેથી હપતા લેવામાં આવશે અને •(×××) ત્યાં સુધી દારૂબંધી થવાની નથી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારના એક બહુ માનીતા એન્કાઉન્ટર સ્પેશ્યાલિસ્ટ એક એ પણ વાત વહાર આવી છે કે *(×××)

પોઇન્ટ ઓફ ઓર્ડર

આધારહીન આક્ષેપો કરવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, માનનીય સભ્યશ્રીએ સરકારના એક માનીતા એટલે સ્પષ્ટ થાય છે કે શામળાજી ચેકપોસ્ટ ઉપર ૭૫ લાખ રૂપિયા આપીને પોસ્ટિંગ એ જ્યારે આક્ષેપ કરતા હોય ત્યારે એની વિગતો સાથે આ સરકાર આવા કોઇપણ ભ્રષ્ટાચારવાળા અધિકારીઓને કયાંય મૂકવા માગતી નથી. માનનીય અધ્યક્ષશ્રી, એમની પાસે વિગત હોય તો હું આ સભાગૃહના માધ્યમથી કહું છું કે એ મને આપે અને હું તાત્કાલિક એ અંગે પગલા લેવા માટે તૈયાર છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, નોટબંધીની ઘણી બધી વાત થઇ. નોટબંધીની અસર નથી. નોટબંધીની અસર તો ગુજરાતના *(×××) ત્યારે બે બે મહિના સુધી એ ફાઇલો હોમ ડિપાર્ટમેન્ટમાં પડી રાખવામાં આવી.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, (અંતરાય)

અધ્યક્ષશ્રી : ગ્યાસુદ્દીનભાઇ જે મંત્રીશ્રીએ જે કહ્યું એની તમે વાત કરો. નોટબંધી ભાઇ આમાં આવતી નથી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : નોટબંધીની વાત નથી માનનીય અધ્યક્ષશ્રી, આ વાત લોકોમાંથી બહાર આવી છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : તમે નામો આપો. પુરાવા આપો. ખાલી વાત કરવાથી ફાયદો નથી.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : નામ અને પુરાવા છે એ અમે આપીશું. લોકવાયકા છે અને સમગ્ર ગુજરાત જાણે છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એમના એ શબ્દો રદ કરું છું. ગ્યાસુદ્દીનભાઇ આગળ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : સાહેબ, રદ કરો. રદ કરવાથી સાચી વાત બાજુએ રહેવાની નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : રદ ના કરવી હોય તો માનનીય સભ્યશ્રી એના પુરાવા આપો.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : સાહેબ, હું આપને પુરાવા આપુ છું. બની શકે એટલા વહેલા.

અધ્યક્ષશ્રી : કેટલા દિવસમાં? તમે કહેશો આ સત્ર પૂરું થાય એ પહેલા આ અંગેના તમારે પુરાવા આપવા પડશે ઠીક છે? શક્તિસિંહજી જરા આપના સભ્યને સમજાવો.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જે કાંઇ બોલે છે. વારંવાર બોલનારા કોઇ સિનિયર સભ્ય માટે નથી. કેટલીક વાતો લોકોમાં ચર્ચાતી હોય એ બોલતા હોય છે. આપે કહ્યું એ આપની વાત માન્ય રાખી છે. આપે જે કાંઇ નિર્ણય કર્યો છે એમાં પછી મારે કાંઇ વિશેષ કહેવાનું નથી.

અધ્યક્ષશ્રી : ઓ.કે. જરા મુદ્દા ઉપર આવી જાવ. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાબત શક્તિસિંહભાઇ કહે છે એ હળવાશથી લ્યે છે. આ તો સીધો આક્ષેપ કર્યો સાહેબ. ના જ ચાલે. કેવી રીતે ચાલે?

અધ્યક્ષશ્રી : એ શબ્દ મેં રદ કર્યા છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : જેલમાં ગયેલા અધિકારીઓ જે જામીન પર છૂટીને આવ્યા છે એવા લોકોને સારી પોસ્ટિંગ આ સરકારમાંથી આપવામાં આવે છે. મને એ સમજાતું નથી કે કઇ રીતના આ સરકાર ગુન્હાખોરીને ડામવા માગે છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, દારૂબંધીના બિલ ઉપર આવી જાવ. બદલી ઉપર ના જશો કારણ વરગના તમે એમાં ફસાવશો. મુદ્દા ઉપર આવો પ્લીઝ.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : ૫૮૦૦૦ લોકોને દારૂની પરમિટ આપવામાં આવી છે. ૩ કરોડ લિટર દેશીદારૂ પકડાયો હોય પાંચ વર્ષની અંદર, ૩ કરોડ બાટલીઓ ઇંગ્લીશ દારૂની પકડાઇ હોય તો તમે વિચારો કે આટલું નાનું જ્યારે પકડાયું હોય તો વેચાયું કેટલું હશે? માનનીય અધ્યક્ષશ્રી, હું એટલું કહેવા માગુ છું કે આ એક સંવેદનશીલ મુદ્દો છે, રાજકીય મુદ્દો નથી. હું વિશેષ કરીને અહીંયા બેઠેલા તમામ ગરીબ–પછાત વિસ્તારના ધારાસભ્યો છે એમને કહેવા માગુ છું કે ગરીબોને વધુ ગરીબ રાખવાનું, પછાતોને નશાની અંદર હડધૂત રાખવાનું આ એક બહુ મોટું ષડયંત્ર છે તમને નિશાળ નહિ મળે, તમને સ્કોલરશીપ નહિ મળે તમને દારૂ જોઇતો હશે ત્યાં મળશે. ગરીબ પાયમાલ થાય છે. આપણે જોયું છે કે ગુજરાતની અંદર આના માટે આંદોલનો ચાલુ થયા છે. એટલે હું એટલું જ કહીશ કે ખરેખર જો સરકારની અંદર ઇચ્છાશક્તિ હોય તો કડકાઇ રીતે જે રીતના મારા ધારાસભ્યશ્રી ઇન્દ્રનીલભાઇએ વાત કરી કે ગુજરાતની અંદર, રાજકોટની અંદર દારૂનો ધંધો બંધ કરીને બતાવે?

માનનીય અધ્યક્ષશ્રી, થોડી સારી બાબત પણ કહીશ કે અમદાવાદની અંદર એ.કે.શર્મા જેવા એક સારા પોલીસ અધિક્ષક કમિશ્નરને મૂકયા છે એમણે થોડો કન્ટ્રોલ કર્યો છે. હું સ્વીકારું છું કે દારૂ પર થોડો કન્ટ્રોલ આવ્યો છે. હજી પણ નીચલા અધિકારીઓ છે એ એમને પૂરો સાથ અને સહકાર આપતા નથી. અમદાવાદમાં ખૂણે–ખાચરે આવા ધંધા ચાલતા હોય એ પણ તમામ બંધ થવા જોઇએ અને વિશેષ કરીને હું કહેવા માગુ છું કે દારૂ–જુગારની બદી ઉપર થોડો કન્ટ્રોલ લાવવા માટે કાયદો લઇને આવ્યા છે એ જ રીતના જે ડ્રગનું વેચાણ થઇ રહ્યું છે અને યુવાધન બરબાદ થઇ રહ્યું છે એના માટે પણ કડકમાં કડક કાર્યવાહી આ રાજ્ય સરકાર કરે. હાઇકોર્ટે પણ મારી પી.આઇ.એલ.ની ઉપર રાજ્ય સરકારને નિર્દેશ આપ્યો છે. આજે પરિસ્થિતિ એવી છે કે તમે જ્યાં પણ ફરવા જવા, રિવરફ્રન્ટ ઉપર ફરવા જાવ જે નશો કરનારા લોકો છે, જે ડ્રગ્સ લેનારા લોકો છે એ તમને ખૂણે–ખાંચરે બેઠેલા જોવા મળે છે. એટલે યુવા ધનને બરબાદ થતું અટકાવવા, આ જે વાતો થઇ કે, અમારી વિધવા બહેનોની અને છોકરાઓ અનાથ થતા બચે એના માટે પણ આ બહુ જ ઇમાનદારીપૂર્વક બધાએ ભેગા મળીને, એકલું સત્તાપક્ષ જ નહીં પણ બંને પક્ષોએ ભેગા મળીને એક લોક જુવાળ ઉભો કરવો જોઇએ અને લોકોમાં જાગૃતિ ફેલાય અને આ જે ધંધો છે ખાલી રાજકીય કારણોસર નહીં કે, સરકાર ભીંસમાં આવે, ચૂંટણીઓ સામે આવે એટલે આ કાયદો. આ કાયદો ખરેખર ખરા દિલથી ઇમાનદારીપૂર્વક ભગવાન માથે રાખીને ૧૮૨ ધારાસભ્યો નક્કી કરે અને જે ખોટા લોકો છે અસમાજિક તત્વો છે એમની પાસેથી જે કાંઇ સાથ સહકાર મેળવતા હોય એ ના લે, મારા વીસ વર્ષના રાજકારણની અંદર એક પોલીસ સ્ટેશનમાં કોઇ કહી નહીં શકે કે, કોઇ દિવસ દારૂ કે જુગાર માટે મેં કોઇના માટે ભલામણ કરી હોય. જે આપણા સભ્યો છે એ બધા નિર્ણય કરે કે, કોઇ બુટલેગર કે અસામાજિક તત્વો માટે આપણે કોઇ દિવસ ભલામણ નહીં કરીએ, કોઇ પણ એવા અધિકારીઓ માટે ભલામણ નહીં કરીએ અને જ્યાં પણ આવી બદીઓ ચાલતી હોય એના માટે તમામ લોકો એક થઇ અને આ ગુજરાતને નશામાંથી મુક્તિ અપાવે એટલી જ વાત કરી મારી વાત પુરી કરું છું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ મૂકેલા બિલના સંદર્ભમાં આ સન્માનનીય સભાગૃહના બન્ને પક્ષના અનેક માનનીય ધારાસભ્યશ્રીઓએ આ અંગે પોતાના પણ મંતવ્યો વ્યક્ત કર્યા છે. જેમાં નિમિષાબેન, મનિષાબેન, બાવકુભાઇ, આ કડક દારૂબંધીના કારણે થયેલી હકારાત્મક અસરો તેમણે આ સભાગૃહની અંદર વ્યક્ત કરી છે. જ્યારે શક્તિસિંહભાઇએ અગાઉ જે કાયદાઓમાં સુધારા કર્યા હતા એની વિસ્તૃત વાત કરીને નવા કાયદા માટે મેં આખેઆખું એમનું

પ્રવચન જોયું એમાં સેકશન – ૯૨ સિવાય જે વધારાની સજાની જોગવાઇઓના સંદર્ભમાં એમણે પણ પોતાની જે દારૂબંધીથી થયેલા વાતાવરણના સંદર્ભમાં જે એન્વાયરમેન્ટ છે૦ એની પણ વાત કરી. પૂંજાભાઇએ દીવ બાજુથી આવતા અને ઊનાની અંદર એમને દારૂનું પ્રમાણ ઘણું દેખાય છે એટલે ઊનાના પોલીસ અધિકારીને હું કહીશ કે, ઊનામાં કેમ આટલો બધો દારૂ વેચાય છે? એ જ રીતે બળદેવજીભાઇએ પણ સમાજ જીવનની વ્યથા તરીકે દારૂનું દુષણ અને જમીન સંદર્ભના બાકીના કેસીસોમાં પણ આ વ્યસનને કારણે જે પરિસ્થિતિ થાય એ પણ એમણે વિગતે વાત કરી. બાવકુભાઇએ આ દારૂબંધી એ આપણી સંસ્કૃતિના ઇતિહાસમાં રાજા રજવાડાઓને પણ આની વેદના હતી, એમની વાતની અંદર એ વેદના વ્યકત કરી. ઇન્દ્રનીલભાઇએ પણ મને એવું લાગ્યું કે એમની વાત ઉપરથી કે, એમને પણ આ ડિલીવરી મેન જે હતા એ ડિલીવરી મેનવાળા પાસેથી તરત દારૂ મળી જાય છે. ખબર નથી કે, એમની પાસે દારૂની પરમિટ છે કે નહીં ? પરમિટ ધરાવે છે (આ તકે સભ્યશ્રી ઇન્દ્રનીલભાઇ બેઠા બેઠા, કાયદેસરની છે તેમ બોલતાં) કાયદેસરની પરમિટ છે. આ તો તબિયત જેને ખરાબ હોય એને પરમિટ મળતી હોય છે, એમને કેમ કેવી રીતે મળી એ મારે જોવડાવવું પડશે અને આટલા બધા ડિલીવરી મેનોના ફોન નંબર એમની પાસે ક્યાંથી ? હું તો જાહેર જીવનમાં આટલા વર્ષોથી છું, હું કોઇ ડિલીવરી મેનને ઓળખતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર વિજયભાઇ રૂપાણી મુખ્યમંત્રી બન્યા અને મુખ્યમંત્રી બન્યા બાદ પ્રબળ રાજકીય ઇચ્છા શકિતના આધાર ઉપર ગુજરાતમાં પહેલો સંવેદનશીલ નિર્ણય લેવાયો છે. આ નિર્ણય કોઇ રાજકીય નિર્ણય નથી, આ નિર્ણય કોઇ મત માટેનો નિર્ણય નથી. આ નિર્ણય એ ગરીબ વિધવા બહેનોના આંસુ જોઇને લીધેલો નિર્ણય છે. આ નિર્ણય એ નિરાધાર બાળકોની આંખોમાં આંસુ જોઇને લીધેલો નિર્ણય છે. આ નિર્ણય કેટલાય લોકો શારિરીક અપંગતા ધરાવે છે એની વેદનામાંથી ઉભી થયેલી પરિસ્થિતિને ખાળવા માટે લીધેલો નિર્ણય છે. હું આ સન્માનનીય સભાગૃહના સૌ ધારાસભ્યશ્રીઓને કહેવા માગુ છું કે, ભારતીય જનતા પાર્ટી મતો માટે આ પ્રમાણેનું રાજકારણ ક્યારેય નથી કરતી. ભારતીય જનતા પાર્ટી સંવેદનાના આધાર ઉપર રાજકારણ કરે છે. માનનીય અધ્યક્ષશ્રી, હું અસારવામાં વર્ષો સુધી ધારાસભ્ય, કોર્પોરેટર રહ્યો છું. એક ચાલીના નાકે પંચ–છ જણા, સાત–આઠ જણા એવા બેઠા હોય કે જેને પેરાલીસીસની અસર છે. મેં સ્વાભાવિક રીતે પ્રશ્ન પૂછયો કે આ ચાલીના આટલા બધા લોકોને કેમ પેરાલીસીસ થાય છે? તો એ વખતે એ લોકોએ જવાબ આપ્યો હતો કે આ ફલાણા અડ્ડા ઉપરથી દારૂ પીવા જાય છે અને દારૂમાં કંકઇ એવું મિશ્રણ કરે છે જેના કારણે એની શારીરિક સ્થિતિ આવી થાય છે અને પછી આખી જિંદગી ખરાબ પ્રકારની એને પસાર કરવી પડે છે. આજે હું વર્ણન કરવા નથી માગતો વિશેષ પરંતુ આવા અનેક પ્રસંગો અને એ પ્રસંગો અને સમાજની જે વ્યથા હતી, વેદના હતી એ વ્યથા અને વેદનાની પ્રત્યે સંવેદના પ્રગટ કરીને આ કાયદો માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર આજે ઓર્ડીનન્સ દ્વારા શા માટે લાવવા માગે છે? અમે વિધાનસભાના સત્રની રાહ નથી જોઇ. એટલો સમય અમે બગાડવા નહોતા માગતા. અમે આ કાયદા માટે સંવેદના કેળવી, અમે ઓર્ડીનન્સ લાવ્યા અને ઓર્ડીનન્સના માધ્યમથી ગુજરાતની અંદર કડકાઇમાં કડકાઇથી એના અમલીકરણની પ્રક્રિયા શરૂ કરી છે. કદાચ રાજકીય રીતે આપણા મતમતાંતરો હોઇ શકે પરંતુ સમાજમાં દારૂના વ્યસનના કારણે જે કુટુંબોની પાયમાલી થાય છે એના અંગે તમને પણ સંવેદના છે, અમને પણ સંવેદના છે. સરકાર આ કાયદાના માધ્યમથી ઇચ્છે છે કે આપણે કાયદાના કડક અમલીકરણથી સમાજની આ બદીને બને ત્યાં સુધી નાબૂદ કરી શકીએ, દૂર કરી શકીએ, ઓછી કરી શકીએ. હું બહુ સ્પષ્ટ કહેવા માગું છું કે જયાં હપ્તાના આધાર ઉપર પોલીસની વ્યવસ્થા હશે કે જયાં ડીલીવરીની વ્યવસ્થા હશે, જે પોલીસ સ્ટેશનો આવા કામ સાથે સંકળાયેલા હશે, આ રાજય સરકારે સ્ટેટ મોનીટરીંગ સેલના માધ્યમથી એમાં હસમુખ પટેલની નિમણૂક કરીને, એને છૂટા અધિકાર આપીને, એની હેલ્પ લાઇન શરૂ કરીને, એના વોટસએપના માધ્યમથી આ સન્માનનીય સભાગૃહને બધાની માહિતી હું પૂરી પાડીશ. એની વિગતો જેની પાસે આવે એને તમે પહોંચાડજો અને છતાં એમાં અસરકારકતા ન હોય તો રાજયના ગૃહ મંત્રી તરીકે મારી પણ ફરજ છે કે ગુજરાતની અંદર રાજય સરકારે વિજયભાઇ રૂપાણીએ બનાવેલા કાયદાનું કડક અમલીકરણ કરવા માટે અમારો સંકલ્પ છે. આખી ઘટનાને એ રીતે જોવા માટે મારી આ સન્માનનીય સભાગૃહને ખાસ અપીલ છે. આમાં ભાંગના સંદર્ભમાં પણ એવું કહેવામાં આવ્યું. અમે બહુ સ્પષ્ટ માનીએ છીએ કે ભાંગ એ ભગવાન શિવજીની પ્રસાદી છે અને શિવજીની પ્રસાદી હોવાના નાતે એના પ્રસાદની અંદર ભગવાનની પ્રસાદીમાં ઉપયોગ થતો હોય અમે એ ભાંગ ઉપર પ્રતિબંધ મૂકવા માટેના મતના નથી. શકિતસિંહભાઇને ભાંગ ઉપર પ્રતિબંધ મૂકાવવો હોય તો અમને એ મંજૂર નથી. અમે હિંદુ સંસ્કૃતિમાં કોઇ ચેડા કરવા માગતા નથી. ત્રણ ત્રણ તલાક તલાકના કાયદા ચાલે છે. શકિતસિંહભાઇ એના માટે એક શબ્દ નથી બોલતા અને હિંદુ ધર્મના ભગવાન શિવજીની પ્રસાદી ભાંગ એને વ્યસન તરીકે દેખાય છે. આપણે આપણા જે પણ વિચારો હોય પરંતુ હિંદુ સંસ્કૃતિના શ્રદ્ધા કેન્દ્રો, હિંદુ સંસ્કૃતિની પરંપરાગત પદ્ધતિઓ એ પદ્ધતિઓને મતોના તૃષ્ટીકરણની રાજનીતિ માટે આ સભાગૃહની અંદર એનો ઉલ્લેખ ન કરવો જોઇએ એવું હું સ્પષ્ટપણે માનું છું. દારૂબંધીનો કાયદો કડક બનાવીને અમે કયારેય કહ્યું નથી કે દારૂબંધી સંપૂર્ણપણે રદ થઇ જાય એવું અમે કયારેય કહ્યું નથી. લુંટારા સામે કડક કાયદા છે. ખિસ્સા કાતરૂઓ સામે કડક કાયદા છે. બળાત્કારીઓ સામે કડક કાયદા છે. ખૂન અને ધાડ માટેના કડક કાયદા છે. એનો મતલબ એ નથી કે સમાજની અંદર કયાંય બનાવ નથી બનતા. પરંતુ રાજ્યસરકારની કટિબદ્ધતા છે. દારૂબંધી સામેની ભારતીય જનતા પાર્ટીની વિજયભાઇ રૂપાણી સરકારની આ લડાઇ છે અને આ લડાઇ માટે અમે આ કડકમાં કડક કાયદો લાવ્યા છીએ. આ કાયદાના સંદર્ભમાં જે પ્રમાણે વિષયો સભાગૃહની અંદર કહેવામાં આવ્યા. શકિતસિંહભાઇએ જે વાત કરી. એમણે તમામ જૂની બાબતોનો ઉલ્લેખ કર્યો. આ સભાગૃહની અંદર કોઇ કાયદો આવવાનો હોય એ ૨૦૦૩ નો કાયદો હોય કે ૨૦૦૫ નો કાયદો હોય કે ૨૦૦૯

નો કાયદો હોય અધ્યક્ષસ્થાનેથી આપની જેમ કોઇ અધ્યક્ષ બિરાજમાન હોય, સભાગૃહની અંદર એની ચર્ચા થઇ ગઇ હોય, કાયદો મંજૂર થઇ ગયો હોય, રાજ્યપાલશ્રીએ મંજૂરી આપી દીધી હોય, ફરી એ વાતનું પુનરાવર્તન. કોઇપણ કાયદો ડાયનેમિક હોવો જોઇએ. કાયદો ઘડવાની પ્રક્રિયા જે તે સમયના પ્રવર્તમાન સંજોગોથી પ્રભાવિત થાય છે. એ સંજોગો ઉપર અવલંબિત રહે છે. અગાઉના સુધારા ગત સમયના વિધાનસભા દ્વારા મંજૂર થયેલ હતા, તેથી એ સમયની વિધાનસભાની વિવિધ મુદ્દે, બુદ્ધિની અત્યારે ચર્ચા કરવી એ અસ્થાને છે, એટલે એમણે જો કહેવું હતું તો કહી શકત કે તમારી ૧૦ વર્ષની સજા ઓછી છે. એમને કહેવું હોત તો કહી શકત તમે ૫ લાખ રૂપિયાનો દંડ આપ્યો એ વધારે છે કે ઓછો છે? એમણે કહેવું હોત તો કહી શકત કે દારૂના અડ્ડા ઉપર જ્યારે કોઇ પોલીસ અધિકારી રેડ પાડે ત્યારે રેડ ઉપર અવરોધ કરવાવાળા સામે તમે સજા આપી છે એ ઓછી વત્તી છે એ કહી શકત? આના સંદર્ભમાં મેળાપીપણાથી કોઇ અધિકારીની સંડોવણી છે, એના સંદર્ભમાં સજા ઓછી છે કે વત્તી છે એ કહેવું હોત તો કહી શકત. મારી કુલ કલમો તેમના ૫૪ મિનિટના પ્રવચનમાં કલમ-૯૨ સામાજિક સેવાવાળી સિવાય કોઇ ઉલ્લેખ નથી કર્યો. હું સ્પષ્ટ કહું સામાજિક સેવાની સિસ્ટમ નાબૂદ કરી છે, પરંતુ દારૂ પીવાવાળાને થનારી સજાના સંદર્ભમાં અમે નવા કાયદામાં કોઇ જાતનો સુધારો કરીને દારૂ પીવાવાળાને બક્ષ્યા નથી. એના સિવાય કલમ-૬૬ માં પ્રથમ ગુના માટેની ૬ માસની જોગવાઇના સંદર્ભમાં વાત કરી. વિપક્ષ સરકારની નીતિને સમજી શક્યો નથી. કલમ-૬૫નું ઉત્પાદન, ખરીદ, વેચાણ, કબજો અને હેરફેર માટે છે. એને ૧૦ વર્ષ સુધીની સજાની જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે કલમ-૬૬ માં માત્ર ઉપયોગ અને ઉપભોગ કરનારને જ લાગુ પડે છે. કોઇ સામાન્ય ગરીબ માણસ એને અમે એવું નથી કહેતા સંપૂર્ણ દારૂ બંધ થઇ ગયો છે. ત્યાં જઇને એણે દારૂ પીધો એટલે એને ૧૦ વર્ષ માટે પૂરી દેવાનો? અમે ભેદરેખા ઉભી કરી છે. ગુજરાતમાં દારૂનું ઉત્પાદન, દારૂનું વેચાણ, દારૂની ફેરાફેરી, દારૂના અડ્ડા ઉપર જ્યારે પોલીસ રેડ પાડે એની અંદર અવરોધ કરનાર અથવા દારૂનો કેસ નબળો કરવાવાળા સામે અમે કડક છીએ. કદાચ ભૂલમાં આ પ્રકારની ઘટના બની છે તો અમે તેને ૩ વર્ષ નીચેની સજાની જોગવાઇ હેઠળ કર્યો છે. તમે અમારો ૬૫-૬૬ નો ભેદ સમજી નથી શક્યા. આ સરકારની કટિબદ્ધતાને અહીયા ચેલેન્જ કરવામાં આવી. હું અમારા વડોદરા પોલીસ તંત્રના અધિકારીઓને અભિનંદન આપું છું કે જ્યારે માહિતી મળી અને માહિતીના આધાર ઉપર એણે રેડ પાડી છે. રેડ પાડી એમાં સમાજના મોટા લોકો છે. ૨૬૮ કરતા વધારે લોકો એમાં કોઇની પણ શેહ-શરમ રાખ્યા વગર આ સરકારે કહ્યું છે કે અમારે કોઇ ચમરબંધીને છોડવા નથી તેમ એમની ધરપકડ પણ કરવામાં આવી. ૭૮ જેટલા વાહનો જપ્ત કર્યા અને તે વાહનોની કિંમત ૧૮ કરોડ રૂપિયાની થાય છે તે વાહનો સીઝ કરવામાં આવ્યા. ત્યાં બ્લડના સેમ્પલ લેવામાં આવ્યા. શું તે વખતે રાજ્ય સરકાર ઉપર દબાણ નહીં આવ્યું હોય? શું તે વખતે પોલીસ અધિકારીઓ ઉપર દબાણ નહીં આવ્યું હોય? પરંતુ ગુજરાત સરકારની પ્રબળ રાજકીય ઇચ્છાશક્તિના આધાર ઉપર ગુજરાત પોલીસ તંત્ર દ્વારા કડકમાં કડક અમલ કર્યો છે. ગુજરાતની પોલીસ કોઇથી ગભરાવવાની નથી. આગામી દિવસોમાં પણ અમીર હોય કે ગરીબ કોઇપણ ચમરબંધીને આ કડક કાયદાના અમલ માટે અમે છોડવાના નથી. એટલે હજી હું કહું છું કે કયાંક કોઇકને ખૂણે ખાંચરે જઇને દારૂ પીવાની આદત હોય તે ચેતી જજો. ગુજરાતની પોલીસના રવાડે ચડયા તો તમને કોઇને છોડવાની નથી. ૨૦૦૯ના કાયદા માટે કહેવામાં આવ્યું. રાઘવજીભાઇ મેં બધાને કહ્યું છે, રાઘવજીભાઇ મેં બધાને કહ્યું છે. તમને એકને હું નથી કહેતો. તમે બહુ ના બોલશો રાઘવજીભાઇ. પાછું પુંજાભાઇ કહેશે કે મુઠ્ઠી ના ખોલાવો. મારી મુઠ્ઠી ખુલ્લી જ છે પુંજાભાઇ. હું પરમિટવાળાની વાત નથી કરતો. પરમિટવાળા તો દારૂ પીતા હોય છે અને તેમને સમાજ જાણતો જ હોય છે. એટલે પરમિટવાળા માટેની વાત નથી કરતો. રાજ્ય સરકારે ૨૦૦૯માં નશાબંધીનો કડકમાં કડક કાયદો કર્યો હતો. હું ગૌરવભેર કહું છું કે અમારા રાષ્ટ્રીય અધ્યક્ષ અને આ વિધાનસભાગૃહમાં ગૃહમંત્રી તરીકે જેમણી જવાબદારી હતી તે અમિતભાઇ શાહ દ્વારા ફાંસીની સજા સુધીની કટિબદ્ધતા આ દારૂબંધીના કાયદા માટે કરવામાં આવી હતી. રાજ્યપાલશ્રી દ્વારા પહેલી વખત મંજૂરી નહોતી મળી. આ સભાગૃહે બીજીવાર કાયદો મંજૂર કર્યો અને બીજીવાર કાયદાના આધાર ઉપર મંજૂરી મળી છે. અમારું કમિટમેન્ટ છે કે દારૂબંધીના કાયદામાં જે વાહન પકડાયું તે વાહન રાજ્યસાત્ કરવાનો અને કાયમ માટે જપ્ત કરવા માટેનો નિર્ણય તે ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. કલમ.૯૨ના સંદર્ભમાં વાત કરવામાં આવે છે. કલમ ૯૨ તે વિવિધ કોર્ટોના કેસોના નિકાલ માટે છે. કલમ ૬૬ અને કલમ ૮૫માં ઠરાવેલી ઓછામાં ઓછી જોગવાઇને અમને કમી કરવા માટે યોગ્ય લાગ્યું એટલા માટે અમે જે તે વખતે આ નિર્ણય લીધો હતો. જે તે વખતે પણ મોતનો વ્યવસાય કરવાવાળા અને લઠ્ઠાકાંડ સાથે જોડાયેલા લોકોને મોતની સજા જ હોવી જોઇએ તેવું તે વખતની ભારતીય જનતા પાર્ટીની સરકારે નકકી કર્યુ હતું. વિપક્ષના બોન્ડ અંગેના પ્રશ્નો છે. તેમાં જે તે વખતનું સભાગૃહ તેમાં મૂકાયેલો કાયદો, તે કાયદાના સંદર્ભમાં થયેલી ચર્ચા અને તે ચર્ચા મેં જોઇ છે. તે જોતાં મને લાગે છે કે વિપક્ષ દ્વારા આખેઆખું વિધેયક વાંચવામાં આવ્યું નથી. મારો અભિપ્રાય છે કે તે વિધેયકનો પાછળનો ભાગ જો શક્તિસિંહભાઇએ વાંચ્યો હોત તો ખબર પડે કે પહેલીવાર દારૂ પીવે તો તેની પાસે બોન્ડ લેવાના. પરંતુ બોન્ડનો ભંગ કરે તો આ અધિનિયમની કલમ ૬૬ (૧) ૮૫ હેઠળ પહેલા અને બીજા તે બંને ગુનાની જોગવાઇ કરવાની છે. માનનીય શક્તિસિંહભાઇ જો આપે વાંચ્યું હોત તો એ સ્પષ્ટ છે અને તેનો અર્થ એ કે અમે બોન્ડના નામે ગુનેગારોને છોડી દેવાના મતના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું તેમ રાજ્ય સરકારે અને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્યના ડી.જી., એડિશનલ ડી.જી., ડી.આઇ.જી. તમામ રેન્જના અધિકારીશ્રીઓને એકત્રિત કર્યા અને એમણે વન ટુ વન અધિકારીઓની મિટિંગમાં કહ્યું કે આ મારી સરકારની પ્રાથમિકતા છે, મારી સરકારની કડકમાં કડક સૂચના છે કે, ગુજરાતની પ્રજાને દારૂના

દૂષણના કારણે હું મોતના મુખમાં ધકેલવા નથી માગતો અને એમાં હું કોઇ પણ પ્રકારની સમજૂતી કરવા નથી માગતો. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા વીડિયો કોન્ફરન્સ દ્વારા સમગ્ર ગુજરાતના એસ.પી. કક્ષાના અધિકારીઓને સૂચના આપવામાં આવી. અમે ત્યાંથી અટક્યા નથી, અમે મેં કહ્યું તેમ એક મોનિટરીંગ સેલની રચના કરી અને એ રચનાના આધાર ઉપર એમાં એકમ નાયબ પોલીસ અધિક્ષક, ત્રણ પોલીસ ઇન્સ્પેક્ટર, પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને ૧૪ અધિકારીઓના માધ્યમથી સમગ્ર રાજયમાં સ્ટેટ મોનિટરીંગ સેલની રચના કરવામાં આવી અને એ સેલના માધ્યમથી રાજયમાં અસરકારક અમલ ચાલુ છે. આ સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા પણ ઈફેક્ટીવ કેસ વધારેમાં વધારે ચાલે છે પરંતુ મારા ધ્યાન ઉપર પુંજાભાઇએ ખાસ રજૂઆત કરી છે એ ઉનામાં સ્ટેટ મોનિટરીંગ સેલ વધારેમાં વધારે ધ્યાન આપશે એવી હું એમને ચોક્કસ ખાતરી આપુ છું. એના સિવાયના પણ ભાજપના હોય કે કોંગ્રેસના હોય હું કોઇને દોષ દેવા નથી માગતો પરંતુ તમારા-મારા સૌની ચિંતા છે અને સ્ટેટ મોનિટરીંગ સેલ ઉપર અને ગુજરાતની પોલીસ ઉપર મને શ્રધ્ધા છે માત્રને માત્ર આ રાજકીય મત માટેનો વિષય નથી. ગૃહમંત્રી તરીકે મારા મનમાં અને માનનીય મુખ્યમંત્રી તરીકે વિજયભાઇ રૂપાણીના મનમાં ગુજરાતની અંદર દારૂબંધી માટેની ભારતીય જનતા પાર્ટીની કટિબધ્ધતા છે. તમે ક્યાંય એવું નહીં સાંભળો કે ઉપરથી ફોન આવ્યો કે ફલાણાને છોડી દેવામાં આવે, એટલી હું આજના પ્રસંગે ખાતરી આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, આજના પ્રસંગે જે પ્રમાણે સન્માનનીય સભાગૃહમાં વાતાવરણ ઉભું થયું અને એ વાતાવરણના આધાર ઉપર મને એવું થયું કે આ કાયદો કડક થયા પછી પણ એક પક્ષ ભારતીય જનતા પાર્ટીના લોકો એવું કહે છે કે, સાચા અર્થમાં મેં મારા પોલીસ સબ ઇન્સ્પેકટરને પૂછ્યું તો આખા વિસ્તારમાં સમગ્રતયા દારૂ બંધ છે. શામળાજી ચેક પોસ્ટ હોય, અંબાજીથી આવતી એક પોસ્ટ હોય, પુંજાભાઇને ત્યાંથી આવતી એક પોસ્ટ હોય કે પછી વલસાડથી આવતી ચેક પોસ્ટ હોય કે નંદુરબારથી આવતી ચેક પોસ્ટ હોય આ બધી જ ચેક પોસ્ટો ઉપર જે પ્રમાણેનું સઘન આયોજન છે અને છતાં પણ એમાં જો લેપ્સીસ હોય તો અત્યાર સુધીમાં વિદેશી દારૂના આ નવો કાયદો આવ્યા પછી ૧૧૬૯ કેસ કર્યા છે, હેરફેરના ૪૯૮ કેસ કર્યા છે જેની સજાની જોગવાઇ ૧૦ વરસ છે. કુલ ૭,૫૬,૬૦૩ બોટલો જપ્ત કરી છે અને ૬૯૯ વાહનો જપ્ત કર્યા છે અને આ એવા વાહનો છે કે હવે એ કોઇ પણ હિસાબે છૂટવાના નથી. આ વાહનોની જો કિંમત ગણીએ તો ૧૭.૨૨ કરોડ રૂપિયા જેટલી થાય છે અને ૨૨૫૭ જેટલા આરોપીઓની ધરપકડ કરી છે. અમે નામદાર ગુજરાત હાઇકોર્ટને વિનંતી કરી છે કે આગામી દિવસોમાં રાજય સરકારની દારૂબંધી સામેની કડક નીતિના કારણે ગુજરાતનું પોલીસ તંત્ર અસરકારક રીતે નવા કાયદાના અમલ માટે મોટા પ્રમાણમાં જે કેસો કરવાનું છે એના કારણે આ આરોપીઓને છૂટવા માટે સેશન્સ કમિટ કેસ થાય અને સેશન્સ કમિટ કેસ થાય એટલે સેશન્સ કોર્ટો ઉપર આનું ભારણ વધે તો એ ભારણ વધવાનું છે તેવા સંજોગોમાં નવી કોર્ટો આપો પણ અમે કોઇ આરોપીઓની સાથે જરા પણ ઢીલું વર્તન રાખવા માગતા નથી.

માનનીય અધ્યક્ષશ્રી, દેશી દારૂના અંતર્ગત પણ અમે વ્યાપક પગલાં લીધા છે પણ ક્યાંક ક્યાંક ચિંતા સાચી છે. નાના એકમમાં કયાંક નાની જગ્યાઓ ઉપર અને નાની કોન્ટીટીમાં અમારા ધ્યાન ઉપર જ્યાં જ્યાં આવે છે, ધ્યાન ઉપર નથી આવતું ત્યાં પણ અમે પોલીસ અધિકારીઓ દ્વારા એમાં પ્રયાસ કરીએ છીએ. તડીપારના ૫૯ કેસો કર્યા છે. પાસાના ૭૦ કેસો કર્યા છે અને આમ, સમગ્ર રાજ્યની અંદર ઈફેક્ટીવ રીતે આ સરકારે કેસો કર્યા છે. મને કહેવામાં આવ્યું વલસાડ જિલ્લાના સંદર્ભમાં, કોઇ માનનીય સભ્યશ્રી દ્વારા રજૂઆત થઇ કે વલસાડની અંદર તમે શું શું કર્યું. કારણ કે વલસાડ દમણની સાથે જોડાયેલું છે. અમારા સુરત રેન્જના પોલીસ અધિકારીઓ ઉપરાંત બધી જ રેન્જો ચિંતિત છે, પરંતુ એમણે કેટલાક પાંચ સાત એકશન લીધા છે જે હું આ સન્માનનીય ગૃહના ધ્યાન પર મૂકવા માગું છું કે જે પોલીસ બુટલેગર સાથે મેળાપીપણામાં જણાયેલ હોય તેના વિરુદ્ધ મદદગારીનો કેસ કરવો અને અત્યાર સુધીમાં દારૂના બુટલેગરો સાથે પોલીસના મેળાપીપણાના પંદર જેટલા કેસો એ ગુજરાતના વલસાડ જિલ્લાની પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે. આ પોલીસ વાળાના જેના દારૂવાળા સાથે સંબંધો પ્રસ્થાપિત થયા હોય તેના વિરુદ્ધ પણ પગલાં લઇને આ જિલ્લામાં ચાળીસ જેટલા પોલીસ કર્મચારીના સસ્પેન્શનના ઓર્ડર વલસાડની પોલીસ દ્વારા કરવામાં આવ્યા છે. જુની આઠ અને નવી બે આખે આખી બોર્ડર જોડાયેલી છે મુખ્ય ચેકપોસ્ટ ઉપરથી ના આવે, મોટી ગાડીમાંથી નાની ગાડીમાં થઇને દારૂ ગુજરાતની હદમાં પ્રવેશે તો એને રોકવા માટે થઇને નાની નાની દસ નવી ટીમો ઉભી કરી છે. અત્યાર સુધીમાં ક્યારેય નાસતાં ફરતાં આરોપીઓના સંદર્ભમાં કોઇ ચિંતા કરવામાં આવતી નહોતી, નાસતાં ફરતાં ૧૬૦ જેટલા આરોપીઓના સંદર્ભમાં એમની સામે વોરંટ કાઢવામાં આવ્યા છે. એમાં અમે વીસ લોકોને પકડ્યા છે અને બે ટીમો સતત મોનીટરીંગ કરે છે. સેશન્સ કોર્ટમાંથી જામીન નથી મળતા, પછી હાઇકોર્ટમાં જાય છે, હાઇકોર્ટમાં પણ દસેક લોકો ગયા હતા પરંતુ એ લોકોને આજદિવસ સુધી જામીન નથી મળ્યા. દારૂ વેચવાવાળો બુટલેગર અને પોલીસ ડિપાર્ટમેન્ટ, એમાં સમગ્રતયા આખા પોલીસ ડિપાર્ટમેન્ટમાં આઠ દસ લોકો એવા હોય કે જેના આ લોકોની સાથેના મેળાપીપણાના સંપર્ક હોય, અમારી સુરત રેન્જ દ્વારા કોઇપણ પોલીસ કર્મચારી પોતાના નામ સિવાય અન્ય મોબાઇલ નંબર રાખી શકશે અને રાખવો હોય તો એના ઉપરી અધિકારીની મંજૂરી સિવાય એ બીજો મોબાઇલ રાખી શકે નહિ. બે મોબાઇલ રાખે, એક બુટલેગરના સંપર્કમાં હોય અને એક ઓફિશિયલ મોબાઇલ હોય. ગુજરાતની સરકારે ગુજરાતનું પોલીસ તંત્ર કોઇપણ આવા ધંધાની અંદર ક્યાંય પણ ન સંકળાય એના માટેના પ્રયાસ કર્યા છે. આ પ્રમાણે સમગ્ર રાજ્યની અંદર પણ ૨૦૧૨ થી ૨૦૧૬ સુધીમાં પણ અનેક પગલાં લીધા છે. તાડીના માટેના કાયદામાં પણ આપણે કોઇ છૂટછાટ મૂકવાના મતમાં નથી. આપણે સૌ જાણીએ છીએ તેમ આ દારૂડિયો એ સમાજની અંદર પોતાની પ્રતિષ્ઠા ગુમાવે છે, એના દીકરા-દીકરીના

વેવિશાળમાં પણ સમસ્યા થાય છે, શિક્ષણ નથી આપી શકતા. સમાજમાં તિરસ્કાર પામે છે અને એની આર્થિક અને શારીરિક અસરોથી આપણે સૌ પરિચિત છીએ.

જે વેદના વિપક્ષના મનમાં છે એ વેદના અમારા પણ મનમાં છે. આપણે સૌ અનેક સંતોમહંતોના અનેક ક્વૉટેશનોથી વાકેફ છીએ. મને આ પ્રમુખસ્વામીનું એક ક્વૉટેશન બહુ જ ગમે છે કે ભગવાન સ્વામીનારાયણના વખતથી ભગવાન શ્રીજી મહારાજે સંદેશો આપ્યો કે તમે ગામડે ગામડે જઇને માણસો નિર્વ્યસની બને અને સારી રીતે તેનું જીવન જીવે તેવો ઉપદેશ આપજો. આપણે સૌ ધારાસભાના સભ્યો છીએ. ધારા ઘડનારી સભાના સભ્યો છીએ. આ વ્યસનો સામે આપણી પણ ચિંતા છે તો સમાજને વ્યસનમુકત કરવા માટે આપણે આ એક ઉત્તમ પ્રકારના કાયદાના માધ્યમથી સમાજની અંદર આપણું યોગદાન આપવાની આપણને આપણાં મત વિસ્તારના લોકોએ જે તક આપી છે અને હજુ પણ તમને એવું લાગે કે આ કાયદામાં ત્રૂટિ છે તો ગુજરાત ભારતીય જનતા પાર્ટીની સરકાર આ જે એકટ લઇને આવી છે તે પણ સરકારનું મન, વિજયભાઇ રૂપાણીની આ સરકાર દારૂના સંદર્ભમાં કોઇપણ બાંધછોડ કરવા માગતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હિંદુ હોય, મુસ્લિમ હોય, શીખ હોય, ઇસાઇ હોય સ્વામિ સચ્ચિદાનંદજીએ કહ્યું છે કે લગભગ દુનિયાના ઘણાં ધર્મોમાં એવું કહેવામાં આવ્યું છે કે દારૂ એ બહુ મોટામાં મોટો શૈતાન છે અને તે શૈતાનથી બચે તે જ ભગવાનને મળી શકે છે. તો આ શૈતાનથી બધા બચે અને ભગવાન તરફ વળે એવી મારી સૌને હાર્દિક પ્રાર્થના. માનનીય વિજયભાઇ રૂપાણીની સરકાર સમાજની વેદનાના પ્રતિબિંબ સ્વરૂપે અમારા બધાના મનની વ્યથાના સ્વરૂપે, લાંબી મથામણના આધાર ઉપર ગુજરાતની અંદર દારૂનું ઉત્પાદન, વેચાણ, હેરાફેરી કરવાવાળા સામે દસ વર્ષની મહત્તમ સજા અને પાંચ લાખ રૂપિયા સુધીનો દંડ લાવ્યા છે હું સૌ સભાગૃહના સભ્યોને વિનંતી કરું છું, અપીલ કરું છું આમાં અમારો કોઇ રાજકીય આશય નથી. આમાં જયારે માનનીય અધ્યક્ષશ્રી આ મતદાન ઉપર મૂકે અને જયારે આપને કહેવામાં આવે કે આપ હા પાડો છો કે ના પાડો છો ત્યારે હું સૌ સભાગૃહના સભ્યશ્રીઓને વિનંતી કરું છું કે, આપ જયારે હા પાડો ત્યારે એટલી જોરથી હા પાડજો કે આપને વિધવા બહેનના આંસુ લૂંછવા માટેનું આ કાયદા દ્વારા તક મળી છે. આપ જયારે હા પાડો ત્યારે નિરાધાર બાળકની વેદનાને સમજીને આ કાયદાના સમર્થનમાં હા પાડી રહ્યાં છો. આપ જયારે હા પાડો ત્યારે એક ગરીબ લોકોની વ્યથાને દૂર કરવા માટે રાજય સરકારને આ કાયદાના અમલીકરણ કરવા માટે હા પાડી રહ્યાં છો. એક ધારાસભા ઘડનારા આપ સૌ સભ્યો સમાજની આ વેદનાનું સરકાર જયારે અહીંયા પ્રતિબિંબ પાડીને તેમાં આપ સૌનો સાથ માગી રહી છે તો એની અંદર આપ સૌ મદદ કરશો એવી આપ સૌની પાસે અપેક્ષા.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ બાબત જાણવા માગુ છું મેં મારા પ્રવચનમાં કહ્યું હતું મોર્ડન મેડિકલ સાયન્સમાં હવે એવી દવાઓ ઉપલબ્ધ છે કે આલ્કોહોલ કન્ઝયુમ કરનારો અથવા જે આલ્કોહોલીક થઇ ગયો છે તેને તમે de-addiction માટે તે જાતે ટ્રીટમેન્ટ માટે થઇને નથી જતો પણ પકડાયો છે આપના પાસે તો એને જેલની, દંડની સજાની સાથો સાથ ભલે આજે નહીં તો આવતાં દિવસોમાં તમે સરકાર ખરા અર્થમાં એ આલ્કોહોલિક માણસ ફરી આલ્કોહોલ કન્ઝયુમ જ ના કરી શકે એ માટેની કોઇ વિચારણા સરકાર કરવા માગે છે કે કેમ ? અને બીજુ હું પણ હિંદુ છું કદાચ શાસ્ત્રોના, ધર્મના અભ્યાસને વધારે સારી રીતે જાણવા માટે પ્રયત્ન કર્યો છે હિંદુ ધર્મમાં કોઇ ઓથોરિટી એવુ નથી કહેતી કે તમે નશો કરો. ત્યારે પ્રસાદને માથે ચડાવવાની પણ હિંદુ ધર્મમાં છે અને શિવજીની એક ભૂમિકા જુદી હતી શિવજીએ નશાનું નથી કહ્યું ત્યારે એ પણ સવાલ કસ્ટમને વળગી રહેવાના બદલે હિંદુ ધર્મ હંમેશા એ ફ્લેકસીબલ રહ્યો છે ત્યારે એ નશાખોરીની આદત શિવજીના નામથી કોઇ ન પ્રેરાય એ માટે પણ સરકાર વિચારણાં કરશે કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇએ બહુ સાચી વાત રજૂ કરી છે. વાત હું એ રીતે સાચી ગણું છું કે જેને પરંપરાગત રીતે દારૂ પીવાના વ્યસનની આદત પડી ગઇ હોય એ પકડાય અને એ પકડાયા પછી એને આ એડિકશનમાંથી કેવી રીતે બહાર લાવી શકાય માનનીય અધ્યક્ષશ્રી, હું એક બે ઉદાહરણ આપવા માગુ છું કે સુરતની અંદર દારૂબંધીના કડક અમલના કારણે, દારૂ નહીં મળવાના કારણે લોકો ગમે તે પ્રકારનું પોતે આરોગીને નશો કરવા માટેના પ્રયાસો કરી રહ્યાં છે. જે જૂના પરંપરાગત બુટલેગરો હતા જે દારૂનું વેચાણ કરતા હતા અને દારૂ નહિ મળવાને કારણે કલકત્તાથી આવતી એક હૉમિયોપેથિક દવા કે જેની અંદર ૯૦ ટકા જેટલું મિથેન હોય એને મિક્ષ કરીને પીવાના કારણે સૂરતની અંદર હમણા જે પ્રસંગ બન્યા એ ચિંતાકારક પ્રસંગ છે. દારૂબંધીના કડક અમલની સાથે દારૂ નહિ મળવાના કારણે જે વ્યસનવાળા લોકો છે એ ગમે તે પ્રકારના આવા નકલી, હલકા પ્રકારની ગુણવત્તાવાળા અથવા યેનકેન પ્રકારના કેમીકલો ભેળવીને એમાંથી નશો કરવાના કારણે ક્યાંક લઠ્ઠાકાંડ થવાની ચિંતાઓ અમને પણ છે. એટલા માટે કે જ્યારે એને પૂરતા પ્રમાણમાં દારૂ મળતો હોય ત્યારે આ પ્રમાણેના કોઇપણ દારૂ પીવા માટે પ્રેરાતો ન હતો. એના માટે પણ અમારી સચેતતા છે. આપણો નશાબંધી અને આબકારી વિભાગ છે અને નશાબંધી અને આબકારી વિભાગનો જે તે વખતે અમે આ કાયદો લાવ્યા ત્યારે અમારા ધ્યાન ઉપર દોરવામાં આવ્યું હતું કે, સાહેબ આપણે કાયદાનો કડક અમલ કરાવી શકીશું પરંતુ પરંપરાગત રીતે દારૂ પીવાવાળા લોકોની શારીરિક અને મનસ્થિતિ બગડશે. એને એમાંથી બહાર લાવવા માટે ઇન્દિરા બ્રિજ પાસે કનોરીયા હોસ્પિટલ છે અને એના માધ્યમથી કાઉન્સિલીંગના કેમ્પ કરીને એમાંથી એને કેવી રીતે બહાર લવાય એ માટે છે. માત્ર દારૂ ન પીવો, દારૂ ન મળે એવું નહિ પરંતુ રાજ્ય સરકાર ચિંતીત છે અને એ દિશામાં અમે અમારો મેસીવ ડ્રાઇવ કરીને અમે એ લોકોના સંદર્ભમાં કરીશું. બીજો વિષય એમણે ભાંગના સંદર્ભમાં કીધો. હિંદુ સંસ્કૃતિમાં લખેલ છે કે ભાંગ એ ભગવાન શિવજીની પ્રસાદી છે અને મારે શિવજીને

પૂછવા ના જવાનું હોય કે, મને પુરાવા હોય તો આપો કે ભાંગ એ ભગવાન શિવનો પ્રસાદ છે. અમે તો માનીએ છીએ. અમારી બધાના શ્રદ્ધા કેન્દ્રો છે અને હિંદુ ધર્મના શ્રદ્ધા કેન્દ્રો સાથે ક્યારેય કોઇ છેડછાડ ન કરાય એવું હું શક્તિસિંહને પ્રાર્થના કરું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ઇંગ્લીશ દારૂની જે બ્રાન્ડ પકડાઇ હોય એ બ્રાન્ડની કંપની ઉપર આપણે કોઇ કેસ કે તપાસ કરીએ છીએ?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : કઇ બ્રાન્ડ કે કઇ કંપની એનું મને બહુ જ્ઞાન નથી પરંતુ દમણમાંથી કે દીવમાંથી જે ડીસ્ટીલરીમાંથી ગુજરાતમાં આવે અને એ ડીસ્ટીલરીમાંથી જ્યાં સપ્લાય થવાનો હોય એક્સ જગ્યાએ મહારાષ્ટ્રમાં જવાનો હોય અને ગુજરાતમાં એનું લેન્ડીંગ થઇ જાય તો એવા સંદર્ભમાં અને આની અંદર એક્સાઇઝ ચોરીનું એક મોટું રેકેટ ચાલે છે. એવું નહિ કે ગુજરાતની અંદર આ પ્રમાણેના દમણના લગભગ ૨૦૦ લોકો એવા છે કે, જેણે ગુજરાતની અંદર ગત દિવસોમાં દારૂના જુદા જુદા કેસોમાં એ લોકોનું નામ સંકળાયેલ છે. ગુજરાતની પોલીસ દમણના ગઇ અને દમણના એ આરોપીને ઝબ્બે કરી અને જેલના હવાલે પણ કર્યા છે. એટલા માટે ગ્યાસુદ્દીન ભાઇનો જે પ્રશ્ન છે એના સંદર્ભમાં પણ પોલીસતંત્ર આ પ્રમાણેના ગુજરાતની બોર્ડરમાંથી, એક – બે કેસ એવા પણ આવ્યા છે કે, હરિયાણામાંથી પણ આપણા ધ્યાનમાં આવ્યું છે. એ દિશામાં પણ આપણા પ્રયત્નો ચાલુ છે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક –૬–સન ૨૦૧૭નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૨૮, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૭નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૭નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

### અધ્યક્ષશ્રીનો નિર્ણય

### પ્રવચનમાં વિધાનસભા તથા સભ્યશ્રીઓની બદનક્ષી થાય તેવાં ઉચ્ચારણો દૂર કરવા અંગે

અધ્યક્ષશ્રી : આ વિધેયકની શરૂઆતમાં મારું જે રૂલિંગ બાકી હતું એની આપ સર્વેને જાણ કરવા માગું છું. આજ રોજ ગુજરાત નશાબંધી સુધારા વિધેયકની ચર્ચાની ભાગ લેતી વખતે માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે નશાબંધી કાયદાના કડક અમલીકરણના સંદર્ભમાં ગૃહમાં આવતા સૌ સભ્યોના સંદર્ભમાં કેટલાક ઉચ્ચારણો કર્યા હતા. આ સંબંધમાં માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તેને સમર્થન આપ્યું હતું. તે સમયે રેકર્ડ જોઇને મારો નિર્ણય આપવાનું મેં જણાવ્યું હતું. આ સંબંધમાં ગૃહનું રેકર્ડ હું જોઇ ગયો છું. રેકર્ડ જોતાં માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે કરેલા ઉચ્ચારણો ગૃહ અને તેના સભ્યોને ગરિમાને હાનિ પહોંચાડતા હોય તેવાં મને જણાયાં છે. મારે સભાગૃહને જણાવવાનું કે, બંધારણની કલમ ૧૯૪થી ગૃહ તથા તેના સભ્યોને કેટલાક વિશેષ અધિકારો બક્ષવામાં આવ્યા છે. આ વિશેષ અધિકારોની રૂએ વિધાનસભા ગૃહના સભ્યોને ગૃહમાં વાણી સ્વાતંત્ર્યનો અધિકાર પણ મળેલ છે, પંરતુ આ અધિકાર બંધારણ તથા વિધાનસભાના નિયમોથી લાદેલ નિયંત્રણોને આધિન છે. વિધાનસભાના નિયમોના નિયમ– ૩૪ અને ૩૭ હેઠળ વિધાનસભામાં થતા પ્રવચનો ઉપર જુદા જુદા નિયંત્રણો મૂકવામાં આવ્યા છે. તે નિયંત્રણો અનુસાર ગૃહના કોઇપણ સભ્ય, કોઇપણ વ્યક્તિ કે સંસ્થાની બદનક્ષી થાય તેવા ઉચ્ચારણો પ્રવચન દરમિયાન કરી શકતા નથી. માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલે નશાબંધી નીતિના અમલીકરણ સંબંધે જે ઉચ્ચારણો કર્યા છે તે વિધાનસભા ગૃહ તથા તેના સભ્યોની બદનક્ષીકારક અને આ સર્વોચ્ચ સંસ્થાની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે છે અને તેમ કરીને નિયમ –૩૪ અને ૩૭ના ઉલ્લંઘન સમાન હોઇ તેવાં ઉચ્ચારણો હું રેકર્ડ ઉપરથી રદ કરું છું અને ભવિષ્યમાં માનનીય સભ્યશ્રી એવાં ઉચ્ચારણો કરવાથી દૂર રહે તેવી તાકીદ કરું છું. નેકસ્ટ.

## તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, આ સભાગૃહ, સન ૨૦૧૬નો વટહુકમ-૫-સન ૨૦૧૬નો ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વટહુકમ નામંજૂર કરે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક-૪

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી શંકરભાઇ લ. ચૌધરી ( રાજયકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, •રાજયપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક- ૪- સન ૨૦૧૭ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રીઃ વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી ( રાજયકક્ષાના શહેરી વિકાસ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક- ૪- સન ૨૦૧૭ના ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીની અંદર આ સરકાર ધારાસભ્યશ્રીઓના હક્કો ઉપર તરાપ મારતી હોય છે. એકબાજુ સરકાર એમ કહે છે કે અમે વટહુકમ બહાર પાડતા નથી, ઓવર ડ્રાફ્ટ પણ નથી લેતા. અહીંયા એનાથી ઉલટુ જ થઇ રહ્યું છે એ બોલે છે કંઇ અને કરે છે કંઇ એની અમને સમજ નથી પડતી કે સરકાર શું કરવા માગે છે, સરકારને એવી શું જરૂર પડી કે આ રીતે વટહુકમ લાવવો પડ્યો.

પોઇન્ટ ઓફ ઓર્ડર

વટહુકમ બહાર પાડવા અંગે

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે.માનનીય સભ્યશ્રી બલવંતસિંહજીએ એમ કહ્યું કે આ સરકારના મંત્રીશ્રીઓ એમ કહે છે કે અમે વટહુકમ બહાર પાડતા નથી. આવું અમારા કોઇ મંત્રીશ્રીએ કહ્યું હોય એવું ધ્યાનમાં નથી. વટહુકમો તો સમયાંતરે બહાર પડતા હોય છે અને પાડવા પણ પડે. એટલે અમારા કોઇ મંત્રીશ્રીએ બહાર નથી પાડતા એવું કહ્યું નથી એવુ જે એમનુ વિધાન છે એ મારી દ્રષ્ટિએ યોગ્ય નથી તેથી એ શબ્દો રદ કરવા જોઇએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી આ મુદ્દો ઉપસ્થિત કરે છે ત્યારે મારે એમને કહેવું છે કે આપણી સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિનું પુસ્તક છે એ વાચવા માટે કહું છું. વટહુકમ આપણે સંસદીય પ્રણાલિકાઓ પ્રમાણે ઓછામાં ઓછા બહાર પાડવા જોઇએ અને એ આવકારદાયક છે અને એવી સંસદીય પ્રણાલિકા છે.માનનીય દંડકશ્રીએ વાત કરી એ એ અંગે મારે જણાવવાનું કે આપે આ પાટલી ઉપર બેસીને વારંવાર કહ્યું છે કે વટહુકમો બહાર ન પાડવા જોઇએ. ત્યાં બેઠા પછી પણ કહ્યું છે કે વટહુકમના સંદર્ભમાં અમે પ્રથમથી દૂર રહ્યા છીએ. પરંતુ છેલ્લા થોડા સમયથી વટહુકમો વધારે આવ્યા છે.આપણી સંસદીય પ્રણાલિકા અને કાર્યરીતિ પુસ્તિકામાં જણાવ્યું છે કે વટહુકમો બહાર ન પાડવા જોઇએ. એટલે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી જે પરિસ્થિતિ છે એમાં સ્પષ્ટ લખ્યું છે. વટહુકમો ઓછામાં ઓછા બહાર પડે એ સંસદીય પ્રણાલિકા આવકારદાયક છે. એટલે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહભાઇ તથા માનનીય શકિતસિંહજીએ વાત કરી કે ઓછામાં ઓછા વટહુકમો હોવા જોઇએ એવી વાત સાથે સહમત પરંતુ સરકારને સમય પ્રમાણે એમ લાગે કે વધારે કામ કરવાની જરૂરિયાત છે ત્યારે વટહુકમ જરૂરી છે અને એ કરવું જોઇએ એવું માનનીય નીતિનભાઇએ કહ્યું છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, વટહુકમ કેવા સંજોગોમાં બહાર પડાય એના માટે પણ પુસ્તકમાં લખ્યું છે. આ સરકારને એવી કઇ કટોકટી ઉભી થઇ કે વિધાનસભા મળવાની છે એના પહેલા છ જેટલા વટહુકમો બહાર પાડવા પડ્યા. બંધારણની કલમ ૨૧૩માં બહુ સ્પષ્ટ લખ્યું છે કે વટહુકમ બહાર પાડવો હોય, ત્યારે કટોકટી જેવા સંજોગો હોય કે કોઇ તાકીદના સંજોગો ઉભા થયા હોય એવા
સંજોગોમાં બહાર પાડવામાં આવે છે. અહીંયા ૨.૫ વર્ષ કરવાની વાત થઇ એમાં એવી કઇ સ્થિતિ પેદા થઇ કે તમારે વટહુકમ બહાર પાડવો પડ્યો? અહીંયા ૯ બિલમાંથી છ બિલમાં વટહુકમ લાવ્યા છો. કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળે ત્યારે બિલોને પ્રાયોરિટી માટેની ચર્ચા થતી હોય છે અને એ બિલ ઉપર ચર્ચા કરવા માટે પૂરતા દિવસો પણ મળતા નથી. સરકાર કેવા સંજોગોમાં આ વટહુકમ લાવવો જોઇએ એના મારે અસંખ્યા દાખલાઓ અને પૂરાવાઓ છે. લોકસભાના પણ રૂલિંગો આપેલા છે જે પાના નંબર ૬૧૦ ઉપર આપેલ છે. કે કોઇ એવા સંજોગ પેદા થાય તો જ બહાર પાડવા જોઇએ. સરકાર આવા

• વિધેયક તા. ૧૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

વટહુકમો બહાર પાડે તેમાં જેમ દારુબંધીનો વટહુકમ હતો તો અમને એમ લાગ્યું કે યોગ્ય છે માટે અમે વટહુકમ નામંજૂર કરવા માટેની દરખાસ્ત નહોતી કરી. એટલા માટે કે સારું કામ થાય છે. સારું કામ છે માટે અમે બધા જ સભ્યશ્રીઓએ સહકાર આપ્યો. ૧૮૨ની લોકશાહી ધીમે ધીમે સરમુખત્યારશાહી તરફ આગળ ન વધે એના માટે મારે કહેવું છે કે આ વટહુકમ ખરેખર નામંજૂર કરવો જોઇએ અને સરકારે બિલ લાવવું જોઇએ એવી વિનંતી છે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર જેટલી સરળતા થાય, જેટલી લોકોને અગવડતા ઓછી પડે તે માટે પ્રતિબદ્ધ છે. માનનીય વિજયભાઇ રૂપાણીની આ સરકારે એ પ્રમાણેનો નિર્ણય કર્યો. લોકોને ક્યાંથી કઇ બાબતમાં સરળતા થઇ શકે, તેના માટેના જે કંઇ રસ્તા કરવા પડે તો પ્રજા કલ્યાણ માટેના રસ્તા લીધા છે. તાલુકા પંચાયત હોય, જિલ્લા પંચાયત હોય એના હોદ્દેદારો હોય, નગરપાલિકા, મહાનગરપાલિકાના હોદ્દેદારો હોય અને ખાસ કરીને મહાનગરપાલિકામાં મેયરની સીટ તો અઢી વર્ષ, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનની ટર્મ અઢી વર્ષ. બાકીની કમિટીઓ તેના અઢી વર્ષ. એક માત્ર ડેપ્યુટી મેયરના માટે દર વર્ષે ચૂંટણી થાય, એટલે વિકાસ માટે ખાસ કરીને મેયરની ગેરહાજરીમાં ડેપ્યુટી મેયર પાસે આ ચાર્જ રહેતો હોય. મેયરનું પદ એ પણ કોર્પોરેશનમાં એક જવાબદાર કહી શકાય તેવું પદ છે. તો બધી જગ્યાએ એક સરખી સરળતા રહે. બધી જગ્યાએ એક સરખો માપદંડ રહે એટલા માટે બાકીના હોદ્દાઓની મુદત જે પ્રમાણે હતી એ જ પ્રમાણે અહીં એક વર્ષની જગ્યાએ અઢી વર્ષ કરવા માટેનો નિર્ણય કર્યો છે. મને લાગે છે કે માનનીય બલવંતભાઇએ હમણાં જે વાત કરી તો આમાં વટહુકમથી આવે કે આ રીતે આવે, ખરેખર તો અભિનંદન આપવા પડે કે જેનો અમલ હવે થાત તેનો અમલ થોડો વહેલો થયો. જેના કારણે લોકોને એની સુવિધા વધારે વહેલી મળતી થઇ. આવું શું કામ કરવું પડે છે? આ એ નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓ છે કે જેના માટે રાજ્ય સરકાર ચિંતા કરીને શહેરોમાં રહેતી અંદાજીત ૫૦ ટકા જેટલી જન સંખ્યાની સુખાકારી વધે તે માટે સતત ચિંતિત છે અને તેનું અમલીકરણ કરવાનું કામ કોર્પોરેશને કરવાનું હોય છે. ગુજરાતમાં ૧૬૨ જેટલી નગરપાલિકાઓ, ૮ જેટલા શહેરી સત્તા મંડળો અને ૮ મહાનગરપાલિકાઓ. આ બધામાં હમણાં રાજ્ય સરકારે ગ્રાન્ટો આપવાનું કામ કર્યું . મેં હમણાં એક પ્રશ્નમાં પણ આજે વિધાનસભામાં કહ્યું હતું, ૧૦૦ ટકા શહેરી વિસ્તારોમાં ઓ.ડી.એફ. કરવા માટે ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત કરવાનું કામ જે મહાત્મા ગાંધીજીનું સ્વપ્ન હતું એ પૂર્ણ કરવાનું કામ કેન્દ્રમાં આવેલી નરેન્દ્રભાઇ મોદીની સરકાર અને રાજ્યમાં આવેલી વિજયભાઇ રૂપાણીની સરકારે સમગ્ર દેશની અંદર ગુજરાતના સૌથી પહેલા નંબરે પહોંચી શક્યું છે. અમારા નાયબ મુખ્યમંત્રી અને નાણામંત્રી શહેરી વિકાસ વિભાગ પણ જૂએ છે. દરેક ઘર સુધી નળ મારફતે પાણી, ડ્રેનેજ, સ્ટ્રીટ લાઇટ આ બધી સુવિધાઓથી સજ્જ કરીને ગુજરાતમાં લોકોને પ્રથમ નંબરે સુખાકારી મળે તે માટે સતત ચિંતા કરે છે. નહીંતર એ દિવસો પણ આપણે જોયેલા કે રાજકોટ જેવા શહેરમાં પીવાનું પાણી લઇ જવા માટે રેલવે લઇ જવી પડે અને ૧૦-૧૦ દિવસે પાણી ન મળતું હોય એની જગ્યાએ ઘેર બેઠાં નળથી પાણી મળી શકે એવું દેશમાં (અંતરાય) બાપુ આપનો વિસ્તાર છે. મારે પેલું મગજના ડોક્ટરવાળું કહેવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે એ પણ જાણકારી આપવી છે કે ઘન કચરાના ડોર ટુ ડોર કલેક્શનનું અમલીકરણ કરવામાં આવ્યું. દૈનિક ૧૦૦૦૦ મેટ્રીક ટન ઘન કચરામાંથી વીજળી ઉત્પન્ન કરવાનું પહેલી વખત દેશની અંદર ગુજરાતે શરૂઆત કરી. માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની વીજળી બચાવો, ખર્ચ બચાવોના મંત્રને સાર્થક કરવાની રાજ્યની વ્યવસ્થા તેમજ સ્ટ્રીટ લાઇટોની અંદર એલઇડી લાઇટ માટેની કામગીરી હાથ ઉપર લીધી. લાઇટનું ખર્ચ બચે તો નગરપાલિકા, મહાનગરપાલિકાઓને લાઇટનો ખર્ચો બચી શકે તે માટેનું કામ જે હાથ ઉપર લીધું. એલઇડીની કામગીરી હાથ ઉપર લીધા પછી અત્યારે ૨ લાખથી વધુ એલઇડી લગાવી દેવામાં આવી. આગામી ત્રણથી ચાર મહિનામાં બાકીની કામગીરી પણ પૂરી કરી દેવામાં આવશે. એટલે ગુજરાત આ દિશાની અંદર પણ પ્રોએક્ટીવ થઇને વીજળીની બચતની દિશામાં આગળ વધી રહ્યું છે. વિવિધ યોજનાઓમાં અમલીકરણ કરવામાં ગુજરાત પહેલા નંબરે રહ્યું છે. જે અંતર્ગત ૩.૮૨ લાખ જેટલા આવાસોનું આયોજન કર્યું અને એમાં ૧.૫૭ લાખ જેટલા આવાસો પરિવારોને ફાળવી દેવામાં આવ્યા છે. રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને માળખાગત સુવિધાઓ જેવી કે પીવાના પાણી, ગટર વ્યવસ્થા, ડ્રેનેજ, પુલ, ફ્લાય ઓવર, ઓડિટોરીયમ, શહેરના ભવ્ય વારસાને જાળવવા માટેના ઓળખના કામો, સોસાયટીઓમાં જન ભાગીદારીથી આંતરીક રસ્તાઓ માટેના કામો અને ૨૦૦૯થી અમલમાં મૂકવામાં આવેલી સ્વર્ણજયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ૨૨૦૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ અત્યાર સુધીમાં કરવામાં આવી. જેમાં અત્યાર સુધીમાં રૂ.૨૧૪૫૯/- કરોડની રકમ ફાળવી દેવામાં આવી છે. જેમાં છેલ્લા આઠ વર્ષમાં આ યોજના અંતર્ગત કેટલાક મહત્ત્વના કામો જોઇએ તો ૧૬૨ નગરપાલિકાઓમાં અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ લાઇન, પીવાના પાણી માટે રૂ.૫૬૭૬/- કરોડની ફાળવણી કરી દેવામાં આવી છે. રૂ.૨૫૦૦/- કરોડના આંતરમાળખાકીય વિકાસના કામો અને રૂ.૧૧૩૮૧/- કરોડની સામે રૂ.૧૦૧૮૦/- કરોડના કામો અલગ અલગ યોજનાઓમાં થઇ ગયા છે. આમ વિકાસ માટેની એક વણથંભી વિકાસ યાત્રા ગુજરાતની અંદર ચાલુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની અંદરથી પસાર થતી સાબરમતી નદીને આપણે વર્ષોથી જોઇએ છીએ. નાના બાળકોને સૂકી નદી માટે નિબંધ લખવાનો હોય તો એ કેવો લખે! નદીની અંદર ગાંડા બાવળ હોય, કચરાના ઢગ હોય, રેતી હોય, ઝૂંપડપટ્ટી હોય એવી નદી. આજે આ નદીની હાલત બદલાયેલ છે. સાબરમતી નદીના રિવર ફ્રન્ટ અને પાણીથી ભરેલી નદીને જોવા ગુજરાતના નહીં પણ દુનિયાભરના લોકો અહીં આવે છે. ગુજરાતના લોકો અને અમદાવાદના લોકો એનું ગૌરવ લઇ શકે છે. આ પોલિટિકલ વિલના કારણે થઇ શક્યું છે. (અંતરાય) આ બધું શું કામ કરવામાં આવ્યું એની પૂર્વ ભૂમિકા આપને

આપી રહ્યો છું. આપે જ્યારે વાત કરી કે વટહુકમ શા માટે લાવવામાં આવ્યો? એનો જવાબ હું આપને આપી રહ્યો છું. આટલા આટલા પૈસા રાજ્ય સરકારે ફાળવ્યા છે, એના અમલીકરણ માટે આપ્યા છે. એ વખતે સત્ર ચાલુ નહોતું એટલે આ વટહુકમ લાવવો પડ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીઆરટીએસ અંતર્ગત ૮૯ કિ.મી.ના રસ્તાનું આયોજન અમદાવાદમાં થયું એમાંથી ૮૨ કિ.મી.ના રસ્તાઓ ઉપર સેવાઓ કાર્યરત થઇ ગઇ છે. રાજકોટ શહેરની અંદર પણ બીઆરટીએસના પ્રોજેક્ટ માટે ૩ કોરીડોર ૧૮૯ કિ.મી.ના કરેલા છે. જે પૈકી ૬૩.૫ કિ.મી.ના રોડના કામો પૂર્ણ થયા છે અને બસ સેવાઓ કાર્યરત કરવામાં આવી છે. સાથોસાથ સુરત શહેરમાં પણ ૧૦૨ કિ.મી.ના રસ્તાઓનું આયોજન કરવામાં આવ્યું છે ત્યાં ૩૦ કિ.મી.ના રસ્તાઓના કામ પૂર્ણ થતાં ત્યાં સેવાઓ ચાલુ થઇ ગઇ છે. નરેન્દ્રભાઇ મોદીની ભારત સરકારે કેન્દ્રીય પુરસ્કૃત સ્માર્ટ સીટીની અંદર સ્માર્ટ સીટી મીશન અંતર્ગત પ્રથમ તબક્કાની અંદર અમદાવાદ, સુરત અને બીજા તબક્કાની અંદર વડોદરા શહેરની પસંદગી કરવામાં આવી છે જે અગાઉ સ્માર્ટ માટેની કોઇ કલ્પના કરવી પણ અઘરી હતી આ થઇ શક્યું. ત્યાં આગળ કેન્દ્રમાં સરકાર આવી એ અને રાજયમાં પણ આ સરકાર છે એના આધારે પાંચ વર્ષ માટે સ્માર્ટ સીટી દીઠ કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦૦ કરોડ રૂપિયા રાજય સરકારના ૫૦૦ કરોડ તથા મહાનગરપાલિકાના ૫૦૦ કરોડ મળી ૨૦૦૦ કરોડના વિકાસના કામો તથા અન્ય યોજનાઓ સાથે સંકલન કરી એક મૉડેલ ગૃપ સ્માર્ટ સીટી ડેવલપ કરવાનું આપણે કામ હાથ ઉપર લીધું છે. રાજય સરકારે દેશની અંદર પ્રથમ કેપિટલ સ્માર્ટ સીટી તરીકે રુ. ૨૨ કરોડના ખર્ચે ગાંધીનગરની અંદર જયાં આપણે રહીએ છીએ, જયાં વિધાનસભા આપણી ચાલે છે, ૨૦૭ જેટલા CCTV કેમેરા લગાડવામાં આવ્યા છે. સ્માર્ટ સીટીમાં ૧૧૬૫૪ ESL દ્વારા LED સ્ટ્રીટ લાઇટ લગાવી ૩૦ ટકા જેટલી વીજળીની બચત પણ કરવામાં આવી છે એટલે એક બાજુ એક થાંભલા ઉપર LED સ્ટ્રીટ લાઇટ પણ હોય બીજી બાજુ કેમેરા પણ લગાડેલા હોય. હવે CCTV કેમેરાનું કામ પણ અમે અલગ રીતે લઇ રહ્યા છીએ. એક તો ટ્રાફિકનું કંટ્રોલીંગ થાય, પોલીસ માટે સીકયુરીટી માટેની વ્યવસ્થા માટે પણ કામ આવે અને ત્રીજું સફાઇ અને બાકીની વ્યવસ્થાઓ જે કરવાની હોય તેમાં પણ તેનો ડેટા અને કલેકટીવ ડેટાના આધાર ઉપર રાજય સરકાર આ દિશાની અંદર એક સ્માર્ટ કામ પણ કોર્પોરેશનની અંદર અને મહાનગરોની અંદર કરવા જઇ રહ્યા છે. શહેરી ગરીબોના પરિવહન, ઉર્જા, સંવર્ધન અને નાણાકીય વ્યવસ્થાપન, શહેરી વહિવટી સંચાલન અને પાણી પુરવઠાની ઇ–ગવર્નન્સ વગેરે હેઠળ પહેલવૃત્તિ અને પ્રશંસનીય કામગીરી માટે રાજયની મહાનગરપાલિકાઓને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓને ૫૦થી વધુ એવોર્ડ રાજયની નગરપાલિકાઓને આ દિશાની અંદર મળ્યા છે એ પણ આપણા માટે ગૌરવવંતુ કામ કહેવાય એટલે એના ઉપરથી અંદાજ આવી શકે કે કામ માટે કેટલું વિશાળ ફલક અત્યારે ઉભું થયું છે. શહેરીજનોની સુવિધાને પૂર્ણ કરવા સગવડો અને સેવાઓ પૂરી પાડવા માટે પ્રજાનું જીવનધોરણ ઉંચુ લાવવા માટે રાજય સરકારે શહેરી વિભાગની અંદાજપત્રીય જોગવાઇમાં માતબર સુધારો કર્યો છે. પહેલા વટહુકમ એટલા માટે ના લાવવામાં આવતો કે ૨૦૦૧ની અંદર રૂ. ૧૨૧ કરોડની જોગવાઇ હતી. તેની સામે ૨૦૧૪માં ૬૫૫૫ કરોડ રૂપિયા કરવામાં આવ્યા. ૧૨૭ કરોડની જગ્યાએ ૬૫૫૩ કરોડ અને વર્ષ ૨૦૧૫–૧૬ની અંદર ૧૨૭ કરોડ હતા એની સામે ૧૦૨૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી અને વર્ષ ૨૦૧૬–૧૭ની અંદર ૧૧૨૫૬ કરોડ અને વર્ષ ૨૦૧૭–૧૮ની જે જોગવાઇ આ વખતે અંદાજપત્રની અંદર મૂકવામાં આવી છે એ ૧૧૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. હવે શહેરો માટેની આપણી જૂની જે કલ્પના હતી પીવાનું પાણી ન મળે, સ્ટ્રીટ લાઇટની વ્યવસ્થા ન હોય, કચરાના ઢગ પડયા હોય તે પ્રમાણેનું નહીં પરંતુ એક સ્માર્ટ, દેશની અંદર નહીં પણ દુનિયાની અંદર સરખામણી કરી શકે તે પ્રમાણેના નગરો અને મહાનગરો ગુજરાતના બનવા માટે આગળ વધી રહ્યા છે. શહેરના પ્રથમ નાગરિક એવા મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયરની મુદત પણ પહેલા એક વર્ષની હતી જેમાં ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ એકટમાં વર્ષ ૨૦૦૦માં સુધારો કરી મેયરની મુદતની એક વર્ષની જગ્યાએ અઢી વર્ષ કરવામાં આવી જેના પરિણામે કોર્પોરેશનના વહીવટમાં વધુ સ્થિરતા આવી અને કોર્પોરેશનના રોજબરોજના નિર્ણયમાં મેયરનો રોલ ઘણો એ અગત્યનો હોય છે. મેયરના નિર્ણય ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનના વિકાસનો આધાર રહેલો હોય છે તો એક વર્ષની જગ્યાએ અઢી વર્ષ થવાને કારણે ત્યાં આગળ ઘણી ગતિશીલતા આવી. મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મેયરની ગેરહાજરીમાં ડેપ્યુટી મેયર, મેયર તરીકેની કામગીરી બજાવતા હોય છે તો ગુજરાત પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ની કલમ–૧૯ (૧)(ક)માં નાયબ મેયર બાબતે જોગવાઇ છે કે કોર્પોરેશને સામાન્ય ચૂંટણી પછી તેની પ્રથમ બેઠક અને ત્યાર પછીના દરેક વર્ષે તે જ મહિનામાંની તેની પ્રથમ બેઠકમાં કાઉન્સિલરમાંથી એક સભ્યને નાયબ મેયર તરીકે ચૂંટવામાં આવે. મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર, સ્થાયી સમિતિના ચેરમેન, વાહનવ્યવહાર સમિતિ અને ખાસ સમિતિઓની મુદ્દત અઢી વર્ષની છે. જ્યારે માત્ર નાયબ મેયરની મુદ્દત હાલના કાયદાની જોગવાઇ મુજબ એક વર્ષની હતી. જેના કારણે કોર્પોરેશનના હોદ્દેદારોની મુદ્દતમાં એકસૂત્રતા જળવાતી નથી. પરિણામે મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી ઉપર વિપરિત અસરો ઉભી થવાના સંજોગો ઉભા થવાની શક્યતાઓ રહેલી છે. આવા સંજોગોમાં વહીવટી દ્રષ્ટિએ પણ હોદ્દેદારોની મુદ્દત એક સરખી હોય તે જરૂરી છે. આથી ઉક્ત બાબતને લઇને ડેપ્યુટી મેયરની મુદ્દત અઢી વર્ષની કરવાની જોગવાઇ આ બિલમાં લઇને હું આવ્યો છું. મારી આ સભાગૃહે વિનંતી હતી કે આ પ્રો–એકટિવ છે, આ પક્ષ કે પેલા પક્ષનું નથી. કોર્પોરેશન જેનું પણ હોય, ત્યાં એકસૂત્રતા જળવાઇ રહે તે માટે લવાયેલ આ સુધારા છે. વટહૂકમને સુધારા તરીકે આપણે સૌ માન્ય રાખીએ એવી વિનંતી કરું છું.

ફાલ્ગુન ૩, ૧૯૩૮ શાકે

ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક, ૨૦૧૭

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના મ્યુનિસિપલ કોર્પોરેશનોના ડેપ્યુટી મેયરની મુદ્દત એક વર્ષના બદલે અઢી વર્ષની કરવા અંગેનું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયક માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી, શહેરી વિકાસ શ્રી શંકરભાઇ ચૌધરી સાહેબ આજે જે સભાગૃહમાં લાવ્યા છે તેમને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શહેરોને લગતી અને તેમાં પણ ખાસ કરીને મહાનગરપાલિકાઓમાં રહેતા શહેરીજનોને વધુમાં વધુ અને સારામાં સારી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સતત રાજ્ય સરકારનો શહેરી વિકાસ વિભાગ કાર્યરત છે. ગુજરાતમાં ૮ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓ અસ્તિત્વમાં છે. મહાનગરપાલિકાઓમાં વહીવટી પ્રક્રિયા માટે એક મેયર, ડેપ્યુટી મેટર, સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન અને જુદી જુદી કમિટીઓના ચેરમેનશ્રીઓના હોદ્દા પ્રવર્તમાન છે. આ કામો ઉપર આ હોદ્દેદારો દ્વારા મોનિટરીંગ કરવામાં આવે છે. મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી અને જુદી જુદી કમિટીઓના ચેરમેનશ્રીઓ આ તમામ વહીવટી પ્રક્રિયામાં સતત જાગૃત રહી શહેરનો વિકાસ આગળ વધે તે માટેના પ્રયત્નો કરતા રહે છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારોની મુદ્દત એકસરખી હોય તો મહાનગરપાલિકાઓના વિકાસના અને વહીવટના કામોમાં એકસૂત્રતા જળવાઇ રહે તે માટે ડેપ્યુટી મેયરની મુદ્દત અઢી વર્ષ કરવાનો આ સુધારો છે એને હું આવકારું છું અને મારો સૂર પુરાવું છું. માનનીય મંત્રીશ્રી, શહેરી વિકાસે ગુજરાતના છેલ્લા ૨૦-૨૦ વર્ષના ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ગુજરાતમાં નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓના વિકાસની ખૂબ વિસ્તૃત વાત કરી. હું આપ સૌને આપના માધ્યમથી આ સભાગૃહના સૌ સભ્યોને યાદ કરાવું છું કે, હું ૧૯૮૭માં જ્યારે તાલુકા પંચાયતનો સભ્ય હતો ત્યારે અમને ખબર છે કે એ વખતે જો પાણીનો ટ્યૂબવેલ ફેઇલ થાય તો એને ફરીથી કરવા માટે ૩-૪ મહિના સુધી આંટાફેરા કરવા પડતા હતા અને આજે અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારની અંદર અને આજના દેશના વડાપ્રધાન એવા શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદ્રષ્ટિ અને તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી તરીકે જ્યારે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ હતા ત્યારે એમણે ગુજરાતની અંદર મહાનગરપાલિકામાં રહેતા અને નગરપાલિકામાં રહેતા પ્રજાજનોને માટે વિકાસના કામો માટેની અનેક યોજનાઓ અમલમાં મૂકી હતી. જ્યારે ગુજરાતને ૫૦ વર્ષ થયા એના અનુસંધાનમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાતમાં એક મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાનો અમલ કરી ગુજરાતની અંદર મધ્યમથી ગરીબ પરિવારની સુખાકારી માટે પીવાનું પાણી, ગટર લાઇન, સ્ટ્રીટ લાઇટ, રોડ, ઓવરબ્રીજ અને ટ્રાફિકની સમસ્યામાંથી એની નિકાલ કરવા માટેની અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી. ૨૦૦૭ અને ૨૦૦૯ની અંદર આ યોજનાનો અમલ થયો. ૨૦૦૯ પછી અત્યાર સુધીમાં લગભગ ૨૨૦૦ કરોડ રૂપિયાની આ યોજનામાં ફાળવણી કરવામાં આવી અને માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે વાત કરી ૨૨૦૦૦ કરોડમાંથી લગભગ ૯૫% આ યોજનાની પાછળ ખર્ચ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદની વાત કરીએ તો ઘણી બધી સોસાયટીઓ ઘણાં બધા વર્ષોથી ક્યારેય પણ આરસીસી રોડ ના હોય, પીવાના પાણીની સગવડ ના હોય, ક્યાંક કોમન પ્લોટની અંદર બ્લોક નાખવાનું આયોજન ના હોય એની અંદર ૮૦ : ૨૦ની સ્કીમનો અમલ કરીને જન ભાગીદારીથી એટલે કે સોસાયટીના ૧૦% , ૮૦% સરકાર-કોર્પોરેશન અને ધારાસભ્યના બજેટમાંથી આનો અમલ કરી આજે આપણે જે કોઇ મહાનગરપાલિકા છે અથવા તો નગરપાલિકા છે એમાં ૯૫% જેટલા કામો આજે પૂર્ણ કરવામાં આ રાજ્ય સરકારની સફળતા છે. એવા તો અનેક કામો અમદાવાદની અંદર રિવર ફ્રન્ટ હોય, કાંકરિયા તળાવ હોય એવી અનેક યોજનાઓ પ્રજાલક્ષી બનાવીને આ સરકારે પ્રજાના હિત માટેના કામો કર્યા છે. આ અઢી વર્ષનો કાયદો યોગ્ય અને વહિવટી પ્રક્રિયામાં સરળતા રહે અને તમામ પદાધિકારીઓનો અઢી વર્ષનો કાયદો હોવાથી આ ડેપ્યુટી મેયરનો પણ અઢી વર્ષનો કાયદો થાય અને જે સુધારો અમારા માનનીય મંત્રીશ્રી લાવ્યા છે એમને હું મારું સમર્થન આપી મારી વાત પૂર્ણ કરું છું.

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં હું મારો ટેકો આપું છું. 'જાગ્યા ત્યારથી સવાર'.

બિલનો મુખ્ય મુદ્દો એટલો છે કે ડેપ્યુટી મેયરની પોસ્ટ એ અઢી વર્ષ માટે કરવી અને એના માટેની ચર્ચા પણ માનનીય મંત્રીશ્રીએ કરી. આમ તો હું ટેકો આપીને બેસી જેવાનો હતો પણ જે રીતે કોર્પોરેશનના થતા કામોની વિગતો માનનીય મંત્રીશ્રીએ કરી એટલે મને એમ થયું કે પાંચ મિનિટ મારે પણ બોલવું જોઇએ. અઢી વર્ષની મુદત એ મેયરશ્રીની મુદત, અઢી વર્ષની મુદત એ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની મુદત, બાકીની કમિટીના ચેરમેનોની મુદત પણ અઢી વર્ષ છે. હું ખાસ કરીને અમદાવાદ શહેરની વાત કરીશ. અમદાવાદ શહેરની અંદર કોર્પોરેશન સંચાલિત શાળાઓ આવેલી છે અને આ સંચાલિત શાળાઓમાં સ્કૂલ બોર્ડના ચેરમેનની નિમણૂક થતી હોય છે. તમે જ્યારે બધો જ ગાળો અઢી વર્ષનો રાખો છો ત્યારે અમદાવાદ કોર્પોરેશનના સ્કૂલ બોર્ડના ચેરમેન અને એના સભ્યોની જે નિમણૂક છે એ ૫ વર્ષ માટે થતી હોય છે. કદાચ તમે આ બિલ નગરપાલિકાઓને આધીન અન્ય મહાનગરપાલિકાઓને આધિન બનાવ્યું હોય તો અમદાવાદ કોર્પોરેશનની સ્કૂલ બોર્ડ સંચાલિત શાળાઓના ચેરમનેની મુદત પણ અઢી વર્ષની જ છે. એટલે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આ અંગે વિચારીને પણ અમદાવાદ સ્કૂલ બોર્ડની અંદર પણ અઢી વર્ષની મુદત થાય એવી હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. ખાસ કરીને અઢી વર્ષની આ મુદત એક્ટ મુજબ મેયરશ્રી સ્ટેન્ડીંગ કમિટી અને અન્ય ચેરમેનોને આધીને આ કરવામાં આવી છે. પણ હું પોતે વ્યક્તિગત એવું માનું છું કે, આમાં કાંઇક નુકસાન જો જશે તો એ નુકસાન બન્ને રાજકીય પાર્ટીઓનું જશે. એટલા માટે કહું

છું કે, અઢી વર્ષની મુદત ડેપ્યુટી મેયરની બનાવ્યા પછી મેયરની મુદત અઢી વર્ષની હોય અને અનામતનું જે રોસ્ટર છે એ રોસ્ટરને આધિન એસ.સી.હોય, એસ.ટી. હોય, મહિલા હોય કે અન્ય હોય એ રોસ્ટરમાં એનો નંબર મેયર તરીકે નથી આવતો, પંદર વર્ષ પછી એનો નંબર આવે છે. આ ડેપ્યુટી મેયરની પોસ્ટ હતી કે જે પોસ્ટને આધિન, એ કોંગ્રેસ હોય કે ભારતીય જનતા પાર્ટીની સરકાર હોય, એ ડેપ્યુટી મેયરની પોસ્ટ ઉપર એક એક વર્ષના સમયગાળા દરમિયાન જે જાતિના લોકોને કદાચ અન્યાય જેવું લાગતું હોય, એ લોકોને જેનો વારો ના આવવાનો હોય પંદર વર્ષની અંદર એવા લોકોને આની અંદર સમાવેશ કરવામાં આવતો હતો. હું અમદાવાદ શહેરની જ વાત કરું કે, અમદાવાદ શહેરની અંદર આજે ડેપ્યુટી મેયરની પોસ્ટ છે, અમારા બહેન બેઠા છે પ્રમોદાબહેન એ શિડ્યુલ કાસ્ટના બહેન છે, એ અનામત નથી પણ અમદાવાદમાં શિડ્યુલ કાસ્ટની વસ્તી વધારે હોવાના કારણે રાજકીય નિર્ણય લઇને પણ એ સમાજને સાચવવાનું કામ એ દરેક વ્યક્તિએ અમારી વખતે પણ અમે કરેલું છે, તમે પણ એ કરેલું છે. ભૂતકાળમાં ડેપ્યુટી મેયર તરીકે પણ મૂકેલા છે, સ્ટેન્ડીંગમાં પણ મૂકેલા છે. હું તો પોતે એ મતનો છું (અંતરાય)

માનનીય અધ્યક્ષશ્રી, મારી જે ચિંતા છે કે જે અનામત રોસ્ટર અને અનામતની જે નીતિ છે, સરકારે જો આ બિલમાં કદાચ ઉંડાણપૂર્વક વિચાર્યું હોત અને ઉંડાણપૂર્વક વિચાર્યા બાદ (અંતરાય) મારી જે ચિંતા છે કે જો આ બિલમાં, બિલના હાર્દમાં કદાચ જો ગયા હોત આપ અને આ ડેપ્યુટી મેયરની પોસ્ટની અંદર પણ જો તમે અનામતની નીતિ જો દાખલ કરી હોત તો હું સ્પષ્ટપણે માનું છું કે, કોઇ પણ રાજકીય પાર્ટીની સત્તા હોય, અત્યારે તો આઠે–આઠ મહાનગરપાલિકામાં આપની સત્તા છે, તો એ એસ.સી. હોય, એસ.ટી. હોય, ઓ.બી.સી. હોય કે મહિલા હોય, સો ટકા એનો એને લાભ મળી શક્યો હોત. જો હજી પણ માનનીય મંત્રીશ્રી આપ કરવા માગતો હોવ તો અમે તો ઓપનમાં ટેકો કર્યો જ છે.( આ તકે મંત્રીશ્રી આત્મારામભાઇ પરમાર બેઠા બેઠા કાંઇક બોલતાં) આત્મારામભાઇ પંદર વર્ષે આપણો મેયર બનતો હોય અને આપણે જો ખુશ થતા હોઇએ દલિત તરીકે તો આપને સલામ છે. (અંતરાય) એવું ના હોય, મારા મનની લાગણી જે છે, સમાજની જે લાગણી છે એ મેં મૂકી. હું ટેકો આપીને આ વાત કરી રહ્યો છું આત્મારામભાઇ. હું વિરોધ નથી કરતો, હું ટેકો આપીને આ વાત કરી રહ્યો છું. ખાસ કરીને એક જે તકલીફ છે કે, જે મહાનગરપાલિકા અને નગરપાલિકાની અંદર આવતા શહેરના જે ધારાસભ્યો છે જેમ જિલ્લા પંચાયતની અંદર જિલ્લા પંચાયતનું બોર્ડ મળતું હોય ત્યારે જિલ્લા પંચાયતના બોર્ડની અંદર એ જિલ્લાના ધારાસભ્યોને આમંત્રિત તરીકે આમંત્રણ આપવામાં આવે છે અને એને બોલાવવામાં પણ આવે છે. ઘણા બધા મિત્રોએ મને આ અંગેની વાત પણ કરી કારણ કે, હું બોલવાનો હતો એટલે, એમની લાગણી એવી છે કે, મહાનગરપાલિકાની અંદર પણ આઠે આઠ મહાનગરપાલિકાઓ, નગરપાલિકાની અંદર પણ કે જે ધારાસભ્યશ્રીઓ છે એમને આમંત્રિત મહેમાન તરીકે બોલાવવામાં આવે કારણ કે એનો વિધાનસભા વિસ્તાર છે, એના વિસ્તારમાં આવે છે માટે એનો સમાવેશ જો કરવામાં આવે તો આ સભાગૃહના તમામ ધારાસભ્યોના વિસ્તારમાં જે પણ નગરપાલિકાઓ આવતી હશે એ લોકોને એનો લાભ થશે. માનનીય મંત્રીશ્રીએ ખૂબ સારી અમદાવાદ શહેર, સુરત અને કોર્પોરેશનના બજેટ અંગેની ખૂબ લંબાણપૂર્વક વાત કરી. શહેરી વિકાસના બજેટના પ્રોવિઝનની પણ ખૂબ સારી વાત કરી અને ખાસ કરીને કોંગ્રેસના જમાનામાં જે બજેટ હતું એની કરતા અમારું બજેટ કેટલું છે એની પણ વાત કરી. સો ટકા તમે ખૂબ સારું, અમારા રાજ કરતા તમારા રાજમાં ખૂબ સારું બજેટ આપ્યું છે. તમને અભિનંદન આપું છું પણ જયારે કોંગ્રેસે રાજ છોડયું ત્યારે આ રાજયનું દેવું ખાલી ૨૨૦૦૦ કરોડ રૂપિયા જ હતું, ૨૨૦૦૦ જ હતું સાહેબ અને આજે બે લાખ કરોડ ઉપર જયારે આ દેવું પહોંચી ગયું હોય તો એનો જશ પણ માનનીય મંત્રીશ્રી, આ સભાગૃહે લેવો જોઇએ આવું હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું. ખાસ કરીને મંત્રીશ્રીએ અમદાવાદ શહેરની પોતાના પ્રવચનમાં જે વાત કરી, હું એવા વિસ્તારમાંથી આવું છું કે જે વિસ્તારનો સમાવેશ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ૩૫ વર્ષથી થયો છે. ૩૫ વર્ષથી કોર્પોરેશનમાં એનો સમાવેશ થયા પછી પણ અમદાવાદ શહેરના મારા સાથી ધારાસભ્યશ્રીઓ છે એ ખૂબ સારી રીતે જાણે છે કે આ વિસ્તારનો સમાવેશ ૩૫ વર્ષથી થયો હોવા છતાં પણ સરકારશ્રી દ્વારા ટી.પી.નો અમલ ન થવાને કારણે, ટી.પી. બહાર ન પાડવાને કારણે આ વિસ્તારમાં જે વિકાસ થવો જોઇએ એ વિકાસ આજની તારીખે થઇ શકયો નથી. આપણે બી.આર.ટી.એસ.ની વાત કરીએ, પીવાના પાણીની વાત કરીએ, અન્ય સુવિધાઓની વાત કરીએ. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે મારા મત વિસ્તારનો બહેરામપુરા વિસ્તાર જે નવી વસ્તી કહેવામાં આવે છે કે જયાં ટી.પી. ન પડી હોવાના કારણે આજની તારીખમાં એક પણ બેંક ત્યાં ઉપલબ્ધ નથી અને બેંક એટલે ઉપલબ્ધ નથી કે બેંકને મકાન ભાડે આપવા માટે એનું એન.ઓ.સી. માગવામાં આવે છે અને એન.ઓ.સી.નું સર્ટીફીકેટ એટલા માટે મળતું નથી કે સરકાર દ્વારા ટી.પી. ફાઇનલ ન કરવાને કારણે ત્યાં એન.ઓ.સી. મળતું નથી માટે આ માધ્યમથી, માનનીય મંત્રીશ્રી અમારા પ્રભારી મંત્રી પણ છે. એમનો પ્રેમ અને સાથ સહકાર અમને મળતો રહે છે એમાં પણ ખોટું નથી પણ ટી.પી. જો વહેલી બહાર પડે તો મારા વિસ્તારને બેંક મળી રહે. ખાસ કરીને આપે જે વાત કરી, હું મારી વાત ટુંકાવીશ. આપે સ્માર્ટ સિટીની વાત કરી. અમદાવાદ, સુરત, બરોડા, રાજકોટ સ્માર્ટ સિટીની વાત કરી. એમણે કીધું ઘન કચરો ન હોય, લોકોને પીવાનું પાણી મળી રહે, રોડ રસ્તા, લાઇટો આ બધી સુવિધાની આપે વાત કરી પણ હું એ વિસ્તારનો ધારાસભ્ય છું કે જે વિસ્તારની અંદર આજની તારીખમાં તમે કદાચ સરખેજથી વિશાલા હોટલથી નીકળો નારોલ સર્કલ તરફ જવા તો તમને બે ત્રણ મોટા પહાડ દેખાશે. દૂરથી તમને એમ લાગશે કે અહીંયા પહાડ કયાંથી આવ્યો? પણ એ અમદાવાદનો સંપૂર્ણ કચરો ત્યાં આગળ ઠાલવવામાં આવે છે જેને ડમ્પીંગ સાઇટ કહેવામાં આવે છે અને એ ડમ્પીંગ સાઇટની સાઇઝ તમે જુઓ હાઇકોર્ટના નિયમની પણ વિરુદ્ધ જઇને આજની તારીખમાં હાઇકોર્ટે કીધું છે કે આ ડમ્પીંગ સાઇટ બંધ કરવી

જોઇએ, નવી સાઇટ ખોલવી જોઇએ તેમ છતાં પણ કોર્પોરેશન દ્વારા આજની તારીખમાં કચરાનો ઢગ કરવામાં આવે છે. હમણા અમે સરવે કરાવ્યો. હું એ વિસ્તારનો ધારાસભ્ય છું એટલે સરવે કરાવ્યો. મારા વિસ્તારમાં સૌથી વધારે ટી.બી.ના પેશન્ટ નીકળ્યા અને એનું મુખ્ય કારણ ત્યાં કચરાના ઢગ હોવાને કારણે. મારી આપ સૌને વિનંતી છે કે સ્માર્ટ સિટી બનાવવા માગતા હોય તો મારો ગરીબ વિસ્તાર, મારો નાનો વિસ્તાર એનો ઢગલો તમે હટાવવાનું કામ કરો કારણ કે ઢગલો હટી નહીં શકે એને અટકાવવાનું કામ કરશો તો પણ હું એમ સમજીશ કે મારે ત્યાં સ્માર્ટ સિટી આવી ગયું. હું આપને વિનંતી કરું છું. આજે આપણે સૌ ગૌરવભેર એમ કહી શકીએ કે બધાને પીવાનું પાણી મળે છે. મેં દિવાળી જયારે ગઇ ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીને અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીને એક લેટર લખ્યો કે દિવાળીની શુભેચ્છા નિમિત્તે આપ સૌને હું મારી શુભેચ્છા પાઠવું છું. શુભેચ્છાના ભાગરૂપે હું આપની પાસે અપેક્ષા રાખું છું કે મારા મત વિસ્તારમાં આજે પણ ૨૨,૦૦૦ ટેન્કરો દ્વારા પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે. મારા વિસ્તારમાં આજની તારીખમાં લોકોના ઘરે નળ નથી. પાણીની વ્યવસ્થા નથી. આપ મને પાણી માટે ગ્રાન્ટ પ્રોવાઇડ કરો. પીવાના પાણી સ્વરૂપે આપ મને નવા વર્ષની ભેટ આપો. એવો માનનીય મુખ્યમંત્રીશ્રીને કાગળ લખ્યો છે. નાયબ મુખ્યમંત્રીશ્રીને અને માનનીય મંત્રીશ્રીને લખ્યો છે. એમનો ૧૦૦ ટકા પ્રત્યુત્તર આવ્યો છે. આ અંગે જરૂરી અધિકારીશ્રીને અમે સૂચના આપી છે. આ અંગેની કાર્યવાહી થશે. અમદાવાદ શહેરના બધા ધારાસભ્યશ્રીઓ હાજર છે. આ અંગેની રજૂઆત કોર્પોરેશનમાં કરતો આવ્યો છું. બિલ લઇને આવ્યા છે ત્યારે પ્રભારી મંત્રીશ્રીને વિનંતી કરું છું કે કશું ન આપો તો કંઇ નહિ, પણ આજે પીવાના પાણીના નળ અમારા વિસ્તારમાં નથી. બજેટ ન હોવાના કારણે નળનાં કામ થઇ શકતાં નથી. પાણીની લાઇન નાખી શકાતી નથી. હું વિનંતી કરું છું કે આ બિલને આધીન ટેકો આપીને વિનંતી કરું છું કે આ અંગેની થોડીક તકેદારી રાખીને મારું કામ પૂરું કરો તેવી વિનંતી કરું છું. ટી.પી. ની વાત કરી. નિતીનભાઇનો આભાર માનું છું કે નીતિનભાઇ રાજ્ય કક્ષાના આરોગ્ય મંત્રીશ્રી હતા, ત્યારે એક હોસ્પિટલની માગણી કરી હતી. ગઇ વખતના બજેટમાં પણ આપે ન્યુ રેફરલ હોસ્પિટલ ખોલવા માટે હાઉસમાં ખાતરી આપી હતી. પણ એક વર્ષનો સમય થઇ ગયો. એ બજેટ ફાળવવાની વાત કરી. હોસ્પિટલ આપ્યા પછી પણ એક વર્ષ થઇ ગયું હોવા છતા પણ મારા વિસ્તારમાં સરકારી હોસ્પિટલ બની શકી નથી એનું મુખ્ય કારણ આપ જાણો છો. હું પ્રદિપસિંહને પણ વિનંતી કરીશ કે આપે કાગળ લખ્યો આભાર માનું છું. જગ્યા અપાઇ દો તો આપના હાથે, શંકરભાઇ અને નીતિનભાઇના હાથે ખાતમુહૂર્ત કરાવીશ. જેથી કરીને મારા વિસ્તારમાં એક સારી રેફરલ હોસ્પિટલ બની શકે. ટી.પી. ન પડવાના કારણે સરકારે મને હોસ્પિટલ ગરીબ માણસ માટે આપી હોવા છતા આ વિસ્તારમાં હોસ્પિટલ બનાવી શકતા નથી. આ પરિસ્થિતિ પેદા થઇ છે. ત્યારે આ લાગણીશીલ, પ્રજાલક્ષી મુદાને ધ્યાનમાં લઇને હું આશા રાખું છું કે માનનીય નાયબ મુખ્યમંત્રી, પ્રભારી મંત્રીશ્રી આ બાબત ગંભીરતાપૂર્વક ધ્યાનમાં રાખીને વિચારે. અને આ અંગેનું જે બિલ લઇને આવ્યા છે, એમાં ખાસ કરીને સ્કૂલ બોર્ડના ચેરમેનની મુદત ૫ વર્ષની છે તેમાં વિચારશો. વિરોધાભાસ થશે. દરેક કમિટીના ચેરમેન, ડેપ્યુટી મેયરની મુદત ૨.૫ વર્ષની અને સ્કૂલ બોર્ડના ચેરમેનનું પદ ૫ વર્ષનું રહેશે. હું મારો સંપૂર્ણ ટેકો આ બિલને આપું છું.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સુધારા વિધેયક ઉપર આ ગૃહના સન્માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત, માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ પટેલ અને માનનીય શૈલેષભાઇ પરમારે પોતાના વિચારો રજૂ કર્યા. અને શૈલેષભાઇ, અરવિંદભાઇએ ઉદારતાપૂર્વક આને સમર્થન આપવાની વાત કરી. એમનો હું આભાર માનું છું. મને ભરોસો છે કે બલવંતસિંહ આ બાબતમાં સમર્થન કરશે અને શૈલેષભાઇએ કેટલીક બાબતો રજૂ કરી છે. એમાં સ્કૂલ બોર્ડના ચેરમેનનો વિષય છે, એની નિમણૂક અન્ય સભ્ય સહિતની હોય છે. ચૂંટાયેલા પ્રતિનિધિની ફકત નથી હોતી. બાકી બહારના સમાજજીવનમાંથી મુકાતા હોય છે. ભવિષ્યની અંદર જ્યારે થશે ત્યારે શું કરી શકાય તેમાં આપના સૂચનને પોઝિટિવ લઇએ છીએ. બહેરામપુરાની ટી.પી. ની વાત શૈલેષભાઇએ કરી છે, આ રચનાત્મક કામ જ્યાં જ્યાં કરતા હોય અમારા ડેપ્યૂટી ચીફ મિનિસ્ટરનો આભાર માન્યો કે એમણે પોઝિટિવ કામ કરવા માટેની વાત કરી છે. હું માનું છું કે સંવેદનાની વાત થઇ. સારી વાત થઇ. સારું કામ થયું એની હિંમતપૂર્વક વાત પણ આપ કરી શકો છો. અને નથી થયું એના માટે આપ હિંમતપૂર્વક એની રજૂઆત પણ પ્રજા વતી અહીયા કરી શકો છો. કચરાના ઢગની વાત કરી. એ ખરેખર ડમ્પિંગ સાઇટ એક મોટી સમસ્યા છે. એ લાગણી સાથે સંમત થાઉ છું. તેનો ઉકેલ કરવા માટે રાજય સરકારે ઇનીસીએટીવ લીધું છે. તે કચરામાંથી વીજળી ઉત્પન્ન કરવા માટેનો એક પી.પી.પી. મોડલ ઉપરનો પ્રોજેકટ અમે હાથ ઉપર લઇ લીધો છે. આવનારા સમયમાં આ કચરાનો ઢગ જે સમસ્યા છે તે સમસ્યાની જગ્યાએ કોર્પોરેશનને આવકનું સાધન બની રહે તથા બીજા કચરામાંથી બેકટેરીચલ પ્રોસીજર કરીને ખાતર બની શકે તો ખાતર બનાવાશે. બાકી જે કચરો છે તેની અંદરથી વીજળી પેદા થઇ શકે તેવી વ્યવસ્થા કરી છે. તે પણ વ્યવસ્થા કરી છે કે તેના અંદર યુનિટદીઠ મોટી રકમ મળશે. બાકીની જગ્યાએ સાડાત્રણ રૂપિયાથી સાડાચાર રૂપિયા મેગાવોટ દીઠ આપતા હોઇએ છીએ તેની જગ્યાએ સાત રૂપિયા જેટલી રકમ રાખી છે. શરૂઆતના સમયમાં તેની વાયાબિલીટી થાય અને અમદાવાદમાં મોડલરૂપ કામથી આગળ વધીને રાજયભરની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓમાં આ વ્યવસ્થા થઇ શકે તેના માટે અમે ચોકકસ આગળ વધીશું. પીવાના પાણી માટે અને હોસ્પિટલ માટેની વાત કરી છે તે બધા કામોમાં અમે પોઝિટિવ રહીશું. અમે દરેકનો વિકાસ થાય, સૌનો સાથ સૌનો વિકાસ થાય તે મંત્રને વરેલી આ વિજયભાઇ રૂપાણીની સરકાર છે. તે સરકાર દરેકનું કલ્યાણ થાય અને દરેકનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્ન કરી રહી છે ત્યારે કોઇ વિસ્તાર બાકી ન રહી જાય તેના માટે સતત ચિંતા કરીશું. આપના માધ્યમથી મારી આપ સૌને વિનંતી છે કે સમગ્ર સભાગૃહ અને

તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭

નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) વિધેયક.૨૦૧૫

આમાં ભાજપ કે કોંગ્રેસ એવો કોઇ વિષય નથી. વહીવટની અંદર સરળતા આવે તેના માટેનું બિલ છે તો સર્વાનુમતે આ વિધેયકને ટેકો આપે તેવી વિનંતી છે.

વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

વિધેયકના પહલા વાચનનો પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુ કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ અને ૩, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી શંકરભાઇ લ.ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છુ કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૧૭નું ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને સર્વાનુમતે વિધેયક પસાર કરવામાં આવે છે.

બિન સરકારી વિધેયકો

નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) વિધેયક.૨૦૧૫

રાજયના નાના અને સીમાંત ખેડૂતો માટે અમુક કલ્યાણ વિષયક પગલાં (લેવા) માટેની અને તેમના લાભ માટે કલ્યાણ ફંડની રચના કરવા માટેની તથા તેની સાથે સંકળાયેલી અને તેને આનુષંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિદ્ધપુર) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૧૫નું નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીને મારે વિનંતી કરવાની કે આ બિલ લાવવા પાછળનો ખાસ મારો ઉદેશ એ છે કે, ગુજરાતની અંદર દિન પ્રતિદિન નાના ખેડૂતોની સંખ્યા આજે વધતી જાય છે. ૨૦૧૧માં જે સંખ્યા હતી તે આજે ૧૪–૧૫ ટકાના ધોરણે વધતી જતી હોવાના કારણે નાના ખેડૂતો જે કામ કરી રહ્યા છે જેમને ૬ વિઘાથી ઓછી જમીન છે આવા ખેડૂતો જ્યારે કામે જાય ત્યારે એમને અકસ્માત થાય છે એમાં ઘણાં બધા લોકો મૃત્યુ પામે છે અને એવા નાના ખેડૂતના મૃત્યુ બાદ એના ઘરની સ્થિતિ સંજોગોવસાત સારી નહીં હોવાના કારણે કફોડી બને છે. સમગ્ર ગુજરાતમાં આવા અનેક કિસ્સાઓ જ્યારે બન્યા છે ત્યારે સરકારશ્રીને મારે વિનંતી છે કે, આવા નાના ખેડૂતો માટેના યોગ્ય કાયદા બનાવે. જે સરકાર એમ કહે છે કે, ખેડૂતલક્ષી અમારી સરકાર છે અને ખેડૂતો માટેની વાત થતી હોય ત્યારે નાના ખેડૂતોની જે સંખ્યા છે એમાં દિન પ્રતિદિન આટલો વધારો થતો હોય ત્યારે આજે સરકાર જો એવું કોઇ ફંડ બનાવે કે જયારે કોઇ ખેડૂતનું અકસ્માત થાય કે મૃત્યુ પામે ત્યારે ૧૦૦ કરોડ રૂપિયા જેવું ફંડ હોય તો ચોક્કસપણે આપણે આવા નાના ખેડૂતોને સહાય કરી શકીએ. માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કહું છું કે આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં જે સ્થિતિ છે એમાં ગુજરાતમાં આજે ખેતી કરતા નાના નાના જે લોકો છે એમને પોષણક્ષમ ભાવો જે મળવા જોઇએ એ મળતા નથી. જમીનોની બાબતમાં પણ આજે સ્થિતિ એવી પેદા થઇ છે કે જે ખેતીની જમીન છે એમાં ભાઇઓ વચ્ચે ભાગ પડતા પડતા અનેક ટૂકડા પડી જતા હોવાના કારણે ખેતીમાં જે પોષણક્ષમ વળતર મળવું જોઇએ એ મળતું નથી. સરકાર નર્મદા યોજના જે ૨૦૦૮–૧૦માં પૂરી કરવાની હતી એની જગ્યાએ ૨૦૧૭નું વર્ષ આવી ગયું, કદાચ નર્મદા યોજના વહેલી પૂરી થઇ હોત તો એનો લાભ ખેડૂતોને વહેલો મળી ગયો હોત. સરકાર એમ કહે છે કે. ૧૮ લાખ હેકટર જમીનને પાણી આપવાના છીએ પણ આજે ૮ થી ૯ લાખ હેકટર જમીનને જ આપણે પાણી આપી શકયા છીએ. નાની નાની નહેરો વહેલી બની હોત તો ચોક્કસપણે ખેડૂતોને ફાયદો થાત. ખેડૂતો માટેની વાત કરવી અને ખેડૂતો માટેનું કામ કરવું એમાં ઘણો ફરક છે. ભૂતકાળમાં એવું કહેવાતું હતું કે પાણીની એવી મોટી પાઇપલાઇનો નાંખવામાં આવશે કે જેમાં આખી મારૂતિ કાર અંદર જાય. આજે ગુજરાતના કમનસીબે પક્ષા પક્ષી સિવાય આપણે બધા અહીંયા બેઠેલાં જો વિચારીએ અને હૃદય ઉપર હાથ મૂકીને કહીએ તો કોઇ ખેડૂત ખેતી કરીને કરોડપતિ થઇ જાય કે લખપતિ થઇ જાય એવી કોઇ સ્થિતિ આજે છે નહીં આ વાસ્તવિકતા છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે પરિસ્થિતિ એ છે કે, ખાસ કરીને મારા ઉત્તર ગુજરાતનો જો પ્રશ્ન આવે તો એમાં જાણવા મળે છે કે, ચાર ચાર મોટી મોટી યોજનાઓ છે એમાં નર્મદા હોય, દાંતીવાડા હોય, મુક્તેશ્વર હોય કે ધરોઇ હોય એકેય યોજનામાંથી પાણી મળતું નથી અને લાખો હેકટર જમીન પાણી વગરની અમારા ઉત્તર ગુજરાતમાં છે અને એના કારણે ખેડૂતોને કયાંયને કયાંય છેવાડાના ખેતર સુધી કામ કરવા જવું પડે છે. ખાસ કરીને આ બિલનો હાર્દ છે તે એ છે કે નાના ખેડૂતો અકસ્માતને કારણે મૃત્યુ પામે કે બીજા કારણસર મૃત્યુ પામે તો એને સહાય કરવા માટેનું સરકારે ફંડ ઉભું કરવું જોઇએ. તો સરકારને મારે વિનંતી કરવી છે કે આવું એક ફંડ ઉભું થાય અને એમાં ૧૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવે. બીજા ઘણા બધા રાજ્યોમાં આવું ફંડ હોય છે. આપણે પણ ખાસ કિસ્સાની અંદર આવા નાના ખેડૂતો માટેની યોજના ચોક્કસપણે કરવી જોઇએ. એની સંખ્યા જોવી જોઇએ. ગુજરાતમાં શું સ્થિતિ પેદા થઇ છે તે જોવાની જરૂર છે. એના માટે પોલિટીકલી વાત

નહિ કરતાં આજની સ્થિતિએ ખેડૂતને ખેતી કરવા માટે પાણી ના મળતું હોય અને જ્યારે એને પોષણક્ષમ ભાવ ન મળતા હોય, ખેતીનું પ્રમાણ દિનપ્રતિદિન ઘટતું જતું હોય એના આંકડા સરકાર તપાસે ૨૦૦૫ થી માંડીને દસ વરસમાં બાવીસ ટકાથી વધારે નાના અને સિમાંત ખેડૂતો થયા છે. એટલે એનો આંકડો વધતો જાય છે. એના ઘણા બધા કારણો છે અને સરકાર એ બાબતની ચિંતા કરે. માત્ર ખેડૂતો માટેની વાત નહિ. ખેડૂતોને તાત્કાલિક કનેકશન મળે તે પણ જરૂરી છે. પાંચ લાખ અરજીઓ આજે પણ પેન્ડિંગ છે. કનેકશન મળે છે ખરું પણ રૂટિનમાં આવે તો. તાત્કાલિક મીટર મૂકાવીને કનેકશન લઇને ખેડૂત ખેતી કરે તો પણ ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળે એવી સ્થિતિ ખેડૂતોની થઇ છે. સરકાર આ બાબતમાં ગંભીરપણે વિચારે એવી મારી સરકારને બહુ દિલથી વિનંતી છે.

શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય અધ્યક્ષશ્રી, વિધાનસભાના માનનીય સભ્યશ્રી બલવંતસિંહભાઇ નાના અને સિમાંત ખેડૂતોના કલ્યાણ માટેનું વિધેયક ક્રમાંક – ૬ લઇને આવ્યા છે. વિષય ખૂબ સારો છે અને આખા વિષયમાં નાના અને સિમાંત ખેડૂતોને સહાયરૂપ થવા માટે ફંડની જોગવાઇ કરવી. સાથે સાથે અકસ્માતના કિસ્સામાં ખેડૂતોને વળતર આપવું. આમ માનનીય સભ્યશ્રીનો ઇરાદો ખૂબ સારો છે. પણ ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી ગુજરાતમાં છે ત્યારથી ખેડૂતોના કલ્યાણ માટે કયા પ્રકારનું કામ સરકારશ્રી દ્વારા થઇ શકે એ માટેના બધા જ પ્રયત્નો કરીને સમગ્ર ગુજરાતના ખેડૂતોને લાભ થાય એ પ્રકારની નીતિ અને રીતિ આ સરકારની રહી છે. આખા બિલમાં જોવા જઇએ તો એમનો મુખ્ય મુદ્દો એ છે કે જો કોઇ ખેડૂતને અકસ્માત થાય, એનું મરણ થાય અથવા તો અકસ્માતે ઇજા થાય તો એના માટે સરકારે ખેડૂતને લાભ આપવો જોઇએ. આમ તો હું નવો ધારાસભ્ય છું. માનનીય સભ્યશ્રી મારા કરતાં સિનિયર પણ છે અને ખૂબ અભ્યાસુ પણ છે. ખેડૂતોને અકસ્માતમાં વીમા યોજનાનો લાભ મળે એ માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એટલે લગભગ ૧૯૯૬થી આ યોજના અમલમાં છે, માનનીય સભ્યશ્રીએ અભ્યાસ કર્યો હોત તો આ બિલમાં આ વિષય ના લીધો હોત. બીજો એક સરસ વિષય પણ એમણે મૂક્યો છે. પૅરેગ્રાફ–૨માં લખ્યું છે. આ બિલમાં અકસ્માતની જોગવાઇ કરી છે એમાં લખ્યું છે કે અકસ્માત કોને ગણવો. તો અકસ્માત એને ગણવો કે ખેડૂત ખેતીના કામે જો ગયો હોય. ખેડૂત વૃક્ષ ઉપરથી પડી જાય, કૂવામાં પડી જાય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે એના માટે પણ અકસ્માત વીમામાં જોગવાઇ કરેલી જ છે કે કદાચ ખેડૂત કોઇપણ પ્રકારે કોઇપણ કામે ગયો હોય, લગ્ન પ્રસંગમાં પણ એ ગયો હોય અને છતાં પણ એનું અકસ્માતે મૃત્યુ થાય તો આ સરકાર એને પૈસા ચૂકવે છે. એ પ્રકારની જોગવાઇ પણ આ સરકાર દ્વારા કરવામાં આવી છે.

બીજું આખા બિલની અંદર એમણે માગણી એવી કરી છે કે, ખેડૂતનું અકસ્માતે મૃત્યુ થાય તો એને વળતર મળવું જોઇએ. આ સરકાર સંવેદનશીલ સરકાર છે, ખેડૂતને નહિ પણ એના પરિવારને પણ લાભ મળે એના માટે પહેલી એપ્રિલ, ૨૦૧૨માં જોગવાઇ કરી કે ખેડૂત એકલા પૂરતું નહિ પણ જેનું પહેલી એપ્રિલના રોજ ૭/૧૨માં નામ હોય એવા ખેડૂત પરિવારનું પહેલું સંતાન પછી એ પુત્ર હોય કે પુત્રી હોય તો પણ આ પહેલાં સંતાનને આ અકસ્માત વીમા યોજના હેઠળ લાભ આપવાનું સરકારે ૨૦૧૨ની સાલથી નક્કી કરેલું છે. તે સિવાય પણ ૨૦૧૬માં આપણી સરકારે આથી આગળ વધીને અને ખેડૂત ખાતેદાર જો પત્ની હોય તો તેના પતિને અને જો ખેડૂત ખાતેદાર પુરુષ એટલે કે પતિ હોય તો તેના પત્નીને પણ આ યોજના હેઠળ સમાવેશ કરવાનુ કામ કર્યુ છે. એટલે આમ તો જો આ બિલને સ્વીકારાય તો ખરેખર ખેડૂતને અન્યાય થાય એવુ છે અને ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશા ખેડૂતોની સાથે રહી છે, ખેડૂતોનું હિત જોયુ છે એટલે ભારતીય જનતા પાર્ટીના કોઇ સભ્ય કે આ સરકાર કોઇપણ સંજોગોની અંદર આ બિલની અંદર સંમત ન જ થાય અને થાય તો સમગ્ર ગુજરાતના ખેડૂતોને અન્યાય થાય એ પ્રકારનું આ બિલ છે એટલે મારી તો સભ્યશ્રીને વિનંતી છે કે તમે બિલ લાભ કરવા માટે લાવ્યા છો કે નુકસાન કરવા માટે લાવ્યા છો ? બીજી પણ વાત કરી કે સંજયભાઇ તમે બીજા પૈસા કહેતાં હતાંને ? તો સરકારે જનધન યોજના હેઠળ ખાતા ખોલ્યા અને તેમાં કેન્દ્ર સરકાર દ્વારા આજે કોઇ ૧૨ રૂપિયાનો વીમો લે તો તેને ૨ લાખ રૂપિયા સુધીની આમાં જો તમે સાચી વાત લોકો સુધી પહોંચાડશો આમાં પક્ષાપક્ષીની વાત નથી. તમે ખોટી વાત પહોંચાડવાને કારણે ખેડૂતો ૧૨ રૂપિયાનો વીમો લેતાં નથી અને અકસ્માતે તેનું મૃત્યુ થાય તો ૨ લાખ રૂપિયા તેને મળતાં નથી. મારી સભ્યોને વિનંતી છે કે, કે કયા પાર્ટીએ, કયા પક્ષે, કોણે યોજના બનાવી તે ભૂલી જાવ ફકત ૧૨ રૂપિયાની અંદર જો સમગ્ર ગુજરાતના લોકોને ૨ લાખ રૂપિયાનો લાભ મળતો હોય તો ગુજરાતના લોકોના હિતમાં આ વાત લોકોને સાચી કરો કે જનધન યોજના હેઠળ તમે આ ખાતું ખોલાવશો, ૧૨ રૂપિયાનો જો તમે વીમો લેશો તો અકસ્માતે ૨ લાખ રૂપિયા સુધીનું આપણે કોઇ ખેડૂતને મદદ કરાવી શકીશું. મારી આપ બધાને વિનંતી છે કે તમે ગુજરાતનું સારું ના દેખાય, ગુજરાતની સરકારનું સારું ના દેખાય તેના કારણે આ વાત લોકોને ના કરે તેના લીધે સમગ્ર ગુજરાતના લોકોનું આપણે અહીંયા કલ્યાણ કરવાની વાત લઇને બેઠાં હોય ત્યારે આ વાત લોકોને કરી અને ખેડૂતને આ સહાય અમે અપાવી શકીશું એટલે મારી આપ બધાને વિનંતી છે કે સરકારની જે સારી યોજનાઓ હોય તેની વાત લોકો સુધી પહોંચાડીએ. બીજું આ બિલમાં જોગવાઇ માગી છે કે, ૧૦૦ કરોડ રૂપિયાનું ફંડ ખેડૂતોના કલ્યાણ માટે કરવામાં આવે તો મારે ગઇકાલે આપણાં નાણામંત્રીશ્રીએ જોગવાઇ કરી કે ખાલી ખેડૂતોના ખેતરની વાડ કરવા માટે આ સરકાર ૨૦૦ કરોડ રૂપિયા આપે છે તેના માટે ૧૦૦ કરોડ રૂપિયાની કંઇ એ નથી પરંતુ સાથે સાથે કેટલી યોજનાઓ પછી તે ટેકાના ભાવની યોજનાની બાબત હોય, કુદરતી આપત્તિના કારણે નુકસાનની બાબત હોય, વિવિધ કૃષિ યોજનાઓને કારણે ખેડૂતોને લાભ આપવાની બાબત હોય, વીજળીમાં સહાય આપવાની બાબત હોય, સૂક્ષ્મ પીયત પદ્ધતિ માટે આજે તમારે જી.જી.આર.સી.મુજબ આજે ખેડૂતોને ટપક સિંચાઇ પદ્ધતિમાં કાલે તમે જોયું સબસિડી ૫૦ ટકા હતી તેના બદલે ૭૦ ટકા કરવાનું કામ આ રાજય સરકારે કર્યુ

છે ત્યારે સમગ્ર ગુજરાતના ખેડૂતો વતી આ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આ સિવાય પણ ખૂબ જનહિતની, લોકહિતની યોજનાઓ ખેડૂતો માટે સરકારે આપી છે અને તેના લીધે તમે કહો છો કે વીસ વર્ષથી તમે છો તો કદાચ કોઇ સાચી ખોટી વાત બતાવી એકાદ વખત જીતી શકે પરંતુ સતત ૧૯૯૦,૧૯૯૫, ૧૯૯૮,૨૦૦૨,૨૦૦૭,૨૦૧૨ સુધી જો સતત જીતતા હોય તો તેનું કારણ છે સરકારની નીતિ એવી રહેલી છે ગરીબ વ્યકિત, છેવાડાનો વ્યકિત, પીડિત વ્યકિત કોઇ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મના ભેદભાવ સિવાય લોકોને લાભ મળે તે નીતિના કારણે આજે સરકાર ખૂબ સારી કામગીરી કરી રહી છે ત્યારે મારી બલવંતસિંહને વિનંતી છે કે આ બિલ લોકહિત વિરોધી છે, ખેડૂતોનું વિરોધી છે તેને આપ પાછું ખેંચો એવી વિનંતી સાથે વંદેમાતરમ.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા દંડકશ્રી બલવંતસિંહ નાના અને સીમાંત ખેડૂતોના કલ્યાણ માટેનું વિધેયક ક્રમાંક – ૬ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. કદાચ આવું વિધેયક ખેડૂતો માટે સરકાર લાવી હોત તો મને ખુશી હોત પણ ચિંતા અમારા દંડકે કરી છે એમને અભિનંદન આપું છું. નાનો ખેડૂત હોય કે મોટો ખેડૂત હોય એ રાજ્યને અને દેશને ઘણું બધું આપે છે. ખાદ્ય પદાર્થોમાં તમામ અનાજ, કઠોળ, ઘી, દૂધ બધું જ ખેડૂત આપે છે. એના બદલે સરકાર એને શું આપે છે. માત્ર કૃષિ મેળા ભરે છે. કુવારાની સબસીડી આપે છે જે કુવારા પ્રાઇવેટ કંપનીમાં પણ એ જ ભાવે મળે છે. એ દેશનો ધરતી પુત્ર છે એમ આપણે સૌ માનીએ છીએ. અહીંયા બેઠા એ બધા જ ખેડૂત છે. આપણે ખેડૂતને શું આપીએ છીએ. ૧ લાખ ૭૨ હજાર કરોડના બજેટની અંદર ખેડૂતને શું આપ્યું? છ હજાર કરોડનું પૂર્વ આયોજન કર્યું. એમાં ચાર હજાર કરોડ તો પગારમાં જશે. આજે ખેડૂત મરી રહ્યો છે. ચારે તરફથી બેહાલ છે. હવે મારા વિસ્તારની વાત કરું તો ડીસાની અંદર ખેડૂત શાકભાજી ફેંકી રહ્યો છે. બે મહિનામાં ચાર ખેડૂતોએ આત્મહત્યા કરી છે. આજે હું તમને દાખલા આપુ કે માત્ર દેવું થઇ જવાના કારણે ખેડૂત આત્મહત્યા કરે છે. આજે ૫૦ રૂપિયાના ભાવે પણ કોઇ બટાટા લેતું નથી જ્યારે એની પડતર કિંમત ૧૦૦ રૂપિયા છે. એની મજૂરી એને નથી મળતી માત્ર બિયારણ અને ખાતર જ નીકળે છે. માનનીય કૃષિમંત્રીને વિનંતી છે કે, આ બટાકાની વ્યવસ્થા કરો. કૉલ્ડ સ્ટોરેજની વ્યવસ્થા કરો. તમે ૫૦૦ કરોડ ભૂલી જાવ. છ મહિના પછી તમારા પૈસા વ્યાજ સાથે પાછા આવી જશે. એ બરબાદ થઇ રહ્યો છે. એની પાસે જે બે–પાંચ વિઘા જમીન છે એ વેચી રહ્યો છે. જમીન લેવાવાળું પણ કોઇ નથી. તમે ગ્રાસ રૂટ પર જઇને જુઓ. સુખી ખેડૂતની વાત નહિ સાંભળો તો ચાલશે જે ગ્રાસ રૂટ પર ખેતી કરે છે એની હાલત આજે પણ એની એ જ છે. એના માટે પણ કંઇક વિચારો. જો ખેડૂત ભાવ વધારે તો મોંઘવારી વધી ગઇ છે એમ કહે છે અને જો કોઇ વખત ઓછું પાકે અને એ બે રૂપિયા વધારે લે તો સરકાર એની પર નિયંત્રણ લાવે છે પણ ખેડૂતને ન મળવા જોઇએ. કે આ રાજયનો  કોઇપણ ખેડૂત હોય એને ધિરાણ આપવું. ખેડૂતોને નથી સભ્યો બનાવતા નથી લોન આપતા. તો એના માટે કાયદો લાવો. આજે પણ ગરીબ ક્ષેત્રે, હું એકલા બટાટાની વાત નથી કરતો પણ જે જે ઉત્પાદન છે એ બધાને તમે પ્રોત્સાહન આપો અને તિજોરીમાંથી બીજા બધા  ખર્ચા બંધ કરો. બીજે કાપ મૂકો પણ ખેડૂતોને આપો તો ભગવાન પણ રાજી રહેશે અને ખેડૂતોના આશીર્વાદ તમને મળશે. ખાલી વાહ વાહ કરવાવાળા તો ખોટા છે એટલા માટે તમે કંઇક કરો. આજે ખેડૂત મરતો જાય છે, ખેડૂત મજૂર થઇ ગયો છે. આજે વીસ ટકા જે માલિકો બની ગયા અને ખેડૂત મજૂર થઇ ગયો. ખેડૂત માલિક હતો એ એનો મજૂર થઇ થયો અને બીજા સુખી હતા એ ખેતીના માલિક થઇ ગયા. આ હાલત થઇ રહી છે. તમે સરવાળો કરો તો વીસ વર્ષ પહેલાં નાના ખેડૂત કેટલા હતા? અને આજે કેટલા છે? એટલો આંકડો આપો તો પણ ખબર પડશે કે કેવી રીતે નાના ખેડૂત થઇ ગયા, એ વેચી રહ્યા છે, શું કરે? શું ખાય? એટલા માટે તમે કંઇક ખેડૂતો માટે વિચાર્યું હોય તો એ કરો અને હજુ વિચારો હજુ કંઇક છે, આ ચાલુ બજેટમાં ચર્ચામાં કંઇક કરો. માનનીય મુખ્ય મંત્રીશ્રી હાજર છે, બજેટમાં તમે શું મૂક્યું છે અને તમે તો બધુંય જાણો છો, સાહેબ, તમે તો ખેડૂત છો એટલા માટે કહું છું કે, તમે લડો, તમે લડીને પણ ખેડૂતો માટે કંઇક કરો અને નાના ખેડૂતો માટે તમામ પ્રોવીજન કરો..

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહ સમક્ષ વિરોધપક્ષના દંડકશ્રી આદરણીય બલવંતસિંહ રાજપૂત જે વિધેયક ક્રમાંક- ૬– નાના અને સીમાંત ખેડૂતોનું વિધેયક લઇને આવ્યા છે એના વિશે હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજય સરકાર ભારતીય જનતા પક્ષનો જે અમારો મંત્ર છે કે, છેવાડાના માણસ સુધી એને પરમ વૈભવનું સુખ મળે, અને સત્તા મળે તો શું કરી શકાય એના માટે જે જે રાજયમાં અને ખાસ તો ગુજરાતમાં અહીંયા તત્કાલિન મુખ્ય મંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન આપણા નાના અને સીમાંત ખેડૂતની વાત કરી છે પણ જે તે વખતે માનનીય નરેન્દ્રભાઇએ ખેડૂત, ખેતી સાથે સંકળાયેલો વર્ગ એકે એક જણ સુખી થાય એના માટેને ક્રોપ વર્ક અને આ રાજકોટના ખેડૂતો માટે પાણીનો જે અમારો વિચાર હતો આ બે મુદ્દાને સાર્થક કરવા માટે અને ખેડૂતોની આવક વધે એના માટે શરૂઆતથી જે અહીં રાજયમાં સોઇલહેલ્થ, જમીનની ચકાસણી કરી અને ખાતરનો ખોટો વ્યય ન થાય અને ખર્ચ બચે એ માટે જે શરૂઆત કરી અને દસ દસ કૃષિ મહોત્સવ કરી, ખેડૂતોની વચ્ચે જઇ અને સાચી માહિતી આપી. આજે અમે ગૌરવભેર કહી શકીએ છીએ કે, ગામડામાં રહેતો નાનો કે સીમાંત ખેડૂત હોય કે મોટો ખેડૂત હોય તો ૨૦૦૩માં આ રાજયની જે ખેતીની આવક હતી એ નવ હજાર કરોડ રૂપિયાની હતી આજે એ આવક એક લાખ પાંત્રીસ હજાર કરોડ રૂપિયાની થઇ છે. ખેડૂતોને ખેતી માટે જે જે અગવડતાઓ હતી, આજે અમારા મિત્રો અહીં ચિંતા કરે છે પણ આ રાજયમાં ખેતી માટેનું જો મહત્વનું અંગ હોય તો એ પાણી છે. પાણી માટે અત્યાર સુધીમાં આ રાજયમાં ૪૫ વર્ષમાં દસ હજાર ચેકડેમો બન્યા હતા. નર્મદા જેવો બંધની ૬૨માં શરૂઆત

થઇ પણ એનું કામ આગળ નહોતું વધ્યું પણ મારે ગર્વ સાથે કહેવું છે કે, નાના અને સીમાંત ખેડૂતોને પોતાના ઘરઆંગણે પાણી મળે એના માટે એક લાખથી વધુ ચેકડેમો બનાવ્યા અને એ પાણીનો સંગ્રહ અને સિંચાઇ વધુ થાય એના માટે ટપકપધ્ધતિ દ્વારા વધુમાં વધુ એનો લાભ લેવાય એના માટે એના માટે રાજયના કૃષિ વિભાગ દ્વારા અનેક કામો થયા છે. હું કહેતા ગર્વ અનુભવું છું કે આ વર્ષના બજેટમાં કૃષિ માટે ૬૪૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે જે ગયા વર્ષ કરતાં ૬૦૮ કરોડ રૂપિયા વધારે છે.

અત્યારે દેશમાં માનનીય નરેન્દ્રભાઈની આગેવાની હેઠળની સરકાર છે. માનનીય નરેન્દ્રભાઇએ વર્ષોથી ચાલી આવતી પાક વીમા યોજનાની પદ્ધતિમાં આમૂલ પરિવર્તનો કર્યા છે. માનનીય ગોવાભાઇએ વાત કરી કે નાના અને સીમાંત ખેડૂતોને કંઇ મળતું નથી પરંતુ આ પાક વીમા પદ્ધતિમાં એને આવરી લઇને એના માટેની ખાસ ચિંતા કરી છે. પાક લણણી થયા પછી પાક બળી જાય એના માટે પણ વૈજ્ઞાનિક ઢબથી આયોજન અને પ્રાવધાન કરવામાં આવ્યું છે. માનનીય સભ્યશ્રી અકસ્માતની વાત કરતા હતાં. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી ખેડૂત નાનો હોય કે મોટો હોય એનું અકસ્માતે મૃત્યુ થાય તો એના માટે એક લાખ રૂપિયાની યોજના કરી છે. એ જ રીતે ખેતી સાથે સંકળાયેલા શ્રમિકો હોય એને લાભ મળે એના માટેની યોજના દાખલ કરી છે. એથી વિશેષ પ્રધાનમંત્રી પાક વીમામાં તેલબીયા પાકો હોય એના માટે બે ટકા પ્રિમિયમ તથા બાગાયતી પાક માટે પાંચ ટકા પ્રિમિયમ હતું એના બદલે બધાને સરખો ન્યાય મળે એટલા માટે થઇને બાગાયતી પાકો માટે ૩ ટકા પ્રિમિયમ કરવામાં આવ્યું છે. આ રીતે ખેડૂતો માટે આ સરકારે અનેકવિધ કામો કર્યા છે ત્યારે મારે માનનીય બળવંતસિંહભાઇને કહેવું છે કે તેઓ પોતાનું બિલ પાછું ખેંચી લે કારણ કે સરકાર એના માટે થઇને અનેક યોજનાઓ લાવી છે ત્યારે નવું કોઇ બિલ લાવવાની જરૂર નથી. હું આ તકે રાજય સરકાર અને કેન્દ્ર સરકારને અભિનંદન આપું છું કારણ કે તેઓએ નાના સીમાંત ખેડૂતો તથા ગામડાં માટે અનેક યોજનાઓ આપી છે એના લીધે ખેતીમાં દસ ટકાનો વિકાસદર આપણે હાંસલ કરી શકયા છીએ અને આખા દેશમાં આપણે નંબર વન છીએ ત્યારે નાના કે સીમાંત ખેડૂતો કે મોટા ખેડૂતો કહ્યા વગર આગળ વધે. જે શ્રમિકો હોય એને દુધાળા પશુ માટે પણ સહાય આપીને એની પણ ચિંતા કરી છે ત્યારે માનનીય સભ્યશ્રી બળવંતસિંહભાઇને વિનંતી કરું છું કે તેઓ જે બિલ લઇને આવ્યા છે તે પાછું ખેંચી લે.

શ્રી ચીમનભાઇ ધ.સાપરીયા (કૃષિ અને સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૧૫નું નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) વિધેયક માનનીય સભ્યશ્રી બળવંતસિંહ રાજપૂત લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

રાજયમાં નાના અને સીમાંત ખેડૂત ખાતેદારોની સંખ્યા ૩૨ લાખ છે. જે રાજયના કુલ ખેડૂત ખાતેદારો પૈકીના ૬૬ ટકા છે.જેઓ ખેતી, પશુપાલન અને એને સંલગ્ન અન્ય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા છે. આ ખેડૂતોનું કૃષિ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન રહ્યું છે.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની સરકાર નાના અને સીમાંત ખેડૂતોના કલ્યાણ માટે એમના સામાજિક ઉત્કર્ષ માટે સતત પ્રયત્નશીલ છે. રાજયમાં કૃષિ મેળા થકી વધુમાં વધુ ખેડૂતો સમૃદ્ધ બને એ માટે અનેક કલ્યાણકારી યોજનાઓ મૂકી છે. સરકાર દ્વારા ખેતીના વિકાસ માટે વિવિધ સહાય યોજનાઓ વિસ્તરણ પ્રવૃત્તિઓના માધ્યમથી અથાગ પ્રયત્નો કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, જેના થકી રાજયે છેલ્લા ૧૦ વર્ષથી સરેરાશ ૧૦ ટકાથી વધુ કૃષિ વિકાસ દર હાંસલ કર્યો છે. હમણાં જ બલવંતભાઇએ પોતાની વાતમાં કહ્યું, તેમના શબ્દોની શરૂઆત હતી કે ખેડૂતલક્ષી વાત કરવી, ખેડૂત માટે વાત કરવી અને ખેડૂત માટે કામ કરવું આ વાત અલગ છે. ત્યારે મારે બલવંતભાઇને પૂછવું છે કે ૧૯૯૬માં ભારતીય જનતા પાર્ટીની સરકારે ખેડૂતોના હિત માટે ખેડૂતનું અકસ્માતમાં મૃત્યુ થાય, ઝેરી જાનવર કરડ્યું હોય, ઇલેકટ્રીક કરંટ લાગ્યો હોય, અકસ્માતે મૃત્યુ પામ્યો હોય તો તેમના માટે વીમા યોજના અમલમાં મૂકી. આજે ગૃહમાં ચર્ચા ચાલતી હતી. ક્યાંક ને ક્યાંક લઠ્ઠાકાંડની પણ વાત આવી હતી. મને બરાબર યાદ છે કે ૧૯૯૫ પહેલાં આપની સરકારમાં ખેડૂત અકસ્માતે મૃત્યુ પામે તો તેમને એક નવો પૈસો આપવામાં આવતો નહોતો. પરતુ લઠ્ઠાકાંડમાં લઠ્ઠો પીને મૃત્યુ પામે તો આપની સરકારમાં બે લાખ રૂપિયા સહાય આપવામાં આવતી હતી. એ જ બતાવે છે કે અમારી સરકારે સાચા અર્થમાં ખેડૂતોના હિત માટેના અનેક નિર્ણયો કર્યા છે. તેના ભાગ રૂપે તાજેતરમાં આપણાં દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ ખરીફમાં માત્ર દોઢ ટકાનું પ્રિમિયમ અને રવિમાં માત્ર બે ટકાના પ્રિમિયમથી વધુમાં વધુ ખેડૂતોના પાક વીમાનું રક્ષણ થાય એવી યોજના અમલમાં મૂકી છે અને કોમર્શીયલ અને બાગાયતી પાકો હોય અને તેના માટેનું પાંચ ટકા પ્રિમિયમ છે તેમાં પણ મને કહેતા આનંદ અને ગૌરવ થાય કે અમારી સરકારે ખેડૂતોને આવા કોમર્શીયલ પાક એટલે કે કપાસ અને કેળ જેવા પાકને રાહત આપવા માટે ત્રણ ટકાની રાહત આપી રૂ. ૧૩૫.૫૭ કરોડ રૂપિયાની મદદ કરી છે. ચાલુ વર્ષમાં રાજય સરકારે ખેડૂતોને રાહત દરે વીમો મળી રહે તેના માટે ૧૧૪૨.૨૪ કરોડ અને કેન્દ્ર સરકારે ૯૭૨.૫૮ કરોડ, કુલ મળીને ૨૧૪૮.૮૨ કરોડ રૂપિયાનું પ્રિમિયમ ભરી અને ખેડૂતોને વ્યાજબી વળતર મળી રહે એવી યોજના અમલમાં મૂકી છે. આજે મને કહેતા આનંદ અને ગૌરવ થાય. ગત વર્ષની અંદર આપણાં રાજયના ખેડૂતોએ વર્ષ ૨૦૧૫–૧૬માં જે કપાસ, મગફળી અને અન્ય જણસીના દાવાઓ રજૂ કર્યા હતા એ પૈકી ૧૭૯૫ કરોડ રૂપિયા એમને આ દાવા પૈકી આપવામાં આવ્યા છે. હમણાં મેં કહ્યું એમ ૧૯૯૬થી અમારી સરકારે અકસ્માતે મૃત્યુ પામતા ખેડૂતો માટે યોજના અમલમાં મૂકી છે. સંજયભાઇએ કહ્યું એમ જયારે જયારે અમારી સમક્ષ રજૂઆતો આવી કે એમના પ્રથમ પુત્ર કે પુત્રી હોય તો તેનો

સમાવેશ કરવો જોઇએ. ૧લી એપ્રિલ–૨૦૧૨થી સુધારો કરી અને પ્રથમ પુત્ર હોય કે પુત્રી હોય એવા વારસદારનો સમાવેશ કર્યો. ત્યાર બાદ વર્ષ ૨૦૧૬–૧૭માં એમનો પ્રથમ પુત્ર, પુત્રી અથવા તો પતિ–પત્ની હોય તો તેમને પણ લાભ મળે તેના માટે રાજ્ય સરકારે ૩૦.૫૦ કરોડ રૂપિયાનું પ્રિમિયમ ભરી અને એમના પરિવારને મદદરૂપ થવા માટેનો પ્રયત્ન કર્યો છે. છેલ્લા ૧૦ વર્ષમાં સરકાર દ્વારા લાભાર્થી વારસદારોને ૧૩૬.૯૮ કરોડ રૂપિયાની સહાય મળેલ છે. ઘણી વખત ખેડૂત અભણ હોય અને સરકારી યોજનાની માહિતિ ન હોય એવા સમયે આ યોજનામાં ૯૦ દિવસમાં અરજી કરવાની થતી હતી. સરકાર દ્વારા એમાં પણ સુધારો કરી અને ૯૦ દિવસના બદલે ૧૫૦ દિવસ કરવામાં આવ્યા અને જેના પરિણામે ખેડૂતોને આ યોજનાનો પૂરેપૂરો લાભ મળશે. એવી જ રીતે ખેડૂત અકસ્માતમાં મૃત્યુ પામે તો રૂ.૧/– લાખ અને અકસ્માતના કારણે એક આંખ કે એક અંગ ગુમાવે તો આ યોજના અંતર્ગત રૂ.૫૦૦૦૦/– નો લાભ આપવામાં આવે છે. એ જ રીતે આપણા દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશના લોકો માટે જનધન યોજના અમલમાં મૂકી. આ યોજના અંતર્ગત કોઇપણ વ્યક્તિ અકસ્માતે મૃત્યુ પામે તો રૂ.૧/– લાખનું વળતર મળે એવી યોજના અમલમાં મૂકી છે. સાથોસાથ રૂ.૩૦,૦૦૦/–ના જીવન વીમા કવચને એમાં આવરી લેવામાં આવ્યું છે. એવી જ રીતે આપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ બીજી સામાજીક સુરક્ષા યોજના અમલમાં મૂકી. જેમાં રાજ્યની કોઇપણ વ્યક્તિ હોય એ બેંકની અંદર એકાઉન્ટ ખોલી માત્ર રૂ.૧૨/– નું પ્રિમિયમ ભરે અને એનું અકસ્માતે મૃત્યુ થાય તો એના પરિવારને રૂ.૨/– લાખનું વળતર મળે એવી યોજના અમલમાં મૂકી છે. આ યોજના અંતર્ગત શરીરનું એક અંગ હાથ, પગ ગુમાવ્યું હોય તો તેને રૂ.૧/– લાખનું વળતર મળે એવી જોગવાઇનો આ યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી જીવન જ્યોત વિમા યોજનામાં વાર્ષિક રૂ.૧૪૩૦/–ના પ્રિમિયમ સામે વિમા ધારકનું કોઇપણ કારણસર મૃત્યુ થાય તો એના વારસદારોને રૂ.૨/– લાખનું વળતર મળે. અકસ્માતે મૃત્યુ હોય તો પણ રૂ.૨/– લાખ મળે અને સામાન્ય સંજોગોની અંદર મૃત્યુ પામે તો પણ એને રૂ.૨/– લાખનું વળતર મળે. આ એક વર્ષની જીવન વિમા યોજના છે અને એનો દર વર્ષે રિન્યૂ કરી શકાય છે. એ જ રીતે આપણા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ અટલ પેન્શન યોજના અમલમાં મૂકી. દેશના કર્મચારીઓ જુદી જુદી જગ્યાએ નોકરી કરતા હોઇ એના વારસદારોને નિવૃત્તિ પછી પેન્શન મળતું હોય છે. પરંતુ ખેડૂતોના માટે આવી વ્યવસ્થા ન હોવાના કારણે ૬૦ વર્ષની ઉંમર પછી રૂ.૧૦૦૦/–થી માંડીને રૂ.૫૦૦૦/– સુધીનું એમને જો પેન્શન મેળવવું હોય તો રૂ.૧૦૦૦/– ૪૨ના ગુણાંકની અંદર જમા કરાવવામાં આવે તો એમને પણ આ પેન્શન યોજનાનો લાભ મળી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા રાજ્યના ખેડૂતોને ખાતર, બિયારણ, દવા ખરીદવા પાક સંરક્ષણ, આધુનિક ખેત ઓજારો ખરીદવા, સિંચાઇ સવલતો, કૃષિ માર્ગદર્શન તથા જમીન આરોગ્ય પત્રક જેવા ઘટકો માટે સહાય યોજના અમલમાં મૂકવામાં આવી છે. જેમાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૮૫૧૧/– કરોડની જોગવાઇ કરીને ખેડૂતોના હિત અને કલ્યાણ માટે ખર્ચ કરવામાં આવ્યો છે. ખેડૂતો માત્ર ખેતી ઉપર આધારીત ન રહે અને તેઓ ખેતી સાથે અન્ય વ્યવસાય દ્વારા વૈકલ્પિક વધારાની આવક મળી રહે તે માટે રાજ્ય સરકાર પશુ પાલન, બાગાયત વગેરે માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. પશુપાલનની જુદી જુદી યોજનાઓ દ્વારા પણ એમને લાભ આપવામાં આવી રહ્યો છે. બાગાયતની જુદી જુદી યોજનાઓનો લાભ આપી રૂ.૬.૩૪ લાખ જેટલા ખેડૂતોને મદદરૂપ થવા માટેનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. એ જ રીતે મારા ઉર્જા વિભાગ તરફથી રાજ્યના ૧૩.૫ લાખ ખેડૂતોને માત્ર ૬૦ અને ૮૦ પૈસાના રાહત દરે વીજ બિલમાં રાહત મળે એના માટે સરકારે રૂ.૪૭૦૦/– કરોડ જેવી માતબર રકમ આપી ખેડૂતોને વાજબી દરે વીજળી આપવાનું કામ કરી રહી છે. એ જ રીતે ચાલુ વર્ષ દરમિયાન મગફળી, તુવેરનું વ્યાપક ઉત્પાદન થયું અને મગફળીના વ્યાપક ઉત્પાદનની અંદર ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે એના માટે અમારા કૃષિ વિભાગ તરફથી રાજ્યની અંદર ૮૭ કેન્દ્રો શરૂ કરી અને બે લાખ ટનથી વધારે મગફળી ખરીદી અને રૂ. ૮૭૬ કરોડ રૂપિયાની ખરીદી કરી ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે અને આખા દેશની અંદર સૌથી વધારેમાં વધારે ખરીદી કરી હોય તો એ ગુજરાત રાજયએ કર્યુ છે. તુવેરના ચાલુ વર્ષે ૧૦૧૦ રૂપિયાના ટેકાના ભાવ છે. (અંતરાય) ગોવાભાઇ, તમે આવીને મને અભિનંદન આપી ગયા હતા એ બલવંતસિંહને ખબર છે. તમે એની તરફદારી કરો છો, તમે આની અંદર ઓછું બોલ્યા હોત તો હું વિશેષ પ્રકાશ પાડી શક્યો હોત. મારા વિભાગની અંદર કૃષિ અને ઉર્જામાં, રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને ખૂબ મોટી ચિંતા હોવાના કારણે પ્રથમ વખત કૃષિ અને ઉર્જા વિભાગની એક કોઇ મંત્રીને જો જવાબદારી સોંપવામાં આવી હોય તો પ્રથમ વખત મને સોંપવામાં આવી છે જેનો મને આનંદ અને ગૌરવ છે અને જેના પરિણામે ખેડૂતના હિત માટેના અનેક નિર્ણયો કર્યા છે અને એ નિર્ણયોની વાત કરવી છે.

અધ્યક્ષશ્રી : ઓ. કે. પૂરું કરો.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય બળવંતસિંહભાઇને મેં એમના મુદ્દાઓથી વાકેફ કર્યા છે તો બિન સરકારી વિધેયક પરત ખેંચે એવી મારી વિનંતી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીને માત્ર મારી જે વિનંતી હતી, સંજયભાઇએ વાત કરી, અમારા સભ્યશ્રીઓએ વાત કરી, મારી હ્રદયની જે લાગણી હતી કે આટલા ૬૬ ટકા ખેડૂતો સિમાંત હોય એના માટેનું દરેક રાજયમાં એક આગવું ફંડ હોય છે. વીમો એક અલગ વસ્તુ છે, વીમાને ૨–૩ પ્રકારે આવરી લેતા હોઇએ છીએ. આ ફંડ થાત તો ખેડૂતોને ફાયદો થાત પણ એના માટે ઇચ્છાશકિત જોઇએ. સરકારના માનનીય મંત્રીશ્રી બોલ્યા એ બાબતે નહીં એમણે શું કર્યુ કે ખાલી બિલનું જે હાર્દ હતું એ પણ ના કર્યુ માટે હું આ બિલ પાછું ખેંચતો નથી.

ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૬

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : વિધેયકનો અસ્વીકાર કરવામાં આવે છે અને વિધેયક નામંજૂર કરવામાં આવે છે.

સન ૨૯૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૮

ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૬

રાજયના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને લગતી જોગવાઇઓના ચુસ્ત અમલીકરણ માટેની તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમૂક પગલાં લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક.

શ્રી પરબતભાઇ સ. પટેલ(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી,* હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબતનું વિધેયક જે હું લઇને આવ્યો છું કે રાજયના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકને લગતી જોગવાઇઓના ચુસ્ત અમલીકરણ માટેની તથા ટ્રાફિક ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટેના અમૂક પગલા લેવા માટેની અને તેને લગતી બાબતો માટેની જોગવાઇ કરવા બાબતનું આ વિધેયક છે. આપણે બધા અહીં બેઠેલા સભ્યશ્રીઓ અને સમગ્ર ગુજરાતની પ્રજા એ બાબતથી પરિચિત છે કે ગુજરાતના નગરો અને મહાનગરોમાં ટ્રાફિકની ખૂબ સમસ્યા છે. આપણે બધા જ કયાંકને કયાંક એનો ભોગ બનેલા છીએ. સરકારે જે કંઇ તંત્ર એનું નકકી કર્યુ હોય, તંત્રના નિયમન માટે જે કંઇ કામ કર્યુ હોય પણ તમામ જગ્યાએ માત્ર અમદાવાદ, વડોદરા રાજકોટ કે સુરત જેવા મહાનગરો જ નહીં પણ નાના નગરો કે જયાં નગરપાલિકાઓ હોય અને નગરપાલિકાઓ સિવાયના પણ તાલુકા સેન્ટર ઉપર ટ્રાફિકની સમસ્યા અને પાર્કિંગની સમસ્યા ખૂબ વધી છે. કારણ શું છે ખબર નથી પણ જયાં જઇએ ત્યાં રસ્તામાં કયાંક આપણે પણ ભોગ બન્યા છીએ. જયારે ફાટક આગળ ઉભા હોઇએ હું માનુ છું ત્યાં સુધી કયાંક અશિસ્તનું પ્રમાણ, માત્ર અશિસ્તને લીધે જ કારણ કે ટ્રાફિકના નિયમો છે. આર.ટી.ઓ. કચેરી જે ડ્રાઇવરને લાયસન્સ આપે છે એ એના નિયમોથી વાકેફ હશે.પણ એનું ક્યાંય પાલન થતું નથી. મોટાભાગે અકસ્માતોના કેસોમાં માનસિકતા એવી કે અકસ્માતના કેસોમાં કશું થતું નથી. હમણાં હીટ એન્ડ રનના કેસો કેટલાય જોઇએ છીએ. બેફામ રીતે વાહનો ચલાવે છે અને એના લીધે કેટલાય ભયંકર અકસ્માતો સર્જાતા હોય છે. કેટલાય યુવાનોની જિંદગી રોળાઇ થતી હોય છે. આ બધાના નિયમન માટે જે કાંઇ કરવું પડે એ મારી અને તમારી સંવેદના જ્યારે તમામ જગ્યાએ હોય ત્યારે ક્યાંકને ક્યાંક જોઇએ છીએ કે સમાજમાં પણ શિસ્ત લાવવાની જરૂરિયાત છે. નાના શહેરોમાં જોઇએ ત્યારે અડધો રસ્તો તો જે તે વેપારીએ તેના માલથી રોકી લીધો હોય અને પછી એનું વ્હીકલ પાર્ક કરેલું હોય. નાના શહેરોમાં ક્યાંય પણ પાર્કિંગની વ્યવસ્થા આપવામાં આવતી નથી. નાના નગરોમાં આવી વ્યવસ્થા કરવામાં આવી નથી ત્યારે કોઇપણ બાંધકામ કરવાનું થાય ત્યારે અને બાંધકામની પરવાનગી આપતા પહેલાં એના પાર્કિંગ માટેની વ્યવસ્થાની જોગવાઇ કરવી પડે અને સાથોસાથ એના નિયમન માટે તંત્રને વધારે સક્રિય કરવું પડે. ટ્રાફિકની શિસ્ત લાવવા માટે આ બધાને પ્રશિક્ષણ વર્ગો થકી સમાજ જીવનના આગેવાનો સાથે રાખીને પ્રશિક્ષિત કરીશું તો આપણે આમાંથી બહાર આવી શકીશું. એટલો બધો ટ્રાફિકનો ઉપદ્રવ છે કે આપણે વાહન લઇને નીકળ્યા હોય અને ધારેલું હોય કે કલાકમાં પહોંચી જઇશું પણ ટ્રાફિકની સમસ્યા એવી પેદા થાય છે કે ક્યારેક નક્કી કરેલા ટાઇમે આપણે બાળકોને સ્કૂલે પહોંચાડી શકતા નથી. આપના મારફત મારી માનનીય મંત્રીશ્રી અને રાજ્ય સરકારને વિનંતી છે કે આ પ્રસ્તાવનો સ્વીકાર કરીને જે કાંઇ કરવું પડે એ કરે પણ ટ્રાફિકના ઉપદ્રવના નિવારણ અને નિયંત્રણ માટે રાજ્ય સરકાર આગળ આવે એવી વિનંતી છે.

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક માનનીય સભ્યશ્રી પરબતભાઇ પટેલ લાવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા દુઃખ થાય છે કે રાજ્ય સરકારના સભ્યને આ વિધેયક કેમ લાવવાની ફરજ પડી? મુરબ્બી પરબતભાઇનો આભાર માનું છું કે તેઓ આ વિધેયક લાવ્યા છે. એમને અભિનંદન આપું છું કે આ ગુજરાતમાં દિવસે દિવસે બાંધકામો વસતિના ધોરણે વધતા જાય છે. એની સાથોસાથ વાહનોની સંખ્યા પણ આજે અદભૂત રીતે વધી રહી છે. ટ્રાફિકના નિયમોની જોગવાઇ મુજબ ચૂસ્ત અમલીકરણ અને નિયંત્રક પગલાં લેવા માટેનું વિધેયક છે એ ગુજરાતની પ્રજા માટે ખૂબ જ ઉપયોગી છે. હું આપના મારફત સરકારને વિનંતી કરું છું કે, સરકારના સભ્ય જો એમ કહેતા હોય કે ટ્રાફિકની સમસ્યા મોટા અને નાના નગરપાલિકા જેવા શહેરોમાં છે અને એનું પાલન થતું નથી, એનું કારણ સરકાર પણ જાણે છે અને માનનીય સભાગૃહના સભ્યો પણ જાણે છે કે ટ્રાફિકનું નિયમન કરવા માટે પૂરતા ટ્રાફિકના કર્મચારીઓ પણ આ સરકારમાં ઉપલબ્ધ નથી. આના માટે વહેલામાં વહેલી તકે આ ટ્રાફિક નિયમન કરનારા કર્મચારીઓની ભરતી કરવી જોઇએ અને વધુમાં વધુ આ જે કલમ–૨ છે એમાં કોઇપણ વ્યક્તિ અવિચારીપણે અને બેદરકારીપૂર્વક વાહન ચલાવે તો એના માટે એક હજાર દંડ અને ૧૫

* વિધેયક તા. ૨૫મી ફેબ્રુઆરી ૨૦૧૭ના રોજ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

દિવસની સજા છે એના કરતાં ફોરેનમાં નિયમો છે અને એ નિયમોના અનુસંધાને જ્યાં જ્યાં ચાર રસ્તા હોય અને આ વિધેયકની સાથે સાથે જો પરબતભાઇ રાજ્યના ધોરીમાર્ગોમાં ટ્રાફિકના કારણે થતા અકસ્માતો માટે બે શબ્દો ઉમેર્યા હોત તો આનંદ થાત. કારણ કે ધોરીમાર્ગો ઉપર પણ અકસ્માતોનું પ્રમાણ વધી ગયું છે. મોટા ભાગે સ્પીડ લિમિટના બોર્ડ મૂકવામાં આવતા નથી. વળાંકોના અનુસંધાનમાં ભયજનક સ્થળ છે એવું બીજા રાજ્યમાં બોર્ડ મૂકવામાં આવે છે પણ આપણે ત્યાં આવા બોર્ડ મૂકવામાં આવતા નથી અને ટ્રાફિકના ચાર રસ્તા હોય અને ગતિ અવરોધકો જે મૂકવા જોઇએ એ ન મૂકવાના કારણે અકસ્માતો થાય છે. સારી વાત છે કે આજે દારૂબંધીની વાત થઇ, પણ શહેરના યુવાનો જે ૧૮ થી ૨૫ વર્ષના છે એ ધૂમ સ્ટાઇલથી જે વાહનો ચલાવે છે એના માટે પણ દંડની અને વાહન ડિટેઇનની જોગવાઇ હોવી જોઇએ જેથી કરીને ભવિષ્યમાં ધૂમ સ્ટાઇલથી થતા અકસ્માત નિવારી શકાય અને કોઇના વ્હાલસોયા દીકરાની જિંદગી પણ બચાવી શકાય એવું મારું નમ્ર સૂચન છે. મારો કહેવાનો મતલબ એ છે કે ટ્રાફિકની સાથે સાથે આર.ટી.ઓ., માર્ગ મકાન વિભાગ આજે મોટાભાગના શહેરોની અંદર અને જે કાંઇ એપાર્ટમેન્ટના બાંધકામો થાય છે એમાં પાર્કીંગના અભાવે સાઇડમાં રસ્તો હોય એમાં ગ્રામ્ય માર્ગ હોય, જિલ્લા માર્ગ હોય અને નેશનલ અને રાજ્યના ધોરી માર્ગો હોય એની સાઇડમાં જ્યારે એપાર્ટમેન્ટો થતા હોય ત્યારે પાર્કીંગની જોગવાઇ ૧૦૦% હોય છે પણ જ્યારે મહેસૂલ વિભાગ દ્વારા કે નગરપાલિકા, મહાનગરપાલિકા દ્વારા જે પરવાનગી આપવામાં આવે છે ત્યારે આ જોગવાઇને જોવાતી નથી અને પાર્કીંગ ના હોવાના કારણે પણ રોડ ઉપર આવા વાહનો મૂકવાના કારણે પણ ટ્રાફિકને અડચણ થાય છે અને અકસ્માતોનો ભય રહે છે. એટલે મારી સરકારશ્રીને વિનંતી છે કે આજે રોડની બંને સાઇડે રેહેણાંકના મકાનો થાય છે કે ઉદ્યોગ ક્ષેત્રે સિનેમાગૃહો થાય છે કે રાષ્ટ્રીયકૃત બેંકો હોય ત્યાં લોકોના ઘસારાના કારણે સ્વાભાવિક છે કે ટ્રાફિક રહે છે. પોતાનું વ્હીકલ લઇને જે તે કામ માટે જતા હોય છે તો ટ્રાફિકના અનુસંધાનમાં જે કાંઇ વાહનો મૂકવામાં આવતા હોય છે એ મોટાભાગે ડિટેઇન થતા નથી એનું મુખ્ય કારણ સ્ટાફનો અભાવ છે તો સ્ટાફની ભરતી કરીને આ ટ્રાફિકની મુશ્કેલી છે એ ખરેખર નિવારી શકાય એવું છે. મુરબ્બી પરબતભાઇ જે વિધેયક લઇને આવ્યા છે એને મારું અનુમોદન છે. પાર્કીંગ સાઇડની વાત કરી અને રોંગ સાઇડ વાહનો ચલાવે છે એના માટે ગુનો થાય તો એને વોરંટ સિવાય પકડી શકાય અને એમાં ખાસ કોર્ટોની રચના કરીને આવા કેસો થાય તો એનો વહેલી તકે નિકાલ થઇ જાય અને આ પ્રમાણે જો વ્યવસ્થા કરવામાં આવે તો હું એમ માનું છું કે આ વિધેયકથી ટ્રાફિકના નિયમો હળવા થાય અને લોકોની જાનહાનિ પણ બચી જાય એવું હું આ પ્રસંગે માનું છું. માનનીય પરબતભાઇએ વાત કરી એને હું અનુમોદન આપું છું. ટ્રાફિકના નિયમોનું પ્રશિક્ષણના શરૂઆતમાં મતલબ કે પ્રાયમરી વિભાગમાં અને માધ્યમિક વિભાગમાં આપવામાં આવે તો આજે ૧૨–૧૩ વર્ષના બાળકો હોય એ નાની સ્કુટી લઇને કે નાનું વાહન મા–બાપની પરવાનગી વગર સ્કૂલની અંદર કે અન્ય ઘર વપરાશની ચીજ–વસ્તુ લેવા માટે જતા હોય છે અને નાની ઉંમરના કારણે પણ મોટા અકસ્માતો થાય છે તો આ બાબતમાં પણ કાળજી લેવાય અને આ જે પોલીસ અધિનયમનનો કાયદો બન્યો છે ૧૯૫૧ એ લગભગ ૬૬ વર્ષ જૂનો કાયદો છે તો એમાં પણ સુધારો કરવો જોઇએ. ૧૯૭૩ મતલબ કે ફોજદારી કાર્યરીતિ અધિનિયમ લાગુ કર્યો છે એને પણ આજે લગભગ ૪૩ વર્ષ જેટલો સમય થયો છે. આ જે કાયદામાં સુધારા કરીને પણ લોકશાહીને જીવંત રાખવી હોય અને બાળકોને અને યુવાનોને થતા અકસ્માતો નિવારવા હોય તો આ બાબતમાં સરકારે કટિબદ્ધતા રાખી આ બિલ લાવ્યા છે એને ખરેખર અનુમોદન આપું છું. અનેક પ્રકારે મેં જે વાત કરી છે એ સરકાર આ ત્રણ ડિપાર્ટમેન્ટ આર.ટી.ઓ., માર્ગ મકાન વિભાગ અને મહેસૂલ વિભાગના સંયુકત ઉપક્રમે જિલ્લાની સંકલનની મિટિંગ થાય છે ત્યારે બાંધકામ થતું હોય એની ચકાસણી કરી, પાર્કીંગ છે કે નહિ એની ચકાસણી કરીને પરવાનગી આપવામાં આવે તો ભવિષ્યમાં આ પ્રમાણેના અકસ્માતો નિવારી શકાય એટલું જ મારે આ પ્રસંગે કહેવું છે.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ(લિંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પરબતભાઇ જે ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત બિનસરકારી વિધેયક લાવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે પૂરા વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં ટ્રાફિકની સમસ્યાથી લોકો હેરાન થયા છે ત્યારે ટ્રાફિક પર નિયંત્રણ કરવું જરૂરી છે. આખા દેશમાં ટ્રાફિકના કારણે પ્રદૂષણ વધે છે. ટ્રાફિકના કારણે ડિઝલ અને પેટ્રોલનો વપરાશ વધે છે જેના કારણે પ્રદૂષણમાં વધારો થાય છે અને લોકોનો કિંમતી સમય બગડે છે. ટ્રાફિકના લીધે લોકોને પોતાના નિશ્ચિત સ્થાને જવા માટે સમય કરતા વહેલા નિકળવું પડે છે છતાં પણ ઘણી વખત સમયસર પહોંચી શકતા નથી. આના માટે રાજ્ય સરકાર દ્વારા પીકઅપ અવર્સમાં ભારે વાહનોની અવર–જવર ઉપર પ્રતિબંધ મૂકવો જોઇએ. કાર, ટેક્સી અને રિક્ષામાં પણ શહેરી સિસ્ટમ ફરજિયાત કરવી જોઇએ. આવા અનેક જેવા કે, બી.આર.ટી.એસ. રૂટો વધારવા, સિટી બસો વધારવી, પબ્લિક ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા વધારવી. જેથી કરીને ટ્રાફિકની સમસ્યા ઉપર નિયંત્રણ કરી શકાય છે. ટ્રાફિકની સમસ્યાનું નિવારણ લાવવા માટે ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તમામ મહાનગરોમાં મહાનગરપાલિકા સાથે મળીને બીઆરટીએસ જેવી કરોડો રૂપિયાની યોજનાઓ બનાવી છે. જરૂર પડે ત્યાં ઓવરબ્રીજ બનાવ્યા છે.

મારા સુરત શહેરની વાત કરું તો સુરતમાં સૌથી વધુ મુંબઇ પછી બ્રીજ છે અને સૌથી વધુ લંબાઇના બ્રીજોનું નિર્માણ કરવામાં આવ્યું છે. મારા સુરત શહેરને બ્રીજ સિટી તરીકે ઓળખવામાં આવે છે. સુરતને ડાયમંડ સિટી, ટેક્સટાઇલ સિટી તરીકે પણ ઓળખીએ છીએ. સ્વાભાવિક છે કે, સુરતમાં ટ્રાન્સપોર્ટેશન વધુ હોઇ, વેપાર વધારે છે, વ્યવહાર વધારે છે એના લીધે લોકો વધારે આવતા હોય છે. સુરતમાં ટ્રાફિક પણ વધુ સારી રીતે નિયંત્રણ કરવામાં આવી રહ્યો છે. ઓવર બ્રીજ વગરના સુરતની કલ્પના કરીએ તો વિકરાળ પરિસ્થિતિ સામે આવે, જેનાથી દાઝી જવાય છે. રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ

સેમિનારો, અદ્યતન સિગ્નલ, સાયન્ટિફિક રોડની ડિઝાઇનો તેમજ દરેક જિલ્લામાં ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટની રચના કરવામાં આવી છે અને તેના માધ્યમથી અનેક યુવાનો આ વ્યવસ્થામાં જોડાય એવી વ્યવસ્થા આખા રાજ્યમાં બધી જગ્યાએ કરવામાં આવી છે. ટ્રાફિક પોલીસ દ્વારા એન.જી.ઓ.ને સાથે રાખીને રાજ્યની અલગ અલગ કોલેજોમાં માધ્યમથી અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કુલોમાં ટ્રાફિક અવેરનેસ પોગ્રામ કરીને ટ્રાફિક અંગે જન જાગૃતિ લાવવાના સફળ પ્રયોગો થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરત શહેરમાં સી.સી.ટી.વી. આધારિત ટ્રાફિક એન્ફોર્સમેન્ટ કરવામાં આવ્યું છે. જેના લીધે ટ્રાફિક પર નિયંત્રણ રાખી શકાય છે અને સિક્યુરિટીમાં પણ વધારો થાય છે. રાજ્યના ટ્રાફિકના ઉપદ્રવને નિવારવા અને નિયંત્રણ માટે કાયદાઓની જોગવાઇ મુજબ ગુજરાત રાજ્યમાં અવારનવાર ચેકીંગ ડ્રાઇવ ગોઠવવામાં આવે છે. કાયદાઓનો ભંગ કરનાર સામે દંડ ફટકારવામાં આવે છે. દર વર્ષે માર્ગ સલામતી સપ્તાહ ઉજવીને સલામતી માટે જાગૃત કરવામાં આવે છે. સ્કૂલ, કોલેજોના વિદ્યાર્થીઓ અને ડ્રાઇવરોને કાયદાકીય જ્ઞાન આપવામાં આવે છે. ટ્રાફિકની માહિતી અને અકસ્માતમાં ઘટાડો કરવા માટે જાહેર સ્થળો ઉપર, રોડ સાઇટ ઉપર આ બધી જગ્યાઓએ બેનરો લગાડીને અકસ્માતમાં ઘટાડો થાય એ પ્રકારના પ્રયત્નો કરવામાં આવે છે. શહેરી વિસ્તારોમાં ટ્રાફિક નિયમનના સઘન અમલીકરણ માટે ટ્રાફિક પોલીસ ઉપરાંત ટ્રાફિક બ્રીગેડ ઉપરાંત હોમગાર્ડ આ બધાનો ઉપયોગ કરીએ છીએ. જેના કારણે ટ્રાફિક સમસ્યા પર નિયંત્રણ અને નિવારણ રહે છે. ટ્રાફિક માટેની જે ચિંતા રાજ્ય સરકારે છે, આ બાબતનું ખાસ ધ્યાન આપીને સુચારું ઢબથી અમલમાં મૂકી શકાય એના માટે વાહન વ્યવહાર વિભાગ તરફથી વ્યવસ્થા ઉભી કરી છે. આ સમસ્યાનું નિવારણ કરવાનો પુરો પ્રયત્ન આ વિભાગ તરફથી કરવામાં આવી રહ્યો છે, રાજ્ય સરકાર કરે છે ત્યારે હું રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય અમારા વડીલ વિધાયકશ્રી આ ટ્રાફિક નિયમનનું જે બિલ લઇને આવ્યા છે, પહેલાં તો એમને અભિનંદન આપું કે સમસ્યા છે તેવું સ્વીકારે છે. અનેક સમસ્યાઓ આ સરકારમાં છે તેમાંની આ ટ્રાફિકની સમસ્યા છે. હવે ટ્રાફિકની સમસ્યા માટે સૌથી પહેલા એનો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. આજે ટ્રાફિક માટે સૌથી પહેલું જો અગત્યનું કોઇ પરિબળ હોય તો વાહનોની અંદર વધારો થયો છે, આર.ટી.ઓ. પ્રશિક્ષણ અને પોલીસવાળા આ બધી બાબતો એની સાથે સંકળાયેલી છે અને ત્યાર પછી પ્રજા આવે. સૌ પ્રથમ તો આર.ટી.ઓ.ની અંદર જે વર્તમાન નિયમો છે, એ નિયમો અંતર્ગત આડેધડ આર.ટી.ઓ. દ્વારા લાયસન્સ આપી દેવામાં આવે છે. એટલે ડ્રાઇવરોની સંખ્યા દિન પ્રતિદિન ખૂબ વધતી જાય છે, આ પહેલી એક સમસ્યા છે. તો પહેલામાં પહેલા શિક્ષિત ડ્રાઇવર હોય, ભણેલો ગણેલો હોય અને ટ્રાફિકના નિયમોનું પુરેપુરું જ્ઞાન હોય એને જો લાયસન્સ આપવામાં આવે તો એ જે વખતે વાહન ચાલવતો હોય ત્યારે એ નિયમોનું પુરેપુરું પાલન કરે. પણ આર.ટી.ઓ.ની અંદર એજન્ટોનો એટલો બધો રાફડો ફાટેલો હોય છે કે ગમે તેટલા પૈસા આપીને એને આર.ટી.ઓ.ના પૂરા વિષયનું, નિયમોનું જ્ઞાન ન હોય, પૂરો ભણેલો ન હોય તો પણ એને લાઇસન્સ આપી દેવામાં આવે છે એટલે આ એક બાબત બહુ જરૂરી છે. ત્યારબાદ બીજી બાબત એ છે કે જે પ્રજા છે એ પ્રજાની અંદર અવેરનેસ હોવી જોઇએ. અગાઉ સ્કૂલોની અંદર હોય કે અન્ય જગ્યાઓ ઉપર ટ્રાફિકના વિષયનું પૂરેપૂરું જ્ઞાન આપવામાં આવતું. હું સરકારને વિનંતી કરું છું કે ધોરણ-૫ થી ૮ સુધીમાં એવા અભ્યાસક્રમમાં આ વિષય નાખી દે ટ્રાફિકના નિયમોનો. આપે જોયું હશે મોટા શહેરોની અંદર બોમ્બે છે, દિલ્હી છે, એ બધી જગ્યાએ જે ટ્રાફિકની લોકોને જાણકારી છે એની જગ્યાએ આપણા ગુજરાતની વાત કરીએ તો આપણા જે મોટા આઠ મહાનગરો છે એ નગરોની અંદર એટલી બધી ટ્રાફિકની સમસ્યાઓ છે કે લોકો ટ્રાફિકના પ્રશ્નો આપોઆપ ઉભા કરે છે. લોકો વાહનો ગમે ત્યાં પાર્ક કરી દે છે. ખરીદી કરવા જાય તો કોઇપણ બાબતે બીજાનું શું થવાનું છે એનું ધ્યાન રાખ્યા સિવાય પોતાનું વાહન ત્યાં ઉભું કરી દે છે તો આ માટે ટ્રાફિકના નિયમો માટે સૌથી પહેલા અગત્યનું હોય તો પોલીસ ખાતું છે. આજે સમસ્યા એ છે કે પોલીસની અંદર ભરતી ઓછી હોવાને કારણે નિયમો ન જાણતા હોય એવાને પણ અંદર નાખી દે છે. માનનીય ગૃહમંત્રી હાજર નથી. મારી એવી વિનંતી છે કે નગરોની અંદર અને બધે ટ્રાફિક સમસ્યા છે તો પોલીસ ખાતાની અંદર એક અલગ વિભાગ જ એક અલગ ભરતી પોલીસની કે જે સ્પેશ્યલ ટ્રાફિકનું જ કામ કરે એવો એક વિભાગ શરૂ કરે અને એના તમામ નીતિ નિયમોના જાણકાર હોય એને આ ટ્રાફિકમાં મૂકે. ઘણી વખત તો ટ્રાફિક કમિશ્નર હોય કે ટ્રાફિકની ઉચ્ચ પોસ્ટ હોય એ સજા માટે એમને ત્યાં મૂકી દેતા હોય છે. ટ્રાફિકનું નિયમન કરવા માટે એના મગજમાં સમજ આવે, એના મગજમાં હોય નહીં એ પહેલા એને મૂકી દેવામાં આવે છે. ટ્રાફિકને નિયમન કરવા માટે પોલીસ ખૂબ જરૂરી છે. પોલીસ એ પ્રમાણિક હોય, નિષ્ઠાવાન હોય. સંખ્યા પ્રમાણે એકલા અમદાવાદની અંદર જ વાત કરીએ તો અમદાવાદની સૌથી મોટી સમસ્યા બી.આર.ટી.એસ. છે. મને યાદ છે કે યુ.પી.એ.ની સરકાર હતી ત્યારે અત્યારે વર્તમાન જે વડાપ્રધાન છે એ અહીંયા હતા. તો સૌથી મોટી ગ્રાન્ટ લેવા માટે બી.આર.ટી.એસ. લઇ આવ્યા અને ત્યારપછી મેટ્રો લઇ આવ્યા અને ત્રીજો લઇ આવ્યા રીવર ફ્રન્ટ. આ ત્રણેત્રણની અંદર આપણે જોઇએ તો બી.આર.ટી.એસ. એ સૌથી ફેઇલ. અમદાવાદની અંદર જો ટ્રાફિક વધ્યો હોય તો બી.આર.ટી.એસ.ને લીધે વધ્યો છે. હું વચ્ચે જમાલપુરથી આવતો હતો તો જમાલપુરની અંદર અમારી ગાડી અમે એકબાજુ ઉભી રાખેલી (અંતરાય) માનનીય સાહેબશ્રી, સરકારે પ્રજાને ટ્રાફિક સમસ્યા દૂર થાય એ માટે આપી હતી પણ એનો અભ્યાસ કરીને જશ લેવા માટે એવા રસ્તાઓ બનાવી દીધા કે જેથી કરીને લોકોને ખૂબ અડચણો ઉભી થઇ એટલે હું જયારે જમાલપુરથી આવતો હતો તો જમાલપુરની અંદર પોલીસવાળા સાઇડમાં મેં જોયેલા. પોલીસવાળાને કોઇ ગણે નહીં, એને સમજે નહીં અને આડેધડ લોકો સ્કૂટરથી માંડીને બી.આર.ટી.એસ.ની અંદર જ આવ્યા કરે અને જે લોકોને અંદર જવાનું હોય એ પેલી બાજુ જઇ પણ ન શકે એ રીતના રસ્તા હતા એટલે મારું એવું માનવું છે.

તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૬

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, પરબતભાઇ પટેલ જે ટ્રાફિક સમસ્યા અંગેનું જે વિધેયક લઇને આવ્યા છે એમાં મારા કેટલાક વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું. એવરેજ દર વર્ષે પાંચ લાખ જેટલા અકસ્માતો સમગ્ર દેશમાં થાય છે. રાજકોટ–લીમડી હાઇવે એક વખત અકસ્માતનું ઘર હતો. રાત્રે અંધારૂ થાય એટલે વાહન લઇને નીકળતા નહીં એવો રોડ હતો પણ આજે ફોર ટ્રેક રોડ થયા પછી રાત્રે ૧૧–૦૦ વાગ્યે નીકળવામાં પણ કોઇને સંકોચ થતો નથી. એક વખતનો અમદાવાદનો રીલીફ રોડ ધમધમતા વેપારનું એક માધ્યમ હતું. આજથી ૨૫–૩૦ વર્ષ પહેલાં. આજે એ રિલીફ રોડ ટ્રાફિકની સમસ્યાના કારણે વેપાર–ઉદ્યોગ બદલીને બીજે જતા રહ્યા છે. રાજકોટમાં અમારો ધર્મેન્દ્ર રોડ, ગરડિયા કુવા રોડ, લાખાજીરાજ રોડ એક વખત વેપારનું માધ્યમ હબ હતા. ટ્રાફિકની સમસ્યાના કારણે એ ધીરે ધીરે વેપાર ધંધા બંધ થયા અને બીજે જતા રહ્યા. જે પ્રકારે વાહનની વ્યવસ્થા, નોંધણી એમાં ૨૦૦૧–૦૨ માં જોઇએ તો ૪,૩૨,૧૬૪ નવાં વાહનોની નોંધણી થઇ હતી. ૨૦૦૫–૦૬ માં ૮,૦૬,૩૮૬ નવાં વાહનોની નોંધણી અને ૨૦૦૯–૧૦ માં ૮,૭૬,૯૫૧ નવાં વાહનોની નોંધણી, ૨૦૧૫–૧૬ માં ૧૬,૪૨,૨૦૯ નવાં વાહનોની નોંધણી થઇ હતી. જેમ જેમ રાજ્યનો વિકાસ અને આર્થિક પ્રગતિ થતી ગઇ તેમ વાહનોની સંખ્યા વધતી ગઇ. ગુજરાતમાં ટોટલી વાહનોની સંખ્યા જોઇએ તો આજે નોંધાયેલા વાહનોની સંખ્યા ૨ કરોડ ૧૭ લાખ ૫૬ હજાર ૩૯૭ જેટલી છે. એવરેજ દર ત્રણ માણસે એક વાહન છે. આટલાં વાહનો છે એની સમસ્યા માટે પરબતભાઇ જે બિલ લઇને આવ્યા છે, એમાં હું મારો સુર પુરાવું છું અને એમાંથી કોઇ હલ નીકળે અને અકસ્માતો ઓછા થાય અને અવેરનેસ આવે. જેમ વિદેશમાં જઇએ અને ચાર રસ્તામાં લાઇટ સિગ્નલ બંધ થાય અને લાલ લાઇટ થાય અને કોઇપણ વાહન ન હોય, સામેથી વાહન ન આવતું હોય, ક્રોસમાં વાહન ન હોય છતા પણ આપણે વાહન રોકી દઇએ છીએ. એ અવેરનેસ આવે એના માટેની ટ્રેનિંગ શરૂ થાય અને લોકજાગૃતિ શરૂ થાય તો પણ મને લાગે છે કે આવતા દિવસોમાં સમસ્યામાં ઘણો ઘટાડો થશે તેવું મારું સજેશન છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ટ્રાફિક ઉપદ્ર નિવારણ અને નિયંત્રણ બાબતના સંદર્ભમાં આ સભાગૃહના માનનીય સભ્યશ્રી પરબતભાઇ જે બિલ લઇને આવ્યા અને બિલના સંદર્ભમાં પરબતભાઇ, સી.કે.રાઉલજી, સંગીતાબેન, ગૌતમભાઇ, ગોવિંદભાઇ દરેક લોકોએ પોતાના અભિપ્રાય વ્યકત કર્યા છે. રાજય સરકાર પણ વધતી જતી વસતિ, વધતા જતા વાહનો અને એના કારણે ઊભી થતી સમસ્યા અને એ સમસ્યાના નિરાકરણ માટે સતત ચિંતિત છે. આ વખતના બજેટમાં આપણે જોયું હશે કે માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ માર્ગ મકાન વિભાગની અંદર ઓવરબ્રિજો આપણને આપ્યા છે અને માનનીય સંગીતાબેને કહ્યું તેમ આખા દેશની અંદર મુંબઇ પછી જો સૌથી વધારે ઓવરબ્રિજ હોય તો તે આપણા ગુજરાતમાં અને સુરતમાં છે. આ ઉપરાંત આપણી પાસે મેનપાવર છે એ ટ્રાફિકનું નિયમન અને તેનું મહેકમ અને ટ્રાફિક બ્રિગેડ બંનેનું મહેકમ ગણીએ તો ૧૪,૦૦૦ જેટલું છે. અને અકસ્માતના આંકડા રાજય સરકારે સાતત્યપૂર્ણ રીતે આમાં ટ્રાફિક એટલે માત્ર પોલીસનો સવાલ નથી. માર્ગ મકાન, વાહન વ્યવહાર વિભાગ, શહેરી વિકાસ વિભાગ, ગૃહ વિભાગ અને પર્યાવરણ આ બધાને સ્પર્શતો વિષય છે અને એમાં વાહન વ્યવહારના અનેક નાના મોટા કાયદાઓનું એની અંદર નિયમન કરીએ છીએ. ૨૦૧૫–૧૬ ના આંકડા છે એની અંદર ઉત્તમ પ્રકારની વ્યવસ્થા ઊભી કરવાના કારણે અકસ્માતમાં ઘટાડો થયો છે. આનાથી આ સરકાર અટકવાની નથી. અમદાવાદ શહેરની વાત કરું તો અમદાવાદ શહેરમાં હમણા જ ગૌતમભાઇએ બી.આર.ટી.એસ.ના સંદર્ભમાં નાના મોટા પ્રશ્નો એમણે મૂકયા. એ વ્યવસ્થાની અંદર કદાચ તૃટી હશે. પણ એ સમગ્ર વ્યવસ્થા નિશ્ચિત કરવા માટે બી.આર.ટી.એસ.ની ડિઝાઇન નક્કી કરવામાં આવી હતી. મારા મત વિસ્તાર વસ્ત્રાલથી શરૂ કરીને થલતેજ અને સાબરમતીથી શરૂ કરીને વાસણા સુધી આગામી દિવસોમાં કેન્દ્ર સરકાર દ્વારા જે પ્રોજેકટને મંજૂર કર્યા છે, તેવા ૧૦,૦૦૦ કરોડનો મેટ્રો પ્રોજેકટ માનનીય નરેન્દ્રભાઇ મોદી દ્વારા મુકવામાં આવ્યો છે કે તેના કારણે આના ઉપયોગના કારણે આમાં પણ ઘટાડો કરી શકાશે. આપણે સૌ જોતા હોઇશું કે અમદાવાદ શહેર સુંદર અને રમણીય બને તેના માટે રીવર ફ્રન્ટ બનાવ્યું છે. રીવર ફ્રન્ટ તે રમણીય નહીં પણ તેની પાછળનો દૃષ્ટિકોણ નગરના શાસકોનો એ હતો કે તેના પેરેલલ બે રોડ બને અને તે બંને રોડ ઉપર ટ્રાફિક પસાર થાય એટલે મૂળ રોડ ઉપરનો ટ્રાફિક ત્યાં ડાયવર્ટ કરી શકીએ. આજે હાર્ટ ઓફ ધી સીટી તે રીવર ફ્રન્ટના બંને બાજુના રોડ બન્યા છે. આમ ઉભી થતી સમસ્યા અને તેના સમાધાન માટે કયાંક ધૂમ સ્ટાઇલથી જે બાઇકો ચલાવે છે તેના કારણે જે અકસ્માત થાય છે, તેના કારણે જે જાનહાનિ થાય છે તેના માટે સરકાર ચિંતિત છે. જુદા જુદા કાયદાઓના માધ્યમથી આપણે પ્રયાસ કરીએ છીએ. હાલની જે જોગવાઇ છે તેમાં ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧, મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ અને ગુજરાત પ્રોહીબીશન એકટ આજે જ મેં મારા પ્રવચનમાં કહ્યું તેમ કે નવા દારૂબંધીના કાયદાના કારણે રસ્તા ઉપર થતા અકસ્માતોની સંખ્યામાં પણ ૧૯ ટકા જેટલો ઘટાડો આપણને જોવા મળ્યો છે. માર્ગ મકાન વિભાગ પણ આમાં સારી રીતે કામગીરી કરીને બ્લેક સ્પોટ આઇડેન્ટીફાઇ કરે છે. કેટલાક સ્પોટ એવા હોય છે કે જયાં અકસ્માતો વધારે થાય છે. તેને રીડીઝાઇન કરીને અકસ્માતોની માત્રા કેવી રીતે ઘટાડી શકાય, નાના મોટા વાહનોમાં ડ્રાઇવરની આંખોની ચકાસણી કરવી, સ્થળ ઉપર દંડ વસુલ કરવાની જોગવાઇઓ છે. ઓવરલોડીંગના સંદર્ભમાં પણ વાહન વ્યવહાર વિભાગ દ્વારા કામગીરી થાય છે. કયાંક વન વેનો ભંગ હોય કે કયાંક લાઇટીંગનો ભંગ હોય તેમાં પણ એકશન લેવામાં આવે છે. રાજય સરકારે સૌથી મોટુ કામ સ્ટેટ રોડ એન્ડ સેફટી પોલિસી બનાવી છે. આ પોલિસીને કાયદાકીય માળખું બનાવવા માટેની દિશામાં રાજય સરકાર જઇ રહી છે. રોડ સેફટી એજયુકેશન એન્ડ ટ્રેઇનિંગ જે પ્રશિક્ષણના માધ્યમથી બાળકોને ટ્રેઇનિંગ આપવામાં આવે છે. તેના માધ્યમથી અકસ્માતોની સંખ્યામાં ઘટાડો થાય છે. એન્શ્યોર સેફર રોડ ઇન્ફ્રાસ્ટ્રકચર અને સેફર

વ્હીકલ. ઘણી વખતે વાહનો માત્ર અકસ્માતની દ્રષ્ટિએ નહીં પણ પ્રદૂષણની માત્રા અને તેમાં સસ્પેન્ડેડ પાર્ટીકલ મેટલ્સ હવામાં તરતા રજકણોની માત્રાના કારણે આપણને સૌને સમસ્યા ન થાય તે જોવામાં આવે છે. સેફ્ટી ફોર વલ્નરેબલ રોડ યુઝીંગ. અમદાવાદ શહેર અને બાકીના મહાનગરોની અંદર જયાં વિશેષ સમસ્યા છે તેમાં જે ટાઉન પ્લાનિંગ એકટ છે, તેમાં હવે જે નવા બિલ્ડીંગો બને છે તે તથા નવા કોમર્શિયલ કોમ્પલેક્ષ હોય કે નવી બનનારી ટી.પી. ઉપર જે નવા બાંધકામોને મંજૂરી આપવામાં આવે છે. જયાં સુધી નકકી કરેલી સફીશીયન્ટ પાર્કિંગની સ્પેશ ન હોય તો તેમાં આપણે મંજૂરી પણ નથી આપતા. લોકોને ટ્રાફિકના લો ની ખબર નથી હોતી તો તેના સંદર્ભમાં પણ રાજય સરકારે વ્યવસ્થા કરી છે. આ વખતે માનનીય નીતિનભાઇ પટેલે બજેટની અંદર બીજી મોટી જોગવાઇ કરી છે. તે જોગવાઇ એ છે કે જે આપણને આડકતરી રીતે ટ્રાફિકના નિયમનમાં ઉપયોગી થશે. આ રાજયની અંદર સી.સી.ટી.વી. માટે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે તે માત્ર લો એન્ડ ઓર્ડર માટે નથી ફાળવ્યા. આના માધ્યમથી ટ્રાફિક મેનેજમેન્ટ કંટ્રોલરૂમના માધ્યમથી બેસ્ટ રીતે કરી શકીશું. તેમાં જે ટ્રાફિકના લોઝનું વાયોલેશન કરે છે તો ઓટોમેટીકલી તેના નંબર ઉપરથી ચલણ જનરેટ થઇને દંડની રકમ તેના ઘર સુધી પહોંચે જેના કારણે સી.સી.ટી.વી.માં પકડાયેલો વ્યકિત કે જે ટ્રાફિકના નિયમનો ભંગ કરે છે અને ભંગ કરવાના કારણે તેને ચલણ મળે છે. તો બીજીવાર તે ટ્રાફિકના લોનો ભંગ નહીં કરે તે આના માધ્યમથી કરી રહ્યા છીએ. ગુજરાત રાજયમાં માર્ગ સલામતી વિષયક અનેક નાની મોટી કામગીરી સુપ્રીમ કોર્ટ રોફ સેફટી કમિટીના નિર્દેશનો અનુસાર કરવામાં આવી છે. આ ઉપરાંત રાજયમાં માર્ગ સલામતીને અનુલક્ષીને જાહેર જનતાની સલામતી માટે રોડ સેફટી સોસાયટીની રચના કરવામાં આવી છે. અને આપણી પાસે જે ટ્રાફિક બ્રીગેડના જવાન છે, હોમગાર્ડના જવાન છે, પોલીસના જવાન છે આ સંયુકત રીતે ટ્રાફિકની વ્યવસ્થા કરી રહ્યા છે. રોડ સેફ્ટીના ૨૦૧૪માં ૪૫ જેટલા સ્પોટ હતા એ સ્પોટ આઇડેન્ટીફિકેશન અને એની રેકિટફિકેશનનું કામ કરવામાં આવેલ છે. આમ રાજય સરકારે આ વખતે માર્ગ અને મકાન દ્વારા વિભાગના જે રસ્તાઓની મંજૂરી કરવામાં આવી છે એ મંજૂરીના સંદર્ભમાં પણ ૧૦ કરોડથી વધુ રકમના કામો એ રોડ બનાવવા માટે નહીં પરંતુ રોડ સેફ્ટી ઓડિટની કામગીરી માટે પણ રાજય સરકારે ફાળવ્યા છે. રોડ સેફ્ટી એન્જિનિયરીંગ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ગાંધીનગર ખાતે દર વર્ષે આના સંદર્ભમાં ૧૨૦ જેટલા એન્જિનિયરોને તાલીમ આપે છે. ટ્રાફિકની સમસ્યાઓ ક્યાં ક્યાં વિશેષ થાય છે ત્યાં ટ્રાફિક પોલીસ હોય, આપણા જે પવિત્ર યાત્રાધામો છે અને આ યાત્રાધામોની અંદર આપણે સૌ જાણીએ છીએ કે, એના તહેવારના દિવસોમાં, મેળાના દિવસોમાં લાખોની સંખ્યામાં લોકો આવતા હોય છે ત્યારે ટ્રાફિકના નિયમન માટે પણ એના સાઇન બોર્ડ, એના ટ્રાફિક સિગ્નલ અને એની વ્યવસ્થા કરવામાં આવે છે. રાજય ધોરીમાર્ગ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ જ્યાં ભેગા થાય છે એવા ૧૧૧ જંકશન છે અને એ જંકશન પૈકી ૪૨ જંકશન પર અંડરપાસ, ઓવરબ્રીજ અને બાકીના જંકશન પર સલામતી સૂચક સાઇન રાખવામાં આવ્યા છે. જુદા જુદા કાયદાઓના આધારે રાજય વાહન વ્યવહાર વિભાગ, ગૃહ વિભાગ સઘન રીતે આનો અમલ કરે છે અને આવનારા દિવસમાં માનનીય સભ્યશ્રી દ્વારા જે લાગણી વ્યક્ત કરવામાં આવી છે એ ટ્રાફિકની સમસ્યા આવનારા દિવસોમાં માત્ર અમદાવાદ શહેર અને ગુજરાતની જ નહીં પરંતુ સમગ્ર ભારતભરની વિકરાળ સમસ્યા સ્વરૂપે આપણી સમક્ષ આવવાની છે ત્યારે રાજય સરકારે ટ્રાફિકના આ ન્યુસન્સને ડામવા માટે ઉત્તમ પ્રકારની વ્યવસ્થાઓ કરી છે અને આની અંદર પણ આગામી દિવસોમાં વધારો કરીશું. આ વખતના બજેટમાં પણ આ બાબતને સાંકળીને સુધારા કર્યા છે એટલે હું માનનીય સભ્યશ્રી પરબતભાઇને વિનંતી કરું છું કે, પ્રવર્તમાન સંજોગોમાં જ્યારે પૂરતા કાયદાઓ છે ત્યારે હવે આ કાયદાનો કડકાઇથી અમલ કરાવીશું તો એના સંદર્ભમાં એમના સૂચનોની પણ અમે નોંધ લઇશું ત્યારે માનનીય સભ્યશ્રી પરબતભાઇ તેમનું વિધેયક પાછું ખેંચી લે એવી હું વિનંતી કરું છું.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિધેયકના સમર્થનમાં આ ગૃહના માનનીય સભ્યશ્રી સી.કે. રાઉલજી, આદરણીય સભ્યશ્રી સંગિતાબેન પાટીલ, આદરણીય સભ્યશ્રી ગૌતમભાઇ, અને આદરણીય સભ્યશ્રી ગોવિંદભાઇએ જે સૂર પૂરાવ્યો છે અને પોતાના વિચારો રજૂ કર્યા છે. સાથે સાથે આદરણીય મંત્રીશ્રીએ વિધેયકમાં વિગતવાર ટ્રાફિક નિયંત્રણ માટેની જે કાંઇ છણાવટ કરી છે જુદા જુદા પ્રકારે એમાં મહેકમની વાત હોય, સી.સી.ટી.વી. કેમેરાની જોગવાઇ કરી છે કે જેમાં ઓટોમેટિક લોકોના ઘેર શિસ્તના પાલનનો સંદેશો પહોંચશે અને નવા બાંધકામ માટેની પરમિશનમાં પણ મોટા શહેરોમાં જે રીતની છે એ પરમિશન પાર્કીંગની જગ્યા વગર મળશે નહીં. આવી અનેક પ્રકારની જે છણાવટો એમણે કરી છે જેથી મને એમ લાગે છે કે આ વિધેયક લાવવા પાછળનો જે આશય હતો એ આશય બર આવે છે ત્યારે મારું વિધેયક પાછું ખેંચી લેવા માટે આ સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક પાછું ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

તા. ૨૨મી ફેબ્રુઆરી, ૨૦૧૭

સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયક

સન ૨૦૧૬નું ગુજરાત વિધેયક ક્રમાંક-૧૦

સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયક

ગરીબી રેખાની નીચેના પરિવાર અને અમુક આવકવાળા જૂથની વ્યક્તિઓને પણ મફત તબીબી સેવાઓ પૂરી પાડવાની અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક-૧૦, સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા: માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી રાજ્યમાં ગરીબી રેખા નીચે જીવતા પરિવારો અને અમુક વર્ગના ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ કોઇપણ ખર્ચ વિના તબીબી સેવાઓ લઇ શકે તે માટે થઇને ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી અમૃતમ્ (મા) યોજનાનો અમલ કરવામાં આવ્યો છે. આ યોજનાનો લાભ વધુ લોકો લઇ શકે તે માટે થઇને મેં આ બિલ રજૂ કરેલ છે.

ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં તારીખ ૪-૯-૨૦૧૨ના દિવસથી લોકહિત માટે થઇને અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવા માટે થઇને આ અમૃતમ્ (મા) યોજનાની શરૂઆત કરવામાં આવી. આ મા અમૃતમ્ યોજના થકી ગુજરાત રાજ્યના ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં વસવાટ કરતા નબળા વર્ગના પરિવારોને આવરી લઇને તેમને આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવે છે. આ મા અમૃતમ્ યોજના અંતર્ગત ગુજરાત રાજ્યના ૪૧.૪૯ લાખ ગરીબ પરિવારોનો સમાવેશ કરેલ છે. આ યોજનાનો લાભ બી.પી.એલ. લાભાર્થી અથવા તો એક લાખ અને વીસ હજારની આવક ધરાવતા વર્ગને મળતો હતો પરંતુ આજે મને કહેતા આનંદ થાય છે કે, આ બિલ પણ આવ્યું અને ગઇકાલે આપણે નાણામંત્રીશ્રીએ પણ પોતાના બજેટમાં વાત કરી કે જે આવક મર્યાદાનું ધોરણ એક લાખ વીસ હજાર રૂપિયા હતું તે હવે વધારીને એક લાખ પચાસ હજાર રૂપિયાનું કરવામાં આવ્યું છે તે માટે થઇને હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીનો આભાર માનું છું. આ યોજના અંતર્ગત સાત પ્રકારની ગંભીર બિમારીઓ સામે બે લાખ રૂપિયાનું કેશલેસ રક્ષણ આપવામાં આવે છે. સાથે સાથે અન્ય કોઇ નાની મોટી જરૂરિયાત હોય તો એ જરૂરિયાત બિમારીને લગતી સહાય આ બે લાખ રૂપિયામાંથી આપવામાં આવે છે. આમ આ યોજના ગરીબ પરિવાર માટે ખૂબજ આશીર્વાદરૂપ સાબિત થઇ છે. આ સભાગૃહને જણાવતાં મને આનંદ થાય છે કે, આપણા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ કે જેઓ રાજકોટમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાઇને આવ્યા પછી તેમણે પ્રથમ પોતાના મત વિસ્તારમાં અને ત્યારપછી રાજકોટના તમામે તમામ વોર્ડમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા સેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું અને સરકારની જે જુદી જુદી કલ્યાણકારી યોજનાઓ છે એનો લાભ સીધેસીધો લાભાર્થીના હાથમાં આપવામાં આવ્યો અને તેમાં સૌથી વધારે આ મા અમૃતમ્ યોજનાનો લાભ લોકોએ લીધો છે. આ કેમ્પનું આયોજન થયા પછી મેં ધારાસભ્ય તરીકે મારા મત વિસ્તારમાં જે આંગણવાડીની હેલ્પર અને વર્કર બહેન હોય એમના માટે ફક્ત આ મા કાર્ડ કઢાવવાનું આયોજન કર્યું અને મારા વિસ્તારની જે તમામ આંગણવાડીઓ છે એ તમામ આંગણવાડીની હેલ્પર વર્કર બહેનોને આ કાર્ડ કઢાવી દીધા અને થોડાક દિવસ પછી એ લોકો સાથે મેં એક નાનકડો કાર્યક્રમ કર્યો ત્યારે અમારે ત્યાં એક આંગણવાડીમાં બહેન છે હર્ષિદાબહેન પરમાર કરીને તેઓ પોતે કેન્સરની બિમારીથી પીડાઇ રહ્યા હતા અને આ કાર્ડથી તેઓ પોતાનું જીવન બચાવી શક્યા. ઇશ્વરે જ્યારે આ સૃષ્ટિ બનાવી છે ત્યારે ઇશ્વર દરેક જગ્યાએ પહોંચવા માટે પોતે સક્ષમ જ છે પરંતુ જ્યારે કોઇ ગરીબનો અવાજ આપણા સુધી પહોંચતો હોય ત્યારે આપણે એવું સમજવું જોઇએ કે ઇશ્વરે આ કાર્ય માટે આપણને નિમિત્ત બનાવ્યા છે. ગુજરાત સરકાર દ્વારા મા અમૃતમ યોજના માટે થઇને ગઇકાલે માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇએ પોતાના પ્રવચનમાં કહ્યું કે આ યોજનાને વધુ અસરકારક બનાવવા થઇને આવક મર્યાદાનું ધોરણ પણ વધારેલ છે તો આ યોજના વધુ અસરકારક બને તે માટે હું આ બિલ લઇને આવેલ છું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયા જે બિન સરકારી વિધેયક લઇને આવ્યાં છે ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ મા આરોગ્ય સેવા વિધેયક-૨૦૧૬, તે ખૂબ સારી બાબત છે પરંતુ બહુ દુઃખ સાથે કહેવું પડે છે બહેનને કે જે બીપીએલ લાભાર્થીઓ છે, જે ગુજરાતમાં ગરીબી રેખાથી નીચે જીવી રહ્યાં છે તેવા કુટુંબો આશરે ૪૧ લાખ છે. એટલે કે ૬ કરોડની જનતામાંથી ૧.૮૩ કરોડ લોકો એવા છે કે જે બીપીએલ લાભાર્થીની નીચે જીવી રહ્યાં છે. આ કુટુંબની બહેનો, ભાઇઓ અને જે રહેનાર છે તે લોકો ખૂબ ગરીબ છે એટલે ઓછું ભણેલાં હોવાના લીધે તેમને આ યોજનાઓની પૂરતી માહિતી હોતી નથી. અને તેમનો પ્રચાર અને પ્રસાર માનનીય ધારાસભ્યશ્રીએ કહ્યું તેમ આંગણવાડીની આશાવર્કર કે વર્કર બહેનોને સોંપવામાં આવે છે અને તેમને ફક્ત ૫૦ થી ૧૦૦ રૂપિયા જ આપવામાં આવે છે તો એ રકમ વધારવી જોઇએ અને આનો વધારે પ્રચાર અને પ્રસાર થાય તેવો પ્રયત્ન કરવો જોઇએ.

---

* વિધેયક ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૬ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયું છે.

ફાલ્ગુન ૩, ૧૯૩૮ શાકે

સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયક

માનનીય અધ્યક્ષશ્રી, બહુ દુઃખ સાથે કહેવું પડે છે કે જયારે લોકો આપણી પાસે આવતા હોય તેમની પાસે બીપીએલ કાર્ડ તો હોય છે  પણ તેમનું યાદીમાં નામ નથી હોતું તો સરકારે ચિંતા કરી આવા લાભાર્થીઓના નામ વધુને વધુ અને ઘણી વખત તો એવુ બને કે જે ગાડીઓ ધરાવતા હોય, કરોડપતિ હોય તેની જોડે કાર્ડ હોય અને ખરેખર જે સામાન્ય અને જરૂરિયાતવાળા હોય તેમની જોડે આ કાર્ડ હોતું નથી ત્યારે સરકારે આનો વધારેમાં વધારે સરવે કરાવી અને વધારે બીપીએલ આમાં ઉમેરાય અને કાર્ડ હોય તેનું લીસ્ટમાં નામ ઉમેરાય એવા પ્રયત્નો કરવામાં આવે તો વધુ સારું રહે.

માનનીય અધ્યક્ષશ્રી, ૪૧ લાખ ગરીબ કુટુંબોમાંથી ફક્ત ૩૧ લાખ જોડે જ બીપીએલ કાર્ડ છે તેનો મતલબ કે ૧૦ લાખ કાર્ડ હજુ ઓછાં છે. ૪૧ લાખમાંથી ૨૧.૬૧ લાખ જોડે જ ફક્ત મા કાર્ડ છે એનો મતલબ કે ૫૦ ટકા લોકો જોડે જ આ મા અમૃતમ્ કાર્ડ છે તો આના ઉપરથી એ ફલિત થાય છે સરકાર ગરીબો માટે કેટલી ઉદાસીન છે. આ યોજનાનો વધારેમાં વધારે લાભ લોકોને મળે એવો પ્રયત્ન થાય તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ ગરીબો માટેની યોજના છે તો વધારે આનો ફાયદો લોકોને મળે એવું કરવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ તો મારે એ કહેવાનું કે આ કાર્ડ માટે જે બહેનોનો ઉપયોગ કરીએ છીએ તે બહેનોને પણ ડબલ પૈસા કરી દેવા પડે. બીજુ, આમાં જે યોજના છે તે અમુક જ રોગો માટે છે દા.ત. કિડની, હૃદય, મગજ, કેન્સર તો આમાં થોડાં હજુ વધારે રોગો ઉમેરાય જે સર્જરી કરવાની હોય એવા રોગો જનરલ સર્જરીના જે સર્જન ઓપરેશન કરતાં હોય તે ઉમેરાય તો ગરીબ લોકોને આ ઓપરેશનનો લાભ મળી શકે. બીજુ, એ કહેવાનું કે આ ઓપરેશન માટે તારીખો જયારે લેવામાં આવે ત્યારે એપોઇન્ટમેન્ટ એક એક મહિનો, બે બે મહિના મોડી આપવામાં આવે છે તો જેને કેન્સર હોય તેને એ઼ાપરેશનની ઘણી વધારે ઉતાવળ હોય અને કુટુંબ પણ ટેન્શનમાં હોય તો તેને જો આટલી મોડી તારીખ આપવામાં આવે તો સ્વભાવિક છે કે તેને આનો લાભ ના મળે અને બીજી જગ્યાએ જઇને ઓપરેશન કરવા મજબૂર થાય તો તેનો પણ વધુને વધુ જલદી લાભ મળે એવો સરકાર પ્રયત્ન કરે એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું.

બીજુ, આ યોજના હેઠળ જે હોસ્પિટલો છે તે ફક્ત ૬૪ હોસ્પિટલો જ છે તો આમાં પણ વધારો થાય અને જે જિલ્લાઓમાં ગરીબ લોકો વધારે રહેતાં હોય, જયાં બીપીએલ લાભાર્થી વધારે રહેતાં હોય ત્યાં હોસ્પિટલોની સંખ્યામાં વધારો કરે અને ત્યાં આગળ જિલ્લામાં નવી હોસ્પિટલો બને તેવા પ્રયત્નો કરવામાં આવે તો આનો વધારેને વધારે લોકો લાભ લઇ શકે. માનનીય અધ્યક્ષશ્રી, મારે તો ખાસ એ કહેવાનું કે સરકાર આ લાભાર્થીઓ માટે કેટલી ઉદાસીન છે ૧૬૦ કરોડના ખર્ચ સામે ફક્ત ૬૧ કરોડ રૂપિયા જ વપરાયા છે તો આ વધારે પૈસા વપરાય તેનો મતલબ કે વધારે લોકો આનો લાભ લે એવો જો પ્રયત્ન કરવામાં આવે તો આ યોજનાનું જે નામ આપ્યું છે મા અમૃતમ્ યોજના ખરેખર તો આ શબ્દ આવે ત્યારે પ્રથમ મહિલા મુખ્યમંત્રી પણ અમને યાદ આવે છે પણ કમનસીબી છે કે બહેન અત્યારે હાજર નથી. વાસ્તવમાં આ યોજનાનો લાભ એવા એવા ગરીબ જિલ્લાઓને પણ વધારેને વધારે મળે એવી જાહેરાતો થાય અને વધારે ગરીબોને લાભ થાય તો વધારે આનંદ થશે અને બીજું કે જે બહેને વાત કરી કે ૧,૫૦,૦૦૦ આવકની મર્યાદા કરી છે પણ આ આવકના દાખલા લેવા જ્યારે ગરીબો મામલતદાર ઓફિસમાં જાય ત્યારે એ હાજર હોતા નથી અને પૂછીએ કે, ક્યાં ગયા છે તો કહે છે કે, સેવાસેતુ કાર્યક્રમમાં ગયા છે. વધારેમાં વધારે સરકારી કાર્યક્રમોમાં આ અધિકારીઓને વ્યસ્ત રાખવામાં આવે છે. સેવાસેતુ કાર્યક્રમ કરવાની જરૂર શા માટે પડી. જો ખરેખર એમની ઓફિસમાં બેસી અને સમયસર બધા કામ કરી નાંખે તો એમને અલગથી પ્રોગ્રામ કરવાની જરૂર પડે નહિ. ખરેખર તો હૉસ્પિટલમાં જાવ ત્યારે ડૉક્ટરો પણ ઓછા હોય છે અને નિષ્ણાત ડૉક્ટરો પણ હાજર હોતા નથી અને સરકારી ડૉક્ટરો, સરકારી નર્સ અને સરકારી સ્ટાફનો ઉપયોગ પણ સરકારી કામમાં વધારે કરવામાં આવે છે. આજે હેલ્થ કાર્ડ બનાવવામાં આવે છે એ હેલ્થ કાર્ડનો પણ ડેટા અપડેટ કરવામાં આવતો નથી. આ કાર્ડને ઓનલાઇન અપડેટ કરવાનું હોય છે એ પણ ટાઇમસર થતું નથી અને બી.પી.એલ. લાભાર્થીનો પણ ડેટા અપડેટ થતો નથી. તો એને વધુમાં વધુ ઝડપથી એ અપલોડ થાય અને વધારેમાં વધારે લોકોને લાભ મળે એવું જો સરકાર કરે તો અમને વધારે આનંદ થાય. આ જે મા કાર્ડ છે એ તાલુકા કીઓસ્ક પર નીકળેલા કાર્ડ માટે રજીસ્ટર્ડ બનાવવું ફરજિયાત હોય છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મા અને મા વાત્સલ્ય કાર્ડ છેવાડાના માનવીના કલ્યાણ માટે ભારતીય જનતા પાર્ટીએ ગરીબ અને મધ્યમવર્ગ માટે કરેલી કામગીરી છે. ભારતના વડાપ્રધાન અને આપણા તત્કાલીન મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૧૨માં 'મા અમૃતમ' એટલે કે મા કાર્ડની શરૂઆત કરી અને ગરીબી રેખા નીચે જીવતા ગુજરાતના ૪૧ લાખ ૪૯ હજાર લોકોને આનો સીધો ફાયદો કરી અને દવાખાનામાં એક પણ પૈસો ન ભરવો પડે એના માટે મા કાર્ડ આપ્યા અને આ આપી ભારતીય જનતા પાર્ટીના આદરણીય દિનદયાળ ઉપાધ્યાયજીના એકાત્મ માનવદર્શન આધારિત છેવાડાના માનવીના કલ્યાણ માટેની નીતિ આદરણીય નરેન્દ્ર ભાઇએ શરૂઆત કરી અને સરકાર વાઇબ્રન્ટ તો હતી જ. એના પછી ૨૦૧૪માં આ યોજનામાં વાઇબ્રન્ટ ગુજરાતને જ્યારે ગતિશીલતા મળી એમાં માત્ર બી.પી.એલ. કાર્ડવાળા નહિ પણ ગુજરાતના તમામ જ્ઞાતિના લોકો કે જેમની આવક ૧ લાખ ૨૦ હજારથી ઓછી હોય એમને મા

વાત્સલ્ય યોજના – ૨૦૧૪માં આદરણીય આનંદીબેન પટેલના નેતૃત્વ ભારતીય જનતા પાર્ટીની સરકારે શરૂ કરી. આટલેથી નથી અટક્યુ અને આપણે હમણા જોયું કે સેવાસેતુ કાર્યક્રમ દ્વારા ૨૮૦૧ કાર્યક્રમ કરી, ગુજરાતના તમામ અધિકારીઓ લોકોના ઘરે જઇ અને ૫–૧૧ થી ૧૪–૧૨ માત્ર સો દિવસમાં ૪૨ લાખ મા અને મા વાત્સલ્ય કાર્ડ કાઢી ભારતના ઇતિહાસમાં પહેલીવાર લોક સેવા કોને કહેવાય અને સરકાર કોને કહેવાય એ ભારતીય જનતા પાર્ટીની આ સંવેદનશીલ સરકારે કરી બતાવ્યું છે. એના માટે માનનીય મુખ્ય મંત્રીશ્રી અને માનનીય આરોગ્ય મંત્રીશ્રીને હું લાખ લાખ અભિનંદન આપું છું. દેશના ઇતિહાસમાં લોક સેવા ગરીબો માટે કરવાની અને આનો લાભ ૪.૨૨ લોકોને ૫૮૭ કરોડના ખર્ચે વિનામૂલ્યે સેવા કરી માત્ર ગરીબી હટાવો, ગરીબી હટાવો નહીં પણ વાસ્તવમાં ગરીબો માટે કામ કરનારી સરકાર ભારતીય જનતા પાર્ટીની આદરણીય નરેન્દ્રભાઇના નેતૃત્વમાં મુખ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં અને આદરણીય આરોગ્ય મંત્રીશ્રીના નેતૃત્વમાં આન સરકારી કામગીરી કરી અને હમણાં જ કહ્યું કે એ પ્રમાણે ૬૧ કરોડ રૂપિયા વપરાયા, હું ઇચ્છું કે, આમાં એક પણ રૂપિયો ના વપરાય કારણ કે કોઇ બીમાર નહીં પડે તો જ પૈસા ના વપરાય.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ભાનુબેન બાબરીયા જે બિન સરકારી વિધેયક લઇને આવ્યા છે મુખ્ય મંત્રી અમૃતમ આરોગ્ય સેવાઓ વિધેયક–૨૦૧૬માં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ માણસ જન્મે એને આ દેશનો કે આ રાજયનો તો બે બાબતો છે. શિક્ષણ અને આરોગ્ય જે પાયાની સુવિધાઓ છે કે જે મફત મળવી જોઇએ. આ રાજયમાં શિક્ષણમાં જે છેલ્લા ૨૦ વર્ષમાં ખાનગીકરણ થયું અને એના લીધે જે પરિસ્થિતિ પેદા થઇ અને એના લીધે શિક્ષણ કથળતું ગયું અને સરકારને ચિંતન શિબિરની જરૂરીયાત ઉભી થઇ એ જ પ્રમાણે આરોગ્યમાં પણ સરકારનો જે અભિગમ છે એ અભિગમ ધીરેધીરે ખાનગીકરણ તરફ જઇ રહ્યો હોય એમ દેખાઇ રહયું છે. એક સમય હતો કે, ગરીબ માણસ હોય કે મધ્યમ હોય કે કોઇપણ હોય આ દેશમાં જન્મેલા માણસને આરોગ્યની સેવાઓ મફત મળે એના માટે કોઇપણ હોસ્પિટલમાં જાઓ ક્યારેય પણ કાર્ડ માગવામાં આવ્યું નથી. આ હું દાવા સાથે કહું છું કારણ કે મેં સીવીલ સર્જન તરીકેની કામગીરી કરી છે અને હું ત્યાં હેડ હતો, કયારેય આવું કાર્ડ માગેલું નથી. કોઇપણ બીમારી હોય તો એ બીમારીની મફત સેવા કરવામાં આવતી હતી. ધીરે ધીરે પરિસ્થિતિ બદલાતી ગઇ અને સરકારે મા અમૃતમ – મા વાત્સલ્ય જેવા કાર્ડ કાઢીને ગરીબો જે છે, ગરીબીમાં પણ જે બીપીએલ કાર્ડહોલ્ડર છે, તમામને નહીં, અને એમાં પણ આવકનું ધોરણ નકકી કર્યું, એક લાખ વીસ હજાર રૂપિયા અને હમણાં જ ગઇ કાલે એક લાખ પચાસ હજાર રૂપિયા કર્યું છે. મારે એમ કહેવું છે કે, આ રાજયના પટાવાળાને પૂછી જૂઓ કે એનો પગાર કેટલો છે? વર્ગ–૩ના કર્મચારીને પૂછી જૂઓ કે એનો પગાર કેટલો છે? એ મફત સારવાર મેળવી શકે છે ખરો? એને મા અમૃતમ કાર્ડ મળી શકશે ખરું? કારણ કે એવા માણસો છે એમની આ લાભ મળી નથી શકતો. આરોગ્યની સેવાઓ, શિક્ષણની સેવાઓ ના મળે તો આ દેશનું ભવિષ્ય પણ ના હોય. એટલે આરોગ્ય સારું હોવું જોઇએ અને એ મફત મળવું જોઇએ તો આ સરકારે જે મા અમૃતમ માટેનું બિલ માનનીય સભ્યશ્રી બહેન લઇને આવ્યા છે, જે હોસ્પિટલો છે ખાનગી હોસ્પિટલો અને ખાનગી હોસ્પિટલો અને જે સરકાર પાસેથી પૈસા લે છે તેવી ગ્રાન્ટેડ હોસ્પિટલો છે એમાં પણ આ જોગવાઇ કરવામાં આવેલી છે. આ જે ગ્રાન્ટેડ કોલેજો છે એને તો સરકાર ગ્રાન્ટ આપે જ છે ત્યારે આવી હોસ્પિટલોએ મફત સેવા આપવી જોઇએ એને સરકારે ગ્રાન્ટ આપવી જોઇએ નહિ.

બીજું સરકારે સન ૨૦૧૨–૧૩થી આ યોજનાની શરૂઆત કરી હતી ત્યારે ૬૦ કરોડ રૂપિયાથી શરૂઆત કરી હતી. જયારે ગયા વખતે એટલે કે સન ૨૦૧૫–૧૬માં ૧૬૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરી હતી. અત્યાર સુધીના ખર્ચનો આંકડો જોઇએ તો એમાં આશરે ૫૦૦ કરોડ કરતાં વધારે ખર્ચ થઇ ગયો છે તે સિવાય તમારા જે કર્મચારીઓ તથા તંત્ર લાગેલ છે એનો સમય વગેરે ગણો તો એક હજાર કરોડ રૂપિયા જેટલો થયો હશે. તેથી મારી સરકારને વિનંતી છે કે આની પાછળ ગહન અભ્યાસ કરીને વિચાર કરો કે આટલા રૂપિયા ખર્ચવામાં આવે એના બદલે આનાથી અડધા પૈસા વાપરીને જે સરકારી હોસ્પિટલો છે એને સુદ્રઢ કરવામાં આવે તો આ બધાને સારી સેવા મળી શકશે. એક સમયે મેડીકલ કોલેજોમાં સ્ટુડન્ટોની સંખ્યા ઓછી હતી અત્યારે ૩૫૦૦ જેટલી સંખ્યા થયેલી છે તો દર વર્ષે કેટલાય ડોકટરો બહાર પડે છે. આપણી પાસે ડોકટરોની સંખ્યા પૂરતી છે પરંતુ કોઇ કારણોસર એમને સરકારમાં યોગ્ય સ્થાન ન મળવાને કારણે એ આવતા નથી અને પ્રાઇવેટમાં જાય છે. તો આપણે શા માટે ડોકટરોને પ્રોત્સાહિત નથી કરતાં? આ ડોકટરો સરકારમાં આવે અને સરકારી હોસ્પિટલો સુદ્રઢ થાય જેથી એમાં મફત સેવા મળી શકે. આપણે એ નથી કરતાં ઓછા ખર્ચ આ રીતે થઇ શકે એમ છે એના બદલે આપણે ડબલ પૈસા ખર્ચીએ છીએ. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં પૂરી રીતે અભ્યાસ કરવામાં આવે. અત્યારે જે પ્રાઇવેટ હોસ્પિટલો છે એને વધુ સારી રીતે ડેવલપ કરવાનું સરકાર વિચારી રહી છે ત્યારે જે સરકારી હોસ્પિટલો છે એના તરફ વધુ ધ્યાન અપાય અને એમાં આ બધી સેવા મળી રહે, નિષ્ણાત ડોકટરો મળે એના માટે પ્રયત્નો થાય, ગંભીર રોગો માટેની સારવાર મફત મળી રહે તો વધુ સારુ પરિણામ મેળવી શકીશું. પરંતુ શિક્ષણ વિભાગની જે હાલત થઇ છે

તેવી આ વિભાગની હાલત ન થાય એ જોજો. માનનીય મંત્રીશ્રી ખૂબ તૈયાર છે, હોંશિયાર છે. ચર્ચામાં ભાગ લે ત્યારે ખબર પડી જાય કે એ કેટલા ડીપમાં જાય છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્ય શ્રીમતી ભાનુબહેન સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંક–૧૦–સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયક લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું.

લાગણી, પ્રેમ અને આશીર્વાદની વહેંચણી એક મા જ કરી શકે. મા અમૃતમ યોજનાને ઘણી સારી પ્રસિદ્ધ મળી છે. ગરીબ પરિવારો માટે આ યોજના આશીર્વાદ સમાન પૂરવાર થઇ છે. હજારો પરિવારોના મુખમાં આ યોજનાની પ્રસંશાના શબ્દો નીકળે છે. વિશ્વમાં હાલમાં બિન ચેપી રોગો જેવા કે કેન્સર, હૃદયરોગ, કીડની જેવા ભયંકર રોગોનું પ્રમાણ વધુ ગયું છે. એવા ભયંકર રોગોથી પીડાતા ગરીબ વર્ગના લોકો માટે આ યોજના આશીર્વાદરૂપ પૂરવાર થઇ છે. મિત્રો આ રોગો છેલ્લા ૨૦ વર્ષથી આવ્યા નથી, અગાઉ શાસનકર્તા હતા ત્યારે પણ આ રોગો હતા. ભારતીય જનતા પાર્ટીના મુખ્ય મંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને એટલા માટે અભિનંદન આપવા પડે કે આવા રોગોથી પીડાતા લોકો માટે માં અમૃતમ્ યોજના ચાલુ કરી. જેના કારણે ૪૩ લાખ લાભાર્થીઓ લાભ લઇ રહ્યા છે અને ૪,૫૭,૨૪૧ લાભાર્થી આ સેવાનો લાભ લઇને સારા થયા છે. તમે વિચાર કરો, આ લાભાર્થીના પરિવારો આજે સારી રીતે જીવી રહ્યા છે. આ યોજના અગાઉના બી.પી.એલ. લાભાર્થી પણ ઘણા છે. ગરીબો ઘણાં છે. વાત સાચી છે. આ યોજના તમારા શાસન વખતે લાવવામાં આવી હોત તો કરોડો ગરીબ લોકો બચી શક્યા હોત. ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૨૦૧૨ પછી કરોડો લોકો લાભ લઇ રહ્યા છે. આ તબક્કે માનનીય મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાહેબને અભિનંદન આપીશ. ગુજરાતમાં સેવા સેતુના કાર્યક્રમ થકી હજુ પણ જે લાભાર્થીઓ બાકી છે એ માં અમૃતમ્ કાર્ડ લઇ રહ્યા છે તેના લીધે હજારો અને કરોડો લોકોને આ યોજનાનો લાભ મળવાનો છે. અમે વલસાડ જિલ્લામાં સમગ્ર તાલુકા સીટ દીઠ આ સેવાસેતુ કાર્યક્રમ કરવા જઇ રહ્યા છીએ. હજુ પણ ગંભીર રોગોથી પીડાતા લાભાર્થી છે તેવાને શોધી શોધીને આ કાર્ડ આપીને એમને એ યોજનાનો લાભ મળે અને અમે એ પરિવારને સારા કરવાના છીએ. આ યોજનાથી ૮૫ જેટલી ખાનગી હોસ્પિટલમાં સારવાર મળી રહી છે. ૨૧ જેટલી સરકારી હોસ્પિટલમાં તેમજ ૩૫ જેટલી સ્ટેન્ડ એલોન ડાયાલીસીસ સેન્ટર માં જઇને આ લાભાર્થીઓ લાભ મેળવી રહ્યા છે. આ લાભાર્થીને સારવાર કે સર્જરી પછી ડિસ્ચાર્જ સમયે ૧૦ દિવસ સુધીની મફત દવા આપવામાં આવે છે અને ૩૦૦ રૂપિયાનું પરિવહન ભાડું તેમને આપવામાં આવે છે. રાજય સરકારનો ગુજરાતની પ્રજાના આરોગ્ય અને સુખાકારીનો ઉદ્દેશ આ માં વાત્સલ્ય યોજના થકી સિદ્ધ થશે. ફરીથી આ યોજના લાવવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રી વિજયભાઇ અને પૂર્વમુખ્યમંત્રીશ્રી અને આરોગ્ય મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહની અંદર એક સંવેદનશીલ કહી શકાય એવું લાગણીસભર બિન સરકારી વિધેયક લઇને આ વિધાનસભાના માનનીય સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયા આવ્યા છે. બેનને અભિનંદન આપું છું કે એક બેન તરીકે એમણે લાગણીસભર વિષયને વિધાનસભાના માધ્યમથી રાજયની અંદર પહોંચાડવા માટેનો પ્રયત્ન કર્યો, તેમના પ્રયત્નને રાજયના આરોગ્ય મંત્રી તરીકે બિરદાવું છું. અભિનંદન આપું છું. આ વર્ષો સુધી કેટલાય ગરીબો સરકારી જે હોસ્પિટલોમાં તો જે મળતી હોય એ સારવાર લે, પણ કોઇ અસાધ્ય બિમારી, હૃદયની બિમારી હોય, કીડનીની બિમારી હોય, કેન્સરની બિમારી હોય જેમાં લાખ–બે લાખ રૂપિયા સુધીનો ખર્ચ થાય. ગરીબ પરિવાર, મિડલ કલાસ, લોઅર મિડલ કલાસ એવા પરિવારોને લાખ–બે લાખ રૂપિયાનો ખર્ચ આવે. તો ઘરમાં ખર્ચની વ્યવસ્થા હોય નહીં, આના માટેની બાકી સુવિધાઓ કંઇ મળે નહીં. ડોકટર વાત કરે કે પ્રાઇવેટમાં સારવાર લેવી પડશે. તો પૈસાના અભાવે અથવા તો ઘણી વખત એવું લાગે કે દીકરા ઉપર દેવું

કરીને ક્યાં મરવું? એટલે અનેક લોકો કીડની કે કેન્સરની બિમારીમાં આવ્યા હોય. માત્ર સારવાર અને દવાના અભાવે મૃત્યુ પામ્યા હોય એવું વર્ષો સુધી ચાલ્યું છે. આપણે નજર સામે આમ જોતા જ રહ્યા. કેટલાય લોકોએ દવાના અભાવે અને સારવારના અભાવે પ્રાણ ગુમાવી દીધા. આની એક સંવેદના સાથે ગુજરાતમાં નરેન્દ્રભાઇ મોદીની સરકારે ગુજરાતમાં નવી પહેલ કરી કે ભલે ગરીબ હોય, તેની પાસે લાખ-બે લાખ રૂપિયાની વ્યવસ્થા ન હોય. પરંતુ એવા પરિવારને સારવારના અભાવે, પૈસાના અભાવે કોઇ મૃત્યુ ન પામે એટલા માટે ગરીબ પરિવારને પણ કિડની, કેન્સર, હૃદયરોગ જેવી અસાધ્ય બિમારીઓમાં બે લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર આપવા માટેનો ઐતિહાસિક નિર્ણય દેશમાં ગુજરાતથી થયો, તેના ભાગ રૂપે આજે અહીં આપણે પહોંચ્યા છીએ. આ વિધેયક ઉપર શ્રીમતી ભાનુબેન બાબરીયા, ડો. તેજશ્રીબેન, ડો.સુરેશભાઇ, ડો.જોષીયારા, ડો.ભરતભાઇ પટેલ સહિતના બધાએ પોતાના વિચારો રજૂ કર્યા. મોટાભાગનાના દરેકના મનમાં ગરીબોને સારવાર મળે એ વિષય હતો. પરંતુ મારે એક બે વિષય ઉપર રેકર્ડ ઉપર ખોટી માહિતી ન જાય એટલા માટે મારે કેટલા સુધારા સાથે સાચી માહિતી રજૂ કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો.તેજશ્રીબેને કેટલીક બાબતો મૂકી, કેટલાક દાખલા આપ્યા, કેટલાક આંકડા આપ્યા. હું આરોગ્ય ખાતામાં છું એટલે સાચી માહિતી મારે મૂકવી પડે. ડોક્ટર હોય એટલે ભણેલા-ગણેલા હોય, હોંશિયાર હોય, જાણકાર હોય અને ફિગર આપતા હોય એટલે બધું સાચું હોય. મારે એ બાબત અહીંયાં આપના માધ્યમથી જણાવવી હતી. બહેને એવી વાત કરી કે રૂ.૬૦/- કરોડનો જ ખર્ચ થયો અને બીજા રૂપિયા ખર્ચાયા નથી. મારે સાચી માહિતી આ વિધાનસભાગૃહને આપવી છે. ગયા વખતના ૨૦૧૬-૧૭ના બજેટમાં રૂ.૧૬૦/- કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. રૂ.૬૦/- કરોડની સામે સપ્લીમેન્ટરી જોગવાઇ કરીને રૂ.૨૧૯/- કરોડની જોગવાઇ કરવામાં આવી હતી. એટલે રૂ.૨૧૯/- કરોડ આપી દીધા. એટલે રૂ.૩૬૯/- કરોડની જોગવાઇ કરવામાં આવી. એટલે હતા એના ડબલ જેટલા રૂપિયાની વ્યવસ્થા કરવામાં આવી. એટલે માનનીય સભ્યશ્રીના ધ્યાન ઉપર મૂકું કે આપ જેવા હોંશિયાર ધારાસભ્ય હોય, ડોક્ટર તરીકે હોય, પ્રોફેશન તરીકે ડોક્ટર હોય ત્યારે આ બાબત ધ્યાને રાખે તો સારું. બીજી વાત મારે એ પણ ધ્યાન ઉપર મૂકવી હતી કે માનનીય સભ્યશ્રીએ એ પણ બાબત કહી કે રાજ્યની અંદર માત્ર ૬૧ હોસ્પિટલ છે. મારે એ બાબત ધ્યાને મૂકવી છે કે રાજ્યની અંદર ટોટલ જે હોસ્પિટલો છે એમાં ૧૪૧ હોસ્પિટલો છે. ૧૪૧ હોસ્પિટલોની અંદર સારવાર આપવામાં આવે છે. ૬૫ જેટલી ખાનગી અને બાકીની સરકારી હોસ્પિટલોમાં જે સ્પેશિયલ હોસ્પિટલો છે તેની અંદર પણ આની સારવાર આપવામાં આવે છે. ત્રીજા વિષયમાં એમની વાત હતી. એમાં સુધારો એ કરું છું કે પબ્લિકની અંદર ભાષણ કરતા હોય અને ત્યાં તો સવાલ જવાબ જેવું હોતું નથી. પરંતુ વિધાનસભાની અંદર આવ્યા હોય ત્યારે જવાબદારીપૂર્વક બાબત મૂકીએ તો આપની ઇમેજ છે એ જળવાઇ રહે અને વધારે સારી થાય. ગરીબોને કાર્ડ આપવાના વિષય બાબતે પણ તેમણે વાત મૂકી છે. ત્યારે મારે એ વાત પણ મૂકવી પડે કે કોઇપણ વ્યક્તિ ભલે એની પાસે બીપીએલનું કાર્ડ ન હોય. બીપીએલની યાદીમાં એનું નામ ન હોવાના કારણે મા યોજનાની અંદર એને લાભ મળી શકતો નથી. તો અહીંયાં આ સ્ટેજ ઉપરથી રાજ્યના આરોગ્ય મંત્રી તરીકે આ ગૃહની અંદર જણાવવા માગું છું કે જેની પાસે કાર્ડ ન હોય, મા યોજનાનું કાર્ડ ન હોય એમને પણ માત્ર આવકનો એક દાખલો આપવાનો રહેશે. એમાં રૂ.૧૨૦૦૦૦/- નહીં પણ રૂ.૧૫૦૦૦૦/- સુધીની આવક આવતી હશે તેને પણ ભલે એ યોજનાનો લાભ મળશે. બીપીએલમાં હોય તો પણ ખાલી આ દાખલો લઇને જાય તો એને આ લાભ મળશે. બીપીએલના હોય તો આટલી મોટી આવક સ્વાભાવિક રીતે હોતી નથી. તેમને પણ મા વાત્સલ્ય યોજનાનો લાભ મળશે. મા યોજનાનો લાભ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, ડો. જોષીયારાજી એ વાત કરી. એમણે સર્જન તરીકે ખૂબ સારી સેવાઓ ત્યાં તેમના વિસ્તારમાં કરી છે. એમના કહેવાની જે વાત હતી એમાં ઉદ્દેશ એવો હતો કે ખાનગીકરણ થઇ ગયું છે અને સરકારી જગ્યાએ આપવાની જગ્યાએ અહીંયાં આપે છે. ડોક્ટર સાહેબ સરકારી હોસ્પિટલમાં ભૂતકાળની

અંદર જે સારવાર આપવામાં આવતી હતી એના કરતાં અનેકગણી વધારી છે. અમે એમાં બંધ કરી નથી. આ એકસ્ટ્રા કરી છે, વધારાની કરી છે. આ સુવિધા કિડની, કેન્સર, હૃદયરોગની અંદર જે જગ્યાએ સારવાર થતી ન હોય એવા દર્દીઓને વધારાની સારવાર આપીને એને બચાવવા માટે, એને મદદ કરવા માટેની વાત છે. એટલે આપ પણ મને લાગે છે કે આ બાબતે માહિતી જો કદાચ ન હોય તો માહિતી લઇને જશો તો આપના મતવિસ્તારમાં આનો ઉપયોગ કરી શકશો. એક સંવેદનાપૂર્વક કામ કરવાવાળી આ સરકાર છે. આ વખતે બજેટની અંદર ગયા વખત કરતા વધારો કરીને માનનીય ભાનુબેનની જે લાગણી છે, આપણા મુખ્યમંત્રીશ્રી અને આપણા નાણામંત્રીશ્રી બંન્નેએ ૫૦૦ કરોડની આ વખતે બજેટમાં મા અને મા વાસ્તલ્યમાં જોગવાઇ કરી છે. રાજયનો એક પણ વ્યકિતને સારવારના અભાવે મુશ્કેલી ન પડે તેના માટે જોગવાઇ કરવામાં આવી છે. ઇનકેસ દાખલો ન હોય તો વ્યકિત હોસ્પિટલના પલંગ ઉપર બેઠેલો હોય અને એ સમયે ત્યાં હોસ્પિટલમાં જશે અને ત્યાં જો એની પાસે કાર્ડ ન હોય અને ત્યાં પણ જો એની યોગ્યતામાં આવતા હોય તો એને સારવાર આપવામાં આવશે. છેલ્લે "મા યોજના" માટે એટલું જ કહું, મા નામ પણ એ રીતે આપ્યું છે, " મુખથી બોલતા મા, મને સાચે બાળપણ સાંભરે, પછી મોટપની મજા એ તો કડવી લાગે કાગડા. " પ્રજા માટે એક માના પ્રેમ સાથેની આ યોજનાને આપણે વધુ આગળ વધારીએ અને માનનીય સભ્યશ્રી ભાનુબહેનને વિનંતી કરું કે આ યોજનાઓ ઓલરેડી રાજયની અંદર છે. રાજય સરકાર આ બાબતમાં સજાગ જ છે તો આપ આપનું આ વિધેયક પરત ખેંચો એવી વિનંતી કરું છુ.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી, શંકરભાઇનો જવાબ સાંભળ્યા પછી આપણા પ્રગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં અનેક કલ્યાણકારી યોજનાઓની સાથે આરોગ્યલક્ષી સેવાઓ પણ ખૂબ સારી રીતે પૂરી પાડવામાં આવી રહી છે ત્યારે હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૬નું વિધેયક ક્રમાંકઃ૧૦-સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ(મા) આરોગ્ય સેવાઓ વિધેયક પાછું ખેંચી લેવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારું વિધેયક ક્રમાંકઃ૧૦-સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ(મા) આરોગ્ય સેવાઓ વિધેયક પાછું ખેંચું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક પાછું ખેંચી લેવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ રાત્રીના ૮-૨૭ કલાકે પૂરું થતા સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરૂવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સવારના ૮-૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
ગુરૂવાર, તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
ફાલ્ગુન ૪, ૧૯૩૮ શાકે
સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.

(અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને)

### તારાંકિત પ્રશ્નો

### જુનાગઢ જિલ્લામાં વીજ અકસ્માતના બનાવો

* ૨૭૯૮૩ શ્રી બાબુભાઈ વાજા (માંગરોળ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખુલ્લા વીજવાયર અને વીજતંત્રની બેદરકારીને કારણે વીજ અકસ્માતના કેટલા બનાવો નોંધાયા, | (૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીક વાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.<br>તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૫ માં નાગરિકોના ૯ (નવ) પ્રાણઘાતક તથા ૩(ત્રણ) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૦(દસ) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા, અને વર્ષ ૨૦૧૬ માં નાગરિકોના ૭(સાત) પ્રાણઘાતક તથા ૭(સાત) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૦ (દસ) પ્રાણઘાતક અકસ્માત નોંધાયા હતા. |
| (૩) બાકી રહેલ અસરગ્રસ્તોને ક્યાં સુધીમાં સહાય ચૂકવવામાં આવશે ? | (૩) બાકી રહેલ અસરગ્રસ્તોને, અસરગ્રસ્તોના વારસદારો તરફથી જરૂરી દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી, જરૂરી ચકાસણી કર્યા બાદ, મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વળતર ચૂકવી આપવામાં આવશે. |

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મેં વીજળી બોર્ડને પ્રશ્ન કર્યો હતો એમાં પ્રાણઘાતક કિસ્સા ૧૬ બન્યા છે. હવે એનું વળતર એકને જ આપેલું છે. નવને ૫૦-૫૦હજાર આપેલા છે એટલે સાડાચાર લાખ રૂપિયા, કુલ ૧૫ને બાકીનું પેમેન્ટ કરવાનું છે, વળતર આપવાનું છે એ કયારે આપવામાં આવશે અને બીજું કે આ જાનવરોમાં સિંહનું કયાંય અકસ્માતમાં મૃત્યુ થયેલ છે કે કેમ? અને આ બનાવ કયારે બન્યો અને કયારે વળતર ચૂકવવવામાં આવશે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે વર્ષ ૨૦૧૫માં માનવ અકસ્માત ૯ થયા છે. પ્રાણીના અકસ્માત ૩ થયા છે એમાંથી પ્રાથમિક નાણાકીય સહાય માનવમાં ૬ વ્યકિતને ચૂકવવામાં આવી છે જેની રકમ ૩ લાખ રૂપિયા છે અને આખરી વળતર બન્નેમાં બાકી છે. સો ટકા પ્રાણીનું વળતર એમાં દસ પ્રાણીને ચૂકવવામાં આવ્યું છે જેની રકમ ૧.૫ ટકા છે. માનવમાં ૩ અને પ્રાણીમાં ઝીરો વળતર ચૂકવવાનું બાકી છે એ જ મુજબ ૨૦૧૬ની અંદર ૭ માનવને અને ૧૦ પ્રાણીને વળતર ચૂકવવામાં આવ્યું છે. પ્રાથમિક વળતરની વાત કરું તો માનવને ૩ કેસમાં વળતર ચૂકવવામાં આવેલ છે અને રકમ ૧.૫૦ ચૂકવવામાં આવી છે. આખરી વળતર એકને ચૂકવવામાં આવેલ છે અને ૨ લાખ રૂપિયા રકમ ચૂકવવામાં આવી છે. બાકી રહેલા અસરગ્રસ્તોના કિસ્સામાં વારસદાર તરફથી જરૂરી

દસ્તાવેજી પૂરાવા રજૂ કર્યેથી જરૂરી ચકાસણી કર્યા બાદ મુખ્ય વિદ્યુત નિરીક્ષકનો અહેવાલ અને બાયનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને વળતર ચુકવવામાં આવે છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે વીજ નેટવર્કની અંદર થતા અકસ્માતને હિસાબે માનવ મૃત્યુને વીજતંત્ર તરફથી માનવતાના ધોરણે શું આપવામાં આવે છે અને આ અકસ્માત નિવારવા માટે વીજતંત્ર દ્વારા શું પગલાં લેવામાં આવે છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, વીજતંત્રના નેટવર્કમાં વીજ અકસ્માતના લીધે થતા માનવ મૃત્યુના કિસ્સામાં વીજ અકસ્માતનો ભોગ બનનાર વ્યકિતનો કસૂર પૂરવાર થતો હોય કે ન થતો હોય તેમ છતાં પોલીસ પંચનામું, પોસ્ટમાર્ટમ રિપોર્ટ અને વારસદાર તરફથી નિયત અરજી મેળવી માનવતાના ધોરણે રૂ. ૫૦ હજાર પ્રાથમિક વળતર તરીકે ચૂકવવામાં આવે છે ત્યારબાદ ઇલેકટ્રીકલ ઇન્સ્પેકટરશ્રીનો રીપોર્ટ આવ્યા બાદ તેમાં ભોગ બનનારની ભૂલ કે જવાબદારી ઠેરવેલ ન હોય તેવા કિસ્સામાં વારસદાર તરફથી જરૂરી દસ્તાવેજો રજૂ કરેથી આખરી વળતર ચૂકવવામાં આવે છે. હાલ વળતર ચૂકવણી માટે તા. ૧૭–૯–૨૦૧૬ના અદ્યતન પરિપત્ર મુજબ આખરી ચૂકવણીમાં બાયનંદા કેસની માર્ગદર્શિકા મુજબની ગણતરીથી તારવેલ રકમ અથવા તો ૪ લાખમાંથી જે મહત્તમ હોય તેટલી રકમની ચૂકવણી કરવામાં આવતી હોય છે.શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વીજ અકસ્માતના કારણે જે મૃત્યુ પામે છે એમને સહાય ચૂકવવા માટેનો પ્રશ્ન છે. જ્યારે અકસ્માત થાય છે ત્યારે પી.જી.વી.સી.એલ. દ્વારા જેમનો અકસ્માત થયો છે એમના વારસદાર પાસેથી અથવા એ કુટુંબ પાસેથી લખાવી લેવામાં આવે છે કે પ્રાથમિક સહાય ૧૦ હજાર રૂપિયા આપવામાં આવે છે અને ભવિષ્યમાં પી.જી.વી.સી.એલ. જે નક્કી કરે એ સહાય તમને ચૂકવવામાં આવશે. ત્યારબાદ કોઇપણ કોર્ટમાં કે ક્યાંય કલેઇમ કરી શકાશે નહીં. આવી જોગવાઇના કારણે મોટાભાગના કિસ્સાઓમાં જે લોકો અકસ્માતમાં મૃત્યુ પામ્યા છે અથવા ઇજાગ્રસ્ત થયા છે એમને પી.જી.વી.સી.એલ. તરફથી પૂરતું વળતર મળતું નથી. કારણ કે પાછળથી અરજદાર કાંઇ કરી શકતો નથી. આથી આ જોગવાઇઓમાં સરકાર કોઇ પુનઃવિચારણા કરી અને એમાં ફેરફાર કરીને જેમને ઇજાઓ થઇ છે એમને સંપૂર્ણપણે વળતર આપવા માગે છે કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : આપના દ્વારા સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે, કોઇપણ વીજ અકસ્માતની અંદર ભોગ બનનાર વ્યક્તિ હોય તો પ્રથમથી જ પ્રાથમિક ધોરણે રૂપિયા ૫૦ હજાર વળતર તરીકે ચૂકવવામાં આવે છે. ત્યારબાદ બાઇનંદા કેસ મુજબ કેસનું જજમેન્ટ હતું એમાં અકસ્માતના વળતરના કેસની ગણતરીની વિગતો આપવામાં આવી છે એમાં બાઇનંદા કે જે ભોઇ કલ્યાણના વિધવા હતા અને તે કેસમાં ભોઇ સમાજના કલ્યાણના કિસ્સામાં વળતર માટે અરજ કરેલ છે. મુખ્યતઃ ફેટલ અકસ્માત એક્ટ ૧૯૫૫ના આધારે રજૂ કરાયેલ સદર કેસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ૨૨મી નવેમ્બર ૧૯૬૫ના રોજ વળતર અંગે વિગતવાર ચૂકાદો આપેલ અને જેના આધારે આ ચૂકાદામાં વળતરની ચૂકવણીની ગણતરી અંગે સ્પષ્ટ અને વિગતવાર ખુલાસો આપેલ છે અને જેના આધારે જે તે સમયે ગુજરાત વિદ્યુત બોર્ડ દ્વારા માનવતાના ધોરણે ટોકન દરે માનવ અકસ્માતના કિસ્સામાં સહાયતા ચૂકવવા માટેની નિયમાવલી બનાવી અને જેમાં પ્રાથમિક સહાય ચૂકવણી વખતે અકસ્માત કોના કારણે થયો છે કે કોની ભૂલના કારણે થયો છે તે પ્રાથમિક સ્તરે જોવામાં આવતું નથી. આ પરિપત્રમાં તા. ૩૦–૧–૧૯૮૦ના રોજ કરવામાં આવેલ જોગવાઇમાં બાઇનંદા કેસ મુજબ ગણતરી કરવા માટેનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું. જેમાં પુખ્ત વ્યકિતના અકસ્માતના કિસ્સાને અને સગીર વયની વ્યકિતના કિસ્સાને ધ્યાને લઇ ગણતરી કરવામાં આવે છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મારો સવાલ સ્પષ્ટ છે કે, અકસ્માત થાય છે તો મૃત્યુ પામે કે ઇજાઓ થાય ત્યારે અરજદાર પાસેથી પી.જી.વી.સી.એલ. દ્વારા લખાવી લેવામાં આવે છે કે તમને પ્રાથમિક સ્ટેજે આટલી સહાય આપ્યા પછી પી.જી.વી.સી.એલ. જે કાંઇ નક્કી કરે તે તમને મળશે. ત્યારબાદ જો ઓછું વળતર મળે તો પણ અરજદાર કોર્ટમાં કે ક્યાંય કલેઇમ કરી શકતો નથી. તેના કારણે પી.જી.વી.સી.એલ. તરફથી એમને પૂરતું વળતર મળતું નથી અને એમને નુકસાન થાય છે. આ બાબતે પુનઃવિચારણા કરી અગાઉથી નક્કી થયા પછી આપણે વધારે ચૂકવવા માગીએ છીએ કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : મારા જવાબમાં બહુ સ્પષ્ટ કહ્યું છે કે અકસ્માતની ઘટના ઘટે એટલે પ્રાથમિક ધોરણે ૫૦ હજાર રૂપિયાનું વળતર ચૂકવવામાં આવે છે અને ત્યારબાદ ....

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : મારો સવાલ સ્પષ્ટ છે કે લખાવી લેવામાં આવે છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : આમાં કોઇ લખાણ લેવામાં આવતું નથી. આમ છતાં આવી કોઇ વસ્તુ તમારા ધ્યાનમાં હોય તો મને કહેજો.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : લખાવી લેવામાં આવે છે એ હું ઓન રેકર્ડ કહું છું.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : આવી કોઇ ઘટના હોય તો મારા ધ્યાને મૂકજો અને કેસના આધારે વ્યક્તિને માનવતાના ધોરણે સહાય મળે એવો અમારા તરફથી અભિગમ રહેશે.

અધ્યક્ષશ્રી : એમનું માત્ર એટલું કહેવાનું છે કે એક વખત પ્રાથમિક ધોરણે તમે ૫૦ હજાર રૂપિયા આપ્યા પછી એમના કહેવા પ્રમાણે લખાણ કરવામાં આવે છે કે હવે પી.જી.વી.સી.એલ. અથવા જે તે કંપની જે આપશે તે સ્વીકારવું પડશે. એનો મતલબ એ થયો કે ઓછું મળ્યું તો પણ ક્યાંય જઇ શકતા નથી. એટલે એવી પદ્ધત્તિ છે કે કેમ? અને જો હોય તો તેને રદ કરવી જોઇએ એવી એમની માગણી છે.

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી છે એ વિગત અત્યારે મારી પાસે ઉપલબ્ધ નથી. આમ છતાં મારા કાર્યાલયમાં આવશે અને જે કાંઇ માનવતાના ધોરણે આવા ભોગ બનનાર વ્યક્તિને મદદ કરવાની થતી હશે એમાં અમારા તરફથી ચોક્કસ મદદ કરવામાં આવશે.

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે આ પીજીવીસીએલ દ્વારા જૂનાગઢ જિલ્લામાં વીજ અકસ્માતો નિવારવા માટે સરકાર દ્વારા જે પ્રયત્નો કરવામાં આવ્યા છે એમાં માનનીય મંત્રીશ્રી પાસે હું એટલું જાણવા માગુ છું કે જૂનાગઢ જિલ્લામાં ગીરનું જંગલ આવેલું છે એમાં એશિયાટીક સિંહ પણ છે ત્યારે આ જંગલની અંદર જે વીજની લાઇનો પસાર થાય છે એમાં કેબલ નાખવા માગે છે કે નહિ? અને આપણું પવિત્ર યાત્રાધામ જૂનાગઢ શહેરમાં ખૂબ યાત્રાળુ આવતા હોય છે તો જૂનાગઢ શહેર અને ગીરના જંગલમાં ખુલ્લા વાયરના બદલે કેબલ વાયર નાખવા માગે છે કે નહિ?

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રથમ પ્રશ્ન પૂછ્યો એમ જૂનાગઢ જિલ્લામાં ગીરનું જંગલ આવેલું છે અને એ જંગલની અંદર તમે અંડર ગ્રાઉન્ડ વીજળીકરણ કરવા માગો છો કે કેમ? તો એમાં માનનીય સભ્યશ્રીનું સૂચન છે. શહેરી વિસ્તારની અંદર રાજ્ય સરકારના ઊર્જા વિભાગ દ્વારા અંડર ગ્રાઉન્ડ વીજળીકરણ કરવા માટેની દરખાસ્ત ભારત સરકારમાં કરેલી છે. પ્રાયોગિક ધોરણે અંડર ગ્રાઉન્ડ વીજળીકરણ થશે એમાં જૂનાગઢ જિલ્લાનો સમાવેશ થશે.

### તાપી જિલ્લામાં કાર્યરત વિજ સબ-સ્ટેશનો

* ૨૭૬૯૭ શ્રી કાંતીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે? | તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કુલ ૧૧ (અગીયાર) સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ આમાં બધા જ પ્રશ્ન મહત્વના છે આપણે એવું માનીએ છીએ. તમે કાલે ઘડિયાળ બતાવતા હતા એટલે આજે મેં ઘડિયાળ બરાબર જોઇ. કાંતિભાઇ,

શ્રી કાંતિભાઇ રે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા વીજ સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે, તે માટે કેટલો ખર્ચ થયો છે અને તેનાથી કેટલા ગામના ગ્રાહકોને ફાયદો થશે?

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૮ અને વર્ષ ૨૦૧૬ દરમ્યાન ૩ એમ કુલ મળીને ૧૧ નવા વીજ સબસ્ટેશનો કાર્યાંવિત કરવામાં આવ્યા છે. જેમાં વાલોડ ૬૬ કે.વી. ભીમપોરમાં કુલ રૂ.૧૦૮૨.૭૧ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. લાભાર્થી ગામની સંખ્યા ૧૨ છે અને લગભગ ૨૪૦૪ ગ્રાહકોને એનો લાભ મળશે. ૬૬ કે.વી. કલ્પવા વ્યારા તાલુકાની અંદર કરવામાં આવ્યું છે અને જેનો ખર્ચ ૬૩૫.૩૮ લાખ કરવામાં આવ્યો છે. લાભાર્થી ગામની સંખ્યા ૧૦ છે અને ૬૧૭૯ ગ્રાહકોને એનો લાભ મળશે. એ જ રીતે ૬૬ કે.વી બોરખડી વ્યારા તાલુકાની અંદર કરવામાં આવ્યું છે અને એના લાભાર્થી ગામોની સંખ્યા ૬ છે અને ૬૧૭૯ ગ્રાહકોની સંખ્યા ૧૧૫૩ છે. ૬૬ કે.વી. રૂપવાડા વ્યારા તાલુકાની અંદર કરવામાં આવ્યું છે અને જેનો ખર્ચ ૬૫૦.૧૯ લાખ ખર્ચ થયો છે. લાભાર્થી ગામની સંખ્યા ૯ છે અને ગ્રાહકોની સંખ્યા ૫૪૯ એનો લાભ મળશે. સોનગઢ તાલુકાનું કાલવા ગામની સંખ્યા ૧૭ છે અને ગ્રાહકોની સંખ્યા ૪૨૪૧ છે. ચીખલી ભેંસરોડ સોનગઢ તાલુકાનું છે એનું ખર્ચ રૂ.૧૩૪૬.૦૫ લાખ થયું છે. લાભાર્થી ગામોની સંખ્યા ૧૭ છે અને ગ્રાહકોની સંખ્યા ૧૮૮૧ છે. એવી જ રીતે ભેંસરોડ ૬૬ કે.વી. સોનગઢ તાલુકાની અંદર આવેલું છે. જેનો ખર્ચ રૂપિયા ૬૭૧.૮૮ લાખ થયેલો છે અને લાભાર્થી ગામોની સંખ્યા નવ અને ગ્રાહકોની સંખ્યા ૩,૦૦૬ છે. સીસોર, સોનગઢ તાલુકામાં આવેલ છે એનો ખર્ચ રૂપિયા ૫૭૯.૨૩ લાખ થયેલો છે અને લાભાર્થી ગામ દસ છે અને ગ્રાહકોની સંખ્યા ૩,૦૦૧ છે. એજ રીતે વર્ષ ૨૦૧૬ દરમિયાન જિલ્લામાં કાર્યાન્વિત કરવામાં આવેલા સબ સ્ટેશનો કરંજ ખેડ જે વાલોડ તાલુકાનું અને બીજું ૬૬ કે.વી. ચુનાવાડી જે વાલોડ તાલુકાનું અને બીજું વ્યારા તાલુકાનું ૬૬ કે.વી. વ્યારા-૨, આમ કુલ ૨૦૧૬માં કાર્યાન્વિત કરવામાં આવેલા છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા (પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, ઉર્જા ક્ષેત્રમાં સમગ્ર દેશમાં તમામ રાજ્યોની સરખામણીએ ગુજરાત રાજ્યમાં અભૂતપૂર્વ કામગીરી થઇ છે ત્યારે આપના માધ્યમથી આદરણીય માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ટ્રાયબલ વિસ્તારોમાં કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા?

અધ્યક્ષશ્રી : ટ્રાયબલ એટલે પર્ટિક્યુલર જિલ્લાની માહિતી આપો, આખા રાજ્યની નહીં.

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષની અંદર તાપી જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૫માં વાલોડ, વ્યારા અને સોનગઢ એમ કુલ આઠ ૬૬ કે.વી. સબ સ્ટેશનો શરૂ કરવામાં આવ્યા છે. અને ૨૦૧૫માં વાલોડની અંદર બે અને વ્યારામાં એક એમ કુલ ત્રણ શરૂ કરવામાં આવ્યા છે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, તાપી જિલ્લાના

સાત તાલુકાઓ છે અને એક નવો તાલુકો ડોલવણ બનાવવામાં આવ્યો છે, એમાં સબ સેન્ટરો મારી દ્રષ્ટિએ ઘણા ઓછા છે અને ચુનાવણી વિસ્તારમાં સબ સેન્ટર બીજું નવું સ્થાપવા માગો છો કે કેમ?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્ન પુછાયેલો છે એ માત્ર ૬૬ કે.વી.ને લગતો પ્રશ્ન પુછાયેલો છે, માનનીય સભ્યશ્રી અલગથી નોટિસ આપશે તો હું એમને વિગતો આપીશ.

મોરબી જિલ્લામાં ખારેકના વાવેતર માટે સહાય

* ૨૮૩૨૮ શ્રી બાવનજીભાઈ મેતલીયા (ટંકારા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ,અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં મોરબી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૨૨,૦૩,૪૫૦/- (બાવીસ લાખ ત્રણ હજાર ચારસો પચાસ પુરા) |

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર અને ભારત સરકાર ગામ, ગરીબ અને કિસાન જે નારો લઇને આવી છે એના માધ્યમથી આજે ગુજરાતમાં ગામડે ગામડે બાગાયત પાકોનો જે વિકાસ થયો છે એમાં આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગુ છું કે, મારા મોરબી જિલ્લામાં ટિશ્યુ કલ્ચર ખારેકનું વાવેતર વર્ષ ૨૦૧૬-૧૭માં કેટલું થયું, કેટલી અરજીઓ આવી, કેટલી મંજૂર કરવામાં આવી, મંજૂર કરેલ અરજીઓ પાછળ કેટલી સહાય ચૂકવવામાં આવી અને બાકી રહેલ પડતર અરજી હોય તો એનો નિકાલ ક્યારે કરવામાં આવશે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મોરબી જિલ્લામાં ટિસ્યુ કલ્ચર ખારેકના વાવેતર માટે વર્ષ ૨૦૧૬-૧૭માં તાલુકાવાર કેટલી અરજીઓ આવેલ એની માહિતી માગેલ છે ત્યારે હળવદમાં આવેલ અરજીઓ ૧૭ છે, મંજૂર કરેલ અરજીઓની સંખ્યા ૧૭ છે, ૭ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે, જેની રકમ રૂપિયા ૧૫,૩૭,૨૯૦/- છે અને ૧૦ અરજીઓ પડતર છે.

મોરબી તાલુકાની અંદર આવેલ અરજીઓ ૬, મંજૂર કરેલ અરજીઓની સંખ્યા ૬ અને ૩ લાભાર્થીઓને સહાય મંજૂર કરેલ છે અને રૂપિયા ૫,૭૨,૪૧૦/- ની સહાય ચૂકવવામાં આવી છે અને ૩ અરજીઓ પડતર છે.

ટંકારામાં ૪ અરજીઓ આવી છે, ૪ મંજૂર કરવામાં આવી છે, લાભાર્થીની સંખ્યા ૧ છે અને રૂપિયા ૯૩,૭૫૦/-ની સહાય ચૂકવવામાં આવી છે અને ત્રણ અરજી પડતર છે. માળીયામાં ત્રણ અરજી આવી છે. ત્રણ મંજૂર કરવામાં આવી છે અને ત્રણેત્રણ અરજી પડતર છે. એ જ રીતે પડતર અરજીની સહાય અરજદારો દ્વારા ચાલુ નાણાકીય વર્ષે ટીશ્યૂ કલ્ચર રોપા ખરીદી તેના તથા ખેતી ખર્ચના બિલ સાથે જરૂરી સાધનિક કાગળો કચેરીએ સમયમર્યાદામાં રજૂ કરવામાં આવ્યેથી સહાય ચૂકવવામાં આવશે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીને અભિનંદન આપું છું. માળીયા તાલુકામાં હું પહેલીવાર ચૂંટાયો ત્યારે પીવાનું પાણી નહોતું મળતું એના બદલે ખારેક વાવવાનું ચાલુ થઇ ગયું છે. હકકીત છે તો માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માળીયા તાલુકાની બાજુમાં દરિયો છે એના હિસાબે ખાર ઉભરાય છે નર્મદાના પાણી આવવાથી. ખૂબ જ પાણી આપે છે અભિનંદન આપું છું મંત્રીશ્રીને તો એના આધારે સ્પેશ્યલ ખેતીવાડીના અધિકારીને મૂકી અને ખાર ઉભરાય અને એમાં એવું વાવેતર થાય કે ખારને લાગુ પડે એવી યોજના કરવા માગો છો કે નહીં?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ખારેક એ કચ્છનું કલ્પવૃક્ષ છે. આપના માધ્યમથી હું જાણવા માગું છું કે ટીશ્યૂ કલ્ચર પદ્ધતિ અને પેશી સંવર્ધન એટલે શું અને તેના લાભો શું છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ટીશ્યૂ કલ્ચરની પદ્ધતિ અને પેશી સંવર્ધન એટલે શું અને તેના લાભો શું છે એ માનનીય સભ્યશ્રીએ પૂછ્યું છે ત્યારે સન્માનનીય ગૃહને જણાવતા આનંદ થાય કે સારી ઉચ્ચ ગુણવત્તાવાળા માતૃ છોડમાંથી કોષપેશી લઇ તેને કૃત્રિમ ખોરાક ધરાવતા કાચના પાત્રમાં નિયંત્રિત અને રોજ જીવાતમુકત વાતાવરણમાં ઉછેરી તેમાંથી માતૃ છોડ જેવા જ ગુણધર્મોવાળા છોડ પ્રયોગશાળામાં ઉત્પન્ન કરવાની પદ્ધતિને ટીશ્યૂ કલ્ચર પદ્ધતિ એટલે કે પેશી સંવર્ધન કહે છે. લેબમાં શરૂઆતમાં ટીશ્યૂ એટલે કે પેશીને મીડીયામાં ઉછેરવામાં આવે છે ત્યારબાદ પ્રાથમિક હાર્ડનીંગ ગ્રીન હાઉસમાં અને સેકન્ડ હાર્ડનીંગ નેકસ્ટ શેડ હાઉસમાં કરવામાં આવે છે. આ તમામ પ્રક્રિયામાં અંદાજીત ત્રણ વર્ષનો સમયગાળો રહે છે ત્યારબાદ રોપા વેચવા, રોપણી લાયક બને છે અને આ રોપા વાવ્યા પછી સામાન્ય રીતે ત્રણ વર્ષથી ફળ આવવાની શરૂઆત થાય છે અને ચોથા વર્ષથી સારું ઉત્પાદન મળતું થાય છે અને ટીશ્યૂ કલ્ચરના લાભોની વાત કરું તો જનીનીક રીતે એક સરખા છોડ વાવેતર માટે ઉપલબ્ધ થાય છે જેથી એકી સાથે પાક મેળવી શકાય છે. તંદુરસ્ત અને રોગમુકત, જીવાતમુકત

છોડ ઉત્પન્ન થાય છે. કોઇ પાકમાં નર અને માદા છોડ જુદાજુદા હોય તો ટીશ્યૂ કલ્ચર પદ્ધતિથી માત્ર માદા છોડ ઉત્પન્ન કરવાનું શકય બને છે. ટીશ્યૂ કલ્ચર પદ્ધતિથી સમગ્ર વર્ષ દરમિયાન પ્લાન્ટીંગ મટીરીયરલ રોપા ઉત્પન્ન કરી શકાય છે.

નવસારી જિલ્લામાં કાર્યરત વીજ સબ-સ્ટેશનો

* ૨૭૬૯૪ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે ? | તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કુલ ૨ (બે) સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા બે સબસ્ટેશનો કરવામાં આવ્યા છે એવો જવાબ છે તો આ કયા તાલુકામાં કરવામાં આવ્યા છે? કેટલા ગામોને લાભ મળવાનો છે અને કેટલા ગ્રાહકોને લાભ મળવાનો છે? અને કુલ ખર્ચો કેટલો કરવામાં આવ્યો છે?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ૬૬ કે.વી. રૂમાલા, ચીખલીમાં સબસ્ટેશન બનાવવામાં આવ્યું છે જેના લાભાર્થી ગામોની સંખ્યા ૯ છે. ૬૬ કેવી બીનાર વાંસદા તાલુકામાં લાભાર્થી ગામોની સંખ્યા ૯ છે અને ગ્રાહકોની સંખ્યા ૭૩૯૪ છે.

જુનાગઢ જિલ્લામાં હિરણ-૨ ડેમની મજબૂતીકરણ કરવા બાબત

* ૨૭૫૫૬ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જુનાગઢ જિલ્લાની હિરણ-૨ સિંચાઈ યોજનામાં હિરણ-૨ ડેમના માટીબંધ મજબુતીકરણ અને ઊંચો કરવાના કામને મંજુરી આપવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત યોજનામાં આ કામની ઉકત સ્થિતિએ પરિસ્થિતિ શું છે અને તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૨) હિરણ-૨ સિંચાઈ યોજનાના માટીબંધને મજબુતીકરણ અને ઊંચો કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. થયેલ ખર્ચ રૂ.૫૭,૧૭,૯૭૮/- |

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હિરણ-૨ સિંચાઇ યોજનાને ઉંચી લેવાની જરૂરિયાત શા માટે પડી? નીચાણવાળા વિસ્તારની અંદર લોડિંગ બંધ બનાવવા માટે કોનું સૂચન હતું? લોડિંગ બંધ શા માટે બનાવવામાં આવ્યો?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગીરના જંગલની વચ્ચે હિરણ-૨ ડેમ આવેલ છે. ૧૯૭૬ માં આ ડેમનું કામ શરૂ કરવામાં આવ્યું અને ૧૯૮૨ માં કામ પૂર્ણ કરવામાં આવ્યું. આ દરમ્યાન ૧૯૮૩ માં સૌરાષ્ટ્ર વિસ્તારની અંદર મોટું વાવાઝોડું થયું. એ વખતે આ ડેમનો જે પાળો હતો તે નીચો લાગતો હતો. એના કારણે પાળો ઊંચો લેવાની જરૂરિયાત ઊભી થઇ. ઉપરાંત ૨૦૦૧ માં ભૂકંપ આવ્યો ત્યારે આખા રાજ્યની અંદર જે વલ્નરેબલ ઝોન ડેમ સેફ્ટીની દ્રષ્ટિએ નક્કી કરવામાં આવ્યો, એની ૫૦ કિ.મી.ની ત્રિજ્યામાં ઝોન ૩ માં આ ડેમ આવે છે. આ ડેમની ડેમ સેફ્ટી રિવ્યુ પેનલ ૩ એ મુલાકાત લીધી. એ મુલાકાત દરમ્યાન આ ડેમને વધારે સેઇફ બનાવવાની જરૂરિયાત ઊભી થઇ, એટલે ડેમ સેફ્ટી રિવ્યુ પેનલ-૩ દ્વારા મે-૨૦૦૫ માં હિરણ-૨ ડેમ માટે એવું સુચવવામાં આવ્યું કે માટીબંધના મૂળ બાંધકામ વખતે સેન્ડ ફિલ્ટર મુકવામાં આવેલ ન હોવાના કારણે માટી બંધમાંથી જે સીપેજ રૂપે પાણી નીકળે છે. તેમાં ટર્બીડિટીનું પ્રમાણ વધારે હોવાથી માટી બંધના હેઠવાસમાં હોરિજેન્ટલ તથા ઇન્કલાઇન્ડ સેન્ડ ફિલ્ટર મૂકી લોડિંગ બંધ બનાવવાનું સૂચન કરવામાં આવ્યું, એટલા માટે આ કામ શરૂ કર્યુ છે.

ભાવનગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૮૬ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ભાવનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ રૂ.૧૭૪૩૮.૪૬ લાખનાં ખર્ચે ૧૧૦૦૨ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

શ્રી કેશુભાઇ હી. નાકરાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા. ૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા વીજળીકરણના કનેકશન આપવામાં આવેલ છે?

ફાલ્ગુન ૪, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી ચીમનભાઇ ઘ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું છે ત્યારે આ ગૃહના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી નીતિનભાઇ પટેલનો વિભાગ વતી આભાર માનું છું. ૨૦૧૩ સુધીના વીજળીના કનેક્શન કિલયર કરવા માટે બજેટની અંદર ૧,૨૫,૦૦૦ કનેક્શન માટે રૂપિયા ૧૩,૦૦૦ કરોડની જોગવાઇ કરી છે. એ બદલ ખૂબ ખૂબ આભાર માનું છું. સભ્યશ્રીને જણાવવાનું કે ભાવનગર જિલ્લામાં વર્ષ–૨૦૧૫ માં ૪૮૮, વર્ષ ૨૦૧૬ માં ૪૬૬ એમ કુલ ૯૫૪ કનેક્શનો આપવામાં આવ્યા. ગારિયાધાર તાલુકામાં વર્ષ ૨૦૧૫ માં ૫૨૬, વર્ષ ૨૦૧૬ માં ૫૨૦ એમ કુલ ૧,૦૪૬ કનેક્શનો આપવામાં આવ્યા. ઘોઘા તાલુકામાં વર્ષ ૨૦૧૫ માં ૫૭૦ અને વર્ષ ૨૦૧૬ માં ૩૩૯ એમ કુલ ૯૦૯ કનેકશનો આપવામાં આવ્યા. કેશોદ તાલુકામાં વર્ષ ૨૦૧૫ માં ૩૩૭, વર્ષ ૨૦૧૬ માં ૨૫૫ એમ કુલ ૫૯૨ કનેક્શનો આપવામાં આવ્યા. મહુવા તાલુકામાં વર્ષ ૨૦૧૫ માં ૮૬૭, વર્ષ ૨૦૧૬ માં ૯૦૩ એમ કુલ ૧,૭૭૦ કનેક્શનો આપવામાં આવ્યા. પાલીતાણા તાલુકામાં વર્ષ ૨૦૧૫ માં ૫૭૮, વર્ષ ૨૦૧૬ માં ૪૬૯ એમ કુલ ૧૦૪૭ કનેક્શનો આપવામાં આવ્યા. શિહોર તાલુકામાં વર્ષ ૨૦૧૫ માં ૭૦૨, વર્ષ ૨૦૧૬ માં ૭૦૫ એમ કુલ ૧૪૦૭ કનેક્શનો આપવામાં આવ્યા. તળાજામાં વર્ષ ૨૦૧૫ માં ૧૧૧૦, વર્ષ ૨૦૧૬ માં ૮૬૬ એમ કુલ ૧,૯૭૬ કનેક્શનો આપવામાં આવ્યા. ઉમરાળામાં વર્ષ ૨૦૧૫ માં ૩૬૧, વર્ષ ૨૦૧૬ માં ૩૨૨ કુલ ૬૮૩ કનેક્શનો આપવામાં આવ્યા. વલ્લભીપુરમાં વર્ષ ૨૦૧૫ માં ૩૫૮, વર્ષ ૨૦૧૬ માં ૨૬૦ કુલ ૬૧૮ કનેકશનો આપવામાં આવ્યા. આમ, ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૬ માં ૫,૧૦૫, વર્ષ ૨૦૧૭ ના વર્ષમાં ૫,૮૯૭ કનેક્શનો આપવામાં આવ્યા. આમ કુલ ૧૧,૦૦૨ કનેક્શનો આપવામાં આવ્યા છે.

ડો. ટી. ડી. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય ખૂબ ઓછા રાજય પૈકી સરપ્લસ ઉર્જા ધરાવતું રાજય છે ત્યારે હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે કૂવા વીજળીકરણ યોજના અંતર્ગત ખેડૂતો માટેની પાત્રતા શું છે?

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં રહેતા કોઇપણ અરજદાર અરજી કરી શકે છે. સામાન્ય યોજનામાં બિનઆદિજાતિ નોન ડાર્ક ઝોન વિસ્તારમાં રહેતો કોઇપણ અરજદાર અરજી કરી શકે છે. ડાર્ક ઝોનની અંદર ડાર્કઝોન વિસ્તારમાં રહેતો કોઇપણ અરજદાર અરજી કરી શકે છે. એસીએસપી યોજનામાં અનુસૂચિત જાતિના અરજદાર અરજી કરી શકે છે. તત્કાલ યોજનાની અંદર તા.૧–૪–૨૦૧૫ થી રાજયના તમામ વિસ્તારોમાં તત્કાલ યોજના અમલી બનાવી છે અને તત્કાલ યોજનામાં તા.૩૧–૧૦–૨૦૧૬ સુધી સામાન્ય ડાર્ક ઝોન ટ્રાયબલ વિસ્તારમાં નોંધાયેલ તમામ અરજીઓ સ્વીચઓવર કરી શકાશે.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ વીજળીકરણ કરવા માટે સરેરાશ એક કૂવાદીઠ ખેડૂતોને કેટલો ખર્ચ આવે છે અને તેમાં રાજય સરકાર આ નવું જોડાણ આપતી વખતે કેટલી રકમ ચુકવે છે તે જાણવું છે.

શ્રી ચીમનભાઇ ઘ.સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી સન્માનનીય ગૃહને હું જણાવવા માગુ છું કે રાજયની અંદર કોઇપણ ખાતેદાર ખેડૂત વીજળીનું કનેકશન માગે તો તે કનેકશન પાછળ વિભાગને રૂ.૧.૬૭ લાખ ખર્ચ થાય છે. તેની સામે ખેડૂતને કેટલી રકમ ભરવી પડે છે તો તેમાં જી.ઇ.આર.સી.ની માર્ગદર્શિકા મુજબ ફીકસ ચાર્જીસ, સિકયોરીટી ડિપોઝિટ, એગ્રીમેન્ટ ફી અને ટેસ્ટ રિપોર્ટ ફી માત્ર ભરવાની રહે છે. તેમાં ઉદાહરણ લઇએ તો ૧૦ હોર્સપાવરનું કનેકશન હોય તો નોંધણી ફી ૨૦૦ રૂપિયા, ડિપોઝિટ ૧૨ હજાર રૂપિયા, ડિપોઝિટ ૨૦૨૦ રૂપિયા અને એગ્રીમેન્ટ ચાર્જ ૧૦૦ રૂપિયા અને ટેસ્ટ રિપોર્ટ ૨૦ રૂપિયા, આમ માત્ર ૧૦ હોર્સપાવરના કનેકશનમાં રૂપિયા ૧૪૩૪૦ ખર્ચ કરવો પડે છે. આમ ૩(ત્રણ) હોર્સપાવરનું કનેકશન હોય તો માત્ર ૭૩૨૧ રૂપિયા, ૫(પાંચ) હોર્સપાવરનું કનેકશન હોય તો ૭૩૫૫ રૂપિયા, ૭.૫ (સાડા સાત) હોર્સપાવરનું કનેકશન હોય તો ૮૦૭૩ રૂપિયા થાય છે. માત્ર આટલી રકમ ખેડૂત પાસેથી વસૂલ કરવામાં આવે છે. જયારે બાકીની રકમ સરકાર સહાય તરીકે ચુકવે છે.

### અમરેલી અને જુનાગઢ જિલ્લામાં ખેડૂતોના આપઘાત

* ૨૮૧૫૦ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં ખેડુતોના આપઘાતના કિસ્સાઓ વધી રહ્યા છે તે હકીકત સાચી છે | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને જુનાગઢ જિલ્લામાં ખેડુતોના આપઘાતના કેટલા કિસ્સાઓ નોંધાયા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉકત કિસ્સાઓને રોકવા કે ઘટાડવા સરકાર દ્વારા ઉકત સમયગાળામાં શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત ખેડૂત કલ્યાણ વિભાગના મંત્રીશ્રીને પૂછવા માગુ છું અને મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો કે રાજયમાં ખેડૂતોના આપઘાતના કિસ્સાઓ વધી રહ્યા છે તે હકીકત સાચી છે? રાજય સરકારે નાજી જવાબ આપ્યો છે. મારો બીજો પ્રશ્ન હતો કે અમરેલી અને જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષની અંદર આવા કેટલા કિસ્સાઓ નોંધાયા? સરકારે નિર્દયતાથી જવાબ આપી દીધો કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પણ મારા ૨૧મી તારીખના વિધાનસભા પ્રશ્નોત્તરીની અંદર અમરેલી જિલ્લાના પોલીસ વિભાગે આપેલા આંકડાઓ મુજબ તા.૩૧ જાન્યુઆરી ૨૦૧૫ થી ૩૦ જાન્યુઆરી ૨૦૧૭ સુધીમાં અમરેલી જિલ્લાની અંદર ૩૭૪ જેટલા લોકોએ આત્મહત્યા કરી છે. આ સરકાર સી.આર.પી.સી. ની કલમ.૧૭૪ નીચે આત્મહત્યાના બનાવો નોંધે છે. કોઇ માણસ દવા પી જાય અને જો એવું લખાવીએ કે ભૂલથી દવા પી ગયો તો કહે અપમૃત્યુ. કોઇ કૂવામાં પડી જાય અને કહીએ કે ભૂલથી પડી ગયો તો અપમૃત્યુ. કોઇ સળગી જાય અને કહીએ કે ભૂલથી સળગી ગયો છે તો અપમૃત્યુ. સમાન ગાળામાં ૮૩૨ જેટલા લોકોને અમરેલી જિલ્લામાં અપમૃત્યુ તરીકે ખપાવવામાં આવ્યા. છેલ્લા બે વર્ષમાં ૧૨૦૬ જેટલા લોકોએ આત્મહત્યા કરી, અમરેલી જિલ્લાનો આ પ્રશ્ન છે એ રાજકીય પ્રશ્ન નથી મારી આ સંવેદનશીલતાની વાત છે. અમરેલી જિલ્લામાં સરેરાશ દરરોજ બે ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે ત્યારે આ સરકાર અને માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ખેડૂતો શા માટે આત્મહત્યા કરે છે? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, હવે આપ મુદા ઉપર આવી જાવ.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી સરકારને એક વિનંતી છે અને મારા સવાલો છે કે, આપે કહ્યું કે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, કોઇએ આપઘાત કર્યો નથી. ત્યારે હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, તા. ૧૪.૭.૨૦૧૬ના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલા મૂકામે જોરૂભાઇ ધાધલે પાક નિષ્ફળ જવાથી આંબાના ઝાડે ગળાફાંસો ખાઇને આત્મહત્યા કરી લીધી આ ખેડૂત ન હતા? માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, પોપટભાઇ વશરામભાઇ સતાણી, બાબરા તાલુકાના પનસડા ગામે ૨૦૧૬માં દવા પીને એણે આત્મહત્યા કરી લીધી શું એ ખેડૂત ન હતા? એજ રીતે મારા લાઠી તાલુકાના નાના રાજકોટ ગામે એક નવજવાન ખેડૂત પાક નિષ્ફળ જવાના કારણે આત્મહત્યા કરી લીધી શું એ ખેડૂત ન હતા? (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, હું એક વાત કરી દઉં કે આ રાજયમાં કે આ દેશમાં જેટલા પણ ખેડૂતો છે આવતી કાલે કુદરતના નિર્માણ પ્રમાણે એમણે અને મારે અને આપણે તમામે એક દિવસ બધાએ જવાનું જ છે.(અંતરાય) પૂરું સાંભળો રાઘવજીભાઇ, હું જયારે બોલતો હોઉં ત્યારે વચ્ચે નહીં બોલવાનું. (અંતરાય) હું જ્યારે બોલતો હોઉં ત્યારે વચ્ચે નહીં બોલો, ફરીથી કહું છું બેસી જાવ.(અંતરાય) રાઘવજીભાઇ બેસી જાવ, તમારું સ્થાન ગ્રહણ કરો, રાઘવજીભાઇ સ્થાન ગ્રહણ કરો. માનનીય સભ્યશ્રી, મારી વાત પૂરી થઇ જવા દો. અહીંયા આવેલો પ્રત્યેક વ્યકિત ખેડૂત છે, ખેડૂતનું ક્યારેય મૃત્યુ ન થાય એવું ક્યાંય નથી. જે આવ્યા છે આ જગતમાં એ બધાએ જવાનું છે. (અંતરાય) તમારા માર્ગદર્શનની મને જરૂર નથી રાઘવજીભાઇ, હવે બીજી વખત વચ્ચે બોલશો તો તમને બહાર કાઢવાની મને ફરજ પડશે, પ્લીઝ, મહેરબાની કરો, કારણ વગરના ઇન્ટરફીયર નહીં થાવ. મારું માત્ર એટલું જ કહેવાનું છે કે, જે પણ ખેડૂતનું અપમૃત્યુ થયું હોય, કોઇ સરકારના કારણે, કોઇ સરકારની નીતિના કારણે અથવા એને થયેલી કોઇ કનડગતના કારણે મૃત્યુ થયું હોય તો રાજય સરકાર એના માટેનું વળતર ચૂકવતી હોય છે. આપે જે કિસ્સાઓની વાત કરી એ કિસ્સાઓમાં રાજય સરકાર તરફથી કોઇ વળતર ચૂકવવામાં આવ્યું છે કે કેમ? બાકી તમે એમ કહો કે ફલાણાએ આપઘાત કર્યો, ફલાણાએ આમ કર્યું, એ ખેડૂત હશે, એમનુ મૃત્યુ થયું હશે એ બધી વાત સાચી પણ માત્ર ખેડૂત છે અને એ ખેડૂતનું મૃત્યુ થાય એટલે આટલા ખેડૂતોનું મૃત્યુ થયું એમ કહેવું એ ઠીક નથી અને વાજબી પણ નથી. માટે એમાં સુધારીને તમારે જે માનનીય મંત્રીશ્રીને પૂછવું હોય તે મુદાસર પૂછો.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોનો પ્રશ્ન છે એ આ પક્ષનો કે પેલા પક્ષનો ન હોય. ખેડૂત એ ખેડૂત હોય, સરકાર તો એના બચાવ માટે નાજી અને હાજી કહી દે છે. માનનીય સભ્યશ્રીએ દાખલા આપ્યા કે આટલા ખેડૂતોએ આપઘાત કર્યો છે. તેઓ અધવચ્ચે મરી ગયા છે, નેચરલ મૃત્યુ નથી. જે ઉપર જવાની આપ વાત કરો છો એ પ્રમાણે સમયસર ભલે ગમે તે જાય પણ આ પોતાની રીતે જયારે બે છેડા ભેગા ન થાય ત્યારે આપઘાત કરે, દવા પી જાય, ઝાડ પર લટકી જાય એમાં સરકારે બચાવ નહીં કરવો જોઇએ અને સરકારે જે હોય તે સ્પષ્ટ કહેવું જોઇએ કે હા, આટલા લોકોએ આપઘાત કર્યો છે અને આવું બન્યું છે અને આટલા લોકો મરી ગયા છે, એક વિભાગ કહે છે કે આટલા લોકો મરી ગયા છે અને આ વિભાગ કહે છે કે કોઇ નથી મર્યું એ બરાબર નથી.

અધ્યક્ષશ્રી : એટલા માટે જ મેં કહ્યું કે તમે સ્પષ્ટતા કરો કે જે વિગત હોય તે વિગત આપો અને માનનીય મંત્રીશ્રી એનો જવાબ આપશે, કોઇ વાંધો નથી એમાં.

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મારો પ્રશ્ન ક્રમાંક ૧, રાજયમાં ખેડૂત કલ્યાણ વિભાગની ખેડૂત વિરોધી નીતિઓના કારણે ખેડૂતને ઓછું ઉત્પાદન થાય અને ઉત્પાદન ખર્ચમાં વધારો થાય, ઓછું ઉત્પાદન થાય અનિયમિત વરસાદના કારણે, વીજળી–સિંચાઇના અભાવના કારણે, રોઝ–ભૂંડના ત્રાસથી, પોષણક્ષમ ભાવના અભાવથી, વાદ–વિવાદના કારણે, જમીન માફિયાઓના કારણે આ રાજયમાં દરરોજના સરેરાશ ૫૫ ખેડૂતો આત્મહત્યા કરે છે. અમરેલી જિલ્લામાં દરરોજ સરેરાશ બે ખેડૂતો આત્મહત્યા કરે છે.

અધ્યક્ષશ્રી : તમારો પ્રશ્ન સાચો છે પણ તમારી જે પૂછવાની પદ્ધતિ છે તેમાં કયાંક તકલીફ છે.

## અતારાંકિત પ્રશ્નો

શ્રી પરેશભાઇ ધી. ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને સ્પષ્ટ પૂછવું છે કે, તમને આ રાજયના ખેડૂતો પ્રત્યે રાગદ્વેષ શું કામ છે ? ખેડૂત મરી રહ્યો છે તો એના મૂળમાં જવાના બદલે આપ જવાબ આપવાથી શું કામ ડરો છો ?

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી સન્માનનીય ગૃહને હું જણાવવા માગુ છું કે, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે તા. ૩૦–૧–૨૦૧૭ની સ્થિતિએ રાજયમાં ખેડૂતોના આપઘાતના કિસ્સા વધી રહેલ છે તે હકીકત છે ? તો મેં બહુ સ્પષ્ટ કહ્યું છે કે, આવા કિસ્સાઓ વધતાં નથી અને એટલા માટે મેં મારા જવાબમાં સ્પષ્ટ ના પાડી છે કે આવા કિસ્સાઓ વધતાં નથી. જયારે ખેડૂતોને લાગે વળગે છે ત્યાં સુધી જૂનાગઢ જિલ્લાની અંદર માત્ર બે બનાવો બન્યાં છે. એક જૂનાગઢ જિલ્લાની અંદર મનોજભાઇ કિશોરભાઇ માલવિયા, ઉંમર વર્ષ. ૨૮ અને બનાવની તારીખ છે ૨૯–૯–૨૦૦૫, બનાવની વિગતઃ ઝેરી દવા પી જતાં મૃત્યુ થયેલ છે. એફ.આઇ.આર.માં પાક નિષ્ફળનું કારણ દર્શાવેલ છે પરંતુ પોતે ખાતેદાર ખેડૂત નથી. ..(અંતરાય).. એ જ રીતે, સાંભળો હવે જવાબ મારે આપવાનો છે રાઘવજીભાઇ, અમરેલી જિલ્લાની વાત કરું તો છગનભાઇ વલ્લભભાઇ કાછડીયા, ઉંમર વર્ષ. ૫૫, રહેવાસીઃ મોટા માછીયાળા, તાલુકોઃ અમરેલી અને તારીખ.૨૬–૧૧–૦૫થી મૃત્યુ પામ્યાં છે અને ઝેરી દવા પી જતાં તેમનું મૃત્યુ થયેલ છે અને જેમાં મૃત્યુનું કારણ પંચરોજ કયાસની અંદર આર્થિક સંકડામણ હોવાને કારણે મૃત્યુ થયેલ છે અને તે જ મુજબ સભ્યશ્રીએ મને પ્રશ્ન પૂછયો કે સાવરકુંડલામાં જોરૂભા ધાંધલજીનું અકસ્માતે મૃત્યુ થયુ છે તો આવી પોલીસ સ્ટેશનની અંદરથી કોઇ વિગત મળી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે, માનનીય પરેશભાઇ ખેડૂતોના હિતની વાત કરે છે ત્યારે મારે તેમને જણાવવું છે કે, ૧૯૯૫ પહેલાં આપની સરકાર હતી ..(અંતરાય)...એ હવે સાંભળવાની તૈયારી રાખો અને ખેડૂતનો અકસ્માત વીમાનો હતો, ટ્રેકટર માટેની સહાય નહોતી, ખેડૂતો માટે વીજ બિલની અંદર રાહત ન હતી..(અંતરાય).. ( આ તબક્કે શ્રી પરેશ ધાનાણી તથા માનનીય શ્રી બળદેવજીભાઇ ઠાકોર માનનીય કૃષિ મંત્રીશ્રી પાસે ધસી ગયા અને તેમના હાથમાંથી કાગળો ઝૂંટવી લેવાનો પ્રયત્ન કર્યો ) ( આ તબક્કે કોંગ્રેસ પક્ષના મોટાભાગના સભ્યશ્રીઓ વેલમાં ધસી આવ્યા )

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓને પોતાનું સ્થાન ગ્રહણ કરવા માટે વિનંતી કરું છું (અંતરાય) . હું સભાગૃહ મુલતવી રાખું છું. (સવારના ૯–૧૪)

( મુલતવી રહેલ સભાગૃહ સવારના ૧૦.૫૦ કલાકે ફરી મળ્યું.)

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### સાબરકાંઠા જિલ્લામાં જમીનનું ધોવાણ અટકાવવા સંરક્ષણ દિવાલો બનાવવાનું આયોજન

* ૨૮૦૬૬ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં જમીનનું ધોવાણ અટકાવવા માટે સંરક્ષણ દિવાલો બનાવવાનું આયોજન કરવામાં આવેલ,

**જવાબ**

(૧) ધોવાણ અટકાવતી દિવાલો

| ગામતળની જમીન અને જાહેર મિલ્કતોને પુરથી સંરક્ષણ આપવા સંરક્ષણ દિવાલો બનાવવાનું આયોજન | | જમીનનું ધોવાણ અટકાવવા કાંઠા ધોવાણ અટકાવતી દિવાલો બનાવવાનું આયોજન | |
|---|---|---|---|
| તાલુકો | ગામની સંખ્યા | તાલુકો | ગામની સંખ્યા |
| હિંમતનગર | ૨૪ | હિંમતનગર | ૦૧ |
| તલોદ | ૦૩ | વડાલી | ૦૧ |
| વડાલી | ૦૧ | તલોદ | ૦૩ |
| ઈડર | ૦૭ | કુલ | ૦૫ |

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર ક્યા ગામોમાં સંરક્ષણ દિવાલો બનાવેલ છે અને ક્યા ગામોમાં બનાવવાની બાકી છે, અને

(૨) *પત્રક–૧ મુજબ.

(૩) ઉકત સ્થિતિએ બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૩) *પત્રક–૨ મુજબ.

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો
(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

### સાબરકાંઠા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૮૭ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ રૂ.૭૯૮૫.૫૬ લાખનાં ખર્ચે ૪૯૫૦ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

### છોટાઉદેપુર નગરપાલિકાને પીવાના પાણી માટે ચેકડેમ/આડબંધ બનાવવાની દરખાસ્ત

* ૨૭૦૬૬ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૧૫–૧–૨૦૧૭ની સ્થિતિએ છોટાઉદેપુર નગરપાલિકાને પીવાના પાણી માટે ચેકડેમ/આડબંધ બનાવવા માટેની દરખાસ્ત સરકારને ક્યારે મળી, | (૧) તા.૧૭–૦૩–૨૦૧૬ ના રોજ. |
| (૨) ઉકત સ્થિતિએ આ કામગીરી ક્યા તબક્કામાં છે, અને | (૨) વહીવટી પ્રક્રિયા હેઠળ. |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે અને કામ ક્યારે પૂર્ણ થશે ? | (૩) અંદાજીત રૂ.૬૦૮.૨૭ લાખ. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી શક્ય તેટલું જલદી. |

### મહેસાણા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૭૨૫ શ્રી ઋષિકેશભાઈ પટેલ (વિસનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત મહેસાણા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૩૮૪.૯૨ લાખનાં ખર્ચે કુલ ૪૮૯૧ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા. |

### રાજકોટ જિલ્લામાં ખુશી યોજના

* ૨૭૬૮૪ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પૂરવઠો પૂરો પાડવા માટે સરકારશ્રી દ્વારા બનાવેલ ખુશી યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં નાની ક્ષમતામાં કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને<br>(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૧) અને (૨) : ખેડૂતોને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકારની ખુશી યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કુલ રૂ.૪૨૬૨.૦૦ લાખનાં ખર્ચે, ૩૩૨૪ નાની ક્ષમતાનાં ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા. |

### અમદાવાદ જિલ્લામાં ઘઉં યોજના હેઠળ ખેડૂત તાલીમ

* ૨૮૩૨૪ શ્રી રજનીકાંત પટેલ (અસારવા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન અંતર્ગત ઘઉંના પાક માટે કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, | (૧) ૪૯ |
| (૨) તેમાં કેટલા ખેડૂતોએ ભાગ લીધો, અને | (૨) કુલ ૧૪૭૦ |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) રૂ.૩,૪૧,૦૦૦/– |

### પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવા બાબત

* ૨૬૮૪૨ શ્રી પ્રો.હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ખેતીલાયક કેટલી જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે, અને | (૧) પંચમહાલ જિલ્લામાં કુલ ૭૩૬૫૩ હેકટરમાં અને મહીસાગર જિલ્લામાં કુલ ૫૩૮૧૬ હેકટરમાં પાણી આપવામાં આવે છે. |
| (૨) ઉકત જિલ્લાવાર કેટલા હેકટર જમીનમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી ? | (૨) પંચમહાલ જિલ્લામાં ૧૦૪૨૯૧ હેકટર અને મહીસાગર જિલ્લામાં ૧૦૫૩૫૭ હેકટર. |

### રાજકોટ તથા મોરબી જિલ્લામાં પાક વિમો ન મળવા અંગે ફરીયાદ

* ૨૭૮૭૩ શ્રી મહમદજાવેદ પિરઝાદા (વાંકાનેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાક વિમો ન મળવા અંગે રાજકોટ તથા મોરબી જિલ્લામાંથી કેટલી ફરીયાદો સરકારને મળી, અને | (૧) ૨૫ ફરીયાદો મળી. |
| (૨) તે અન્વયે સરકારે શા પગલાં લીધા ? | (૨) યોજનાની ગાઈડલાઈન મુજબ કાર્યવાહી કરી ફરીયાદ (રજુઆત)નો હકારાત્મક નિકાલ કરવા અંગેના પગલા લીધા. વિમા કંપની/રાજ્ય કક્ષાની બેંકર્સ કમીટી/ સંબંધિત બેંકને જરૂરી ચકાસણી અને ઘટતી કાર્યવાહી અર્થે ફરીયાદ (રજુઆત) મોકલી આપવામાં આવી. |

### અમદાવાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૭૨૬ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) :અમદાવાદ જીલ્લામાં ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૩૭૮.૩૬ લાખનાં ખર્ચે કુલ ૫૯૩૯ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા. |

### સુરત જિલ્લામાં કાર્યરત વીજ સબ-સ્ટેશનો

* ૨૭૬૯૬ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે? | તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કુલ ૧૨ (બાર) સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

### સાબરકાંઠા જિલ્લામાં માધવગઢ થી કોજણ ડેમ સુધી પાઈપલાઈન નાંખવા મળેલ માગણી

* ૨૭૯૧૭ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા જિલ્લામાં માધવગઢ થી કોજણ ડેમ સુધી નર્મદા આધારીત સુજલામ-સુફલામ યોજના અન્વયે પાઈપલાઈન નાંખવા માટે કેટલી માંગણીઓ સરકારને મળી, | (૧) ૨૦૧૫ - ૨<br>૨૦૧૬ - ૪<br>કુલ - ૬ |
| (૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) સૈદ્ધાંતિક મંજુરીની દરખાસ્ત વિચારણા હેઠળ છે. |
| (૩) ઉકત સ્થિતિએ ઉકત કાર્યવાહી ક્યા તબક્કે છે અને ઉકત યોજના કેટલા ખર્ચે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ? | (૩) હાલ સૈદ્ધાંતિક મંજુરીના તબક્કે હોવાથી ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, પરંતુ જરૂરી તમામ મંજુરીઓ મળ્યા બાદ શક્ય તેટલું જલદી પૂર્ણ કરવામાં આવશે. |

### જુનાગઢ જિલ્લામાં ખુલ્લા વાયર તથા ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોના લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૨૬૭૭૪ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જુનાગઢ જિલ્લામાં સન–૨૦૧૬ના વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોને લીધે તેમજ વીજતંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા, | (૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીક વાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.<br>જુનાગઢ જિલ્લામાં, પશ્ચિમ ગુજરાત વીજ વીતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં, સને (કેલેન્ડર વર્ષ) ૨૦૧૬માં નાગરિકોના ૭ (સાત) પ્રાણઘાતક તથા ૭ (સાત) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૦(દસ) પ્રાણઘાતક અકસ્માત થયા હતા, નાગરિકોના ૭(સાત) બીન પ્રાણઘાતક અકસ્માત પૈકીના કોઈપણ કિસ્સામાં વ્યકિતએ અંગો ગુમાવ્યા નથી.<br>જયારે જુનાગઢ જિલ્લામાં, જેટકોના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૬ માં કોઈપણ અકસ્માતનો બનાવ નોંધાયેલ નથી. |
| (૨) આ બાબતે પી.જી.વી.સી.એલ. અને જેટકો કંપનીના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી, | (૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં અથવા અકસ્માતનો ભોગ બનનારની પોતાની ભૂલના લીધે અકસ્માતો થયેલ હોઈ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોકત અકસ્માતો બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.<br>• નાગરિકોના કિસ્સામાં માધવપુર પેટા વિભાગીય કચેરી હેઠળ તા.૨૯–૧–૨૦૧૬ના રોજ થયેલ પ્રાણઘાતક અકસ્માત બાબતે કચેરીના નાયબ ઈજનેરને ફિડરનું સમારકામ સમયસર કરાવવામાં બેદરકારી દાખવવા બદલ પ્રર્વતમાન નિયમ અનુસાર તેમને તા.૧૦–૧–૨૦૧૭ના પત્રથી તહોમતનામું આપવામાં આવેલ છે. |
| (૩) ઉકત સમયગાળામાં બેદરકાર રહેલા કેટલા કમર્ચારી/અધિકારીઓ સામે ગુનાહીત બેદરકારી બદલ કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને | (૩) જવાબદારી પુરવાર થયેલા કિસ્સાઓમાં ખાતાકીય કાર્યવાહી કરવામાં આવતી હોઈ, પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી. |
| (૪) આ અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી બાકી છે તથા તે તમામ રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ? | (૪) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યકિતઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સામાં જી.યુ.વી.એન.એલ. ના માર્ગદર્શક સર્ક્યુલર મુજબ રકમ ચૂકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેકટ્રીક સાધનોના કારણે તેમના મકાનમાં થતા |

અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું થતું નથી. તદ્નુસાર નીચે દર્શાવ્યા પ્રમાણેના કેસમાં ચુકવણી કરવામાં આવી.

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ, કુલ ૭ (સાત) નાગરિકોના મૃત્યુના કિસ્સાઓ પૈકી,

- ૧(એક) કિસ્સામાં આખરી સહાય રૂપે રૂ.૨,૦૦,૦૦૦/- ચૂકવેલ છે.
- ૩ (ત્રણ) કિસ્સાઓમાં પ્રાથમિક સહાય સ્વરૂપે રૂ.૫૦,૦૦૦/- પેટે કુલ ૧,૫૦,૦૦૦/- સહાય ચૂકવેલ છે. આ કિસ્સામાં બાકી રહેતા વળતર પેટે, ૧ (એક) કિસ્સામાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ મુજબ પી.જી.વી.સી.એલ. કંપની જવાબદાર ન હોઈ બાકીનું વળતર આપવાનું રહેતું નથી અને ૨ (બે) કિસ્સાઓમાં વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી, ચકાસણી કર્યા બાદ વળતર ચૂકવી આપવામાં આવશે.
- જ્યારે, ૩ (ત્રણ) કિસ્સાઓમાંથી ૧ (એક) કિસ્સાઓમાં વારસદારને વળતર જોઈતું નથી એવી બાંહેધરી આપેલ છે, ૧ (એક) કિસ્સામાં અકસ્માતનો ભોગ બનનાર બહારના રાજ્યના હોઈ, વારસદારનો સંપર્ક થઈ શકે તેમ નથી અને ૧ (એક) કિસ્સામાં અકસ્માતનો ભોગ બનનારના વારસદાર હયાત ન હોઈ, વળતર ચૂકવી શકાયેલ નથી

(૨) ૧૦ (દસ) પ્રાણીઓના કિસ્સાઓમાંથી ૭ (સાત) કિસ્સાઓમાં ૧૦૦% વળતરની રકમ પેટે રૂ.૧,૫૦,૦૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે. ૧ (એક) કિસ્સામાં કોર્ટ કેસ ચાલુ હોય, કોર્ટના નિર્ણય આવ્યે બાકી વળતરની રકમ ચૂકવી આપવામાં આવશે. જ્યારે, બાકીના ૨ (બે) કિસ્સાઓમાંથી એક કિસ્સામાં પ્રાણી બિનવારસુ (વન્ય જીવ) હોઈ અને એક કિસ્સામાં પ્રાણીના માલિકનો સંપર્ક કરવા છતાં લેવા આવેલ ન હોવાથી, વળતર ચૂકવી શકાયેલ નથી.

### રાજ્યમાં ખેતી હેતુ માટે એક જોડાણ ઉપર બે મોટરો વાપરવાની છુટ

* ૨૭૭૦૩ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં કૃષિ વિષેયક વીજ જોડાણ ધરાવતા ખેડુતોને ખેતી હેતુ માટે એક જ જોડાણ ઉપર બે મોટરો વાપરવાની આવી છે કે કેમ,

(૨) જો હા, તો તેની વિગતો શું છે ?

**જવાબ**

(૧), અને (૨) : રાજ્ય સરકારે હકારત્મક અભિગમ દાખવીને તા.૧૮-૧૦-૨૦૧૬ના ઠરાવ દ્વારા ખેડૂતના હિતમાં લીધેલ નિર્ણય મુજબ ખેડૂતોને એક જ કૃષિ વિષયક વીજ જોડાણ પર બે મોટર વાપરવાની છૂટ આપી છે. જેનાં નિયત શરતો/ધારા ધોરણો નીચે મુજબ છે.

૧. અરજદાર/ગ્રાહક (દક્ષિણ, મધ્ય, ઉત્તર, પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા હાલની મંજુર કરાયેલ કરારિત વીજભારની મર્યાદામાં અને એક જ સર્વે નંબરમાં/અથવા અરજદારની માલિકીના અડીને આવેલા અન્ય સર્વે નંબરમાં ૨ (બે) વીજ મોટરોનો જ ઉપયોગ કરી

શકશે અને તે હેતુ સબબ લાગુ પડતી પેટા વિભાગીય કચેરીમાં જાણ કરવાની રહેશે. કરારિત વીજભારથી વધુ વીજભારની જરૂર હોય તેવા કિસ્સામાં ગ્રાહક અરજી કરી વધુ વીજભાર મંજૂર કરાવ્યા બાદ જ બે મોટરોનો ઉપયોગ કરી શકશે.

૨. કોઈપણ અન્ય લાગુ પડતા કિસ્સામાં, જેમકે ખેતી વિષયક વીજ જોડાણના સ્થળમાં ફેરફાર, પુનઃજોડાણ વગેરેમાં, પ્રવર્તમાન પરિપત્ર મુજબના નિયમો/શરતોને આધિન, ખેતી વિષયક વીજ જોડાણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, તેમજ અરજદાર/ગ્રાહક, જો ૨ (બે) વીજ મોટરો ઉપયોગ કરવા માંગે તો નિયત અરજી પત્રકમાં બંને મોટરોની તમામ વિગતોનો ક્ષમતા સાથે ઉલ્લેખ કરવાનો રહેશે.

૩. ખેતી વિષયક વીજ જોડાણમાં, કંપનીના હાલના પોઈન્ટ ઓફ સપ્લાય બાદ, વીજ મોટર/મોટરો જોડવા માટેની સંપૂર્ણ સુરક્ષિત, ઈન્સુલેટેડ વાયરીંગની વ્યવસ્થા અરજદાર/ ગ્રાહક દ્વારા કરવાની રહેશે અને આવા વાયરીંગની સાર-સંભાળ રખ-રખાવ, તેમજ વીજ-સુરક્ષાની જવાબદારી અરજદાર ગ્રાહકની રહેશે. તેમજ અરજદાર ગ્રાહક દ્વારા આ વાયરીંગની વ્યવસ્થા અરજીમાં દર્શાવેલ સર્વે નંબરમાં કે અડીને આવેલા પોતાની માલીકીના અન્ય સર્વે નંબરમાં જ કરવાની રહેશે.

૪. બંને વીજ મોટરોનાં પ્રસ્થાપન, વાયરીંગ વગેરે માટેનો જરૂરી નવો ટેસ્ટ રીપોર્ટ, નિયત ફી સાથે રજુ કરવાનો રહેશે. સદર ટેસ્ટ રીપોર્ટમાં, નિયમાનુસાર કરેલ બંને મોટરોના વાયરીંગ, કુવા કે બોર સુધીના વાયરોની લંબાઈ, વાયરોનો પ્રકાર અને ક્ષમતા, બંને કુવા કે બોર વચ્ચેનું અંતર વગેરેના ઉલ્લેખ સાથેનો સ્પષ્ટ આંકનવાળો નકશો સાદા કાગળ પર રજુ કરવાનો રહેશે. તેમજ નિયમાનુસાર જરૂરી માનક અને ક્ષમતા સાથેની આર.સી.ડી. /ઈએલસીબી ફરજીયાત પ્રસ્થાપન કરીને જોડવાની રહેશે જેનો ઉલ્લેખ પણ ટેસ્ટ-રીપોર્ટમાં સ્પષ્ટપણે કરવાનો રહેશે.

૫. અરજદાર ગ્રાહક દ્વારા ૨ (બે) વીજ મોટરોના ઉપયોગ કરવા હેતુ જરૂરી નવા ટેસ્ટ રીપોર્ટ સાથે-સાથે બીડાણ મુજબનું બાહેંધરી પત્ર સાદા કાગળ પર આપવાનું રહેશે. ટેસ્ટ-રીપોર્ટ સ્વીકાર્યેથી બે મોટરો વાપરવાની મંજૂર થયેલી ગણાશે અને ગ્રાહક તે મુજબ ઉપયોગ કરી શકશે. અન્ય કિસ્સામાં વીજ કંપની દ્વારા દિન-૧૫ માં ગ્રાહકને જાણ કરવાની રહેશે.

૬. હોર્સપાવર આધારિત ખેતી વિષયક વીજ જોડાણમાં, અરજદાર ગ્રાહકને ૨(બે) વીજ મોટર વાપરવાની પરવાનગી સાથે જે તે લાગુ પડતા ટેરીફ મુજબ, વખતો વખત મંજુર થયેલ દરે (દક્ષિણ-મધ્ય-ઉત્તર-પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ બીલ આપવામાં આવશે તે સમયસર ભરપાઈ કરવાનું રહેશે. આમ છતાં અરજદાર ગ્રાહક દ્વારા મીટર ટેરીફ પ્રમાણે વીજ મીટર લગાડવાના વિકલ્પને પસંદ કરી શકશે. તેમજ આ વિકલ્પની પસંદગી કર્યેથી ગુજરાત વિદ્યુત નિયમન આયોગ

દ્વારા, વખતો વખત મંજુર થયેલ દરે (દક્ષિણ–મધ્ય–ઉત્તર–પશ્ચિમ) ગુજરાત વીજ કંપની લીમીટેડ દ્વારા વીજ બીલ આપવામાં આવશે તે સમયસર ભરપાઈ કરવાનું રહેશે.

૭. આવા ખેતી વિષયક વીજ જોડાણ ધરાવતા ગ્રાહકને, ગુજરાત વિદ્યુત નિયમન આયોગ દ્વારા, વખતો વખત મંજુર થયેલ દરે વીજ બીલ આપવામાં આવશે અને તે ગ્રાહકે ભરપાઈ કરવાનું રહેશે.

૮. આવા ખેતી વિષયક વીજ જોડાણના ગ્રાહક, જો ગેરરીતીના કોઈપણ કિસ્સા જેમ કે વીજચોરી, અનધિકૃત વીજભાર/વપરાશ કરવો વગેરે કરતા માલુમ પડે તો, વીજ અધિનિયમ ૨૦૦૩ અને વખતો વખત લાગુ પડતા અન્ય સુધારાઓને આધીન કાર્યવાહી કરવામાં આવશે.

૯. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.ના તા.૨૫–૧૦–૨૦૧૬ના પરિપત્ર જાહેર કર્યાની તારીખથી અમલમાં રહેશે અને આ બાબતને લાગુ પડતા અગાઉના પરિપત્રોના નિયમો રદ્દ ગણાશે.

### વડોદરા મહાનગરપાલિકા હેઠળ ડી.આઈ.એસ. યોજના

* ૨૭૭૧૪ શ્રી જીતેન્દ્રભાઈ સુખડીયા (સયાજીગંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં ડીઆઈએસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા મહાનગરપાલિકા હેઠળના વિસ્તારોમાં જાહેર રસ્તાઓ પર અડચણરૂપ કેટલા વીજ થાંભલા અને વીજ વાયરો ખસેડવાની કામગીરી કરવામાં આવી,

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યમાં ડિસ્ટ્રીબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રકચર શીફ્ટીંગ (ડી.આઈ.એસ.) યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વડોદરા મહાનગરપાલિકા હેઠળના વિસ્તારોમાં રૂ.૨૦.૨૪ કરોડનાં ખર્ચે જાહેર રસ્તાઓ પર અડચણરૂપ કુલ ૧૩૩.૦૮ કી.મી. વીજ લાઈનો અને ૧૨૦૨ નંગ વીજ થાંભલા ખસેડવાની કામગીરી કરવામાં આવેલ છે.

### દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય

* ૨૮૦૧૫ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૬ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળી,

જવાબ

(૧) દેવભૂમિ–દ્વારકા જિલ્લામાં સને ૨૦૧૬ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કુલ ૩૪ અરજીઓ મળેલ, તાલુકાવાર મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૧૦ |
| ૨ | ભાણવડ | ૦૭ |
| ૩ | કલ્યાણપુર | ૧૩ |
| ૪ | દ્વારકા | ૦૪ |
| | કુલ | ૩૪ |

(૨) તે પૈકી મૃતક ખેડૂતદીઠ કેટલી રકમ ચુકવવામાં આવી,

(૨) સરકારશ્રીના હાલના ધારાધોરણ મુજબ અકસ્માતે મૃત્યુના કિસ્સામાં મૃતક ખેડૂતના વારસદારને રૂ.૧,૦૦,૦૦૦/– વીમા સહાય ચૂકવવામાં આવે છે. તે મુજબ કુલ રૂ.૧૬.૦૦ લાખની રકમ ચુકવવામાં આવી જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર અરજીઓ | ચૂકવેલ રકમ રૂ.માં |
|---|---|---|---|
| ૧ | ખંભાળીયા | ૩ | રૂ.૩,૦૦,૦૦૦/– |
| ૨ | ભાણવડ | ૫ | રૂ.૫,૦૦,૦૦૦/– |

| | | | |
|---|---|---|---|
| ૩ | કલ્યાણપુર | ૭ | રૂ.૭,૦૦,૦૦૦/- |
| ૪ | દ્વારકા | ૧ | રૂ.૧,૦૦,૦૦૦/- |
| | કુલ | ૧૬ | રૂ.૧૬,૦૦,૦૦૦/- |

(૩) તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર થઈ અને તેના શા કારણો છે, અને

(૩) ૧ અરજી નામંજુર થઈ, નામંજુર થવાના કારણની વિગત નીચે મુજબ છે.

મૃતક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી.

(૪) પડતર બાકીની અરજીઓ ક્યાં સુધીમાં નિકાલ કરી સહાય ચુકવવામાં આવનાર છે ?

(૪) પડતર બાકી રહેલ અરજીઓમાં વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી વીમા નિયામકની કચેરી દ્વારા સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ ચુકવવા/ નિકાલની કાર્યવાહી કરવામાં આવશે.

## અમદાવાદ જિલ્લામાં ખેડુતોને સાધનોની ખરીદીમાં સહાય ચુકવવા બાબત

* ૨૬૮૬૪ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ખેડુતોને સાધનોની ખરીદીમાં રાજ્ય સરકાર દ્વારા સહાય ચુકવવામાં આવે છે તે હકિકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર મળેલ અરજીઓ અને ચુકવવામાં આવેલ સહાયની રકમની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | છેલ્લા એક વર્ષમાં મળેલ અરજીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧ | દસક્રોઈ | ૭૬૨ | ૨૪.૪૩ |
| ૨ | સાણંદ | ૧૪૪૩ | ૪૩.૯૮ |
| ૩ | વિરમગામ | ૧૭૧૨ | ૪૦.૭૯ |
| ૪ | માંડલ | ૬૭૨ | ૧૬.૧૦ |
| ૫ | દેત્રોજ | ૩૨૬ | ૧૨.૧૨ |
| ૬ | ધોળકા | ૧૪૯૦ | ૨૯.૧૩ |
| ૭ | બાવળા | ૯૮૦ | ૩૩.૬૬ |
| ૮ | ધંધુકા | ૧૧૭૩ | ૨૨.૪૪ |
| ૯ | ધોલેરા | ૧૫૦ | ૮.૦૧ |
| | કુલ | ૮૭૦૮ | ૨૩૦.૬૬ |

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ કેટલી રકમની સહાય ચુકવવાની બાકી છે ?

(૩) તા.૩૧-૧૨-૧૬ સુધીમાં સાધન ખરીદ કરીને રજુ થયેલ કેસોનું કોઈ ચુકવણું બાકી નથી.

## જામનગર જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો

* ૨૮૩૩૩ પ્રો.વસુબેન ત્રિવેદી (જામનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તેલીબીયા પાક ઉત્પાદક વધારવા સંબંધી યોજના અંતર્ગત જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી,

(૧) ૨૩ તાલીમ શિબિરો યોજવામાં આવી.

(૨) તેમાં કેટલા ખેડૂતોએ હાજરી આપી, અને

(૨) ૭૨૪ ખેડૂતોએ હાજરી આપી.

(૩) તે પેટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૩) કુલ રૂ.૪,૪૬,૨૬૦/-

## વડોદરા જિલ્લામાં કાર્યરત વીજ સબ-સ્ટેશનો

## અતારાંકિત પ્રશ્નો

* ૨૭૬૯૮ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા વીજ સબ–સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે? | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ ૪ (ચાર) સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

### રાજકોટ જિલ્લામાં કઠોળના બિયારણમાં સહાય

* ૨૮૩૩૮ શ્રી પ્રવિણભાઈ માંકડીયા (ધોરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન અંતર્ગત કઠોળનું કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૯૭૯.૭૦ કિવન્ટલ. |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૨) કુલ રૂ.૭૪,૪૯,૦૦૦/– |

### ખેડા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૭૭૭ શ્રી કેસરીસિંહ સોલંકી (માતર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ખેડા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ રૂ.૧૦૪૮૮.૯૧ લાખનાં ખર્ચે ૬૯૪૦ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

### દાહોદ જિલ્લામાં નર્મદાનું પાણી આપવા બાબત

* ૨૭૪૩૬ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા(ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાને નર્મદાનું પાણી આપવાની જાહેરાત ક્યારે કરવામાં આવી હતી, | (૧) તા.૧૭–૯–૨૦૧૬ ના રોજ. |
| (૨) તે અન્વયે ઉકત કાર્યવાહી ક્યા તબક્કે છે, અને<br>(૩) કેટલા સમયમાં આ પાણી મળશે ? | (૨) અને (૩) : નર્મદા રીવર બેઝીન (હાફેશ્વર) આધારિત દાહોદ જિલ્લાની ૧૨ જુથ પાણી પુરવઠા યોજનાના કુલ ૧૧ પેકેજ પૈકી ૩ પેકેજની કામગીરી પ્રગતિમાં છે. જે માહે નવેમ્બર–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. જ્યારે બાકી રહેલ ૮ પેકેજના કામો હાલ ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. ટેન્ડર મંજુર થયેથી ૨૪ માસમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

### વલસાડ જિલ્લામાં કાર્યરત વીજ સબ–સ્ટેશનો

* ૨૭૬૯૯ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા વીજ સબ–સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે? | તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ ૭ (સાત) સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

### રાજ્યમાં કૃષિ પાકના સંગ્રહ માટે વખારો બનાવવા રકમ ફાળવવી

* ૨૭૨૯૯ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ખેડૂતોની કૃષિ પાક સંગ્રહ માટે વખારો બનાવવા વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને | (૧) સને ૨૦૧૫-૧૬ માં રૂ.૧૩૯૧૩.૪૮/- લાખ.<br>સને ૨૦૧૬-૧૭ માં રૂ.૫૩૬૯.૧૪/- લાખ<br>કુલ રૂ.૧૯૨૮૨.૬૨/- લાખ |
| (૨) તે અન્વયે વર્ષવાર કેટલી વખારો બનાવવામાં આવી? | (૨) સને ૨૦૧૫-૧૬ માં વખારો - ૧૦૩૩<br>સને ૨૦૧૬-૧૭ માં વખારો - ૨૯૦<br>કુલ વખારો -૧૩૨૩ |

## બોટાદ જિલ્લામાં નવા ચેકડેમો

* ૨૭૫૫૪ ડૉ. ટી. ડી. માણીયા (બોટાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં કેટલા નવા ચેકડેમો બાંધવા માટેની મંજુરી આપવામાં આવી, અને | (૧) ૮ ચેકડેમો |
| (૨) ઉક્ત કામો ક્યારે પૂર્ણ કરવામાં આવશે ? | (૨) ૪ ચેકડેમોના કામો પૂર્ણ કરેલ છે. અને ૪ ચેકડેમોના કામો વર્ષ ૨૦૧૭-૧૮માં પૂર્ણ કરવાનું આયોજન છે. |

## જામનગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૭૨૧ શ્રી મેઘજીભાઈ ચાવડા (કાલાવડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : જામનગર જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૨૨૮.૨૧ લાખનાં ખર્ચે ૧૪૮ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

## બનાસકાંઠા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૬૭૨ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશ વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કુલ રૂ. ૩૩૩.૮૬ લાખનાં ખર્ચે ૩૮૫૧ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા. |

## દાહોદ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૭૧૭ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : દાહોદ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૭૯૦૮.૮૨ લાખનાં ખર્ચે ૫૧૧૨ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

## નવસારી અને ડાંગ જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ

* ૨૬૯૮૭ શ્રી છનાભાઈ ચૌધરી (વાસંદા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે.

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ નવસારી જિલ્લામાં ૩૪૮૬ અને ડાંગ જિલ્લામાં ૬૧૦ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પડતર છે.

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ જિલ્લાવાર બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૨) આ અરજીઓ પૈકી નવસારી જિલ્લામાં ૫૧૭ અને ડાંગ જિલ્લામાં ૧૨૯ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) ઉક્ત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

## રાજકોટ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૭૨૩ શ્રીમતી ભાનુબેન બાબરીયા (રાજકોટ-ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૮૮૫.૯૮ લાખનાં ખર્ચે ૫૮૮ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

## મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં ગામોના તળાવો ઉંડા કરવા કરેલ ખર્ચ

* ૨૭૯૫૭ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેમદાવાદ તથા ખેડા તાલુકામાં કયા ગામોના તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧)

| અનું. | તાલુકાનું નામ | ગામનું નામ | ઉંડા કરવામાં આવેલ તળાવનું નામ |
|---|---|---|---|
| ૧ | મહેમદાવાદ | - | - |
| ૨ | ખેડા | સાંખેજ | ગલકી |
| | | વડાલા | વડાલા |

(૨) કુલ રૂ. ૧૬.૪૦ લાખ.

## જામનગર જિલ્લામાં ખુલ્લા વાયર તથા ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોના લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૨૬૭૫૩ શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં સન-૨૦૧૬ ના વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોને લીધે તેમજ વીજતંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

જવાબ

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈંસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી

પણ અકસ્માતો થતા હોય છે.

જામનગર જિલ્લામાં, પશ્ચિમ ગુજરાત વીજ વીતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૬ માં નાગરિકોના ૭ (સાત) પ્રાણઘાતક તથા ૪ (ચાર) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૭ (સત્તર) પ્રાણઘાતક અકસ્માત થયા હતા. નાગરિકોના ૪ (ચાર) બીન પ્રાણઘાતક અકસ્માત પૈકીના કોઈપણ કિસ્સામાં વ્યકિતએ અંગો ગુમાવ્યા નથી.

જયારે જામનગર જિલ્લામાં, જેટકોના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૬ માં કોઈપણ અકસ્માતનો બનાવ નોંધાયેલ નથી.

(૨) આ બાબતે પી.જી.વી.સી.એલ. અને જેટકો કંપનીના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબુ બહારના આકસ્મિક સંજોગોમાં અથવા અકસ્માતનો ભોગ બનનારની પોતાની ભૂલના લીધે અકસ્માતો થયેલ હોઈ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોકત અકસ્માતો બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

- નાગરિકોના કિસ્સામાં કાલાવાડ (વેસ્ટ) પેટા વિભાગીય કચેરી હેઠળ તા. ૫-૧૨-૨૦૧૬ના રોજ વીજળીઘરના કર્મચારી દ્વારા કચેરીના ઈલેકટ્રીક આસીસ્ટન્ટ પાસે ૧૧ કે.વી. બામણગામ ફિડરની લાઈન કલીયર માંગેલ, કચેરીના ઈલેકટ્રીક આસીસ્ટન્ટ દ્વારા કોઈપણ પ્રકારની ખરાઈ કર્યા વગરની ફિડરની લાઈન કલીયર લઈ આપેલ જેના અનુસંધાને વીજળીઘરના કર્મચારીનું લાઈન પર કામ કરતા હતા ત્યારે વીજ-શોક લાગતાં મૃત્યુ થયેલ છે. તે બાબતે કાલાવાડ (વેસ્ટ) પેટાવિભાગીય કચેરીના ઈલેકટ્રીક આસીસ્ટન્ટને તા. ૧૩-૧૨-૨૦૧૬ના રોજ ફરજ મોકુફી કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રવર્તમાન નિયમ અનુસાર તેમને તા. ૨૬-૧૨-૨૦૧૬ના પત્રથી ચાર્જશીટ આપવામાં આવેલ છે અને તેમની સામે તપાસની કાર્યવાહી ચાલુ છે.
- નાગરિકોના કિસ્સામાં સિક્કા પેટાવિભાગીય કચેરી હેઠળ તા. ૧૩-૧૨-૨૦૧૬ના રોજ થયેલ એક બિન પ્રાણઘાતક અકસ્માત બાબતે કચેરીના નાયબ ઈજનેરને લાઈનના મેન્ટેનન્સ બાબતે ફરજમાં બેદરકારી સબબ તા. ૧૯-૧૨-૨૦૧૬ના પત્રથી કારણ દર્શક નોટીસ આપવામાં આવેલ છે.

(૩) ઉકત સમયગાળામાં બેદરકાર રહેલા કેટલા કમર્ચારીઓ/અધિકારીઓ સામે ગુનાહીત બેદરકારી બદલ કેટલી પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૩) જવાબદારી પુરવાર થયેલા કિસ્સાઓમાં ખાતાકીય કાર્યવાહી કરવામાં આવતી હોઈ, પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી.

(૪) આ અસરગ્રસ્તોને વળતર પેટે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી બાકી છે તથા તે તમામ રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૪) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યકિતઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સામાં

જી.યુ.વી.એન.એલ. ના માર્ગદર્શક સર્ક્યુલર મુજબ રકમ ચૂકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેકટ્રીક સાધનોના કારણો તેમના મકાનમાં થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું થતું નથી. તદ્નુસાર નીચે દર્શાવ્યા પ્રમાણેના કેસમાં ચુકવણી કરવામાં આવી.

(૧) તા.૩૧-૧૨-૨૦૧૫ની સ્થિતિએ, કુલ ૭ (સાત) નાગરિકોના મૃત્યુના કિસ્સાઓ પૈકી ૫ (પાંચ) કિસ્સામાં પ્રાથમિક સહાય સ્વરૂપે રૂ. ૫૦,૦૦૦/- પેટે કુલ ૨,૫૦,૦૦૦/- સહાય ચૂકવેલ છે. આ કિસ્સામાં બાકી રહેતા વળતર પેટે, ૧ કિસ્સામાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ મુજબ પી.જી.વી.સી.એલ. કંપની જવાબદાર ન હોઈ બાકીનું વળતર આપવાનું રહેતું નથી અને ૪ (ચાર) કિસ્સાઓમાં વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી, ચકાસણી કર્યા બાદ વળતર ચૂકવી આપવામાં આવશે.

૨ (બે) કિસ્સામાં અકસ્માતનો ભોગ બનનાર નાગરિકના કોઈ વારસદાર મળેલ ન હોઈ, વળતર ચૂકવી શકાયેલ નથી.

(૨) ૧૭ (સત્તર) પ્રાણીઓના કિસ્સાઓમાંથી ૧૧ (અગીયાર) કિસ્સાઓમાં ૧૦૦% વળતરની રકમ પેટે રૂ. ૧,૫૩,૦૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે.

જ્યારે, ૨ (બે) કિસ્સાઓમાં ૫૦% વળતરની રકમ પેટે રૂ. ૨૨,૫૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે. બાકીની ૫૦% રકમ મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ મળ્યા બાદ ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવશે અને ૪ (ચાર) કિસ્સાઓમાંથી ૨ (બે) કિસ્સામાં પ્રાણીના માલિક દ્વારા વળતર મેળવવાની ના પાડી હોઈ અને ૨ (બે) કિસ્સામાં પ્રાણી બિન વારસી હોઈ, વળતર ચૂકવી શકાયેલ નથી.

## મોરબી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૮૩ શ્રી કાંતીલાલ અમૃતિયા (મોરબી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં મોરબી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ રૂ. ૮૧૭૨.૬૧ લાખનાં ખર્ચે ૫૧૬૫ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

## ભાવનગર જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૭૭૦૦ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ભાવનગર જીલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયકવીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે ? | નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં ભાવનગર જીલ્લામાં ૨૪૭ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે. |

## વડોદરા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૭૨૭ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન જવાબ

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશ વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વડોદરા જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યું, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨) : વડોદરા જીલ્લામાં ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૨૮૩.૭૭ લાખનાં ખર્ચે કુલ ૪૨૯૫ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

### આણંદ જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ માટે સહાય

* ૨૮૨૬૫ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમ્યાન આણંદ જિલ્લાની કેટલી પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ માટે કેટલી રકમ સહાય તરીકે ચુકવવામાં આવી ?

જવાબ

નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫

| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃદ્ધિ સહાય રૂ. | થાપણ વૃદ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
|---|---|---|---|
| ૧૪ | ૬,૧૦,૬૧૦/- | -- | ૬,૧૦,૬૧૦/- |

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬

| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃદ્ધિ સહાય રૂ. | થાપણ વૃદ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
|---|---|---|---|
| ૧૯ | ૬,૫૧,૪૦૦/- | -- | ૬,૫૧,૪૦૦/- |

### નર્મદા જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૭૭૦૧ શ્રી મોતીલાલ વસાવા (દેડીયાપાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં નર્મદા જીલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે ?

જવાબ

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં નર્મદા જીલ્લામાં ૬૬ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પમ્પ ફાળવવામાં આવેલ છે

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ

* ૨૬૯૨૮ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ જિલ્લાવાર બે વર્ષ કરતા વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉકત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં ૫૮૪૦ અને સાબરકાંઠા જિલ્લામાં ૪૮૯૧ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પડતર છે.

(૨) આ અરજીઓ પૈકી અરવલ્લી જિલ્લામાં ૧૬૧૧ અને સાબરકાંઠા જિલ્લામાં ૫૨૭ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો

અતારાંકિત પ્રશ્નો

તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

રાજ્ય દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો

* ૨૬૭૮૯ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો કાર્યરત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી અને તે અન્વયે કઈ કંપનીને કેટલી રકમ ચુકવવામાં આવી ?

જવાબ

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અલગ અલગ ખાનગી કંપનીઓ પાસેથી વીજ ખરીદી કરારોની શરતો મુજબ કરેલ વીજ ખરીદી, તેના સરેરાશ ભાવ તથા તે અન્વયે ચૂકવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| કંપનીનું નામ | ૨૦૧૫ | | | ૨૦૧૬ (પ્રોવિઝનલ) | | |
|---|---|---|---|---|---|---|
| | મી.યુ. | રૂ. કરોડ | રૂ./ યુનીટ | મી.યુ. | રૂ. કરોડ | રૂ./ યુનીટ |
| એસ્સાર પાવર ગુજરાત લી. | ૪૮૮૯ | ૧૬૩૪ | ૩.૩૪ | ૪૪૭૭ | ૧૬૨૫ | ૩.૬૩ |
| સી.એલ.પી. ઈન્ડિયા પ્રા.લી. | ૬૨૧ | ૬૧૨ | ૩.૫૨✶ | ૫૪૭ | ૫૯૯ | ૩.૬૩✶ |
| અદાણી પાવર લીમીટેડ | ૧૩૪૩૧ | ૩૫૬૦ | ૨.૬૫ | ૧૩૩૬૦ | ૩૮૩૫ | ૨.૮૭ |
| એ.સી.બી. (ઈન્ડીયા)લી. | ૧૫૧૩ | ૩૦૦ | ૧.૯૮ | ૧૪૫૯ | ૨૯૨ | ૨.૦૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૧૧૫૪૩ | ૨૯૦૧ | ૨.૫૧ | ૧૧૯૬૨ | ૨૭૧૯ | ૨.૨૭ |

✶ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત કરારની શરતો મુજબ ફીક્સ્ડ કોસ્ટ પણ ચુકવવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫માં રૂ. ૩૯૩ કરોડ અને વર્ષ ૨૦૧૬માં રૂ. ૪૦૦ કરોડ છે.

ભિલોડા અને મેઘરજ તાલુકામાં તળાવો ઉંડા કરવા રકમની જોગવાઈ

* ૨૮૪૪૮ ડૉ. અનિલભાઈ જોષીયારા (ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં આવેલ આદિવાસી તાલુકાઓ ભિલોડા અને મેઘરજમાં તળાવો ઉંડા કરવા માટે નાણાંકીય વર્ષ ૨૦૧૫–૧૬ અને ૨૦૧૬–૧૭ માં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી હતી,

(૨) ઉક્ત સ્થિતિએ તે રકમમાંથી ઉક્ત તાલુકાવાર ઉક્ત વર્ષવાર કયા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

જવાબ

(૧)

| વર્ષ | તાલુકાવાર જોગવાઈ રૂ. લાખમાં | |
|---|---|---|
| | ભિલોડા | મેઘરજ |
| ૨૦૧૫–૧૬ | ૦ | ૯.૦૦ |

(૨)

| વર્ષ | ઉંડા કરેલા તળાવો | |
|---|---|---|
| | ભિલોડા | મેઘરજ |
| ૨૦૧૫–૧૬ | ૦ | રોયણીયા |
| ૨૦૧૬–૧૭ | મુનાઈ અને | ૦ |

(૩) તે પૈકી તેની પાછળ નાણાંકીય વર્ષવાર ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩)

| વર્ષ | તાલુકાવાર થયેલ ખર્ચ રૂ. લાખમાં | |
|---|---|---|
| | ભિલોડા | મેઘરજ |
| ૨૦૧૫-૧૬ | ૦ | ૯.૦૦ |

ભરૂચ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૭૨૮ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશ વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત ભરૂચ જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ‘‘ઝૂંપડા વીજળીકરણ યોજના’’ અંતર્ગત ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૬૭.૬૩ લાખનાં ખર્ચે કુલ ૧૫૬૪ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતીવાડી માટે નવા વિજ જોડાણ આપવા બાબત

* ૨૭૮૪૦ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેતીવાડી ઉપયોગ માટે ખેડૂતોને કેટલા નવા વિજ જોડાણ આપવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ખેડૂતોને આપવામાં આવેલ નવા કૃષિ વીજ જોડાણોની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| જિલ્લા | વર્ષ ૨૦૧૫ દરમિયાન આપવામાં આવેલ વીજ જોડાણો | વર્ષ ૨૦૧૬ દરમિયાન આપવામાં આવેલ વીજ જોડાણો | કુલ |
|---|---|---|---|
| ગાંધીનગર | ૧૨૪૪ | ૮૮૯ | ૨૧૩૩ |
| મહેસાણા | ૨૬૪૨ | ૧૭૧૮ | ૪૩૬૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમયગાળામાં ઉક્ત જિલ્લાઓમાં ખેતીવાડી હેતુ માટે નવી વિજ જોડાણ મેળવવા માટે સરકારને કેટલી અરજીઓ મળી, અને તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સમયગાળામાં ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની મળેલ અરજીઓ અને તે પૈકી નિકાલ થયેલ અરજીઓની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લા | ૦૧.૦૧.૧૫ થી ૩૧.૧૨.૧૬ સુધી મળેલ અરજીઓ | તે પૈકી નિકાલ કરવામાં આવેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | તે પૈકી આપેલ વીજ જોડાણો | તે પૈકી રદ થયેલ અરજીઓ | કુલ નિકાલ થયેલ અરજીઓ |
| ગાંધીનગર | ૧૦૫૦ | ૧૨૩ | ૩૮ | ૧૬૧ |

બનાસકાંઠા જિલ્લામાં નર્મદાના પાણીથી ભરાયેલ ચેકડેમો તથા તળાવો

* ૨૭૪૨૫ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નર્મદા આધારિત પાણીથી કયા ડેમો, ચેકડેમો તથા તળાવો ભરવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા ડેમ,

જવાબ

(૧) નર્મદા આધારિત પાણીથી ચાંગા દાંતીવાડા પાઈપ લાઈન યોજના દ્વારા દાંતીવાડા ડેમ, ચેકડેમ "શૂન્ય" અને ૧૫૧ તળાવો (*સામેલ પત્રક-'અ' અને 'બ' અનુસાર) ભરેલ છે.

(૨) ઉક્ત પાઈપ લાઈનથી ૧૭ તળાવ ભરવાનાં બાકી

ચેકડેમો તથા તળાવો ભરવાના બાકી છે, અને

(૩) ઉક્ત તમામ ડેમો, ચેકડેમો અને તળાવો ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

છે.

(૩) ઉક્ત પાઈપ લાઈનથી ઉપરોક્ત ૧૭ તળાવો ડીસેમ્બર, ૨૦૧૭ સુધીમાં ભરવાનું આયોજન છે.

(✶પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

ગાંધીનગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૮૧ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર–ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું,

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ રૂ. ૩૮૨૧.૫૨ લાખનાં ખર્ચે ૨૦૦૯ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૭૨૪ શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજકોટ–દક્ષિણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશ વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ‘‘ઝૂંપડા વીજળીકરણ યોજના’’ અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૩૫૫.૧૩ લાખનાં ખર્ચે કુલ ૭૫૩૭ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

પંચમહાલ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૭૧૫ શ્રીમતી નિમિષાબેન સુથાર (મોરવાહડફ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : પંચમહાલ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૨૭૪૮.૭૬ લાખનાં ખર્ચે ૧૯૩૯ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

વડોદરા જિલ્લામાં ડાંગરના બિયારણ સહાય

* ૨૮૩૩૧ શ્રીમતી મનિષાબેન વકીલ (વડોદરા શહેર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન હેઠળ ડાંગરનું કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) તે અન્વયે કુલ કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી ?

જવાબ

(૧) ૬૨૯.૩૨ ક્વિન્ટલ.

(૨) કુલ રૂ. ૬,૩૩,૫૮૧.

ભરૂચ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૭૮ શ્રી છત્રસિંહ મોરી (જંબુસર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : ભરૂચ જિલ્લામાં સામાન્ય યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૨૫૩૯.૦૧ લાખનાં ખર્ચે ૮૯૫ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

સુરત અને તાપી જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણો

* ૨૭૪૬૮ શ્રી આનંદભાઈ ચૌધરી(માંડવી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી કેટલી અરજીઓ જિલ્લાવાર બે વર્ષ કરતા વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત બાકી અરજદારોને કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની સુરત જિલ્લામાં ૩૬૨૬ અરજીઓ અને તાપી જિલ્લામાં ૪૨૬૭ અરજીઓ પડતર છે.

(૨) ઉક્ત પડતર અરજીઓ પૈકી બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર કોઈ અરજી નથી.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો શક્ય તેટલી ઝડપથી તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

### સુરત જિલ્લામાં ટ્રેક્ટર સહાયની અરજીઓ

* ૨૮૩૪૩ શ્રી હર્ષ સંઘવી (મજુરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુધી જિલ્લામાં ટ્રેક્ટર સહાયની કેટલી અરજીઓ મંજુર કરી, અને | (૧) કુલ ૮૫૭ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓની સહાય ચૂકવવામાં આવી ? | (૨) કુલ ૪૩૧ અરજીઓ. |

### સુરત જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૭૭૧૨ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં સુરત જીલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે ? | નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં સુરત જીલ્લામાં ૪૨ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પમ્પ ફાળવવામાં આવેલ છે. |

### સુરત જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૭૭૦૨ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં સુરત જીલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે ? | નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬માં સુરત જીલ્લામાં ૪૨ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પમ્પ ફાળવવામાં આવેલ છે. |

### પંચમહાલ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૮૦ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : પંચમહાલ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સામાન્ય યોજના હેઠળ રૂ. ૫૪૨૨.૩૫ લાખનાં ખર્ચે ૨૭૬૭ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

### નસવાડી તાલુકામાં મેણ નદી ઉપર ઉદવહન સિંચાઈ યોજનાઓ બનાવવા બાબત

* ૨૭૯૩૩ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં મેણ નદી ઉપર ઉદવહન સિંચાઈ યોજનાઓ અન્વયે તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેટલા ખેડૂતોની કેટલા હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે છે, અને | (૧) શુન્ય. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાઓ કાર્યરત છે કે બંધ | (૨) પિયત મંડળીઓ કાર્યરત ન હોઈ યોજનાઓ |

? કાર્યરત નથી.

દાહોદ જિલ્લામાં કાર્યરત વીજ સબ સ્ટેશનો

* ૨૭૬૯૨ શ્રી વિછીંયાભાઈ ભુરિયા (લીમખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જીલ્લામાં કેટલા વીજ સબ–સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે? | તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જીલ્લામાં કુલ ૪ (ચાર) વીજ સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

રાજકોટ જિલ્લામાં કૃષિ વિજ જોડાણ

* ૨૭૮૯૨ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કેટલા કૃષિ વિજ જોડાણ આપવાની અરજીઓ પડતર છે, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં કૃષિ વિજ જોડાણ આપવાની ૪૫૫૪૬ અરજીઓ પડતર છે. |
| (૨) ઉક્ત પડતર અરજીનો ક્યાં સુધીમાં નિકાલ કરવામાં આવશે? | (૨) કૃષિ વિજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે. |

ભાવનગર જિલ્લામાં ગામ તળાવો ઉંડા કરવા બાબત

* ૨૭૫૫૮ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવો ઉંડા કરવામાં આવ્યા, | (૧) ૧૪૯. |
| (૨) ઉક્ત ગામ તળાવો ઉંડા ઉતારવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને | (૨) વર્ષવાર ખર્ચ નીચે મુજબ થયેલ છે. |

| વર્ષ | ખર્ચ રૂ. લાખમાં |
|---|---|
| ૨૦૧૫ | ૧૯૪.૩૪ |
| ૨૦૧૬ | ૭૩૬.૩૩ |
| કુલ | ૯૩૦.૬૭ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) ઉક્ત ગામ તળાવો ઉંડા કરવાથી જળસંગ્રહ શક્તિમાં કેટલો વધારો થયો? | (૩) ૧૬૫.૦૮ MCFT |

રાજ્ય દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો

* ૨૭૩૨૦ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી? | (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અલગ અલગ ખાનગી કંપની પાસેથી વીજ ખરીદી કરારોની શરતો મુજબ કરેલ વીજ ખરીદી તથા તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે. |

| કંપનીનું નામ | ૨૦૧૫ | ૨૦૧૬ (પ્રોવિઝનલ) |
|---|---|---|

| | મી.યુ. | રૂ./યુનીટ | મી.યુ. | રૂ./યુનીટ |
|---|---|---|---|---|
| એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૪૮૮૯ | ૩.૩૪ | ૪૪૭૭ | ૩.૬૩ |
| સી.એલ.પી. ઈન્ડિયા પ્રા.લી* | ૬૨૧ | ૩.૫૨ | ૫૪૭ | ૩.૬૩ |
| અદાણી પાવર લીમીટેડ | ૧૩૪૩૧ | ૨.૬૫ | ૧૩૩૬૦ | ૨.૮૭ |
| એ.સી.બી.(ઈન્ડીયા) લી. | ૧૫૧૩ | ૧.૯૮ | ૧૪૫૯ | ૨.૦૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૧૧૫૪૩ | ૨.૫૧ | ૧૧૯૬૨ | ૨.૨૭ |

*ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત કરારની શરતો મુજબ ફીક્સ્ડ કોસ્ટ પણ ચુકવવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫માં રૂ. ૩૯૩ કરોડ અને વર્ષ ૨૦૧૬માં રૂ. ૪૦૦ કરોડ છે.

### નવસારી જીલ્લામાં કુવાઓનું વીજળીકરણ

* ૨૭૭૧૬ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જીલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) નવસારી જીલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના અતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૪૭૯૧.૩૮ લાખનાં ખર્ચે ૩૦૯૫ કુવાઓનું વીજળી કરણ કરવામાં આવ્યું.

### દાહોદ અને પંચમહાલ જીલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ

* ૨૭૩૫૭ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ જિલ્લાવાર બે વર્ષ કરતા વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની દાહોદ જિલ્લામાં ૨૭૧૮ અને પંચમહાલ જિલ્લામાં ૩૨૪૯ અરજીઓ પડતર છે.

(૨) તે પૈકી દાહોદ જિલ્લાની ૧૭ અને પંચમહાલ જિલ્લાની ૩૯૮ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ઘ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

### સુરત જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ

* ૨૭૭૨૦ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જીલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ. અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) સુરત જીલ્લામાં આદિજાતી વિસ્તાર પેટા યોજના અતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૧૦૨૦૦.૩૫ લાખનાં ખર્ચે ૫૦૫૨ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

### કચ્છ જિલ્લામાં ખુશી યોજના

* ૨૭૭૧૩ ડૉ. નીમાબેન આચાર્ય (ભુજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે સરકારશ્રી દ્વારા બનાવેલ ખુશી યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને<br>(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૧) અને (૨) ખેડુતોને પૂરતા દબાણથી વીજ પુરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકારની ખુશી યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કુલ રૂ. ૨૩૭૬.૦૦ લાખનાં ખર્ચે ૧૬૦૫ નાની ક્ષમતાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા. |

### સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૭૧૦ શ્રી કિરીટસિંહ રાણા (લીંબડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશ વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો? | (૧) અને (૨) સુરેન્દ્રનગર જિલ્લામાં ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે "ઝૂંપડા વિજળીકરણ યોજના" અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૧૩૧.૬૫ લાખનાં ખર્ચે કુલ ૨૮૯૧ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા |

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવા બાબત

* ૨૭૦૭૫ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં ખેતીલાયક કેટલી જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદ્વહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે, અને | (૧) મહીસાગર જિલ્લામાં કુલ ૫૩૮૧૬ હેકટરમાં અને પંચમહાલ જિલ્લામાં કુલ ૭૩૬૫૩ હેકટરમાં પાણી આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત જીલ્લાવાર કેટલા હેકટર જમીનમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી? | (૨) મહીસાગર જિલ્લામાં ૧૦૫૩૫૭ હેકટર અને પંચમહાલ જિલ્લામાં ૧૦૪૨૯૧ હેકટર. |

### ગીરસોમનાથ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૨૭૭૩૪ શ્રી ગોવિંદભાઈ પરમાર (તલાલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીરસોમનાથ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો? | (૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ગીરસોમનાથ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૩૯૬.૭૨ લાખનાં ખર્ચે ૮૩૪.૪૭ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૧૯૭૯ નંગ થાંભલા બદલવામાં આવ્યા છે. |

### રાજ્યમાં ખાંડ સહકારી મંડળીઓ માટે યોજનાઓ

* ૨૭૫૬૧ શ્રી કિશોરભાઈ કાનાણી (વરાછા રોડ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ખાંડ સહકારી મંડળીઓ માટે કઈ યોજનાઓ અમલમાં છે, અને | (૧) પત્રક-૧ મુજબ |
| (૨) ઉક્ત યોજનાઓ અંતર્ગત રાજ્યની ખાંડ સહકારી મંડળીઓને મુખ્યત્વે કયા લાભો આપવામાં આવે છે? | (૨) પત્રક-૨ મુજબ |

પત્રક-૧

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ખાંડ સહકારી મંડળીઓ માટે નીચેની યોજનાઓ અમલમાં છે.

| અ.નં. | યોજનાનું નામ |
|---|---|

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| ૧ | સહકારી ખાંડ કારખાનાને શેરમૂડી ફાળો આપવાની યોજના સામાન્ય વિસ્તાર તથા આદિજાતિ વિસ્તાર માટે |
| ૨ | ખાંડ સહકારી મંડળીઓને ખરીદવેરો/સોફ્ટલોન સામે વ્યાજ રાહત આપવાની યોજના સામાન્ય વિસ્તાર તથા આદિજાતિ વિસ્તાર માટે |
| ૩ | ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાંકીય સહાય માટેનું પેકેજ |
| ૪ | ખાંડ સહકારી મંડળીઓને લીકવીડીટી સપોર્ટ લોન આપવાની યોજના |

પત્રક-૨

ઉક્ત યોજનાઓ અંતર્ગત રાજ્યની ખાંડ સહકારી મંડળીઓને મુખ્યત્વે નીચેના લાભો આપવામાં આવે છે.

(૧) ખાંડના સહકારી કારખાનાને શેરમૂડીફાળો આપવાની યોજના સામાન્ય તથા આદિજાતિ વિસ્તાર માટે
આ યોજના અંતર્ગત નવી સ્થપાતી ખાંડ સહકારી મંડળીને પ્રોજેક્ટ કોસ્ટના ૩૦% રકમનો શેરમૂડી ફાળો આપવામાં આવે છે.

(૨) ખાંડના સહકારી મંડળીઓને ખરીદવેરો/સોફ્ટલોન સામે વ્યાજ રાહત આપવાની યોજના સામાન્ય તથા આદિજાતિ વિસ્તાર માટે
આ યોજના અંતર્ગત ખાંડ સહકારી મંડળીઓને ખરીદવેરો/સોફ્ટલોન સામે વ્યાજ રાહત તરીકે સહાય પૂરી પાડવામાં આવે છે.

(૩) ખાંડ સહકારી મંડળીઓને સક્ષમ બનાવવા રાજ્ય સરકાર નીતિ નક્કી કરે તે મુજબની નાણાંકીય સહાય માટેનું પેકેજ
આ યોજના અંતર્ગત ખાંડ સહકારી મંડળીઓને બાયો કંપોસ્ટ, ફોસ્ફો કંપોસ્ટ, વર્મી કંપોસ્ટના વેચાણ માટે, ટીસ્યુ કલ્ચર લેબોરેટરી ઊભી કરવા અને હયાત ટીસ્યુ લેબોરેટરીના વિસ્તરણ માટે તથા સુગર ફેક્ટરીના આધુનિકરણ, વૈવિધ્યકરણ અને અપગ્રેડેશન માટે સહાય આપવામાં આવે છે.

(૪) ખાંડ સહકારી મંડળીઓને લીકવીડીટી સપોર્ટ લોન આપવાની યોજના
આ યોજના અંતર્ગત નેગેટીવ નેટવર્થ ધરાવતી અને છેલ્લા બે વર્ષથી વેપારી નફો કરતી હોય તેવી ખાંડ સહકારી મંડળીઓને લીકવીડીટી સપોર્ટ મળી રહે તેવા ઉદ્દેશથી ૫% ના સાદા વ્યાજે લોન આપવામાં આવે છે.

### રાજ્ય દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસે વીજળી ખરીદીના કરારો

* ૨૬૯૦૨ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો કાર્યરત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી?

જવાબ

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અલગ અલગ ખાનગી કંપની પાસેથી વીજ ખરીદી કરારોની શરતો મુજબ કરેલ વીજ ખરીદી તથા તેના સરેરાશ ભાવની વિગતો નીચે મુજબ છે.

| કંપનીનું નામ | ૨૦૧૫ | | ૨૦૧૬ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી.યુ. | રૂ./યુનીટ | મી.યુ. | રૂ./યુનીટ |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | ૪૮૮૯ | ૩.૩૪ | ૪૪૭૭ | ૩.૬૩ |
| સી.એલ.પી. ઈન્ડિયા પ્રા.લી* | ૬૨૧ | ૩.૫૨ | ૫૪૭ | ૩.૬૩ |
| અદાણી પાવર લીમીટેડ | ૧૩૪૩૧ | ૨.૬૫ | ૧૩૩૬૦ | ૨.૮૭ |
| એ.સી.બી.(ઈન્ડીયા) લી. | ૧૫૧૩ | ૧.૯૮ | ૧૪૫૯ | ૨.૦૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૧૧૫૪૩ | ૨.૫૧ | ૧૧૯૬૨ | ૨.૨૭ |

*ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત કરારની શરતો મુજબ ફીક્સ્ડ

કરોડ અને વર્ષ ૨૦૧૬માં રૂ. ૪૦૦ કરોડ છે.

સુરેન્દ્રનગર જીલ્લામાં કુવાઓનું વીજળીકરણ

* ૨૭૬૮૨ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યુ. અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયા?

જવાબ

(૧) અને (૨) સુરેન્દ્રનગર જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૧૦૭૯૦.૭૯ લાખનાં ખર્ચે ૬૮૫૦ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વિષયક વીજજોડાણની અરજીઓ

* ૨૭૯૦૧ શ્રી જોઈતાભાઈ પટેલ (ધાનેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વીજ જોડાણની કેટલી અરજીઓ આવી,

(૨) તે અન્વયે કેટલા વીજ જોડાણ અપાયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેલ વીજજોડાણો ક્યાં સુધીમાં અપાશે?

જવાબ

(૧) અને (૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટેની મળેલ અરજીઓ અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષ દરમિયાન મળેલ અરજીઓ | તે પૈકી આપેલ વીજ જોડાણો |
|---|---|---|
| દાંતા | ૮૧૧ | ૨૧૫ |
| અમીરગઢ | ૫૩૬ | ૨૮ |
| ભાભર | ૩૧૨ | ૦૩ |
| દાંતીવાડા | ૧૨૯૪ | ૧૦૦ |
| ડીસા | ૧૩૧૯ | ૫૯ |
| દિયોદર | ૩૮૨ | ૩૩ |
| ધાનેરા | ૧૦૧૯ | ૦૭ |
| કાંકરેજ | ૭૪૩ | ૩૬ |
| લાખણી | ૭૩૯ | ૩૫ |
| પાલનપુર | ૧૭૨૫ | ૧૮૯ |
| સૂઈગામ | ૩૮ | ૦ |
| થરાદ | ૨૮૩૯ | ૦૫ |
| વડગામ | ૧૨૫૮ | ૧૩૫ |
| વાવ | ૭૭૧ | ૦ |
| કુલ | ૧૩૭૮૬ | ૮૪૫ |

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

રાજ્યએ કેન્દ્ર પાસેથી વીજળી ખરીદી બાબત

* ૨૭૦૭૯ શ્રી સી.કે.રાઉલજી (ગોધરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસેથી યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી ખરીદી,

**જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસેથી ખરીદેલ વીજળી અને તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| કંપનીનું નામ | ૨૦૧૫ | | ૨૦૧૬ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી.યુ. | રૂ./યુનીટ | મી.યુ. | રૂ./યુનીટ |
| ન્યુકલીયર પાવર કોર્પોરેશન-તારાપુર | ૨૫૩૬ | ૨.૫૦ | ૨૮૨૮ | ૨.૪૩ |
| ન્યુકલીયર પાવર કોર્પોરેશન-કાકરાપાર | ૬૫૧ | ૨.૪૧ | ૯૪ | ૨.૬૬ |
| એનટીપીસી-વિંધ્યાચલ | ૫૯૯૬ | ૨.૭૨ | ૬૯૫૦ | ૨.૯૩ |
| એનટીપીસી-કોરબા | ૩૩૫૨ | ૧.૭૧ | ૩૪૨૧ | ૨.૧૧ |
| એનટીપીસી-કવાસ | ૭૧૭ | ૪.૪૧ | ૫૪૭ | ૪.૦૬ |
| એનટીપીસી-ગાંધાર | ૫૫૩ | ૫.૮૨ | ૬૯૬ | ૪.૩૭ |
| એનટીપીસી-કહલગાવ | ૫૦૧ | ૪.૫૧ | ૭૩૫ | ૩.૭૧ |
| એનટીપીસી-સીપત | ૫૫૫૦ | ૨.૫૬ | ૬૩૪૧ | ૨.૬૩ |
| એનટીપીસી-મૌડા | ૬૦૭ | ૯.૯૫ | ૮૦૨ | ૬.૪૩ |
| સરદાર સરોવર | ૪૧૫ | ૨.૦૫ | ૪૭૭ | ૨.૦૫ |

(૨) તે અન્વયે રાજ્યની કઈ ખાનગી વિજ કંપનીઓ પાસેથી યુનિટ દીઠ શા ભાવે કેટલી વીજળી ખરીદી, અને

(૨) તે અન્વયે રાજ્ય સરકારે ખાનગી કંપનીઓ પાસેથી ખરીદેલ વીજળીના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| એકમ | ૨૦૧૫ | | ૨૦૧૬ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી.યુ. | રૂ./યુનીટ | મી.યુ. | રૂ./યુનીટ |
| એસ્સાર પાવર ગુજરાત લીમિટેડ | ૪૮૮૯ | ૩.૩૪ | ૪૪૭૭ | ૩.૬૩ |
| સી.એલ.પી. ઈન્ડિયા પ્રા.લી* | ૬૨૧ | ૩.૫૨ | ૫૪૭ | ૩.૬૩ |
| અદાણી પાવર લીમીટેડ | ૧૩૪૩૧ | ૨.૬૫ | ૧૩૩૬૦ | ૨.૮૭ |
| એ.સી.બી.(ઈન્ડીયા) લી. | ૧૫૧૩ | ૧.૯૮ | ૧૪૫૯ | ૨.૦૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લીમીટેડ | ૧૧૫૪૩ | ૨.૫૧ | ૧૧૯૬૨ | ૨.૨૭ |

*ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત કરારની શરતો મુજબ ફીક્સ્ડ કોસ્ટ પણ ચુકવવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫માં રૂ. ૩૯૩

(૩) તે અન્વયે કેન્દ્ર સરકાર પાસેથી સસ્તી વિજળીની ખરીદી વધુ નહી કરવાના

(૩) વીજ પુરવઠાની ઉપલબ્ધતા તથા વીજ માંગ સતત બદલાતી રહે છે. વીજ નિયમન આયોગના આદેશ મુજબ, રાજ્યની વીજ વિતરણ

મુખ્યત્વે કારણો શા છે?

કંપનીઓ એ મેરીટ ઓર્ડર (GERC Directive on Merit order Dispatch) મુજબ વીજ ખરીદી કરવાની રહે છે, જે પ્રથા મુજબ, વીજ માંગને પહોંચી વળવા પ્રથમ સસ્તા વીજ મથકો માંથી, તેના બળતણ ખર્ચના ભાવના ક્રમ (સસ્તાથી મોંઘા) મુજબ, વીજ જરૂરીયાત પુર્ણ થાય ત્યાં સુધી વીજ પુરવઠો મેળવવામાં આવે છે. આમ, મેરીટ ઓર્ડરની માર્ગદર્શિકા મુજબ વીજ મથકોની માલિકીને નહીં પરંતુ તેના બળતણ ખર્ચના ભાવોને (સસ્તા થી મોંઘા) ધ્યાનમાં રાખીને વીજમાંગને પહોંચી શકાય તેટલી વીજ ખરીદી કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે મેરીટ ઓર્ડર પ્રક્રિયા મુજબ કેન્દ્ર સરકારના વીજ મથકો માંથી રાજ્યને ઉપલબ્ધ કરવામાં આવેલ સસ્તી વીજળી પૈકી કોઈ વીજળી જતી કરવામાં આવેલ નથી.

---------

### રાજ્યમાં રાસાયણિક ખાતરોની યોજના

* ૨૮૩૪૪ શ્રીમતી સંગીતાબેન પાટીલ (લિંબાયત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં રાસાયણિક ખાતરોની અછત ન સર્જાય તેનાં ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા કોઈ યોજના અમલમાં છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો રાજ્ય સરકાર દ્વારા સદર યોજના હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ માટે કેટલી બજેટ જોગવાઈ કરેલ છે, અને | (૨) રૂ. ૨૮૫૦.૦૦ લાખ |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિ સુધીમાં કેટલો ખર્ચ થયેલ? | (૩) રૂ. ૯૪૨.૩૩ લાખ |

### મહેસાણા જિલ્લાની આધુનિક બજારો સ્થાપવાની યોજનામાં મંજૂર કરેલ રકમ

* ૨૮૨૬૦ શ્રી રજનીકાંત પટેલ (બેચરાજી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જીલ્લાની કડી બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૫૦/– લાખ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે? | (૨) રૂ. ૫૦/– લાખ |

### જામનગર મહાનગરપાલિકા હેઠળ ડી આઈ એસ યોજના

* ૨૭૬૭૬ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં ડીઆઇએસ યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર મહાનગરપાલિકા હેઠળના વિસ્તારોમાં જાહેર રસ્તાઓ પર અડચણરૂપ કેટલા વીજ થાંભલા અને વીજ વાયરો ખસેડવાની કામગીરી કરવામાં આવી, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨)રાજ્યમાં ડિસ્ટ્રીબ્યુશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર શીફ્ટીંગ (ડી.આઈ.એસ.) યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં જામનગર મહાનગરપાલિકા હેઠળના વિસ્તારોમાં રૂ. ૨.૩૪ કરોડનાં ખર્ચે જાહેર રસ્તાઓ પર અડચણરૂપ કુલ ૧૯.૬૩ કી.મી. વીજ લાઈનો અને ૪૫૦ નંગ વીજ થાંભલા ખસેડવાની કામગીરી કરવામાં આવેલ છે. |

### સુરત જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાયની અરજીઓ

* ૨૮૩૪૧ શ્રી રણજીતભાઈ ગીલીટવાલા (સુરત પૂર્વ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૬–૧૭માં સુરત જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાયની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) કુલ ૩૧૫ અરજીઓ |

(૨) તે પૈકી કેટલી અરજીઓની સહાય ચૂકવવામાં આવી?

(૨) કુલ ૯૬ અરજીઓ

રાજ્ય દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો

* ૨૬૮૧૭ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો કાર્યરત છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે વીજળી ખરીદી ?

જવાબ

(૧) હા, જી.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે અલગ અલગ ખાનગી કંપની પાસેથી કરેલ વીજ ખરીદીના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| કંપનીનું નામ | ૨૦૧૫ | ૨૦૧૬ (પ્રોવિઝનલ) |
|---|---|---|
| | રૂ/યુનીટ | રૂ/યુનીટ |
| એસ્સાર પાવર ગુજરાત લી. | ૩.૩૪ | ૩.૬૩ |
| સી.એલ.પી. ઈન્ડિયા પ્રા.લી.✶ | ૩.૫૨ | ૩.૬૩ |
| અદાણી પાવર લીમીટેડ | ૨.૬૫ | ૨.૮૭ |
| એ.સી.બી. (ઇન્ડીયા)લી. | ૧.૯૮ | ૨.૦૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૨.૫૧ | ૨.૨૭ |

✶ઉપરોક્ત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત કરારની શરતો મુજબ ફીક્સ્ડ કોસ્ટ પણ ચુકવવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫માં

લખપત અને અબડાસા તાલુકામાં ખેડૂતોને વીજ જોડાણ આપવા બાબત

* ૨૭૭૮૭ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

કચ્છ જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં કોલ લેટરના પૈસા ભરાયા છતાં તા. ૩૦-૦૧-૨૦૧૭ની સ્થિતિએ કેટલા ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવેલ નથી, અને

(૨) આ વીજજોડાણ ક્યારે અપાશે ?

જવાબ

(૧) અને (૨) : તા. ૩૦-૦૧-૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જીલ્લાનાં લખપત તાલુકામાં કોલ લેટરના પૈસા ભરાયા છતાં વીજ જોડાણ અપાયેલ ન હોય એવી કોઈ અરજી પડતર નથી, જ્યારે અબડાસા તાલુકામાં ૮૫ અરજીઓ પડતર છે જેઓને નાણાં ભરપાઈ થયેલ તારીખથી ગણતાં ૧૨૦ દિવસમાં વીજ જોડાણ આપવામાં આવશે.

ભરૂચ જિલ્લામાં ખારેકના વાવેતરમાં સહાય

* ૨૮૩૪૨ શ્રી અરૂણસિંહ રણા (વાગરા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ટીસ્યુકલ્ચર ખારેકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં ભરૂચ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ` ૩૭,૯૨૦/- (સાડત્રીસ હજાર નવસો વીસ પુરા)

ખાનગી વિજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી બાબત

* ૨૮૦૯૮ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારે ખાનગી વીજ કંપનીઓ

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી કરારો અંતર્ગત

પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી ? અને

ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૫ | | ૨૦૧૬ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી.યુ. | સરેરાશ ભાવ (રૂ/યુનીટ) | મી.યુ. | સરેરાશ ભાવ (રૂ/યુનીટ) |
| ખાનગી | ૩૨૦૦૯ | ૨.૮૧ | ૩૨૦૯૯ | ૨.૮૫ |

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન વર્ષવાર કેન્દ્ર સરકારની કંપનીઓ પાસેથી કેટલી વીજળી શા ભાવે ખરીદવામાં આવી ?

(૨) ઉક્ત સમયગાળા દરમ્યાન વર્ષવાર કેન્દ્ર સરકારની કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે.

| વિગત | ૨૦૧૫ | | ૨૦૧૬ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી.યુ. | સરેરાશ ભાવ (રૂ/યુનીટ) | મી.યુ. | સરેરાશ ભાવ (રૂ/યુનીટ) |
| કેન્દ્ર | ૨૦૮૭૮ | ૨.૮૬ | ૨૨૮૯૧ | ૨.૮૬ |

### કચ્છ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૭૪ શ્રી રમેશભાઈ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કચ્છ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ રૂ. ૪૦૨.૬૧ લાખનાં ખર્ચે ૧૭૦ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

### પાટણ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૮૮ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં પાટણ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ
રૂ. ૪૦૩૮.૫૯ લાખનાં ખર્ચે ૧૭૨૮ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

### વડોદરા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૭૯ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં વડોદરા જીલ્લામાં સામાન્ય યોજના હેઠળ
રૂ. ૫૬૭૮.૭૦ લાખનાં ખર્ચે ૨૭૯૯ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

### સૌની યોજના હેઠળ જળાશયોમાં પાણી ભરવા બાબત

* ૨૭૭૪૩ શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌની યોજના હેઠળ સૌરાષ્ટ્રના કેટલા જળાશયોમાં કેટલું પાણી ભરવામાં આવ્યું, અને

જવાબ

(૧)

- ૧૩ જળાશયો
- ૫૭૦૨ એમ.સી.એફ.ટી.

(૨) ઉક્ત યોજના અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૨)

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૫ | ૨૯૮૫.૨૫ |
| ૨ | ૨૦૧૬ | ૧૦૩૧.૪૦ |

## મહેસાણા જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવાની અરજીઓ

* ૨૮૦૫૧ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડુતોની અરજી મળી,

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવા માટે છેલ્લા બે વર્ષમાં કુલ ૨૧૧૧ અરજીઓ મળી. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ) | |
| ૧ | ઉંઝા | ૪૪ | ૬૭ | ૧૧૧ |
| ૨ | કડી | ૧૦૨ | ૧૯૦ | ૨૯૨ |
| ૩ | ખેરાલુ | ૧૦૦ | ૧૯૪ | ૨૯૪ |
| ૪ | જોટાણા | ૧૯ | ૩૩ | ૫૨ |
| ૫ | બેચરાજી | ૩૧ | ૯૧ | ૧૨૨ |
| ૬ | મહેસાણા | ૫૯ | ૮૪ | ૧૪૩ |
| ૭ | વડનગર | ૬૦ | ૧૧૨ | ૧૭૨ |
| ૮ | વિજાપુર | ૧૫૨ | ૩૧૨ | ૪૬૪ |
| ૯ | વિસનગર | ૧૦૫ | ૧૬૭ | ૨૭૨ |
| ૧૦ | સતલાસણા | ૮૯ | ૧૦૦ | ૧૮૯ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને

(૨) તે પૈકી તાલુકાવાર કુલ ૧૫૦૮ અરજીઓ મંજૂર કરી અને કુલ ૩૭૬ અરજીઓનું કુલ રૂ. ૧૭૫.૫૦ લાખની રકમની સહાય ચુકવવામાં આવી. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | ચુકવવા પાત્ર સહાય માંગણી માટે મળેલ અરજીઓની સંખ્યા | સહાય ચુકવણું કરેલ અરજીઓની સંખ્યા | ચુકવવામાં આવેલ સહાયની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | ઉંઝા | ૭૯ | ૨૦ | ૨૦ | ૯.૩૦ |
| ૨ | કડી | ૨૦૬ | ૫૫ | ૫૫ | ૨૬.૭૦ |
| ૩ | ખેરાલુ | ૧૮૬ | ૩૦ | ૩૦ | ૧૩.૬૫ |
| ૪ | જોટાણા | ૫૧ | ૧૦ | ૧૦ | ૪.૫૦ |
| ૫ | બેચરાજી | ૧૦૫ | ૧૮ | ૧૮ | ૮.૭૦ |
| ૬ | મહેસાણા | ૧૨૩ | ૨૬ | ૨૬ | ૧૨.૩૦ |
| ૭ | વડનગર | ૧૩૨ | ૩૬ | ૩૬ | ૧૬.૬૫ |
| ૮ | વિજાપુર | ૨૮૧ | ૯૧ | ૯૧ | ૪૧.૮૫ |
| ૯ | વિસનગર | ૧૮૮ | ૬૦ | ૬૦ | ૨૭.૭૫ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦ | સતલાસણા | ૧૫૭ | ૩૦ | ૩૦ | ૧૪.૧૦ |
| | કુલ | ૧૫૦૮ | ૩૭૬ | ૩૭૬ | ૧૭૫.૫૦ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી સહાયની રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે ?

(૩) ઉક્ત સ્થિતિએ સહાય ચુકવવાપાત્ર તમામ ૩૭૬ અરજીઓમાં સહાય ચુકવણી કરવામાં આવેલ છે. તેથી બાકી સહાય ચુકવણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

રાજ્યના ખેડુતોને યોજનાકીય લાભ

* ૨૮૧૩૬ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૧૭ની સ્થિતિએ રાજ્યના ખેડુતોને યોજનાકીય લાભ આઈ. ખેડુત પોર્ટલ ઉપર અરજી કરીને આપવામાં આવે છે જેના ઈનપુટ વિતરણ માટે ફક્ત એગ્રી. બિજનેશ સેન્ટર અને એગ્રોસર્વિસ સેન્ટરને માન્ય કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો તે અન્વયે તાલુકા સહકારી સંઘ કે જિલ્લા સહકારી સંઘને માન્યતા ન આપવાના શા કારણો છે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પંચમહાલ જિલ્લામાં કૃષિ વિષયક વીજ બીલમાં રાહત આપવા બાબત

* ૨૮૨૧૪ શ્રી જેઠાભાઈ ભરવાડ (શેહરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા તાલુકાવાર ખેડુતોને વીજ બીલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

જવાબ

(૧) હા, જી. રાજ્ય સરકાર દ્વારા પંચમહાલ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડુતોને વીજ બીલમાં નીચે મુજબની રાહતો માટે સબસીડી આપવામાં આવે છે.

(૧) ખેતીવાડી વીજ ગ્રાહકોને અન્ય કક્ષાના ગ્રાહકોના વીજદર કરતાં રાહત દરે વીજળી આપવા અંગેના સરકારના નીતિવિષયક નિર્ણય અંતર્ગત રાજ્યના ખેડૂતોના વીજ બીલમાં રાહત આપવાની નીતિ ચાલુ રાખવામાં આવી છે અને વીજ બીલમાં સદર રાહત આપવાના કારણે વીજ કંપનીઓને થતું મહેસુલી આવકનું નુકશાન રાજ્ય સરકાર ભોગવે છે અને તે સહાયકી સ્વરૂપે પ્રતિવર્ષ રૂ. ૧૧૦૦/– કરોડની કુલ રકમ રાજ્યની વીજ કંપનીઓને ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમિટેડ મારફત ચૂકવે છે.

(૨) નામ. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા કૃષિ વિષયક વપરાશ અંગેના વીજ દરો નક્કી કરવામાં આવે છે પરંતુ, ખેડૂતોએ નામ. આયોગે નક્કી કરેલ દરો મુજબ નહીં પરંતુ, સરકારશ્રીએ નક્કી કરેલા રાહતના દરો મુજબ જ વીજ બિલની ચુકવણી કરવાની રહે છે.વીજ દર અંગેની તફાવતની રકમ ખેડૂતો વતી રાજ્ય સરકાર વીજ કંપનીઓને ચુકવે છે.

(૩) આ ઉપરાંત, વીજ ઉત્પાદન ખર્ચમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતાં વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડુતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને ચુકવે છે.

(૨) જો હા તો નાણાકીય વર્ષ ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પંચમહાલ જિલ્લાના તાલુકાવાર

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા પંચમહાલ જિલ્લાના તાલુકાવાર ખેડૂતોને વીજ બિલમાં

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

ખેડુતોને વીજ બીલમાં રાહત માટે કેટલી સબસીડી આપવામાં આવી ?

આપવામાં આવેલ સબસીડીનું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

| અ.નં. | વિગત | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ (ડિસેમ્બર-૧૬ સુધી) |
|---|---|---|---|
| ૧ | ગોધરા | ૦.૯૮ | ૦.૬૯ |
| ૨ | શેહરા | ૧.૪૩ | ૦.૯૯ |
| ૩ | મોરવા | ૦.૩૪ | ૦.૨૩ |
| ૪ | હાલોલ | ૨.૦૬ | ૧.૪૧ |
| ૫ | કાલોલ | ૩.૧૦ | ૨.૨૨ |
| ૬ | જાંબુઘોડા | ૧.૯૮ | ૧.૩૭ |
| ૭ | ઘોઘંબા | ૨.૦૭ | ૧.૪૪ |
| કુલ | | ૧૧.૯૬ | ૮.૩૫ |

### સુરત જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૭૨૯ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશ વીજ જોડાણો આપવા માટે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત સુરત જીલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યું, અને

(૨) તે માટે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : ગરીબી રેખા નીચેના લાભાર્થીઓને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત સુરત જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૩૮.૦૨ લાખનાં ખર્ચે કુલ ૯૦૫ લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવ્યા.

### અમદાવાદ જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂનાઓ

* ૨૮૩૪૦ શ્રી જગદીશભાઈ પંચાલ (નિકોલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૩) ઉક્ત બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ ૨૪૦૧ નમૂનાઓ લેવામાં આવ્યા.

(૨) તે પૈકી ૨૩૯૩ નમુના પ્રમાણિત અને ૦૮ બિનપ્રમાણિત થયા અને

(૩) ઉક્ત બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૧ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૪ | વહીવટી પગલાં |
| ૩ | ૦૧ | રિ-એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૪ | ૦૨ | કાર્યવાહીમાં |

### અમદાવાદ જિલ્લામાં કાર્યરત વીજ સબ-સ્ટેશનો

* ૨૭૬૮૯ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જીલ્લામાં કેટલા વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે ?

જવાબ

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર એટલે કે, વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૭ અને વર્ષ ૨૦૧૬ દરમ્યાન ૩, એમ કુલ ૧૦ નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા છે.

## અતારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લામાં ખેડુત અકસ્માત વીમાની સહાય

* ૨૮૦૧૬ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં સન–૨૦૧૬ના વર્ષમાં ખેડુત અકસ્માત વીમાની સહાય મેળવવાની તાલુકાવાર કેટલી અરજીઓ સરકારને મળી,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | દિયોદર | ૪ |
| ૨ | સૂઈગામ | ૧ |
| ૩ | અમીરગઢ | ૬ |
| ૪ | પાલનપુર | ૮ |
| ૫ | દાંતા | ૭ |
| ૬ | ધાનેરા | ૫ |
| ૭ | ભાભર | ૫ |
| ૮ | ડીસા | ૨૭ |
| ૯ | થરાદ | ૧૧ |
| ૧૦ | કાંકરેજ | ૮ |
| ૧૧ | લાખણી | ૧૦ |
| ૧૨ | વડગામ | ૪ |
| ૧૩ | દાંતીવાડા | ૨ |
| ૧૪ | વાવ | ૧ |
| | કુલ | ૯૯ |

(૨) તે પૈકી મૃતક ખેડુતદીઠ કેટલી રકમ ચુકવવામાં આવી,

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર અરજીઓ | ચુકવેલ રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|
| ૧ | દિયોદર | ૩ | ૩.૦૦ |
| ૨ | સૂઈગામ | ૧ | ૧.૦૦ |
| ૩ | અમીરગઢ | ૪ | ૪.૦૦ |
| ૪ | પાલનપુર | ૨ | ૨.૦૦ |
| ૫ | દાંતા | ૪ | ૪.૦૦ |
| ૬ | ધાનેરા | ૨ | ૨.૦૦ |
| ૭ | ભાભર | ૨ | ૨.૦૦ |
| ૮ | ડીસા | ૭ | ૭.૦૦ |
| ૯ | થરાદ | ૪ | ૪.૦૦ |
| ૧૦ | કાંકરેજ | ૨ | ૨.૦૦ |
| ૧૧ | લાખણી | ૩ | ૩.૦૦ |
| ૧૨ | વડગામ | ૩ | ૩.૦૦ |
| ૧૩ | દાંતીવાડા | ૧ | ૧.૦૦ |
| | | ૩૮ | ૩૮.૦૦ |

(૩) કેટલી અરજીઓ ના મંજુર થઈ અને તેના શા કારણો છે, અને

(૩) ૧ અરજી ના મંજુર થઈ

નામંજુર થવાના કારણની વિગત નીચે મુજબ છે.

ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વીમા યોજના હેઠળની પોલીસ કર્મચારીઓની અકસ્માત વીમા યોજનામાં દાવો મંજુર થયેલ હોવાથી.

(૪) પડતર બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજુર કરી સહાય ચૂકવવામાં આવનાર છે ?

(૪) પડતર બાકી રહેલ અરજીઓમાં વીમા નિયામકની કચેરી, ગાંધીનગર દ્વારા માંગવામાં આવેલ સાધનિક કાગળો લાભાર્થી પાસેથી મળ્યેથી વીમા નિયામકની કચેરી દ્વારા સરકારશ્રીના ઠરાવની જોગવાઈઓ ધ્યાને લઈ ચુકવવા/

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નો

નિકાલની કાર્યવાહી કરવામાં આવશે.

અમદાવાદ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૨૭૭૩૧ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળી રહે તે માટેની "સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના" અંતર્ગત અમદાવાદ જીલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૬૭.૬૧ લાખનાં ખર્ચે ૩૬.૦૮ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૨૦૦૭ નંગ થાંભલા બદલવામાં આવ્યા છે.

તાપી અને વલસાડ જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ

* ૨૬૯૬૯ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ જિલ્લાવાર બે વર્ષ કરતા વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી જીલ્લામાં ૪૨૬૭ અને વલસાડ જીલ્લામાં ૨૦૭૬ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પડતર છે.

(૨) આ અરજીઓ પૈકી તાપી જીલ્લામાં બે વર્ષ કરતાં વધુ સમયથી કોઈ અરજી પડતર નથી જ્યારે વલસાડ જીલ્લામાં ૧૬૨ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

ડીસા તાલુકામાં ખેડૂતોને બાગાયતી કીટ્સનું વિતરણ

* ૨૭૦૨૭ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડીસા તાલુકામાં કૃષિ મહોત્સવ દરમ્યાન ખેડૂતોને બાગાયતી કીટ્સનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત એક કીટ્સની કિંમત કેટલી છે તે અન્વયે કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) કીટ્સ આપવાની યોજના બંધ કરવામાં આવેલ હોઈ વિતરણ કરવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

વલસાડ જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ

* ૨૭૭૩૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જીલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : વલસાડ જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૪૮૬૩.૨૫ લાખનાં ખર્ચે ૨૪૪૯ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

તાપી જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ

* ૨૭૭૧૯ શ્રી મોહનભાઈ ઢોડીયા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨) : તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ. ૧૧૦૮૨.૦૧ લાખનાં ખર્ચે ૬૩૧૮ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

કપડવંજ તાલુકામાં સિંચાઈનું પાણી આપવા બાબત

* ૨૭૦૦૮ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ કપડવંજ તાલુકાના નર્મદા પુનઃવસન કરેલ ખેડૂતોને ખેતી વિષયક સિંચાઈનું પાણી અપાતું નથી તે હકીકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ પાણી કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

અમદાવાદ જિલ્લામાં ખેત તલાવડી બનાવવા બાબત

* ૨૮૩૧૫ શ્રી સુરેશભાઈ પટેલ (મણિનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ખેત તલાવડી બનાવવામાં આવી, અને | (૧) ૩૫૩ ખેત તલાવડી |
| (૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ. ૨૯૯.૬૦ લાખ |

બોરસદ, આંકલાવ અને પાદરા તાલુકાના મહીકાંઠાના ગામોની જમીન બિન ફળદ્રુપ થતી અટકાવવા બાબત

* ૨૮૦૭૮ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જીલ્લાના બોરસદ તથા આંક્લાવ તાલુકાના અને વડોદરા જીલ્લાના પાદરા તાલુકાના મહીકાંઠા ગામોની જમીનમાં ક્ષારનું પ્રમાણ વધતું જાય છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ ક્ષારનું પ્રમાણ ઘટાડવા અને જમીન બિન ફળદ્રુપ થતી અટકાવવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ? | (૨) બોરસદ અને આંકલાવ તાલુકાની જમીનોની ફળદ્રુપતા ટકાવી રાખવા મહી જમણા કાંઠા નહેરના માળખાના સુદ્રઢીકરણ માટે રૂ. ૧૧૩ કરોડના કામ શરૂ થવાની તૈયારી છે અને પાદરા તાલુકામાં નર્મદા યોજનાની નહેરો કાર્યાન્વિત છે. |

અમદાવાદ જિલ્લામાં ખેત તલાવડી બનાવવાની અરજીઓ

* ૨૮૩૧૬ શ્રી હસમુખભાઈ પટેલ (અમરાઈવાડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આઈ ખેડૂત પોર્ટલમાં ખેત તલાવડી બનાવવા કેટલી અરજીઓ મળી, | (૧) ૧૯૭૬ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓની કામગીરી કરવામાં આવી, અને | (૨) ૩૫૩ |
| (૩) ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો. | (૩) રૂ. ૨૯૯.૬૦ લાખ |

મહેસાણા જિલ્લામાં કાર્યરત વીજ સબ સ્ટેશનો

* ૨૭૬૯૩ શ્રી નારાયણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જીલ્લામાં કેટલા વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે. | તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જીલ્લામાં કુલ ૨ (બે) સબસ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

દહેગામ તાલુકાની હાથમતી કેનાલની મરામત કરવાની મંજૂરી

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

* ૨૭૮૧૫ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાની હાથમતી કેનાલની મરામત કરવા કે આગળ નવી કેનાલો લંબાવવા સરકારે છેલ્લે ક્યારે મંજૂરી આપી, અને | (૧) જુલાઈ–૨૦૧૬માં મરામત માટે |
| (૨) તે અન્વયે આ કામો કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે ? | (૨) ડીસેમ્બર – ૨૦૧૭ સુધીમાં |

### વલસાડ જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાયની અરજીઓ

* ૨૭૩૯૧ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાયની કેટલી અરજીઓ મંજુર થઈ, અને

**જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ટ્રેક્ટર સહાયની ૧૧૧ અરજીઓ મંજુર થયેલ છે. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ) | |
| ૧ | ધરમપુર | ૨ | ૯ | ૧૧ |
| ૨ | કપરાડા | ૮ | ૮ | ૧૬ |
| ૩ | વલસાડ | ૧૮ | ૮ | ૨૬ |
| ૪ | પારડી | ૧૧ | ૮ | ૧૯ |
| ૫ | વાપી | ૯ | ૮ | ૧૭ |
| ૬ | ઉમરગામ | ૧૪ | ૮ | ૨૨ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ? | (૨) ઉક્ત સ્થિતિએ થયેલ નાણાકીય જોગવાઈની મર્યાદામાં અરજીઓની મંજુરી આપેલ હોઈ, કોઈ પણ અરજી બાકી રહેતી નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### અમદાવાદ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૬૮૫ શ્રી રાકેશભાઈ શાહ (એલિસબ્રીજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) : અમદાવાદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં સામાન્ય યોજના હેઠળ રૂ. ૩૯૫૭.૦૪ લાખના ખર્ચે ૨૧૩૭ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

### જામનગર શહેર અને જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૪૨૨ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર શહેર અને જિલ્લામાં ઝૂંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલાને વીજજોડાણ આપવામાં આવેલ છે,

**જવાબ**

(૧) અને (૨) : તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં જામનગર શહેર અને જિલ્લામાં "ઝૂંપડા વીજળીકરણ યોજના" અંતર્ગત વર્ષવાર નોંધાયેલ અરજીઓ અને આપવામાં આવેલ વીજ જોડાણની માહિતી નીચે મુજબ છે.

| | વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ | નોંધાયેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ |
|---|---|---|---|---|

| | | | | જોડાણ |
|---|---|---|---|---|
| જામનગર શહેર | ૩૮૬ | ૨૪૨ | ૬૨૮ | ૬૨૮ |
| જામનગર જિલ્લો | ૮૬૫ | ૬૭૬ | ૧૫૪૧ | ૧૫૪૧ |

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા વીજજોડાણ આપવાના બાકી છે, અને

(૪) બાકી અરજદારોને કેટલા સમયમાં વીજજોડાણ આપવામાં આવશે ?

(૩) અને (૪) : તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જામનગર શહેર અને જિલ્લામાં "ઝૂંપડા વીજળીકરણ યોજના" માટે નોંધાયેલ તમામ અરજીઓમાં વીજ જોડાણ આપવામાં આવેલ હોઈ કોઈ અરજી પડતર નથી.

ખેડા જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ

*૨૭૧૬૧ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ ઉક્ત જિલ્લાવાર બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ૨૮૭૫ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પડતર છે.

(૨) આ અરજીઓ પૈકી ૫૫૫ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી

* ૨૮૩૨૯ શ્રીમતી ઝંખનાબેન પટેલ (ચોર્યાસી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૧૨૮ લાભાર્થી રૂ.૧૯,૪૩,૮૪૦/- (ઓગણીસ લાખ તેત્તાલીસ હજાર આઠસો ચાલીસ પુરા)

કચ્છ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૨૭૭૩૩ શ્રી પંકજભાઈ મહેતા (રાપર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૫૦૮.૭૬ લાખનાં ખર્ચે ૧૦૭૦.૬૧ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૫૯૮૭ નંગ થાંભલા બદલવામાં આવ્યા છે.

તાપી જિલ્લાની આધુનિક બજારો સ્થાપવાની યોજનામાં મંજૂર કરેલ રકમ

* ૨૮૨૬૧ શ્રી કાન્તીલાલભાઈ ગામીત (નિર્ઝર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાની સોનગઢ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૫૦/- લાખ. |
| (૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે ? | (૨) રૂ.૫૦/- લાખ. |

નવસારી જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી

* ૨૮૩૨૩ શ્રી મંગુભાઈ પટેલ (ગણદેવી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭માં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૪૯૬ લાભાર્થી રૂ.૪૦,૯૪,૪૫૦/- (ચાલીસ લાખ ચોરાણું હજાર ચારસો પચાસ રૂપિયા) |

જુનાગઢ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૭૨૨ શ્રી અરવિંદભાઈ લાડાણી (કેશોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં જુનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિ પેટા યોજના હેઠળ રૂ.૪૭૭.૬૩ લાખનાં ખર્ચે ૩૫૨ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

ભાવનગર જિલ્લામાં સોલાર હોમ લાઈટ ફાળવવા બાબત

* ૨૭૭૦૭ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલી સોલારહોમ લાઈટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં ભાવનગર જિલ્લામાં ૪૭૩ સોલાર હોમ લાઈટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) ઉકત ફાળવવામાં આવેલ સોલાર હોમ લાઈટમાંથી કેટલી હોમ લાઈટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે, અને | (૨) ઉકત ફાળવવામાં આવેલ તમામ ૪૭૩ હોમ લાઈટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે. |
| (૩) તેના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) જે માટેનો કુલ ખર્ચ રૂ.૨૧૨.૨૮ લાખ કરવામાં આવ્યો છે. |

અમરેલી અને ભાવનગર જિલ્લામાં કૃષિ વિષયક વિજ જોડાણની પડતર અરજીઓ

* ૨૮૧૫૧ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૧-૨૦૧૭ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કૃષિ વિષયક વિજ જોડાણ મેળવવા ઈચ્છતા કેટલા ખેડૂતોની અરજીઓ કેટલા સમયથી પડતર છે, | (૧) અમરેલી અને ભાવનગર જિલ્લામાં તા.૩૦-૧-૨૦૧૭ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની કુલ પડતર અરજીઓની વિગતો, તાલુકાવાર અને વર્ષવાર પત્રક-અ મુજબ છે. |
| (૨) ઉપરોકત અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે શાં કારણો છે, અને<br>(૩) ઉપરોકત પડતર અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવામાં આવશે ? | (૨) અને (૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં પ્રતિ વર્ષ વધુ ને વધુ કૃષિ વીજ જોડાણ આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વીજ જોડાણોની માંગણી પણ નોંધપાત્ર રીતે વધતી રહે છે. કૃષિ વીજ જોડાણ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત |

સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

પ ત્ર ક – અ

અમરેલી

| તાલુકા | ૨૦૦૮ | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | ૦ | ૧ | ૨૦૧ | ૫૩૩ | ૭૨૮ | ૬૪૦ | ૭૩૨ | ૬૯૩ | ૬૮૮ | ૨૦ | ૪૨૩૬ |
| બાબરા | ૨૫ | ૧૫ | ૬૬૧ | ૮૪૩ | ૮૮૧ | ૭૧૧ | ૯૨૩ | ૧૧૫૫ | ૯૧૨ | ૩૮ | ૬૧૬૪ |
| બગસરા | ૦ | ૦ | ૬૦ | ૩૧૩ | ૩૬૮ | ૪૦૨ | ૩૨૮ | ૩૦૨ | ૩૧૪ | ૧૩ | ૨૧૦૦ |
| ધારી | ૦ | ૧૮ | ૪૬ | ૩૫૦ | ૪૪૬ | ૬૪૭ | ૩૮૭ | ૩૦૯ | ૫૧૬ | ૩૨ | ૨૭૫૧ |
| જાફરાબાદ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૨૫૫ | ૨૫૪ | ૧૫૮ | ૧૭૩ | ૧૦ | ૮૫૧ |
| ખાંભા | ૦ | ૧ | ૨૮ | ૩૩૧ | ૪૧૭ | ૩૮૦ | ૪૦૨ | ૩૨૦ | ૩૨૮ | ૨૩ | ૨૨૩૦ |
| કુકવાવ વાડિયા | ૫૪ | ૭ | ૩૫૦ | ૮૪૮ | ૬૯૧ | ૬૦૯ | ૭૪૮ | ૭૨૪ | ૭૩૮ | ૩૨ | ૪૮૦૧ |
| લાઠી | ૨ | ૩૪ | ૩૬૪ | ૩૭૭ | ૬૭૫ | ૫૬૧ | ૯૪૬ | ૯૬૨ | ૭૩૨ | ૪૨ | ૪૬૯૫ |
| લીલીયા | ૦ | ૦ | ૨૩ | ૪ | ૨૮૯ | ૩૦૫ | ૩૯૫ | ૩૮૮ | ૨૧૪ | ૬ | ૧૬૨૪ |
| રાજુલા | ૦ | ૪ | ૬૬ | ૩૨૭ | ૫૧૮ | ૩૩૯ | ૩૩૩ | ૩૭૭ | ૩૫૮ | ૨૩ | ૨૩૪૫ |
| સાવરકુંડલા | ૦ | ૦ | ૧૬૮ | ૪૪૪ | ૯૩૧ | ૫૨૩ | ૬૧૦ | ૫૮૯ | ૫૮૪ | ૩૨ | ૩૮૮૧ |
| કુલ | ૮૧ | ૮૦ | ૧૯૬૮ | ૪૩૭૦ | ૫૯૪૪ | ૫૩૭૨ | ૬૦૫૮ | ૫૯૭૭ | ૫૫૫૭ | ૨૭૧ | ૩૫૬૭૮ |

ભાવનગર

| તાલુકા | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | ૨૦૧૭ | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભાવનગર | ૦ | ૧૯ | ૯૭ | ૨ | ૩૬ | ૧૦૪ | ૩૧૦ | ૩૦૬ | ૧૭ | ૮૯૧ |
| ગારીયાધાર | ૧૦૯ | ૧૬૨ | ૧૯૯ | ૪૮૬ | ૩૫૦ | ૬૧૩ | ૩૪૫ | ૨૫૧ | ૧૭ | ૨૫૩૨ |
| ઘોઘા | ૦ | ૧૫ | ૩૯ | ૨૪ | ૧૭૦ | ૩૨૨ | ૩૬૫ | ૪૫૨ | ૩૩ | ૧૪૨૦ |
| જેસર | ૧૦ | ૨૪ | ૭૧ | ૧૨૩ | ૩૦૧ | ૧૧૫ | ૮૭ | ૮૩ | ૫ | ૮૧૯ |
| મહુવા | ૧૫૮ | ૩૦૯ | ૧૨૬૩ | ૧૩૧૯ | ૮૦૧ | ૬૭૧ | ૮૭૭ | ૧૦૦૪ | ૭૫ | ૬૪૭૭ |
| પાલિતાણા | ૮૩ | ૯૨ | ૩૯૬ | ૪૨૨ | ૫૦૧ | ૬૦૨ | ૪૫૯ | ૪૦૭ | ૨૮ | ૨૯૯૦ |
| સિહોર | ૦ | ૧૯ | ૧૨ | ૬૭ | ૪૫૬ | ૨૦૬ | ૫૨૯ | ૪૮૬ | ૨૬ | ૧૮૦૧ |
| તળાજા | ૨૪૮ | ૧૬૮ | ૯૯૭ | ૧૧૧૦ | ૮૧૦ | ૮૯૯ | ૧૧૦૩ | ૧૧૮૮ | ૭૩ | ૬૫૯૬ |
| ઉમરાળા | ૦ | ૦ | ૧૯૪ | ૨૫૭ | ૨૨૪ | ૨૭૮ | ૩૮૦ | ૧૯૧ | ૨૨ | ૧૫૪૬ |
| વલ્લભીપુર | ૦ | ૦ | ૯૯ | ૮૩ | ૬૩ | ૭૫ | ૧૮૩ | ૧૭૫ | ૨૦ | ૬૯૮ |
| કુલ | ૬૦૮ | ૮૦૮ | ૩૩૬૭ | ૩૮૯૩ | ૩૭૧૨ | ૩૮૮૫ | ૪૬૩૮ | ૪૫૪૩ | ૩૧૬ | ૨૫૭૭૦ |

## સાબરકાંઠા જિલ્લામાં ખેતી માટે વિજ કનેકશનની પડતર અરજીઓ

* ૨૮૦૬૭ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

**જવાબ**

(૧) સાબરકાંઠા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવાની પડતર અરજીઓની વર્ષવાર અને તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | અરજીઓ પડતર રહેવાનો સમય | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | કુલ |
| ઈડર | ૭૦ | ૧૫૪ | ૨૯૮ | ૪૨૩ | ૪૩૪ | ૧૩૭૯ |
| હિંમતનગર | | | | ૫૦૯ | ૬૨૪ | ૧૧૩૩ |
| પ્રાંતિજ | | | | ૧૮૩ | ૨૭૫ | ૪૫૮ |
| તલોદ | | | | ૨૭૬ | ૨૯૮ | ૫૭૪ |
| વડાલી | | | ૫ | ૧૨૩ | ૨૬૮ | ૩૯૬ |
| ખેડબ્રહ્મા | | | | ૭૩ | ૪૮ | ૪૨૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પોશીના | | | | ૪૨ | ૨૧૫ | ૨૫૭ |
| વિજયનગર | | | | ૭ | ૨૬૬ | ૨૭૩ |
| કુલ | ૭૦ | ૧૫૪ | ૩૦૩ | ૧૬૩૬ | ૨૭૨૮ | ૪૮૯૧ |

(૨) ઉક્ત પડતર તમામ અરજીઓનો નિકાલ કરી અરજદારોને ક્યાં સુધીમાં વિજ કનેકશનો આપવામાં આવશે, અને

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે ?

(૨) અને (૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં પ્રતિ વર્ષ વધુને વધુ કૃષિ વીજ જોડાણ આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વીજ જોડાણોની માંગણી પણ નોંધપાત્ર રીતે વધતી રહે છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતા માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

## સાબરકાંઠા જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય

* ૨૮૩૨૧ શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા (હિંમતનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા. જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં સાબરકાંઠા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૯,૮૮,૭૧૨/– (રૂપિયા નવ લાખ અઠયાસી હજાર સાતસો બાર પુરા) |

## ખાનગી કંપની પાસેથી વીજ ખરીદીના કરારો

* ૨૭૦૬૭ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કઈ ખાનગી વિજ કંપની પાસે વિજ ખરીદી કરવા માટે ક્યારે કરારો થયા,

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા અલગ અલગ ખાનગી વિજ કંપની પાસેથી કરવામાં આવતી વીજ ખરીદી ના કરારની વિગત નીચે મુજબ છે.

| ખાનગી વિજકંપની | ખરીદી કરાર તારીખ |
|---|---|
| એસ્સાર પાવર ગુજરાત લી., | ૨૬.૦૨.૨૦૦૭ |
| સી.એલ.પી. ઈન્ડિયા પ્રા.લી. | ૦૩.૦૨.૧૯૯૪ |
| અદાણી પાવર લી.(બીડ–૧) | ૦૬.૦૨.૨૦૦૭ |
| અદાણી પાવર લી.(બીડ–૨) | ૦૨.૦૨.૨૦૦૭ |
| એસીબી ઈંડીયા લી. | ૨૬.૦૨.૨૦૦૭ |
| કોસ્ટલ ગુજરાત પાવર લી. (મુન્દ્રા યુએમપીપી) | ૨૨.૦૪.૨૦૦૭ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પ્રત્યેક વિજ કંપની પાસે શું ભાવે વિજ ખરીદી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત પ્રત્યેક વિજ કંપની પાસેથી વીજ ખરીદી કરારની શરતો મુજબ ખરીદવામાં આવેલ વીજળીના સરેરાશ ભાવની વિગતો નીચે મુજબ છે.

| કંપનીનું નામ | ૨૦૧૫ | ૨૦૧૬ (પ્રોવિઝનલ) |
|---|---|---|
| | રૂ/યુનીટ | રૂ/યુનીટ |
| એસ્સાર પાવર ગુજરાત લી., | ૩.૩૪ | ૩.૬૩ |
| સી.એલ.પી. ઈન્ડિયા પ્રા.લી* | ૩.૫૨ | ૩.૬૩ |

| | | |
|---|---|---|
| અદાણી પાવર લીમીટેડ | ૨.૬૫ | ૨.૮૭ |
| એસીબી (ઈન્ડીયા) લી. | ૧.૯૮ | ૨.૦૦ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૨.૫૧ | ૨.૨૭ |

*ઉપરોકત જણાવેલ બળતણ ખર્ચ ઉપરાંત કરારની શરતો મુજબ ફીક્સ્ડ કોસ્ટ પણ ચુકવવામાં આવેલ છે જે વર્ષ ૨૦૧૫ માં રૂ.૩૯૩ કરોડ અને વર્ષ ૨૦૧૬ માં રૂ.૪૦૦ કરોડ છે.

(૩) ઉકત સ્થિતિએ કઈ કંપનીને વર્ષવાર કેટલી રકમ ચૂકવી, અને

(૩) ઉકત સ્થિતિએ કંપનીને વર્ષવાર ચૂકવવામાં આવેલ રકમની વિગત નીચે મુજબ છે.

(રૂ.કરોડમાં)

| કંપનીનું નામ | ૨૦૧૫ | ૨૦૧૬ (પ્રોવિઝનલ) |
|---|---|---|
| એસ્સાર પાવર ગુજરાત લી., | ૧૬૩૪ | ૧૬૨૫ |
| સી.એલ.પી. ઈન્ડિયા પ્રા.લી. | ૬૧૨ | ૫૯૯ |
| અદાણી પાવર લીમીટેડ | ૩૫૬૦ | ૩૮૩૫ |
| એસીબી (ઈન્ડીયા) લી. | ૩૦૦ | ૨૯૨ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની લી. | ૨૯૦૧ | ૨૭૧૯ |

(૪) કેટલી રકમ ચુકવવાની બાકી છે ?

(૪) ઉકત સ્થિતિએ ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવામાં આવેલ વીજળી અન્વયે કોઈ રકમ ચુકવવાની બાકી રહેતી નથી.

### રાજકોટ જિલ્લાની આધુનિક બજારો સ્થાપવાની યોજનામાં મંજૂર કરેલ રકમ

* ૨૮૨૬૨ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લાની જામકંડોરણા બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે ?

જવાબ

(૧) રૂ.૫૦/– લાખ.

(૨) રૂ.૫૦/– લાખ.

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૬૮૪૩ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલાને વીજજોડાણ આપવામાં આવેલ છે,

જવાબ

(૧) અને (૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત વર્ષવાર નોંધાયેલ અરજીઓ અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | નોંધાયેલ કુલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|---|---|
| મહીસાગર | ૫૫૭ | ૭૬૦ | ૧૩૧૭ | ૧૦૨૭ |
| પંચમહાલ | ૧૨૨૨ | ૧૫૩૧ | ૨૭૫૩ | ૨૭૫૧ |

(૩) ઉકત સ્થિતિએ કેટલા વીજજોડાણ આપવાના બાકી છે, અને

(૩) મહીસાગર જિલ્લામાં નોંધાયેલ કુલ ૧૩૧૭ અરજીઓ પૈકી ૧૦૬ અરજીઓ નામંજૂર થયેલ હોઈ બાકીની ૧૮૪ અરજીઓમાં વીજ જોડાણ આપવાના બાકી છે. જ્યારે પંચમહાલ જિલ્લામાં નોંધાયેલ કુલ ૨૭૫૩ અરજીઓ પૈકી ૦૨

અરજીઓ નામંજૂર થયેલ હોઈ વીજ જોડાણ આપવાની બાકી કોઈ અરજી પડતર નથી.

(૪) બાકી અરજદારોને કેટલા સમયમાં વીજજોડાણ આપવામાં આવશે ?

(૪) બાકી અરજદારોને નિયમાનુસાર ચકાસણી કરીને બને એટલી ઝડપથી વીજ જોડાણ આપવામાં આવશે.

### મોરબી જિલ્લામાં સૌની યોજના હેઠળ મચ્છુ–૧ ડેમ પાણીથી ભરવા બાબત

* ૨૭૮૬૮ શ્રી મહમદ જાવીદ પીરઝાદા (વાંકાનેર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મોરબી જિલ્લામાં આવેલ મચ્છુ–૧ ડેમ ''સૌની'' યોજના તળે પાણીથી ક્યારે ભરવાનું આયોજન છે, અને | (૧) મચ્છુ–૧ ડેમમાં ''સૌની'' યોજના હેઠળ નવેમ્બર–૨૦૧૬ માં પાણી નાખવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ ડેમમાંથી કેટલા ગામોની કેટલા હેક્ટર ખેતીની જમીનને પાણી પુરૂ પાડવા સરકારનું આયોજન છે? | (૨) ૩૦ ગામો ૧૦૪૦૯ હેક્ટર. |

### અમદાવાદ જિલ્લામાં ઘઉં યોજના હેઠળ ખેડૂત તાલીમ

* ૨૮૩૪૭ શ્રી જગરૂપસિંહ રાજપૂત (બાપુનગર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન–ઘઉં યોજના હેઠળ કેટલી ખેડૂત તાલીમ યોજવામાં આવી, | (૧) ૪૯ |
| (૨) આ ખેડૂત તાલીમમાં કેટલા ખેડૂતોએ ભાગ લીધો, અને | (૨) ૧૪૭૦ |
| (૩) તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) કુલ રૂ.૩,૪૧,૦૦૦/– |

### સુરત જિલ્લામાં પપૈયા પાકમાં સહાય ચૂકવવા બાબત

* ૨૮૩૧૯ શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (કામરેજ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં સુરત જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૪૦,૬૦,૧૧૬/– (ચાલીસ લાખ સાઠ હજાર એકસો સોળ રૂપિયા) |

### જુનાગઢ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા સહાય મેળવવાની અરજીઓ

* ૨૬૭૭૫ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં સન ૨૦૧૬ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળી, અને | (૧) જુનાગઢ જિલ્લામા સન ૨૦૧૬ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કુલ ૫૮ અરજીઓ મળેલ, તાલુકાવાર અરજીઓની વિગત પત્રક–૧ મુજબ છે. |

પત્રક–૧

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | ભેંસાણ | ૦૪ |
| ૨ | જુનાગઢ | ૧૦ |
| ૩ | કેશોદ | ૦૭ |
| ૪ | માળિયા | ૧૨ |
| ૫ | માણાવદર | ૦૭ |
| ૬ | માંગરોળ | ૦૨ |
| ૭ | મેંદરડા | ૦૩ |
| ૮ | વંથલી | ૦૫ |
| ૯ | વિસાવદર | ૦૮ |

| | |
|---|---|
| કુલ | ૫૮ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને નામંજૂર થવાના શા કારણો છે ?

(૨) તે પૈકી ૨૭ અરજીઓ મંજુર અને ૪ અરજીઓ નામંજુર થયેલ જેની વિગત પત્રક–૨ મુજબ છે.

પત્રક–૨

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર અરજીઓની સંખ્યા | નામંજુર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૦૧ | ૦૧ |
| ૨ | જુનાગઢ | ૦૫ | ૦૦ |
| ૩ | કેશોદ | ૦૩ | ૦૦ |
| ૪ | માળિયા | ૦૫ | ૦૦ |
| ૫ | માણાવદર | ૦૩ | ૦૦ |
| ૬ | માંગરોળ | ૦૧ | ૦૧ |
| ૭ | મેંદરડા | ૦૦ | ૦૨ |
| ૮ | વંથલી | ૦૩ | ૦૦ |
| ૯ | વિસાવદર | ૦૬ | ૦૦ |
| | કુલ | ૨૭ | ૦૪ |

અરજીઓ નામંજુર થવાના કારણોની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | અરજી નામંજુર થવા કારણ | અરજીની સંખ્યા |
|---|---|---|
| ૧ | મૃતક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હોવાથી | ૨ |
| ૨ | મૃતક ખાતેદાર ખેડૂત ન હોવાથી | ૧ |
| ૩ | મૃતક ૭૦ વર્ષ કરતા વધુ ઉંમર ધરાવતા હોવાથી | ૧ |

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાયની અરજીઓ

* ૨૮૦૧૯ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલિયા) : માનનીય કૃષિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૬ માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળેલ છે,

જવાબ

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સન ૨૦૧૬માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કુલ ૮૪૨ અરજીઓ સરકારને મળેલ છે જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | કલ્યાણપુર | ૪૩૦ |
| ૨ | ખંભાળિયા | ૧૯૦ |
| ૩ | દ્વારકા | ૫૫ |
| ૪ | ભાણવડ | ૧૬૭ |
| | કુલ | ૮૪૨ |

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા ખેડૂતોને તાલુકાવાર કેટલી સહાય ચુકવવામાં આવી,

(૨) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તૈ પૈકી ૩૨૩ અરજી મંજુર કરી, પરંતુ ખેડૂતો તરફથી ખરીદી બાદ કોઈ અરજી મળેલ ન હોઈ, સહાય ચુકવણી કરેલ નથી. જેની તાલુકાવાર વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬ (તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ) |
|---|---|---|

| | | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | સહાય માંગણી માટે મળેલ અરજીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | કલ્યાણપુર | ૧૬૫ | ૦ | ૦ |
| ૨ | ખંભાળિયા | ૭૩ | ૦ | ૦ |
| ૩ | દ્વારકા | ૨૧ | ૦ | ૦ |
| ૪ | ભાણવડ | ૬૪ | ૦ | ૦ |
| | કુલ | ૩૨૩ | ૦ | ૦ |

(૩) સહાય ચુકવવાની કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને

(૩) સહાય ચુકવણીની કોઈપણ અરજીઓ નામંજુર કરવામાં આવેલ નથી. જેથી કારણો આપવા અંગેનો પ્રશ્ન નથી.

(૪) ઉકત સ્થિતિએ બાકી તમામ અરજીઓમાં સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૪) ઉકત સ્થિતિએ બાકી રહેલ ૩૨૩ અરજીઓ પૈકી ૭૮ અરજીનું સહાય ચુકવણું તા.૦૯-૦૨-૨૦૧૭ની સ્થિતિએ કરવામાં આવેલ છે. જ્યારે બાકી રહેલ ૨૪૫ અરજીઓ પૈકી લાભાર્થી તરફથી ખરીદી બાદ સહાય માટે દરખાસ્ત મળ્યેથી નિયમાનુસાર ચુકવવાપાત્ર કિસ્સાઓમાં શક્ય તેટલી વહેલી સહાય ચુકવવામાં આવનાર છે.

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૬૮૬૬ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલાને વીજજોડાણ આપવામાં આવેલ છે,

જવાબ

(૧) અને (૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત વર્ષવાર નોંધાયેલ અરજીઓ અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| જિલ્લો | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ | કુલ નોંધાયેલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|---|---|
| અમદાવાદ | ૪૦૦૦ | ૨૨૯૯ | ૬૨૯૯ | ૫૬૭૬ |
| ગાંધીનગર | ૬૧૦ | ૧૨૧૭ | ૧૮૨૭ | ૧૮૨૫ |

(૩) કેટલા વીજજોડાણ આપવાના બાકી છે, અને

(૩) અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ કુલ ૬૨૯૯ અરજીઓ પૈકી ૪૮૬ અરજીઓ નામંજૂર થયેલ હોઈ બાકીની ૧૩૭ અરજીઓમાં વીજ જોડાણ આપવાનાં બાકી છે, જ્યારે ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલ ૧૮૨૭ અરજીઓ પૈકી ૦૨ અરજીઓ નામંજૂર થયેલ હોઈ વીજ જોડાણ આપવાની કોઈ અરજી પડતર નથી.

(૪) બાકીના અરજદારોને કેટલા સમયમાં વીજજોડાણ આપવામાં આવશે ?

(૪) બાકીના અરજદારોને નિયમાનુસારની ચકાસણી કરીને બને તેટલા ઝડપથી વીજ જોડાણ આપવામાં આવશે.

વડોદરા જિલ્લામાં પપૈયા પાકના વાવેતરમાં સહાય

* ૨૮૩૨૫ શ્રી કેતનભાઈ ઈનામદાર (સાવલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં પપૈયા પાકના વાવેતર માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

જવાબ

(૧) હા, જી.

(૨) જો હા, તો તે માટે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં વડોદરા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) રૂ.૧૬,૩૫,૬૦૫/- (સોળ લાખ ત્રેપ્પન હજાર છ સો પાંચ રૂપિયા)

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં ઝરી-ગાંગરડા તળાવને સિંચાઈ માટે બનાવવા બાબત

* ૨૭૪૩૭ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ ઝરી-ગાંગરડા તળાવને સિંચાઈ માટે બનાવવામાં આવેલ છે, તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉકત તળાવમાંથી ડાબા અને જમણાકાંઠાની નહેર દ્વારા અંદાજે ૫૬૦ હેકટર જમીનને સિંચાઈ માટે પાણી મળતું હતું તે ઉકત સ્થિતિએ ઘણા લાંબા સમયથી મળતું બંધ થયેલ છે તેના કારણો શા છે, અને | (૨) આ તળાવમાંથી ડાબા અને જમણાકાંઠાની નહેર દ્વારા અંદાજે ૫૬૦ હેકટરને બદલે ૨૨૬ હેકટર (૫૬૦ એકર) જમીનને સિંચાઈ માટે પાણી આપવાનું આલેખિત આયોજન છે. પરંતુ ઝરી બુજર્ગ ગામના ઝરી કળશીયા ફળિયાના અને ગાંગરડા ગામના રહીશોના આંતરીક વિવાદના કારણે એચ.આર. વેલ અને ગેટ માટીથી પૂરી દેવામાં આવેલ છે. |
| (૩) ઉકત તળાવના રીપેરીંગ માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયો ? | (૩) રૂ.૬.૮૨ લાખ. |

વલસાડ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૨૭૭૩૨ શ્રી ભરતભાઈ પટેલ (વલસાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને<br>(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૨૧.૭૭ લાખનાં ખર્ચે ૩૪.૬૭ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૭૪૧ નંગ થાભલા બદલવામાં આવ્યા છે. |

રાજ્યમાં વીજળી ખરીદી પર વિહલીંગ ચાર્જમાં વધારો

* ૨૭૩૦૦ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યના ઉદ્યોગોને પરપ્રાંતમાંથી સસ્તી વિજળી ખરીદી પર રાજ્ય સરકારે વ્હીલીંગ ચાર્જમાં છેલ્લે કેટલી રકમનો શા કારણોસર વધારો કર્યો ? | રાજ્યની વીજ કંપનીઓ દ્વારા રાજ્યના ગ્રાહકોને વીજ પુરવઠો પૂરો પાડવા માટે ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક ઉભું કરવામાં આવે છે. રાજ્યના ઔદ્યોગિક ગ્રાહકો દ્વારા રાજ્યની વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદ કરવાને બદલે તે સિવાયના અન્ય સ્ત્રોતમાંથી વીજ ખરીદી કરવામાં આવે ત્યારે, આ વીજ ખરીદી માટે રાજ્યની વીજ કંપનીઓના નેટવર્કનો ઉપયોગ થાય છે તથા તે માટેના ચાર્જીસ (વ્હીલીંગ ચાર્જ) આવા ગ્રાહકોએ ભોગવવાના રહે છે. વ્હીલીંગ ચાર્જ નક્કી કરવાની સત્તા ઈલેક્ટ્રિસીટી એકટ ૨૦૦૩ ની જોગવાઈ મુજબ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ પાસે છે તથા તેની વસૂલાત ઔદ્યોગિક ગ્રાહકો પાસેથી જે વીજ કંપનીના નેટવર્કનો ઉપયોગ થયો હોય તે વીજ કંપની દ્વારા કરવામાં આવે છે. નામદાર આયોગ દ્વારા તા.૨૯-૦૪-૨૦૧૪ના ટેરીફ ઓર્ડર દ્વારા હાઈ વોલ્ટેજ (એચટી) નેટવર્ક ના વપરાશ માટે ૧૧ પૈસા પ્રતિ યુનિટ વ્હીલીંગ ચાર્જ નક્કી કરેલ. ત્યારબાદ તા.૩૧-૦૩-૨૦૧૫ ના ટેરીફ ઓર્ડર |

દ્વારા ૧૪ પૈસા પ્રતિ યુનિટ વ્હીલીંગ ચાર્જ નક્કી કરેલ તથા ૩૧-૦૩-૨૦૧૬ ના ટેરીફ ઓર્ડર દ્વારા આ વ્હીલીંગ ચાર્જ યથાવત રાખેલ છે.

બોટાદ જિલ્લામાં ખુશી યોજના

* ૨૭૭૩૬ ડૉ. ટી.ડી.માણીયા (બોટાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ખેડૂતોને પૂરતા દબાણે વીજ પુરવઠો પૂરો પાડવા માટે સરકાર દ્વારા બનાવેલ ખુશી યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં નાની ક્ષમતાના કેટલા ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) અને (૨) ખેડૂતોને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી રહે તે માટે રાજ્ય સરકારની ખુશી યોજના અંતર્ગત બોટાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં કુલ રૂ.૭૪૨.૦૦ લાખનાં ખર્ચે ૭૯૪ નાની ક્ષમતાનાં ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર લગાવવામાં આવ્યા.

બનાસકાંઠા જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૭૬૭૩ શ્રી પરબતભાઈ પટેલ (થરાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં બનાસકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે ?

જવાબ

નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ માં બનાસકાંઠા જિલ્લામાં ૩૭ ખેડૂતોને કૃષિ વિષયક વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવેલ છે.

ખેડા તાલુકાના ઘરોડાથી નાની કલોલી સુધી પૂર સંરક્ષણ દિવાલ મંજૂર કરવા બાબત

* ૨૭૯૫૮ શ્રી ગૌતમભા ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ શેઢી સિંચાઈ યોજના દ્વારા ખેડા તાલુકાના ઘરોડાથી નાની કલોલી સુધી પૂર સંરક્ષણ દિવાલ મંજુર થયેલ છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમની પૂર સંરક્ષણ દિવાલ મંજુર કરવામાં આવી, અને

(૩) ક્યાં સુધીમાં સદર પૂર સંરક્ષણ દિવાલનું કામ શરૂ કરવામાં આવશે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

જામનગર જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની અરજીઓ

* ૨૬૭૫૪ શ્રી રાઘવજીભાઈ પટેલ (જામનગર (ગ્રામ્ય)) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૬ માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળેલ છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા ખેડુતોને તાલુકાવાર

જવાબ

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૬ માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કુલ ૧૧૧૫ અરજીઓ સરકારને મળેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ખેડુતો તરફથી મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | કાલાવાડ | ૨૬૨ |
| ૨ | જામજોધપુર | ૧૧૬ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૩૩૮ |
| ૪ | જામનગર સીટી | ૬ |
| ૫ | જોડીયા | ૭૧ |
| ૬ | ધ્રોલ | ૧૭૮ |
| ૭ | લાલપુર | ૧૪૪ |
| | કુલ | ૧૧૧૫ |

(૨) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તે પૈકી કુલ ૫૦૮ અરજીઓ મંજુર કરી કુલ ૧૯૯ ખેડુતોને કુલ રૂ.૮૯.૭૦ લાખની

વર્ષવાર કેટલી સહાય ચુકવવામાં આવી, અને

સહાય ચુકવવામાં આવી છે. જેની તાલુકાવાર વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬ (તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|
| | | મંજૂર કરેલ અરજીઓની સંખ્યા | સહાય માંગણી માટે મળેલ અરજીઓની સંખ્યા | ચૂકવેલ સહાયની રકમ (રૂ.લાખમાં) |
| ૧ | કાલાવાડ | ૧૨૧ | ૪૨ | ૧૮.૯૦ |
| ૨ | જામજોધપુર | ૫૨ | ૩૨ | ૧૪.૪૦ |
| ૩ | જામનગર ગ્રામ્ય | ૧૫૮ | ૫૧ | ૨૨.૯૫ |
| ૪ | જામનગર સીટી | ૨ | ૦ | ૦ |
| ૫ | જોડીયા | ૩૫ | ૨૩ | ૧૦.૩૫ |
| ૬ | ધ્રોલ | ૭૭ | ૪૨ | ૧૮.૯૦ |
| ૭ | લાલપુર | ૬૩ | ૯ | ૪.૨૦ |

(૩) ઉકત અરજીઓ પૈકી કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના મુખ્યત્વે શા કારણો છે ?

(૩) એકપણ અરજી ના મંજુર કરવામાં આવેલ નથી આથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભાવનગર જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજના લાભાર્થી

* ૨૮૩૩૬ શ્રી શિવાભાઈ ગોહિલ (તળાજા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં કોલ્ડ સ્ટૉરેજ બનાવવા માટે ભાવનગર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

૧ લાભાર્થી, રૂ.૧,૯૧,૮૭,૦૦૦/- (રૂપિયા એક કરોડ એકાણું લાખ સિત્યાસી હજાર પુરા)

વડોદરા જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ માટે સહાય

* ૨૮૨૬૬ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમ્યાન વડોદરા જિલ્લાની કેટલી પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ માટે કેટલી રકમ સહાય તરીકે ચુકવવામાં આવી ?

જવાબ

| નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃદ્ધિ સહાય રૂ. | થાપણ વૃદ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૨૨ | ૮,૮૭,૧૦૦/- | -- | ૮,૮૭,૧૦૦/- |

| નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ | | | |
|---|---|---|---|
| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃદ્ધિ સહાય રૂ. | થાપણ વૃદ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
| ૨૮ | ૧૦,૫૩,૬૦૦/- | -- | ૧૦,૫૩,૬૦૦/- |

આણંદ જિલ્લામાં કોતર જમીનની સુધારણાની કામગીરી

* ૨૮૩૧૭ શ્રી સંજયકુમાર પટેલ (ખંભાત) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) આણંદ જિલ્લામાં કોતર જમીન સુધારણા માટે

જવાબ

(૧) આણંદ જિલ્લાના આણંદ તાલુકામાં કોતર જમીન

## અતારાંકિત પ્રશ્નો

તા.૩૧-૧૨-૨૦૧૬ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલી કામગીરી કરી, અને

સુધારણા માટે ૪૧.૯૧ હેક્ટર જમીન સમતળ, ૫૧ નંગ જળ સંગ્રાહક સ્ટ્રકચર તથા ૪ નંગ સીમ તળાવની કામગીરી કરવામાં આવેલ છે.

(૨) આ કામગીરીથી મુખ્યત્વે શું ફાયદા થયા ?

(૨) આ કામગીરીથી જમીનનું ધોવાણ થતું અટકે છે. જમીન સમતળ થતાં વરસાદી પાણી મહત્તમ રીતે જમીનમાં ઉતારી શકાય છે. જેથી પાક ઉત્પાદનમાં વધારો થાય છે. જળ સંગ્રાહક સ્ટ્રકચર તથા સીમ તળાવની કામગીરીથી વરસાદી પાણીનો વધારે પ્રમાણમાં સંગ્રહ કરી શકાય છે.

### નર્મદા જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ

* ૨૭૭૧૮ શ્રી મોતીલાલ વસાવા (ડેડિયાપાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) નર્મદા જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૧૦૪૦૧.૨૬ લાખનાં ખર્ચે ૪૦૭૮ કુવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું.

### સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ઉદ્‌વહન પાઇપ લાઇન દ્વારા પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવા બાબત

* ૨૬૯૨૯ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખેતીલાયક કેટલી જમીનમાં સિંચાઇ માટે કેનાલ દ્વારા, ઉદ્ભવહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે, અને

(૨) ઉકત જિલ્લાવાર કેટલા હેકટર જમીનમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી ?

જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં કુલ ૧૦૩૫૧૭ હેકટર અને અરવલ્લી જિલ્લામાં કુલ ૭૪૬૧૭ હેકટરમાં પાણી આપવામાં આવે છે.

(૨) સાબરકાંઠા જિલ્લામાં ૧૮૪૭૫૨ હેકટર તથા અરવલ્લી જિલ્લામાં ૧૨૫૩૧૬ હેકટર.

### રાજ્યમાં અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ બનાવવાની કામગીરી

* ૨૬૭૯૧ શ્રી પુંજાભાઈ વંશ (ઉના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં ૪,૦૦૦ મેગા વોટના અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ બનાવવાની કામગીરી ચાલી રહી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા,તો ઉકત કામગીરી ક્યાં તબક્કે છે અને ક્યાં સ્થળે, કેટલા રૂપિયાના ખર્ચે અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટ બનાવવામાં આવશે, અને

(૩) ઉકત પ્રોજેકટની કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) હા, જી.

(૨) અને (૩) હાલમાં, સ્થળ પસંદગી અંગેની કાર્યવાહી ચાલી રહી છે.

સ્થળ પસંદગી થયા બાદ, સ્થળ પરના વિવિધ અભ્યાસો કર્યા પછી તથા વિવિધ મંજૂરીઓ મેળવ્યા બાદ જ આ પ્રોજેકટ કેટલા સમયમાં અને કેટલા રૂપિયાના ખર્ચે પૂર્ણ થશે તે જાણી શકાય.

### ભિલોડા, મેઘરજ, વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં આદિવાસી ખેડૂતોને એક જ સર્વે નંબરમાં બીજુ વિજ કનેકશન આપવા બાબત

* ૨૮૪૪૯ ડૉ. અનિલભાઈ જોષિયારા (ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ એક સર્વે નંબરમાં બીજુ ખેતી વિષયક વિજ જોડાણ આપવાના નિયમ મુજબ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાનાં ભિલોડા, મેઘરજ, વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના આદિવાસી ખેડૂતોની કેટલી અરજીઓ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવી, અને

જવાબ

(૧) અને (૨) રાજ્ય સરકારે તા.૧૮-૧૦-૨૦૧૬ના ઠરાવથી હકારાત્મક અભિગમ દાખવી એક કિસાનલક્ષી નિર્ણય તાજેતરમાં કર્યો છે. જે મુજબ જો કોઈ ખેડુત ૮(આઠ) એકરથી વધારે જમીન એક જ સર્વે નંબરમાં ધરાવતો હોય તો તેને બીજું વીજ જોડાણ તે જ સર્વે નંબરમાં આપવામાં આવશે.

(૨) તેમાંથી તાલુકાવાર અને વર્ષવાર કેટલા આદિવાસી ખેડૂતોને એક જ સર્વે નંબરમાં બીજુ કનેકશન ઉક્ત સ્થિતિ સુધીમાં આપવામાં આવ્યું ?

તદ્ઉ અનુસાર તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ એક સર્વે નંબરમાં બીજુ કનેકશન આપવાના નિયમ મુજબ માત્ર અરવલ્લી જિલ્લાનાં મેઘરજ તાલુકામાં એક આદિવાસી ખેડૂતની અરજી મળેલ છે, જેનો ક્રમ પ્રતિક્ષાયાદીમાં આવ્યેથી વીજ જોડાણ આપવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

ભરૂચ જિલ્લામાં જર્જરીત વીજ વાયરો

* ૨૭૭૩૫ શ્રી દુષ્યંતભાઈ પટેલ (ભરૂચ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યનાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરીત વીજ વાયરો અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળી રહે તે માટેની સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ભરૂચ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૪૦.૯૨ લાખનાં ખર્ચે ૧૧૪.૭૮ કી.મી. જર્જરીત વીજ વાયરો અને ૭૦૧ નંગ થાંભલા બદલવામાં આવ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૨૭૪૨૭ શ્રી મણીલાલ વાઘેલા (વડગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૨૨૧ અરજીઓ મળી. |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૧૦૭ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) કુલ રૂ.૧૦૬.૦૦ લાખ સહાય ચુકવવામાં આવી. |

ગાંધીનગર જિલ્લામાં કાર્યરત વિજ સબ-સ્ટેશનો

* ૨૭૬૯૧ શ્રી અશોકકુમાર પટેલ (ગાંધીનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલા વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યો છે? | તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કુલ ૨ (બે) સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

ભરૂચ જિલ્લામાં કિસાન કલ્પવૃક્ષ યોજના

* ૨૮૨૬૭ શ્રી છત્રસિંહ મોરી (જંબુસર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાની આમોદ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ.૧૫.૦૫/- લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે ? | (૨) રૂ.૧૫.૦૫/- લાખ. |

સુરત અને તાપી જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા ગોડાઉન બનાવવાની દરખાસ્તો

* ૨૭૪૬૯ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને તાપી જિલ્લામાં વિવિધ સહકારી મંડળીઓ દ્વારા

જવાબ

| જિલ્લો | મકાન માટેની દરખાસ્ત | ગોડાઉન માટેની દરખાસ્ત |
|---|---|---|

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

મકાન તેમજ ગોડાઉન બનાવવા માટે કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે ?

| | | |
|---|---|---|
| સુરત | ૦ | ૧૩૮ |
| તાપી | ૦ | ૫૯ |

### સુરત જિલ્લામાં ટ્રેક્ટર સહાયની અરજીઓ

* ૨૮૩૫૦ શ્રી મુકેશભાઈ પટેલ (ઓલપાડ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ સન ૨૦૧૬−૧૭ ના વર્ષમાં સુરત જિલ્લામાં ટ્રેક્ટર સહાયની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) કુલ ૩૧૫ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓની સહાય ચૂકવવામાં આવી? | (૨) કુલ ૯૬ અરજીઓ. |

### સુરત જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી

* ૨૮૩૨૬ શ્રી નરોત્તમભાઈ પટેલ (ઉધના) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉકત સ્થિતિ વર્ષ ૨૦૧૬−૧૭ માં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) ૧૨૮ લાભાર્થી રૂ.૧૯,૪૩,૮૪૦/− (ઓગણીસ લાખ ત્રેતાલીસ હજાર આઠસો ચાલીસ રૂપિયા) |

### પંચમહાલ જિલ્લામાં કાર્યરત વિજ સબ−સ્ટેશનો

* ૨૭૬૯૫ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા વીજ સબ−સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે? | તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કુલ ૨ (બે) સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા. |

### છોટાઉદેપુર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૯૩૪ શ્રી ધીરુભાઈ ભીલ (સંખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને ઘર વપરાશ વીજ જોડાણો આપવા માટે ઝુંપડપટ્ટી વિજળીકરણ યોજના અંતર્ગત કેટલા વિજ જોડાણ આપવામાં આવ્યા,<br>(૨) ઉકત સ્થિતિએ કેટલા વિજજોડાણ આપવાના બાકી છે, અને<br>(૩) ઉકત વિજ જોડાણ પાછળ કુલ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી ? | (૧),(૨) અને (૩) ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને ઘર વપરાશના વીજ જોડાણ આપવા માટેની ''ઝૂંપડા વીજળીકરણ યોજના'' અંતર્ગત તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં રૂ.૩૬.૮૬ લાખનાં ખર્ચે ૨૬૭ વીજ જોડાણ આપવામાં આવ્યા અને ૧૭ વીજ જોડાણ આપવાના બાકી છે<br>છોટા ઉદેપુર જિલ્લાનાં સંખેડા સિવાયના તમામ તાલુકા આદિજાતિ વિસ્તાર પેટા યોજનામાં સમાવિષ્ટ હોઈ તેમાં ઝૂંપડા વીજળીકરણ યોજના નીચે કોઈ વીજ જોડાણ અપાયા નથી. |

### રાજકોટ તથા મોરબી જિલ્લામાં ખેડુત અકસ્માત મૃત્યુના કિસ્સા

* ૨૭૮૯૬ શ્રી ભોળાભાઈ ગોહેલ (જસદણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૧૨−૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન તાલુકો રાજકોટ તથા મોરબી જિલ્લામાં તાલુકાવાર ખેડૂત અકસ્માત

જવાબ

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | |
|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૫−૧૬ | વર્ષ ૨૦૧૬−૧૭ | કુલ |

મૃત્યુના કેટલા કિસ્સાઓ બન્યા, અને

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | રાજકોટ | ૧૨ | ૧૨ | ૨૪ |
| જિલ્લોઃ મોરબી | | | | |
| ૧ | મોરબી | ૧૩ | ૭ | ૨૦ |
| ૨ | માળીયા(મીં) | ૨ | ૨ | ૦૪ |
| ૩ | વાંકાનેર | ૬ | ૩ | ૦૯ |
| ૪ | ટંકારા | ૭ | ૫ | ૧૨ |
| ૫ | હળવદ | ૩ | ૫ | ૦૮ |
| | મોરબી કુલ | ૩૧ | ૨૨ | ૫૩ |

(૨) તે અન્વયે ઉકત તાલુકાવાર કેટલા કેસોમાં કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલા કેસોમાં કેટલી રકમ ઉકત સ્થિતિએ ચુકવવાની બાકી છે ?

(૨)

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર અરજી | | | ચૂકવેલ રકમ રૂ.લાખમા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૫-૧૬ | વર્ષ ૨૦૧૬-૧૭ | કુલ | વર્ષ ૨૦૧૫-૧૬ | વર્ષ ૨૦૧૬-૧૭ | કુલ |
| ૧ | રાજકોટ | ૯ | ૯ | ૧૮ | ૯.૦૦ | ૯.૦૦ | ૧૮.૦૦ |
| જિલ્લોઃ મોરબી | | | | | | | |
| ૧ | મોરબી | ૯ | ૫ | ૧૪ | ૯.૦૦ | ૫.૦૦ | ૧૪.૦૦ |
| ૨ | માળીયા(મીં) | ૧ | ૨ | ૩ | ૧.૦૦ | ૨.૦૦ | ૩.૦૦ |
| ૩ | વાંકાનેર | ૩ | ૦ | ૩ | ૩.૦૦ | ૦.૦૦ | ૩.૦૦ |
| ૪ | ટંકારા | ૩ | ૩ | ૬ | ૩.૦૦ | ૩.૦૦ | ૬.૦૦ |
| ૫ | હળવદ | ૨ | ૨ | ૪ | ૨.૦૦ | ૨.૦૦ | ૪.૦૦ |
| મોરબી કુલ | | ૧૮ | ૧૨ | ૩૦ | ૧૮.૦૦ | ૧૨.૦૦ | ૩૦.૦૦ |

ભાવનગર જિલ્લામાં કાર્યરત વીજસબ-સ્ટેશનો

* ૨૭૬૯૦ શ્રીમતી ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા વીજ સબ-સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા છે?

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં કુલ ૨ (બે) સબ સ્ટેશનો કાર્યરત કરવામાં આવ્યા.

રાજ્યમાં કપાસના ટેકાના ભાવો

* ૨૭૩૨૧ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડૂતોને રક્ષણ પુરૂ પાડવા રાજ્ય સરકારે કપાસના ટેકાના ભાવો વધારવા માટે ભારત સરકાર સમક્ષ ક્યારે ક્યારે દરખાસ્ત કે રજુઆત કરી, અને

(૨) તે અન્વયે કપાસના ટેકાના ભાવો વધારવા માટે ભારત સરકારે શો પ્રતિભાવ આપ્યો અને ઉકત સમયગાળામાં શા ટેકાના ભાવે કપાસની ખરીદી કરવામાં આવી,

જવાબ

(૧) વર્ષવાર કપાસના ટેકાના ભાવો વધારવા માટે રાજ્યના કૃષિ ભાવ પંચે કેન્દ્રના કૃષિ ભાવ પંચને કરેલ ભલામણની વિગત નીચે મુજબ છે.

| | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
|---|---|---|
| કપાસ પાક માટે ભલામણ કરેલ તારીખ | તા.૧૩-૦૧-૨૦૧૫ | તા.૦૮-૧૨-૨૦૧૫ |

(૨) કેન્દ્ર સરકારશ્રી દ્વારા કપાસ પાકોની વર્ષવાર જાહેર કરેલ ટેકાના ભાવની વિગત નીચે મુજબ છે. (Rs./Quintal)

| પાકનું નામ | વર્ષ (ખરીફ સીઝન) | |
|---|---|---|
| | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| (અ) લંબતારી કપાસ | ૪૧૦૦ | ૪૧૬૦ |
| (બ) મધ્યમતારી કપાસ | ૩૮૦૦ | ૩૮૬૦ |

આ સમયગાળામાં ૨૦૧૫-૧૬ ખરીફ સીઝન માટે ટેકાના

## અતારાંકિત પ્રશ્નો

જાહેર કરવામાં આવેલ હતું અને કપાસની જણસો મુજબ જાહેર થયેલા ટેકાના ભાવ ઉપરાંત આ બોનસ આપવામાં આવેલ અને કુલ ૨.૩૨ લાખ ક્વિન્ટલ કપાસની ખરીદી કરવામાં આવેલ.

### નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના

* ૨૮૩૪૯ શ્રી પિયુષભાઈ દેસાઈ (નવસારી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ કુલ ૧૧૩ અરજીઓ મળી. |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૬૬ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૩) એમ કુલ રૂ.૬૬.૦૦ લાખ સહાય ચુકવવામાં આવી. |

### પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ઉદ્દવહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવા બાબત

* ૨૭૩૫૮ ડૉ. મિતેષભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ખેતીલાયક કેટલી જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદ્દવહન પાઈપલાઈન દ્વારા સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે, અને | (૧) પંચમહાલ જિલ્લામાં કુલ ૭૩૬૫૩ હેકટરમાં અને દાહોદ જિલ્લામાં કુલ ૪૮૯૭૩ હેકટરમાં પાણી આપવામાં આવે છે. |
| (૨) ઉકત જિલ્લાવાર કેટલા હેકટર એરીયામાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી ? | (૨) પંચમહાલ જિલ્લામાં કુલ ૧૦૪૨૯૧ હેકટર અને દાહોદ જિલ્લામાં ૨૦૮૮૬૦ હેકટર. |

### સુરત જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય

* ૨૮૩૨૨ શ્રી ઈશ્વરભાઈ પરમાર (બારડોલી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં સુરત જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ? | (૨) રૂ.૬૪,૭૧,૮૩૫/– (ચોસઠ લાખ ઈકોતેર હજાર આઠસો પાંત્રીસ પુરા) |

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ

* ૨૭૦૭૬ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની મહીસાગર જિલ્લામાં ૪૧૯૦ અને પંચમહાલ જિલ્લામાં ૩૨૪૯ અરજીઓ પડતર છે. |
| (૨) ઉકત અરજીઓ પૈકી કેટલી અરજીઓ જિલ્લાવાર બે વર્ષ કરતા વધુ સમયથી પડતર છે, અને | (૨) તે પૈકી મહીસાગર જિલ્લામાં ૩૭૫ અને પંચમહાલ જિલ્લામાં ૩૯૮ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે. |
| (૩) ઉકત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે ? | (૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે. |

### પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોના આપઘાતના નોંધાયેલ કેસ

## અતારાંકિત પ્રશ્નો

* ૨૬૯૦૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિદ્ધપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને સાબરકાંઠા જિલ્લામાં ખેડૂતોના આપઘાતના કેટલા કેસો નોંધાયા ? | શૂન્ય. |

### સુરેન્દ્રનગર જિલ્લામાં કઠોળના બિયારણમાં સહાય

* ૨૮૩૩૭ શ્રીમતી વર્ષાબેન દોશી (વઢવાણ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન અંતર્ગત કઠોળનું કેટલુ બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૭૦૬.૩૭ કિવન્ટલ. |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાય ચુકવવામાં આવી ? | (૨) કુલ રૂ.૧૭,૬૫,૯૨૫/– |

### મહેસાણા જિલ્લામાં ખેત તલાવડી બનાવવા બાબત

* ૨૮૩૩૯ શ્રી રજનીકાંત પટેલ (બેચરાજી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં આઈ ખેડૂત પોર્ટલમાં ખેત તલાવડી બનાવવા માટે તા.૩૧–૧૨–૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલી અરજીઓ આવી, | (૧) ૬૦૬૧. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓમાં ખેત તલાવડીઓ બનાવવામાં આવી, અને | (૨) ૧૦૨૨. |
| (૩) ઉકત કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) રૂ.૫૨૪.૩૪ લાખ. |

### ભાવનગર જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂનાઓ

* ૨૮૩૨૭ શ્રી જીતેન્દ્રભાઈ વાઘાણી (ભાવનગર પશ્ચિમ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા, | (૧) ભાવનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાસાયણિક ખાતરના કુલ ૬૧૨ નમૂનાઓ લેવામાં આવ્યા. |
| (૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને | (૨) તે પૈકી ૫૯૮ નમુના પ્રમાણિત અને ૧૪ નમુના બિન પ્રમાણિત થયા અને |
| (૩) ઉકત બિનપ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા ? | (૩) ઉકત બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા. |

| અ.નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલા |
|---|---|---|
| ૧ | ૦૩ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૪ | વહીવટી પગલાં |
| ૩ | ૦૧ | રિ–એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૪ | ૦૬ | કાર્યવાહીમાં |

### રાજ્યમાં ગેસ આધારિત વીજમથકો

* ૨૬૮૧૮ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ક્યા ગેસ આધારિત રાજ્ય સરકાર હસ્તકના | (૧) એકપણ નહીં. વધુમાં, રાજ્યનાં તમામ વીજ મથકો હાલ વીજ |

સરકારી વીજ મથકો કે વીજ મથકોના ક્યા યુનીટો કેટલો સમય બંધ પડેલ અને તેના મુખ્ય કારણો શા છે, અને

ઉત્પાદન માટે ઉપલબ્ધ છે. પરંતુ, વીજ યુટિલીટીઓએ નામદાર વીજ આયોગના મેરીટ ઓર્ડર્સ રેગ્યુલેશનને અનુસરીને સૌથી સસ્તા બળતણ ખર્ચ ધરાવતાં વીજ મથકો પાસેથી વીજળીની ખરીદી કરવાની રહેતી હોવાથી અને ડોમેસ્ટિક ગેસનો પુરતો પુરવઠો ઉપલબ્ધ ન હોવાથી તથા સ્પોટ ગેસ પર ચલાવવામાં આવે તો મેરીટ ઓર્ડર્સમાં ન આવતા હોવાને કારણે આવા ગેસ આધારિત વીજમથકો આંશિક ક્ષમતાએ ચલાવવા પડે છે. તેમ છતાં, હાલમાં સ્થાપિત વીજ ક્ષમતામાંથી રાજ્યનાં તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પુરતો પુરવઠો આપી શકાય તેટલું વીજ ઉત્પાદન મેળવાઈ રહ્યું છે અને રાજ્યમાં હાલમાં લોડ શેડિંગ કે પાવર કટના પ્રશ્નો નથી.

(૨) ઉકત વીજ મથકો કાર્યરત થાય તે માટે સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) ઉકત વીજ મથકો કાર્યરત થાય તે માટે ગુજરાત સરકાર તથા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા ભારત સરકારના ઉર્જા મંત્રાલય, ખનીજતેલ અને કુદરતીવાયુ મંત્રાલય તથા સેન્ટ્રલ ઈલેક્ટ્રીસીટી ઓથોરીટી (CEA) ને, જુલાઈ–૨૦૧૩, જુન–૨૦૧૪, ઓગષ્ટ–૨૦૧૪ અને સપ્ટેમ્બર–૨૦૧૪ દરમ્યાન પત્રો લખીને ગેસ ફાળવવા માટે વિનંતી કરેલ. જેના અનુસંધાને, કેન્દ્ર સરકાર દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૫–૧૬ માં બંધ કે આંશિક રીતે બંધ પડેલ ગેસ આધારિત વીજ મથકોમાંથી વીજળીનું ઉત્પાદન થઈ શકે તે અંગે નવી ઈ–બીડ આર.એલ.એન.જી. (E-Bid RLNG) સ્કીમ દાખલ કરવામાં આવેલ. જેમાં ફેઝ–૧ અન્વયે રિવર્સ બીડીંગ ટેન્ડર પ્રક્રીયામાં ભાગ લેનાર અને યોગ્યતા ધરાવનાર એવા રાજ્ય સરકાર હસ્તકના બે ગેસ આધારિત વીજ મથકોને જુન–૨૦૧૫ થી સપ્ટેમ્બર–૨૦૧૫ દરમ્યાન ૦.૭૫ એમ.એમ.સી.એમ.ડી. ગેસના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ.

ઈ–બીડ આર.એલ.એન.જી. સ્કીમના બીજા ફેઝ અન્વયે ઓકટોબર–૨૦૧૫ થી માર્ચ–૨૦૧૬ દરમ્યાન રાજ્ય સરકાર હસ્તકના ચાર ગેસ આધારિત વીજ મથકોને ૧.૬૯ એમ.એમ.સી.એમ.ડી. ગેસના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૬–૨૦૧૭ દરમ્યાન પણ કેન્દ્ર સરકાર દ્વારા ફેઝ–૩ અને ફેઝ–૪ અંતર્ગત ઈ–બીડ આર.એલ.એન.જી. ગેસ ઓફર કરવામાં આવેલ પરંતુ, સદર ગેસથી ઉત્પાદિત થતી વીજળીની કિંમત જી.યુ.વી.એન.એલ. દ્વારા મેરિટ ઓર્ડર પ્રમાણે ખરીદ કરાતી વિજળીની મહત્તમ કિંમત કરતાં વધારે થતી હોવાથી જી.યુ.વી.એન.એલ. દ્વારા ફેઝ–૩ અને ફેઝ–૪ ની બીડિંગ પ્રક્રીયામાં ભાગ લેવામાં આવેલ ન હતો.

### કચ્છ જિલ્લામાં વિજ જોડાણની પડતર અરજીઓ

* ૨૭૭૮૯ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૦–૧–૨૦૧૭ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં વિજ જોડાણ મેળવવા અંગેની ખેડૂતોની કેટલી અરજીઓ પડતર છે ?

જવાબ

કચ્છ જિલ્લામાં તા.૩૦–૦૧–૨૦૧૭ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવાની ૧૦,૬૭૭ અરજીઓ પડતર છે.

### રાજ્યમાં એક જ મહેસૂલી ગામમાં બીજી દૂધ મંડળી નહીં નોંધવા બાબત

* ૨૮૧૦૦ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં એક જ મહેસૂલી ગામમાં બીજી દૂધ મંડળી નહીં નોંધવા સંદર્ભે સરકારે ક્યારે પરિપત્ર કરેલ, | (૧) તા.૦૫-૦૫-૨૦૧૫. |
| (૨) સદર પરિપત્ર સંદર્ભે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કોઈ અવલોકન કરવામાં આવેલ છે કે કેમ, | (૨) ના. |
| (૩) જો હા, તો હાઈકોર્ટના અવલોકન બાદ પરિપત્રમાં કોઈ સુધારો કરવામાં આવેલ છે, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉકત સ્થિતિએ એક જ મહેસૂલી ગામમાં બીજી દૂધ મંડળી નોંધણી કરવા સંદર્ભે શું સૂચનાઓ અમલમાં છે ? | (૪) રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળી, ગાંધીનગરની કચેરીના તા.૦૫-૦૫-૨૦૧૫ના પરિપત્ર મુજબ રાજ્યમાં એક જ મહેસૂલી ગામમાં બીજી દૂધ મંડળી નહીં નોંધવા બાબતેની સૂચનાઓ અમલમાં છે. |

### કચ્છ જિલ્લામાં ગામ તળાવ ઉંડા કરવાની કામગીરી

* ૨૮૩૧૮ શ્રી રમેશ મહેશ્વરી (ગાંધીધામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ગામ તળાવ ઉંડા કરવામાં આવ્યા, અને | (૧) ૫૬ તળાવો. |
| (૨) આ કામગીરી પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) રૂ.૨૪૪.૩૮ લાખ. |

### <#S B પાટણ જિલ્લામાં સોલાર હોમ લાઇટ ફાળવવા બાબત

* ૨૭૭૦૯ શ્રી નાગરજી ઠાકોર (રાધનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી સોલાર હોમ લાઇટ ફાળવવામાં આવેલ છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં પાટણ જિલ્લામાં ૮૪૯ સોલર હોમ લાઈટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) ઉકત ફાળવવામાં આવેલ સોલાર હોમ લાઈટમાંથી કેટલી હોમ લાઇટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે, અને | (૨) પાટણ જિલ્લામાં ફાળવવામાં આવેલ સોલાર હોમ લાઈટમાંથી ૭૨૦ હોમ લાઈટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે. |
| (૩) તેના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ? | (૩) જે માટે કુલ ખર્ચ રૂ.૩૦૨.૪ લાખ કરવામાં આવ્યો છે. |

### છોટાઉદેપુર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ

* ૨૭૭૧૧ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કેટલા કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં રૂ.૭૫૭૨.૫૯ લાખનાં ખર્ચે ૫૬૦૨ કૂવાઓનું વીજળીકરણ કરવામાં આવ્યું. |

### કેન્દ્ર સરકાર પાસેથી ખાનગી કંપનીઓ પાસેથી વીજળી ખરીદી બાબત

* ૨૭૭૪૫ શ્રી શૈલેષભાઈ પરમાર (દાણીલીમડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર પાસેથી અને ખાનગી કંપનીઓ પાસેથી કેટલી વીજળી શા ભાવે ખરીદી, | (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર અને ખાનગી કંપનીઓ પાસેથી લાંબા ગાળાના વીજ ખરીદ કરારો અંતર્ગત ખરીદવામાં આવેલ વીજળી તથા તેના સરેરાશ ભાવની વિગત નીચે મુજબ છે. |

| વિગત | ૨૦૧૫ | | ૨૦૧૬ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|
| | મી.યુ. | સરેરાશ ભાવ | મી.યુ. | સરેરાશ ભાવ |

| | | (રૂ./યુનિટ) | | (રૂ./યુનિટ) |
|---|---|---|---|---|
| કેન્દ્ર સરકાર | ૨૦૮૭૮ | ૨.૮૬ | ૨૨૮૯૧ | ૨.૮૬ |
| ખાનગી કંપનીઓ | ૩૨૦૦૯ | ૨.૮૧ | ૩૧૮૦૫ | ૨.૮૫ |

(૨) ઉકત ખાનગી કંપનીઓ પાસેથી વીજ ખરીદીના મુખ્યત્વે કારણો શું છે,

(૨) સમગ્ર દેશની વધતી જતી વીજ માંગને અનુલક્ષીને વીજ ઉત્પાદનમાં ખાનગી સાહસોના મૂડી રોકાણને પ્રોત્સાહન આપવાની કેન્દ્ર સરકારની નીતિ તેમજ તે અન્વયે ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ માં થયેલ જોગવાઈઓ અને કેન્દ્ર સરકારની નેશનલ ટેરીફ પોલીસી ૨૦૦૬ ની માર્ગદર્શિકાને અનુરૂપ રહીને રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને પર્યાપ્ત વીજ પૂરી પાડી શકાય તે ધ્યાનમાં રાખીને વિવિધ સ્ત્રોતો મારફત વીજ ખરીદવામાં આવે છે. તદ્ ઉપરાંત સેન્ટ્રલ ઈલેકટ્રીસીટી ઓથોરીટી (સી.ઈ.એ.) ના સર્વેના આધારે રાજ્યની લાંબાગાળાની વીજ જરૂરિયાત તેમજ તમામ પ્રકારના ગ્રાહકોની વીજ માંગ ધ્યાનમાં રાખીને, નામદાર વીજ નિયમન આયોગની મંજુરી મેળવીને લાંબાગાળાના વીજ ખરીદી કરારો કરવામાં આવે છે અને જે તે સમયની વીજ માંગ તેમજ વીજ મથકોની માલિકીને નહી, પરંતુ સૌથી સસ્તા બળતણ ખર્ચના ભાવના ક્રમ મુજબ વીજ ખરીદી કરવા અંગેના નામદાર વીજ નિયમન આયોગના નિર્દેશ મુજબ, વીજ માંગ સંતોષાય ત્યાં સુધીની વીજ ખરીદી કરવામાં આવે છે.

(૩) કેન્દ્ર સરકાર પાસેથી વધુ વીજળી ખરીદવા રાજ્ય સરકારે શું પગલાં લીધા,

(૩) છેલ્લા ૨ વર્ષમાં કેન્દ્ર સરકારના વીજ મથકોમાંથી ગુજરાત રાજ્યને વધારાનો ૯૩ મે.વો. વીજ ક્ષમતાનો હિસ્સો ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત, આવનારા ૨ વર્ષમાં ૫૭૪ મે.વો. વીજ ક્ષમતાનો વધારો થવાનું આયોજન છે.

ઉલ્લેખનીય છે કે વીજળીની ખરીદી વીજમથકોની માલિકીને ધ્યાનમાં રાખીને નહિ, પરંતુ સૌથી સસ્તા બળતણ ખર્ચ મુજબ વીજ માંગ પૂરી થાય તે પુરતી કરવામાં આવે છે.

(૪) ઉકત વીજ ખરીદીથી સરકારને ઉકત સ્થિતિએ કુલ કેટલી રકમનું વર્ષવાર ભારણ થયેલ છે ?

(૪) ઉકત વીજ ખરીદીથી સરકારને ઉકત સ્થિતિએ થયેલ વર્ષવાર ભારણની વિગત નીચે મુજબ છે.

(રૂ.કરોડ)

| વિગત | ૨૦૧૫ | ૨૦૧૬ (પ્રોવિઝનલ) |
|---|---|---|
| કેન્દ્ર સરકાર | ૫૯૬૯ | ૬૫૫૧ |
| ખાનગી કંપનીઓ | ૯૦૧૦ | ૯૦૭૦ |

## મહેસાણા જિલ્લામાં જમીનનું ધોવાણ અટકાવવા સંરક્ષણ દિવાલો બનાવવાનું આયોજન

* ૨૮૦૫૨ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં જમીનનું ધોવાણ અટકાવવા માટે સંરક્ષણ દિવાલો બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે,

(૧) જમીન ધોવાણ અટકાવતી દિવાલો

| ગામતળની જમીન અને જાહેર મિલ્કતોને પુરથી સંરક્ષણ આપવા સંરક્ષણ દિવાલો બનાવવાનું આયોજન | | જમીનનું ધોવાણ અટકાવવા કાંઠા ધોવાણ અટકાવતી દિવાલો બનાવવાનું આયોજન | |
|---|---|---|---|
| તાલુકો | ગામની સંખ્યા | તાલુકો | ગામની સંખ્યા |
| કડી | ૦૪ | બેચરાજી | ૦૧ |

| | | | |
|---|---|---|---|
| વિસનગર | ૦૧ | કુલ | ૦૧ |
| કુલ | ૦૫ | | |

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે તાલુકાવાર કયા ગામોમાં સંરક્ષણ દિવાલો બનાવેલ છે અને કયા ગામોમાં બનાવવાની બાકી છે, અને

(૨) પત્રક–૧ મુજબ.

(૩) ઉક્ત બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

(૩) પત્રક–૨ મુજબ.

પત્રક–૧

| ગામતળની જમીન અને જાહેર મિલ્કતોને પુરથી સંરક્ષણ આપવા સંરક્ષણ દિવાલો | | જમીનનું ધોવાણ અટકાવવા કાંઠા ધોવાણ અટકાવતી દિવાલો | | |
|---|---|---|---|---|
| કામો હાથ ધરવાની પ્રક્રિયા ચાલુ છે. | | કામ પ્રગતિ હેઠળ છે. | | |
| તાલુકો | ગામનું નામ | ક્રમ | તાલુકો | ગામ |
| કડી | ઘુમાસણ | ૧ | બેચરાજી | મોટપ |
| | ઝુલાસણ | | કુલ | ૦૧ |
| | વામજ | | | |
| | સેંદ્રાણા | | | |
| વિસનગર | ઉમતા | | | |
| કુલ | ૦૫ | | | |

પત્રક–૨

| ગામતળની જમીન અને જાહેર મિલ્કતોને પુરથી સંરક્ષણ આપવા સંરક્ષણ દિવાલો પૂર્ણ કરવાનું આયોજન | | | જમીનનું ધોવાણ અટકાવવા કાંઠા ધોવાણ અટકાવતી દિવાલો પૂર્ણ કરવાનું આયોજન | | |
|---|---|---|---|---|---|
| તાલુકો | ગામનું નામ | પૂર્ણ કરવાનું આયોજન | તાલુકો | ગામનું નામ | પૂર્ણ કરવાનું આયોજન |
| તાલુકો | ઘુમાસણ | જુલાઈ–૨૦૧૭ | બેચરાજી | મોટપ | માર્ચ–૨૦૧૭ |
| | ઝુલાસણ | | | | |
| | વામજ | | | | |
| | સેંદ્રાણા | | | | |
| વિસનગર | ઉમતા | | | | |
| કુલ | ૦૫ | | | | |

## અરવલ્લી જિલ્લામાં જ્યોતિગ્રામ યોજનામાં પડતર અરજીઓ

* ૨૮૧૩૭ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર જ્યોતિગ્રામ યોજનામાં કનેક્શન માટેની કેટલી અરજીઓ પડતર છે,

જવાબ

જ્યોતિગ્રામ યોજનાનો હેતુ રાજ્યનાં સમગ્ર ગ્રામ્ય વિસ્તાર અને પેટાપરાઓમાં રહેણાંક, વાણિજ્યિક અને ઔદ્યોગિક વીજ જોડાણો માટે ફીડરોનું વિભાજન કરી આ માટેના અલગ ફીડરો દ્વારા ૨૪ (ચોવીસ) કલાક સતત થ્રી ફેઝ વીજ પુરવઠો પૂરો પાડવાનો તેમજ સાથે સાથે કૃષિ વિષયક પ્રવૃત્તિ માટે પણ ઉચ્ચ ગુણવત્તાવાળો વીજ પુરવઠો કૃષિ ફીડરો પરથી પૂરો પાડવાનો છે.

અરવલ્લી જિલ્લામાં તા. ૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ વીજ જોડાણ મેળવવા માટેની તાલુકાવાર પડતર અરજીઓ નીચે મુજબ છે.

| તાલુકો | તા. ૩૧–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ પડતર અરજીઓ | | |
|---|---|---|---|
| | નાણા ભરાયેલ પડતર | નાણા ભરવાના બાકી હોય તેવી પડતર અરજીઓ | કુલ |

| | અરજીઓ | | |
|---|---|---|---|
| બાયડ | ૩ | ૬૪ | ૬૭ |
| ભિલોડા | ૧૯ | ૮૬ | ૧૦૫ |
| ધનસુરા | ૧ | ૧૮ | ૧૯ |
| માલપુર | ૭ | ૬૦ | ૬૭ |
| મેઘરજ | ૩૫ | ૩૧ | ૬૬ |
| મોડાસા | ૩૪ | ૫૬ | ૯૦ |

શહેરા તાલુકામાં પાનમ હાઈ લેવલ કેનાલનું પૂર્ણ કામ

* ૨૮૨૧૫ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ શહેરા તાલુકામાં પાનમ હાઈલેવલ કેનાલ કયા વર્ષમાં કેટલા ખર્ચે મંજૂર થયેલ અને કયા વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન કરેલ, અને

(૨) ઉક્ત સ્થિતિ સુધીમાં ઉક્ત નહેર માટે કેટલી જમીન સંપાદન કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) પાનમ હાઈલેવલ કેનાલ યોજના માટે વર્ષ ૨૦૦૪ માં રૂ. ૧૩૦.૭૧ કરોડની મુળ વહીવટી મંજુરી અને વર્ષ ૨૦૧૨ માં રૂ. ૨૪૦.૫૨ કરોડની સુધારેલ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. મૂળ આયોજન મુજબ સદર યોજના વર્ષ ૨૦૦૬ માં પૂર્ણ કરવાની હતી.

(૨) કુલ ૧૧૭.૫૦૯ હેક્ટર જમીન સંપાદન કરવામાં આવેલ છે.

અમદાવાદ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજના લાભાર્થી

* ૨૮૩૩૫ શ્રી કિશોરસિંહ ચૌહાણ (વેજલપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭ માં કોલ્ડ સ્ટોરેજ બનાવવા માટે અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

જવાબ

૩ લાભાર્થી રૂ. ૨,૩૪,૦૯,૮૦૦/– (રૂપિયા બે કરોડ ચોત્રીસ લાખ નવ હજાર આઠસો પુરા)

બનાસકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાયની અરજીઓ

* ૨૮૦૧૭ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં સન–૨૦૧૬ માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળેલ છે,

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તે

જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં સન ૨૦૧૬ માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કુલ ૪૩૦૬ અરજીઓ સરકારને મળેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમીરગઢ | ૫૨ |
| ૨ | કાંકરેજ | ૧૯૬ |
| ૩ | ડીસા | ૩૭૩ |
| ૪ | થરાદ | ૮૭૦ |
| ૫ | દાંતા | ૧૨૭ |
| ૬ | દાંતીવાડા | ૧૯૮ |
| ૭ | દિયોદર | ૨૪૭ |
| ૮ | ધાનેરા | ૩૦૫ |
| ૯ | પાલનપુર | ૨૫૪ |
| ૧૦ | ભાભર | ૧૦૫ |
| ૧૧ | લાખાણી | ૨૩૬ |
| ૧૨ | વડગામ | ૭૭૬ |
| ૧૩ | વાવ | ૪૫૮ |
| ૧૪ | સુઈગામ | ૧૦૯ |
| કુલ | | ૪૩૦૬ |

(૨) તે પૈકી કુલ ૨૯૫૪ અરજીઓ મંજુર કરી, કુલ ૬૯૬

પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા ખેડૂતોને તાલુકાવાર કેટલી સહાય ચુકવવામાં આવી,

ખેડૂતોને રૂ. ૩૩૭.૮૦ લાખની સહાય ચુકવવામાં આવી. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬ (તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|
| | | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | સહાય માંગણી માટે મળેલ અરજીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ. લાખમાં) |
| ૧ | અમીરગઢ | ૩૩ | ૮ | ૩.૯૦ |
| ૨ | કાંકરેજ | ૧૩૨ | ૪૧ | ૧૯.૯૫ |
| ૩ | ડીસા | ૨૫૮ | ૬૭ | ૩૩.૯૦ |
| ૪ | થરાદ | ૬૦૦ | ૧૫૪ | ૭૨.૪૫ |
| ૫ | દાંતા | ૮૬ | ૨૯ | ૧૩.૦૫ |
| ૬ | દાંતીવાડા | ૧૩૩ | ૪૫ | ૨૩.૭૦ |
| ૭ | દિયોદર | ૧૭૪ | ૪૦ | ૨૦.૫૫ |
| ૮ | ધાનેરા | ૨૧૦ | ૬૭ | ૩૨.૪૦ |
| ૯ | પાલનપુર | ૧૭૬ | ૩૭ | ૧૮.૧૫ |
| ૧૦ | ભાભર | ૭૧ | ૧૮ | ૯.૪૫ |
| ૧૧ | લાખાણી | ૧૬૦ | ૧૯ | ૧૦.૨૦ |
| ૧૨ | વડગામ | ૫૩૧ | ૧૦૭ | ૫૦.૭૦ |
| ૧૩ | વાવ | ૩૧૬ | ૪૭ | ૨૧.૪૫ |
| ૧૪ | સુઈગામ | ૭૪ | ૧૭ | ૭.૯૫ |

(૩) તે પૈકી કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના શા કારણો છે, અને

(૩) તે પૈકી ૨૭ અરજીઓ નામંજુર કરવામાં આવી.
કારણઃ- ઠરાવની જોગવાઈઓ મુજબ નિયમાનુસાર ટ્રેક્ટર ખરીદી કરવામાં આવેલ ન હોઈ, અરજીઓ ના મંજુર કરેલ છે.

(૪) ઉક્ત સ્થિતિએ બાકી તમામ પડતર અરજીઓમાં સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૪) ઉક્ત સ્થિતિએ બાકી તમામ મંજુરી આપેલ અરજીઓ પૈકી લાભાર્થી તરફથી ખરીદી બાદ સહાય માટે દરખાસ્ત મળ્યેથી નિયમાનુસાર ચુકવવાપાત્ર કિસ્સાઓમાં શક્ય તેટલી વહેલી સહાય ચુકવવામાં આવનાર છે.

### અમદાવાદ જિલ્લામાં પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ માટે સહાય

* ૨૮૨૬૪ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ અને ૨૦૧૫-૧૬ દરમ્યાન અમદાવાદ જિલ્લાની કેટલી પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓને ધિરાણ અને થાપણ વૃદ્ધિ માટે કેટલી રકમ સહાય તરીકે ચુકવવામાં આવી ?

જવાબ

નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫

| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃદ્ધિ સહાય રૂ. | થાપણ વૃદ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
|---|---|---|---|
| ૮ | ૪,૦૦,૦૦૦/- | --- | ૪,૦૦,૦૦૦/- |

નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬

| લાભાર્થી મંડળીની કુલ સંખ્યા | ધિરાણ વૃદ્ધિ સહાય રૂ. | થાપણ વૃદ્ધિ સહાય રૂ. | કુલ સહાય રૂ. |
|---|---|---|---|
| ૧૨ | ૫,૧૩,૪૦૦/- | ૩૦,૦૦૦/- | ૫,૪૩,૪૦૦/- |

### તાપી અને વલસાડ જિલ્લામાં ઉદવહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવા બાબત

* ૨૬૯૭૦ શ્રી પૂનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં ખેતી લાયક કેટલી જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદવહન પાઈપલાઈન દ્વારા પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત જિલ્લાવાર કેટલા હેક્ટર જમીનમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ તાપી જિલ્લામાં કુલ ૩૭,૨૩૯ હેક્ટર અને વલસાડ જિલ્લામાં ૬૭,૬૫૧ હેક્ટર વિસ્તારમાં કેનાલ અને ઉદવહન પાઈપલાઈન દ્વારા પાણી આપવામાં આવે છે.

(૨) તાપી અને વલસાડ જિલ્લામાં અનુક્રમે ૧,૫૪,૧૬૧ હેક્ટર અને ૯૨,૬૪૯ હેક્ટરનો કેનાલ કે ઉદવહન સિંચાઈ યોજનાઓના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થતો ન હોઈ, સિંચાઈનું પાણી આપી શકાતું નથી, પરંતુ ઉપરોક્ત વિસ્તાર પૈકીના વિસ્તારમાં ખાનગી પાતાળકૂવા, ખાનગી કૂવા તથા ચેકડેમો મારફતે સિંચાઈ થતી હોય છે.

<p a g e ડીસા તાલુકામાં ચેકડેમો તળાવો ખોદી ઉંડા કરવા બાબત

* ૨૭૦૨૮ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડીસા તાલુકામાં કેટલા ચેક્ડેમો તળાવો ખોદી ઉંડા ક્રવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) ૨૮ તળાવો
ચેકડેમો - શુન્ય

(૨) રૂ. ૧૮૨.૯૧ લાખ

વલસાડ જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો

* ૨૮૩૩૦ શ્રી કનુભાઈ દેસાઈ (પારડી) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલી ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલા ખેડૂતોએ લાભ લીધો અને તે પાછળ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) નીચે મુજબ કુલ-૫ ખેડૂત તાલીમ શિબિરો યોજવામાં આવી.

| ક્રમ | તાલુકાનું નામ | તાલીમ શિબિરની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૧ |
| ૨ | પારડી | ૨ |
| ૩ | વાપી | ૧ |
| ૪ | કપરાડા | ૧ |

(૨) તે અન્વયે કુલ ૧૫૦ ખેડૂતોએ લાભ લીધો અને તે પાછળનો ખર્ચ રૂ. ૦.૭૦ લાખ થયેલ છે.

કપડવંજ તાલુકામાં ભુગર્ભ જળ વધારવા અને તળાવ ભરવાની કાર્યવાહી

* ૨૭૦૦૯ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ ખેડા જીલ્લામાં કપડવંજ તાલુકામાં એચ.આઈ.પી.સી.એલ. દ્વારા ભુંગળીયા ચેકડેમ બનાવેલ છે છતાં ભુગર્ભ જળ વધારવા અને તળાવો ભરવાની કોઈ કાર્યવાહી થઈ નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત તાલુકામાં ઉક્ત કાર્યવાહી કેટલા સમયમાં કરવામાં આવશે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

આણંદ જીલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત

* ૨૮૦૭૯ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ઉંડા કરવામાં આવેલ તળાવોની વિગતો નીચે મુજબ છે.

| અનુ. | તાલુકો | તાલુકાવાર ઉંડા કરવામાં |
|---|---|---|

| | | આવેલ તળાવોની સંખ્યા |
|---|---|---|
| ૧ | પેટલાદ | ૬ |
| ૨ | સોજીત્રા | ૫ |
| ૩ | બોરસદ | ૨ |
| ૪ | ખંભાત | ૫ |
| ૫ | આણંદ | ૨ |
| ૬ | આંકલાવ | ૧ |
| ૭ | ઉમરેઠ | ૨ |
| | કુલ | ૨૩ |

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો? (૨) રૂ. ૪૬.૯૧ લાખ

મહેસાણા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના

* ૨૮૩૩૪ શ્રી નારણભાઈ પટેલ (ઉંઝા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં ખાતેદાર ખેડૂત અકસ્માત વીમા યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી અરજીઓ મળી, | (૧) કુલ ૨૮૧ અરજીઓ મળી. |
| (૨) તે અંતર્ગત કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) કુલ ૧૩૦ અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (૩) તે અન્વયે કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) કુલ રૂ. ૧૨૮.૦૦ લાખ સહાય ચૂકવવામાં આવી. |

દહેગામ તાલુકામાં ખાતરીબા વહેરાનું પાણી છોડવા બાબત

* ૨૭૮૧૬ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દહેગામ તાલુકામાં ખાતરીબા વહેરાનું પાણી કયા કારણોસર છોડવામાં આવતું નથી અને આ પાણી કેટલા સમયમાં છોડવામાં આવશે? | કડાણા જળાશય યોજનામાંથી પાણીની ઉપલબ્ધી પ્રમાણે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાંથી ખાત્રીબા વહેરામાં પ્રતિ વર્ષ ખરીફ તથા રવિ સીઝનમાં ૧૦ થી ૨૦ ક્યુસેકસ પાણી છોડવામાં આવે છે. |

વલસાડ જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત

* ૨૭૩૯૨ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલા ખેડૂતોને કૃષિ વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવ્યા, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૫ ખેડૂતો, વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૩ ખેડૂતો અને વર્ષ ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૨૦૧૬ અંતિત)માં ૩૩૬ ખેડૂતોને કૃષિ વીજ જોડાણ માટે સોલાર પંપ ફાળવવામાં આવ્યા છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ બાકી રહેતા ખેડૂતોને કેટલા સમયમાં સોલાર પંપ ફાળવવામાં આવશે? | (૨) બાકી રહેતા ખેડૂતોને આગામી નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮માં નાણાકીય જોગવાઈ પ્રમાણે સોલાર પંપની ફાળવણીનું આયોજન છે. |

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા ગોડાઉન બનાવવાની દરખાસ્તો

* ૨૭૪૨૩ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર (ઉત્તર)) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિવિધ સહકારી મંડળીઓ દ્વારા મકાન તેમજ ગોડાઉન બનાવવા માટે કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે?

જવાબ

| જિલ્લો | મકાન માટે દરખાસ્ત | ગોડાઉન માટેની દરખાસ્ત |
|---|---|---|
| જામનગર | ૦ | ૧૦ |
| દેવભૂમિ દ્વારકા | ૦ | ૭ |

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## અતારાંકિત પ્રશ્નો

### ખેડા જિલ્લામાં ઉદ્ધવહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવા બાબત

* ૨૭૧૬૨ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ખેડા જીલ્લામાં ખેતીલાયક કેટલી જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદ્ધવહન પાઈપલાઈન દ્વારા પુરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે, અને | (૧) ખેડા જીલ્લામાં કેનાલ દ્વારા ૧,૪૭,૬૩૨ હેકટર, ઉદ્ધવહન પાઈપલાઈન દ્વારા ૪૦ હેકટર અને પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા ૩૫૬૫ હેકટર મળી કુલ ૧,૫૧,૨૩૭ હેકટરમાં પાણી આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત જીલ્લામાં કેટલા હેકટર એરિયામાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી? | (૨) કુલ ૧,૫૩,૪૩૨ હેકટર એરિયામાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી. |

### તાપી જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય

* ૨૮૩૨૦ શ્રી કાન્તીલાલભાઈ ગામીત (નિઝર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ઘનિષ્ઠ ખેતીથી વાવેલા ફળપાકો માટે બાગાયત ખાતા દ્વારા સહાય આપવામાં આવે છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં તાપી જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે? | (૨) રૂ. ૨૦,૮૮,૧૧૩/– (વીસ લાખ અઠ્યાસી હજાર એકસો તેર રૂપિયા) |

### અમરેલી જિલ્લામાં જળાશયોમાં પાણી ભરવા કરેલ ખર્ચ

* ૨૮૧૫૨ શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૦–૦૧–૨૦૧૭ની સ્થિતિએ રાજ્યમાં જળાશયોને પાણીથી ભરવા માટે સૌની યોજના ક્યારે અમલમાં મૂકી, | (૧) વર્ષ ૨૦૧૪ |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ યોજનામાંથી અમરેલી જિલ્લામાં કેટલા જળાશયો પૈકી કયા જળાશયોમાં કેટલા ખર્ચે કેટલું પાણી ભરવામાં આવ્યું, | (૨) શૂન્ય |
| (૩) ઉક્ત યોજનામાંથી ઉક્ત જિલ્લાના કેટલા ગામોને કેવો ફાયદો થયો, અને | (૩) શૂન્ય |
| (૪) ઉક્ત જિલ્લામાં તમામ જળાશયો ક્યારે ભરવાનું સરકારનું આયોજન છે? | (૪) તબક્કાવાર કામગીરી હાથ ધરી અમરેલી જિલ્લાના ૧૦ જળાશયો ભરવાનું આયોજન છે. |

### સાબરકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવાની અરજીઓ

* ૨૮૦૬૮ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવા માટે તાલુકાવાર કેટલા ખેડુતોની અરજી મળી,

જવાબ

(૧) કુલ ૫૯૧૨ ખેડુતોની અરજીઓ મળી. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ (તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ) | |
| ૧ | ઈડર | ૬૭૪ | ૯૧૬ | ૧૫૯૦ |
| ૨ | ખેડબ્રહ્મા | ૩૪૧ | ૩૩૪ | ૬૭૫ |
| ૩ | તલોદ | ૩૮૨ | ૩૫૫ | ૭૩૭ |
| ૪ | પ્રાંતિજ | ૩૨૦ | ૪૪૨ | ૭૬૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫ | પોશીના | ૫ | ૯ | ૧૪ |
| ૬ | વડાલી | ૩૨૬ | ૫૩૨ | ૮૫૮ |
| ૭ | વિજયનગર | ૨૯ | ૫૫ | ૮૪ |
| ૮ | હિંમતનગર | ૫૨૦ | ૬૭૨ | ૧૧૯૨ |
| | | ૨૫૯૭ | ૩૩૧૫ | ૫૯૧૨ |

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી મંજુર કરી કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને

(૨) તે પૈકી તાલુકાવાર કુલ ૪૫૦૮ અરજી મંજુર કરી, તે પૈકી ૧૮૬૨ અરજીઓનું રૂ. ૮૯૬.૪૦ લાખની રકમની સહાય ચુકવવામાં આવી, જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | ચુકવવાપાત્ર સહાય માંગણી માટે મળેલ અરજીઓની સંખ્યા | સહાય ચુકવણું કરેલ અરજીઓની સંખ્યા | ચુકવવામાં આવેલ સહાયની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| | ઈડર | ૧૧૮૩ | ૫૨૨ | ૫૨૨ | ૨૫૪.૭૦ |
| | ખેડબ્રહ્મા | ૫૪૦ | ૨૨૦ | ૨૨૦ | ૧૦૪.૧૦ |
| | તલોદ | ૫૮૧ | ૧૯૫ | ૧૯૫ | ૯૩.૩૦ |
| | પ્રાંતિજ | ૫૭૧ | ૨૩૮ | ૨૩૮ | ૧૧૨.૯૫ |
| | પોશીના | ૧૪ | ૦ | ૦ | ૦.૦૦ |
| | વડાલી | ૬૩૨ | ૨૭૮ | ૨૭૮ | ૧૩૩.૮૦ |
| | વિજયનગર | ૮૪ | ૪૫ | ૪૫ | ૨૨.૯૫ |
| | હિંમતનગર | ૯૦૩ | ૩૬૪ | ૩૬૪ | ૧૭૪.૬૦ |
| | | ૪૫૦૮ | ૧૮૬૨ | ૧૮૬૨ | ૮૯૬.૪૦ |

(૩) ઉક્ત સ્થિતિએ બાકી સહાયની રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવશે?

(૩) ઉક્ત સ્થિતિએ સહાય ચુકવવાપાત્ર તમામ ૧૮૬૨ અરજીઓમાં સહાય ચુકવણી કરવામાં આવેલ છે. તેથી બાકી સહાય ચુકવણીનો પ્રશ્ન નથી.

## છોટાઉદેપુર જિલ્લામાં વેલાવાળા શાકભાજીના વાવેતર માટે ઓનલાઈન અરજીઓ

* ૨૭૦૬૮ શ્રી મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૧૫–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર

(૧)

| તાલુકાનું નામ | તા. ૧૫–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા |
|---|---|

જિલ્લામાં તાલુકાવાર વેલાવાળા શાકભાજીના વાવેતર માટે કેટલા ખેડૂતોએ ઓનલાઈન અરજી કરી, અને

| | બે વર્ષની આવેલ ઓનલાઈન અરજીઓની સંખ્યા |
|---|---|
| ક્વાંટ | ૨૫૪૫ |
| છોટાઉદેપુર | ૨૮૭ |
| જેતપુરપાવી | ૨૯૭૩ |
| નસવાડી | ૬૬૯ |
| બોડેલી | ૬૩૨ |
| સંખેડા | ૧૮૨ |
| કુલ | ૭૨૮૮ |

(૨) તે પૈકી કેટલા ખેડૂતોની તાલુકાવાર અરજીઓ મંજૂર કરી અને કેટલી રકમ ચૂકવી અને તે પૈકી કેટલી અરજીઓ નામંજુર કરી તથા તેના મુખ્યત્વે કારણો શા છે?

(૨)

| તાલુકાનું નામ | મંજુર થયેલ અરજીની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ | નામંજુર કરેલ અરજીઓની સંખ્યા | અરજી નામંજુર કરવાના કારણો |
|---|---|---|---|---|
| ક્વાંટ | ૧૦૦૧ | ૧૫૦૫૩૭૦૦ | ૩૪૭ | પુરતા સાધનીક કાગળો ન હોવા, VAT /GST વગરના બીલો, ધારાધોરણ પ્રમાણે બનેલ ના હોઈ વિગેરે તથા ચાલુ વર્ષે (વર્ષ ૨૦૧૬-૧૭) ચુકવણાની પ્રક્રિયા ચાલુ છે જે માર્ચ ૨૦૧૭ સુધીમાં ચુકવવામાં આવશે. |
| છોટાઉદેપુર | ૯૭ | ૧૭૮૨૦૯૦ | ૧૪૧ | |
| જેતપુરપાવી | ૧૫૮૫ | ૨૩૭૫૧૪૫૧ | ૩૮૮ | |
| નસવાડી | ૪૦૭ | ૮૪૯૮૩૬૦ | ૧૭૨ | |
| બોડેલી | ૩૨૯ | ૯૦૬૭૫૦૦ | ૨૦૪ | |
| સંખેડા | ૧૨૩ | ૨૯૦૨૪૬૦ | ૩૭ | |
| કુલ | ૩૫૪૨ | ૬૧૦૫૫૫૬૧ | ૧૨૮૯ | |

રાજકોટ જિલ્લામાં કઠોળ યોજના હેઠળ સહાય

* ૨૮૩૪૮ શ્રી જયરાજસિંહ જાડેજા (ગોંડલ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં નેશનલ ફુડ સિક્યુરીટી મિશન કઠોળ યોજના હેઠળ કેટલું બિયારણ સહાયથી વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) ૨૯૭૯.૭૦ ક્વિન્ટલ |
| (૨) તે અન્વયે કુલ કેટલી સહાયની રકમ ચુકવવામાં આવી ? | (૨) કુલ રૂ. ૭૪,૪૯,૦૦૦/- |

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ખેત વિષયક વિજ જોડાણની પડતર અરજીઓ

* ૨૬૮૪૪ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે, | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની પંચમહાલ જિલ્લામાં ૩૨૪૯ અને મહીસાગર જિલ્લામાં ૪૧૯૦ અરજીઓ પડતર છે. |
| (૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ જિલ્લાવાર બે વર્ષ કરતા વધુ સમયથી પડતર છે, અને | (૨) તે પૈકી પંચમહાલ જિલ્લામાં ૩૯૮ અને મહીસાગર જિલ્લામાં ૩૭૫ અરજીઓ બે વર્ષ કરતાં વધુ |

(૩) ઉક્ત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજ જોડાણ આપવામાં આવશે?

સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કષિ વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

જુનાગઢ જિલ્લામાં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની અરજીઓ

* ૨૬૭૭૬ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જુનાગઢ જિલ્લામાં સન ૨૦૧૬માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળેલ છે,

જવાબ

(૧) જુનાગઢ જિલ્લામાં સન ૨૦૧૬માં ટ્રેક્ટર ખરીદીમાં સહાય મેળવવાની કુલ ૩૬૪૪ અરજીઓ સરકારને મળેલ છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ખેડૂતો તરફથી મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | કેશોદ | ૪૭૯ |
| ૨ | જુનાગઢ | ૩૨૨ |
| ૩ | જુનાગઢ સીટી | ૧૨ |
| ૪ | ભેસાણ | ૪૫૬ |
| ૫ | મેંદરડા | ૨૮૧ |
| ૬ | માંગરોળ | ૪૯૭ |
| ૭ | માણાવદર | ૩૮૬ |
| ૮ | માળીયા | ૫૮૮ |
| ૯ | વંથલી | ૩૧૩ |
| ૧૦ | વિસાવદર | ૩૧૦ |
| | કુલ | ૩૬૪૪ |

(૨) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરી કેટલા ખેડુતોને તાલુકાવાર કેટલી રકમની સહાય ચુકવવામાં આવી, અને

(૨) તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ તે પૈકી કુલ ૧૩૯૭ અરજીઓ મંજુર કરી કુલ ૨૫૦ ખેડૂતોને કુલ રૂ. ૧૧૫.૦૫ લાખની સહાય ચુકવવામાં આવી છે. જેની તાલુકાવાર વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૬ (તા. ૩૧–૧૨–૧૬ની સ્થિતિએ) | | |
|---|---|---|---|---|
| | | મંજુર કરેલ અરજીઓની સંખ્યા | સહાય માંગણી માટે મળેલ અરજીઓની સંખ્યા | ચુકવેલ સહાયની રકમ (રૂ. લાખમાં) |
| ૧ | કેશોદ | ૧૫૫ | ૪૧ | ૧૯.૬૫ |
| ૨ | જુનાગઢ | ૧૫૩ | ૧૯ | ૮.૫૫ |
| ૩ | જુનાગઢ સીટી | ૧૨ | ૦ | ૦.૦૦ |
| ૪ | ભેસાણ | ૧૫૫ | ૨૦ | ૯.૦૦ |
| ૫ | મેંદરડા | ૧૫૩ | ૧૮ | ૮.૨૫ |
| ૬ | માંગરોળ | ૧૫૫ | ૩૦ | ૧૪.૧૦ |
| ૭ | માણાવદર | ૧૫૩ | ૨૬ | ૧૧.૭૦ |
| ૮ | માળીયા | ૧૫૫ | ૪૦ | ૧૮.૪૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | વંથલી | ૧૫૩ | ૧૫ | ૬.૭૫ |
| ૧૦ | વિસાવદર | ૧૫૩ | ૪૧ | ૧૮.૬૦ |
| | કુલ | ૧૩૯૭ | ૨૫૦ | ૧૧૫.૦૫ |

(૩) કેટલી અરજીઓ ના મંજુર કરવામાં આવી અને તેના મુખ્યત્વે શા કારણો છે?

(૩) કુલ ૧૫ અરજીઓ ના મંજુર કરવામાં આવી કારણઃ ખેડુતો દ્વારા અગાઉના વર્ષમાં સહાયનો લાભ લીધેલ છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખુલ્લા વાયર તથા ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોના લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૨૮૦૨૦ શ્રી મેરામણભાઈ આહીર (ખંભાલીયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) દેવભૂમિ દ્વારાકા જીલ્લામાં સન–૨૦૧૬ ના વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેકટ્રીક સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

જવાબ

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોને કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઈંસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, પશ્ચિમ ગુજરાત વીજ વીતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૬ માં નાગરિકોના ૧૦ (દસ) પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૪ (ચૌદ) પ્રાણઘાતક અકસ્માત થયા હતા. ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા હોય તેવા કોઈપણ કિસ્સા નોંધાયેલ નથી.

જયારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, જેટકોના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૬ માં કોઈપણ અકસ્માતનો બનાવ નોંધાયેલ નથી.

(૨) આ બાબતે પી.જી.વી.સી.એલ. અને જેટકો કંપનીના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અથવા અકસ્માતનો ભોગ બનનારની પોતાની ભૂલના લીધે અકસ્માતો થયેલ હોઈ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ, જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોકત અકસ્માતો બાબતે પી.જી.વી.સી.એલ. દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

- નાગરિકોના કિસ્સામાં ભાટીયા પેટા વિભાગીય કચેરી હેઠળ તા. ૧૫–૦૧–૨૦૧૬ના રોજ કોન્ટ્રાક્ટરના કર્મચારી લાઈન પર કામ કરતા હતા ત્યારે આજાણી જગ્યાએથી પાવર આવતા વીજ–શોક લાગતાં મૃત્યુ થયેલ છે. તે બાબતે ભાટીયા પેટાવિભાગીય કચેરીના આસીસ્ટન્ટ લાઈનમેનને પ્રવર્તમાન નિયમ અનુસાર તેમને તા. ૧૬–૦૧–૨૦૧૬ના રોજ કારણદર્શક નોટિસ આપવામાં આવેલ અને કારણ દર્શક નોટિસ અંગેની તપાસ હાલમાં પૂર્ણ થયેલ છે અને તેના અનુસંધાને

તેઓના બે વાર્ષિક ઈજાફા બિનકાયમી અસરથી શા માટે બંધ ન કરવા બાબતે તા. ૧-૨-૨૦૧૭ના પત્રથી કારણ દર્શક નોટિસ આપવામાં આવેલ છે.

(૩) ઉકત પૈકી કેટલા કમર્ચારીઓ/અધિકારીઓને કારણે થયેલ અકસ્માત બદલ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી, અને

(૪) આ અસરગ્રસ્તોને વળતર પેટે આખરી સહાય પેટે તથા પ્રાથમિક સહાય રૂપે કેટલી રકમ ચુકવવામાં આવી અને કેટલી બાકી છે તથા તે તમામ રકમ ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૩) જવાબદારી પુરવાર થયેલા કિસ્સાઓમાં ખાતાકીય કાર્યવાહી કરવામાં આવતી હોઈ, પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ નથી.

(૪) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યકિતઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શીકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સામાં જી.યુ.વી.એન.એલ. ના માર્ગદર્શક સર્ક્યુલર મુજબ રકમ ચૂકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેકટ્રીક સાધનોના કારણો તેમના મકાનમાં થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું થતું નથી. તદ્નુસાર નીચે દર્શાવ્યા પ્રમાણેના કેસમાં ચુકવણી કરવામાં આવી.

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ, કુલ ૧૦ (દસ) નાગરિકોના મૃત્યુના કિસ્સાઓ પૈકી ૨ (બે) કિસ્સાઓમાં આખરી સહાય સ્વરૂપે રૂ. ૪,૦૦,૦૦૦/- ચૂકવેલ છે. ૭ (સાત) કિસ્સાઓમાં પ્રાથમિક સહાય રૂપે રૂ. ૫૦,૦૦૦/- પેટે કુલ ૩,૫૦,૦૦૦/- સહાય ચૂકવેલ છે. આ કિસ્સામાં બાકી રહેતા વળતર પેટે, ૨ (બે) કિસ્સામાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ મુજબ પી.જી.વી.સી.એલ. કંપની જવાબદાર ન હોઈ બાકીનું વળતર આપવાનું રહેતું નથી અને ૪ (ચાર) કિસ્સાઓમાં વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી, ચકાસણી કર્યા બાદ વળતર ચૂકવી આપવામાં આવશે. ૧ (એક) કિસ્સામાં વારસદારનો સંપર્ક કરવા છતાં વળતર લેવા આવેલ નથી. જ્યારે ૧ (એક) કિસ્સામાં વારસદારને વળતર જોઈતું નથી એવી બાંહેધરી આપેલ છે.

(૨) ૧૪ (ચૌદ) પ્રાણીઓના કિસ્સાઓમાંથી ૫ (પાંચ) કિસ્સાઓમાં ૧૦૦% વળતરની રકમ પેટે રૂ. ૭૦,૦૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે. જ્યારે, ૩ (ત્રણ) કિસ્સાઓમાં ૫૦% વળતરની રકમ પેટે રૂ. ૪૦,૦૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે. બાકીની ૫૦% રકમ મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ મળ્યા બાદ ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવશે, બાકીના ૬ (છ) કિસ્સાઓમાંથી ૧ (એક) કિસ્સામાં પ્રાણીના માલિકનો સંપર્ક કરવા છતાં વળતર લેવામાં આવેલ નથી, ૧ (એક) કિસ્સામાં પોલિસ પંચનામું અને પોસ્ટ મોર્ટમ રિપોર્ટ આવેલ ન હોવાથી વળતર આપી શકાયેલ નથી અને , ૧ (એક) કિસ્સામાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ મુજબ પી.જી.વી.સી.એલ. કંપની જવાબદાર ન હોઈ બાકીનું વળતર આપવાનું રહેતું નથી અને ૩ (ત્રણ) કિસ્સામાં પ્રાણીઓના માલિકો દ્વારા વળતર સ્વીકારવાની ના પાડેલ છે.

## અમદાવાદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નો

* ૨૬૮૮૩ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્ય સરકારે ખેડૂત અકસ્માત વીમા યોજનાની જાહેરાત છેલ્લે ક્યારે કરી, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂત ખાતેદારોના મૃત્યુ પછી તેમના વારસદારોને કેટલી રકમ આપવામાં આવી ?

જવાબ

(૧) નાણાં વિભાગના તા. ૧૯–૦૩–૨૦૧૬ના ઠરાવથી ખાતેદાર ખેડૂત વારસદાર તરીકે પ્રથમ હયાત સંતાન (પુત્ર/પુત્રી) ઉપરાંત ખેડૂત ખાતેદારના પતિ/પત્નીને આ યોજના હેઠળ સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવ્યું.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૭૭ ખેડૂત ખાતેદારોના મૃત્ય પછી આ યોજના હેઠળ તેમના વારસદારોને રૂ. ૭૭.૦૦ લાખ વીમા સહાયની રકમ ચુકવવામાં આવી જેની તાલુકાવાર વિગતો પત્રક–૧ મુજબ છે.

પત્રક–૧

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ખાતેદાર ખેડૂતના મૃત્યુ પછી તેમના વારસદારોને ચુકવવામાં આવેલ રકમની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | તા. ૦૧–૦૧–૨૦૧૫થી તા. ૩૧–૧૨–૨૦૧૫ | | તા. ૦૧–૦૧–૨૦૧૬થી તા. ૩૧–૧૨–૨૦૧૬ | | કુલ | |
|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર અરજીઓની સંખ્યા | ચુકવેલ રકમ (રૂ. લાખમાં) | મંજુર અરજીઓની સંખ્યા | ચુકવેલ રકમ (રૂ. લાખમાં) | મંજુર અરજીઓની સંખ્યા | ચુકવેલ રકમ (રૂ. લાખમાં) |
| ૧ | દસક્રોઈ | ૫ | ૫.૦૦ | ૩ | ૩.૦૦ | ૮ | ૮.૦૦ |
| ૨ | સાણંદ | ૭ | ૭.૦૦ | ૩ | ૩.૦૦ | ૧૦ | ૧૦.૦૦ |
| ૩ | વિરમગામ | ૪ | ૪.૦૦ | ૩ | ૩.૦૦ | ૭ | ૭.૦૦ |
| ૪ | માંડલ | ૦ | ૦.૦૦ | ૨ | ૨.૦૦ | ૨ | ૨.૦૦ |
| ૫ | દેત્રોજ | ૧ | ૧.૦૦ | ૪ | ૪.૦૦ | ૫ | ૫.૦૦ |
| ૬ | બાવળા | ૮ | ૮.૦૦ | ૮ | ૮.૦૦ | ૧૬ | ૧૬.૦૦ |
| ૭ | ધોળકા | ૧૦ | ૧૦.૦૦ | ૫ | ૫.૦૦ | ૧૫ | ૧૫.૦૦ |
| ૮ | ધંધુકા | ૩ | ૩.૦૦ | ૨ | ૨.૦૦ | ૫ | ૫.૦૦ |
| ૯ | રાણપુર | ૧ | ૧.૦૦ | ૦ | ૦.૦૦ | ૧ | ૧.૦૦ |
| ૧૦ | ધોલેરા | ૨ | ૨.૦૦ | ૩ | ૩.૦૦ | ૫ | ૫.૦૦ |
| ૧૧ | અમદાવાદ સીટી | ૩ | ૩.૦૦ | ૦ | ૦.૦૦ | ૩ | ૩.૦૦ |
| કુલ | | ૪૪ | ૪૪.૦૦ | ૩૩ | ૩૩.૦૦ | ૭૭ | ૭૭.૦૦ |

રાજ્યમાં ઘરવપરાશ અને ઉદ્યોગો પાસેથી વિજ શુલ્ક પેટે મળેલ રકમ

* ૨૭૩૦૧ શ્રી નિરંજન પટેલ (પેટલાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઘરવપરાશ અને ઉદ્યોગો પાસેથી વિજ શુલ્ક પેટે વર્ષવાર કેટલી રકમ રાજ્ય સરકારને મળી ?

જવાબ

તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઘરવપરાશ અને ઉદ્યોગો પાસેથી વિજ શુલ્ક પેટે વર્ષવાર રાજ્ય સરકારને નીચે મુજબની આવક થયેલ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | ઘરવપરાશ | ઉદ્યોગ |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | ૯૮૬.૦૫ | ૩૮૧૮.૦૮ |
| ૨૦૧૬–૧૭ (૩૧–૧૨–૧૬ સુધી) | ૮૪૮.૫૮ | ૨૮૧૫.૨૧ |

જામનગર જિલ્લામાં ખેડૂત અકસ્માત વિમા સહાય મેળવવાની અરજીઓ

* ૨૬૭૫૫ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય)) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

અતારાંકિત પ્રશ્નો

(૧) જામનગર જિલ્લામાં સન ૨૦૧૬ના વર્ષમાં ખેડૂત અકસ્માત વીમાની સહાય મેળવવાની કેટલી અરજીઓ તાલુકાવાર સરકારને મળી, અને

(૧)

| અ. નં. | તાલુકાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|---|
| ૧ | જામનગર | ૨૨ |
| ૨ | ધ્રોલ | ૭ |
| ૩ | જોડિયા | ૫ |
| ૪ | કાલાવડ | ૧૨ |
| ૫ | લાલપુર | ૧૧ |
| ૬ | જામજોધપુર | ૧૬ |
| | કુલ | ૭૩ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી અને નામંજૂર થવાના શા કારણો છે ?

(૨)

| અ. નં. | તાલુકાનું નામ | મંજુર અરજીઓની સંખ્યા | નામંજૂર અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૧૦ | ૦ |
| ૨ | ધ્રોલ | ૩ | ૧ (અન્ય યોજનામાં લાભ મળેલ હોવાથી) |
| ૩ | જોડિયા | ૨ | ૦ |
| ૪ | કાલાવડ | ૬ | ૦ |
| ૫ | લાલપુર | ૫ | ૦ |
| ૬ | જામજોધપુર | ૧૧ | ૦ |
| | કુલ | ૩૭ | ૧ |

વડોદરા જિલ્લામાં ટ્રેલીઝ મંડપના લાભાર્થી

* ૨૮૩૩૨ શ્રી બાલકૃષ્ણભાઈ પટેલ (ડભોઈ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વર્ષ ૨૦૧૬–૧૭માં વડોદરા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવવામાં આવેલ છે ?

(૨) ૨૮૧ લાભાર્થી
રૂ. ૭૨,૬૨,૯૨૦/–
(બોત્તેર લાખ બાસઠ હજાર નવસો વીસ રૂપિયા)

મેઘરજ તાલુકામાં ભડવરા ડેમ બનાવવાનો સર્વે

* ૨૮૪૫૦ ડૉ. અનિલભાઈ જોષીયારા (ભિલોડા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ભડવરા ડેમ બનાવવા ક્યારે સર્વે કરવામાં આવ્યુ હતું,

(૧) વર્ષ ૧૯૯૦માં

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી હતી, અને

(૨) લોક વિરોધના કારણે જમીન સંપાદન ન થઈ શકે તેમ હોવાથી કોઈ રકમની ફાળવણી કરેલ નથી.

(૩) ઉક્ત સ્થિતિ સુધીમાં શી કામગીરી કરવામાં આવી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

<p a g e ભરૂચ જિલ્લામાં સોલાર હોમ લાઈટ ફાળવવા બાબત

* ૨૭૭૦૮ શ્રી છત્રસિંહ મોરી (જંબુસર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલી સોલાર હોમ લાઈટ ફાળવવામાં આવેલ છે,

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ સોલાર હોમ લાઈટમાંથી કેટલી હોમ લાઈટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે, અને

(૩) તેના માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે ?

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક કેલેન્ડર વર્ષમાં ભરૂચ જિલ્લામાં ૧૬૭ સોલાર હોમ લાઈટ ફાળવવામાં આવેલ છે.

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ તમામ ૧૬૭ સોલાર હોમ લાઈટ કાર્યાન્વિત કરવામાં આવેલી છે.

(૩) જે માટેનો કુલ ખર્ચ રૂ. ૬૭.૨૪ લાખ થયેલ છે.

### સુરત અને તાપી જિલ્લામાં સિંચાઈ માટે પાણી

* ૨૭૪૭૦ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જીલ્લામાં ખેતી લાયક કેટલી જમીનમાં સિંચાઈ માટે કેનાલ દ્વારા, ઉદવહન પાઈપલાઈન દ્વારા, પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા હેક્ટર એરિયામાં સિંચાઈ માટે પાણી આપવામાં આવતું નથી ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં કુલ ૧,૭૦,૩૩૬ હેક્ટર અને તાપી જિલ્લામાં કુલ ૩૭,૨૩૯ હેક્ટર વિસ્તારમાં કેનાલ અને ઉદવહન પાઈપલાઈન દ્વારા પાણી આપવામાં આવે છે.

(૨) સુરત અને તાપી જિલ્લામાં અનુક્રમે ૧,૩૩,૨૬૪ હેક્ટર અને ૧,૫૪,૧૬૧ હેક્ટરનો કેનાલ કે ઉદ્વહન સિંચાઈ યોજનાઓના કમાન્ડ વિસ્તારમાં સમાવેશ થતો ન હોય, સિંચાઈનું પાણી આપી શકાતું નથી, પરંતુ ઉપરોક્ત વિસ્તાર પૈકીના વિસ્તારમાં ખાનગી પાતાળકૂવા, ખાનગી કૂવા તથા ચેકડેમો મારફતે સિંચાઈ થતી હોય છે.

### છોટાઉદેપુર જિલ્લાની ક્વાંટ બજાર સમિતિને ફાળવેલ રકમ

* ૨૭૯૩૫ શ્રી ધીરૂભાઈ ભીલ (સંખેડા) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાની ક્વાંટ બજાર સમિતિને વિકસાવવા માટે કેટલી રકમ ક્યારે ફાળવવામાં આવી,

(૨) ઉક્ત ફાળવેલ રકમની કામગીરી અન્વયે કોઈ નાણાંકીય ગેરરિતી થયેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો તે અન્વયે શું પગલાં લેવામાં આવ્યા ?

જવાબ

(૧) વર્ષ ૨૦૦૬-૦૭માં રૂ. ૨૩૩.૦૭ લાખ
વર્ષ ૨૦૦૭-૦૮માં રૂ. ૦૦૬.૯૧ લાખ
વર્ષ ૨૦૧૦-૧૧માં રૂ. ૧૫૨.૨૭ લાખ
વર્ષ ૨૦૧૧-૧૨માં રૂ. ૧૨૫.૬૧ લાખ
વર્ષ ૨૦૧૨-૧૩માં રૂ. ૦૦૬.૬૮ લાખ
કુલ - રૂ. ૫૨૪.૫૪/- લાખ

(૨) રજુઆત મળેલ છે.

(૩) બજાર ધારાની કલમ-૪૪ અન્વયે તપાસ સોંપવામાં આવેલ છે.

### દાહોદ અને પંચમહાલ જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા ગોડાઉન બનાવવાની દરખાસ્તો

* ૨૭૩૫૯ ડૉ. મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ અને પંચમહાલ જિલ્લામાં વિવિધ સહકારી મંડળીઓ દ્વારા મકાન તેમજ ગોડાઉન બનાવવા માટે કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે ?

જવાબ

| જિલ્લો | મકાન માટેની દરખાસ્તો | ગોડાઉન માટેની દરખાસ્તો |
|---|---|---|
| દાહોદ | ૦૦ | ૩૭ |
| પંચમહાલ | ૦૦ | ૨૩ |

### મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા ગોડાઉન બનાવવાની દરખાસ્તો

* ૨૭૦૭૭ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

જવાબ

| જિલ્લો | મકાન માટેની | ગોડાઉન માટેની |
|---|---|---|

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વિવિધ સહકારી મંડળીઓ દ્વારા મકાન તેમજ ગોડાઉન બનાવવા માટે કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે ?

| | દરખાસ્તો | દરખાસ્તો |
|---|---|---|
| મહીસાગર | ૦ | ૨૫ |
| પંચમહાલ | ૦ | ૨૩ |

રાજ્ય હસ્તકના ખાનગી માલિકીના વીજ મથકોની વીજ ઉત્પાદન ક્ષમતામાં વધારો

* ૨૬૯૦૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં સરકાર હસ્તકના તથા ખાનગી માલિકીનાં કયા અને કેટલી ક્ષમતા ધરાવતા વીજ મથકો આવેલા છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં સરકાર હસ્તકના તથા ખાનગી માલિકીનાં વિજ મથકોની માહિતી નીચે મુજબ છે.

| | પાવર પ્લાન્ટનું નામ | સ્થાપિત વીજ ક્ષમતા (મે.વો.) | જી.યુ.વી. એન.એલ.નો હિસ્સો (મે.વો.) |
|---|---|---|---|
| અ | રાજ્ય સરકાર હસ્તકના મથકો | | |
| | ઉકાઈ ખર્મલ પાવર સ્ટેશન | ૧૩૫૦ | ૧૩૫૦ |
| | વણાકબોરી થર્મલ પાવર સ્ટેશન | ૧૪૭૦ | ૧૪૭૦ |
| | ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન | ૬૩૦ | ૬૩૦ |
| | સિક્કા થર્મલ પાવર સ્ટેશન | ૭૪૦ | ૭૪૦ |
| | કચ્છ લીગ્નાઈટ થર્મલ પાવર સ્ટેશન | ૨૯૦ | ૨૯૦ |
| | ઉત્તરાણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૧૦ | ૫૧૦ |
| | ધુવારણ ગેસ આધારિત પાવર સ્ટેશન | ૫૯૫ | ૫૯૫ |
| | ઉકાઈ હાઈડ્રો | ૩૦૫ | ૩૦૫ |
| | કડાણા અને પાનમ હાઈડ્રો | ૨૪૨ | ૨૪૨ |
| | ગુજરાત સ્ટેટ એનર્જી જનરેશન લી.– ગેસ પાવર સ્ટેશન | ૫૦૭ | ૫૦૭ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. ગેસ પાવર સ્ટેશન | ૩૧૦ | ૩૪૨ |
| | ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લી. એસએલપીપી | ૫૦૦ | ૫૦૦ |
| | ગુજરાત મીનરલ | ૨૫૦ | ૨૫૦ |

| | | | |
|---|---|---|---|
| | ડેવલોપમેન્ટ કોર્પોરેશન–લીગ્નાઈટ | | |
| | જીપીપીસી, પીપાવાવ | ૭૦૨ | ૭૦૨ |
| | ભાવનગર એનર્જી કો. લી. | ૨૫૦ | ૨૫૦ |
| બ | કેન્દ્ર સરકાર હસ્તકના મથકોમાંથી રાજ્યનો હિસ્સો | | |
| (i ) | રાજ્યમાં સ્થિત મથકો | | |
| | કાવાસ ગેસ આધારીત વીજ મથક | ૬૫૬ | ૧૮૭ |
| | ગાંધાર ગેસ આધારિત વીજ મથક | ૬૫૭ | ૨૩૭ |
| | ન્યુકલીયર પાવર કોર્પોરેશન – કાકરાપાર | ૪૪૦ | ૧૨૫ |
| | સરદાર સરોવર નર્મદા નિગમ લી. | ૧૪૫૦ | ૨૩૨ |
| (i i ) | રાજ્યની બહાર સ્થિત મથકો | | |
| | ન્યુકલીયર પાવર કોર્પોરેશન–તારાપુર | ૩૨૦ | ૧૬૦ |
| | ન્યુકલીયર પાવર કોર્પોરેશન–તારાપુર (૩–૪) | ૧૦૮૦ | ૨૭૪ |
| | એનટીપીસી–વિંધ્યાચલ–૧ | ૧૨૬૦ | ૨૩૦ |
| | એનટીપીસી–વિંધ્યાચલ–૨ | ૧૦૦૦ | ૨૩૯ |
| | એનટીપીસી–વિંધ્યાચલ–૩ | ૧૦૦૦ | ૨૬૬ |
| | એનટીપીસી–કોરબા | ૨૬૦૦ | ૪૫૬ |
| | એનટીપીસી–કહલગાવ | ૧૫૦૦ | ૧૪૧ |
| | એનટીપીસી–સીપત–૧ | ૧૯૮૦ | ૫૪૦ |
| | એનટીપીસી–સીપત–૨ | ૧૦૦૦ | ૨૭૩ |
| | એનટીપીસી–વિંધ્યાચલ–૪ | ૧૦૦૦ | ૨૪૦ |
| | એનટીપીસી–મૌડા | ૧૦૦૦ | ૨૪૦ |

| | | | |
|---|---|---|---|
| | એનટીપીસી–વિંધ્યાચલ–૫ | ૫૦૦ | ૯૩ |
| ક | ખાનગી સાહસો–આઈ. પી. પી. | | |
| | ચાઈના લાઈટ પાવર લી. (ગુજરાત પગુથન પાવર કંપની) | ૬૫૫ | ૬૫૫ |
| | ટૉરેન્ટ પાવર એઈસી (થર્મલ) | ૪૦૦ | –– |
| | સુજેન સીસીપીપી (ટૉરેન્ટ) | ૧૧૪૭ | –– |
| | મુન્દ્રા પાવર પ્રોજેક્ટ ઓફ અદાણી | ૪૬૨૦ | ૨૦૦૦ |
| | એસાર પાવર ગુજરાત લી. | ૧૨૦૦ | ૧૦૦૦ |
| | મુન્દ્રા યુ.એમ.પી.પી. – કોસ્ટોલ ગુજરાત પાવર લી. | ૩૮૦૦ | ૧૮૦૫ |
| | એ.સી.બી. (ઈન્ડયા) લી. (રાજ્ય બહાર સ્થિત) | ૨૭૦ | ૨૦૦ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારી અને ખાનગી વીજ ઉત્પાદન ક્ષમતામાં કેટલો વધારો થયો ?

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સરકારી અને ખાનગી વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની વિગત નીચે મુજબ છે.

મે. વો.

| | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ | કુલ |
|---|---|---|---|
| સરકારી વીજ મથકો | ૧૨૯૫ | ૬૨૬ | ૧૯૨૧ |
| ખાનગી વીજ મથકો | ૦ | ૦ | ૦ |

## કોલસા અને ગેસના જથ્થાની જરૂરીયાત

* ૨૬૮૧૯ ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકના વીજમથકોમાં કોલસા અને ગેસના કેટલા જથ્થાની જરૂરીયાત હતી,

જવાબ

(૧) રાજ્યનાં કોલસા અને ગેસ આધારિત વીજ મથકોમાંથી ઉત્પન્ન થતી વીજળીની કિમતને અનુરૂપ મેરીટ ઓર્ડરમાં ગોઠવી ગ્રીડની જરૂરિયાત મુજબ તેમાંથી વીજળી ઉત્પન્ન કરવામાં આવે છે. આથી, કોલસા અને ગેસની જરૂરિયાત દર વર્ષે બદલાતી રહે છે. આમ, ગ્રીડની જરૂરિયાત મુજબ જે પ્રમાણે વીજ ઉત્પાદન કરવા માટેની વીજ મથકોને સૂચના મળેલ, તે ધ્યાનમાં લઈને તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર હસ્તકનાં કોલસા અને ગેસ આધારિત વીજ મથકો માટે જરૂરી વર્ષવાર કોલસા અને

ગેસના જથ્થાની જરૂરિયાત નીચે મુજબ હતી.

કોલસાની માંગણી/દરખાસ્ત

| વીજમથકનું નામ | વર્ષવાર કોલસાના જથ્થાની જરૂરિયાત (મેટ્રીક ટન) | |
|---|---|---|
| | તા. ૩૧.૧૨.૧૫ની સ્થિતિએ | તા. ૩૧.૧૨.૧૬ની સ્થિતિએ |
| ઉકાઈ | ૪૦૫૨૩૨૯ | ૩૪૦૪૧૫૩ |
| ગાંધીનગર | ૧૮૯૪૪૫૨ | ૧૩૭૫૮૫૪ |
| વણાકબોરી | ૪૭૯૦૫૨૧ | ૨૨૩૮૭૧૬ |
| સિક્કા | ૨૮૦૭૦૧ | ૮૧૫૭૭ |
| કુલ | ૧૧૦૧૮૦૦૩ | ૭૧૦૦૨૯૯ |

ગેસની માંગણી/દરખાસ્ત :–

| વીજમથકનું નામ | વર્ષવાર જથ્થાની જરૂરિયાત (એમએમએસસીએમડી) | |
|---|---|---|
| | તા. ૩૧.૧૨.૧૫ની સ્થિતિએ | તા. ૩૧.૧૨.૧૬ની સ્થિતિએ |
| ધુવારણ–૧ | ૦.૦૬ | ૦.૧૦ |
| ધુવારણ–૨ | ૦.૧૧ | ૦.૩૦ |
| ધુવારણ–૩ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઉત્તરાણ–૧ | ૦.૦૦ | ૦.૦૦ |
| ઉત્તરાણ–૨ | ૦.૪૩ | ૦.૮૦ |
| જીઆઈપીસીએલ | ૦.૬૦ | ૦.૫૦ |
| જીપીપીસી, પીપાવાવ | ૦.૧૫ | ૦.૦૬ |
| જીએસઈજી, હઝીરા | ૦.૧૦ | ૦.૦૩ |
| જીએસઈજી એક્સ્પાન્સન, હઝીરા | ૦.૦૦ | ૦.૦૦ |
| કુલ | ૧.૪૫ | ૧.૭૯ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જરૂરિઆત પૈકી કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર કેટલી માંગણી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી, અને

(૨) રાજ્યનાં કોલસા આધારિત વીજ મથકો ચલાવવા માટે જરૂરી એવા કોલસાનાં જથ્થાની પૂર્તિ માટે ૧૭૪ લાખ મેટ્રિક ટન કોલસાના જથ્થાના કરાર કોલ ઈન્ડિયા સાથે કરેલા છે. આ જથ્થો રાજ્યના કોલસા આધારિત વીજ મથકોની જરૂરિયાત માટે પૂરતો છે.

૧૭૪ લાખ મેટ્રીક ટન કોલસાના કરાર સામે વીજ માંગ મુજબ, વર્ષ ૨૦૧૫ દરમ્યાન ૧૧૦.૧૮ લાખ મેટ્રીક ટન તથા વર્ષ ૨૦૧૬ દરમ્યાન ૭૧.૦૦ લાખ મેટ્રીક ટન કોલસાની જરૂરિયાત ઉભી થયેલ, જેની પુર્તતા સરળતાથી થી ગયેલ. આમ, વીજ ઉત્પાદન માટે જરૂરી એવા કોલસાના પુરવઠા અંગેની કોઈ જ મુશ્કેલી નથી.

રાજ્ય સરકાર સંચાલિત ગેસ આધારિત વીજ મથકોના ૮૦% પ્લાન્ટ લોડ ફેક્ટર પ્રમાણે ગેસની જરૂરિયાત ૧૦.૨૮ એમએમએસસીએમડી રહે છે.

કેન્દ્ર સરકાર દ્વારા ગેસ આધારિત વીજ મથકો ચલાવવા માટે

એક યોજના શરૂ કરવામાં આવેલ, જે અંતર્ગત પ્રથમ ભાગમાં જૂન ૨૦૧૫થી સપ્ટેમ્બર ૨૦૧૫ના ચાર માસના ગાળા માટે ગુજરાત રાજ્યનાં જીયુવીએનએલને વીજ પુરવઠો પુરો પાડતાં રાજ્ય સરકાર હસ્તકનાં બે વીજ મથકો જેવા કે, ધુવારણ–૧ અને ઉતરાણ–૨ ને કુલ ૦.૭૫ એમએમએસસીએમડી, એટલે કે, આશરે ૧૫૦ મે.વો. વીજ ઉત્પાદનથી બને તેટલો ઈ–બીડઆરએલએનજી ગેસ પુરવઠો ફાળવવામાં આવેલ. આ ઈ–બીડઆરએલએનજી ગેસ પોષણક્ષમ બને તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા આશરે ૬૪.૧ કરોડ રૂપિયાની સબસીડી મંજુર કરવામાં આવેલ, જેના કારણે પ્રતિ યુનિટ વીજ ઉત્પાદન ખર્ચ નીચો જતાં વીજમથકો દ્વારા ઈ–બીડઆરએલએનજી ગેસ વાપરીને વીજ ઉત્પાદન કરવામાં આવેલ.

કેન્દ્ર સરકાર દ્વારા જાહેર કરાયેલ ઉપરોક્ત યોજના બીજા ભાગમાં એટલે કે, ઓક્ટોબર, ૨૦૧૫થી માર્ચ ૨૦૧૬ના સમયગાળા માટે જીયુવીએનએલને વીજ પુરવઠો પૂરો પાડતાં રાજ્ય સરકાર હસ્તકનાં વીજમથકો જેવા કે, જીઆઈપીસીએલ, જીપીપીસી, ધુવારણ–૨ અને ઉતરાણ–૨ ને કુલ ૧.૬૯ એમએમએસસીએમડી, એટલે કે, આશરે ૩૩૮ મે.વો. વીજ ઉત્પાદનથી બને તેટલો ગેસનો પુરવઠો ફાળવવામાં આવેલ છે. આ બીજા ભાગમાં પણ ઈ–બીડઆરએલએનજી ગેસ પોષણક્ષમ બને તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા આશરે ૨૨૨.૦૮ કરોડ રૂપિયાની સબસીડી મંજુર કરવામાં આવેલ, જેના કારણે પર યુનિટ વીજ ઉત્પાદન ખર્ચ નીચો જતાં, ઉપરોક્ત વીજમથકો દ્વારા બીજા ભાગમાં પણ ઈ–બીડઆરએલએનજી ગેસ વાપરીને ગ્રીડની જરૂરિયાત મુજબ વીજ ઉત્પાદન કરવામાં આવેલ.

વર્ષ ૨૦૧૬ દરમ્યાન પણ કેન્દ્ર સરકાર દ્વારા ફેઝ–૩ અને ફેઝ–૪ અંતર્ગત ઈ–બીડ આરએલએનજી ગેસ ઓફર કરવામાં આવેલ પરંતુ, સદર ગેસથી ઉત્પાદિત થતી વીજળીની કિંમત જીયુવીએનએલ દ્વારા મેરિટ ઓર્ડર પ્રમાણે ખરીદ કરાતી વીજળીની મહત્તમ કિંમત કરતાં વધારે થતી હોવાથી જીયુવીએનેલ દ્વારા ફેઝ–૩ અને ફેઝ–૪ની બીડિંગ પ્રક્રીયામાં ભાગ લેવામાં આવેલ ન હતો.

(૩) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત વર્ષવાર કેટલો કોલસો અને ગેસ પૂરો પાડવામાં આવ્યો ?

(૩) ખંડ ક્ર. ૧નાં જવાબ પ્રમાણે, તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં ગ્રીડની જરૂરિયાત મુજબ કોલસા અને ગેસની માંગણી મુજબનો કોલસા અને ગેસનો જથ્થો, રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકોને પુરો પાડવામાં આવેલ છે.

## કચ્છ જિલ્લાને નર્મદાનું વધારાનું એક મીલીયન એકર ફીટ પાણી આપવા માટે થયેલ ખર્ચ

* ૨૭૭૮૫ શ્રી શક્તિસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૦–૧–૨૦૧૭ની સ્થિતિએ કચ્છને એક મીલીયન એકર ફીટ નર્મદાનું વધારાનું પાણી આપવા માટેના અંદાજો ક્યારે બન્યા, અને | (૧) વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૫ દરમિયાન અંદાજો તૈયાર થયેલ છે. |
| (૨) તે અન્વયે તા. ૩૦–૧–૨૦૧૭ સુધીમાં કુલ કેટલો ખર્ચ થયો ? | (૨) રૂ. ૩૦૬.૩૦ લાખ. |

## વડોદરા જિલ્લાની કિસાન કલ્પવૃક્ષ યોજનામાં મંજુર કરેલ રકમ

* ૨૮૨૯૩ શ્રી સતીષભાઈ પટેલ (કરજણ) : માનનીય સહકાર મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લાની સોનગઢ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) રૂ. ૭.૮૦/- લાખ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ચુકવવામાં આવી છે? | (૨) રૂ. ૭.૮૦/- લાખ. |

## મહેસાણા જિલ્લામાં ખેતી માટે વિજ કનેકશનોની પડતર અરજીઓ

* ૨૮૦૫૩ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખેતી માટેના વીજ કનેકશનો મેળવવાની કેટલી અરજીઓ કેટલા સમયથી પડતર છે,

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણ માટેની કુલ પડતર અરજીઓની વિગતો તાલુકાવાર અને વર્ષવાર નીચે મુજબ છે.

| તાલુકો | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ | ૨૦૧૫ | ૨૦૧૬ | કુલ |
|---|---|---|---|---|---|---|
| બેચરાજી | ૯ | ૨૫ | ૨૯ | ૧૭ | ૪૨ | ૧૨૨ |
| ગોજારીયા | ૪ | ૧ | ૫ | ૧૩ | ૨૧ | ૪૪ |
| જોટાણા | ૨ | ૫ | ૮ | ૭ | ૨૯ | ૫૧ |
| કડી | ૪ | ૧૧ | ૪૪ | ૪૭ | ૧૦૯ | ૨૧૫ |
| ખેરાલુ | ૨૩ | ૫૬ | ૧૫૭ | ૨૧૨ | ૨૫૬ | ૭૦૪ |
| મહેસાણા | ૦ | ૧૦ | ૨૧ | ૩૧ | ૮૮ | ૧૫૦ |
| સાતલાસણા | ૨૨ | ૬૯ | ૮૯ | ૧૩૬ | ૨૧૩ | ૫૨૯ |
| ઊંઝા | ૧૩ | ૪૯ | ૫૪ | ૭૬ | ૧૦૨ | ૨૯૪ |
| વિજાપુર | ૯ | ૧૪ | ૫૮ | ૯૮ | ૨૩૨ | ૪૧૧ |
| વીસનગર | ૪૫ | ૫૯ | ૧૦૩ | ૧૩૧ | ૧૫૧ | ૪૮૯ |
| વડનગર | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪૭ | ૧૪૭ |
| કુલ | ૧૩૧ | ૨૯૯ | ૫૬૮ | ૭૬૮ | ૧૩૯૦ | ૩૧૫૬ |

(૨) ઉક્ત પડતર તમામ અરજીઓનો નિકાલ કરી અરજદારોને ક્યાં સુધીમાં વિજ કનેકશનો આપવામાં આવશે, અને

(૨) અને (૩) : કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. રાજ્યમાં પ્રતિ વર્ષ વધુને વધુ કૃષિ વીજ જોડાણ આપવા છતાં તેની સાપેક્ષમાં કૃષિ વીજ જોડાણોની માંગણી પણ નોંધપાત્ર રીતે વધતી રહે છે. કૃષિ વીજ જોડાણ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

(૩) ઉક્ત અરજીઓ પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે?

## પાનમ જળાશયના અસરગ્રસ્ત પરિવારોનું પુનઃસ્થાપિત

* ૨૮૨૧૬ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાનમ જળાશયના છોગાળા, બોરીઆળ, મેખર, ગાજીપુર, મહેનણ, મેત્રાલ, ભુવર, સગવાડા ગામોના કેટલા અસરગ્રસ્ત પરિવારોને કયા ગામે પુનઃસ્થાપિત કરેલ છે, અને

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પાનમ જળાશયના છોગાળા, બોરીઆળ, મેખર, ગાજીપુર, મહેનણ, મેત્રાલ, ભુવર, સગવાડા ગામોના અસરગ્રસ્ત પરિવારોને નિમ્નદર્શિત વિગતે પુનઃસ્થાપિત કરેલ છે.

| અ. નં. | ગામનું નામ | અસરગ્રસ્ત પરિવારોની સંખ્યા | કયા ગામે પુનઃસ્થાપિત કરેલ છે. |
|---|---|---|---|
| ૧ | છોગાળા | ૧૮૪ | મોરડુંગરા, નવી વસાહત નં. ૩, તા. ગોધરા |
| ૨ | બોરીઆવી | ૧૫૩ | સાજીવાવ, નવી વસાહત, તા. શહેરા |

| | | | |
|---|---|---|---|
| ૩ | મેખર | ૯૧ | નવા ગામ સાંપા |
| ૪ | ગાજીપુર | ૮૦ | બામણા નવી વસાહત |
| ૫ | મહેલાણ | ૭૬ | સાજીવાવ નવી વસાહત, તા. શહેરા |
| ૬ | મેત્રાલ | ૧૮ | ગુસર નવી વસાહત |
| ૭ | ભુવર | ૧૭૯ | ગુસર નવી વસાહત |
| ૮ | સગવાડા | ૪૮ | વાવડીખુર્દ |

(૨) તે પૈકી કેટલા ખેડૂતોને જમીનનો કબજો સુપ્રત કરેલ નથી ?

(૨) --- શૂન્ય ---

## બનાસકાંઠા જિલ્લામાં ખુલ્લા વાયર તથા ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોના લીધે નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ

* ૨૮૦૧૮ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં સન-૨૦૧૬ના વર્ષમાં ખુલ્લા વીજવાયર તથા વીજ સપ્લાયના ખામી ભરેલા ઈલેક્ટ્રીક સાધનોને લીધે તેમજ વીજ તંત્રની બેદરકારીને કારણે કેટલા નાગરિકો અને પ્રાણીઓ મૃત્યુ પામ્યા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત બની અંગો ગુમાવ્યા,

જવાબ

(૧) વીજ પ્રવહન અને વીજ વિતરણ જાહેર જનતાને સ્પર્શતી એવી બાબત છે કે, વીજ તંત્રના કાબુ બહારના સંજોગોનો કારણે વીજ અકસ્માતો થતા હોય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, ખુલ્લા વીજ વાયરોના કારણે અકસ્માત થતા નથી. પરંતુ કુદરતી આફતો/આકસ્મિક સંજોગોના કારણે ખુલ્લા વીજ વાયરને થયેલ નુકશાનના પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવવાથી નાગરિકો અને પ્રાણીઓના મૃત્યુ થતા હોય છે. કેટલીકવાર વીજ પુરવઠાના સાધનો જેવા કે, ટ્રાન્સફોર્મર સેન્ટર અને ઇંસ્યુલેટરમાં વરસાદ તથા અન્ય કારણોસર અર્થ લીકેજ થવાથી અને ડેમેજ થવાથી પણ અકસ્માતો થતા હોય છે.

બનાસકાંઠા જીલ્લામાં, ઉત્તર ગુજરાત વીજ વીતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં, સને (કેલેન્ડર વર્ષ) ૨૦૧૬ માં નાગરિકોના ૮ (આઠ) પ્રાણઘાતક તથા ૧ (એક) બીન પ્રાણઘાતક અને પ્રાણીઓના ૧૨ (બાર) પ્રાણઘાતક અકસ્માત થયા હતા. નાગરિકોના ૧(એક) બીન પ્રાણઘાતક અકસ્માતના કિસ્સામાં વ્યક્તિએ અંગો ગુમાવ્યા નથી.

જ્યારે બનાસકાંઠા જીલ્લામાં, જેટકોના કાર્યક્ષેત્રમાં, સને ૨૦૧૬માં કોઈપણ અકસ્માતનો બનાવ નોંધાયેલ નથી.

(૨) આ બાબતે યુ.જી.વી.સી.એલ. અને જેટકો કંપનીના કેટલા જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી,

(૨) સામાન્ય રીતે અકસ્માતોના આવા કિસ્સામાં કાબૂ બહારના આકસ્મિક સંજોગોમાં અથવા અકસ્માતનો ભોગ બનનારની પોતાની ભૂલના લીધે અકસ્માતો થયેલ હોઈ શિક્ષા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ છતાં, અકસ્માતોના આવા કિસ્સામાં પૂરતી તપાસ કર્યા બાદ,જવાબદારો સામે શિસ્તભંગની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત અકસ્માતો બાબતે યુ.જી.વી.સી.એલ. કંપનીના કર્મચારી/અધિકારીઓની બેદરકારી જણાયેલ ન હોઈ, કાર્યવાહી હાથ ધરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત પૈકી કેટલા કર્મચારીઓ/અધિકારીઓ કારણે થયેલ અકસ્માત બદલ પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવી, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) આ અસરગ્રસ્તોને કેટલી સહાય ચુકવવામાં આવી અને બાકીની તમામ સહાય કયાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૪) વળતર ચૂકવણીની પાત્રતા ધરાવતા અસરગ્રસ્ત વ્યક્તિઓના કિસ્સાઓમાં મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ, બાઈનંદા કેસની માર્ગદર્શિકા વગેરે પાસાઓને ધ્યાનમાં રાખીને અને પ્રાણીઓના કિસ્સામાં જી.યુ.વી.એન.એલ.ના માર્ગદર્શક સર્ક્યુલર મુજબ રકમ ચૂકવવામાં આવતી હોય છે. ગ્રાહકોના આંતરીક વાયરીંગ કે ઈલેક્ટ્રીક સાધનોના કારણે તેમના મકાનમાં થતા અકસ્માતોમાં વીજ કંપનીની કોઈ જવાબદારી રહેતી ન હોઈ, વળતર આપવાનું થતું નથી. તદ્અનુસાર નીચે દર્શાવ્યા પ્રમાણેના કેસમાં ચુકવણી કરવામાં આવી.

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ, કૂલ ૮ (સાત) નાગરિકોના મૃત્યુના કિસ્સાઓ પૈકી ૪ (ચાર) કિસ્સામાં પ્રાથમિક સહાય સ્વરૂપે રૂ. ૫૦,૦૦૦/- પેટે કુલ ૨,૦૦,૦૦૦/- સહાય ચૂકવેલ છે. આ કિસ્સામાં બાકી રહેતું વળતર, મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રીના અહેવાલ તથા વારસદારો તરફથી જરૂરી અરજી/દસ્તાવેજી પુરાવા રજૂ કર્યેથી, ચકાસણી કર્યા બાદ વળતર ચૂકવી આપવામાં આવશે.

બાકીના ૪ (ચાર) કિસ્સાઓમાંથી ૧ (એક) કિસ્સામાં અકસ્માતનો ભોગ બનનાર નાગરિક રાજ્ય બહારના હોઈ વારસદારનો સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતાં સંપર્ક થઈ શકેલ ન હોઈ અને ૧ (એક) કિસ્સામાં વારસદારે વળતર લેવાની ના પાડી હોઈ, વળતર ચૂકવી શકાયેલ નથી અને ૨ (બે) કિસ્સામાં પી.એમ. રીપોર્ટ માટે

મેડીકલ ઓફિસરનો રૂબરૂ સંપર્ક કરવા છતાં પી.એમ. રીપોર્ટ ન મળવાથી વળતર ચૂકવવાનું બાકી છે. પી.એમ. રીપોર્ટ મળ્યેથી સત્વરે વળતર ચૂકવી દેવામાં આવશે.

(૨) ૧૨ (બાર) પ્રાણીઓના કિસ્સાઓમાંથી ૧૧ (અગીયાર) કિસ્સાઓમાં ૫૦% વળતરની રકમ પેટે રૂ. ૧,૧૧,૫૦૦/- વળતર ચૂકવવામાં આવેલ છે. બાકીની ૫૦% રકમ મુખ્ય વિદ્યુત નિરીક્ષકના અહેવાલ મળ્યા બાદ ચૂકવણીની કાર્યવાહી કરવામાં આવશે અને ૧ (એક) કિસ્સામાં પ્રાણીના માલિક દ્વારા વળતર જોઈતું નથી એવી બાંહેધરી આપેલ છે.

અમદાવાદ જિલ્લામાં રાસાયણિક ખાતરના નમૂના

* ૨૮૩૫૧ શ્રી લાલજીભાઈ કોળી પટેલ (ધંધુકા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાસાયણિક ખાતરના કૂલ કેટલા નમૂનાઓ લેવામાં આવ્યા,

(૨) આ નમૂનાઓ પૈકી કેટલા નમૂના પ્રમાણિત થયા અને કેટલા નમૂના બિનપ્રમાણિત થયા, અને

(૩) ઉક્ત બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત શાં પગલાં લેવામાં આવ્યા?

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાસાયણિક ખાતરના કૂલ ૨૪૦૧ નમૂનાઓ લેવામાં આવ્યા.

(૨) તે પૈકી ૨૩૯૩ નમૂના પ્રમાણિત અને ૦૮ બિનપ્રમાણિત થયા, અને

(૩) ઉક્ત બિન પ્રમાણિત નમૂનાઓમાં ગુણવત્તા નિયંત્રણ અંતર્ગત નીચે મુજબના પગલાં લેવામાં આવ્યા.

| અ.નં. | બિન પ્રમાણિત નમૂનાની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૦૧ | કોર્ટ કેસ કરેલ છે. |
| ૨ | ૦૪ | વહીવટી પગલાં |
| ૩ | ૦૧ | રિ-એનાલીસીસમાં પાસ થયેલ છે. |
| ૪ | ૦૨ | કાર્યવાહીમાં |

તાપી અને સુરત જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૬૯૭૧ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી અને સુરત જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલાને વીજ જોડાણ આપવામાં આવેલ છે,

(૩) કેટલા વીજજોડાણ આપવાના બાકી છે, અને

(૪) બાકીના અરજદારોને કેટલા સમયમાં વીજજોડાણ આપવામાં આવશે?

જવાબ

(૧) ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં તાપી જિલ્લામાં ૧૯૨ અને સુરત જિલ્લામાં ૯૦૫ અરજીઓ મળી.

(૨) (૩) અને (૪) ઉક્ત સ્થિતિએ તાપી અને સુરત જિલ્લામાં મળેલ તમામ અરજીઓમાં વીજ જોડાણ આપવામાં આવેલ હોઈ કોઈ અરજી પડતર નથી.

દાંતીવાડા ડેમનું પાણી સિંચાઈ માટે ખેડુતોને આપતા લેવામાં આવતી સેસ

* ૨૭૦૨૯ શ્રી ગોવાભાઈ રબારી (ડીસા) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ બનાસકાંઠા દાંતીવાડા ડેમના પાણી સિંચાઈ માટે ખેડુતો પાસેથી એક હેક્ટર દીઠ કેટલી સેસની રકમ લેવામાં આવે છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત સેસની કુલ કેટલી રકમ જમા છે?

જવાબ

(૧) રૂ. ૫૭/- પ્રતિ હેક્ટર/પ્રતિ પાણ.

(૨) રૂ. ૨૦૦.૮૧ લાખ.

આણંદ જિલ્લામાં ડાર્કઝોન હટાવવા બાબત

* ૨૮૦૮૦ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ક્યા તાલુકાઓનો ડાર્કઝોનમાં ક્યારે સમાવેશ થયેલ છે, અને

(૨) આ ડાર્કઝોન હટાવવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલા લીધા?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લાના એક પણ તાલુકાનો ડાર્કઝોનમાં સમાવેશ થતો ન હતો.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દહેગામ તાલુકામાં નદીમાં પાણી છોડવા બાબત

* ૨૭૮૧૮ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દહેગામ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં ખારી નદી-મેશ્વો નદી અને વાત્રક નદીમાં કેટલી વખત

જવાબ

(૧) નર્મદા મુખ્ય નહેરમાંથી નીચે મુજબ પાણી છોડેલ છે.

- મેશ્વો નદી - પાંચવાર

પાણી છોડવામાં આવ્યું, અને

– વાત્રક નદી – ત્રણ વાર
– ખારી નદી – શૂન્ય

(૨) તે અન્વયે દહેગામ તાલુકાના કેટલા ખેડુતોને પિયતનો લાભ મળ્યો?

(૨) આશરે ૧૧૦૦ ખેડૂતોને ભૂગર્ભ જળ રીચાર્જ થવાથી લાભ મળેલ છે.

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેતી માટે વીજ જોડાણો

* ૨૭૪૨૪ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર ખેત વિષયક વીજ જોડાણ મેળવવા માટેની કેટલી અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત અરજીઓ પૈકી કેટલી અરજીઓ જિલ્લાવાર બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૩) ઉક્ત બાકી રહેતા અરજદારોને ક્યાં સુધીમાં વીજજોડાણ આપવામાં આવશે ?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ જામનગર જિલ્લામાં ૨૭૮૪૬ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૧૭૨૯૫ કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની અરજીઓ પડતર છે.

(૨) આ અરજીઓ પૈકી જામનગર જિલ્લામાં ૧૭૭૫૦ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૯૮૯૮ અરજીઓ બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવે છે, કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. આ હેતુ માટે નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઇને અગ્રતાક્રમ અનુસાર તમામ પડતર અરજીઓનો તબક્કાવાર નિકાલ કરવામાં આવશે.

ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના

* ૨૭૧૬૩ શ્રી નટવરસિંહ ઠાકોર (મહુધા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલાને વીજજોડાણ આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા વીજજોડાણ આપવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી વીજજોડાણ કેટલા સમયમાં આપવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) : તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે કેલેન્ડર વર્ષમાં ખેડા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત વર્ષવાર નોંધાયેલ અરજીઓ અને તે પૈકી આપવામાં આવેલ વીજ જોડાણોની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ–૨૦૧૫ | વર્ષ–૨૦૧૬ | નોંધાયેલ કુલ અરજીઓ | આપવામાં આવેલ વીજ જોડાણ |
|---|---|---|---|
| ૨૦૦૩ | ૩૯૮૫ | ૫૯૮૮ | ૪૫૧૨ |

(૩) ખેડા જિલ્લામાં નોંધાયેલ કુલ ૫૯૮૮ અરજીઓ પૈકી ૭૯૨ અરજીઓ નામંજૂર થયેલ હોઈ બાકીની ૬૮૪ અરજીઓમાં વીજ જોડાણ આપવાના બાકી છે.

(૪) બાકી અરજદારોને નિયમાનુસાર ચકાસણી કરીને શક્ય તેટલુ ઝડપથી વીજ જોડાણ આપવામાં આવશે.

સચિવશ્રી : તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત નિયમ (નિયમ–૧૧૬) માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇ પટેલ.

અધ્યક્ષશ્રી : રાઘવજી ભાઇ એક મિનિટ ઊભા રહો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આજે પ્રશ્નોત્તરીના સમય દરમિયાન ભૂતકાળમાં ક્યારેય પણ... (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ– ૧૧૬) પછી પોઇન્ટ ઓફ ઓર્ડર આવે છે. માનનીય સીનિયર મંત્રીશ્રી હોય એટલે પરંપરા ન તૂટે. (અંતરાય) સચિવશ્રી તમે મને વારંવાર સલાહ આપો છો કે, તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ– ૧૧૬) પછી પોઇન્ટ ઓફ ઓર્ડર આવે છે. અત્યારે કહો તો ખરા.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ પોઇન્ટ ઓફ ઓર્ડર નથી મારી દરખાસ્ત છે.

અધ્યક્ષશ્રી : સચિવશ્રીએ મને સલાહ નથી આપવાની મને મુંઝવણ લાગશે તો હું એમને પૂછી લઇશ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપે મને બોલવા પરવાનગી આપી પછી ન બોલવા દો તો એ સત્તાધારી પક્ષ અને અધ્યક્ષશ્રીનું અપમાન છે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને નિયમો કહી દેવા દો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી આત્મારામભાઇને રોકો. (અંતરાય) હું બહુ વિનમ્ર ભાવે એટલી જ વાત આપને કરવા માગું છું કે, ભૂતકાળમાં વ્યવસ્થામાં પ્રશ્નો હશે, ગંભીર બાબત હશે તો પણ જ્યારે મેં પોઇન્ટ ઓફ ઓર્ડર

ઉઠાવ્યો ત્યારે આપે મને કહ્યું છે કે, પ્રશ્નોત્તરી અને તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ–૧૧૬) પૂરા થાય પછી જ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવાનો હોય છે. માનનીય મંત્રીશ્રી સીનિયર મંત્રી છે તેથી એમણે એ પરંપરાનું પાલન કરવું જોઇએ અને હવે તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ–૧૧૬) પછી આવે તો કોઇ ફરક પડવાનો નથી. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર નથી. મારી દરખાસ્ત છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : એ પણ તાકીદની જાહેર અગત્યની બાબત (નિયમ– ૧૧૬) પછી જ આવે. (સતત અંતરાય)

અધ્યક્ષશ્રી : શકિતસિંહજીનો મૂળ પ્રશ્ન એવો છે કે, પ્રશ્નોત્તરી પછી દરખાસ્ત આવી શકે કે કેમ? અને મારે સ્પષ્ટપણે કહેવું પડે કે, પ્રશ્નોત્તરી કાળ પછી અનેક વખત આ પરંપરા પણ કરી છે અને હું એમાં સાક્ષી પણ રહી ચૂકેલ છું અને એટલા માટે માનનીય મંત્રીશ્રીને હું પરવાનગી આપું છું.

સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા અંગેનો પ્રસ્તાવ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૯૦, ૧૯૯૫ અને ૨૦૧૨ થી અત્યાર સુધી હું આ સભાગૃહમાં બેસું છું. આજનું જે દ્રશ્ય પ્રશ્નોત્તરીકાળ દરમિયાન બન્યું, મારે વર્ણન કરવાની જરૂર નથી, આપણે બધા જ સાક્ષી છીએ. માનનીય મંત્રીશ્રી ચીમનભાઇ જવાબ આપી રહ્યા હતા, પણ મારે આવો જ જવાબ જોઇએ છે એવો ક્યારેય પણ આગ્રહ રાખી શકાય નહીં. આ પણ સંસદીય પ્રણાલિકા છે. મંત્રીશ્રી પાસે જવાબ હોય છે એ આપે છે. સંતોષ ન થાય તો એની સામે કાર્યવાહી કરવાની પણ જોગવાઇ છે. આ સંજોગોમાં અકારણ અને સ્પષ્ટતા મારે કરવી છે કે, રાજ્ય સરકારને કંઇ પણ છૂપાવવું નથી. અમે જ ખેડૂતોના હામી છીએ એવો વહેમ પણ કોઇએ રાખવાની જરૂર નથી. અમે ખેડૂતોના હામી છીએ તમે પણ ખેડૂતોના હામી હશો. અમે ખેડૂતોના દુશ્મન નથી અને અમે તો ખેડૂતોના માટે છેલ્લા વીસ વર્ષથી જે કર્યું છેને એના સૌ– ગુજરાત સાક્ષી છે. માનનીય મંત્રીશ્રી જયારે જવાબ આપી રહ્યા હતા ત્યારે કોઇ અકારણ માનનીય પરેશભાઇ સીધા હુમલો કરવાના મૂડમાં મંત્રીશ્રી સુધી ધસી જાય અને આપણે એ જોયું છે ભાઇ, (અંતરાય) આપણે જોયું છે. આપણે જોયું છે અને પછી આ દ્રશ્ય ઉભું થયું. અહીંયા પણ અમારા રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઉપર પણ હુમલો થયો. એમના હાથે વાગ્યું. આપે એડજોર્ન કર્યું. આપ અંદર ગયા, એટલે અમને પણ લાગ્યું કે, ચાલો હવે પંદર વીસ મિનિટ પછી આપણે ફરી મળવાનું થશે. વળી પાછા અકારણ માનનીય સભ્યશ્રી બળદેવજીએ આપની ખૂરશીની પાછળ થઇને અહીંયા સુધી એમને આવવાની શું જરૂર હતી? કોઇ કારણ વગર અને માત્ર ફૂટેજ ઉપર મારા સામેના સાથી મિત્રો પણ જોઇ લે કે, હુમલો કરવાના મૂડમાં આમ ફરીને ત્યાં આવી અને અમારા માનનીય વલ્લભભાઇને ધક્કો માર્યો છે, વલ્લભભાઇ પડી જાય છે. આવા દ્રશ્યો અને બહેનો સાથેના પણ વ્યવહાર એ બધું જ ફૂટેજમાં છે, એટલે મારી દરખાસ્ત છે કે, આ બંન્ને માનનીય ધારાસભ્યશ્રીઓ માનનીય પરેશભાઇ ધાનાણી અને માનનીય બળદેવજી ઠાકોરને આ સત્રના સમાપ્તિ સુધી એમને હાઉસની બહાર રાખવા માટેની મારી દરખાસ્ત છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ: માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય) બંન્ને બાજુથી સંભળાય, એક બાજુથી ના સંભળાય, એટલે પહેલાં આ બાજુથી સાહેબે કહ્યું. માનનીય અધ્યક્ષશ્રી.....

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ...

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી, એક મિનિટ, એક મિનિટ, એમને દરખાસ્ત કરવી છે. પ્લીઝ, એક જ મિનિટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, દરખાસ્તને ટેકો તો હોયને સાહેબ. માનનીય શક્તિસિંહજી દરખાસ્તને ટેકો હોય જ.

અધ્યક્ષશ્રી : એ પણ સાંભળીશું, એ પોઇન્ટ ઓફ ઓર્ડર પણ સાંભળીશું. પ્લીઝ, પ્લીઝ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભુપેન્દ્રસિંહજી સિનિયર મંત્રી, ધારાસભ્ય, વિરોધપક્ષ અને અત્યારે મંત્રીશ્રી તરીકે વર્ષોથી કામ કરે છે. એમણે દુઃખ સાથે આખા બનાવનું જે વર્ણન કર્યું, આપણે બધાય માનનીય અધ્યક્ષશ્રી, આપના સહિત અહીંયા માનનીય ધારાસભ્યશ્રીઓએ, કર્મચારીઓએ, અધિકારીઓએ અને લોબીમાં પ્રેક્ષક દીર્ઘામાં બેસેલા પ્રેક્ષકોએ પણ જે વરવા દ્રશ્યો જોયા છે. એટલા દુઃખદ, અશોભનીય અને લાંછનરૂપ બનાવો છે. આપણે બધા મંદિરની વાત કરીએ છીએ કે, આ લોકશાહીનું મંદિર છે, પણ લોકશાહીના મંદિરમાં ભગવાનની મુર્તિઓ તોડી નખાતી હોય એવા પ્રકારના બનાવો કરવા માટે તમે જે પ્રયત્નો કરો છો અને જે રીતે માનનીય ચીમનભાઇ સાપરીયા શાંતિથી જવાબ આપતા હતા. દસથી બાર મિનિટ માનનીય પરેશભાઇનો પ્રશ્ન ચાલ્યો એનો જે જવાબ માનનીય ચીમનભાઇએ આપ્યો, શરૂઆત હતી, બધી જ શાંતિ હતી, કોઇ કારણ એવું ન હતું કે, માનનીય પરેશભાઇને અહીંયા માનનીય ચીમનભાઇ સુધી આવવું પડે. કયા કારણો એવા હતા કે માનનીય પરેશભાઇને માનનીય મંત્રીશ્રી ચીમનભાઇ સુધી આવવું પડે? સાહેબ સાર્જન્ટ વચ્ચે ન પડ્યા હોત તો મને તો ડર છે કે માનનીય ચીમનભાઇ ઉપર પણ, માનનીય સભ્યશ્રી બળદેવજી તરફથી હુમલો થયો તે પ્રકારનો બનાય બન્યો હોત. એ પછી બધા ધારાસભ્યશ્રીઓ આવ્યા માનનીય શકિતસિંહજી તથા ભૂપેન્દ્રસિંહજી આવ્યા, અમે અને શકિતસિંહજીએ પ્રયત્નો કર્યો કે કોંગ્રેસ પક્ષના ધારાસભ્યો બાજુમાં જાય, ભૂપેન્દ્રસિંહજી અને અમે પ્રયત્નો કર્યા કે શાંતિ થઇ જાય આપે સાહેબ એડજોન કર્યા પછી સેકન્ડ રાઉન્ડ ચાલુ કર્યો. માનનીય બળદેવજી અહીંયા ઉભા હતા શાંતિ થઇ ગયેલી પરંતુ ગમે તે કારણસર એમને શું શૂરાતન ચડયું મગજમાં શું થઇ ગયું કે અહીંયાથી દોડીને આપની ચેરની પાછળ થઇને અધિકારીઓ તથા પત્રકાર મિત્રોની ગેલેરી હતી એ બાજુ દોડતા ગયા અને ભાજપના ધારાસભ્યો મંત્રીઓ ત્યાં ઉપસ્થિત

હતા. અમારા મંત્રીશ્રી વલ્લભભાઇ મોટી ઉંમરના છે એ પડી ગયા આ બધું બીજા રાઉન્ડમાં બન્યું. પહેલા રાઉન્ડમાં શાંતિ થઇ ચૂકી હતી. પણ કેમ આવું કરવું પડયું મીડીયામાં આવવા માટે અને લોકોની સેવા કરવા માટે અનેક તકો છે પણ વિધાનસભામાં તોફાન કરવું વિધાનસભામાં અશોભનીય વર્તન કરવું. મીડીયા પણ સાચું જુએ છે. મીડીયાને બધી ખબર પડે છે એટલે છવાઇ જવા માટે તોફાન કરવું, અશોભનીય વર્તન કરવું એ યોગ્ય નથી. આપણે ગુજરાતની પરંપરા જાળવવી પડે.ગુજરાતની લોકશાહીની સંસદીય પ્રણાલી ભાગ્યે જ તૂટી છે. અગાઉ એક વખત તૂટી હતી જયારે આજે બીજી વખત તૂટી છે.માનનીય ભૂપેન્દ્રસિંહજીએ જે દરખાસ્ત મૂકી છે એને મારું સમર્થન છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવના મેરીટ ઉપર જાઉં એ પહેલા હું કેસના મેરીટસની વાત બે મંત્રીશ્રીઓએ ખૂબ લંબાણપૂર્વક કરી છે. હું મેરીટસની વાત કરું એ પહેલા આપણે બધા નિયમોથી બંધાયેલા છીએ એટલા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-પર તરફ આપનુ ધ્યાન દોરું છું. (અંતરાય) મારા પક્ષના સભ્યોએ બન્ને મંત્રીઓને સાંભળ્યા છે એટલે ગૃહ ઓર્ડરમાં આવે એ પછી વાત કરું કારણ કે આ ટેકનિકલ બાબત છે અને સમજવી ખૂબ અગત્યની છે. સંસદીય બાબતોના સચિવો છે એમણે તો કમસેકમ ગૃહમાં શાંતિ રાખવાનો પ્રયત્નો કરવો જોઇએ. (અંતરાય) અહીંયા પણ બહેનો હતી ગાળો બોલતા પહેલા તમારા સભ્યશ્રીઓએ પણ વિચાર કરવો જોઇએ. નિયમ-પર(૧) અધ્યક્ષ તેમને જરૂરી જણાય તો જે સભ્ય અધ્યક્ષના અધિકારની અવગણના કરે અથવા સભાગૃહના નિયમોનો દુરુપયોગ કરીને કે અન્યથા સભાગૃહના કામકાજમાં સતત અને જાણીબુઝીને ખલેલ પહોંચાડે તો એમને નામથી સંબોધશે. પછી પર-(ર)અધ્યક્ષ જયારે કોઇ પણ સભ્યને નામથી સંબોધે ત્યારે આવા સભ્યને અમુક દિવસ માટે વધુમાં વધુ સત્રની બાકી મુદત સુધી સભાગૃહની સેવા બજાવવામાંથી સસ્પેન્ડ કરવામાં આવે તેવો પ્રસ્તાવ થયેથી તરત તે મત માટે મૂકાશે. પરંતુ સભાગૃહ કોઇ પણ સમયે પ્રસ્તાવ રજૂ કરીને ઠરાવી શકે કે આવું સસ્પેન્શન રદ કરવું. આ નિયમ અન્વયે સસ્પેન્ડ કરવામાં આવેલા સભ્યએ સભાગૃહ અને તેની હદ.. આ રીલેવન્ટ નથી એટલે હું આગળનું વાંચતો નથી. મારો જે મુખ્ય ટેકિનકલ મુદ્દો છે એ પર-(૧) અને પર-(ર)નો છે. નિયમોથી આપણે બધા જ બંધાયેલા છીએ. નિયમ એમ કહે છે કે પહેલાં સ્પીકર નેઇમ કરે. એ વગર પ્રસ્તાવ ન આવી શકે. અહીં ગૃહ શરૂ થયા પછી બીફોર નેઇમીંગ બાય ઓનરેબલ સ્પીકર. સરકાર પ્રસ્તાવ લઇને આવે છે. ટેકિનકલી સ્પીકર સાહેબે નેઇમ કર્યા વગર પ્રસ્તાવ આવી શકે નહીં. આ મારો એક ટેકિનકલ મુદ્દો છે. મારી બીજી બાબત. આ સભાગૃહમાં માનનીય ભૂપેન્દ્રસિંહજીએ કહ્યું. હું પણ વર્ષોથી આ ગૃહનો સભ્ય છું. ૧૯૯૦થી ૯પમાં હું અને આપ બન્ને આ સભાગૃહના સભ્ય હતા. ૧૯૮પથી ૯૦માં પણ આ સભાગૃહમાં જે ઘટનાઓ બની. હાઉસનો સમય બચાવવા માટે લોકશાહીના ધબકારા પુસ્તકોના પાનાઓ વાંચીને હું એ કિસ્સાઓને ફરી દોહરાવવા માગતો નથી. ભારતીય જનતા પાર્ટી અહીં હતી. માનનીય અમરસિંહભાઇ ચૌધરી મુખ્યમંત્રી હતા. એક સિનિયર મોસ્ટ સભ્યએ અહીંથી ઉભા થઇને નર્મદા વિષેનું વાંચનારા મુખ્યમંત્રીશ્રીના પેપર્સ હાથમાંથી લીધા, ફાડ્યા, એમના મોઢા પર માર્યા અને ત્યારે તેમને માત્ર ત્રણ દિવસ માટે સસ્પેન્ડ કર્યા. પરંતુ પછી રુલીંગ પાર્ટીએ સામેથી ડાયલોગ કરીને કહ્યું અને એમનું સસ્પેન્શન પણ સમાપ્ત કર્યું. આ ઉદારતા ભૂતકાળમાં કોંગ્રેસ પાર્ટીએ બતાવી છે. (અંતરાય) અને આજે જે બન્યું છે, ભૂતકાળમાં આ એક જ દાખલો નથી. માનનીય ભૂપેન્દ્રભાઇને હું આપના મારફતે કહેવા માગું છું. આપ તો ૧૯૯૦માં, ૯પમાં પહોંચીને ઘણી વખત કોંગ્રેસે શું કર્યું, હું કહું છું ભૂતકાળમાં આપે શું કર્યું એ તો જૂઓ. આ એક નહીં, અનેક વખત આવી પરિસ્થિતિ થઇ છે ત્યારે હંમેશા ઉદારતા. આજની ઘટના શેના માટે બની? હું આપની ઉદારતાને, આ વિધાનસભાગૃહમાં આપે જે વલણ રાખ્યું છે તેમાં આપનો પણ પ્રયત્ન રહ્યો છે અને અમારી પણ ઓપોઝીશન તરીકે ફરજ છે, પરંતુ ભૂતકાળના સ્વ. શ્રી રાઘવજીભાઇ લેઉવા, સ્વ. નટવરલાલ શાહ સાહેબના અનેક જજમેન્ટ છે. સૌથી વધારે જવાબદારી સત્તાધારી પક્ષની. કારણ કે મોટો ભાઇ છે. (અંતરાય) આત્મારામભાઇ, પ્લીઝ. તમે સિનિયર મિનિસ્ટર છો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ. માનનીય મંત્રીશ્રી. પ્લીઝ. બેસો. એમની વાત એમને શાંતિથી પૂરી કરવા દો. શકિતસિંહજી, આગળ ચલાવો. (અંતરાય) બેસો. એમની વાત પૂરી કરવા દો. મને વાગ્યું હતું એ પછી દવાખાને ગયા હતા. પછી શું હવે. એકની એક વાત. મને વાગ્યું હતું એ સાચી વાત છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અહીં બનેલી ઘટનાઓ આપણી આ ચોપડીઓમાં લખાય છે. એ સિવાયનો ઉલ્લેખ આત્મારામભાઇ, ન કરી શકાય. બન્યું હોય તો પણ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પ્લીઝ. આપણે ગૃહનો સમય બચાવીએ. એમની વાત એમને પૂરી કરવા દો. જરૂર પડશે તો તમે પણ ઇન્ટરવીન થાવ, મને કોઇ તકલીફ નથી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ :માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે હું કોઇ અસંસદીય શબ્દ નહોતો બોલ્યો. આપનો નિર્ણય માથે ચડાવ્યો. (અંતરાય) હું આજની વાત ઉપર આવું છું. અરે ભાઇ, એને ટાંકીને આજની વાત ઉપર આવું છું. આ વલણ કેવું? હું શ્રી નીતિનભાઇ વખતે વચ્ચે બોલતો હતો તો આપે બેસાડી દીધો.

અધ્યક્ષશ્રી : ઓ.કે. તમે પોઇન્ટ ઓફ ઓર્ડર પર આવી જાઓ. પ્લીઝ, પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરું છું કે અત્યારે જે ઘટના બની એમાં અસંસદીય શબ્દો સિનિયર મંત્રીઓ આપની હાજરીમાં વાપરે એને શું આપણે ક્ષમ્ય ગણીશું? મારી તકલીફ એ છે કે આપે ન સાંભળ્યું હોય.. (અંતરાય)

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૮

## સભ્યશ્રીઓને સસ્પેન્ડ કરવા અંગેનો પ્રસ્તાવ

અધ્યક્ષશ્રી : હું બિલકુલ ધ્યાનથી સાંભળું છું. આપ આગળ ચાલો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આપે એ શબ્દો ન સાંભળ્યા હોય તો આપની માફી માગું અને આ ગૃહની માફી માગું. સભ્ય માટે એમણે કહ્યું કે •(×××) આ અસંસદીય શબ્દો બૂકમાં લખેલા છે. જુઓ, હજુ એમ કહે છે કે *(×××) અસંસદીય શબ્દોની બૂકલેટ બતાવોને.

અધ્યક્ષશ્રી : પહેલા તો માનનીય મંત્રીશ્રી બેઠાં બેઠાં બોલાય નહીં, આપ ટ્રેઝરી બેન્ચમાં બેઠા છો. આપને બે-ત્રણ વખત કહ્યું છે. પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આખી ઘટના હું માત્ર બે જ મિનિટમાં કહું છું અને હું ટ્રેઝરી બેન્ચ પાસેથી આશા રાખું છું. શ્રી પ્રદિપસિંહજીએ આ તમામ શબ્દો સાંભળ્યા છે અને સાંભળ્યા છતાંય એ ના પાડે તો હું એક ક્ષત્રિય તરીકે આપની પાસેથી એવી આશા રાખું છું. શ્રી પ્રદિપસિંહજી, પછી આપ કહેજો. મારા પક્ષના કોઇપણ સભ્યને ક્ષતિ થઇ હોય તો એના માટે માફી માગતા કે દિલગીરી વ્યક્ત કરતાં ખચકાટ નથી. મારાથી થઇ હોય તો પણ. પરંતુ હું બે સભ્યોના નામ પણ આપું છું, શ્રી પ્રદિપસિંહજી, આ પક્ષના બે માનનીય સભ્યશ્રીઓ શ્રી કાન્તિભાઇ અમૃતિયા અને શ્રી પ્રફૂલભાઇ પાનસેરીયા. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બેસો શ્રી કાન્તિભાઇ, બેસો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : શ્રી કાન્તિભાઇ બેસો, આપ જરૂર કહેજો. મેં આપનું નામ આપ્યું છે એટલે આપ કહેજો. બન્ને જણા અપશબ્દો ન બોલે. ન સાંભળી શકાય તેવી ગાળો બોલતા હતા. એ ન બોલ્યા હોત તો આ ગૃહની કાર્યવાહી ખોરવાઇ ન હોત. આ હકીકત છે અને સીસીટીવીના ફૂટેજ અમે પણ જોઇ લીધા છે. જઇને જોયા છે. માનનીય મંત્રીશ્રી બહેનશ્રીની વાત કરે છે, મારા પક્ષના ધારાસભ્યશ્રીએ કોઇપણને સહેજ પણ વાત કરી હોય એવું ક્યાંય સીસીટીવીના ફૂટેજમાં નથી.

અધ્યક્ષશ્રી : અરે ભાઇ એમને એમની વાત કરવા દો, શાંતિ રાખો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું તો આજની ઘટના પછી આપના આસન પાસેથી એ પણ અપેક્ષા રાખું છું કે દેશની સંસદને આખો દેશ લાઇવ જોઇ શકતો હોય, આ દેશની બધી જ ધારાસભાઓ લાઇવ થતી હોય તો શા માટે એ પણ પહેલ ન કરીએ કે ગુજરાત વિધાનસભા પણ લાઇવ કરીએ ! જેથી હું કે આ કોણ ખોટું બોલે છે એનો નિર્ણય ગુજરાતની જનતા કરે. કેમેરાની આંખો આપણને સતત જોયા કરે. ગુજરાતની જનતા જોયા કરે. મારા પક્ષની ભૂલ હોય, જનતા મને સજા કરે. તમારા પક્ષની ભૂલ હોય તો તમને સજા કરે. દૂધનું દૂધ અને પાણીનું પાણી થાય. શા માટે આવી પ્રથાની શરૂઆત કરતા નથી ! શ્રી ગણપતભાઇ, એમને બહુ ખબર છે, તમારા કરતાં પણ સિનિયર છે અને તમારા કરતાં ઝાઝો સમય આ ગૃહમાં જોયો છે. એટલે મહેરબાની કરીને એમને સલાહ ન આપો. એ સીઝન્ડ માણસ છે, આદરણીય વ્યક્તિ છે. અમારા પણ મુરબ્બી છે અને અધ્યક્ષશ્રીના આસનને શોભાવે છે. એટલે મહેરબાની કરીને તમારી સલાહો તમારી પાસે રાખો. માનનીય અધ્યક્ષશ્રી, હું આ તકે ખાસ કરીને માનનીય મુખ્યમંત્રીશ્રીને વિનંતી કરુ છું કે ભૂતકાળમાં જે મુખ્યમંત્રીશ્રીઓએ મોટપ બતાવી હતી એ શ્રી અમરસિંહ ચૌધરી જ હતા, કાગળો ફાડીને એમના મોંઢા ઉપર મારવામાં આવ્યા હતા, એમની મોટપ હતી કે સસ્પેન્શન રદ કર્યુ હતું, જો સસ્પેન્ડ કરવા હોય તો બે ભારતીય જનતા પાર્ટીના અને બે મારી પાર્ટીના અને ન કરવા હોય તો કોઇને સસ્પેન્ડ ના કરવા જોઇએ આવી મારી દરખાસ્ત છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીયશ્રી શકિતસિંહ દ્વારા જે નિયમ-પરની વિગતો સન્માનનીય સભાગૃહ સમક્ષ મૂકવામાં આવી, માનનીય ભુપેન્દ્રસિંહજી ચુડાસમાએ જે દરખાસ્ત મૂકી છે અને માનનીય નીતિનભાઇએ એ દરખાસ્તને સમર્થન આપ્યું છે. આ સન્માનનીય સભાગૃહમાં સંસદીય પ્રણાલિકાના જાણકાર બધા જ લોકો જાણે છે કે જયારે અધ્યક્ષશ્રી પોતાના અધિકાર વાપરે એ નિયમ-પ૧ કહેવાય અને જયારે ટ્રેઝરી બેંચ પોતાના અધિકાર વાપરે એ નિયમ-પર કહેવાય અને નિયમ-પર માનનીય ભુપેન્દ્રસિંહજીએ દરખાસ્ત મૂકી જેને માનનીય નીતિનભાઇએ સમર્થન આપ્યું એટલે નિયમ-પ૧ અને નિયમ-પરનો જે ભેદ છે એ મને લાગે છે શકિતસિંહજી જેવા સંસદીય પ્રણાલિકાના જાણકાર વ્યકિત અને એમને આ ચોપડીમાં લખેલા મુદ્દાઓથી સમજાવવું પડે અને કયા મોંઢે સંસદીય પ્રણાલિકાઓની વાત કરે છે? આ ધારાસભામાં શકિતસિંહને માઇકો તોડીને અધ્યક્ષ સુધી ફેંકતા પ્રેક્ષક દીર્ઘામાંથી મેં મારી નજરે જોયા છે. હું એનો સાક્ષી છું, મેં મારી સગી આંખે જોયા છે અને અત્યારે સંસદીય પ્રણાલિકાની વાતો કરીને અમને બધાને સંદેશ આપે છે એના કારણે એ વખતના અધ્યક્ષ દોલતભાઇને માથામાં વાગ્યું હતું અને દોલતભાઇને માથામાં વાગ્યા પછી યુવા મોરચાના પ્રદેશના પ્રમુખ તરીકે હું એમને હોસ્પિટલમાં લઇ ગયો હતો. ૭પ વર્ષના માણસની પણ આ લોકોએ તે વખતે દયા નહોતી ખાધી. આજે કેવા દ્રશ્યો ઉભા થયા, આજે કેવા રૌદ્ર સ્વરૂપે બળદેવજી અહીંયા આવે અને નિર્મલાબેનનું ગળું દબાવી દે એ પ્રકારના દ્રશ્યો ઉભા કર્યા. આ મહિલા મંત્રી સાથે આ પ્રમાણેનું વર્તન કર્યુ. અમે બધા સંસદીય પ્રણાલિકાનું જતન કરવાવાળા છીએ પરંતુ અમારી સહનશીલતાને તમે નિર્બળતા ના ગણશો. અમે પણ સંસદીય નિયમોના આધાર ઉપર બંધાયેલા લોકો છીએ. આખા ઘટનાક્રમની અંદર પરેશભાઇએ જે રીતે વાત કરી, મારા વિભાગનો આ જવાબ છે એમાં એમણે એવું કહ્યું કે ૨૦૧પ થી ૨૦૧૭ સુધી ખેડૂતોની ૩૭૪ આત્મહત્યા થઇ છે. મેં આકડા કઢાવ્યા અને આ આકડામાં આ ૩૭૪ આત્મહત્યા પરીક્ષામાં નાપાસ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

થવાથી, પ્રેમ પ્રકરણથી, કૌટુંબિક કારણોથી, સ્ત્રીને શારીરિક માનસિક ત્રાસ આપવાથી, બિમારીથી, માત્ર ખેડૂતોની આત્મહત્યા થઇ હોય તો એ પાક નિષ્ફળ જવાને કારણે માત્ર ૮ લોકોની આત્મહત્યા થઇ છે. આ સભાગૃહની અંદર ૩૭૪ ખેડૂતોએ આત્મહત્યા કરી છે અને એ રીતે સભાગૃહને ગેરમાર્ગે દોરે છે. ખેડૂતોની હાલતની વાત કરે છે પણ તમારા વખતમાં ગોળીબાર કરીને આઠ–આઠ ખેડૂતોને તમે લોકોએ ગોળીથી મારી નાખ્યા હતા. મહેસાણાની અંદર ખેડૂત રેલી ઉપર અત્યાચાર કર્યો હતો, માધવસિંહભાઇ મુખ્યમંત્રી હતા, એક ટ્રક ભરીને જૂતા ભેગા થયા હતા. નરોત્તમભાઇ પટેલ ખેડૂત સંમેલનમાં હતા, શું તમે ખેડૂતની વાત કરો છો? આ સન્માનનીય સભાગૃહની અંદર જયારથી નીતિનભાઇએ બજેટ મૂક્યું છે આમના હોંશ હવાસ ખલાસ થઇ ગયા છે, એટલે આજે અમારા એક બેન નિર્મળાબેન સુધી હુમલો કરવાની ચેષ્ટા કરી. હું ૧૫ વર્ષથી આ હાઉસમાં છું, ક્યારેય મેં વિપક્ષને આ રીતે દોડતા દોડતા અહીં આવીને ટ્રેઝરી બેંચ ઉપર અમારા બહેન સુધી હુમલો કરવા સુધીનું દ્રશ્ય મેં જોયું નથી. આપણે મહિલાઓની વાતો કરીએ અને મહિલાઓને કેન્દ્રમાં રાખીને એના ઉપર હુમલો કરવાનું •(×××) કર્યું છે એવા સંજોગોમાં એમણે મૂકેલ દરખાસ્ત છે એને (અંતરાય) આ અમારા બેન ગાંધીનગરમાં પ્રભારી મંત્રી છે અને એ નાતે અનેક કિસ્સાઓમાં એમની ખોટું કરાવવાની અપેક્ષાઓ હોય એને માનનીય નિર્મળાબેને ક્યારેય સફળ થવા દીધી નથી. મારે કહેવું છે કે આ નિર્મળાબેન એમને નડે છે, ખોટા કામો કરવા દીધા નથી એટલા માટે હુમલો કર્યો છે. (અંતરાય) આ લોકશાહીનું મંદિર છે અને એ બેન હજુ પણ એમના ઉપર હુમલો થયો એના કારણે દુઃખી છે. (અંતરાય) મૂળ આશય આ બેન એમને કામમાં નડે છે એટલે ત્યાંથી આવીને હુમલો કર્યો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : કોઇ બિન સંસદીય શબ્દ હશે તો રેકર્ડમાંથી રદ કરીશું.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મારી વ્યથા છે કે કોંગ્રેસ દ્વારા સભાગૃહની અંદર અમારા મહિલા મંત્રી ઉપર એમણે જે અત્યાચારો કર્યા, *(×××) કર્યું એ કોઇ કાળે ચાલી શકે નહીં. આ રીતે સંસદીય પ્રણાલિકા પ્રમાણે માનનીય ભુપેન્દ્રસિંહ અને માનનીય નીતિનભાઇ દરખાસ્ત લાવ્યા છે એ પ્રોપર છે, યોગ્ય છે. લોકશાહીના મંદિરમાં પ્રણાલિકાઓનું જતન કરવા માટે છે એટલે આ દરખાસ્તને અનુમોદન આપવા માટે હું ઉભો થયો છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ગઇ કાલે માનનીય મુખ્યમંત્રીશ્રી અને હું આપની ચેમ્બરમાં મળ્યા અને નલિયા વાળી ઘટનાની ન્યાયિક ઇન્કવાયરી થાય એ વાત પૂરી થઇ અને ૧૧૬ ન લીધી. આજે પણ એવું છે અને ૧૧૬નો પ્રશ્ન અમારો છે એ ન લેવાય એવું નહીં બને. અમે ચર્ચામાં લાવીશું આપ ભલે કાઢી મૂકો. અહીં આખી પ્રક્રિયામાં જેને કોઇ ન પહોંચે એને એનું પેટ પહોંચે એમ ત્યારે એકલી કોંગ્રેસ ન હતી, ભારતીય જનતા પાર્ટીના ૫૦ લોકો મારી સાથે જે હતા એને તમે હજૂરિયા કે ખજૂરિયા જે કહેવું હોય એ એમાં એ વખતે હતા. એટલે એ કોંગ્રેસનું ન કહો, આપણાવાળા એટલે ગઇ કાલે આપણા વાળા ૫૦ ટકા ભાગીદારીવાળી હતી અને એમની હિંમતથી આ બધું થયું હતું. નીતિનભાઇ અને બળદેવજીભાઇની દોસ્તી માટે આખા હાઉસને પેલું ન કરો. નિર્મળાબેનને વાગ્યું એને વખોડી કાઢું છું અને બળદેવજીભાઇના પગે વાગ્યું છે, અમારા ગૌતમભાઇને હાથે વાગ્યું છે એને પણ હું વખોડી કાઢું છું. બે મુદ્દા ઉપર આપનું ધ્યાન દોરવું છે. બોલવા માટે શબ્દો સારા હોય છે. પ્રદિપસિંહજીભાઇએ હમણાં બહેનોની વાત કરી, સભ્યો આવેશમાં આવીને બોલી ગયા હશે. બે મુદ્દાથી હાઉસ ડિસ્ટર્બ થયું. એક તો ૧૯૯૫ની વાત, એ અહીં કરવાની જરૂર નથી. મોટી મુશ્કેલી એ છે કે તમે ૨૦ વર્ષ પહેલાની વાત અત્યારે કેમ લાવો છો? આ લોકશાહીનું ચક્ર છે, છેલ્લું સત્ર છે અને ફરી મેળ પડે ન પડે એ હું સમજી શકું છું. પણ સહન હંમેશા શાસક પક્ષે કરવાનું હોય કારણ કે વિરોધ પક્ષની આક્રમકતા હોય એને કારણે તમારે વધારે સહન કરવું પડે. મોભને ખીલા વાગે એમ પાવરમાં છે. કાલે અમે ત્યાં હોઇશું તો અમે સહન કરીશું એની ચિંતા ન કરો. એટલે એક મુદ્દો આ ૨૦ વર્ષ પહેલાનું અને બીજો મુદ્દો કે બહેનો આ હતી કે તે, બહેનો આપણી હતી, પણ બહેનોની હાજરીમાં કમસે કમ પ્રજાના પ્રતિનિધિ તરીકે બિભત્સ ભાષાનો પ્રયોગ, શરમ આવે એવા શબ્દોનો પ્રયોગ ન કરાય. ઉશ્કેરાટના મૂળ કારણમાં બે મુદ્દા હતા. જૂની ૨૦ વર્ષની વાત અને બહેનોની હાજરીમાં એ બહેનો સાંભળે આ બહેનો સાંભળે, બહેનો બહેનો છે. એમની હાજરીમાં કમ સે કમ સભ્ય તરીકે આપણે લોકો સાંભળે એવા બિભત્સ શબ્દ પ્રયોગ ના કરે. આપને કાઢવાનો અધિકાર છે. શક્તિસિંહભાઇએ દરખાસ્ત મૂકી છે. બેલેન્સ સ્થિતિ આપ જાળવો તો ભૂતકાળમાં આખા હાઉસને કાઢ્યું છે. બધાને અને વિરોધપક્ષના નેતાને કાઢી મૂકેલા છે. આખી પાર્ટીને કાઢી મૂકેલી છે. એટલે સ્વાભાવિક છે કે જે કાંઇ એન્જોય કરવું હોય બહુમતિના આધારે, આપના હુકમને આધીન રહીને પાર્ટી કરી શકે છે. સત્તા પક્ષ કરી શકે છે એમાં અમારાથી ટેકનીકલી વિરોધ થાય એ અમે કરીશું. બહુ આવો હિંસક વિરોધ ના થાય એ થતો હોય એ બંને સાઇડ આઇધર ઓર કહીને હું કન્ડેમ કરું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, હવે પૂરું કરીએ. (અંતરાય) ભાઇ, શાંતિ રાખો. (અંતરાય) મિત્રો પ્લીઝ, આજની જે બનેલી ઘટના (અંતરાય) પ્લીઝ, પ્લીઝ, એમાં લાંબુ ચાલશે. ( બળદેવજીભાઇ ઊભા થઇને એક મિનિટ કહેવા માગતા હતા) પ્લીઝ, મારી વિનંતી છે બળદેવજીભાઇ આપને. પ્લીઝ, પછી મારે પરેશભાઇને કહેવું પડશે, કાંતિભાઇ આવશે, એ બહુ લાંબુ થશે. જેના નામ કહ્યા છે પછી બધાને મારે બોલવાની તક આપવી પડશે. કાંતિભાઇને આપવી પડશે, પ્રફુલભાઇને આપવી પડશે અને એટલા માટે બળદેવજીભાઇ પ્લીઝ બેસો. (અંતરાય) નહિ, બેસો. આ સભાગૃહમાં ગઇકાલની જે પરંપરા, ઉચ્ચ પરંપરા, અને મેં પહેલા પણ કહ્યું છે એ પ્રમાણે આદરણીય શંકરસિંહજી વાઘેલા બાપુ સાહેબે એમની વાત વ્યક્ત કરી અને આદરણીય

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મુખ્યમંત્રીએ એમની વાતને સ્વીકારી અને બંને કરતા હું જૂનિયર છું. પરંતુ આ સ્થાન ઉપર બેઠો છું અને બાકીના પણ મિત્રો હતા અને પછી વાતને સ્વીકારીને આપણે ખૂબ સારા વાતાવરણમાં ગઇકાલે મુદ્દાનું સમાધાન કર્યું છે. જેના માટે મેં બધાનો આભાર પણ વ્યક્ત કર્યો. આજની જે ઘટનાની આપણે વાત કરીએ છીએ. સ્વાભાવિકપણે આ બધું થાય જ જેનો હું સાક્ષી છું, એમાં હું બેઠો છું ત્યાં સુધી તો માનનીય મંત્રીશ્રીનો જવાબ ચાલુ હતો. ભાઇશ્રી પરેશભાઇ આવ્યા ત્યાં સુધીની ઘટનાના આપણે બધા સાક્ષી છીએ. પછી જે ઘટના બની એના પણ આપણે સાક્ષી છીએ. મારે અહીંયા બે–ત્રણ બાબતોનો ઉલ્લેખ જરૂર કરવો છે. પહેલી બાબત તો એ છે કે અત્યાર સુધીમાં ગૃહ એડજોન થયા પછી ક્યારેય ગૃહમાં કોઇ હરકત થઇ નથી. આ પહેલો બનાવ એવો છે કે ગૃહ મોકુફ રાખ્યા પછી પણ આવા બનાવો બને એ ઠીક નથી. મેં ગઇકાલે કહ્યું હતું. આજે ફરીથી એનું પુનરાવર્તન કરવા માગુ છું કે ગૃહના નેતા અને માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે બોલતા હોય ત્યારે, નાયબ મુખ્યમંત્રીશ્રી જ્યારે બોલતા હોય ત્યારે, વિરોધપક્ષના નેતાશ્રી જ્યારે બોલતા હોય ત્યારે, સિનિયર મંત્રીશ્રીઓ, સિનિયર ધારાસભ્યશ્રીઓ, આગેવાનો અને વિશેષ કરીને મહિલા ધારાસભ્ય જ્યારે બોલતી હોય ત્યારે આપણે બધાએ સંયમ જાળવવો જોઇએ એવું મેં ગઇકાલે કહ્યું હતું. આજે ફરીથી પુનરાવર્તન કરું છું અને એ સંજોગોમાં માનનીય કોંગ્રેસના બહેનો પણ મને આવીને મળી ગયા છે અને કહ્યું કે, સાહેબ, આ બધું બરોબર નથી. ભારતીય જનતા પાર્ટીની બહેનો પણ અને સ્વાભાવિકપણે એ વાતને હું સ્વીકારીને ચાલુ છું કે આપણે જનપ્રતિનિધિ છીએ. આપણે આપણી વાણીને સંયમ રાખીને જેન્ટસ હોય અને એકબીજાની સાથે કાંઇ ટીકા–ટિપ્પણ કરતા હોય ત્યાં સુધી ઠીક છે. પણ કોઇપણ મહિલા હોય એની સાથે આવું વાણી વર્તન ના થાય એવી મારી અપેક્ષા છે. આદરણીય શક્તિસિંહજીએ કહ્યું અને પ્રદિપસિંહજીએ કહ્યું એની મારી પાસે વિગત છે. કોઇ આધાર–પુરાવાઓ નથી. બેન નિર્મલાબેન ગાંધીનગરના પ્રભારીમંત્રી છે. બળદેવજી એમના ધારાસભ્ય છે એમને સ્વાભાવિક વાત કરવી હોય. પરંતુ આપણે બધું કહીએ એવું બળદેવજી થતું નથી અને એટલા માટે આ બધી પ્રક્રિયા થયા પછી મેં પણ સીસીટીવી કેમેરા જોયા છે. અહીંયા મારે કશું છૂપાવવાનું નથી. કોઇની તરફદારી મારે કરવાની નથી અને કેમેરા કોઇને છોડવાનો નથી, એટલે આ સંજોગોમાં મિડિયાના મિત્રોએ પણ મારી પાસે માગણી કરી છે. એટલે જે પણ હકીકતો છે એ હકીકતો હું મિડિયાના માધ્યમથી પ્રસિદ્ધ કરવા માગુ છું, આ સભાગૃહનું હું ધ્યાન દોરું છું અને એમાં એ મેં જે સી.સી.ટી.વી. જોયા છે એમાં આદરણીય બાપુ સાહેબે વાત કરી એ પ્રમાણે બધા અહીંયા જ હતા, જે મેં જોયું છે અને તમને બધાને જે જોવા મળવાનું છે, અહીંથી બળદેવજી આ ચેમ્બરમાં થઇને અહીંથી છેક નિર્મલાબેન, એમની હાઇટ થોડી નાની છે, જોડે વલ્લભભાઇ ઉભા હોય, વલ્લભભાઇ પડી ગયા છે એ પણ મેં જોયું છે, તો નિર્મલાબેનને દેખાવાનું તો સ્વાભાવિક ન થાય. મેં એક નહીં, ઝૂમ કરીને ચાર–ચાર વખત આ પ્રક્રિયા જોઇ છે. મને લાગે છે આ ઘટના, તમે પણ જોશો બધા, હું એકલો જોવાનો નથી અને એટલા માટે હું મિડિયાના માધ્યમથી પ્રસિદ્ધ કરવાનો છું એ વાત મેં કરી. પણ એવું નહીં થવું જોઇએ એવી મારી અપેક્ષા છે. બન્ને પક્ષમાંથી જે પણ વાત થઇ, કોઇકને નાનું મોટું વાગ્યું હશે, અહીંથી આ વાત અહીંયા જ રહે, એ સિવાય જ્યારે મારી ચેમ્બરમાં મિત્રો, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, સંસદીય મંત્રીશ્રી અને એમણે આવીને મારી જોડે જે રજૂઆત કરી અને મેં એમને પણ વિવેકપૂર્ણ વાત કરી છે કે, આવું બધું ન હોઇ શકે. ગૃહની એક મર્યાદા હોય છે અને એટલા માટે જેટલા જવાબદાર હોય એની સામે જ કાર્યવાહી કરવી જોઇએ, એ વાત પણ એમણે સ્વીકારી છે, હું એમનો આભાર વ્યક્ત કરું છું અને જેટલા નેઇમ થયેલા છે એવા ભાઇશ્રી પરેશભાઇ ધાનાણી અને ભાઇશ્રી બળદેવજી ઠાકોર માટેની જે દરખાસ્ત અહીંયા મૂકવામાં આવી છે એ દરખાસ્તને હું નેઇમ કરું છું અને એ દરખાસ્તને હું મત માટે મૂકું છું.

દરખાસ્ત મત માટે મુકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ ધાનાણી અને બળદેવજી ઠાકોરને સત્ર સમાપ્તિ સુધી હું સસ્પેન્ડ કરું છું.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપે જે કાંઇ લોકશાહી પ્રક્રિયામાં બહુમતિ, ટ્રેઝરી બેન્ચની બહુમતી હોય એ બહુ સ્વાભાવિક છે અને એના આધારે અમારા બે મિત્રો જે ખેડૂતો માટે લડતા હતા, સાચી વાત માટે લડતા હતા એમને એમનો અવાજ વ્યકત કરવાની તક ના મળે અને આપે જે આખા સત્ર માટે બહાર કાઢ્યા છે (અંતરાય) એના વિરોધમાં અમે વોક આઉટ કરીએ છીએ અને શ્રી રાઘવજીભાઇ અને શ્રી કરમશીભાઇએ જે ૧૧૬ની દરખાસ્ત લે, થોડીવાર પછી ચર્ચામાં પણ ભાગ લઇશું પણ ટેકનિકલી એના વિરોધમાં અમે વોક આઉટ કરીએ છીએ. આ તકે વિરોધપક્ષના (શ્રી શક્તિસિંહજી ગોહિલ, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી કરમશીભાઇ પટેલ, શ્રી પુનમભાઇ પરમાર સિવાયના) મોટાભાગના સભ્યો સુત્રોચ્ચાર કરતા કરતા, વિરોધપક્ષના નેતા સહિતનાઓએ વોક આઉટ કર્યો, શ્રી પરેશભાઇ ધાનાણી વેલમાં ધસી આવી કાગળ બતાવતાં, વોક આઉટ કરી ગયા ) (અંતરાય)

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નિયમોના નિયમ–૩૬ મુજબનો મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો છે.

અધ્યક્ષશ્રી : શક્તિસિંહજી એક વાતનું આપનું ધ્યાન દોરું કે, વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ વોક આઉટ કરી ગયા છે..

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : ના હું પણ જવાનો છું

અધ્યક્ષશ્રી : ના, તમે જવાના હોવ તો તમે જઇને આવો પછી

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : ના,જી. હું નથી જવાનો

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

અધ્યક્ષશ્રી : ઓ.કે. તમે ન જવાના હોવ તો કાંઇ નહીં, વિરોધપક્ષના નેતાની સાથે તમે નથી ?

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : જી. આપે જે કહેવું હોય તે. અમારી વાત અને સમજણ બરાબર પાકી છે.

અધ્યક્ષશ્રી : ઓ.કે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : નાયબ મુખ્યમંત્રી અને મુખ્યમંત્રી જેવું અમારે નથી.

અધ્યક્ષશ્રી : નહીં, અત્યારે હાલ તો એવું લાગે છે એટલે. અત્યારે હાલ મને એવું લાગ્યું એટલે મેં તમારું ધ્યાન દોર્યું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અસંસદીય શબ્દો અને શબ્દપ્રયોગોની યાદી, ક્રમ નંબર–૫૯, આ ગૃહમાં અસંસદીય શબ્દો એ અતિગંભીર બાબત છે અને ન જ બોલાવવા જોઇએ. મેં આપને ગઇ કાલની કાર્યવાહીની બાબતો આપી છે, આપના હાથ ઉપર છે. મેં નિયમ–૩૬ ટાંક્યો છે, નિયમ–૩૬ નીચે મારો પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો, અસંસદીય શબ્દોના પ્રયોગો, ક્રમ નં. ૫૯ જે હું મુદ્દો લેવા જઇ રહ્યો છું એ અસંસદીય છે, બોલનાર વ્યક્તિ નીતિનભાઇ પટેલ છે, ગઇકાલની કાર્યવાહી મેં આપને આપી, ગઇકાલની કાર્યવાહીમાં છેલ્લો શબ્દ બોલનાર વ્યક્તિ નીતિનભાઇ પટેલ છેલ્લો શબ્દ છે •(×××) . જયાં મારા ત્રણ મહિલા ધારાસભ્યશ્રીઓ પણ હતા. એ બધા જ *(×××) ત્યારે એમને મહિલા સન્માનવાળી ગઇકાલવાળી વાત યાદ નહોતી? આપે ગઇકાલે બહુ જ ગંભીરતાપૂર્વક જે કડક શબ્દો, માનનીય અધ્યક્ષશ્રી, મારા આખા પ્રવચનમાં અસંસદીય શબ્દો ન હોવાછતાં આપે જે કહ્યું એને સ્વીકારું છું અને ભવિષ્યમાં ન દોહરાય એની ચિંતા કરું છું, પરંતુ અહીંયા નીતિનભાઇ પટેલે સ્પષ્ટ રીતે અસંસદીય શબ્દો વાપર્યા છે. મને કહ્યું એના કરતાં વધારે કડક ઠપકાને અધિકારી એ બને છે અને એટલા માટે આપના નિર્ણયની હું અપેક્ષા રાખું છું.

અધ્યક્ષશ્રી : આ શબ્દો પણ એમાંથી રદ કરીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નવો મુદ્દો છે. એ તો ગઇ વાત. આપણે બધા ધારાસભ્યશ્રીઓ છીએ. દરેક જ્ઞાતિ, જાતિ, સમાજનું પ્રતિનિધિત્વ કરીએ છીએ. પરંતુ અત્યારે માનનીય શક્તિસિંહે માનનીય પ્રદિપસિંહે જયારે વાત કરી ત્યારે એમ કહ્યું કે તમે ક્ષત્રિય છો તો આ રીતે તમે જવાબ આપો એવી હું તમારી પાસે આશા રાખું છું. આ જ શક્તિસિંહ સાહેબ હમણા ૫–૧૦–૧૫ મિનિટ પહેલા એમનો ટી.વી. ઉપર ઇન્ટરવ્યુ જોયો ત્યાં આગળ પરેશભાઇ ધાનાણીને આગળ રાખી અને એવું કહે છે કે આ પાટીદાર યુવાન અને કોંગ્રેસ તો પાટીદાર, ક્ષત્રિય, ચારે બાજુ બાકોરા પાડવા, જ્ઞાતિઓ વચ્ચે વર્ગવિગ્રહ કરાવવા ચારે બાજુ જે મસાલો નાખવો હોય એ નાખવા માટે પ્રયત્ન કરે છે.

અધ્યક્ષશ્રી : મારું તમને બંનેને એટલું જ કહેવું છે કે પ્રશ્ન પૂછનાર પણ પાટીદાર અને જવાબ આપનાર પણ પાટીદાર છે. સરખું થઇ જાય છે. જવાબ પણ પાટીદારે જ આપ્યો છે. પ્લીઝ, નેકસ્ટ.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) નું ધ્યાન દોરું છું અને તેમને તે સબંધી નિવેદન કરવાની વિનંતી કરું છું.

'' તા. ૧૪/૦૨/૧૭ના રોજ પાણીના પ્રશ્ને સાણંદથી ગાંધીનગર તરફ જતી ખેડૂતોની રેલીને આગળ વધતી અટકાવવા પોલીસ દ્વારા થયેલ લાઠીચાર્જ તથા પાણીનો મારો ચલાવતાં ખેડૂતોમાં વ્યાપેલ ભય અને રોષની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં. ''

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સાણંદ તાલુકા અને આજુબાજુના ગામોમાં પાણીની માંગણી સાથે આ વિસ્તારનાં અમુક ખેડૂતોએ તા.૧૪/૦૨/૨૦૧૭ના રોજ કલેકટરશ્રી, અમદાવાદને આવેદનપત્ર આપવા રેલી દ્વારા જવા તા.૦૮/૦૨/૨૦૧૭ અને તા. ૧૧.૨.૨૦૧૭ના પત્રોથી પરવાનગી માંગેલ હતી. કલેકટરશ્રી, અમદાવાદ દ્વારા પરવાનગી નકારવામાં આવેલ હતી અને આ અંગે તા.૧૩/૦૨/૨૦૧૭ના પત્રથી અરજદારોને જાણ કરવામાં આવેલ હતી. તેમ છતાં રેલી કાઢવામાં આવનાર છે તેવી માહિતી મળતાં મામલતદાર તથા પોલીસ દ્વારા આયોજકોને સમજાવવામાં આવ્યા હતાં. પરંતુ આયોજકો રેલી કાઢવાના તેમના નિર્ણયમાં કોઈ બાંધછોડ કરવા માંગતા ન હતાં. આથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે આશયથી તા.૧૪/૦૨/૨૦૧૭ના રોજ સવારે ૦૬.૦૦ કલાકે એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની હાજરીમાં નાયબ પોલીસ અધિક્ષક – ૨, પોલીસ ઈન્સ્પેકટર – ૦૫, પોલીસ સબ ઈન્સ્પેકટર – ૧૫, પોલીસ – ૧૧૫ તથા વુમન પોલીસ – ૩૦નો બંદોબસ્ત સ્કીમ મુજબ ગોઠવવામાં આવેલ હતો. રેલીને મંજુરી આપવામાં આવેલ ન હોવા છતાં તા.૧૪/૦૨/૨૦૧૭ના રોજ કેટલાક આયોજકો સવારે ૦૮.૦૦ કલાકે ઉપરદળ ગામે એકત્ર થયેલ. આથી ૧૦ વ્યક્તિઓને તે સમયે ડિટેઈન કરી લેવામાં આવેલ. આ પછી આસપાસના ગામોમાંથી ટ્રેકટરો દ્વારા આશરે ૧૫૦૦ જેટલા માણસો એકઠા થઈ ઉપરદળ ગામથી બહાર રોડ સુધી ગેરકાયદેસર રીતે રેલી સ્વરૂપે નિકળતા, રેલી ત્યાં પૂર્ણ કરવા પોલીસ દ્વારા સમજાવવા છતાં તેઓ સહમત થયેલ નહીં અને આ દરમ્યાન આજુબાજુના ગામના વધુ માણસો પણ આવી જતા રેલી સ્વરૂપે રેથલ ગામ સુધી ગયેલ. આ દરમ્યાન પણ વહીવટીતંત્ર દ્વારા સમજાવવાની સતત કોશિષ કરવા છતા આયોજકોએ રેલી ચાલુ રાખેલ અને રેથલ, માણકોલ ચોકડી સુધી એકત્રિત થઈ પંહોચેલ. પરિસ્થિતિને વણસતી અટકાવવા માટે રેલીમાનાં આગેવાનો ત્રણ ટ્રેકટરમાં

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

કલેક્ટર કચેરી અમદાવાદ ખાતે આવેદનપત્ર આપવા જઈ શકે તેવી તૈયારી વહીવટીતંત્રએ દર્શાવેલ. આયોજકોએ તેમના ડિટેઈન થયેલા આગેવાનોને છોડી મુકવા આગ્રહ રાખતા સમજાવટના પ્રયાસના ભાગરૂપે સવારે ડિટેઈન કરાયેલ તમામ ૧૦ વ્યક્તિઓને મુક્ત કરવામાં આવ્યા. આમ છતાં આયોજકો લોકોના ટોળા સાથે આગળ વધતા વધતા વિંછીયા ગામ સુધી પંહોચેલ. આગળ વધતા લોકોને પોલીસ રોકે તો પોલીસને પાડી દઈ આગળ વધવા આયોજકો દ્વારા બુમો પાડી લોકોને ઉશ્કેરવામાં આવતા હતા. આંદોલનકારીઓ આગળ વધી વિંછીયા ગામ સુધી પંહોચેલ, જયાં આગળ પોલીસ અધિક્ષકશ્રી તથા એસ.ડી.એમ. દ્વારા તેઓને ફરીથી સમજાવવામાં આવ્યા. ટોળામાંના લોકો પાસે લાકડીઓ, ધારીયા, સળીયા જેવા મારક હથિયારો હતા. આ સમયે ટોળાએ અચાનક પોલીસ ઉપર પથ્થરમારો શરૂ કરેલ તથા ટોળાના ટ્રેકટરો પોલીસ ઉપર ચઢાવવાની કોષિશ કરેલ. પોલીસ દ્વારા શાંતિ રાખવા અને હિંસક ના બનવા વારંવાર ચેતવણી આપવા છતાં પોલીસ તથા પોલીસના વાહનો ઉપર સતત પથ્થરમારો ચાલુ રાખેલ. આથી પોલીસને તોફાની ટોળાને વિખેરવા ટીયરગેસના ૩૮ સેલ છોડવાની ફરજ પડેલ. તોફાની ટોળુ કાબુમા ન આવતા પોલીસને લાઠીચાર્જ કરીને ટોળાને વિખેરવાની ફરજ પડેલ. ટોળા દ્વારા સતત ભારે પથ્થરમારા દરમ્યાન પોલીસ અધિક્ષકને કપાળના ભાગે તથા ગાલ ઉપર પથ્થર વાગતા ગંભીર ઈજા થયેલ. તેમના ઉપરાંત ૧ પી.એસ.આઈ. તથા ૪ પોલીસ કોન્સ્ટેબલને પણ પથ્થર વાગવાથી ઈજાઓ થયેલ. પોલીસ અધિક્ષકશ્રીને ગંભીર ઈજા થવા છતા પ્રાથમિક સારવાર લીધા બાદ કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે પુનઃ સ્થળ પર પંહોચી ગયેલ હતા. ત્યારબાદ અન્ય અધિકારીઓ આવતા પોલીસ અધિક્ષકશ્રી પુનઃ વધુ સારવાર માટે હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે દાખલ થયેલ હતા. પોલીસ દ્વારા વ્યુહાત્મક બંદોબસ્ત ગોઠવી દેવામાં આવેલ હતો. તેમજ પોલીસ મહાનિરીક્ષકશ્રી, અમદાવાદ રેન્જ દ્વારા સ્થાનિક આગેવાનો સાથે સર્વપક્ષીય બેઠક યોજવામાં આવેલ હતી. સ્થાનિક આગેવાનો દ્વારા પોલીસની કામગીરીથી સંતોષ વ્યક્ત કરી ભવિષ્યમાં આ અંગે આવો બનાવ ફરી ઉપસ્થિત ન થાય તે માટે સહકારની ખાત્રી આપવામાં આવેલ હતી.

રેલીને કોઈપણ પ્રકારની પરવાનગી આપવામાં આવેલ ન હતી. રેલીના આયોજકો દ્વારા ગેરકાયદેસર રીતે આગળ વધવાના પ્રયાસો થયેલ હતા. આથી આ ગેરકાયદેસર રેલીને શહેરી વિસ્તારમાં પ્રવેશતી અટકાવવી જરૂરી જણાતા કાયદાની મર્યાદામાં રહી જરૂર પુરતો જ બળ પ્રયોગ કરવામાં આવેલ હતો. પોલીસે પુરતો સંયમ રાખી રેલીને અટકાવી ન્યુનતમ બળ વાપરીને ટોળાને વિખેરેલ હતું. પોલીસના સમયસરના અને સાવચેતી પૂર્ણ પગલાંના કારણે આ ગેરકાયદેસર રેલીને વધુ ઘાતક અને હિંસક બનતી અટકાવી શકાયેલ છે.

પોલીસ દ્વારા ૨૨ જેટલા ઓળખાયેલ આરોપીઓ તથા ૧૫૦૦ થી ૨૦૦૦ ના ટોળા વિરૂધ્ધ સાણંદ પોલીસ સ્ટેશન ખાતે ફસ્ટ.ગુ.ર.નં. ૧૮/૨૦૧૭ થી ઈપીકો કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૩૨૫, ૩૨૬, ૩૩૨, ૩૩૩, ૪૨૭, ૧૮૮, પ્રીવેન્શન ઓફ ડેમેજ ટુ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ ૩ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. આ ગુના સંબંધમાં ૧૭ આરોપીઓને સ્થળ ઉપરથી જ પકડી લેવામાં આવેલ હતાં. જે પૈકી ૧૫ આરોપી તા.૧૮/૦૨/૨૦૧૭ના રોજ જામીન મુક્ત થયેલ છે. જયારે ૨ આરોપી હાલ પણ જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. નાસી ગયેલ ૫ આરોપીઓ પૈકી ૩ આરોપીઓની તા.૧૮/૦૨/૨૦૧૭ ના રોજ ધરપકડ થયેલ છે. ૨ આરોપીઓની શોધખોળ ચાલુ છે.

આ ઘટનાનાં સંદર્ભમાં આપવામાં આવેલ સાણંદ બંધના એલાનને આમ જનતા તરફથી કોઈ પ્રતિસાદ મળેલ નહી. રોજિંદા વેપારધંધા તથા વાહનવ્યવહારને કોઈ પ્રતિકુળ અસર પડેલ નહી. આમ, પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે લેવાયેલ પગલાંથી રોષની લાગણી ફેલાયેલ હોવાની બાબત યથાર્થ નથી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતો માટે બહુ અગત્યનો મુદ્દો છે. ગઇકાલે હું ધ્યાનથી સાંભળતો હતો ટ્રેઝરી બેંચના એક સભ્યની વાતમાં રજૂઆત કરતા હતા કે અમારી ભારતીય જનતા પાર્ટીનું સ્વપ્નું છે કે હર ખેત કો પાની અને હર હાથ કો કામ,અને એ સમસ્યા ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કાયમ આ વાત સાંભળતા આવ્યા છીએ. પરિસ્થિતિ શું છે? પરિસ્થિતિ એ છે કે સુજલામ સુફલામ યોજનાના નામે ગુજરાત ગજવ્યું. કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો. સૌની યોજનાના નામે ૨૦૧૨ માં ૧૨૦૦ કરોડ રૂપિયાનો ભ્રષ્ટાચાર થયો. ખેડૂતોની વાત છે.(અંતરાય) સાંભળો. જવાબ તમે આપજો. જવાબ આપવાની છૂટ છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( ગૃહ મંત્રીશ્રી ) : મારો પોઈન્ટ ઓફ ઓર્ડર છે. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે હું રાઘવજીભાઇના તમામ પ્રશ્નોનો જવાબ આપવા માટે તૈયાર છું, પણ રાઘવજીભાઇ મને પ્રશ્ન પૂછે છે કે આ મારો પ્રશ્ન છે તો મને જવાબ આપવાની સરળતા રહેશે. આ ૧૧૬ માટે આપણી પાસે માત્ર ૧૫ મિનિટ છે. આ ૧૫ મિનિટમાં આપણે ૪ ધારાસભ્યોને સાંકળવાના છે. નહિતર પાછળના ધારાસભ્યોને તક રહેશે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, એલ.એ.ક્યુ, સ્ટાર ક્વેશ્ચન અને ૧૧૬ વચ્ચેનો ફરક આ છે. માનનીય મંત્રીશ્રીને આપના મારફતે જેઓ કાયદાના મંત્રીશ્રી છે તેમને કહેવા માગું છું. ૧૧૬ ની નોટિસમાં મંત્રીશ્રીનું નિવેદન હોય છે. ૧૧૬ ના પ્રભારી સભ્યને ભૂમિકા બાંધવાની, વાત કરવાનો પુરતો અવકાશ હોય છે. સ્ટાર ક્વેશ્ચન ૫ મિનિટમાં પૂરો કરતા હોઇએ છીએ. ૧૧૬ માટેની લાંબી વ્યવસ્થા છે, માટે રાઘવજીભાઇ એમના સ્કોપમાં એમની વાત બરાબર કરી રહ્યા હતા.

અધ્યક્ષશ્રી : આમાં સુજલામ સુફલામ એ બધું ન આવે.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ -૧૧૬)

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : પ્રશ્ન ક્યાંથી ઊભો થયો? પ્રશ્ન સાણંદમાં પાણીનો છે. પાણી માટે થઇને સુજલામ સુફલામ બિલકુલ રિલેવન્ટ છે, કારણ કે સાંણદનો આખો ઝઘડો માનીતા ઉદ્યોગપતિને પાણી આપવાનો અને ખેડૂત માગે તો લાકડી.

અધ્યક્ષશ્રી : માનનીય શક્તિસિંહજી, સુજલામ સુફલામ અન્વયે હાઇકોર્ટનું જજમેન્ટ છે. હાઇકોર્ટે કાઢી નાખ્યું છે. આપ ધારાશાસ્ત્રી તરીકે જાણો છો. જે વાત હાઇકોર્ટે કાઢી નાખી છે તેને ફરીથી અહીયા બોલવાની? સુજલામ સુફલામ બોલી જ ન શકાય. આગળ બોલો.પ્લીઝ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય પ્રદીપસિંહે કહ્યું છે કે કોઇપણ પ્રશ્ન પૂછે તેનો જવાબ આપવા હું તૈયાર છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : પ્રશ્ન પૂછ્યો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આધાર પુરાવા સિવાય બોલ્યા છે એમાં વાંધો છે. આધાર પુરાવા સિવાય (અંતરાય) મને એક મિનિટ સાંભળી લો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મને મારી વાત રજૂ કરવા દો.

અધ્યક્ષશ્રી : રાઘવજીભાઇ જ્યારે આપણે ચર્ચા કરીએ છીએ. શક્તિસિંહજીએ વાત કરી. આપણા આ જ નિયમો બિલકુલ સ્પષ્ટ છે. એમને નિવેદન વહેંચ્યું છે. એ નિવેદન વાંચ્યા ઉપર માત્ર બે જણા પ્રશ્ન પૂછી શકે એવું આપણા નિયમોમાં છે. આપની વાત ચાલુ કરો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારી વાત બહુ સ્પષ્ટ છે. ખેડૂતોને સિંચાઇનું પાણી મળતું નથી. સુજલામ સુફલામમાં પાણી મળતું નથી.(અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આધાર પુરાવા હોય કે નહિ?

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મને રક્ષણ આપો.

અધ્યક્ષશ્રી : એમની વાત એમને કરવા દો. પછી તમારી વાત કરજો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : મારી વાત સ્પષ્ટ છે કે સૌની યોજના હોય, સુજલામ્ સુફલામ્ હોય કે નર્મદાના નામે વાતો થતી હોય પણ ખેડૂતો આજની તારીખ સુધી પાણી વગર તરવરે છે. સાણંદ વિસ્તારના ૩૧ ગામોએ ૮-૨-૨૦૧૭ અને ૧૧-૨-૨૦૧૭ના રોજ કલેકટરને મળવા માટે અને આવેદનપત્ર રજૂ કરવા માટે પત્ર મોકલ્યો. ખેડૂતોને મળવા દેવામાં આવતા નથી. કંટાળીને ખેડૂતોએ પોતાના સિંચાઇના પાણી માટે રેલી કાઢી. હું તમને એ કહેવા માગુ છું કે, જે પાણી સિંચાઇનું છે તે આ ગામડાંના ખેડૂતોને ન મળે, વારંવાર ન મળે તો ખેડૂતો જમીન વેચવા મજબૂર થાય. જમીન માફીયાઓ તે જમીન લઇ લે તેના માટે મળીને આ વ્યવસ્થિત •(×××) છે. ખેડૂતો બરબાદ થાય તેટલા માટે તેને પાણી આપવામાં આવતું નથી. તેના પરિણામે ખેડૂતોમાં રોષની લાગણી ઉભી થઇ. ખેડૂતોને એમ થયું કે સરકાર મા-બાપ છે એટલે ત્યાં રજૂઆત કરવા જઇએ. રજૂઆત કરવા માટે તે ગામડાંના ખેડૂતો જયારે અહીં આવતા હતા ત્યારે તેમના ઉપર લાઠીચાર્જ કરવામાં આવ્યો, તેમના ઉપર ટીયરગેસ છોડવામાં આવ્યો, તેમની ઉપર અત્યાચાર કરવામાં આવ્યો એટલા માટે હું આ ભારતીય જનતા પાર્ટીની સરકારને પૂછવા માગુ છું અને મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ છે, મારો પહેલો પ્રશ્ન એ છે કે આ સાણંદ વિસ્તારના ૩૧ ગામના ખેડૂતોને સિંચાઇ માટેના પાણીની માગણીના ઉકેલ માટે સરકારે શાં પગલાં લીધા, બીજું નિર્દોષ ખેડૂતો ઉપર જે અત્યાચાર થયો, લાઠીચાર્જ થયો, બહેનો સાથે ખરાબ વ્યવહાર થયો તેના માટે જે જવાબદાર વ્યક્તિ કે અધિકારી હોય તેની સામે શું પગલાં લીધા? ખેડૂતો ઉપર લાઠીચાર્જ કરવાનો આદેશ કોણે આપ્યો હતો આ પ્રશ્નનો મને જવાબ આપો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાઘવજીભાઇ સાણંદના કિસાનોના સંદર્ભમાં પ્રશ્ન લઇને આવ્યા છે. ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતના ખેડૂતો માટે સુજલામ્ સુફલામ્ યોજનાના માધ્યમથી ઉત્તર ગુજરાતમાં, નર્મદા યોજનાના માધ્યમથી સમગ્ર કચ્છમાં અને સૌની યોજનાના માધ્યમથી સૌરાષ્ટ્રમાં પાણી પહોંચાડીને, સૂકી ધરતીના પેટાળમાં પાણી પહોંચાડીને નવપલ્લવિત કરવાની જવાબદારી ગુજરાત ભારતીય જનતા પાર્ટીની સરકારની છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે નર્મદા બંધના ગેટના દરવાજા માટે સાત સાત વર્ષ સુધી કેન્દ્રમાં કોંગ્રેસની યુપીએની સરકારે મંજૂરી ન આપી. ગુજરાતની સાથે આ કેન્દ્રના કોંગ્રેસના લોકોએ દુશ્મન દેશ જેવો વ્યવહાર કર્યો છે. નરેન્દ્રભાઇ મોદી આ દેશના વડાપ્રધાન બન્યા અને વડાપ્રધાન બન્યા બાદ સત્તરમા દિવસે સૌથી પહેલો કોઇ નિર્ણય લીધો હોય તો નર્મદા બંધના દરવાજા બેસાડવાનો નિર્ણય ગુજરાતના કિસાનો માટે લીધો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી તેમણે આપેલા જવાબના મુદ્દા પર આવી જાઓ. સાંભળો ભાઇ. તેમણે જે પ્રશ્નો પૂછયા છે તે પ્રશ્નો ઉપર આવી જાઓ પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાઘવજીભાઇએ જે પ્રશ્ન પૂછયો તે પ્રશ્નના સંદર્ભમાં વહીવટી તંત્ર દ્વારા અરજદારો દ્વારા જે જાણ કરવામાં આવી તેના માટે તેમને સમજાવવામાં આવ્યા કે સમગ્ર સાણંદ જિલ્લાની અંદર સિંચાઇની જે પરિસ્થિતિ છે તેમાં આ વિસ્તાર કમાન્ડ એરિયામાં આવતો હતો પરંતુ ભૂતકાળમાં કોંગ્રેસ દ્વારા આ વિસ્તાર કમાન્ડ એરિયામાંથી કાઢી નાંખવામાં આવ્યો છે. મારો જવાબ સાંભળો. કોંગ્રેસે કમાન્ડ એરિયામાંથી કાઢી નાંખ્યો છે એટલે આ

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વિસ્તારમાં અમૂક ગામો એવા છે જે ફતેહવાડીના ટેઇલ એન્ડ ઉપર છે ત્યાં પાણી નથી પહોંચતું. આ કાંસનું પાણી અહીં ઉપરભાગના ગામ સુધી પહોંચે છે. છેલ્લા બે વર્ષથી ઉપરવાસમાં વરસાદની માત્રા ઓછી થવાના કારણે ૧૨ જેટલા ગામો છે જેની અંદર પાણી ઓછું પહોંચ્યું છે. છેલ્લા બે વર્ષથી ઉપર ભાગમાં વરસાદની માત્રા ઓછી થવાના કારણે જેટલા ગામો છે જેની અંદર પાણી ઓછું પહોંચ્યું છે. (અંતરાય) માનનીય કરમશીભાઇ સારા વ્યક્તિ છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય મંત્રીશ્રીએ સારા કહ્યા છે તમને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : હું કહું આપને મારી વાત સાંભળો, સારા એટલા માટે કહ્યા કે, મારા પોલીસ અધિકારીઓએ શાંતિ સમિતિની બેઠક બોલાવી હતી એ શાંતિ સમિતિની બેઠકમાં કરમશીભાઇ પણ હતા. (અંતરાય) હું કરમશીભાઇને જવાબ આપી દઉં નટવરસિંહભાઇ, પછી આપને આપીશ. કરમશીભાઇને શાંતિ સમિતિની બેઠકમાં બોલાવ્યા, પોલીસ અધિકારીઓ અને ત્યાંના અમારા ભારતીય જનતા પાર્ટીના આગેવાનોની સાથે એ મિટીંગમાં ઉપસ્થિત હતા અને ઉપસ્થિત થયેલી એ મિટીંગમાં કરમશીભાઇએ પોતે પણ કહ્યું કે, પ્રશ્ન વાજબી છે પરંતુ આ જે રીતની રેલી કાઢી છે તે રીતે રેલી અયોગ્ય છે. આ રેકોર્ડ ઉપર છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમા, મહેસુલ મંત્રી તરીકે..(અંતરાય) સાહેબ, આ જવાબ કેવી રીતે આપી શકાય હવે.

( આ તબક્કે વિરોધ પક્ષના માનનીય સભ્યશ્રીઓ તરફથી સુત્રચારો કરવામાં આવ્યા)

અધ્યક્ષશ્રી : કરમશીભાઇ બેસો પછી તમારો નંબર છે બોલવામાં, કરમશીભાઇ, પછી તમારે બોલવાનું છે, તમારે પ્રશ્ન પૂછવાનો બાકી છે, તમારો નંબર આવે છે બોલવામાં (અંતરાય) (સુત્રોચાર)

( આ તબક્કે કોંગ્રેસ પક્ષના શ્રી કરમશીભાઇ પટેલ, શ્રી હર્ષદભાઇ રીબડિયા, શ્રીમતી કામિનીબા રાઠોડ, ડો.તેજશ્રીબેન પટેલ, શ્રી નટવરસિંહ ઠાકોર, શ્રી મણીભાઇ વાઘેલા, શ્રી અમિતભાઇ ચાવડા, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી અશ્વિનભાઇ કોટવાલ સહિત મોટા ભાગના સભ્યશ્રીઓ વેલમાં આવી ગયા.)

અધ્યક્ષશ્રી : (અંતરાય) મિત્રો જુઓ આના પછી કરમશીભાઇનો એમનો પોતાનો પ્રશ્ન છે, એમનો મત વિસ્તાર છે, કરમશીભાઇએ વાત કરવી પડે અને ત્યાં સુધી શાંતિ રાખો, પ્લીઝ, (અંતરાય) માનનીય મંત્રીશ્રી, આપ મુદા ઉપર આવી જાવ, કરમશીભાઇની વાતમાં આગળ જવાબ આપો. ઓ.કે.ભાઇઓ ચાલો સૌ પોતાની જગ્યા પર બેસી જાવ. (અંતરાય) આના પછી કરમશીભાઇએ બોલવાનું છે. (અંતરાય– સુત્રોચાર ચાલુ) સાર્જન્ટને આદેશ કરવામાં આવે છે કે, વેલમાં આવેલ તમામ ધારાસભ્યશ્રીઓને બહાર લઇ જાય અને ગૃહની આજના દિવસની કાર્યવાહીમાંથી તેમને સસ્પેન્ડ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : નેકસ્ટ,

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, સાણંદથી ગાંધીનગરથી જતી આ રેલીના આયોજકોને સમજાવવા માટે શું પ્રયત્નો કરવામાં આવ્યા હતા ? તેમજ કોઇ ખેડૂતોને ઇજા થઇ હતી કે નહીં ? અને ભૂતકાળમાં ખેડૂત આંદોલનમાં કોઇ ગોળીબાર થયેલા કે નહીં ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, કિસાનો પ્રત્યે આ સરકાર સંવેદનશીલ છે અને કિસાનોના હિત અને કિસાનોના ઉત્કર્ષ માટે આ રાજય સરકારે અનેક પગલાં લીધાં છે. સાણંદના આ બનાવના સંદર્ભમાં ૧૪મી તારીખે કલેકટરને આવેદનપત્ર આપવા માટેની તેમણે ૮મી તારીખે મંજૂરી માગી હતી. ત્યાર બાદ જયારે ૧૨મી તારીખે રેલીના આયોજકોને સાણંદ જી.આઇ.ડી.સી.પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા હતા. માનનીય મહેસૂલ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાને આ પ્રશ્ન અંગે તે લોકો મળ્યા હતા અને ભૂપેન્દ્રસિંહજીએ તેમને કહ્યું હતું કે આપણે વહીવટી તંત્ર સાથે બેસીને જે કમાન્ડ એરિયાના છેલ્લા ગામો છે જયાં આ પાણી નથી પહોંચતું અને ઉપરનો વરસાદ આ વખતે ઓછો થવાના કારણે કાંસના પાણીમાં ઓછી આવકના કારણે જે ગામોમાં નથી મળ્યું ત્યાં કાંસને સ્ટ્રેન્ઘન કરીને કેવી રીતે તેની વ્યવસ્થા થાય તેના માટે હું સિંચાઇ મંત્રીશ્રી સાથે તમારી મિટિંગ કરીને તેના પ્રશ્નનું સમાધાન લાવીશ.

માનનીય અધ્યક્ષશ્રી, ત્યાર બાદ ૧૩મી તારીખે મામલતદારશ્રીએ મંજૂરી નહીં આપતાં આયોજકોને જાણ કરવામાં આવી. ૧૩મી તારીખે મારા પોલીસ અધિકારીઓ પણ સ્થળ ઉપર ગયા અને તેમને સમજાવવા માટેનો પ્રયાસ કર્યો. ૧૪મી તારીખે ૮ વાગ્યે ઉપરદડ ગામના લોકો એકત્ર થતાં રેલી નહીં કાઢવા મામલતદારશ્રી તથા મારા ડી.વાય.એસ.પી.એ તેમને સમજાવ્યા હતા. આયોજક લોકો એકઠાં થઇને રેથલ ગામ સુધી પહોંચ્યા જયાં આગળ એસ.ડી.એમશ્રીએ લોકોને ફરીથી અહીંથી આગળ નહીં વધવા માટે સમજાવ્યું. પછી માણકોલ ચોકડી પાસે અમારા એસ.પી.અમદાવાદ જિલ્લાએ આ આગેવાનોના ટોળાને અહીંથી આગળ નહીં વધવા માટે સમજાવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ સમજાવ્યું હતું. રેલીના દિવસે ત્રણ વખત સમજાવ્યું હતું. મારા એસ.પી. જાતે જઇને સમજાવ્યા હતા.

અધ્યક્ષશ્રી : સારું સમજાવ્યું તમે પણ બહેન એવું પૂછે છે કે, આ પહેલાં ખેડૂતો સાથે આવું થયું હતું કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી ગુજરાતની અંદર કોંગ્રેસના શાસનમાં મેં જે જોયું કે, આ આખા ઘટનાક્રમની અંદર મારા ડી.એસ.પી.ને પત્થર વાગ્યો છે પણ એક પણ કિસાનને કોઇપણ પ્રકારની ઇજા થઇ નથી. એટલે કિસાનો ઉપર લાઠીચાર્જ કરવાની વાતમાં કોઇ કિસાન ઇજાગ્રસ્ત નથી થયા. કોંગ્રેસના શાસનમાં બહુ શરમજનક ઘટના ઘટી છે. તા.૨૦ નવેમ્બર, ૧૯૮૦ના રોજ મહેસાણા ખાતે ખેડૂત આંદોલનમાં થયેલ ગોળીબારમાં ત્રણ વ્યક્તિના મૃત્યુ થયા હતા. પાંચ વ્યક્તિઓ ઘવાયા હતા અને ૩૬ જેટલા ગોળીબારના રાઉન્ડ તે વખતના કોંગ્રેસ શાસકો દ્વારા કિસાનોની છાતીમાં ધરબી

દેવામાં આવ્યા હતા. ૧૩૬ જેટલા ટીયર ગૅસના સેલ છોડવામાં આવ્યા હતા. એજ રીતે મેં અગાઉ ઉલ્લેખ કર્યો તેમ ૧૯૮૫માં માધવસિંહ સોલંકી મુખ્યમંત્રી હતા તે વખતે કિસાનોના પ્રશ્નો માટે મહેસાણાની અંદર હજારોની સંખ્યામાં ખેડૂતો એકત્ર થયા હતા. એ ખેડૂતો ઉપર બેફામ લાઠી ચાર્જ કરવામાં આવ્યો અને એના કારણે અનેક ખેડૂતો ઈજાગ્રસ્ત બન્યા હતા અને એ વખતે પોલીસના આતંકના કારણે એક ટ્રક ભરાય એટલા પગરખા મૂકીને ખેડૂતો ભાગી ગયા હતા. આજે પણ ગુજરાતનો ઈતિહાસ કૉંગ્રેસે ખેડૂતો પર કરેલા અત્યાચારને ભૂલ્યો નથી. એ જ પ્રમાણે તા.૨૩/૩/૮૭માં વિધાનસભાના તારાંકિત પ્રશ્નની અંદર અમરસિંહભાઇ ચૌધરીએ જે જવાબ આપ્યો છે એમાં ૧૯૮૩ની અંદર કિસાનોનું આંદોલન હતું. આ આંદોલનમાં પણ સમગ્ર રાજ્યમાં ૭ જગ્યાએ ફાયરિંગ અને આઠ લોકોનું મૃત્યુ થયું હતું અને ૧૦૯ જેટલા ટીયરગૅસના સેલ છોડ્યા હતા અને આમ કૉંગ્રેસના શાસનમાં કિસાનો ઉપર લાઠીચાર્જ, ગોળીબાર અને કિસાનોના લોહીથી ખરડાયેલ ધરતીમાં આજે પણ શહિદ થયેલ કિસાનોના પાળિયા ગામેગામ કૉંગ્રેસના શાસનના પ્રતિક સ્વરૂપે જોઇ રહ્યા છીએ.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડના વાર્ષિક અહેવાલ

શ્રી આત્મારામ મ.પરમાર ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડના ૨૦૧૪-૧૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર ( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અમદાવાદ કાપડ બજાર અને દુકાન કામદાર બોર્ડનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી રોહિતભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો ઓડિટ અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૫-૧૬નો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

સામાન્ય વહીવટ વિભાગની અધિસૂચના અને નિવેદન

શ્રી નીતિનભાઇ ર. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય વહીવટ વિભાગની સન ૨૦૦૮ના ગુજરાત જિલ્લા આયોજન સમિતિ અધિનિયમ અન્વયેની તા. ૨૨/૦૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકઃ એએસ/૨૦૧૬-૭/ડીપીસી/૧૫૨૦૧૬/૨૬/વાય તથા આ અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન રજૂ કરું છું.

અધિસૂચના તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

માહિતી અને પ્રસારણ વિભાગની અધિસૂચનાઓ તથા નિવેદન

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી અને પ્રસારણ વિભાગની સન ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની,

(૧) તા. ૨૭/૦૧/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચટી/૨૦૧૬/૨) એમએનઆર/૧૦૨૦૧૬/૬૯/એ

(૨) તા. ૨૫/૦૨/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચટી/૨૦૧૬/૪) એમએનઆર/૧૦૨૦૧૬/૨૪૪/એ

(૩) તા. ૦૭/૦૪/૨૦૧૬ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચટી/૨૦૧૬/૧૦) એમએનઆર/૧૦૨૦૧૬/૪૬/એ

તથા આ અધિસૂચનાઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદનો વિધાસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અધિસૂચનાઓ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૭

સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૭

ગુજરાત રાજયને લાગુ પડતો સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) અધિનિયમ, ૨૦૦૩ વધુ સુધારવા બાબત

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૭

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( નશાબંધી અને આબકારી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૧૭ના સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેર ખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયકની આપની પરવાનગીથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( નશાબંધી અને આબકારી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૧૭ના સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેર ખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) (ગુજરાત સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહની અંદર ગુજરાતની અંદર નવા પ્રકારનું એક વ્યસનનું સાધન અને વ્યસનના સાધનના માધ્યમથી એના લતથી ગુજરાતના યુવાધનને બરબાદ કરવા માટેનું એક નવા દુષણમાં સમાજનું યુવાધન વેડફાય નહીં, વ્યસનના આદિ ના બને એના માટે રાજય સરકારે ગુજરાતમાંથી હુકાબાર પર પ્રતિબંધ મૂકવા માટે એક સંવેદનશીલ નિર્ણય લઇને જે જૂનો કાયદો છે એ કાયદાની અંદર કેટલાક સુધારા કરવાનું ધાર્યું છે, જે આ સાથે હું આ સન્માનનીય સભાગૃહની અંદર લઇને આવ્યો છું.

( માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

માનનીય અધ્યક્ષશ્રી, આ હુકાની જે વ્યાખ્યા કહી શકાય એ હુકામાં તમાકુ મિશ્રિત બનાવટનો ઉપયોગ થાય છે અને તમાકુનું નિયંત્રણ સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન ધારો ૨૦૦૩ હેઠળ થાય છે. સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન ધારો ૨૦૦૩ના વિષયનો ભારતના બંધારણના શિડયુલ –૭માં શિડ્યુલની ત્રીજી યાદીમાં ૩૩મા ક્રમે સંયુક્તયાદીમાં સમાવેશ થાય છે. આ COCTO ધારા હેઠળ તમાકુ મિશ્રિત બનાવટોને નિયમન કરવા માટેની જોગવાઇ છે. રાજયના કેટલાક શહેરી વિસ્તારો અને રેસ્ટોરન્ટો ઉપર એમાં તમાકુ મિશ્રિત હુકાની સગવડો ગ્રાહકોને પૂરી પાડવા માટેનું ચલણ વધ્યું છે જેના કારણે આવી જગ્યાઓ ઉપર યુવાવર્ગ આકર્ષિત થાય છે અને મોજશોખ માટે વારંવાર આવા સ્થળો ઉપર જાય છે. આવા હુકા પીરસવાની સગવડ ધરાવતી જગ્યાઓ ઉપર પીરસવામાં આવતા હુકામાં તમાકુ મિશ્રિત બનાવટનો ઉપયોગ થાય છે. જેના કારણે યુવાધન સમય જતાં એ તમાકુનો વ્યસની બની જાય છે એની આદત પડી જાય છે, એની લતમાં સપડાઇ છે અને એના કારણે એ શારીરિક અને આર્થિક રીતે યુવાનો ખુવાર અને બરબાદ થઇ જાય છે. ખાસ કરીને આ યુવાનોમાં એનું આકર્ષણ છે અને ઘણા લોકો આમાં વિશેષ પ્રકારના એડીકશન થાય એ પ્રમાણેની મિશ્રિત તમાકુની કન્ટેઇન વાળા પદાર્થો નાખવાના કારણે એક વખત યુવાન આવ્યો એટલે પછી નિયમિતપણે એનો કસ્ટમર બને એના માટે એ હુક્કાબારવાળા લોકોના પ્રયાસો હોય છે. આ હુક્કાબારના હુક્કા યુવાનોને એક કલાકના સેશનમાં સામાન્ય સિગારેટની અંદર માત્ર ૨૦ પફ વોલ્યુમ હોય છે જયારે આની અંદર ૧૦૦ થી ૨૦૦ ઘણો વધારે ધુમાડો એના શરીરની અંદર ઉતરે છે. એક સિગારેટ પીવાથી ૨૦ પફ હોય છે પરંતુ આ હુક્કાબારનું એક સેશનમાં પીવાથી ૨૦૦ પફ જેટલું એના શરીરની અંદર નુકસાન થાય છે. આ તમાકુને ગરમ કરવા માટે કોલસો વપરાય છે અને એના ધુમાડામાં કાર્બન મોનોકસાઇડ, મેટલ અને અન્ય કેમિકલોના કારણે એને કેન્સર પણ થવાની શકતા વધી જાય છે. સામાન્ય રીતે હુક્કાના એક કલાકના સેશનમાં ૯૦ હજાર મિલીલીટરનો ધુમાડો બને છે જયારે સીગરેટની અંદર તેનું પ્રમાણ માત્ર ૫૦૦ થી ૬૦૦ મિલીલીટર જેટલું હોય છે અને આ તમાકુના સેવનથી એના શરીરની અંદર શારીરિક અનેક પ્રકારની સમસ્યાઓ ઉભી થાય છે. આમ હુક્કાના સેવનથી રાજયના યુવાનોની શારીરિક બેહાલી થાય છે. યુવાધન મહત્વના કલાકો આવા સ્થળો ઉપર વાપરીને પોતાનો સમય પણ બરાબર કરતું હોય છે. એટલે સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન ધારો ૨૦૦૩ની જોગવાઇનો ભંગ થતો અટકાવવા તેમનજ હુકાબારનું દુષણ નષ્ટ કરવાના ઇરાદાથી જાહેર જનતાના સ્વાસ્થયના હિતમાં સીઆરપીસીની કલમ ૧૪૪ તથા મુંબઇ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) ડબલ્યુ અન્વયે હુક્કાબારને પ્રતિબંધ મૂકતું જાહેરનામું ૨૮–૧૧–૨૦૧૧ના રોજ અમદાવાદ મ્યુનિસપલ કમિશ્નરના હકૂમત હેઠળ વિસ્તારમાં પ્રસિદ્ધ કરવામાં આવેલું. આ જાહેરનામાને હાઇકોર્ટમાં પડકારવામાં આવ્યું હતું અને ગુજરાત અમદાવાદ પોલીસ કમિશ્નરના આ જાહેરનામાને ગુજરાત હાઇકોર્ટે માન્ય રાખેલ. પરંતુ આ હુક્કાબારના માલિકો ત્યારપછી સુપ્રીમકોર્ટમાં ગયા અને સુપ્રીમકોર્ટે અમદાવાદ પોલીસ કમિશ્નરના આ જાહેરનામાને રદ કર્યું. આ જાહેરનામું રદ કરતાં રાજય સરકારના આ અધિનિયમ હેઠળ હુક્કાબારની પ્રવૃત્તિને નિયંત્રિત કરી શકે પરંતુ પ્રતિબંધ મૂકી શકે એવા આપણી પાસે કોઇ પાવર નહોતા. આમ કાનૂની મર્યાદાના કારણે સુધારો કરવો આવશ્યક હતો કારણ કે રાજય સરકાર સ્પષ્ટપણે માને છે કે ગુજરાતના યુવાધનના વ્યસનની લતના કારણે શારીરિક આર્થિક અને માનસિક રીતે તારાજ થાય એવી કોઇ પ્રક્રિયા આ રાજય સરકાર ચલાવવા માગતી નથી, એટલા માટે આ સુધારા સાથેનો હું કાયદો લાવ્યો છું. આ કાયદા અનુસાર સિગારેટ અને અન્ય ઉત્પાદનની જે જુદી જુદી કલમો છે એના માટે અગાઉ આ કોપ્ટા એકટની અંદર હુક્કાબારની વ્યાખ્યા નહોતી, કલમ ૩ હેઠળ વ્યાખ્યા કરી અને વ્યાખ્યામાં

* વિધેયક તા.૧૪મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે.

સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (ગુજરાત સુધારા) વિધેયક,૨૦૧૭

કલમ ૩ ની(ચ) ઉમેરીને એવી જગ્યા કે જયાં લોકો એકઠા થઇને સહિયારા હુક્કા અથવા વ્યકિતગત માળચાવડે તમાકુનું ધૂમ્રપાન કરતાં હોય એને હુક્કાબાર કહેવાય. કલમ-૪ છે એ કલમ-જમાં પણ આ અધિનિયમ હેઠળ કોઇ વ્યકિત પોતે અથવા કોઇ બીજી વ્યકિત વતિ ઈટીંગ હાઉસ એટલે કે રેસ્ટોરન્ટની અંદર પણ આ પ્રમાણેની પ્રક્રિયા કરે એને પણ આની અંદર પ્રતિબંધમાં સાંકળી લીધું. અગાઉ કલમ-૧૨ની અંદર રાજય સરકારે અધિકૃત કરેલા સબ ઈન્સ્પેકટરથી ઉતરતા દરજ્જામાં ન હોય તેવા પોલીસ અધિકારી અને ખોરાક અને ઔષધ નિયંત્રકના અધિકારીને આની જડતીના પાવર્સ હતા. માનનીય અધ્યક્ષશ્રી, હવે કલમ-૧૨(૧)માં ખ. અથવા શબ્દ ઉમેરવો તેમજ કલમ-૧૨-૧ (ગ)નો ઉમેરો સૂચિત. જયાં કોઇ હુક્કાબાર ચલાવવામાં આવી રહ્યા હોય ત્યાં હુક્કાબારમાં પ્રવેશ થતાં જડતીની સત્તા આપવામાં આવેલ છે. કલમ-૨૩ હેઠળ નવી કલમ-૧૩ (ક)નો ઉમેરો કર્યો અને ૧૩(ક) હેઠળ રાજય સરકારે અધિકૃત કરેલા સબ ઈન્સપેકટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કોઇ પોલીસ અધિકારી કલમ-૪(ક)ની જોગવાઇનું ઉલ્લંઘન થયું છે અથવા થઇ રહ્યું છે, તેઓ હુક્કાબારની વિષયવસ્તુ અથવા સાધનો તરીકે વાપરવામાં આવતી કોઇ સાધન સામગ્રી અથવા ચીજ વસ્તુને કબજે લઇ શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ આમાં દંડની સત્તા બહુ મિનિમમ એટલે કે ૨૦૦ રૂપિયા સુધીના દંડની શિક્ષા અને કમ્પાઉન્ડેબલ ઓફેન્સ હતો. આ કાયદાની ધાર વધારે તીક્ષ્ણ બને અને એના આધાર ઉપર આને નાથી શકાય. કોઇ પણ વ્યક્તિ કલમ ૪ (ક)ની જોગવાઇનું ઉલ્લંઘન કરે તો તેને ત્રણ વર્ષ સુધીની પણ એક વર્ષ કરતા ઓછી નહીં એટલી મુદત સુધીની કેદની શિક્ષા થશે અને ૫૦,૦૦૦ રૂપિયા સુધીનો પણ ૨૦,૦૦૦ રૂપિયાથી ઓછો ન હોય એટલા દંડની સાથે આ ગુનાને કોગ્નીઝેબલ ગુનો પણ બનાવ્યો છે. અગાઉ કલમ-૨૭માં સી.આર.પી.સી. ૧૯૭૩ની જોગવાઇ હેઠળ આ કાયદા હેઠળના ગુના જામીનપાત્ર છે પરંતુ હવે ૨૭(ક) હેઠળ પોલીસ અધિકાર એટલે કે કોગ્નીઝેબલ બનશે. આમ સરકાર બહુ સ્પષ્ટ માને છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ જયારે ગુજરાતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે આની મિટિંગ યોજી અને મિટિંગના આધાર ઉપર રાજ્ય સરકારને ગુજરાતમાં હુક્કાબાર ઉપર પ્રતિબંધ મૂકવો છે. એ અમારું કમિટમેન્ટ છે. એ અમારી કટિબદ્ધતા છે. એના માટે જરૂર પડે આ કાયદો લાવો. એટલા માટે આ કાયદો લાવ્યા છીએ. અમે માનીએ છીએ કે ગુજરાતનું યુવાધન નશાખોરી, ગુનાખોરીના રવાડે ચડે એ પહેલાં સમાજનું દૂષણ જે આપણાં ધ્યાન ઉપર આવ્યું છે એ પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર. ગુનો વધે, લોકો આ નશાના આદિ બને તેના પહેલાં સરકારની પ્રાથમિક જવાબદારી છે, તેના ઉપર અંકુશ મેળવવો જોઇએ. એના માટે આ કાયદો લાવ્યા છીએ. મેં અનેક કિસ્સાઓ જોયા છે કે મધ્યમ વર્ગનો પરિવાર હોય, તેના સાથી મિત્રો હુક્કાબારમાં જતા હોય, પોતે પણ હુક્કાબારમાં જાય, પોતાના પરિવાર તરફથી તેને પોકેટમની ન મળતા હોય. આ હુક્કાબારની અંદર જાય અને એક વખત બેસે એટલે ૧૦૦૦થી ૩૦૦૦ રૂપિયા જેટલો ખર્ચ થતો હોય છે. આજકાલ કોલેજોમાં ચર્ચાનો વિષય થયો. આ ચર્ચામાં પોતાનું હુક્કાબારનું ટેબલ આખો દિવસ બુક કરાવી લેવું એ એક સ્ટેટસ સિમ્બોલ થયું. આના કારણે મધ્યમ વર્ગના આવા અનેક યુવાનો પોતાના પોકેટમની નહીં હોવાના કારણે કયાં કયાંથી દેવું કરીને રૂપિયા લઇ આવે અને પછી વ્યાજના ચક્કરમાં પડે. પઠાણી ઉઘરાણી કરવાવાળા એ વ્યાજખોરો આ યુવક હોય કે યુવતી હોય. યુવતીઓ પણ મોટી સંખ્યામાં આ હુક્કાબારમાં જતી હતી. એના ઉપર થયેલા દેવાના વ્યાજના ભારણના કારણે હુક્કાબારની પડેલી લતમાંથી એ બહાર નીકળી શકવાનો નથી. પરંતુ એની આ લત સાચવવા માટે ચોરી કરે અને માત્ર આ હુક્કાબારની લત નથી બનતી પરંતુ સમાજમાં અન્ય પ્રકારની ચોરીના કેસો પોલીસ ડિપાર્ટમેન્ટના ધ્યાન ઉપર આવ્યા છે. હમણાં તા. ૨૬-૧૧-૨૦૧૬ના રોજ નવરંગપુરાના મીઠાખળી સર્કલ પાસે એસ.આઇ.એસ. સર્વીસીસ પ્રાઇવેટ લિમિટેડના વોચમેનને હથોડી જેવા હથિયારથી માર મારીને, શરીરે જીવલેણ હુમલો પહોંચાડીને ૧૪.૨૦૦ કિલો સોનાની લૂંટ ચલાવી અને તપાસમાં બહાર આવ્યું કે આ ૨૦ વર્ષની ઉંમરના યુવાનને હુક્કાબારમાં હુક્કો પીવાની ટેવ હતી. એ નશાની તલપ સંતોષવા માટે એણે હુક્કાબારમાં ૪.૫ લાખ રૂપિયાનું બિલ ચૂકવ્યું હતું. એણે આ હુક્કાબારના માલિક પાસેથી સટ્ટો રમવા પણ અગિયાર લાખ રૂપિયા માસિક આઠ ટકાના વ્યાજે લીધા હતા. આ દેણું ચૂકવવા માટે એણે પોતાની બહેન સાથે મળીને જીવલેણ હુમલો કરી ચોકીદારને ગંભીર ઇજા પહોંચાડી જેથી એમની સામે લૂંટના ગંભીર ગુન્હાનો કેસ દાખલ થયો. આના ઉપરાંત પણ આ હુક્કાથી તમાકુના સેવનથી જડબાનું, ફેફસાનું, ગળાનું કેન્સર, કિડની, લિવર, સ્વાદુપીંડને પણ નુકસાન થાય છે. આ તમાકુના ધૂમાડામાં ૭૦૦૦ કરતાં વધારે કેમિકલ હોય છે. જેમાં ૭૦ કરતાં વધારે કેમિકલ કેન્સર પેદા કરે એવા હોય છે. આમ હુક્કાના સેવનથી રાજ્યના યુવાનોની શારીરિક બેહાલી થાય છે. એક વખત આ રોગના ચક્કરમાં પડે પછી એ બહાર નીકળી શકતો નથી. એ ખૂબ ખર્ચાળ હોય છે એટલે આ કાયદાના અમલીકરણના માધ્યમથી સમાજની અંદર વ્યસનના કારણે થતી બરબાદી અને એને થતી શારીરિક ક્ષતિ નિવારવા આ બિલ અહીંયાં લાવવામાં આવ્યું છે. આ દૂષણના કારણે થતી ગુન્હાખોરી તરફ પણ આજનો યુવાન ન વળે એના માટે પણ આવા કાયદાની જરૂર છે. પોતાના સમયની બરબાદી, પોતાના નાણાની બરબાદી ન થાય એટલા માટે રાજ્ય સરકારે ગુજરાતના યુવાનો માટે કટિબદ્ધતાના આધાર ઉપર માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતના યુવાનો માટે આ સંવેદનશીલ નિયમ અને આ સંવેદનશીલ કાયદો બનાવીને તેઓ વ્યસનમુક્ત રહે એના માટે આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ખૂબ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું કે માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આદરણીય કલેરીટી સાથે કામ કરતા અને જેને એમ કહેવામાં આવે કે કોડાસીટી સાથે કામ કરતા આપણા ગૃહ મંત્રી. કાલે જ ગુજરાત નશાબંધી અધિનિયમ સુધારા વિધેયક અને આજે ભાવિપેઢીને બચાવવા માટે

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૭

યુવાન પેઢીને બચાવવા માટે જ્યારે આ ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંક–૭– સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજ્ય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન) ખાસ કરીને હુક્કાબારને લગતા કાયદામાં સુધારો કરતું જે બિલ લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ગુજરાતની છ કરોડની જનતાની સુખ, સમૃદ્ધિ અને શાંતિ માટે અનેક પ્રયાસ કરી રહી છે. આ બિલ દ્વારા જે ભાવિ પેઢીને બચાવવાની જે વાત છે એને ખરેખર સમર્થનને પાત્ર છે. વ્યસન તમાકુનું હોય કે સિગારેટનું હોય કે હુક્કાનું હોય એ જે વ્યસન હોય એ તેમનું તો જીવન બરબાદ કરે છે પરંતુ એવા કેટલાય પરિવાર છે એમની જીંદગીને પણ ઉખેડી નાંખે છે. આજે જ્યારે મારે આ ફક્ત દારૂના વ્યસનની બદીની વાત તો જુદી છે. પરંતુ હુક્કાબારના વેપારથી જો કોઇને સૌથી વધારે નુકસાન પહોંચ્યું હોય તો એ આપણી યુવા પેઢીને છે. આપણા યુવાનો પશ્ચિમની સંસ્કૃતિની નકલ કરતા જરાપણ અચકાતા નથી. હુક્કાબારમાં વપરાતા તમાકુ જેને લોકો સીસા, વોટર પાઇપ, ટોબેકો જેવા અનેક નામોથી જાણે છે. એના સેવનથી વર્લ્ડ ઓર્ગેનાઇઝેશને એ સાબિત કર્યું છે કે એક્ટીવ કેમિકલ અને નાર્કોટીક્સ અને હાનિકારક ટોક્સીસ એ શરીરના એક અવયવના સંપર્કમાં આવે એના લીધે અનેક રોગો ઉત્પન્ન થાય છે. હુક્કાબારમાં વપરાતી વિવિધ ફ્લેવરો આપણને ગમતી હોય, જેમ કે ચોકલેટ હોય, સ્ટ્રોબેરી હોય, વેનિલા હોય એ બધામાં પણ નિકોટીનનું પ્રમાણે આવે છે અને એને લીધે વલ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને કહ્યું કે એક કલાક હુકકો તમે વાપરો તો સો સિગરેટથી થતું એવું નુકસાન છે. મારે વિશેષ વાત એટલા માટે કરવી છે કે નશો આંધળો છે. નશો કરનારને કશુંય સુઝતું નથી. મારા વિપક્ષના મિત્રો નથી પરંતુ એ નશો સત્તાનો હોય, પ્રેમનો હોય કે વ્યસનનો હોય. આપની ડાબી બાજુ બેઠેલા સન્માનનીય સભ્યો સત્તાના નશામાં રહ્યા અને પરીણામે જે પ્રમાણેની પરિસ્થિતિ થઇ ૪૦૦માંથી ૪૪ થઇ ગયા. સમાજના પ્રવાહો શું છે એ પારખી નથી શકયા અને આપની જમણી તરફ બેઠેલા સભ્યોને કદી સત્તાનો નશો નહીં ચડયો, સત્તા અન્યોની સેવાનું સાધન છે એમ સમજયા તો આજે બે ના ૨૮૩ થયા છે. બીજી એક વાત કે જયારે ગુટકાના પ્રતિબંધે આપણા તત્કાલિન મુખ્યમંત્રી અને આ દેશની તેજ, તમન્ના અને તાકાતના પ્રતિનિધિ આપણા પ્રધાનમંત્રીએ જયારે ગુટકાનો પ્રતિબંધ મૂકયો ત્યારે મારી બહેનો, મારી વાતાઓએ વાત કરેલી એ ટાઇમ્સ ઓફ ઇન્ડિયામાં આવી હતી અને તે વખતે કહેલું હતું કે, Life laughs at you when you are unhappy, Life smiles at you when you are happy, Life salute you when you make others salute અને આ કાયદાને લીધે સમાજના તમામ વર્ગોને, યુવાપેઢીને જે બચાવવાનું કામ કર્યુ છે ત્યારે આ તકે હું આ વિધેયકનો હું આદર કરુ છું. વિધેયકને સમર્થન આપુ છું, આભાર.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( નશાબંધી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આખો કાયદો બહુ સ્વ્યંસ્પષ્ટ છે એટલે માનનીય પિયુષભાઇએ પણ વિસ્તૃત રીતે આ કાયદાના સમર્થનમાં પોતાની અભિવ્યકિત વ્યકત કરી છે એટલા માટે હું વિશેષ કંઇ કહેવા માગતો નથી.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( નશાબંધી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૭નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન ) (ગુજરાત સુધારા) વિધેયકનું બીજુ વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ–૨ થી ૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( નશાબંધી મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરુ છું કે સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૭નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન ) (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે અને વિધેયકને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૧૭નું સિગારેટ અને તમાકુની અન્ય બનાવટ (જાહેરખબર ઉપર પ્રતિબંધ અને તેના વેપાર અને વાણિજય, ઉત્પાદન, પુરવઠા અને વિતરણ નિયમન ) (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજુ વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

### સન ૨૦૧૭નું ગજુરાત વિધેયક ક્રમાંક–૮

### ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૭

ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ વધુ સુધારવા બાબત વિધેયક

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપત્રમાં* અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૭નુ ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકને આપની પરવાનગીથી હું દાખલ કરુ છું.

---

* વિધેયક તા. ૧૫મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ફાલ્ગુન ૪, ૧૯૩૮ શાકે

## ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયક, ૨૦૧૭

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૧૭નુ ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકનુ પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ક્રિમિનલ પ્રોસિજર કોડ ૧૯૭૩ની કલમ ૨૭૨, ૨૭૮, ૨૮૧, ૨૯૧ અને ૩૧૭માં સુધારાઓ કરવા બાબતે આરોપીઓને વ્યક્તિગત હાજર એટલે કે ઇલેક્ટ્રોનિક વિડિયો લીંકિજ દ્વારા હાજર ગણવા બાબતનો આ સુધારો લઇને આવ્યો છું. આપણે સૌ જાણીએ છીએ કે આ દેશમાં પ્રધાનમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઇ મોદી ગયા પછી આપણા સૌનું એક ડિઝિટલ ઇન્ડિયાનું સ્વપ્ન છે અને એ સ્વપ્નને સાકાર કરવા માટે લેજીસલેચર હોય, જ્યુડિશિયરી હોય કે એડમિનિસ્ટ્રેટીવ હોય બધા જ લોકો પોતાની પરંપરાગત પદ્ધત્તિઓમાં ડિઝિટલાઇઝેશનના માધ્યમથી, ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજીના ઉપયોગના માધ્યમથી, કનેક્ટિવિટીના માધ્યમથી પોતાની પરંપરાગત પદ્ધત્તિઓમાં વ્યાપક સુધારાઓ કર્યા છે. એવો જ ગુજરાતની અંદર નામદાર હાઇકોર્ટના નિર્દેશાનુસાર ગુજરાતમાં પણ જ્યુડિશિયરીમાં પ્રધાનમંત્રીશ્રીનું જે ડિઝિટલ ઇન્ડિયાનું સ્વપ્ન છે એને સાકાર કરવા માટે અને ગુજરાત એક એવું રાજ્ય છે કે આપણા ગુજરાતમાં લગભગ બધા જ તાલુકાઓમાં ગામો સુધી આપણે કનેક્ટિવિટી પહોંચાડી શક્યા છીએ. આખા એશિયામાં સૌથી મોટું નેટવર્ક હોય તો એ ગુજરાત સ્ટેટ વાઇડ એરિયા નેટવર્ક ગુજરાત પાસે છે. ગુજરાત પાસે વિપુલ પ્રમાણમાં સ્કીલ્ડ મેન પાવર છે, ઇન્ફ્રાસ્ટ્રકચર છે, કનેક્ટિવિટી છે. આ બધાનો સાપેક્ષમાં ઉપયોગ કરીને પરંપરાગત જે જૂની પ્રોસિજર હતી એ પ્રોસિજરમાં ઇલેક્ટ્રોનિક લીંકિજ આપી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી સમગ્રતયા સમયનો બચાવ, નાણાનો બચાવ અને ગુનેગારોને લાવવા-લઇ જવા માટે જે જોખમો હતા એને કેવી રીતે ખાળી શકાય એનું અમારા કાયદા વિભાગ, ગૃહ વિભાગ બધાના સંયુકત પરામર્શથી આ ક્રાંતિકારી કહી શકાય એવું પગલું છે. જે જ્યુડિશિયરી સાથે સંકળાયેલા લોકો છે, અમારા પોલીસ કર્મીઓ એટલે કે અમારા પોલીસનું કુલ મહેકમ હોય છે એ મહેકમમાં મહત્તમ રોજીંદા ગણવા જઇએ તો ૨૫-૩૦ ટકા એ પ્રમાણેના હોય છે કે એમને જુદી જુદી મુદ્દતોમાં હાજરી આપવા માટે જવું પડતું હોય છે. રોજના જાપ્તામાં એવા કેટલાય કેદીઓ હોય છે કે જેમનું અમારે કોર્ટમાં પ્રોડકશન કરવાનું હોય. એક બાજુ સમગ્ર રાજ્યમાં પોલીસ વિભાગ અનેક નાના મોટા બંદોબસ્તના કાર્યક્રમોમાં રોકાયેલું હોય, ગુજરાતની શાંતિ, સલામતી સુરક્ષા માટે રોકાયેલું હોય અને તેવા સંજોગોમાં આ પ્રમાણેના એમના કામના ભારણના કારણે બધે પહોંચી વળવામાં ઘણી વખત અસમર્થ થાય અને એના કારણે જાપ્તાના માધ્યમથી આપણે ગુનેગારોને કોર્ટ સુધી સમયસર રજૂ કરવામાં વિલંબ થતો હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતની અંદર રાજ્ય સરકારે સ્ટેટ લિટિગેશન પોલિસી બનાવી છે અને લિટિગેશન પોલિસીના માધ્યમથી ગુજરાતના પડતર કેસોનો ઝડપથી નિકાલ થાય એના માટે પણ રાજ્ય સરકાર કટિબદ્ધ છે અને આપણી રાજ્ય સરકારનું સૂત્ર છે કે 'ડોર સ્ટેપ જસ્ટીસ' લોકોને સસ્તો, ઝડપી અને ઘર આંગણે ન્યાય મળે. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર પોતે ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરે છે અને ઇન્ફ્રાસ્ટ્રકચર ઊભું કર્યા પછી નવી કોર્ટ, નવી કોર્ટની બિલ્ડિંગો, નવી જ્યુડીશ્યરીની અંદર ભરતી. આ આખી વ્યવસ્થાને હજી વધારે એમાં શાર્પનેશ લાવવા માટે જે ટેકનોલોજીકલ એડિકશન જ્યુડીશ્યરી હવે જ્યારે પોતે સંમત છે ત્યારે વીથ હેલ્પ ઓફ ટેકનોલોજી અને ટેન્ડન્સી રિડકશનથી માંડીને એક નવીનતમ પ્રકારનું આ બિલ સન્માનનીય સભાગૃહની અંદર સૌની સમક્ષ લાવ્યો છું. હું એક નાનું ઉદાહરણ આપું કે એક કેદીને કોર્ટ સુધી લાવવાનો છે તો ઘણા જિલ્લા મથકો અને તાલુકાની સબજેલો હવે સેશન્સ પ્રકારનો કેસ હોય. એને પોતાના ત્યાંથી ૪૦-૫૦ કિલો મીટર વાહનની અંદર એક કેદીની સાથે બીજા ૪-૫ પોલીસવાળા સાથે એના વાહનમાં ડ્રાઇવર એંગેજ, ૪-૫ પોલીસવાળા એંગેજ. એ કોર્ટમાં જાય આખો દિવસ એ જ્યાં સુધી એ કોર્ટમાં એનું કામ પૂર્ણ ના થાય ત્યાં સુધી રોકાય અને સાંજે એ પરત આવે. વાહન અને પોલીસનો મેન પાવર રોકાય અને આખે આખી વ્યવસ્થામાં ઘણી વખત મુદતો પડે અને ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ અને આ પ્રમાણે સિસ્ટમની અંદર ઘણું ઢીલે થતું હોય છે. એટલે આ ક્રિમિનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ ૨૭૩ સંબંધિત જે જુદી જુદી જોગવાઇઓ છે અને એમાં નામદાર હાઇકોર્ટ સાથે પરામર્શમાં રહીને નામદાર હાઇકોર્ટે જે સૂચવ્યું છે અને આખી સિસ્ટમના સરળીકરણ માટે એવા મુદ્દાઓ લઇને આવ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કલમ ૨૭૩ પુરાવો હાજરીમાં લેવા બાબતની એક સ્પેસિફિક કલમ છે. એની અંદર પુરાવામાં લેવાયેલા તમામ પુરાવા આરોપીની હાજરીમાં અથવા એની હાજરી જરૂરી ગણવામાં આવે ત્યારે તેના વકીલની હાજરી હોવી જોઇએ એવું એક કાયદામાં પ્રાવધાન છે. હવે આવી કાર્યવાહી દરમ્યાન લેવાયેલા તમામ પુરાવા આરોપીની હાજરીમાં અથવા તેની હાજરી જરૂરી ગણવામાં આવે ત્યારે તેના વકીલની હાજરી અથવા યથાપ્રસંગ ઇલેક્ટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ દ્વારા હોવી જોઇએ. આટલો નવી સુચિત જોગવાઇમાં ઉમેરો કરીએ છીએ. કલમ ૨૭૮ની અંદર પણ એવો પુરાવો પૂરો થાય તે સંબંધીની કાર્યરીતિ છે અને એમાં પણ આરોપી હાજર રહ્યો હોય તો તેની હાજરીમાં અથવા તે વકીલ મારફત હાજર રહ્યો હોય તેના વકીલની હાજરીમાં તે સાક્ષીને વાંચી સંભળાવવા જોઇએ અને જરૂર હોય તો તેમાં સુધારો કરી લેવો જોઇએ આવી પ્રવર્તમાન પરિસ્થિતિ હતી. એ પરિસ્થિતિની અંદર સુધારો કરીને તેના વકીલની હાજરીમાં અથવા યથાપ્રસંગે ઇલેક્ટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમ દ્વારા તે સાક્ષીને વાંચી સંભળાવવા જોઇએ અને જરૂરી હોય તો તેમાં સુધારો કરી લેવો જોઇએ એમ કલમ ૨૭૮ની અંદર આટલું એમેડમેન્ટ છે. કલમ ૨૮૧ અને ૨૮૧ની અંદર પણ પ્રવર્તમાન સ્થિતિની અંદર સુધારો કરીને

ન્યાયીક કાર્યવાહી દરમ્યાન અથવા ઇલેક્ટ્રોનિક વિડિયો લિંકેજના માધ્યમથી લીધેલ આરોપીની જુબાનીને આ કલમમાં કોઇ મજકુર લાગુ પડતો હોવાનું ગણાશે નહિ એવું સ્પષ્ટીકરણ આની અંદર કરવામાં આવ્યું છે. ૨૯૧ એ તબીબની સાક્ષીની જુબાની બાબતમાં આપણે જાણીએ છીએ કે પોલીસવાળા જે ગુના નોંધતા હોય એમાં ઘણા મેડિકો લિગલ કેઇસીસ હોય છે. આવા એમ.એલ.સી. પ્રકારના કેસમાં તબીબની પણ ઉપસ્થિતિ, નિર્ણયની પ્રક્રિયાના માણસને ન્યાય મળે એ દરમિયાન કોર્ટને પણ એની આવશ્યકતા અનુસાર એ તબીબને પણ બોલાવતા હોય છે ત્યારે યથાપ્રસંગે ઇલેક્ટ્રોનિક્સ વિડિયો લીંકેજ દ્વારા આ પ્રકરણ હેઠળ કમિશનથી લેવાયેલી કોઇ સિવિલ સર્જનની કે બીજા મેડિકલ વિટનેસની જુબાની આ કાયદા હેઠળની કોઇ પણ તપાસ ઇન્સાફી કાર્યવાહી કે બીજી કાર્યવાહીમાં તે જુબાની આપનારને સાક્ષી તરીકે બોલાવેલ ન હોય તો પણ પુરાવા તરીકે એને આપી શકાશે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વખત આરોપીની ગેરહાજરીમાં તપાસ અને ઇન્સાફી કાર્યવાહી કરવા માટે ૩૧૭ની અંદર જે પ્રોવિઝન છે એની અંદર એક સ્પષ્ટીકરણ કર્યું છે કે, આરોપીની વ્યક્તિગત હાજરી, તે બાબતમાં કલમ–૨૭૩માં વર્ણવ્યા મુજબ ઇલેક્ટ્રોનિક્સ વિડિયો લીંકિજના માધ્યમ મારફતે તેની હાજરીનો સમાવેશ કરી શકાય. આમ જુદી જુદી આટલી સેકશનોના એમેન્ડમેન્ટ સાથે પડતર કેસોનો ઝડપી નિકાલ અને ટેકનોલોજીના ઉપયોગ સાથે ડિઝીટલ ઇન્ડિયાના આપણા સ્વપ્નને સાકાર કરવા માટેના આ કેટલાક સુધારાઓ હું આ સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું. એનાથી આપણને અનેક ફાયદા થવાના છે. રિડ્કસન ઓફ પેન્ડન્સી થશે, ડોર સ્ટેપ જસ્ટીસની અંદર પણ આપણે સ્પીડ લાવી શકીશું, માનવ સંપદાના કલાકો બચાવી શકીશું, પોલીસ શક્તિને પણ યોગ્ય સ્થાને એનો ઉપયોગ કરી શકીશું, મેડિકલ ડોકટર કે બાકીના સાક્ષીઓનો સમય પણ બચાવી શકીશું, ટ્રાન્સપોર્ટેશન ખર્ચ પણ બચાવી શકીશું અને છાશવારે આ પોલીસકર્મીના જાપ્તામાંથી કેટલાય આરોપીઓ ભાગી જવાના જે પ્રસંગો થાય છે એ પ્રસંગો પણ આ સિસ્ટમ ફૂલપ્રુફ કરાવીશું તો જેલની અંદરથી જ એને આપણે કોર્ટની હાજરીમાં અને બાકીના બધા સંદર્ભમાં એનો ઉપયોગ કરીને એ પણ કરી શકીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ દિન પ્રતિદિન આપણા સૌની ચિંતા છે અને રાજ્ય સરકારની જે સ્ટેટ લિટીગેશન પોલીસી છે એ પોલીસીને અનુરૂપ રાજ્ય સરકાર પણ આ ગુજરાતમાં સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌને ન્યાયના સ્વપ્નને ઝડપથી ચરિતાર્થ કરવા માટે આ પ્રમાણેનો સુધારો હું સન્માનનીય સભાગૃહ સમક્ષ લાવ્યો છું.

શ્રી જગરૂપસિંહ ગી. રાજપૂત(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આ હાઉસની અંદર માનનીય કાયદા મંત્રી અને ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહજી જે ૧૯૭૩ના સી.આર.પી.સી.માં સેકશન ૨૭૩, ૨૭૮, ૨૮૧, ૨૯૧ અને ૩૧૭માં સ્ટેટ એમેન્ડમેન્ટ લઇને આવ્યા છે એને સમર્થન આપવા માટે હું ઊભો થયો છું.

સાહેબ, છેલ્લા સાત–આઠ વર્ષથી ગુજરાતની અંદર હાઇ–કોર્ટના ડાયરેકશન પ્રમાણે અને કોર્ટની અંદર વકીલ અને આરોપી અને સાક્ષીની સંમતિથી ટ્રાયલ બેઝ ઉપર આપણે વિડિયો કોન્ફરન્સીંગથી કેસો ચલાવતા હતા. પણ કાયદાકીય સ્વરૂપ ના હોવાના કારણે જ્યારે કાંઇ ઓબ્જેકશન આવે કે કાંઇક એવું થાય એટલે ઘણી તકલીફ પડતી હતી. એટલે હું આ જે કાયદો લઇને માનનીય પ્રદિપસિંહ લઇને આવ્યા છે એમને ખૂબ ખૂબ અભિનંદન આપવા માગુ છું. કેમ કે, આ કાયદાથી ટૂંકમાં કહીએ તો સમયની ખૂબ મોટી બચત થશે, ગંભીર ગુનાઓની અંદર જે આરોપીઓ જેલમાં છે એમાંથી પોલીસ જાપ્તામાં જે લઇ જાય છે એમાંથી રાહત થશે, સાથે સાથે જલદી અને ઝડપી ન્યાય મળશે. કેમ કે, વિડિયો કોન્ફરન્સથી જ્યારે લીંકિજની સિસ્ટમ આ બધી સેકશનોમાં એઇડ થઇ છે એના કારણે આરોપી કે વકીલ એ લોકો એના ઓબ્જેકશન નહીં લઇ શકે. કેમ કે, કાયદાકીય એને માન્યતા મળી જાય છે.

સાહેબ, હું બે–ત્રણ દાખલાથી આને સમજાવવા માગુ છું. સુરતની અંદર જ્યારે યુપીએ સરકાર હતી અને સીમી સંસ્થા ઉપર બાન મૂક્યો, સીમી સંસ્થાએ સુરતના રાજશ્રી હોલની અંદર આખા હિન્દુસ્તાનના ૧૨૪ સીમીના કાર્યકર્તાઓ ભેગા થયા, પોલીસે એમના ઉપર કેસ કર્યો, એ ૧૨૪ સીમીના કાર્યકર્તાઓ કોઇ યુ.પી.થી, કોઇ હૈદરાબાદથી, કોઇ ઓરિસ્સાથી, કોઇ બિહારથી, કોઇ રાજસ્થાનથી, કોઇ મધ્યપ્રદેશથી કે કોઇ છત્તીસગઢથી, બધી જગ્યાએથી આવેલા હતા. પણ એમાંથી કેટલાક ઉપર જુદા જુદા રાજ્યોમાં કેસો ચાલતા હતા અને ત્યાં પણ એ લોકો કેસોમાં કસ્ટડીમાં જાય, એટલે કોર્ટની અંદર જ્યારે આરોપીઓની હાજરી ના હોય એટલે કેસ ના ચાલે. સાથે સાથે પોલીસ લોકો, પોલીસના અધિકારીઓ જે તપાસ કરતા હોય છે કે, ફરિયાદી હોય છે એમની બદલી થાય. અમદાવાદમાં કેસ થયો હોય અને પછી એમની બદલી સુરત, વડોદરા કે કોઇ જગ્યાએ થઇ જાય અને અહીંયા મુદત ઉપર આવે નહીં એના કારણે ખૂબ મુદતો પડતી હતી. સાથેસાથે ડોકટર અને એફ.એસ.એલ.ના અધિકારીઓ, ડોકટરો પણ મુદત ઉપર આવે નહીં, કોઇક વખત વકીલોની હડતાલ હોય, કોઇ વખત જજ રજા ઉપર હોય, કોઇ વખત સરકારી વકીલ રજા ઉપર હોય એના કારણે મુદતો પડતી હતી પણ હવે વીડીયો લીંકિજના કારણે આ બધી તકલીફો દૂર થશે અને એના કારણે જે કહેવાય છે કે ડીલે ઇઝ જસ્ટીસ. અન્યાય થાય જો જસ્ટીસમાં ડીલે થાય તો અન્યાય થાય છે પણ હવે ઝડપથી ગંભીર ગુનાઓમાં સાહેબ, કર્ણાવતી એકસપ્રેસ ઉપર જે બોમ્બ કાંડ થયો. એની અંદરના આરોપીઓ તિહાડ જેલથી અમદાવાદની કોર્ટમાં લાવવામાં આવતા હતા. દિલ્હીની જે પોલીસ એ આરોપીઓને લઇને અમદાવાદ આવતી હતી એ સમયે હું સરકાર તરફથી સ્પેશ્યલ પ્રોસીકયુટર તરીકે આ કેસોમાં નિમાયેલો હતો. એ પોલીસવાળા કહે કે સાહેબ, અમે દિલ્હીથી નીકળીએ છીએ પાછા દિલ્હી જ્યારે એ લોકોને કસ્ટડીમાં મુકી દઇએ છીએ ત્યારે અમને ઉંઘ આવે છે અને મનને શાંતિ થાય છે. સાહેબ, વિચાર કરો એક તો ખુંખાર કેદીઓ એમને રેલ્વેમાં કે રસ્તામાં દિલ્હીથી અમદાવાદ લાવે,

અહીંયા રાત્રિ રોકાણ કરે, બીજા દિવસે લઇ જાય. આ બધી ઝંઝટમાંથી સૌથી વધારે રાહત પોલીસને છે. પ્રદિપસિંહે સાચું જ કીધું છે જાપ્તાની અંદર, જાપ્તાને કારણે રોજ ટ્રાફિકનો પણ કોર્ટોની અંદર ભરાવો થાય. અમારે મેટ્રોપોલીટન કોર્ટમાં સાહેબ, આપ પણ વકીલ છો એટલે ખબર છે ગાંધીનગર કોર્ટમાં, અમદાવાદ કોર્ટમાં જાપ્તાની જે ગાડીઓ આવે, એટલે જે આરોપીઓ કસ્ટડીમાં છે. ઘણી વખત કસ્ટડીના આરોપીઓના કેસો ચાલતા નહોતા આ જ કારણે પણ હવે ભલે જે એ જેલમાં રહ્યો પણ વીડીયો કોન્ફરન્સથી આ કેસો ઝડપથી ચાલશે. નિર્દોષ હશે તો વહેલો છુટી જશે એટલે કસ્ટડીના કેસો જે બે વર્ષ, ત્રણ વર્ષ, ચાર વર્ષથી ચાલતા નહોતા એમાં હવે સમય ઓછો થશે એના કારણે જે આ કાયદો લાવ્યા છે એને હું સમર્થન આપું છું અને સાથેસાથે પાસ થાય તો એનાથી ગુજરાતની જનતાનું ખૂબ સારુ થશે. હું તો કહું છું કે આ એમેડમેન્ટ કેન્દ્ર સરકારે પણ કરવું જોઇએ. ભારત માતા કી જય.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૧૭ નું ફોજદારી કાર્યરીતિ વિધેયક હવે જયારે વીડીયો કોન્ફરન્સથી જુબાની આપવાનો જે કાયદો બન્યો છે એને આદરણીય ગૃહમંત્રી લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું. અમારા લર્નેડ વકીલ અને ખૂબ જ જાગૃત ધારાસભ્યશ્રી જગરૂપસીંગે ખૂબ ડીટેલમાં વાત કરી છે અને હાલમાં ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં પણ પ્રચાર કરીને આવ્યા છે અને ભારતીય જનતા પાર્ટી સપષ્ટ બહુમતિ તરફ જઇ રહી છે એવી વાતનું વાતાવરણ પણ લઇને આવ્યા છે ત્યારે હું મારો સૂર પુરાવું છું. પ્રદિપસિંહજીએ કહ્યું તેમ આજે આપણે ૨૧ મી સદીમાં જીવી રહયા છીએ. આજના ડીઝીટલ યુગમાં જયારે પ્રવેશ થઇ રહ્યો છે, સમય અત્યંત કીંમતી છે અને સમય એ ઇશ્વરનો પ્રસાદ છે એમ કહું તો ખોટું નથી. ન્યાયમાં વિલંબ એ અન્યાય બરાબર છે. સમયનો વેડફાટ થાય. આજે જે કેસોનો ભરાવો છે માનનીય ગૃહ મંત્રીશ્રીએ કહ્યું તેમ તેનું એક કારણ જો મહત્વનું હું જે સમજું છું સાક્ષી આવે છે કોર્ટમાં તો આરોપી નથી આવતો. બંને આવે છે તો વકીલ નથી હોતા. ત્રણેત્રણ આવે છે તો કોઇક કારણસર હડતાલ પડી જાય છે અને આ ત્રણેયનો સમય બચાવવો હોય તો આ જે કાયદો લાવ્યા છે ઇલેકટ્રોનીક વીડીયો લીંકિંજ, વીડીયો કોન્ફરન્સથી જે જુબાની આપવામાં આવે છે એ મૂળ હેતુ એનો જળવાય છે અને આને લીધે હું એમ માનું છું કે જે પ્રમાણેની પરિસ્થિતિ છે કોર્ટમાં કેસનો જે ભરાવો છે એ જરૂર ઓછો થશે અને બધું ઝડપી બનશે. જેમ આપણા શ્વાસ લીમીટેડ છે તેમ સમય પણ લીમીટેડ છે અને આ કેવી અદભૂત વ્યવસ્થા છે કાયદો વ્યવસ્થા જાળવવાની આપણી જે કટિબદ્ધતા છે, આ સરકારની જે અસરકારકતા છે, પાકિસ્તાન આતંકવાદી દેશ છે એની જો જાહેરાત થઇ હોય તો હેડલીએ વીડીયો કોન્ફરન્સ મારફત જુબાની આપી અને એણે એમ કહ્યું કે કસાબ આતંકવાદી છે એનો જો કોઇ મોટો પુરાવો હોય તો અને આજે સમગ્ર દુનિયાની અંદર પાકિસ્તાન આતંકવાદી દેશ છે એમ ડીબેટ ચાલુ થઇ હોય તો એનું કારણ છે આ વીડીયો કોન્ફરન્સથી એ હેડલીની જુબાની. શાહબુદીન અત્યારે પકડાયો એ આપણે જોયું. તે તિહાર જેલમાં છે અને એને દિલ્હીમાં ખસેડવામાં આવ્યો છે એ વાત પણ આપણે વીડિયો કૅાન્ફરન્સથી નજર સામે જોઇ છે. એકવીસમી સદીમાં જેમ બૅન્કમાં પેપરલેસ કામ થઇ રહ્યાં છે, એ પ્રમાણે કોર્ટમાં પણ પેપરલેસ કામ થાય તો હું માનું છું કે આ ખૂબ અસરકારક રીતે થઇ શકે. ઘણી વખત વિચારો આવે. આપણે ત્યાં પી.આઇ. હોય એની બદલી ૩ વર્ષે થાય. ધારો કે કોઇ સુરતથી નવસારી ગયા હોય અને કોઇ નવસારીથી અમદાવાદ ગયા હોય અને કેસ ચાલતો હોય. આપણે ત્યાં ઇન્સ્પેક્ટર આવે એને એ તારીખે કોર્ટમાં જવાનું હોય તો લો એન્ડ ઓર્ડર જળવાતો નથી. એને લીધે જુબાનીમાં હાઇકોર્ટમાં જાય અને એ વીડિયો કોન્ફરન્સથી નવસારીથી બેસીને જુબાની આપી શકે તો સરળતાપૂર્વકની વાત છે. હોમ મિનિસ્ટરને, ગુજરાત સરકારને મારે કહેવું જોઇએ કે ઉદારતા સાથેના આ બે દિવસ આપના માટે ગૌરવવંતા દિવસ છે. આ ગૃહમાં જ્યારે જ્યારે વિધાનસભાનો ઇતિહાસ લખાશે તેમાં આ ત્રણે ત્રણ કાયદા માટે આપને અને ભારતીય જનતા પાર્ટીને હંમેશા યાદ રહેશે. આ એકવીસમી સદીમાં આપણે જઇ રહ્યા છીએ. આભાર.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજભાઇ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજના દિવસના કામકાજના બિલો પૂરા થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

ઉપાધ્યક્ષશ્રી : મુખ્ય દંડકશ્રીની વિનંતી ધ્યાનમાં રાખીને આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં શ્રી જગરૂપસિંહ રાજપૂત ગુજરાતના અનેક નામાંકિત કેસોમાં સ્પેશ્યલ પબ્લિક પ્રોસિક્યૂટર તરીકે એમણે ઉત્તમ પ્રકારની કામગીરી કરીને કેટલા ય ગુનેગારોને જેલના હવાલે કર્યા છે. એવા જ પીયૂષભાઇ દેસાઇ એ પણ એડવોકેટ તરીકે દક્ષિણ ગુજરાતમાં ઉત્તમ પ્રકારનું કામ કરી રહ્યાં છે. આજે અધ્યક્ષસ્થાનેથી વકીલ તરીકે આપ પણ બેઠા છો. આ ત્રણેય વકીલોની વચ્ચે હું વકીલ નથી, પણ પ્રજાના પ્રશ્નોને આપ સમક્ષ વકીલાત કરીને નવી વ્યવસ્થા થાય એ માટે મારો પણ પ્રયાસ છે. આ બિલ જે બંને માનનીય સભ્યશ્રીઓએ આપણી સમક્ષ વિષય મૂક્યો. એક અરજદારની વ્યથા, પોલીસની વ્યથા, તબીબની વ્યથા આ તમામ વ્યથાને ટેકનોલોજીના માધ્યમથી વ્યવસ્થાની અંદર પરિવર્તિત કરવા માટે આ રાજય સરકારનો ઉત્તમ પ્રયાસ છે. ગુજરાત ઇઝ એ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા. ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની અંદર ગુજરાતનું સ્થાન આગળ છે. આવનારા દિવસોમાં નવ ગુજરાત એ ઔદ્યોગિક વિકાસની સાથે માત્ર રસ્તા, માત્ર પાણી, માત્ર વીજળી, માત્ર શિક્ષણ, માત્ર આરોગ્ય નહિ, પણ ગુજરાતના પડતર કેસોના અરજદારની વ્યથા આપણે જેટલી ઝડપથી નિરાકરણ લાવીને સમયસર ન મળતો ન્યાય એ અન્યાય

ગુજરાત શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન કાયદેસર ઠરાવવા અને તેની ફાળવણી કરવા બાબત વિધેયક,૨૦૧૭

બરાબર છે આ વાક્યના આધાર ઉપર આપણે આ સુધારાના માધ્યમથી આમૂલચૂર પરિવર્તન સમગ્ર વ્યવસ્થા તંત્રમાં કરી નાખીશું. બંનેય માનનીય સભ્યશ્રીઓએ હકારાત્મક અભિગમ સાંધી બિલને આવકાર્યુ છે. સમગ્ર સભાગૃહને વિનંતી કરું કે આ ઉત્તમ પ્રકારનો કાયદો ભવિષ્યમાં જ્યારે પણ વીડિયો લિંકેજના માધ્યમથી ગુજરાતમાં આપણે સંપૂર્ણપણે કાર્યરત થઇશું, ત્યારે એમાં આપણું પણ સહભાગીપણું હશે એનું આપણને સૌને ગૌરવ થશે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૭ નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ ૨ થી ૬, કલમ ૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેકટીંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૭નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તેને પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૧૭નું ફોજદારી કાર્યરીતિ (ગુજરાત સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે. નેકસ્ટ.

(માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપુત આજના દિવસની કાર્યવાહીમાંથી સસ્પેન્ડ થયેલ હોવાથી ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૫૨(૨) અન્વયેનો પ્રસ્તાવ રજૂ થઇ શકેલ નથી)

સન ૨૦૧૭નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૯

ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વિધેયક,૨૦૧૭

શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ની કલમ ૧૦ની પેટા કલમ.(૩) હેઠળ રાજય સરકારમાં નિહિત થયેલી અને સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં રાજય સરકારે જેનો કબજો લીધો હોય તેવી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાની માન્યતા(કાયદેસરતા) અને તેની ફાળવણી માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટેની જોગવાઇ કરવા બાબત વિધેયક

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વિધેયકને આપની પરવાનગીથી દાખલ કરું છું.

વિધેયક દાખલ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ હેઠળ) રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વિજયભાઇની સરકારને સંવેદનશીલ સરકાર કહેવામાં આવે છે, નિર્ણાયક સરકાર કહેવામાં આવે છે. આજે હું તેની પ્રતિતિ કરાવતું એક બિલ લઇને આવ્યો છું. જેમાં વર્ષોથી રાજયના પાંચ શહેરોમાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકો પોતાની જાતને અસલામત અને અસુરક્ષિત સમજતા હતા. તેવા લોકોને કાયમી રાહત આપતું બિલ લઇને આવ્યો છું. શહેરોમાં અમૂક લોકોના હાથમાં વધારે પડતી જમીન હતી અને તેના કારણે સટ્ટાખોરી અને નફાખોરીનું પ્રમાણ વધે તેને અટકાવવા માટે ૧૯૭૬માં અને પછી ૧૯૯૯માં શહેરી જમીન ટોચ મર્યાદાનો કાયદો અમલમાં આવ્યો. તે કાયદા અન્વયે ફાજલ થયેલી જમીન ઉપર સરકારશ્રી દ્વારા જરૂરિયાતમંદ ગરીબ અને મધ્યમ વર્ગના લોકોના આવાસ બાંધવાનો હેતુ હતો. તે ફાજલ થયેલી કુલ જમીન ૧ કરોડ ૪૯ લાખ ૫૦ હજાર ૮૪૧.૨૮ ચો.મી. હતી. તેમાંથી કોઇપણ પ્રકારના લીટીગેશનો ન હોય તેવી ૩૩ લાખ ૮૮ હજાર ૩૭૪ ચો.મી.જમીન કે જેના ઉપર ૩૦ માર્ચ ૧૯૯૯ પહેલાં જેમનો બાંધકામ સાથેનો કબજો ભોગવટો હતો. મેં અગાઉ કહ્યું તેમ કબજો અને ભોગવટો હોવા છતાં તે તેના પર કોઇ લોન લઇ શકતા ન હતા. અસલામતી અને અસુરક્ષાનો અનુભવ કરતા હતા. એવા ગરીબ અને મધ્યમ વર્ગના લોકો જેને ઝૂંપડા હોય, કાચા મકાન હોય એવા ગરીબ પરિવારોને એક મોટી રાહત આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. અને નિર્ણય જે કર્યો એ

* વિધેયક સન ૨૦૧૭ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

## ગુજરાત શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન કાયદેસર ઠરાવવા અને તેની ફાળવણી કરવા બાબત વિધેયક,૨૦૧૭

૧૫.૧૨.૨૦૧૬ના રોજ વટહુકમ બહાર પાડીને એનો અમલ કર્યો અને એ વટહુકમને આજે હું બિલના સ્વરૂપમાં લઇને આવ્યો છું. આ એક ઐતિહાસિક નિર્ણય છે અને જેના કારણે મોટી સંખ્યામાં પાંચેય શહેરોના આવા મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને રાહત થવાની છે. રાજયની સ્થાપના થઇ ત્યારથી અત્યાર સુધીમાં એકી સાથે આટલી મોટી માત્રામાં ૩૩,૮૮,૩૭૪ ચોરસ મીટર જમીન ગરીબ પરિવારોને આપવાનો આ એક પ્રથમ અને ઐતિહાસિક નિર્ણય છે. જો કોઇ વ્યક્તિ આ ફાજલ સરકારી જમીન ઉપર ૧લી જાન્યુઆરી, ૨૦૧૧થી અથવા તો તે પહેલાથી કબજો ભોગવટો ધરાવતા હોય અને ૧લી જાન્યુઆરી ૨૦૧૧થી ૩૧ મે, ૨૦૧૬ દરમ્યાન લેવડ દેવડ થયેલ હોય તો પણ આ વટહુકમના અમલ વખતે ધારણ કરનારને એ મળી શકશે. જમીન ફાળવણી જૂની શરતથી જ ફક્ત વેચાણ પર ૧૫ વર્ષના નિયંત્રણ સાથે, હાલમાં સાથણીમાં જમીન આપી હોય, સરકારે પ્લોટ ફાળવણી કરી હોય તો એને પ્રિમિયમ લઇને જૂની શરતમાં ફેરવવાની જોગવાઇ છે, નિયમ છે. પરંતુ આ જમીનની ફાળવણી નિશ્ચિત અવધિ બાદ એટલે કે ૧૫ વરસ બાદ એક પણ રૂપિયાના પ્રિમિયમ વગર અનિયંત્રિત સત્તા પ્રકારની કરવાની જોગવાઇ લઇને આવ્યો છું. પ્લોટની વારસાઇ કરવા પર કોઇ નિયંત્રણ નથી, આ પ્લોટ ઉપર બેન્ક લોન લેવા પર પણ કોઇ નિયંત્રણ નથી અને લાભાર્થી અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ અને જામનગર જેવા વિકસિત શહેરો છે. જે તે સમયે આ કબજો સરકારે લીધો ત્યારે ભાવનગરમાં કોઇ દબાણદાર ન હતા, એવા કોઇ ભોગવટા કબજેદાર ન હતા એટલે હું ત્યાંના તંત્રને અને ભાવનગરની પ્રજાને પણ આ તકે અભિનંદન આપુ છું. માનનીય અધ્યક્ષશ્રી, ૧૦૦ ચોરસ મીટરથી ઓછા કબજાવાળા ગરીબ અને મધ્યમ વર્ગની હું જ્યારે વાત કરું છું ત્યારે આ નિર્ણય ગરીબ લોકો માટેનો છે, મધ્યમ વર્ગના લોકો માટેનો છે. ૧૦૦ ચોરસ મીટરથી ઓછો કબજો ધરાવતા લોકોની સંખ્યા ૯૫ ટકા છે. મારે ખૂબ હર્ષથી અને આનંદથી કહેવું જોઇએ કે માત્ર દોઢ મહિનાના ટૂંકા ગાળામાં આ પાંચેય શહેરોમાં થઇને ૫૮,૯૫૫ અરજીઓ અમને મળી છે અને ગઇ કાલ સાંજ સુધીનો આ આંકડો છે અને એમાંથી ૬,૪૮૨ લાભાર્થીઓએ ૧૦ હજાર કે ૨૫ હજારનો ચેક કે રોકડા ભરીને એની સલામતી પૂરવાર કરી છે. આજ જમીન જો એ બજારમાં ખરીદવા જાય તો ૪૦ થી ૪૫ લાખ રૂપિયા ચૂકવવા પડે એના બદલે ૨૫ ચોરસ મીટર સુધીના એણે ૩૭,૫૦૦, ૫૦ ચોરસ મીટર સુધીના ૧,૧૨,૦૦૦, ૭૫ ચોરસ મીટરના ૨,૨૫,૦૦૦ અને ૧૦૦ ચોરસ મીટરના ૪,૫૦,૦૦૦ ચૂકવવાના છે. આટલી જ જમીન જો એ માર્કેટમાં ખરીદવા જાય તો એણે ૪૦ થી ૫૦ લાખ રૂપિયા આપવા પડે એને બદલે આટલી નાની રકમમાં એ જમીનના હંમેશ માટે માલીક બની જવાના છે. મારે આ ગૃહ મારફતે અને મિડિયા મારફતે લાભાર્થીઓને કહેવું છે કે, ૧૫મી માર્ચ સુધી આ યોજના અમલમાં રહેશે એના પછી કોઇ છૂટછાટ આપવાની નથી. અમે લાભાર્થીઓની સગવડ માટે બેન્ક સાથે પણ બેસાડીને અમારા જિલ્લાના કલેકટર અને મહેસુલના અધિકારીઓ મારફત વ્યવસ્થા કરી છે એટલે લાભાર્થીને એમાં પણ રાહત મળવાની છે. તેની જોગવાઇ મુજબ તે ભોગવટાના આધાર, પુરાવા જેમ કે લાઇટ બિલ, પાણી વેરો વિગેરે અને હું કહેવા એ માગુ છું કે, તેણે કેટલી કિંમત ચૂકવવાની છે ૨૫ ચો.મીટર સુધી હશે તો કબજા હક્કની રકમ માત્ર ૧૦ ટકા, જંત્રીના માત્ર ૧૦ ટકા જ, ૨૬ થી ૫૦ હશે તો ૧૫ ટકા, ૫૧ થી ૭૫ હશે તો ૨૦ ટકા, ૭૬ થી ૧૦૦ હશે તો ૩૦ ટકા અને ૧૦૧ થી ૧૫૦ હશે તો ૫૦ ટકા. મેં કહ્યું તેમ ૫૮ હજાર ફોર્મનું વિતરણ થયુ છે અને ૬૪૦૦થી વધારે લોકોએ ૧૦ હજારનો ડ્રાફ્ટ પણ આપ્યો છે. આ વટહુકમ બહાર પાડયો અને તરત જ મારા વિભાગે આના તાકીદના અમલ માટે નાયબ કલેકટર, મામલતદાર, નાયબ મામલતદાર, કારકુન એમ કુલ મળીને ઝડપથી ૧૪૫ અધિકારીઓ/કર્મચારીઓની નિમણૂક પણ કરી છે અને આ બધાજ અધિકારી/કર્મચારીઓએ બધાજ મોટા મોટા શહેરોમાં લાભાર્થી ગરીબ મધ્યમ વર્ગની સોસાયટીઓમાં જઇને એમને સમજાવવા માટેની મિટિંગો કરી છે. મોડી સાંજ સુધી, રાત સુધી બધાને ભેગાં કરીને આ યોજના પણ સમજાવી છે. અંતમાં આ યોજનાનો લાભ અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને જામનગરને મળવાનો છે તો મારે તેની પણ થોડીક વિગત આપવી જોઇએ. અહીંયા બેઠેલાં મારા અમદાવાદના સાથીઓને એ જાણીને આનંદ થશે કે અમદાવાદમાં ૧૭,૧૨,૩૧૭ ચો.મીટર સૌથી વધારે અને ૩૫,૭૦૦ કુટુંબોને લાભ મળવાનો છે. સુરતમાં ૮,૪૪,૭૬૯ અને ૧૭,૬૦૦ લાભાર્થીઓને લાભ મળવાનો છે. વડોદરામાં ૧,૭૦,૪૯૧ અને ૩,૪૮૦ લાભાર્થીઓને લાભ મળવાનો છે. રાજકોટમાં ૪,૦૯,૮૧૮ અને લાભાર્થીઓ ૮,૨૦૦, જામનગરમાં ૨,૫૦,૯૭૯ અને લાભાર્થીઓ ૪,૯૨૦ કુલ જમીન ૩૩,૮૮,૩૭૪ અને કુલ લાભાર્થી ૬૯,૯૦૦ આ બિલ એ ગરીબ અને મધ્યમ વર્ગના હિતાર્થે છે ત્યારે હું ગૃહને પ્રસ્તાવ રજૂ કરું છું કે પહેલું વાચન કરવામાં આવે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય વિજયભાઇ રૂપાણીની સંવેદનશીલ સરકારના માનનીય મહેસુલ મંત્રી અને અમારા માર્ગદર્શક આદરણીય ભૂપેન્દ્રસિંહજી જે બિલ લઇને આવ્યા છે તેના સમર્થનમાં હું ઉભો થયો છું. હમણાં જ આદરણીય મંત્રીશ્રીએ વાત કરી કે ૭૦ હજાર પરિવારોને જે લાભ થવાનો એમાં માત્ર એકલા અમદાવાદના ૩૫,૭૦૦ પરિવારોને ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સમયથી આ ઇન્ટેક ફીનો કાયદો આવ્યો એ પછી જે લોકોના રેગ્યુલરાઇઝ ના થયા એના માટે અમે અમદાવાદના બધા જ ધારાસભ્યો આદરણીય પ્રદિપસિંહજી જોડે ગયા અને તેની પાસેથી કાયદાનું માર્ગદર્શન લઇને અને આદરણીય પ્રદિપસિંહની સાથે અમને માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે મુલાકાત કરાવી. આ એક સળગતો પ્રશ્ન હતો અને આ પ્રશ્ન અમારા માટે, ગરીબો માટે, મધ્યમવર્ગ માટે આફતનો સમય હતો અને આપણા નેતા અને ભારતના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇની આફતને અવસરમાં પલટાવવાની જે નીતિ છે અને અખત્યાર કરી અને

તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

ગુજરાત શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન કાયદેસર ઠરાવવા અને તેની ફાળવણી કરવા બાબત વિધેયક,૨૦૧૭

ગુજરાતની સંવેદનશીલ સરકારના માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં આ વટહુકમ ડિસેમ્બરમાં બહાર પાડ્યો અને આજે જે બિલ લઇને આવ્યા છે એના માટે અમે સૌ અમદાવાદ વાસીઓ, એ અમદાવાદ કે જેનું પાણી લાવ્યું તાણી ભારતની આઝાદી અમે સૌ અમદાવાદી. અમે સૌ અમદાવાદીઓ વતી સરકારશ્રીને લાખો લાખો અભિનંદન માનનીય મુખ્યમંત્રીશ્રી અને આદરણીય મહેસૂલ મંત્રીશ્રીને આપીએ છીએ.

શ્રી નરોત્તમભાઇ ત્રિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મહેસૂલ મંત્રીશ્રી સન ૨૦૧૭નું વિધેયક ક્રમાંક –૯ સન ૨૦૧૭નું ગુજરાત (શહેરી જમીન (ટોચ મર્યાદા અને નિયમન)) અધિનિયમ, ૧૯૭૬ હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલ વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને આધિન માન્ય ઠરાવવાનું જે બિલ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપવા માટે ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી ૧૯૭૬માં જ્યારે આ કાયદો આવ્યો ત્યારે કેન્દ્રમાં કૉંગ્રેસની સરકાર હતી. એમણે આ કાયદો મૂકીને ૧૯૯૯માં ફરી પાછો એને રદબાતલ કર્યો. હું વિચારતો હતો કે, ટોચમર્યાદાના કાયદામાં અમે શહેરમાં રહેનારા લોકો કેટલી રીતે પીસાયા છીએ. કારણ કે, જ્યારે એમણે કાયદાને જન્મ આપ્યો અને ત્યારપછી ૨૩ વર્ષ સુધી એમનું આધિપત્ય કેન્દ્રમાં રહ્યું અને એ સમય દરમિયાન જે લોકોનો જન્મ થયો એ લોકોએ એવી અનિયમિતતાની પદ્ધતિ અપનાવી કે એની અંદર રહેલ બધી જ અનિયમિતતાઓને નિયમિત કરવાનું કામ ભારતીય જનતાપાર્ટીના શાસનમાં આવ્યું અને મારે માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપવા છે કે, એમણે આ કાયદાની અંદર આવેલી તકલીફોને દૂર કરી અને લોકોને અવસરમાં પલટી આપ્યો છે. મારે એટલા માટે કહેવાનું કે, સુરત શહેરની અંદર વધારેમાં વધારે અનિયમિતતા આવી છે કારણ કે, ૧૯૯૫ પહેલાં તો અહીંયા પણ કૉંગ્રેસનું શાસન હતું. ૧૯૯૯માં કાયદો રદબાતલ કર્યો એ દરમિયાન જે અનિયમિતતા ઊભી થઇ એને રેગ્યુલાઇઝ કરવાની જવાબદારી અત્યારે મહેસૂલ ખાતામાં આવી છે. આજે ઇમ્પેક્ટ ફીના કાયદામાં પણ આખા ગુજરાતના શહેરોમાં સુરતને નિયમિત કરવા માટે જે તકલીફો સરકારે ઉઠાવી એ પણ નોંધપાત્ર છે. બીજું આ ફાજલ જમીનની અંદર સુરતની અંદર જે સ્થિતિ ઊભી થઇ એમાં મારે ધ્યાન ઉપર મૂકવું છે કે કલમ – ૬(૧) હેઠળ સુરતમાં ૮૪૫૨ ફોર્મ ભરાયા અને ફાજલ કરેલ જમીન ૨૪,૫૦,૩૮૦ચો.મી. જેટલી જમીન સુરતમાં ફાજલ પડી હતી. લગભગ ૬૦૫૨૪ લોકોને લાભ થયો છે. આ જે જમીન છે એ બધી જમીન પર લોકો રહે છે. એ ગરીબો છે, સામાન્ય લોકો છે પરંતુ જ્યારે અમે કાયદો બનાવ્યો ત્યારે એમાં એટલી અનિયમિતતા આવી કે લોકોને બળિયાના બે ભાગ જેવી સ્થિતિ થઇ. નવો કાયદો એ આવ્યો કે જમીનદારો એમની જમીન આપે અને સરકાર એ જમીન લે એ દરમિયાન લીટીગેશનનો જે પ્રશ્ન ઊભા થયા એમાં જે જમીન ફાજલ પડી એમાં એ વખતની સરકારે કોઇ નિયમન કર્યુ નહિ. પરિણામે જે જમીન ફાલજ પડી એ જમીન ઉપર પ્લોટો પાડી પાડીને જમીનદારોએ લોકોને આપી દીધા અને જમીનદારો જતા રહ્યા. એને વર્ષો થઇ ગયા ૧૯૭૬થી માંડીને આજ સુધી ગણીએ તો એ જમીન ઉપર રહેનારા લોકો બિલકુલ અજ્ઞાની હતા, સમજતા નહતા, ગરીબ અને મધ્યમવર્ગના હતા. આ ગરીબોને વસાવીને એ લોકો ચાલ્યા ગયા. હવે રહી આ સરકારની જવાબદારી, સરકાર અગર જો એમના કાયદાનું આધિપત્ય કરે તો આ લોકોને દૂર કરવા પડે. એમનાં નાનાં મોટાં છાપરાં તોડી નાખવાં પડે અને આ બધી લિટીગેશન અને બધી પરિસ્થિતિમાંથી બચાવવા માટે સામાજિક સમસ્યા સમજીને મહેસૂલ ખાતાએ આ એક દરખાસ્ત કરી છે. એ બધાને કાઢી મૂકવા, એમનાં મકાનો તોડી નાંખવાં અને બાંધેલાં મકાનો ઉપર એ લોકો શાંતિથી જીવી ન શકે એવી સ્થિતિમાંથી બહાર કાઢવા માટે આ કાયદો માનનીય ભૂપેન્દ્રસિંહજી લાવ્યા છે.

એક વસ્તુ એ છે કે, આના ઉપર આ ગરીબ લોકો જે રહે છે એમને બેંકમાં જવું હોય તો બેંકમાંથી ધિરાણ નહોતું મળતું. સરકાર એમ ઇચ્છે છે કે એમનું મકાન બાંધે અને બેંકમાં જાય અને બેંક એને કાયદેસરની લોન આપે કે ધિરાણ આપે. આ સ્થિતિ લાવવી એ સામાજિક સમસ્યાનો ઉકેલ છે એટલે મહેસૂલ ખાતાને જેટલા અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પણ આ કાયદાને મંજૂર કરવાની જે સહમતિ આપી છે એ બદલ વિભાગને હું અભિનંદન આપું છું. ધન્યવાદ.

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–દક્ષિણ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જે શહેરી જમીન ટોચ મર્યાદા ની જમીન અંગેનો જે ઠરાવ લઇને આવ્યા છે એના વિશેના કેટલાક વિચારો વ્યકત કરવા માટે હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલીક વાતો મારી પૂર્વના વક્તાઓ કરી છે અને માનનીય ભુપેન્દ્રસિંહજી પણ કરી છે પણ આજના દિવસે ખેડૂતના નામે આ ગૃહનો બહિષ્કાર કરીને જે લોકો જતા રહ્યા છે એમને મારે કહેવું છે. આ કાળો કાયદો શહેરી જમીન ટોચ મર્યાદાનો ખેડૂતો માટેનો એ લાવનારા એ મિત્રો જ હતા. ૧૯૭૬માં આ કાયદો લાવ્યા અને એનો એક વર્ષ અગાઉથી ૧૯૭૫થી અમલ કર્યો. આજે હું ધન્યવાદ આપીશ કે, એનડીએની સરકારને માનનીય અટલબિહારી બાજપાઇની સરકારમાં શહેરી વિકાસ મંત્રી તરીકે માનનીય રામ જેઠમલાણીએ આ કાયદાને નિર્મૂળ કર્યો અને શહેરના જે ખેડૂતો હતા એ ખેડૂતોને એમાંથી મુક્તિ અપાવી. આ કાયદો ૧૯૯૯માં ગયો પણ આજની તારીખે સેંકડો ખેડૂતો કોર્ટના ધક્કાઓમાંથી બહાર નીકળ્યા નથી એનું પાપ જો કોઇને લાગ્યું હોયને તો આ મિત્રોને લાગ્યું છે.

અમારા સૌરાષ્ટ્રમાં અત્યારની સીઝનમાં માતાજીના માંડવા થાય છે. સવારે આઠ વાગે થાંભલી રોપાય અને બીજા દિવસે સવાર સુધી માતાજીનો માંડવો ચાલતો હોય એમાં રાવળ હોય એ ડાકલાં વગાડે અને માતાજીના ગુણગાન પણ ગાય અને એ વખતે ભૂવાઓ પણ ધુણતા હોય છે. જુદા જુદા માતાજીઓના સ્વરૂપમાં ધુણતા હોય છે. એમ ચૂંટણીનાં ડાકલાં વાગે

છે એટલે આ મિત્રોને ખેડૂતો યાદ આવ્યા. ૧૯૭૬નો આ કાળો કાયદો એ મિત્રોના કારણે જ આવ્યો હતો અને એના કારણે આજે પણ અનેક ખેડૂતો બરબાદ થઇ ગયા છે. એ હું મિત્રોને યાદ અપાવું છું. માનનીય પ્રદિપસિંહજીએ પણ કેટલીક વાતો કરી છે એ હું દોહરાવતો નથી કે ખેડૂતો વીજળી માગવા જાય અને એને ગોળીએ મારવામાં આવે ત્યારે આ મિત્રોને ખેડૂતો યાદ નહોતા આવ્યા અને એના કારણે તુલસીદાસે કહ્યું છે કે, "તુલસી હાય ગરીબ કી કભી ન ખાલી જાય, મૂએ ઢોરકી ખાલ સે લોહા ભસ્મ હો જાય.'' માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ વર્ષથી એના કારણે આ બેચથી આ બેચ સૂધી પહોંચી નથી શક્યા. આ ખેડૂતોના નિશાસા લાગ્યા છે. આજે એ લોકો ખેડૂતોની વાતો કરે છે ત્યારે મને આશ્ચર્ય થાય છે. વિશેષ નથી કહેતો મારે ઘણું કહેવું છે પણ કહેવા માગતો નથી. કોંગ્રેસના સમયમાં ખેડૂતો પાસેથી લેવીના ઘઉં લેવાતા હતા. બાજરી,ડાંગર ઉપર લેવી લેવાતી હતી. આ બધા કાયદા ભારતીય જનતા પાર્ટીની સરકારે નાબૂદ કર્યા છે ત્યારે ખેડૂતો યાદ નહોતા આવ્યા આજે જયારે સત્તાવિહિણા બન્યા છે ત્યારે ખડૂત ખેડૂતની માળા જપે છે પરંતુ ખેડૂતો હજી એ ભૂલ્યા નથી કે મગફળીની નોંધણીનો કાયદો એના સમયમાં હતો. ૧૫૦ મણથી વધારે મગફળી કોઇપણ ખેડૂતના ઘરમાં હોય, નોંધાવી ન હોય, ખેડૂત કંઇ વજન કરાવીને ઘરમાં મગફળી ન નાખે, ખેતરમાં પાકે અને ઘરમાં નાખે અને કોઇ ફરિયાદ કરે કે ગોવિંદભાઇ પટેલના ઘરમાં ૧૭૦ મગફળી છે તમારે ત્યાં નોધાવી નથી. નાયબ મામલતદર કક્ષાનો માણસ આવીને મગફળી સીઝ કરતા ખેડૂતને જેલમાં પૂરતા એ મિત્રો કદાચ ભૂલ્યા હશે પણ ખેડૂતો હજી ભૂલ્યા નથી. આ બધુ યાદ કરાવીએ અને ખડૂતોને યાદ આવે હજી એ ૨૦ વર્ષ સુધી આ પાટલીથી આ પાટલી ઉપર પહોંચવાના નથી. હું ધન્યવાદ આપીશ માનનીય મહેસૂલ મંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને કે જેઓએ શહેરી જમીન ટોચમર્યાદા નીચે ફાજલ થયેલી જમીન જે તે વખતના અધિકારીઓએ ફાજલ કરી હતી સરકારે નિહિત કરેલી છે. કેટલીક જમીન તો એવી છે કે જે ૬(૧)નું ફોર્મ ભર્યું અને ખેતી મુકિત માગી છે અને આજે પણ ખેતી કરે છે અને જે તે વખતના અધિકારીઓએ એ જમીનને પણ ટોચ મર્યાદામાં એક યુનિટ બે યુનિટ આપીને ટોચમર્યાદમાં જાહેર કરી એ ખેડૂતો આજે પણ કોર્ટના ધક્કા ખાય છે. જે લોકોએ આવી નિહિત જમીન ઉપર ગામડાંમાંથી રોજીરોટી માટે માણસ શહેરમાં આવ્યો અને શહેરમાં વસવાટ કરવા માટે જગ્યા નહોતી ટોચ મર્યાદાનો કાયદો જેમ માનનીય નરોત્તમભાઇએ વાત કરી કે જયા જગ્યા મળે ત્યાં મકાનો બનાવ્યા એમાં કેટલીક ટોચ મર્યાદામાં નિહિત થયેલ જમીનમાં પણ બનાવેલ છે. એ જમીનમાં કોઇ મામલતદાર બદલે, ડેપ્યુટી કલેકટર બદલે અને એની ઇચ્છા થાય ત્યાં બુલડોઝર લઇને જાય એટલે ફફડાટ થાય અને એના કારણે એ નાના મકનમાં રહેતો માણસ ફફડતો હતો કે મારું મકાન કયારે પડશે એની ખબર નહોતી એ ચિંતામાં હતો એ ચિંતાને દૂર કરવા માટેનો આ સંવેદનશીલ સરકારના સંવેદનશીલ મુખ્યમંત્રી અને માનનીય મહેસૂલ મંત્રીએ જે કાયદો લઇ આવીને આવા ટોચ મર્યાદાની જમીન ઉપર ઉભા થયેલા મકાનોને આરક્ષણ આપ્યું છે, કાયદેસરતા બક્ષવાનો પ્રયાસ કર્યો છે આવતા દિવસોમાં કાયદેસર થશે ત્યારે જમીન માલિક બનશે અને બેંકમાંથી લોન પણ લઇ શકશે. આ ટોચ મર્યાદાના કારણે મારા રાજકોટમાં લગભગ ૨૪૦ જેટલી સૂચિત સોસાયટી અમલમાં છે જે ખેતીની જમીનમાં ઉભી છે. આ ટોચ મર્યાદ કાયદાના પાપે મકાન બનેલા છે. ૩૦-૩૦ વર્ષથી લોકો વસે છે. ૩૫ વર્ષથી લોકો વસે છે અને એના નામના કોઇ અધિકાર નથી એના માલિક બની શકતા નથી કારણ કે જમીન બિન ખેતથી થઇ શકી નથી. ટોચ મર્યાદના કારણે એ જમીનને મંજૂરી મળી નથી. માનનીય મહેસૂલ મંત્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી આ દિશામાં પણ વિચાર કરી રહ્યા છે એવું મારા ધ્યાનમાં છે. હું આશા રાખીશ કે આ સૂચિત સોસાયટીઓ અંગે કોઇ સારો નિર્ણય થાય કે જેના કારણે સૂચિત સોસાયટીમાં વસતા લોકોને એનો અધિકાર મળે, કાયદેસરતા બક્ષે અને એના આશિર્વાદ આપણે લઇએ તેવી અપેક્ષા રાખું છું. માનનીય મંત્રીશ્રી જે દરખાસ્ત લઇને આવ્યા છે એને મારું સંપૂર્ણ સમર્થન આપું છું, ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (મહેસૂલ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા બિલને મારા ત્રણે સાથી ધારાસભ્યશ્રીઓ નરોત્તમભાઇ, સુરેશભાઇ અને ગોવિંદભાઇએ સમર્થન આપ્યું છે એટલે હું તેમનો આભાર માનું છું. ૩૦-૩૫ વર્ષથી માણસ પોતાના બાળકો સાથે રહેતો હોય અને નોટિસ મળે કે ૧૫ દિવસની અંદર તમે તમારું મકાન ખાલી કરો. નહીં કરો તો પોલીસ બંદોબસ્ત હેઠળ અમે ખાલી કરાવીશું. તેને ૧૫ દિવસ સુધી ઉંઘ ન આવે, તેને બુલ્ડોઝર દેખાય. એ કામ ધંધો ન કરી શકે. આવા ૭૦,૦૦૦થી વધારે રાજયના પરિવારો. મેં અગાઉના પ્રવચનમાં કહ્યું તેમ ૯૦ ટકા ૧૦૦ ચોરસમીટરથી અંદરના. એટલે આવા બધા જ પરિવારોને અમે રક્ષિત કર્યા છે. સુરક્ષિત કર્યા છે. હું ફરીવાર મારા ત્રણે સાથીઓનો આભાર માનું છું અને આ બિલને સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી કરું છું.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન-૨૦૧૭ના વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૧૭ના ગુજરાત (શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન)અધિનિયમ, ૧૯૭૬ હેઠળ રાજય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

કલમ-૨ થી ૧૭, કલમ-૧, દીર્ઘસંજ્ઞા, ઇનેક્ટિંગ ફોર્મ્યુલા અને પ્રસ્તાવના વિધેયકનો ભાગ બની.

## તા. ૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## ગુજરાત શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન કાયદેસર ઠરાવવા અને તેની ફાળવણી કરવા બાબત વિધેયક,૨૦૧૭

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૭ના ગુજરાત (શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન)અધિનિયમ, ૧૯૭૬ હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સન–૨૦૧૭ના વિધેયક ક્રમાંક–૯–સન ૨૦૧૭ના ગુજરાત (શહેરી જમીન ટોચ મર્યાદા અને નિયમન)અધિનિયમ, ૧૯૭૬ હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાને માન્ય ઠરાવવા (કાયદેસર ઠરાવવા) અને તેની ફાળવણી કરવા બાબત વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

સભાગૃહનું કામકાજ બપોરના ૧–૨૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ, ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ગુજરાત વિધાનસભા
તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭
ફાલ્ગુન ૮, ૧૯૩૮ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષશ્રી રમણલાલ વોરા અધ્યક્ષસ્થાને

તારાંકિત પ્રશ્નો

નર્મદા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવા બાબત

* ૨૭૧૯૮ શ્રી મોતીલાલ વસાવા (દેડિયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત નર્મદા જિલ્લાના કેટલા તાલુકાઓમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવેલ છે, | (૧) કુલ - ૨ (બે). |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત વિદ્યાલયમાં કુલ કેટલી કન્યાઓ અભ્યાસ કરે છે, અને | (૨) કુલ - ૧૯૫ કન્યાઓ અભ્યાસ કરે છે. |
| (૩) ઉક્ત કન્યાઓને મુખ્યત્વે કઈ સુવિધાઓ આપવામાં આવે છે ? | (૩) આ વિદ્યાલયમાં કન્યાઓને નિવાસી શાળા અભ્યાસક્રમ મુજબનું શિક્ષણ, પોષણયુક્ત આહાર, સ્ટેશનરી, બેડીંગ, સ્ટાઈપેન્ડ, પ્રિ-વોકેશનલ તાલીમ, રમતોની તેમજ જીવનકૌશલ્યલક્ષી તાલીમ જેવી સુવિધાઓ આપવામાં આવે છે. |

શ્રી મોતીલાલ પુ. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય કે જેમાં આપણી દીકરીઓ પ્રાથમિક શાળાનો અભ્યાસ કોઇ કારણસર અધવચ્ચેથી છોડીને જતી રહેતી હોય ત્યારે મારે સરકારને અભિનંદન એ રીતે આપવા છે કે એમને રાઇટ ટુ એજ્યુકેશનનો પૂરેપૂરો અધિકાર મળે એટલા માટે આપણે ગામડે ગામડેથી એમને શોધીને આ બાલિકા વિદ્યાલયમાં અભ્યાસ કરાવીએ છીએ. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ કે.જી.બી.વી. યોજનાની સફળતાના કારણે જે કન્યાઓ ભણે છે ત્યાં એમની કેવા પ્રકારની પ્રગતિ થઇ અને એ દીકરીઓ વિદ્યાલયમાંથી અભ્યાસ પૂરો કરીને બહાર આવે ત્યારે આગળ ભણવા માટેની આપણે કેવા પ્રકારની વ્યવસ્થાઓ પૂરી પાડીએ છીએ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કે.જી.બી.વી. એ એજ્યુકેશનનું એવું મોડેલ છે કે ભણવાની ઉમર હોય ત્યારે કોઇને કોઇ કારણસર ભણી શકાયું ન હોય અગર તો પ્રવેશ પણ ન લીધો હોય એવી બાળાઓની ભણવાની વ્યવસ્થા કરવાની છે. એમાં ૧૦ વર્ષની ઉમરથી ઉપરની કન્યા હોય એમાં એસ.ટી., એસ.સી., લઘુમતિ, બી.પી.એલ. પ્રકારની કન્યાઓનો સમાવેશ થાય છે. આવી કન્યાઓને શાળામાં પ્રવેશ લીધો હોય, કે.જી.બી.વી.માં પ્રવેશ લીધા પછી એ એનું ધોરણ ૮ સુધીનું શિક્ષણ કાર્ય પૂરું કરે ત્યાર પછી એને આગળનો અભ્યાસ કરવો હોય, ધોરણ ૮ પછીની અત્યારે જનરલ સ્ટ્રીમમાં સુવિધાઓ છે એ સુવિધાઓ પૂરી કરીને એવી ઘણી કન્યાઓ છે કે જે વિવિધ સમાજના વિવિધ ક્ષેત્રમાં સારી રીતે સેટલ થઇ અને કામગીરી કરી રહી છે. એમાં મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના માટેલ ગામની કે.જી.બી.વી.ની દીકરી મનીષા જેસાભાઇ ઘરજીયાએ ધોરણ-૧૨ સાયન્સ ૮૭.૭૦ ટકા સાથે પાસ કર્યું અને હાલ તે ગવર્નમેન્ટ ફિઝિયોથેરાપી કોલેજ જામનગર ખાતે ફિઝિયોથેરાપીના કોર્ષમાં પહેલા વર્ષમાં અભ્યાસ કરી રહી છે. બીજી પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાની કોલીવાડા કે.જી.બી.વી.ની દીકરી આશાબેન દેવરાજભાઇ ચૌધરી ભાભર ખાતે નર્સ તરીકે નોકરી કરે છે. એવી જ રીતે સુરત જિલ્લાની ઉમરપાડા તાલુકાની બીલવણની કે.જી.બી.વી.ની દીકરી નીલમ દશરથભાઇ રાઠવા હાલ ધોરણ-૯માં અભ્યાસ કરી રહી છે અને તે કરાટેમાં બ્લેક બેલ્ટ છે. એવી જ રીતે એવી ઘણી કન્યાઓ છે. (અંતરાય) હું વાત કરું છું. તમે પ્રશ્ન પૂછશો તો આખા ગુજરાતની માહિતી આપીશ. જે વિશેષ સિદ્ધિઓ વાળી કન્યાઓ છે એની માહિતી અત્યારે હું આપી રહ્યો છું. (અંતરાય) સભ્યશ્રીએ જ્યારે માહિતી માગી છે ત્યારે એ માહિતી આપવી એ મારી જવાબદારી છે. મારી પાસે જેટલી માહિતી હોય એ આપવાની મારી જવાબદારી છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયો નર્મદા જિલ્લામાં જે બે શરૂ કરવામાં આવી છે, એ ક્યારે ક્યારે શરૂ કરવામાં આવી અને એમાં કેન્દ્ર સરકારમાંથી કેટલો ફાળો લેવામાં આવે છે? કેટલી રકમ કયા કયા વર્ષમાં કેન્દ્ર સરકાર તરફથી મળી?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : નર્મદા જિલ્લાની અંદર જે શાળાઓ શરૂ કરવામાં આવી છે એ વર્ષ અંગે મારી પાસે વિગતો નથી પણ લગભગ ૮-૧૦ વર્ષ થયા છે. છતાં હું વર્ષની વિગતો આપીશ. પરંતુ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના ૬૦ : ૪૦ ના રેશિયાની જોગવાઇ હોય છે.

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## તારાંકિત પ્રશ્નો

શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવા માગુ છું કે, નર્મદા જિલ્લામાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય જે બે શાળા શરૂ કરવામાં આવી છે. આ બે શાળાઓમાં ૧૯૫ કન્યાઓ અભ્યાસ કરે છે ત્યારે મારે એ જાણવું છે કે, આની ભોજનની વ્યવસ્થા કોઇ ટેન્ડર મારફતે આપવામાં આવે છે કે કોઇ એજન્સી દ્વારા કરવામાં આવે છે કે સરકાર દ્વારા કરવામાં આવે છે? અને એક કન્યા પાછળ એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવે છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા સીધેસીધો ખર્ચ આપવામાં આવે છે અને કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું સંચાલન એ મેનેજમેન્ટ કમિટી દ્વારા કરવામાં આવે છે, એમાં વાલી પણ સભ્યો હોય છે અને મહિલા સભ્યો પણ હોય છે, કે.સી.આર.બી. જે હોય એના સભ્યો પણ હોય છે અને ત્રણ પ્રકારના જે મોડેલો છે એમાં ત્રણે-ત્રણ પ્રકારમાં કન્યા દીઠ વાર્ષિક ૨૬,૦૦૦/-જેટલો ખર્ચ કરવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે જે પ્રશ્ન પૂછ્યો હતો એમાં ડેડિયાપાડામાં ૨૦૦૪-૦૫માં શરૂ થઇ છે અને સાગબારામાં ૨૦૦૭-૦૮માં કે.જી.બી.વી. શરૂ થઇ છે.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગુ છું કે, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયનું નાણાકીય માળખું શું છે અને એમાં શું શું સુવિધાઓ આપવામાં આવે છે? નર્મદા જિલ્લામાં કાર્યરત કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની વિગતો શું છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કે.જી.બી.વી.નું નાણાકીય માળખું મેં જે હમણાં વાત કરી કે, એમાં ભારત સરકારના ૬૦ ટકા અને ગુજરાત સરકારના ૪૦ ટકાનું છે. કે.જી.બી.વી.માં કન્યાઓ માટે મફત શિક્ષણ, રહેવાની-જમવાની તથા વિવિધ કૌશલ્યો વિકસાવવાની તાલીમ આપવામાં આવે છે. અહીં રહેવા માટેનું પાકું મકાન જેમાં ડોરમેટરી, ક્લાસરૂમ, રસોડું, બાથરૂમ, શૌચાલય વગેરે જેવી સુવિધાઓ આપવામાં આવે છે અને એનું શૈક્ષણિક મહેકમ જે છે એમાં વોર્ડન કમ હેડ ટિચર, પુર્ણ સમયના વિષય શિક્ષકો ગણિત, વિજ્ઞાન, ભાષા, સમાજવિજ્ઞાન, અંગ્રેજી વગેરે, અંશકાલીન શિક્ષકોમાં સી.પી.એડ અને એ.ટી.ડી. કોમ્પ્યુટરના હિસાબનીશ હોય છે. બિનશૈક્ષણિક મહેકમમાં મુખ્ય રસોઇયા, મદદનીશ રસોઇયા, ચોકીદાર અને પટ્ટાવાળાઓ હોય છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, જે બે કે.જી.બી.વી. શરૂ કરવામાં આવી છે, તો આ બન્ને ભાડાના મકાનમાં ચાલે છે કે, રાજ્ય સરકારે મકાનો બનાવ્યા છે? એટલા માટે જાણવા માગુ છું કે, ૧૯૫ જ વિદ્યાર્થીઓ આમાં દાખલ થયા છે, એટલે વ્યવસ્થા પુરતી ન હોવાના કારણે આ સંખ્યા ઓછી છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બન્ને શાળાઓ પોતાના મકાનમાં જ ચાલે છે અને સો ટકા એ ૬૦-૪૦નો જે રેશિયા છે એ પ્રમાણે કરવામાં આવી છે એટલે એનું મોડેલ જ એવું છે, સો કન્યાઓનું, પચાસ કન્યાઓનું. એટલે ઓછી કન્યાઓ છે અને જેટલી કન્યાઓ મળી હોય એટલી જ કન્યાઓનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

### જુનાગઢ જિલ્લામાં નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની અરજીઓ

* ૨૭૯૮૪ શ્રી બાબુભાઇ વાજા (માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવી પ્રાથમિક શાળા શરૂ કરવાની કેટલી અરજીઓ મળી, | (૧) |
| (૨) ઉક્ત મળેલ અરજીઓ અન્વયે ઉક્ત જિલ્લામાં કેટલી નવી પ્રાથમિક શાળાઓ શરૂ કરવાની કાર્યવાહી કરવામાં આવી ? | (૨) |

(૧)

| વર્ષ | મળેલ અરજીઓ |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૪૧ |
| ૨૦૧૬-૧૭ | ૫૮ |

(૨)

| | |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૨ |
| ૨૦૧૬-૧૭ | ૪૧ |

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો જે પ્રશ્ન છે કે, જુનાગઢ જિલ્લામાં નવી શાળાઓ શરૂ કરવાની કેટલી અરજી મળી? તો એના જવાબમાં ૨૦૧૫-૧૬માં ૪૧ અને ૨૦૧૬-૧૭માં ૫૮ અરજીઓ મળી. હવે ૨૦૧૫-૧૬માં ૧૯ અરજીઓ અને ૨૦૧૬-૧૭માં ૧૭ અરજીઓ બાકી રહેલ છે, તો આને મંજૂરી નહીં આપવાના કારણો શું અને આ મંજૂરી આપવાની થાય તો ક્યારે આપવામાં આવશે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જે શાળાઓ નામંજૂર થઇ છે એના વિવિધ કારણો છે. જો સભ્યશ્રી કહેતા હોય તો બધાના હું કારણો આપું. દા.ત. યદુનંદન એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ મુ. વડાલ, તા. જી. જિલ્લો જુનાગઢ (અંતરાય) ટેબલ ઉપર મૂકું નહીં તો બધી વિગતો મારી પાસે છે, સભ્યશ્રી કહેતા હોય તો આપું. ટેબલ ઉપર મૂકી દઇશ. શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કેટલી સરકારી શાળા અને કેટલી પ્રાઇવેટ શાળાને મંજૂરી આપવામાં આવી? બીજું અમારો જિલ્લો ગીર તેમજ ગીરની બોર્ડર વચ્ચે આવેલ જિલ્લો છે. માલધારીઓ ગીરની વચ્ચે રહે છે. જંગલની બોર્ડર હોવાથી દીપડાઓ અને સિંહોનો ત્રાસ હોય છે. બાળકોને સ્કૂલે જવું હોય તો વાહનની વ્યવસ્થા નથી, તો આ વિસ્તારમાં સીમ શાળા શરૂ કરવા માગો છો કે કેમ?

## તારાંકિત પ્રશ્નો

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૫–૧૬ માં ૪૧ શાળાઓ અને ૨૦૧૬–૧૭ માં ૫૮ શાળાઓ છે. જે દરખાસ્તો આવી તે બધી ખાનગી શાળાઓની છે. જૂનાગઢ જિલ્લાઓમાં સરકારી શાળા શરૂ કરવા માટે કોઇ દરખાસ્ત આવી નથી. સામાન્ય રીતે જિલ્લા પંચાયતની પાસે દરખાસ્ત આવતી હોય છે. જો દરખાસ્ત આવશે તો ધોરણો સચવાતા હશે તો શાળા શરૂ કરવામાં આવશે.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે ખાનગી શાળાઓ માટે મંજૂરી માગવામાં આવી છે તે ગામની અંદર સરકારી સ્કૂલ છે કે કેમ? બીજું સરકારી સ્કૂલ છે તો પછી એ જ ગામની અંદર ખનગી સ્કૂલ આપવાની જરૂર કેમ ઊભી થઇ? અને સરકાર ત્યાં ખાનગી સ્કૂલ આપીને સરકારી સ્કૂલ બંધ કરવા માગે છે કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : ના જી.

પ્રો હીરાભાઇ હ. પટેલ : મેં પ્રશ્ન પૂછ્યો કે મંજૂરી શા માટે આપવામાં આવી? જો સરકારી સ્કૂલ છે તો મંજૂરી આપી અને સરકારી સ્કૂલ બંધ થાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થવાની આવશ્યકતા કેમ ઊભી થઇ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર એના નીતિ નિયમો પ્રમાણે કાર્ય કરતી હોય છે. ખાનગી શાળાની દરખાસ્ત આવી અને રાજ્ય સરકારના જે ધોરણો હોય તે ધોરણો સંતોષાતા હોય તો ખાનગી શાળાને મંજૂરી આપવામાં આવે છે અને ધોરણો પ્રમાણે મંજૂરી આપવામાં આવી છે.

શ્રી પૂંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ઘણાં વર્ષોથી રાજ્ય સરકાર બધા વિભાગોની અંદર ખાનગીકરણ કરતી જાય છે. ખાનગી સ્કૂલોને મંજૂરી આપવાથી સરકારી પ્રાથમિક શાળાની અંદર વિદ્યાર્થીઓની સંખ્યા દિન–પ્રતિદિન ઘટતી જાય છે. અને તેના કારણે જે ગરીબ લોકો, પછાત લોકોના બાળકોને સરકારી શાળામાં ભૂતકાળમાં શિક્ષણ મળતું હતું તે મળી શકતું નથી. તમારી નીતિના કારણે ગરીબ માણસોના બાળકો સારી રીતે ભણી શકતા નથી. ખાનગી સ્કૂલોમાં ડોનેશન લેવામાં આવે છે. પૈસા લે છે.(અંતરાય) સાંભળો, સાંભળો અત્યારે ખબર નહિ પડે. કારણ કે ગરીબ લોકોના ઘરે જાવ તો ગરીબ બાળકોની માનસિકતાની સ્થિતિની ખબર પડે. તમને અત્યારે ખ્યાલ નહિ આવે. એટલે સરકારે ખાનગી રાહે દિન–પ્રતિદિન મંજૂરી આપવાની જે નીતિ કરી છે એ નીતિઓને બ્રેક મારીને તમે સરકારી સ્કૂલોને વધુ પ્રોત્સાહન આપીને સારી કન્ડિશનમાં લઇ આવી અને ગરીબ બાળકોને શિક્ષણ મળી શકે તે પ્રકારની વ્યવસ્થા શરૂ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : માનનીય પુજાભાઇ, ગુજરાતમાં ૧૮,૦૦૦ ગામડાંઓ છે. સરકારી શાળા ૩૩,૦૦૦ છે જે જાણ સારું.(અંતરાય) ઓફિશિયલી આંકડા બોલું છું. તમારી ખાલી ક્વેરી સોલ થાય એટલા માટે. તમને કાઉન્ટર નથી કરતો. શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ચિંતા વ્યકત કરી તેના કરતાં અનેકગણી વધારે ચિંતા આ રાજય સરકાર કરી રહી છે. સરકારી પ્રાથમિક શાળાઓમાં દિન પ્રતિદિન એજ્યુકેશનની કવોલિટી સુધરે, તેનું ઇન્ફ્રાસ્ટ્રકચર વધારે સારું થાય તે માટે સરકાર માત્ર પ્રયત્ન જ કરે છે તેવું નહીં પણ તેના પરિણામ પણ લાવી છે. સરકારી શાળામાં અપાતું શિક્ષણ વધારે કવોલિટીવાળું બને તે માટે સરકાર કાર્ય કરી રહી છે. પરંતુ કોના બાળકને શેમાં પ્રવેશ આપવો તેમાં વાલીની સ્વતંત્રતા છે અને તે સ્વતંત્રતા આ સરકાર છિનવવા માગતી નથી.

### ડાંગ જિલ્લામાં પંચાયત અધિકારીઓની ખાલી જગ્યાઓ

* ૨૭૯૯૭ શ્રી મંગળભાઈ ગાવિત (ડાંગ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ડાંગ જિલ્લામાં પંચાયત (વર્ગ–૧) અધિકારીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરાશે ?

**જવાબ**

(૧) ડાંગ જિલ્લામાં પંચાયત (વર્ગ–૧) અધિકારીઓની ૩ (ત્રણ) જગ્યાઓ ખાલી છે. જે નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ક્યારથી ખાલી છે. |
|---|---|---|
| ૧ | અધિક જિલ્લા આરોગ્ય અધિકારી | ૦૭–૦૯–૨૦૧૫ |
| ૨ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | ૩૦–૦૬–૨૦૧૬ |
| ૩ | કાર્યપાલક ઈજનેર (સિંચાઈ) | ૩૧–૦૭–૨૦૧૫ |

(૨) વહીવટી અનુકુળતાએ બનતી ત્વરાએ.

શ્રી મંગળભાઇ ગં. ગાવિત : માનનીય અધ્યક્ષશ્રી, માનવ ઉત્થાનમાં બે મહત્વના પાસાં છે. એક આરોગ્ય અને બીજું શિક્ષણ. મારી જાણ મુજબ સરકારનો નિયમ છે કે આરોગ્ય અને શિક્ષણની ભરતી અને બઢતીમાં કાપ મૂકવામાં આવતો નથી. તેને અનુલક્ષીને જોઇએ તો મારો પ્રશ્ન છે તેમાં આરોગ્ય અધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તે બે જગ્યાઓ છેલ્લા બે વર્ષથી ખાલી છે. તો માનવ ઉદ્ધાર અને માનવ કલ્યાણનું કામ આ સરકાર કરવા ઇચ્છતી હોય તો આવી મહત્વની જગ્યાના અધિકારીઓની જગ્યા કેમ ખાલી છે? તેમણે જવાબમાં આપ્યું છે કે વહીવટી અનુકુળતાએ ખાલી જગ્યાઓ પૂરીશું. હજુ પાંચ વર્ષ વીતી જશે તો પણ આ જગ્યાઓ આમને આમ ખાલી રાખવામાં આવશે કે જલદી ભરવામાં આવશે તે જાણવું છે.

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭
## તારાંકિત પ્રશ્નો

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ એવો વિષય મૂકયો છે કે જગ્યા ભરવામાં કાપ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી કોઇ જગ્યા ભરવામાં કાપ મૂકયો જ નથી. ભૂતકાળની અંદર કાપ હતો. જે રીતે એમ કહ્યું કે આ જગ્યાઓ છે તેમાં કલાસ–૧ની સાત જગ્યાઓ છે તેમાંથી ચાર જગ્યાઓ ભરાયેલી છે. આરોગ્ય અધિકારી તરીકે કાયદેસર જવાબદાર અધિકાર છે પણ તેઓ બે ભાગની અંદર જવાબદારી સંભાળે છે. શિક્ષણાધિકારી તરીકેનો ચાર્જ આજે પણ આપેલો છે. બાકીની ત્રણ જગ્યાઓ ખાલી છે તે જગ્યાઓ ભરવા માટેના પ્રયત્નો કરવામાં આવશે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે ડાંગ જિલ્લા પંચાયતની અંદર વર્ગ–૧ થી વર્ગ–૪ સુધીનું જે મહેકમ સરકારે મંજૂર કર્યુ હશે તો તેમાં જાણવું છે કે વર્ગ–૧ની કેટલી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે અને તે કઇ કઇ જગ્યાઓ છે?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ–૧ની જગ્યામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી, હિસાબનીશ અધિકારી, કાર્યપાલક ઇજનેર માર્ગ અને મકાન વિભાગ, જિલ્લા આર.સી.એચ. અધિકારી, જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને નાયબ કાર્યપાલક ઇજનેર (સિંચાઇ) આ સાત જગ્યાઓ મંજૂર થયેલી છે. તે સાત જગ્યાઓમાંથી ચાર જગ્યાઓ ભરાયેલી છે.

### જોડીયા અને જામનગર તાલુકામાં રમત–ગમતના મેદાનોની સુવિધા વગરની પ્રાથમિક શાળાઓ

* ૨૬૭૬૫ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : તા. ૪–૩–૨૦૧૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૨૯૧૭ (અગ્રતા–૧૨૫)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જોડિયા તાલુકામાં ૬ અને જામનગર તાલુકામાં ૩૩ પ્રાથમિક શાળાઓ રમતગમતના મેદાનની પ્રાથમિક સુવિધા ન હોવા છતાં કાર્યરત છે તે હકિકત સાચી છે, અને | (૧) હા જી. |
| (૨) જો હા, તો રમતગમતના મેદાનની પ્રાથમિક સુવિધા વિના કોઈપણ શાળાને મંજૂરી આપી શકાતી નથી તેવી સ્પષ્ટ કાનુની જોગવાઈ હોવા છતાં ઉપરોક્ત બંને તાલુકાની કુલ મળીને ૩૯ જેટલી પ્રાથમિક શાળાને મંજૂરી આપવાના શા કારણો છે ? | (૨) સ્થાનિક ગ્રામજનોની માંગણી અને શિક્ષણની જરૂરિયાતના લીધે. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જણાવ્યું છે કે જોડિયા તાલુકામાં ૬ અને જામનગર તાલુકામાં ૩૩ એમ કુલ ૩૯ જેટલી પ્રાથમિક શાળાઓને રમત ગમતના મેદાન વગર મંજૂરી આપવામાં આવી છે. રમત ગમત ક્ષેત્રે આપણો દેશ અને આપણું રાજ્ય પછાત છે. એટલા માટે આપણા ભાવિ નાગરિકોને પ્રાથમિક શિક્ષણથી રમત ગમતની સગવડતા મળી રહે, નોલેજ મળે, રમી શકે અને રમત ગમત ક્ષેત્રે પ્રવિણ થાય એટલા માટે દરેક સરકારોએ પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક ગમે તે શૈક્ષણિક સંસ્થા થતી હોય ત્યાં રમત ગમતની જોગવાઇ ફરજિયાત બનાવે. એકબાજુ આપણે જોગવાઇ ફરજિયાત બનાવીએ છીએ. બીજી બાજુ આપણે રમત ગમતના મેદાન વગર મંજૂરી આપી દઇએ છીએ. મને તો સમજાતું નથી. કારણ કે શિક્ષણ સાથે હું સંકળાયેલો છું. પ્રાથમિક શિક્ષણ હોય, માધ્યમિક શિક્ષણ હોય કે ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ હોય, દરેક ક્ષેત્ર સાથે હું સંકળાયેલો છું અને જાણું છું થોડું એટલા માટે હું કહેવા માગુ છું કે, આ કલમનો આપણે સખ્તાઇથી પૂરેપૂરો અમલ કરવો જોઇએ, રમત ગમતનું મેદાન ફરજિયાત હોવું જોઇએ. આપણા નિયમમાં જોગવાઇ છે પણ એનો અમલ નથી થતો કારણ માત્રને માત્ર ભ્રષ્ટાચાર, પૈસા લઇ અને રમત ગમતના મેદાન વગરની શાળાઓને મંજૂરીઓ આપવામાં આવે છે અને એટલા માટે માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગુ છું કે, આ જે ૩૯ જેટલી પ્રાથમિક શાળાઓને તમે મંજૂરી આપી દીધી છે એ સ્કૂલો અત્યારે ચાલુ છું અને લોકોની માગણી પણ હશે એની સામે મને કોઇ વાંધો નથી પણ એ લોકો રમત ગમતનું મુદાન કેટલા સમયમાં ઉપલબ્ધ કરી શકશે? અને ન કરે તો સરકાર એની સામે શું પગલાં લેવા માગે છે? એટલા માટે કે આપણે ખેલ મહાકુંભ કે બીજી બધી બાબતોમાં કરોડો રૂપિયાના ખર્ચા કરીએ છીએ અને એનો હેતુ માત્ર એટલો જ છે કે, આપણા બાળકો રમત ગમત ક્ષેત્રે આગળ વધે એક બાજુ આપણે આ કરીએ છીએ અને બીજી બાજુ આમાં આપણે આંખ આડા કાન કરીએ છીએ ત્યારે સરકાર શું કરવા માગે છે એ હું જાણવા માગુ છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે ચિંતા વ્યક્ત કરી એ પ્રથમ દ્રષ્ટિએ ચિંતા વાજબી છે. દરેક શાળાઓની અંદર રમત ગમતનું મેદાન હોવું જોઇએ આ આપણા નિયમોની અંદર જોગવાઇ છે. જે ૩૯ શાળાઓ છે એમાં જે નિયમો છે એમાં થોડી નિયમોની અંદર છૂટછાટ આપવામાં આવેલી છે એ ધ બોમ્બે પ્રાયમરી એજ્યુકેશન રૂલ્સ ૧૯૪૯ મુજબ આપવામાં આવી છે. ૧૯૪૯માં આ રૂલ્સ બન્યા ત્યારે સત્તા ઉપર અમે ન હતા અને એમાં જે રૂલ્સ બન્યા એમાં દરેક મંજૂર કરેલી ખાનગી પ્રાથમિક શાળાએ વ્યવહાર કાર્ય હોય ત્યાં સુધી શાળાથી વાજબી અંતરની અંદરે દરેક ૨૫૦ વિદ્યાર્થીઓ માટે એક એકર જેટલી જમીન હોય તેવા રમતના મેદાન માટે જોગવાઇ કરવી જોઇએ, આવી જોગવાઇ કરી છે. પરંતું, આ ૧૯૪૯ના શબ્દો હું વાંચું છું. પરંતુ ખાનગી પ્રાથમિક શાળાને મંજૂરી આપતા સત્તાધિકારી કેસના ખાસ સંજોગોમાં આ પરિચ્છેદ

હેઠળની જરૂરિયાતમાં છૂટછાટ મૂકી શકશે. સભ્યશ્રીએ બીજી ચિંતા એ વ્યક્ત કરી કે, મેદાન વગરની ૩૯ શાળાઓ છે એમાં કેટલો ભ્રષ્ટાચાર કરીને મંજૂરી આપવામાં આવી? મારે આ સભાગૃહને જણાવવાનું છે કે, આ ૩૯ શાળાઓમાં ૧૯૯૩ પછી ૭ શાળાઓને મંજૂરી આપવામાં આવી છે, ૧૯૯૩ પહેલા ૩૨ શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. ૧૯૯૩ પહેલા અમે સત્તા ઉપર ન હતા એટલે એ ૩૨ શાળાઓમાં કેટલો ભ્રષ્ટાચાર થયો હશે અને સ્વભાવિક વાત છે કે એ વખતે રીતસર દુકાનો જ ચાલતી હતી એટલે હું એનો જવાબ નહીં આપી શકું પણ અમારા સમયની અંદર કોઇ ભ્રષ્ટાચારની સભ્ય પાસે ફરિયાદ હોય અને જો અમને એ ફરિયાદ કે રજૂઆત કરશે તો ચોક્કસથી અમે પગલાં ભરીશું.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, રાજય સરકાર ખેલ મહકૂંભના નામે કરોડો રૂપિયના ખર્ચા કરીને •(×××) ત્યારે મારે એ જાણવું છે કે, અહીંયા જે પ્રાથમિક શાળાઓને મેદાનની જગ્યા નથી એવી જગ્યાએ પણ શાળાઓને મંજૂરી આપે છે ત્યારે હું એ જાણવા માગુ છું કે, રાજય સરકારે જે હાલ પ્રાથમિક શાળાઓમાં રમત ગમતના મેદાનો હોય, બધી જ સુવિધા હોય એવી જગ્યાએ સી.પી.એડ. શિક્ષકોની ભરતી કરવામાં આવતી નથી ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અત્યારે હાલ સી.પી.એડ.ની કોલેજો પણ ઘણી ચાલુ છે ત્યારે આવી શાળાઓમાં સી.પી.એડ.ના શિક્ષકો ભરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : પ્લીઝ, સોરી, આમાંથી આ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી...પ્રશ્ન ક્રમાંકઃ૫

વલસાડ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોને નિયમિત પગાર

* ૨૭૧૯૨ શ્રી રમણલાલ પાટકર (ઉમરગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા વિદ્યાસહાયકોને નિયમિત પગાર ધોરણમાં સમાવી લેવાયા? | ૩૦૨. |

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન શિક્ષણને લગતો છે અને શિક્ષણથી સમાજ ક્વોલીફાય બને છે અને તે સાચું પરિણામ પણ આપે છે એટલા માટે મહારાષ્ટ્રમાં તાજેતરમાં થયેલી ચૂંટણીના પરિણામોમાં ભા.જ.પ.નો ભગવો લહેરાયો છે એટલા માટે અભિનંદન આપું છું. ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તા પર આવ્યા પછી શિક્ષણની અંદર ખૂબ જ મહત્વની કાયાપલટ કરવામાં આવી છે અને જ્યાં જ્યાં પણ શિક્ષકો ઘટતા હતા એમાં વિદ્યા સહાયકની યોજના ૧૯૯૭–૯૮થી મૂકી અને અત્યાર સુધી ઘણા બધા શિક્ષકો લેવામાં આવ્યા છે. મારો પ્રશ્ન એ છે કે વલસાડ જિલ્લાની અંદર છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદ્યા સહાયકોને નિયમિત કરવામાં આવ્યા છે અને તેઓને હાલ કેટલું પગારધોરણ આપવામાં આવે છે અને ૨૦૦૬થી આ લોકોને નિયમિત કરવામાં આવ્યા છે, આ ભરતી યોજના ૧૯૯૭–૯૮થી ચાલતી હતી, તો અગાઉના શિક્ષકોની પરિસ્થિતિ શું છે એ પણ હું સરકારશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લાની અંદર છેલ્લાં બે વરસમાં ૩૦૫ વિદ્યા સહાયકોને પૂરા પગારમાં નિયમિત કરવાના થતા હતા તેમાંથી ૩૦૨ વિદ્યા સહાયકોને પૂરા પગારમાં નિયમિત કરવામાં આવ્યા છે અને બાકી રહેલ ૩ વિદ્યા સહાયકોએ વિદ્યા સહાયક તરીકેની નોકરીના સમયગાળા દરમિયાન કપાતપગારી રજાઓ ભોગવેલી હોવાના કારણે પૂરા પગારમાં તેઓને નિયમિત કરેલ નથી.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પુછવા માગું છું. એક ઐતિહાસિક નિર્ણય માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં લેવામાં આવ્યો છે અને એક લાખ અઢાર હજાર કર્મચારીઓને તેમના પગારમાં ૬૫ થી ૧૨૪ ટકા જેટલો પગાર વધારો આપવામાં આવ્યો છે. વિદ્યા સહાયકોની ભરતી પણ છ દિવસથી ચાલી રહી છે એને માટે પણ અભિનંદન છે. મારો પ્રશ્ન એ છે કે, આવા સુંદર કાર્યો જ્યારે થઇ રહ્યા છે ત્યારે વિદ્યા સહાયકોને પૂરા પગારમાં સમાવવા માટેના નવા નિયમો પણ બન્યા છે અને જુના નિયમો પણ છે તો એ માટેના નિયમો શું છે તે મારે જાણવું છે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : વિદ્યા સહાયકોને પૂરા પગારમાં સમાવવા માટે નિયમો એકદમ સરળ છે. આ વિદ્યા સહાયક એની વિદ્યા સહાયક તરીકેની નોકરીના પાંચ વરસ પૂર્ણ કરે એટલે તેઓને નિયમિત પગારમાં સમાવવામાં આવે છે. પરંતુ આ વિદ્યા સહાયકની નોકરીના સમયગાળા દરમિયાન બિન પગારી રજા ભોગવવામાં આવેલ હોય તો તેટલી રજાનો સમયગાળો વિદ્યા સહાયક તરીકેની નોકરીમાંથી બાદ કર્યા પછી પાંચ વરસ પૂર્ણ કર્યેથી પૂરા પગારમાં સમાવવામાં આવે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વહીવટીતંત્રના હાથપગ આ કર્મચારીઓ છે. બંધારણીય સિદ્ધાંત છે ઇક્વલ વર્ક ઇક્વલ પે એટલે કે સમાન કામ સમાન વેતન, નામદાર હાઇકોર્ટે વિદ્યા સહાયકોની બાબતમાં ફિક્સ પગારના કર્મચારીઓમાં આ જજમેન્ટ આપ્યું, એના સંદર્ભમાં મારો પ્રશ્ન એ છે કે, જેનો પૂર્ણતઃ અમલ કરવા માટે, સુપ્રિમ કોર્ટમાં ઘણા સમયથી મેટર વિલંબીત છે એ પાછી ખેંચીને ઇક્વલ વર્ક, ઇક્વલ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પે, એ લાગુ કરવા માગો છો કે કેમ? મારો બીજો પેટા પ્રશ્ન એ છે કે આજે તંત્રમાં આપ કદાચ કહેશો કે બાલગુરુ શંકરસિંહજીએ શરૂ કર્યું તો એને અને આને કોઇ લાગુ પડતું નથી અને તો પછી બાપુએ ઘણું સારું કર્યું હતુ ટનાટન તો પછી એ રીતે કરવુ હતુંને ? એટલા માટે હું કહેવા માગુ છું કે, એ યોજના તે ફિકસ પગારની નહોતી એ ખોટી રીતે જયારે આ સરકાર વાત કરે છે ત્યારે હું એ પૂછવા માગુ છું કે, આજે આપે સમગ્ર રાજયમાં અસંતોષના કારણે અહીંયા પહોંચતા પણ કિલ્લેબંધીમાંથી આંગણવાડી કાર્યકર બહેનોએ પસાર થવુ પડયું ફિકસ પગારના કર્મચારીઓ ચારેબાજુ તેની અટકાયત કરીને બેરહેમીથી લોકશાહીમાં..

અધ્યક્ષશ્રી : મૂળ પ્રશ્ન ઉપર આવો પ્લીઝ...

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : આ વચ્ચે બોલ્યા એટલે પણ મારી વાત એટલી જ છે કે, ઇકવલ વર્ક ઇકવલ પે, સમાન કામ સમાન વેતન એનો અમલ સરકાર કરીને ફિકસ પગારના બદલે પૂરતો પગાર કયારથી આપવા માગે છે ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે પૂછવું હતું એ એમણે જ ઉલ્લેખ કરી નાંખ્યો કે તમે બાલગુરૂમાં જે કરતા હતા તો એ વખતે આ શીખામણ કયાં ગઇ હતી મારે એ પૂછવું છે. રાજય સરકાર નિયમાનુસાર કામ કરી રહી છે નામદાર હાઇકોર્ટમાં, નામદાર સુપ્રીમ કોર્ટમાં બધી જગ્યાએ અમારી રજૂઆતને માન્ય રાખી છે અને એ ધારા–ધોરણ મુજબ ઓન ધ કોન્ટ્રારી ભૂતકાળમાં જેટલી જગ્યાઓ ૧૯૯૮ પહેલાં રેકોર્ડ જોઇએ તો સવા–દોઢ લાખ જગ્યાઓ શિક્ષકોમાં ખાલી હતી તે અમે ભરી છે. અને આજે આજના દિવસે પણ હું જયારે બોલી રહ્યો છું ત્યારે પણ ભરતીની પ્રક્રિયા ચાલુ છે.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, મેં એ વખતે ભરતી કરી હોય અને આપને તકલીફ હોય તો માફ કરજો પણ કમ સે કમ શિક્ષકોને તો આપ જે ન્યાય આપવાનો હોય ૧૯૯૮ થી ૨૦૦૬ સુધી તે ન્યાય આપજો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, મારે તકલીફ નથી પાડોશીને તકલીફ છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, અને બાપુએ જે સારું કર્યુ હતું બાલગુરૂને તમે ફિકસ પગાર સાથે જોડી શકો નહીં..

અધ્યક્ષશ્રી : આમાં શકિતસિંહજી વિષય એટલો હતો કે આ બધા જાણતાં નહોતાં પણ તમે ઉભું કર્યુ એટલે જાણ્યું.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, નીતિનભાઇ જયારે જયારે ફિકસ પગારની વાત આવે ત્યારે બાલગુરૂ સાથે જોડે છે પણ તેને લેવાદેવા જ નથી આખી અલગ કેડર, અલગ વ્યવસ્થા હતી ફિકસ પગારની જે પરિસ્થિતિ પેદા થઇ તે આ સરકારે જ કરી છે તેમાંથી છટકવા માટે બાલગુરૂની દિવાલ કરે છે એટલે સ્પષ્ટતા કરી.

## દાહોદ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા

* ૨૭૨૧૮ શ્રી વિછીંયાભાઈ ભુરીયા (લીમખેડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં વર્ષ ૨૦૧૬ દરમ્યાન કેટલાં ગરીબ કલ્યાણ મેળા યોજાયા, અને | (૧) ૪ (ચાર). |
| (૨) તેમાં કેટલાં લાભાર્થીઓને કેટલી સહાય ચૂકવાઇ ? | (૨) કુલ લાભાર્થીઓ : ૨૪૨૦૫<br>કુલ ચૂકવેલ સહાય : રૂ. ૩૦૨૮.૨૯ લાખ. |

શ્રી વિંછિયાભાઈ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લાની અંદર ૨૦૧૬ના વર્ષમાં પ્રાંતવાર ગરીબ કલ્યાણ મેળા કેટલાં યોજાયા ? તેમાં કેટલાં લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી ? અને તેમાં કયા કયા પ્રકારના આ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી તે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે.

શ્રી જયંતિભાઇ રા. કવાડીયા : માનનીય અધ્કયક્ષશ્રી, દાહોદ જિલ્લાની અંદર ૨૦૧૬ની અંદર ચાર ગરીબ કલ્યાણ મેળા કરવામાં આવ્યાં ચારે ચાર પ્રાંતોની અંદર કરવામાં આવ્યા. લીમખેડા પ્રાંત છે તેમાં ૮૦૫૫ લાભાર્થીઓને ૧૦ કરોડ ૩૨ લાખ અને ૧૯ હજારની સહાય ચૂકવવામાં આવી છે. ઝાલોદ પ્રાંત નીચે ૬૬૬૦ લાભાર્થીઓને ૬ કરોડ ૯૫ લાખ ૧૫ હજારની સહાય ચૂકવવામાં આવી છે. દાહોદ પ્રાંત નીચે ૬૮૭૭ લાભાર્થીઓને ૮ કરોડ ૮૫ લાખ ૧૨ હજાર ચૂકવવામાં આવ્યા છે. દેવગઢ બારીયા પ્રાંતની અંદર ૨૬૧૩ લાભાર્થીઓને ૪ કરોડ ૧૫ લાખ ૮૩ હજાર ચૂકવવામાં આવ્યાં છે. ચારેય પ્રાંતના થઇને ૨૪૨૦૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૩૦ કરોડ ૨૮ લાખ ૨૯ હજાર ચૂકવવામાં આવ્યાં છે.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ તાલુકામાં વર્ષ – ૨૦૧૬ દરમિયાન કેટલા ગરીબ કલ્યાણ મેળા યોજવામાં આવ્યા? એ અન્વયે ઇન્દિરા આવાસ અને સરદાર આવાસ –૨ના કેટલા લાભાર્થીઓને સહાય અને કેટલી રકમ ચૂકવવામાં આવી અને આ ગરીબ કલ્યાણ મેળાનો વહીવટી ખર્ચ કયા હેડે ફાળવવામાં આવે છે.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી જે પૂછી રહ્યા છે એના જવાબમાં ચાર ગરીબ કલ્યાણ મેળા કરવામાં આવ્યા. માનનીય સભ્યશ્રી જે પૂછી રહ્યા છે કે, સહાયનો ખર્ચ ક્યા હેડે પાડવામાં આવે છે? તો એના જવાબમાં ગરીબ કલ્યાણ મેળાની અંદર ૧૫ વિભાગ જોડાયેલ છે અને આ ૧૫ વિભાગમાંથી આની સહાય ચૂકવવામાં આવે છે. એની અંદર આવાસની સહાય ગ્રામ વિકાસના હેડે ચૂકવવામાં આવે છે અને સરદાર આવાસની સહાય પંચાયત હેડે ચૂકવવામાં આવે છે. સાયકલની સહાય સામાજ કલ્યાણની અંદર ચૂકવવામાં આવે છે. કૃષિ કીટની સહાય કૃષિ વિભાગના માધ્યમથી ચૂકવવામાં આવે છે.

ફાલ્ગુન ૮, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, દાહોદ જિલ્લામાં ૨૦૧૬માં યોજવામાં આવેલ ગરીબ કલ્યાણ મેળામાં તાલુકાવાર કેટલા એસ.સી. અને એસ.ટી. લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ તમામ જિલ્લાની અંદર બધા તાલુકામાં કુલ ૫૮૯ એસ.સી. લાભાર્થીઓને ૫૭,૧૦,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે. એસ.ટી. લાભાર્થીઓ ૧૮,૨૭૯ને ૨૧,૮૪,૬૬,૦૦૦ની સહાય ચૂકવવામાં આવી છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માદ્યમથી હું જાણવા માગું છું કે, ગરીબ કલ્યાણ મેળામાં વિભાગવાર કેટલા લાભાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવી.

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અન્ય અને નાગરીક પુરવઠાની અંદર ચાર લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. આદિજાતિ વિકાસ વિભાગ નીચે ૧૦૩૮ લોકોને, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ નીચે ૨૧૪૧ લોકોને, ઉદ્યોગ અને ખાણ વિભાગમાં ૩૦૩૩ લોકોને, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ નીચે ૪૭૫ લોકોને, કૃષિ અને સહકાર વિભાગ નીચે ૯૭૧ લોકોને, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ નીચે ૧૫,૬૫૫ લોકોને, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ નીચે ૯૬ લોકોને, મત્સ્યોદ્યોગ વિભાગ નીચે ૫૦ લોકોને, મહેસૂલ વિભાગ નીચે ૩ લોકોને, લીડ બેંક નીચે ૪૬ લોકોને, વન અને પર્યાવરણ વિભાગ નીચે ૨૩૯ લોકોને, શ્રમ અને રોજગાર વિભાગ નીચે ૧ વ્યકિતને, મહિલા અને બાળ વિકાસ વિભાગ નીચે ૫૦ લોકોને, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ નીચે ૪૩૩ લોકોને આમ, કુલ ૨૪,૨૦૫ લોકોને સહાય ચૂકવવામાં આવી છે.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કુલ લાભાર્થીઓ ૨૪૨૦૫ હતા એ રકમ મારા ધાનપુરા અને ગરબાડા મત વિસ્તારમાં કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો અને આ લાભાર્થીઓને ઘરેથી મેળાના સ્થળ સુધી લાવવા, લઇ જવા માટે કેટલી એસ.ટી. બસો/સરકારી વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો અને એનો વહીવટી ખર્ચ કેટલો કરવામાં આવ્યો?

શ્રી જયંતિભાઇ રા.કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી ગરબાડા તાલુકાની અંદર ૩૪૦૦ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી છે. જેની રકમ ૩,૪૯,૦૦,૦૦૦ રૂપિયા છે. માનનીય સભ્યશ્રીનો બીજો પ્રશ્ન છે કે, એક નીતિ નક્કી છે કે, એસ.ટી. વિભાગમાંથી એક ગરીબ કલ્યાણ મેળા દીઠ ૫૦ બસો કામ કરે છે પણ એનો ખર્ચ આખા રાજ્ય વાઇઝ હજુ ઉઘારાયો નથી. બાકીના ગરીબ કલ્યાણ મેળાની અંદર આવતા લાભાર્થીઓને ફૂડ પેકેટ આપવાનો ખર્ચ હોય કે મંડપનો ખર્ચ હોય એ મેળાની અંદર ૩,૯૯,૦૦૦ હજારનો એટલે કે ૪,૦૦,૦૦૦/– રાજ્ય સરકાર આપે છે એમાંથી આ ખર્ચ કરવામાં આવે છે.

પાનમ–હડફ કબુતરી અદલવાડા સિંચાઈ ડેમના અસરગ્રસ્ત કુટુંબોને જમીનની સનદો આપવા બાબત

* ૨૭૦૭૮ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પાનમ–હડફ કબુતરી અદલવાડા સિંચાઈ ડેમના અંદાજે ૮૦૦ જેટલા અસરગ્રસ્તો કુટુંબોને જમીનની સનદો મળી નથી તે હકિકત સાચી છે, | (૧) અંશતઃ સાચી છે.<br>પાનમ ડેમના અસરગ્રસ્તોને જમીનની સનદોની ફાળવણી કરેલ છે. જ્યારે હડફ, કબુતરી, અદલવાડા સિંચાઈ યોજનાને લગતા ડેમના ૪૭૯ અસરગ્રસ્તોને જમીનની સનદ આપેલ નથી. |
| (૨) જો હા તો આ જમીનની સનદ સત્વરે મળે તે માટે સરકારે શા પગલાં લીધા, અને | (૨) હડફ, કબુતરી, અદલવાડા સિંચાઈ યોજનાના અસરગ્રસ્તોને જમીન જમીન ફાળવણીના હુકમો કરેલ, પરંતુ વન સંરક્ષક ધારો અમલમાં આવતાં ફાળવણીના હુકમો રદ થતાં સરકારમાંથી કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગ, નવી દિલ્હીને મંજુરી માટે દરખાસ્ત મોકલવામાં આવેલ છે. |
| (૩) આ જમીનની સનદો કેટલા સમયમાં આપવામાં આવશે ? | (૩) કેન્દ્ર સરકારના વન અને પર્યાવરણ વિભાગ, નવી દિલ્હીની મંજુરી મળ્યેથી. |

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી મને આ પ્રશ્ન માટે થોડો સમય વધારે આપવામાં આવે. કારણ કે, અગાઉના પ્રશ્નો માટે ૧૦–૧૨ મીનીટ આપી હતી. મારે દુ:ખ સાથે કહેવું છે કે, આ ભાજપની સરકાર સૌનો સાથ સૌનો વિકાસની વાતો કરે છે. ૧૯૯૫થી હું આ પ્રશ્ન પૂછતો આવું છું. આજે મારે દુઃખ સાથે કહેવું પડશે કે, જેમાં સિંચાઇ, વન અને મહેસૂલ આ ત્રણ વિભાગો વચ્ચે સંકલન નહીં હોવાના કારણે છેલ્લા બાવીસ વર્ષથી, હું લગભગ પાંચ વખતથી વિધાનસભામાં ચુંટાઇને આવું છું, પણ બાવીસ વર્ષથી આ પ્રશ્ન ઉકેલાતો નથી એનું કારણ હું જાણવા માગું છું? વન અને પર્યાવરણ વિભાગની વાત કરવામાં આવે છે, પણ હવે તો કેન્દ્ર સરકારમાં પણ તમારી સરકાર છે. મોસાળમાં મા પીરસનારી હોય અને કામ ના થાય

અને પણ બરાબર નથી. અત્યાર સુધી કેન્દ્ર સરકારનો દોષ કાઢવામાં આવતો હતો તો મારે કહેવું છે કે, આ બાબતની રજૂઆત ૧૯૯૫થી હું કરતો આવ્યો છું. એમાં એસીએસ મહેસૂલ ૧૦, ફોરેસ્ટ એસીએસ ૧૨ અને સિંચાઇના એસીએસ ૬ જેટલા બદલાઇ ગયા અને મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, મુખ્યમંત્રીશ્રીઓ પણ ૭ બદલાઇ ગયા. બે વર્ષ પહેલાં માનનીય મુખ્ય મંત્રીશ્રી આનંદીબહેન હતાં ત્યારે મારે કહેવું જોઇએ કે, એમણે આ લાગણીથી અધિકારીઓને બોલાવ્યા. ફોરેસ્ટ, મહેસૂલ અને સિંચાઇના અધિકારીઓની, કલેક્ટરથી માંડીને બધાયની મિટિંગ કરવા છતાંય બે વર્ષથી આ પ્રશ્ન આજ દિન સુધી ઉકેલાયો નથી. કહેવામાં આવે છે કે, દરખાસ્ત મોકલી છે, દરખાસ્ત મોકલી છે તો મારો સવાલ એટલો જ છે કે અમારે ક્યાં તપાસ કરવી કારણ કે આમાં ત્રણ વિભાગ આવે છે. આ માટે કલેકટરશ્રીને પણ વાત કરી ખાસ આના માટે, પણ હું માનનીય મંત્રીશ્રીને આ પ્રશ્ન એટલા માટે પૂછવા માગું છું કે, હવે તમે જે દરખાસ્ત મોકલી છે એ કયારે મોકલી છે? તમારી ભાજપની સરકાર દિલ્હીમાં છે અને અહીંયા પણ તમારી ભાજપની સરકાર છે. આ પ્રશ્ન ૮૦૦ કુટુંબનો પ્રશ્ન છે એ ગરીબ વર્ગના માણસો છે કે જેમણે પોતાની વહાલસોયી જમીન ગુમાવી છે અને સ્થાપિત થયા છે આ પ્રશ્ન એમના માટે એટલો બધો જટિલ છે કારણ કે આ પ્રશ્ન તો લગભગ ૩૭ વર્ષનો છે પણ છેલ્લા બાવીસ વર્ષથી તમારી સરકાર છે તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હવે પછી વિનાવિલંબે આ જે ૮૦૦ અસરગ્રસ્તો છે, અને આ મહેસૂલ મંત્રીશ્રી પણ અમારા પ્રભારી હતા અને તેઓશ્રી પણ આ વાતથી વાકેફ છે. તો હું ફરીથી એમ કહું છું કે, આ ૮૦૦ કુટુંબોને સનદો નહીં આપવાના કારણે આજે એમને પાક વીમો નથી મળતો કે લોન નથી મળતી. સરકારના અનુસંધાનમાં તેઓ ત્યાં સ્થાપિત થઇ ગયા છે, પણ રેવન્યુ રેકર્ડમાં એમનાં નામ નથી અને એ નામ નહીં હોવાના કારણે એમને ઘણી બધી મુશ્કેલીઓ પડે છે. તો મારી આપશ્રી મારફતે માનનીય મહેસૂલ મંત્રીશ્રીને વિનંતી છે કે, આ કયા સ્ટેજે કાગળો છે અને હવે પછી આમાં ખાસ વ્યવસ્થા એટલ કે કોઇક પર્ટીક્યુલર અધિકારીની નિમણૂક કરીને આનો ઉકેલ કરવા માગો છો કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ સેન્સેટીવ મુદ્દો છે. મારે હકારાત્મક રીતે, ભાવનાત્મક રીતે તમને આશ્રત કરવા છે, પણ તમે રાજકીય રીતે વાત કરી કે, તમારી સરકાર છે, તમારી સરકાર છે. (અંતરાય) માનનીય અધ્યક્ષશ્રી, અમે અહીં ૨૨ વર્ષથી છીએ પણ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી ત્યાં કોણ હતું? (અંતરાય) તમે કઇ ભાષામાં વાત કરી? માનનીય અધ્યક્ષશ્રી, હું મારા જવાબમાં બને ત્યાં સુધી રાજકીય વ્યંગ કે કંઇ કરવા માગતો નથી અને આ મુદ્દો આદિવાસીઓ માટેનો મુદ્દો છે. હમણાં જ માનનીય મુખ્ય મંત્રીશ્રીએ પેસા એક્ટ પસાર કર્યો અને માનનીય અધ્યક્ષશ્રી એક લાખ આદિવાસીઓ ભેગા થયા અને માનનીય જીતુભાઇ વાઘાણીની યાત્રામાં દસ દિવસ સુધી હજારોની સંખ્યામાં.. (અંતરાય) માનનીય શક્તિસિંહજી, આપ ઉભા થયા એ પહેલાં મેં માનનીય ગણપતભાઇને કહ્યું, મેં કહ્યું કે આનો બિલકુલ હકારાત્મક, ટાઇમ બાઉન્ડ અને તમારી (અંતરાય) તમે રાજકીય વાત કરી એટલા માટે હું બોલ્યો. તમારે સીધુ પૂછવું જોઇતું હતું પણ મારે તમને કહેવું છે કે, અહીંયાંથી અમારી સરકારે છેલ્લા બાવીસ વર્ષમાં અનેક વખત દરખાસ્તો મોકલી છે પણ ૨૦૦૪ થી ૨૦૧૪ સુધી તમારી સરકાર હતા. એ રાજકીય વ્યંગ કરી શકો અને મને અધિકાર નહીં એવું તો કેવી રીતે ચાલે? માનનીય અધ્યક્ષશ્રી, આ રાજકીય મુદ્દ છે જ નહીં, વ્યક્તિગત ભાજપ માટે પણ રાજકીય મુદ્દો નથી, વ્યક્તિગત મારા માટે પણ રાજકીય મુદ્દો છે જ નહીં. માનનીય સભ્યશ્રી એ વિસ્તારના છે. એમની લાગણી આ પ્રશ્ન સાથે સંકળાયેલી છે. ૧૯૯૫ થી એ મથી રહ્યા છે. એક ભાજપના મંત્રી તરીકે મારી પૂરી સહાનુભૂતિ છે. એમણે કહ્યું કે મારે કોની સાથે ફોલોઅપ કરવું તો એમણે મને જ કહેવું હું ત્રણેય વિભાગોનું સંકલન કરીશ. છેલ્લે તારીખ ૨૬-૮-૨૦૧૧ના રોજ કેન્દ્ર સરકારે આને મંજૂરી આપી છે એ પછી અમે તારીખ ૧૯-૮-૧૬ના રોજ એટલે કે ત્રણ ચાર મહિના પહેલા જ મંજૂર કરાવવા માટે દરખાસ્ત મોકલી છે. જે આદિવાસીભાઇઓએ જંગલની જમીનમાં પુનઃવસન કર્યું હોય તો વન સંરક્ષણ ધારો એવું કહે છે કે જેટલી જંગલની જમીનમાં પુનઃવસન કર્યું હોય એટલે જ જમીન સરકારે સામે આપવી જોઇએ. માનનીય સભ્યશ્રી, આમાં રાજય સરકારે રાજકોટ, જામનગર અને ભાવનગરમાં એટલી જ જમીન ફાળવી આપી છે એની પણ ભૂતકાળમાં મંજૂરી નહોતી મળી. પણ હવે ખાતરી આપું છું, છેલ્લા અઢી વર્ષમાં જે છેલ્લા દસ વર્ષના પેન્ડિંગ પ્રશ્નો હતા રેલવેના હોય, વન વિભાગના હોય કે પી.ડબલ્યુ. ડી. વિભાગના હોય અમારી પદ્ધતિ છે કે અમારા નિવાસી સચિવ ફોલોઅપ કરે, મંત્રીશ્રી જઇને ફોલોઅપ કરે છે, અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી જઇને પણ ફોલોઅપ કરે છે અને માનનીય વડાપ્રધાનશ્રી પણ ફોલોઅપ કરે છે. આ જે તમારો મુદ્દો છે એની દરખાસ્ત મોકલી છે એને વહેલી તકે મંજૂરી મળે અને બધા જ આદિવાસીભાઇઓને સનદો મળી જાય તેવી વ્યવસ્થા કરવાની તથા આવતા સમયમાં વહેલામાં વહેલી તકે આ મુદ્દો ઉકેલવાની ખાતરી આપું છું.

શ્રી સી. કે. રાઉલજી : માનનીય મંત્રીશ્રીએ વહેલામાં વહેલી તકે કહ્યું એના બદલે મને ટાઇમ લિમિટ આપે કે એક મહિનામાં કે ત્રણ મહિનામાં કે છ મહિનામાં આનો નિકાલ કરી દઇશું કારણ કે મારાથી મારા મત વિસ્તારમાં જવાય તેવી પરિસ્થિતિ નથી. બીજું કે એના માટે ખાસ અધિકારીની નિમણૂંક કરીને એની પાસેથી આ કામ લેવા માગે છે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા :ખાસ અધિકારીની નિમણૂંક કરવાની જરૂર નથી. હું પોતે આનું ફોલોઅપ કરીશ. ત્રણ વિભાગ એટલે કે વન, સિંચાઇ અને મહેસૂલ વિભાગનું સંકલન હું પોતે કરીશ.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું એટલે ભરોસો રાખો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય સભ્યશ્રીએ શરૂઆતમાં કહ્યું કે મને પૂરતો સમય આપજો એટલે તેમને પ્રશ્ન પૂછવામાં પૂરતો સમય આપ્યો છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય સભ્યશ્રીએ અગાઉ પણ ઘણી વખત આ મુદ્દા અંગે રજૂઆત કરી છે એને કોઇ રાજકીય રીતે નહિ લેવાના બદલે આ ૮૦૦ કુટુંબોનો સવાલ છે. માનનીય સભ્યશ્રી કદાચ લે પણ મંત્રીશ્રી તરીકે આપ ન લો. હું માનનીય ભૂપેન્દ્રસિંહ પાસેથી આપેક્ષા રાખું માનનીય નીતિનભાઇ હોય તો ન રાખું. આ ૮૦૦ કુટુંબોની ડેમમાં જમીન ગઇ છે તેથી અસરગ્રસ્ત થયેલા છે. ૨૦૧૧માં મંજૂરી મળી ગઇ હતી પછી સન ૨૦૧૬માં દરખાસ્ત મોકલી છે. સન ૨૦૧૧માં મંજૂરી મળી ગઇ છે એની દરખાસ્ત સન ૨૦૧૬માં મોકલી એટલે કે આમાં પાંચ વર્ષનો વધારે પડતો વિલંબ થયો છે એટલે એના માટે જે જવાબદાર હોય એની સામે કોઇ પગલાં લેવા માગે છે કે કેમ? આપે ત્યાં દરખાસ્ત મોકલી છે ત્યારે આપને અનુકૂળતા હોય અને દિલ્હી જાવ ત્યારે માનનીય સભ્યશ્રીને કહેશો તો એ પણ આપના ટાઇમે ત્યાં રજૂઆત કરવા માટે આવશે, પોતાના ખર્ચે આવશે. હજી દિલ્હીની મંજૂરી બાકી છે. મોસાળમાં જમણ અને મા પીરસનારી. તો કેટલા સમયમાં મંજૂરી મળશે.આપ કહેશો ત્યારે માનનીય સભ્યશ્રી આપની સાથે આવવા તૈયાર છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સન ૨૦૧૧ થી ૨૦૧૬ એ વધારે પડતો વિલંબ નથી. જમીન સામે જમીન આપવાની હોય. રાજકોટ, જામનગર અને ભાવનગરમાં જમીન મેળવવામાં સમય ગયો છે. હું એકલો જઇશ તો પણ કાફી છે.

<p a g e રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ હેઠળ અનાજના જથ્થાની ફાળવણી

* ૨૭૫૪૦ શ્રી જનકભાઈ કાછડીયા (કરંજ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ રાજ્યમાં (માં અન્નપુર્ણા યોજના)ની અમલવારી ક્યારથી શરૂ કરવામાં આવી,

(૨) તે અન્વયે ૨૦૧૬નાં વર્ષમાં રાજ્યને ભારત સરકાર તરફથી માસવાર કેટલા અનાજના જથ્થાની ફાળવણી કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા જથ્થાનો ઉપાડ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ (માં અન્નપુર્ણા યોજના) ની અમલવારી રાજ્યમાં ૧લી એપ્રિલ–૨૦૧૬ થી કરવામાં આવેલ છે.

(૨) ૨૦૧૬ના વર્ષમાં રાજ્યને ભારત સરકાર તરફથી આ કાયદા અંતર્ગત માહે–એપ્રિલ–૨૦૧૬ થી ડીસેમ્બર–૨૦૧૬ દરમ્યાન કુલ–૧૬,૨૧,૯૫૫.૮૫૦ મેટ્રીક ટન અનાજના જથ્થાની ફાળવણી કરવામાં આવેલ છે. જેની માસવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | માસનું નામ | મળેલ ફાળવણી (આંકડા મેટ્રીક ટનમાં) |
|---|---|---|
| ૧ | એપ્રિલ–૧૬ | ૧,૭૫,૭૪૬.૦૩૦ |
| ૨ | મે–૧૬ | ૧,૭૫,૭૪૬.૦૩૦ |
| ૩ | જુન–૧૬ | ૧,૭૫,૭૪૬.૦૩૦ |
| ૪ | જુલાઈ–૧૬ | ૧,૭૫,૭૪૬.૦૩૦ |
| ૫ | ઓગસ્ટ–૧૬ | ૧,૭૫,૭૪૬.૦૩૦ |
| ૬ | સપ્ટે–૧૬ | ૧,૮૫,૮૦૬.૪૨૫ |
| ૭ | ઓક્ટો–૧૬ | ૧,૮૫,૮૦૬.૪૨૫ |
| ૮ | નવે–૧૬ | ૧,૮૫,૮૦૬.૪૨૫ |
| ૯ | ડિસે–૧૬ | ૧,૮૫,૮૦૬.૪૨૫ |
| | કુલ | ૧૬,૨૧,૯૫૫.૮૫૦ |

(૩) તે પૈકી કુલઃ ૧૬,૨૦,૫૯૬.૦૦૬ મેટ્રીક ટન અનાજના જથ્થાનો ઉપાડ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ છે. માસવાર ઉપાડ થયેલ અનાજના જથ્થાની વિગત આ મુજબ છે.

| ક્રમ | માસનું નામ | ઉપાડ થયેલ જથ્થો (આંકડા મેટ્રીક ટનમાં) |
|---|---|---|
| ૧ | એપ્રિલ–૧૬ | ૧,૭૫,૭૪૬.૦૩૦ |
| ૨ | મે–૧૬ | ૧,૭૫,૪૪૮.૬૯૪ |
| ૩ | જુન–૧૬ | ૧,૭૪,૬૮૩.૫૨૨ |
| ૪ | જુલાઈ–૧૬ | ૧,૭૫,૭૪૬.૦૩૦ |
| ૫ | ઓગસ્ટ–૧૬ | ૧,૭૫,૭૪૬.૦૩૦ |
| ૬ | સપ્ટે–૧૬ | ૧,૮૫,૮૦૬.૪૨૫ |
| ૭ | ઓક્ટો–૧૬ | ૧,૮૫,૮૦૬.૪૨૫ |

| | | |
|---|---|---|
| ૮ | નવે-૧૬ | ૧,૮૫,૮૦૬.૪૨૫ |
| ૯ | ડિસે-૧૬ | ૧,૮૫,૮૦૬.૪૨૫ |
| | કુલ | ૧૬,૨૦,૫૯૬.૦૦૬ |

શ્રી જનકભાઇ મ. કાછડીયા(પટેલ) : માનનીય અધ્યક્ષશ્રી, પારદર્શકતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા આ ચાર સિદ્ધાંતના આધારે કામ કરતી વિજયભાઇ રૂપાણી સાહેબના નેતૃત્વવાળી ભારતીય જનતા પાર્ટીની સરકારે જે અંદાજપત્ર રજૂ કર્યું છે તેમાં ગરીબો અને આદિવાસીઓ પ્રત્યેની સંવેદનશીલતાના દર્શન થયા છે. માં અન્નપૂર્ણા યોજનાના માધ્યમથી રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની અમલવારી તો થઇ. હું આદરણીય વિજયભાઇને અને નીતિનભાઇને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : જનકભાઇ, પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી જનકભાઇ મ. કાછડીયા (પટેલ) : માં અન્નપૂર્ણા યોજનાની સાથે સાથે આ રાજયના ૫૦,૦૦૦ ઉપરાંત બાંધકામ શ્રમિકો છે તે લોકોને ગુણવત્તાયુક્ત અને પોષણયુક્ત આહાર મળે તેના માટે શ્રમિક અન્નપૂર્ણા યોજના જાહેર કરી છે તેના માટે હું અભિનંદન આપું છું અને આદરણીય મંત્રીશ્રી પાસેથી એક વિશેષ જાણકારી મેળવવા માગું છું કે માં અન્નપૂર્ણા યોજના હેઠળ કયા ભાવ અને વિતરણ પ્રમાણથી અનાજનું વિતરણ કરવામાં આવે છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માં અન્નપૂર્ણા યોજનાની અમલવારી થઇ ત્યારથી બે પ્રકારના કુટુંબો, અંત્યોદય કુટુંબ અને અગ્રતા ધરાવતા પરિવારો. તેમાં અંત્યોદય અન્ન યોજના હેઠળ કાર્ડ દીઠ ૩૦ કિલોગ્રામ ઘઉં, કાર્ડ દીઠ પાંચ કિલોગ્રામ ચોખાના બદલે કાર્ડ દીઠ કુલ ૩૫ કિલોગ્રામ જથ્થો, ઘઉં બે રૂપિયા પ્રતિ કિલો અને ચોખા ત્રણ રૂપિયા પ્રતિ કિલો આ યોજના હેઠળ આપવામા આવે છે. એ રીતે અગ્રતા ધરાવતા પરિવારોમાં વ્યક્તિદીઠ ૪ કિલો અને ૨૫૦ ગ્રામ ઘઉં બે રૂપિયાના ભાવથી અને ચોખા વ્યક્તિદીઠ ૭૫૦ ગ્રામ ત્રણ રૂપિયાના ભાવથી. એટલે વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજની ફાળવણી કરવામાં આવે છે. આ રાજયમાં ઘણાં નાગરિકોની રજૂઆત આવી કે જે ચોખાની ફાળવણી થઇ રહી છે તેમાં વધારો કરવામાં આવે. અમે કેન્દ્ર સરકારમાં રજૂઆત કરી. ચોખાનો જથ્થો ડબલ કરાવવા માટેની જયારે વિનંતી કરવામાં આવી. હું કેન્દ્ર સરકાર અને આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો આભાર માનીશ કે આ યોજનામાં ચોખાની માગણી હતી તેનો સ્વીકાર કરીને આ રાજયના નાગરિકોને જે ચોખાનો જથ્થો આપવામાં આવે છે તેમાં વધારો કર્યો. એટલે બન્ને યોજનામાં ચોખાનો જથ્થો ડબલ કરીને વાર્ષિક લગભગ ૪૦૦ કરોડ રૂપિયા કે જે કેન્દ્ર સરકાર આપણને સબસિડી રૂપે આપશે અને ચોખાનો જથ્થો આપણે સપ્ટેમ્બર-૨૦૧૬થી આ યોજના આંતર્ગત ડબલ કર્યો છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, મારો આ અંગેનો ખૂબ જ મહત્વનો પ્રશ્ન છે. દક્ષિણ ગુજરાતમાં અમારા ટ્રાઇબલ વિસ્તારમાં આદિવાસીઓના છોકરાઓ ૧૮ વર્ષના થઇ જાય પછી કુટુંબથી છૂટા પડતા હોય છે. માં અન્નપૂર્ણા યોજના અમલમાં આવી તે પહેલાં બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય ત્રણ પ્રકારના રેશનકાર્ડ હતા. જે ભાઇઓ છૂટા પડયા છે તેનું બી.પી.એલ. કાર્ડ હોય પણ છૂટા પડ્યા પછી એનું એ.પી.એલ. બની જાય છે. એવા જે કાર્ડ છે, એ.પી.એલ. પછી માં અન્નપૂર્ણા યોજનામાં અત્યાર સુધી સામવેશ થયો નથી. આવક મર્યાદા ઓછી છે. આપવાપાત્ર છે. કેન્દ્ર સરકારના નિયમમાં આવી જાય છે. તેમ છતાં પણ અત્યાર સુધી ઇન્ટરપ્રિટેશન સમયસર ન થવાના કારણે તેમને અનાજ મળતું નથી. દક્ષિણ ગુજરાતનો આ ખૂબ જ મહત્વનો પ્રશ્ન છે. તેના માટે અમે સરકારમાં વારંવાર રજૂઆત કરી છે. તેમાં ઝડપ થાય અને એવા કુટુંબો જે છૂટા પડેલ છે. એ.પી.એલ. જે ગણાતા હતા. તે અમલમાં આવ્યા નથી, તો તેને કયારે અમલમાં લાવવા માગો છો?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ માટે આપણે તાલુકા લેવલ ઉપર એક કમિટી બનાવીછે. મામલતદારની અધ્યક્ષતામાં નાયબ મામલતદાર વગેરે અધિકારીઓ છે. શહેરી વિસ્તારમાં પણ કમિટી છે. તેના મોનીટરીંગ માટે જિલ્લા લેવલે પણ કમિટી છે. એટલે જે આવા ગ્રાહકો બાકી રહી ગયા હોય તેમાં તેની માગણી મુજબ ફોર્મ ભરીને ફોર્મની ચકાસણી કરીને જે કુટુંબો આમાં લેવા પાત્ર થતાં હોય તે ચકાસણી કરીને સરકાર લઇ રહી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ યોજના ૨૦૧૩માં અમલમાં આવી. તેના અમલની તારીખ ૨૦૧૬ લખી છે. તો એના કારણે સમગ્ર રાજ્યમાં તમામ ગરીબ માણસોને અનાજ મળતું હતું એ ત્રણ વર્ષ સુધી આ ગુજરાતમાં ગરીબોને મળવાપાત્ર અનાજ મળ્યું નથી. એ નહીં મળવાના કારણો શું છે અને એનાથી કેટલા ગરીબોને નુકસાન થયું?

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનાની અમલવારી કરી ત્યાં સુધી રાબેતા મુજબ રાજ્યના નાગરીકોને અનાજ મળતું હતું. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ નો અમલ ૨૦૧૬માં થયો. ક્યા કારણે આ વિલંબ થયો એનું ૧૭ પાનાનું આખું લિસ્ટ છે. સમય હોય અને સભ્યશ્રી કહેતા હોય તો માહિતી આપું.

અધ્યક્ષશ્રી : નો, મંત્રીશ્રી એટલું લાંબુ નહીં, ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા : જી.

ફાલ્ગુન ૮, ૧૯૩૮ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુટુંબો માટેના ધોરણો શું રાખવામાં આવ્યા છે?

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અગ્રતા ધરાવતા કુટુંબોના ધોરણોમાં ગ્રામ્ય વિસ્તારમાં ઓળખ માટેના ધોરણોમાં કુટુંબ ત્રણ કે ચાર પૈડાવાળું વાહન ધરાવતા હોય, કુટુંબ યાંત્રિક માછીમારીની બોટ ધરાવતા હોય, કુટુંબનો કોઇ સભ્ય સરકારી કર્મચારી હોય, સભ્યની માસિક આવક રૂ.૧૦૦૦૦/–થી વધારે હોય. કોઇ સભ્ય આવક વેરો કે વ્યવસાય વેરો ચૂકવે. કુટુંબ પાંચ એકર કે તેથી વધુ જમીનમાં એક કે તેથી વધુ સિઝનમાં પાક લેતું હોય, ૭.૫ એકર કે તેથી વધુ જમીન ધારણ કરતા હોય તો તેવા કુટુંબ આ યાદીમાં આવતા નથી. આ યાદીમાં સમાવવા માટે કુટુંબના પુખ્ત વયના તમામ સભ્યો અશક્ત હોય, ગંભીર રીતે બિમાર હોય અને ૬૫ વર્ષે કે તેથી વધુની ઉંમરના હોય તો તેવા કુટુંબને સમાવવાના રહેશે. ભલે કુટુંબમાં કોઇ એક વ્યક્તિને બાકાત રાખવા પાત્ર થતા હોય. એવી રીતે શહેરી વિસ્તાર માટે પણ અલગ એના નિયમો બનાવેલા છે. આવાસીય આરક્ષિતતા. કુટુંબ ઘર–મકાન વિહોણું છે. કુટુંબ પ્લાસ્ટીક કે પતરાવાળા મકાન ધરાવે છે. ઘાસ–ફૂસ, વાંસ કે કાચી ઇંટ કે લાકડાની દિવાલ વાળું કે અન્ય લાકડાની છતવાળું કે તેથી ઓછું મકાન ધારણ કરતું હોય. વ્યવસાયિક આરક્ષિતતામાં કુટુંબની કોઇ વ્યક્તિ આવક ધરાવતું ન હોય. એવા અલગ અલગ ક્રાઇટ એરીયા નક્કી કરેલા છે. એ રીતે એવા કુટુંબોની ઓળખ કરતા હોઇએ છીએ.

શ્રીમતી સંગીતાબહેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, ઇએફપીએસ વિતરણ વ્યવસ્થા શું છે અને રાજ્યમાં ઇએફપીએસ પ્રોજેક્ટ હેઠળ શું કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી જયેશકુમાર વિ.રાદડીયા : માનનીય અધ્યક્ષશ્રી, વાજબી ભાવની દૂકાનોના સંચાલનમાં કમ્પ્યુટર, લેપટોપ, પ્રિન્ટર, ફિન્ગર પ્રિન્ટ સ્કેનર પર ફિંગર પ્રિન્ટ મેળવીને રિસિપ્ટ મેળવીને અનાજનો જથ્થો વિતરણ કરવામાં આવે તો આ વ્યવસ્થાને આપણે ઇએફપીએસ કહીએ છીએ. તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં આવેલ ૧૭૨૨૪ દૂકાનોમાંથી ૧૬૯૬૪ દૂકાનોને ઇએફપીએસ તરીકે કાર્યરત છે. જેમાં સુરત જિલ્લામાં ૧૦૬૧માંથી ૧૦૫૭ દુકાનો ઇએફપીએસ તરીકે કાર્યરત છે.

### ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતના પંચાયત ઘરની મરામત

* ૨૭૨૧૧ શ્રી શિવાભાઇ ગોહિલ (તળાજા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાદીઠ કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘર જર્જરીત છે,

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકો | જર્જરીત પંચાયતઘરની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૦૦ |
| ૨ | ઘોઘા | ૧૮ |
| ૩ | તળાજા | ૧૩ |
| ૪ | મહુવા | ૨૮ |
| ૫ | જેસર | ૧૦ |
| ૬ | ગારીયાધાર | ૧૬ |
| ૭ | પાલીતાણા | ૦૮ |
| ૮ | શિહોર | ૧૬ |
| ૯ | વલ્લભીપુર | ૦૭ |
| ૧૦ | ઉમરાળા | ૦૩ |
| | કુલ | ૧૧૯ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પૈકી કેટલી ગ્રામ પંચાયતના પંચાયત ઘરની મરામત માટે મંજૂરી આપવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગ્રામ પંચાયતના ઘરની મરામત માટે આપેલ મંજૂરી આ મુજબ છે.

| ક્રમ | તાલુકો | મરામત કરવાની પંચાયત ઘરની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાવનગર | ૦૦ |
| ૨ | ઘોઘા | ૧૪ |
| ૩ | તળાજા | ૧૦ |
| ૪ | મહુવા | ૨૧ |

| | | |
|---|---|---|
| ૫ | જેસર | ૦૯ |
| ૬ | ગારીયાધાર | ૧૪ |
| ૭ | પાલીતાણા | ૦૮ |
| ૮ | શિહોર | ૧૬ |
| ૯ | વલ્લભીપુર | ૦૭ |
| ૧૦ | ઉમરાળા | ૦૩ |
| | કુલ | ૧૦૨ |

(૩) તે માટે સરકાર દ્વારા કેટલું અનુદાન મંજૂર કરવામાં આવ્યું ?

(૩) તે માટે સરકાર દ્વારા રૂ. ૨૬૦.૦૦ લાખનું અનુદાન મંજુર કરવામાં આવેલ છે.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન આ ગુજરાતના ૧૮૦૦૦ થી વધારે ગામડાંઓના વહીવટી માળખાની અંદર જે મહત્વની વસ્તુ છે એ પંચાયત ઘર માટેનો છે. છેલ્લા બે વર્ષમાં ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગામડાંઓમાં કેટલા પંચાયત ઘર જર્જરીત હતા અને એમાંથી ચાલુ વર્ષે કેટલાનો જીર્ણોદ્ધાર થયો અને એના માટે કેટલી રકમનું આયોજન કર્યું છે? વિશેષમાં કહું તો ૧૯૯૫થી હું આ ગૃહમાં બેસું છું. દરરોજ ૩૦ થી વધારે ગામડાંઓનો મારો સતત પ્રવાસ છે. છેલ્લા વીસ વર્ષથી પ્રવાસ કરું છું. ગામડાંઓની જે મુળભૂત પાયાની જરૂરિયાત છે. ગામડાંઓમાં આપણે કુશળ વહીવટી માળખું ઉભું કરવા માટે પ્રયત્ન કરી રહ્યા છીએ. જે ઇ–ગ્રામ યોજના હેઠળ પાયાની સવલતો ગામડાંમાં આપવામાં આવે છે એમાં પંચાયત ઘર એક મહત્વનું પરિબળ છે. આઝાદી પછી ૧૯૬૦થી ૧૯૯૫ સુધીમાં જુના રજવાડાના મકાનો મળેલા હતા એવી નાની ઓરડીમાં પણ પંચાયત ઘરનું સંચાલન થતું હતું. એમના રિપેરીંગ માટે કોઇ આવશ્યક જોગવાઇ થતી નહોતી. એમએલએ ગ્રાન્ટ કે આયોજનમાંથી જોગવાઇ થતી નહોતી.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

ફાલ્ગુન ૮, ૧૯૩૮ શાકે
અતારાંકિત પ્રશ્નોત્તરી

અતારાંકિત પ્રશ્નોત્તરી
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)
અમદાવાદ જિલ્લામાં વિજ્ઞાનમેળાનું આયોજન

* ૨૭૧૮૬ શ્રી અરવિંદકુમાર પટેલ (સાબરમતી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વિજ્ઞાન ક્ષેત્રે પ્રતિભા સંપન્ન વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન મેળાનું આયોજન દર વર્ષે કરવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આ મેળાનું આયોજન અમદાવાદ જિલ્લામાં ક્યારે કરવામાં આવેલ હતું,

(૨)

| વર્ષ | કક્ષા | સમયગાળો |
|---|---|---|
| ૨૦૧૫–૧૬ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષા | ૨૭–૨૯/૧૦/૧૫ |
| | કોર્પોરેશન કક્ષા | ૧૧–૧૩/૧૦/૧૫ |
| ૨૦૧૬–૧૭ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષા | ૨૦–૨૨/૧૦/૧૬ |
| | કોર્પોરેશન કક્ષા | ૨૬– |

(૩) તેમાં જિલ્લાની કેટલી શાળાઓએ ભાગ લીધો હતો, અને

(૩)

| વર્ષ | કક્ષા | સમયગાળો | ભાગ લીધેલ શાળાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૨૦૧૫–૧૬ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષા | ૨૭–૨૯/૧૦/૧૫ | ૭૫ |
| | કોર્પોરેશન કક્ષા | ૧૧–૧૩/૧૦/૧૫ | ૧૯૦ |
| કુલ | | | ૨૬૫ |
| ૨૦૧૬–૧૭ | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષા | ૨૦–૨૨/૧૦/૧૬ | ૯૪ |
| | કોર્પોરેશન કક્ષા | ૨૬–૨૮/૯/૧૬ | ૧૬૭ |
| કુલ | | | ૨૬૧ |

(૪) ઉકત વિજ્ઞાન મેળામાં મુખ્યત્વે કઈ

(૪) (૧) વર્ષ ૨૦૧૫–૧૬ માં સમાવેશી વિકાસ માટે

બાબતોનો સમાવેશ કરવામાં આવેલ ? વિજ્ઞાન અને ગણિત

(૨) વર્ષ ૨૦૧૬-૧૭ માં રાષ્ટ્ર નિર્માણ માટે વિજ્ઞાન, તકનિકી અને ગણિત

પંચમહાલ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

* ૨૭૨૨૧ શ્રી અરવિંદસિંહ રાઠોડ (કાલોલ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| વર્ગ | મંજુર મહેકમ |
|---|---|
| ૧ | ૧૫ |
| ૨ | ૧૪ |
| ૩ | ૧૪૫ |
| ૪ | ૨૬ |
| કુલ | ૨૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨)

| વર્ગ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|
| ૧ | ૧૧ | ૦૪ |
| ૨ | ૦૯ | ૦૫ |
| ૩ | ૫૪ | ૯૧ |
| ૪ | ૧૯ | ૦૭ |
| કુલ | ૯૩ | ૧૦૭ |

(૩) ઉક્ત તમામ જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૩) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

ભરૂચ જિલ્લામાં સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૨૨૬ શ્રી દુષ્યંત પટેલ (ભરૂચ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ સ્વચ્છ ગ્રામ સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને સફાઈ કરની વસુલાતના પ્રમાણમાં રાજ્ય સરકાર ગ્રાન્ટ આપે છે તે હકિકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લાના તાલુકાવાર, કેટલા ગામોને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી ?

(૨) છેલ્લા બે વર્ષમાં નીચેની વિગતે ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સને : ૨૦૧૪-૧૫ | | સને : ૨૦૧૫-૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામોની સંખ્યા | ફાળવેલ રકમ રૂ/- | ગ્રાન્ટ ફાળવેલ કુલ ગામોની સંખ્યા | ફાળવેલ રકમ રૂ/- |
| ૧ | વાલીયા | ૩૮ | ૫૬૯૪૪૯ | ૪૧ | ૮૧૫૩૮૫ |
| ૨ | વાગરા | ૬૧ | ૧૩૫૯૬૭૧ | ૬૩ | ૨૦૦૭૩૭૧ |
| ૩ | ભરૂચ | ૪૬ | ૧૫૯૫૬૨૩ | ૨૭ | ૧૮૪૮૫૬૭ |
| ૪ | હાંસોટ | ૩૫ | ૩૪૦૨૮૬ | ૩૫ | ૫૧૪૧૪૭ |
| ૫ | આમોદ | ૨૬ | ૬૩૩૫૭૩ | ૨૭ | ૭૧૩૭૬૧ |
| ૬ | ઝગડીયા | ૩૧ | ૪૧૨૪૦૮ | ૬૬ | ૨૭૭૯૩૨૨ |
| ૭ | જંબુસર | ૬૪ | ૧૫૦૧૨૯૮ | ૬૯ | ૧૮૫૨૩૫૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૮ | અંકલેશ્વર | ૩૫ | ૯૮૨૦૫૯ | ૫૪ | ૩૯૪૬૦૬૦ |
| ૯ | નેત્રંગ | -- | -- | ૧૩ | ૭૫૩૦૩૭ |
| કુલઃ- | | ૩૩૬ | ૭૩૯૪૩૬૭ | ૩૯૫ | ૧૫૨૩૦૦૦૦ |

---------

ભાવનગર જિલ્લામાં ગ્રામ પંચાયતોને ખર્ચ કરવા ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૨૨૦ શ્રીમતિ ભાવનાબેન મકવાણા (મહુવા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

ભાવનગર જિલ્લામાં કેટલી ગ્રામ પંચાયતોને તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાકીદનો ખર્ચ કરવા માટે સરકાર દ્વારા કેટલા રૂપિયાની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી ?

જવાબ

| ૨૦૧૬–૧૭ (તા.૧૫–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ) | ૨૯૨ | ૧૧૫૧.૭૨ |

(૩)

| વર્ષ | બાકી કામો |
|---|---|
| ૨૦૧૫–૧૬ | ૩૪૦ |
| ૨૦૧૬–૧૭ (તા.૧૫–૦૧–૨૦૧૭ ની સ્થિતિએ) | ૭૧૦ |

---------

## અતારાંકિત પ્રશ્નોત્તરી

### જુનાગઢ જિલ્લામા ટ્રસ્ટ સંચાલિત નોન–ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

* ૨૬૭૭૮ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર ટ્રસ્ટ સંચાલિત કેટલી નોન–ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કાર્યરત છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓની સંખ્યા | નોન ગ્રાન્ટેડ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ભેંસાણ | ૦૫ | ૦૦ |
| ૨ | જુનાગઢ (ગ્રામ્ય) | ૧૬ | ૦૩ |
| ૩ | જુનાગઢ (શહેર) | ૪૯ | ૦૪ |
| ૪ | કેશોદ | ૧૩ | ૦૫ |
| ૫ | માળીયા | ૧૮ | ૦૪ |
| ૬ | માણાવદર | ૨૪ | ૦૨ |
| ૭ | માંગરોળ | ૧૯ | ૦૬ |
| ૮ | વંથલી | ૦૬ | ૦૧ |
| ૯ | વિસાવદર | ૦૯ | ૦૩ |
| | કુલ | ૧૫૯ | ૨૮ |

(૨) તે પૈકી કેટલી શાળાઓની ઉકત સ્થિતિએ ગ્રાન્ટેડ કરવા અંગેની માગણી પડતર છે, અને

(૨) નોન–ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે તબદીલ કરવાની સરકારશ્રીની નીતિ અમલમાં ન હોઈ, નોન–ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળામાં તબદીલ કરવાની માંગણી પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉકત માગણી પડતર રહેવાના મુખ્યત્વે શા કારણો છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સરકારી અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાનો વગરની શાળાઓ

* ૨૭૩૨૪ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં કેટલી સરકારી અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાન નથી, અને

(૧)

| અમદાવાદ જિલ્લો | | | | ગાંધીનગર જિલ્લો | | | |
|---|---|---|---|---|---|---|---|
| સરકારી શાળાઓ | | ખાનગી શાળાઓ | | સરકારી શાળાઓ | | ખાનગી શાળાઓ | |
| પ્રાથમિક | માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક |
| ૬૮ | ૧૨ | ૫૫ | ૨૫૫ | ૧૪૩ | ૦૦ | ૬૦ | ૧૮ |

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉકત જિલ્લાવાર કેટલી ખાનગી અને સરકારી પ્રાથમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાનો બનાવવામાં

(૨)

| વર્ષ | જિલ્લો | ખાનગી પ્રાથમિક શાળાઓ | સરકારી પ્રાથમિક શાળાઓ |
|---|---|---|---|

આવ્યા ?

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૪-૧૫ | અમદાવાદ | ૦ | ૦ |
| | ગાંધીનગર | ૦ | ૦ |
| ૨૦૧૫-૧૬ | અમદાવાદ | ૦ | ૩ |
| | ગાંધીનગર | ૦ | ૪ |

---------

અરવલ્લી જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ઘટ

* ૨૮૪૫૨ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રાન્ટેડ સરકારી માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૧)

| તાલુકો | ગ્રાન્ટેડ | | સરકારી | |
|---|---|---|---|---|
| | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક | માધ્યમિક | ઉચ્ચત્તર માધ્યમિક |
| મોડાસા | ૨૮ | ૧૬ | ૦૧ | ૦૧ |
| માલપુર | ૧૨ | ૦૮ | ૦૦ | ૦૧ |
| મેઘરજ | ૧૮ | ૨૦ | ૦૦ | ૦૦ |
| ધનસુરા | ૦૮ | ૦૭ | ૦૦ | ૦૦ |
| ભિલોડા | ૩૨ | ૩૬ | ૦૦ | ૦૦ |
| બાયડ | ૧૩ | ૨૧ | ૦૧ | ૦૦ |

(૨) તેમાં ઉકત સ્થિતિએ સંવર્ગવાર આચાર્યો અને શિક્ષકોની જગ્યાઓ તાલુકાવાર કેટલી મંજુર થયેલ છે, અને

(૨) ગ્રાન્ટેડ શાળાઓ

| તાલુકો | આચાર્ય | મદદનીશ શિક્ષક માધ્યમિક | મદદનીશ શિક્ષક ઉચ્ચત્તર માધ્યમિક |
|---|---|---|---|
| મોડાસા | ૪૪ | ૯૨ | ૧૧૬ |
| માલપુર | ૨૦ | ૪૨ | ૫૩ |
| મેઘરજ | ૩૮ | ૧૦૬ | ૧૨૪ |
| ધનસુરા | ૧૫ | ૬૧ | ૫૯ |
| ભિલોડા | ૬૮ | ૧૨૩ | ૧૮૨ |
| બાયડ | ૩૪ | ૪૨ | ૧૩૭ |

સરકારી શાળાઓ

| તાલુકો | આચાર્ય | મદદનીશ શિક્ષક માધ્યમિક | મદદનીશ શિક્ષક ઉચ્ચત્તર માધ્યમિક |
|---|---|---|---|
| મોડાસા | ૦૦ | ૦૨ | ૦૪ |
| માલપુર | ૦૦ | ૦૦ | ૦૫ |
| મેઘરજ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ધનસુરા | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભિલોડા | ૦૦ | ૦૦ | ૦૦ |
| બાયડ | ૦૦ | ૦૨ | ૦૦ |

(૩) ઉકત મંજુર મહેકમ સામે ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

(૩) ગ્રાન્ટેડ શાળાઓ.

| તાલુકો | આચાર્ય | મદદનીશ શિક્ષક માધ્યમિક | મદદનીશ શિક્ષક ઉચ્ચત્તર માધ્યમિક |
|---|---|---|---|

| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
|---|---|---|---|---|---|---|
| મોડાસા | ૨૮ | ૧૬ | ૭૫ | ૧૭ | ૧૦૩ | ૧૩ |
| માલપુર | ૧૨ | ૦૮ | ૩૧ | ૧૧ | ૩૬ | ૧૭ |
| મેઘરજ | ૨૦ | ૧૮ | ૯૦ | ૧૬ | ૧૦૩ | ૨૧ |
| ધનસુરા | ૧૩ | ૦૨ | ૫૦ | ૧૧ | ૪૫ | ૧૪ |
| ભિલોડા | ૪૫ | ૨૩ | ૧૦૪ | ૧૯ | ૧૪૬ | ૩૬ |
| બાયડ | ૧૭ | ૧૭ | ૨૫ | ૧૭ | ૮૯ | ૪૮ |

સરકારી શાળાઓ.

| તાલુકો | આચાર્ય | | મદદનીશ શિક્ષક માધ્યમિક | | મદદનીશ શિક્ષક ઉચ્ચત્તર માધ્યમિક | |
|---|---|---|---|---|---|---|
| | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| મોડાસા | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૪ | ૦૦ |
| માલપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ | ૦૧ |
| મેઘરજ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ધનસુરા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ભિલોડા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| બાયડ | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાના ગામોમાં ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટર

* ૨૬૯૩૨ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં ગ્રામ–પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે, અને | (૧) અરવલ્લી જિલ્લાની ૨૬ અને સાબરકાંઠા જિલ્લાની ૩૫ ગ્રામ પંચાયતોમાં. |
| (૨) ઉકત ફાળવવામાં આવેલ એક કોમ્પ્યુટરની કિંમત કેટલી છે ? | (૨) અરવલ્લી જિલ્લામાં રૂ.૫૧,૨૫૧.૦૦<br>સાબરકાંઠા જિલ્લામાં રૂ.૬૨,૮૧૫.૦૦ |

---------

અમરેલી અને ભાવનગર જિલ્લામાં ૧૩માં નાણાપંચ હેઠળ મળેલ રકમ

* ૨૮૧૫૫ શ્રી પરેશભાઈ ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૭ની સ્થિતિએ રાજ્ય સરકારને છેલ્લાં બે વર્ષમાં કેન્દ્ર સરકાર પાસેથી ૧૩માં નાણાપંચમાં કેટલી રકમ મળવાપાત્ર હતી અને તે પૈકી કેટલી મળી, | (૧) રૂ.૧૩૩૪૧૮.૦૦ લાખ મળવાપાત્ર હતા અને તે પૈકી રૂ.૯૨૧૨૧.૯૬ લાખ મળેલ. |
| (૨) તે પૈકી વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લાને કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી, અને | (૨) તા.૩૧–૦૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ તા.૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૭ સુધીમાં અત્રે મળેલ રકમ પૈકી અમરેલી અને ભાવનગર જિલ્લાને ફાળવેલ રકમ નીચે મુજબ છે. |

| ક્રમ | સમયગાળો | વર્ષવાર જિલ્લાને ફાળવેલ ગ્રાન્ટ (રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | અમરેલી | ભાવનગર |
| ૧ | તા.૦૧–૦૨–૨૦૧૫ થી તા.૩૧–૦૧–૨૦૧૬ | ૯૪૩.૨૮ | ૧૨૮૪.૧૮ |

| | | | |
|---|---|---|---|
| ૨ | તા.૦૧-૦૨-૨૦૧૬ થી તા.૩૧-૦૧-૨૦૧૭ | ૦.૦૦ | ૦.૦૦ |

(૩) ઉકત ફાળવેલ ગ્રાન્ટમાંથી તાલુકાવાર કેટલી રકમ વણવપરાયેલી રહેલ છે, તેના શાં કારણો છે ?

(૩) ઉકત ફાળવેલ ગ્રાન્ટમાંથી અમરેલી અને ભાવનગર જિલ્લાના તાલુકાવાર રકમ વણવપરાયેલી રહેલ નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | બચત રકમ (રૂ.લાખમાં) | જિલ્લો | તાલુકાનું નામ | બચત રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમરેલી | અમરેલી | ૭.૬૩ | ભાવનગર | ભાવનગર | ૪૨.૬૧ |
| ૨ | | ધારી | ૨૨.૯૩ | | ગારીયાધાર | ૨૩.૬૮ |
| ૩ | | કુકાવાવ વડીયા | ૪૭.૬૪ | | પાલીતાણા | ૬૧.૮૭ |
| ૪ | | રાજુલા | ૨૪.૮૩ | | વલભીપુર | ૦.૪૫ |
| ૫ | | બાબરા | ૩૮.૧૩ | | ઘોઘા | ૧૬.૦૮ |
| ૬ | | જાફરાબાદ | ૪૩.૨૧ | | શિહોર | ૧૨.૬૧ |
| ૭ | | લાઠી | ૮.૩૭ | | ઉમરાળા | ૦.૦૦ |
| ૮ | | સાવરકુંડલા | ૬.૧૬ | | મહુવા | ૧૧૭.૮૮ |
| ૯ | | બગસરા | ૩.૫૯ | | તળાજા | ૨૧.૫૫ |
| ૧૦ | | ખાંભા | ૨૮.૭૮ | | | |
| ૧૧ | | લીલીયા | ૩.૩૩ | | | |
| | | કુલ | ૨૩૪.૬ | | | ૨૯૬.૭૩ |

અમરેલી અને ભાવનગર જિલ્લાની રહેલ બચતના કારણો

(૧) અતિવૃષ્ટિના કારણે

(૨) તાલુકા-જિલ્લા પંચાયતની ચૂંટણીની આચાર સંહિતાના કારણે અને

(૩) ૧૩માં નાણાપંચની ગ્રાન્ટ વપરાશની મુદત તા.૩૧-૦૩-૨૦૧૬ના

---------

મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના સહાય

* ૨૭૫૩૩ શ્રી ઋષિકેશ પટેલ (વિસનગર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૩૫૫૧ |
| ૨ | બેચરાજી | ૪૧૭ |
| ૩ | ખેરાલુ | ૫૨૩ |
| ૪ | વિસનગર | ૧૧૫૪ |
| ૫ | વિજાપુર | ૧૦૪૫ |
| ૬ | ઉંઝા | ૯૯૨ |
| ૭ | વડનગર | ૯૩૮ |
| ૮ | કડી | ૮૯૦ |
| ૯ | સતલાસણા | ૩૧૪ |
| ૧૦ | જોટાણા | ૬૨૫ |
| | કુલ | ૧૦૪૪૯ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં

આવેલ છે.

| | કુલ અરજીઓ |
|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેંદ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ કુલ અરજીઓ | ૧૦૦૫૨ |
| બેંકોએ મંજુર કરેલ અરજીઓ | ૩૪૭૦ |

(૩) તે અન્વયે કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

(૩) તે અન્વયે કુલ રૂ.૭૫૭.૧૪ લાખની સહાય મંજૂર કરવામાં આવેલ છે.

---------

## છોટાઉદેપુર અને નર્મદા જિલ્લામાં વિદ્યાલક્ષ્મી બોન્ડની ચુકવણી

* ૨૭૯૩૮ શ્રી ધીરુભાઈ ભીલ (સંખેડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર અને નર્મદા જિલ્લામાં તાલુકાવાર કન્યા કેળવણી ઉત્તેજન માટે અપાયેલ વિદ્યાલક્ષ્મી બોન્ડની પાકતી મુદતે કેટલી બાળાઓને અને કેટલી રકમ ચુકવવામાં આવી,

(૧)

| જિલ્લો | તાલુકાનું નામ | સને ૨૦૧૫-૧૬ | | સને ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિ) | |
|---|---|---|---|---|---|
| | | પાકતી મુદતે વિદ્યાલક્ષ્મી બોન્ડ ચુકકવાપાત્ર કન્યાઓની સંખ્યા | પાકતી મુદતે પાત્ર કન્યાઓને ચુકવેલ રકમ | પાકતી મુદતે વિદ્યાલક્ષ્મી બોન્ડ ચુકકવાપાત્ર કન્યાઓની સંખ્યા | પાકતી મુદતે પાત્ર કન્યાઓને ચુકવેલ રકમ |
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૧૧૫૯ | ૨૨૫૬૫૭૩ | ૧૬૯૭ | વર્ષ ૨૦૧૬-૧૭ માટેની વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ નિગમ તરફથી મલ્યેથી તાત્કાલિક ચુકવણી કરવામાં આવશે. |
| | કવાંટ | ૮૨૮ | ૧૬૧૨૧૧૬ | ૭૫૪ | |
| | પાવી જેતપુર | ૧૬૦૯ | ૩૧૩૨૭૨૩ | ૧૧૪૨ | |
| | સંખેડા | ૨૧૩ | ૪૧૪૭૧૧ | ૨૦૪ | |
| | નસવાડી | ૫૧૩ | ૯૯૮૮૧૧ | ૭૩૨ | |
| કુલ | | ૪૩૨૨ | ૮૪૧૪૯૩૪ | ૪૫૨૯ | |
| નર્મદા | નાંદોદ | ૪૪૩ | ૮૨૬૬૩૮ | ૩૦૯ | ૬૦૧૬૨૩ |
| | ડેડીયાપાડા | ૧૨૭૨ | ૨૩૭૩૫૫૨ | ૧૩૩૯ | ૨૬૦૭૦૩૩ |
| | સાગબારા | ૧૨૨ | ૨૨૭૬૫૨ | ૫૧૭ | ૧૦૦૬૫૯૯ |
| | તિલકવાડા | ૫૧૯ | ૯૬૮૪૫૪ | ૧૧૧ | ૨૧૬૧૧૭ |

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર પાકતી મુદતે કેટલી બાળાઓને રકમ ચુકવવાની બાકી છે, અને

(૨)

| જિલ્લો | તાલુકાનું નામ | સને ૨૦૧૫-૧૬ | | સને ૨૦૧૬-૧૭ (તા.૩૧-૧૨-૧૬ની સ્થિતિ) | |
|---|---|---|---|---|---|
| | | પાકતી મુદતે વિદ્યાલક્ષ્મી બોન્ડ | પાકતી મુદતે પાત્ર કન્યાઓને | પાકતી મુદતે વિદ્યાલક્ષ્મી બોન્ડ | પાકતી મુદતે પાત્ર કન્યાઓને |

| | | ચુકકવાપાત્ર કન્યાઓની સંખ્યા | ચુકવેલ રકમ | ચુકકવાપાત્ર કન્યાઓની સંખ્યા | ચુકવેલ રકમ |
|---|---|---|---|---|---|
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૧૧૫૯ | સને ૨૦૧૫–૧૬ માટેની વિદ્યાલક્ષ્મી બોન્ડની નિગમ તરફથી મળેલ રકમ તાલુકા કક્ષાએ ફાળવી દેવાયેલ છે. વિદ્યાલક્ષ્મી બોન્ડ મેળવવા પાત્ર કન્યાઓની વિગત મલ્યેથી દિન–૩૦ માં તાલુકા કક્ષાએથી ચુકવણી કરવામાં આવશે. | ૧૬૯૭ | વર્ષ ૨૦૧૬–૧૭ માટેની વિદ્યાલક્ષ્મી બોન્ડની રકમ નિગમ તરફથી મલ્યેથી તાત્કાલિક ચુકવણી કરવામાં આવશે. |
| | કવાંટ | ૮૨૮ | | ૭૫૪ | |
| | પાવી જેતપુર | ૧૬૦૯ | | ૧૧૪૨ | |
| | સંખેડા | ૨૧૩ | | ૨૦૪ | |
| | નસવાડી | ૫૧૩ | | ૭૩૨ | |
| | કુલ | ૪૩૨૨ | | ૪૫૨૯ | |
| નર્મદા | નાંદોદ | ઉક્ત સ્થિતિએ તમામ તાલુકામાં કોઈ રકમ ચુકવામાં બાકી નથી. | | ઉક્ત સ્થિતિએ તમામ તાલુકામાં કોઈ રકમ ચુકવામાં બાકી નથી. | |
| | ડેડીયાપાડા | | | | |
| | સાગબારા | | | | |
| | તિલકવાડા | | | | |

(૩) બાકી રકમ કેટલા સમયમાં ચુકવવામાં આવશે ?

(૩)

| | | |
|---|---|---|
| છોટા ઉદેપુર જિલ્લો | વર્ષ ૨૦૧૫–૧૬ માટેની વિદ્યાલક્ષ્મીની રકમ તાલુકા કક્ષાએ ફાળવી દેવાયેલ છે. સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીના જવાબ અનુસાર ખરાઈ કરવાની કામગીરી ચાલુ છે. અને દિન–૧૫ સુધીમાં ચુકવણું કરી દેવામાં આવશે. | વર્ષ ૨૦૧૬–૧૭ માટેની વિદ્યાલક્ષ્મી રકમ જિલ્લા કક્ષાએ આવેલ નથી. |
| નર્મદા જિલ્લો | બોન્ડની રકમ ચુકવેલ હોઈ જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | બોન્ડની રકમ ચુકવેલ હોઈ જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો |

| | | |
|---|---|---|
| | | નથી. |

---------

મહેમદાવાદ અને ખેડા તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટની સુવિધા

* ૨૭૯૪૬ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં મહેમદાવાદ તથા ખેડા તાલુકાની કેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટની સુવિધા છે,

(૧)

| તાલુકો | પ્રાથમિક | માધ્યમિક |
|---|---|---|
| મહેમદાવાદ | ૧૧૭ | ૮ |
| ખેડા | ૪૫ | ૩ |

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલી શાળાઓમાં આર.ઓ. પ્લાન્ટની સુવિધા બાકી છે ?

(૨)

| તાલુકો | પ્રાથમિક | માધ્યમિક |
|---|---|---|
| મહેમદાવાદ | ૫૧ | ૨૧ |
| ખેડા | ૩૬ | ૧૫ |

---------

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં ગૌચર વિનાના ગામો

* ૨૭૩૬૨ શ્રી મિતેશભાઈ ગરાસીયા (ઝાલોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલાં ગામોમાં બિલકુલ ગૌચર નથી,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં બિલકુલ ગૌચર નથી તેવા ગામો નીચે મુજબ છે.

| જિલ્લો | ગૌચર વિનાના ગામોની સંખ્યા |
|---|---|
| દાહોદ | ૧૨૦ |
| પંચમહાલ | ૧૭૬ |

(૨) ઉકત ગામોમાં બિલકુલ ગૌચર ન હોવાના મુખ્ય કારણો શા છે, અને

(૨) બંને જિલ્લાના ગામોમાં મૂળથી ગૌચર ઉપલબ્ધ ન હોવાથી.

(૩) ઉકત ગામોમાં ગૌચર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઈ આયોજન કર્યુ છે અને જો હા તો તેની વિગતો શી છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટરો બંધ હાલતમાં

* ૨૭૪૪૫ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાની ગરબાડા તાલુકાની ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટરો અન્વયે કેટલા કોમ્પ્યુટરો કેટલા સમયથી બંધ હાલતમાં છે, અને

(૧) એકપણ નહિં.

(૨) ઉકત બંધ કોમ્પ્યુટરોની મરામત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરી તેને પુનઃ કાર્યરત કરવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

નવસારી અને ડાંગ જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ

* ૨૬૯૯૦ શ્રી છનાભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં

(૧) વર્ષ ૨૦૧૨ થી.

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ક્યારથી અમલમાં છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો, અને

(૨)

| જિલ્લાનું નામ | આપેલ પ્રવેશ | |
|---|---|---|
| વર્ષ | ૨૦૧૪–૧૫ | ૨૦૧૫–૧૬ |
| નવસારી | ૩૫૦ | ૬૧૦ |
| ડાંગ | ૨૮ | ૧૩ |

(૩) જો ઉકત જિલ્લાઓમાં ઉકત એક્ટનું પાલન ન થતું હોય તો તે માટે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે મુખ્યત્વે શાં પગલાં લીધા ?

(૩) આર.ટી.ઈ. એક્ટનું પાલન થતું હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

કચ્છ જિલ્લાના લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકામાં રેવન્યુ વિલેજ જાહેર કરવાની માંગણી બાબત

* ૨૭૭૮૦ શ્રી શકિતસિંહજી ગોહિલ (અબડાસા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કચ્છ જિલ્લાના લખપત, અબડાસા અને નખત્રાણા તાલુકાના પાકિસ્તાનથી આવેલ પરિવારોને સરકારે વસાવેલ છે. તેમના ગામો (વાંઢો) ને રેવન્યુ વિલેજ જાહેર કરવા તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી માંગણી કે દરખાસ્તો સરકારને મળી, અને

(૨) તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ ૦૫ માંગણી સરકારને મળી છે.

(૨) સરકારના તા.૩૧–૦૧–૨૦૦૩ના પરિપત્રથી નક્કી થયેલ નીતિ અનુસાર જુદા જુદા અભિપ્રાયો મેળવીને દરખાસ્ત મોકલી આપવા સૂચના આપવામાં આવેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના

* ૨૭૫૩૭ શ્રી કેશુભાઈ નાકરાણી (ગારીયાધાર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) તે અન્વયે મુખ્યત્વે ક્યા પ્રકારની ટુલકીટ મંજુર કરવામાં આવી ?

જવાબ

(૧) અને (૨) ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ અને તે પૈકી મંજુર થયેલ અરજીઓ નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | આવેલ અરજીઓ | મંજુર થયેલ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ભાવનગર | ૪૩૬૦ | ૨૨૯૨ |
| ૨ | ઘોઘા | ૧૬૪ | ૧૧૦ |
| ૩ | પાલીતાણા | ૪૧૯ | ૨૨૦ |
| ૪ | જેસર | ૮૮ | ૬૩ |
| ૫ | મહુવા | ૬૮૩ | ૨૬૭ |
| ૬ | ઉમરાળા | ૧૮૮ | ૧૦૯ |
| ૭ | વલ્લભીપુર | ૨૯૨ | ૧૬૬ |
| ૮ | તળાજા | ૩૨૫ | ૧૭૩ |
| ૯ | ગારીયાધાર | ૧૯૨ | ૧૧૩ |
| ૧૦ | શિહોર | ૮૪૫ | ૨૮૭ |
| | કુલ | ૭૫૫૬ | ૩૮૦૦ |

(૩) વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૬ અન્વયે *જોડાણ–૧ અને *જોડાણ–૨ મુજબની ટુલકીટ મંજુર કરવામાં આવી.

ફાલ્ગુન ૮, ૧૯૩૮ શાકે

અતારાંકિત પ્રશ્નોત્તરી

(*જોડાણો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના બાળકો માટે રમત-ગમતના સાધનો

* ૨૮૧૦૩ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં વર્ષવાર પ્રાથમિક શાળામાં ભણતા બાળકો માટે આણંદ જિલ્લામાં રમત-ગમતનાં સાધનોની ખરીદી માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) રૂ.૪૧,૮૦,૦૦૦/- |
| (૨) ઉકત સ્થિતિએ ઉકત વર્ષવાર કેટલી રકમ ખર્ચ કરવામાં આવી, | (૨) ખરીદી પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોઈ, ખર્ચ કરવામાં આવેલ નથી. |
| (૩) આ ગ્રાન્ટો સમયસર ન વાપરવાનાં કારણો શું છે, | (૩) સાધનો નક્કી કરવામાં અને ટેન્ડર પ્રક્રિયા કરવામાં વહીવટી વિલંબ થવાના કારણે. |
| (૪) ગ્રાન્ટ માટે સમયમર્યાદા પૂર્ણ થયા બાદ ગ્રાન્ટ વાપરવા કોઈ મંજુરી માંગેલ છે કે કેમ, અને | (૪) હા, જી. |
| (૫) જો હા, તો ક્યારે મંજૂરી માંગી અને ઉકત મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ ? | (૫) જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી, આણંદની કચેરીના તા.૧૫-૦૩-૨૦૧૬ના પત્રથી મંજુરી માંગેલ અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરીના તા.૦૩-૦૯-૨૦૧૬ના પત્રથી મંજુરી આપવામાં આવેલ છે. |

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોના પોતાના મકાનો

* ૨૭૧૩૭ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી ગ્રામ પંચાયતોના પોતાના મકાનો નથી, અને

(૧) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં પોતાના મકાન નથી તેવી તાલુકાવાર ગ્રામ પંચાયતોની માહિતી આ મુજબ છે.

| મહીસાગર જિલ્લો | | પંચમહાલ જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકાનું નામ | પોતાના મકાન નથી | તાલુકાનું નામ | પોતાના મકાન નથી |
| લુણાવાડા | ૦૨ | ગોધરા | ૦૬ |
| સંતરામપુર | ૧૪ | શહેરા | ૦૩ |
| કડાણા | ૦૪ | મોરવા | ૦૧ |
| ખાનપુર | ૦૬ | કાલોલ | ૦૬ |
| વિરપુર | ૦૧ | હાલોલ | ૦૨ |
| બાલાશિનોર | ૦૪ | ઘોઘંબા | ૦૪ |
| - | - | જાંબુઘોડા | ૦૧ |
| કુલ | ૩૧ | કુલ | ૨૩ |

(૨) કેટલી પંચાયતોના મકાનો જર્જરીત તથા બિન ઉપયોગી છે ?

(૨) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જર્જરીત અને બિન ઉપયોગી ગ્રામ પંચાયતોની તાલુકાવાર માહિતી આ મુજબ છે.

| મહીસાગર જિલ્લો | | | પંચમહાલ જિલ્લો | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા | બિન ઉપયોગી | તાલુકાનું નામ | જર્જરીત ગ્રામ પંચાયતની સંખ્યા | બિન ઉપયોગી |
| લુણાવાડા | ૦૫ | ૦૦ | ગોધરા | ૭૪ | ૦૫ |
| સંતરામપુર | ૧૪ | ૦૦ | શહેરા | ૦૦ | ૩૩ |
| કડાણા | ૦૭ | ૦૦ | મોરવા | ૦૬ | ૦૦ |
| ખાનપુર | ૦૩ | ૦૦ | કાલોલ | ૦૭ | ૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વિરપુર | ૦૪ | ૦૦ | હાલોલ | ૧૮ | ૦૦ |
| બાલાશિનોર | ૦૭ | ૦૦ | ઘોઘંબા | ૧૪ | ૦૦ |
| – | – | – | જાંબુઘોડા | ૦૧ | ૦૦ |
| કુલ | ૪૦ | ૦૦ | કુલ | ૧૨૦ | ૩૮ |

---------

આણંદ જિલ્લામાં તલાટી કમ મંત્રીની ખાલી જગ્યાઓ

* ૨૮૦૮૩ શ્રી રાજેન્દ્રસિંહ પરમાર (બોરસદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર તલાટી કમ મંત્રીની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ખાલી જગ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | | |
|---|---|---|---|---|---|
| | | | ૧ વર્ષ સુધીની | ૧ થી ૩ વર્ષ સુધીની | ૩ વર્ષ ઉપરની |
| ૧ | આણંદ | ૧૬ | ૫ | ૦ | ૧૧ |
| ૨ | ઉમરેઠ | ૨ | ૨ | ૦ | ૦ |
| ૩ | બોરસદ | ૨૦ | ૧૨ | ૧ | ૭ |
| ૪ | આંકલાવ | ૫ | ૩ | ૦ | ૨ |
| ૫ | પેટલાદ | ૯ | ૫ | ૦ | ૪ |
| ૬ | સોજીત્રા | ૬ | ૨ | ૦ | ૪ |
| ૭ | ખંભાત | ૨૧ | ૬ | ૦ | ૧૫ |
| ૮ | તારાપુર | ૮ | ૪ | ૦ | ૪ |

(૨) ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ.

---------

સુરત અને તાપી જિલ્લામાં ગૌચર વિનાના ગામો

* ૨૭૪૬૦ શ્રી આનંદભાઈ ચૌધરી (વાંસદા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર કેટલાં ગામોમાં બિલકુલ ગૌચર નથી,

(૨) ઉકત ગામોમાં બિલકુલ ગૌચર ન હોવાના મુખ્યત્વે શાં કારણો છે, અને

(૩) ઉકત ગામોમાં ગૌચર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કોઈ આયોજન કર્યુ છે અને જો હા તો તેની વિગતો શી છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં બિલકુલ ગૌચર નથી તેવા ગામો નીચે મુજબ છે.

| જિલ્લો | ગૌચર વિનાના ગામોની સંખ્યા |
|---|---|
| સુરત | ૬૨ |
| તાપી | ૭૬ |

(૨) (૧) સુરત જિલ્લાના આ ગામોમાં પ્રથમથી જ ગૌચર ન હોવાથી.

(૨) તાપી જિલ્લાના ૨૧ ગામોમાં શરૂઆતથી જ ગૌચર જમીન નથી જ્યારે બાકીના ૫૫ ગામોમાં ઉકાઈ અસરગ્રસ્તોને પુનઃવસવાટ માટે જમીન સંપાદન કરી ફાળવતા તેમજ ઉકાઈ જળાશય યોજના માટે અંશતઃ જમીન સંપાદન થવાથી ગૌચર નથી.

(૩) હા, જી. ગૌચરની જમીનમાં ઘટાડો ન થાય તે માટે મહેસુલ વિભાગના તા.૧–૪–૨૦૧૫ના ઠરાવથી ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

---------

પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ઘરથાળના પ્લોટ માટેની અરજીઓ

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૬૯૨૩ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ૧૦૦ ચોરસ વારના ઘરથાળના પ્લોટ માટે કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલા લાભાર્થીઓને ૧૦૦ ચોરસ વારના પ્લોટ આપવામાં આવ્યા, અને તાલુકાવાર કેટલા લાભાર્થીઓને પ્લોટ આપવાના બાકી છે?

જવાબ

(૧) અને (૨) : સામેલ પત્રક મુજબ.

પ ત્ર ક

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | ફાળવેલ પ્લોટ | ફાળવવાના બાકી પ્લોટ |
|---|---|---|---|---|---|
| ૧ | પાટણ | (૧) પાટણ | ૨૬૫ | ૬૯ | ૦ |
| | | (૨) સરસ્વતી | ૦૩ | ૦ | ૦ |
| | | (૩)સિધ્ધપુર | ૮૮ | ૨૩ | ૦ |
| | | (૪) ચાણસ્મા | ૦ | ૦ | ૦ |
| | | (૫) હારીજ | ૨૫ | ૮ | ૦ |
| | | (૬) સમી | ૨ | ૦ | ૦ |
| | | (૭) શંખેશ્વર | ૦ | ૦ | ૦ |
| | | (૮) રાધનપુર | ૦ | ૦ | ૦ |
| | | (૯) સાંતલપુર | ૦ | ૦ | ૦ |
| | | કુલ | ૩૮૩ | ૧૦૦ | ૦ |
| | બનાસકાંઠા | (૧)પાલનપુર | ૧૭૨ | ૧૭૨ | ૦ |
| | | (૨)વડગામ | ૨૮૬ | ૧૦૪ | ૦ |
| | | (૩)દાંતા | ૪૨ | ૩૩ | ૭ |
| | | (૪)અમીરગઢ | ૧૦૧ | ૦ | ૦ |
| | | (૫)ડીસા | ૦ | ૦ | ૦ |
| | | (૬)દાંતીવાડા | ૦ | ૦ | ૦ |
| | | (૭)ધાનેરા | ૦ | ૦ | ૦ |
| | | (૮)થરાદ | ૫ | ૩ | ૦ |
| | | (૯)વાવ | ૦ | ૦ | ૦ |
| | | (૧૦)દિયોદર | ૧૨૭ | ૬૦ | ૦ |
| | | (૧૧)ભાભર | ૦ | ૦ | ૦ |
| | | (૧૨)કાંકરેજ | ૧૧ | ૭ | ૦ |
| | | (૧૩)લાખણી | ૬૧ | ૬૧ | ૦ |
| | | (૧૪)સૂઈગામ | ૦ | ૦ | ૦ |

---------

### ખેડા અને આણંદ જિલ્લાના ગામોમાં ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટર

* ૨૬૯૩૯ શ્રી રામસિંહ પરમાર (ઠાસરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે, અને

(૨) ઉકત ફાળવવામાં આવેલ એક કોમ્પ્યુટરની કિંમત કેટલી છે ?

જવાબ

(૧) આણંદ જિલ્લાની ૪૨૧ અને ખેડા જિલ્લાની ૬૪ ગ્રામ પંચાયતોમાં.

(૨) રૂ.૩૮૯૫૦.૦૦

---------

### તાપી અને વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં વર્ગખંડની ઘટ

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## અતારાંકિત પ્રશ્નોત્તરી

* ૨૬૯૭૪ શ્રી પુનાભાઈ ગામીત (વ્યારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ તાપી અને વલસાડ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા વર્ગખંડોની ઘટ છે, અને

(૨) ઉકત ઘટતા વર્ગખંડ કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

જવાબ

(૧)

| જિલ્લો | ખુટતા વર્ગખંડોની સંખ્યા |
|---|---|
| તાપી | ૧૪૭ |
| વલસાડ | ૫૩૯ |

(૨) ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઈ એકટની જોગવાઈ મુજબ જરૂરી વર્ગખંડો આગામી વર્ષોમાં તબકકાવાર બાંધવામાં આવશે.

---------

### સાબરકાંઠા જિલ્લામાં કાંટાળી વાડની યોજના

* ૨૮૦૭૦ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ખેડુતોને ખેતર ફરતે કાંટાળી વાડ તૈયાર કરવાની યોજના હેઠળ કેટલી રકમની તાલુકાવાર જોગવાઈ કરેલી છે, અને

(૨) તે પૈકી કેટલા ખેડુતોને કેટલી રકમ વર્ષવાર તાલુકાવાર સહાય કરવામાં આવી ?

જવાબ

(૧) આ યોજના હેઠળ રકમની જોગવાઈ જિલ્લાવાર થાય છે, તાલુકાવાર નહીં. સાબરકાંઠા જિલ્લામાં નીચે મુજબની વિગતે રકમની જોગવાઈ કરેલી છે.

| તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ |
|---|---|
| ૩.૯૮.૭૫ લાખ | ૩.૧૯૧.૫૮ લાખ |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ | |
|---|---|---|---|---|---|
| | | ખેડુતોની સંખ્યા | સહાયની રકમ (રૂ.લાખમાં) | ખેડુતોની સંખ્યા | સહાયની રકમ (રૂ.લાખમાં) |
| ૧ | ઈડર | ૪૩ | ૧૪.૦૫ | ૩૭ | ૧૬.૧૮ |
| ૨ | વડાલી | ૦૧ | ૦.૯૭ | ૦૦ | ૦૦ |
| ૩ | પ્રાંતિજ | ૩૫ | ૧૦.૫૫ | ૧૦ | ૨.૫૩ |
| ૪ | હિંમતનગર | ૬૦ | ૧૭.૯૮ | ૧૦૨ | ૩૨.૮૨ |
| ૫ | તલોદ | ૩૨ | ૫.૬૭ | ૩૮ | ૧૧.૮૫ |

---------

### જામનગર જિલ્લામાં ગુણોત્સવવાર અત્યંત નબળી પ્રાથમિક શાળાઓ

* ૨૭૧૦૦ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં યોજાયેલ ગુણોત્સવવાર જામનગર જિલ્લામાં કેટલી શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઈ, અને

(૨) ઉકત શાળાઓનું શિક્ષણ સુધારવા રાજ્ય સરકારે ઉકત સમયગાળામાં શાં પગલાં લીધાં ?

જવાબ

(૧)

| વર્ષ | ગુણોત્સવ | નબળી શાળાઓ | અત્યંત નબળી શાળાઓ |
|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ગુણોત્સવ–૫ | ૩૪૨ | ૧૧૫ |
| ૨૦૧૫–૧૬ | ગુણોત્સવ–૬ | ૩૨ | ૧૦ |

(૨) રાજ્ય સરકારે લીધેલ પગલાં–

૧. ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય કરવામાં આવે છે. તેમજ તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે.

૨. દરેક પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતાં દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવે છે.

૩. ધોરણ–૬ થી ૮ માં કઠીન મુદ્દાઓના સરળીકરણ માટે સીઆરસી બેઠક કરવામાં આવે છે.

૪. દરેક શાળામાં અઠવાડિયામાં એકવાર રમત–ગમત/યોગ/વ્યાયામનું આયોજન કરવામાં આવે છે.

૫. શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરેલ છે.

૬. દરેક શાળા ફરજીયાત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરે તેવું આયોજન કરવામાં આવેલ છે.

૭. જિલ્લામાં તમામ સી.આર.સી. કો.ઓર્ડીનેટરને ગુણોત્સવ ગ્રેડ સુધારવા બાબતે સઘન તાલીમ આપવામાં આવે છે.

૮. દરેક શિક્ષક વિષયવાર પ્રોજેકટસ વિદ્યાર્થીઓ પાસે તૈયાર કરાવે તેવું સઘન આયોજન કરેલ છે.

૯. જિલ્લામાં તમામ શાળાઓમાં વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓ સુધી પહોંચાડવામાં આવે છે.

૧૦. ગુણવત્તા સુધારણા અંગે વખતોવખત આપવામાં આવેલ સૂચનાઓની અમલવારી કરાવવામાં આવે છે.

૧૧. આ બાબતે મોનીટરીંગ/હેન્ડ હોલ્ડીંગ પોતાની તાબાની શાળાઓમાં સીઆરસી/બીઆરસી કો.ઓર્ડીનેટરને તેમજ બીટ કેળવણી નિરીક્ષકશ્રીઓને કરવા જણાવવામાં આવેલ છે.

---------

વલસાડ જિલ્લામાં વન વિસ્તાર

* ૨૭૩૮૦ શ્રી ઈશ્વરભાઈ પટેલ (ધરમપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સરકારે ઠરાવેલ ચોક્કસ વન વિસ્તાર કરતા ઓછો વન વિસ્તાર છે તે હકિકત સાચી છે, અને | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉકત સ્થિતિએ ઉકત જિલ્લામાં કેટલો વન વિસ્તાર છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મહીસાગર જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રોજગારી

* ૨૭૦૨૦ શ્રી માનસિંહ ચૌહાણ (બાલાશીનોર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલાને રોજગારી આપવામાં આવી, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મનરેગા યોજના હેઠળ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર નીચેની વિગતે રોજગારી આપવામાં આવી. |

| ક્રમ | તાલુકાનું નામ | રોજગારી આપવામાં આવેલ કુટુંબોની સંખ્યા | |
|---|---|---|---|
| | | તા.૦૧–૦૧–૨૦૧૫ થી તા.૩૧–૧૨–૨૦૧૫ | તા.૦૧–૦૧–૨૦૧૬ થી તા.૩૧–૧૨–૨૦૧૬ |
| ૧ | બાલાશીનોર | ૩૩૯૫ | ૩૩૩૫ |
| ૨ | કડાણા | ૫૭૭૦ | ૧૯૬૬૯ |

| | | | |
|---|---|---|---|
| ૩ | ખાનપુર | ૩૯૯૮ | ૧૫૮૨૨ |
| ૪ | લુણાવાડા | ૩૦૯૬ | ૧૩૬૭૫ |
| ૫ | સંતરામપુર | ૭૩૬૯ | ૨૪૪૯૧ |
| ૬ | વિરપુર | ૧૩૯૫ | ૩૨૭૦ |
| | કુલ | ૨૫૦૨૩ | ૮૦૨૬૨ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૨) વર્ષવાર નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| ક્રમ | તાલુકાનું નામ | થયેલ ખર્ચ રકમ (રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | તા.૦૧-૦૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૫ | તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬ |
| ૧ | બાલાશીનોર | ૯૫.૯૩ | ૧૧૭.૩૪ |
| ૨ | કડાણા | ૯૯.૦૬ | ૫૬૬.૫૫ |
| ૩ | ખાનપુર | ૫૦.૫૩ | ૪૨૦.૯૬ |
| ૪ | લુણાવાડા | ૪૧.૦૬ | ૪૨૧.૫૫ |
| ૫ | સંતરામપુર | ૭૭.૧૫ | ૬૧૦.૨૩ |
| ૬ | વિરપુર | ૨૫.૧૧ | ૭૭.૫૪ |

---------

બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો

* ૨૭૪૧૭ શ્રી મણિલાલ વાઘેલા (વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલી ગ્રામ પંચાયતોને સમરસ જાહેર કરી, અને

(૨) તે અન્વયે ઉક્ત યોજના અંતર્ગત કુલ કેટલી રકમ ઉક્ત સ્થિતિ સુધીમાં પ્રોત્સાહક ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે?

જવાબ

(૧) કુલ :-૯૧ (એકાણું)
બનાસકાંઠા – ૬૬ (છાંસઠ)
પાટણ – ૨૫ (પચ્ચીસ)

| ક્રમ | જિલ્લાનું નામ | સમરસ થયેલ ગ્રામ પંચાયતોની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૧૫-૧૬ | ૨૦૧૬-૧૭ |
| ૧ | બનાસકાંઠા | ૦ | ૬૬ |
| ૨ | પાટણ | ૦ | ૨૫ |
| | કુલ: | ૦ | ૯૧ |

(૨) તા. ૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ ગ્રાન્ટ ફાળવવામાં આવેલ નથી.

---------

આજવા થીમ પાર્કને રાજ્ય સરકારે આપેલ મંજૂરી

* ૨૭૧૭૪ શ્રી સૌરભ પટેલ (અકોટા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ વડોદરા શહેરના આજવા થીમ પાર્કને રાજ્ય સરકારે મંજૂરી આપેલ છે તે વાત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત થીમ પાર્કની કામગીરી માટે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં ઉક્ત સ્થિતિ સુધીમાં રાજ્ય સરકારે કેટલી રકમ ફાળવેલ છે,

જવાબ

(૧) હા, જી.

(૨) ઉક્ત થીમ પાર્કની કામગીરી માટે વર્ષ ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના વર્ષમાં ઉક્ત સ્થિતિ સુધીમાં રાજ્ય સરકારે નીચે મુજબની રકમ ફાળવેલ છે.

| | |
|---|---|
| ૨૦૧૫-૧૬ | ૨૫૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૫૦૦૦ |

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી રકમ વપરાઈ છે અને કેટલી રકમ વણવપરાયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ વપરાયેલ અને વણવપરાયેલ રકમ નીચે મુજબ છે.

| વર્ષ | (રકમ રૂપિયા લાખમાં) | |
|---|---|---|
| | વપરાયેલ | વણવપરાયેલ |
| ૨૦૧૫-૧૬ | ૦ | ૨૫૦૦ |
| ૨૦૧૬-૧૭ | ૧૩.૬૫ | ૪૯૮૬.૩૫ |

(૪) ઉક્ત થીમ પાર્ક ક્યારથી કાર્યાન્વિત થશે ?

(૪) વર્ષ ૨૦૧૮ના અંત સુધીમાં કાર્યાન્વિત થવાની શક્યતા છે

---------

મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓની ઘટ

* ૨૮૦૫૫ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે એક ઓરડા/વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બાળકો બેસાડવામાં આવતા હોય તેવી કેટલી શાળાઓ છે, અને

(૨) ઉક્ત શાળાઓના બધા વર્ગના બાળકો અલગ-અલગ વર્ગખંડમાં બેસી શકે તે માટે ક્યાં સુધીમાં જરૂરત મુજબના વર્ગખંડો બાંધવામાં આવશે?

જવાબ

(૧) ૧૩૮.

(૨) ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઇ એક્ટની જોગવાઈ મુજબ જરૂરી વર્ગખંડો આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

---------

દાહોદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના સહાય

* ૨૭૫૩૯ શ્રી રમેશભાઈ કટારા (ફતેપુરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

જવાબ

(૧) દાહોદ જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર અગાઉની પડતર સહિત નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | દાહોદ | ૨૩૪૭ |
| ૨ | ઝાલોદ | ૧૫૫૦ |
| ૩ | દેવ. બારીયા | ૮૧૬ |
| ૪ | ફતેપુરા | ૮૫૭ |
| ૫ | લીમખેડા | ૧૧૭૧ |
| ૬ | ગરબાડા | ૬૯૧ |
| ૭ | ધાનપુર | ૨૯૦ |
| ૮ | સંજેલી | ૨૬૪ |
| | કુલ | ૭૯૮૬ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે.

| | કુલ અરજીઓ |
|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેંદ્ર દ્વારા બેંકોને ભલામણ કરેલ અરજીઓ | ૫૯૧૬ |
| બેંકોએ મંજૂર કરેલ અરજીઓ | ૧૯૮૮ |

(૩) તે અન્વયે કેટલી રકમની સહાય મંજૂર કરવામાં

(૩) તે અન્વયે કુલ ` ૫૧૨.૬૮ લાખની સહાય મંજૂર

આવી? | કરવામાં આવી.

---------

મહીસાગર અને પંચમહાલ જીલ્લાના ગામોમાં ગ્રામ પંચાયતોને ફાળવેલ કોમ્પ્યુટર

* ૨૬૮૪૬ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા ગામોમાં ગ્રામ પંચાયતોમાં કોમ્પ્યુટર ફાળવવામાં આવેલ છે, અને | (૧) મહીસાગર જિલ્લાની ૧૫૮ અને પંચમહાલ જિલ્લાની ૪૩૩ ગ્રામ પંચાયતોમાં. |
| (૨) ઉક્ત ફાળવવામાં આવેલ એક કોમ્પ્યુટરની કિંમત કેટલી છે ? | (૨) રૂ. ૪૦૮૯૭.૫૦ |

---------

પ્રવાસન વિભાગે સિધ્ધપુર ખાતે શરૂ કરેલ હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ

* ૨૬૮૮૫ શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પ્રવાસન વિભાગે સિધ્ધપુર ખાતે હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ શરૂ કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. (ઓક્ટોબર–૨૦૧૬થી). |
| (૨) જો હા તો તે અન્વયે ઉક્ત ઈન્સ્ટીટ્યુટમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, અને | (૨) આ ઈન્સ્ટીટ્યુટ મીડ ટર્મ (માહે ઓક્ટોબર–૨૦૧૬થી શરૂ થયેલ હોઈ, હાલમાં પ્રાથમિક તબક્કે ચાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૩) |

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૧૫ | –– |
| ૨૦૧૬ | ૦૮ |

---------

ગાંધીનગર જિલ્લામાં લેન્ડ કમીટીઓની બેઠકો

* ૨૭૮૧૩ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર લેન્ડ કમીટીઓની કેટલી બેઠકો મળી, અને | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિૅએ છેલ્લા બે વર્ષમાં |

| ક્રમ | તાલુકો | મળેલ લેન્ડ કમીટી |
|---|---|---|
| ૧ | દહેગામ | ૦ |
| ૨ | માણસા | ૧ |
| ૩ | કલોલ | ૦ |
| ૪ | ગાંધીનગર | ૨ |
| | કુલ | ૩ |

| | |
|---|---|
| (૨) એ અન્વયે કેટલા લાભાર્થીઓને કયા પ્રકારના પ્લોટ ફાળવવામાં આવ્યા ? | (૨) કુલ–૨૫ લાભાર્થીઓને ૧૦૦ ચોરસ વારનાં પ્લોટ ફાળવવામાં આવ્યા છે. |

---------

મોરબી અને ટંકારા તાલુકાની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશની સહાય

* ૨૬૭૬૭ શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મોરબી જિલ્લાના મોરબી તાલુકાના ખાનપર, કોયલી, રામગઢ, કૃષ્ણનગર તથા ધુળકોટ પ્રાથમિક | (૧) |

| તાલુકાનું | પ્રાથમિક | અનુ.જનજાતિના |
|---|---|---|

શાળા અને ટંકારા તાલુકાના ગજડી પ્રાથમિક શાળામાં સને ૨૦૧૬–૧૭ ના વર્ષમાં તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ અનુસુચિત જનજાતિના કેટલા બાળકો અભ્યાસ કરે છે,

| નામ | શાળા | વિદ્યાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| મોરબી | ખાનપર | ૫૧ |
| | કોયલી | ૧૩ |
| | રામગઢ | ૧૪ |
| | કૃષ્ણનગર | ૨૩ |
| | ધૂળકોટ | ૩૯ |
| ટંકારા | ગજડી | ૨૯ |
| કુલ | | ૧૬૯ |

(૨) તે પૈકી કેટલા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ચુકવવામાં આવેલ છે,

(૨) તમામ ૧૬૯ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તથા ૧૫૪ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય ચુકવવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા વિદ્યાર્થીઓને સહાય ચુકવવાની બાકી છે અને તેના શા કારણો છે, અને

(૩) ગણવેશ સહાયમાં બાકી રહેલ ૧૫ વિદ્યાર્થીઓને ચુકવણી કરી દેવામાં આવી છે.

(૪) ઉક્ત બાકી તમામ વિદ્યાર્થીઓને સહાય ક્યાં સુધીમાં ચુકવવામાં આવનાર છે ?

(૪) પૂરેપુરી ચુકવણી કરવામાં આવેલ છે.

---------

### પંચમહાલ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓને રમત–ગમતના સાધનો માટે ફાળવેલ ગ્રાન્ટ

* ૨૭૧૨૨ શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને રમત–ગમતનાં સાધનો ખરીદવા કુલ કેટલી રકમ ફાળવી, અને

(૧) રૂ. ૧૩૩૧.૭૨ લાખની રકમ.

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર પંચમહાલ જિલ્લામાં રમત–ગમતના કેટલી રકમનાં સાધનો પુરાં પાડવામાં આવ્યા છે ?

(૨) સાધનોની ખરીદ પ્રક્રિયા પૂર્ણ થયેલ ન હોઈ, સાધનો પુરાં પાડવામાં આવેલ નથી.

---------

### પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોનું વિભાજન

* ૨૮૨૧૩ શ્રી જેઠાભાઈ ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવાની દરખાસ્ત કયા તબક્કે પડતર છે,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાની ગોલ્લાવ ગ્રામ પંચાયત વિભાજનની એક દરખાસ્ત વિચારણાધિન છે.

(૨) તે પૈકી કેટલી દરખાસ્તો કેટલા સમયથી પડતર છે, અને

(૨) આ દરખાસ્ત સાત માસથી પડતર છે.

(૩) ઉક્ત પડતર દરખાસ્તો મંજુર કરી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવા શું આયોજન છે ?

(૩) નામ. સીવીલ કોર્ટમાંથી આખરી નિર્ણય થયેથી નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

### ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં ગૌચર વિનાના ગામો

* ૨૭૯૨૩ શ્રી મહેન્દ્રસિંહ બારૈયા (પ્રાંતિજ) : માનનીય મહેસુલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જીલ્લામાં જીલ્લાવાર કેટલા ગામોમાં બિલકુલ ગૌચર નથી,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર અને મહેસાણા જીલ્લામાં બિલકુલ ગૌચર નથી તેવા ગામો નીચે મુજબ છે.

| જિલ્લો | ગૌચર વિનાના ગામોની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| ગાંધીનગર | ૩૧ |
| મહેસાણા | ૨૦ |

(૨) ઉક્ત ગામોમાં બિલકુલ ગૌચર ન હોવાના શાં કારણો છે, અને

(૨) (૧) ગાંધીનગર જિલ્લાના ગામોમાં ગૌચર ન હોવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

(૧) શહેરીકરણ થવાથી.

(૨) પહેલેથી જ ગૌચર ન હોવાથી.

(૨) મહેસાણા જિલ્લાના ગામોમાં ગૌચર ન હોવાના મુખ્યત્વે કારણો નીચે મુજબ છે.

(૧) નવિન ગામ બનેલા હોવાથી.

(૨) સરકારી પડતર જમીન ન હોવાથી.

(૩) ઉક્ત ગામોમાં ગૌચર ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ આયોજન કર્યુ છે અને જો હા તો તેની વિગતો શી છે ?

(૩) હા જી, ગૌચરની જમીનમાં ઘટાડો ન થાય તે માટે મહેસુલ વિભાગના તા. ૧-૪-૨૦૧૫ના ઠરાવથી ગૌચરની જમીનના વ્યવસ્થાપન કરવા અંગેની નીતિ અમલમાં મુકવામાં આવેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં ટ્રસ્ટ સંચાલિત નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓને ગ્રાન્ટેડ કરવાની માંગણી

* ૨૮૦૩૫ શ્રી મહેશકુમાર પટેલ (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન — જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૫ની શિથતિએ બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર ટ્રસ્ટ સંચાલિત કેટલી નોન-ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાઓ કાર્યરત છે,

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | માધ્યમિક કન્યા શાળાની સંખ્યા | ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૦૨ | ૦૨ |
| ૨ | ડીસા | ૦૧ | ૦૧ |
| ૩ | થરાદ | ૦૦ | ૦૦ |
| ૪ | વાવ | ૦૦ | ૦૦ |
| ૫ | સુઈગામ | ૦૦ | ૦૦ |
| ૬ | ભાભર | ૦૧ | ૦૧ |
| ૭ | દિયોદર | ૦૧ | ૦૦ |
| ૮ | કાંકરેજ | ૦૦ | ૦૦ |
| ૯ | ધાનેરા | ૦૧ | ૦૦ |
| ૧૦ | દાંતીવાડા | ૦૧ | ૦૧ |
| ૧૧ | અમીરગઢ | ૦૧ | ૦૧ |
| ૧૨ | દાંતા | ૦૦ | ૦૦ |
| ૧૩ | વડગામ | ૦૦ | ૦૦ |
| ૧૪ | લાખાણી | ૦૦ | ૦૦ |

(૨) તે પૈકી કેટલી શાળાઓની ગ્રાન્ટેડ કરવાની માગણી કે દરખાસ્ત કેટલા સમયથી પડતર છે,

(૨) નોન-ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળા તરીકે તબદીલ કરવાની સરકારશ્રીની નીતિ અમલમાં ન હોઈ, નોન-ગ્રાન્ટેડ શાળાઓને ગ્રાન્ટેડ શાળામાં તબદીલ કરવાની માંગણી પડતર રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઉક્ત માગણી કે દરખાસ્ત પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) તેનો ક્યાં સુધીમાં નિર્ણય કરવામાં આવનાર છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અરવલ્લી જિલ્લાઓમાં પ્રાથમિક શાળાઓના ગ્રેડ

* ૨૮૧૪૦ શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા (બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૭ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર છેલ્લે ક્યારે ગુણોત્સવ યોજાયેલ, અને

(૧)

| તાલુકો | ગુણોત્સવની તારીખ |
|---|---|
| મોડાસા | ૧૬–૧–૨૦૧૭<br>૧૭–૧–૨૦૧૭<br>૧૮–૧–૨૦૧૭ |
| માલપુર | ૧૬–૧–૨૦૧૭<br>૧૭–૧–૨૦૧૭<br>૧૮–૧–૨૦૧૭ |
| ધનસુરા | ૧૬–૧–૨૦૧૭<br>૧૭–૧–૨૦૧૭<br>૧૮–૧–૨૦૧૭ |
| બાયડ | ૧૬–૧–૨૦૧૭<br>૧૭–૧–૨૦૧૭<br>૧૮–૧–૨૦૧૭ |
| ભિલોડા | ૧૬–૧–૨૦૧૭<br>૧૭–૧–૨૦૧૭<br>૧૮–૧–૨૦૧૭ |
| મેઘરજ | ૧૬–૧–૨૦૧૭<br>૧૭–૧–૨૦૧૭<br>૧૮–૧–૨૦૧૭ |

(૨) તે અન્વયે તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓ એ.બી.સી. ગ્રેડમાં છે ?

(૨) હજુ પરિણામ પ્રસિધ્ધ થયેલ ન હોઈ, ગ્રેડ આપી શકાય તેમ નથી.

---------

ગાંધીનગર જિલ્લામાં મહેસુલ કચેરીમાં ભ્રષ્ટાચારની મળેલ ફરીયાદો

* ૨૭૮૩૯ શ્રી બળદેવજી ઠાકોર (કલોલ) : માનનીય મંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી તેમજ મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચાર બાબતે કેટલી ફરીયાદો સરકારને મળેલ છે,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા ૨ વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી તેમજ મામલતદાર કચેરીમાં ભ્રષ્ટાચાર બાબતે ૮૦ ફરીયાદો સરકારને મળેલ છે,

(૨) ઉક્ત મળેલ ફરીયાદો પૈકી કેટલી ફરીયાદોમાં સરકાર દ્વારા શા પગલા ભરવામાં આવ્યા, અને

(૨) ૫ અરજીઓ દફ્તરે કરવામાં આવેલ છે. ૭૫ અરજીઓ પરત્વે તપાસ ચાલુ છે.

(૩) ઉક્ત મળેલ ફરીયાદો પૈકી કેટલી ફરીયાદો દફ્તરે કરવામાં આવી ?

(૩) ૫ અરજીઓ દફ્તરે કરવામાં આવી.

---------

સર્વ શિક્ષા અભિયાન હેઠળ રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ રકમ

* ૨૬૭૭૯ શ્રી જવાહરભાઈ ચાવડા (માણાવદર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭

અતારાંકિત પ્રશ્નોત્તરી

(૧) સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં સર્વ શિક્ષા અભિયાનના અમલીકરણ અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા કેટલી રકમ રાજ્ય સરકારને મળી, અને

(૧) રૂ. ૬૮૬૯૨.૫૫ લાખ.

(૨) તે પૈકી કેટલી રકમ કઈ એજન્સી મારફતે તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં વપરાઈ છે ?

(૨) રૂ. ૭૮૮૬૭.૧૧ લાખ

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ (સર્વ શિક્ષા અભિયાન) એજન્સી મારફત આ રકમ વાપરવામાં આવી છે. જેમાં રાજ્ય સરકારની ગ્રાન્ટમાંથી રૂ. ૧૦૧૭૪.૫૬ લાખનો સમાવેશ થાય છે.

---------

કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવેલ અનાજનો જથ્થો

* ૨૭૩૨૭ શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને કયા પ્રકારના અનાજનો કેટલો જથ્થો ફાળવવામાં આવ્યો, અને

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ અનાજનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | વર્ષ | ફાળવણી | | કુલ |
|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | |
| ૧ | ૧-૧-૧૫થી ૩૧-૧૨-૧૫ (લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ) | ૧૭૪૬૪૪૧ | ૫૨૦૬૪૧ | ૨૨૬૭૦૮૨ |
| ૨ | ૧-૧-૧૬ થી ૩૧-૩-૧૬ (લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ) | ૪૬૮૭૭૧ | ૯૩૧૪૭ | ૫૬૧૯૧૮ |
| ૩ | ૧-૪-૧૬થી ૩૧-૧૨-૧૬ (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ) | ૧૨૬૧૪૬૭ | ૩૬૦૪૮૯ | ૧૬૨૧૯૫૬ |

(૨) ઉક્ત ફાળવેલ અનાજના જથ્થા સામે રાજ્ય સરકારે વર્ષવાર કેટલો અનાજનો જથ્થો ઉપાડ્યો ?

(૨) રાજ્ય સરકારે તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબ અનાજના જથ્થાનો ઉપાડ કરેલ છે.

(આંકડા મે.ટનમાં)

| ક્રમ | વર્ષ | ફાળવણી | | કુલ |
|---|---|---|---|---|
| | | ઘઉં | ચોખા | |
| ૧ | ૧-૧-૧૫થી ૩૧-૧૨-૧૫ (લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ) | ૧૬૭૮૩૧૪ | ૫૧૦૦૫૮ | ૨૧૮૮૩૭૨ |
| ૨ | ૧-૧-૧૬ થી ૩૧-૩-૧૬ (લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ) | ૪૬૮૭૭૧ | ૯૩૧૪૭ | ૫૬૧૯૧૮ |
| ૩ | ૧-૪-૧૬થી ૩૧-૧૨-૧૬ (રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩ હેઠળ) | ૧૨૬૦૧૦૭ | ૩૬૦૪૮૯ | ૧૬૨૦૫૯૬ |

---------

રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયનું શિક્ષણ

* ૨૮૪૫૩ ડૉ. અનિલ જોષીયારા (ભિલોડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં બાળકોને અંગ્રેજી વિષયનું શિક્ષણ આપવા સરકારી પ્રાથમિક શિક્ષકોની ભરતીમાં ભાષા શબ્દ હોવાના કારણે અંગ્રેજી સિવાયના શિક્ષકોની ભરતી જ વધારે થાય છે એ હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો અંગ્રેજી વિષયનું શિક્ષણ ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળાઓમાં બાળકોને મળે તે માટે સરકારનું શું આયોજન છે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭
અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગુણોત્સવ

* ૨૬૯૩૩ શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થયેલ ગુણોત્સવવાર અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લામાં જીલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓ નબળી અને અત્યંત નબળી જણાઈ, અને

(૨) ઉક્ત શાળાઓનું શિક્ષણ સુધારવા રાજ્ય સરકારે મુખ્યત્વે શાં પગલાં લીધાં ?

જવાબ

(૧)

| જીલ્લો | વર્ષ ૨૦૧૪–૧૫ | | વર્ષ ૨૦૧૫–૧૬ | |
|---|---|---|---|---|
| | નબળી શાળાઓ (સી–ગ્રેડ) | અત્યંત નબળી શાળાઓ (ડી–ગ્રેડ) | નબળી શાળાઓ (સી–ગ્રેડ) | અત્યંત નબળી શાળાઓ (ડી–ગ્રેડ) |
| અરવલ્લી | ૮૯ | ૩૦ | ૭ | ૬ |
| સાબરકાંઠા | ૨૮ | ૦૦ | ૧૯ | ૧૦ |

(૨) સરકારે લીધેલાં પગલાં :–

(૧) વાંચન, લેખન અને ગણનમાં પ્રાથમિક શાળામાં ૦ થી ૪ ગુણ ધરાવતા દરેક બાળક માટે રેમેડિયલ વર્ગ શરૂ કરવામાં આવેલ છે.

(૨) ઉપચારાત્મક કાર્યક્રમ દ્વારા અતિશય નબળી શાળાઓનો સમય એક કલાક વધારી વધારાનું શિક્ષણ કાર્ય અને તેનું સુચારૂ અમલીકરણ અને સઘન મોનીટરીંગ કરવામાં આવે છે.

(૩) શાળાઓમાં ભૌતિક સુવિધાઓની ઘટનો તાત્કાલિક નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવામાં આવે છે.

(૪) શાળા વ્યવસ્થાપન સમિતિને સક્રિય કરી તેમની જરૂરીઆત અનુરૂપ પરામર્શ કરી જરૂરી સહયોગ આપવામાં આવે છે.

(૫) દરેક શાળામાં ફરજીઆત વાલી સંમેલન, વાર્ષિકોત્સવ અને શૈક્ષણિક પ્રવાસ કરવામાં આવે તેના પર ભાર મુકવામાં આવ્યો છે.

(૬) વાંચન, લેખન અને ગણન જેવી પ્રવૃત્તિઓ કરતી વખતે બાળકોને સતત પ્રોત્સાહન આપી જાહેરમાં તેમને બિરદાવીને શિક્ષણમાં સારા પરિણામ માટે પ્રયત્નો કરવામાં આવે છે.

---------

ખેડા જિલ્લામાં તાલુકાવાર સર્વ શિક્ષા અભિયાન મિશન હેઠળ રકમનો ખર્ચ બાબત

* ૨૭૯૪૭ શ્રી ગૌતમભાઈ ચૌહાણ (મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર સર્વ શિક્ષા અભિયાન હેઠળ મુખ્યત્વે કયા પ્રકારના કામો માટે વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ મહેમદાવાદ તથા ખેડા તાલુકા ખાતે વર્ષવાર કેટલો ખર્ચ કયા ગામોમાં કયા કામો પાછળ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૫–૧૬માં પત્રક–૧ મુજબ
વર્ષ ૨૦૧૬–૧૭માં પત્રક–૨ મુજબ

(૨) વર્ષ ૨૦૧૫–૧૬માં *પત્રક–૩ મુજબ
વર્ષ ૨૦૧૬–૧૭માં *પત્રક–૪ મુજબ.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## અતારાંકિત પ્રશ્નોત્તરી

---------

### ગરબાડા તાલુકામાં ગાંગરડા અને સીમળીયા બે ગામ વચ્ચે એક તલાટી

* ૨૭૪૪૬ શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા (ગરબાડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલ ગાંગરડા અને સીમળીયા બુઝર્ગ એમ બે ગામો વચ્ચે એક જ તલાટી કેટલા સમયથી હવાલો સંભાળે છે, અને

(૨) ઉક્ત બન્ને ગ્રામ પંચાયતોને અલગ અલગ તલાટી ફાળવવા સરકારે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા ?

**જવાબ**

(૧) બન્ને ગ્રામ પંચાયત વચ્ચે એક જ તલાટીની જગ્યા મંજૂર છે.

(૨) ગાંગરડા અને સીમળીયા ગ્રામ પંચાયતનો સેજો એક હોઈ એક તલાટી ફાળવવાનો રહે છે. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### નવસારી અને ડાંગ જિલ્લામાં ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો

* ૨૬૯૯૧ શ્રી છનાભાઇ ચૌધરી (વાસંદા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ નવસારી અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો થયેલ છે,અને

(૨) ઉક્ત સ્થિતિએ સરકારે ઉક્ત દબાણો દૂર કરવા છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધાં અને કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી ?

**જવાબ**

(૧) નવસારી અને ડાંગ જિલ્લામાં ગૌચરની જમીનમાં કોઈ ગેરકાયદેસર દબાણ થયેલ નથી.

(૨) ઉપરોક્ત મુજબની હકીકત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ઈ–ગ્રામ અંતગર્ત ગ્રામ અને ગામ સોફ્ટવેરનો કોન્ટ્રાક્ટ આપવા બાબત

* ૨૮૧૦૪ શ્રી અમીત ચાવડા (આંકલાવ) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) રાજ્યમાં ઈ–ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ અને ગામ સોફ્ટવેર કયા વર્ષથી અમલમાં છે,

(૨) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ સદર સોફ્ટવેર માટે કેટલી અને કઇ કંપનીઓને ક્યા સમયગાળા માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ છે, અને

(૩) ઉકત સ્થિતિેએ ઉક્ત યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કઈ એજન્સીને કેટલી રકમ ચુકવવામાં આવી છે ?

**જવાબ**

(૧) ગ્રામ સોફ્ટવર વર્ષ ૨૦૦૭–૨૦૦૮ થી અને ગામ સોફ્ટવેર વર્ષ ૨૦૧૦–૨૦૧૧ થી.

(૨) સંદીપ દેસાઇ,પીપારા,ડી.જી.એસ.એમ. ત્રણ કંપનીઓને ૨૦૦૭–૨૦૦૮ થી ૨૦૧૫–૧૬ સુધીનો જ્યારે મનુભાઈ કંપનીને ૨૦૧૦–૨૦૧૧ થી૨૦૧૫–૨૦૧૬ સુધીનો.

(૩)

| ક્રમ | એજન્સીનું નામ | ચુકવેલ રકમ (રૂ.લાખમાં) | |
|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૫ | વર્ષ ૨૦૧૬ |
| ૧ | સંદીપ દેસાઈ | ૧૨૬૩.૦૦ | ૧૯૭૪.૦૦ |
| ૨ | પીપારા | ૧૧૭૯.૦૦ | ૧૫૮૨.૦૦ |
| ૩ | ડી.જી.એેસ.એેમ. | ૧૫૦૨.૦૦ | ૨૩૫૧.૦૦ |

---------

### મહીસાગર અને પંચમહાલ જિલ્લાની સહકારી પ્રાથમિક શાળાઓમાં વર્ગ ખંડોની ઘટ

* ૨૭૧૩૮ શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જીલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં કેટલા વર્ગખંડોની ઘટ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | ખૂટતા વર્ગખંડોની સંખ્યા |
|---|---|
| મહિસાગર | ૩૬૯ |

| પંચમહાલ | ૮૦૩ |
| --- | --- |

(૨) ઉકત ઘટતા વર્ગખંડ કેટલા સમયમાં બનાવવામાં આવશે ?

(૨) ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઈ એક્ટની જોગવાઇ મુજબ જરૂરી વર્ગખંડો આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

---------

સુરત અને તાપી જિલ્લામાં ગૌચરની જમીન ઉપર ગેરકાયદે દબાણો

* ૨૭૪૬૧ શ્રી આનંદભાઈ ચૌધરી (માંડવી) : માનનીય પંચાયત મંત્રીશ્રી(રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં જિલ્લાવાર ગૌચરની કેટલી જમીનમાં ગેરકાયદેસર દબાણો છે, અને

(૨) સરકારે ઉક્ત દબાણો દૂર કરવા ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લીધા અને કેટલી જમીન ખુલ્લી કરવામાં આવી ?

જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ સુરત જિલ્લામાં ૪૧.૬૯.૬૪ હે.આર.એ. તથા તાપી જિલ્લામાં ૯૫.૯૬.૭૪ હે.આર.એ. ગૌચરની જમીનમાં ગેરકાયદેસર દબાણો છે.

(૨)

સુરત જિલ્લો–

સુરત જિલ્લામાં ૪૧.૬૯.૬૪ હે.આર.એ. જમીન પરના દબાણો દૂર કરવા સબંધે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૧૦૫ અન્વયે ગ્રામ પંચાયત કક્ષાએ કાર્યવાહી પ્રગતિમાં છે. દબાણો દૂર કરી ખુલ્લી કરવામાં આવેલ જમીન ૦(શૂન્ય) ચો.મી. છે.

તાપી જિલ્લો–

તાપી જિલ્લામાં કુલ દબાણો ૯૫.૯૬.૭૪ હે.આર.એ. પૈકીની ૧૮.૭૨.૦૦ હે.આર.એ. જમીન ખુલ્લી કરવામાં આવેલ છે. બાકીની ૭૭.૨૪.૭૪ હે.આર.એ. જમીન પરના દબાણો દૂર કરવા સબંધે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૧૦૫ અન્વયે ગ્રામ પંચાયત કક્ષાએ કાર્યવાહી પ્રગતિમાં છે.

---------

સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજનાની ગાઇડ લાઇનમાં સુધારો

* ૨૬૯૨૪ શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સર્વ શિક્ષા અભિયાન અને રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન યોજનાની ગાઇડ લાઇનમાં સુધારો કરવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ તા.૩૧/૧૨/૨૦૧૬ ની સ્થિતિેએ છેલ્લા બે વર્ષમાં ક્યારે દરખાસ્ત કરી,

(૨) તે અન્વયે ગાઈડ લાઈનમાં કેવા પ્રકારના સુધારાઓ કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવી હતી,અને

જવાબ

(૧) તા.૨૬/૧૨/૨૦૧૬ ના પત્રથી કેન્દ્ર સરકાર સમક્ષ દરખાસ્ત કરવામાં આવી.

(૨) માન.મંત્રીશ્રીના ઉપરોક્ત પત્રમાં નીચે જણાવેલ મુદ્દા અન્વયે રજુઆત કરેલ છે.

(૧) સર્વ શિક્ષા અભિયાન શરૂ થયા પહેલા (૨૦૦૧) રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ શૈક્ષણિક વિકાસની પ્રવૃત્તિઓને સેન્ટ્રલ ફંડીગ માટે પાત્ર ગણવા બાબત.

(૨) આરટીઈ એક્ટ નીચે આરટીઈ એક્ટ કલમ ૧૨(૧) (સી) મુજબ નબળા વર્ગના ૨૫% બાળકોને ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવે છે આ માટેની ખાનગી શાળાને ચુકવવાની ફી ભારત સરકાર કેન્દ્રીય સહાયના ધોરણો મુજબ રાજ્ય સરકારને ચુકવવા બાબત.

(૩) રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન (આરએમએસએ) અંતગર્ત ફંડના ધોરણો સુધારવા તથા ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓને પણ સરકારી શાળાઓના ધોરણે સહાય મળવા બાબત.

(૪) મધ્યાહન ભોજન યોજના કુક–કમ–હેલ્પરને મળતાં માનદ વેતન વધારવા બાબત.

(૫) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યિમક પરીક્ષા બોર્ડને મુડી અને અનાવર્તક ખર્ચમાં કેન્દ્રીય સહાય મેળવવા બાબત

(૩) ઉક્ત દરખાસ્ત અન્વયે ક્યારે શા પ્રતિભાવ મળ્યા?

(૩) (૧) કેન્દ્રીય સહાયનો હિસ્સો મંજુર કરવામાં આવેલ છે.

(૨) અન્ય બાબતો ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના (એમએચઆરડી) વિચારણાને આધિન છે.

---------

ખેડા અને આણંદ જીલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા જમીન માંગણીની દરખાસ્તો

* ૨૬૯૪૨ શ્રી રામસિંહ પરમા ર (ઠાસરા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં વિવિધ સહકારી મંડળીઓ દ્વારા મકાન તેમજ ગોડાઉન બનાવવા માટે કેટલી જમીન માંગણી અંગેની કેટલી દરખાસ્તો સરકારને મળેલ છે ?

જવાબ

ખેડા જિલ્લામાં કુલ ૩ દરખાસ્તો મળેલ છે. જ્યારે આણંદ જિલ્લામાં જમીન માંગણીની કુલ ૧૧ દરખાસ્તો મળેલ છે.

---------

સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ

* ૨૮૦૭૧ શ્રી અશ્વિન કોટવાલ (ખેડબ્રહ્મા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧/૧૨/૧૬ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓના અભાવે એક ઓરડા/વર્ગખંડમાં એક કરતાં વધારે ધોરણના બાળકો બેસાડવામાં આવતા હોય તેવી કેટલી શાળાઓ છે, અને

જવાબ

(૧)

| તાલુકો | શાળાઓની સંખ્યા |
|---|---|
| હિમ્મતનગર | ૮૬ |
| ઈડર | ૪૫ |
| ખેડબ્રમ્હા | ૬૬ |
| પોશીના | ૭૬ |
| પ્રાંતિજ | ૩૬ |
| તલોદ | ૫૨ |
| વડોલી | ૩૦ |
| વિજયનગર | ૩૦ |

(૨) ઉક્ત શાળાઓના બધા વર્ગના બાળકો અલગ–અલગ વર્ગખંડમાં બેસી શકે તે માટે ક્યાં સુધીમાં જરૂરત મુજબના વર્ગખંડો બાંધવામાં આવશે?

(૨) ભારત સરકાર તરફથી બજેટ મંજૂર થતાં આરટીઇ એક્ટની જોગવાઇ મુજબ જરૂરી વર્ગખંડો આગામી વર્ષોમાં તબક્કાવાર બાંધવામાં આવશે.

---------

જામનગર જિલ્લામાં સરકારી અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાનો વગરની શાળાઓ

* ૨૭૧૦૧ શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ જામનગર

જવાબ

(૧)

જિલ્લામાં આવેલ સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાન નથી,

| સરકારી શાળાઓ | | ખાનગી શાળાઓ | |
|---|---|---|---|
| પ્રાથમિક | માધ્યમિક | પ્રાથમિક | માધ્યમિક |
| ૧૦૩ | ૦૦ | ૧૨૭ | ૭૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સરકારી અને કેટલી ખાનગી શાળાઓમાં રમત–ગમતનાં મેદાનો બનાવવામાં આવ્યા ?

(૨)

| સરકારી પ્રાથમિક શાળાઓ | ખાનગી પ્રાથમિક શાળાઓ | સરકારી માધ્યમિક શાળાઓ | ખાનગી માધ્યમિક શાળાઓ |
|---|---|---|---|
| ૨૭ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત મેદાનો બનાવવા માટે સરકાર કોઈ રકમ ફાળવે છે કે કેમ અને જો હા, તો શાળાદીઠ કેટલી રકમ ફાળવે છે, અને

(૩) આવી કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી.

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં બાકી રહેતી શાળાઓમાં રમત–ગમતનાં મેદાનો ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

(૪) જમીન ઉપલબ્ધ થયેથી.

---------

મહેસાણા જિલ્લામાં ખેડૂત ખાતેદારોની વારસાઈ નોંધોની અરજીઓ

* ૨૮૦૫૯ શ્રી રમેશભાઈ ચાવડા (કડી) : માનનીય મહેસૂલમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ખેડૂત ખાતેદારોની વારસાઈ નોંધો પાડવાની કેટલી અરજીઓ પડતર છે અને તેના મુખ્ય કારણો શા છે, અને

(૧) કોઈ અરજીઓ પડતર નથી.

(૨) ઉક્ત પડતર અરજીઓની નોંધો કેટલા સમયમાં પાડવામાં આવશે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં આર.ટી.ઈ. હેઠળ પ્રવેશ

* ૨૬૮૪૭ પ્રો. હીરાભાઈ પટેલ (લુણાવાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ ક્યારથી અમલમાં છે,

(૧) વર્ષ ૨૦૧૨ થી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા બાળકોને પ્રવેશ આપવામાં આવ્યો,અને

(૨)

| જિલ્લાનું નામ | આપેલ પ્રવેશ | |
|---|---|---|
| વર્ષ | ૨૦૧૫–૧૬ | ૨૦૧૬–૧૭ |
| મહીસાગર | ૨૮૮ | ૨૩૭ |
| પંચમહાલ | ૫૧૬ | ૮૩૩ |

(૩) જો ઉક્ત જિલ્લાઓમાં ઉક્ત એક્ટનું પાલન ન થતું હોય તો તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે મુખ્યત્વે શાં પગલાં લીધા ?

(૩) આર.ટી.ઈ. એક્ટનું પાલન થતું હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાનું મહેકમ

*૨૮૨૧૦ શ્રીમતી કામિનીબા રાઠોડ (દહેગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૧૬ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧) *પત્રક–૧, *પત્રક–૨ અને *પત્રક–૩ મુજબ.

(૨) ઉકત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં

(૨) ટુંક સમયમાં

આવશે ?

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી શંકરસિંહ લ. વાઘેલા( વિરોધ પક્ષના નેતાશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુરૂવારની બેઠકમાં જે કંઇ બન્યું એ અંગે હું આપનું ધ્યાન દોરવા માગુ છું. મારા બે માનનીય સભ્યશ્રીઓને આપે આખા સત્ર દરમિયાન સસ્પેન્ડ કર્યા છે. એના મૂળમાં જઇએ તો જે બે મિત્રો હતા જેમણે બિભત્સ ગાળો બોલી, અસભ્ય શબ્દ પ્રયોગ કર્યો, એના રીએકશનમાં એ બળદેવજીભાઇએ કર્યું. સભ્યશ્રી પરેશે તો જયારે ૨૦ વર્ષ જૂની ૧૯૯૫ પહેલાની વાત મંત્રીશ્રીએ કરી, ત્યારે સ્વભાવિક સભ્યની ઉગ્રતા હોય એ રજૂ કરવા માટે ત્યાં ગયા હતા. ભૂતકાળમાં આવું ઘણી વખત બન્યું છે એટલે આપને વિનંતી કરુ છું કે કાંતો હાઉસને આપ કાયમ માટે પ્રજા માટે ખુલ્લું રાખો. બધા આ ફૂટેજ સીસીટીવી કેમેરા મારફત જુએ, આપના અધિકારમાં હાઉસનો ઓર્ડર પૂરો થાય પછીનું પણ જો બતાવવાનું હોય, આપ માલિક છો ગૃહના, એટલે એ પણ, અને એમાંય ગૃહમંત્રી બહેનના ગળે ટૂંપો દીધો એવું જો ગેરમાર્ગે દોરવાનું હોય તો હું માનુ છું ત્યાં સુધી અમારા સભ્યની ફૂટેજ આપ કાઢો, બળદેવજી ત્યાં સુધી ગયા નથી અને બહેનના નજીક પણ નથી પહોંચ્યા એ આપ ફૂટેજ જોઇને નિર્ણય કરી શકો છો. મારી આજની માગણી છે કે બે માનનીય સભ્યશ્રીઓને આપ જો પૂરા સત્ર સુધી સસ્પેન્ડ કરવાના હોય કે એ બંન્નેને પાછા લેવાના હોય એ અંગે આપ જે કંઇ વિચાર કરવાના હોય એ વિચાર કરી શકો છો પણ જે કંઇ બન્યું નથી એને મોટા ઉપાડે એક પક્ષના ગળામાં કારણ વગરનું ભરાવી દેવું એ સારું નથી એટલી આપને મારી વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારો ઉલ્લેખ કર્યો છે એટલે આપની સમક્ષ હું એક સ્પષ્ટતા માટે ઉભો થયો છું. આપણે સૌ જોઇએ છીએ કે ભૂતકાળમાં કયારેય આ પ્રમાણેની દોડ કરીને ટ્રેઝરી બેંચ સુધી આવવા માટેના દ્રશ્યો બન્યા નથી, અને બહેન જે રીતે પડી ગયા એ પ્રમાણેના દ્રશ્યો થયા એ મેં કયારેય જોયા નથી. મારી સ્પીચની કોપી મારા હાથમાં છે. મેં જે વાત કરી છે એ વાતમાં મેં એવું કહ્યું છે કે, મેં મારી સગી આંખે જોયા છે અને અત્યારે સંસદીય પ્રણાલિકાની વાતો કરી અમને બધાને સંદેશ આપે છે અને જેના કારણે એ વખતના અધ્યક્ષ દોલતભાઇને માથામાં વાગ્યું હતું અને દોલતભાઇને માથામાં વાગ્યા પછી યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ તરીકે હું એમને હોસ્પિટલમાં લઇ ગયો હતો. ૭૫ વર્ષના માણસની પણ આ લોકોએ દયા ખાધી નહોતી. આજે કેવા દ્રશ્યો ઉભા થયા છે. આજે કેવા રૌદ્ર સ્વરૂપે બળદેવજી અહીંયા આવે અને નિર્મલાબેનનું ગળુ દબાવી દે એ પ્રકારના દ્રશ્યો ઉભા કર્યા છે. મેં એવું નથી કહ્યું, એ જે પ્રમાણે આવ્યા, નિર્મલાબહેન એમના હાથમાં આવ્યા હોત તો આ સ્થિતિ થાત. હું આ રેકોર્ડ ઉપર બોલ્યો છું. આ સભાગૃહને ગુમરાહ કરવા માટેનો પ્રયાસ કરે છે.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં તા.૧૭-૨-૧૯૮૧ જયારે આજનો સત્તાધારી પક્ષ અહીં વિરોધપક્ષમાં હતો. બજેટ પ્રવચન ચાલુ હતુ. સામાન્ય રીતે આપણે બજેટ પ્રવચનમાં ખલેલ નથી પહોંચાડતા તા.૧૭-૨-૧૯૮૧ના બજેટ પ્રવચનમાં રામધૂન બોલાવી વહેલમાં આવી સતત ખલેલ કરી. તા. ૧૩-૩-૮૧ સચિવશ્રીના ટેબલ ઉપર ચડી જઇને ત્રણ માનનીય સભ્યશ્રીઓએ પણ આજે જે સત્તાધારી પક્ષ છે એ ત્યારે અહીંયા હતો. સ્વર્ગસ્થ અમરસિંહભાઇ ચૌધરી, સ્વર્ગસ્થ ચીમનભાઇ પટેલ, મુખ્યમંત્રીના હાથમાંથી કાગળો લઇ, ફાડી એમના મોંઢા ઉપર મારવાના આ દરેક ઘટનામાં માનનીય અધ્યક્ષશ્રી મધ્યસ્થી થયા. મુખ્યમંત્રીશ્રીની મોટપ રહી, કોઇને આખું સત્ર તો સસ્પેન્ડ કર્યા જ નહોતા પણ મુખ્યમંત્રીશ્રીએ જે સભ્યોને સાત દિવસ કે આઠ દિવસ માટે સસ્પેન્ડ કરાયા હતા એમાં સામેથી મુખ્યમંત્રીશ્રીએ માનનીય અધ્યક્ષશ્રીની દરમિયાનગીરીથી સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓનું સસ્પેન્શન ટૂંકાવી ગૃહમાં પાછા લાવી અને સભ્યશ્રીઓનો એ અધિકાર છે એને ભોગવવા માટેનો, આ એમની મોટાઇ કહેવાય. ભૂતકાળમાં આવા અનેક દાખલાઓ છે ત્યારે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ આપના આસનને મધ્યસ્થી થવાની જે વિનંતી કરી છે એમાં હું મારો સૂર પૂરાવીને આપના મારફત માનનીય મુખ્યમંત્રીશ્રીને પણ વિનંતી કરીશ કે જે ભૂતકાળની ઉચ્ચ પરંપરાઓ છે, માનનીય પ્રદિપસિંહજીએ જે શબ્દો અને જે આક્રોશથી વાત કરી છે ત્યારે એ પોતે કાયદાના મંત્રીશ્રી છે ત્યારે આપના મારફતે એમને પણ વિનંતી કરીશ કે આપે સી.સી.ટી.વી. ફુટેજ જારી કર્યા છે એ ફુટેજમાં માનનીય નિર્મળાબેનની આજુબાજુમાં પણ માનનીય બળવેદજી દેખાતા ન હોય ત્યારે એમનું ગળું દબાવી દેવાનો પ્રયત્ન કર્યો, અથવા કર્યો હોત અથવા કરી શક્યા હોત આવું બધું કહીને, અમને પણ નથી ગમતું હોતું. એ વાતના માનનીય નીતિનભાઇ અને માનનીય મુખ્યમંત્રીશ્રી સાક્ષી છે, માનનીય ભુપેન્દ્રસિંહ સાક્ષી છે. અમે પણ સામેથી એ વિનંતી કરવાનો પ્રયત્ન કર્યો, કારણ કે આ ગૃહમાં સૈદ્ધાંતિક લડાઇ છે, શારીરિક લડાઇ નથી. આપણે વાત કરતા હોઇએ છીએ લોકશાહીના ધબકારાની નોંધાયેલ બાબતોની. માનનીય દોલતભાઇનું માથું તૂટ્યું તો એ પછી આવેલા અધ્યક્ષે એ માથું તોડનારને સજા કરી હોત ને? (અંતરાય) ભૂતકાળના પ્રસંગો હું વાંચીને જ કહું છું. હું એક પણ પ્રસંગ મારા ઘરનો લાવતો નથી. અહીંયા બનેલો હોય, મેં નજરે જોયો હોય પણ આમાં લખાયેલ ન હોય એ હું ટાંકતો નથી. જે સજા, આપ જે શબ્દો કહો છો તો કદાચ વિરોધ પક્ષ એ વખતે જવાબદાર હતો તો પછી ત્યારપછીના અધ્યક્ષશ્રીએ એક પણ સભ્યને સજા નથી કરી. (અંતરાય) અરે, સાઇનેડાઇ પછી જીવતું થયું હતું.

અધ્યક્ષશ્રી : એમની વાત પૂરી કરવા દો.

અતારાંકિત પ્રશ્નોત્તરી

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહ બહુ લંબાણપૂર્વક બોલ્યા. મારા પક્ષના સભ્યશ્રીઓને મારા નેતાશ્રીએ હાથ કરીને કહ્યું કે વચ્ચે ખલેલ ન કરો, એમને બોલવા દો. થોડીક સાંભળવાની તૈયારી તો રાખો. મારી મુશ્કેલી એ છે કે સંસદીય બાબતોને સાઇનેડાઇ થયા પછી પણ હાઉસ મળે અને હાઉસ મળે ત્યારે અધ્યક્ષ હોય. અગાઉ બનેલી ઘટના અંગે તે વખતે નિર્ણય ન થઇ શક્યો હોય તો તે પછીના અધ્યક્ષશ્રી પણ નિર્ણય કરતા હોય છે અને માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના કે તે સરકારના નથી હોતા. અધ્યક્ષશ્રીનું આસન એ મહાત્મા ગાંધીજીની પ્રતિમા નીચે તટસ્થ આસન હોય છે. આપ જે ઉલ્લેખ કરો છો એ ઘટના અંગે શક્તિસિંહ ગોહિલ હોય કે કોઇ બીજો સભ્ય હોય એને એક દિવસની સજા કે કોઇ ટકોર કરી હોય એવી એક પણ ઘટના સંસદીય પ્રણાલિકામાં ઉલ્લેખ હોય તો આપ બતાવો. એમને એમ મનઘડંત વાતો કરવી એ તો બહુ સહેલી વાત છે. મારો આજનો સવાલ એટલો જ છે કે ભૂતકાળના બધા જ દાખલાઓ આ લોકશાહીના ધબકારામાં લખાયેલા છે. માનનીય અધ્યક્ષશ્રીની મધ્યસ્થતાથી માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ બન્ને માનનીય સદસ્યો માનનીય પરેશભાઇ ધાનાણી અને માનનીય બળદેવજી ઠાકોર અને આ તરફ બેઠેલા તમામ માનનીય સભ્યશ્રીઓ, એ આ પક્ષના હોય કે પેલા પક્ષના હોય, જે બિભત્સ ગાળો બોલાઇ હતી એ આપણે હૃદય ઉપર હાથ મૂકીને આપણી જાતને પૂછીએ કે જો બિભત્સ ગાળો ન બોલાઇ હોત તો આ ઘટના ન બની હોત. આ સંજોગોમાં (માનનીય મંત્રીશ્રી આત્મારામભાઇ પરમાર કાંઇક બોલતાં) તમે ત્યાં બેસી જાઓ મંત્રી મટીને, બેસાડી દો એટલે શું? માનનીય અધ્યક્ષશ્રી, મંત્રી તરીકે આ વાત બરાબર નથી. હું સભ્ય તરીકે આપે કહ્યા પછી બોલું છું. પદની ગરિમા હોવી જોઇએ, એ પોતે મંત્રી છે. (અંતરાય) ક્યાં ખબર છે, ખબર હોય તો આમ ન બોલો. •(×××) (અંતરાય) હું ક્યાં કોઇને કાંઇ બોલ્યો છું. છતાં આપ કહેતા હોય તો શબ્દો પાછા ખેંચી લઉ છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ શબ્દો રદ કરીએ છીએ, બધા બેસો. (અંતરાય)

અધ્યક્ષશ્રી : બન્ને બાજુના માનનીય સભ્યશ્રીઓને વિનંતી કરું છું, પ્લીઝ..પ્લીઝ..પ્લીઝ. મંત્રીશ્રી, આપણે ગૃહનું વાતાવરણ કલુષિત ન કરીએ, માનનીય શકિતસિંહની વાત પુરી થાય એટલે માનનીય મુખ્યમંત્રીશ્રી જ્યારે નિવેદન કરતા હોય ત્યારે..

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપ મારી વાત સાંભળો, વિનંતી છે સાહેબ, આ સાદા શબ્દો નથી કે આપ રેકર્ડ ઉપરથી રદ કરી દો એટલે વાત પુરી થાય. સાહેબ, આ સંસદીય પ્રણાલિકના મોટા જો દ્યોતક હોય તો એમણે માફી માગવી જોઇએ, બોલતી વખતે ભાન રાખતા નથી. દર વખતે કાંઇકનું કાંઇક બોલી નાખે છે અને પછી તો આપ રદ કરો એ પુરતું નથી. અમારા દલિત નેતા, અમારા કેબીનેટ મંત્રી ને એમ કહે કે, *(×××). એ દલિતોનું અપમાન છે સાહેબ, આ કેવી રીતે ચાલે ? એટલે સાહેબ મારી દખાસ્ત છે કે, માનનીય શક્તિસિંહજી ખાસ માફી માગે અને પોતે શબ્દો પાછા ખેંચે, આ મારી વિનંતી છે(અંતરાય) મારી વિપક્ષના નેતાશ્રીને પણ વિનંતી છે, દંડકશ્રીને પણ વિનંતી છે કે, આપના પક્ષના સભ્યો અને સિનિયર સભ્યો આવું બધું બોલીને દરરોજ કાંઇકને કાંઇક પ્રશ્નો ઉભા કરે છે એ યોગ્ય નથી. માનનીય શંકરસિંહજી, આપ પણ આમાં ઇન્ટરવીન થાવ અને કહો કે અમારા પક્ષ વતી અથવા શક્તિસિંહ વતી હું માફી માગુ છું. આ ગુજરાતના દલિતોનું અપમાન છે. આવી રીતે કેવી રીતે વાત થાય સાહેબ? (અંતરાય) નહીં, નહીં શક્તિસિંહ મારી વાત સાંભળો, બે સભ્યો માટે શંકરસિંહજી દરખાસ્ત મૂકી શકતા હોય તો માનનીય શંકરસિંહની હાજરીમાં જ ગુજરાતના દલિતોના નેતા અને અમારા કેબીનેટ મંત્રીનું અપમાન કરો, તમે *(×××) ગણો એ રીતની વાત તમે કરતા હોવ તો સાહેબ, આ વાત પહેલા પતે પછી બીજી બધી વાત આવે. માફી માગે સાહેબ, માફી માગે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એમને બોલવા દો ભાઇ, એમને સ્પષ્ટતા કરવા દો. (અંતરાય) પ્લીઝ, પ્લીઝ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, દલિતો માટેનું સૌથી મોટું સન્માન છે અને એનાથી દલિતને ઠેસ પહોંચી હોય તો હું સાત વખત માફી માગુ છું. કોઇ પણ દલિત ભાઇને, કોઇ પણ દલિત ભાઇનું હોય હું સાત વખત માફી (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, સાંભળો એમની વાત તો સાંભળો પછી કરો જે કરવું હોય એ, પછી આપ બોલજો. પ્લીઝ ઓર્ડર, ગૃહ ઓર્ડરમાં આવવા દો પ્લીઝ (આ તકે મંત્રીશ્રી ગણપતભાઇ વસાવા કાંઇક બોલતાં)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હા, હા. મને સાંભળીને પછી સાંભળશે એમને, ગણપતભાઇ તમારે હાઉસ નથી ચલાવવાનું (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ પ્લીઝ, સાંભળીએ જરા.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે (અંતરાય) ભાઇ સાંભળો તો ખરા, હાઉસ તો ઓર્ડરમાં લાવો સાહેબ.(અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, અરે ભાઇ એમની સ્પષ્ટતા તો સાંભળો (અંતરાય)

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : મારી વાત સાંભળ્યા પછી આપને એમ લાગે કે, આ વાત બરાબર નથી, આપનો જે આદેશ હોય. માનનીય અધ્યક્ષશ્રી, પહેલી બાબત આત્મારામભાઇ જે વિસ્તારમાંથી ચૂંટાઇને આવે છે ત્યાંનો હું પણ મતદાર છું.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મારા એ સંજોગોમાં, માનનીય અધ્યક્ષશ્રી, આત્મારામભાઇના દિલને ઠેસ પહોંચી હોય તો હું દિલગીરી વ્યક્ત કરું છું. એટલું જ નહીં, સંસદીય રીતે મારી વાત કરતો હતો ત્યારે હું એવી અપેક્ષા રાખું કે, સિનિયર સભ્યો તો ઠીક, મંત્રીમંડળ અને ભૂતકાળના નિર્ણયો છે, મંત્રી તરીકે સતત ખલેલ પહોંચાડતા હતા અને મંત્રીને, મંત્રીની ફરજનું ધ્યાન રાખવું જોઇએ આ સંજોગોમાં બોલાયેલા શબ્દો, ઊનામાં બનેલી ઘટના હોય કે, કયાંય પણ દલિત સમાજ માટેની મારી લાગણી અને સંવેદનાઓ એટલા માટે વધારે છે, આ ગૃહમાં કોઇના પણ કરતાં વધારે, અને એટલા માટે માનનીય અધ્યક્ષશ્રી, એ વાત જો નીતિનભાઇ કહેતા હોય કે, •(×××) એમ કહ્યા પછી આપે શબ્દો દૂર કર્યા, તો એ વખતે એમને યાદ ના આવ્યું કે, શબ્દો આપે દૂર કરવા પડે એવા શબ્દો એમણે નહોતા બોલવા જોઇતા હતા. માનનીય નીતિનભાઇને એ વખતે ખબર ના પડી. અહીયા મારી બહેનો પણ બેઠી હતી. એ મહિલાઓ અને એ શબ્દો આજ સુધીનો ઇતિહાસ એવો છે કે માનનીય અધ્યક્ષશ્રી રેકર્ડમાંથી શબ્દો દૂર કરે એ પછી કોઇપણ પ્રકારનો આગ્રહ ન રખાય. આપના નિર્ણય પછી પણ ત્યાંથી આગ્રહ રખાય અને આ ગૃહમાં મેં આત્મારામભાઇની સામે જોયું ત્યારે માત્ર ભાજપના મંત્રી બેઠા બેઠા ખલેલ પહોંચાડે છે, એને જ નજરમાં રાખ્યા હોય. એમની કાસ્ટને જોઇને હું ન બોલ્યો હોઉં. પરંતુ એ પછી પણ એવું લાગ્યું હોય તો માત્ર દિલગીરી નહિ, પણ બાબા સાહેબ આંબેડકરે બંધારણ આપ્યું છે અને શિરોમાન્ય વ્યકિત જે સમાજમાંથી આવી છે એ સમાજનું સૌથી મોટું સન્માન છે. અને માત્ર એક મંત્રી પોતે મંત્રી તરીકે બેઠા બેઠા જે બોલ્યા હતા એના માટેની દિલગીરી વ્યક્ત કરશે તો મને આનંદ થશે. અને પોતે જ્ઞાતિનું કે જાતિનું આધાર લેવાના બદલે પોતાના વર્તનને જવાબદાર ગણશે તો મને વિશેષ આનંદ થશે. એમ છતા મારા બોલાયેલા શબ્દો હું પાછા ખેંચું છું. દિલગીરી વ્યક્ત કરું છું. અને કોઇ સમાજને સહેજ પણ ઠેસ પહોંચી હોય તો જે સમાજનું હું સૌથી વધુ ગૌરવ માનું છું એવા સમાજની માફી પણ માગું છું.

અધ્યક્ષશ્રી : આત્મારામભાઇ, હવે વાત પૂરી થઇ જાય છે.

શ્રી આત્મારામ મ. પરમાર : (અંતરાય) આપ બોલો મને કઇ વાંધો નથી. મારા ભાઇ બોલજો મને કોઇ વાંધો નથી. છેલ્લા કેટલાક વખતથી આ હાઉસ ચાલુ થયું, ત્યારથી એવું વાતારણ આ ગૃહમાં ઊભું કરવાના પ્રયત્નો થાય છે કે they knows the law. કાયદો એ જ જાણે છે. કાયદાની વાત એ જ રજૂ કરી શકે છે. એવી વાત કરીને આ ગૃહને ઇમ્પ્રેસ કરવાના પ્રયત્ન કરે છે. I am not from that persons જે આવી રજૂઆતથી હું ઇમ્પ્રેસ થાઉં. અને એટલા માટે જયાં કોઇ ખોટી વસ્તુ રેકર્ડ ઉપર જાય ત્યાં હું ઊભો થઇને રોકું છું અને એટલા માટે કહે છે. એની મોટામાં મોટી મુશ્કેલી એ છે. બીજી વાત છે હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું. મારે શકિતસિંહ ઉલ્લેખ નહોતો કરવો. હું જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરું છું એ વિસ્તાર શકિતસિંહજીનો ખુદનો વિસ્તાર છે. મિત્રો હું તો સુરતથી ઇલેકશન લડવા ગયો હતો. કાઠિયાવાડમાં પહેલીવાર લડવા ગયો હતો. આખી મિનિસ્ટ્રી ઉતારી દીધી હતી. એ મારા મતદાનના વિસ્તારના છે. એમના તમામ પરિવારના સભ્યો મારા મતદાનમાં છે. મિત્રો, મને હરાવવાના તે વખતે લાખો પ્રયત્ન કરવા છતા •(×××) . આ કહે છે. આ કેમ કહે છે. આ બધામાં આત્મારામ પરમાર કેમ કહે છે. This is the reason. ત્યારપછી પણ સતત ૫-૫ ટર્મ સુધી એ વિસ્તારમાંથી હું સુરતમાં રહીને સૌરાષ્ટ્રમાં શકિતસિંહ બાપુના વિસ્તારમાંથી ઇલેક્શન લડીને જીતું છું સાહેબ. એ કોને ગમે સાહેબ? આંખના કણાની જેમ ખૂંચુ છું. એમના વિસ્તારમાં મારા સામૈયા થાય, મારું સન્માન થાય. મારા તમામ પ્રકારના મતદારો મારી જય જય કાર બોલે. એ કઇ રીતે સહન કરે? અને એટલા માટે આ બધું ઝેર અહીયા ઓકાવવાના પ્રયત્ન થાય. મારે દયાદાનની વાત નથી. આત્મારામ પરમાર ૧૯૭૧ થી જાહેર જીવનમાં છે. જે દિવસે તમે નહોતા. આત્મારામ પરમાર રાષ્ટ્રીય કક્ષા સુધી ભારતીય જનતા પાર્ટીના હોદેદાર રહી ચૂક્યા છે. I am not layman. I am LLM LLb. I have practiced in High Court. Therefore, I am stopping him અને ખોટી વસ્તુ હાઉસના રેકર્ડ ન જાય એ જોવાની મારી ફરજ હાઉસના મેમ્બર તરીકે છે. ૨૫ વર્ષથી હાઉસમાં મેમ્બર તરીકે હું રહ્યો છું. ડેપ્યુટી સ્પીકર તરીકે રહ્યો છું, દંડક તરીકે રહ્યો છું, અગાઉ રાજય કક્ષાના મંત્રી તરીકે રહ્યો છું. (અંતરાય) રાઘવજીભાઇ બેસો. શકિતસિંહને કેમ grievance હોઇ શકે એનું કારણ આ છે. શકિતસિંહના વિસ્તારમાં *(×××) હું ૨૫-૨૫ વર્ષથી આ હાઉસમાં છું. કોઇનું દયાદાન નથી.

અધ્યક્ષશ્રી : પ્લીઝ રાઘવજીભાઇ બેસો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય રાઘવજીભાઇ પ્લીઝ બેસી જાઓ. માનનીય શૈલેષભાઇ બોલો આપ.

શ્રી શૈલેષ મ. પરમાર : •(×××)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી,

શ્રી શૈલેષ મ. પરમાર : *(×××)

અધ્યક્ષશ્રી : શૈલેષભાઇ આ વાતના અનુસંધાન સાથે આજે સ્નાનસૂતકનો સંબંધ નથી એટલે આપનું આખું પ્રવચન હું રદ કરું છું. બિલકુલ નહીં શૈલેષભાઇ. હવે હું મૂળ મુદ્દા પર આવું છું. પ્લીઝ બેસો. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ જે મૂળ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

વાત ઉભી કરી અને તેમાંથી આપણે વિષયાંતર તરફ ગયા. આ સભાગૃહના સૌ સન્માનનીય સભ્યશ્રીઓને મારી નમ્ર વિનંતી છે કે છેલ્લા બે–ત્રણ દિવસથી જે રીતે મિડીયામાં રાજકીય રીતે આપણે બધા લોકો બદનામ થઇ રહ્યા છીએ. બધા લોકો તેમાં આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય. મને લાગે છે કે આપણા બધાને માટે આ બાબત ઠીક નથી. એટલે માત્ર એકલા ગૃહમાં નહીં, ગૃહમાં મહિલાઓ હોય એટલે આપણે પણ શિષ્ટાચાર રાખવો જ પડે. અસભ્ય ભાષાનો ઉપયોગ ન જ કરાય. બહાર પણ ન કરાય એવી વ્યક્તિગતપણે આપ સર્વેને વિનંતી કરું છું. બાપુના મૂળ પ્રશ્ન ઉપર આવી જાઉં તો જે વખતે ચીમનભાઇ શાપરીયા તેમનું નિવેદન વાંચી રહ્યા હતા અને આપણે બધા તેના સાક્ષી છીએ. ભાઇશ્રી પરેશભાઇ ધાનાણી ત્યાં આવ્યા ત્યાં સુધી હું પણ મારી સીટ ઉપર હતો. ભાઇ બળદેવજી આવ્યા ત્યાં સુધી અને તરત જ મને લાગ્યું બધા વેલમાં પહોંચી ગયા હતા અને તે વખતે મેં સભાગૃહને મોકૂફ રાખ્યું હતું, પંદર મિનિટ માટે મોકૂફ રાખ્યું હતું. તે મોકૂફ રાખ્યા પછી હું અહીંયાં સભાગૃહમાં ન હતો, અનેક પ્રસંગો એવા છે, અને આવું બધુ થયા કરતું હોય છે, પરંતુ જયારે સભાગૃહ મોકૂફ રહે ત્યારે બે મિનિટમાં વિષય પૂરો થઇ જતો હોય છે. તેના પછી કયારેય હલચલ મેં જોઇ નથી અને આપણામાંથી કયારેય કોઇએ જોઇ નહીં હોય અને એટલા માટે એ પછીની પરંપરામાં કયા સભ્ય કયારે શું બોલ્યા તે મારી ગેરહાજરીમાં થયેલી વિગતો છે અને તેના કારણે એ સભ્યોની સામે કોઇપણ કાર્યવાહી કરવી તે આ તબક્કે આ સ્થાન ઉપર બેઠા પછી મારા માટે ઉચિત નથી. પરંતુ આપ સર્વેને મારી ફરીથી પુનઃ વિનંતી છે કે સભાગૃહની ગરિમા બંને પક્ષે જાળવીએ. અહીં બહેનો બેઠી છે ત્યારે તેમનું પણ સન્માન જાળવીએ. મેં પહેલાં કહ્યું તે પ્રમાણે વિધાનસભાનું આ છેલ્લું સત્ર છે. બધાને પોતાના મત વિસ્તારની અને પોતાની વાત કરવાનો આગ્રહ હોય. તેમાં આપણે આ સમય બગાડીએ તો મને લાગે છે તે ઠીક નથી. એટલે ફરી વખત આ બાબતનું પુનરાવર્તન ન થાય એટલી વિનંતી સાથે બધાને સભાગૃહ સારી રીતે ચાલે તેમાં મને સહયોગ આપે તેવી વિનંતી કરું છું. નેકસ્ટ.

શ્રી શંકરસિંહ લ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આ બે મિત્રોને આપ સસ્પેન્ડ કરવા માંગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : સામાન્ય રીતે મેં કહ્યું એ પ્રમાણે આનાથી ઘણાં બધા લોકો દુઃખી છીએ ટોટલ રાજકીય રીતે તમને અને મને જે લાગતું હોય તે, પણ આપણી છબી ખરડાઇ છે એ આપણને કોઇને પોસાય નહીં અને એટલા માટે મેં માનનીય પ્રદિપસિંહજીને અને બળવંતસિંહજીને સામેથી ફોન કરીને કહ્યું હતું કાલે આપણે બેસીએ ફરીથી આવી બાબતનું પુનરાવર્તન ન થાય એ માટેની ચર્ચા કરી હતી. આજે કોઇ કારણસર અમે મળ્યા પણ વાત નથી થઇ શકી. ફરીથી બંનેને બેસાડી અને યોગ્ય દિશામાં નિર્ણય કરીશું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપનો નિર્ણય અમે સ્વીકારીએ છીએ, આપે ખૂબ સારી રીતે હૃદયપૂર્વક લોકશાહીની ભાવના વ્યક્ત કરી છે. મિડિયામાં, લોકોમાં ચર્ચા થાય, કાર્યક્રમોમાં જઇએ તો સાંભળવું પડે છે, બધાને સાંભળવું પડે છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે તો આભાર માનવો છે શક્તિસિંહજીનો એ દિવસે પછી એમણે જે વાત કરી કે, સી.સી.ટી.વી. કેમેરા વગેરે લગાવ્યું છે તો એને શા માટે પબ્લીકમાં ન મૂકીએ અને એમની જ વિનંતીને ધ્યાનમાં રાખી અને હું માનુ છું કે આપે જ્યારે આદેશ કર્યો ત્યારે એમ કહેલું કે, મને મિડિયાના મિત્રો પણ મળ્યા હતા અને સી.સી.ટી.વી. ફૂટેજ માગ્યા છે. માનનીય શક્તિસિંહજીની માગણીને ધ્યાનમાં રાખીને આપે જે ફૂટેજ જાહેર કર્યા એ ફૂટેજ જોયા પછી વધારે બધા લોકોને એમ લાગ્યું અને એમાં દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ ગયું. તો કેમ બન્યું, ક્યારે બન્યું અને કેવા સંજોગોમાં બન્યું? એ હવે એની પીસ્ટ પીંજણમાં ન પડીએ, એ દિવસે જે પ્રશ્ન પત્યો એ પછી બલવંતસિંહજી, અમિતભાઇ, શૈલેષભાઇ અને પ્રદિપસિંહજી અને અમે બધા બેઠાં હતા માનનીય અધ્યક્ષશ્રીની ચેમ્બરમાં હાઉસ પતી ગયા પછી એ વખતે પણ આ પ્રશ્ન એમણે મૂક્યો હતો. સાહેબ, આખા સત્ર માટે બરખાસ્ત કરેલા છે એ પછીનો આ પહેલો દિવસ છે અને આજે હાઉસ મળ્યું છે ત્યારે ધીમે ધીમે વાતાવરણ થોડું હળવું થાય, તમે બધા કોઓપરેટીવ થાવ પછી ચોક્કસ એ વાત કરવી જ જોઇએ અને તમારો હક છે કરવાનો અને અમારી પણ લાગણી છે પણ એના માટે યોગ્ય વાતાવરણ અને યોગ્ય માહોલ સર્જાવો જોઇએ તો જ અમે મુખ્યમંત્રીશ્રી અને આ ગૃહના નેતાને કહી શકીએ કે સાહેબ, હવે આપણે ઉદારતા બતાવીએ. પણ હાલ માર્યું અને હાલ ઉદારતા બતાવો એટલી ઉતાવળ ન કરશો એવી મારી માનનીય શંકરસિંહજીને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય નીતિનભાઇ, મેં જ્યારે બે સભ્યશ્રીઓને ગૃહમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો તે વખતે મેં મારી ઓફીસમાં સી.સી.ટી.વી. ફૂટેજ જોયા પછી મેં આદરણીય નીતિનભાઇનો, આદરણીય ભૂપેન્દ્રસિંહજી ચૂડાસમાજીનો, આદરણીય શક્તિસિંહજીનો અને શૈલેષભાઇનો પણ આભાર માન્યો હતો કે એ ગાળા સમય દરમ્યાન ઘણાં બધા લોકો એમાં હશે પણ મારા ધ્યાનમાં આવ્યું કે આ લોકો વાતાવરણ હળવું કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, બંને પક્ષે અને એટલા માટે એ વખતે પણ મેં આભાર માન્યો હતો અને આજે ફરીથી પણ આભાર માનુ છું અને મેં કહ્યું એ પ્રમાણે બંને દંડકશ્રીઓને બેસાડીને યોગ્ય દિશામાં ગૃહનું વાતાવરણ હળવું થાય, મેં ગઇ કાલે વેલ ઇન એડવાન્સમાં મને આ યોગ્ય નહોતું લાગતું એટલે બંનેને સામેથી બોલાવીને કહ્યું હતું કે તમે મારી ઓફિસમાં આવો આપણે બેસીશું. આજે વાત નહીં થઇ શકી પણ એ વાત કરીને એનો યોગ્ય નિર્ણય કરીશું. ફરીથી બધા આમાં સહયોગ આપે એવી વિનંતી.

## તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

રાજકોટ શહેરમાં જીવતો બોમ્બ મળવા બાબત.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ ૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય ગૃહ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

" તાજેતરમાં રાજકોટ શહેરમાં ૪ કિલોગ્રામ વજનનો અને આસપાસના ૧૦૦ મીટરના વિસ્તારમાં વિનાશ વેરી શકે તેવો જીવતો ટાઇમ બોમ્બ મળી આવતા આમ પ્રજામાં ફેલાયેલ ભય અને દહેશતની લાગણી દૂર કરવા રાજ્ય સરકારે લીધેલાં કે લવા ધારેલાં પગલાં."

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (રા. ક.ના ગૃહ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ શહેર ખોડિયારનગર સોસાયટી શેરી નં.૧/૭ના રહીશે પોતાના ઘર પાસે કોઇ શંકાસ્પદ વસ્તુ પડેલ હોવાની જાણ તા. ૧૪.૨.૨૦૧૭ના રોજ રાજકોટ શહેર પોલીસ કંટ્રોલ રૂમ ખાતે કરેલ. આ બાબતેની ગંભીરતાને ધ્યાને લઇ તુરત જ પોલીસ સ્ટાફ જણાવેલ સ્થળે પહોંચી ગયેલ. બનાવવાળી જગ્યાએ રહેણાંક મકાનની દિવાલ પાસે રોડ ઉપર પુંઠાના ખોખામાં શંકાસ્પસદ વિસ્ફોટક પદાર્થ હોવાનું જણાતા રાજકોટ શહેર બોમ્બ ડીટેકશન અને ડીસ્પોઝલ સ્કવોડ (બી.ડી.ડી.એસ.)ટીમને બનાવ સ્થળે તાત્કાલીક બોલાવવામાં આવેલ.

રાજકોટ શહેર બોમ્બ ડીટેકશન અને ડીસ્પોઝલ સ્કવોડની તપાસમાં આ શંકાસ્પદ પુંઠાના બોકસમાં બે એલ્યુમીનીયમની ડીટોનેટર, સફેદ-લાલ-લીલા કલરના વાયર, જીલેટીન સ્ટીક-૩, જેમાં ૨ નાની અને ૧ મોટી સ્ટીક તથા બેટરી નંગ-૧ તથા લાકડામાં ફીટ કરેલ ઘડિયાળ મળેલ. બોમ્બ ડીસ્પોઝલ સ્કવોડે સ્થળ ઉપર જ બોમ્બ ડીફ્યુઝ કરી દીધેલ. ત્યાર બાદ આ બોકસને પોલીસ હેડકવાર્ટર ખાતે લઇ ગયેલ.

આ સંબંધમાં તા.૧૪.૨.૨૦૧૭ના રોજ રાજકોટ શહેર માલવીયાનગર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુ.ર.નં. ૧૩/૧૭ થી એકસ્પ્લોઝીવ સબસ્ટન્સીઝ એકટ ૧૯૦૮ની કલમ ૪ અને કલમ ૫ હેઠળ અજાણ્યા આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયેલ છે જેની તપાસ ચાલુ છે. આ સંદર્ભમાં નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

(૧) સદરહુ ગુનાની તપાસ ફળદાયી નીવડે તે રીતે પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેરના નેતૃત્વમાં શહેર ક્રાઇમ બ્રાન્ચ, એસ.ઓ.જી., ગુજરાત રાજયનું એ.ટી.એસ., તથા એફ.એસ.એલ. નાં અધિકારીઓની જુદી જુદી ટીમો બનાવી સાથે મળીને તપાસ કરી રહી છે. આ ગુનો ડીટેકટ થાય અને ગુનાહિત તત્વોને સજા થાય તેવા તમામ પ્રયત્ન હાથ ધરેલ છે. આ ગુનાની તપાસમાં આજુ બાજુના સમગ્ર વિસ્તારનાં ખાનગી સી.સી.ટી.વી. કેમેરાનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

(૨) રાજકોટ શહેર ખાતે ગુનાહિત તત્વો પર ચાંપતી નજર રાખવા તથા અસામાજીક પ્રવૃતિને નિયંત્રિત કરવા કુલ ૧૧ ઉપર નીચે, આજુ બાજુ ફરી શકે તથા ઝૂમ થઇ શકે તેવા પી.ટી.ઝેડ (PAN, TILT, ZOOM) ફિક્સ કેમેરા જિલ્લા પંચાયત સર્કલ તથા રેસકોર્સ રીંગ રોડ પરના અગત્યના પોઇન્ટો ઉપર ઇન્સ્ટોલ કરવામાં આવેલ છે.

અંદાજીત ૩૫ કરોડના ખર્ચે સમગ્ર રાજકોટ શહેરમાં તબક્કાવાર સી.સી.ટી.વી. કેમેરા લગાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

(૩) પ્રજામાં જાગૃતતા લાવવા માટે સુરક્ષા સેતુ યોજના હેઠળ વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.
જેમાં સ્કૂલના બાળકોને તથા પ્રજાજનોને બિનવારસી વસ્તુઓ અંગે માહિતગાર કરવામાં આવે છે.
તમામ મહત્વની જગ્યાઓ ઉપર પોસ્ટર લગાવવામાં આવે છે. તથા ટી.વી.ચેનલના માધ્યમથી અપીલ કરવામાં આવી છે.

(૪) રાજકોટ શહેરમાં પેટ્રોલિંગ સઘન કરવામાં આવેલ છે.

(૫) શકમંદોના ઘરની ઝડતી તથા પૂર્વ ઇતિહાસની ચકાસણી કરવામાં આવેલ છે.

(૬) બિનવારસી વાહનો અંગે સઘન તપાસ કરવામાં આવેલ છે.

(૭) રાજકોટ શહેર, રાજકોટ જિલ્લા તથા મોરબીના એકસપ્લોઝીવ મટીરીયલ્સના ૨૭ લાયસન્સ ધારકોની ઝીણવટભરી તપાસ કરવામાં આવેલ છે અને બાકીની તપાસણી ચાલુ છે.

આ ઘટનાની જાણ થતા પોલીસે તુરત જ ઘટના સ્થળે પહોંચી બોમ્બ ડીફ્યુઝ કરી, ત્વરીત પગલાં લઇ અસરકારક કામગીરી કરેલ છે જેથી લોકોમાં વિશ્વાસનું વાતાવરણ યથાવત જળવાઇ રહેલ છે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર-ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં ૨૦ વર્ષ થયા આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની સરકારના શાસનને અને એમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ દિવસે દિવસે બગડતી જાય છે, આઇ.એસ.આઇ.એસ. ના આતંકવાદીઓ પકડાય, હત્યા અને ખંડણી માટે 'ડી' ગેંગના શાર્પશૂટરો પકડાય. જીવતો ચાર કિલોગ્રામ વજનનો, ૧૦૦ મીટરના વ્યાસમાં વિનાશ વેરી શકે એવો બોમ્બ મળે. હત્યા, ખંડણી, લૂંટ, કોઇની જમીન અને મકાન પડાવી લેવા, ગુંડાગીરી કરવી, આવું તો અમારા સૌરાષ્ટ્રમાં અને એમાંય રાજકોટમાં અને એમાં પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના વિસ્તારમાં, એ ગૃહમંત્રી પણ છે અને એમના વિસ્તારમાં જ્યારે આવા ઉપરા ઉપરી બનાવો બનતા હોય અને

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

સૌરાષ્ટ્ર અને રાજકોટમાં ગુંડાગીરી અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિમાં ભયંકર રીતે ખરાબ હાલતમાં પસાર થઇ રહ્યું હોય ત્યારે માનનીય ગૃહમંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે, આ વિસ્ફોટક સામગ્રી મૂકનાર આરોપીઓને પોલીસ હજી સુધી પકડી શકી નથી તેના શા કારણો છે અને ગુનેગારોને પકડવામાં રાજકોટની ટીમ નબળી પડતી હોય તો એન.આઇ.એ. ની મદદ લેવા માગો છો કે કેમ? ત્રીજું રાજકોટ અને સૌરાષ્ટ્રમાં આવા વારંવાર બનતા બનાવો પ્રત્યે સરકાર કડક હાથે પગલાં લેવા માગે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાઘવજીભાઇએ જે પ્રશ્ન પુછ્યા છે એના સંદર્ભમાં હું સ્પષ્ટ કહેવા માગું છું કે, ગુજરાતમાં જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી ગુજરાતમાં શાંતિ, સલામતી, સુરક્ષા અને સમૃદ્ધિ આવી છે અને એ એટલા માટે છે કે, ગુજરાતમાં ગુનો કરવાવાળા ગુનેગારોને રાજ્યાશ્રય ગુજરાતની ભારતીય જનતા પાર્ટીની સરકારે ક્યારેય આપ્યો નથી, ભૂતકાળમાં ગુનો કરવાવાળાને રાજ્યાશ્રય કોંગ્રેસના વખતમાં આપવામાં આવતો હતો, (અંતરાય) આ સભાગૃહના રેકોર્ડની અંદર કરેલા ઉલ્લેખોના આધાર ઉપર હું કહું છું. આખાને આખા નગરો ગુંડાઓના નામથી એમના રાજમાં ઓળખાતા હતા, (અંતરાય)

અધ્યક્ષશ્રી : ભાઇ બેસો, પાછળના સભ્યો બેસો પ્લીઝ, પ્લીઝ, શક્તિસિંહજી બેસો, હું કહુ છું. માનનીય મંત્રીશ્રી તમે એવા ઉલ્લેખો ના કરો કે જેના કારણે તકલીફ ઉભી થાય. એટલે આપ સંયમીત વાત કરો એવી મારી વિનંતી છે પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે વાતની શરૂઆતમાં એવું કહ્યું કે ૨૦ વરસની અંદર ગુજરાતની અંદર શાંતિ અને સલામતી છે જ નહિ એટલે સાહેબ મારે એમને એમનો ભૂતકાળ યાદ નહિ કરાવવાનો? એમણે ઉલ્લેખ શરૂ કર્યા. એમને માહિતી જોઇતી હોય તો મારી પાસે તમામ માહિતી તૈયાર છે હું એની વિગતો આપું છું.

આ ઘટના બની અને એ ઘટના બનવાની સાથે જ આપણી જે બોમ્બ ડિસ્પોઝલ અને ડીફ્યુઝ કરવાની જે ટીમ છે, એને સમયસર સ્થળ ઉપર પહોંચાડવામાં આવી. ત્યારબાદ ત્યાં જવાબદાર બધા જ અધિકારીઓ પણ પહોંચ્યા. રાજ્યની એ.ટી.એસ. ટીમ પણ પહોંચી. આખા ગુનાની અંદર જે ઘટનાક્રમ થયો એમાં જરાય કસર રાખવામાં નથી આવી. જે શકમંદો હતા એના મોબાઇલ નંબરોની પણ કોલ ડિટેઇલ મેળવી છે, એ.ટી.એસ.ના અધિકારીઓની ટીમ દ્વારા આની અંદર જે બેટરી વપરાઇ છે એ ક્યાંથી લેવાઇ તેની તપાસ ચાલુ છે. એકસપ્લોઝીવ જે ચીજવસ્તુઓ છે એના સંદર્ભમાં સીસીટીવીના ફૂટેજ જોયા છે. આ આખો બોમ્બ જે પુંઠાના ખોખાંની અંદર હતો જેમાં વપરાયેલો વાયર, વપરાયેલા ડિટોનેટર, વપરાયેલી બેટરી, ઘડિયાળ, લાકડું આ બધું આ શંકાસ્પદ વ્યક્તિ જ્યાંથી લઇ આવ્યો છે ત્યાંથી તે એકત્રિત કરવામાં આવ્યું છે અને અત્યારના તબક્કે આ ગુનાની અંદર રાજકોટનું પોલીસ તંત્ર એ.ટી.એસ. ની મદદથી કામ કરી રહ્યું છે એટલે બાકીની વિગતો જો હું અત્યારે જાહેર કરું તો એ તપાસના હિતમાં નથી અને આ એ રાજકોટની પોલીસ છે કે જે રાજકોટની પોલીસને નીતા વોલ્વો બસની અંદર અશફાક ખત્રી જામનગરનો તેની સોપારી લઇને તેને મારવાવાળા આવતા હતા તેની માહિતી રાજકોટ પોલીસને મળી. રાજકોટ પોલીસે કુવાડવા ટોલનાકા ઉપર બસને રોકી એની અંદર એના હુલિયા ઉપરથી એ પાંચેય લોકોની ધરપકડ કરી. ધરપકડ કર્યા પછી તેની પાસેથી એક રિવોલ્વર, છ કારતૂસ, નંબર પ્લેટ, ચાકૂ અને બાકીની બધી વસ્તુઓ એકત્રિત કરીને આ અશફાક ખત્રી એ વ્યકિત છે કે જે જામનગરની અંદર ખેનીનો વેપાર કરે છે અને અરબ કન્ટ્રીઝની અંદર તેની મોનોપોલી છે તેને એ ગોવા ગુટખાવાળા બાકીના જોડે સંઘર્ષ હતો એટલે દાઉદના ભાઇ અનિશના કહેવાથી આ પ્રમાણે સોપારી આપીને જામનગરના વેપરીઓને મારવાવાળા જે હતા તેને રાજકોટની પોલીસની સતર્કતાના કારણે તે વેપારીઓનો આપણે જાન બચાવી શકયા. હું રાજકોટની પોલીસને અભિનંદન આપું છું કે રાજકોટની પોલીસની સતર્કતાના કારણે આજે એ ઘટના આપણે અટકાવી શકયા છીએ મને ભરોસો છે રાજકોટની પોલીસ ઉપર, મને ભરોસો છે ગુજરાતના એ.ટી.એસ.ઉપર આપણે કોઇ ચિંતા કરવાની જરૂર નથી જે આરોપીઓએ આ કૃત્ય કર્યુ છે તે આરોપી ગમે તેવા હશે તેને પકડી જેલના હવાલે કરી અને તેને સજા અપાવવાનું કામ અમારી પોલીસ દ્વારા અમે પરિપૂર્ણ કરવાના છીએ.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કારણ કે આપણાં સૌની ચિંતા છે બાજુમાં દુશ્મન દેશ આવેલો છે જેની સતત પ્રવૃત્તિ આતંકવાદને પ્રોત્સાહન કરવાની છે અને ૧૬૬૦ કિલોમીટરના દરિયાવાળો આપણો વિસ્તાર અહીં જે બોમ્બ મૂકાયો છે તેના તહોમતદારો પકડાવાના હજુ બાકી છે તે જ સમયે આઇ.એસ.આઇ.એસ.સાથે જોડાયેલા બે તહોમતદારોની ધકપકડ થાય છે. એ.ટી.એસ.ના વડા એ સ્વીકારે છે કે ૨૦૧૫ થી આઇ.એસ.આઇ.એસ.સાથે આ બન્ને તહોમતદારો સંપર્કમાં હતા. બે બે વર્ષથી આતંકવાદી સાથે સંપર્કમાં રહેલી વ્યકિતઓને બે વર્ષ પછી આપણે પકડી શકીએ છીએ ત્યારે મારે માત્ર એટલુ જાણવું છે કે, સી.એ.જી.એ પણ એ.ટી.એસ.માં અને પોલીસ ખાતામાં ખાલી જગ્યાઓ અંગે ખૂબ ચિંતા કરી છે. ત્યારે એ.ટી.એસ. અને પોલીસ ખાતાની ખાલી જગ્યાઓ છે તે પૂરેપૂરી આપણે નહીં ભરીએ અને પછી આપણે અપેક્ષા રાખીશું કે પોલીસ તંત્રએ સારું કામ કરવું જોઇએ તો એ શકય નહીં બનવાનું. માટે કેટલા સમયમાં એ.ટી.એસ.ની એક પણ મંજૂર થયેલી જગ્યાઓ પૈકીની એક પણ ખાલી ના રહેવી જોઇએ એ જગ્યાઓ આપ કયાં સુધીમાં પૂરેપૂરી ભરવા માગો છો ? આપે રાજકીય વાત કરી કોંગ્રેસના આશ્રય સ્થાનની આપના સરકારના એક મંત્રી હુલ્લડ અને ૩૦૨માં જેલમાં છે • (×××) તે હકીકત છે રાજકીય અવલોકન નહીં આ બાબતમાં ગંભીરતાથી આપણે જોઇએ

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)

ચોટીલા માતાજીના મંદિર પરની સુરક્ષા વધારવામાં આવી છે કે કેમ ? બીજા જે દેવસ્થાનો છે ત્યાં જે સુરક્ષામાં વધારો થવો જોઇએ તે આપણે નથી કરી શકયા તો એ લોખંડી સુરક્ષા ઉભી થાય અને કોઇ ત્યાં આગળ હિંમત ના કરી શકે એ માટેની વ્યવસ્થા માટે સરકાર શું કરવા માગે છે તે હું જાણવા માગુ છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ મંત્રી જેલમાં નથી મેટર સબજયુડિશ છે. તમે હાઇકોર્ટના વકીલ થયા આટલા લર્નેડ માણસ છો, કોણ જેલમાં છે અને કોણ જેલની બહાર છે? આ જેલમાં નથી અને મેટર ઇઝ સબજયુડિશ.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા (ગૃહ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભુપેન્દ્રસિંહજીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એના સંદર્ભમાં મારે એટલું જ કહેવું છે કે, માનનીય શકિતસિંહજી તો હાઇકોર્ટમાં પ્રેકટિસ કરે છે. અત્યારે હાઇકોર્ટમાં આની અપીલની સુનાવણી ચાલે છે. આપણા ગૃહની પરંપરા છે કે, જ્યારે નામદાર હાઇકોર્ટની અંદર કોઇ મેટર સબજ્યુડિશ તરીકે ચાલતી હોય તો સભાગૃહની અંદર એનો ઉલ્લેખ કરતા નથી. એટલે હું મારી વાતને વળગી રહું છું. • (×××) એ શાના માટે રાખવામાં આવ્યો હતો? એણે સામાજિક કામ કર્યુ હતુ એટલા માટે જેલમાં રહ્યો હતો? આ શબ્દો હાઉસના રેકર્ડ ઉપર રહે તે યોગ્ય નથી. અત્યારે એ અપીલની સુનાવણી ચાલુ છે, રોજિંદી સુનાવણી ચાલુ છે. આ પ્રકારનો ઉલ્લેખ સબજ્યુડીશ મેટર માટે અયોગ્ય છે અને જ્યારે ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ ન થઇ હોય અને એ પહેલા સભાગૃહની અંદર આ પ્રકારનો ઉલ્લેખ ભૂતકાળમાં પણ ક્યારેય નથી થયા. હું આપને વિનંતી કરું છું કે માનનીય ભુપેન્દ્રસિંહજીએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એના આધાર ઉપર એમણે કરેલા શબ્દો રદ કરવા જોઇએ.

અધ્યક્ષશ્રી : કોઇ શબ્દો રદ નથી કરવા. તમે આગળ ચલાવો.

શ્રી પ્રદિપસિંહ ભ.જાડેજા ( ગૃહ મંત્રીશ્રી ) : માનનીય શકિતસિંહ ભાઇએ જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે. એમાં આ જે ઇસ્લામિક સ્ટેટ ફોર ઇરાક એન્ડ સીરીયા (આઇ.એસ.આઇ.એસ.) સંસ્થા છે એ વિશ્વની ભયાનકમાં ભયાનક આતંકવાદી સંસ્થા છે. રાજ્યના એ.ટી.એસ.વાળાને હું અભિનંદન આપું છું. અભિનંદન એટલા માટે આપુ છું કે, ૨૦૧૫થી આની જ્યારે વૉર ચાલી રહી છે અને એના આધાર ઉપર જ્યારે ફાઇન્ડીંગ્સ મળ્યા અને ફાઇન્ડીંગ્સ મળ્યાની સાથે અમે ઈફેક્ટીવલી કામ કર્યુ છે. એમણે કહ્યું કે, ૨૦૧૫થી ચાલે છે તો અત્યાર સુધી રાહ જોવાની જરૂર શું હતી. જે બાકીની માહિતી, એન.આઇ.એ.નો સંપર્ક અને એ.ટી.એસ. સતત ચીત્તાની જેમ આનું નિરીક્ષણ કરી રહ્યું હતું પણ આની અંદર જે વસીમ આરીફ રમોદીયા સંકળાયેલો છે એના ચેટીંગમાં એણે કહ્યું કે, ૧૫૦ ગ્રામ જેટલો માલ ભેગો થઇ ગયો છે. એના જવાબમાં એનો જે ઇન્ટરનેશનલ હેન્ડલર છે એણે કહ્યું કે, ૧૫૦ ગ્રામથી કાંઇ નહિ થાય તમે ઓછામાં ઓછો ૪૦૦ ગ્રામ જેટલો વિસ્ફોટક ભેગો કરો. બીજા ચેટમાં એનો હેન્ડલર કહે છે કે, કુછ કામ કરો અથવા કોઇ કાફીર કા કતલ કરો અને એનો વીડીયો બનાવીને મને મોકલી આપો. જેના સંદર્ભમાં વસીમ કહે છે કે, બતાવેલું કામ કરવા અમે મક્કમ છીએ અને વીડિયો પણ મોકલીશું. હેન્ડલરે એના કામની વિગત માગતા કહ્યું કે, કોઇપણ જગ્યાએથી લૂંટકર હો સકા તો એક કાફીર કા કતલ કર દુંગા ઓર શહેર કે બહાર ઇનકા ફેમસ મંદિર હૈ જહાં બહોત લોગ રહતે હૈ, મૈંરે શહેર સે બહોત નજદીક હૈ વહાં જા કર ડાલ દુંગા. બીજા ચેટમાં વસીમ કહે છે કે, કુછ ઇન્તજાર કરના હોગા. અબ મુઝે શાયદ ફ્યુચરમે કુછ માલ કા જુગાડ હો તો બડા જમ્પ હી લગાઉંગા. ઇન્શા અલ્લા કુછ માલ કી સવલત હો જાયેગી તો નીકલ જાયેંગે દારૂલ કુકર સે દારૂલ ખલીફા મે. માત્ર એના આધાર ઉપર એને ન પકડાય જ્યારે પાકી માહિતી મળે અને આ માહિતી મળી અને એના આધાર ઉપર પોલીસ અને એ.ટી.એસ.ની સતર્કતાથી આટલી મોટી ઘટના આપણે નિવારી શક્યા એનો યશ એ.ટી.એસ.ને આપવાનો થાય. એમણે બીજી વાત આપણા શ્રદ્ધા કેન્દ્રોની કરી. આ ખાલી જગ્યાઓના સંદર્ભમાં એટી.એસ.માં એસ.એન.વેન જ્યારે જરૂરિયાત પડે ત્યારે જિલ્લા કક્ષાના ક્રાઇમ બ્રાંચના એસ.ઓ.જી.ના બધા જ પ્રકારના જે કેસો હોય છે. એ કેસીસની અંદર એસઓજી દ્વારા મદદરૂપ થતી હોય છે. એમણે ધાર્મિક સ્થાનોની વાત કરી, તો ૧૬૦૦ કિલોમીટરનો આપણો દરિયાકાંઠો છે અને આ દરિયાકાંઠાના દેશમાં જયારથી એનડીએની, માનનીય નરેન્દ્રભાઇ મોદી વડાપ્રધાન બન્યાને ત્યારથી પ્રબળ રાજકીય ઇચ્છાશકિતના આધાર ઉપર આતંકવાદીઓ આ ધરતી ઉપર પણ, તમારા વખતમાં • (×××) અને હિન્દુ ધર્મના જો શ્રદધા કેન્દ્રો છે...

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ત્યાં અસંસદીય શબ્દોની પણ યાદી છે. કોઇપણ સભ્યશ્રી અહીંયાં બોલે છે એ *(×××) કે કોઇપણ રાજકીય પાર્ટી વિશે આ હદે બોલે? માનનીય અધ્યક્ષશ્રી, કસાબને ફાંસીએ ચડાવનાર અમારી સરકાર હતી અને એ બોટ લઇને જે તમારા અહીંયાં હતા ત્યારે પોરબંદરની બોટ લઇને અહીંથી જ ગયો. આખી બોર્ડર ખુલ્લી, માનનીય અધ્યક્ષશ્રી, ૧૧૬માં મંત્રીશ્રી પૂછેલા સવાલોના જવાબોના બદલે રાજકીય બોલવું હોય તો અમનેય પણ આવડે છે, પરંતુ આતંકવાદમાં આ પક્ષ કે તે પક્ષ જોયા વગર ગુજરાતની ચિંતા કરીને ટુ ધી પોઇન્ટ વાત કરો. આતંકવાદના નામે વોટબેંક મજબૂત કરવી બહુ સહેલું છે પણ આતંકવાદ સામે આપણા ગુજરાતનું રક્ષણ, આપ જૂની વાત કરો છો તો કોઇ દિવસ આતંકવાદી આવતા ન હતા. અમે એવું નથી કહેતા કે, કોંગ્રેસની તાકાત, પણ આજે તમે વાત કરો છોને અને આવે છે, ૨૦૧૫થી ISIS વાળા છે, રાજકોટમાં બોમ્બ મૂકાય છે અને છતાંય આપ કહો છો કે અમારા ત્યાં તો આવતું નથી.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હરેન પંડ્યાની હત્યા થઇ જાય, હત્યારા પકડાય નહીં, એના પિતા કોઇકનુ નામ આપે, એની સામે કંઇ થાય નહીં. આ બધી વાતોને અવકાશ નથી. ૧૧૬માં મારો સવાલ છે એનો જવાબ આપો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ઉલ્લેખ કર્યોને હું એટલા માટે કહું છું, મેં તૃષ્ટીકરણની રાજનીતિની વાત કરી એટલા માટે કરી કે એમના નેતા • (×××)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, માત્ર પ્રશ્નના જવાબ ઉપર આવી જાઓ. પ્લીઝ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ તો ઉલ્લેખો કર્યા એટલા માટે હું કહું છું, તમે સુરક્ષાના નામે રાજનીતિ ના કરો અને ભારતીય જનતા પાર્ટીની સરકારને શીખવાડવા માટેનો પ્રયાસ હરગીઝ ન કરો.

અધ્યક્ષશ્રી : જે ગૃહમાં હાજર નથી એમના માટે વપરાયેલા શબ્દો દૂર કરીએ છીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે ઉલ્લેખ કર્યા એના સંદર્ભમાં મારે એટલું જ કહેવું છે કે, જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીની અંદર જે પ્રમાણેનું કૃત્ય થયું..

અધ્યક્ષશ્રી : આપણે ગુજરાત પૂરતું રાખોને.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એના સંદર્ભમાં એમણે નીતિ સ્પષ્ટ કરવી જોઇએ. આ પ્રમાણે માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું એટીએસ સક્ષમ છે અને આ એટીએસના માધ્યમથી ૨૦૦૨ની અંદર કલકત્તાની અંદર અમેરિકન કોન્સ્યુલેટમાં થયેલા હુમલાના આરોપી ગુજરાતની પોલીસે કર્યા હતા. ૨૦૦૮ની અંદર આખા દેશમાં ૩૫ જગ્યાએ થયેલા સીરીયલ બ્લાસ્ટના લોકોને એટીએસે પકડ્યા હતા. જયારે ૨૦૦૮માં અમદાવાદ અને સુરતની અંદર સીરીયલ બ્લાસ્ટ થયા ત્યારે આ એટીએસ, કેરલથી માંડીને આઝમગઢમાં આતંકવાદીઓની બોડમાં જઇને અબુબકર જેવા લોકોને જેલના હવાલે કરવાનું કામ કર્યું હોય તો આ ગુજરાતના એટીએસ દ્વારા કરવામાં આવ્યું છે. માત્ર જેલના હવાલે નહીં પણ એને સજા પહોંચે એના માટે સરકાર કટિબદ્ધ છે. તમારા શાસનમાં ચાર ચાર વખત ધડાકા થયા, તમારા વાંકાનેરના પૂર્વ ધારાસભ્ય એ ધડાકાની અંદર મૃત્યુ પામ્યા હતા. એ ચાર કેસમાંથી એકને પણ સજા નથી થઇ. માનનીય અધ્યક્ષશ્રી, આજે ગોધરાકાંડનો વરસીનો દિવસ છે. આજે એકસ–સીક્સના ડબામાં ૫૮ જેટલા રામભક્તોને જીવતા ભુંજવી નાખનાર લોકોને જેલના હવાલે કરવાનું કામ પણ અમે લોકોએ કર્યું છે. ત્યારે રામભક્તો માટે તમે કોઇ બોલવાવાળા નહતા. અઠાવન–અઠાવન રામભકતોને જીવતા સળગાવી નાખ્યા હતા. અમારી સરકારે, અમે એ આતંકવાદીઓ તત્વોને જેલના હવાલે કરવાનું કામ કર્યું છે, ગુજરાતની ભારતીય જનતાપાર્ટીની સરકાર દ્વારા કરવામાં આવ્યું છે.

અધ્યક્ષશ્રી : હવે પુરું કરો, નેકસ્ટ.

રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

અધ્યક્ષશ્રી : રાજ્યપાલશ્રીના સંબોધન માટે તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ માનનીય સભ્યશ્રી શ્રી બાવકુભાઇ ઉંધાડ તરફથી જે આભાર પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે અને જેને માનનીય સભ્ય શ્રી મોતીલાલ વસાવાએ અનુમોદન આપ્યું છે તે આ પ્રમાણે છે.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો–

‘‘ અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.’’

અધ્યક્ષશ્રી : હવે માનનીય સભ્યશ્રીઓ પોતાના સુધારા એક પછી એક રજૂ કરે.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૧ રજૂ કરું છું.

રાજયમાં ૧૮૪ જેટલી નારી અદાલતો શરૂ કરવામાં આવી છે પરંતુ તે માટે જરૂરી માનવબળ અને સંસાધનો માટે કરેલ જોગવાઇનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૨ રજૂ કરું છું.

રાજયમાં ૪૪૫૫૫ કિલોમીટર લંબાઇની નહેરોનું બાંધકામ ડિસેમ્બર–૨૦૧૬ સુધીમાં પૂર્ણ થયું પરંતુ બાકી રહેલ નહેરોનું બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ થશે તે બાબતનો પ્રવચનમાં ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૪ રજૂ કરું છું.
ગુજરાત રાજયમાં અત્યાર સુધીમાં થયેલ આઠ વાયબ્રન્ટ સમિટ અંતર્ગત રાજયમાં કેટલું મૂડીરોકાણ થયું તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી પ્રહલાદભાઇ ઈ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૬ રજૂ કરું છું.
રાજયમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા નવા પોલીસ સ્ટેશનો શરૂ કરાય છે પરંતુ, સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ સામે જરૂરી

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

મહેકમ ભરવા બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારા ક્રમાંક–૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૭ રજૂ કરું છું.
સ્વચ્છ ભારત યોજના અંતર્ગત રાજયમાં બાકી રહેલા પરિવારો માટે શૌચાલયોનું કામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૮ રજૂ કરું છું.

ઉર્જા બચાવો અને ખર્ચ બચાવો યોજના અંતર્ગત એલ.ઇ.ડી. બલ્બની ખરીદી પર સબસિડી અંતર્ગત રાજય સરકારની તિજોરી પર કેટલો બોજો પડ્યો તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૮ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૯ રજૂ કરું છું.

જીસ્વાન અને સ્ટેટ ડેટા સેન્ટર અપગ્રેડ કરાયા, પરંતુ વેબસાઇટ ઉપરની માહિતી સમયસર અદ્યતન કરવાના તથા વારંવાર ઉભી થતી કનેકટીવીટી લોસની સમસ્યાને પહોંચી વળવા કરેલા આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૧૦ રજૂ કરું છું.
ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે મુખ્યમંત્રી અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજનામાં જે કાર્ડ અપાય છે તે હજુ કેટલા લોકોને આપવાના બાકી છે તથા તે કેટલા સમયમાં આપવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રામસિંહ પ્ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૧૧ રજૂ કરું છું.
વ્યાજબી ભાવની દુકાનોમાં કોમ્પ્યુટરાઇઝેશન કરાયુ પરંતુ વારંવાર બંધ થઇ જતા સર્વરની સમસ્યા દૂર કરવા માટેના આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવ્યો.

પ્રો હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૧૨ રજૂ કરું છું.
રાજયમાં છ માસનો આઇ.ટી.આઇ. કમ્પ્યુટર કોર્સ પાસ કરનારને ટેબ્લેટ આપવાની યોજના અન્વયે કેટલા ટેબ્લેટો આપવાના બાકી છે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૧૫ રજૂ કરું છું.
રાજયના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા જિલ્લા હોસ્પિટલોમાં મંજૂર થયેલ ડોકટરોના મહેકમ અંતર્ગત કેટલી જગ્યાઓ ખાલી છે તથા આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૧૬ રજૂ કરું છું.
કચ્છને નર્મદાના એક મિલિયન એકર ફીટ વધારાનું પાણી પૂરું પાડવા અંગે સરકારે કરેલા આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૧૭ રજૂ કરું છું.
આદિવાસી સમાજમાં સિકલસેલ એનીમીયાના દર્દીઓના મૃત્યુ થવાના કિસ્સામાં તેના કુટુંબીજનોને સહાય ચૂકવવા અંગેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૧૯ રજૂ કરું છું.
ખેડૂતોના પાકને ટેકાના ભાવે ખરીદી યોજના અંતર્ગત ખરીદ કેન્દ્રો સમયસર શરૂ કરવા અંગેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૨૦ રજૂ કરું છું.
રાજયની કેટલી ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતોને સંપૂર્ણ ખુલ્લામાં શૌચક્રિયા મુકત (ઓ.ડી.એફ.)જાહેર કરવામાં આવી, તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવ્યો.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

પીવાના પાણી માટે રાજયમાં સરદાર સરોવર યોજના અંતર્ગત શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં પાણીની વારંવાર સર્જાતી સમસ્યાઓ નિવારવા કરેલ આયોજન બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૨૧ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૨૨ રજૂ કરું છું.

અનુસૂચિત જાતિના લોકોને પોતાના ઉત્પાદનોના વેચાણ માટે બજાર મળે તે માટે ૧૪ જેટલા હાટ બજારો સ્થાપવાની કામગીરી શરૂ કરવામાં આવી છે, તે કયા કયા સ્થળે અને કેટલા સમયમાં કાર્યરત થશે તેનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૨૨ રજૂ કરવામાં આવ્યો.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૨૩ રજૂ કરું છું.

રાજયના જે જિલ્લાઓમાં એક પણ વિજ્ઞાન પ્રવાહની કોલેજ નથી તેવા જિલ્લાઓમાં વિજ્ઞાન પ્રવાહની કોલેજ શરૂ કરવા માટે સરકાર દ્વારા કરવામાં આવનાર આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૨૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૨૪ રજૂ કરું છું.

રાજયના ૯૮ ટકા ગામડાંને પરિવહન સેવાઓ અપાઇ પરંતુ ગામડાંમાં બસ સેવાઓ નિયમિત મળી રહે તે માટે કરેલા આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૨૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૨૬ રજૂ કરું છું.

ખેડૂતોના ઉભા પાકને જંગલી પશુઓથી રક્ષણ આપવા માટે કાંટાળી તારની વાડ બનાવવા માટેની યોજના અંતર્ગત ખેડૂતોને સમયસર સહાય પૂરી પાડવા સરકાર દ્વારા કરેલ આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૨૬ રજૂ કરવામાં આવ્યો.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૨૭ રજૂ કરું છું.

સૌની યોજના અંતર્ગત લિંક−૧ અને લિંક−૩ના કામો પૂર્ણ થયા પછી કેટલું પાણી કેટલા દિવસ સુધી કયા કયા જળાશયોમાં નાખવામાં આવ્યું તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૨૭ રજૂ કરવામાં આવ્યો.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૩૦ કરું છું.

રાજયમાં નવા વીજ જોડાણો મેળવવાની પડતર રહેલ અરજીઓનો ઝડપથી નિકાલ કરવાના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૩૦ કરવામાં આવ્યો.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૩૨ કરું છું.

રાજય દેશમાં દૂધ ઉત્પાદનમાં અગ્રહરોળમાં હોવા છતાં રાજયની જનતાને વ્યાજબી ભાવે દૂધ મળી રહે તે માટેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૩૨ કરવામાં આવ્યો.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૩૩ રજૂ કરું છું.

પશુ આરોગ્ય કેમ્પોમાં બિમાર પશુઓને લાવવા લઇ જવા માટે પશુપાલકોને સહાય પૂરી પાડવા અંગેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૩૩ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૩૪ રજૂ કરું છું.

રાજયના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રો તથા જિલ્લા હોસ્પિટલોમાં મંજૂર થયેલ સ્ટાફના મહેકમ અંતર્ગત કેટલી જગ્યાઓ ખાલી છે તથા આ જગ્યાઓ કયારે ભરવામાં આવશે તે બાબતનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૩૪ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૩૫ રજૂ કરું છું.

કિડનીની બિમારી માટે કુલ ૩૪૩ ડાયાલીસીસ મશીનો પૂરા પડાયા છે, પરંતુ તેની યોગ્ય જાળવણી−સમારકામ માટે જરૂરી ટેકનિશીયનો ઉપલબ્ધ કરાવવાના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૩૫ રજૂ કરવામાં આવ્યો.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સુધારો ક્રમાંક−૩૬ રજૂ કરું છું.

સરકારી ઇજનેરી કોલેજો અને પોલિટેકનીક સંસ્થાઓમાં ૧૦૨૪ અધ્યાપકોની નિમણૂક અપાઇ છતાં હજુ કેટલી જગ્યાઓ ખાલી છે તથા આજગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે તેના આયોજનનો પ્રવચનમાં કોઇ ઉલ્લેખ નથી.

સુધારો ક્રમાંક−૩૬ રજૂ કરવામાં આવ્યો.

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રી ઓ.પી. કોહલીજીએ ગૃહમાં જે સંબોધન કરેલ છે અને તેમના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મારા દ્વારા રજૂ કરવામાં આવેલ છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ખેડૂતો, યુવાનો, મહિલાઓ, એસ.સી., એસ.ટી., ઓ.બી.સી., આ રાજયના વિદ્યાર્થીઓ તમામનો એક લાગણીથી સર્વાંગી વિકાસ થાય અને તમામ લોકોના જીવનમાં વિકાસની સાથે સાથે ખુશાલી આવે. મહામહિમ રાજયપાલશ્રીએ સંબોધન કર્યું છે તેના ઉપર સરકારે જે કામગીરી કરી છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશ જયારે અંગ્રેજોની ગુલામીની જંજીરોમાં હતો ત્યારે પૂ. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઇ પટેલ અને અનેક ક્રાંતિવીરોએ આ દેશને આઝાદી અપાવવામાં જે કામગીરી કરી તેમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. ગાંધીજી અને સરદાર વલ્લભભાઇ પટેલના આ ગુજરાતમાં કહું તો ગાંધીજીની ઇચ્છા હતી કે આ દેશમાં કોઇ પણ યુવાન નશા તરફ ન વળે, દારૂ તરફ ન વળે. તેના માટે ૧૩ બિલ લઇ આવ્યા છે તેમાં હુક્કાબાર અને નશાબંધીનું બિલ પણ આવ્યું છે. આ રાજય સરકારની એક નેમ છે. આ રાજયનો સર્વાંગી વિકાસ થાય. તેમાં આરોગ્યની સુવિધાઓ મળે, પીવાનું પૂરતું પાણી મળે. રોડની સુવિધાઓ પૂરી થાય. રાજયમાં શિક્ષણ અને સલામતી મળે. આ રાજયનો યુવાન શિક્ષિત, સંસ્કારી, નીડર, સાહસિક, શૌર્યવાન બને. શિક્ષણ અને સંસ્કાર રાજયના લોકોમાં, યુવાનોમાં જળવાઇ રહે તેના માટે પહેલી જરૂર છે કે આ રાજયનો વ્યક્તિ નશામુક્ત રહે. તેના માટે સરકારે ખૂબ સારી રીતે કામગીરી કરી છે. આપણાં દેશનું ગૌરવ સરદાર વલ્લભભાઇ પટેલ. આ દેશની એકતા, અખંડિતતાને સલામત રાખવાનું જેમણે કામ કર્યું અને આ દેશના લોકોને કાળજુ સિંહનું રાખો, ઘરની વાત ઘરમાં રાખો એવી એક પ્રેરણા આપનાર સરદાર વલ્લભભાઇ પટેલના નામ ઉપરથી આપણે નર્મદા બંધ બાંધ્યો. ખૂબ લાંબા સમયથી તેની કામગીરી અટકી રહી હતી ત્યારે દેશના એક ઉમદા, વિકાસશીલ વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીજી આવ્યા. આ કામ વર્ષોથી અટકેલું હતું ત્યારે આ રાજયના પીવાના પાણીનો પ્રશ્ન હલ થાય, આ રાજયના ખેડૂતોને સિંચાઇનું પૂરું પાણી મળે તેના માટે દેશના વડાપ્રધાન બન્યા અને ૧૭ દિવસની અંદર દરવાજા ચડાવવાની કામગીરીની મંજૂરી આપી. આવતા વર્ષથી ડેમમાં અત્યારે જે પાણીના સંગ્રહનો જથ્થો છે તેમાં ત્રણ ગણો વધારો થઇ જશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રૂપાણી સાહેબની સરકાર દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત સમિટનું આયોજન કરવામાં આવ્યું. ૨૦૧૭ના વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં દેશ-વિદેશની ૧૫૦૦ કંપનીઓએ ભાગ લીધો અને ૨૫,૫૦૦ ઓમ.ઓ.યુ. થયા. આટલા બધા એમ.ઓ.યુ. અને અગાઉની વાઇબ્રન્ટ સમિટમાં થયેલા એમ.ઓ.યુ.ના કારણે ગુજરાતમાં જે ઉદ્યોગો આવ્યા છે, રોકાણો થયા છે તેના લીધે આ રાજયના યુવાનોને જે રોજગારીની તકો મળી. મને ખ્યાલ છે ત્યાં સુધી અગાઉ આ રાજયમાં માત્ર ૫૦-૬૦ આઇ.ટી.આઇ. હતી. અત્યારે ૭૭૧ આઇટીઆઇ છે. એમાં ૧૯૫૦૦૦ તાલીમાર્થીઓ તાલીમ લઇ રહ્યા છે. આ પ્રશ્ન કઇ રીતે ઉભો થયો? આ રાજયની અંદર આટલા બધા રોકાણો આવ્યા, આટલા બધા એમઓયુ થયા. જેના લીધે ઉદ્યોગોને ટ્રેઇન્ડ લોકોની જરૂર પડી ત્યારે સરકારે આવી આઇટીઆઇ દ્વારા તાલીમાર્થીઓ તૈયાર કર્યા અને તેના દ્વારા તેમને રોજગારી આપવા માટેની કામગીરી કરી છે. હમણાં જ માનનીય રૂપાણી સાહેબે એક આયોજન કર્યું છે અને એમાં ફક્ત સાત જ દિવસમાં ૧,૧૦,૦૦૦ બેકાર યુવાનોને સ્થળ ઉપર જ નોકરી આપવામાં આવી. સાત જ દિવસમાં ન ભૂતો ન ભવિષ્યતિ જેવું કામ કર્યું. આખા દેશમાં રોજગારી આપવાના ફિગર જોઇએ તો ૩,૩૮,૫૦૦ યુવાનોને આ વર્ષમાં નોકરી આપવામાં આવી. આમાંથી ફક્ત ગુજરાતમાં જ ૨,૦૦,૮૦૦ યુવાનોને રોજગારી આપવામાં આવી. આખા દેશમાં નોકરીઓ મળી એમાંથી ૮૬ ટકા તો ફક્ત ગુજરાતમાં જ નોકરીઓ મળી છે. ૨૯ રાજ્યો અને ૬ જેટલા કેન્દ્રશાસિત પ્રદેશો મળીને ૩૫ જેટલા રાજ્યોમાં ફક્ત ૧૪ ટકા લોકોને રોજગારી મળી છે. એ રીતે જોઇએ તો રોજગારી આપવામાં ગુજરાત નંબર વનના સ્થાન ઉપર છે.

શ્રી નિરંજનભાઇ, મહારાષ્ટ્રમાં ૧૦ નગરપાલિકાઓમાંથી એકમાં પણ તમે નથી. દસ નગરપાલિકાની ચૂંટણીઓ તમે હારી ગયા છો. કેટલાક કેચ થયા, કેટલાક હીટ આઉટ થયા, કેટલાક રન આઉટ થયા અને કેટલાક ક્લીન બોલ્ડ થયા છે. હમણાં તલાલાની ચૂંટણીમાં શું થયું એ તો તમને ખબર જ છે ! અમરેલીમાં ગરમી વધી છે, ૩૮ થઇ છે અને ૪૪ થશે. મીની બસમાં બેસાડીને જ લઇ જવાય એટલા જ છો. આ સરકાર જે કામગીરી કરે છે એનું આ પરિણામ છે. મહારાષ્ટ્રમાં કામગીરી કરી છે એનું પરિણામ છે. ઓરિસ્સામાં આપનું શું થયું? આ રાજયની ઇચ્છાશક્તિ છે. લોકોની સેવા કઇ રીતે કરવી એ અમે જાણીએ છીએ. આપણે બાયોડેટા ભરીએ તો લખીએ છીએ, દરેક ધારાસભ્ય બાયોડેટા ભરે ત્યારે લખે છે કે અમે સમાજ સેવા કરીએ છીએ. છતાં પણ સમાજ સેવા થતી નથી. એટલે શ્રી નિરંજનભાઇ આટલા લોકો આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ રાજ્ય સરકાર દ્વારા સેવા સેતુના કાર્યક્રમોનું આયોજન થયું. આ સેવા સેતુના કાર્યક્રમોમાં દસેક જગ્યાએ હું ગયો છું, એમાં હાજરી આપી છે. એમાં એક હજારથી પંદરસો લોકો આવે છે એ હસતા હસતા જાય છે. ૨૮૦૧ સેવાસેતુના કાર્યક્રમો આ રાજ્યમાં થયા. એમાં ૨૮,૧૪,૦૦૦ લાભાર્થીઓની હાજરીમાં રેશન કાર્ડ વિતરણ થયા, આવકના દાખલા નિકળ્યા. આ કામગીરી માટે એક જ સ્થળ ઉપર તાલુકાના તમામ અધિકારીઓ અને વિભાગના અધિકારીઓ આવે. એક જ જગ્યાએ બધી કામગીરી થાય અને એક જ જગ્યાએ આ વ્યકિતનું જે કોઇ કામ અટક્યું હોય એ કામ થાય. આ એટલા માટે કરવામાં આવ્યું છે કે અગાઉ ૧૯૯૫ પહેલાં વચેટીયાઓ હતા. હવે અમે વચેટીયા નથી રાખ્યા ડાયરેક્ટ જેનું કામ હોય એ સીધા આવે ડાયરેક્ટ કામ થાય અને ત્યારે આવા સેવા સેતુના કાર્યક્રમની સાથે સાથે પ્રગતિ સેતુ કાર્યક્રમ પણ માનનીય રૂપાણીસાહેબના આયોજનથી કરવામાં આવ્યો છે અને પ્રગતિસેતુ કાર્યક્રમમાં ૧૩,૩૫૫ પ્રશ્નો, દા.ત. અહીં પાણી નથી

આવતું, અહીં પાઇપલાઇન નથી, આવા વિકાસના કામો લોકોની જરૂરિયાતના કામો એવા ૧૩,૩૫૫ પ્રશ્નો એટલે કે ૭૪ ટકા પ્રશ્નો જિલ્લામથકે તમામ લોકોએ જે રજૂ કર્યા એનો હલ કર્યો, ખાલી નિકાલ નહીં પ્રશ્નોને હલ કર્યા અને એનું પરિણામલક્ષી રીઝલ્ટ આવ્યું. આ રાજયમાં કોઇ પૈસાદાર હોય, ખૂબ પૈસાદાર, ધનાઢય લોકો હોય જે આ રાજયની કોઇ મોટી મોટી ખાનગી હોસ્પિટલો દા.ત. શાલ, એપોલો, વોખાર્ટ હોય એ હોસ્પિટલમાં રાજયના ધનાઢય લોકો સારવાર લેતા હોય છે. આ રાજય સરકારે, ભારતીય જનતા પાર્ટીની સરકારના અમારા પૂર્વમુખ્યમંત્રી આનંદીબહેન પટેલ હતા એમણે મુખ્યમંત્રી અમૃતમ યોજના અને મા વાત્સલ્ય યોજના, આ યોજના બહાર પાડી અને રાજયના ઝૂંપડાની અંદર રહેતા ગરીબમાં ગરીબ માણસ પણ આ રાજયના કોઇ બિલ્ડર હોય, કોઇ ડાયમંડના વેપારી હોય, ખૂબ ધનાઢય અબજોપતિ હોય એ લોકો જયાં સારવાર લે ત્યાં સારવાર લઇ શકે એવી વ્યવસ્થા કરી અને એમાં ૫૮૭ કરોડ રૂપિયા અત્યાર સુધીમાં વાપર્યા. ૪,૨૨,૦૦૦ કુટુંબોએ આનો લાભ લીધો. આને સૌનો સાથ અને સૌનો વિકાસ કહેવાય. ત્યારે આ રાજયમાં આ સિવાય પણ નાના કે ગરીબ કે મધ્યમવર્ગના માણસોને મુશ્કેલી ન પડે એના માટે સરકારે જેનરીક દવાના ૫૦૦ સ્ટોર ખોલવાનું પણ આયોજન કર્યુ છે. આજે કોઇ દવા એક હજાર રૂપિયામાં મળતી હોય તો આ જેનરીક સ્ટોરની અંદર ફકત સો રૂપિયામાં આ દવા મળે. વીસ ટકા થી નેવું ટકા, એ જ દવા, એ જ કન્ટેન, પૂરેપૂરી સ્ટાન્ડર્ડ દવા, આ રાજયના તમામ લોકોને મળી શકે છે. રાજયમાં માનો કે બહારથી દવાની જરૂર પડી, આ રાજયના મુખ્યમંત્રીશ્રીએ અગાઉ વ્યવસ્થા કરી છે કે સી.એચ.સી., પી.એસ.સી. કે સિવિલ હોસ્પિટલમાં તમામ દવાઓ ત્યાંથી મફત આપવાની કોઇ દવા બહારની લખવાની જ નહીં પણ માનો કે કોઇ ખાનગીમાં જાય અને એને દવા લખે તો એ જેનરીક સ્ટોરની અંદરથી પણ દવા મળે એવી વ્યવસ્થા કરી છે. આ રાજયની અંદર ખેડૂતો માટે મગફળી અને તુવેરની ખરીદીમાં ખેડૂતોને પાક એના ઘરમાં આવવાની તૈયારી હોય ત્યારથી આ રાજયની અંદર ૮૦૦ કરોડ ઉપરની મગફળી રાજય સરકારે ટેકાના ભાવથી ખરીદી કરી. એક ખેડૂતોને બે કનેકશન નહોતા મળતા તો હવે વીસ એકર ઉપરની જમીનના ખેડૂતને બીજું કનેકશન મળે. એક ખેડૂત બે મોટર નહોતા ચલાવી શકતા. આ રાજય સરકારે એક ખેડૂતને એનું દસ હોર્સ પાવરનું કનેકશન હોય તો પાંચ હોર્સ પાવરના બે- બે મોટર ચલાવી શકે. આ સિવાય રાજયની અંદર ભુંડ-રોજના રક્ષણ માટે સરકારે ખૂબ મોટી ગ્રાંટ અત્યાર સુધી કયારેય કલ્પના કરી ન હોય એવી મોટી ગ્રાંટ આ રાજયની અંદર આપી છે. ડોકટરોની અછત નિવારવા માટે ૨૦૦૧માં ૯ મેડિકલ કોલેજ હતી. ૧૧૨૫ બેઠકો હતી, અત્યારે ૨૦૧૭માં ૨૨ મેડિકલ કોલેજ અને ૩૫૩૦ બેઠકો છે. મારી પાસે એક પત્ર છે કે આજે દાહોદ ગોધરા જેવા વિસ્તારમાં ત્યાંના તબીબી અધિકારીએ એમ કીધું છે કે અહીંયા ૧૨ ડોકટરોની જગ્યા છે, ૧૨ જગ્યા ભરેલી છે હવે જગ્યા ખાલી નથી. આજે રાજયની અંદર પૂરતા ડોકટરોની સુવિધા મળે એના માટે પણ રાજય સરકારે આગોતરું આયોજન કર્યુ છે.અગાઉ એન્જિનિયરીંગમાં પ્રવેશ માટે કેવી પરિસ્થિતિ હતી અને આજે જગ્યાઓ ખાલી રહે એવી સ્થિતિ છે. પાણીની વ્યવસ્થાઓ, પાણીના તળ ઉંચા આવ્યા છે. અમદાવાદ જિલ્લાના ધંધૂકા વિસ્તારમાં આજથી ૨૦ વર્ષ પહેલાં એવું કહેવાતું હતું કે દીકરીને બંદૂકે દઇશું પણ ધંધૂકે નહીં દઇએ. પણ હવે કહે છે કે અમારે દીકરીને ધંધૂકે દેવાની છે, કારણ કે ૨૪ કલાક નર્મદાના પાણી ત્યાં મળે છે. આ રાજયમાં સુજલામ સુફલામ યોજના હોય કે પાણીની યોજનાઓ હોય એની સાથોસાથ મેં વાંચ્યું હતું કે દેશમાં ૧૩ સેકન્ડે એક વ્યકિતનું કુપોષણના કારણે મૃત્યુ થાય છે. આ રાજયમાં મા અન્નપૂર્ણા યોજના ૨૦૧૨-૧૩થી અમલી બનાવી અને ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા આપવાની શરૂઆત કરી અને ૩ કરોડ ૮૨ લાખ લોકો સુધી આ યોજનાના લાભો મળવાના શરૂ થયા છે. આ રાજયમાં આ સરકારે ચિંતા કરી છે કે નાનામાં નાનો, ગરીબમાં ગરીબ અને ઝૂંપડામાં રહેતો માણસ કુપોષણથી પીડાય નહીં અને એના માટે આ રાજ્ય સરકારે ચિંતા કરી છે. આ રાજયના સર્વાંગી વિકાસ માટે હું મારા વિરોધ પક્ષના મિત્રોને પણ વિનંતી કરું છું કે રાજ્યના તમામ પ્રકારના વિકાસ માટે, હું જાણું છું કે આ રાજ્ય સરકાર આ રાજ્યની ૬ કરોડની જનતાને વ્હાલ કરે છે, પ્રેમ કરે છે, હૃદયથી ચાહે છે ત્યારે ક્યારેય પ્રેમની ભાષામાં વ્યાકરણ કે હ્રસ્વ ઇ કે દીર્ઘ ઈની ભૂલો ગણવામાં આવતી નથી. પ્રેમ એ પ્રેમ છે. આ રાજ્ય સરકાર આ રાજ્યની જનતાને એ પ્રેમ કરે છે. અહીંયા તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓની વાત થઇ. ૨૦૦૦ની સાલમાં આવી જ વાતો થઇ હતી અને ૨૦૦૨માં પછી ધારાસભામાં શું પરિણામો આવ્યા એ બધાને ખબર છે. આ રાજ્યના મહામહીમ રાજ્યપાલશ્રી ઓ.પી. કોલહીજીએ આ વિધાનસભા ગૃહમાં પ્રસ્તાવ મૂક્યો છે કે રાજ્યના સર્વાંગી વિકાસ માટે સર્વેનો સહકાર મળે એ માટે જે પ્રસ્તાવ મૂક્યો છે એને હું ખૂબ ખૂબ આવકારું છું અને એને અનુમોદન આપું છું.

શ્રી મોતીલાલ પુ. વસાવા(દેડિયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર આદરણીય અમારા સિનિયર ધારાસભ્યશ્રી બાવકુભાઇ ઉંઘાડ જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે એમને હું અનુમોદન આપવા માટે અહીં ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે દેશના જન હિતનું નિર્માણ કરનારા હૃદયસમ્રાટ અને લોકપ્રિય નેતા એવા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને આ ગુજરાતના ૪ સ્તંભ જેને કામગીરી કરવા માટે સૂત્ર આપ્યું છે એ સંવેદનશીલતા, પારદર્શિતા, પ્રગતિશીલતા અને નિર્ણાયક સરકાર એવા ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ જે રીતે આ ગુજરાતના વિકાસના કાર્યોને આગળ વધારી રહ્યા છે એ આ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપરથી આપણને સૌને એ પ્રગતિ જોવા મળે છે. આપણે સૌ આ હાઉસમાં નસીબદાર છીએ એટલા માટે કે આપણને ગરીબોની સેવા કરવા માટેનો અવસર પ્રાપ્ત થયો છે. ભારતીય જનતા પાર્ટીની કેન્દ્રની સરકાર હોય કે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની આદરણીય વિજયભાઇ રૂપાણી સાહેબની અને નાયબ

## ફાલ્ગુન ૮, ૧૯૩૮ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલની આગેવાનીની સરકાર હોય, આ વર્ષ ૨૫મી સપ્ટેમ્બર,૨૦૧૬થી એક વર્ષ સુધી પંડિત દિનદયાળ ઉપાધ્યાયના જન્મ શાતાબ્દી વર્ષ નિમિત્તે, આખું વર્ષ આ સરકારની યોજનાઓ અમારા હાથોથી ગરીબો સુધી પહોંચાડવા માટેનો જે કાર્યક્રમ આ સરકારે કર્યો છે એ અભિનંદનને પાત્ર છે. એટલા માટે મેં હાઉસના દરેક સભ્યોને કહ્યું કે, આ વર્ષ આપણને ગરીબોની સેવા કરવાની તક મળી છે, આપણે સૌ આ વર્ષને ગરીબના કલ્યાણ વર્ષ તરીકે ઉજવીએ અને ગરીબો સુધી યોજનાઓ પહોંચાડીએ. શ્રી બાવકુભાઇએ થોડી વાત કરી હતી સેવા સેતુની પણ અત્યારે કેવી પરિસ્થિતિ? મેં કોઇ વાર વિકાસના કાર્યમાં કાળા ઝંડા જોયા નથી. સાહેબ, હું પહેલાં ૧૯૯૦માં પણ ધારાસભ્ય હતો,

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને)

કોંગ્રેસની સરકાર હતી. વિકાસના કામમાં કોઇ દિવસ અમે કાળા ઝંડા કોઇ પણ સરકારની સામે બતાવ્યા નથી. ગરીબ કલ્યાણ મેળા હોય, હજ્જારો ગરીબ લોકોને સહાય આપવાની હોય, એમને ચેક આપવાનો હોય, કાળા વાવટા બતાવવામાં આવ્યા. અત્યારે સેવા સેતુ કાર્યક્રમમાં કોઇ રાજકીય ભપકો હતો જ નહીં, કોઇ રાજકીય રીતે એની મુલવણી હતી નહીં, દરેક ક્લસ્ટરની અંદર સરકારનો સીધો સાદો ફોટો, માનનીય મુખ્યમંત્રી હોય, વડાપ્રધાન હોય, જે કાંઇ કાર્યકર્તા હોય બાકી કોઇ પત્રિકા નહીં અને બધાને ઇન્વાઇટ સાહેબ. બધા જ લોકોને કહ્યું કે, ભાઇ તમારે ક્લસ્ટરમાં આવવાનું છે, ક્લસ્ટરમાં આવીને જે મામલતદાર ઓફિસમાં બે–ત્રણ દિવસ લાઇનોમાં ઉભું રહેવું પડે, એક વ્યક્તિ આવે, બીજી વ્યક્તિ ના આવે, ભાડા ખર્ચ કરવા પડે આવી પરિસ્થિતિમાં જે કાંઇ સેવા લેવાની છે એ અમે તમને ગામમાં આપવાના છીએ. ઘણા બધા સેવા સેતુ કાર્યક્રમમાં જવાનો અમને સમય મળ્યો અને જ્યારે આ કાર્યક્રમ જોયો સાહેબ, મારી રાજકીય કારકિર્દીની અંદર આ સેવા સેતુ એ ઉત્તમમાં ઉત્તમ કાર્ય છે, ગરીબને મદદ કરવાનું આ કાર્ય છે. આપ કલ્પના નહીં કરી શકો કે, ૧૦૧ દિવસમાં ૨૮ લાખ અને ૧૪ હજાર લોકોને આધાર કાર્ડ જોઇએ, જાતિનો દાખલો જોઇએ, આવકનો દાખલો જોઇએ, રેશન કાર્ડમાં સુધારો જોઇએ, બી.પી.એલ.નો દાખલો જોઇએ, જન્મ મરણનો દાખલો જોઇએ, ત્યાં ને ત્યાં સ્થળ ઉપર એટલે એક દિવસમાં અમે ૨૮ હજાર લોકોને આવા લાભથી લાભાન્વિત કર્યા છે. આ મોટું કાર્ય છે અને આવનારા દિવસોમાં આ કાર્યક્રમ ચાલવાનો છે. ત્યારે કોંગ્રેસના મિત્રોને પણ કહું છું કે, આ સરકાર જ્યારે ગરીબ કલ્યાણ વર્ષ ઉજવી રહી હોય તો આપણે સૌ બધા સાથે મળીને આવા ગરીબોની આપણે સેવા કરીએ. એની સાથે સાથે આ ગુજરાતની અંદર છેલ્લા એક વર્ષમાં ૩ લાખ, ૪૬ હજાર જેટલા વિધવા અને વૃદ્ધ લોકોને પેન્શન આપ્યું છે. આ ડિસેમ્બર સુધીમાં ૬,૫૦૦ દિવ્યાંગોને આપણે લાભ આપ્યો છે. એમની પાછળ ૫૫ કરોડ રૂપિયા જેટલો ખર્ચ આપણે કર્યો છે અને હવે સીધા પૈસા એમના બેન્કના એકાઉન્ટમાં આ સરકાર જમા કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આદિવાસી વિસ્તારની વાત કરી કે, આ સરકારે પેસા એક્ટ, એટલે "પંચાયત એક્સટેન્શન શિડ્યુલ એરિયા એક્ટ", આમ તો ૧૯૯૮થી આનો અમલ ગુજરાતમાં હતો જ પણ થોડાક કાયદાઓ કોન્ટ્રોવર્સી ઉભા કરતા હતા, વિવાદાસ્પદ હતા અને એનો ઉકેલ લાવીને પુરેપુરો લાભ આદિવાસી વિસ્તારના શિડ્યુલ એરિયાના જે ગામો છે એના ૫૦ તાલુકાના, ૨૫૮૪ ગ્રામ પંચાયતો અને ૪૫૦૩ ગામોના, ૮૦ લાખ જેટલા આદિવાસીઓને એક મિની સચિવાલય જેવો સીધો લાભ આ સરકારે આપ્યો છે. આ પેસા એક્ટથી ગ્રામ પંચાયતની અંદર ગામના લોકો પોતાની જે કાંઇ જંગલની ગૌણ વન પેદાશ હોય એ પેદાશનું તેઓ વેચાણ કરશે અથવા સંગ્રહ કરશે અને જેટલી પણ રોયલ્ટી, આવક આવે એ ગામમાં રાખશે. ખાણા ખનીજમાં પણ એ લોકો પોતે હરાજી કરશે. જો કદાચ ગામનો નવયુવાન, આદિવાસી ખાણખનીજની લીઝ કરી બિઝનેસ કરવા માગતો હોય તો તેને પ્રાયોરિટી આપશે. ગામની અંદર કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પણ આની વ્યવસ્થા આ ગ્રામ સમિતિ પંચાયત એક્ટ મારફત કરશે. હજુ ઘણા મિત્રો અને ખાસ કરીને કોંગ્રેસના મિત્રો એવું કહે છે કે ભાજપના રાજમાં આદિવાસીની જમીન બીજા લોકો લઇ લે છે. તો કાયદો એવો છે કે કોઇપણ આદિવાસીની જમીન બીજી બિન આદિવાસી વ્યક્તિ લઇ શકતી નથી. કાયદો છે છતા આ એક્ટની અંદર વધારાની સત્તા આપી છે. હવે જેને જમીન ખરીદવી હોય કે વેચવી હોય શિડ્યુઅલ એરિયામાં તો ગ્રામસભા જ્યાં સુધી એની મંજૂરી નહિ આપે ત્યાં સુધી તે જમીનનો કોઇ વેચાણ દસ્તાવેજ નહિ થાય. ગામના લોકો પોતાની મિલકતના હક્કદાર છે. ગામડાંના લોકોને પેઢી પેઢી સુધી એનો લાભ મળવાનો છે, ત્યારે જ્યારે અમારા અધ્યક્ષશ્રી ભારતીય જનતા પાર્ટીના જીતુભાઇ વાઘાણી સાહેબ હોય. આ ગરીબ કલ્યાણ વર્ષમાં જંગલની જમીન આપવાનાં કામ હોય, ગામના કલ્યાણ મેળામાં લાભ આપવાનાં કામ હોય, દીકરીઓ છાત્રાલયમાં ભણતી હોય તેની ફી વધારી દેવામાં આવી હોય, એની સાથે સાથે સીકલ સેલ જેવી ગંભીર બીમારી છે, તેની સરકાર મફત સેવા કરે છે, તેમ છતા આવા લાભાર્થીઓને દર મહિને દવા માટે ૫૦૦ રૂપિયા આ સરકાર આપે છે. પણ વધારાની જરૂર હોય, કઇક બીજું લેવું હોય તો આવા લાભાર્થીઓને આ સરકાર મદદ કરે છે. એવા અનેક કાર્યો છે. ગરીબ કલ્યાણ મેળાની અંદર આવા કાર્યો, વન અધિકારની અંદર ૮૦,૩૪૧ જેટલી વ્યક્તિઓને ૧,૧૬,૦૦૦ એકર જંગલની જમીન ખેતી કરવા માટે આપી છે. હજુ ઘણા બધા વાંધાઓ છે. સરકાર આ અંગે આગળ વધીને સુધારા કરીને જેટલા માગણીદારો છે એ બધાને આ જમીનના અધિકાર મળે એ દિશામાં સરકાર આગળ વધી રહી છે. ગામડાંમાં સ્કૂલો, દવાખાના બનાવવા એવા સામૂહિકના લગભગ ૪,૦૬૭ જેટલા દાવાઓ મંજૂર કર્યા છે. માળખાકીય સુવિધા ઉપલબ્ધ કરાવી છે. કયાંક રસ્તાઓની જરૂર હોય એવા ઘણા બધા કાર્યો પણ કર્યા છે. છાત્રાલયમાં કોણ ભણે? ગરીબ વ્યક્તિને આર્થિક રીતે પોષાય નહિ, એવા દીકરા, દીકરીઓને માટે સમરસ છાત્રાલય એક નવું નજરાણું છે. રાજ્યમાં ઘણી બધી છાત્રાલયો, હોસ્ટેલો સરકારી અને પ્રાઇવેટ લોકોના ચાલે છે. વિવિધ એસ.સી. સમાજ, એસ.ટી. સમાજ અને બક્ષીપંચ સમાજના દરેક વિસ્તારમાં છાત્રાલયો છે. ઉત્તમ ૫ શહેરોમાં ૮,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓને વી.આઇ.પી.

ફેસિલિટી સાથે આ સમરસ છાત્રાલયમાં રહીને ગુજરાતમાં રહીને અભ્યાસ કરે છે. આ વાતને એક વર્ષ થઇ ગયું છે. ફુલ વ્યવસ્થા સાથે ગુજરાતમાં ચાલુ કરી છે. આખા રાજ્યની અંદર ગરીબોનો જે રીતે વિકાસ થઇ રહેલ છે. ગરીબીની જે યોજના બની રહી છે, ત્યારે આખા પૂર્વ પટ્ટીમાં વિકાસની યોજનામાં વનબંધુનું પહેલું પૅકેજ ૧૫,૦૦૦ કરોડનું હતું, જેમાં ૧૭,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો. બીજું પૅકેજ ૪૦,૦૦૦ કરોડનું હતું, જેમાં ડિસેમ્બર સુધીમાં લગભગ ૪૩,૦૦૦ કરોડનો ખર્ચ કર્યો. આદિવાસી વિસ્તારમાં આ ૧૫ વર્ષ પહેલાં જુઓ અને આજે જુઓ. જોષિયારા સાહેબે જોયું છે. ફરી એક વખત રાઉન્ડ મારો, એટલે ફરક ખબર પડી જશે. આખા આદિવાસી વિસ્તારમાં જે રીતે શૈક્ષણિક, સામાજિક, આર્થિક રીતે વિકાસ થઇ રહ્યો છે એ સમગ્ર વિસ્તાર આજે ગૌરવની લાગણી અનુભવે છે. એવી ગૌરવની લાગણી ઉભી થઇ કે અમારી પાર્ટીના અધ્યક્ષ, બહેન બધું જ મળે છે. ફોટા તમે જુઓ. સેવાસેતુ કાર્યક્રમમાં જાઓ તમને બધો લાભ મળશે. અમે ઉનાઇથી યાત્રા લઇને નીકળ્યા હતા. કોંગ્રેસે ઘણીવાર કહ્યું હતું. કોંગ્રેસે ચાર વાર જાહેરાત કરી કે અમે આદિવાસીના અધિકાર માટે યાત્રા કાઢીએ છીએ. યાત્રાનું નામ આપે અને નીકળે. બહેન સાંભળો. સોનીયાજી અને રાહુલના ફોટા આખા દેશમાં લગાડી દીધા હતા અને તારીખો જાહેર કરી દીધી હતી કે આદિવાસી અધિકાર યાત્રા અમે કાઢીએ છીએ. મને ખબર નથી. પાણીયાત્રા કાઢે, અધિકાર યાત્રા કાઢે. આ યાત્રા કયાંથી કાઢે તે ખબર નથી પડતી અને કયાં પૂરી થઇ જાય એ પણ ખબર નથી પડતી. એ પછી નીકળે છે કે નથી નીકળતી કે અધવચ્ચે કયાંક ખોવાઇ જાય છે તેની ખબર નથી પડતી. ચાર-ચાર વાર જાહેરાત કરી. સાહેબ તેમણે બે-ચાર સંમેલનો કરી જોયા. અમારી યાત્રા નીકળી, વિકાસ ગૌરવ યાત્રા નીકળી. જે જનસમર્થન મળ્યું. આપ કલ્પના ન કરી શકો એટલા બધા લોકો, અને ઉનાઇથી નીકળ્યા પછી શહેરી વિસ્તાર હોય તો ત્યાં વાહનોમાં જવાની વ્યવસ્થા હોય. સાહેબ ઉંડાણના ગામમાં અમારા પાર્ટીના અધ્યક્ષનું સ્વાગત કરવા માટે રાતે દસ દસ વાગ્યા સુધી અમારા આદિવાસીઓ રસ્તામાં જવારા લઇને ઉભા રહે. જવારા કયારે વાવે? કોઇ નવરાત્રિ હોય તેમાં લોક જવારા વાવે. ગુજરાતના વિકાસ માટે ગૌરવ રથયાત્રા લઇને અમારા અધ્યક્ષ નીકળ્યા હતા. સમગ્ર આદિવાસી વિસ્તારમાં ગૌરવ અને માન ઉત્પન્ન થયું છે. આખો કાર્યક્રમ એવો થયો, આવા કાર્યક્રમનો વિરોધ કરવાની વાત કરે. મારે આપના મારફત જણાવવાનું કે જે સમર્થન આદિવાસી વિસ્તારમાં ભારતીય સરકાર પાર્ટીની સરકારને મળી રહ્યું છે તે આ બહેન અને અમારા જોષીયારા સાહેબને નહીં ગમતું હોય. કારણ કે તેમની દવા આમારી પાસે છે નહીં. તમને કોઇ વસ્તુ ના ગમે તેની અમારા પાસે દવા નથી. હવે અમે તમને કોઇક આયુર્વેદિક જડીબુટ્ટીનો ઇલાજ કરાવીશું. આ રીતે આદિવાસી વિસ્તારમાં કામ થયા છે. હું પંદર વર્ષ પછી એક રસ્તા પર નીકળ્યો હતો. ઝાલોદ લીંબડી થઇને સંતરામપુર ગયો હતો. મને ખબર છે ત્યારે પણ દાહોદ ઝાલોદ મેઇન રોડથી જતા હતા, પણ બે તાલુકાને જોડતા અંદરના રસ્તાથી ગયો. પંદર વર્ષ પહેલાં હું ત્યાં દસેક દિવસ રહ્યો હતો. વીરજી મુનિયા ધારાસભ્યશ્રીનું અવસાન થયેલ ત્યારે પેટા ચૂંટણી હતી અને તેમાં અમારા ધારાસભ્યશ્રી રમેશભાઇના પપ્પા ચૂંટણી લડતા હતા ત્યારે મને ત્યાં ફરવાની તક મળી હતી. તે ગામડાંઓની અંદર ઉનાળાની અંદર ફરતો હતો તો કોઇ ખેતર લીલું નહીં. પીવાના પાણી માટે કોઇ ડંકી નહીં. બહેનો દૂર દૂર સુધી પાણી ભરવા જાય. ચરિયાણનો વિસ્તાર એવો હતો કે લોકો જાનવર પણ રાખે નહીં. એવી પરિસ્થિતિ હતી કે આપણે જાણે રણમાં હોઇએ. પંદર વર્ષ પહેલાંની એટલે કે ૧૯૯૦-૯૫ની વાત કરું છું. આ સરકાર પ્રત્યે ગૌરવ અને આનંદની લાગણી ઉભી થાય, હું દાહોદથી ગાડીમાં બેઠો અને સંતરામપુર સુધી ગયો તો રોડની બંને બાજુ ઘઉંની લહેરાતી ખેતી જોઇ. આ ઇતિહાસ સાક્ષી છે. મેં પ્રગતિ જોઇ છે. બેનના ગામમાં પણ છે. આખા વિસ્તારની અંદર છે. જોષીયારાજી તમે પણ અનુભવ કરજો. દાહોદના અમારા ધારાસભ્ય અને બધા અનુભવ કરજો. પંદર-વીસ વર્ષ પહેલાં દાહોદથી સંતરામપુરના રસ્તા જુઓ, તે વિસ્તાર કેવો હતો? આજે સાહેબ સિંચાઇની એટલી સુવિધા ઉભી થઇ છે અને ખેતી કેટલી સરસ થઇ છે. આને કહેવાય વિકાસ અને આને કહેવાય ગતિશીલ ગુજરાત અને પ્રગતિ. તેની સાથે સાથે કોઇ દર્દી હોય અને તેને દવા લેવાની હોય તો પ્રાઇવેટ સ્ટોરમાં દસ હજાર, પાંચ હજાર, વીસ હજાર એવો દવાનો ખર્ચ થતો હતો. એવા ઘણા બધા ગરીબ લોકો છે. મારે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને ગુજરાત સરકારને અભિનંદન આપવા છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મોતીભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. સભાગૃહનો વિરામનો સમય થયો છે. સભાગૃહની બેઠક બપોરના ૩.૧૫ વાગ્યે ફરીથી મળશે.

(વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫)

માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(કપડવંજ) : માનનીય અધ્યક્ષશ્રી, આપનો આભાર માનુ છું કે આપે મને વિરોધ પક્ષના નેતા તરીકે બોલવાની અનુમતિ આપી છે. માનનીય અધ્યક્ષશ્રી, આ નલીયા કાંડ પછી હું એમ માનતો હતો કે બધું સારું થશે પરંતુ હમણા જ બે દિવસ પહેલા કચ્છના રાપરમાં વળી એક બળાત્કારનો કિસ્સો સામે આવ્યો છે. એક હોસ્પિટલમાં દર્દી બતાવવા જાય અને એના ઉપર ડોકટર પોતે બળાત્કાર કરે એ ઘટના ખૂબ જ નિંદનીય છે. અતિ મહત્વનું તો પંડિત દીન દયાલ ઉપાધ્યાયના જન્મ શતાબ્દી વર્ષ, આ દીન દયાળજીને તમે કેટલા ઓળખતા હશો, કેટલા વાંચ્યા હશે એ તો ભગવાન જાણે પરંતુ એમના નામ સાથે એનો જ ફોટો અને બાજુમાં પેલી દીકરીનો ફોટાવાળું આઇ.કાર્ડ બીજેપી ઇસ્યૂ કરે આ બંનેના ફોટા બાજુમાં જોઇને મને કેટલું દુઃખ થયું હશે એનો વિચાર તમે કરી શકો છો. માનનીય અધ્યક્ષશ્રી, આપ સરકારને તાત્કાલીક ગુજરાત હાઇકોર્ટના જસ્ટીસના વડપણ હેઠળ તપાસ સમિતિ નીમવાનું કહી શકો છો કે ઓનરેબલ હાઇકોર્ટને લખીને જે કાંઇ

ન્યાયીક પ્રક્રિયા કરવી જોઇએ એ આપ કરશો એવી હું આશા રાખું છું. કારણ કે, બહાર એવું છે કે, આગળ કાંઇ કરવાનું જ નથી. કોઇ પણ બહેન દીકરીના બળાત્કારના કિસ્સામાં આવું ક્યારેય દોસ્તી હોઇ શકે નહીં, પાર્ટી હોઇ શકે નહીં, આ પક્ષ કે પેલો પક્ષ હોઇ શકે નહીં, આ મહિલાના સ્વમાનનો સવાલ છે એટલા માટે સરકારે ચિંતા કરીને હાઇકોર્ટને લખીને પણ નિરાકરણ કરી તપાસ સમિતિ દ્વારા ન્યાયીક તપાસ થાય તો સારી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલો જ પ્રસંગ અહિંસાના પૂજારી વૈશ્વિક પ્રવાહોમાં સત્યના સાધક ગાંધીના સિધ્ધાન્તો મને આશ્ચર્ય લાગે છે કે, ગાંધીજી ઉપર આટલો બધો પ્રેમ? ખૂબ સારી વસ્તુ છે. તો પછી પેલા ખેડૂતોએ જે આપઘાત કર્યો અને એના માટે જે બનાવ બન્યો એ કઇ હિંસા થઇ? પાટીદાર સમાજના ૧૨ છોકરા સ્વર્ગવાસી થયા, પોલીસના ફાયરીંગથી મર્યા, પાટીદાર સમાજની બહેન દીકરીઓ ઉપર જે અત્યાચાર થયો, આ કઇ અહિંસા હતી ? આ બધા જ મુદ્દામાં જે કાંઇ આજે બની રહ્યું છે એમાં કમ સે કમ ગાંધીજીને બાકાત રાખીને જો અંદરથી હિંસાની–અહિંસાની, સત્યની–અસત્યની જે કાંઇ હોય લાગણી એ સાચી અંદરથી જો વ્યક્ત થાય તો વધારે સારું કારણ કે, છેવટે આ બધામાં ગાંધીજી એ દુનિયાના વિશ્વ વંદનીય છે અને મહત્મા મંદિર સાથે કયા મહાત્મા એ હજુ મારા માટે આશ્ચર્ય છે. ગાંધીનગરમાં કરોડોના ખર્ચે જો મહાત્મા મંદિર બનતું હોય તો કમસે કમ મહાત્મા ગાંધી એવું કાંઇક કરો તો વધારે સારું. માનનીય અધ્યક્ષશ્રી, બીજો મુદો જે લીધો છે નશાબંધીનો અને હુક્કાબારનો, ગઇ કાલે સરગાસણમાં અને ગાંધીનગરની ભાગોળમાં હુક્કાબાર પકડાય છે તો કાયદો ક્યો હતો? વડોદરામાં પ્રતિષ્ઠીત ફેમિલીવાળા લાયસન્સ હોલ્ડર બહેન દીકરીઓ સાથે પ્રસંગમાં જતા હતા યોજનાબધ્ધ રીતે હિસાબ કિતાબ પૂરો કરવા માટે એમને પકડવામાં આવ્યા અને આખી રાત બધાને બેસાડી રાખવામાં આવ્યા. આ કાયદો જો નશાબંધીનો હોય તો અને તમે જો લાયસન્સ આપતા હોય તો શેનો હિસાબ કિતાબ કરવા માટે આવા પ્રતિષ્ઠીત પરિવારને કે જેમાં બહેન દીકરીઓ પણ હતી અને એન.આર.આઇ. પણ હતા એમને કેમ પકડ્યા? અને આ કાયદો હોય તો અને હુક્કાબારનો કાયદો તમે કડક કર્યો હોય તો ગાંધીનગરની ભાગળે હુક્કાબાર ચાલે કેવી રીતે? નશાબંધી હોય તો એન.આઇ.ડી.ના છોકરાઓ છે એ પકડાય, જીપ પકડાય, જીપ પકડવા પોલીસવાળો જાય તો એટલી હિંમત એમની કે પોલીસ ઉપર ચડાવીને જીપ લઇને જાય? રોજ લાખો રૂપિયાનો દારૂ આજે પકડાય છે, આજે હાલ તમારા કડક કાયદા પછી એમાં ભાવ વધી ગયો છે એ હું તમને કહું છું કે જે મને સમાચાર મળ્યા એ મુજબ કહે છે કે સાહેબ, અમારા ભાવ વધાર્યા સરકારે તો? મેં કહ્યું ભાઇ, માલિક છે ગુજરાતના. હુક્કાબાર અને નશાબંધી સાચા અર્થમાં જો રહે તો વધારે સારું. હું કેટલો વિરોધી છું આપને ખબર છે. કાયદો પણ હોય અને ખુલ્લેઆમ દારુ મળે, કાયદો પણ અને હુક્કો પીવાય એનો અર્થ એ કે ક્યાંક એવો લુફોલ્સ છે જેથી કરીને આ બંને ચાલે છે. બ્રેક અને એકસીલેટર બન્ને ચાલે એ ખોટું કહેવાય. કાં બ્રેક મારો અને એકસીલેટર ના મારો, એવી બ્રેક મારો કે જેથી કરીને આમને ખબર પડે કે આ રાજમાં આવું હવે નહિ ચાલે. એટલે એટલું જરૂર આપ કરો. એની સાથે સાથે જે કંઇ સરદાર સાહેબની પ્રતિમાનો આમાં ઉલ્લેખ છે. ગુજરાત સરકારે ભંગાર ભેગો કરવા માટે આખા દેશમાં અપીલ કરેલી. સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા બનાવવા માટે. મારી સમજણ બહાર છે કે જો ભંગારમાંથી સરદાર સાહેબની પ્રતિમા બનાવવાની હોય તો શેના માટે આ કરવાનું? આ સ્કીમ શું હતી? ભંગારમાંથી સરદાર સાહેબની પ્રતિમા બનાવવાની હતી એમ હતું તો એ ભંગાર ક્યાં ગયો અત્યારે? અત્યારે તમે મેઇક ઇન ઇન્ડિયાની વાત કરો અને સરદાર સાહેબની પ્રતિમા મેઇક ઇન ચાઇના થવાની હોય તો એ બરાબર નથી. હું માનું છું ત્યાંસુધી ચાઇનામાં ગીરો મૂકાઇ ગઇ આખા દેશની સરકાર, સાબરમતીના તટે બેસીને બન્ને જણા જાણે ચાઇનીઝ જાણતા હોય એવી વાત કરે હિંચકા ઉપર બેઠાં બેઠાં. મને પણ નવાઇ લાગી કે આ ચાઇનાવાળો અંગ્રેજી નથી જાણતો અને આપણા વડાપ્રધાન ચાઇનીઝ નથી જાણતા તો પણ વાતો કરે અને હુક્કાબારમાં હુક્કો પીતા હોય તેવી રીતે, મને બહુ નવાઇ લાગી કે એમાં કોઇ એવી સોદાબાજી થઇ કે સરદાર સાહેબની પ્રતિમાનો કોન્ટ્રાક્ટ અમે તમને આપી દઇશું. કમસેકમ સરદાર સાહેબની માન મર્યાદા રાખો. તમે આ ૪૬૦ કરોડ રૂપિયાનો ખર્ચો ક્યાં પાડવાના છો? એનો કોઇ અંદાજ છે. ખર્ચો કોણ આપશે? હવે આ ચાઇનાવાળા જ બનાવવાના છે કે એલ. એન્ડ ટી. વાળા બનાવવાના છે? એની પણ સ્પષ્ટતા થાય તો વધારે સારું.

નર્મદાના કિનારે બનાવવાની સરદાર સાહેબની પ્રતિમા જેવી જ વાત સરદાર સરોવરના દરવાજા બંધ કરવાની વાત કરીશ. ભારતીય જનતા પાર્ટીએ જો કોઇ જાણીજોઇને, ક્રિમિનલ નેગ્લીજન્સ જેને કહેવાય તો તે આ નર્મદા યોજના છે. ૨૦૧૦માં તમે આ યોજના પૂરી કરવાના હતા, આ ૨૦૧૬નું વર્ષ પૂરું થયું. તમે દરવાજામાં પોલિટીકલ રીટર્ન? દરવાજા કેમ નથી મૂકતાં તમે? પરવાનગી મળ્યાને ત્રણ વર્ષ જેટલો સમય થયો છે તમે મધ્યપ્રદેશ અને ગુજરાતના જે કોઇ વિસ્થાપિતો છે એના માટે સુપ્રિમ કોર્ટે કહ્યું અને જો આંખો ખુલી હોય તો એ સરકાર પણ બી.જે.પી.ની છે આ સરકાર પણ બી.જે.પી.ની છે. તમે અત્યાર સુધી કેમ આ મુદ્દો હાથમાં ન લીધો અને સુપ્રિમ કોર્ટે કહ્યું ત્યારે એક પરિવારને લગભગ સાંઇઠેક લાખ રૂપિયા આપવાની વાત છે, મને ફિગર તો બહુ યાદ નથી. સાતસો આઠસો કરોડ રૂપિયાનું ભારણ આવ્યું. તમારી દાનત સાફ હોત તો બન્ને રાજ્યોએ ભેગા મળીને દરવાજા મૂકવાના છે, પાણી બેક મારશે માટે વિસ્થાપિતોને યોગ્ય ઠેકાણે પ્રસ્થાપિત કરવા જોઇએ, એમને વળતર આપવું જોઇએ, સુપ્રિમના દંડા પછી જો સરકારની આંખ ઉઘડે તો એનો મતલબ એવો થયો કે આપણી દાનત ખોરી છે, આપણી દાનતમાં ખામી છે. એ નર્મદા યોજના આખામાં ક્યાંય પાઇપ લાઇન નામની વસ્તુ જ નહોતી. હું આક્ષેપ કરું છું સરકાર ઉપર કે પાઇપ લાઇનમાં કેમ ડાયવર્ટ કરવામાં આવ્યું? શું આમાં કોઇ કરપ્શન છે. આમાં એકસ કે વાય તમે જો કચ્છની વાત કરતા હો તો હજી એમને એમ ઉભું છું એમાંય પીવાના પાણીના નામે ઉદ્યોગોને પાણી આપવાનું. તમે સૌની યોજનામાં પાણી

નાંખ્યું. સૌની યોજનાવાળા ખેડૂતો નર્મદાના કમાન્ડ એરિયામાં આવે છે. ના આવતા હોય તો જે કમાન્ડ એરિયામાં આવે છે એ કેમ રહી જાય છે. તમે ૧૯ લાખ હેકટરને બદલે આજે જો માની લઇએ તો ચાર કે પાંચ લાખ હેકટરમાં કરી શકતા હોય તો વીસ વરસે નહિ પણ બીજા ચાળીસ વરસે પણ નર્મદા યોજના પૂરી નહિ થાય. માર્કેટીંગ માટે કહેવામાં આવે છે કે નર્મદા, નર્મદા, નર્મદા. એ નર્મદામાં કમાન્ડ એરિયાવાળા જે મિત્રો છે એને ન મળે, કચ્છને બિલકુલ ના મળે, ગ્રેવીટીમાં પાણી મોકલવાનું હતું એના બદલે પાઇપલાઇન. કચ્છ તો આજે પણ તરસ્યું છે, જે આંકડા ૭૬ કરોડ રૂપિયા મૂકવામાં આવે છે એમાં તો કંઇ ન થાય. મશ્કરીરૂપ કહેવાય આ ફિગર તો. આવી નર્મદા યોજના જે પીવાના પાણી માટે, સિંચાઇ માટે હતી એના બદલે ઉદ્યોગોને પાણી પધરાઇ દેવાનું અને સૌની યોજનામાં તમે નાંખશો અને તમે ૯ લાખ એકર ફીટ પાણી કદાચ આપશો એમાં આ વરસે એક લાખ એકર ફીટ પાણી નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીએ ઓછું કર્યું છે. આ ઓછું કર્યું છે એ પણ સાચું કર્યું છે કે નહિ એનો ખુલાસો કરજો અને ઓછું કર્યું હોય તો કમાન્ડ એરિયાવાળાને સૌની યોજનામાં પાણી ક્યાંથી નાંખશો? આ બધું પોલિટીકલ રિટર્ન માટે થતું હોય છે. કમસેકમ નર્મદાની બાબતમાં આ ન થાય તો વધારે સારું. એટલા માટે કે ગુજરાતના આખા વિકાસનો આધાર એના ઉપર છે અને એવી નર્મદા યોજના અત્યારે ક્યાં પહોંચી એ સાચી ફિગર કોઇને ખબર નથી. એટલા માટે હું આપના માધ્યમથી સરકાર પાસે અપેક્ષા રાખું છું કે, નર્મદા યોજનાને બિલકુલ ટાઇટ શિડ્યુલમાં મૂકી રાખે જે કોઝ હતું એ. એ કોઝના આધારે જો નર્મદા યોજના આગળ ચાલે તો હું માનું છું ત્યાંસુધી રાહત થશે. તમે ગેઇટ મૂકયા, ગેઇટનું માર્કેટીંગ કર્યુ હવે શું ? મૂકો ? અમારે માર્કેટીંગ કરવું છે. કોઇ દિવસ વિકાસના કામમાં એવી વાત ના થાય જેથી કરીને લોકો અવિશ્વાસ કરે. જાહેર જીવનમાં પડેલાં માણસોએ જનતા આગળ જે બોલેને તેનો મતલબ હોય છે. હું આજે ગપ્પું મારીશ તો કાલે લોકો મને પૂછવાના છે કે સાહેબ તમે કાલે આ વાત કરેલી. હું હમણાં યુ.પી.નું એક ભાષણ સાંભળતો હતો એક તાઉનો બળદ કોઇ ચોરી ગયું, કસાઇઓ લઇ ગયાં. હું એ વાતને આગળ કરું છું કે એ ગુજરાતના કસાઇઓ હતા. તાઉનો એ બળદ, તાઉની એ ગાય, તાઉનો એ વાછરડો લઇને એ ગુજરાતની હદમાં આવ્યા. ભગવો ખેસ નાંખ્યો, એના વાહન ઉપર એમણે કમળનું સિમ્બોલ માર્યુ અને અમદાવાદની ભાગોળમાં ગાયો કાપી. હવે આવી રીતે તમે જાહેર જીવનમાં બહેન-દીકરીઓ ઉપર, યુ.પી.માં કોઇ બહાર નથી નીકળતું અહીં આ બધુ શું છે ? એટલે જાહેર જીવનની જે મર્યાદા હોય તે ના જળવાય તો લાંબાગાળે નુકસાન થતું હોય છે. એવી જ રીતે જે કંઇ વાયબ્રન્ટ હમણાં મારો આક્ષેપ છે સાહેબ કે વાયબ્રન્ટ જે છે તે કમસે કમ વ્યકિતગત પ્રસિદ્ધિ માટેનું સાધન છે. જે મહાત્મા મંદિર તેનો ઉપયોગ સરકાર સિવાય કેટલા લોકો કરતાં હશે તેનું ભાડું કેટલું અને તેનું ઇન્વેસ્ટમેન્ટ કેટલું અને તેનું રિટર્ન કેટલું ? મને બહુ અંદાજ નથી પણ જયારે વાયબ્રન્ટની વાત થાય છે ત્યારે એ વાયબ્રન્ટથી આજદિન સુધીમાં ગુજરાતના કેટલા બેકારોને નોકરી મળી ? આજદિન સુધીમાં કેટલાં ઉદ્યોગો આવ્યાં ? કેટલું ઇન્વેસ્ટમેન્ટ આવ્યું અને પાઇપલાઇનમાં કેટલું છે ? આ બધામાં વાયબ્રન્ટ ખાલી પાર્ટી અને વ્યકિતની પ્રસિદ્ધિ માટે છે. પ્રજાના રૂપિયાની બરબાદી માટે છે ગુજરાત દેવાદાર બનાવ્યું છે ૨ લાખ કરોડ કરતાં પણ વધારે આ રાજય ઉપર દેવું થઇ ગયુ. અને જેનો સરવાળો કરવા જાવ તો આજે પણ કોઇ ઠેકાણું નથી એવા ગુજરાતના જે ગુજરાત ડેવલપ સ્ટેટ છે ના, ગુજરાત નંબર વન નથી ગુજરાત નવમા નંબરે છે આપણાં કરતાં ગોવા અને બીજા રાજયો આગળ છે. દરેકના વિકાસના જે રસ્તા હોય તેમાં જે તેની કિંમત અને બધું હોય તેમાં એક પણ જે માપદંડ હોવા જોઇએ તે માપદંડમાં ગુજરાત ખરું ઉતરતું નથી. ગુજરાતનો ખેતીવાડીનો વિકાસ દર ઓછો થઇ ગયો છે ગુજરાતમાં ઇન્ડસ્ટ્રી જે વીજળી વાપરે છે તેમાં ઘટાડો થઇ ગયો છે. તો ગુજરાત રાજયનો વિકાસ દર આવી રીતે ઘટતો હોય જે તમે બહાર ૯ અને ૨ પોઇન્ટ કહો છો તે ૭ કરતાં પણ ઓછો છે એમાંય ૨૦૧૧-૧૨નાં તમે જો બેઝ ઇયર બદલી કાઢવાના હોય પાયાનું વર્ષ તો એકાદ બે ટકા કદાચ વધે પણ ખરો પણ વાસ્તવિકતામાં એ ઘટેલો છે. આવા વિકાસમાં આપણાં કરતા તો બિહાર, ઉત્તરાખંડ, ગોવા, સિક્કિમ, ઝારખંડ, મધ્યપ્રદેશ, તામિલનાડુ આવા અનેક નાના મોટાં રાજયો ગુજરાત કરતાં આગળ s o called જે ૯.૨ છે તે વિકાસદર નથી હકીકતમાં વિકાસદર ૭.૬ છે. ગુજરાતના નામે ગ્રોથ એન્જીન, ગ્રોથ એન્જીન જો ૯મા નંબરનો ડબ્બો એન્જીનનો હોય તો એ એન્જીન કહેવાય કે ડબ્બો કહેવાય ? આપણે ૯મા નંબરમાં છીએ હમણાં ૧૧મા હતા એક કદમ આગળ આવીને આટલા વર્ષે ૧૦માં ગયા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં લગભગ ૧૯૮૫-૮૬ થી ૧૯૯૩-૯૪ તે વખતનો જે દર છે આર.બી.આઇ.ની હેન્ડબુકમાં એ ૬.૭૫ ટકા. ૧૯૯૩-૯૪ થી ૧૯૯૯ ૭.૩૭, ૧૯૯૯ થી ૨૦૦૪-૦૫ ૬.૨૯, ૨૦૦૪-૦૫ થી ૨૦૧૧-૧૨ ૮.૭૫, ૨૦૧૧-૧૨ થી ૨૦૧૪-૧૫ તે ૬.૯૪. માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૮૫-૮૬માં શરૂ થયેલી ગાડી ૬.૭૫ તે વીસ વર્ષે પણ ૬.૯૪ ઉપર ઉભી રહેશે આ પંદર વર્ષ કયાં ગયા ? તમે આટલા વર્ષો જે વિકાસ, વિકાસ, વિકાસ જયાં કયાંય વિકાસની કોઇ વાત નથી તે હું આપના ધ્યાન ઉપર લાવવા માગુ છું. ખાલી માર્કેટીંગ, ખાલી માર્કેટીંગ અને જે જાહેરાતો થતી હોય છે તે કરોડો રૂપિયાની જાહેરાતો બિન ઉત્પાદક જાહેરાતો હોય છે અને તે જાહેરાતોના લીધે પ્રજાને જે મળવું જોઇએ તે મળતું નથી. અને એટલું જ નહીં ગુજરાત એકસપોર્ટમાં નંબર-૧ આપણે ૨૨ ટકા એકસપોર્ટ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૨ ટકા એક્ષપોર્ટમાં આપણે નથી. એમાં મોટાભાગની નિકાસ તો ગુજરાત બહારથી એટલે કે, પંજાબ, ઉત્તર ભારત, હરિયાણા, મધ્યપ્રદેશ એ રાજ્યોની છે અને મોટાભાગની નિકાસમાં રિલાયન્સ અતિ મહત્વનું છે. રિલાયન્સની નિકાસ જો આપણે ગણતા હોય અને બહારની નિકાસ પણ જો આપણે ગણતા હોય એ વાજબી નથી. હકીકતમાં ૨૨ ટકામાંથી ૨/૩ તો આપણું રિલાયન્સ છે અને એમાં માંડ એકાદ ટકો એક્ષપોર્ટ ગુજરાત સરકારનું છે. ગુજરાત તો દરિયો છે માટે સાધન આપણે આપીએ છીએ. એક્ષપોર્ટ ગુજરાત નથી કરતું. ઉત્તર ભારત, રીલાયન્સ એક્ષપોર્ટ કરે છે અને કારણ વગરના ૨૨ ટકા અમે એક્ષપોર્ટ કરીએ છીએ અને દેશમાં નંબર વન ગુજરાત છે એમ કહે છે. એમાં ક્યાં ગુજરાત આવે એ સમજવાનો સવાલ છે. એટલું જ નહિ જે રીતે

અત્યારે હાલ વાર્ષિક માથદીઠ આવકનો સવાલ છે. હું માનું છું ત્યાં સુધી ગુજરાતના લગભગ ૧,૮૦,૦૦,૦૦૦ જેટલા લોકો ગરીબીની રેખા નીચે છે. લગભગ ૪૫ લાખ ખેત મજૂરો છે અને ૪૭ લાખની ઉપર ખેડૂતો છે. આ બંનેની ફીગર જોઇએ તો એક પરિવાર ઉપર ચાર લોકો આધારિત હોય તો ૫૦ ટકા ગુજરાત ગરીબ છે. આ ૫૦ ટકા ગુજરાતીઓની માથાદીઠ આવક ૧ લાખ નહિ ૨૬,૦૦૦ થાય છે. આ ૬૦ ટકા ગુજરાત ગરીબ હોય અને આપણે જો કહીએ કે અમે સુખી છીએ તો આ જે આંકડા છે એ આંકડામાં ૨૬,૦૦૦ રૂપિયા માથાદીઠ આવક ગુજરાતની આવે છે. એને આપણે કઇ રીતે સુખી કહીએ એનો પણ વિચાર આપણે કરવો જોઇએ. સમયની મર્યાદા છે હું કેટલાક મુદ્દા ઉપસ્થિત કરવા માગું છું. હમણા વાઇબ્રન્ટમાં સલબ કુમાર, રીપબ્લીકન હિંદુ એવીએશનના એક સાહેબ પધારેલા. જે મારા ખ્યાલથી કૉંગ્રેસ મેન હતા. આ સલબ કુમાર એમને મેડીસન અને સીલીકોન વેલી આપણા પી.એમ. સાહેબ માટે જે કાંઇ ખર્ચો કરવો જોઇએ એમને એનો શૉ કરવાનો અને એના આયોજક સલબ કુમાર હતા. આ સલબ કુમારે ફાઇનાન્સીયલ સપોર્ટ માટે કોરોડો ડોલરમાં અમેરિકન ઇલેક્શનમાં ખર્ચો એમને માથે લીધેલો. કેટલા હિન્દુ ગુજરાતીઓ હવે અમેરિકા ડીપોર્ટ કરવાનું છે. કેટલી બહેનોના પતિઓ ગેટ આઉટ ફ્રોમ અમેરિકા અને એમના ખૂન થવાના છે. આવી રીતે જે સલબ કુમાર આવ્યા હતા એની પાસે પણ હિસાબ કિતાબ મગાવીને ગુજરાતમાં રીપબ્લીકન પાર્ટીના કર્તાહર્તા હતા અને આપણે પણ એના કરેલ આયોજનના હિસ્સા બન્યા હતા અને આ મારી નાખ્યા છે એનો હિસ્સો તો આપણે નથી બન્યા ને? ૮૦ ટકા ઓ.એન.જી.સી.ને તમે આપો છો ૨૦ ટકા કેમ નહિ? જો જી.એસ.પી.સી. આપણું હોય તો એને તમે ૮૦ ટકા કેમ? ૧૦ ટકા કેમ નહિ ? જીઓ ગ્લોબલ જેના ૧૦ ટકા અને જુબીચેન્ટ એક્સ્પ્લો એના ૧૦ ટકા. હું સરકારને વિનંતી કરું છું કે આ લોકોએ રૂપિયા ખર્ચ્યા સિવાય ૧૦ – ૧૦ ટકાના માલિકો બનાવ્યા અને કેમ બનાવ્યા ગેસ માટે આટલી બધી જાહેરાતો કરી. આ બધું ફ્રોડ કેમ થયું, કોના કહેવાથી થયું એના જવાબદાર કોણ? અને આ ૧૦–૧૦ ટકા વાળા લોકોના ભાગમાં લગભગ જો આ ઓ.એન.જી.સી. રૂપિયા લે તો ૮૦૦–૮૦૦ કરોડ લેવાદેવા વગરના ગુજરાતની પબ્લિકના સરકારે લીધા. ખાલી પોતાની વાહ–વાહ માટે ૧૦ ટકા જીઓ વાળો અને ૧૦ ટકા જુબીચેન્ટ એક્સ્પ્લો લઇ ગયો અને એ રીતે આ ખાસ અતિ મહત્વનું છે. હમણા જે વાઇબ્રન્ટનું ખાણું જે મહાત્મા મંદિરના ટૅરેસ ઉપર ૭ સ્ટાર ભોજન થયું. મને કોઇએ કહ્યું એ દેનાબેંકે બિલ ભર્યું છે.  તો દેના બેંકને શું સંબંધ કે એ આપણને ઓફર કરે કે લો. એના મહેમાન આ બધા કેમ બન્યા?  ગુજરાત સરકારે આવા એટલા બધા ડિવિઝન કર્યા છે  કે, તારા માથે આ ખર્ચો,  તારા માથે આ ખર્ચો,  તારા માથે આ ખર્ચો તો આ રમત લાંબી નહીં ચાલે. આજનો વિરોધપક્ષ એ આવતી કાલનો શાસક પક્ષ છે અને શાસકપક્ષ એ આવતી કાલનો વિરોધપક્ષ છે. માનનીય રાજ્યપાલશ્રીના ભાષણમાં કમસેકમ બેકારો માટેની કોઇ વાત કરી હોત તો,  પણ હું ગુજરાતના બેકારોને આશ્વાસન આપવા માગું છું કે, આ એ પાર્ટી છે ભાજપ, કે જે બેકારી ભથ્થાનો પણ વિચાર કરતા  હતા કે કંઇક આપવું જોઇએ. તમે નહીં આપો પણ હું આપીશ. ૩૦૦૦/– રૂપિયા બારમાને, ગ્રેજ્યુએટને  આપીશ ૩૫૦૦/–રૂપિયા અને પોસ્ટ ગ્રેજયુએટને  ૪૦૦૦/– રૂપિયા. એટલે આ જાહેર કરો, મને ગમશે. આપણી આંગણવાડીવાળી બહેનો,  આશા વર્કરો , ફિક્સ પે વાળા  અને આ શિક્ષકોની વાત સવારે થઇ, એમનો શું વાંક? આપતા નથી   ૨૦૦૬ સુધીનાને  અને એવી જ રીતે કોન્ટ્રાકટવાળા, આઉટ સોર્સિંગવાળા,  આવા અનેક મિત્રો છે કે એ મિત્રોને સરકાર આવો ખર્ચો, આવો કરોડો રૂપિયાનો ખર્ચો જાહેરાતો પાછળ ખર્ચે છે અને જે દેવુ કરો છે એના કરતાં થોડુક વધારે દેવુ આમના પગાર માટે કરશો તો અમને ગમશે એટલે આનો પણ વિચાર કરવો જોઇએ એટલે તમે નહીં કરો તો હું આ ગાંધીજીના ફોટાની સાક્ષીએ કહું છું કે, અમારી સરકાર આવશે તો અમે વિચાર કરીશું, જે કંઇ આપવા જેવું હશે એ માટે વિચાર કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે બહેનોને ૫૦ લાખ ઘરના ઘરની વાત કરેલી ૫૦ લાખ ઘર આપીશું. કદાચ એ પ્રોસેસમાં હોય પણ  તમે મત લેવા  કહેવું એ એક વાત છે પણ લોકો વિશ્વાસ રાખતા હોય તો  ૫૦ લાખ ઘર બહેનોને એવું લાગે કે અમને મળશે. ગામડાંની બહેનો હોય કે ભાઇઓ હોય એમને ઘર ના હોય તો એમને લાગે કે અમને જમીનનો પ્લોટ મળશે પણ તમે નથી આપી શક્યા તો આ બહેનોની સલામતી અને બહેનોને ઘરનું ઘર એટલું જ નહીં પણ વીજળી વાપરવાવાળા, તો માનનીય અધ્યક્ષશ્રી, કમસેકમ ૨૦૦ યુનિટ વાપરે એને ૫૦ ટકા સબસિડી આપો. ૫૦૦ યુનિટ વાપરે એને ૨૫ ટકા સબસિડી આપો. ખેડૂતોનું પાંચ લાખનું વીજ જોડાણ માટેનું બેકલોગ ચડી ગયું છે  આ પાંચ લાખ ખેડૂતોને ટાઇમ બાઉન્ડ  તમે રીતસર વીજ જોડાણ આપો, તત્કાલ નહીં, વ્યવસ્થિત રીતે એને વીજ જોડાણ આપો. એમને મીટર નહીં પણ  હોર્સ પાવર દીઠ ફક્ત ૩૦૦ રૂપિયા લેવાના. એ પણ આપો. શિક્ષણ અને આરોગ્ય પણ એટલું કથળેલું છે, એમાં બહુ વિગતવાર જવામાં તો સમય લાગશે એટલે હું બહુ સમય નથી લેતો પણ આ બધાય મુદ્દા આજના ગુજરાતના લોકોએ બહુ દુઃખી કરે છે કે  કમસેકમ  પાટીદાર આંદોલન બીજેપીનું બેકબોન,  એ પણ અનામતમાં આવવા માટે જો આંદોલનો કરે અને લાખોની સંખ્યામાં જાય, સરકાર પૂરી પરવાનગી ના આપે,  અમે પણ નલિયાથી નીકળ્યા ત્યારે અમને પરવાનગી આપી પણ અમને ત્યાં દેખાવ કરવા નહોતો દીધો, અમને પણ પકડીને લઇ ગયા. એમના હોય તો પકડીને વિરોધ કરવા માટે ઉભા રાખવાના, આ ડબલ સ્ટેન્ડ છે. એવી રીતે યોગ્ય રીતે બધાનો ન્યાય કરશો એ શબ્દો સાથે માનનીય રાજયપાલશ્રીનું આ ભાષણ છે એ ભાષણમાં આવા મુદ્દા જો તમે ઉમેરશો એ વખતે જરૂર સમર્થન આપીશું અને નહીંતર એ ભાષણ ખાલી lip sympathy છે કહેવા પૂરતું, તેમાં અમે સહમત નથી. એ શબ્દો સાથે આપનો આભાર. જય હિંદ.

ગોવિંદભાઇ ઉ. પટેલ(રાજકોટ–દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહ સમક્ષ માનનીય રાજયપાલશ્રીએ ગુજરાતના સર્વગ્રાહી વિકાસનું જે ચિત્ર રજૂ કર્યું છે એ પ્રસ્તાવ ઉપર મારી કેટલીક વાતો રજૂ કરવા માટે હું ઉભો

થયો છું. અનેક બાબતો ઉપર પ્રકાશ પાડ્યો છે પણ એમાંની એક બાબત કે જે આરોગ્ય વિશેની કેટલીક હકીકતો આ સન્માનનીય સભાગૃહ સમક્ષ હું રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ દેશ કે કોઇપણ રાજયનો સુખાકારીનો જો માપદંડ માપવો હોય તો એનું આરોગ્ય કેવું છે એના ઉપર મૂકાતો હોય છે. માનવ વિકાસનો સૂચકાંક પણ આરોગ્યની બાબતથી મહત્વ ધરાવે છે. સર્વગ્રાહીને ધ્યાનમાં રાખીને આ રાજય સરકારે એક સંવેદના બતાવીને બાળક જન્મે એ પહેલાં એ ગર્ભવતી માતા હોય એ ગર્ભવતી માતા જો બીપીએલ ધારક હોય એને પોષણક્ષમ પૂરતો ખોરાક ન મળતો હોય તો એની ચિંતા કરીને આંગણવાડી મારફત આ બહેનને આવનાર બાળક એના કુટુંબ માટે ભારણરૂપ ન બને સમાજ માટે ભારણરૂપ ન બને એના માટેની ચિંતા આ રાજય સરકારે કરી છે. બાળક જન્મે અને કદાચ કોઇ ખોડખાપણવાળુ હોય તો એનો પણ વિચાર કરીને એના માટે સ્પેશ્યલ પ્રયોજન રાજય સરકારે કરેલ છે. બાળક જન્મે પછી ત્રણ વર્ષનું થાય એટલે એ આંગણવાડીમાં જાય અને એ જો કૂપોષીત હોય તો એ બાળક માટે અલગથી વિચાર કરીને એ સામાન્ય બાળક જેવું થાય એના માટેનો પ્રયાસ રાજય સરકાર તથા વિવિધ સ્વયંસેવી સંસ્થાઓ આ દિશામાં સારી કામગીરી કરી રહી છે એના કારણે આવતી કાલની પેઢી તંદુરસ્ત બને એના માટેનો પ્રયાસ રાજય સરકાર દ્વારા થઇ રહ્યો છે. આ બાળક જયારે પાંચ વર્ષનું થાય એટલે એ પ્રાથમિક શાળામાં દાખલ થાય એ દાખલ થયેલા તમામ વિદ્યાર્થીઓનું મેડીકલ ચેકઅપ થાય એના માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે. આ રીતે દર વર્ષે દોઢ કરોડ જેટલા પ્રાથમિક શાળામાં ભણતા બાળકોનું ચેકઅપ થાય છે અને એમાં જો કોઇ પ્રકારનો ગંભીર રોગ હોય કોઇને કીડનીની તકલીફ હોય, કોઇને હૃદયની તકલીફ હોય કોઇને વાલ્વની તકલીફ હોય તો આ પ્રકારની ગંભીર બિમારી હોય એ જો સામાન્ય વર્ગમાંથી આવતો હોય તો એના મા–બાપને ખૂબ ચિંતા થતી હોય ત્યારે આ રાજય સરકાર દ્વારા વરસે દોઢ કરોડ પ્રાથમિક શાળામાં ભણતા બાળકોનું ચેકપ કરવામાં આવે છે એના કેટલાક આંકડા અહીંયા હું રજૂ કરવા માગું છું. હૃદયરોગના દર્દી હોય એવા ૬૨૭૫ બાળકો, કેન્સરના દર્દી હોય એવા ૧૦૫૨ બાળકો ડીટેઇન થયા છે. કીડનીની તકલીફવાળા ૧૫૫૮ બાળકો, કાનની જન્મ્યા ત્યારથી બહેરાશ હોય એવા ૧૦૦૧ બાળકો એને પણ ટ્રીટમેન્ટ આપવામાં આવી છે. બોનમેરો રોગ ધરાવનાર ૨૧ જેટલા બાળકોને ટ્રાન્સપ્લાન્ટ કરીને એનું આરોગ્ય સારું રહે એના માટેના પ્રયાસો આ રાજય સરકારે કર્યા છે. માતા જયારે ગર્ભવતી હોય એ ગર્ભવતી મહિલાની પ્રસુતિ સુયાણી દ્વારા નહિ પરંતુ સારા હેલ્થ સેન્ટરમાં થાય અને બાળક અને મા બંને સુખરૂપ બહાર આવે એના માટેના પ્રયાસો થયા છે. મને કહેતા આનંદ થાય છે કે ૯૮.૭ ટકા પ્રસુતિ આવી સંસ્થાઓમાં થઇ છે. ચિરંજીવી યોજના હેઠળ ૧૧ લાખ ૬૧ હજાર સગર્ભા માતાઓની પ્રસુતિની સારવાર આ યોજના નીચે આપવામાં આવી છે. મુખ્યમંત્રી મા વાત્સલ્ય યોજના તથા મા વાત્સલ્ય યોજના નીચે બી.પી.એલ. ધારકોને તમામ પ્રકારની સહાયતા મળતી હતી પરંતુ જે મધ્યમવર્ગ છે એને મળતી નહોતી. એના ઘરનો મોભી બિમાર પડે એની સારવાર કરાવવા માટે એ કોઇની પાસે પૈસા માગી શકે નહિ અને રોગમાં પીડાઇ અને અંતે એ મૃત્યુને ભેટતો હોય છે, એનું ધ્યાન રાખીને મા વાત્સલ્ય યોજના દાખલ કરીને આ વર્ષે આવક મર્યાદા ૧ લાખ ૨૦ હજારથી વધારીને દોઢ લાખ કરવામાં આવી છે. આ સભાગૃહમાં ડોકટરોની અછતની ઘણી વાતો થાય છે. હું કહીશ કે સન ૨૦૦૧માં ગુજરાતમાં ફકત નવ મેડીકલ કોલેજો હતી. અને આજે ૨૦૧૬–૧૭માં ૨૨ મેડિકલ કોલેજો ગુજરાતમાં કાર્યરત છે. ૨૦૦૧માં ૧૧૨૫ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કરવા માટે દાખલ થઇ શકતા હતા. આજે ૩૫૩૦ વિદ્યાર્થીઓ દર વર્ષે દાખલ થઇ શકે છે. એટલે કે ૨૪૦૫ વિદ્યાર્થીઓની વધારાની વ્યવસ્થા રાજય સરકારે કરી છે. આવતા દિવસોની ચિંતા ધ્યાનમાં રાખીને આવતા દિવસોમાં કોઇ માણસ તબીબી સહાયથી વંચિત ન રહે, કોઇ હોસ્પિટલ ડોકટર વિહોણી ન રહે તેના માટેની ચિંતા કરીને આ રાજય સરકાર જયારે આ કાર્ય કરી રહી છે ત્યારે માનનીય બાવકુભાઇ રાજયપાલશ્રીના સંબોધન ઉપર જે આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપીને મારી વાત પૂરી કરું છું.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડ માનનીય રાજયપાલશ્રીના સંબોધન પર આભાર પ્રસ્તાવ લઇને આવ્યા છે. એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર નવા નવા સુત્રો, નવા નવા ઉત્સવો એના દ્વારા ચાલતી સરકાર છે. સરકાર બદલાતી જાય, નવા મુખ્યમંત્રી આવે એટલે નવું સુત્ર આવે. સૌ પહેલાં સૌનો સાથ સૌનો વિકાસ આવ્યું. એ થોડા સમય ચાલ્યું. મુખ્યમંત્રી બદલાઇ ગયા, એટલે ગતિશીલ ગુજરાત આવ્યું. ફરી પાછા મુખ્યમંત્રી બદલાઇ ગયા એટલે પ્રગતિશીલ ગુજરાત આવ્યું. જો નીતિનભાઇ આવ્યા હોત તો બીજું આવત, સારું આવત. અહીંયા જ નહીં, કેન્દ્રમાં સરકાર હતી ત્યારે પણ શાઇનીંગ ઇન્ડિયા અને ફીલ ગુડ એવા ઘણા બધા સુત્રો આવતા હતા. પરંતુ આ પ્રજાના ટેકસના પૈસાથી આજે આપણે હોર્ડીંગ્સ લગાવીએ છીએ. પ્રચાર માટે પોસ્ટરો લગાવીએ છીએ. એ એટલા બધા હોય છે અને દર દસ–પંદર દિવસે બદલાય છે. તો તેના ખર્ચનો કયારેય વિચાર કર્યો છે? આપણાં પોતાના ખીસ્સામાંથી પૈસા કાઢવાના થાય ત્યારે વિચાર કરીએ છીએ. આ પ્રજાના પૈસા છે, ટેકસના પૈસા છે. એટલા માટે આપણે બેફામપણે ખર્ચો કરીએ છીએ અને આ બધો અનપ્રોડકટીવ ખર્ચ આ સરકારને પોસાય એવો નથી છતાં પણ સરકાર આ કરતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત. છેલ્લા આઠ વખતથી, ૨૦૦૩થી અમે સાંભળી રહ્યા છીએ. વાઇબ્રન્ટ ગુજરાત, વાઇબ્રન્ટ ગુજરાત. રોજગારી મળી. હમણાં જ સભ્યશ્રી કહેતા હતા કે ૮૬ ટકા રોજગારી મળી. સાહેબ, તમે તપાસ તો કરો. જો ૮૬ ટકા રોજગારી મળી હોય તો અહીંયા કોઇ બેરોજગાર ન હોય. આ તો તમે ફેકટરીમાં જાવ, જૂઓ. પેલા ઉદ્યોગવાળા

રાખે છે, પછી બે મહિના પછી કાઢી મૂકે છે. સાચો આંકડો આપો. સાચો આંકડો જૂઓ તો ખબર પડશે કે ત્યાં તો ખરેખર માણસો નથી. આપણે જે કંઇ વાતો કરીએ છીએ એ સાચી હકીકત જણાવીએ તો કદાચ સારું રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે પારદર્શક વહીવટની વાતો કરીએ છીએ. સંવેદનશીલતા, પ્રગતિશીલતા. શબ્દો બહુ સારા છે. સેવા સેતુ અને પ્રગતિ સેતુ. કોઇ સેકટરમાં જઇને આપણે કામ કરીએ છીએ. બહુ સારી વાત છે. પણ જયારે તાલુકાનું આખું તંત્ર કોઇ સેકટરમાં જાય છે ત્યારે તમે કોઇ દિવસ વિચાર કર્યો કે તાલુકા મથકે આવતા બીજા માણસોની શું હાલત થતી હશે? એ ધક્કા ખાઇખાઇને પાછા જાય છે, અને બીજું, જયારે પેલાની યોજના મંજૂર થાય છે ત્યારે, એમના બિલો જયારે મંજૂર થાય ત્યારે ત્યાં પછી જે ટકાવારી લેવાય છે એ જો તમે બંધ કરશો તો હું સમજીશ કે પારદર્શક વહીવટ બરાબર છે. પણ ત્યાં તો ચાલુ જ હોય છે. આમાં ધ્યાન અપાય તો વધારે સારું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય ખાતુ નવી હેલ્થ પોલીસી લઇને આવ્યું છે. ગામડાં લેવલે તાલુકા કક્ષાની, જિલ્લા કક્ષાની હોસ્પિટલો છે. મોટા ભાગની હોસ્પિટલોમાં ડોક્ટરોની જગ્યાઓ ખાલી છે. પહેલાં તો એમ કહેતાં કે તમારા વખતે ૯ જ મેડિકલ કોલેજો હતી અને અમે તો ૨૨ મેડિકલ કોલેજ કરી. હવે જગ્યા ખાલી નહીં રહે. આટલા વર્ષોથી તમે પ્રયત્ન કરો છો તો પણ હતી એની એ જ પરિસ્થિતિ છે. ડોકટરો તો બહાર પડે જ છે છતાં આજે પણ જગ્યાઓ ખાલી છે. એનું જો કારણ હોય તો તમે ભરતી કરતા નથી તે કારણ છે. હમણાં મારા વિસ્તારની એક એમ.બી.બી.એસ. થયેલી છોકરી હતી. એ કમિશ્નર ઓફિસે ધક્કા ખાઇ ખાઇને થાકી કે મને ત્યાં નોકરી આપતા નથી. લકીલી અમારા પ્રભારી મંત્રી આરોગ્ય મંત્રી હતા. મેં એમને વાત કરી. હા, કહે કે અમે એમને લઇ લઇશું. આજ દિન સુધી એમને ઓર્ડર મળ્યા નથી. એટલે કહેવાનો મતલબ એમ છે કે આ સરકાર વાતો કરે છે પણ કામ નથી કરતી.

બીજું, સરકારે જુદી જુદી યોજનાઓ બહાર પાડી. માં વાત્સલ્ય, માં અમૃતમ અને એવી અને જયારે ૪,૨૨,૦૦૦ માણસોને આપણે સેવાઓ આપી અને રૂ.૫૮૭/- કરોડ વાપરી નાખ્યા. હિસાબ માંડો કેટલા રૂપિયા ભાગમાં આવે? રૂ.૧૩,૯૦૯/- આવે. આ તો ગંભીર બિમારીઓ માટેની યોજના છે. આટલી મામૂલી રકમ આપતા હોય તો આ આંકડો ખોટો છે ક્યાં તો ક્યાંક મુશ્કેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં ફિક્સ પગારની વાત થઇ. ૧,૧૮,૦૦૦ લોકોને ફિક્સ પગાર ઉપર રાખ્યા છે. એમના પગારમાં વધારો કર્યો. અમારા શ્રી શક્તિસિંહે વાત કરી, સમાન વર્ક સમાન પે ઉપર પગાર આપો, એમને કાયમી કરો. આંગણવાડીની બહેનોને દેશ નથી ચલાવવો, એમને પોતાનું ઘર ચલાવવું છે. બે છેડા મળતા નથી એટલા માટે કહે છે. કાંઇક સમજીને એમના માટે કાંઇક કરો. આટલી બધી બહેનો વાત કરે છે, તમે તો સ્ત્રી સશક્તિકરણની વાત કરો છો પરંતુ અમલવારીમાં કશુ કર્યું નથી. આદિવાસી સમાજ માટે પેસા કાયદાની વાત કરી. આ કાયદો ૧૯૯૬નો આવેલો છે. ૧૯૯૭ માં વટહુકમ બહાર પાડીને જુલાઇ ૧૯૯૮માં આ કાયદો આ ગુજરાતમાં અમલમાં આવ્યો. છતાં પણ એના જે નિયમો બનવા જોઇતા હતા એ બન્યા નહીં અને એના લીધે ગઇ વખતે વિધાનસભામાં આ પ્રશ્ન પૂછ્યો કે તમે આ કાયદોનો ક્યારે અમલ કરવાના છો? ત્યારે એમણે કહ્યું કે નિયમ બનાવવાની કામગીરી ચાલુ છે. હમણાં જ નિયમો બનાવ્યા છે, એ ગૌણ ખનિજના છે. એ તો ઓલરેડી ગૌણ ખનિજ માટે છે. મોટા ભાગની જે મેઇન બાબત છે એ સ્વશાસનની છે. ગ્રામસભાને સ્વશાસન મળવું જોઇએ. એ બાબતનો ઉલ્લેખ થતો નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં ધ્યાન આપો અને બીજું, જે ચૂંટાયેલા પ્રતિનિધિઓ છે એ પ્રતિનિધિનો હક્ક છે અને ગ્રામસભાનો જે હક્ક છે એ તમે છિનવી લીધો છે. હું ચોક્કસપણે કહીશ કે જયારે ટ્રાયબલનું આયોજન હોય, એટીવીટીનું આયોજન હોય કે બીજા પ્લાનીંગનું હોય તમામ જગ્યાએ તમે ડાયરેક્ટ તમારી પાર્ટીના માણસો મૂકી દીધા છે. એટલે જે હક્ક એમનો છે એ હક્ક છીનવાઇ ગયો છે. કોઇપણ તાલુકામાં બધે જોશો. તો બહારના તમારા પાર્ટીના માણસો હશે. એ લોકો આયોજન કરે છે. નહીં કે પ્રજા ! દુઃખ તો ત્યાં થાય છે કે આ વખતે હું મિટિંગમાં ગયો તો તમારા જે જે માણસો મૂકેલા છે એ કહે કે પચ્ચીસ પચ્ચીસ લાખ રૂપિયાના કામ આપી દો. આ કરવાનું છે? પ્રજાના કામો કરવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે રૂ.૧૫૦૦૦/- કરોડ અને રૂ.૪૦૦૦૦/- કરોડ, એમાં જે પૈસા વાપર્યા છે એ રૂ.૪૩૦૦૦/- હજાર કરોડ છે. ઓરીજીનલ ૪૩ તાલુકાઓ છે. ૪૩ તાલુકામાં ખરેખર જો વાપર્યા હોત તો એક એક તાલુકાને રૂ.૧૦૦૦/- કરોડ મળ્યા હોત. કોઇ કામ બાકી રહ્યું ન હોત. પણ સરકાર ઓડિટ કરવા તૈયાર છે ખરી? આનું અલગ ઓડિટ કરાવવા સરકાર તૈયાર છે? સાહેબ, નહીં કરે. કારણ કે એમણે આ પૈસા વાપર્યા જ નથી. એમની પાસે કોઇ હિસાબ નથી. શિક્ષણની બાબતમાં મારે વાત કરવી છે. ટ્રાયબલ વિસ્તારોમાં શિક્ષણ દિવસે દિવસે બિલકુલ કથળતું જાય છે. એનું મેઇન કારણ હોય તો ત્યાં શિક્ષકો નથી. સરકાર ચિંતન શિબિર કરે છે એનાથી કોઇ નિવેડો નહીં આવે. હું કહું છું કે શિક્ષકો ભરો તો બધું સોલ્યુશન આવી જશે. બસ આટલી વાત કરી હું આ પ્રસ્તાવમાં સંમત થઇ શકતો નથી અને મારી વાત પૂરી કરું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના આભાર પ્રસ્તાવ ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની સરકારો કે દેશની સરકાર એની મુળભૂત કામગીરી એ રાજ્યમાં વસતી પ્રજાની સુખાકારી માટે યોજનાઓ બનાવવાની છે. એની પ્રાથમિક ફરજોમાં રોડ, રસ્તા, પાણી, વીજળી, શિક્ષણ, આરોગ્ય આ બધી બાબતો આવતી હોય છે. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે ૧૯૬૦થી ૧૯૯૫ સુધી પહેલા ગીયરમાંથી ગાડી ક્યાંય આગળ ચાલી

નહીં. ૧૯૯૫ પછી આ દરેક બાબતોમાં વિશેષ કામગીરી થઇ છે. ઉત્તર ગુજરાતમાં હું નાનો મોટો થયો છું એટલે સ્વાભાવિક રીતે ત્યાં વસું છું. ત્યાં વસતો હોઉં એટલે ત્યાંના કેટલાક ગામડાંમાં અમારા પાટીદાર સમાજના લોકો રહેતા હોય છે. એમાં બારનો સમાજ, બાવનનો સમાજ એવા સમાજો હોય છે. એમાં એમના મેરેજ થતા હોય છે. મારા બારના સમાજમાં ઉપેરા કરીને એક ગામ છે. ત્યાં રસ્તા જ નહીં. પાણીની સગવડ નહીં અને દીકરી પરણાવવાની વાત આવે એટલે સ્વાભાવિક બીજા ગામના લોકો એ ઉપેરામાં દીકરી નાખવાની હોય તો જેમ ધંધૂકાની વાત કરી એમ ત્યાં કોઇ દીકરી નાંખે નહીં કારણ એના બાળકોને ભણવાની તકલીફ. ક્યાંક સગાવહાલાને નાના મોટા સામાજિક પ્રસંગે જવાની જરૂર પડે તો કેવી રીતે જવું? અને દીકરીને છેક ગામના નાકા ઉપર જઇ અને કપડાં ધોવા પડે, વાસણ કરવા પડે અને ત્યાંથી પાણી ઉપાડી અને ઘરમાં લઇ જવું પડે એવી પરિસ્થિત હતી એમાં જો કોઇએ શરૂઆત કરી હોય તો ભારતીય જનતા પાર્ટીની સરકારે આમાં શરૂઆત કરી છે. ૧૯૯૫ પછી પહેલી વખત ગામડાંની પંચાયતો હતી પહેલા તો ગામડાંની પંચાયતોમાં બિલ ભરવાના ફાંફા, કનેકશન કપાઇ જાય, સરપંચ થવા કોઇ તૈયાર ન થાય, ઉછીના પૈસા લાવે, બિલ ભરે એટલે વળી પાછું ચાલુ થાય. મોટર બળી જાય તો શું? ૧૯૯૫ પછી આ ઐતિહાસિક નિર્ણય થયો, ભારતીય જનતા પાર્ટીની સરકારમાં નિર્ણય થયો કે વીજળીના બિલો બધા માફ કરવા અને પરિણામે (અંતરાય) બાપુ એ વખતે અમારા હતા. થોડીક ભૂલ પડી. શરૂઆતે એ મૂળ ભાજપના જ હતા. આ યોજનાઓની જે શરૂઆત થઇ હતી એમાં આજે એ પરિસ્થિતિ છે કે ગુજરાત સરકારે ત્રણ વિભાગો દ્વારા જૂથ યોજનાઓ બનાવી અને પાણીની પાઇપલાઇનો દ્વારા એ પાણી ફિલ્ટર પ્લાન્ટમાં પહોંચાડી, એ યોજનામાં પહોંચાડી અને ફિલ્ટર કરી ગામડાંઓ સુધી પહોંચાડવું, બોર તો બનાવ્યા જ છે. ભૂગર્ભ વોટર એટલે વર્ટીકલ સોર્સીસ અને હોરીઝેન્ટલ સોર્સીસ. બંન્ને સોર્સીસમાંથી આજે પાણી મળતું થયું છે, એટલું જ નહીં પરંતુ જયારે ગામડાંની અંદર વિતરણ વ્યવસ્થાની વાત આવે ત્યારે ૯૦-૧૦ની સ્કીમમાં ૧૦ ટકા સરકાર એટલા માટે લે છે કે સરકાર નથી આપી શકતી એવું નહીં પણ ગામના લોકો ભેગા થઇ અને આ બાબતમાં રસ લેતા થાય અને એમની વિતરણ વ્યવસ્થા મજબૂત બને એના માટે સરકાર સારી રીતે કાર્યક્રમો પણ ચલાવે છે અને એના પછી વાસ્મો દ્વારા પણ ઉંચી ટાંકી બનાવી, ભૂગર્ભ સંપ બનાવી અને આખી વ્યવસ્થા કરે છે. બારમાસી નદીઓમાંથી, ડેમોમાંથી આ બધા પાણી ઉપાડી સરફેસ વોટર દ્વારા પહોંચાડવું અને ભૂગર્ભ વોટર દ્વારા હોરીઝોન્ટલ, વર્ટીકલ બંન્ને સોર્સ દ્વારા પાણી આપવાનું કામ આ સરકારે કર્યુ છે. કુલ લગભગ ૨૭૨૭ કિલોમીટરની બલ્ક પાઇપલાઇનો નાખવામાં આવી છે. આ જૂથ યોજનાઓ મારફતે ૧૨,૦૨૮ ગામો અને ૧૯૬ શહેરોની ૩.૯૫ કરોડ વસ્તીને સરેરાશ રોજના અંદાજે ૩૦૦ કરોડ લિટર પીવાનું પાણી પૂરું પાડવામાં આવે છે જેના સંચાલન અને નિભાવણીની કામગીરી સરકાર જોવે છે એટલું જ નહીં રાજયના ૮૩૩૩ જેટલા ગામો અને ૧૫૯ શહેરોને નર્મદા કેનાલ આધારીત પાઇપલાઇનથી જોડી દેવામાં આવ્યા છે. ટેન્કરવાળો વિષય પૂરો થયો છે ત્યારે ૪૦૦૦ ટેન્કરો ચાલતા હતા.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો વ્યકત કરું છું. ગુજરાતના લોકો કહે છે કે, જાયે તો જાયે કહાં, સમજેગા કૌન યહાં, સરકારને જો કોઇ રજૂઆત કરવાની હોય, લોકોના દર્દની વાત કરવાની હોય તો આઝાદી નથી. લોકશાહી પણ અહીંયા નથી. દર્દ વ્યકત કરવા જતા લાઠીઓ પડે છે. દર્દ વ્યકત કરવા જતા ગોળીઓ ખાવી પડે છે. અહીં પાણી માગો તો દંડા મળે અને દારૂ માગો તો ઘેરબેઠા મળે. અત્યારનું શાસન એ અંગ્રેજોના શાસનને પણ સારું કહેવડાવે તેવું છે. ૧૪૪ની કલમની વાત કરું તો ગીનીસ બુકમાં સ્થાન મળે. બધા રેકોર્ડ તોડી નાખ્યા. ઇન્ટરનેટ બંધી તો અહીંયા જ જોઇ. દીકરીઓના આટલા બધા અપહરણ થતા હોય, છેડતી, બળાત્કાર, ખેડૂતોના પ્રશ્નો હોય, દલિત સમાજના, ઠાકોરોના પ્રશ્નો હોય, પાટીદાર સમાજના, આંગણવાડી બહેનોના, શિક્ષકોના, કર્મચારીઓના અને આશાવર્કર બહેનોના પ્રશ્નો હોય ત્યારે સરકાર કહે, શું તમારી હિંમત? તમે સરકાર સામે મોરચો માંડો? તમે અવાજ ઉઠાવો? અમારે તો એવું કહેવું છે કે, સરકાર હમસે ડરતી હૈ, પુલિસ કો આગે કરતી હૈ. જયાં જુઓ ત્યાં મહિલાઓ અને પોલીસ, ખેડૂતો અને પોલીસ. કર્મચારીઓ અને પોલીસ, વિદ્યાર્થીઓ અને પોલીસ, બેરોજગારો અને પોલીસ, પાટીદારો અને પોલીસ. ઠાકોરસેના અને પોલીસ. દલિત સેના અને પોલીસ, આશા વર્કરો અને આંગણવાડીની બહેનોને આજે પણ પૂરી દીધી. પોલીસ પણ શું કરે નોકરી કરવી હોય એટલે? જ્યાં જુઓ ત્યાં ધીંગાણા અને એફ.આઇ.આર. થાય અને જવાબદારોની સામે કાંઇ જ નહીં. એમને ઘી-કેળા. હું તો એમ કહું કે ક્રૂડના ભાવો અડધા થઇ ગયા ૧૦૬માંથી ૫૪ ડોલર થયા તો પણ પેટ્રોલિયમ પ્રોડક્ટસ જેમ કે પેટ્રોલ, ડીઝલ, રાંધણ ગેસ અને કેરોસીન કેમ મોંઘા થયા? તમે વેટ અને એક્સાઇઝ ડ્યૂટી કેમ ઘટાડી નહીં? ડિઝિટલ ઇન્ડિયા અને કેશલેસની વાતો કરો છો પણ ૫૦૦ અને ૧૦૦૦ની નોટો બંધ કરી એ વખતે કહ્યું કે ૫૦ દિવસમાં સ્વપ્નનું ભારત જોવા મળશે. પણ બિચારી ગુજરાતની જનતા અને દેશની જનતાને ૪૦ હજારથી વધુ લોકોને એક સો કરોડનો ચૂનો લગાવ્યો એવી અર્બન બેન્ક કે જેમાં વિરમગામ, સાણંદ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, પાટણ, મહેસાણા જેવા કેટલાય જિલ્લાના લોકો પોકે પોકે રોયા છે. વિરમગામના ૧૧૯૫ લોકોને ૩.૧૭ કરોડ રૂપિયાનો લોસ થયો છે. આનો બોસ રાકેશ અગ્રવાલ એ રાજસ્થાનનો ભારતીય જનતા પાર્ટીનો આગેવાન છે અને એનો ભાઇ રીન્કુ અગ્રવાલ માઉંટ આબુમાં વોર્ડ-૯નો કોર્પોરેટર છે. સરકારે એમની સામે યોગ્ય કાર્યવાહી કરવી જોઇએ અને પગલા લેવા જોઇએ. અત્યારે ખેડૂતો બેન્કમાંથી લોન લે છે એનું વ્યાજ પણ ભરી શકે એમ નથી. નાના ઉદ્યોગો અને મધ્યમ ઉદ્યોગકારો કે જે કોટન ઉદ્યોગ, હીરા ઉદ્યોગ, સિરામિક ઉદ્યોગ, કાપડ બજાર, પાવર લુમ્સ આ બધા નાના ઉદ્યોગપતિઓને અહીંયા એની મૂડી અને વ્યાજ પણ ચૂકવવાના પૈસા હોતા નથી ત્યારે એમને નોટિસો આપવામાં આવે છે અને માનસિક હેરેસમેન્ટ થવાથી બિચારા આત્મહત્યા

કરવા પહોંચી જાય એટલા બધા મજબૂર થઇ જાય અને જે મોટા મોટા આર્થિક કૌભાંડો કરે છે એ લોકોને ઘી–કેળા. ત્રણ ત્રણ મહિનાથી હોમગાર્ડઝના જવાનોના પગાર થતા નથી. આંગણવાડીની બહેનો, આશા વર્કર બહેનો પગાર વધારવા રેલીઓ કાઢે છે તો પણ સરકારના પેટનું પાણી હાલતું નથી. એન.એ. એટલે ના નહીં પણ હા એવી જાહેરાતો કરી. અશોક જાડેજાનું એક કા તીન કૌભાંડ, સુરતના અફરોઝ બટ્ટાનું હવાલા કૌભાંડ, મલ્ટી લેવલ માર્કેટીંગમાં કરોડોનું કૌભાંડ, વડોદરામાં સટ્ટાબેટીંગ કૌભાંડ, ગેરકાયદે ચાલતા કોલ સેન્ટરો, કોન્સ્ટેબલ ભરતી કૌભાંડ, ગૌણ સેવા પસંદગી બોર્ડનું ભરતી કૌભાંડ, ચંપાવત કૌભાંડ, આટલા બધા કૌભાંડો ગુજરાત સરકારમાં થાય અને પેલા ગરીબ અને નાના અને મધ્યમ ઉદ્યોગો કે જેની સંખ્યા ૨૦ હજાર જેટલી થાય છે એ અત્યારે બંધ પડવાની હાલતમાં છે એમને નોટિસો? એમને મદદ આપો એવી અમારી માગણી છે. માનનીય વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, તમે પોસ્ટકાર્ડ લખજો. એક મહિલા ધારાસભ્ય તરીકે નાયબ મુખ્યમંત્રીશ્રીને મારું પોસ્ટકાર્ડ આપું છું. જે મહિલાઓ અત્યારે આટલા બધા દુષ્કૃત્યોની ભોગ બની છે એ મહિલાઓ વતી હું એમને વિનંતી કરું છું કે, જો તમે આ પોસ્ટકાર્ડ રાખીને એનું અમલીકરણ ન કરવાના હોય તો રાખડીઓ પાછી મોકલજો. બી.પી.એલ. લાભાર્થીઓ હોય તો ફુડ સિક્યોરિટી એક્ટનો અમલ કરવાનો હોય તો એમના માટે કડક નિયમ કે ભાઇ, એક જ વાર અંગૂઠો લેવાનો, નહીં તો નહીં મળે. એમને ૮૦ રૂપિયાના અનાજ માટે ૨૫૦ રૂપિયાની દાડી પાડવાની પણ કિશોર ભજીયાવાળો કે જે ચા વાળામાંથી બે હજાર કરોડનો આસામી બની ગયો એના માટે કોઇ નિયમો નહીં? મહેશ શાહે બે હજાર કરોડની પ્રોપર્ટી જાહેર કરી તો એને કંઇ નહીં.

શ્રી રજનીકાન્ત સો. પટેલ(બેચરાજી) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહીમ રાજ્યપાલશ્રીના ગૃહને કરેલ સંબોધન માટે આભાર માનતો પ્રસ્તાવ લઇને આ ગૃહના સભ્યશ્રી બાવકુભાઇ ઉંધાડ આવ્યા છે ત્યારે એમને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો મહાન ભારત દેશ લોકશાહીને વરેલો છે અને લોકશાહી હોય એટલે ચૂંટણીઓ હોય. ભૂતકાળ સામે નજર કરીએ તો ચૂંટણીઓમાં કેવા પ્રકારની સ્થિતિ હતી એનાથી આપણે બધા ખૂબ સારી રીતે પરિચિત છીએ. ગામ ગામ વચ્ચે વિવાદો ઉભા કરવા, કોમ કોમ વચ્ચે વિવાદો ઉભા કરવા, પ્રલોભનો આપવા અને એનાથી ન મેળ પડે તો ધાક–ધમકીથી ચૂંટણીઓ જીતવાનું કામ ભૂતકાળમાં થતું હતું એનાથી આપણે પરિચિત છીએ. પરંતુ આજે ફક્ત વિકાસના આધાર પર લોકોની વચ્ચે જઇ અને ડંકાની ટોચ ઉપર અમે કરેલા કામો બતાવી અને મત માગવાનું કામ ભારતીય જનતા પાર્ટી કરી રહી છે.

આ વિકાસની રાજનીતિના આધાર પર જ્યારે કામની શરૂઆત થઇ ત્યારે ગુજરાતનો સર્વાંગી વિકાસ હમણાં અહીંયા વાત થઇ સૌનો સાથ સૌનો વિકાસ. સૌના સાથ સૌના વિકાસ થકી આપણે ગતિમાં પણ આવ્યા છીએ અને આજે પ્રગતિમાં પણ છીએ અને એ કામ આપણે ખુબ સારી રીતે જોઇ શકીએ છીએ. વિકાસ દ્વારા પ્રત્યેક વ્યક્તિ અને ખાસ કરીને સામાન્ય વ્યક્તિને સુખાકારી તરફ લઇ જવાનું કામ એ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. વીજળી એ ભૂતકાળમાં પણ ઉપયોગી હતી પરંતુ આજે જ્યારે સુખના સંસાધનો વીજળી આધારિત હોય અને નાનામાં નાનો માણસ પણ ટેકનોલોજીનો ઉપયોગ કરતો થયો હોય ત્યારે આજના સમયે વીજળી એ વધુ જરૂરી અને વધારે ઉપયોગી બની એ સ્વાભાવિક છે. ગુજરાત રાજ્યની સ્થાપનાના સમયે ૬૬ કે.વી.ના ૧૨ અને ૩૩ કે.વી.ના ૩૦ એમ કુલ ૪૨ સબ સ્ટેશનોનું અસ્તિત્વ ગુજરાતમાં હતું. ૧૩૨ કે.વી., ૨૨૦ કે.વી. કે ૪૦૦ કે.વી.નું આપણું એક પણ સબ સ્ટેશન એ વખતે ગુજરાતમાં ન હતું. વર્ષ ૨૦૦૨ થી ૨૦૦૭ દરમિયાન જેટકો દ્વારા ૩૯૨ નવિન વીજ સ્ટેશનો સ્થાપવામાં આવ્યા, જે અગાઉના ૪૬ વર્ષમાં થયેલા સબ સ્ટેશનોના ૪૫ ટકા છે. આજે સમગ્ર રાજ્યમાં તા.૩૧–૧૨–૨૦૧૬ની સ્થિતિએ ૬૬ કે.વી. થી ૪૦૦ કે.વી.ની રેન્જમાં કુલ ૧,૬૭૧ સબ સ્ટેશનો અને અંદાજીત ૫૬,૦૦૦ થી વધુ સરકીટ કિલો મીટર ટ્રાન્સમીશન લાઇન સમગ્ર ગુજરાતમાં કાર્યરત છે. જેમાં ગુજરાતનો લાંબો દરિયા કિનારો, વિશાળ રણ વિસ્તાર, દુર્ગમ પ્રદેશો હોય કે પછી સામાન્ય વિસ્તાર હોય આ તમામ વિસ્તારોને આવરી લેતું વીજળીનું આવુ સુંદર નેટવર્ક આજે ગુજરાતમાં છે અને એનો લાભ ગુજરાતમાં ઉદ્યોગ, ખેતી, શહેર, ગામડું, ખેડૂત, આદિજાતિ વિસ્તાર, દરિયા કાંઠા વિસ્તાર અને આપણે સૌ મેળવી રહ્યા છીએ. આમ ગુણવત્તાયુક્ત વીજ સેવાઓ પુરી પાડવાના ધ્યેય સાથે દરેક વીજ વિતરણ કંપનીમાં દસ જનસેવા કેન્દ્રો અને કન્ઝ્યુમર હેલ્પ ડેસ્કનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત નવા વીજ જોડાણો મેળવવાની પ્રક્રિયા પણ ખૂબ જ સરળ રીતે આજે અમલમાં છે અને એનો લાભ તમામ મિત્રો લઇ રહ્યા છે. આજની એક ખૂબ જ મહત્વકાંક્ષી યોજના એટલે ઊજાલા ગુજરાત, સાચા અર્થમાં આ યોજના ખૂબ જ મહત્વની યોજના છે અને આ યોજના અંતર્ગત એલ.ઇ.ડી. બલ્બ, એલ.ઇ.ડી.ટ્યૂબ અને પંખાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ ગુણવત્તાયુક્ત અને કિંમતમાં સસ્તા ઉપકરણોના ઉપયોગથી અનેક ફાયદાઓ થયા છે. વીજળીનું બીલ ઓછું આવતાં પરિવારને આર્થિક ફાયદો થયો છે. બચત થયેલી વીજળીનો જરૂરિયાત મંદ લોકો સુધી આપણે અન્યત્ર ઉપયોગ કરી શક્યા છીએ અને પર્યાવરણની જાળવણી થઇ છે. કારણ કે, આપણે વધેલી વીજળી બીજાઓને આપી શક્યા છીએ અને આ કાર્યક્રમને એના કારણે ખૂબ જ સુંદર પ્રતિસાદ મળ્યો છે. એલ.ઇ.ડી. બલ્બ ૯ વોટનો જે રોકડેથી ૬૫ રૂપિયા અને હપતેથી ૭૦ રૂપિયામાં મળે છે. એલ.ઇ.ડી. ટ્યૂબ અને ફાઇવ સ્ટાર રેટેટ પંખા બજારમાં જે કિંમતે મળે છે એના કરતાં સસ્તા એટલે રોકડેથી ૧,૧૧૦ અને હપતેથી ૧,૨૬૦ રૂપિયે મળે છે. આમ એલ.ઇ.ડી બલ્બમાં આખા દેશમાં ૩ કરોડ ૬ લાખના વિતરણ સાથે ગુજરાત પ્રથમ ક્રમે છે. ગામડાંઓ, શહેરો, પરાઓ આમાં વસતા ગરીબ કુટુંબોને પણ આપણે જે સીંગલ પોઇન્ટ ઘર વપરાશના વીજ જોડાણ માટેની યોજના

અમલી બનાવવામાં આવી છે એમાંથી તમામને આપણે વીજળીનું જોડાણ પુરું પાડ્યું છે. ખેડૂતોને પણ છેલ્લા પાંચ વર્ષમાં ખેતી વિષયક વીજ જોડાણ ૫,૫૪,૧૬૪ જેટલા આપવામાં આવ્યા છે. ચાલુ વર્ષે ૧,૨૫,૦૦૦ થી વધારે ખેતી વિષયક વીજ જોડાણ આપવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત જરૂર પડયે વીજળીમાં વાત કરવાની વાત હોય આવી તમામ વીજ ઉપયોગી બાબતમાં...

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. ગોવાભાઇ.

શ્રી ગોવાભાઇ હ. રબારી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યપાલના પ્રવચનમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું. મેં રાજ્યપાલનું પ્રવચન બેઠા બેઠા આખું વાંચ્યું. નીતિનભાઇ સાહેબે આંકડાની માયાજાળ સિવાય કશું નથી આપ્યું. આંકડા પણ નથી આપ્યા. ફક્ત વખાણ કર્યા છે. માત્ર વખાણ સિવાય વાસ્તવિકતા કશી નથી. આમાં ગતિશીલ ગુજરાતની વાત કરીએ તો કાલે જ વાત નીકળી હતી કે બે વ્યક્તિ બોલ્યા કે ગતિશીલ ગુજરાત એટલે શું? તો મેં કહ્યું કે મને ખબર નથી. એમાં એક બોલ્યો કે સાંજે રીંગણા વાવો અને સવારે વીણવા જાવ એનું નામ ગતિશીલ ગુજરાત. રાત્રે વાવેતર કરો અને સવારે પાકી જાય. ખેડૂતોની પણ ઘણી વ્યાખ્યા લીધી છે. ખેડૂતલક્ષી એક પણ આ યોજનાની અંદર વાત નથી કરી કે ખેડૂતોને સીધો લાભ થાય. મગફળીના ટેકાના ભાવનો ઉલ્લેખ કર્યો છે. મગફળીનો ભાવ ૮૪૪ બાંધ્યો એ દિવસે માર્કેટમાં ૯૦૦ રૂપિયા વેચાતી હતી. સરેરાશ ૯૦૦ થી ૯૫૦ માં માર્કેટમાં વેચાય છે. જો એમણે મગફળીના ભાવ ૯૫૦ કર્યા હોત તો ખેડૂતોના ઘરમાં એ હજાર રૂપિયે ગઇ હોત. એમાં પણ બે વર્ષથી ૮૨૪ ટેકાના ભાવ હતા એ ૮૪૪ કર્યા. એ એક મશ્કરી છે. ૭૦ ટકા, ૮૦ ટકા ખેડૂતોની વાત કરીએ. માત્ર ૨૦ રૂપિયા ટેકાના ભાવ વધારો છો, એ પણ માર્કેટ કરતા ૫૦ રૂપિયા ઓછા. સરકાર ખેડૂતોનું હિત ચાહતી હોય કે ખેડૂતોને મદદરૂપ થવા માગતી હોય તો મારા જ વિસ્તારની વાત કરું તો આજે બટેકા ખેતરોમાં પડ્યા છે. ૫૦ રૂપિયા કોઇ માગતા નથી. ઘરમાં ૧૦૦-૧૧૦ રૂપિયા પડતર છે. ખેડૂતોનું હિત ચાહતા હોય તો ૧,૭૨,૦૦૦ કરોડમાં હજાર કરોડ ભૂલી જાઓ. સબસિડી નથી આપવી. માત્ર બટેકા ખરીદીને કોલ્ડ સ્ટોરેજમાં ભરી દો અને તમારી મૂડી ઊભી થઇ જશે. નહિ થાય તો સરકારનું દેવાળું નહિ નીકળે, પણ ખેડૂતો બચી જશે. ૨ મહિનામાં ૫ વ્યક્તિઓએ સુસાઇડ કર્યુ છે. ૫ મરી ગયા છે. ઇજ્જતદાર માણસો છાપામાં નથી આપતા કે આના માટે મરી ગયા છે. ગઇકાલે મારી નજર સામે જોઇને આવ્યો. ૪ ખેડૂતોએ બટેકા ખેડી નાખ્યા. વીણ્યા નથી, કારણ કે વીણે તો વીણવાની મજૂરી હાથમાં આવતી નથી. આ હાલત છે. તો સરકારને વિનંતી છે કે એક ટકા પણ તમારી ખેડૂત પ્રત્યેની દયા, લાગણી હોય તો એક કિસ્સો કરી બતાવો તો લાખો હજારો ખેડૂતો બચી જશે. નાખી દેવા નથી. ખેડૂતોને બચાવવા છે. આ બધુ નોટબંધીના હિસાબે થયું છે. નોટબંધી ન કરી હોત તો આજે આ હાલત ન હોત. એક પણ માણસ ખરીદવા વાળો નથી. ૫૦ રૂપિયામાં ખરીદવા વાળા નથી. આ હાલત તમે કરી છે. મદદ કરો અને પછી ખેડૂતોની વાત કરો. નીતિનભાઇ ખેડૂતોની વાત ન કરો તો સારું. ખેડૂતોના જે ઓજારો છે. ટ્રેક્ટરથી માંડીને તમામ ઉપર ટેક્સ છે. નાણામંત્રીને કહેવું છે કે કોઇપણ રાજ્યમાં ખેડૂતોના ટ્રેક્ટર, ઓજાર ઉપર ટેક્સ નથી. માત્ર ગુજરાતમાં છે. તો પણ આપણે વાત કરીએ કે આ સરકાર ખેડૂતોની છે. ઓજારોનો ટેક્સ તો છોડો, ટ્રેક્ટર ઉપરનો ટેક્સ છોડો. ઘણી બધી ટેક્સ લેવાની વસ્તુ છે. એટલું જ નહિ ટ્રોલી ઉપર દર ૨ વર્ષે પાસિંગ કરાવવાનું. બાપુની સરકારમાં ટ્રોલીને ગાડું કહ્યું છે. ટ્રેક્ટરનું પાસિંગ એટલે ટ્રોલી આવી ગઇ. છતા પણ એનું પાસિંગ નવું કરવાનું. ખેડૂત હેરાન થાય છે. રોજગારીની વાત છે. એમાં કયા ઉદ્યોગોમાં રોજગારી મળી? પહેલાં ૫ વર્ષ હતાં. આ નેનો જે છે તેની અંદર મોટી વાતો થઇ હતી તો આજે તેમને પૂછું છું કે આ નેનોમાંથી શું મળ્યું? નેનોની જગ્યાએ કોઇ હીરા ઉદ્યોગને આટલું પ્રોત્સાહન આપ્યું હોત તો આજે બે થી ચાર લાખ લોકોને રોજી મળી હોત. નેનો દેવાળું કાઢીને બેઠી છે. કશું જ નથી, જમીન ગઇ, તમારું વળતર ગયું અને રોજી પણ ન મળી. તેના કરતાં રોજી મળે છે તેને કંઇક આપો તો કંઇક થશે. આંગણવાડી બહેનો છે તેમને પણ ઘર છે, પૂરી મહેનત કરે છે. પૂરો સમય આપે છે તો તેને પૂરો પગાર અને મહેનતાણું આપો તો તેનો પરિવાર જીવી શકે. સાચી રોજી તો એ છે. તેની સાથે હમણાં વિદ્યાસહાયકોનો થોડોક પગાર વધાર્યો. તેમાં પણ ૧૯૯૮ થી ૨૦૦૬ સુધીના નહીં. કેમ તે શિક્ષકમાં નથી આવતા, તેને સરકારે વિદ્યાસહાયક નથી બનાવ્યા? તો તેના માટે ભેદભાવભરી નીતિ કેમ? કોઇ તમારી સાથે નથી, કોઇ પોલિટિકલી તકલીફ છે. કેમ તે લોકોને અલાયદા રાખવામાં આવે છે. તે પણ એક શિક્ષક છે. સેવા આપે છે તો તેના માટે તમે ભેદભાવ રાખીને નિર્ણય કર્યો છે તે ન હોવો જોઇએ. હંમેશાં ભગવાન પછી સરકાર હોય છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવના સમર્થનમાં હું મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર શહેર એ ગુજરાત નહીં પણ દેશ અને દુનિયામાં જયારે એક આગવી ઓળખ બનવા જઇ રહ્યું છે ત્યારે હું ચોકકસપણે આપણા આજના પ્રધાનમંત્રી કે જેઓ જે તે વખતે અહીં મુખ્યમંત્રી હતા ત્યારે એમની આગવી સૂઝના કારણે ગાંધીનગરને એક આગવી ઓળખ મળી. મને યાદ છે ત્યાં સુધી હું જયારે મારા વતન કોલવડા ગામે રહેતો અને કોલેજ કરવા અહીં આવતો ત્યારે ગાંધીનગર શહેરની અંદર બે થિયેટર હતા. એક આશા ટોકીઝ અને બીજી શિવમ ટોકીઝ. તે ટોકીઝ જુઓ તો તેના ઉપર પતરા હતા. ત્યાં સાઇકલ ઉપર આવવાનું. કોઇ રોડ રસ્તા નહીં. કોંગ્રેસે ખૂબ શાસન કર્યુ પણ ગાંધીનગર બાજુ કોઇ દિવસ જોયું નહીં. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એટલે રોજેરોજ ઉત્તરોત્તર બજેટમાં વધારો થતો ગયો. આ ગોવાભાઇ મને હેરાન કરી રહ્યા છે. આજે તમે ગાંધીનગરમાં જુઓ તો મહાત્મા મંદિરને અડીને આવેલ ખ રોડ પર સીકસ લેન કરવાની યોજના મૂકી છે. તેના માટે છ કરોડ રૂપિયા જેટલો ખર્ચ કરીને લોકોની સુખાકારી વધે તે માટેનું કામ ચાલી રહ્યું છે. આપણા વિપક્ષના મિત્રો ચોકકસપણે કહેશે કે વિકાસ નથી થયો, વિકાસ

નથી થયો. તો મારે તમને ના કહેવાય પણ એવું એક સૂચન છે કે આ બધા મિત્રોને એક દિવસ મહાત્મા મંદિરની અંદર આપણે ભોજન માટે લઇ જઇએ. આ કોંગ્રેસના મિત્રોને મહાત્મા મંદિર બતાવીએ તો એ લોકો પણ આપણો પ્રચાર કરશે કે મહાત્મા મંદિર જોઇ આવો. જોવા જેવું છે.

(ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષ સ્થાને)

સાથે સાથે આપણે બધા દોઢ મહિના સુધી અહીં બજેટ સત્રમાં રોકાવાના છીએ ત્યારે મારા પક્ષના મિત્રો અને વિપક્ષના મિત્રોને મારી વિનંતી છે કે ગાંધીનગરની બાજુમાં આવેલ ગીફ્ટ સીટી તમે સાંજના છ વાગ્યા પછી જોવા જજો. જરૂર પડયે તો મને કહેજો હું બે–ચાર ગાડીઓ બતાવવા માટે મોકલી આપીશ. ત્યાં જાઓ તો તમને લાગશે કે સિંગાપુરને આંબી જાય તેવું ગાંધીનગર શહેર બનવા જઇ રહ્યું છે. તેનો કોઇ શ્રેય હોય તો આ ભારતીય જનતા પાર્ટીની અમારી સરકાર, અમારા આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇ, આજના મુખ્યમંત્રી રૂપાણી સાહેબ તથા નીતિનભાઇની દીર્ઘદષ્ટિના કારણે ગાંધીનગરનો વિકાસ ખૂબ થઇ રહ્યો છે. સાથે સાથે વાત કરીએ તો ગાંધીનગર એટલે કર્મચારી મિત્રોને રહેવા માટેનું એક સ્થળ. એટલે કર્મચારી મિત્રો માટે અવાર નવાર તેમના રહેઠાણ માટેની ચિંતા કરતી આ સરકાર છે. તેના માટે બજેટમાં જોગવાઇઓ કરી છે. ગયા વખતે નવા મકાનો બાંધવાના ચાલુ કર્યા હતા તેમાં સાત માળના લીફ્ટ સાથેના પોતાના પ્રાઇવેટ ફ્લેટ ન હોય તેવા સુંદર મજાના ફ્લેટ સેકટર ૭, સેકટર ૨૯ અને સેકટર ૩૦ આમ અલગ અલગ જગ્યાએ નિર્માણ થઇ રહ્યા છે. સાથે સાથે મારે એ પણ કહેવું છે કે વિપક્ષની પાટલીમાં પહેલી અને બીજી લાઇનમાં બેઠેલા બધા જ મિત્રોનું ગાંધીનગરમાં મકાન છે. એ બધા અમારા ગાંધીનગરના સાક્ષી છે પહેલાનું ગાંધીનગર કેવું હતું અને અમારી સરકાર આવ્યા પછીનું ગાંધીનગર કેવું છે? એ એમના દિલને પૂછે, એમના એમના અંતર આત્માને પૂછે તો એ પણ કહેશે કે ના, ભાજપે વિકાસ કર્યો છે. પણ તેઓ બોલી નથી શકતા અને એમનો પોતાનો પ્લોટ અહીંયા છે અને બીજી વાત કરું તો હમણા રાત્રે કદાચ અહીંથી આજે નહીં તો કાલે કદાચ તમને જોવાનો મોકો મળશે બે સેશન આપણા પૂરા થશે એટલે મોડી રાત સુધી આ વિધાનસભા ગૃહમાં બેસવું પડશે ત્યારે રાત્રે તમે જરા જોજો કે નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઇએ આખા ગાંધીનગરની અંદર સુંદર મજાની સ્ટ્રીટલાઇટ, એલ.ઇ.ડી. લાઇટથી આખું ગાંધીનગર ઝગમગતું ઝગમગતું કરી દીધું છે.

પ્રો હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન ઉપર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શબ્દોની સજાવટમાં માહિર બીજેપી સરકાર અવનવા શબ્દો રચીને ગુજરાતની પ્રજાને ભ્રમિત કરવાનું કામ કરી રહી છે. ૨૦ વરસથી ચાલતી આ સરકાર ગુજરાતનો સંતુલિત, પ્રાદેશીક વિકાસ પણ કરી શકી નથી. હમણા આદિવાસીના વિકાસની ગૌરવ યાત્રા કાઢી, માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસીઓનો વિકાસ કરવો હોય તો સર્વ પ્રથમ એ કામ કરવું જોઇએ કે એને પોતાના ગામની આજુબાજુ નજીકના વિસ્તારમાં રોજગારી મળે એ પ્રબંધ કરી શકે તો સીઝનલ કામ કરવા માટે બહાર જઇને પોતાનું પેટિયું રળવાનું હોય છે એ પેટિયું રળવા માટે બહાર જવું ન પડે કે જેના કારણે પોતાના બાળકોનું શિક્ષણ મળતું નથી. જયાં સુધી શિક્ષણ નહીં મળે ત્યાં સુધી એનો ઉદ્ધાર થવાનો નથી. તો સર્વ પ્રથમ તો આ કામ કરવું જોઇએ. બીજું જે કોઇ નવી યોજનાઓ બને છે સિંચાઇની અને એમાં જે સ્થળાંતર થાય છે અને વર્ષો સુધી એના પ્રશ્નો ઉકેલાતા નથી. પ્રશ્નોતરીના સમયમાં આ પ્રશ્ન વિગતવાર ચર્ચાયો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત કરું તો શિક્ષણમાં ૧૬ તાલુકામાં નવી કોલેજોની સ્થાપના કરવામાં આવી છે અને એમાં આદિવાસી વિસ્તારમાં ૩ કોલેજો ખોલવાનું આયોજન કરવામાં આવ્યું છે પણ જે નવી કોલેજો ખોલવામાં આવી છે અને એમાં પણ ખાસ કરીને સાયન્સની કોલેજો આપવામા આવી છે એ કોલેજોમાં નથી કોઇ માણસની નિમણૂક કરી, નથી મકાન, નથી કોઇ સ્ટાફ, સાયન્સની કોલેજમાં પ્રેક્ટિકલ માટે કોઇ લેબોરેટરી નથી કે કોઇ ટીચર પણ નથી અને મકાન પણ નથી અને આચાર્ય પણ નથી. કારકુનથી ચાલતી કોલેજો છે ત્યારે આપણે શિક્ષણના ગુ્ાણોત્સવની અને ગુણવત્તાની વાત કરીએ એનો મેળ બેસતો નથી. આવું એક જગ્યાએ નહીં, પણ જેટલી સરકારી ગ્રાન્ટેડ ખાનગી કોલેજો અને શાળાઓ આવેલી છે એમાં શિક્ષકો નહીં આપવા આ સરકારનો સંકલ્પ છે અને એ શિક્ષકો નહીં આપવાથી ગુણવત્તા બગડતી જાય છે. ૪૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ ગુજરાતીના માધ્યમમાં ગુજરાતીના પેપરમાં જે આપણી માતૃભાષા છે એમાં નાપાસ થાય એનું મુખ્ય કારણ તો આ સુવિધાનો અભાવ, પૂરા શિક્ષકો નહીં આપવા, વિદ્યાર્થીઓની સંખ્યા વધે તો પણ નવો વર્ગ નહીં આપવો અને એકેએક તાલુકાની અંદર સરકારી સાયન્સ ગ્રાન્ટેડ કોલેજો સંસ્થા ખાનગી છે માટે એને એક વર્ગથી બીજો વર્ગ નહીં આપવો, બીજાથી ત્રીજો નહીં આપવો અને ત્યાં સેલ્ફ ફાઇનાન્સ કોલેજ આપવી એ આ સરકારની નીતિ રહેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૬ પછીના કર્મચારીઓને નવો પગાર વધારો આપ્યો એમાં કોલેજના પાર્ટ ટાઇમ લેકચરર અને ફિક્સ પગારથી જે અધ્યાપકોની નિમણૂક થઇ છે એનો સમાવેશ કરવામાં આવ્યો નથી, તમામ કર્મચારીઓનો સમાવેશ કરવો જોઇએ. અત્યારે આંગણવાડીની બહેનો હોય કે આરોગ્ય ખાતાના બીજા કર્મચારીઓ હોય એ બધાને સરકારે લઘુત્તમ વેતનનો દર જે નક્કી કર્યો છે એ દર પણ એમને આપવામાં આવતો નથી. તો આશા રાખું છું કે ફેસીલેટર, આશાવર્કર, તેડાગર અને આંગણવાડી કાર્યકર એ તમામને અને જે લોકો ૨૦૦૬ પહેલાં નિમણૂંક પામેલા છે એ તમામ લોકોનો આમાં સમાવેશ કરવામાં આવે.

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

ખેતીની વાત કરું તો સરકારે એમ કહ્યું કે અમે નવા દર નક્કી કરીએ છીએ. ખેત પેદાશોના ટેકાના ભાવ નક્કી કરીએ છીએ. પણ આ ટેકાના ભાવ એ ઇનપુટ્સ કોસ્ટને ધ્યાનમાં રાખીને કરવા જોઇએ. જ્યાં સુધી તમે ખેતી ખર્ચને ધ્યાનમાં રાખીને આ કામ નહિ કરો ત્યાંસુધી નાના ખેડૂતો અને સિમાન્ત ખેડૂતો એ એમના દેવામાંથી બહાર નહિ આવે. વાસ્તવમાં તો નીતિનભાઇ સાહેબે એમના બજેટમાં દેવા મુક્તિની જાહેરાત કરવી જોઇતી હતી, પણ એ કામ એમણે કર્યું નહિ.

શ્રી ભૂષણ અ. ભટ્ટ(જમાલપુર-ખાડીયા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યશ્રી બાવકુભાઇ મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ જે લઇને આવ્યા છે અને જેને આ સભાગૃહના સભ્યશ્રી મોતીભાઇએ અનુમોદન આપ્યું છે તેમાં હું મારા વિચાર રજૂ કરું છું.

ગુજરાત રાજ્યની સ્થાપના ૧૯૬૦ની સાલમાં થઇ અને ત્યારથી આજદિવસ સુધી અનેક બાબતોનો ચડાવ ઉતાર થયો છે, ભરતી અને ઓટ આવેલ છે ઘણું બધું આ રાજ્યની જનતાએ જોયું છે. બાવકુભાઇએ જે વાત કરી, અંગ્રેજો શાસન કરીને ગયા અને દેશ આઝાદ થયો અને આઝાદ થયા પછી જે શાસનની પદ્ધતિ હતી, ગાંધીજીએ કહ્યું કે હવે આ કોંગ્રેસને બંધ કરી દેવી જોઇએ, પણ ગાંધીજીનું કહ્યું કોઇએ માન્યું નહિ. પણ સલામ કરવાનું મન થાય કે ૧૯૪૭ પછી ગાંધીજીએ જે કલ્પના સેવી હતી એ કલ્પનાની દિશામાં આ દેશના પ્રધાનમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી આગળ વધી રહ્યા છે અને ગુજરાત અને દેશની અંદર કોંગ્રેસને તાળાં મારવાના કામની શરૂઆત થઇ ગઇ છે. એક પછી એક પછી એ પંચાયત હોય, પાલિકા હોય, ધારાસભા હોય કે પાર્લામેન્ટ હોય એમાં તેઓ એક એક કરીને કામ કરી રહ્યા છે. મારે આ વાત એટલા માટે કહેવી પડે છે કે જે રીતે ગુજરાતની અંદર આદરણીય મોદી સાહેબના શાસનની શરૂઆત થઇ, સૌનો સાથ, સૌનો વિકાસ, કોઇ વ્યક્તિ માટે નહિ, કોઇ સમાજ માટે નહિ, સૌ સમાજ માટેની વાત લઇને આ રાજ્યની અંદર વિકાસ માટેની શરૂઆત થઇ અને વિકાસના ગ્રોથ એન્જીનની શરૂઆત થઇ અને આજે એ ફાસ્ટટ્રેક એન્જીન બન્યું છે. હમણાં પરમ આદરણીય વિરોધપક્ષના નેતાશ્રીએ કહ્યું કે, આજે આ નવમો નંબર છે, કદાચ હશે નવમો નંબર હશે. માની લઇએ કે આજે નવમો નંબર છે, પણ ૧૯૯૫ પહેલાં એ નંબર ક્યાં હતો? (અંતરાય) ક્યાં છક્કો હતો? પાછળ મીંડું ઉમેરવું પડે એવી સ્થિતિનું નિર્માણ હતું. આજે એ ઘટતા ઘટતા નવ ઉપર આવ્યા કે સાત ઉપર આવ્યા છીએ. આજે આનંદ એ બાબતનો થાય કે દેશ આખાની અંદર અમદાવાદની વાત કરીએ તો પોલ્યુશનમાં ગુજરાતની અંદર અમદાવાદ એ પોલ્યુશનના ક્રમાંકની અંદર ૧ થી ૫ માં આવે છે, આજે સી.એન.જી.ના ઉપયોગને કારણે પોલ્યુશન ઘટ્યું છે. પોલ્યુશનના કારણે અમદાવાદ કેટલું પાછળ ગયું હતું?, કોના શાસનમાં ગયું ? એ કેવી રીતે ગયું? એ વાતનો સ્વીકાર કરવો પડે. આજે બધા બોલીને જતા રહ્યાં. તેજશ્રીબહેન બોલીને જતા રહ્યા, બાકીના સભ્ય બોલીને જતા રહ્યા, મારે એમને કહેવું પડે કે આ રાજ્યની અંદર, આ દેશની અંદર જે ચુંટણીઓ થઇ. એમાં કોંગ્રેસ એક ચુંટણી 'રોટી'ના નામે લડી. સુત્ર આપ્યું આખા દેશની અંદર આધી રોટી ખાયેંગે ઇન્દીરા લાયેંગે, આ દેશની કે આ રાજ્યની જનતાને રોટી મળી ખરી? ના મળી, કપડાંના નામે ચૂંટણી લડયાં કપડાં આપીશું, કપડાં મળ્યાં ખરાં ? ના મળ્યાં. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે એક ચૂંટણી એવી રીતે લડયાં કે મકાન આપીશું પણ મકાનની વાત તો બાજુ ઉપર રહી ઘેર ઘેર ઘરના ઘર અને એ ઘરના ફોર્મ આજે શીંગ-ચણાંના પડીકા બાંધવા પણ એ ભરેલાં ફોર્મ કોઇ લેતું નથી. અને હમણાં જ પંદર દિવસ, મહિના પહેલાં અખબારોના માધ્યમ દ્વારા જાણવા મળે કે અમારી સરકાર આવશે તો અમે આવનારા દિવસોની અંદર બેકારી ભથ્થું આપીશું આવી વાત. પણ ગુજરાત અને દેશની જનતા જાણી ગઇ છે મકાન આપવાની વાત કરી ત્યારે આ દેશ અને આ રાજયની અંદર નવાઇની વાત કરી કે અમદાવાદના શાસનની અંદર, ગુજરાતના શાસનની અંદર વાત કરીએ તો મારે કહેવું પડે કે આ સરકારે રાજ્ય સરકારની વિવિધ આવાસ યોજનાઓ અંતર્ગત ૩,૮૪,૫૭૭ આવાસો મંજૂર કરી એમાંથી ૧,૮૪,૨૦૭ આવાસોના કોમ્પ્યુટર ડ્રો કરી અને મકાનની ચાવી આપવાનું કામ કર્યુ છે.

શ્રી ઇન્દ્રનિલભાઇ સં. રાજ્યગુરૂ(રાજકોટ-પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, લોકો દર વર્ષે નવા પૈસા આપે અને સામાન્ય જે વિકાસ થતો હોય તે થાય ત્યારે આ સરકાર સાહેબ તેની વાહ વાહ કરાવે. દરેકને જે પાણી પીતાં હોય તે પાણીનો ગૌરવ હોય મને પણ આજીના પાણીનો ગૌરવ છે. અને મને ગમ્યું હોત કે રાજયપાલશ્રીના નિવેદનમાં કાંઇક નવિનતમ હોત અને અમારું આજીનું પાણી બોલ્યું હોત કે ખાલી સારું શું અમે કર્યુ અથવા તો શું યોજના કરી એવુ નહીં પણ જયારે આપણે નબળાઇઓ સ્વીકારીએ ત્યારે તે સુધરી શકે અને જો એવુ હિંમતભર્યુ પગલું આજની રાજ્ય સરકારે અમારા ગામના મુખ્યમંત્રીશ્રીના વડપણ નીચે કર્યુ હોત અને લખ્યું હોત કે આટલી આટલી આપણી તકલીફો છે તે પણ દૂર કરવાનો પ્રયત્ન કરીશું જો આવુ પણ સાથે લખ્યું હોત તો મને ખૂબ આનંદ આવત. આ સરકાર લોકોના પડખે ઉભી છે એમ કહે છે પણ તેનો લોકોને કાંઇક અહેસાસ તો થવો જોઇએ કે નહીં ? આ ભાઠાં જ મારે છે. લોકશાહીમાં જેને વિરોધ કરવો હોય તેને છૂટ હોઇ શકે ગાંધીજી એ પ્રથા પાડી હતી તમે ગાંધીજી ગાંધીજી કરો છો પણ ગાંધીજી વિરોધીઓને પણ જગ્યા આપતાં હતા. તમે આજે સામાન્ય ખેડૂત હોય કે વર્કરો હોય તે વિરોધ કરવા નીકળે તો તમે જે પોલીસનો દૂરઉપયોગ કરીને જે કરી રહ્યાં છો તે વાજબી છે કે નહીં તે વિચારજો. આજે બદલાતાં વૈશ્વિક વાતાવરણની વાત કરી અને તેમાં ગાંધીજી હવે ખૂબ વધારે પ્રસ્તુત થાય છે એવી વાત કરી આખા વિશ્વમાં થાય છે પણ આપણાં ગુજરાતમાં આ સરકારના મનમાં નથી થાતી તેનું અમને દુઃખ છે. તેને નશાબંધીની વાત કરી એમાં સાથો સાથ ઉલ્લેખ કરી નાંખ્યો બધી સંસ્થાઓ, બધી ધાર્મિક સંસ્થાઓ એ બધાય સહકાર આપશે તો જ બંધ કરાવી શકીશું નહીંતર નહીં કરાવી શકીએ. તો આ કાયદો કડક શું કામ કર્યો ? એ બધાય કરે તો થશે નહીંતર નહીં થાય એવો ઉલ્લેખ આમાં સ્પષ્ટ એટલે સરકારે જગ્યા રાખી લીધી કે દારૂબંધી ના થાય તો એમાં અમારો વાંક નહીં આવી તો નબળી તમારી નીતિઓ છે. વાયબ્રન્ટમાં

તો આપણે હવે ગિનિઝ બુક ઓફ વર્લ્ડમાં એપ્લાય થવું પડે કે દુનિયાનું સૌથી મોટું નાટક કયુ હોઇ શકે તો કહે વાયબ્રન્ટ હોઇ શકે તેને ઇન્વાઇટ કરવાની જરૂર હતી. મને એક વાત ખૂબ ગમી અહીંયા આમ તો પહેલાં મોદી સાહેબની વાત થતી પછી આનંદીબહેનની વાત થાતી અને હવે જે કંઇ થાય તે વિજયભાઇની થાય છે અને હવે ખબર નહીં અમારા રાજકોટનું કોઇ ચોથું નામ ના લઇ આવતા આ વર્ષમાં પણ આમાં ઉલ્લેખમાં મને એક આનંદ થયો કે આપણાં રાજયપાલશ્રીએ સાથે નીતિનભાઇનું નામ કમ સે કમ આમાં તો ઉમેર્યુ છે. વિજયભાઇના વડપણની સરકાર આવી હોઇ શકે? વિશેષ તો મોદીજી અને બીજા નામો લેવાના બદલે વિજયભાઇની સરકાર એમ હમણાં નલિયાકાંડ પછી અહિથી બધાએ બોલવાના શરૂ કર્યુ છે. હમણા બાવકુભાઇએ કહ્યું હતું કે, સરકાર બહુ પ્રેમ કરે છે. એટલો પ્રેમ ન કરતાં કે નલિયાકાંડ થાય. સાચા અને સારા અર્થમાં પ્રેમ થાય એવું કાંઇક કરજો એવી અમારી આ સરકારને વિનંતી છે. લોકોને ખૂબ આનંદ આવે એવું જીવન મળે એવો પ્રેમ કરજો અને અસત્ય ચલાવવામાં તો આ સરકારને કોઇ પહોંચે એમ નથી.

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના અભિભાષણમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, અહિ ઘણા બધા ધારાસભ્યોએ પોતપોતાની વાત કરી હતી. એમાં પ્રગતિશીલતાની વાત આવી, ગતિશીલતાની પણ વાત આવી, સંવેદનશીલતાની પણ વાત આવી. બધા પોતપોતાની રીતે પોતાના વિચારો રજૂ કરતાં હોય છે. મારે કોઇ રાજકીય અવલોકન નથી કરવું પણ મારો અનુભવ જે કહે છે એવી વાસ્તવિક વાત મારે આ સભાગૃહમાં મૂકવાની છે. મને બરાબર ખ્યાલ છે કે, ૧૯૯૦માં કરસનદાસ સોનેરીજી શિક્ષણ મંત્રી હતા તે વખતે એક પ્રશ્નના જવાબમાં કહેલું કે, આદિવાસીઓમાં શિક્ષણ કેટલું છે. વિધાનસભાના રેકર્ડ ઉપર છે કે, આદિવાસીઓમાં તે વખતે ૨૭ ટકા શિક્ષણ હતું. બહેનોમાં ૧૭ ટકા હતું અને બનાસકાંઠામાં દાતા અને અમીરગઢમાં તો બહેનોમાં ૭ ટકા શિક્ષણ હતું. આ રેકર્ડ ઉપર થયેલ વાત છે. આજે શિક્ષણ કેટલું છે? પછી એમાં માનનીય કેશુભાઇ હોય, માનનીય નરેન્દ્રભાઇ હોય કે અત્યારે વિજયભાઇ હોય. આજની તારીખે આદિવાસીઓમાં ઓવરઓલ ૬૩ ટકા શિક્ષણ છે. બહેનોમાં ૫૨ ટકા શિક્ષણ છે. પહેલાં તો કેટલા બધા આદિવાસીઓના મા–બાપ પોતાના છોકરાને ભણાવતા નહોતા. પ્રવેશોત્સવ આવ્યો ત્યારપછી મોદી સાહેબ આવ્યા, કન્યા કેળવણીને મહત્વ આપ્યું અને એમ કરીને છોકરાઓ અને છોકરીઓમાં બંનેમાં શિક્ષણ આવવા લાગ્યુ છે અને આજે જો કહીએ તો ઘણીવાર સમાજમાં જવાનું થતું હોય છે. ત્યારે કોઇ પોતાના પરિચયમાં કહે કે, હું આદિવાસી છું પણ ડૉક્ટર છું, હું આદિવાસી છું પણ એન્જીનીયર છું ત્યારે એક આશ્વાસન મળે છે. આ બધું જ્યારે સાંભળીએ ત્યારે આપણને એમ થાય કે ખરેખર આદિવાસીની જે પ્રગતિ છે, ગતિ છે અને જે ભારતીય જનતા પાર્ટીની સરકાર સંવેદનાથી કામ કરે છે. એનો આજે પ્રતાપ દેખાય છે. આજે પાંચ જેટલા શહેરોમાં સમરસ હોસ્ટેલો થઇ છે. એક એક હોસ્ટેલ ૨૦૦ –૨૦૦ કરોડના ખર્ચે થઇ છે. તેમાં બક્ષીપંચ, એસ.સી. અને એસ.ટી. છોકરાઓ કેવી રીતે રહે છે. એકલવ્ય મૉડેલ સ્કુલ આજે અમદાવાદની યુનિવર્સિટીઓને પણ બાજુ પર મૂકી દે એવા મકાનમાં બની છે. છોકરાઓ ત્યાં રહે છે. સરકાર એની પાછળ ચાલીસ અને પીસ્તાલીસ પીસ્તાલીસ કરોડ રૂપિયા આપીને જે ભવ્ય ઇમારતો બનાવી છે અને જે આજે જે બાળકો ભણે છેને, એ હાંશે– હાંશે ભણે છે, આજે ખરા અર્થમાં આદિવાસીમાં શિક્ષણની ભૂખ વધી છે અને આપણે બધા ધારાસભ્ય તરીકે જોઇએ છીએ, કોંગ્રેસ– ભાજપ ભૂલી જાઓ. આપણો આદિવાસી સમાજનો બાળક આજે ભણે છે. આજે સરકારની સહાયથી વિદેશોમાં દોઢસો જેટલા છોકરા– છોકરીઓ ભણે છે. આજે સરકાર તરફથી વીસ લાખ રૂપિયાની એમને મળે છે. ૧૮ જેટલા તો પાયલોટનું શિક્ષણ મેળવે છે. આજે વિમાનમાં બેસવાનું હોયને તો આદિવાસીના નસીબમાં હોય તો વિમાનમાં બેસાય. આજે ૧૬ જેટલા છોકરાઓ અને બે દીકરીઓ પાયલોટનું શિક્ષણ મેળવે છે, એ સાયકલ સિવાય વધારે જાણતી ન હોય પણ બે દીકરીઓ પણ પાયલોટનું શિક્ષણ મેળવે છે અને એનાથી એમ થાય કે, આ સરકારની યોજનાઓના કારણે આદિવાસી સમાજ ખરા અર્થમાં આગળ નીકળ્યો છે. હું ઘણીવાર મારા ભાષણમાં કહું છું કે, "ન ભૂતો ન ભવિષ્યતિ" માનનીય મોદી સાહેબ માટે સમાજ એમ ચોક્કસ ઇચ્છે છે કે, આ જે છે એ ખરેખર આદિવાસીઓ માટેના મસીહા બની ગયા છે, એમણે ગુજરાત માટે જે વનબંધુ કલ્યાણ યોજના કરી અને કહેવાયું કે, ૧૫ હજાર કરોડ રૂપિયા પાંચ વર્ષમાં. મને બરાબર ખબર છે કે, ૧૯૬૧માં આદિવાસીનું બજેટ કેટલું હતું, ખાલી ૫૮ કરોડ રૂપિયા. ૪૨ વર્ષમાં સાડા છ હજાર કરોડ રૂપિયા, મોદી સાહેબે એક જ વર્ષે, આવા એક ટર્મમાં પાંચ વર્ષમાં સાડા છ હજાર કરોડ રૂપિયા વાપર્યા છે. આ રેકર્ડ ઉપરની વાત છે. એક બાજુ છ હજાર કરોડ અને બીજી બાજુ પાંચ વર્ષમાં સાડા છ હજાર કરોડ રૂપિયા અને ત્યાર પછી વનબંધુ કલ્યાણ યોજના, દસ મુદ્દા જે આદિવાસીના છે એ આદિવાસીના મુદ્દા ઉપર જે ચાલ્યું છે, પણ મારે ફક્ત બે મુદ્દા અંગે વાત કરવી છે. તેમાં શિક્ષણની વાત તો મેં કરી દીધી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંગુભાઇ, આપનો સમય પૂરો થાય છે.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આ ગૃહને માનનીય રાજયપાલશ્રીએ કરેલ સંબોધન બદલ આભાર પ્રસ્તાવ પર હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયાં મારા કાને અવાજ આવ્યો કે, જે કંઇ શકય અને અશક્ય પણ ભારતીય જનતા પક્ષની સરકારે જે જે કામો શક્ય હોય એ જ કરવાનાં, એ કહેવાનાં અને કરીને બતાવવાનાં. માનનીય રાજયપાલશ્રીએ જે જળસંપદા વિશે આ રાજય સરકારે કરેલાં કામોનો જે ઉલ્લેખ કર્યો છે એ વિશે મારે વાત કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું જે મત વિસ્તારમાંથી આવું છું એ સૌરાષ્ટ્રનો એકદમ પાણી વગરનો વિસ્તાર છે. આ રાજય સરકારે નર્મદા બંધમાંથી વધારાનું એક એકરફીટ પાણી દરિયામાં જે વહી જતું હોય એને આપવા માટેનો હાલના માનનીય

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૭

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

વડાપ્રધાન અને તત્કાલિન માનનીય મુખ્ય મંત્રીશ્રી રાજકોટમાં આવીને જાહેરાત કરી ગયા કે, સૌરાષ્ટ્રના ૧૧૫ ડેમોને ચાર લીંક લાઇન દ્વારા ૧૨ હજાર કરોડ રૂપિયાના ખર્ચે ભરવાના. તે દિવસે પણ ઘણા લોકો એમની હાંસી મજાક કરતા હતા અને જે પાઇપલાઇનો નાખી તો કહેતા કે, એ પાઇપલાઇનોમાં કોઇ દિવસ પાણી ના આવે અને એમાંથી તો હવા જ નીકળશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીના માધ્યમથી આ સભાગૃહને કહેવું છે કે, ૩૦–૮ના રોજ આ દેશના માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે લીંક એક મચ્છુ– બેથી સાની ડેમની જે કેનાલનું કામ અમારું જે પાઇપલાઇનનું પૂરું થયું અને મોરબી જિલ્લાના ત્રણ ડેમ મચ્છુ– એક, મચ્છુ–બે અને મચ્છુ– ત્રણ, ડેમી– બે, ડેમી –ત્રણ, બંધાવડી, રાજકોટ જિલ્લાના આજી–ત્રણ, ખોડાપીપર, પછી જામનગર જિલ્લાના ઉંડ– એક અને આજી– ચાર, સુરેન્દ્રનગર જિલ્લાના ભોગાવો –એક, ભોગાવો–બે, લીંબડી–બે, આમ કુલ તેર ડેમોમાં આ જે વધારાનું પાણી અને ચાર લીંક ડેમો હતા એના પ્રથમ તબકકાનું લગભગ કામ આ સરકારે પૂરું કરીને જે પાણી આપ્યું છે અને ત્યાંના વિસ્તારના લોકોની આમદાનીમાં વધારો થયો છે, અમારા ત્યાં તો આ વખતે માત્ર ઓગસ્ટ માસમાં બે વરસાદ થયા હતા પણ લગભગ મારા વિસ્તારમાં આ ડેમોમાં પાણી નાખવાથી બસો કરોડ રૂપિયાનું ઉત્પાદન ખેડૂતો મેળવી શક્યા છે. મારે આ ગૃહને કહેવું છે કે, આ ચાર લીંકના કામના બીજા તબકકાનું કામ પણ યુધ્ધના ધોરણે એના નકશા અંદાજો અને એના ટેન્ડરની પ્રક્રિયા થઇ ગઇ છે. એના માટે આ રાજ્ય સરકારે બજેટમાં ૫૮૭૭ કરોડની ફાળવણી કરી છે અને એની ટેન્ડરની પ્રક્રિયા ચાલુ છે. એના ભાગરૂપે મચ્છુ–૧ થી આજી–૧ સુધીની ૪૩૧ કરોડની ૩૧ કિલોમીટરની યોજના છે એ કામ જોઇએ તો આજે ૧૦ કિલોમીટરમાં પાઇપ મૂકાઇ ગઇ છે, સાત કિલોમીટરમાં પાઇપનું લાઇનીંગનું કામ પૂર્ણ થઇ ગયું છે અને કુલ મળીને બીજા તબક્કાનું કામ આ રાજ્ય સરકાર કરી રહી છે. સાચા અર્થમાં કહ્યું છે એ કરવા જઇ રહી છે ત્યારે મારે કહેવું છે કે આ નર્મદાની કેનાલ છે એના ઉપર સોલાર પાવર પ્લાન્ટ અને કેનાલ ઉપર નાના નાના વીજ મથકો સ્થાપવા માટે સન ૨૦૧૭–૧૮ના વર્ષમાં ૩૩૨ કરોડની નર્મદા વિભાગમાં ફાળવણી કરી છે. લાંબાગાળાના સિંચાઇના ભંડોળમાં આપણે જે કંઇ કરવાનું હોય એના માટે નાબાર્ડ દ્વારા લોનના એમ.ઓ.યુ. કર્યા છે. માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઇએ આવનાર બજેટમાં ૫૧૦૦ કરડની ફાળવણી કરી છે જે આગલા વર્ષની સરખામણીમાં એમાં ૭૨૨ કરોડ જેવું વધારાનું ભંડોળ ફાળવીને આવનાર સમયમાં સાચા અર્થમાં સૌરાષ્ટ્રની જે ખમીરવંતી ધરા તથા કચ્છ સુધીનો મા નર્મદાનો પ્રવાસ પૂરો થયો છે અને આવનાર સમયમાં અહીંના ખેડૂતો વધારેમાં વધારે ઉત્પાદન મેળવી શકે એના માટેના રાજ્ય સરકારના પ્રયાસો છે એને હું પણ સૌરાષ્ટ્રના નાગરિક તરીકે અભિનંદન આપું છું અને આવનાર સમયમાં જે કંઇ સૌરાષ્ટ્રના ચેકડેમો તૂટેલા છે એવા ૧ લાલ ૪૬ હજાર ચેકડેમો તૂટેલા છે એનું નવીનીકરણ કરવામાં આવશે તથા એને રિપેર કરવામાં આવશે.

શ્રી નાનુભાઇ ભ. વાનાણી ( જળસંપત્તિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મહામહિમ રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવનો આજે પહેલો દિવસ છે. અમારી જ પાર્ટીના માનનીય સભ્યશ્રી બાવકુભાઇ ઉંઘાડે પ્રસ્તાવ રજૂ કર્યો છે અને જેને માનનીય સભ્યશ્રી મોતીભાઇ વસાવાએ ટેકો આપ્યો છે. આ ચર્ચામાં બંને પક્ષના સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. વિરોધપક્ષ તરફથી માનનીય વિરોધપક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા,ડો. અનિલભાઇ જોષીયારા,ડો. તેજશ્રીબેન પટેલ, શ્રી ગોવાભાઇ રબારી, શ્રી હીરાભાઇ પટેલ તથા શ્રી ઇન્દ્રનિલ રાજ્યગુરૂએ ભાગ લીધો. અમારા તરફથી શ્રી ગોવિંદભાઇ પટેલ,શ્રી ઋષિકેશભાઇ પટેલ, રજનીકાંતભાઇ પટેલ,શ્રી અશોકભાઇ પટેલ,શ્રી ભૂષણભાઇ ભટ્ટ,શ્રી બાવનજીભાઇ મેતલીયા તથા અમારા સિનિયર સભ્ય મંગુભાઇ પટેલ સાહેબે ભાગ લીધો.

રાજ્યપાલશ્રીનું આખે આખું પ્રવચન મેં વાચ્યું અને એનો અભ્યાસ કર્યો છે. આ પ્રવચનની શરૂઆત અહીંસાના પુજારી એવા મહાત્મા ગાંધીજીના નામથી કર્મથી થયો અને જેનો વિરોધપક્ષના સભ્યશ્રીઓએ પણ ઉલ્લેખ કર્યો. મારે આ સભાગૃહને કહેવું છે કે આપણો દેશ સન ૧૯૪૭માં આઝાદ થયો ત્યારપછી આ દેશની સમાજ વ્યવસ્થા અને રાજ્ય વ્યવસ્થા ઉપર જે મહાપુરુષોના દર્શન અને આદર્શનો પ્રભાવ રહ્યો છે, તે પૈકીના એક મહાત્મા ગાંધીજી. એ ગાંધીજીનું ગ્રામદર્શન, રામમનોહર લોહીયા સાહેબનું સમાજવાદી દર્શન, ડો. બાબાસાહેબ આંબેડકરનું સામાજીક સ્વતંત્રતા, સમતા અને બંધુત્વદર્શન, પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીનું એકાત્મ માનવદર્શન અને સરદાર વલ્લભભાઇ પટેલની દ્રઢતા. આ પાંચ મહાપુરુષોનો પ્રભાવ આ દેશની સમાજ વ્યવસ્થા અને રાજ્ય વ્યવસ્થા પર રહ્યો છે. આ ઉલ્લેખ હું એટલા માટે કરું છું કે રાજ્યપાલશ્રીના પ્રવચનમાં આ પાંચે મહાપુરુષોના વિચાર દર્શન અને સમાજ દર્શનનું પ્રતિબિંબ પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રવચન કોઇ શબ્દોની જાળ નથી કે આંકડાઓની ઇન્દ્રજાળ પણ નથી. આ પ્રવચન પાંચેય મહાપુરુષોના જે આદર્શો હતા એ આદર્શોને વાસ્તવિકતામાં પરિવર્તિત કરતું પ્રતિબિંબ પાડે છે. મારે આજે કોઇ રાજકીય ટીકા–ટિપ્પણી કરવી નથી. કારણ કે આજે આ પ્રવચનની શરૂઆત કરતા વિપક્ષના નેતાશ્રી જયારે ઉભા થયા ત્યારે મને એમ લાગતું હતું કે કંઇક નવો વિચાર, નવો દ્રષ્ટિકોણ, નવું ધ્યાન આકર્ષિત કરતી કોઇ વાત કરશે. વિપક્ષના બીજાં સભ્યો ઉભા થયા. અનિલભાઇ જોષીયારા, તેજશ્રીબેન, ગોવાભાઇ, હીરાભાઇ કે ઇન્દ્રનીલભાઇ. એમના પ્રવચનમાં મને એવી અપેક્ષા હતી કે કંઇક નવી વાત કરશે. બાપુએ ગાંધીજીના સિદ્ધાંતોનો ઉલ્લેખ કર્યો અને પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીનો ઉલ્લેખ જોઇને એમને દુઃખ થયું. મને એવું લાગે છે કે પંડિતજીના ઉલ્લેખથી બાપુને જો આટલું દુઃખ થયું હોય, ૧૯૯૭માં બાપુ પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીના આદર્શો સાથે ચાલતા હતા. એ આદર્શો આદર્શો નહીં રહેતા આદર્શો ઉપર પગ મૂકીને સત્તા ઉપર ચાલવાનો જયારે નિર્ણય કર્યો ત્યારે બાપુને દુઃખ નહીં લાગ્યું હોય?

## ફાલ્ગુન ૮, ૧૯૩૮ શાકે

## રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, બાપુએ જે જે મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો, મને એમ લાગતું હતું કે કંઇક નવું કહેશે, પણ બાપુએ વાત કરી, વાઇબ્રન્ટ ગુજરાત બોગસ છે. બાપુએ વાત કરી, ગુજરાત નં.૧ નથી. બાપુએ વાત કરી ગુજરાતમાં વિકાસ થયો નથી. અનિલભાઇએ વાત કરી ઉત્સવોનો ખર્ચ નિરર્થક છે. તેજશ્રીબેને તો વળી પાછી આ રાજ્યની અંદર આઝાદી જ નથી અને વળી વાત કરી કૌભાંડોની. તેજશ્રીબેને જયારે આ વાત કરી ત્યારે તેમને બીજા કૌભાંડો યાદ આવ્યા, પણ કોંગ્રેસના શાસનમાં આકાશ, ધરતી અને પાતાળમાં થયેલા કૌભાંડો. મને એ તો બતાવો કે કયા ક્ષેત્રમાં તમે કૌભાંડોમાં બાકી રાખ્યું છે? આ કૌભાંડોના આંકડા યાદ ન આવ્યા. બાપુએ વાત કરી, એના ઉપર હું ટીપ્પણી કરવા માગતો નથી. આ જ ટીપ્પણી ૨૦૦૨માં હતી, ૨૦૦૭માં હતી, ૨૦૧૨માં પણ હતી અને આજે ૨૦૧૭માં પણ આ જ ટીપ્પણી છે. મારે જવાબ એટલા માટે આપવો નથી કારણ કે પ્રજાએ ૨૦૦૨માં જવાબ આપ્યો છે, ૨૦૦૭માં આપ્યો છે, ૨૦૧૨માં આપ્યો છે અને ૨૦૧૪માં તો આખી કોંગ્રેસ તણાઇ ગઇ. એટલા માટે હું એનો જવાબ આપવા માગતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં હું સૌરાષ્ટ્રના પ્રવાસે હતો. જેમાં મને એક ૬૫ વર્ષના વડીલ મળ્યા. એ વડીલે મને વાત કરી કે તમારે આ ચૂંટણીઓમાં ૨૦૧૭માં પ્રચાર કરવાની જરૂર નહીં પડે. મેં કહ્યું કે કેમ? તો એમણે કહ્યું કે તમારું અડધું કામ કોંગ્રેસના ચાર સ્ટાર પ્રચારકો કરી દેશે. એમાં બે આ હાઉસના સભ્ય છે. ત્રીજા અમારા શ્રી બાબુભાઇ બોખીરીયા સાહેબના મત વિસ્તારમાં છે. એમનું નામ નહીં દઉં. કારણ કે એ આ હાઉસમાં હાજર નથી. ચોથા દિલ્હીમાં બેસે છે. આ ચાર સ્ટાર પ્રચારકો જ તમારો પ્રચાર કરી રહ્યા છે. એમણે ૨૦૦૨માં કર્યો, ૨૦૦૫માં કર્યો અને આવતી ચૂંટણીઓમાં પણ કરશે. હમણાં બાપુએ અમારો પ્રચાર કર્યો છે. એટલા માટે એના ઉપર ટીકા-ટીપ્પણ કરવા માગતો નથી. માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનની વાત કરું. જય સરદાર, જય પાટીદારના નારાથી સત્તાના સ્વપ્ન જોવાનું બંધ કરો. કારણ કે ઉછીના ઘાસલેટે દિવા બળતા નથી. હું તેજ ઉછીનું લઉં નહીં, એ જાતે બળતું ફાનસ છે. પંચાયતોની ચૂંટણીઓમાં તમે જીત્યા. એમાં તમારું કાંઇ નહોતું અને ૨૦૧૭માં પણ તમારું કાંઇ નથી. પંચાયતની ચૂંટણી પછી આ રાજ્યની અંદર જેટલી ચૂંટણીઓ થઇ, દેશની અંદર જેટલી ચૂંટણીઓ થઇ. એ બધામાં કોંગ્રેસના ક્યાંય દર્શન થતા નથી. આ ચૂંટણીઓ હોય કે પેટા ચૂંટણીઓ હોય. તાજેતરમાં મહારાષ્ટ્રનું પરિણામ આવ્યું, સૂપડાં સાફ. ૨૦૧૭માં પણ કોંગ્રેસના સૂપડા સાફ થવાના ! મારે આજે માનનીય રાજ્યપાલશ્રીના પ્રવચનમાં કોઇ ટીકા-ટીપ્પણી કરવાની નહોતી. પણ સામેથી સાથી પક્ષના સભ્યોએ એનો ઉલ્લેખ કર્યો એનો મારે ઉલ્લેખ કરવો જોઇએ. આ રાજયપાલશ્રીનું પ્રવચન નથી. માત્ર પ્રવચન નથી પણ આપણી ભારતીય સંસ્કૃતિનું આદર્શ સત્યમ, શિવમ અને સુંદરમના દર્શન આમાં થાય છે. સત્ય એ છે કે આની અંદર સંપૂર્ણપણે બધી વાસ્તવિકતાના દર્શન થાય છે. સત્યના દર્શન થાય છે. શિવમ એ છે કે આ દસ્તાવેજની અંદર કલ્યાણના દર્શન થાય છે કારણ આ શિવ સ્વરૂપ એ કલ્યાણનું સ્વરૂપ છે. આની અંદર સત્યમ અને શિવમ જયાં હોય ત્યાં સુંદરમ તો આપોઆપ હોય છે. તરણું પકડીને તરવાના ખ્વાબ જોવાનું બંધ કરો. તમારી નાવ ડુબવાની છે, ડુબવાની છે અને ડુબવાની છે. હું જયારે સત્યમ શિવમ, સુંદરમની વાત કરુ છું ત્યારે અમારી આ સરકાર વિજયભાઇ રૂપાણી અને નીતિનભાઇ પટેલની આ સરકાર આદર્શના ચાર પાયા ઉપર ઉભી છે અને ચાલે છે. પારદર્શકતા, નિર્ણાયકતા, સંવેદનશીલતા અને પ્રગતિશીલતા. આ ચાર પાયા ઉપર ચાલતી સરકાર, ચાર પાયા ઉપર દોડતી સરકારને લોકોએ જયારે સ્વીકારી છે ત્યારે મારે યાદ અપાવવું છે જયારે ગાંધીજીનો ઉલ્લેખ કર્યો ત્યારે ૧૯૪૭ પહેલાં આ દેશની અંદર નેતાઓ પ્રવચન કરતા હતા કે આ દેશની અંદર સ્વરાજ આવશે. આપણા દેશની અંદર આપણું રાજય આવશે, ઘી-દૂધની નદીઓ વહેશે. સ્વરાજ આવ્યું, આ જનતાએ અપેક્ષા રાખી હતી કે આપણા નેતાઓએ જે કીધું એ થશે. મને યાદ છે ૧૯૬૮માં હું મારા ગામની પ્રાથમિક શાળામાં પાંચમું ધોરણ ભણતો હતો અને ૧૫મી ઓગસ્ટના રોજ ગામની શાળાની અંદર સાંસ્કૃતિક કાર્યક્રમો રાખેલા અને એમાં એક નાટક ભજવાયેલું અને નાટકમાં મારું એક ખેડૂતનું પાત્ર હતું એમાં એક સંવાદ આવતો હતો, અને એ નાટકનું નામ હતું !!સ્વરાજ પછી!! સ્વરાજના વીસ વર્ષ પછી આ નાટક અમારા ગામની અંદર અમે નાના નાના બાળકો ભજવતા. એના એક પાત્રની અંદર મારો એક સંવાદ હતો એના શબ્દો એવા હતા કે, મારા વહાલા, કોંગ્રેસવાળા, મોટી મોટી વાતો તો બહુ કરતા હતા કે આ દેશમાં આઝાદી આવશે અને ઘી-દૂધની નદીઓ વહેશે, ખેડૂતોને લીલાલહેર થશે. મજૂરોને લીલાલહેર થશે પણ આજે તો અમે એવું કંઇ ભાળતા નથી તો આ બધું કહેતા હતા એ કયારે આવવાનું છે? આ આઝાદીના વીસ વર્ષ પછીની વાત કરું છું. વીસના ત્રીસ થયા, ત્રીસના ચાલીસ થયા, ચાલીસના પચાસ થયા, પચાસના સાંઇઠ થયા પણ આ દેશ આગળ જવાને બદલે પાછળને પાછળ ધકેલાતો ગયો. મહાત્મા ગાંધીજીએ સેવેલું સપનું સાકાર ન થતા આ દેશ નિરાશ થઇ ગયો, આ દેશનો યુવાન નિરાશ થઇ ગયો. આ દેશનો ખેડૂત નિરાશ થઇ ગયો, આ દેશનો મજૂર નિરાશ થઇ ગયો અને એ દરમિયાન ગુજરાતની અંદર પરિવર્તન આવ્યું. જ્યારે આ પારદર્શિતાની વાત આવી, કોંગ્રેસના ૫૦ વર્ષના શાસનની જો કોઇ ફલશ્રુતિ હોય તો એ એક માત્ર એ કે ગરીબોનો આત્મવિશ્વાસ તોડી નાખ્યો અને એની મહત્વાકાંક્ષાઓને તોડી નાખી. ટી.વી.માં એક જાહેરાત આવે છે, 'પ્યાસ બઢાઓ', ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી અને લોકોની મહત્વાકાંક્ષામાં વધારો કર્યો. જ્યારે કોંગ્રેસની સરકારમાં 'પ્યાસ મીટાઓ' હતું, માગે જ નહીં અને માગે તો આપવાનું નહીં. પાંચ વર્ષ થાય એટલે માત્રને માત્ર મત લેવા જવાનું. કોંગ્રેસે ૫૦ વર્ષ સુધી માત્ર વોટ અને નોટનું રાજકારણ કર્યું. ગરીબ માણસને માણસ તરીકે ન જોયો, ખેડૂતને માણસ તરીકે ન જોયો, દલિતને માણસ તરીકે ન જોયો, આદિવાસીને માણસ તરીકે ન જોયો. એના માટે તો આદિવાસી એ એક માત્ર વોટ, એના માટે તો મજૂર એક માત્ર વોટ, એમના માટે ગરીબ એક માત્ર વોટ અને ૫૦ વર્ષ સુધી વોટ અને નોટનું રાજકારણ કર્યું. દુષ્કાળ પડે અને પીવાનું પાણી આપવાનું હોય તો ટેન્કરો

દોડાવો અને નોટ મેળવો. જ્યારે આ સરકાર ચાર પાયાની વાત કરે છે એમાં પહેલો પાયો છે સંવેદનશીલતા. સંવેદનશીલતાની હું વાત કરું તો જે આ યોજનાઓ બને છે એ સંવેદનહીનતા હોય તો ન બને. લાગણીના વહેણમાંથી બનતી હોય છે. મને રામાયણનો એક પ્રસંગ યાદ આવે છે. ઋષિ વાલ્મિકીજી નદી કિનારે સ્નાન કરવા ગયા અને એક સારસ બેલડી ત્યાં રમણ કરી રહ્યું હતું. એ જ વખતે એક પારધીએ તીર મારીને એ સારસની હત્યા કરી અને સારસ પંખી નીચે પડ્યું. સારસી તરફડવા માંડી, આક્રંદ કરવા માંડી. આ આક્રંદમાંથી વાલ્મિકીના હૃદયમાં સંવેદનાઓ ઉભી થઇ. એ સંવેદનામાંથી રામાયણનું સર્જન થયું. એવી જ રીતે અમારા કાર્યકર્તાઓએ અમારા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને ક્યારેક વાત કરી હશે કે સાહેબ, ગરીબ લોકો જ્યારે મેડિકલ સ્ટોર પર દવા લેવા જાય છે ત્યારે એને દવાનો ખર્ચ, એની કિંમત ચૂકવવી પડે એ કિંમત એટલી બધી હોય છે કે ગરીબ માણસો એ દવા લઇ ન શકે એટલી ઉંચી કિંમતે વેચાય છે. લોકોને ઓછી કિંમત ચૂકવવી પડે, સરળતાથી દવા મળી જાય એવા જો સસ્તી દવાના મેડિકલ સ્ટોર ખોલવામાં આવે તો ગરીબ માણસો સહેલાઇથી એ દવા લઇ શકે અને એનું જીવન સંવારી શકે. એક કાર્યકર્તાએ અમારા મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને આ રજૂઆત કરી હશે અને આ સંવદનશીલ વાતમાંથી સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ આ વાતનો સ્વીકાર કરી અને યોજના બનાવી, "જેનરિક મેડિકલ સ્ટોર"ની. આ સંવેદનામાંથી ઉભી થયેલી આ યોજના છે. અમારા કાર્યકર્તાઓએ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને રજૂઆત કરી હશે કે, સામાન્ય પરિવારના લોકો, એને ઉચ્ચ અભ્યાસ કરવો છે, ઉચ્ચ અભ્યાસ કરવા માટે એમની પાસે ફીના પૈસા નથી, જો એ ફીના પૈસા સરકાર આપે તો સામાન્ય પરિવાર, મજૂરના બાળકો, ખેડૂતના બાળકો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શકે. અમારા કાર્યકર્તાની આ રજૂઆત સાંભળી અને અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીમાં સંવેદના ઉભી થઇ હશે અને એમાંથી એણે યોજના બનાવી "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના". નાના નાના બાળકો એ તો આપણું ભારતનું ભવિષ્ય છે. કોઇએ રજૂઆત કરી હશે, અમારા કાર્યકર્તાઓએ માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને કે, આ નાના નાના બાળકોનું જો આરોગ્ય સારું રહે, જો એનું આરોગ્ય સારું રહે અને પાયામાંથી જ એના આરોગ્યનું ધ્યાન રાખવામાં આવે તો આ ભારતનું ભવિષ્ય ઉજળું થશે. એની શાળામાં જ જો એના આરોગ્યનું પરિક્ષણ કરવામાં આવે તો આ ભારતનું જે ભવિષ્ય છે એ ભવિષ્ય સારું થઇ શકવાની સંભાવનાઓ છે. અમારા કાર્યક્રતાની આ સંવેદનશીલ રજૂઆતના અંતે અમારા માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો કે, દરેક શાળાની અંદર પ્રાથમિક અને માધ્યમિક એમાં દરેક બાળકોનું આરોગ્યનું પરિક્ષણ કરવું અને આરોગ્ય પરિક્ષણમાં જે બીમાર બાળક, કોઇ એને રોગના લક્ષણો જણાય તો સરકારના ખર્ચે એની સારવાર કરવી આ સંવેદના છે. પ્રગતિશીલતાની વાત, હમણાં અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો કે, શિક્ષણનું સ્તર કથળ્યું છે. મારે આ સભાગૃહમાં આપના માધ્યમ દ્વારા જણાવવું છે કે, હાલના પ્રધાનમંત્રી અને જે તે સમયના રાજ્યના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે શાળાના ક્વોલિટી એજ્યુકેશન માટે ગુણોત્સવ દાખલ કર્યો અને ગુણોત્સવનું પરિણામ એ આવ્યું, મારે સન્માનનીય સભાગૃહને આપના માધ્યમ દ્વારા જણાવવું છે કે, ૨૦૧૦ની અંદર ગુણોત્સવની શરૂઆત કરી. આજે ૨૦૧૫-૧૬માં ગુણોત્સવ ૬ થયા. એ પ્લસ ગ્રેડમાં ૨૦૧૦-૧૧માં ગુણોત્સવ-૧માં એ ગ્રેડની અંદર ૫ શાળાઓ હતી, આજે ગુણોત્સવ-૬ ૨૦૧૫-૧૬માં એ આંકડો સુધરી ૧,૯૫૦ એ શાળાઓ બની. ૨૦૧૦-૧૧ એ ગ્રેડમાં ૨૬૫ શાળાઓ હતી એ આંકડો સુધરી ૨૦૧૫-૧૬ ગુણોત્સવ-૬માં ૧૬,૯૦૮ શાળાઓ થઇ. ૨૦૧૦-૧૧માં ગુણોત્સવ-૧માં બી ગ્રેડમાં ૩,૮૨૩ શાળાઓ હતી એ આંકડો વધીને કારણે કે, બીમાં વધે એ સારું પરિણામ કહેવાય પોઝેટિવ, ૩,૮૨૩ હતી એ ૧૨,૬૦૫ થઇ. ૨૦૧૦-૧૧માં ગુણોત્સવ-૧માં સી ગ્રેડમાં ૧૨,૮૮૭ શાળા હતી એ આજે માત્રને માત્ર ૨,૦૦૨ રહી. ૨૦૧૦-૧૧માં ડી ગ્રેડમાં ૧૪,૫૮૨ શાળાઓ હતી..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી આપનું પ્રવચન પુરું થાય છે.

"સભાગૃહનું કામકાજ સાંજના ૫.૧૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૭ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| **સભ્યનું નામ** | **વિષય** | **પાના નંબર** |
|---|---|---|
| અનિલ જોષીયારા | અરવલ્લી જિલ્લાના ભીલોડા અને મેઘરજ તાલુકાના પાકા રસ્તા | ૨૦૨ |
| | અરવલ્લી જિલ્લામાં પકડાયેલ દારૂ | ૧૩૮ |
| | અરવલ્લી જિલ્લામાં પ્રાયોજના વહીવટદાર હેઠળ બજેટની ફાળવણી | ૪૨૧ |
| | અરવલ્લી જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષકોની ઘટ | ૪૫૬ |
| | અરવલ્લી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને કોટેજ હોસ્પિટલ | ૨૨૪ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં આદિજાતિ વસ્તી માટે પીવાના પાણીની યોજનાઓ | ૧૨૦ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | ૪૯૮ |
| | રાજ્યમાં પ્રાથમિક શાળાઓમાં અંગ્રેજી વિષયનું શિક્ષણ | ૪૭૬ |
| | વાયબ્રન્ટ સમિટ–૨૦૧૩ અને ૨૦૧૫માં એમ.ઓ.યુ. અને વાસ્તવિક મૂડિરોકાણ | ૯૧ |
| | સન ૨૦૧૬નું ગુજરાત મુખ્યમંત્રી અમૃતમ્ (મા) આરોગ્ય સેવાઓ વિધેયક | ૨૮૪ |
| | ભિલોડા, મેઘરજ, વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં આદિવાસી ખેડૂતોને એક જ સર્વે નંબરમાં બીજુ વિજ કનેકશન આપવા બાબત | ૩૪૦ |
| | ભિલોડા અને મેઘરજ તાલુકામાં તળાવો ઉંડા કરવા રકમની જોગવાઈ | ૩૦૯ |
| | મેઘરજ તાલુકામાં ભડવરા ડેમ બનાવવાનો સર્વે | ૩૬૧ |
| અમિત ચાવડા | આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના જર્જરીત ઓરડાઓ | ૪૩૩ |
| | રાજ્યમાં એ.સી.બી. દ્વારા નોંધાયેલ ગુના | ૧૨૧ |
| | આંકલાવ તાલુકામાં કોર્ટના મહેકમ બાબત | ૧૩૯ |
| | આણંદ અને આંકલાવ તાલુકામાં મહીકાંઠાના ગામો માટે પાણી પુરવઠા યોજના | ૯૩ |
| | આણંદ જિલ્લામાં પ્રાથમિક શાળાના બાળકો માટે રમત–ગમતના સાધનો | ૪૬૩ |
| | ઈ–ગ્રામ અંતગર્ત ગ્રામ અને ગામ સોફ્ટવેરનો કોન્ટ્રાક્ટ આપવા બાબત | ૪૭૭ |
| | કે.જી. બેઝિનમાંથી મળેલ ગેસ/ઓઈલ તથા થયેલ ખર્ચ | ૧૯૨ |
| | ખાનગી વિજ કંપનીઓ પાસેથી વીજ ખરીદી બાબત | ૩૨૦ |
| | રાજ્યમાં એક જ મહેસૂલી ગામમાં બીજી દૂધ મંડળી નહીં નોંધવા બાબત | ૩૪૬ |
| | વાસદ–બગોદરા રોડની કામગીરી | ૨૧૯ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૩૩ |
| અરૂણસિંહ રણા | ભરૂચ જિલ્લામાં ખારેકના વાવેતરમાં સહાય | ૩૨૦ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | પોઈન્ટ ઓફ ઓર્ડર | ૨૬૯ |
| | અમદાવાદ ખાતે હાટ મેળાનું આયોજન | ૪૫૦ |
| | અમદાવાદ જિલ્લામાં વિજ્ઞાનમેળાનું આયોજન | ૪૦૫ |
| | પશ્ચિમ રેલ્વે, અમદાવાદ પોલીસની આરોગ્ય ચકાસણી | ૭૨ |
| | રાજ્યમાં ખેતી હેતુ માટે એક જોડાણ ઉપર બે મોટરો વાપરવાની છુટ | ૨૯૯ |
| અરવિંદભાઈ લાડાણી | જૂનાગઢ જિલ્લામાં ''મા'' અને ''મા વાત્સલ્ય'' યોજના હેઠળ કાર્ડ | ૧૯૦ |
| | જુનાગઢ જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૩૩૦ |
| | જૂનાગઢ જિલ્લામાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત | ૭૭ |
| | જુનાગઢ જિલ્લામાં હિરણ–૨ ડેમની મજબૂતીકરણ કરવા બાબત | ૨૯૨ |
| અરવિંદસિંહ રાઠોડ | પંચમહાલ જિલ્લા પંચાયતમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૪૦૬ |
| | પંચમહાલ જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી | ૭૧ |
| | પંચમહાલ જિલ્લામાં કાર્યરત વિજ સબ–સ્ટેશનો | ૩૪૨ |
| | રાજ્યના સરકારી ગ્રંથાલયોને કોમ્પ્યુટરાઈઝ કરવા | ૨૦૧ |
| અશ્વિન કોટવાલ | કરાઈ એકેડમી, ગાંધીનગર ખાતે પોલીસ કર્મીઓને બંધક બનાવ્યાનાં અહેવાલ બાબત | ૯૮ |
| | ફોર–વ્હીલર વાહનચાલકો પાસેથી ટોલ ટેક્ષ | ૨૩૩ |
| | રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ પર લેવાતો વેટ અને સેસ | ૨૧૯ |
| | સાબકાંઠા જિલ્લામાં પંચાયત હસ્તકના રસ્તાઓને જોબ નંબ | ૧૯૨ |

| | | |
|---|---|---|
| | સાબરકાંઠા જિલ્લા પશુદવાખાનામાં મહેકમ | ૧૪૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં કાંટાળી વાડની યોજના | ૪૬૬ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખેડૂત ખાતેદારોની વારસાઈ નોંધોની પડતર અરજીઓ | ૪૪૨ |
| | સાબરકાંઠા જિલ્લામાં ખેતી માટે વિજ કનેકશનની પડતર અરજીઓ | ૩૩૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં ગૌચર સુધારણાનાં કામ | ૧૨૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં જમીનનું ધોવાણ અટકાવવા સંરક્ષણ દિવાલો બનાવવાનું આયોજન | ૨૯૫ |
| | સાબરકાંઠા જિલ્લામાં ટ્રેક્ટર સહાય મેળવવાની અરજીઓ | ૩૫૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ | ૪૭૯ |
| અશોકકુમાર ર. પટેલ | ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાઓને ઓ.ડી.એફ. જાહેર કરવા | ૧૮૧ |
| | ગાંધીનગર જિલ્લા પોલીસની આરોગ્ય ચકાસણી | ૧૧૪ |
| | ગાંધીનગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૩૧૧ |
| | ગાંધીનગર જિલ્લામાં કાર્યરત વિજ સબ–સ્ટેશનો | ૩૪૧ |
| | ગાંધીનગર જિલ્લામાં પોલીસના રહેણાંક મકાનો બાબત | ૮૪ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | ૫૦૩ |
| | કોલવડા મોટી આદરજ જલુંદ રોડને પહોળો કરવા બાબત | ૨૧૫ |
| | ગાંધીનગર જિલ્લામાં સર્વ શિક્ષા યોજના અંતર્ગત નામાંકન દરમાં સુધારો | ૪૩૪ |
| આનંદભાઈ ચૌધરી | સુરત અને તાપી જિલ્લામાં ગૌચર વિનાના ગામો | 464 |
| | સુરત અને તાપી જિલ્લામાં ગૌચરની જમીન ઉપર ગેરકાયદે દબાણો | 478 |
| | સુરત અને તાપી જિલ્લામાં જંગલી જાનવરો–ભૂંડના ત્રાસથી તારની વાડ | ૪૩૯ |
| | સુરત અને તાપી જિલ્લામાં જી. આઈ.ડી. સી. | ૯૦ |
| | સુરત અને તાપી જિલ્લામાં પકડાયેલ ગૌમાંસનો જથ્થો | ૧૩૮ |
| | સુરત અને તાપી જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા ગોડાઉન બનાવવાની દરખાસ્તો | ૩૪૧ |
| | સુરત અને તાપી જિલ્લામાં સિંચાઈ માટે પાણી | ૩૬૨ |
| | સુરત શહેર અને જિલ્લામાં ગુનાહિત કૃત્ય | ૧૧૯ |
| | સુરત શહેર અને સુરત જિલ્લામાં એક લાખથી વધુ રકમની વેટની વસુલાત | ૨૨૨ |
| | સુરત શહેર અને સુરત જિલ્લામાં વેટ અને સેસની આવક | ૧૯૮ |
| ઈન્દ્રનિલભાઈ સં. રાજ્યગુરૂ | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | ૫૦૪ |
| | લઠ્ઠાકાંડ અંગે | ૨૫૭ |
| ઈશ્વરભાઈ પટેલ | વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના રસ્તાઓની રીસરફેશીંગ કામગીરી | ૨૩૧ |
| | વલસાડ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ | ૪૪૩ |
| | વલસાડ જિલ્લામાં તાલુકાવાર ટ્રેક્ટર સહાયની અરજીઓ | ૩૨૮ |
| | વલસાડ જિલ્લામાં દારૂની હેરાફેરીના નોંધાયેલ કેસ | ૭૬ |
| | વલસાડ જિલ્લામાં પશુ વસ્તી ગણતરી | ૧૩૩ |
| | વલસાડ જિલ્લામાં પશુવંધ્યત્વ સારવાર કેમ્પ | ૧૧૧ |
| | વલસાડ જિલ્લામાં મા અને મા વાત્સલ્ય યોજના કાર્ડ | ૨૧૪ |
| | વલસાડ જિલ્લામાં વન વિસ્તાર | ૪૬૭ |
| | વલસાડ જિલ્લામાં સોલાર પંપ ફાળવવા બાબત | ૩૫૩ |
| | વલસાડથી ધરમપુરનો ચાર માર્ગીય રસ્તો | ૨૩૭ |
| ઈશ્વરભાઈ પરમાર | દાહોદ અને પંચમહાલ જીલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ | ૩૧૪ |
| | રાજ્ય સરકારે લીધેલ ઓવર ડ્રાફ્ટ | ૨૧૧ |
| | સુરત જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોને નિયમિત પગાર | ૪૪૬ |
| | સુરત જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય | ૩૪૪ |
| ઋષિકેશ ગ. પટેલ | પૂર્વ સભ્યશ્રી લક્ષ્મણભાઈ ભીમાભાઈ આગઠના અવસાન અંગે | ૪૯ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | ૫૦૦ |
| | મહેસાણા જિલ્લામાં શ્રી વાજપાઈ બેંકેબલ યોજના સહાય | ૪૫૮ |
| | મહેસાણા જિલ્લામાં અધિક મદદનીશ ઈજનેરની ખાલી જગ્યાઓ | ૪૨૩ |

| | | |
|---|---|---|
| | મહેસાણા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના | ૨૯૬ |
| કેતન ઈનામદાર | વડોદરા જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ | ૪૪૧ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વીજળીકરણ યોજના | ૩૩૬ |
| | વડોદરા જિલ્લામાં કાર્યરત વીજ સબ–સ્ટેશનો | ૩૦૨ |
| કનુભાઈ દેસાઈ | વલસાડ જિલ્લાની નગરપાલિકાઓને ઓ.ડી.એફ. જાહેર કરવા બાબત | ૧૮૮ |
| | વલસાડ જિલ્લામાં કુવાઓનું વીજળીકરણ | ૩૨૬ |
| | વલસાડ જિલ્લામાં ખેડૂત તાલીમ શિબિરો | 352 |
| | વલસાડ જિલ્લામાં તલાટી કમ મંત્રીનું મંજૂર મહેકમ | ૪૨૦ |
| | સદાકાળ ગુજરાત કાર્યક્રમ | ૭૨ |
| કરમશીભાઈ પટેલ | અમદાવાદ જિલ્લામાં ખેડૂત અકસ્માત વીમા યોજના | ૩૫૯ |
| | અમદાવાદ જિલ્લામાં ખેડુતોને સાધનોની ખરીદીમાં સહાય ચુકવવા બાબત | ૩૦૨ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં ગુનાહિત પ્રવૃત્તિ | ૧૧૮ |
| | પ્રવાસન વિભાગ દ્વારા ટુરીઝમ ક્ષેત્રની તાલીમ | ૪૪૫ |
| | પ્રવાસન વિભાગે સિધ્ધપુર ખાતે શરૂ કરેલ હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટીટ્યુટ | ૪૭૦ |
| | બાવળા તાલુકામાં ખાનગી કંપનીઓએ બંધ કરેલ ગામમાં જવાના રસ્તાઓ | ૧૯૬ |
| | સ્વાતંત્ર સેનાનીઓનાં પેન્શન બાબત | ૮૮ |
| કેશુભાઈ નાકરાણી | ભાવનગર જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૨૯૨ |
| | ભાવનગર જિલ્લામાં માનવ કલ્યાણ યોજના | ૪૬૨ |
| | ભાવનગર જિલ્લામાં સમરસ ગ્રામ પંચાયતો | ૪૩૨ |
| | ભાવનગર જિલ્લામાં સોલાર હોમ લાઈટ ફાળવવા બાબત | ૩૩૦ |
| કેસરીસિંહ સોલંકી | ખેડા જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૩૦૩ |
| | ખેડા જિલ્લામાં પશુઓને રસીકરણ | ૭૯ |
| | ખેડા જિલ્લામાં પોલીસની આરોગ્ય ચકાસણી | ૧૧૩ |
| | મહિસાગર જિલ્લામાં બાળકોના આરોગ્યની તપાસ | ૨૦૨ |
| કાંતિભાઈ ખરાડી | બનાસકાંઠા જિલ્લામાં આયુર્વેદ/હોમિયોપેથિક દવાખાના | ૧૯૫ |
| કાંતિભાઈ ગામીત | તાપી જિલ્લામાં અવસાન પામેલા પ્રાથમિક શિક્ષકો વિદ્યાસહાયકોના વારસદારોને ઉચ્ચક સહાય | ૪૩૧ |
| | તાપી જિલ્લામાં કાર્યરત વિજ સબ–સ્ટેશનો | ૨૯૦ |
| | તાપી જિલ્લાની આધુનિક બજારો સ્થાપવાની યોજનામાં મંજૂર કરેલ રકમ | ૩૨૯ |
| | તાપી જિલ્લામાં બાગાયત ખાતા દ્વારા સહાય | ૩૫૪ |
| કાંતિલાલ અમૃતિયા | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં બી.પી.એલ. અને એ.પી.એલ. કુટુંબો માટે શૌચાલય | ૪૪૦ |
| | મકાન/વાહન પેશગી અન્વયે ના લેણા પ્રમાણપત્રની પડતર અરજીઓ | ૨૧૧ |
| | મોરબી જિલ્લામાં કૂવાઓનું વીજળીકરણ | ૩૦૭ |
| કામિનીબા ભુ. રાઠોડ | ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૧૯૪ |
| | પૂર્વ સભ્યશ્રી લક્ષ્મણભાઈ ભીમાભાઈ આગઠના અવસાન અંગે | ૪૭ |
| | ગાંધીનગર જિલ્લાના દહેગામ–નરોડા રોડને ચાર માર્ગી કરવા બાબત | ૨૩૩ |
| | ગાંધીનગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના બાબત | ૪૪૭ |
| | ગાંધીનગર જિલ્લામાં ગુનાહિત કૃત્ય | ૧૧૫ |
| | ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શાળાનું મહેકમ | ૪૮૧ |
| | ગાંધીનગર જિલ્લામાં લેન્ડ કમીટીઓની બેઠકો | ૪૭૦ |
| | ગાંધીનગર જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો | ૨૨૦ |
| | દહેગામ તાલુકાની હાથમતી કેનાલની મરામત કરવાની મંજૂરી | ૩૨૭ |
| | દહેગામ તાલુકામાં ખાતરીબા વહેરાનું પાણી છોડવા બાબત | ૩૫૩ |
| | દહેગામ તાલુકામાં નદીમાં પાણી છોડવા બાબત | ૩૭૧ |
| | ગાંધીનગર જિલ્લા/શહેરમાં પોલીસ મહેકમ | ૧૩૬ |

| | | |
|---|---|---|
| | ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી મંજૂર કામો પૂર્ણ કરવાની સમયમર્યાદા | ૮૫ |
| કિરીટસિંહ રાણા | સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના | ૩૧૫ |
| કિશોર કાનાણી | મકાન/વાહન પેશગી અન્વયે ના લેણા પ્રમાણપત્રની પડતર અરજીઓ | ૨૧૧ |
| | રાજ્યમાં ખાંડ સહકારી મંડળીઓ માટે યોજનાઓ | ૩૧૫ |
| | સુરત શહેરમાં પોલીસનાં રહેણાંક મકાનો બાબત | ૯૪ |
| કિશોરસિંહ ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૩૫ |
| | સાણંદ નગરપાલિકાના સ્મશાન ગૃહોનુ આધુનિકરણ માટે સહાય | ૧૯૭ |
| | અમદાવાદ જિલ્લામાં કાર્યરત વીજ સબ–સ્ટેશનો | ૩૨૪ |
| | અમદાવાદ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજના લાભાર્થી | ૩૫૦ |
| | અમદાવાદ જિલ્લામાં પોલીસ ખાતાનાં બિન રહેણાંક મકાન બાબત | ૭૫ |
| ગેંદાલભાઇ ડામોર | મહીસાગર અને પંચમહાલ જિલ્લાની સહકારી પ્રાથમિક શાળાઓમાં વર્ગ ખંડોની ઘટ | ૪૭૮ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ગુનાહિત કૃત્ય | ૧૨૯ |
| | મહિસાગર અને પંચમહાલ જિલ્લામાં જમીન રી–સર્વેની કામગીરી | ૪૩૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લાના નોન–પ્લાન રસ્તાઓનું પેવર કામ | ૨૧૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ખેત વિષયક વીજ જોડાણની પડતર અરજીઓ | ૩૪૪ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગ્રામ પંચાયતોના પોતાના મકાનો | ૪૬૩ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં નવા હેન્ડપંપ | ૧૦૭ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સહકારી મંડળીઓ દ્વારા ગોડાઉન બનાવવાની દરખાસ્તો | ૩૬૨ |
| | સંતરામપુર તાલુકાની ભાણાસીમલ જુથ પાણી પુરવઠા યોજના હેઠળ ગામો | ૭૧ |
| | સંતરામપુર નગરપાલિકાની ભુગર્ભ ગટર યોજનાના કામો | ૧૮૭ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં સરકારી અને ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં રમત–ગમતનાં મેદાનો વગરની શાળાઓ | ૪૫૬ |
| | અમદાવાદ અને રાજકોટ શહેરમાં ગુનાહિત કૃત્ય | ૧૧૭ |
| | અમદાવાદ શહેર અને જિલ્લામાં પકડાયેલ દારૂ | ૮૬ |
| | કેન્દ્ર સરકાર તરફથી રાજ્ય સરકારને ફાળવેલ અનાજનો જથ્થો | ૪૭૪ |
| | ભાવનગર જિલ્લામાં કાર્યરત વીજસબ–સ્ટેશનો | ૩૪૩ |
| | રાજ્ય દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો | ૩૧૩ |
| | રાજ્યનું જાહેર દેવું | ૨૦૮ |
| | રાજ્યમાં આસિસ્ટન્ટ પબ્લીક પ્રોસીક્યુટરનું મહેકમ | ૧૩૭ |
| | રાજ્યમાં જિલ્લા રમતગમત અધિકારીઓનું મહેકમ | ૨૩૬ |
| | રાજ્યમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રી મહોત્સવ | ૪૨૧ |
| | લઠ્ઠાકાંડ અંગે | ૨૬૦ |
| ગોવાભાઇ હ. રબારી | નાના અને સીમાંત ખેડૂતો (કલ્યાણ) વિધેયક.૨૦૧૫ | ૨૭૪ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | ૫૦૨ |
| | ડીસા તાલુકામાં ખેડૂતોને બાગાયતી કીટ્સનું વિતરણ | ૩૨૬ |
| | ડીસા શહેરની ટી.પી. સ્કીમો | ૧૮૭ |
| | તાપી અને વલસાડ જિલ્લામાં ઉદવહન પાઇપલાઈન દ્વારા પૂરક સિંચાઈ કે નહેરો દ્વારા પાણી આપવા બાબત | ૩૫૨ |
| | દાંતીવાડા ડેમનું પાણી સિંચાઈ માટે ખેડુતોને આપતા લેવામાં આવતી સેસ | ૩૭૧ |
| | બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં પકડાયેલ ગૌમાંસ | ૯૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં વાયબ્રન્ટ સમિટ અંતર્ગત સ્થપાયેલ ઉદ્યોગો | ૧૨૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં વિદ્યાદીપ યોજનાના કેસો | ૪૧૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં સ્મશાન સગડીઓ | ૪૫૪ |
| ગોવિંદભાઇ ઉ. પટેલ | રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓને ઓ.ડી.એફ જાહેર કરવા બાબત | ૨૧૨ |

| | | |
|---|---|---|
| | ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક, ૨૦૧૬ | ૨૮૦ |
| | ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ (સુધારા) વિધેયક | ૬૬ |
| | રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા(પહેલો દિવસ) | ૪૯૮ |
| | શહેરી જમીન (ટોચમર્યાદા અને નિયમન) અધિનિયમ,૧૯૭૬ની કલમ ૧૦ની પેટા કલમ.(૩) હેઠળ રાજ્ય સરકારમાં નિહિત થયેલી અને સન ૧૯૯૯ના માર્ચ મહિનાની ૩૦મી તારીખ પહેલાં રાજ્ય સરકારે જેનો કબજો લીધો હોય તેવી વધારાની ખાલી જમીન પૈકીની કેટલીક જમીનના ભોગવટાની માન્યતા(કાયદેસરતા) અને તેની ફાળવણી માટેની અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષાંગિક બાબતો માટેની જોગવાઈ કરવા બાબત વિધેયક | 391 |
| | રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના | 311 |
| | રાજકોટ જિલ્લામાં વ્યકિતગત શૌચાલય | 424 |
| ગોવિંદભાઈ પરમાર | ગીર સોમનાથ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળા | 431 |
